અને
નવરચના

જાનેવારી ૧૯૪૭ : અંક દસમો

આ અંકની સામગ્રી

કાગ ટોડા : દ્વિરેફ, કાળચક્ર : ઝવેરચંદ મેઘાણી, વસંત-રજબ સ્મારક ગ્રંથ : ઝવેરચંદ મેઘાણી, અજિત ગઢીનો અજિત સ્વામી : ધૂમકેતુ, અંકલ ટોમ્સ કેબિન : કાકા કાલેલકર, કઈ કેળવણીના પરિણામે : રવિશંકર મહારાજ, વટ : ઈશ્વર પેટલીકર, બે નવાં પુસ્તકો : રામચંદ્ર શુક્લ, બે પત્રો : રવીન્દ્રનાથ ટાગોર, વલ્લભવિદ્યાનગરની યોજના : નિરીક્ષક, માર્ગે મળેલાં : ઠા. ભા. નાયક.

સંપાદક : ઈશ્વરલાલ મોહનલાલ દવે

અનેક રોગની એકજ દવા

જીવનધારા

કોલેરા, સઅહણી શરદી, બદનનો દુખાવો, પાણીવિકાર, સંધિવા, અશક્તિ, સોજા, અજીર્ણ અપચો, ખાસી, શ્વાસ, દમ, દાંત દાઢમાં કળતર, પેટ પેઢુનો દુખાવો, અમુઝણ, ઝેરી ડંખ, મોઢાની દુર્ગંધી, દરેક જાતના તાવ, ઘા પડવો, લોહી નીકળવુ, તથા અનેક જાતના દરદોમા તેમજ રેલ્વે, સ્ટીમર યા મોટરની મુસાફરીમાં તાત્કાલિક ઉપયોગી થઈ પડનારી અમૂલ્ય ઔષધિ કિંમત મોટી બાટલી રૂા ૧ાા, વચલી બાટલી રૂા ૧ા અને નાની બાટલી રૂા ૦ાા ટ ખ રે.

દરેક ઠેકાણે વેચાય છે

રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક "જેનસ" નં ૩૦૨

જે. એન. શેઠના–નડીયાદ

સ્ટોકીસ્ટ કંચનલાલ વાડીલાલની કુ
પ્રીન્સેસ સ્ટ્રીટ, મંગળદાસ રોડ, મુંબઈ –૨

સાચું પૂછો તો—

દેશનેતાઓ કહે છે કે

'ગૃહઉદ્યોગ કેળવવો જોઇએ'

સૌ કોઈ પોતાના હાથે
ઠંડુ સુગંધી તેલ બનાવી
શકે તે માટે

— સુપ્રસિદ્ધ —

કેશ કલ્યાણ મસાલો

અસંખ્ય કુટુંબોમાં વખણાગો છે
તમેય આજે જ એક ડબ્બો
મંગાવી લ્યો એક ડબ્બામાંથી
પાંચ રતલ તેલ બની શકે છે

કિંમત ડબ્બા ૧ ના ૧૨ આના વી પી પોસ્ટેજ અલગ

— એજન્સી માટે લખો —

કેશ કલ્યાણ ડીપો મુંબઈ-૪

સ્ટોકીસ્ટ .
પંડ્યા દલપતરામ નરોત્તમદાસ સોપારીવાલા
ભૂલેશ્વર, લાલબાવાના મંદિરના નાકે, મુંબઈ–૨



ઉપનગરની
જનતા
માટે
કંટ્રોલ ભાવે
તમારા
એ'ના
બામાના
ઓખીના
* શુઝ * બુટ
* ચંપલો
* સેન્ડલો વિ
મેળવવા

પારકર
શુઝ કું.
દાદર
ટ્રામ ટરમીનસ

કઈ કેળવણીનાં પરિણામે ?

એક દિવસ હું આણંદ જતો હતો. વચ્ચે પેટલાદ સ્ટેશન આવ્યું. ત્યાં બધાં ગાડી-માંથી ઊતરીને આણંદ જવાની ગાડીના પ્લેટફૉર્મ પર ગયાં. એ નાના સ્ટેશન ઉપર ભજીયાંની સાઈકલ લારીવાળો ફરતો હતો. અને એના ખાસ અવાજથી ભજીયાં–સેવની જાહેરાત કરતો હતો.

મારા ડબ્બામાં ભાદરણથી પેટલાદ આવેલી ગાડીનાં ભાઈ બહેન બેઠેલાં હતાં, તેમાંના એક બહેને ત્રણ આના આપીને પાશેર ભજીઆં લીધાં. અને કેડમાં લીધેલા નાના છોકરાને ખાવા માટે તેમાંથી ભજીયું આપ્યું. આ વખતે તેનો ભાઈ તેની પાસે ઊભો હતો. તે ઠીક ઠીક ભણેલો હશે. એમ તેના પોશાક અને રીતભાત પરથી લાગતું હતું.

પેલા બાળકે ભજીયું મોંમાં તો મૂક્યું. પણ તીખું લાગવાથી થૂ થૂ કરી, થૂંકી નાખ્યું. હું ઊભો ઊભો વિચાર કરતો હતો કે આ મા કેવી ? પોતાના બાળકને શું ખવરાવવું અને શું ન ખવરાવવું તેનું ય ભાન નથી. અને તેના સગા ભાઈ જેવો જણાતો એક ભાઈ ભણેલો જણાય છે. તે પણ કંઈ કહેતો નથી.

મેં તે બહેનને પૂછ્યું. 'બહેન, ક્યાં જવું છે ?'

જવાબ મળ્યો: 'બોરસદ'.

મને મનમાં પ્રશ્ન થયો કે બોરસદ જવું હોય તો પેટલાદ થઈને શું કામ જવું પડે ?

મેં ફરીથી પૂછ્યું : "બહેન, ક્યાંથી આવો છો ?"

જવાબમાં "........ગામથી."

"ત્યાંથી તો બોરસદ અઢી ગાઉ છેટું છે. જો ઘેરથી ચાલી નીકળ્યાં હોત, તો ક્યારનાં ય બોરસદ પહોંચી ગયા હોત." મારાથી કહ્યા વિના રહેવાયું નહિ.

"ચોમાસામાં મોટર બંધ થઈ છે. અને ગાડું–દમણિયું પણ ન ચાલે. અને આ છોકરું લઈને ચાલવાનું શી રીતે ફાવે ? ' એ બાઈએ ઉત્તર વાળ્યો.

મેં પૂછ્યું : "આ સાથે ઊભા છે. તે તમારા સગા લાગે છે."

બાઈએ કહ્યું : "હા, એ મારા ભાઈ છે."

મેં કહ્યું : "આ તમે બંને જુવાન છો. સાથે બીજું કંઈ વજન નથી. અને કલાક પહેલાં ઘેરથી નીકળ્યાં. એટલામાં આ ભજીયાં લીધાં. તે વળી આ નાના ધાવતાં છોકરાને આપો છો. તમે જાણો છો કે એ ભજીયાં કેવાં હોય છે, એમાં તેલ કેટલું ખરાબ હશે, લોટ કેવો સડેલો હશે; અને એનો બનાવનાર કેવો હશે—એનો વિચાર કર્યો ? આવો ખોરાક ખાય, તો સાજો માણસે ય માંદો પડે. અને તમે તો આ નાના છોકરાને આપો છો."

"એ રડે ત્યારે શું કરીએ ?" બાઈ બોલી.

મેં કહ્યું, "ઘેરથી નીકળતી વખતે કેમ વિચાર નહીં કર્યો કે છોકરું રડશે ત્યારે શું કરીશ ? જો ખાવાનું આપવું હતું તો ઘેરથી બનાવીને કંઈ લાવવું હતું ને ? પણ આવો ગંદો ખોરાક અપાય ખરો ?"

બહેન કહે, "ઘેરથી લાવીએ છીએ તે મુવો ખાતો નથી."

મેં કહ્યું : "એવી મા કેવી, કે જેના હાથનું તેનો જ છોકરો ન ખાય ?"

એટલામાં ખંભાતથી ગાડી આવી. બધાં તેમાં બેઠાં. એ બહેન બેઠી, તે ખાનામાં હું પણ બેઠો.

ગાડી ઊપડવાની સીટી વાગી. છોકરે અચાનક પાણી માગ્યું

બહેન કહે, "બળ્યું, આ તો ગાડી ઊપડી અને છોકરાને પાણી પાવાનું રહી ગયું."

મેં કહ્યું : "હજી વાર છે. (પેલા ભાઈને ઉદ્દેશીને) આ સામો નળ છે. જાઓ અને લોટામાં પાણી ભરી લાવો"

બહેન : "લોટો લેવાનું ભૂલી ગયાં."

"બંને જણ ભૂલી ગયાં", મેં પૂછયું.

"ઘેરથી નીકળતી વખતે મને યાદ આવ્યું હતું. પણ ટ્રેન ઉપડી જશે એવું લાગવાથી મારા ભાઈએ કહ્યું. કે લોટા વગર ચાલશે. પેટલાદ સ્ટેશને નળ છે, અને હમણાં પહોંચીશું. બહેને સાચી વાત કહી દીધી.

"પણ છોકરો લોટે જાય તો શું કરો ?" મેં ફરી પૂછયું.

"આ તો ખરા છે. પૂછપૂછ કરે છે. આટલી બધી ખબર અમને ન પડી." બાઈના અવાજમાં કંટાળો હતો.

મે કહ્યુ, "તમે બોરસદ શી રીતે જશો ? અગાસથી મોટર જતી નથી." જુવાનભાઇ કહે, "મોટર ચાલુ છે. હજુ થોડા દિવસ પર હું ગયો હતો ને !"

મેં કહ્યું, "મારા મિત્ર કહેતા હતા, કે પરમીટની તકરારને કારણે તે ત્રણ દિવસથી બંધ છે."

બહેને કહ્યું : "ત્યારે ભાઈ, આપણે આણંદ થઈને બોરસદ જઇએ."

એટલામાં અગાસ સ્ટેશન આવ્યું. અને સામે ઘોડા ગાડી ઊભેલી જોઈ બંને ઊતરી પડયાં. સાથે બેઠેલા મિત્રે કહ્યું કે આ ઘોડાગાડીવાળા જણદીઠ બબ્બે રૂપિયા બોરસદ જવાના લે છે."

મારા મનમાં અનેક વિચાર આવવા લાગ્યા આ જુવાનિયાઓને પૈસાની શી પડી છે ? ત્રણ (ટ્રેન્ચ) ગાઉ ચાલીને ઘેરથી બોરસદ જઈ આવ્યા હોત, તો એક પૈસાનો ય ખર્ચ ન થાત, ચાલવાની કસરતથી શરીર મજબૂત થાત, અને વેળાસર ઘેર પહોંચી જાત. એટલું ચાલવાનું છોડીને ગાડીમાં આવ્યા ! હવે અગાસથી બબ્બે રૂપિયા ઘોડાગાડીનો ખર્ચ કરશે, રસ્તામાં નકામો નુકસાનકારક ખોરાક લઈ શરીર બગાડશે, અને પૈસા ખર્ચશે ! આમ દશ રૂપિયાનું પાણી કરશે અને તે પૈસા મેળવવા અનેક ઊંધા–ચત્તા ધંધા કરશે.

આમ તંદુરસ્તી ખોશે, તબિયત બગાડશે, આળસુ બનશે અને આ બધા માટે ઊંધાચત્તા ધંધા કરી માણસાઈ ખોશે. આ બધું શું કેળવણીનું પરિણામ હશે ?

શ્રી. રવિશંકર મહારાજ

વહેતાં પાણી

માસિક નોંધ

આપ—લે એકપક્ષી ન હોવી જોઈએ

પરપ્રાંતોના વિદ્વદ્વર્યોને ગુજરાતને આંગણે નોતરી તેમનાં વ્યાખ્યાનો યોજાય છે. અમદાવાદની ગુજરાત વિદ્યા-સભાએ આ પ્રશસ્ય પ્રવૃત્તિને વેગ આપી આંતરપ્રાંતીય સંપર્કને પ્રતિદિન વેગ આપી રહી છે. અત્યારે એના તેડાવ્યા નવી દિલ્હીના ડૉ. અગ્રવાલ મથુરાના સંસ્કૃતિ-સમન્વય ઇત્યાદિ વિષય પર ચાર વ્યાખ્યાનો આપે છે. આમ ગુજરાત સાંસ્કૃતિક સંબંધો બાંધવામાં મોટો લાભ ઉઠાવી રહ્યું છે, અને આંતરપ્રાંતીય ઔદાર્ય દેખાડી રહ્યું છે, તો એમ પણ ઇચ્છીએ, કે અન્ય ભારત-પ્રાંતો આ સંપર્કને એકપક્ષી ન રાખતાં ગુજરાતના સંસ્કાર-પ્રતિનિધિઓને પણ પોતાને દ્વારે સત્કારતાં થાય. સમગ્ર ભારતીય સાંસ્કૃતિક આપ-લેમાં ગુજરાતની પાસે તો કશું જ સાદર કરવા જેવું નથી એવી માન્યતા અસ્થાને છે. ગુજરાતની પાસે પણ, રાષ્ટ્રસંસ્કૃતિમા ગણના પાત્ર ફાળો આપે એવી ઇતિહાસ, સાહિત્ય, શિક્ષણ, ધર્મ, પુરાતત્ત્વ વગેરેની સંશોધન-સામગ્રીની દોલત છે. રખે આપણે આત્મશ્લાઘનની જૂની ગ્રંથિથી પીડાયા જ કરીએ, અને અન્ય સર્વના પ્રત્યે જ અહોભાવ સેવવામાં સદા રાચીએ. હજુ સુધી તો કોઇ પરપ્રાંતીય સંસ્કાર-સંસ્થાએ ગુજરાતને ઇજન દીધાનું અમારી જાણમા નથી.

હવે પાછું સંબોધનોનું પીંજણ

કોમી ભેદભાવ ભૂંસવાની કલ્યાણનિષ્ઠ દૃષ્ટિથી પણ, એ ભેદભાવ જેમાં નથી હોતો તેવી બાબતો પર પણ આપણે નાહકનો ભાર મૂકીને છાણે વીંછી ચઢાવીએ છીએ. એનો દાખલો 'હરિજનબંધુ'માં તાજેતરમાં આવેલી એક પ્રશ્નોત્તરીમાંથી જોવા મળે છે. એક પ્રશ્નકાર એવું સૂચવે છે, કે 'હિંદુ ચા, મુસ્લિમ ચા,' વગેરેની સ્ટેશન પરની ભેદભાવપ્રેરક ખૂમો પાડવાનું કોંગ્રેસ રાજતંત્ર વિચારી રહ્યું છે. તો પછી હિંદુ મુસલમીન નામોના ઉલ્લેખમાં ખુદ ગાંધીજી વગેરે 'શ્રીયુત' 'શ્રીમાન' અને 'જનાબ' જેવા ભેદભાવ સૂચવનારાં સંબોધનો કેમ વાપરે છે! એ પ્રશ્નકારને તો આવા સંબોધન-ભેદની લેબાસમાં પણ કોમી ભેદભાવની દુર્ગંધ ફેલાતી લાગે છે. આ પ્રશ્નના જવાબમાં કિ. ઘ. મશરૂવાળા સમર્થનરૂપે લખે છે કે એમને પણ આ કોમ પરસ્ત વિશેષણો ખૂંચે છે. અને પોતે સૌ કોમોને પસંદ પડે તેવાં માનસૂચક દેશી વિશેષણો સૂચવવા સૌને ભલામણ કરે છે; પછી તો શ્રી કિશોરલાલભાઇ પોતે જ એવાં વિશેષણોની એક અટપટી રચના સાદર કરે છે.

મૂળ વાતમાં જ વાસ્તવ નથી

આમ તો આ કોમી ભેદભાવ ટાળવાના ઇલાજોનું કાંતણપીંજણ ક્યાં જઈ અટકશે? અને કોણે કહ્યું કે આ વિશેષણભેદ કોમી ઇતરાજી જન્માવે છે! આજની આ તંગદિલી, કે જેનાં મૂળ નરદમ નિર્ભેળ રાજકારણ સત્તાપ્રાપ્તિની મેલી, સામ્રાજ્યપ્રેરિત ભૂખનાં ઝેરી ક્યારામાં પડેલાં છે, જે તંગદિલી ઇરાદાપૂર્વકની સ્પર્ધા-મૂલક છે, ખલકુટિલોનું સર્જન છે, અને જે કેવળ માયાવી છે, તેને સાચી માનવામાંથી જ આવા વિભ્રમો પેદા થાય છે. સારા મુસલમીનને 'ભાઈશ્રી' કહી સંબોધતાં એ માઠું લગાડતો નથી, કે નથી હિન્દુને 'જનાબ' સંબોધન ખટકતું. હિંદુ શ્રીમાન શબ્દ મુસ્લીમ 'જનાબ' શબ્દથી ભાવમાં જુદો નથી. પ્રત્યેક માનવી સમજે છે કે આ તો માનસૂચક શબ્દો છે, અને એની વચ્ચે રહેલો શાબ્દિક વિભેદ એ તો હિંદુ ઇસ્લામી સંસ્કારિતાની નિરાળી ભાતનો દ્યોતક છે આ બધું સૌ સમજે છે. બાકી તો પેલા ઘેટા ને વરૂ વાળી વાત જેવું છે. જીવ પર આવવા માટે કુટિલોને તો કોઈ પણ બહાનું જડી રહે છે. એને વિશે આટલી અતિશયતા કરવી, અને નવાં વિશેષણોની શોધ કરવા બેસવું એ પણ એક બડી રમૂજની બાબત છે.

જે વૈવિધ્ય છે
તેને વિચ્છેદ કહો છો !

લેબાસ, ભાષાઓ, ચહેરા મોરા, ધર્મો સંપ્રદાયો શિલ્પ સ્થાપત્ય, ખાનપાન ઇત્યાદિના હિંદી પ્રજામાં પ્રવર્તતા નિર્દોષ, સમૃદ્ધિસૂચક અને સમન્વયલક્ષી સુભગ વૈવિધ્યને મિટાવી નાખવાથી જ કામી એખલાસની સ્થાપના થશે, એવું જે કોઇ માનતું હોય તો તે એક વિભ્રમ છે. આ વૈવિધ્યને બહાને તો ફક્ત શત્રુ વિદેશીઓ જ આપણને તિરસ્કૃત કરે છે. પણ એની પાછે આપણે ભળવાનું ન હોય, ભારતીય એકતા એ તો આંતરિક સંસ્કાર છે; અને આ જુજવા પ્રકારનું જીવનવૈવિધ્ય એ તો એની પ્રજામાં યુગે યુગે બનતા આવેલા સંસ્કૃતિમિલનનો મહાગ્રંથ છે. એકતાનતાની નિષ્પ્રાણ ભૂમિકા પર પટકીને ઊભી કરેલી એકતા કેટલી ઠગારી ને ભયાનક છે તે તો યુરોપ–અમેરિકાની પ્રજાઓના પોશાક, ખાદ્ય, ને રીતરસમોની એકવિધતાની વિડમ્બના કરતી આવેલી જાદવાસ્થળીઓની અને યુદ્ધોત્તર સત્તા–તુલાના ધમપછાડાઓમાં બતાવી દીધું છે. મતલબ કે જ્યાં દોષ નથી ત્યાં આપણી આંખો દોષ જોતી બની ગઇ છે. કોમપરસ્ત લોકોના ખ્યાલ પર જ આવું આવું આપણે મૂકીએ છીએ. આવુ પીજણ ક્યાંક તો હવે અટકવું ઘટે.

ત્રીશ વર્ષમાં
પહેલું હિન્દીમાં ભાષણ !

સ્વ. માલવિયજીવાળા કાશી હિન્દુ વિશ્વવિદ્યાલયના પદવીદાન–સમારંભ પર થી. રાજેન્દ્રપ્રસાદજીએ આપેલું દીક્ષાંત ભાષણ, એ આ સંસ્થાના ત્રીશ વર્ષના ઇતિહાસમાં પહેલી જ વાર હિન્દી ભાષામાં અપાયેલું ભાષણ હતું એવું દર્શાવાયું છે. મતલબ કે આગલા સર્વ દીક્ષાંત પ્રવૃત્તિનો અંગ્રેજીમાં અપાયાં હશે આ માહિતીથી સૌને મોટું આશ્ચર્ય થશે. રાષ્ટ્રભાષા હિન્દીને જ જે સંસ્થાની સર્વ શાખાઓના શિક્ષણનું માધ્યમ બનાવવાના સ્વ. સંસ્થાપકના કોડ હતા, અને ક્રમે ક્રમે જેમ જેમ રાષ્ટ્રભાષામાં લખાતાં પુસ્તકોની સગવડ બનતી જાય તેમ તેમ આ ફેરફાર સ્વીકારતા જવાની હિમાયત જે સંસ્થાને માટે સ્વર્ગસ્થે કરી હતી, તે સંસ્થાનું શિક્ષણ–વાહન તો હજુ અંગ્રેજી રહ્યું છે તે ઉપરાંત એનાં વાર્ષિક ભાષણો પણ હિન્દી વાહનને નહોતાં અપનાવી શકયાં, એ એક કરુણ બાબત છે. શ્રી રાજેન્દ્રપ્રસાદજીનાં આ ભાષણનો પ્રધાન ઝોક એટલા માટે જ રાષ્ટ્રભાષા હિન્દીના માધ્યમને સ્વીકારી લેવાની હિમાયત પર હતો.

હજી યે માધ્યમ
અંગ્રેજી છે !

પાછલાં ત્રીશ વર્ષોમાં હિન્દી સાહિત્યની જે અભૂતપૂર્વ વૃદ્ધિ થઈ છે, અને આજે તો એ ભાષાના ભંડારમાં ક્રમભગ સર્વ વિષયો પર ઊંચી કોટિના ગ્રંથો પ્રાપ્ય બની ગયા છે, એમ બતાવીને રાજેન્દ્રબાબુએ પાઠ્ય પુસ્તકોની મુશ્કેલીઓ ઘણા પ્રમાણમાં દૂર થયેલી ગણાવી છે. આ મહાવિદ્યાલય એક સાર્વદેશિક અને અખિલ ભારતીય શિક્ષણ કેન્દ્ર છે, એ કંઈ પ્રાંતીય સંસ્થા નથી. એની અંદર તો પ્રાંત પ્રાંતના વિદ્યાર્થીઓ આવતા હોય છે. આ સંસ્થા હિન્દીભાષી પ્રજાસમૂહના બરાબર હાર્દમાં આવેલી છે. એના જનક અને પોષકો રાષ્ટ્રભાષાના ધુરંધરો હોવા જોઈએ. એને આપણે તો રાષ્ટ્રભાષાના માધ્યમનો આદર્શ સૌ પહેલો રચાવો જોઇતો હતો. આજે તો નાગપુર યુનિ. જેવી પ્રાંત–વિદ્યાપીઠે પણ હિંદી અને મરાઠી બેઉને માધ્યમ બનાવી નાખ્યાં છે.

રખે અંગ્રેજીને
ભૂંસી નાખીએ

હિન્દીના શિક્ષણ–વાહનની હિમાયત કરતાં કરતાં વ્યાખ્યાતાએ અંગ્રેજી તેમજ અન્ય વિદેશી ભાષાઓના સ્થાન વિશે પણ મુદ્દાની વાત કહી છે. 'હિન્દીને માધ્યમ બનાવવાનો અર્થ એ નથી, કે આ વિદેશી ભાષાઓ નહિ શીખવવામાં આવે. વિદેશીભાષા શીખવી એ અમુક મનુષ્યોને માટે તો અનિવાર્ય છે. વિદેશોની સાથે ભારતવર્ષનો સંપર્ક વધતો જશે. વિદેશી ભાષાઓમાં અચ્છા પ્રભાવશાળી ગ્રંથો લખાયે જાય છે એનો પરિચય હિંદીભાષી લોકોને કરાવવો એ વિદ્વાનોનું કામ છે. ઘણા લોકોને વ્યાપાર વિદ્યાભ્યાસને માટે વિદેશામાં જવું આવશ્યક બનશે. આ બધાં કારણોને લઇ કેટલીક વિદેશી ભાષાઓનું જ્ઞાન કેટલાક લોકોએ પ્રાપ્ત કરવું જ રહેશે ? પણ એવા લોકોની

સંખ્યા થોડી રહેવાની, અને એમને આ જ્ઞાનપ્રાપ્તિનાં સાધનો આ વિશ્વવિદ્યાલયમા તેમજ અન્ય યુનિવર્સિટીઓમાં મળવાં જોઇએ.'

અંગ્રેજી ભાષાની સામે સદંતર જ દ્વાર બંધ કરી દેવાની ભૂલ કોઇ વિદ્યાપીઠે ન કરવી જોઇએ, એવું આ પરથી ફલિત થાય છે.

કોંગ્રેસને થપાટ મારવાનું બ્રિટિશ કાવતરું

છેક છેલ્લી ઘડીએ, પોતાનો આગલો નિર્ણય બદલીને પંડિત જવાહરલાલ ઇંગ્લંડની મંત્રણાઓમાં ભાગ લેવા ગયા તે સામાન્ય પ્રજામતને એક કમનસીબ પગલું લાગ્યું હતું. સરદાર જેમાં ન સપડાયા, ત્યાં જવાહરલાલ ભોળવાઈ ગયા એવી લોકોની માન્યતા હતી. અને જે બની ગયું છે, તેમ જ ખુદ પંડિત નહેરુએ પાછા ફરીને જે કહ્યું છે તેણે સાબિત કર્યું છે કે પ્રજાની એ માન્યતા સાચી હતી ૧૬ મી મેના પ્રધાન ત્રિપુટીના નિવેદનની એક કલમનો અર્થ માત્ર કરવા ખાતર થઇને એ નિવેદન પછી સાત-સાત મહિને હિંદુસ્તાનના નેતાઓને ઠેઠ ઇંગ્લંડ તેડાવવાની અજોડ બુદ્ધિ એક બ્રિટન સિવાય બીજા કોઇ દેશના રાજપુરુષો ન ચલાવી શક્યા હોત. એ એક કાવતરું હતું—અમે કહી ગયા છીએ તેમ કોંગ્રેસને થપાટ મારવાનું.

વિજયાલક્ષ્મીનો વિજય —હિંદુસ્તાનનું ગૌરવ

બ્રિટનના મુત્સદ્દીઓ એક બાજુથી જ્યારે હિંદના બે ઝઘડતા પક્ષોને લંડન બોલાવી તેમનો ઇન્સાફ તોળવાનો દેખાવ કરીને દુનિયામાં આ દેશની ગેરઆબરૂ કરી રહ્યા હતા ત્યારે હિંદમાતાની એક સુપુત્રી સંયુક્ત રાષ્ટ્રોની સભામાં હિંદુસ્તાનને 'ગૌરવભર્યું' સ્થાન અપાવી રહી હતી, આઝાદીના પ્રવેશદ્વારે પહોંચેલા આ રાષ્ટ્રને તેના ઉન્નત આસન ભણી લઇ જઇ રહી હતી. બ્રિટનના પ્રતિનિધિઓએ તો ત્યાં પણ હિંદુસ્તાનની બદબોઇ કરવા માટે કોઇ પણ વાતના ઉચ્ચારણને ગલિન કે હલકટ નથી ગણ્યું. પણ શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિતે જવાંમર્દને — જવાંમર્દની બેટીને અને બહેનીને—છાજે તેવી રીતે એમનો સામનો કર્યો અને પોતાની માગણીના ઇન્સાફમાં પોતાની પ્રતિભાનું તેજ પૂર્યું. બ્રિટન-અમેરિકાની ખુશામત કરવા એ ન રોકાયાં. ફ્રાંસનો, મેક્સિકોનો, ફિલિપાઇન્સનો, ચીનનો અને આરબ-દેશોનો એમણે સહકાર સાધ્યો અને પોતાના ઉચ્ચ આદર્શો તેમજ અણનમ સિદ્ધાંતોને કારણે રશિયા જેવી મહાસત્તાનો સમાનતાના પાયા ઉપર સાથ મેળવ્યો. દક્ષિણઆફ્રિકાના હિંદીઓની વહારે એક કાફલો ભરીને ફોજ લઇ જનારા કોઇ સેનાપતિથી પણ ન થયું હોત તે શ્રીમતી વિજયાલક્ષ્મીએ, અને ન્યાયમૂર્તિ ચાગલા તેમજ શ્રી. મહારાજસિંઘ જેવા એમના સાથીઓએ કરી બતાવ્યું છે વર્ષોના બ્રિટિશ પ્રચારના ધુમ્મસને દૂર કરીને એમણે હિંદુસ્તાન વિશેના સત્યના સૂરજને ખુલ્લો કર્યો છે; બ્રિટનનું ગુલામ હિંદ જૂનવાણીઓનો રૂઢિચુસ્તોનો, સામ્રાજ્યવાદીઓનો, શોષિતોનો પક્ષ કરતું. તેને સ્થાને રાષ્ટ્રીય સરકારવાળા નવા હિંદુસ્તાને શું દક્ષિણ આફ્રિકામાં કે નૈઋત્ય આફ્રિકામાં, શું સ્પેઇનમા કે શું ન્યુગિનીના દૂરના ટાપુઓમાં પણ સત્યનો, ઇન્સાફનો, પીડિતોનો, વાચાહીનોનો પક્ષ લીધો છે. બાવન રાષ્ટ્રોના પ્રતિનિધિઓમાં એ એકલી નારીએ પોતાની માતૃભૂમિને મગરૂરીભર્યું સ્થાન અપાવ્યું છે. આજે ખંડેખંડમાં હિંદુસ્તાનના દોસ્તો વધતા જાય છે તે એમને પ્રતાપે. હિંદ-રશિયા વિશે બન્ને દેશોમાં અનેક ગેરસમજણો ઊભી કરવામાં આવેલી, અને એકબીજાના ઉંબરામાં પડી હોવા છતાં આપણી પ્રજાઓ એકમેકથી વિમુખ હતી. તેને સ્થાને આજે રશિયા હિંદુસ્તાનને પોતાના બિરાદર તરીકે સન્માની રહ્યું છે. રશિયાના ભાડૂતી પ્રચારકો વર્ષોથી જે અહીં નથી કરી શક્યા તે વિજયાલક્ષ્મી પંડિતે થોડા દિવસોમાં કરી દેખાડ્યું. કારણ કે એ રશિયાના પગ ચાટવા નહોતાં ગયા, કારણ કે રશિયાની દોસ્તીના સાટામાં એ પોતાની વફાદારી ગીરો મુકવા નહોતાં ગયાં. એટલે જ દક્ષિણ આફ્રિકાના પ્રશ્ન ઉપર હિંદની તરફેણમાં મત આપવા બદલ રૂસી પ્રતિનિધિનો આભાર માનવા ગયેલાં શ્રીમતી વિજયાલક્ષ્મીને એ પ્રતિનિધિએ કહેલું કે, 'એમાં વળી આભાર શેનો માનવાનો! મેં ક્યાં હિંદને પક્ષે મત આપ્યો છે! મેં તો ઇન્સાફને મારો મત દીધો છે.

પરરાષ્ટ્રોની દોસ્તી
આપણું ભાથું બનશે

વિજ્યાલક્ષ્મી પંડિતનું આ દેશ ઉપર એક મોટું ઋણ ચડ્યું છે. ગાંધીજીની, જવાહરલાલની, અને દેશ આખાયની કસોટીમાથી એ પાર નીકળ્યા છે. એમને હાથે આપણા પરરાષ્ટ્રો સાથેના મૈત્રીભર્યાં સંબંધો હજી વિકસતા રહો! એશિયા અને આફ્રિકાની પ્રજાઓએ હિંદમાં પોતાના એક આગેવાન તરીકે જે શ્રદ્ધા મૂકી છે તે શ્રીમતી વિજ્યાલક્ષ્મીને પ્રતાપે વધુ ને વધુ ફળતી રહો. બ્રિટિશ સામ્રાજ્યવાદ સામેના કે ઘરના કોમવાદી સામેના આવી રહેલા સંગ્રામની વચ્ચે આપણા આ પરદેશી દોસ્તોની બિરાદરી હિંદુસ્તાનના રાષ્ટ્રવાદનું ભાથું બની રહો!

કોમવાદીને આરબોનો
આવકાર ન મળે

શ્રીમતી વિજ્યાલક્ષ્મીએ પરદેશોમા આશાની, સર્જનની, મુક્તિની, નવજીવનની, દોસ્તીની વાતો કરીને હિંદને ઊંચુ સ્થાન અપાવ્યું. પણ મુસ્લિમ લીગના પ્રમુખે નિરાશાની, વિનાશની ગુલામીની, હિંસાની, દુશ્મનાવટની બાંગો મારી મારીને પોતાનું, અને પોતાની દ્વારા પોતાની કોમનું, પોતાની જન્મભૂમિનું કલંકિત દર્શન કરાવ્યું છે. લંડનમાંનાં ભાષણો અને કેરોમાંની રઝીખડી અખબારી-પરિષદમાં શ્રી. ઝીણાએ દુનિયાના બજારમાં આ રાષ્ટ્રની જાંઘ ઉઘાડી કરવાનો, આપણો આંતરિક ગંદવાડ જગતની શેરીમાં ઉલેચવાનો પ્રયાસ કર્યો છે. આ દેશમાં એમના જે અનુયાયીઓ હશે તેમણે જોયું હશે કે કોઈ ગૌરવભર્યું સન્માન શ્રી ઝીણાને ક્યાંયથી સાંપડયું નથી. લંડનથી કરાંચી સુધીમાં મોટા મોટા મુસ્લિમ દેશો પડ્યા છે, પુરાણા વિશ્વવિદ્યાલયો પડ્યા છે, મઝહબનાં મહત્વનાં સ્થાનો પડ્યાં છે, પણ ક્યાયથી કોઈએ એમને એક દિવસ પણ ઊતરવાનું કહ્યું નથી. કોઈ સાંસ્કૃતિક સંસ્થામાં એમનું સન્માન થયું નથી. 'ડૉક્ટર ઑફ લેટર્સ' જેવી કોઈ ઉપાધિ એમને ઈજિપ્તની, તુર્કીની કે અરબ-મુલકોની કોઈ યુનિવર્સિટીએ આપી નથી.

આરબ-દેશોને હિંદુસ્તાનના રાષ્ટ્રવાદ સામે ઉશ્કેરવા માટે 'હિન્દુ સામ્રાજ્યવાદ'નો હાઉ ઊભો કરવા જતાં એમણે પોતાની લાઘવગ્રંથિનું પ્રદર્શન કર્યું છે. બ્રિટિશ સામ્રાજ્યવાદ સામે લડી રહેલા, અને અમેરિકી કે રૂસી બની રહેલા શક્તિશાળી આરબ રાષ્ટ્રોને 'હિન્દુ સામ્રાજ્યવાદ'નો કાલ્પનિક ભય દેખાડીને પોતાને પક્ષે લેવા માગનાર માનવીની મરદાનગી માટે આરબોએ શું ધાર્યું હશે, તે કલ્પવું મુશ્કેલ નથી. હિંદુસ્તાનના લીગવાદીઓના જેટલી અંધશ્રદ્ધાળુ અને ઝનૂની જો આરબ દેશોની પ્રજાઓ હોત તો આજે એ ત્રિવિધ સામ્રાજ્યવાદના પડમાં પિસાઈ ગઇ હોત. પણ એ સાચા મુસલમાનો છે. ભયની કલ્પનાઓ વચ્ચે નહિ, પણ ઝઝૂમતા ભયની વચ્ચે એ જીવે છે. વાસ્તવનો એમને ખ્યાલ છે. બ્રિટિશ સામ્રાજ્યવાદનો એમને અનુભવ છે, પોતાની પ્રગતિ પોતાના દેશમા વસતી તમામ કોમોને એકત્રિત કરવામાં છે, વિચ્છિન્ન કરવામા નહિ, એ તેઓ જાણે છે. જેને ખુદ એના દેશની પ્રજાએ સત્તાસ્થાનેથી હઠાવી દીધેલ છે, જેને દુનિયા આખી એ 'લડાઇખોર'નું બિરુદ આપેલ છે, જેણે આરબ-દેશોમાં બ્રિટિશ સામ્રાજ્યવાદની જડ મજબૂત કરવા અનેક પ્રયાસો કરેલ છે, એ ચર્ચિલનું અને રૂઢિચુસ્તોની તેની ટોળકીનું શરણું શોધનાર માનવીનું મૂલ્ય કેટલું આંકવું તે આરબ પ્રજાઓને શીખવવું પડે તેમ નથી.

આરબો સમજે છે કે હિંદુસ્તાનની આવતી કાલ તેના કોમવાદીઓના નહિ પણ રાષ્ટ્રવાદીઓના હાથમાં છે એ સમજે છે કે હિંદુસ્તાનને આંતરવિગ્રહમાં હડસેલી દેવા જેટલું કૌવત કદાચ બ્રિટનમા હશે, પણ એને સ્વતંત્ર બનતું રોકવાની તાકાત હવે બ્રિટનમાં નથી રહી. બ્રિટિશ સરકાર લાખ ચાલાકીઓ કરે તો પણ હિંદુસ્તાને સ્વતંત્રતાનને પંથેથી એ ચળાવી શકે તેમ નથી. એ જાણે છે કે હિંદમાં આંતરવિગ્રહ થશે તો ચર્ચિલનું માથું નથી ભાંગવાનું, એમાં ચર્ચિલના દેશભાઈઓ નથી હોમાવાના. પણ એમાં હોમાવાના છે ગેરરસ્તે દોરવાયેલા પોતાના જ મઝહબીઓ, અને એમાં હોમાવાના છે એશિયાનું, રંગીન પ્રજાઓનું નામ ઉજાળનારા હિંદુસ્તાનના રાષ્ટ્રવાદીઓ. એવો આરબ-બચ્ચો પાકિસ્તાનનું સમર્થન કરે નહિ.

બંધારણ સભામાંથી શું સંગ્રામ જાગશે ?

બંધારણ સભામાં હિંદુસ્તાનના સ્વતંત્ર, સાર્વભૌમ પ્રજાસત્તાક અંગેના પંડિત જવાહરલાલના ઠરાવ ઉપર ચર્ચા ચાલી રહી છે ત્યારે એ જ બંધારણસભાના પ્રમુખશ્રી રાજેન્દ્રબાબુથી માંડીને મદ્રાસના પ્રધાન શ્રી ભાષ્યમ્‌ અને જરની લોકક્રાંતિના આગેવાન શ્રી જયપ્રકાશ નારાયણ નવી લડત માટે તૈયાર રહેવાની ચેતવણીઓ પ્રજાને આપી રહ્યા છે એ બીના ઘણી સૂચક છે. બંધારણસભા આમ કરશે કે તેમ વર્તશે તો અંગ્રેજ સરકાર તેનું ઘડેલું બંધારણ મંજૂર નહિ રાખે તેવી વાતોની અર્થહીનતા હવે કોઈનેય સમજાવવાની જરૂર નથી. બંધારણસભા એ કાંઈ બ્રિટનની મહેરબાનીથી મળેલી કોઈ બક્ષિસ નથી. હિંદની પ્રજાનો અધિકાર છે, અને પોતાનું લોહી રેડીને તેણે એ અધિકાર હાંસલ કર્યો છે. પોતાના હાથમાં આવેલા અધિકારની રક્ષા કાજે એ ફરી લોહી રેડતાં પોતાનું તેમ જ એ અધિકાર ઉપર તરાપ મારનારા શત્રુનું લોહી રેડતાં અચકાશે નહિ. બંધારણસભાનો જન્મ અમુક મર્યાદાઓ વચ્ચે થયો છે. પણ હવે જનમ્યા પછી જીવવા માટે એ પોતાનું કોઈ પણ બંધન દૂર કરી શકે તેમ છે. મહિનાઓ પૂર્વે પંડિત જવાહરલાલે કહ્યું હતું તેમ બંધારણસભા સાવભૌમ–સર્વશક્તિમાન છે. એની પાસે ભલે લશ્કર ન હોય, મશીનગનો ને વિમાનો ન હોય. પણ દેશ આખો એ એની સેના જ છે. કિસાનોનાં દાતરડાં કોદાળી ને પાવડા, મજૂરોનાં ઓજારો, કાતરિયામાં કાટ ખાતી તલવારો, ગામડાના લુહારની કોઢમાં બની શકતી દેશી બંધૂકો, એ બધાં આ લોકસેનાનાં શસ્ત્રો છે એવું જયપ્રકાશ સંભળાવી રહ્યા છે. નવી દિલ્હીની જે સરકારી ઇમારતમાં આજે બંધારણસભા મળે છે તેની આરામભરી બેઠકોની એ સભાને લેશમાત્ર ખેવના નથી.

૧૭૮૯ માં, રાજાની બંધૂકોએ ફ્રાંસની બંધારણસભાને તેની બેઠકના ખંડમાં મળવા દીધી નહોતી ત્યારે એના બહાદુર સભ્યોએ ખુલ્લા મેદાનમાં, ટેનિસ રમવાના ચોક ઉપર, ભેગા મળીને પોતાનું કાર્ય પૂરું કર્યા વિના જુદા ન પડવાના ઐતિહાસિક શપથ લીધા હતા તેમ, વખત આવ્યે હિંદુસ્તાનની બંધારણસભા પણ જૂના દિલ્હીની કોઈ ગંધાતી શેરીમાં એની સાંકડી બજારમાં કે જમુનાતટે કોઈ ખુલ્લા હરિયાળા ખેતરમાં મળશે અને ૧૯૪૬ ની ૯ મી ડિસેમ્બરે પોતે આરંભેલું મહાભારત કાર્ય પૂરું કરીને જ જંપશે. પ્રજાના સાચા પ્રતિનિધિઓ બંધારણસભામાં ગયા છે તે કાંઈ ચાંદીના થાળમાં પીરસ્યું ને સુંવાળું બંધારણ મૂકીને અંગ્રેજ સરકારને ચરણે ધરવા માટે નહિ, પણ જેમાં કાનામાતરનો પણ ફેરફાર થવા દેતાં પૂર્વે મરી ફીટવાનો પોરસ પ્રજાને ચડે એવું પોલાદી બંધારણ ઘડવા માટે. આવી બંધારણસભામાંથી ૧૬૬ સભ્યો ગેરહાજર રહે કે ૩૬૬ ગેરહાજર રહે, એના શબ્દની તાકાતમાં ફેર નહિ પડે.

બંધારણસભાનું સાર્વભૌમત્વ દખલગીરી સાંખશે નહિ

અષાઢ મહિનો હજી દૂર છે, પણ હિંદના રાજકીય આકાશમાં આ રીતે વાદળ ઘેરાવા માંડયા છે. કટોકટી તોળાઈ રહી છે. આંતરરાષ્ટ્રીય રાજકારણના નિરીક્ષકો કહે છે તેમ હિંદુસ્તાનના બળવાનો સામનો ન કરી શકે તેટલું બ્રિટન કદાચ નિર્વીર્ય બની ગયું હશે, પણ બ્રિટને આ દેશમાં દૂધ પાઈને ઉછરેલો કોમવાદનો દૈત્ય, પૂર્વે કદી નહોતો તેટલો આજે શક્તિશાળી બન્યો છે તેમાં કાંઈ સંદેહ નથી. બ્રિટિશ શાહીવાદ સામેના આખરી સંગ્રામને હિંદુસ્તાનના આંતરવિગ્રહમાં પલટી નાખી શકે તેટલી કુટિલતા તો ત્રીજા દરજ્જાના બ્રિટિશ રાજ્દ્રના મજૂરપક્ષી મુત્સદ્દીઓમાં પણ ભરેલી છે. માટે કોઈએ ભ્રમમાં ન રહેવું ઘટે. સરદાર વલ્લભભાઈએ કહેલું કે આભ તૂટી પડે તો પણ નવમી ડિસેમ્બરે બંધારણસભા મળશે જ. સરકારે પણ તારીખ નીમી તે કબૂલ રાખી, અને જવાહરને કોલ દીધા પ્રમાણે તા. ૯ મી પહેલાં દિલ્હી પહોંચવા એ કર્યા છતાં બુઢ્ઢો વાંદરો ગુલાંટ ન ભૂલ્યો ? પોતાનો અભિનંદન–સંદેશ મોકલવાને બદલે એણે તો એક જ બોલ કહી દીધો, કે લીગ જેમાંથી ગેરહાજર છે તે સભાનું ઘડેલું બંધારણ કોઈ પર ઠોકી નહિ બેસાડી શકાય. ને બ્રિટિશ સરકાર એને

માન્ય નહિ રાખી શકે ! તેનો જવાબ બંધારણસભામાં અદના વિનીતોએ પણ છાજતો દીધો. બ્રિટિશ સરકાર આ બંધારણ મંજૂર રાખશે કે નહિ એનો વિચાર છે જ નહિ. અમારો અધિકાર અબાધિત છે.

રાષ્ટ્રવાદી મુસ્લિમને—
રખે વિસરતા

આઝાદ હિંદુસ્તાનના પ્રજાસત્તાક કાજે લડવા તૈયાર થનારાઓને ખબર છે કે માત્ર બ્રિટિશ સરકાર સામે જ નહિ, માત્ર પરદેશીઓ સાથે જ નહિ, પણ પરદેશીઓના હાથા બનેલા કોમવાદી દેશબાંધવો સામે લડવું પડશે. કોમવાદીઓ એટલે માત્ર મુસ્લિમ લીગવાદીઓ જ નહિ મુસ્લિમ લીગને મોટા ભાગના મુસ્લિમોનું પીઠબળ છે, એ સાચું. લીગના ઝનૂની પ્રચારથી અનેક મુસ્લિમો અવળે રસ્તે ગયા છે તે પણ સાચું. પણ જેનો અર્થ એવો થઇ રહ્યો છે કે તમામ મુસ્લિમો કોમવાદીઓ છે હિંદુમહાસભાના ગણ્યાગાંઠ્યા અનુયાયીઓ જ નહિ, પણ પોતાની જાતને હૃદયપૂર્વક રાષ્ટ્રવાદી માનતા અનેક કોંગ્રેસીઓના દિલમાં આ માન્યતા ઘર કરતી જાય છે. પોતાના દિલમાં આવી માન્યતા છે તે કબૂલ કરવું અતિ આકરું છે. પણ ઊગને એકાંતે જે આ વાતનો વિચાર કરશે તેને જરૂર લાગશે કે પોતાના રાષ્ટ્રવાદની પાછળ કોમવાદનો વિષ ગુપ્તપણે ઉછરી રહ્યો છે. તમામ મુસ્લિમો ખરાબ બની ગયા હોત, દરેક મુસલમાન કોમવાદથી દીવાનો બની ગયો હોત તો આ ધરતીની સપાટી ઉપર સરહદના પઠાણી બચ્ચાઓ ન રહ્યા હોત, તો બંગાળમાં મૌલાના આઝાદ ન હોત, તો આસામથી સિંધ સુધી જમિયત–ઉલ–ઊલેમાના શૂરવીરો ન હોત, તો પોતાની જ કોમના ગુંડાઓનાં અનેકાનેક અપમાનો ને પ્રહારો સહેનારા સંત મૌલાના મદની ન હોત, તો કાશ્મીરની રિયાસતી કેદમાં શેરે–કાશ્મીર શેખ અબ્દુલ્લા સડતા ન હોત, તો હૈદરાબાદના નિઝામે બંગાળના અને બિહારના નિરાશ્રિતોને–દરેકને–એકએક લાખ રૂપિયાની મદદ ન કરી હોત, તો મુંબઈની મુસ્લિમ બહેનોએ બિહાર–બંગાળના રમખાણ પીડિતોને સરખે હિસ્સે વહેંચી આપવા પોતાનો ફાળો ન મોકલ્યો હોત. શ્રી ઝીણા ભલે કહે કે એકસોમાંથી ૯૯ મુસલમાનો એમની, લીગની, પાકીસ્તાનની પાછળ છે. હા, ભલે રહ્યા ૯૯ એમની પાછળ. એમાં પાકીસ્તાનને સમજનારા તો પૂરા નવ પણ નથી. પણ એ નવની ધાકે બીજા નેવુંને મૂંગા કરી દીધા છે. અને પોતાની પાછળ ૯૯ હોવા છતાં શ્રી ઝીણા પાકિસ્તાન નથી પામી શકતા, તે છતાંય એમને લંડનના ચર્ચિલોની ખુશામત કરવી પડે છે, તે છતાંય એમને મુસ્લિમ દેશોમાં હમદર્દીના એકાદ ટૂકડાની ભીખ માગવી પડે છે–તેનું કારણ એ છે કે સોમાંથી બાકીના એક મુસલમાનની રગેરગમાં રાષ્ટ્રવાદનું ખૂન વહી રહ્યું છે. શ્રી ઝીણાની અને એમના પાકિસ્તાનના પાયમાલીભર્યા ખ્વાબની વચ્ચે એ રાષ્ટ્રવાદી મુસ્લિમ ખુલ્લી છાતીએ એકલો ઊભો છે. એનો રાષ્ટ્રવાદ પળેપળે એની જ કોમના ભાઇઓના પડકાર ઝીલી રહ્યો છે. દિવસ ને રાત એ મુશ્કેલીઓ અને માનસિક યાતનાઓ વેઠી રહ્યો છે. ૯૨ ઘડી, ૯૨ પળ એ દુશ્મનોની છાવણીની વચ્ચે રહી, અગ્નિપરીક્ષામાંથી પસાર થઇ રહ્યો છે. એનો રાષ્ટ્રવાદ અમદાવાદના ખાડીઆ—એલિસબ્રિજ જેવા કે મુંબઇના ગિરગામ–દાદર જેવા લત્તામાંથી નહિ, પણ રાષ્ટ્રશત્રુઓના અડ્ડાની મધ્યમાંથી જ કોમવાદ સામે પોતાનો એકલ સૂર કાઢી રહ્યો છે. સરદાર અને જવાહરની પાછળ કરોડોની રાષ્ટ્રસેના ખડી છે. કોમવાદીઓ એનાથી ડરે એમાં કાંઇ નવાઇ નથી. નવાઇ તો એ છે કે સિંધનો સૈયદ, બિહારના અબ્દુલબારી જેવા એકલવાયા માનવીઓથી પણ એમને ડરવું પડે છે. શ્રી ઝીણા જો કદી એમના જીવનની સત્યકથા લખે તો એમા ડૉ. ખાન સાહેબના સ્વપ્નોએ એમની કેટલી રાત બગાડી છે તેનો સાચો ખ્યાલ મળી રહે. સહુએ સતત જાગ્રત રહેવાની જરૂર છે કે મુસ્લિમોને ભૂલવતી વખતે આ રાષ્ટ્રવાદી મુસ્લિમને વિસારવાની ગલતી થઇ ન બેસે.

ઇસ્પિતાલોનો કોમભાવ·
મુંબઇનું કલંક

ભૂલમૂલમાં પણ જેઓ, એમ માની બેઠા હોય કે બિનમુસ્લિમો તો સામાન્ય રીતે રાષ્ટ્રવાદી હોય છે તેમનું શિર નીચેના સમાચાર જાણીને શરમથી નીચું ઢળશે.

– મુંબઈ કોર્પોરેશનની એક સભામાં તેના એક સભ્ય શ્રી. અખ્તરહસન મિરઝાએ થોડા અઠવાડિયા પર એક પ્રસંગ ટાંકેલો કે મુંબઈના રમખાણ દરમિયાન બોર્ડનરોડ ઉપર કોઈ એક રાહદારી ઉપર છૂરીથી હુમલો થયો. રાહદારી ઢળી પડ્યો. હુમલો કરનારાઓ પોતાનું કામ પતાવી કુદરતી રીતે જ પલાયન થઈ ગયા. થોડીવારે ત્યાંથી મોટરમાં પસાર થતા એક યુરોપિયને એ જખમીને રસ્તા ઉપર પડેલો જોયો, ને તરત જ એને મોટરમાં નાખી નજીકની એક ઇસ્પીતાલે પહોંચાડ્યો, ઇસ્પિતાલે એ લોહીલોહાણ ઈન્સાનને સારવાર માટે અંદર લેવાની ના પાડી—કારણ કે એ હિંદુ નહોતો (અને ઇસ્પિતાલ માત્ર હિંદુઓ માટે જ હતી). માણસનું માથું ભમાવી મૂકે એવા આ સમાચાર છે. વીસમી સદીમાં, મુંબઈ જેવી સમૃદ્ધ, સંસ્કારી નગરીમાં આવું બને તેના કરતાં તો બહેતર છે કે મુંબઈમાં આજે એક પણ ઇસ્પિતાલ ન હોય અને જખમીઓ ભલે શેરીઓમાં જ પડ્યા પડ્યા પોતાના લોહીના ખાબોચિયામાં જ છેલ્લા શ્વાસ લેતા હોય. આ કતારોમાં અગાઉ અનેક પ્રકારની કોમી સંસ્થાઓ નાબૂદ કરવા અંગે લખાયું છે, પણ કોમી ઇસ્પિતાલો ને કોમી દવાખાનાં નાબૂદ કરવાની અગત્ય એ તમામને વટાવી જાય તેવી છે. મુંબઈની કોંગ્રેસ સરકારે આ કલંક દૂર કરવામાં જરા ય ઢીલ ન કરવી ઘટે.

હિંદુઓનું સંગઠન આ દિશામાં વળે

મુસ્લિમ લીગને પ્રતાપે મુસ્લિમોનું એક પ્રકારનું સંગઠન થયું છે ખરું, પણ એ સંગઠન આખા દેશને, અને ખુદ મુસલમાનોને જ કેટલું ભયંકર નુકસાન કરી રહ્યું છે તે વાત ઉઘાડી છે. એવા નાપાક સંગઠનનો જવાબ બીજી કોમોના પણ એવા જ નાપાક સંગઠન દ્વારા ન હોઈ શકે. હિંદુઓએ પોતાનું સંગઠન કયા હેતુસર કરવાનું છે તે શ્રી નરહરિ પરીખ 'હરિજનબંધુ'માં ઘણી સ્પષ્ટતાથી આ રીતે જણાવે છે. સુરત જિલ્લાનાં 'અનાવિલ અથવા પાટીદાર જેવી ઉપલી ગણાતી કોમના લોકો' એ 'હરિજન જેવી હલકી ગણાતી કોમના' અમુક લોકો ઉપર હુમલો કર્યાનો પ્રસંગ ટાંકીને તેઓ લખે છે કે—

'પોતાની કોમના ઊંચપણાની ડુમાખીમાં ફરતા લોકો એટલું—તો સમજી જ લે કે, ગમે તેટલી હલકી ગણાતી કોમના માણસને પણ મારવાનો, ગાળ આપવાનો કે તેનું અપમાન કરવાનો તેમને અધિકાર નથી. આવા લોકો હિંદુ સમાજનું સંગઠન કરવાની વાતો કરતા જણાય છે. હિંદુસમાજે જો સાચું સંગઠન કરવું હોય, તો તે બીજી કોઈ કોમના કે ધર્મના સમાજની સામે નથી કરવાનું, પણ પોતાના સમાજમાં જ પેસી ગયેલી બદીઓની સામે, અન્યાયની અને જુલમની વૃત્તિઓ સામે, ભયની અને કાયરપણાની ટેવોની સામે કરવાનું છે. અસ્પૃશ્યતાની બદી આવી સઘળી બદીઓમાં મુખ્ય છે.'

હરિજનો ઉપર આવા જુલમો ઠેરઠેર થતા આવે છે. એ ધીમે ધીમે ઓછા થતા જશે તેમ માનીને આપણાથી બેસી ન રહી શકાય. શ્રી. નરહરિભાઈ કહે છે તેમ 'હવે ધીમે ધીમેની નીતિથી ચાલે એમ નથી.' હરિજનોએ પોતે જ પોતાની ઉન્નતિ માટે મહેનત કરવી જોઈએ. મૂંગે મોઢે પણ આજે તેઓ એટલું બધું વેઠી રહ્યા છે કે જુલમનો સામનો કરવા જતાં હવે આથી વિશેષ તેમને સહેવું પડે તેમ નથી. વચગાળાની સરકારના મજૂર–પ્રધાન શ્રી. જગજીવનરામે દિલ્હીની એક સભામાં કહ્યું છે તેમ—

> 'હરિજનોએ હિંદુ સમાજની અંદર રહીને જ પોતાના હક્ક માટે લડવું જોઈએ. એમણે પોતાનું એવું સંગઠન કરવું જોઈએ કે કોઈ એમને એમના યોગ્ય અધિકારોથી વંચિત રાખી શકે નહિ. વિનવણીઓ કે વાટાઘાટોથી જો તેઓ સમાજમાં પોતાનું સાચું સ્થાન ન મેળવી શકે તો એમણે તેને માટે લડવું જોઈએ અને વિરોધીઓના હાથમાંથી એ ઝૂંટવી લેવું જોઈએ. પણ આવા હેતુસર ધર્મપલટો કરવો એ તો બાયલાપણું છે. જે બાયલાઓ જ હશે તેમની હાલત તો ધર્મપલટો કર્યા છતાં પણ નહિ સુધરે.'

હરિજનો હાથ જોડીને બેસી ન રહે

રાષ્ટ્રીય ભાવનાવાળી કહેવાતી ઉપલી કોમના

હિંદુઓ કે ખુદ કોમસી પ્રધાનમંડળો પણ હરિજનો માટે બધું જ કેવી રીતે કરી શકે. બહુમાં બહુ તો એ હરિજનોના માર્ગમાંથી તમામ જાતનાં વિઘ્નો કાઢી નાખી શકે, પણ હરિજનોને તેડીને તેઓ આગળ કઇ રીતે લઇ જઈ શકે? એવી આગેકૂચ માટે તો ખુદ હરિજનોએ પગ મક્કમ બનાવીને ડગલાં ભરવાં જોઇએ. મુંબઇની સરકારે હમણાં જ એવો ઠરાવ કર્યો છે કે આ પ્રાંતમાં એક લાખ કરતાં ઓછી વસ્તીવાળાં જે કોઈ ગામ-શહેરોની સુધરાઈ પોતાના ભંગી કામદારોને જેટલું માસિક મોંઘવારીભથ્થું આપશે, તેના અડધા ખર્ચ જેટલી ગ્રાંટ સરકાર તરફથી તે સુધરાઇને મળશે. ગ્રાંટ માટે વધારેમાં વધારે મોંઘવારીનું ધોરણ વીસ રૂપિયાનું ઠરાવવામાં આવ્યું છે. અને આ ગ્રાંટનો અમલ તા. ૧-૪-૧૯૪૬ થી થવાનો છે. સરકારે કરેલા આ નિર્ણય પછી ભંગીઓએ સુધરાઇના સારા-નરસા સંચાલકોના મનના તરંગોની વાટ જોયા વિના જ સામે ચાલીને પોતાને એ નિર્ણયનો પૂરેપૂરો લાભ મળે તે માટે સુધરાઇ પાસે માગણી કરી દેવી જોઇએ.

અનાજની અછતે ભણાવેલો પાઠ

અનાજની અછતનો આખરી કટોકટીભર્યો તબક્કો વીતી રહ્યો છે. માપબંધીવાળા વિસ્તારોમાં અપાતું ઘઉંનું પ્રમાણ ઓછું કરવામાં આવ્યું છે. પરદેશોમાંથી મોડું મોડું પણ જે કાંઈ અનાજ આવી રહ્યું છે તેને આધારે દેશને ઘઉંના નવા પાક સુધી પહોંચાડી દેવાની આશા રખાય છે. અનાજની આ અછતમાંથી આપણો દેશ આખો હેમખેમ પાર ઊતરી જાય તો પણ આ અછતે આપણને ભણાવેલો પાઠ આપણાથી કદી વિસરી શકાય નહિ તેવો છે. અનાજ, ખેતી અને ખેડૂત અંગેની આપણી માન્યતાઓ આપણે નવા સંજોગો અનુસાર બદલ્યા વિના છૂટકો નથી. સરહદના ખાન અબ્દુલગનીખાને વડી ધારાસભામાં એક ભાષણ કરતાં જે શબ્દો ઉચ્ચાર્યા હતા તેની ઉપર કાઠિયાવાડથી બંગાળ સુધીના સહુ પ્રાંત વાસીઓએ વિચાર કરવા જેવો છે—

'કોપનહેગનમાં ભરાયેલી ખોરાક અને ખેતીવાડી અંગેની વિશ્વ-પરિષદમાં મેં ભૂખે મરતા હિંદુસ્તાન વતી ભીખ માગી હતી. તે વખતની મારી શરમ હું કદી નહિ ભૂલી શકું. જગતનાં રાષ્ટ્રો સમક્ષ ત્યાં ઊભો ઊભો હું સ્પષ્ટ શબ્દોમાં કહી રહ્યો કે: 'મારા દેશમાં અસીમ માનવબળ છે, અખૂટ કુદરતી ખજાનાઓ છે, ઘણી સારી આબોહવા છે, અને છતાં અમે ભૂખે મરીએ છીએ.

એક હજાર ભભકાદાર યોજનાઓમાંથી પણ એક ગાજર પેદા થઈ શકશે નહિ. નદીકાંઠે બેસીને હાલરડાં ગાવાથી માછલી નહિ પકડી શકાય. ફાઈલો, યોજનાઓ અને 'વધુ અનાજ ઉગાડો'ની અંગ્રેજી છાપામાંની જાહેરખબરોથી જો અનાજ પેદા થઇ શક્યું હોત તો આજે દુનિયાના કોઈ પણ દેશ કરતાં આપણી અનાજની નિકાસ વધારે હોત. કમનસીબે ફાઇલોમાં બટેટા નથી ઊગતા.

આપણે હવે-સમજવું જોઈએ કે અનાજ જમીનમાંથી આપોઆપ નથી ઊગવાનું પણ હિંદુસ્તાનનો ખેડૂત એને ઊગાડવાનો છે. એને તો તમે ભૂલી ગયા છો, એને તમે પેટપૂરું ખાવા પણ નથી દીધું, એને તમે અજ્ઞાન, કંગાલિયત અને રોગથી ભર્યા જીવનમાં સબડવા દીધો છે. અને હવે દુકાળના રૂપમાં તમે એની આકરી કિંમત ચૂકવી રહ્યા છો. હવે તમે એને સંભાર્યો છે

આપણા ખોરાકનો સારામાં સારો ઉપયોગ કરવો હોય તો આપણે એને બુદ્ધિપૂર્વક ખાતાં શીખવું પડશે. દક્ષિણ હિંદના રહેવાસીઓ અમુક અનાજની અમુક જ જાત માટે માગણી કરી શકે નહિ. જે તમને ફાયદો કરતું હોય તે તમારે ખાવું જોઈએ. દક્ષિણ હિંદમાં હજી સુધીમા ડઝનેક દુકાળ નથી પડ્યા તેથી મને નવાઈ લાગે છે. મદ્રાસી હિસાબનીસ, ધારાશાસ્ત્રી અને ભાષણકર્તા તરીકે ઘણો કુશળ હોય છે પણ ખાવાની બાબતમાં એ અક્કલનો ઉપયોગ નથી કરતો. એ માત્ર ચોખા ખાય છે. મચ્છી, માંસ કે ઘઉં સુદ્ધાં એ નહિ ખાય. પઠાણો કે પંજાબીઓની માફક મુક્તપણે ખાનારાઓ કરતાં

આવા એક જ પ્રકારનો ખોરાક લેનારાઓ માટે ભૂખમરાનો ભય હંમેશા વધારે રહે છે. આપણે જે ખાવું હોય તે પેદા કરી શકીએ નહિ ત્યાં સુધી જે મળે તે આપણે ખાઈ લેવું જોઈએ.

'મદ્રાસીઓ માટે ખાસ ચોખા ઉગાડવા માટે આ વર્ષે હિંદુસ્તાન કરોડો રૂપિયાનો ખરચ કરે છે, પણ દર વર્ષે એવો ખરચ નહિ થઈ શકે. મકાઈ, બાજરી, ઈંડા, મચ્છી વગેરે જે કાંઈ હિંદુસ્તાનમાં પેદા થતું હોય તે એમણે ખાવું જોઈએ.

'ભૂતકાળમાં જે પ્રાણીઓએ એક જ પ્રકારનો આહાર રાખ્યો હતો. તેઓ જીવનસંગ્રામમાં સૌપહેલાં ડૂબી ગયાં હતાં. આજે એમનું નામ-નિશાન પણ નથી. મારે તો ચોખા જોઈએ અને નહિ તો હું ભૂખે મરીશ : એમ કહેવું વાજબી નથી. દેહમાં આત્મા ટકાવી રાખવા જે કાંઈ હાથ આવે તે આપણે ખાવું જોઈએ.

'તમામ હિંદુસ્તાનીઓ એવું ક્યારે સમજતા થશે કે ગાજર ખાવામાં કોઈ પુણ્ય નથી અને માંસ ખાવામાં કાંઈ પાપ નથી! હિંદુસ્તાનને ખૂબ ખવડાવો પીવડાવો અને એને કેળવણી આપો; પછી એના ભાવિ વિશે કોઈએ ફિકર કરવાની જરૂર નહિ રહે. તમે સ્વપ્નામાં પણ જેને કલ્પવાની હિંમત નહિ કરી હોય એવું ભવ્ય એ ભાવિ હશે.'

ગુજરાતીઓએ બુદ્ધિપૂર્વક ખાવા જરૂર છે

આ શબ્દોમાં એટલું જ ઉમેરવાનું છે કે જેમ મદ્રાસીઓએ તેમ ગુજરાતીઓએ પણ બુદ્ધિપૂર્વક ખાતાં શીખવાની જરૂર છે. મદ્રાસીઓ જેમ ચોખા સિવાયના અનાજને અડતા નથી, તેમ આપણે પણ આજે રેશનિંગવાળા વિસ્તારોમાં અપાઈ રહેલા જવ, મકાઈ પ્રત્યે ઓછી સૂગ નથી દાખવતા. રેશન તરીકે મળતાં ઘઉં, બાજરી કે ચોખા મેળવવા માટે કાળા બજારમાં દોડયા જવાનું જેને પાલવે તેમ છે તે મધ્યમ વર્ગનો શિક્ષિત સમૂહ પણ તેમ કરતાં અચકાયો નથી. ગામડાની અભણ પ્રજાના દિલમાં, તેણે કદી ન જોયેલા આવા અનાજ સામે પૂર્વગ્રહો હોય, તે સમજી શકાય તેવું છે. પણ સાધનસંપન્ન શિક્ષિતોએ તો એ અનાજનો ઉપયોગ કરીને અભણ પ્રજાજનો માટે દાખલો બેસાડવો જોઈએ. આપણા દેશમાં અનાજ નથી એ હકીકત છે; અનાજ માટે આપણે પરદેશો પાસે ભીખ માગી છે અને જ્યાંત્યાંથી એક યા બીજી જાતનું અનાજ આપણને મળ્યું છે એ હકીકત છે; આપણે ભૂખ્યા ન મરવું હોય તો જે કોઈ અજાણ્યું અનાજ મળે તે પણ, બીજી રીતે તે ખાવાલાયક હોય તો ખાતાં શીખી જવું જોઈએ એ પણ હકીકત છે. હકીકતનો આપણે સામનો કર્યે જ છૂટકો છે. ચાલીસ કરોડનું પેટ કાળા બજારથી થોડું જ ભરાવાનું છે? અમેરિકાની 'મિલો' નામની ઝીણી જુવાર આવે છે એમ સાંભળી ભડકવું નહિ.

આર્થિક અસંતોષને કોમવાદનું સ્વરૂપ

આજે આઝાદી આટલી સમીપ છે ત્યારે, અને એ આઝાદી મળી જાય તે પછી પણ, આપણે ધાર્મિક અને કોમી ભેદભાવને સ્થાને આર્થિક ભેદભાવો ઉપર ભાર મૂકતા રહેવાની જરૂર છે. આધુનિક યુગના માનવી ઉપર આર્થિક ભેદભાવની અસર ઘણી પ્રબળ થતી હોય છે. આજે આટલા સતેજ બનેલા કોમી ભેદભાવોની પાછળ પણ ઘણીવાર આર્થિક અસમાનતા જોર કરતી હોય છે. આમજનતાના સાચા દુશ્મન કોઈ એક કોમના કે મઝહબના અગેવાનો નહિ પણ મૂડીવાદીઓ છે. આ વર્ગવિગ્રહને કોમવાદીઓ સફાઈથી કોમી સંગ્રામમાં પલટાવી દઈ શકતા હોય છે. દાખલા તરીકે, એક એવા પણ સમાચાર આવ્યા કે કે બંગાળના અમુક વિભાગોમાં જમીનદારો બધા એક કોમના હતા, અને કિસાનો બીજી કોમના; જમીનદારો લઘુમતી કોમના, કિસાનો બહુમતી કોમના. આ પીડિત અને પીડક વચ્ચે અસંતોષ ધુંધવાઈ રહ્યો હતો અને એ અસંતોષનું સ્વરૂપ સીધું અને સાદું આર્થિક જ હતું. પણ એ આર્થિક અસંતોષને યોગ્ય દિશામાં વાળનારા કોઈ કાર્યકરો મળ્યા નહિ. તે દરમિયાન કોમવાદીઓ ત્યાં પહોંચી ગયા, અને કિસાન તથા જમીનદાર વચ્ચેની અથડામણને મુસલમાનો અને હિંદુઓ વચ્ચેના રમખાણનું સ્વરૂપ આપી દીધું.

લીગરને મત દેનારા
હિંદુ જમીનદારો

જે શોષકો છે તેઓ પોતાની વચ્ચે કોઈ જાતનો ઝાઝો ભેદભાવ રાખતા નથી હિંદુ મુસલમાન અને શીખ રાજાઓ એક જ નરેન્દ્ર મંડળમાં ભેગા થયેલા છે હિંદુ અને મુસ્લીમ મૂડીવાદીઓ એક જ ઉદ્યોગનું સંયુક્ત સંચાલન પોતાના નફાને લક્ષ્યમાં રાખીને કરી શકતા હોય છે, જમીનદારો પણ કોમ-કોમના ભેદ ભૂલીને પોતાના સ્થાપિત હિતોના રક્ષણહારની પાછળ કટિબદ્ધ થતા હોય છે આ વાતનું દૃષ્ટાંત સિંધમાં હમણા જ થયેલી ચૂંટણીઓમાંથી મળ્યું છે સિંધના નામચીન વડાપ્રધાન શ્રી હિદાયતુલ્લા સામે બીજું ચાહે તેટલું કહેવાનું હોય, એક બાબતમાં એમની પ્રશંસા કર્યા વિના રહેવાય તેવું નથી આ હાડોહાડ કોમવાદી માનવી સિંધની ધારાસભામાં કદી કોમી મત-વિસ્તાર દ્વારા ચુંટાઈ આવ્યા નથી હમેશા એ જમીનદારોના મત-વિસ્તારમાંથી ફતેહ મેળવતા આવ્યા છે આ મત-વિસ્તારમાં હિંદુ અને મુસ્લિમ બેઉ ધર્મના મતદારો છે એટલું જ નહિ, એ મત-વિસ્તારમાં હિંદુ જમીનદારોની ઘણી મોટી બહુમતી છે એટલે સિંધની હિંદુ પ્રજા જો શ્રી હિદાયતુલ્લાને એક નંબરના પ્રજાહિતશત્રુ માનતી હોય તો તેની જવાબદારી મુસલમાનોની નહિ પણ હિંદુ જમીનદારોની જ છે !

મુસ્લિમ વેપારીઓની
વિચિત્ર શાન

લોટ ફાકવો, અને ભસવું આ બન્ને કામ કરવાની લાયકાત, મુંબઈની મુસ્લિમ ચેમ્બર ઓફ કોમર્સને થઈ આવી છે વચગાળાની સરકારના વેપાર ખાતાના પ્રધાન શ્રી ચુંદરીગરે થોડા વખત પર મુંબઈની મુલાકાત લીધી ત્યારે એમના માનમાં ઉપલી ચેમ્બરે યોજેલા એક સમારંભમાં એવી ફરિયાદ રજૂ કરવામાં આવી હતી કે હિંદુ વેપારીઓ મુસલમાન વેપારીઓનો બહિષ્કાર કરી રહ્યા છે અને બહુમતી કોમના આ જુલમમાંથી સરકારે લઘુમતીને બચાવવી જોઈએ પોતાને કાને આ વાત જાણે કે પહેલી જ વાર પડી હોય તેમ અત્યંત અજાયબી ધારણ કરીને શ્રી ચુંદરીગરે આ બાબત અંગે (ભારેખમ મોઢે) ઘણો ખેદ વ્યક્ત કર્યો હતો અને હિંદુઓના આ બહિષ્કારને વખોડી કાઢ્યો હતો, એટલું જ નહિ પણ પ્રધાન તરીકેની પોતાની સત્તાની રાહે કંઈક પગલાં લેવાનો પણ સૂચક સૂર કાઢ્યો હતો !

આ પ્રાંતમાં એક કોમના વેપારીઓ બીજી કોમના વેપારીઓનો આવો બહિષ્કાર કરે છે કે નહિ તે જાણીતું નથી, પણ કરતા હોય તો પણ તેનો દોષ કોને શિરે છે તેનો જો મુસલમાન વેપારીઓએ જરાક વિચાર કર્યો હોત તો આ બાબત અંગે શ્રી ચુંદરીગર સમક્ષ ફરિયાદ કરવાને બદલે એમણે મુસ્લિમ ચેમ્બર ઓફ કોમર્સ નામની જુદી સંસ્થા સમેટી લીધી હોત, અને સર્વ કોમના વેપારીઓના હિતનું રક્ષણ કરનારી કોઈ પણ એક બિનકોમી વેપારી ચેમ્બરમાં એ જોડાઈ ગયા હોત ભલા માણસ, હિંદુ વેપારીના અને મુસ્લિમ વેપારીના હિત શું જુદાં છે ? એક શું વેપારમાંથી નફો કરે છે અને બીજો પરગજુ ભાવનાથી માલની લે-વેચ કરે છે ? મુક્ત વેપારને માલની અવરજવરને, ચલણની આવકજાવકને રોકતા સરકારી અંકુશો શું એકને કડવા અને બીજાને મીઠા લાગે છે ? કાળાં બજાર શું એકે કર્યાં છે અને બીજાએ નથી કર્યાં ? નફાખોરી શું એકે કરી છે અને બીજાએ નથી કરી ? હિંદુ અને મુસ્લિમ વેપારીઓ વચ્ચે એવો કયો તફાવત છે કે જેને જોરે આ જૂદી મુસ્લિમ ચેમ્બર ઓફ કોમર્સ ઊભી પણ કરવી પડી ?

અખિલ હિંદ તંત્રી પરિષદમાંથી નીકળી જઈને મુસ્લિમ લીગી વાજીંત્ર દિલ્હીના ' ડોન 'ના તંત્રીએ શા માટે મુસ્લિમ અખબારોની જુદી પરિષદ કરી ? એક બાજુથી આમ વાતવાતમાં જુદા ચોકા વાખરા છે, અને બીજી બાજુથી પાછી તેની ફરિયાદ કરવી છે ! ઘરને આગ લગાવા દેવી, ને પછી રાવ કરવી કે અમને કોઇ આશરો નથી દેતું !

હિંદુ વ્યાપાર-બહિષ્કારના
રીતસર ઠરાવો

અલબત્ત હિંદુઓએ જો આવો બહિષ્કાર કર્યો હોય તો તે વાજબી ઠરાવી શકાય નહિ, પણ એ તો લીગવાદીઓએ વાવ્યું હશે તેનું એમને હવે લણવું

પડે મુંબઈની મુસ્લિમ ચેમ્બર ઑફ કૉમર્સમાં કેટલાય ચુસ્ત લીગવાદીઓ છે જો એમની યાદશક્તિ કાચી નહિ હોય તો, હજી થોડા જ મહિનાઓ પર સરહદની લીગે એક ઠરાવ કરીને મુસલમાનોને એ પ્રાંતની નજીવી લઘુમતી સમા હિન્દુ વેપારીઓનો બહિષ્કાર કરવાની સૂચના આપેલી તે એ ભૂલી ન ગયા હોય. વળી શ્રી સુંદરીગર તો બાહોશ વકીલ ગણાય છે, એમને કેમ યાદ ન રહ્યું કે તે અગાઉ થોડા વખતે સિંધની લીગના એમના સાથી આગેવાનોએ પ્રાંતના મુસલમાનોને હિન્દુ વેપારીઓનો બહિષ્કાર કરવાનો અને પોતાની જરૂરિયાતો માત્ર મુસલમાન વેપારીઓ પાસેથી ખરીદવાનો 'આદેશ આપ્યો હતો! હિંદુઓના બહિષ્કારના કારણે મુંબઈના મુસ્લિમ વેપારીઓને જો કાંઈ વેઠવું પડયું હોય તો સિંધ અને સરહદના હિંદુઓની મુસીબતોનો કાંઈક ખ્યાલ એમને આવ્યો હશે. એકબીજાની આ હાડમારીઓ બંધ કરવાનો સરળ રસ્તો એ છે કે, લીગ-નેતાઓના આ અને આવા બીજા, આત્મઘાતક આદેશોનું આંધળું પાલન એમણે ન કરવું પણ બુદ્ધિશાળી માનવી તરીકે દરેક વાતના સારા-નરસા પરિણામોનો વિચાર કરવો.

જાપાન પ્રત્યે એશિયાની ફરજ

અમેરિકનોના ઊડતા કિલ્લાસમા રાક્ષસી વિમાનોમાંથી જેની ઉપર મહિનાઓ સુધી હજારો ટન બોંબ વરસ્યા હતા, હજી તો સોળ જ મહિના અગાઉ બે ઍટમ બોંબ વડે જેના બે ધીકતા, ધમકતા શહેરોને ધરતી ઉપરથી સાફ કરી નાખવામાં આવ્યા હતા, તે જાપાન લોકશાહીને અને પુનર્રચનાને પંથે મુશ્કેલીથી ડગ ના ભરી રહ્યું હતું ત્યાં કુદરત એની ઉપર કોપી છે અને એક જબરદસ્ત ધરતીકંપે તેના પાંચ-૭ લાખ માનવીઓને આ શિયાળાની ચામડી ઊતરડી નાખે તેવી ટાઢમાં ઘરબાર વિનાના બનાવી મૂક્યા છે. જાપાન જેમ 'એશિયાનું કલંક' નીવડયું હતું તેમ જાપાનમાં એવું ઘણું હતું, અને આજે પણ હજી એવું ઘણું ટકી રહ્યું છે, કે જેને માટે એશિયાવાસીઓ મગરૂર બની શકે. જાપાનના લશ્કરવાદી આગેવાનોના અનેક પાપ છતાં જાપાનની આમજનતા પ્રત્યે તમામ એશિયાવાસીઓને હમદર્દી છે. જાપાનના હાથે જેણે અગણિત યાતનાઓ વેઠી છે તે ખુદ ચીનની પ્રજાને પણ જાપાની જનતા સાથે કાંઈ વૈરભાવ નથી. વળી આજે તો જાપાન યુદ્ધની ભસ્મમાંથી લોકશાહીની ઈમારત ઊભી કરી રહ્યું છે એ જાપાનને તેની આ મુસીબતો વચ્ચે મદદરૂપ થવાનો ધર્મ હિંદુસ્તાન કે ચીન નહિ ચૂકે. આટલે દૂરથી હિંદ વધુ નહિ તો મદદ પ્રતીકરૂપે જરૂર મોકલી શકે. ખાસ કરીને તો લડાઈ પહેલાં જાપાન સાથે આયાત-નિકાસનો વેપાર ચલાવનાર હિંદી વેપારીઓ એ દેશને તેના આ કડવા પ્રજાસત્તાક અને જાપાની લોકશાહી વચ્ચે સત્તાવાર સંબંધો ન બંધાય ત્યાં સુધી આ વેપારીઓએ જ એક-બીજા દેશ વચ્ચે એલચીઓ બનવું રહ્યું.

જાપાનમાં ભીખ મગાતી નથી

જાપાન અંગેની એક બીના ઘણાને જાણીતી હશે કે, જાપાનમાં ચાહે તેવા ગરીબ માણસ પણ ભીખ માગતો નથી પણ આ લડાઈએ ભલભલા ભૂપતિઓના ગુમાન મેલાવ્યા છે તો જાપાનની પ્રજા બિચારી શું વિસાતમાં—એમ હવે ઘણા માનતા થયા હશે. 'જન્મભૂમિ'ના 'ન્યુયૉર્ક'ના પત્ર'માં એ અંગે આવેલી આ હકીકત જાપાની પ્રજાના રુધિરમાં વસતા સંસ્કારોનું દર્શન કરાવે છે:

'યુનાઇટેડ સ્ટેટ્સ અને યુરોપના કેટલાક દેશો બાદ કરતાં આખી દુનિયાના બધા જ મુલકોમાં ભિખારીઓના ટોળાં ફરતાં હોય છે પરંતુ, બીજા વિશ્વયુદ્ધમાં સખત માર ખાનારા જાપાનના ગરીબ પ્રજાજનને આજે પણ પોતાનું સ્વમાન જાળવી રાખ્યું છે. એ ભીખ માગતો નથી. લાખો જાપાનીઓ આજે બેકાર પડયા છે. જાપાનનાં મોટાં શહેરોના અરધો અરધ મકાનો લડાઈ દરમિયાન બોંબમારાને કારણે ખંડિયેર બન્યા છે. લાખો જાપાનીઓને પેટપૂરું ખાવા નથી મળતું. લાખોને પહેરવા કપડાં નથી મળતાં, છતાં એ ભીખ નથી માગતા એટલું જ નહિ, એમનાં બાળકો પણ કોઈની પાસે હાથ લંબાવવાનું શીખ્યા નથી. લડાઈને પાપે જાપાનનાં હજારો બાળકો અનાથ બન્યાં છે. મા-બાપ, ઘરબાર, અન્ન અને વસ્ત્ર વિનાનાં એ જાપાની બાળકોને કોઈનો આશરો ન રહ્યો. પછી એ બૂટ-પૉલીશ કરીને પેટનો ખાડો પૂરી રહ્યાં છે. આજે જાપાનનાં બધાં જ શહેરોમાં બૂટ-પૉલીશ કરનાર નાનાં બાળકો ઠેર ઠેર નજરે ચડે છે. આવી ટાઢમાં એમને કોઈ છાપરાનું કે ભાંગીતૂટી ચાર દીવાલોનું પણ રક્ષણ નથી. રસ્તા ઉપરની મોટી મોટી બત્તીઓના ઉજાસના ગરમાવામાં સૂતાં સૂતાં એમાંનાં કેટલાંક પગથીઓ ઉપર રાત ગાળે છે, પણ એ ભીખ નથી માગતાં.'

રંગ છે એ જાપાની બાળકોની જનેતાને!

ઊર્મિ-નવરચનાની ચાલુ વાર્તા — હપ્તો છઠ્ઠો

કાળચક્ર

ઝવેરચંદ મેઘાણી

આગલાં પ્રકરણોનો સાર

સુમનચંદ્ર નામનો એક વૈશ્ય જુવાન, દેશાવર ખેડવા સિંગાપુર તરફ ચાલ્યો ગયો છે એની વાગ્દત્તા કન્યા વિમળા વાટ જુએ છે. પણ ત્યાં તો જાપાન સાથે લડાઈ ફાટી નીકળી છે. સુમનચંદ્ર જીવતો છે કે મુઓ તેનો યે પત્તો નથી. વિમળાની બેનપણી પાઠશાળુ ખેડુપુત્રી હુરબાઈ મુસલમાન છે. એનો પરણ્યો ધણી લશ્કરમાં ભરતી થઈ ગયો છે ને એના ઠામઠેકાણાનો પણ પત્તો નથી.

હવે આગળ વાંચો.

પ્રકરણ બારમું

બાલબચ્ચાં સાંભરે છે

એક તો અંગ પર ખાખી લશ્કરી લેબાસ, એમાં પાછો જુવાન બદન ધરાવનાર આદમી, અને તેમાં પણ ઝીણી મૂછોના વળદાર આંકડા ચડાવનારો અજાણ્યો આદમી — પાધરોદોર પોતાની બહેન હુરબાઈને મળવાની માગણી કરતો ઊભો રહ્યો છે, એ દેખી રમઝાને ખાટલે બેઠાં બેઠાં પોતાની આંખો પરથી તોલદાર પોપચાં ઊંચાં કર્યાં. સીગરેટના ધુમાડા આડેથી એની નજરનું ખુન્નસ અછતું ન રહ્યું.

બીજા બધા ભંગી લોકો છેટે ભોંય પર ઊભડક પગે બેસી ગયા હતા, ત્યારે આ અજાણ્યો લશ્કરી ઊભો જ હતો.

હાથા ભાગેલ એક બાંકડો સામે પડ્યો હતો, તેની સામે દૃષ્ટિ ચિંધાડીને મને કમને પણ રમઝાન કહ્યા વગર ન રહી શક્યો કે, 'બેસો, હવો પીઓ છો ?' કહી સીગારેટની ડબી અને દીવાસળીનું બાકસ બાંકડા પર ફેંક્યાં

સ્વીપર બાંકડે બેઠો, ને એના સંગાથી ભંગીઆઓના શ્વાસ અદ્ધર ચડ્યા. પેલાએ તો સીગરેટ સળગાવી. ધુમાડા તાણવા માંડ્યું.

હજુ પણ રમઝાન એ શખ્સને બીડીના ધુમ્રપટ આડેથી તપાસી રહ્યો હતો.

તેઓ બેઠા હતા ત્યાં એક વંડી હતી. એ માટીની પછીત પાછળથી દોવાનો મીઠો ગંભીરો ઘેરો રવ અવિરત ધારે આવી રહ્યો હતો. ઉપરાંત બે જણાની બોલચાલ પણ સંભળાતી હતી. એક પુરુષ-સ્વર કહેતો હતો : 'તેયમ માગે છે તમારી ગાય. કું છું કે રોકડા સો આપુ. કીધાં ય નહિ.'

'ના રે નારણભાઈ !' સામે ઓરતનો સ્વર ઉત્તર વાળતો હતો; 'ઈવડા ઈ તેયમડાનો મને ઈતબાર નહિ. ઈ તો કસાઈવાડે ય ગાને વેચે. તમ જેવા ગોવાળી માગે તો દઉં. મન પાંચ-પંદર ઓછા આપે. નીકર કાંઈ નહિ. પૂળો નીરીશ તો પૂળે ય દુઝા દેતી બાપડી ખીલે બંધાઈ રે'શે. મન દૂધ નો દેતી.'

'લો મેલો હવે વાછડાને.'

'હાય ! રોયો કાંઈ જોર કરે છે ! મારી હથેળી જ છોલી નાખી.'

પછીત પાછળનો એ દોવાનો અવાજ, બે જણ વચ્ચેનો વાર્તાલાપ વગેરે વિરમી ગયો, અને વાછડાની ખરીઓની તબડાટી સંભળાઈ.

એ વાતચીત કરનાર હુરબાઈ અને ગોવાળ હતાં.

અહીં બહાર ફળીમાં સ્વીપરને રમઝાને પૂછ્યું: 'ક્યાંથી આવો છો ?'

'મલાયાથી.' સ્વીપર બોલ્યો.

'શું કામ છે અમારી બાઇનું ?'

'સમાચાર દેવા છે.'

'કોના ?'

'તમારા બનેવીના.'

'ગુલઝારના ?'

'હા.'

'હજી જીવતો છે ?'

રમઝાનના એ શબ્દોમાં તીખાશ હતી. પણ એણે જવાબની રાહ જોયા વગર પોતાની માને સાદ પાડી હુરબાઇને લાવવા કહ્યું.

'માને ઘણી ખમા! બોનને ઘણી ખમા!' એવું બોલતાં, પેલા ભોંય પર બેઠેલા બધા ભંગીઆ ઊભા થઇ ગયા, અને ડોશી જેવી દેખાતી એક-પત્નીએ જરાક લાજ કાઢીને 'હા! આવો ખીમા ભાઈજી! આવ બેટા ભગવાન! આ જ તો સંઘા ભેળા થઇને આવ્યા!' એમ બોલી, ઓઢણાનો પાલવ પેટછાતીના ઉઘાડા ભાગ પર લપેટી લીધો.

'આવીએ તો ખરા ને માડી!' એક જણે કહ્યું: 'વધાઈના સમાચાર લેઇને આવ્યા છૈયેં. આજ તો મા ડબલ કોપ ભરી ભરી ચા પીવરાવે આજ હોઠ પલાળ્યા વિના ને જાયેં, સારા સમાચાર લાવ્યા છૈયેં.'

'ડબલ પીજોને માડી! હાલ ઘડી હૉટલેથી મગાવી દઉં એમાં શી નવાઇ છે? રૂડાં મોઢાં તમારાં, તે સારા સમાચાર લાવ્યા. કહો, શું છે સમાચાર?'

'કહે ધૂડાભાઈ!' બુઢ્ઢા ભંગીએ 'સ્વીપર'ને જણાવ્યું:

રમઝાનના કાન ચમક્યા. આંખો પૂરેપૂરી ઊઘડી ગઇ. જેને ખાંકડા પર બેસારી પોતે સીગરેટ આપી છે તે તો ઝાંપડો નીકળ્યો. એનું અભિમાન તો ખૂબ ઘવાયું, પણ પછી તેણે તાજેતરમાં જે નવી દવા પીધેલી તે યાદ આવી. એણે ગમ ખાધી.

અને લશ્કરી સ્વીપર ધૂડાભાઈએ મા-દીકરી તરફ જોઇને સંદેશો શરૂ કર્યો-'હું મલાયા સીંગાપુરમાં હતો, હમણાં જ આવ્યો છું. ગુલઝારભાઈ મેરી સાથે એકજ કંપનીમાં (લશ્કરી વિભાગમાં) હતા. જાપાનવાળાએ કાળા કોપનું બમ્બીંગ કર્યું. કુઆલાલંપુરમાં હમેરી કંપનીનો પડાવ હતો. મેરી તો મરજી ગુલઝારભાઇની સાથે ઉધર રહી જવાની હતી. પણ હમ હમેરા ગોરા કમાનીંગ સાહેબને બંગલે ડ્યૂટી કરતા થા. ઓર મેમ સાબની મેરી ઉપર બડી મેરબાનીથી. કારણ જે ઉસકા બાબા લોગ મેરી સાથે રમતા ખેલતા. એટલે કમાનીંગ સાબ ને મેમ સાબ બાબા સાબ સૌ મોટરગાડીમાં ભાગ્યા, હમને પણ સાથે લીધો. ગુલઝારભાઈ સબ કાળા લોકના લશ્કર સાથે ઉધર રે ગયા. હમ તો કમાનીંગ સાબ સાથે ઇસ્ટીમરમે ચડ ગયા. બાબા લોગે હમારો હેડો છોડયો નહિ.'

'તે ગુલઝાર સલામત છે ના માડી?' ડોશીએ આ માણસની ભાષાની ખીચડીમાંથી ફક્ત મુદ્દાની વાત પકડીને પૂછ્યું.

'હા મા, ખૂબ સાજા તાજા થા. મને બોલે કે ધૂડાભાઇ, અમારા ખટલાને ખેરિયત કહી આવજો. મેંને કહયા કે જરૂર ગુલઝારભાઈ, હું જાતે જઇને ખેરિયત કહીશ. પોતે કહે કે હમેરી જોરૂકું ખાસ મોઢામોઢ કહેના-'

અહીં સ્વીપરે ડોશીના પડખામાં બેઠેલી હુરબાઈ સામે દૃષ્ટિ કરી. હુરબાઈ નીચું જોઇ ગઇ. જરી વારમાં તો એ ઘરની ઓશરીની ગાર પર ટપ-ટપ ટપ-એ યુવતીનાં નેનના નેત્રમાં ચૂઇ પડયાં.

'સાજો નરવો છે મારો ગુલઝાર! હેં માડી, સાચે જ?' એમ પુછતી ડોશી આસમાન સામે સલામ કરતી અને બીજા સલામ ધરતીને ભરતી ફક્ત એટલું જ બોલી: 'હે અલા! ખાવંદ ધણી! તું બડો રહેમાન છે. અમે તો રોજ ફફડતાં; ને આ મારો રમઝુ તો કાંઈ ઉનાવળો! કાંઇ ઉતાવળો માડી! વાંસે જ લાગ્યો'તો કે હુરીને ઝટ બીજે...'

'છાની રે'ને મા!' એવું તદ્દન ધીરે સાદે કહેતી હુરબાઈએ ડોશીનો હાથ દબાવી રાખ્યો. એનું ગળું વધુ કંઇ અવાજ કાઢવાને અશક્ત હતું. મહિનાઓથી ફિક્કાશ ધારણ કરતા ગયેલા એના લંબગોળ રૂપાળા

ચહેરા પર સુરખીનાર રૂધિરનાં જોશભર્યાં આવન-જાવન ચાનતાં હતાં

'ઔર કહા હે, કે અમારા બચ્ચાકુ પણ દેખ કે આના ધૂડાભાઈ'

'દ્યોને એનેય લઈ આવુ બાપુ!' એમ કરતી ડોશી અંદર દોડી જઈ ઘોડિયામાંથી ઊંઘના ભાણુાને તેડી લાવી એના વાળને પંપાળી કહે, 'જો તારા બાપનો સંદેસો લાવ્યા સે! તને યાદ કરે સે તારો બાપુ'

કેવરા યું છે ગુલઝારભાઈએ, કે હેમત રાખે, જીગર કઠણ કરીને રહે માનિક ચોક્કસ મેળવશે'

'મેળવશે-કમરમા-' એમ કહેતો રમઝાન તીખે અવાજે પૂછી ઊઠયો 'તમારી ફોજુ તો તિયાં જાપાનવાળાને સોંપાઈ ગઈ તોય કહો છો કે માનિક મેળવશે! ગોરા ગોરા તમામ મોટરૂમા ભાગીને આગબોટુમા ચડી આંઈ ચાલ્યા આવ્યા, વાંસે કાળી ફોજુને સોંપી દેવા રાખી-કમજાતો!'

બાત તો સચ્ચ છે સ્વીપરે કબૂલ કર્યું

'ને તમારા ગોરા તો આગની રાત લગી દારૂ રંડીબાજીમાં મશગૂલ હતા ખરી વાત કે નહિ?'

'આખી રાત ક્લબુંમાં મોજ કરી, ને સવારે સીંગાપોર તૂટ્યું કે ભાગ્યા સચ બાત છે ભાઈની' સ્વીપર ટીકો પૂરી રહ્યો. બીજે ત્રીજે ઠેકાણે લડતા હતા ત્યાંથી પણ કાળાને લડતા છોડી ગોરા ભાગી છૂટ્યા'

'અરે મારા રોયા!' ડોશીએ નિશ્વાસ પડતો મેલ્યો 'અમારા ગુલઝારને-અમારા એક જમાઈ નેય ન કાઢી લઈ શકયા મારા પીટયાઓ? ઇ એક એને શું ભારે પડી જાત? જુવાનજોધ બાપડો મોંગીમોંગી ઉમેદે ગયો ને આટલા મહિના ઓરત છોકરાંની સામે ન જોયું—'

ડોશી અટકી પડયા પણ સ્વીપરે ત્રાગડો ઉપાડી લીધો સાચુ ડોશી મા, ગુલઝારભાઈ પણ અમે છૂટા પડયા ત્યારે એ જ વનોપાત કરતા'તા, બોલે, કે અરે ધૂડાભાઈ! પેટછૂટી કહુ છુ બાલબચ્ચાંને ટુકડો કાગજ પણ નથી લખ્યો, નથી ખરચી મોકલી આઈ મલાયામા બાજુ અને સારોંગ માથે મોહી પડયો, જુગા રોઝ ને જુગા ચમેલીની વેણી ઉપર દિલ લગી ગયુ પણ આખરે તો ઘર એ ઘર નકા કરેલી તે જ સાચી ઓરત'

'ઈ શુ કહ્યુ ભાઈ? કંઈ સમજાયુ ન પડી'

'ઈ તો એવો માયનો કે ડોશીમા કે મલાયાની ઓરતું બહુ દેખાવડી બહુ રૂપકડી ચળિયાને ઠેકાણે ઇ જે લુંગી વીંટે તેને સારોંગ કહે છે, બદન પર કમ્મરની સિસ્ટમ પહેરે તે બાજુ કહેવાય કાનમાં પહેરે તનીગાં, પગને કાંપે પહેરે રૂપાના પેરા, ઝરી ભરેલા ખાસોટ માયને ચંપલ પહેરે, માથામાં ગુલાબ ચમેલીની વેણી બાંધે બોત માયાળુ બાઈઓ'

હુરબાઈના દિલમાં જે સંદેહ સૂતો હતો તે જાગી ઊઠયો એના મનોભાવને સમજતી માએ સ્વીપરને સ્પષ્ટ પૂછયુ, 'તે હે માડી! ત્યાં નકા કરે?'

'ઘણા કરે જેને પરણે તેને મલાયાવાળાયુ ફૂલ જેમ જાળવે પણ લશ્કરવાળો કઈ પરણી શકે? ઇ તો પારકે પરદેશ એકલવાયુ લાગે, મરવા મારવાના કામના ધડ માથે ડોકી ભયમ ડગમગતી જ રહે ઘર સાંભરે, આ એમ વળી ક્યાંક કોઈક દિવસે ડયુટી નય હોયે ત્યારે જાય તો માયા લાગે, બાકી કાંઈ નહિ"

'બાકી મઈ નહિ!' એ બોલ હુરબાઈને શાંતિ પમાડનારા લાગ્યા

પણ ડોશીમા!' સ્વીપરે સ્ફોટ કર્યો 'વાત છુપાવવી નથી હું ને ગુલઝારભાઈ કેક કોક વાર ભાગી પડવા જેવા થઈ જાતા હુ એને કહેતો ને એ મને કહેતા કે જહન્નમમા જાય આપણો દેશ, હાલોને આંઈ આ નાના નાનાં કમ્પોંગમાંથી એકાદમા, નાળિયેરી ને રબરના બગીચામા મજૂરીએ લાગીયે, એઈ ને ખજૂરીના છાપરાવાળા એકાદ ખોરડામા પરણીને બેસી જાયેં! પણ ફોજમાથી શે છુટાય? ત્યા તો બંદૂકે જ દે ના!'

'સારુ બાપુ! તું હેમખેમ ઘેરે આવ્યો'

'ગુલઝાર આવી રૂપો હવે મા' ઘોઘરે સાદે રમઝાને કહ્યું

'કાં બાપુ?'

'જાપાનવાળા કેદીઓને સાચવતા જ નથી કાપીને ગોસ રાંધી ખાઈ જાય છે'

'ઇન્સાનનું?'

'હા, ઇન્સાનનું'

'હે ભા?' ડોશીએ સ્વીપર પ્રત્યે રાકડી નજર નોંધી

'વાતું તો બધીયું ય થાય છે માડી ! પણ માલિક સારાં વાનાં કરશે. હું તો નીકળ્યો ત્યારવેળાનું હીમ ખીમ કહેવા આવ્યો છું.'

'એટલેથી ય અમે ઘણાં રાજી છયેં ભાઈ, ને અમારો અલા રાજી થાશે. લ્યો ચા આવી ગયો. પીને પછી જાવ.'

બીજા સૌએ સબડકા બોલાવીને, અને સ્વીપરે કપમાંથી જ ધીરું ધીરું 'સીપીંગ' કરતે કરતે ચા પીધી. ગોરાને ઘેર રહી આવ્યો હતો એટલે જ તો !

મુલાકાતિયા જવા ઊઠ્યા, ભંગીઓએ દુવા દીધી કે 'ઇ તો માડી, માલક મોટો છે, હીમખીમ રાખશે, બોનને હરમત દેજો.'

એ શબ્દોએ હુરબાઈની હીંમતને ઉલટી ગાળી નાખી. એને ઓઢણાને છેડે આંખો લૂછતી નિહાળીને રમઝાન ચિડાયો.

'રોવછ તે એવી કઈ મહોબતે! રઝળાવીને જનારના મોં માથે તો થૂંક મારવી જોવે.'

હુરબાઈ એ ન સાંભળી શકી, અંદર ચાલી ગઈ, ને વાડાની ખડકીએથી બહાર નીકળીને પેલા ભંગી લોકોનો રસ્તો આંતરી ઊભી રહી. સંદેશો લઈ આવનાર સ્વીપરને એણે હળવે સ્વરે પૂછ્યું: 'હેં ભાઈ, એણે બીજું કાંઈ કે'વાર્યું છે ?'

'બીજું તો શું બાઇ !' સ્વીપર ધુડાભાઈએ નીચું મોં રાખીને જવાબ દીધો: 'બાલબચ્ચાં બહુ યાદ આવે છે એટલું જ કહ્યા કર્યું. અમે ગોરા કમાનીંગ સાબનાં મેમ સાબ ને બાબા સાબ સાથે સવારે ભાગી નીકળ્યા, ને એ પછી ગુલઝાર ભાઇ વાળી અમારી આખી ફોજ સાંજે જાપાનવાલાને સરીન્ડર થવાની હતી.'

'એનું બદન તો નરવું હતું ને ભાઇ ?'

'કાંક લેવાઇ ગયેલ તો ખરા. આડોડાઇ બહુ કર્યા કરે ખરા ને, એટલે એને માથે ખટલા થાય, સજા ભોગવ્યા કરે,' કાંઈ ફીલ બીલ કરે નહિ. દિલ ઉપર ધ્રાસકોજ પડી ગયેલ, કે ફસાઇ ગયા ! એટલે પછી કામમાં ગલતી થિયા જ કરે.'

'શા માટે ?'

'બાલબચ્ચાં યાદ આવ્યા કરે એથી.'

'શી સજા કરે? માર મારે ખરા ?'

'પલટનના મામલામાં તો હરેક કિસમની હિંદવે-હલાં વીતે બાપા ! પણ હવે ઓ બાતકા કુછ વલોપાત મત કરનાં.'

એમ કહેતો સ્વીપર ચાલ્યો ગયો, અને હુરબાઇ ખડકીની અંદર પાછી પેસીને કમાડ બંધ કરતી હતી તે જ પળે શેરીમાંથી એક આદમી ખૂણાનો વાંક વળીને નજીક આવી પહોંચ્યો; ને હસીને એણે હુરબાઇને પૂછ્યું : 'આંઇથી તો નહિ જ દાખલ થવા દેને હુરી ?'

સુધરાઇના ઝાંખા દીવાને અજવાળે શરીર ઓળખાય તે પૂર્વે તો અવાજ પિછાનીને હુરબાઇ બોલી: 'કાસમ બનેવી ! આગલી ખડકીએથી આવો, અને—જુઓ, છોકરાના બાપુના સારા વાવડ છે. એટલેથી સમજી જાજો. નીકર પછી હું જેવી કોઇ ભૂંડી નથી !'

એટલા શબ્દો સાથે એણે પાછલી ખડકીને અંદરથી સાંકળ ચડાવી. ને એના અંતરમાંથી ઉદ્‌ગાર ઊઠ્યો :

'સગા ભાઈને ય મારું એક પેટ ભારે પડે છે; નીકર આટલી ઉતાવળ હોય ? આજ આને તો કાલ ઓને, તેડાવ્યા જ કરે છે, બેનને ઝટ ઠેકાણે પાડવા. બેન શું અણુહકની શેર જાર બગાડે છે ! અરે અલા ! પરણ્યો બાપડો કાળા પાણીને પાર બેઠો બેઠો અમારે વાસ્તે હિજરાય છે, ને આંઈ તો કાસમ બનેવી બધરાશી ફેરે તલપાપડ બની રિયા છે. ઓ અલા ! હે અલા !'

વાડામાં ગાયોને કડબના પૂળા નીરવાને મિષે એણે આટલા મનોદ્‌ગારને માટે સમય મેળવ્યો.

પ્રકરણ તેરમું

માણેકબહેન

વિમળાને ઘેર જઇ પોતાના વરના વાશી બની ગયેલા કુશળ ખબર આપવા હુરબાઇ ઘણા

દિવસથી ઇંતેજાર હતી. (એ ખબર વાદી હતા કારણ કે ચાર–૭ મહિના પહેલાંના હતા) પણ ખેતર–વાડીનાં અટપટાં કામોએ એને રોકી રાખી હતી વાડીમાં ઘઉંને પાણ પવાતાં હતાં, તો છેટે ખેતરમાં મગ–મઠ ઉપડાતા હતા, ત્યાં પાછા તલ ઉમેળાતા હતા, કાલાં વીણાતાં હતા. પોતાના આનંદની વાતને જાણે કે દાબડીમાં મૂકી દેવી પડી હતી. બેનનો આ આનંદ રમઝાનને ગમતો નહોતો, સમજાતો પણ નહોતો. ગુલઝારને એ કોઇક જાપાની કેદી–છાવણીમા વગર પોષણે રીબાતો સમડતો અગર તો કેં દાડાનો ઠાર થઇ ગયેલો માનતો હતો. ભાઇની દષ્ટિ ચુકાવીને એક દિવસ હુરબાઇ બેનપણીને ઘેર ગઇ. છોકરો સાથે હતો.

ઓશરીની કોર પર છોકરાને ઉભાડીને પોતે તો હજુ ફળીઆમાં ઊભી હતી, ત્યાં એણે અંદરના ઓરડામાં એક નવી વ્યક્તિ દીઠી. ભરાવદાર શરીરનો પીઠભાગ જ એટલો વિચિત્ર હતો, કે આ કોઇ સ્ત્રી છે કે પુરુષ તે સમસ્યા થઇ પડે. પણ એ પીઠ પર બહુ લાંબો નહિ કે બહુ ટૂંકો નહિ એવો ચોટલો ઝૂલતો હતો, ને ભુજા સુધીના ખુલ્લા હાથ ઊજળા હતા. હાથની કળાઈઓ ઉપર છૂંદણાંની હાર ને હાર હતી, જે પરથી કોઈક જૂના જમાનાનું માણસ લાગે. સફેદ ખાદીની જાડી સાડી જો અરધો બરડો ઉઘાડો મૂકીને ,ખભા પર પડી ન હોત તો કોઇ પુરુષ ધોતીઉં ઓઢીને ઊભેલો લાગત. કરચલી વળીને જરા ઊંચી ચડી ગયેલ એ સાડીની નીચેથી ચણીઓ (તે પણ સફેદને જાડો) દેખાતો હતો. પગની પીંડીઓ સહેજ ડોકાતી હતી. પગનાં કાંડાં પર કાંઈ દાગીનો નહોતો, પગની પેશીઓમાં સુકોમળતા નહોતી. હાથને કાંડે ફક્ત એકેક પાતળી ચૂડી હતી. કમરે એક હાથ દઇને એ ઊભી ઊભી વિમળાની બાને કહેતી હતીઃ

'તમે મારો ભરોસો રાખોને માશી! મને એક વાર એને આંહીથી ખેસવવા દ્યો, પછી તમે જુઓ શું થાય છે.'

પોતાને માશી કહેનાર આ સ્ત્રીને વિમળાનાં બા ઓશિયાળી, રાંકડી ને ઉચાટભરી આંખે કહેતાં હતાંઃ

'તારા વિના એને બીજું કોઈ ઠેકાણે નહિ લાવી શકે, માડુ! તારો મને ભરોસો છે. બીજા તો કોઇને ઘેર મોકલું નહિ પણ તું એનું મન મનવીને કયાંઇક સારું ઠેકાણું ગોતી દે બેન. તું જ મારો ઇષ્ટદેવ. બાકી આ મારાથી નથી ખમાતું. આ કુટુંબીઓના કડવા બોલ રાતદા'ડો મારી છાતી છૂંદી રહ્યા છે.'

'મારો ભરોસો હોય તો ભરો ધેલીનાં કપડાં.'

'કયારે જાવું છે?'

'તમે ઘેલીને તૈયાર કરી દ્યો, તો હું પગમ દી' પાછી ફરું કે તરત.'

'એને તેં પૂછયું છે?'

'એ તો મને સામે ચાલીને કહી રહી છે, કે બેન, મને મુંબઈ તેડી જા, કોઈ રીતે મુંબઈ ભેગી કર.'

હુરબાઈ સમજી ગઈ. બહેનપણી ઘેલીને મુંબઈ લઈ જઈ, એનું કયાંઈક લગ્ન કરી નાખવાને ઇરાદો આ કોઈ મહેમાન' બાઇની સાથે ચર્ચાઈ રહ્યો છે. ઘેલીબેન ઘરમાં જણાતી નથી.

બાજુમાં રસોડું હતું, ત્યાં પોતે ગઇ. વિમળા રોટલી કરતી હતી. હુરબાઈ દૂર બેઠી બેઠી વાતો કરવા લાગી; ગુલઝાર જીવતો હોવા વગેરેના ખબર દીધા.

'સારું બેન! ભગવાન તમને હેમખેમ પાછાં ભેટાડે.'

'તમને પ.' હુરબાઇએ સામી દુવા દીધી.

'અમારું તો કોણ જાણે.'

'કેમ કોણ જાણે?'

'અમારે તો સ્યો સંબંધ ને શું સગપણ?'

'સંબંધ મોહબ્બત ઇતો મનની વાતું છે.'

'પણ એકના મનની નહિ તો!'

'એકના મનની વાત સામાના મનમાં ઊગ્યા વિના રહે નહિ.'

'એમ?'

'હા, આનો બાપ અમને નાખી રહ્યો છે ત્યાં કાળે પાણીએ–રેઢ મલાયામાં.'

'જે થાય તે ખરું બાઈ!'

'તમારા તો ગાંસડાં પોટલા બંધાય છે ને શું ?'

'હા, થોડા દી મન મોકળું કરી આવું '

'કોણ છે મેમાન ?'

'મારા એક મશિયાઈ બેન છે.'

'પરણાવી દેવાની પેરવી કરે છે ?'

'ના રે ના, એ તો મારી બાને ફોસલાવવા માટે.'

'જબ્બર લાગે છે.'

'મુંબઈમાં એને બધા જમાદાર કહે છે. બહુ જબ્બર છે'

'મરદ ઘડતા ઘડતા માલિકે અસ્ત્રી ઘડી લાગે છે.'

'તમે એને જોયા ?'

'વાંસો જોયો.'

'મોઢું જોયું હોત તો ખબર પડત.'

ત્યાં તો એ મરદ, સાધુડી, અને સુભગા સ્ત્રીના મિશ્રણમાંથી બનેલી મહેમાન સ્ત્રી અંદરના ઘર-ભાગમાંથી રસોડા તરફ, 'લે ઘેની! કર તૈયારી.' એમ કહેતી કહેતી આવી. એનું મોઢું હરખાઈએ જોયું ધોળી બોન સાચું કહેતી હતી. આ 'જમાદાર' નામે મુંબઈ–મશહુર સ્ત્રી સાચા અર્થમાં, સુકોમળ, સોહામણી, બેશક ટાઢ તડકા ને વરસાદમાં ટીપાઈ ટીપાઈ રીઢી બનેલી, પણ અમીરાતના ઊંડા લક્ષણો લળકાવતી એક નરદમ નિર્ભેળ નારી જ હતી. એણે વિનાપિછાને પણ હરખાઈના બાળકને બચકાર્યો, ઊંચે શીકા પરથી એક કેળું ઉતારીને આપ્યું, રસોડામાં ઘસી આવતા બાળકને બીકથી રોકતી હરખાઈને એણે હસીને કહ્યું : 'બાળકનું કાંઈ નહિ બેન!'

'ના બાપા, અભડાય' હરખાઈ હસી.

'કશુંય અભડાતું નથી શું નાનું કે શું મોટું, કોઈ કોઈથી અભડાય નહિ.'

'કરી મેલ્યું છે ને ?'

'એથી જ દાટ વળ્યો છે ને ? કર્યું તો કરનારે. કરનારા તો હજારું વરસ પહેલાં હાલ્યા ગયા, ને આપણને એકબીજાનાં ગળાં કાપતાં રાખ્યા'

હરખાઈને પોતાનો ભાઈ રમઝાન યાદ આવ્યો એ તો કહે છે કે હિંદુ પાણીનો છાંટો ય ન લેવાય, એ કાફરનું પાણી કહેવાય એ વિચારો કેમ જાણે વાંચી ગઈ હોય તેમ આ મહેમાન બાઈ બોલી ઊઠી:

'અમે તમને હલકાં ગણ્યા, તો હવે પાછા તમે અમને કજાત કરાવેલ છે. સ્ટેશને સ્ટેશને ય હિંદુ પાણી ને મુસલમાન પાણી નોખાં નોખાં! અરે હું મુંબઈથી આવી ત્યારે તરસે મરી જતી'તી, એક પણ સ્ટેશને હિંદુ પાણી વાળો ન મળે. મુસલમાન પાણી વાળાને મેં કહ્યું કે ભાઈ લોટો ભરો દે; ત્યાં તો મારી જોડેના બધાં વાણિયા બામણ ચોકી જ હાલ્યા; એતો ઠીક, પણ મુસલમાન પાણી વાળોયે 'નહિ મળે' કહેતો ચાલ્યો ગયો.

હરખાઈને આ નારી પોતાના ગામમાં–એટલે એ પોતાના જન્મારામાં નવી નવાઈની લાગી એનો ઢીલોઢફ જાડો લેબાસ નખશિખ સફેદ રંગને લીધે કોઈ રાંડીરાંડ સુસ્ત બામણી હોવાની શંકા કરાવનો હતો; ત્યારે એનું બોલવું કોઈ સુધરેલી વકીલના જેવું હતું. નહિતર હિન્દુ ઊઠીને મુસલમાનનું પાણી પીવાની વાત કાં કરે!

'તમે તો મુંબઈમાં જ જનમ્યા ઊછર્યાં લાગો છો.' એણે પૂછી જોયું.

'ના બહેન.' મહેમાન સ્ત્રીએ એની લાક્ષણિક રીતે, ગળામાં ઘૂઘરો ખખડતો હોય એવા તોરથી ખડખડ હસીને જવાબ આપ્યો, આંહી કાઠિયાવાડના ગામડામાં જ ઠેકાં ભાગ્યાં છે, અઢારે આનમતી હારે પાણી ભર્યાં છે, ને ઊભે વગડે છાણાં વીણ્યાં છે'

'કિયુ ગામ પિયરિયાંનું ?'

'અત્યારમાં નરણાં નામ ન લેવાય ઠીક, ઊભાં રહો' એમ કહી, રોટલીનું બટકું મોંમાં મૂકીને પછી કહે, કે 'ભગતનું ગામ.'

કાઠિયાવાડમાં કેટલાક ગામો એવા છે, કે જેનું નામ, ખાધાપીધા વગર લેવાઈ જાય તો ટાણાસર જમવા ન પમાય, એવી માન્યતા છે, સાયલા ગામને

'ભગતનું ગામ' કહેવાનો ચાલ એટલા કારણે જ પડ્યો છે.

'ઈ તો શહેર વદે.' હૂરબાઈએ શહેર વિશેની પોતાની ગામઠી કલ્પના રજૂ કરી.

'પણ મારે તો પિયરની દસ્યજ બંધ પડી હતી, હું આઠ વરસની હતી ત્યારથી.'

'તયેં પછી?'

'મોસાળમાં ઓપાળે મોટી થઈ.'

'તયેં તો સાસરું સુધરેલ શહેરનું હશે. વર હશે બાલિસ્ટલ.'

'સાસરું સુધરેલ તો એવું હતું, કે...હેં–હેં–હેં, રાતે વરને અરધી ઉંઘ પૂરી થયા પછી તો વઉથી ઓરડે પહોંચાય. એવાં સાત વરસ કાઢ્યા.'

ત્રણે જણીઓ એક સામટું હસી પડી.

'પછી?' હૂરબાઈથી પુછાઈ તો ગયું, પણ એવી . દા બની કે મોં આડે પાલવ નાખી દીધો...

'પછી' શું, તે કહું? જોજે હો, કહું છું. હં–હં–હં–' ગળાનો ઘૂમરો રણઝણ્યો: 'વરની પથારીથી છેટે છેટે એક મેલું ફાટલું ગોદડું પાથરીને પડું તે વહેલું વાય વહાણું!'

'વરને મળવાનું ય નહિ?'

'કોક કોક વાર.'

'ક્યારે?' એ પ્રશ્ન હૂરબાઈના નહિ, પણ વિમળાના હોઠમાંથી પડ્યો; પડતાં વાર તો વિમળા ઝબકી. એણે જીભ કચરી, 'નહિ, નહિ, નહિ. હો!' એમ બોલતી એ રોટલી કરતી ઊભી થઈ ગઈ, 'કહેશો નહિ ભૈશાબ કહેશો નહિ, મારા સમ, ભૂલ થઈ ગઈ.'

એમ બોલતી એ ત્રણેના હાસ્ય વચ્ચે બહાર નાસવા કરતી હતી, પણ મહેમાન બહેને એને પકડીને રોકી, પછી કહ્યું: 'સાંભળતી જા, જો, કહું ક્યારે? જ્યારે જ્યારે સાસુએ એમના દીકરાને અધરાત સુધી પાસે બેસાડીને મારા સામટા ગુનાની પારાણ સંભળાવી હોયને, ત્યારે, તે રાતે.'

'તે દી' શું વર વઢવેડ કરે?' હૂરબાઈએ હીમતથી પ્રશ્નાવલિ ચલાવી.

'ના.'

'તયેં?'

'હેત કરે. હાં–હાં–હાં–હાં—'

'કેવી રીતે?'

'મર રે મર તું હૂરકી!' કહેતી વિમળા શરમથી ગોટાવળી ગઈ, અને રોટલીનું ગોળણું પછાડતી પાછળ ફરી ગઈ: એટલે મહેમાન બહેને કહ્યું, 'બે ઘેલી! હવે રાતની વાતનો ખેલ ખલાસ કરી દીધો હાંઉ? કર તું તારે રોટલી.'

'લે હવે જાને બાઈ! તારે વાડીનું મોડું થાય છે.'

વિમળાના એ જૂઠા જાકારાના જવાબમાં હૂરબાઈએ કહ્યું. 'આજ તો અમારી અગ્યારશી છે ડાહી! ને તું તો હવે વનનું પંખેરું. કાલ્ય ઊડી જઈશ. થોડી વાર તો બેસવા દે. આ બોનને પાછી કે'દી મળાય? માયા લાગી ગઈ.'

છોકરો માના પગ પાસે ઊંઘી ગયો હતો. એના મો પરથી ખરેટા ઉખેડતી ઉખેડતી હૂરબાઈ બેસી રહી. ને પછી મહેમાન બહેનનું નામ પૂછ્યું. વિમળાએ કહ્યું:

'માણેક બેન.'

'નામ હજી ગામઠી જ રાખ્યું છે ને શું?'

'અરે બાઈ, નાની હતી ત્યારે તો મોસાળમાં માકુડી કહેતાં. ને આજ પાંચ છોકરાંની મા થઈ ને મોસાળ જઈશ તોય માકુ કહી બોલાવશે.'

'કેટલાં વરસનાં થયાં!' હૂરબાઈ આશ્ચર્ય પામી.

'તમને કેટલાં લાગે છે?'

'ખબર ક્યાં પડે એવું છે!'

'આડત્રીશ.'

હૂરબાઈએ પચીશથી વધુ કલ્પ્યાં નહોતાં.

'લે ઘેલી,' માણેક બહેને અભરાઈ ઉપરથી થાળી ઊતારી કહ્યું: 'પીરસ ઝટ. હમણાં ઘોડાગાડી વાળો આવશે ઓપાણું છે પૂરા સાત ગાઉ.'

'એકલા જવાના છો?' હૂરબાઈએ પૂછ્યું:

'હા જ તો.'

'કાઠિયા મલકમાં એકલાં !'

'શો વાંધો છે ?'

'મોટા મરદો ય એકલા ન જાય એવું બીકાળુ છે ને ?'

'મારે શી બીક ? હું તો આ બધાં ગામડાંની ભાણેજ ખરી ને ?'

'કોઈ દી ગિયાં છો ?'

'દર બે સાલ થાય ને જાઉં છું.'

'કોઈ વતાવે નહિ ?'

'ના રે ! ભાણી છું સૌની. બાકી તો જે બીએ તેને જ વતાવે. આપણા રામને તો રાક્ષસનીયે બીક નહિ. ને પાછાં આ લૂગડાં જોઈનેય છેડતાં અચકાય.'

'લૂગડાં ?'

'હા, ગાંધી બાપુનાં લૂગડાં.' માણેકબેન ખાદીનો નિર્દેશ કરીને કહેતાં હતાં: 'મારગમાં મળે તો બચારા ગાંધીજીની, ને જવાહરલાલની, ને દેશપરદેશની વાતો પૂછે, જેલની વાતો પણ કઢાવે.'

'જેલની ?'

'હારતો. કોઈના ભાઈ ભત્રીજા જેલમાં ગયા હોય, એ સૌના સમાચાર પૂછે.'

'તમને !'

'હારતો. ત્રણ વાર જઈ આવી છું. રીઢો ગુનેહગાર છું.'

'શી બાબત ?'

'ગાંધી બાપુની લડતમાં.'

હુરબાઈની મનોભૂમિમાં વળી એક નવો જ પ્રદેશ ઊઘડવા લાગ્યો; પ્રશ્નો પૂછી પૂછી એ અટવાતી જતી હતી. એને કાને ખેતરવાડીના એક સુરીલા જીવનમાં, ગાંધી-સંગ્રામના ભણકારા અફળાયા તો હતા જ, પણ સ્પષ્ટપણે કશું સમજમાં આવ્યું નહોતું. ઉપરાંત એણે રમઝાનભાઈના ભાંગ્યાતૂટયા ઉદ્‌ગારોમાંથી, અને હમણાં હમણાં તો પોતાની મુસ્લીમ કોમની વસ્તીમાં આછી આછી ચર્ચાતી વાતોમાંથી ગાંધીની લડત પ્રત્યે સગ, શંકા તેમજ તિરસ્કારના વાયરા અનુભવ્યા હતા. ગાંધીની લડતમાં તો હિંદુ ઓરતો અને કેટલીક કાફર બની ગયેલી વંઠેલી મુસ્લીમ બાઈઓ ભ્રષ્ટાચારને માર્ગે ચડી ગઈ છે, એવી હવા ચાલી હતી.

એ હવાએ હુરબાઈને ચૂપ કરી દીધી.

જમી ઊઠીને માણેક બહેને વિમળાને કહ્યું: 'અરે પણ ઘેલી ! મારે તો વાસીદામાં સાંબેલું ગયું.'

'કેમ ?'

'મેં તો મારી જ વાત કહ્યા કરી, પણ આ બહેનની તો તેં ઓળખાણ જ ન આપી.'

'એનાં વર લડાઈમાં ગયાં છે.'

'ક્યાં ? લશ્કરમાં ?'

'હા, મલાયા-સિંગાપુર; હમણાં જ ખબર આવ્યા કે એને ત્યાં જાપાનવાળાના હાથમાં સોંપી દેવાના હતા.'

'ત્યારે તો બચી ગયા.'

'કેમ ?' હુરબાઈનો ચહેરો ચમકી ઊઠયો.

'રેડીઓમાં અમે સાંભળ્યું હતું.'

રેડીઓ શું ચીજ છે એ કશું સમજ્યા વિના હુરબાઈએ પૂછ્યું: 'શું સાંભળ્યું ?'

'કે ત્યાં તો આપણા હિંદી કેદી સિપાઈઓની જુદી ફોજ ગોઠવાઈ છે, તમારા વર એમાં હશે.'

'જાપાનવાળાએ કાંઈ જફા નહિ કરી હોય ?'

'ના; ઘણું કરીને તો નહિ જ.'

'હીમ ખીમ હશે ?'

'હા.'

હુરબાઈએ આકાશ તરફ જોઈને પછી નેત્રો ધરતી તરફ ઢાળી દીધાં. ઊંઘતા બાળકને શરીરે એનો હાથ ફરવા લાગ્યો. એ વખતે માણેક બહેને એ હાથને પહેલી જ વાર નિહાળી જોયો, કેટલા કાળ પૂર્વે એ હાથ પર મૂકેલી મેંદીની આખરી આછેરી ઝાંય હજુ આંગળીઓના નખ ઉપર રોકાઈ રહી હતી.

એણે દુવા દીધી: 'તમારા મોંમાં સાકર, બેન !'

વધુ વાતનો સમય નહોતો. ટપાલવાળાની બૂમ પડી; માણેક બહેન પોતાના એક ચાર વરસના

છોકરા સાથે બેસી ગયાં; અને હુરમાઈના કહેવા મુજબ સાથેસાથ ત્યાં એક જોડ ઉજળાં કપડાં પહેરેલા મન્દો પણ વગર ટિકિટે મુસાફરી કરતા અચકાતા હતા, તે પાચાળના કાઠિયા યુવકની વેરાન વાટ પર નિર્ભીક માણેક બહેનની ગાડી મજલ કાપવા લાગી. વળતે દિવસે વિમળાના બાપુની વરસી વાળી લેવામાં આવી, અને તે પછી મોકળી બનેલી વિધવા ખૂણો મુકાવવા માટે પોતાની ભેંસો સહિત નજીકને ગામડે પોતાને પિયર ગયાં, અને વિમળા માણેક બહેન જોડે મુંબઈની ગાડીમાં બેઠી

વિમળાને હુરમાઈએ વળાવતી વેળા એક બાજુ લઈ જઈને ખાસ ભલામણ કરી હતી કે 'બેન; તારાં બેન એસ્યા રેડીઆની જે વાત કરતા હતાં તેનું પૂરેપૂરું સમજીને મને જરૂર જરૂર સંદેશો મેપતી રેં'જે; ને એમા જો આ છોકરાના બાપુને કોઈ વાતે વાતડ પોકાડી શકાય તેવું હોય, તો પોકાડજે કે, 'અલા સઉ સારાં વાનાં કરશે; હરમત રાખજો.' ને તું પાછી વે'લી વે'લી વળી આવજે; હું આંઈ સાવ એકલી થઈ પડીશ.'

વધુ કહી ન શકવાથી, ને વારંવાર આંખો ભીંજવવાની શરમે મરી જવા જેવું થવાથી, એ ઉતાવળે ઉતાવળે, માથે ભાત લઈને વાડીએ ચાલી ગઈ. ત્યાં ઊભાં ઊભાં એણે ધડ઼ના ક્યાંગ વાળતે વાળતે મુંબઈ જતી ગાડીની દરેક બારી સામે જોયા કર્યું.

[અપૂર્ણ]

※

સૂચના

માસિક માટેની તમામ ફરિયાદો તેમજ વ્યવસ્થાને લગતો કોઈપણ જાતનો પત્રવ્યવહાર અમદાવાદની ઓફિસે કરવો. રેપર પર આવતો ગ્રાહક નંબર અવશ્ય લખવો. વ્યવસ્થાપક 'ઊર્મિ-નવરચના'

લવાજમમાં વધારો

યુદ્ધ પૂરું થયા છતાં ચાલુ રહેલી-બલ્કે ઉત્તરોત્તર વધતી જતી રહેલી કાગળ, મુદ્રણ તેમજ બીજી સામગ્રીની તીવ્ર તંગી અને મોંઘવારીને કારણે, આજ સુધી જે પગલું ભરતાં અમે અટકી રહ્યા હતા તે હવે નછૂટકે અમારે ભરવું પડે છે, અને તા. ૧ જાન્યુઆરી '૧૯૪૭થી અમારાં પત્રોના વાર્ષિક લવાજમમાં' એક રૂપિયાનો (પરદેશ માટે તેના પ્રમાણમાં) વધારો કરવો પડે છે આશા છે કે ગ્રાહકો પરિસ્થિતિ પ્રમાણીને આ નિભાવી લેશે.

બચુભાઈ રાવત, તંત્રી 'કુમાર'
ઈશ્વરલાલ દવે, તંત્રી: 'ઊર્મિ-નવરચના'
જયન્તી દલાલ, સંપાદક 'રેખા'
મનુભાઈ જોધાણી, સંપાદક 'સ્ત્રીજીવન'

આ સ્મારક-ગ્રંથનો ઉદ્ભવ અનલ દરજ્જે એક પ્રસંગને આભારી છે. સ્વ. વસંતરાવના જેમને ગાઢ મિત્રો કહી શકીએ તેવા થોડાએક અમદાવાદમાં સ્વ.નાં સગાંને મળવા ગયા, તે વખતે, તેમાંના એક શ્રી ગોકળદાસ-ભાઈ ગગલાણીને વિચાર આવ્યો અને તેમણે તરત ભારતી સાહિત્યસંઘના એક પ્રતિનિધિને વાત કરી કે, 'વસંતરાવના જીવનના પ્રસંગો એવા છે કે તે સ્મારક-ગ્રંથરૂપે પ્રકટ થાય તો વસંતરાવ જે હેતુ ખાતર જીવ્યા તે હેતુ લોકો બરાબર સમજશે અને તેના બલિદાનની યોગ્ય કદર થશે.' (ભાઈ ગોકળદાસને સ્વ. રજબઅલીનો મુદ્દલ પરિચય નહિ, એટલે એકલા વસંતરાવ વિશેજ આ વિચાર આવ્યો.) ભારતી સાહિત્યસંઘના પ્રતિનિધિને આ વિચાર ગમ્યો અને તેણે સૂચવ્યું કે આવા ગ્રંથનું પ્રકાશન તેમની સંસ્થા ખુશીથી હાથ ધરશે અને તેની જે કાંઈ આવક થશે તે વસંતરાવના સ્મારક ફંડમાં આપી દેવાશે.

શ્રી ગોકળદાસની ગણતરી તે વખતે આવો ગ્રંથ કોઇ એક અધિકારી લેખકની કલમે આલેખાવવાની હતી. એમણે મારું નામ સૂચવ્યું. આ પ્રસ્તાવ મારી પાસે આવ્યો. મેં મારો મત જણાવ્યો કે, જીવનચરિત્રના રૂપમાં એક માણસની કલમે આ લખાય તે કરતાં વિશેષ સુખકર વાત તો એ છે કે, સ્વર્ગસ્થના—વસંતરાવ તેમજ રજબઅલીના સ્નેહીઓ સ્વજનો તેમજ સ્વ.નાં વિધવિધ જીવન-પાસાંના જાણકારોની જુદી જુદી કલમે સ્વર્ગસ્થનાં સંસ્મરણો લખાવીને ગ્રંથસ્થ કરીએ તો તે વધુ રળિયામણું બનશે; અને તેવા લેખ-સંગ્રહનું સંપાદન હું ખુશીથી કરી આપીશ

આ વાત ભાઇ ગોકળદાસને અને સ્વ. વસંતરાવના મામાને ગમી ગઇ. પણ તે જ વખતે તેમને મળવા આવેલા શ્રી રમણિકલાલ રાવળ નામે સ્વ. વસંતરાવના મિત્રે કહ્યું કે, અમે અમદાવાદના મિત્રો શ્રી જયંતિ દલાલ તથા બીજા મળીને આવો એક ગ્રંથ કરવા ધારીએ છીએ, એટલે આવું કાંઈ થશે તો બેવડાઇ જશે, અને કાંઇક બેહૂદું લાગશે. આ જાણીને ભાઈ ગોકળદાસ વિગેરેએ એ વિચાર પડતો મૂક્યો. પણ શ્રી રમણિકલાલ રાવળે જ સામે ચાલીને સૂચવ્યું કે, આવો ગ્રંથ પ્રકટ થાય તેને માટેની જરૂરી સામગ્રી તથા સ્વ. વસંતરાવના જીવનના કેટલાક પ્રસંગો અમારી પાસે છે, તેમજ બીજા ભાઇઓ પણ તે અમારા પર મોકલે, અને ભાઈ મેઘાણી તેનું સંપાદનકાર્ય સ્વીકારે તો સૌથી ઉત્તમ. આ પ્રસ્તાવને ભાઇ ગોકળદાસે તથા સ્વ. વસંતરાવના મામાશ્રીએ સમર્થન આપ્યું, અને આવો કોઈ ગ્રંથ કે જીવનચરિત્ર પ્રગટ થાય તેવું ઇચ્છનારા તેમના મુંબઈના મિત્રોને પણ શ્રી ગોકળદાસે વિગતવાર જણાવી એમ સૂચવ્યું કે આવી પ્રવૃત્તિ બેવડાય નહિ માટે ત્યાં કાંઇ ન કરવું.

તે પછી શ્રી જ્યંતિ દલાલ, 'ગુજરાત સમાચાર'ના તંત્રી શ્રી ઇન્દ્રવદન ઠાકોર અને ભારતી સાહિત્યસંઘ લિ.ના સંચાલક શ્રી ઇશ્વરલાલ દવેની રચાયેલી સમિતિએ સ્મારક-ગ્રંથની જાહેરાત કરી તેનું સંપાદન કરવાનો મોંઘો અધિકાર મને આપ્યો. તે માટે આ ત્રણે ભાઈઓનો, અમદાવાદવાળા મૂળ યોજનાકાર ભાઈઓનો, શ્રી ગોકળદાસ વગેરે મુંબઈ-કાઠિયાવાડ ખાતેના બન્ને સ્વર્ગસ્થોના બહોળા આપ્તજનમંડળનો, તેમ જ ખાસ કરીને તો એ લખનારાઓનો હું ઘણો ઋણી છું, કે જેમણે પોતાનાં લખાણો મારા હાથમાં મને યોગ્ય લાગે તેવી માવજત કરવા માટે મૂકવાની ઉદારતા બતાવી છે.

લખનારાઓનો સારો જવાબ

લખાણો બે જાતનાં માગવામાં આવ્યાં હતાં. એક તો બન્ને સ્વર્ગસ્થોનાં જીવનનું સર્વતોભદ્ર ચરિત્રદર્શન કરાવનારાં, અને બીજાં આ બન્નેનાં જીવન તેમજ મૃત્યુમાંથી ઉપસ્થિત થતી સાંસારિક, રાજકારણી વગેરે સર્વસામાન્ય સમસ્યાઓનું વિવેચન કરનારાં. આ પૈકી પહેલા જ પ્રકારનાં લખાણો સંખ્યાદૃષ્ટિએ તેમજ પ્રમાણદૃષ્ટિએ એટલાં વિપુલ અને ગુણદૃષ્ટિએ એટલાં પ્રસંગભરપૂર, રોમાંચક અને મર્મવેધક આવી પડ્યાં, કે સ્મારકગ્રંથની કિંમતની દૃષ્ટિએ, તેમજ પ્રકાશનમાં થતા કાલક્ષેપની દૃષ્ટિએ બીજા પ્રકારના લેખો મેળવવાનો પ્રયત્ન આજે તો પડતો મૂકવો પડ્યો છે. તેમ છતાં પાછી એવી સર્વસામાન્ય સમસ્યાઓનું વિવરણ આમાંના અનેક લેખોની અંદર અંતર્હિત પ્રકારે સારા પ્રમાણમાં આવ્યું જ છે.

એ તો ઘણાના અનુભવની વાત છે, કે આવા સ્મારક-ગ્રંથોનું આયોજન લાંબો સમય ને કપરી મહેનત માગી લે છે. આ ગ્રંથના વિધાયકોનું એ મોટું સાભાગ્ય છે કે, માગ્યા મેઘે જ લેખોનો મેહ વરસ્યો. અને અમદાવાદનાં છાપખાનાંને દીવાળી-અંકો વગેરેનાં પ્રકાશનોએ આવરી ન લીધાં હોત, અગર આજકાલની મુદ્રણ-સ્થિતિને કામદારોની તંગીએ પરેશાન કરી ન મૂકી હોત, તો આ ગ્રંથ ત્રણેક મહિના વહેલો પ્રકટ થયો હોત.

સમત્વાઢ્ય ભર્યું નિરૂપણ

લખાણ-સામગ્રી જેટલી બહોળી આવી પડી, તેટલી જ એ સત્ત્વશીલ પણ નીકળી. જેનાં લેખિકા (સ્વ. વસંતરાવનાં બહેન શ્રી. હેમલતા હેગિષ્ટે)નું નામ, પ્રૂફ વાંચનારની સરતચૂકથી રહી ગયું છે તે પ્રથમ પહેલા લેખ 'ભાઈનાં સ્મરણો'થી શરૂ કરીને છેલ્લા લખાણ લગી, વાચકનું મન ઉત્કટ લાગણીઓ, પ્રબલ મનોભાવો અને ગંભીર વિચારોના, કોઈ મહાવાદ્યમાંથી પ્રકટતા સંવાદમય જીવન-સંગીત વડે ગૂંજી રહે છે. બન્ને સ્વર્ગસ્થોના નિકટનાં આપ્તજનોને પણ, સમગ્રતાએ તો આ જીવનદર્શન નવીન અને આશ્ચર્યભરપુર જણાશે. પ્રત્યેક લેખિની કંઈ ને કંઈ નવું ને અણુપેખ્યું અજવાળતી આવે છે. જેમાંનું એક તો હજુ વિકાસની પ્રારંભાવસ્થામાં જ હતું, ને બીજું જે કે પરિમલ પાથરતું સુવિકસિત પદ્મ હતું છતાં જાહેર જીવનનાં ઝાળાંઝાંખરાં આડે ઢંકાયેલું હતું, તે બેઉ માનવ-જીવનોનાં આવાં બહુવિધ સંસ્કાર-પાસાં

આપણને મળે છે, તેનું શ્રેય સ્વર્ગસ્થોનાં સંપર્કગામી આટલાં બધાં લખનારાંઓની સચ્ચાઈભરી નિરૂપણદૃષ્ટિને જાય છે. આ સર્વ હકીકતોથી સમૃદ્ધ બનીને કદાપિ જો એક કલમ આલેખવા બેઠી હોત—ને એ કલમ ભલેને સમર્થ હોત—તો તેના આલેખનમાં આ ગ્રંથના જેવી ચમત્કૃતિ ન જ આવત. કારણ દેખીતું છે. આ લેખોમાં અંગત જીવનસ્પર્શની ઉત્કટ સચ્ચાઈ છે. એ એક જ સંસ્કારે લખાણોને અનેરું કલાવિધાન અપાવ્યું છે.

આ લેખોમાં એકના એક પ્રસંગો તેમજ મુદ્દાઓની પુનરુક્તિ આવે એ સહજ હતું. છતાં પ્રત્યેક લેખને એની આગવી વિશિષ્ટતા હતી એટલે એવા વિશિષ્ટ કથયિતવ્યને અખંડિત રાખી, પુનરુક્તિને બાદ કરવાનો સંપાદકધર્મ મેં બજાવ્યો છે, તેથી કોઈને ન્યૂનાધિકપણું નહિ લાગે તેવી આશા રાખું છું.

એકધારી જોડણીનો અભાવ, તેમજ લેખક-નામોમાં કોઈને 'શ્રી'નો શણગાર ને બીજાને એ નહિ, આવું કેટલુંક વાચકોને સાલશે. મૂળ લખાણોમાં જોડણીની શુદ્ધિ નહિવત્ હતી, અને સંપાદકની સમજ એવી હતી કે એકધારી જોડણી તો પ્રૂફ વાંચનારે કરી લેવાની હોય છે. પણ પ્રૂફ વાંચનારની સમજ એથી ઉલટા પ્રકારની હશે! પરિણામે અન્યથા તો સ્વચ્છ ને સુઘડ એવી આ ગ્રંથની છપાઈ જોડણીને હિસાબે મનને ખૂંચે એવી ક્યાંક ક્યાંક બની ગઈ છે.

મહારાષ્ટ્રી લેખસામગ્રી

લેખો પૈકી કેટલાએક મહારાષ્ટ્રી ભાઈઓ બહેનોના છે. છતાં એ ગુજરાતી ભાષામાં મળ્યા છે. તેઓ જો કે એક કરતાં વધુ પેઢીથી ગુજરાતના વાસી હશે, ગુજરાતી ભાષામાં વ્યવહાર કરવાની ફરજ પણ તેમની કહેવાય, તે છતાં ગૃહવ્યવહારમાં અને સમાજ-જીવનમાં તેઓ મરાઠી ભાષાનો ઉપયોગ કરતા હોઈ, અને ગુજરાતી ભાષાનો સંસ્કાર તેમનાં રક્તમાં પચી ન ગયેલો હોઈ, તેમણે આ ગુજરાતી ગ્રંથ માટેની સંસ્મરણપ્રસાદી આવકર્યું તેવા ગુજરાતીમાં જ પીરસવાની ચિંતા દાખવી તે માટે તેમના આપણે ઋણી છીએ. એમના ગુજરાતીમાં થોડીઘણી મરામત કરવી પડી છે.

અન્ય કેટલાક મહારાષ્ટ્રી ગુર્જરોએ પોતાની માતૃભાષામાં જ લખી મોકલવાનું પસંદ કર્યું. આ સંપાદક હસ્તલિખિત મરાઠી વાંચવા અશક્ત હતો. ઇચ્છા હતી કે એનું ગુજરાતી કરાવીને મૂકીએ. પણ સ્વ. વસંતરાવની ગુર્જરતાની સાથે તેમની મહારાષ્ટ્રીયતા પણ અંગત રૂપે સંલગ્ન હતી, તે દૃષ્ટિ રાખીને, મરાઠી ભાષા દ્વારા આવેલી અંજલિને એ જ રૂપે શામિલ રાખવાનું અમે ઉચિત સમજ્યા છીએ. એ વિભાગનું સંપાદનકાર્ય ગુજરાતી મહારાષ્ટ્રી વચ્ચે સંસ્કાર-કડી સમા પ્રોફેસર વસંત જોષીએ કરી આપી અમને સવિશેષ ઉપકૃત કર્યા છે.

ઐક્યનો પાયો નાખનારા

આટલી તો પ્રકટ થયેલાં લખાણોની વાત થઈ. હવે તો પ્રાર્થની રહે

છે, આમાંથી જેને બાદ રાખી લેવી પડી તે સામગ્રીને માટે. પસંદગીનું ધોરણ એ રાખ્યું હતું કે, જેમાંથી સ્વર્ગસ્થોનો જીવનપરિચય મળતો હોય તેવાં ચરિત્રલક્ષી લખાણોને પહેલાં લઈ લેવાં, (તેમાં પણ પુનરુક્તિ થતી અટકાવવી) નરી અંજલિલક્ષી પ્રશસ્તિઓને પાછળ રાખવી. આવી અંજલિઓ પણ ઘણા મોટા પ્રમાણમાં આવી પડી છે. એ અંજલિ આપનારાઓનાં નામો સારી પેઠે ગણનાપાત્ર છે. દાખલા તરીકે મુંબઈ સરકારના આજના ગૃહપ્રધાન શ્રી. મોરારજીભાઈ દેસાઈ આ બન્ને શહીદોને આપેલી અંજલિમાં લખે છે કે, 'બન્ને જણા મારા નિકટના પરિચયમાં આવેલા હતા. ખાસ કરીને ભાઈ વસંતરાવે ગુજરાત સેવાદળનું કાર્ય એમના સાથીદારો સાથે પોતાનું કરી લીધું હતું, અને એ અંગેનો મારો ભાર ઘણો હળવો થયો હતો.' એ પ્રકારનો અંગત સૂર કાઢીને એમના બલિદાનને 'હિંદુ-મુસ્લિમ ઐક્યનો પાયો નાખનાર' તરીકે બિરદાવ્યું છે; અને એમની 'ઉદાત્ત ભાવના તેમજ વીરતાનું અનુકરણ કરવું' તેને આપણો દરેકનો ધર્મ ગણાવ્યો છે.

સાચી કસોટી મૃત્યુકાળે

એ જ રીતે કાઠિયાવાડના અગ્રણી કાર્યકર શ્રી. ઉછરંગરાય ઢેબર સ્વ. વસંતરાવને એક જ વાર જોયા તેને પોતાનું સદ્‌ભાગ્ય કહી ઓળખાવે છે, અને 'એમની ચંચલ આંખો, ખડતલ દેહ, તેજસ્વી છતાં મીઠી જબાન, વાક્યે વાક્યે નીતરતો વિદ્યાર્થી, યુવક-સંગઠન, વ્યાયામ, સેવાદળ અને મહાસભા પ્રત્યેનો પ્રેમ' એનાં સ્મરણો તાજાં કરે છે. ભાઈ રજબને પોતે વસંતરાવની કુદરત-સરજી બીજી આવૃત્તિ કહી યાદ કરે છે, અને લખે છે કે, 'માણસમાત્રની માન્યતાઓ આદર્શો અને વફાદારીની કસોટી જેવી મૃત્યુના ઓળા નીચે થાય છે એવી બીજી ક્યારેય થતી નથી.' 'અમદાવાદના ઇતિહાસની એ શરમજનક ક્ષણ'ની યાદ આપી પોતે લખે છે કે 'બન્ને ભાઈઓએ પોતાનાં માન્યતા, વફાદારી અને આદર્શોને સોળે કળાએ દિપાવ્યાં.'

લોકશાહીની કાળી બાજુ

શ્રી. નાનુભાઈ દેગસરીની અંજલિ એક જુદી જ ભાત પાડે છે અને સ્વ. વસંતરાવ જેવા પ્રખર કાર્યકર પ્રમાણમાં ઓછા જાણીતા કેમ રહ્યા તેનો માર્મિક જવાબ આમ આપે છે; 'સામાન્ય રીતે દરેક સમાજ-સેવક પોતાનો આદર્શ, કાર્યનું ક્ષેત્ર તેમજ કાર્યની પદ્ધતિ વિચારી લે છે, પરંતુ શુભનિષ્ઠા, વફાદારી અને પ્રામાણિકતાથી તેને અમલી બનાવવાનો પ્રયાસ ઇચ્છનીય છે. આ રીતે જ દાદા પોતાના ખ્યાલોને અમલી બનાવવા પ્રયાસ કરતા. પરિણામે તે હાલના વાતાવરણમાં આદર્શવાદી ને અવ્યવહારુ ગણાતા. પરંતુ બીજા કેટલાક કાર્યકર્તાઓની માફક ફક્ત સફળતા મેળવવા માટે જ અથવા ફક્ત લોકપ્રિય બનવા માટે પોતાના આદર્શ, સિદ્ધાંતો અથવા કાર્ય-પદ્ધતિમાં તેમણે કદી બાંધછોડ કરી નથી. જ્ઞાનસંપાદન કરી આટલી પ્રગતિ સાધ્યા છતાં સત્તા-હોદ્દાની લાલચમાં કદી ફસાયા નહોતા.' અને એમની

[અનુસંધાન પૃષ્ઠ ૭૩]

કાગ ટોડા

દ્વિરેફ

આજે ગોદાવરીની અકળામણનો પાર રહ્યો નહિ. દૂરના પિત્રાઈની દીકરીના વિવાહના પ્રસંગે તે પાપડ વણાવવા ગઈ હતી. થોડી વાર પછી એક બાઈએ, જાણે કાંઈ જાણતી જ ન હોય એમ પાસેનીને પૂછ્યું: "એલી સાંભળ્યું? આપણા ગામમાં એક કૌતુક થાય છે એ!"

"ના અલી!"

"કાંક કરે છે ને પડાનન પુરોહિત કીર્તિસ્તંભ કરાવે છે?"

"અલી વળી કીર્તિસ્તંભ શું!"

"પૂછ ગોદાવરીને."

"હેં ગોદાવરી, આ તારા ધણી શું કરાવે છે?"

"બાઈ ભાઈડાની વાતોમાં આપણે શું જાણીએ?

"હંઅમ. તું શેની જાણે? જોયું, ભોળી થઈને કેવી છૂટી જાય છે?"

"એ તો બહારથી દેખાડે, નથી જાણતી. મનમાં તો હરખ માતો નહિ હોય!"

"શેનો માય! કીર્તિસ્તંભમાં એનું ય નામ આવવાનું ને!"

અને એ આખી મંડળીએ બિચારી ઓછાબોલી, ગભરૂ, ગોદાવરીને પાણી પાણી કરી નાંખી. કાબરો કીરી કીરી કરતી નાસતી ઉંદરડીની પાછળ પડી તેને ચાંચો મારે એમ આ બધી સ્ત્રીઓ પાપડ વણતી વણતી, ગોદા માગતી હોય એમ હાથ લાંબો કરી વેલણ હલાવતી હલાવતી તેને મહેણાં મારતી રહી. ગોદાવરી રોવા જેવી થઈ ગઈ. એ બોલે કે ન બોલે, રડે કે ન રડે, સામું જુએ કે ન જુએ, સાંભળે કે ન સાંભળે એ દરેક વિકલ્પ આ પ્રતિભાશાળી જીભ-ભાષાઓને નવા મહેણાનો પ્રસંગ બનતો હતો. તેનામાં ગેણાં સામું મેણું મારવાની પ્રવૃત્તિ નહોતી, ગુસ્સાથી કે રડીને વાતાવરણ બદલાવવાની નૈસર્ગિક શક્તિ નહોતી. કોઈ કોઈ ઊઠવા માંડ્યાં ત્યારે એ પણ કંઈ પણ બહાનું કાઢ્યા વિના ઊભી થઈ, અને તેની જરા પીઠ ફરતાં તે સાંભળે એમ અનેક સ્ત્રીઓ તેની પાછળ હસી.

રસ્તે ચાલતાં આ બધા દુઃખનું મૂળ તેને પોતાનો ધણી પડાનન જણાયો. તેની આગળ પણ બિચારી ગોદાવરીનું કશું ચાલતું નહિ. ઘેર જઈ તેણે કામમાં મન ઘાલવા પ્રયત્ન કર્યો પણ તેમ કરી શકી નહિ. તે નીચે કોથળા ઉપર સૂઈ ડૂસકે ને ડૂસકે રોવા લાગી.

થોડીવારે પડાનન કંઈ ગણગણતો આવ્યો. ધૂનમાં ને ધૂનમાં પોતાની પાટ ઉપર બેઠો. થોડી વારે તેણે પાણી માગ્યું ને ન આવ્યું ત્યારે તેણે ધ્યાન આપ્યું ને ત્યારે તેને ખબર પડી કે ગોદાવરી રડતી હતી. તે પાસે ગયો ને કહ્યું; "જ્યારે જ્યારે હું આનંદમાં હોઉં છું ત્યારે ત્યારે તું હમેશાં રડતી જ હો છો. જો મને કીર્તિસ્તંભની એક બીજી પંક્તિ સૂઝી."

ગોદાવરીથી બોલાઈ ગયું: "તમારા કીર્તિસ્તંભમાં પૂળો મૂકો. તમારે તો રાજદરબારમાં ફર્યા કરવું. મારે નાતજાતમાં કેટલું સાંભળવું પડે છે તે જાણો છો? મહેતાને ત્યાં પાપડ વણાવવા ગઈ'તી તે બધીઓએ મને તો ચૂંટી ખાધી! તમે મારું માનો તેવા નથી, પણ નાત આખી તમારું ભૂંડું બોલશે."

"તો ગાંડી, તે બોલનારા પાંચપચીસે મરી જશે ત્યારે પણ આ કીર્તિસ્તંભ ઉભો રહશે અને બોલશે: योडशतीनां हि मूर्ध्नि प्रस्फुरित महिम्ना दत्तपाद प्रहारः।"

પડાનનની બોલવાની છટા બહુ આકર્ષક હતી. તેના શત્રુઓ—અને એનો કંઈ પાર નહોતો—પણ તેની સંસ્કૃત બોલવાની પદ્ધતિનાં એકે અવાજે વખાણ કરતા. તો ભોળી ગોદાવરી મુગ્ધ થાય તેમાં નવાઈ શી! એણે અર્થ પૂછ્યો, અને એમાંથી આ કીર્તિસ્તંભ શો, રાજ સાથેનો સંબંધ કેવી રીતે થયો,

નાતમાં તડો શાથી થયાં એ બધી વાત પડાનને કહી સંભળાવી.

"નગરના રાજાની ઉંમર થવા આવી હતી. તેને પુત્ર નહોતો. એક જ દીકરી, તે પાંત્રીસની થઇ ગઈ ત્યાં સુધી તેનો વિવાહ કરી શકાયો નહિ. જરા કદરૂપી હતી, કોઈ લેતું નહોતું. એને મેં ઠેકાણે પાડી આપી. અહીંથી બાવાનો વેષ લઈને સાથે એક ચેલકો લઈ નીકળ્યો. પુષ્કળ ધન દોલત હીરા માણેક મોતી સાથે રાખ્યાં હતાં. અહીંથી દક્ષિણે સોએક ગાઉ પર અદ્રિ-પુર છે, ત્યાંનો રાજા ઘરડો થવા આવ્યો હતો, અને તેને પુત્ર નહોતો એ હું જાણતો હતો. એ નગર એક મજલ રહ્યું અને ઘોડા એવા દોડાવ્યા કે નગરને પાદર પહોંચતા બન્નેના ઘોડા મરી ગયા."

"પણ ઘોડા શા સારુ મારી નાખ્યા?"

"ચમત્કાર બતાવવા. સવારનો પહોર હતો. લોકો ભેગા થઈ ગયા હતા, તેમના સાંભળતાં ચેલાને કહ્યું કે અહીં જ પડાવ નાખવો એવી ગુરુદેવની મરજી છે. અહીંના લોકોનાં નસીબ હશે તો ગુરુદેવ તેમનું સારું કરશે. ધીમે ધીમે જુદી જુદી જગાએ દ્રવ્ય વગેરે દાટી, ગુપ્ત વિદ્યાથી તેની બાતમી લોકોને આપી અમારી કીર્તિ વધારી. લોકોએ અમારે માટે ગુફા જેવું કરી આપ્યું. એક બ્રાહ્મણની દીકરી પરણાવી ચોર્યાશી કરાવી એટલે બધેય વાત ફેલાઇ ગઇ. અને ત્રણ મહીને તો રાજા પોતે મળવા આવ્યો. પુત્ર કેમ થાય એમ પૂછ્યું. ત્રણ દિવસની એકાન્ત સમાધિ પછી કહ્યું કે જે સ્ત્રીથી પુત્ર થાય એને પરણતો નથી તો પુત્ર કેમ થાય? તારે માટે તો એ કન્યા બીજાને પરણતી નથી. અનેક રીતે વાતને ચમત્કારક બનાવીને કહ્યું કે અહીંથી ઉત્તરમાં સો કોશ ઉપર એક નગરી છે. એ પહેલાં અલકાપુરી હતી. ત્યાંના રાજાની પુત્રી પહેલાં યક્ષકન્યા હતી. તેં ગયા જન્મમાં એનો અનાદર કરેલો એટલે એ કન્યારૂપે તારી રાહ જોતી વર્ષો ગાળે છે. એનો આદર કર એટલે પુત્ર થશે. રાજાએ આ ગુપ્ત કથન માટે દ્રવ્ય દેવા માંગ્યું તે ન લીધુ, અને ઊલટું કહ્યું કે હવે અમારાં અહીંનાં અંજળ પૂરાં થાય છે. હજી ૭ મહિના સુધી હું તને અદૃશ્ય મદદ કરી શકીશ, પછી એ પણ નહિ કરી શકું.

"તે રાતે સૂવા જતા પહેલાં પેલા ચેલાને ઝેર દઈ દીધું. અને રાતે ગુફામાં ઓઢવાની કંથા વગેરે અંદર સૂતો જ હોઉં એમ દેખાય એવી રીતે મૂકી નાસી ગયો."

"તમારા ચેલાને ઝેર દીધું? તમે તે કેવા છો!"

"એને મારી ન નાખું તો શું જીવતો રાખું? એ ત્યાં રહે કે અહીં આવે ને ગમે તે વાત કરે તો પણ મારી જડ ઊખડી જાય. સ્ત્રીને વાત ન કરવી એમ ડાહ્યા માણસો કહે છે તે કાંઈ ખોટું છે?"

ગોદાવરીએ વાતની અધિકારીણી થવા આઘાતને શમાવી દીધો.

પડાનને આગળ ચલાવ્યું: "પછી તો ૭ મહિનામાં તે રાજા આવીને પરણી ગયો એ તું જાણે છે."

"એને દીકરો નહિ થાય તો?"

"હું ક્યાં કહું છું થશે. નહિ થાય તો ધણાયના જાય છે, એમ એનોય વંશ જશે. મારે પરણાવવા સાથે કામ હતું તે થઈ ગયું. અને આ બધું શા માટે કર્યું ખબર છે?"—બોલતાં બોલતાં તેનો સાદ બદલાઇ ગયો.—"ખબર છે?—चोडशतीनां हि मूर्ध्नि प्रकटित महिमा दत्त पादप्रहारः। શત્રુઓનાં માથાં ઉપર લાત મારીને ઊભો રહેનાર! એ શુક્લોનું નિકંદન ન કાઢી નાખું તો હું શેનો હતો?

"આપણા કુળમાં આવતી એક કન્યા એ આડેથી લઇ ગયો તો આપણે એની બે લીધી છે. ને અલી જો સાંભળ! આ તો તને પરણ્યો છું અને આપણી નાતમા બીજી નથી થતી. નહિતર એનો પેલો પંડિત છે ને?!—એની વેરે આપેલી પેલી કોણ! શું નામ એનું?—પેલી હરિલક્ષ્મી. એનું સગપણ તોડાવીને હું પરણી લઉં. અત્યારે રાજમાં મારું એટલું ચાલે છે. એનો બાપ, ભાર નથી કે મને ના કહી શકે! પણ એ તો થયું." આટલીવારે એને ભાન આવ્યું કે પોતા પર બીજી આવે એ વિચારથી ગોદાવરી ભય અને ક્રોધથી સામું જોઇ રહી હતી. પણ તેણે એ જ ધૂનમાં ચલાવ્યું, "તને એટલામાં માઠું લાગી ગયું! બૈરાંની જાત! મોટી વાતો ચાલતી હોય તેમાં એમની નાની નાની વાતો વચમાં લાવ્યા વિના રહે નહિ. ચાલ ઊઠ અલી. નકામો વિચાર ન કરતી.

અત્યારે કર્યા કેશું થવા બેઠું છે ! ચાલ સંધ્યાકાળ થવા આવ્યો. સંધ્યાપૂજાની તૈયારી કર. હું નાહી લઉં છું."

ગોદાવરી ચીડાએલી, ડૂંગરાએલી, હારેલી, અકળાએલી કામે વળગી.

સમય ચાલતો જતો હતો. પડાનને પોતે રાજાના નામની પ્રશસ્તિ લખી, તેમાં અંતર્લાપિકાથી પોતાનું નામ ગોઠવ્યું. અને પોતાના શત્રુ કુટુંબ મધુસૂદનના ઘરની સામે જ કીર્તિસ્તંભનો પાયો નખાવ્યો. તેણે જ સારો પથ્થર મંગાવ્યો—તેણે જ તેમાં પોતે કરેલા શ્લોકો કોતરાવ્યા અને તેણે જ તેના પૂજન-વિધિનું મુહૂર્ત નક્કી કરી આપી રાજાને તેના ખબર આપ્યા. અને પૂજનના દિવસ પહેલાં તો પડાનનની એક બીજી ઘણી મોટી જીત થઈ ગઈ. હરિલક્ષ્મી મધુસૂદનના ભાઈ વેરે આપેલી તે ગુજરી ગયો અને કન્યા પાછી વળી. બીજી બાજુ ગોદાવરી માંદી પડી. અને અંતે મરી ગઈ. દરબારમાં ખટપટ કરી, કન્યાના બાપને સામ, દામ, ભેદ, દંડથી વશ કરી પોતે એ કન્યા પરણ્યો અને કીર્તિસ્તંભના પૂજનને દિવસે મધુસૂદનના ઘરની સામે તેના ભાઈની પાછી વળેલી કન્યાને પત્ની તરીકે સાથે લઈ તેણે પૂજનવિધિ કરાવી.

આટલો બધો વિજય થયો પણ તેનો તેને હર્ષ થયો નહિ. ગોદાવરી માંદી હતી ત્યારે તે એક વાર તેની ખબર કાઢવા તેની પાસે બેસી એની નાડ જોતો હતો ત્યારે કોણ જાણે ક્યાંથી ગોદાવરીએ આખા ભવનો અનુભવ ભેગો કરી એક જ વાક્ય કહેલું:

"ચેલા ઘોડાને માર્યાં, ચેલાને માર્યો, એમ હરિ-લક્ષ્મીને પરણવા મને મારવી નહિ પડે. હું મારી મેળે જ જાઉં છું."

દુનિયામાં કળાઈ જવા જેવો બીજો પરાજય નથી. એ વાક્ય તેના મનમાંથી ખસતું નહોતું. એને તેનો ભય લાગ્યા જ કરતો હતો.

પાંચેક વરસ પછી ગામનો રાજા નિર્વંશ મરી ગયો. તેનો દૂરનો પિત્રાઇ ગાદીએ બેઠો. જેમ એક જ સીમાડા ઉપરના રાજ્યો સ્વાભાવિક શત્રુઓ હોય છે તેમ જ એક જ સમયસીમા ઉપરના રાજાઓ પણ સ્વાભાવિક શત્રુઓ જ હોય છે. પાછળના રાજાને આગલા રાજાનું કરેલું બધું લોપવામાં કંઈક ગૂઢ મજા પડે છે. તેણે પડાનન પુરોહિતનો દરબારમાંથી પગ કાઢ્યો અને તેના સામા પક્ષના મધુસૂદનને દરબારી પુરોહિત નીમ્યો. અને મધુસૂદનને ગયા રાજાની નિંદા સાથે પડાનનની નિંદા મેળવીને પડાનનના કીર્તિસ્તંભની સામે જ પોતાના ઘર આગળ પડાનનની અપકીર્તિનો સ્તંભ કરવાની પર-વાનગી મેળવતાં વાર ન લાગી.

અંતર્લાપિકા કે એવી કોઈ યુક્તિમાં ન પડતાં એણે તો પડાનનની સીધી જ નિંદા લખાવી અને એ જ કડિયા પાસે એ જ પથ્થર મગાવી, એ જ સલાટ પાસે તે કોતરાવી.

પડાનન ક્રોધથી સમસમી ગયો પણ શું કરે ? અધૂરામાં પૂરું, તેની નવી પત્ની હરિલક્ષ્મી ભારે ક્રોધી અને કર્કશ હતી. તેણે પડાનનની પડતી કલામાં તેને ભાંડવામાં મણા રાખી નહિ.

પુરોહિતે એ સ્તંભોનો માર્ગ છોડ્યો. પણ એથી તો ચર્ચા ઊલટી વધી. અંતે બહારના પ્રકોપથી અને ઘરના અંતઃકોપથી તે લોકોને અને પથરાઓને હતા તેવા બોલતા મૂકી દૂર દૂર બીજે ગામ ચાલ્યા ગયો.

પચાસેક વરસ વીતી ગયાં. એ બોલનારા અને સાંભળનારા મરી પરવાર્યા. અને કદી નહિ વંચાતા, માત્ર પક્ષીઓની હગારથી ચર્ચિત એ સ્તંભો ઊભા રહ્યા. ત્યાં એક સવારે કોઇ પરદેશી યવન લશ્કર સાથે ગામડાં લૂંટતો, ખેતરો ભેળાડતો, હાહાકાર વર્તાવતો ત્યાં આવી પહોંચ્યો. આ ગામનો રાજા તેને આવતો સાંભળી નાસી ગયો હતો. એટલે ગામે તેની સામે કશો સામનો કર્યો નહિ, અને એને ત્યાંથી હજી દૂર જવું હતું એટલે એણે ગામમાં કશી મારફાડ કરી નહિ. તે માત્ર એક દરવાજેથી પેસી સામે દરવાજે નીકળી જવા ઇચ્છતો હતો. રસ્તામાં પેલા સામસામા સ્તંભો આવ્યા તે જોવા તે ઘડીભર ઊભો રહ્યો. ત્યાં કોઇ ઉપર ઊડતા પક્ષીની ચરક તેના ઉપર પડી. તેણે ઊંચું જોઇ એક બાણ માર્યું ને તે જ ક્ષણે એક કાગડો ઘાયલ થઈ નીચે પડ્યો. તેણે આસપાસ

જોયુ તો કોઈનું એક લાબું મોભિયુ પડયુ હતું તેણે પોતાની ભાષામાં એ મોભિયું બેના સ્તભો પર આડુ મુકાવી બેના મગડાને વચ્ચે ટાગવાનો હુકમ કર્યો તેના માણસો કુહાડો લઇ ઉપર ચડયા, મોભ મૂકવાને બે સ્તભો પર ખાંચા કર્યા ને તેના પર મોભ ગોઠવી દીધો આસપાસ પક્ષીઓને પાણી પાવાની પરબોના શીર્ષ હતા, તે તોડી શીકાવા મગડાને બાધી તે મોભ ઉપર વચ્ચોવચ્ચ ટાગ્યો અને પોતાના સૈનિકોને કઈ કહી, તગવવાના હાથે એ કાગડો બનાવી, એક હર્ષનાદ કર્યો તે તેના સૈનિકોએ ઝીલી લીધો તેની લબાતી ગર્જનામાં આખુ લશ્કર ત્યાંથી પસાર થઇ ગયું

એના ચાલ્યા ગયા પછી પણ લોકો ઘરોમાં સંતાઈ રહેલા એકાદ પ્રહર એમ ને એમ રહ્યા પછી ધીમે ધીમે દરવાજા બહાર જઈ જોઈ આવ્યાં અને યવન ગયો છે એવી ખાતરી થતાં ધીમે ધીમે બીતા બીતાં તેમણે દૈનિક વ્યવહાર શરૂ કર્યો એ નાસી ગયેલો રાજા ફરી ત્યાં આવ્યો નહિ અહીથી પોતાની રાજ્યધાની ફેરવી પોતાના એક બીજા વધારે સુરક્ષિત નગરમાં લઇ ગયો આ પ્રમાણે દિવસો ઉપર દિવસો જતા ગયા પણ, ભયથી કે न गणस्याग्रतो गच्छेत् । 'મોખરે ન કદી થવુ એવી સલામતીની કુન સુફીથી, કે બન્યું હોય તે નિભાવી લેવાની જડતાથી, કે ઉપેક્ષાથી કે ગમે તે કારણથી લોકો યે ન ખસેડયો એ મોભ કે ન ખસેડયો એ કાગડો ઊલટુ એ અર્થહીન સ્તભેનું નામ કાગરોડા પાડી એ સ્થિતિનો શાશ્વત સ્વીકાર કર્યો

જતે દિવસે એ કાગડો એ શીકુ એ મોભ સર્વ ત્યાંથી ખસી નાશ પામી ગયા માત્ર આ કાગરોડા ઊભા રહ્યા અને પછી તો એ પણ ધીમે ધીમે જેરીના અને કાળના ઘસારાથી પડી ગયા માત્ર એ સ્તભોની જગા કાગરોડાના નામથી પ્રસિદ્ધ રહી

કેટલાક સૈકા પછી હિંદમાં નવજીવનનો સચાર થયો, આ પ્રાતને માટે એક પુરાતત્ત્વ ખાતું સ્થપાયુ અને એક પ્રાચીન લેખોનો નિષ્ણાત ત્યાં આવી પહોંચ્યો તેણે લોકોથી બને તેટલી માહિતી મેળવી બચેલા પથરા ભેગા કર્યા નામ સબધી તપાસ કરતાં બધાએ તેને કાગરોડા જ કહ્યો પડેલા પથ્થરો તેણે ભેગા ગોઠવ્યા અનેક બારીક પુરાવાથી તેણે પથ્થરની ખાણની માહીતી મેળવી, અને બધા પથ્થરો એક જ ખાણના, અને લેખો એક જ કાળના એક જ લિપિના એક જ કારીગરના છે એમ સાબીત કર્યું ઘણી પક્તિઓ તૂટી ગઈ હતી પણ એક શ્લોકની પહેલી પક્તિઓ ઓછાવત્તા શબ્દોવાળી હતી તેના પ્રથમાક્ષરોમાં તેણે ષડાનન શબ્દ વાંચ્યો योऽगतीनामहिमूर्धनि द प्रहार એમ ગોઠવ્યું અને બીજા એક પથ્થરમાથી માત્ર એટલું વાચી શક્યો यो गर्दभनिनादाय विजृम्भितषडाननः । ગર્દભના નાદને માટે જેણે ષડાનન (છ મોઢા) પહોળા કર્યા છે એવો એ નિષ્ણાત અત્યત આશ્ચર્યમાં પડી ગયો ! બન્ને જગાએ ષડાનનનુ જ વર્ણન હતુ એમાં એને શકા ન રહી શુ ષડાનનની ઉપાસના અહીં પહેલા થતી હશે ? ષડાનન કાર્તિકેયની ઉપાસના તો દક્ષિણમાં હતી અહી સુધી હોવાનો એક પણ પુરાવો ક્યાંઈ જ નથી પણ ગમે તે હોય પણ આ પ્રશસ્તિ અને નિદા બન્ને એક સાથે કેમ હોઈ શકે ? અને આવું નામ કાગરોડા શાથી પડ્યુ ?

આ પ્રશ્નો હજી અણઉકેલ્યા જ પડ્યા રહ્યા છે હજી વારવાર પુરાતત્ત્વકોવિદો ષડાનન પુરોહિતને અંજલિ આપવા આવતા રહે છે એ અંજલિ પુરોહિતને પહોંચે છે કે નહિ, અને પહોંચતી હોય તો તેનો કેવો સ્વાદ આવે છે તે જાણવાને કશુ સાધન નથી !

'अंकल टॉम्स केबिन'

काका कालेलकर

વિશ્વ સાહિત્યમાં સ્થાન પામેલી આ એક અમરકથા છે. એ નવલકથાની લેખિકા—હેરિયેટ બીચર સ્ટોએ બીજી કોઈ ચોપડી લખ્યાનું હું જાણતો નથી. પણ આ એક જ વાર્તા લખી એણે પોતાની અસાધારણ સાહિત્યશક્તિનો પરિચય દુનિયાને કરાવ્યો છે.

જે ચોપડીએ સમાજ ઉપર અસાધારણ અસર પાડી છે અને જેને લીધે અસંખ્ય હૃદયો જાગ્રત થયાં છે તેને સાહિત્યકૃતિ કહેવા કરતાં જીવતી વ્યક્તિ તરીકે ઓળખવાનું હું વધારે પસંદ કરું છું. પશ્ચિમમાં ગુલામીની પ્રથાને નેસ્તનાબૂદ કરવામાં વિલ્બર ફોર્સ, ગૅરિસન અથવા એબ્રહેમ લિન્કન જેવાઓએ જેટલું કામ કર્યું છે તેટલું જ આ ચોપડીએ પણ કર્યું છે.

આ ગ્રંથના અનુવાદ દુનિયાની બધી ભાષાઓમાં થયા હશે. મરાઠીમાં, બંગાળીમાં અને હિન્દીમાં થયા છે જ. ગુજરાતીમાં બે છે. દુઃખની વાત એટલી જ કે ભાષાંતરિત સાહિત્ય હોઈ એને ક્યાં ય પાઠ્ય પુસ્તક તરીકે સ્થાન મળ્યું નથી. સાહિત્યક્ષેત્રમાં અનુવાદિત સાહિત્ય હંમેશા ગૌણ ગણાય છે, અને તે યોગ્ય છે. પણ કેળવણીના ક્ષેત્રમાં અમુક ચોપડી મૌલિક છે કે અનુવાદિત છે એનો વિવેક બહુ જાળવવાની જરૂર નથી. યુવાનોનાં મન ઉપર ભારે અસર કરી શકે એવી એકે એક સાહિત્યકૃતિ કેળવણીના દિવસોમાં યુવકો અને યુવતીઓની નજર તળે આવ્યા વગર રહે નહિ એની ચિંતા કેળવણીકારોએ રાખવી જોઈએ.

સાહિત્યનું ક્ષેત્ર વિશાળ થતું જાય છે એટલા માટે સાહિત્યશક્તિ ધરાવનારા કેળવણીકારોએ પ્રખ્યાત સાહિત્યકૃતિના સારા સારા સંક્ષિપ્ત સારાંશ આપવાનું કામ આ જમાનામાં ઘણું કર્યું છે. અંકલ ટોમ્સ કેબિનનો સાર અંગ્રેજીમાં કોઈએ આપ્યો છે કે નહિ તે હું જાણતો નથી. ન હોય તો મને આશ્ચર્ય થશે.*

ભાઈ રશિન ઓઝાએ ગુજરાતીમાં એ અમર કથાનો સાર આપણને આપ્યો છે એ યુવાન વાચક વર્ગ ઉપર એમનો ઉપકાર જ છે. મૂળ ચોપડી મેં વાંચી એને ઘણાં વર્ષો થયાં. કથાની ઘણીખરી વસ્તુઓ તો હું ભૂલી ગયો છું.. છતાં રવીન્દ્રનાથ ઠાકુરની "ઘરે બાહિરે" (Home & the world) જ્યારે વાંચી ત્યારે એમાંના નિખિલનું પાત્રલેખન વાંચી મને 'અંકલ ટોમ્સ કેબિન'માં આવેલા સેન્ટ કલેરનું સ્મરણ થયું. બન્ને સ્વભાવે સજ્જન, પરોપકારી અને છતાં કાંઈક ઢીલા એવા લાગ્યા.

જ્યારે સેન્ટ ફ્રાન્સિસ ઑફ એસીસીનું જીવનચરિત્ર વાંચ્યું ત્યારે એની શિષ્યા સેન્ટ કલેરના જ અદ્‌ભુત જીવનક્રમના સ્મરણ સાથે 'અંકલ ટોમ્સ કેબિન'ની નવલકથા યાદ આવી પણ મગજમાં જેનું પાત્રલેખન બરાબર ઠસી ગયું છે તે મિસિસ સેન્ટ કલેર છે. એના સ્વભાવનુ ચિત્ર જોયા પછી 'અહંપ્રેમ' એ શબ્દ મેં યોજ્યો. અને એ વિષે એક લેખ પણ લખ્યો. અહંપ્રેમી લોકો સ્વાર્થી હોય છે એમ નથી, પણ એમની આખી દુનિયા તેઓ પોતાની આસપાસ ફેરવે છે પોતાની લાગણીને જ પ્રધાનપદ આપે છે પોતાનું જ દુઃખ રુએ છે. અને અખંડ પોતાની જ દયા ખાતા હોય છે. મિસિસ સ્ટોએ નાનકડી ઇવાનું ચિત્ર પણ આબાદ ચીતર્યું છે. તે નાનકડું ફૂલ અકાળે કરમાઈ ગયું પણ એની સુગંધ સાહિત્યમાં કાયમની રહી છે. એ ઈવાની પડખે નાનકડી ટૉપ્સીનું ચિત્ર ખડું કરી લેખિકાએ કેળવણીકારો માટે બહુ જ મહત્ત્વનો મસાલો પૂરો પાડ્યો છે. ઓફીલિયાનું ચિત્ર પણ એવું જ આબાદ છે. એ ગુલામો પ્રત્યે ન્યાયબુદ્ધિ બતાવી શકે છે પણ એમના પ્રત્યે સમભાવ કેળવી શકતી નથી. કાર્યકુશળતાને વરેલા કેટલાક લોકો ચારિત્ર્યને બુદ્ધિનો વિષય ગણે છે. એવા લોકો તેજસ્વિતા બતાવતા છતાં માનવતાનો પરિચય નથી કરાવી શકતા. એમની ભલાઈ ઉપર તમે વિશ્વાસ રાખી શકો પણ હૂંફ ના મેળવી શકો.

ખ્રિસ્તી લોકો આગળ આદર્શજીવનનો એક ચોક્કસ ચિતાર હોય છે. અને એ આદર્શ જેટલો

* આ લખ્યા પછી ખબર પડે છે કે અંગ્રેજીમાં કાંઈ નહિ તો એક સંક્ષિપ્ત આવૃત્તિ તો છે જ.

વાદ્દે ડુંગરે હેઈર્સાં
સાય એ મોરી હેઈર્સાં
દાધા રીંછ હેઈર્સાં
ડોમો ડુંગરો હેઈર્સાં
લાગો રે જુવાન હેઈર્સાં

આ પવાડાના બધા શબ્દોના અર્થ કોઇ કરી આપશે?

નવસારી તરફના દૂબળાઓ ગાય છે એ લગ્નગીતોમાનું આ એક છે :

૫

ચાંદલીઓ રે નદીમાંનાં નીર,
તારો રે ક્યારે ઉગશે?
ચાંદલીઓ રે, પાસલી રાતનાં ઊગશે,
મોતી રે સરખો ઝૂલશે.
ભાણીવોવ રે, તમારા તો નાથ રે
ક્યાં રે આ વશે?
ગયા છે રે સપાઈઓની સાથ,
સપાઈગીરી લઈને આવશે.
લાવશે રે મોગરીઆના ફૂલ
ભાણીવોવ ગજરા ગૂંથશે.

ઉપલા ગીતમાં ભાણીવોવ ને (=ભાણી વહુ)ને બદલે ગમે તે નામ લે છે. ફૂલોનાં વળી પણ જીભે આવ્યા ઉપર.

દક્ષિણ ગુજરાતના કોળીઓ ઘેરીઆ રમે છે ત્યારે નીચેનું ગીત ગાય છે. શૌનાવર્ગ તરફથી આની ઘણી જ માંગ રહે છે. "બાલજીવન"ના (? કોણ જાણે!) એકાદ અંકમાં આ ગીતનો થોડો ભાગ જોવાનું યાદ છે:

૬

પારણું ઘડી લાવ રે લાલ
પારણુ રે ઘમ ઘુઘરીઉં
પારણું છે મારા દેવનું રે
ઘમ ઘુઘરીઉં
ભાગીઓ માગે ભાગ રે લાલ
પારણું રે ઘમ ઘુઘરીઉં
લાવજો તો મેલ પેલા ચોકમાં રે
ઘમ ઘુઘરીઉં
ન્યાય કરો દિવાન રે લાલ
પારણું રે ઘમ ઘુઘરીઉં
ભાઇ સુથારી વીનવું રે
ઘમ ઘુઘરીઉં
પારણું ઘડી લાવ રે લાલ
પારણું રે ઘમ ઘુઘરીઉં
રમશે સઘળા દેવ રે લાલ
પારણું રે ઘમ ઘુઘરીઉં
ભાઇ ચિતારી વિનવું રે
ઘમ ઘુઘરીઉં
પારણું ચીતરી લાવ રે લાલ-
પારણું રે ઘમ ઘુઘરીઉં.

છેલ્લી લીટીઓ ફરીફરી બોલાય છે.

*

હવે પ્રવેશો રાજપીપળા રાજના રાસ્તી ગામમાં. અહીના જે ભીલો વધુ સંસ્કૃત (?) પ્રજાના સંસર્ગમાં આવ્યા છે તેમની વનવાસી સંસ્કૃતિની ઘણીખરી પહેલેથી ઘસાઈ ગઈ છે. એ લોકો હોળીને ખુબ આનંદથી ઉજવે છે; અને નાચતાં છાલીઆનું ઉત્તર-પ્રત્યુત્તરી ગીત ગાય છે. કોંધ ગામમાં આ ગીત સાભળ્યું

૭

યા ફકરની રાખના, ઓ પિનોમી
ફકર બાબતમાં જીંદગી આપી દેહીં ઓ દૂનલી
તો મરજી ઓય તો અરજી કરજે
સરકારી તેડો આશે ઓ પિનોમી
કાગરનાં નામ બોયલું તારૂં ઓ દૂગલી
ઇન્જૂરજે નાપા ઓયલું ઓ છોકરી
તો બાબત જીંદગી આપી દેહીં, ઓ છોકરી.
એ બાબત નું ડર નીં ઓ પોયરી.
ખાધું પીધું ને મોજ મારી ઓ છોકરી.
પેશી કડી જાહે ઓ સીટી તો કાગરી વાલી.
ફૂલેવર ડગલી વાલી, લીલી તોં બંગડીવાલી
પાસો ફીરી પાલ, પોયરી, પલોતી તાર્યો.

આ ગીતનો અર્થ તો સમજાય એવો છે. પિનોમી એ પ્રિયતમાને માટે વપરાતો ઘેરો શબ્દ છે. એનું મૂળ શોધી કાઢવા ભાષાશાસ્ત્રીઓને નિમં-

ગયું છે. કાગરીવાળી એટલે ઘાઘરીવાળી અને પાલવું એટલે જોવું.

નીચેનું ગીત ઘેરીઆઓનું છે. એ રાજપીપળા તરફનું છે. એને અને છઠ્ઠા ગીતને સરખાવવા જેવું છે :

૮

આવી મેવાસી ઘેર રે
ટીલડી ઝમકારી
આવી મેવાસી ઘેર રે
ટીલડી ઝમકારી
ઠાકોર ગીપો છે રાજમેં
ટીલડી ઝમકારી
ઠાકોર શું શું આવી છૂટશે
ટીલડી ઝમકારી
આવી મેવાસી ઘેર રે.

એક મિત્ર, ભાઈ હર્ષદરાય પંડ્યાએ (એ માટે એમનો ઋણી છું.) આપેલાં નર્મદા તીરનાં બાલોદ આદિ શુરિશ્રી ગામોનાં ગીતોમાંથી આ બે આપીએ:

૯

સોળ બેડાંની સોળ ગાગેરો
ઘુમતાં ગાગેર નંદાઈ રે, ઓ મેવાસી
મારી સાસુ તો એમ કરી કે'છે:
વહુ તમે ઘરની માયા મેલો રે, ઓ મેવાસી.
ઘરની માયા તો કેમ કરી મેલીએ ?
નાનપણનાં પરણાવ્યાં, ઓ મેવાસી.
નાની તે નણદી એમ કરી કે' છે:
ભાભી તમે પિયેર હેંડો રે, ઓ મેવાસી.
પિયેર તે નણદી, કેમ કરી હેંડિયે ?
છોકરાં થીયાં ડાહ્યાં રે, ઓ મેવાસી.
મોટાં ભાભીજી એમ કરી કે' છે:
દેરાણી, ડા'પણ મેલો રે, ઓ મેવાસી.
સાચી તે વાતમાં ડા'પણ શું કીધું ?
તમારું લૂંટી તે શું લીધું રે, ઓ મેવાસી.
મારા સસરાજી એમ કરી કે' છે:
દીકરા–વહુ મારાં ડાહ્યાં રે,
પિયેર પનોતાં ને મારે અકારાં
પિયેરીએ જાવતે ચાલ્યાં રે, ઓ મેવાસી.
પિયેરીએ કેમ કરી ચાલ્યાં તે જાએ ?
મેલી પિયુડાને કાલાં રે, ઓ મેવાસી.
જાઓ પનોતીના પિયુડા દીકરા
ઘર કરો મારાં કાલાં રે, ઓ મેવાસી.
સવમાની દીકરા કૂદીને ઊઠ્યા,
બાપાનાં તે ઘરને છોડ્યાં રે, ઓ મેવાસી.

*

૧૦

ડેરી પાછળ જીરું ઊગ્યું, ધન રે ધનેરિયું.
તે જીરું તો ગાયને માંડ્યું, ધન રે ધનેરિયું.
ગાયે મને દૂધ આપ્યું, ધન રે ધનેરિયું.
તે દૂધ મેં મોરને પાયું, ધન રે ધનેરિયું.
મોરે મને પીંછું આપ્યું, ધન રે ધનેરિયું.
પીંછા વતી પૂંજો વાળ્યો, ધન રે ધનેરિયું.
પૂંજો વાળતાં સોય જડી, ધન રે ધનેરિયું.
સોય લઈને કોથળો સાંધ્યો, ધન રે ધનેરિયું.
કોથળામાં તો બાજરી ઘાલ્યાં, ધન રે ધનેરિયું.
બાજરી વેચીને ચૂડા પહેર્યાં, ધન રે ધનેરિયું.
ચૂડા પહેરીને દળવા બેઠી, ધન રે ધનેરિયું.
ચૂડો ખખડે ને ડોસો બબડે, ધન રે ધનેરિયું.

*

કચ્છના રેતીઢગાયા પણ રંગમંડિત માંડવીના વાઘેરો અને ભેડલાઓનાં માપ લેતા હતા. તે વખતે કેટલાક ભેડલાઓને એઓ વહાણમાં કેવાંક ગીતો ગાય છે એ પૂછ્યું, એક જણે બે ચાર ગીતો આપ્યાં હતાં.

આ એક પવાડો છે.

૧૧

હે કિનાલ
ઓ બેલાં કિનાલ
યા અલા કિનાલ
અજવાળીઆ કિનાલ
હે કિનાલ.

*

નીચેનું ગીત "કાફી" છે, એમાં સિંધીની ખૂબ જ અસર છે—સિંધી જ છે. આપણી સમુદ્રજીવી પ્રજાઓનો અભ્યાસ ક્યારે થશે ?

૧૨

ઉમ્મર મીર મુકે માકુ યાદ પવન
ચરજી લગી ચર હીર મુકે માકુ યાદ પવન
સરતીઉં મલી રમે ચાક
તખો બેનોર મથે કુંજો બોલ્યો અસબા
તેંજા તાણામેણા માર્યા મુકે, માકુ યાદ પવન
ઇજા બાને તોજી કેંનું ચાયા મા
હીંજા બાઉં તોજું ન બાયું માં
તોજા કેમ રેશમ હીર મુકે, માકુ યાદ પવન
રસાલે મથે હીજા સાલે ચવે
મુલક અબાણો નાલેર મથે
મુસ આ રમરૂર મથે
રણે લોઇ અબાણો નીર મુકે, માકુ યાદ પવન.

કરવનું ભચાઉ એટલે વાગડ (= વા અને ગડ: પવન અને પત્થર?) ત્યાંના કાઠીઓનાં માપ લીધા પછી આ રાસડો સાંભળ્યો:

૧૩

ચૂલો પેંરતી'તી રંગમોલમા
ચૂંડી રે પેંરતી'તી રંગમોલમાં
ચૂંદડી પેરવાની ચતુરાઇ રંગમોલમાં
કાંકરી રે નાંખતી'તી રંગમોલમાં
કાંકરી રે નાંખવાની ચતુરાઇ
વારલો રે પેં'રતી'તી રંગમોલમાં
વારલો રે પેરવાની ચતુરાઈ, રંગમોલમાં.

નથડી, ટીલડી, વગેરે લગભગ ઘણું પહેરાવી શકાય. નવાઈ જેવું તો એ છે કે એ લોકોનાં ગીત કચ્છીને બદલે ગુજરાતીમાં છે.

નીચેનો બીજો રાસડો લેવાતો હતો ત્યાં કોઈક કારણસર બંધ કરવો પડ્યો. એ કોઈ વાંચનાર છે, એને કોઇ વાંચનાર પૂરો કરી આપશે કે?

૧૪

લીમડો ઊગ્યો વાગડમાં
લીમડો ઊગ્યો વાગડમાં
ભાગ ભાઇ માગે વાગડમા
એનો ભાગ માગે વાગડમાં

•

છેલ્લે જ્યારે અમારી "સર્વે"-પાર્ટી મુંબઇ આવી ત્યારે આ એક અનાવિલ બ્રાહ્મણોમા ગવાતું ફટાણું મળ્યું. છેલ્લે ધ્યાન રાખજો: નવા શબ્દો, નવા પ્રાસો, નવા ઝમાના!

૧૫

જાનમાં તો આવ્યા મોટા, જાને ભરી લાવો લોટા,
રાજવંશી જાન લાવ્યો જાન.
જાનમાં તો આપસી, જાન જોઇને વેવણ લપસી,
રાજવંશી જાન લાવ્યો જાન.
જાનમાં તો આવ્યા મુનશી, બેસવાને લાવો ખુરશી,
રાજવંશી જાન લાવ્યો જાન.
પરિયાણામાં દાતણ નથી, વેવણનામાં ડાંપણ નથી,
રાજવંશી જાન લાવ્યો જાન.
ચૂલા ઉપર ચોખા તબડે, વેવઇને વેવણ બબડે,
રાજવંશી જાન લાવ્યો જાન.
માંડવામાં તો લાઇટ નથી, રંભુભાઈ ને વાઇફ નથી,
રાજવંશી જાન લાવ્યો જાન

※

મિલઉદ્યોગ

હિંદુસ્તાનમા આજે ૪૧૭ કાપડની મિલો છે. તે ઉપરાન્ત ૧૨૫ નવી મિલો બાંધવાની યોજના તૈયાર છે. એ ૧૨૫ નવી મિલોની વહેંચણી આ રીતે થયેલી છે.—

મુંબઇ : ૨૪ (૩,૫૨,૦૦૦ સ્પિન્ડલ), મદ્રાસ : ૧૬ (૩,૨૫,૦૦૦ સ્પિન્ડલ), બંગાળ: ૧૨ (૨,૬૪,૦૦૦ સ્પિન્ડલ), યુક્તપ્રાંત : ૧૫ (૪,૩૭,૦૦૦ સ્પિન્ડલ), પંજાબ : ૯ (૨,૧૩,૦૮૮ સ્પિન્ડલ), બિહાર : ૬ (૧,૫૧,૦૦૦ સ્પિન્ડલ), મધ્યપ્રાંત : ૪ (૧,૧૯,૦૦૦ સ્પિન્ડલ), ઓરિસ્સા : ૩ (૭૫,૦૦૦ સ્પિન્ડલ), સિંધ : ૪ (૧,૦૦,૦૦૦ સ્પિન્ડલ), દેશી રાજ્યો : ૩૨ (૭,૦૮,૦૦૦ સ્પિન્ડલ).

અજિત ગઢીનો અજિત સ્વામી

ધૂમકેતુ

સોઢલની ગઢી હજી અજિત હતી. એના ઉપર હલ્લો લઈ જવામાં એને ગૌરવ મળતું હતું. સિદ્ધરાજે એ વિચાર માંડી વાળ્યો. રાતે ને રાતે રા' ખેંગારને આંહીથી વર્દ્ધમાનપુર તરફ મોકલી દેવાનો નિર્ણય થયો. ગઢીની દુર્ભેદ્ય રચના જોતાં ગઢી ચાર છ મહિના રમતરમતમાં કાઢી નાખે એ લીલીબાની વાત સાચી હતી. અને રા'ની વાતમાં જરાક પણ કાચું કપાય તો ફરીને ઉપાધિ ઊભી થાય. મુંજાલ, ઉદયન, પરશુરામ, સજ્જન સૌ રાતે મળ્યા. મહારાજ જયદેવે પોતે જ ખેંગાર વિષે કરેલો નિર્ણય કહી સંભળાવ્યો. 'મુંજાલ મહેતા! સાથે કોણ જશે? રા'ને લઇ જવો છે!'

સૌની દૃષ્ટિ ઉદયન ઉપર પડી. સ્તંભતીર્થ એ પાછો ફરે છે એવી વાત તરત માનવામાં આવે. મીનલદેવીને પણ એ રુચ્યું. પણ જયસિંહદેવની ઇચ્છા જુદી હતી 'આપણે સત્વર જવું જોઈએ, મા!' તે બોલ્યો; 'સાંતૂ મહેતા ગમે તે પળે પાટણનું નાક માલવાવાળાને કાપી લેવા દેશે! હવે ત્યાં કોઇકે પહોંચવું જોઇએ. મુંજાલને પોતાને જ જવું પડશે રા' સાથે!'

કોઈ કાંઈ બોલ્યું નહિ. જયસિંહદેવનું મન માપતો મુંજાલ શાંત રહ્યો. પરશુરામને કાઇ કહેવાનું ન હતું. પણ સ્પષ્ટ રીતે ઉદયને એમાં મુંજાલનો ગૌરવભંગ દીઠો. પોતાનું સ્થાન વધારે ચોક્કસ થતું તેણે જોયું. 'મહારાજ! રા' જનારો છે એટલે કોઇક જવાબદારે જવું તો પડશે. હજી એ હાથતાળી દે એવો છે! મહારાજની આજ્ઞા હોય, તો હું તૈયાર છું. મારે સ્તંભતીર્થ જવાનું એટલે નીકળી પડ્યો છું એમ ગણાશે. ને શંકા નહિ થાય!'

'ઉદા! મા પોતે પાછાં ફરશે મુંજાલ સાથે. અને મુંજાલ મહેતા! તમે રા'ની સોનરેખને પણ સાથે ઉપાડજો. એટલે એનો કબજો સાબૂત રહે. રાજમાતા હવે સોમનાથની જાત્રાએથી પાછા ફર્યાં એવો દેખાવ રસ્તે આખે રાખવો. મા! તમારે જવું પડશે. તો કોઈને કાંઈ જ વહેમ નહિ જાય. તમે જાત્રા કરી સોમનાથની—ને પાછા ફર્યાં છો. મુંજાલ તારા સિવાય કે મારા સિવાય રા'ને ન મોકલાય. ઉદયન જાય એમા પણ શંકા પડે. અને રા' તો—હવા બાંધી રહે તો રા' બાંધ્યો રહે!'

ઉદયન જયસિંહદેવના નિર્ણય ઉપર વિચાર કરી રહ્યો એમાં બન્ને વસ્તુ હતી. મુંજાલને ગૌરવ આપવાની વાત હતી, તેમજ એને દૂર કરવાની વાત પણ હતી. નિર્ણય તરત જ કરવાનો હતો.

મુંજાલ તે જ રાતે રા' ખેંગાર સાથે ઊપડી ગયો. વર્દ્ધમાનપુર પહોંચીને જયદેવની એને રાહ જોવાની હતી. પૃથ્વીભટ્ટ ને ઝાંઝણ, આઉસરને ધુબાકે, એકબે મુકામ આગળ રહેવાના હતા. રાજમાતા જાત્રાથી પાછાં ફરે છે એ ધોપણા સાથે સૌ ઊપડી ગયાં.

સિદ્ધરાજે બીજે દિવસે જ દેવુભાને બોલાવ્યો. આવીને એ એક બાજુ શાંત બેઠો. ડોસો રાજકેદી હતો. એના મનમાં રા' વિષે હજી શંકા તો હતી. પણ પરિણામ ગમે તે હોય, સોલંકીએ જે જમાવટ કિલ્લામા કરી નાખી હતી, એમાં એથી ફેર પડે તેમ ન હતો. એ જમાતનો ખાધેલો માણસ હતો. એણે કંઈક લીલીસૂકી જોઈ હતી. સિદ્ધરાજે એને કેમ બોલાવ્યો એ એ સમજી ગયો હતો. લીલીના વેણમા તો એને વિશ્વાસ ન હતો—પણ એણે રા'નો જરાક જેટલો આધાર મળતો હોય તો એ આધારનો લાભ ઉઠાવવામાં લાભ જોયો. એની આશાસૃષ્ટિને કોઈ અંત ન હતો. એ તો એવું સ્વપ્ન પણ સેવી રહ્યો હતો કે, રા'નો કોઇ વંશવેલો પાંચેપંદરે પાછો ઊભો થાય, તો એની પડખે એ નેવું વર્ષે પણ ઝઝુમતો હોય! સોઢલને સિદ્ધરાજે કહેવરાવ્યું તો હશે. સોઢલનો શો જવાબ હોય એ ડોસાથી અજાણ્યું ન હતું.

'સધરાને જવાની ઉતાવળ લાગે છે,' દેવુભા વિચાર કરી રહ્યા: 'માલવા એને મૂકે તેમ નથી.

ગગો ભૂન કરે તો કરવા દેવી, એ તો પછી રા'નો વંશવેલો છે! કેસરીની જેમ ઊઠશે!'

'દેવુભા!' સિદ્ધરાજે કહ્યું 'મેં ઉદયનને બોલાવ્યો છે હમણા એ આવશે તમારા સોઢલભા હજી જુદ્ધ હાંકે છે. હાંકે તો અમને વાંધો નથી— પણ હવે આ જુદ્ધ નહિ ગણાય હવે તો એ સહાર ગણાશે!'

દેવુભાને વાણીનો એક ભયંકર ઘા માગવાનું મન તો થઈ આવ્યુ પણ એણે જાતકાબૂ મેળવી લીધો એ સમજી ગયો વાત ને-સોઢનની ગઢી' પાસે આને હવે વખત કાઢવો નથી

'વાત તો મહારાજ! બરાબર છે સોઢલભાને કહેવરાવી જુઓ!'

કહેવરાવ્યું તો ખરુ—'

'પછી?'

'એ માને છે કે ખેંગાર પડશે તો ગઢની ધજા એની ભેળ હેઠે જઈ પડશે!'

દેવુભા બોલ્યા: 'મહારાજ! ઘણા એમ માને છે. સોઢલભા તો ખેંગારજીના પરમ ભક્ત રહ્યા!'

'ખેંગારજી તો વીરગતિ પામ્યા છે, દેવુભા! આકાશપાતાળ એક કરીએ છીએ એનુ શબ શોધવા એ તમે જાણો છો પણ એના આ દુર્ગની નામના, અમારે મનને પણ એમ હતું, ને હજી છે કે– એ નામના એમ ને એમ રાખવી સોઢલજી એ નહિ રહેવા દે તમે ને ઉદયન મહેતો જાઓ અને જુઓ, નહિ જ માને એમ લાગે તો પછી અમે આવતી ઉત્તરથી, ચસ્તે, સ્હે, એ. કરીશું બીજું શુ ર પણ પછી. અમે જેમ ગઢ નહિ રહેવા દઈએ, તેમ રા'ના વંશ વેલાનું ક્યાય નામનિશાન પણ રહેવા નહિ દઈએ. એમાંથી આ વાત થાશે તમે વૃદ્ધ છો અનુભવી છો લીલીસૂકીના જાણકાર છો વિચાર કરી જુઓ'

'રા' ખેંગારજીના કુટુંબકબીલા સૌ કામમાં આવી ગયા પ્રભુ! રા'નું લૂણ ખાધુ તું ઈ તમામ ખપમાં આવી ગયા ચંદ્રચૂડજી આ મોરચે પડયા મજે વડી મોરચે રાયઘણજી ને બીજા પડયા ત્યા તો સોય વળી ગયો પ્રભુ! રહ્યો છુ એક હૂં ને એક આ અમારા દેશુભા વીદુભા!'

'દેશુભા વીહુભા તો બાળક ગણાયે રાજનીતિના જાણકાર તમે! આમા દેશુભા વિશુભાનું કામ નહિ! તમે વળી જાણકાર રહ્યા રા' કુટુંબના પણ'

'જાણકાર તો છુ મહારાજ! પણ મારુ વેણુ રે' એમ હોય તો હું સોઢનભા પાસે જાઉં નકર તો જઈને ય હું શુ કરુ? સોઢલભાને શેને આધારે પાછા વાળુ? કાંક મારી પાસે જોઈએ ના?'

'શુ છે વેણ?'

'જુઓ, મહારાજ! અમારા રા' કુટુંબ ઉપર તો આવી વીતતી આવે છે ત્રણ ત્રણ રા'ની ચડતી પડતી જોતો આવ્યો છુ ઘોડિયામાં રમતા જોયા'તા એને ચેહમા બળતા જોયા છે શરીર હાલે ને ભગવાન કરાવે ત્યાં સુધી આ ગરનારની છત્રછાયામા રા'ની રખેવાળી કરવી છે! મારો ઈ ધરમ એક આ ખેંગારજી હાથતાળ દઈને મોઢા આગળ હાલી નીકળ્યા પણ હવે એનો દખધોખો શુ કરુ? જ્યાં મલક ભેળાણો ત્યા પછી મલકપતિ ઊભો રિયે જોવા? ઈ હાલીજ નીકળે ના? ઈ ને મા'રાજ! મલકપતિનું મા'તમ આઈ હતું' દેવુભાએ છાતીએ હાથ લગાડચો એનો સાદ જરાક ફરકાણો, ડોસો થોડોક વિહ્વળ બન્યો

'જુઓ, દેવુભા! સિદ્ધરાજે ડોસાને શાંત કરતો હોય તેમ કહ્યુ 'ખેંગારજી તો વીર હતા ને વીર રહ્યા હવે જે બાકી રહ્યુ છે–એનું નામનિશાન, એ અમારે ટાળવુ નથી તમે સોઢલને સમજાવો!

'સમજાવૂ, ભા! મારુ વેણ નાખી જોઉં ભા સોઢલ મારુ વેણુ પાછુ તો નહિ વાળે એક રાણીજી છે ખેંગારજીના, એને દી ચડયા છે, મહારાજ! ભગવાન કરે ને આ ગરનારનો રા'નો વારસો જાળવનારો કોક આવે તો મારે ગલઢેગઢપણ વળી કામ મળ્યું! મારી ઈ આશા છે મહારાજ! ઈ અરભકનો વિચાર કરે!'

'કોણ રાણી છે?'

'રાણી મેરાણી–એને દી ચડયા છે!'

'પણ તો પછી, દેવુભા! દંડનાયક આંહીં સોલંકીઓનો રહેશે!'

'તે ભલે'ને રે' બાપ! અમારું તો આ બેઠણું સચવાય રા'નું એટલે બસ!'

દેવુભા ઊંડી સમજથી બોલી રહ્યો હતો. એના મનમાં તો એક હજાર મણ કાષ્ટના કોલસા જળી રહ્યા હતા. પણ અત્યારે આ રીતે જ રા'ને ઘેર દીવો બળતો રે'શે. ને પછી પાછો એ તો રા'નો છોકરો. સિંહનાં કાંઈ મોળાં હોય? મલક પાછો ઘેર કરશે. આ સોલંકી પણ ક્યાં અમરપટો લખાવી લાવ્યો છે? ગઢ રે'શે અખંડ, તો રા'નું રાજ રહેશે!

સિદ્ધરાજ દેવુભાની રમત કળી ગયો હતો. એને તો અત્યારે આમાંથી સાંગોપાંગ બહાર નીકળી જવાનું હતું. દેવુભાની વાત દેશુભાને ગડગડિયું દેવામાં કામ આવે એવી હતી. અને આંહીં દંડનાયક હોય પછી કાંઈ ઊંડે ત્યારની વાત ત્યારે! તેણે મોટેથી કહ્યું, 'દેવુભા! રા'નો વંશવેલો અમારે ઉચ્છેદવો નથી: કોક દી એ હશે તો અમારા મંડળમાં શોભશે!'

'હા-ભા! હું પણ એ જ કહું છું!'

'એ વેણ તમારું અમારે સોમનાથસાખે પાળવું. અર્ભક ગમે એવું હોય, એ તો થાપણ છે. આ તો રા'નું છે. દંડનાયકની દેખરેખ નીચે ભલે મોટો કરે!'

'થયું ત્યારે. મહારાજનું એટલું વેણ હોય તો એને આધારે સોઢલભા વાળ્યા વળે!'

દેવુભાના અંતરમાં એક બીજી વિચારસરણી પણ કામ કરી રહી હતી: 'સાપનાં પેલાં બે બચોળિયાં દેહુભા ને પીઠુભા—ઈ કાંઈ મારા બેટા અમથા આ સઘરાને પડખે લોટ્યા નહિ હોય! ઇ બેયને આ રખડાવવાનો! ને લીલી ભલે ભેરવજપ કરતી! ખેંગારજી હોય કે ન હોય, પણ આટલું તો એનું વેર વળશે!

અને રા' ખેંગાર એ તો સિંહ છે. આણે ભલેને આજે એને વશ કર્યો. પણ એનું એક નાનકડું ચાપળું પાણી પીનારું પણ કોક રહેશે નાં, તો ધાંધલિયાં ધુણાવશે. ને એ વખતે જીવતા તો વળી મનેય લાવો મળશે—જુદ્ધભૂમિ જોવાનો. ભગવાન એ દી પણ દેખાડશે!'

પોતાની વિચારમાળામાં એની પડખે ઉદયન ક્યારનો આવીને બેઠો છે એ એને ધ્યાન રહ્યું નહિ. ઉદયનના શબ્દે ડોસો, દિવાસ્વપ્નમાંથી, નેવું વરસે પોતે જુદ્ધમાં ઘૂમી રહ્યો છે, એવી ભવ્ય મનોદશામાંથી જાગ્રત થયો.

'કાં ભા! દેવુભા! મહારાજે પાછું આપને સોંપ્યું છે. તમે જોગા છો એટલી મને ધરપત છે. બાકી તો, સોઢલ નર્યો વજ્જર કટકો છે! ઊપડવું જ છે નાં?'

'હા. ભા! હું તો તૈયાર જ છું! મહારાજ આજ્ઞા આપે એટલે!' થોડી વાર પછી બન્ને ઊપડ્યા. ગઢીએ બન્ને પહોંચ્યા. શબ્દ અંદર કહેવરાવ્યો. સોઢલ પોતે સામે લેવા આવ્યો. ધીમે ધીમે અંદરના ખંડમાં આવ્યા. ઉદયન જોઈ જ રહ્યો. રા' ખેંગાર પડ્યાનો જાણે આંહીં શોક જ ન હતો. ખેંગારજીનું મૃત્યુ થયું એ ઘોષણા આહીં કોઈએ સાંભળી જ નહિ હોય કે શું? આંહીં તો ચારે તરફ ભાટચારણો હજી રણઘેલી બાનીમાં શૌર્યકથા કરી રહ્યા છે. ડુંગરા ભરી દેતા દાસીઓના રાસડા રા'ના યશોગાન ગાય છે. રણભૂમિનો ઉત્સાહ આંહીં એ નો એ છે. તેણે ધીમેથી વાત ઉપાડી: 'સોઢલભા! રા' તો વીરગતિ પામ્યા. અને અમર થઈ ગયા. હવે તમે સૌ એમની ધર્મક્રિયામાં લાગો. મહારાજ પોતે એમાં રાજલક્ષ્મી વાપરતાં સંકોચ નહિ રાખે એ કહેવા માટે અમે આવ્યા છીએ. રા'નું મરણ એ તો......'

'જુઓ, મંત્રીરાજ! તમને કોણે કહ્યું, રા' મૃત્યુ પામ્યા છે? મહારાજે?'

'ઘોષણા કરાવી છે મહારાજે પોતે, નાહકનાં માણસ ન મરાય એટલા માટે તો. એમનો ડંકો પોતે જાળવ્યો છે હજી. એવી જ એમની પાઘ જાળવી છે!'

'ત્યારે, ઉદયનજી! તમે મફતનાં ફોફાં ખાંડો માં!' સોઢલે જવાબ વાળ્યો: 'રા' જૂનાગઢના કદી પણ મરણ પામતા નથી! રા' ખેંગાર—રા' અમર છે.' એણે ગઢીની ધજા તરફ અંગુલિનિર્દેશ કર્યો: 'જુઓ, આ ફરફરે!'

'આ ભા દેવુભા ત્યાં જ ઘૂમતા'તા. મેં દેખ્યું હોય એ ભલે તમે એ ન માનો. પણ આ દેખનારા પોતે રહ્યા! એનું શું?'

'રા' ગિરનારના—એને મૃત્યુ ન હોય, મંત્રીજી!' સોઢલે દૃઢ વજ્જર જવાબ વાળ્યો: 'રા' તો અમર છે. આ જોયાં?' સોઢલે ચારે તરફની ગિરનારી ડુંગરમાળા ઉપર નજર ફેરવી: 'આ પડે તો રા' પડે' ઉદયને સોઢલની દૃઢ વાણીમાં એનો ભીષણ નિશ્ચળ ટંકારવ સાંભળ્યો. આ કદાપિ પણ ગઢી નહિ છોડે!

ભા દેવુભા સોઢલની રાજભક્તિ જાણતો હતો. તેણે ધીમેથી કહ્યું: 'સોઢલભા! વાણી તો તમારી, બાપ! સોએ સો વસા સાચી છે. રા' જૂનાગઢનો મેં તો કોઈ દી કોઈ મર્યો જાણ્યો નથી! એ તો, ભા! આના જેવા'—દેવુભાએ પણ ભીષણ ખડકોની સામે દૃષ્ટિ કરી. 'અડગ, અજર અને અમર! એને માથે મરણ નહિ, ભા! રા' કોઈ મરતા નથી!'

'મહારાજે કહેવરાવ્યું છે, સોઢલભા! ગઢી સોંપો એટલે શાંતિ સ્થપાઈ જાય!' ઉદયને બન્ને જોદ્ધાને વાતના મૂળ વહેન ઉપર આણ્યા.

'મસાણની એમ ના? મુડદાં શાંતિ માણે, મંત્રીજી! માણસ નહિ,' સોઢલનો જવાબ આવ્યો. 'આ ગઢી, અમે, અમારા કુટુંબકબીલા, ઢોરઢાંખર ને ઝાડપાન, પહાણા. પથ્થર ને ખડક, ઈ તો સૌ ભેગાં રહેશુ ને ઈ સૌ ભેગા જાશું! મહારાજને કહેજો, ગઢીના નામનું આંહીં દામોદર કુંડમા સ્નાન કરી નાખે! ગઢી આ મળે ત્યારે, જ્યારે આંહીં મુડદાંના ઢગલા થાય!'

દેવુભાએ તો રા'ના રજપૂતી રંગ જોયા હતા. સોઢલની ગઢી પાંચેપંદરે પડે ત્યારે મહારાજ જયદેવના હાથમાં રાખનો ઢગલો જ આવે એ તો ચોક્કસ હતું. પણ એ તો આવ્યો હતો, પોતાનો એક જરાક જેટલો અમર આશાતંતુ લઈને સોઢલભાને એ તંતુની જાણ કરવાની હતી. ઉદયનને એણે કહ્યું: 'મંત્રીજી! તમે બેસો તો અમે બેક પેટછૂટી વાત કરી લઈએ!'

ઉદયનને એમાં કાંઈ વાંધો લાગ્યો નહિ. આ કાંઈ યોદ્ધા દેવુભા વીજુભા હતા? ને ભગવાન સોમનાથના શપથ હતા—સંધિની નિયમાવલિ જાળવવાના. તેણે કહ્યુ: 'હા, ભલેને તમતારે વાતની ચોખવટ કરો!'

સોઢલ ને દેવુભા અંદર ગયા. એક પાટ પડી હતી તેના ઉપર દેવુભા બેઠા. સોઢલ સામે ઉભો રહ્યો.

'સોઢલભા! આ સધરાને ઝટ ભાગવું છે!'

'એટલે તો, પ્રભુ! મેં આ ગઢી ટકાવી રાખી છે. એને ભાગવું પડશે. એ ભલેને સાત સાગર તરે આ તો ખાડી. એમાં એ ડુબશે!'

'એની પાસે સેનનો પાર નથી. સોઢલ! સાધનનો પાર નથી. ગઢી પાંચેપંદરે વહેલીમોડી પડશે! પડશે એ ચોક્કસ. એ દગાખોર છે. હઠીલો છે. જોદ્ધો છે. ને જાદુગર પણ છે! હજી આમાં આઇ બાબરું તો આવ્યું નો'તુ!'

'બાબરું પણ ભલે લાવી જુએ. અમે પણ રા'ને નામે ખપી જઇશું. રા' જૂનાગઢના મરતા નથી. અમે ખપી જઈશું તો કોક દી કોક, આવે વખતે, ખપવા નીકળશે ને રજપૂતી રહી જાશે. કેસરિયાં તો આ ખડકે ખડકે ખડક્યાં છે? એની ડુંગરે ડુંગરની ભીષણ ખડકાવલિમાંથી મને તો રાતે એના જ ભણકારા આવે છે. હું ગઢી નહિ સોંપું! થાવું હોય ઈ થાય!'

'રંગ છે. સોઢલભા! જશ તમારો જગતમાં અમર રહી જાશે. પણ, ભા! સાચું બોલજો; તમને કોણ વધારે વહાલું? રા'ની રાજભક્તિ કે તમારો નકલંક જુદ્ધજશ!'

'હું તો રા'નો પહેલો. મારા જુદ્ધજશનો પણ પછી!'

'ભારે વેણ કહ્યું, સોઢલભા! ખરેખરું કહી નાખ્યું! રાજભક્તિની વાત કહી, તંઈ સાંભળજો. જેવો તમને જુદ્ધનો જશ ગમે છે. એવો અમને પણ ગમે છે. આ ખડકને તમે તો ત્રીસપાંત્રીસ વરસ થયાં જુઓ છો. હું એંશી એંશી વરસથી જોતો આવ્યો છું. એમાંથી તો; બાપ! મેં એવા મા કાલીની બિરદાવલિના છંદ ઊઠતા સાંભળ્યા છે કે, જેનાં તો સપનાં ય કોઈ ને ન આવે! મેં તો એના ખડકને રા'ના વિજોગે રોતાં સાંભળ્યાં છે! પણ ભા

સોઢલભા ! મેં આ રા'ના વંશવેલાની એક ખૂબી નિહાળી છે. એ વંશવેલો અમર છે. એને ખેદાન મેદાન કરનારા ભલેને ખેદાનમેદાન કરી નાખે એક પાવળું પાણી પીનારું, એનું કોક અરભક પણ, ક્યાંક પેટને અંધારે પડ્યું હોય નાં, તોય એક દસકો વીત્યે ગિરના કેસરી જેવું ઇ ત્રાડ દેતું ઊભું થઇ જાય ! હું તો ડોસલો છું. એ'શીને આરે - ઊભો છું. પણ મનેય આ વાતની ખાતરી છે. રા' જૂનાગઢનો અમર છે ? રા'નું અરભક, સોઢલભા ! વળી ઊભું થાશે. વળી કેસરી જાગશે ! મેરાણી રાણીને એકએ મૈનાતું ઓધાન છે, ઈ સાંભળ્યું ને આ સધરા પાસે હું નરમ થઈ ગયો છું ! મા કરશે મારી: જોગમાયા મે'ર, તો ડોસલો ડોસલો કાં તો પાછો એને પડખે ઘૂમું છું ! તમને જશ વહાલો હોય તો ભલે. ભા ! તમે કહ્યું તેમ રાજભક્તિ વહાલી હોય–તો આ તક છે !'

'પણ ભા ! રાં' ખેંગારજી મર્યા હોય — હું એ માનતો નથી !'

'હું કયાં માનું છું ? પણ ઇ ગમે તે હોય—આ જેસંઘ હવે એને થોડા હમણાં સાંસતા મૂકવાનો છે ? તો ભલે ને એ ય ભેરા સપનાં માણે કે આ સોરઠીને મેં છેતર્યા છે ! આપણે એક વખત 'રા' નું નામ તો ચાલુ રખાવી દ્યો—પછી દેખી લેવાશે ! દીના કયાં દકાળ છે !'

'પણ આ ગઢી તો, દેવુભા ! અજિત છે !'

'તો ભલે, બાપ ! તમને વીરગતિ મળશે તમારો પાળિયો પૂજાશે. તમારી નામના થાશે. તમને વીવારુ ઘૂંઘટમાન આપશે, પણ બાપ ! સોઢલભા ! રાજ છોડવાં સે'લાં છે, કટંબકબીલાની માયા છોડવી સે'લી છે, દેહ છોડવો સે'લો છે. જશ છોડવો અઘરો છે ! રા'ને અમર એમણે રાખ્યાં છે જેમણે જશ છોડયા છે ! પાંચપંદર વરસ—દટાઈ જવું પડશે, ભા ! તો ઇમાં શું ? દટાઈ જાશું ! આ ખડક અમથાં ઊભાં છે ?'.

દેવુભાની વાણીથી સોઢલ ડોલી ગયો. એને વિચાર તો ગમ્યો. એણે પણ રા'ના પડી પડીને ઊભા થનારા ઇતિહાસ જાણ્યા હતા. એના અર્જકની સેવા કરનારા અમર પુરુષોએ જ વંશવેલને જીવતી રાખી હતી. આજ અત્યારે એ તક હતી, અને આ બાજુ એની જોદ્ધાની અજિત કીર્તિ હતી, એને પસંદગી કરવાની હતી. તે બે પળ વિચાર કરી રહ્યો :

'અને તક આજે જ છે હો — સોઢલભા! કાલ પછી થઈ રહ્યું !' સધરા પાસેથી વેણ લીધું છે એટલે કહું છું.'

'દેવુભા ! તો તમે આ ગઢી સંભાળી લ્યો — હું નીકળી પડું ?'

'કયાં ?'

'જ્યાં નસીબ લઈ જાય ત્યાં :'

'એમ નો'ય. ભા ! હું તો ખરું પાન વાત તમને કરી છે શું કરવા ? મેં જેસંઘભા પાસે અમૃતના ઘૂંટડા નથી પીધા, ભા ! ખોબો ભરી ભરીને ઝેર પીધાં છે. ઈ ઝેર પીવા તમે ય ભેળા હાલો, બાપ ! જેસંઘ આંઈ એનું દંડનાયકરું મૂકશે. અને આપણે ઈ ને ય સંભાળવો પડશે — અને રા'ના કેસરીને વારસો સોંપવો પડશે ! આ તો ભોંમાં ભંડારાઇ જાવાવાળી વાતું છે, સોઢલભા ! તમારા વિના હું એકલો કેટલા દી ?'

સોઢલે જવાબ ન વાળ્યો એનું મનોમંથન શરૂ થયું હતું. વાત સાચી હતી. એ એક ક્ષણ ધ્રૂજી ગયો. એની દૃષ્ટિ ચારે તરફના ખડકો તરફ ફરી વળી. પોતાની ગઢીના કોટકાંગરા ઉપર એક ક્ષણ સ્થિર થઈ ગઈ. એણે ભા દેવુભા તરફ નજર કરી. એની નજરમાં શોકનો દરિયો ભર્યો હતો. તો પણ એટલી જ સ્થિર, શાંત, દૃઢ, વજ્જર સુદા હતી. તેણે ધીમે શાંત વિષાદભર્યા અવાજે કહ્યું : 'ચાલો, દેવુભા !' કયાં જાવું છે ? સધરા —'

દેવુભા એને સમજી ગયો. તેણે એને વાંસે પ્રેમથી હાથ મૂકયો : 'સોઢલભા ! આ તો બે ઘડીની રમત છે. હું તો આ ત્રીજા રા'ને ઊભો થાતો જોઈ રહ્યો છું !'*

---

* શ્રી. ધૂમકેતુની નવી પ્રગટ થતી નવલકથા 'ત્રિભુવનગંડ સિદ્ધરાજ જયસિંહ'નું એક પ્રકરણ

બે નવાં પુસ્તકો

રામચંદ્ર શુક્લ

'પાનેતરના રંગ' : લેખક, પન્નાલાલ પટેલ : પ્રકાશક, આર. આર. શેઠની કું. : કિંમત રૂ. ૩-૮-૦ : પાનાં ૨૪૮ . આવૃત્તિ પહેલી : સન ૧૯૪૬ :

આ પુસ્તકમાં શ્રી પન્નાલાલ પટેલે લખેલી ચૌદ ટુંકી વાર્તાઓ સંગ્રહરૂપે, અને પુસ્તકનું નામકરણ પહેલી વાર્તા 'પાનેતરના રંગ' પરથી થએલું છે. 'મળેલા જીવ' નામની સરસ નવલકથાના આ લેખકે . ..ક્ષેત્રમાં પણ ઠીક પ્રમાણમા અખતરા કર્યા છે અને પોતાને પ્રિય એવા વિષયોને સાહિત્યના આ પ્રસાદ દ્વારા મૂર્ત સ્વરૂપ આપ્યુ છે.

ગ્રામજીવનના વિવિધ અને પરિચિત પ્રશ્નોને લેખકે આ સંગ્રહમાની 'જીવતર પર ખોયણું', 'વંતરીનો ઉતાર', 'પ્રભુ જે કરે છે તે સારા માટે' ને 'મહેણાંની મારેલી' નામની નવલિકાઓમા સ્થાન આપેલુ છે.

'રતનની જોડાજોડ ઊભો રાખે તો નાથો તેના ખભા બરાબર મથીને આવે' એવા અસમાન લગ્ન વાળી સ્રી આડે રસ્તે જઇ સગર્ભા બને છે અને એની મા એને મેણાં મારે છે ત્યારે 'આખા ભવપર તો ખોયણું આવ્યું છે' એમ કહી ફફળા ઊડે છે. 'પ્રભુ જે કરે છે તે સારા માટે'માં પોતાની મિલકત ભોગવનાર પુત્રની આશાએ ત્રીજી વખત પરણેલા છબીલદાસ શેઠ પોતાની જુવાન સ્રી રાધાને રજસ્વલા થયાનું જાણીને નિશ્વાસ મૂકે છે અને પોતાની આખીય દુનિયા ઊડી જતી હોય એમ એમને લાગે છે, એવા પુત્રની આકાંક્ષાવાળા વૃદ્ધ અને અશક્ત શેઠની યુવાન સ્રી ધીમે ધીમે એક યુવાન પુરુષ પ્રત્યે આકર્ષાય છે, અને હેતી ગોરાણી શેઠાણીને ગર્ભ રહે તે માટે ડામ દેવરાવવાની છબીલદાસની પરવાનગી પણ લે છે. ડામ તો દેવાતો નથી પણ એ પ્રસંગદ્વારા શેઠાણી અને પેલો યુવાન પુરુષ સંસર્ગમાં આવે છે અને રાધા સગર્ભા બને છે. પરિણામે છબીલદાસને ત્યા પુત્રનો પ્રસવ થાય છે, એક બપોરે હેતી ગોરાણીને ત્યાં અચાનક કામ પ્રસંગે જતાં છબીલશેઠે કોઈક આકૃતિને રસોડામાં ઘૂસતા અને રાધાને ખાટલામાં કપડાં સમારતી જોયેલી તે યાદ આવતાં પ્રભુ સારા માટે જ કરે છે એમ મનં મનાવે છે. 'મહેણાંની મારેલી'મા વંધ્યા અને તેનો પતિ મનોર પતિપત્ની સુખી જીવન ગાળતાં હોવાથી ગ્રામજનોનાં મહેણા સાંભળી તથા અપમાન મેળવી લાડુ મનોરને ફરી પરણાવે છે, પણ થોડા વખત પછી નવીના ભંભેરવાથી મનોર લાડુને ધક્કો મારીને કાઢી મૂકે છે અને લાડુ પિયર જાય છે. ત્યા ભાભી ઠંડો આવકાર આપે છે અને ત્યાં થોડો વખત રહયા પછી ભાભીના શબ્દઅંગારથી દાઝવી શરૂ થાય છે. અંતે પોતાના પતિને નવી સ્રીથી પુત્રનો પ્રસવ થયો છે તે જાણી ભારે હૈયે પતિને ત્યાં જાય છે ત્યા માદલો પુત્ર લાડુ આવી તેજ દિવસે ગુજરી જાય છે, અને બધાં જ લાડુને દુશ્મન જેવી ગણે છે.

"તમારી બેનને તેડના જજો : એને હાથ છેડો ફાડી આપું છું એમ પતિને બોલતો સાંભળી લાડુ છેવટનો નિર્ણય કરી રાતે લપાતી છૂપાતી ગામ બહાર નીકળી કૂવામાં પડી મરે છે. 'વંતરીનો ઉતાર'માં ગમે તેમ બોલી પતિનો જીવ ખાતી સ્રીનો ચિતાર છે અને એજ સ્રી પોતાના ભાઈઓએ મારેલા અને બિમાર પતિની અથાગ સેવા કરી એને બચાવે છે, અને પહેલાંની એની દાતરડા જેવી જીભને સુધારે છે. એ ચારેય વાતોમાં લેખકે ઉઘાડી પ્રશ્નચર્ચા કરી નથી, પણ ગામડાના સામાજિક જીવનનો વાસ્તવિક ચિતાર સવિસ્તર આપ્યો છે. એ વાસ્તવિક ચિત્રણમા રજૂ થયેલા પ્રસંગો દ્વારા લેખક પ્રચલિત સામાજિક માનસ પર કટાક્ષ કરી એને ઉઘાડું પણ પાડે છે.

'બે વરસ' અને 'રામસિંહ'મા પોતાનાં આપ્તજનને ગામડાંમાં દુર મૂકીને શહેરમાં કમાવા આવેલા ભેમા અને રામસિંહનું પાત્રાલેખન છે. શેઠના બંગલામાં ઘરકામની નોકરી કરતો ભેમો બચાવી બચાવી માને પૈસા મોકલે છે અને થોડા વખતમાં પરણવાની

આશા સેવે છે, એવામાં લડાક શેઠાણી એને કાઢી મૂકે છે. એમાં ખેમાનો મા પ્રત્યેનો પ્રેમ અને કોમળ લાગણીનો લેખકે સીધો ખ્યાલ આપ્યો છે. અંતે નોકરી જવાથી ખેમાની ઉમેદો પર ઘા પડે છે ત્યાંથી વાત પૂરી કરી લેખકે નૈરાશ્યમાંથી ઊપજતું કારુણ્ય પણ આપ્યું છે. 'રામસિંહ'માં મીલમાં સખત મજૂરી કરતાં પણ સ્વમાનશીલ નાયકનું આલેખન છે, પરંતુ એમાં અનેક છૂટા પ્રસંગોને કારણે નવલિકા એકરસ બનતી નથી. મીલ અને મીલના મજૂરો વચ્ચેના ઝઘડાઓમાં રામસિંહ સ્વમાન સાચવતો આગળ તરી આવે છે, પણ મીલના એવા કલુષિત વાતાવરણથી કંટાળી એ પાછો પોતાને ગામ ચાલ્યો જાય છે.

'ઘરવટ' 'રાજીનામું 'ને 'શંકરકાકાએ કરેલું ધીરાનું વેવિશાળ' એ હાસ્યરસ ખીલવતી વાર્તાઓ છે. ગામડાના દુઃખી સમાજજીવનના પ્રસંગો આલેખી લેખકે આરંભમાં જણાવેલી ચાર વાતોમાં ગમગીની પેદા કરી છે તો આ ત્રણ વાતોમાં ખડખડાટ હાસ્ય નહિ, પણ પાત્રની ખાસીયત અને પ્રસંગ રચના-માંથી પેદા થતું સામાન્ય હાસ્ય તો છે. ગુંદરીઆ જેવા દોશી બધાંની સાથે પોતાને ઘરવટ છે એમ માની ધાલગુલ કરે છે ત્યારે એમના ઓળખીતા લપ ક્યારે ટળે, એની રાહ જોતા હોય છે. એમાંય લેખકે ગમગીનીની છોળ આણી દીધી છે, કારણ કે એને દોશી ઘરવટમાં પોતાની ભૂલ થતી સમજીને પછી એકલા ઉદાસ દૂર ફરવા જઇ પીપર પર બેસી રહેતા બતાવ્યા છે. પોતાને રાજીનામું આપવું પડશે એમ માનતા નોકરને છેવટે ખબર પડે છે કે પોતાની સ્રી મુલાકાતે આવી સાચી સ્થિતિ જોઇ જવાથી ખુદ સાહેબને રાજીનામું આપવું પડે છે અને ધીરાને પરણાવવા શંકરકાકા ધીરો મીસ્રી છે એવી વાત વહેતી મૂકી, શેઠ પાસે પણ સગાઈ કરનારા આવે ત્યારે ધીરો મીસ્રી હોવાનો દેખાવ કરાવી ધીરાને પરણાવે છે, અને છેવટે ધીરો સાચો મીસ્રી પણ બને છે.

'પૂરતો વિચાર' એ વાર્તા નથી, પણ એક પ્રકારની ચર્ચા છે અને ચર્ચાને અંતે અમરીષ સહાધ્યાયીની સાથે પરણવાનો હતો તેને બદલે એની છોકરી માટે ઉમેદવારી નોંધાવે છે, એટલુંજ વિચાર-પરિવર્તન છે. એ ચર્ચા પણ અસર વિનાની છે. 'મોતના મેળાપ'માં સરસ નવલિકા બને એવું વસ્તુ છે: એનો આરંભ પણ સરસ છે, પરંતુ લેખકે વાર્તાનો અંત એટલો બેહૂદો અને આકસ્મિક બનાવ્યો છે કે, વાર્તાની શરૂઆતની અસર મારી જાય છે. કનકો અને મંગળાનું જંગલમાં સંવનન જંગલ ખાતાના સીપાઈના આગમનથી અટકતું નથી, પણ મંગળાના પિતાની સતામણીમાં પરિણમી બેને વિખુરાં પાડે છે. 'મળેલા જીવ'માં આવે છે તેવાજ એક મેળામાં કનકો અને મંગળા એકમેકને જુએ છે, પણ તે એવા સંજોગમાં કે જંગલખાતાનો સીપાઇ મંગાળાને એના ખાળના ગુજરા માટે પકડી લઈ જતો હોય છે. કનકો સીપાઇને મારવા ઊંચી ભેખડ પરથી તીર મારે છે તે મંગળાને વાગે છે તેજ વખતે પગ ખસવાથી તે ખીણમાં ગગડી પડે છે. મઝાની બને તેવી શક્તિ-વાળી આ પ્રણયવાર્તા-અને તે પણ જંગલનાં ગાન-વીઓની-નાટકીઆ અંતને લોભે લેખકે વણસાડી છે.

અંતે, ત્રણ વાતો વિષે કહેવાનું રહે છે, અને તેઓ 'મનહર', 'વાતવાતમાં', અને 'પાનેતરના રંગ' એ ત્રણેય વાતોમાં તેમજ 'બે વરસ'માં લેખકની નવલિકાકાર તરીકેની શક્તિનો કંઈક પરિચય આપણને થાય છે. એમાં સામાન્ય વાસ્તવિક હકીકતની રજુઆત કરતાં કંઈક ઊંડે ઉતરવાનો લેખકે પ્રયત્ન કર્યો છે. 'મનહર'માં પૈસાદારની પુત્રી મંજુ સાથે પરણ્યા પછી મનહર એને હરેક પ્રકારનું સુખ આપવું અને શારીરિક સંબંધથી દૂર રહેવું એવો નિશ્ચય કરે છે. પરંતુ પહેલીજ રાતથી બન્નેનું શારીરિક સંબંધ અંગે મનોમંથન શરૂ થાય છે તેનો લેખકે સરસ ચિતાર આપ્યો છે. મંજુને અગવડ પડતી હશે, એમ માની મનહર ટૂંકી આવકમાં પણ પૈસા ખરચેજ જાય છે, છતાંય મંજુને સંતોષ થતો નથી, કારણ કે એના અસંતોષનું કારણ અલગ છે અને એ અસંતોષનો અંત છેવટે મંજરીએ કાકને મારીને આણ્યો હતો તેમ અહિં પણ મંજુ મનહરને લપડાક મારીને લાવે છે. 'વાતવાતમાં' વાર્તાની ગૂંથણીથી રસનિષ્પત્તિ થાય છે. સુખીયુગલના જીવનમાં એક કલ્પિત વાર્તા ભારે પરિવર્તન લાવી દે છે. સરઆળા પોતાના પતિને ખુશ રાખવા કરકસર ભોગવી, પોતાનાં ઘરેણાં વેચી,

એને સુખસાધન આપવા પ્રયત્ન કરે છે પરંતુ એ હકીકતથી અજાણ હોવાથી પતિ મોપઝાની વાર્તાનો સાર સાંભળીને પોતાની પત્નીના ચારિત્ર્ય પર શંકા લાવે છે સુરબાળાના સ્નેહ પર એથી ભારે ઘા થાય છે, અને વસંત સાચી હકીકત જાણે છે, છતા સ્નેહનુ ઝરણું વસંતની માનસિક નિર્બળતાને કારણે આ ભવ માટે તો સુકાઈ જાય છે અને 'પાનેતરના રંગ'મા લેખકે સીનેમાની નટી મીસ માલતીના હૃદય પર પ્રકાશ નાખ્યો છે પોતાના યૌવન અને રૂપમાં મસ્ત એવી માલતીને નટી તરીકે દસેક વર્ષ કાઢ્યા પછી લાગે છે કે સીનેમાક્ષેત્રમા યૌવન અને રૂપમાં ઓટ આવતા કશી કિંમત રહેતી નથી અને ત્યારે એને પોતાનો તુચ્છકારેલો પ્રિયતમ યાદ આવે છે, અને સીનેમામા પાનેતરના ફટકેના રંગ જોતા પ્રભાકરની વાત એને યાદ આવે છે અને પ્રભાકર તો ભઠ્ઠીમાં ઊકળીને પાનેતર ભલે ઘસાયુ હોય પણ એના રંગ વધારે પાકા બન્યા છે, એમ કહી બન્ને હતાં તેવા સ્નેહી બને છે

સમગ્રરૂપે જોતા શ્રી પન્નાલાલ પટેલે મોટે ભાગે સામાન્ય કક્ષાની વાતો આ પુસ્તકમા આપી છે ગામડાના સમાજજીવનનો એમને સરસ પરિચય છે એ કારણે ત્યાનાં સામાજિક દૂષણો તદ્દન વાસ્તવિક રૂપમા અને તળપદી ભાષામા એમણે રજૂ કર્યા છે પણ એમા સંપૂર્ણ વિગતો આપવાની લાલચને એ વશ રહી શક્યા નથી તેથી, એ માત્ર ઊંડાણ વિનાના ચિત્રો જ રહે છે નવલિકાના સ્વરૂપનો હજુ એમને ઝાઝો ખ્યાલ થયો લાગતો નથી તેથી વસ્તુની આકર્ષક ગૂંથણી 'વાતવાતમા' સિવાય બીજે એ કરી શક્યા નથી એમની વાર્તાઓમા રસવૈવિધ્ય પણ ઓછુ છે 'મનહર', 'વાતવાતમા' અને 'બે વરસ'મા નવલિકાકાર તરીકે વિકાસ પામવાનાં શુભચિહ્નો એ આપણને આપે છે

✲

મૌલાના અબુલ કલામ આઝાદ લેખક, મહાદેવ દેસાઈ અનુવાદક, ચંદ્રશંકર શુક્લ પ્રકાશક વોરા એન્ડ કંપની, આવૃત્તિ પહેલી સન ૧૯૪૬. કિંમત, અઢીરૂપિયા પાના ૧૭૨

સ્વ મહાદેવ દેસાઈને ૧૯૪૦ મા અંગ્રેજીમા પ્રસિધ્ધ કરેલા મૌલાના આઝાદના જીવનચરિત્રનો આ અનુવાદ છે રામગઢની કોન્ગ્રેસના વરાયલા પ્રમુખ મૌલાના સાહેબનો અંગ્રેજી વાચતી પ્રજાને પરિચય કરાવવાનો મુખ્ય ઉદ્દેશ રાખી આ પુસ્તક લખાએલું છે રાષ્ટ્રપતિ તરીકે મૌલાના આઝાદે રાજકીય વાટાઘાટોમા જે કુનેહ અને કુશળતા દાખવ્યાં છે અને પોતાની અતુલ શક્તિનો પરિચય આપ્યો છે તેની ટૂંકી નોંધ અનુવાદકે ઉમેરી હોત તો આ પુસ્તક વિશેષ સમૃદ્ધ થાત એમ લાગે છે ગાંધીજીએ અંગ્રેજી પુસ્તકના ઉપોદ્ઘાતમા લખ્યુ છે કે "ઈસ્લામ વિષેની એમની શ્રદ્ધા જેવી અડગ છે તેવી જ અડગ એમની રાષ્ટ્રીય ભાવના પણ છે " અને એ અડગ રાષ્ટ્રીય ભાવના મૌલાના સાહેબે પોતાના જીવનમા ઉતારી તે માટે તમામ સહન કરી છૂટ્યા છે

એમનું જીવનચરિત વાચતાં રાષ્ટ્રપ્રમુખ તરીકે એમણે વ્યક્ત કરેલી શક્તિઓનો અને ભાવનાઓનો નાનપણથી થયેલો સુંદર વિકાસ જાણવા મળે છે મૌલાના સાહેબના પૂર્વજ શેખ જમાલુદ્દીને મોગલ બાદશાહ અકબરના વખતમા સારી નામના મેળવી હતી, અને તેમનાથી આઠમી કે નવમી પેઢીએ મૌલાના સાહેબનો જન્મ થયેલો છે એમના પિતાનુ નામ મહમદ ખેરૂદ્દીન હતું અને તે વિદ્વાન અને સૂફી હતા, અને હિંદમાં તેમના ઘણા શિષ્યો હતા ૧૮૫૭ મા અંગ્રેજોએ દિલ્હી સર કર્યા પછી જે ખૂનામરકી કરી તેમાથી જીવ બચાવવા જે હજારો માણસો નાસી છૂટ્યા તેમા મૌલાના સાહેબના પિતા પણ હતા તે રામપુરના નવાબની મદદથી મક્કા પહોંચ્યા અને મક્કામાં શેખ મહમદ ઝહીર વેટ્રીનામના આલીમની દીકરી સાથે તેમના લગ્ન થયા મૌલાના સાહેબનુ બાળપણ અરબસ્તાન માજ પસાર થયેલુ એમના પિતાએ ૧૮૮૦ થી હિંદુસ્તાનમા આવવુ શરૂ કરેલું, પરંતુ શિષ્યોના આગ્રહથી છેવટે ૧૮૮૮મા કલકત્તામા એમણે કાયમનો વસવાટ કર્યો ચૌદ વર્ષ પહેલા તો આ બીનો મૌલાના સાહેબે સરસ અભ્યાસ કરેલો, અને પિતાએ તેમને અંગ્રેજી નિશાળે મોકલ્યા નહિ, પણ ૧૯૦૫મા કૈરોના અલ-અઝરાર વિશ્વવિદ્યાલયમા આ બીના ઉચ્ચ અભ્યાસ માટે મોકલેલા ત્યા બે વર્ષ રહી ૧૯૦૭મા તે હિંદ પાછા ફર્યા 'સત્યની વાણી' નામનું એમણે પહેલું પત્ર શરૂ કરેલું અને તેમાં સર સૈયદ અહમદખાન

પર ઉર્દૂમાં લખાયેલા પુસ્તકની તેમણે સમાલોચના કરી તેથી લોકોનું ધ્યાન ખેંચાએલું. લાહોરના પ્રતિષ્ઠિત માણસોની સભામાં ૧૯૦૩માં વાર્ષિક વ્યાખ્યાન આગળ "સિઆનુ સિલહક"ના આ બુદ્ધિશાળી તંત્રીને આમંત્રણ મળ્યું, ત્યાં મહાકવિ હાલા, ઉર્દૂના ગદ્યલેખક નઝાર અહમદ, કવિ ઈકબાલ વગેરે હાજર હતા. જ્યારે એ સભામાં ચૌદ પંદર વર્ષનો છોકરો હાજર થયો ત્યારે બધાંના આશ્ચર્યનો પાર ન રહ્યો! અને 'ધર્મ અને બુદ્ધિ'ના સંબંધ વિષેનું એનું વ્યાખ્યાન સાંભળી તેથી વિશેષ આશ્ચર્ય ફેલાયું, ત્યારથી મુસ્લિમ જગતમાં એમણે કાયમી નામના મેળવી, 'દોરંગી આલમ'માં મૌલાના સાહેબ કવિઓનાં કાવ્યો છાપવા તથા કવિતા લખતા અને 'આઝાદ'ને આ બાળકવિએ સ્વીકારેલું તખલ્લુસ હતું, જે આજ સુધી કાયમ છે.

૧૯૦૭માં ઇજીપ્તથી પાછા ફર્યા પછી મૌલાના સાહેબનું મનોમંથન ચાલતું હતું, કારણકે તે વેળાએ જુવાન હિંદ બ્રિટિશની તાબેદારીમાંથી નીકળી આઝાદ થવાની ઝુંબેશ ચલાવતું હતું તે વેળાએ મુસલમાનો સરકાર પ્રત્યે વફાદારીના સૂત્રને અનુસરતા હતા પોતાના સહધર્મીઓ સર સૈયદ અહમદની વિચારસરણી પ્રમાણે આવો ભાગ ભજવે તે તેમને અસહ્ય લાગ્યું. પોતાની કોમના માનસમાં પરિવર્તન કરાવવા તેમણે નિશ્ચય કર્યો, અને તે માટે લોકોનાં મનમાં અલીગઢના સંપ્રદાયની નીતિસામે બળવાની ભાવના પેદા કરવી તેમજ અંગ્રેજોએ મુસલમાનોમાં અંગ્રેજી રાજ્ય પ્રત્યે વફાદારીની જે ભાવના પોષી છે તેની જડ ઉખેડી નાખવી, એમ નિર્ણય કર્યો, અને તે પ્રમાણે મુસ્લિમ કોમની સેવા માટે 'અલહિલાલ' (બીજનો ચંદ્ર') નામનું ૧લી જૂન ૧૯૧૨ના દિવસે સાપ્તાહિક શરૂ કર્યું. તે વખતે તેમની ઉંમર ૨૪ વર્ષની હતી. ત્યારથી મુસ્લિમ જગતે તેમને મૌલાના એટલે 'આપણા આગેવાન' તરીકે સ્વીકાર્યા. છ મહિનામાં એ પત્રની અગિયાર હજાર નકલો ખપવા લાગી, અને પહેલા વિશ્વયુદ્ધ દરમ્યાન પચીસ હજાર નકલો ખપવા લાગી. એમાંના લેખો પર સરકારની ચાંપતી નજર હતી. ૧૯૧૫માં સરકારે બંગાળમાંથી હદપાર કર્યા અને રાંચી ગયા. ત્યાં હિંદી સરકારે તેમને નજરકેદ કર્યા તે ૧૯૨૦ના આરંભ સુધી પૂરી રાખ્યા.

મૌલાના સાહેબ ગાંધીજીને ૧૮મી જાનેવારી ૧૯૨૦ના રોજ મળ્યા, અને અસહકારનો કાર્યક્રમ એમને રુચી ગયો. કલકત્તામાં ભરાએલી બીજી ખીલાફત પરિષદ સમક્ષ એ કાર્યક્રમ એમણે પ્રમુખ તરીકે રજુ કર્યો. ત્યાર પછી એમણે અનેક ભાષણો કર્યાં, અને લાહોરમાં ઉલેમાઓની એક ખાસ પરિષદ ભરાઇ તેમાં દેશના હજારેક ઉલેમા આવ્યા હતા, તેમણે મૌલાના આઝાદને આખા હિંદને માટે ઈમામ–સૌથી મોટા ધર્મગુરૂ–નીમવાનો ઠરાવ કર્યો; પણ મૌલાના સાહેબે એ પદ લેવાની ના પાડી. ૧૯૨૩માં જેલમાંથી પાછા ફર્યા પછી પણ એમને એ માટે આગ્રહ થયો, પણ એ પદ એમણે ન સ્વીકાર્યું. ૧૯૨૧માં હિંદી સીપાઇ અને મુલ્કી નોકરોને સરકાર જોડેનો સંબંધ છોડવા મહાસભાએ જાહેરનામું બહાર પાડેલું તે પર પહેલી સહી ગાંધીજીની અને બીજી સહી મૌલાના આઝાદની હતી. ૧૯૨૧માં અમદાવાદમાં ભરાનારી મુસ્લિમ લીગનું પ્રમુખપદ મૌલાના આઝાદ લેનાર હતા, તે પહેલાં તેમને કારાવાસમાં પૂર્યા. સજા થતાં પહેલાં એમણે કોર્ટમાં લાંબુ નિવેદન કર્યું ત્યારે 'મારી કોમને અને મારા દેશને તેમના હક ને તેમની આઝાદી માગવાની બાર વરસથી તાલીમ આપી રહ્યાનું જણાવ્યું. તેમજ "શસ્ત્રબળની સામે શસ્ત્રબળથી વિરોધ કદી ન જ કરવો જોઈએ, એવું મહાત્મા ગાંધી માને છે, પણ હું નથી માનતો... મારી પાકી ખાતરી છે કે હિંદ શસ્ત્રબળ વડે ફતેહ મેળવી શકે એમ નથી, તેમજ એ રસ્તો લેવો એને માટે લાજમ નથી." એમ જણાવી પોતાની નીતિ સ્પષ્ટ કરી કહ્યું. મૌલાનાએ કુરાનનું ઉર્દૂમાં સટીક ભાષાંતર કરેલું છે તે પ્રખ્યાત છે.

૧૯૨૨માં ગાંધીજી જેલમાં ગયા પછી રાજકીય ઓટ શરૂ થઇ અને ૧૯૨૩માં ધાર્મિક હુલ્લડો થયાં. ૧૯૨૪માં ગાંધીજીના ઉપવાસ પછી એકતા પરિષદ ભરાઇ તેમાં મૌલાના સાહેબે મહત્વનો ભાગ ભજવેલો. ૧૯૨૩ના સપ્ટેમ્બરમાં દીલ્હીમાં મહાસભાની ખાસ બેઠક મળી તેના મૌલાના સાહેબ પ્રમુખ હતા અને ફેરવાદી અને નાફેરવાદી વચ્ચે એમણે તોડ કાઢી સમાધાન કરાવેલું: ૧૯૨૩માં શરૂ થયેલાં ધાર્મિક

હુલડો ૧૯૨૭ સુધી ચાલુ હતાં પણ ૧૯૨૭માં સાયમન કમીશનના આગમનથી ફરી રાજકીય જાગૃતિ શરૂ થઇ તે ૧૯૩૦ની ઐતિહાસિક લડતમાં પરિણમી તેમાં પણ મહાસભાના કામચલાઉ ઉપપ્રમુખ તરીકે મૌલાના સાહેબ પકડાયા.

૧૯૩૫ના ગજબંધારણે પ્રાંતિક સ્વશાસન આપ્યું અને કોન્ગ્રેસે પ્રાંતિક સરકારમાં હોદ્દા સ્વીકારવાનો નિર્ણય કર્યા પછી મૌલાના સાહેબ ૧૯૩૭થી પાર્લામેન્ટરી પેટાસમિતિના સભ્ય નિમાયા, અને રાજેન્દ્રપ્રસાદ તથા સરદાર વલ્લભભાઇ સાથે કુશળતાપૂર્વક બંધારણીતંત્રને માર્ગદર્શન આપ્યું અને નવી ચુંટણીઓ પછી પણ આપે છે. તેમાથી એમની મુત્સદ્દીગીરી વિષે માન પેદા થાય છે. કોન્ગ્રેસનાં પ્રધાનમંડળોએ રાજીનામાં આપ્યાં પછી લીગે 'મુક્તિ દિન' ઉજવ્યો તે પર મૌલાના સાહેબે તમામ આક્ષેપોનો જવાબ આપતું નિવેદન પ્રસિદ્ધ કરેલું છે અને તેમાં તમામ આક્ષેપો સાવ પાયા વિનાના છે, એમ જણાવેલું છે.

૧૯૪૦ના માર્ચ માસમાં ૧૮૫૪ વિરૂદ્ધ ૧૮૩ મતે મૌલાના સાહેબની મહાસભાના પ્રમુખ તરીકે ચૂંટણી થઇ ત્યારથી ૧૯૪૬માં એ પદથી એ નિવૃત્ત થયા ત્યાં સુધીમાં હિંદી રાજકારણમાં અને દુનિયામાં અનેક મહત્વના બનાવો બની ગયા. પરંતુ ૧૯૪૨માં ક્રીપ્સ સાથેની વાટાઘાટોમાં તેમજ પહેલી સીમલા પરિષદમાં તથા કેબિનેટ મિશન સાથેની લાંબી અને મુત્સદ્દીભરી વાટાઘાટોમા જે બુદ્ધિની સમતુલા જાળવી રાષ્ટ્રીય ધ્યેયને નજર સમક્ષ રાખી મૌલાના સાહેબે પોતાની અથાગ શક્તિનો પરિચય કરાવ્યો છે તે માન પ્રેરે તેવો છે. શ્રી ઝીણા એમને કોન્ગ્રેસના 'show-boy' કહી હલકા પાડવા પ્રયત્ન કરે છે તે કેટલું જૂઠાણું છે અને મૌલાના સાહેબ દેશના સાચા અને પ્રખર રાષ્ટ્રનાયક છે તે આ જીવનચરિત્ર વાંચવાથી જણાશે.

પુસ્તકનો અનુવાદ સુવાચ્ય છે

※

આયાત અને નિકાસ

"૧૯૩૮ દરમિયાન હિંદુસ્તાને અમેરિકાથી ૩,૩૫,૦૦,૦૦૦ ડોલરના માલની આયાત કરી હતી. આયાતનો એ આંકડો ૧૯૪૨ માં વધીને ૬,૦૦,૦૦,૦૦૦ ડોલર ઉપર પહોંચેલો તે પછી હિંદમાં આયાત ઉપર અંકુશો મુકાયા તેથી અને બીજાં કારણોસર એ આંકડો ઓછો થતો આવ્યો છે.

હિંદમાંથી ૧૯૩૮ દરમિયાન ૫,૮૦,૦૦૦ ડોલરનો માલ અમેરિકા નિકાસ કરવામા આવેલો. ૧૯૪૫ મા એ આંકડો ૧૪,૯૦,૦૦,૦૦૦ ડોલર ઉપર પહોચી ગયો હતો."

દાના મહેતરનો બોલ ગણેશ મહેતરને રૂંવે રૂંવે વ્યાપી ગયો. આખી જિંદગીમાં આવું મહેણું એણે કોઈનું ખાધું ન હતું. પરંતુ દાનાનો બોલ એવો હતો કે, ગણેશને સહેજે જ છૂટકો. –

મહેતર વાસમાં બે પાડિયાં હતાં. એક દાના મહેતરનું પાડિયું, ને બીજું ગણેશ મહેતરનું. વળી એ બે ભાગ બીજા નામથી પણ ઓળખાતાં. વીરા બાપા-વાળા અને જેશંગ મોટાવાળા. અને એ નામ ગામની પાટીદાર વસ્તીની બે પાટીઓ ઉપરથી મહેતરોએ પાડયું હતું. ગામની પાટીદારની સો ઘરની વસ્તી મૂળે તો એક જ બાપની પ્રજા હતી. પરંતુ બે ભાઇઓનો એ વસ્તાર. એના મૂળ પુરુષ વીરાભાઈ અને જેશંગ-ભાઈ ઉપરથી વીરા બાપાવાળા અને જેશંગ મોટા-વાળાના નામે ઓળખાતો. અને એ જ નામ મહેતરની બે પાટીઓએ પણ સ્વીકારી લીધું હતું. દાના મહેત-રનો ભાગ વીરા બાપાવાળાના કુટુંબવાળા પાટીદારોનો મહેતર ગણાતો. અને ગણેશ મહેતરનો ભાગ જેશંગ મોટાવાળાનો વણકર ગણાતો.

પાટીદારોનાં એ બંને કુટુંબ એક હોવા છતાં, વીરા બાપાવાળા મોટાભાઈની પ્રજા હતી એટલે પોતાને જેશંગ મોટાના ભાગ કરતાં ઊંચી ગણતી હતી. વળી ખાધેપીધે પણ એ ભાગ વધારે લીલો હતો, એટલે એમની એ મોટાઇનું અહમ્ ગામમાં પોષાતું પણ ખરું.

અને જેમ પાટીદારોમાં મોટાઈની હુંસાતુંસી હતી તેમ મહેતરવાડમાં પણ હતી. દાના મહેતરનો ભાગ પોતાને વીરા બાપાનો હોવાથી મોટો માનતો હતો. જ્યારે બીજી બાજુ ગણેશ મહેતરનો ભાગ કમાણીમાં આગળ હતો એટલે એમની નાતમાં એ આગળ પડતો ગણાતો હતો. છતાં એમની મોટાઇ ગામમાં તો દાના મહેતરવાળા ચાલવા દેતા નહિ.

આ ખેંચતાણ, પહેલાં તો કોણ જાણે આટલી હદે હોય તો, બાકી છેલ્લાં દસ વર્ષથી આ બે ભાગમાં જૂના આગેવાન મરી જતાં, દાના ગણેશના વખતમાં વધતી જતી હતી.

એ દસ વર્ષના ગાળાની વાતમાંથી જ દાનાએ ગણેશને બોલ માર્યો હતો.

વાત જોવા જાય તો આજના માણસને તો કંઇ અસર જ ન થાય. પરંતુ ગઈકાલનાં આ માનવીઓના ધાતુને અજ્ઞાની ભઠ્ઠીમાથી પકવી બહાર કાઢયા પછી સહેજ-વધુ પડતું પાણી પવાઈ ગયું હતું; જેથી વધારે પાણીવાળાં એ માનવી સહેજ પણ ટકોરો ખમી શકતાં નહિ.

સામાન્ય રીતે પાટીદારના જે ભાગમાં લગ્ન-મરણ પ્રસંગે જમણવાર હોય ત્યારે એના ભાગના મહેતર-વાસને જમણનો લ્હાવો મળતો. પરંતુ જ્યારે એવો કોઈ પ્રસંગ બન્નેમાંથી ઊજવાય ત્યારે ગામની અઢારે ય વરણને જમવાનું મળતું.

એવો એક મરણનો પ્રસંગ વીરા બાપાના ભાગમાં ઊજવાયો હતો. બધા મહેતર જમીને વાસની વચ્ચે લીમડાના ઓટલા ઉપર બેસીને હુક્કાઓ પીતા હતા. અલકમલકની વાતો ચાલતી હતી. તેમાંથી પોતાના પટેલોની વાત નીકળી.

અને દાનાના લોહીમાં અભિમાન ઉછળી આવ્યું: 'ગણેશ મહેતર! અમથા ફોધું, તું ને તારો ભાગ ગમે તેટલી મોટી મોટી વાતો કરો; પણ અમારા પટલને ઘેર આ હોતા તમે ત્રણ વખત જમ્યા. અને દસ વરસમા બતાવ એકે ય વખત જો અમે તારા પટલને ઘેર મોં ગળ્યું કર્યું હોય તો!'

ગણેશ મહેતરના પેટમાં ગયેલો ધુમાડો વિચા-રના વમળમાં ને વમળમાં અંદર જ અટવાઇ ગયો. ગણેશથી કંઈ સામો જવાબ અપાય તેમ હતો જ નહિ. એના પટેલોમાં–જેશંગ મોટાવાળામાં–સાચે જ છેલ્લાં દસ વર્ષમાં એક પણ પ્રસંગ સમગ્ર ગામ જમ્યાનો બન્યો ન હતો. એને કારી ઘા લાગ્યો— મારા પટલને ઘેર આવો પ્રસંગ ન થયો ત્યારે મારે મહેણું સાંભળવું પડયું ને?

પણ એનો ઘા તે વખતે ખમી લેઇને ગણેશ મહેતરે મનમાં ગાંઠ વાળી. એ રાત્રે તો ગણેશને ત્યારે જ ઊંઘ આવી કે, જ્યારે એમ મને નક્કી

કરી નાખ્યું: 'હવે કોઇ એવો પ્રસંગ આવે તો મારા પટેલને પાછા જ ન પડવા દઉં. ગામ કરાવું-ત્યારે જ જંપું.'

*

પ્રભુની માયા, તે દોઢ જ મહિનો એ વાતને વીત્યો અને જેશંગ મોટાના કુટુંબમાંથી પંચોતેર વર્ષના વસ્તા પટેલ દેવ થયા. પરંતુ સ્થિતિ એવી કે ગામ તો શું પણ કુટુંબેય ન જમાડી શકે! એ તો ગયા, પણ એમના એકના એક દીકરા મોહનને મોટો ધ્રાસકો પડ્યો. બાપ ગયાના આઘાત કરતાં ય મોટો, અને તે બારમું શી રીતે કરાશે?

બપોરે એમને અગ્નિદાહ દઈને આવ્યા પછી ટાઢો પહોર થતાં મોહન બળદ લેઈને ખેતર જવા તૈયાર થયો. ખડકીની બહાર માથે બાપના સૂતરનું ઓઢીને એ નીકળ્યો ત્યાં સામે ગણેશ મહેતર મળ્યો. એના પગ થંભી ગયા. ગળગળો થઈ જતાં એણે વસતા પટેલના મોતનો શોક દર્શાવ્યો.

અને સજળ આંખે ગણેશ મહેતરે કહ્યું: 'મોહન મોટા! હું તમને બે વાનાં કહેવા આવતો'તો?

'શાં?'

ગણેશ મહેતરે પગ ઉપાડતાં કહ્યું: 'એમ અધવચારે રસ્તામાં શું કહું! ચાલોને હુંય તમારી જોડે ખેતરમાં જ આવું. મોકળાશથી વાત પણ થશે?'

મોહનને કલ્પના પણ નહોતી આવતી કે આ મહેતરને વળી મને બે વાનાં શાં કહેવા હશે. ડચકારો કરીને, બળદનું પૂછડું ઝાલીને મોહને બળદને ઝડપમાં ચલાવ્યો. એણે પણ પગ જોરમાં ઉપાડ્યો.

ગણેશના પગમાં તો વેગ માતો જ ન હતો! ખેતર તળાવની પાળ ઉપર હતું. એમાં પેસી ઝાંપલી બંધ કરતાં ગણેશે શરૂઆત કરી: 'મોટા! આ વખતે નીચું ઘાલી જવાનું નથી; હોં કે?'

મોહનને હજુ વાતની ગંધ આવી ન હતી. એણે પૂછ્યું: 'અરે! ગણેશ મહેતર આજ ગાંડો થયો છે કે શું?'

એ પ્રશ્નને ગળી જતાં ગણેશ બોલ્યો: 'વસ્તા બાપા, ખાઈપીને અને ઘરની વાડીનો વેલો ખીલેલો જોઈને ગયા છે. તમારેય ભગવાનના આપ્યા ત્રણ દીકરા છે. સીત્તેર કરતાંય વધારે ઉંમરના થઈને બાપા ગયા છે. જેશંગ મોટાના કટમ પ્રમાણે એમની પાછળ ગામ કર્યા વગર ન ચાલે!'

ઓચિંતો માથામાં કોઈ ડંગ મારે ને માણસ તમ્મર ખાઈને નીચે ગબડી પડે, તેમ મોહનના મગજે વિચારની તમ્મર ચડી ગઈ. ઘડીકતો જવાબ આપવાની સૂઝ પણ જતી રહી.

ગણેશ મહેતરે ઉમેર્યું: 'શું કીધું. મોટા! આ વખત બાપા પાછળ ગામ ના થાય તો જેસંગ મોટાના કટમનું નાક જાય!'

મોહન સ્વસ્થ થતાં બોલ્યો: 'ગણેશ મહેતર, કંઇ ફટકી તો નથી ગ્યું ને?'

માથા ઉપર બે ત્રણ ટપલી મારી, મગજ સાબધું છે તેની ખાત્રી આપતાં ગણેશે કહ્યું: 'મગજ તો, મોટા, સાબુત છે. પણ ક્યારે ફાટી જાય એ શું કહેવાય?'

'એટલે?'

ગણેશ મહેતરે વાત વધુ ન લંબાવતાં દાના મહેતર સાથેનો પ્રસંગ કહી સંભળાવ્યો.

મોહને એ સાંભળી રહેતાં કહ્યું: 'એ તો ખરું, પણ મારું ગજું.....'

વચ્ચે ગણેશ મહેતર બોલ્યો; 'એ મારું અજાણ્યું ઓછું છે, મોટા!'

'તો?'

'એની તમારે ફકર ના રાખવી.'

'એટલે?'

'એકથી પાંચ હજાર સુધી, જેટલા જોઈશે તેટલા એકી કલમે હું ગણી આપીશ.'

મોહન મહેતરની આંખો સામે ઘડીભર તાકી રહ્યો.

ગણેશે કહ્યું: 'તે મોટા, પાછા લેવાની દાનત હોય એને ભરમાણી માતા પૂછે!'

મોહનના મને મોતી પરોવ્યાં : 'બારોબાર પારકે પૈસે જશ લેવાનો લ્હાવો આવ્યો કે શું ?'

વળી મન પાછું પડ્યું : 'મહેતરના પૈસા લઈ ને બાપ પાછળ ગામ કરું ? સાત પેઢીની લાજ જાય કે બીજું ?'

મોહનને મૂગો રહેલો જોઈ ગણેશ મહેતરને જંપ જ વળ્યો. એ બોલ્યો: 'જુઓ મોટા, તમે ના કે'સો તે હું માનવાનો નથી. એક વખત તમારા બેઉ ભાઈને ભેગા કરો. કાગળિયું કરાવો. કેટલો આંકડો થશે તે મને કે'જો.' અને સ્હેજ થંભીને એણે કહ્યું : 'વાતનું પેટમાંથી પાણી હાલવા દઉં તો બે બાપનો કે'જો.'

મોહને બોલવા મોં ઉઘાડ્યું : 'પણ...પણ...'

'મોટા, તમારા રુદિયામાં એ મારા રુદિયામાં. જેસંગ મોટાના કટમનું નામ કપાય તેવું હું ના કરું. મહેતરના પૈસા લઈને કર્યું એમ જણાય ત્યારે તો કટમની અડખ (ઉપનામ) પડી જાય, એ મારી જાણ બહાર નથી.'

મોહનના મોંમાં પણ પાણી આવ્યું.

ગણેશ મહેતર આગળ બોલ્યો : 'તમ-તમારે કે'શો ત્યારે આ ખેતરમાં દૂધાં દાટવી જઈસ.'

તે વખતે બાબાશાહી રૂપિયા મોટી મોટી દૂધીને સૂકવી નાખી, તેમાંથી ગર્ભ કાઢી નાખી, એના ખોખામાં ભરવામાં આવતા, દૂધીની કોથળીઓ !

વસ્તા બાપા પાછળ આખું ગામ ! મોહનનું પાટીદારિયા લોહી જાગી ઊઠ્યું. ગણેશ મહેતર ગામના શેઠ શાહુકાર કરતાં વધારે લીલો હતો, એમ વાતો તો થતી જ. એટલે મોહનને એનું કહેવું હસવા જેવું ન જ લાગ્યું. અને ઉપરથી એટલી મોટી રકમ આપ્યા પછી, પાછી લેવાની દાનત ન હતી કે વાતની ગંધ પણ બહાર આવવા દેવાની વાત ન હતી.

મોહનના અભિમાનના કેડિયાની કસો પૂરેપૂરી ફાટી ગઈ. એણે કહ્યું : 'ગણેશ મહેતર, જો જો હોં, પાછું મારે મરવા વખત ના આવે.'

ગણેશ પાછો ભગત હતો. બારણે કાયમ તુલસીનો છોડ રાખતો. એ તુલસીને યાદ કરતાં એ બોલ્યો: 'અરે, મારા બાપ ! એ શું બોલ્યા ! તમારા પહેલાં મારે મરવું પડે.' અને સ્હેજ રહીને એણે ઉમેર્યું: 'તુલસીના સમ' જો એમાં મીનમેખ થાય તો.'

તૃપ્તિનો ઓડકાર આવે તેમ મોહનને ધરપત આવ્યું.

કંઈ વાત રહી ગયેલી યાદ આવી હોય તેમ ગણેશ મહેતરે પાછું કહ્યું : 'ભૂલ્યો પાછો હું તો. અરે ! આખું કોળું શાકમાં જતું રે'તું'તું ને !'

'શું ?' મોહનને હવે ચટપટી શરૂ થઈ ગઈ હતી.

'જુઓ, વીરા બાપાવાળાના કટમ પ્રમાણે આપણે લાડવા નથી કરવા.........'

'ત્યારે ?' મોહને પૂછ્યું.

'છૂટું ચૂરમું અને ઉપર ઘી !'

મોહનના બાપનું એમાં શું જવાનું હતું ? એને તો ઊલટો વધુ જુસ્સો આવ્યો. એણે કહ્યું:

'તમારો એવો વચાર હશે તો એમ.'

'પણ એક શરત.' ગણેશ મહેતરે મોહનની સામે તીક્ષ્ણ દૃષ્ટિ કરતાં કહ્યું.

મોહનને થયું—મારો બેટો કંઇ પાછો ખસે છે કે શું ? અને એ ભાવથી સ્હેજ ઊંચા થતાં એણે પૂછ્યું. 'શી શરત ?'

ટટાર થતાં ગણેશ મહેતરે કહ્યું: 'એમાં પા ટકો અણીપૂણી ના થવી જોઈએ.' અને ઊંડો શ્વાસ લઈને એણે મનનો ભાવ જણાવ્યો: 'અમે બધા મહેતર જમવા બેસીએ ત્યારે ઘીની વાઢી લઈને પીરસવા તમારે આવવાનું. દાનાના બાજમાં હું ના કહું ત્યાં સુધી ઘી પીરસ્યા જ કરવું.' તે ભાર દઈને એ બોલ્યો: 'મોંઘે રેલો જાય તો ય પાછું વાળીને જોવાનું જ નહિ. હું ઈશારો કરું ત્યારે જ વાઢી વાળી લેવી.'

વસ્તા પટેલને દેવ થયાં પાંચ દા'ડા થયા અને આજ છઠ્ઠું પરભાત હતું ત્યાં પૂળા રાતે પાટીદારના

બેઉ ભાગમાં સાદ પાડ્યો. આ સાદ પાછળ ગામ કરવાનું હોય ત્યારે જ પડતો. તે દા'ડે બેઉ ભાગના ભયાતો ભેગા થતા. નાતની કુળ ઝપટ દીકરીઓને બારસની ચિઠ્ઠીઓ લખાતી સરસામાન લાવવાની યાદી તૈયાર થતી.

એ સાદ સાંભળતાં દરેકને ધરતી ફાટી કે શું, એવો અચંબો થયો. વરતા પટેલ પાછળ કુટુંબ જ મોં ગળ્યું કરશે કે કેમ, એની જ્યાં શંકા હતી ત્યાં ગામનો સાદ!

જે હોય તે ધૂળા રાતને તોડી ખાય: 'અલ્યા, તેં ભાંગબાંગ તો નથી પીધી ને?'

એક બે ડાહ્યા આગેવાન મોહનને ઘેર જઈ, *એને ખાનગીમાં પૂછી ખાત્રી પણ કરી આવ્યા.* નગારા ઉપર દાંડી પિટાય તેમ છાતી ઉપર હાથ ઠોકીને મોહન દરેકને ખાત્રી આપતો કે, 'એ સારું તો બાપા, ખાધાપીધા વગર ભેગું કરતા ગયા છે. મરતી વખતે કહેતા ગયા છે કે મારી પાછળ કસર ના રહે!'

વહાણનું સફાન ફરે તેમ દરેકના વિચાર ફર્યા.

આધેડ કહેતાઃ 'વરતાએ ખરી કરી. આખી જીંદગી રોટલો ને મરચું ખાધું. કને ટકા છે એ મરતાં સુધી જાણવા ન દીધું અને મારો બેટો બધાંને બનાવી ગયો!'

જુવાનિયા હસવા લાગ્યાઃ 'શું થઈ-માણસનો જીવ છે! જાતે ખાધું નહિ, પીધું નહિ, ને મર્યા પછી વાપરવા ભેગું કર કર કર્યું?'

બૈરાં કહેતાં: 'આનું નામ તે જીવી જાણ્યું. પોતે ખાય પીએ તેમાં શું વળ્યું? પણ કટમનાં, ગામનાં છોકરાંને મોઢે, ગરીબ ગરબાને મોઢે અને કુતરાંને મોઢે જાય ત્યારે એનું નામ પેદા કર્યું કહેવાય!'

નાતના ડેલામાં જોતજોતામાં માણસ ચિકાર થઈ ગયું. કોઈ વખત નહોતું ભરાયું તેટલું માણસ આવ્યું. દરેકના કુતૂહલનો પાર ન હતો. અંદર સમાવેશ થાય એવો ન રહ્યો એટલે મોહને ધૂળા રાતને બૂમ પાડતાં કહ્યુઃ 'જો અલ્યા, ઘેરથી આથર લેઇ આવ. બહાર પથરાય એટલે બધાંને નિરાંતે બેસતાં તો ફાવે.'

મોહનને જાણે આજ દરેક પહેલ વહેલા જોતા હોય તેમ તાકી તાકીને જોયા કરતા હતા.

આવા પ્રસંગનો બધો કારભાર કરતા છગન પારેખે સરસામાનની યાદી કરવા હાથમાં કાગળ ને કલમ લીધાં.

મોહન એમની પાસે જઇને બેસતાં બોલ્યોઃ 'પારેખ કાકા! લાડુ સમજીને પાછું ચિતરામણ ના કરતા!'

'ત્યારે?'

'ચૂરમું ને છૂટું ઘી કરવાનું છે.'

'હેં!' ત્યાં બેઠેલા મોટા ભાગના માણસોનાં મોં ફાટી ગયાં.

વીરા બાપાના કુટુંબના બંધા આગેવાનોએ મનમાં ને મનમાં હાથના પડોચા કરડયાઃ 'મારો બેટો વરતો, જતાં જતાં ખરું કુટુંબનું નાક કાપવાનો ઘાટ ઘડતો ગયો!'

ઘૈડાંની આંખમાં લક્ષ્મીની કરકર આવી હોય તેમ એકાદ બે જણ બોલી ઊઠયાઃ 'મોહન! અલ્યા કહે તો ખરો, બાપા કેટલાક ભોંયમાં ભંડારતા ગયા છે?'

મોહન મૂછમાં હસીને કહેતોઃ 'તમે ય શું કાકા, મશ્કરી કરો છો! એમને એમનું થઈ રહે એટલે બસ!'

વરતા પટેલ ઉપર જાણે પૂરેપૂરી રીસ ચડી હોય તેમ છગન પારેખ અને બીજા પાંચ આગેવાન દાંત પીસીને યાદી તૈયાર કરવા લાગ્યા. જાણે એમના અંતરમાં વેરવૃત્તિ ન ઘુંટાતી હોયઃ 'આમે ય મારો બેટો આપણને બનાવી ગયો, ત્યારે જે ચપટીમૂઠી મંધયું હોય તે સાફ જ કરી મૂકો!'

યાદી મોહનના હાથમાં આપતાં છગન પારેખ બોલ્યાઃ 'બહુ બહુ તો ત્રણથી સાડત્રણમાં પતી જશે!'

મોહને યાદી ઉપર આંખ ફેરવતાં કહ્યું: 'ચાર હજાર થાય તો ય કરવા બેઠા પછી કંઈ ગો પીઈ જવાય છે!'

બધા દાંત કચકચાવીને વિદાય થયા.

બપોરના બાર વાગ્યાથી જમણવાર માટે જે પંગતો પડવે જતી હતી, તે સાંજના સાડાચાર વાગે ગામના મહેતરોનો વારો આવ્યો. ગણેશ મહેતર એના મનનો ઉમંગ બહાર જણાવા દીધા વગર વર્તન કરતો હતો. બધાંની વ્યવસ્થિત પગંત ગોઠવવાની, કાંઈ રહી ગયું હોય તો સંભારવાની, ગાંઠું હોય અને ન આવ્યું હોય તો એને માટે ભાણું લેઈ જવાની, કંઈ કહેતાં કંઈ કહેવત ન આવે તેની જવાબદારી ગણેશની હતી. કારણ કે એના પટેલને ઘેર અવસર હતો.

બધાંને પંગતમાં બેસાડી દીધાં. પોતાની યોજના પ્રમાણે દાના મહેતરને પોતાની સાથે પહેલો બેસાડ્યો.

પીરસવાનું શરૂ થયું.

ઘી પીરસવાનો વારો આવતાં મોહન પિત્તળની વાઢી લેઈને આવ્યો.

'ના, ના,' મહેતર કહેતા જાય છે છતાં મોહન દરેકને આગ્રહ કરીને ઘી પીરસે છે. કોઇ કોઈ 'બસ, બસ,' કહેતાં બાજ ઉપર આડા હાથ દેતા છતાં ઘીની ધાર અટકતી નહિ.

વચ્ચે દૂર દૂરથી દાના મહેતર બોલી ય ઊઠયા હતા કે, 'નાહક ઘી શું કામ બગાડો છો.'

એમ કરતાં કરતાં, ગણેશ મહેતર જે ઘડીની આતુરતાપૂર્વક કેટલા ય દિવસથી રાહ જોતો હતો તે પળ આવી પહોંચી. એની આંખે અધીરાઇથી મોહનને હેલાળો મારી આપ્યો.

મોહનને તો કહેવાનું જ શું હતું? એણે તો ભખ ભખ કરતી આખી વાઢી જ ઊંધી વાળે તેમ ઘી ધડધડાવ્યું.

'બસ! બસ!' કરતાં દાના મહેતરે આડા હાથ ધર્યા.

પણ ઘીની ધાર અટકે ત્યારે તો ગણેશ મહેતરની મહેચ્છા ધૂળમાં જ મળે ને!

બાજમાંથી છેવટ ઘી રેલાઇને ભોંયે વહેવા લાગ્યું. દાનો મહેતર પોકારી ઊઠયો: 'બસ, બાપા બસ! ઘી ભોંયે રેલાઇ હેંડયું, ખમા કરો હવે.'

ગણેશ મહેતરની પળ ભરાઈ ચૂકી. દાનાના વાંસામાં ઠાંસો મારતાં એણે કહ્યું: 'ખા, ખા, હવે. પૂછડા નીચે ઢેખાળો મૂકી ખવાય તેટલું. અમારા પટલ કંઇ તારા પટલ જેવા ભિખારી નથી કે લાડવા વાળે!'

※

'વેજીટેબલ ઘી'

આ પદાર્થ પ્રથમ હોલેંડ, બેલ્જીઅમ, જર્મની વગેરે યુરોપિયન દેશોમાંથી હિંદમાં આયાત કરવામાં આવતો હતો. ૧૯૪૨થી એ ધંધો હિંદમાં શરૂ થયો. આજે હિંદમાં દરરોજ ૩૦૦ ટન વનસ્પતી 'ઘી' તૈયાર થાય છે. ૧૯૩૭માં આ દેશમાં એની વાર્ષિક વપરાશ ૨૬,૦૦૦ ટનની હતી. ૧૯૪૫માં તે વધીને ૧,૩૭,૦૦૦ ટને પહોંચેલી.

(મુંબઇનું ઘી મરચંટસ એસોસીએશન)

વૈજ્ઞાનિક જગતના આંદોલનો લોકભોગ્ય ભાષામાં વર્ણવતી માસિક નોંધઃ

विज्ञानदर्शन

શ્રી. બંસી ગાંધી बी. एससी.
પ્રોફે. જયંતીલાલ દ. ઓઝા, एम. एससी.
ડૉ. નરસિંહ મુ. શાહ एम. एससी. पी. एच. डी.

વિજ્ઞાન અને સાહિત્ય

ગૂજરાતી સાહિત્ય પરિષદના વિજ્ઞાન વિભાગના પ્રમુખ ડૉ. કુંવરજી ગોસાંઈ નાયકના રસદાયી ભાષણનો ઉપયોગી ભાગ નીચે આપીએ છીએ.

મારા મનમાં ભાવિ હિન્દનું જે ચિત્ર છે એમાં વિજ્ઞાનનું સ્થાન ઘણું અગત્યનું છે. આપણી સાહિત્યની સંસ્થાઓએ અને આપણા સાહિત્યકારોએ વૈજ્ઞાનિકો સાથે વધુ ગાઢ સંપર્ક સાધવો પડશે. આ ખાસ જરૂરનું છે, કારણ કે સાહિત્યકારે એવા પ્રકારનું વસ્તુ સાહિત્ય સર્જન માટે પસંદ કરવું પડશે જે રજૂઆતની શૈલીથી નિરપેક્ષ રહીને પણ વાચકને માટે રસપ્રદ નીવડે. જો વસ્તુની પસંદગી બરાબર રીતે કરવામાં આવે તો ભૌતિક શાસ્ત્ર અને ગણિતશાસ્ત્રનું કોઈ પણ પુસ્તક લોકપ્રિય અને શિક્ષણપ્રદ નીવડે. આવાં પુસ્તકમાં તે તે સમયનાં બે પ્રતિબિંબ પાડવાં જોઈએ. વળી તેમાં એવી વ્યક્તિઓનું ચરિત્રચિત્રણ હોય જેમણે વિજ્ઞાનની પ્રગતિને વેગ આપીને રાષ્ટ્ર-ઉત્થાનના કાર્યના મૂળમાં રહેલા આદર્શો અને હેતુઓની વિશદ છણાવટ કરી હોય. આપણા ભવિષ્યના સાહિત્ય માટે વિજ્ઞાન સુંદર સામગ્રી પૂરી પાડી શકે એમ છે. વૈજ્ઞાનિક પદ્ધતિના સિદ્ધાંતોનો અભ્યાસ લેખકો માટે બોધદાયક અને અગત્યનો છે. વિજ્ઞાનનો ઇતિહાસ સાહિત્ય માટેની આવી અદ્ભુત સામગ્રીથી ભરપૂર છે. વિજ્ઞાનની જુદી જુદી શાખાઓમાં થયેલી શોધખોળમાંથી સાહિત્યને માટે અદ્ભુત રસિક પ્રસંગો, પરાક્રમો અને જાતના ભોગે કરેલા મહાન પ્રયત્નોના જ્વલંત ઉદાહરણો મળી રહેશે. માનવજાતને સુખી કરવાના અને મહાન સમસ્યાઓના ઉકેલ લાવવાના આ પ્રયત્નોની કથા મૂડીવાદી શોષણ કથાના પ્રસંગો કરતાં વધુ રસપ્રદ નીવડે એવી છે.

સાહિત્યમાં વૈજ્ઞાનિક કલ્પનાજન્ય નવલકથાનું અનોખું સ્થાન છે. આ સાહિત્ય પ્રકારમાં રહેલી શક્યતાઓ ઘણી મોટી છે. મનુષ્યજીવનની સમગ્ર પ્રણાલિકામાં ભારે પરિવર્તન લાવનાર વૈજ્ઞાનિક શોધખોળો વિશે, એમાં કોઈ પણ જાતનું જોખમ ખેડ્યા સિવાય આગાહીઓ કરી શકાયઃ વાચકને નિઃશંક રીતે વાકેફ કરી શકાય.

આપણા ભવિષ્યનાં વૈજ્ઞાનિકો આપણા રાષ્ટ્રવિધાયકો હશે. તેમનું સામાજિક જીવનચરિત્ર આપણા ભવિષ્યના લેખકોને સાહિત્યસર્જન માટે યોગ્ય વિષય પૂરો પાડી એમનું ધ્યાન કેન્દ્રિત કરશે. આપણી ભવિષ્યની કવિતાએ વાસ્તવદર્શી અને મુક્ત-મનોદશા-યુક્ત થવું પડશે, એમાં કારખાનાઓ અને ખેતરોના કામદારો, વિજ્ઞાનના અને એન્જીનીયરિંગના કાર્યકરો અને સંશોધકોના ભારે પ્રયત્નો તેમજ પરાક્રમો ઉતારવાં પડશે. આપણી નવલકથા અને કવિતાના સાહિત્યે ભગીરથ પ્રયત્ન કરનારા કામદારોના નમૂનાઓ રજૂ કરવા પડશે. ખેડૂતના જીવનમાંથી જંગલી જમીનદાર શાહી નાબૂદ થાય એ જોવા માટે જીવવાની આકાંક્ષા દર્શાવી ડૉ. નાયકે જણાવ્યું કે ભવિષ્યના લેખકે ગ્રામ્ય જીવન અને ગામડાંઓમાં ચોમેર પ્રવર્તી રહેલી કઠોર શુષ્ક અને કવચિત કંપાવે તેવી પરિસ્થિતિઓથી સંપૂર્ણપણે વાકેફ રહેવા તેમની સાથે સંપર્ક સાધવો પડશે. નિર્માલ્ય અને આળસુ નિષ્ક્રિયતાને સ્થાને જોમયુક્ત સક્રિયતા વિકસાવવાં પડશે.

પ્રૌઢ વર્ગને આપણા નૂતન આદર્શ અને ઉદ્દેશ

અનુસાર કેળવણી આપવામાં આપણને ભારે મુશીબતોનો સામનો કરવો પડશે. આપણે એ ભૂલવું ન જોઈએ કે આ વર્ગને આપણા દેશની પરિસ્થિતિને કારણે અનિચ્છાએ અજ્ઞાનના અંધકારમાં રહેવું પડયું છે. આપણા ભવિષ્યનાં વિશ્વવિદ્યાલયોએ આ વસ્તુસ્થિતિ પર સંપૂર્ણ ધ્યાન આપવું પડશે. જો એમ ન બની શકે તો નવીન વિશ્વવિદ્યાલયોને અસ્તિત્વમાં લાવવાનું પ્રયોજન જ શું?

નોબેલ પારિતોષિકો

શાંતિ માટે અપાતું નોબેલ પારિતોષિક મીસ એમીલી ગ્રીને બાલ્ચ અને ડૉ. જોન આર. એલ. મોટને એનાયત થયાનું જાહેર થયું છે. પારિતોષિક બંને વચ્ચે વહેંચવામાં આવશે. મીસ બાલ્ચ શાંતિ અને સ્વતંત્રતા માટે સ્ત્રીઓની આંતરરાષ્ટ્રીય લીગના પ્રમુખ છે. તેમની વય ૭૯ વર્ષની છે. તેઓ અમેરિકાના વતની છે. ડૉ. મોટ આંતરરાષ્ટ્રીય મિશન કાઉન્સીલના પ્રમુખ હતા અને ખ્રિસ્તી ધર્મને માટે ખૂબ કામ કર્યું છે. વાય. એમ. સી.એ.ની પ્રવૃત્તિઓમાં તેમણે ખૂબ સક્રિય ફાળો આપેલો છે. ડૉ. મોટની ઉંમર ૮૧ વર્ષની છે.

ભૌતિક વિજ્ઞાનની શ્રેષ્ઠ શોધો માટેનું નોબેલ પારિતોષિક આ વર્ષે હારવર્ડ યુનિવર્સિટીના પ્રોફેસર પરસી બ્રીજમાનને મળે છે. ખૂબ દબાણ (High pressure) પેદા કરવા માટે ઉપયોગી સાધનો શોધી કાઢવાની તેમની સફળ સંશોધન-પ્રવૃત્તિઓ અને ખૂબ દબાણના વિજ્ઞાનને લગતી નવી શોધોમાં તેમના ફાળા માટે આ ઈનામ તેમને આપવામાં આવ્યું છે. તેમનો જન્મ ૧૮૮૨ માં થયો હતો. ૧૯૧૯ ની સાલથી તેઓ હારવર્ડ યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે છે.

સાહિત્યનું પારિતોષિક જર્મન નવલકથાકાર અને કવિ હરમાન હેસને આપવામાં આવ્યું છે. હેસ હાલમાં સ્વીટ્ઝર્લાંડમાં રહે છે. ૧૯૩૭માં નાત્સી સરકારે ઢંઢેરો બહાર પાડયો હતો કે જર્મનોને નોબેલ પ્રાઈઝ સ્વીકારવાની મનાઈ કરવામાં આવે છે! તેને બદલે એક લાખ માર્કના એવાં ત્રણ ઈનામ નાઝી સરકાર આપશે એમ જાહેર કરવામાં આવ્યું હતું.

સંશોધનની વધતી સગવડો

હિંદમાં ઔદ્યોગિક ખીલવણી માટે યોજવામાં આવેલી પાંચ રાષ્ટ્રીય પ્રયોગશાળાઓમાંથી એક— સીરામીક અને કાચના સંશોધનની પ્રયોગશાળા કલકત્તામાં શરૂ કરવામાં આવી છે. તેનો ખર્ચ બાર લાખ રૂપિયા થશે.

હવે બીજી ચાર પ્રયોગશાળાઓ કાઢવાનું નક્કી થયું છે. કાઉન્સિલ ઓફ સાયન્ટીફિક અને ઇન્ડસ્ટ્રીયલ રિસર્ચની નિયામક સભાએ આ પ્રયોગશાળાઓને લગતી યોજનાઓ મંજૂર કરી છે. કુલ ખર્ચ ૧૩૨ લાખ રૂપિયા આવશે. ધાનબાદ નજીક દિગ્વડીહમાં ફ્યુલ રિસર્ચ પ્રયોગશાળાનો પાયો ડૉ. રાજેન્દ્રપ્રસાદ આવતા મહીને નાખશે. શ્રી. રાજગોપાલાચારી જમશેદપુરમાં નેશનલ મેટાલર્જીકલ લેબોરેટરીનો પાયો નાખવાની ક્રિયા કરશે. પંડિત જવાહરલાલ નહેરૂ દિલ્હીમાં નેશનલ ફીઝીકલ લેબોરેટરી અને મુંબઈના વડા પ્રધાન બાળાસાહેબ ખેર પૂનામાં નેશનલ કેમીકલ લેબોરેટરીના ખાતમુહૂર્ત કરશે. દેશમાં મળતા કાચા પદાર્થોને ઉદ્યોગોમાં વાપરી દેશની ઔદ્યોગિક ખીલવણી માટે આવશ્યક સંશોધન આ સંસ્થાઓ હાથ ધરશે અને ઉદ્યોગોને મદદ કરશે. વૈજ્ઞાનિક સંશોધનની પ્રવૃત્તિઓ દેશમાં વિસ્તારવાની શરૂઆત કરવામાં આવી છે. એ આનંદની વાત છે.

એલ્યુમીનિયમના વહાણ

વહાણ અને સ્ટીમરની બનાવટમાં અત્યાર સુધી લોઢું વપરાતું આવ્યું છે. હવે એલ્યુમીનિયમના બનાવેલા વહાણ આવશે. આઠ હજાર ટન માલ લઈ જઈ શકે એવું એલ્યુમીનિયમનું વહાણ બનાવવાની યોજના તૈયાર થઈ ગઈ છે. એટલા જ કદના લોઢાના વહાણ કરતાં આ એલ્યુમીનિયમનું વહાણ ૧૫૦૦ ટન માલ વધારે લઈ જઈ શકશે. તે ૪૦૦ ફુટ લાંબું અને ડીઝલ એન્જીન વડે ચાલશે. આનાથી એક નાનું વહાણ પણ એલ્યુમીનિયમમાંથી તૈયાર કરવાની યોજના તૈયાર થઈ ગઈ છે. પણ તેને વરાળના એન્જીન વડે ચલાવવામાં આવશે. આવા વહાણ બે વર્ષમાં તૈયાર થઈ જશે, એમ આલ્કોઆ સ્ટીમશિપ કંપનીના પ્રમુખ મી. હરમાન લેયોસે જાહેર

હેલિયમ

હવામાંથી ઓક્સીજન અને નાઇટ્રોજન કાઢી લીધા પછી અત્યંત અલ્પ પ્રમાણમાં થોડો વાયુ રહે છે. આ વાયુ એક નથી, તેમાં પાંચ વાયુઓ અત્યંત અલ્પપ્રમાણમાં આવેલા છે. આ વાયુઓ તદ્દન નિષ્ક્રિય છે. તેમને હવાના વિરલ વાયુઓ તરીકે ઓળખવામાં આવે છે. આ વાયુઓના નામઃ આર્ગન, હેલિયમ, *નિયોન, ક્રીપ્ટોન અને ઝિનોન.* પૃથ્વીપર હેલિયમનું અસ્તિત્વ છેક ૧૮૯૫મા-માલુમ પડ્યું. સૂર્યના વાતાવરણમાં તેના અસ્તિત્વની શોધ ૧૮૬૮માં થએલી. સ્ટ્રેટોસ્ફીયરમાં પણ તે છે એમ જણાયું છે, પણ ત્યાંથી તે મેળવવો મુશ્કેલ છે. વીસમી સદીની શરૂઆતમાં અમેરિકામાં તેલના કૂવા ખોદતાં તેલને બદલે વાયુઓ નીકળ્યા. તેમાં બે ટકા હેલિયમ હતો. આ કુદરતી વાયુમાંથી હેલિયમ છૂટો પાડવાનું કાર્ય વેપારી પેઢીઓએ ઉપાડી લીધુ. આજે અમેરિકા અને કેનેડા આ વાયુ મોટા જથ્થામા બનાવે છે. હેલિયમ કાઢવાની શક્યતા આપણા દેશમાં પણ છે.

ત્રાવણકોરમાં મોનાઝાઇટ નામની રેતી પુષ્કળ છે. આ રેતીમાંથી પેટ્રોમેક્ષના મેન્ટલ બનાવવામાં જરૂરી થોરીયા કાઢવામાં આવે છે. મોનાઝાઈટના એક ગ્રામમાંથી એક ઘન સેન્ટીમીટર હેલિયમ નીકળે છે એટલે ૧૦૦ ટન ખનીજમાથી ૧,૦૦,૦૦૦ લીટરગેસ મળે. આ વાયુ રેતીને ગરમ કરવાથી છૂટે છે. અત્યારે તો તે હવામાં મળી જાય છે. હેલિયમની કિંમત ૧૯૧૮ માં ૧ ઘનફૂટના રૂા. ૭૫૦ આસપાસ હતી. આજે તેટલા વાયુની કિંમત બે પૈસા થાય, અને ભવિષ્યમાં તેથી પણ ઘટવા સંભવ છે. હેલિયમનું ઉત્પાદન એટલું બધું વધી ગયું છે.

હેલિયમનું આટલું બધું મહત્ત્વ કેમ ? તેનું ખાસ લક્ષણ એ છે કે તે ખૂબ હલકો છે, તે કોઇપણ પદાર્થ સાથે રાસાયનિક સંયોજન કરી શકતો નથી. તેનું ખરૂં મહત્ત્વ આ બે ગુણોમાં આવી જાય છે.

હવાઈ જહાજો ભરવા માટે હલકા વાયુ તરીકે હાઇડ્રોજનનો ઉપયોગ થતો. ૧૯૩૭મા જર્મન જહાજ હીંડનબર્ગના કરૂણ બનાવ પછી હાઇડ્રોજનના જોખમનો ખ્યાલ વિશેષ સ્પષ્ટ થયો. હવે હાઇડ્રોજનનું સ્થાન હેલિયમે લીધું છે. હેલિયમ બીજા વાયુઓ કરતાં ઓછામાં ઓછો ગળે છે (leak) અને અક્રિયતાને લીધે સળગવાની બીતિ રહેતી નથી. ટૂંકામાં, હવાઈ જહાજોના વ્યવહારમાં હેલિયમ ખાસ મહત્ત્વપુર્ણ ભાગ લે છે. તેની ઉપયોગિતા યુદ્ધકાળમાં ખૂબ વધી પડે છે.

હલકી છતાં ટકાઉ અને મજબુત ધાતુ બનાવવામાં મેગ્નેશિયમનો ઉપયોગ કરવો પડે છે. પરંતુ ઝારણભઠ્ઠીમાં (welder's torch) મેગ્નેશિયમ ટકી શકતુ નથી. એટલે મેગ્નેશિયમવાળી ધાતુઓ પર હેલિયમનું વાતાવરણ રાખવામાં આવે છે. એ વાતાવરણમાં *મેગ્નેશિયમ એ ઉષ્ણતાએ પણ ટકી શકે છે.* આ માટે નાઇટ્રોજનનો ઉપયોગ કરવાનો પ્રયત્ન થયેલો. પણ નાઇટ્રોજન અને મેગ્નેશિયમ રસાયનિક રીતે જોડાવાથી મેગ્નેશિયમ નાઇટ્રાઇડ બની જાય છે.

એલ્યુમિનિયમને પણ હેલિયમનો ઢોળ ચઢાવી તેનું ઝારણ લોઢા સાથે કરી શકાય છે.

દમના રોગીને ઉચ્છવાસ બહાર કાઢતાં મુશ્કેલીઓ નડે છે. હેલિયમવાળી હવા આપતાં દમના રોગીને રાહત મળે છે. હેલિયમ નાઇટ્રોજન કરતાં ઘણો હલકો છે, એટલે દર્દીને ઉચ્છવાસમાં રાહત મળે છે.

પહેલાં, મરજીવા જમીનની સપાટીથી ભાગ્યેજ ૨૦૦ ફૂટ જેટલે નીચે જઈ શકતા. ઓક્સીજન અને હેલિયમની હવા લઈને આજે તેઓ ૪૦૦ ફૂટ જેટલે નીચે જઇ શકે છે. દરિયામાં વિશેષ ઉંડે જવાની શક્યતાઓ આથી વધે છે.

બધા વાયુઓમાં હેલિયમ એકદમ જુજ પ્રમાણમાં પાણીમાં સૌથી ઓછો દ્રાવ્ય છે. હેલિયમને એકદમ ઠંડો પાડીને (૧૫° એબસોલ્યુટ) પ્રસરવા દેવાથી પ્રવાહી બની શકે છે અને દબાણમાં ૧° એબસોલ્યુટ સુધી ઠંડો કરવાથી ઘન બની જાય છે,

(સેન્ટીગ્રેડ ટેમ્પરેચરમાં ૨૭૩° ઉમેરવાથી એબસોલ્યુટ ટેમ્પરેચર થાય. ૧૫ ડીગ્રી એબસોલ્યુટ એટલે –૧૫૮ ડીગ્રી સેન્ટીગ્રેઇડ. ૧° એબસોલ્યુટ એટલે –૨૭૨° સેન્ટીગ્રેઇડ)

※

હરમાન હેસ

કૃષ્ણવદન જેટલી. એમ. એ. બી. ટી.

૧૯૪૬નું નોબેલ પારિતોષિક જીતનાર જર્મન સાહિત્યકાર

આપણને અખબારે સમાચાર આપ્યા કે આ વર્ષે સાહિત્યના નોબેલ ઈનામ માટે જર્મન લેખક હરમાન હેસની (Hermann Hesse) ની પસંદગી થઈ છે. આપણે તેને વિશે ખૂબ ઓછું જાણીએ છીએ આપણને તેના સાહિત્ય વિશે પૂરતી માહિતી મળી નથી, પણ જે સાહિત્યકાર જગતના શ્રેષ્ઠ સાહિત્યકારો વચ્ચે સ્થાન પામે તેને વિશે જ્ઞાન મેળવવું એ આપણી સાહિત્યપ્રેમી તરીકે એક ફરજ થઈ પડે છે. ચાલો આપણે એ ફરજ અદા કરીએ. અદા કરવા પ્રયાસ કરીએ. કારણ તેનું સાહિત્ય વાંચ્યા સિવાય કેવળ તેના સાહિત્યનો અવલોકન દ્વારા પરિચય સાધવો એ તાજમહાલનો તેના રમકડા સમા નમૂનાથી ખ્યાલ બાંધવા જેવો અલ્પ પ્રયાસ જ છે.

જેમ આપણે ગુજરાતીમાં મુનશી અને રમણલાલ દેસાઈ, સુંદરમ્ અને ઉમાશંકર કે મરાઠીમા ખાંડેકર અને ફડકેના નામો એકી સાથે બોલાતાં સાંભળીએ છીએ, તેમ હરમાન હેસનું નામ જાણતાં જ. તેની સાથે આપણે એમિલ સ્ટ્રૌસના (Emil Strauss) નામના પરિચયમાં આવીએ છીએ. બંનેમાં કેટલાક અંશે સામ્ય છે અને કેટલાક અંશે તફાવત પણ છે. બંને સૂર્યપ્રકાશિત વાતાવરણને ચાહનારા સ્વપ્નદ્રષ્ટાઓ, પ્રકૃતિપ્રેમીઓ છે. પણ બંનેના પાત્રાલેખનમાં ખૂબ તફાવત છે. સ્ટ્રૌસ કઠોર નાટ્યતત્ત્વયુક્ત અનુભવ દ્વારા પાત્રને હથોડા મારી ઘડે છે ત્યારે હેસ રંગદર્શીની જેમ મૃદુ કાવ્યમય મનોવ્યાપાર દ્વારા પાત્રનું સ્વપ્ન સેવે છે અને તેને માર્દવપૂર્ણ કલાથી વેદના અને સુખનો સ્વાદ ચાખડી મૃત્યુની શાંતિમાં પોઢાડે છે. હેસ વિકાસશીલ છે, તેની છેલ્લી કૃતિઓ સુંદર તત્ત્વદર્શન અને મનોવિશ્લેષણ દર્શાવે છે, ત્યારે સ્ટ્રૌસ તો મુક્તિના ઉપદેશનો ધ્વજ પછાડયે જ જાય છે. સ્ટ્રૌસ નાઝીવાદનો પોષક અને દલાલ બને છે, ત્યારે હેસ બિમાર અને દમ વિનાનો, બહુદી માનસપૃથક્કરણરૂપી દુષ્ટતાથી સ્વજાતિના માનસસ્વાસ્થ્યને કેટલેક અંશે હણનારો મણાય છે.

કલાપ્રેમી માનસનું કટાક્ષયુક્ત પૃથક્કરણ કરી હેસે સાહિત્યસેવાની શરૂઆત કરી અને ૧૯૦૧માં Hinterlassene Schriften and Gedichte Hermann Lauschers નામે તેની પ્રથમ કૃતિ તેના ૨૪મે વર્ષે પ્રગટ થઈ. ૧૯૦૪માં Kunstleroman; Peter Camenzind 'પિટર કેમેન્ઝીન્ડ' દ્વારા તેણે કલાનો ઝભ્ભો ઉતારી સામાન્ય માનવનું જીવન ગાળતો કલાકાર આલેખ્યો છે. પ્રથમ દર્શને તે કલાકારના વિજયારોહણનું કટાક્ષમય આલેખન છે અને ઘણું ખરું તો લેખકનું અર્થહીન આત્મપુરાણ છે.

હેસનો જન્મ ૧૮૭૭માં થયો હતો. તે ધર્મપ્રચારક પિતાનો પુત્ર હતો તેથી તેને એજ કાર્યને લાયક બનાવવા મોલબ્રોનની ધાર્મિક વિદ્યાપીઠમાં મૂકવામાં આવ્યો હતો. તેણે તેની આજીવિકા કેટલોક સમય તો પુસ્તકવિક્રેતાનો ધંધો કરી પ્રાપ્ત કરી. તેની નવલકથાના નાયક પિટર કેમન્ઝીંડ જેમ તે વિદ્યા કરતાં પ્રકૃતિપ્રેમી વિશેષ પ્રમાણમાં હતો અને ૧૯૧૨ થી તેણે પ્રકૃતિની ગોદમાં સ્વીટ્ઝર્લેન્ડમાં રહેવું પસંદ કર્યું. તે પહેલાં તે કોન્સ્ટન્સ સરોવર (The Lake of Constance) પર આવેલા ગૈનહોફેનમાં વસતો હતો.

Unterm Rad [૧૯૦૫]માં આત્મકથાનું તત્ત્વ સ્પષ્ટ છે; નાયક, મોલબ્રોનના છાત્રાલયનો વિદ્યાર્થી, અભ્યાસના ભારથી બિમાર બને છે; તેને ઘેર પાછો મોકલવામાં આવે છે. ત્યાં તે ડૂબી મરે છે. સ્ટ્રૌસ કૃત Freund Hein પણ બાળકના બલિદાનદ્વારા શાળાની શિક્ષણ પદ્ધતિની ખામીઓની છણાવટ કરે છે. આ કૃતિની હેસ પર અસર થઈ હોય એ સંભવિત છે. Gertrud 'ગરટ્રુડ' (૧૯૧૦)નો નાયક સંગીતકાર છે; એ નિષ્ફળ લગ્નજીવન અને કુશળતામાં સુધારો દર્શાવે છે. Rosshalde 'રોઝહાલ્ડ' (૧૯૧૪) સુંદર મનોવિશ્લેષણાત્મક કૃતિ છે. વેરાગુથ (Veraguth) નામે ચિત્રકાર રોઝહાલ્ડ નામની પોતાની જાગીર પર રહે છે ત્યારે તેની સાથે અણબનાવથી રહેતી પત્ની હવેલીમાં રહે છે. પતિ ફક્ત ભોજનસમયે ભેગાં મળે છે. તેમને બે

એક વિદ્યાપીઠમાં ભણતો માતાના પક્ષનો છે અને બીજો પિયરે ફક્ત બાળક છે વેરાગુથને જો પિયરે સોંપવામાં આવે તો તે પત્નીથી છૂટો થવા ખુશી છે. પિયરે તેને મન તેના કાર્ય જેટલો જ પ્યારો છે, પણ પત્ની આ વિચારને સંમતિ નથી આપતી આ વાત દૂર પૂર્વમાં રબર ઉગાડવાનો ધંધો કરનાર એક જૂના મિત્ર સમક્ષ પ્રગટ થાય છે. તે મિત્ર રોઝ હાલ્ડમાં તહેવાર ગાળવા આવ્યો છે. તે પ્રશ્નોદ્વારા વેરાગુથના મનનો રોગ પારખે છે અને પિયરેના ત્યાગના ભોગે પણ તેને પત્નીથી છૂટો થવાની સલાહ આપે છે. છોકરો મેની-જાઈટિસથી મરણ પામે છે અને ચિત્રકાર ઉષ્ણ પ્રદેશોમા મિત્ર સાથે જવા મુક્ત બને છે. એ પ્રદેશોમાં ચીતરવા માટે સુંદરીઓ છે અને પ્રેમ-સંતાન પ્રત્યેનો પ્રેમ એક માણસને કઠોર પત્ની સાથે જંજીરમાં જકડી રાખે એ એક કોયડો છે. રિકાર્ડો હુશ (Ricarda Huch) કૃત Via Somnium Brve મા પણ આ પ્રશ્ન જ છણવામાં આવ્યો છે. પણ હેસના આલેખનમાં વધુ તાદૃશતા છે. વેદના વેઠતો પતિ એકાંતમાં દૂખી તેની જરૂરિયાતો પ્રત્યે લાગણી શૂન્ય પત્નીના ભ્રામક સહવાસમાં પણું પાનુ નભાવી લે એવી વૃત્તિના ઘેનમાં જીવન ઢસડયે જાય છે.

માનસપૃથક્કરણથી પ્રભાવિત સ્વીટઝર્લેન્ડના પ્રદેશમાં રહી હેસ પ્રથમ વિશ્વયુદ્ધના વર્ષો દરમ્યાન માનસિક ઉપાધિથી બિમાર થયો હતો અને માનસ પૃથક્કરણશાસ્ત્રી જંગના શિષ્યે તેની માવજત કરી હતી. તે સમય અરસામા તેણે લાક્ષણિક મનોવિશ્લેષણાત્મક નવલો લખી. Demian ડેમિયનમાં Friedrich (૧૯૧૯) Huch ફ્રિડ્રિશ હુશ કૃત Mao 'માઓ' (૧૯૦૭) જેમ કિશોરે માનસવિકાસનું સૂક્ષ્મ આ લેખન છે. શરીરમાં થતા રાસાયણિક ફેરફારો જુવાનીના વિકાસ પહેલાં અને પછી એક મૂંઝવણભરી સ્થિતિ પેદા કરે છે. આત્મીય જ્ઞાનના કામણાને વીંધતું મનોવિશ્લેષણ પ્રગટ કરે છે; કે એમાં કિશોરના મનમા બે દુનિયાઓની અથડામણ થાય છે.

એક માબાપ, ગૃહ અને ફરજની દુનિયા અને બીજી રસોડાના ચાકરોથી શરૂ થતી અને દારૂપીણા તથા છોકરીઓ અને પ્રથમ ચાંચડો આપતા પણ પછીથી મિત્રો જેમ પરિચિત બનતા હિંમતભર્યા પ્યાલોની મનાઈ કરેલી ભેદ ભરેલી આકર્ષક દુનિયા. નવલકથાના નાયક સિંકલેરના મિત્ર ડેમિયનના મુખ પર જ આ દુષ્ટ મણાતા પ્યાલોની મોહિની તરી આવે છે; અફવા છે કે ડેમિયન અને તેની મા એક બીજાના પ્રેમી તરીકે રહે છે. પુસ્તકમાં માતૃપદનો ખ્યાલ ગર્ભિત છે; પુત્ર માતાની બે મૂર્તિઓ એ જુએ છે-શારીરિક અને આદર્શ. ડેમિયનની માતા ફ્રૌ ઇવા માતૃત્વના આદર્શનું એક પ્રતીક બની રહે છે. સિંકલેરને જ્યારે તેની જરૂર પડી ત્યારે તેની પાસે જવાના ઇવાના વચનથી વાર્તાનો અંત આવે છે સિંકલેર અને ડેમિયન, એક જ પાત્રના-ભીરુ 'તેમજ આદર્શવાદી અને બળવાન હુમલાખોર તેમજ શેનાની એવાં-બે પાસાં છે. માતૃત્વની પ્રાપ્તી અને વાત્સલ્યાભવનું અહીં હિંમતભર્યું: મૃદુ પ્રતીકારોપણ છે. સ્તન તરફ ઢસડાવું એ બચપણ અને મોટપણની એક જ આંતરવૃત્તિ છે. સ્રીના આલિંગનમાં પુરુષ બાળક સમાન છે. બાળકની માતા એ તેની ભાવિ પત્નીનું એક સ્વરૂપ છે, અને પત્ની એ પુરુષની માતાનું આદર્શનું સ્વરૂપ છે. તેનો વિચારવંત ચહેરો તેને અંતરમાંથી તેની છાતી તરફ બોલાવે છે. માતા એ આદિ અને અંત છે. કુદરતું ઝરણું છે અને સલામત વિશાળ વિરામ સ્થાન સમુ પ્રેમનું બારું છે. ઈંડામાંથી વેદના સાથે પ્રગટ થતી નવી દુનિયામાં નવી નીતિએ રૂઢી અને નિષેધો (પ્રેમ+જાતીયતા, મા+વાસનાભૂખી પત્ની, માણસ+પશુ, દેવ+શેતાન)થી છૂટી પડેલી બે દુનિયાને એકરૂપ બનાવવી જોઈએ.

Siddarta-'સિદ્ધાર્થ' (૧૯૨૩) બાહ્યદૃષ્ટિએ હિંદી તત્ત્વજ્ઞાનનું ગૂંથણ લાગે છે; પણ અંતરમાં નૈતિક સામ્યવાદના ક્રમિક વિકાસ, પુત્રના પિતા અને દુનિયા સાથેના સંબંધોની કથામાં પરિણમે છે. 'સિદ્ધાર્થ' 'ડેમિયન'નો પૂરક છે. 'ડેમિયન'માં એક વ્યક્તિત્વના દેવદૂત અને શેતાન એમ બે ભાગ પડે છે તેમ સિદ્ધાર્થ અને તેનો મિત્ર ગોવિંદ-તેના સિદ્ધાંતનો અનુયાયી-વિચારસ્વાતંત્ર્ય અને જૂનવાણી પ્રેમના પ્રતિકો છે. 'ડેમિયન'માં છોકરો ઊર્મિકેન્દ્રરૂપ માતા તરફ સદા ધસતો લાગે છે, ત્યારે 'સિદ્ધાર્થ'માં તેનો અનુભવ નૂતન હોવાથી અને પિતાના જૂના થયેલ અનુભવ કરતાં વધુ સત્ય હોવાથી તે પિતાથી

હમેશ દૂર ને દૂર થયા કરે છે. માતૃપ્રેમમાં પુત્ર સ્વાર્પણ કરે છે કારણ પ્રેમ નૂતન સર્જનાર્થે સર્વ-શોષક બને છે. પ્રણ પિતાથી તો તે દૂર ભાગે છે.

હેસની નવલકથા Der Steppenwolf 'ડર સ્ટેપેનવૉલ્ફ'-(૧૯૨૭)નો નાયક હેરી હોલર પોતાને 'વગડાનો વરુ' માનનાર કલાકાર છે. સામાન્ય માણસ જ્યાં શાંતિ અને સુખ માણે છે ત્યાંથી દૂર એ વગડાનો જીવનપ્રદેશ છે. તેના એકાંત માળિયા સમા નિવાસસ્થાનમાં જવા તે પહેલા માળેથી પસાર થતા લાકડાના રાચરચિલાનાં પૉલિશની ગંધ દ્વારા તેને ગુમાવેલ શિષ્ટિની લાકડાની, વહેલા ઉઠવાની, ફરજની, માતાની શિષ્ટિની-યાદ આપે છે. જ્યારે એક વ્યક્તિમાં બે સ્વરૂપો હોય-વરુ અને માણસ, અને વરુ માણસ પ્રત્યે ઘુરકિયાં કરતું હોય, ત્યારે જીવનમાં સંવાદ ક્યાંથી હોય? મનુષ્ય તો સંગીતકાર મોઝાર્ટ, કાવ્ય, આદર્શ અને શાંતિનો પ્રેમી છે; અને વરુની આતરૈચ્છાઓ જંગલી છે, પણ આ કઢંગા સમાજમાં વરુને ઘેટા સાથે પૂરવામાં આવ્યું છે. ઊંડો વિચાર કરતાં આપણે એનો અર્થ ઘટાવી શકીએ છીએ. પ્રતિભાશાળી વ્યક્તિને તેનાથી વિમુખ, તેને સમજવા અસમર્થ સમાજમાં રહી એ સમાજને અનુકૂળ પોતાની પ્રતિભાને વિકૃત કરવી પડે છે અથવા તો કતલ થઈ જવું પડે છે. ખરી રીતે તો એકમાં અનેક વ્યક્તિઓ હોય છે. વ્યક્તિત્વ જીવનશેતરંજના પ્યાદામાં વહેંચાયેલું રહે છે. વ્યક્તિનું સ્વરૂપ બહુરૂપી છે. તે વરુ, વાઘ, વાનર અને સ્વર્ગીય વિહગ છે, પણ આ સ્વરૂપો વરુ દબાવી, છુપાવી રાખે છે. વરુનું સ્વરૂપ નાગરિક સંસ્કૃત મનુષ્ય દબાવી-છુપાવી રાખે છે. હોલરના મિત્ર હરમાનનું બીજું સ્વરૂપ નારીનું-હરમાઇનનું છે. એ હોલર પર નરનારીની મિશ્રિત લક્ષણિકતાની મોહિની પાથરે છે; એના તાજાં નારી સ્વરૂપ સાથે તે નૃત્ય કરે છે. વ્યક્તિનું સમષ્ટિમાં ડૂબી જવું એ પરમ ગહન આનંદનો યોગ છે; નૃત્ય આપણને સમષ્ટિ સાથે એકરૂપ બનાવે છે. હોલર દર્પણમાં પોતાના હોલર અને વરુ એમ બે સ્વરૂપો જુએ છે, તેઓ એકબીજાને ખાઈ જવા મથતા હોય છેઃ તેને કહેવામાં આવે છે કે આ પ્રતિબિંબને મિટાવવાનો રસ્તો તેને હસી કાઢવામાં છે. આપણે પોતાનો ખ્યાલ ગંભીરપણે ન કરીએ ત્યારે હાસ્ય જન્મે છે. નવલકથાનો અંત વિચિત્ર પ્રતીકોનાં સંઘર્ષણમાં આવે છે-જાણે એક ફિલ્મ પર એક ઉપર બીજું ચિત્ર લેવામાં આવ્યું હોય! તેમાં એક 'જાદુઈ નાટ્યગૃહ' છે : તેમાં પ્રવેશ માટે તદ્દન સાધારણ આપઘાત કરવાની જરૂર છે. તેમાં બૉક્સની બેઠકોના બંધ દરવાજે લખ્યું છેઃ 'હું ચાહું તે બધી બાળાઓ મારી છે, કારણ ચેતન ચેતનને વિંધે છે.' મોઝાર્ટ (પ્રતિભાશાળી વ્યક્તિએ-જેમાં સદ્‌ગૃહસ્થના પ્રતીકસમું કોટનું પૂછડું, બાળાની મૃદુ છટા અને વૈચિત્ર્યનું સંમિશ્રણ છે. કલાકારને મધ્યમવર્ગના જીવનનો સુમેળ સાધ્યો છે.) ગુલાટો ખાય છે અને એડી પર નાચે છે; હોલર તેના કોટનું પૂછડું ખેંચે છે અને તે લંબાય છે અને હોલરને બરફ પ્રદેશમાં ઘસડી જાય છે. મોઝાર્ટ પાછો સાંજના પોશાકમાં દેખાય છે અને વાયરલેસ સેટ ચલાવે છે; તે ટીકા કરે છે કે રેડિયો જ્યાં સંગીત નથી ત્યાં સંગીતને લઈ જાય છે, પણ તેથી સંગીતનો નાશ થતો નથી. રેડિયો દિવ્ય સંગીતને સસ્તુ બનાવે છે એ જ પ્રમાણે આ દુનિયાના 'જાદુઈ નાટ્યગૃહ'માં દિવ્ય જીવન સસ્તુ બને છેઃ બોધપાઠ તેનો નાશ ન કરતાં, તે પ્રત્યે હસવામાં રહેલો છે. આ આશ્વાસક વિચાર આપઘાતને બીનજરૂરી ઠરાવે છે.

હેસનું શ્રેષ્ઠ સર્જન કદાચ તેની નવલકથા Narziss and Goldmund 'નારઝીસ અને ગોલ્ડમુન્ડ'-(૧૯૩૦) છે. મૃદુ તાલબદ્ધતા અને ધૈર્યમય માનસિક ગૂંચોનું અનાવરણ આ નવલકથાને દરેક રીતે મનોહર બનાવે છે. તેનો મુખ્ય સૂર એ છે કે સર્વે માર્ગો પ્રભુ તરફ જાય છે. એકાંત સાધુજીવનની શુદ્ધતા જ દિવ્ય આદર્શ નથી. પણ વાસ્તવજીવન તરછોડી ભાગનાર સાધુના જીવન જેટલું જ ઐંદ્રિક-જીવન દિવ્ય હેતુને પાર પાડવામાં મદદરૂપ છેઃ માતૃત્વ અને પિતૃત્વના સિદ્ધાંતોના સંઘર્ષણ દ્વારા જીવનની દ્વિવિધતા સમજાવવામાં આવી છે. પિતૃત્વનો સિદ્ધાંત ચિંતનમય જીવન અને અમૂર્ત વિચાર પ્રત્યેનું વલણ દર્શાવે છે; માતૃત્વનો સિદ્ધાંત ઇંદ્રિયોનું જીવન પરનું જુલ્મીશાસન છે. પણ ફક્ત માતૃત્વનો સિદ્ધાંત સર્જનાત્મક છે; પિતૃત્વનો કાર્ય પુરુષત્વભર્યો સિદ્ધાંત માતૃત્વના સિદ્ધાંતને વ્યક્ત કરવાનું સાધન બની, તેને માર્ગદર્શક બની એ અશક્ત લાગણીવશ વિરોધાંધી

સુક્ષ્મ વિવેકપૂર્ણ વિચારકનો પૂરક બની રહે છે. આમ નારઝીસ પ્રકૃતિના લાકડા વિલાસાસક્ત સ્વપ્નસ્થ કવિ સમ ગોલ્ડમુન્ડનો માર્ગદર્શક, વિશ્વાસુ સલાહકાર અને નિસ્વાર્થી પ્રેમી બની રહે છે. આપણને એ બંને પ્રથમ તો એક મધ્યકાલીન મઠમાં નવદીક્ષિતો રૂપે મળે છે અને ત્યારે નારઝીસ ધૈર્યપૂર્ણ પ્રશ્નાવલિ દ્વારા ગોલ્ડમુન્ડ સમક્ષ પોતાનું અંતર દર્શાવે છે. નારઝીસ મઠાધીશ બને છે અને ગોલ્ડમુન્ડને વનસ્પતિનો સંચય મોકલવામાં આવે છે ત્યાં તેને એક ઘઉંવર્ણી રઝક છોકરી પ્રેમપથનો માર્ગ ચીંધે છે; તે તેના વસ્ત્રો કાઢી નાંખતા સૌંદર્યદર્શન કરે છે. ત્યાર પછીનું તેનું જીવન રઝળુ અભ્યાસીનું છે. એક બાદ બીજી એમ અનેક નારીઓ એને સ્વ-નારીત્વનો આસ્વાદ કરાવે છે. પણ એક યહૂદી બાળા તેના ખોસેલા યૌવન અને રૂપનો ધૃણાપૂર્વક અનાદર કરે છે. આ બાળાને તે રસ્તે નૉર્ડિક ખ્રિસ્તીઓએ બાળેલા તેના પિતાની રાખને માથામાં ચોળતી જુએ છે. તેને ખાત્રી છે કે એ અટૂલી રખડતી બાળાને પકડી વાસનાવશ કરી શકાશે પણ તેને એ જાણે એક મહારાણી હોય એમ તેની વિદાય લેવી પડે છે. તે બાળા તેને મૃત્યુ માટે પણ નિશ્ચય હોઈ શકે છે તેમજ મૃત્યુને શરણ થવાની જરૂર છે એવો બોધ આપે છે; અને પછીથી તેને સમજાવે છે કે જ્યારે જિંદગી પાકી જાય છે ત્યારે મૃત્યુના નિશ્ચય સુધી પહોંચે છે. જ્યારે આ રંગીલો રખડેલ આ સ્થિતિ પ્રાપ્ત કરે છે ત્યારે સ્ત્રીઓ તેને એક ક્ષીણ અને અનાકર્ષક વ્યક્તિ તરીકે જુએ છે. તેણે નારઝીસને જણાવ્યું હતું કે જીવનને માણવા યોગ્ય કેવળ સંભોગ દ્વારા જ બનાવી શકાય, છતાં યે તે જાતે જ સ્ત્રી કરતાં કોઈક વધુ મૂલ્યવાન ચીજ માટે જીવ્યો છે. તેને ચાહનાર એક બાળા તેને કહે છે. 'તારી આંખોમાં કદી આનંદ નથી જોયો. તે કહે છે કે 'આ બધું ક્ષણિક જ છે!' તેને જ્ઞાન થાય છે કે ફક્ત સર્જનાત્મક કલાજ સૌંદર્ય અને ઊર્મિને મૃત્યુના નૃત્યમાંથી ઘડીભર બચાવી શકે એમ છે: તે એક લાકડા પર કોતરકામ કરનાર મહાન પ્રતિમાકારના સંસર્ગમાં આવે છે અને પોતાના પ્રથમ શિલ્પસર્જન તરીકે પોતાના વિરોધાંશી પ્રત્યે પૂજનને વ્યક્ત કરવા શુરુ જહોન રૂપે નારઝીસની પ્રતિમા ઘડે છે. તે દુર્લભ, સરકી જતાં સ્વસ્થને-સંભોગ સમયે અત્યાનંદના સ્ત્રીના નયનમાં આવતા ચમકારને ઝડપવા સ્વપ્ન સેવે છે અને આ વિકૃતિ અને સંકોચન, આ આતશનો ચમકારો અને તેનું શુન્યાતું તેણે જ્યારે એક ખેડૂત સ્ત્રી બાળકનો જન્મ આપતી હોય છે ત્યારે તેણે તેના મોં પર ધરેલી મિશ્રવૃત્તિના પ્રકાશમાં તેની આંખમાં જોયાં છે કારણ તેને સમજાય છે કે અત્યાનંદ અને વેદના એકજ છે. તેનું સ્વપ્ન છે કે તેનું છેલ્લું શિલ્પસર્જન તેને વારંવાર સ્વપ્નામાં દેખાતું તેની માતાનું મુખ બને પણ કલાકારની ઉંમર તેને કરમાવે છે અને તે મુખ એક વ્યક્તિનું અંગત વદન ન બનતાં કલાકારે ચાહેલી બધી સ્ત્રીઓનું વદન,-ઈવનું વદન બની રહે છે. તે અત્યાનંદના પ્રલોભન તરફ, પ્રસુતી તરફ, તેના પ્રેમની છેલ્લી પકડ તરફ, મૃત્યુ તરફ તેને આકર્ષી લઈ જાય છે. પણ આ વદનનું રહસ્ય તે ઘડે તે સમય પહેલાં જ તે નારી તેના હાથ કલાકારના હૈયે વીંટે છે અને તેને નવસ્વરૂપ બક્ષે છે-તેને મૃત્યુના નિશ્ચય તરફ, પોતે જગાડેલ આતશના વિલોપન તરફ લઇ જાય છે. તે અટૂલો અભ્યાસી મૃત્યુ પામતાં પહેલાં તેના ચિંતને ઘડેલ સુંદર વદન પર નારઝીસના જીવનમાં રહેલું એકજ ચુંબન મેળવે છે.

હેસની વાર્તાઓ ગોટફ્રિડ કેલરની વાર્તાઓ જેમ નાના શહેરની જિંદગીનું કટાક્ષમય આલેખન કરે છે. દાખલા તરીકે Diesseits ૧૯૦૭ અને Nachbarn ૧૯૦૮. Knulp (૧૯૧૫) માં આપણને રંગીલા રખડેલની વાર્તાઓ વાંચવા મળે છે અને Klingsohrs letzter Sommer (૧૯૨૦)માં ઊર્મિને ઝણઝણાવતું પ્રતીકાત્મક આર્ષદર્શન જોઇએ છીએ.

હેસના ઊર્મિગીતો-Gedichte(૧૯૦૨). Musik de Einsamen (૧૯૧૫) અને Tost der Nacht (૧૯૨૮), શોક અને વિશાદમય છે; ખૂબ તાદૃશ ઈટાલિયન શબ્દચિત્રોવાળાં યાત્રાસ્મરણો તેની કૃતિઓમાં તરી આવે છે.

❋

વલ્લભનગરની યોજના

લે : નિરીક્ષક

(કેળવણી અને ગ્રામોદ્ધારનું એક નવીન સ્વપ્ન)

આદર્શ ગામડું કેવું હોવું જોઈએ એ સંબંધી આપણે ત્યાં અને બીજા પ્રાંતોમાં પણ છેલ્લાં ત્રીસ-ચાલીસ વર્ષથી ખૂબ ઉહાપોહ થયો છે. અનેક પુસ્તકો લખાયાં છે, અને જુદાં જુદાં દષ્ટિબિન્દુઓ રજૂ થયાં છે. પૂજ્ય ગાંધીજીની પ્રેરણા હેઠળ અનેક ગ્રામસેવકોએ ગામડાં સુધારવા માટે ભગીરથ પુરુષાર્થ કર્યો છે.

હવે એ જ દિશામાં હમણાં એક નવો પ્રયોગ થઈ રહ્યો છે એ પ્રયોગનો ઉદ્દેશ ચરોતરનાં ગામડાંની સર્વાંગી પુનર્ઘટના એ છે. એને માટે "ચારુતર વિદ્યામંડળ" અને "ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળ લિમિટેડ" એ નામની બે સંસ્થાઓ સ્થપાઈ છે, અને એ સંસ્થાઓએ પોતાનું કામકાજ શરૂ કરી દીધું છે.

ચરોતર એટલે ગુજરાતની મહી અને વાત્રક વચ્ચેનો પ્રદેશ. ચરોતરમાં બ્રિટિશનો ખેડા જીલ્લો ગાયકવાડીના પેટલાદ અને ભાદરણ તાલુકા અને ખંભાત રાજ્ય એટલાનો સમાવેશ થાય છે. આ પ્રદેશ હિંદનો એક વધુમાં વધુ ગીચ વસતીવાળો પ્રદેશ છે. અહીં દર ચોરસ માઈલે ૮૦૦ થી ૧૦૦૦ માણસની વસ્તી છે. હિંદના બીજા ભાગોને હિસાબે આ પ્રદેશ સમૃદ્ધ છે. એ ગુજરાતનો બગીચો ગણાય છે. કેળવણી અને પુસ્તકાલય પ્રવૃત્તિ અહીં ફુલીફાલી છે. ચરોતર એજ્યુકેશન સોસાયટી તરફથી કેળવણીની દિશામાં સારું કામ થયું છે. આ પ્રદેશને પોતાના કેટલાક વિશિષ્ટ પ્રશ્નો છે, જેના ઉકેલ માટે ઉપરોક્ત બે મંડળોની સ્થાપના થઈ છે.

યોજનાની રૂપરેખા.

આ યોજનાનું કેન્દ્ર વલ્લભવિદ્યાનગર રહેશે. આ ગામ આદર્શ ગામડું કેવું હોવું જોઈએ એનો પહેલો નમૂનો થશે. આ નગર સવા માઈલ લાંબું અને પોણો માઈલ પહોળું એ રીતે ૮૦૦ વીઘામાં રચાશે. એમાંથી ૩૦૦ વીઘામાં કૉલેજો બંધાય છે અને ૫૦૦ વીઘામાં લોકોનો વસવાટ થશે. ગામનો મોટામાં મોટો રસ્તો ૮૦ ફૂટ અને નાનામાં નાનો ૩૦ ફુટ પહોળો રહેશે. પાકા રસ્તા, એની બન્ને બાજુ ઝાડોની હારો વૉટરવર્ક્સ, ડ્રેનેજ, વીજળી વગેરે અને આધુનિક જીવનની સુખસગવડો ત્યાં હશે. ગામની વસ્તી આશરે દસેક હજાર થશે ગામમાં ટાઉનહૉલ, પુસ્તકાલય, મ્યુઝિયમ, ક્લબ, સ્વિમીંગ બાથ, રમતગમતનાં મોટાં મેદાનો, રંગભૂમિ, સીનેમા, હોડી ચલાવવાની ક્લબ, બાગબગીચા, મંદીર, ધર્મશાળા અને બીજી અનેક જાહેર હિતની યોજનાઓ થશે.

પાંચસો વારનો એક પ્લૉટ એ રીતે બાશીમસો પ્લૉટ પડશે, જેની ફરતે જમીનમાં બાંધકામ થઈ શકશે. દોરો ગખવા ઇચ્છતા માણસો ઢોર પણ રાખી શકશે. ૨૦૦૦ રૂપિયાથી માંડીને ૫૦,૦૦૦ રૂપિયા સુધીનું મકાન બાંધી શકાય એવા તૈયાર પ્લૅન રાખવામાં આવ્યા છે જે લોકો જાતે મકાન બાંધવા માગતા હોય તેઓ તેમ કરી શકશે. જેઓ મંડળને એ કામ સોંપવા માગતા હોય તેમનું કામ મંડળ યોગ્ય મહેનતાણું લઈ કરી આપશે. શ્રીમંત, મધ્યમ અને ગરીબ એ રીતે સમાજના બધાજ વર્ગો સ્વચ્છ, સુઘડ ને સંસ્કારી જીવન કઈ રીતે જીવી શકે એ દૃષ્ટિએ અહીંની બધી વ્યવસ્થા થશે. ચાલીસ રૂપિયાનો માસિક પગાર મેળવનાર કારકુન પણ પાંચ રૂપિયાના ભાડામાં સુઘડ રીતે જીવી શકશે. માસિક દસ રૂપિયા ભાડું ભરનાર માણસ પણ ત્રીસ વર્ષે મકાનનો માલીક થઈ શકશે

આ રીતે ધૂળ, ધુમાડી, ગંદકી, ગીચ વસ્તી અને શહેરનાં અનેક અનિષ્ટોથી મુક્ત, છતાંય શહેર કરતાં વધુ સુખસગવડોવાળું એવું આ આદર્શ ગામ રચવાની વિગતવાર યોજના છે.

વિદ્યાનગરના મધ્યભાગમાં આર્ટ્સ, સાયન્સ, ઇજનેરી, વેપારી, વૈદકીય વગેરે કૉલેજો થશે આ કૉલેજોનો મમધ માત્ર ડીગ્રી પૂરતો યુનિવર્સિટી સાથે રહેશે. બાકીનો બધો આંતરિક વહીવટ સંસ્થાના સંચાલકોના રાષ્ટ્રઘડતરના નૂતન આદર્શો મુજબ થશે.

બાળમંદિરથી પોસ્ટ-ગ્રેજ્યુએટ કોર્સ સુધીની બધીજ વ્યવસ્થા અહીં રહેશે, જેથી ચરોતરના વિદ્યાર્થીઓને ઘેરબેઠાં બધું ઉચ્ચ શિક્ષણ મળી રહે. ચરોતરનાં ઘણાં ખરાં ગામો વિદ્યાનગર સાથે પાકા રસ્તાઓથી જોડાઈ જશે, આ ગામોના વિદ્યાર્થીઓ દરરોજ મોટરબસમાં વિદ્યાનગર ભણવા આવીને ઘેર પાછા જઈ શકશે. ખર્ચાળ શહેરી જીવનને કારણે આજે અનેક ગરીબ પણ લાયક વિદ્યાર્થીઓ કૉલેજની કેળવણી લઈ શકતા નથી, તેઓ આ યોજનાથી પોતાનાજ ગામમાં *ઘેરબેઠાં કૉલેજની કેળવણી લઈ શકશે.* કૉલેજો સાથે વર્કશોપ થશે, જેમાં પોતાના ફુરસદના વખતમાં કામ કરીને ગરીબ વિદ્યાર્થીઓ કમાણી કરી શકશે, અને સ્વમાનપૂર્વક ભણી શકશે. કૉલેજોની કેળવણી વિદ્યાર્થીઓને સાહેબ કરીને શહેરમાં લઈ જવા માટે નહિ હોય, પણ એમને વધુ સારા ગ્રામજનો બનાવીને ગામડામાં જ રાખવા માટે હશે. ઇજનેરી કૉલેજના વિદ્યાર્થીઓને પોતાના સૈદ્ધાંતિક અભ્યાસની સાથે સાથે સંસ્થાનાં કારખાનાંઓ અને ગામડાઓમાં થતાં કામોમાંથી વ્યવહારુ તાલીમ મળી રહેશે.

વિદ્યાનગરમાં ૪૦૦ દુકાનો થશે, અને એ વિદ્યાની પેઠે વેપારનું પણ કેન્દ્ર થશે. આ રીતે વિદ્યાનગર એ વિદ્યા, વેપાર, ઉદ્યોગ, વિજ્ઞાન, સંશોધન, સંસ્કાર વિચારવિનિમય, ઉત્ક્રાન્તિ અને ક્રાન્તિનું એક જબરદસ્ત કેન્દ્ર થશે. ચરોતરનું એ પહેલું આદર્શ ગામ થશે. એ ગામના નમૂના ઉપરથી નવા કસ્બા, ગામ, ગામડાં અને સોસાયટીઓ વસશે, અને જુનાં ગામ અને ગામડાં સુધારવામાં આવશે.

વિદ્યાનગરના કામની સાથે સાથે જ ગામડાંનું સેનિટેશન સુધારવાનું કામ શરૂ થશે દરેક ગામમાં વૉટર વર્કસ, ડ્રેનેજ, આસફાલ્ટના રસ્તા અને વીજળી આવી જશે, અને ગામનો ભવિષ્યનો વિકાસ યોજનાબદ્ધ થાય એ માટે દિશાસૂચન થશે.

ગામડાંની આર્થિક સ્થિતિ સુધારવા માટે બે પ્રકારના ઉદ્યોગો શરૂ થશે-કેન્દ્રિત અને વિકેન્દ્રિત. કેન્દ્રિત ઉદ્યોગોનું મથક વિદ્યાનગર રહેશે. ત્યાં ઘર બાંધવા માટે ઈંટથી માંડીને ટાઇલ્સ સુધીની એકેએક વસ્તુ બનશે. તેમજ પાણીના અને ગટરના સીમેન્ટના નળ અને એને અંગેનો સીમેન્ટ અને લોઢાપિત્તળનો બધો જ સામાન તૈયાર થશે. એને માટે ઈંટોનો ભઠ્ઠો, ચુનાની ભઠ્ઠી, વર્કશોપ સૉ-મીલ, ટાઇલ્સના અને હ્યુમ પાઈપના કારખાનાં, અને બીજાં જરૂરી કારખાનાં ઉભાં કરવામાં આવશે.

વિકેન્દ્રિત ગ્રામોદ્યોગો ગામડે, ગામડે અને ઘેર ઘેર થશે. એનો ઉદ્દેશ ગામડાની સ્વાયત્તતા અને આબાદી એ હશે. આ ઉદ્યોગો વીજળીક બળથી ચાલશે, અને એમાં આધુનિક ઢબનાં યંત્રોનો ને વિજ્ઞાનનો ઉપયોગ થશે. આ ઉદ્યોગોમાં કાંતવાના યંત્રો, વણવાની શાળો, ગંજીફાક, ચડ્ડીઓ વગેરે બનાવવાના યંત્રો, દળવાની ઘંટીઓ, ડાંગર ખાંડવાના યંત્રો, તેલ કાઢવાની ઘાણીઓ, લાકડાં વહેરવાની મીલ વગેરે હશે. સહકારી પ્રવૃત્તિથી આ વિકેન્દ્રિત ઉદ્યોગોનું સંગઠન થશે. દરરોજ આઠ કલાક કામ કરનાર માણસ સાંજ પડે સહેજે ઘેરબેઠા બેત્રણ રૂપિયા કમાઈ શકશે.

આ ઉપરાંત ખેતીની ઉન્નતિ માટે ખેતીવાડીની સુધરેલી રીતો, સસ્તું અને વિપુલ પાણી વગેરે પ્રશ્નોનો ઉકેલ કરવામાં આવશે.

આ રીતે આ સંસ્થાઓ તરફથી ખેતી ગ્રામોદ્યોગો, દીવાબત્તી, ચોકખા પાણીનો પુરવઠો, ગંદકીનો નિકાલ, આરોગ્ય, અને સારવાર જેવા ગામડાના જીવનને સ્પર્શતા ખેતીવાડીથી માંડીને આયુર્વેદ સુધીના ગામડાના સઘળા પ્રશ્નો વિષે વિચાર થશે, અને નવા જમાનાને અનુકૂળ રીતે ગામડાનાં જીવનની સર્વાંગી પુનર્ઘટના થશે.

આ બધું વાંચીને સામાન્ય વાચકને તો એ જ ખ્યાલ આવવાનો કે:

"ભવ્ય યોજના! પણ યોજનાના ઘડનારાઓને જીવનની ભયંકર વાસ્તવિકતાનો કંઇ ખ્યાલ છે કે નહિ? કરોડોની યોજના! પણ યોજનાના જનક પાસે લાલ ટકો નથી! એમને રાજ્ય કે શ્રીમંતોની સહાય નથી, તો પછી આ સંઘ કાશીએ કઈ રીતે પહોંચશે!

મુંબઈના પાર્લા, અંધેરી ને ઘાટકોપર જેવાં પરાઓમાં, અમદાવાદના એલિસબ્રિજ જેવા ધનિક લત્તામાં અને સુરત જેવા શહેરમાં ડ્રેનેજ નથી અને

આ તો ગામડે ગામડે ડ્રેનેજની વાત છે ! મ્યુઝિયમ અને બોટિંગ કલબ તો હજી અમદાવાદ પણ કરી શક્યું નથી, તો વિદ્યાનગર જેવું નાનકડું ગામ કઈ રીતે કરશે ? મુંબઈ–અમદાવાદ જેવાં સમૃદ્ધિમાં આળોટનારાં શહેરો જે વસ્તુ ન કરી શકે તે વસ્તુ બિચારાં ગરીબ ગામડાં કઈ રીતે કરવાનાં એ જ સમજાતું નથી ! અશક્ય વાત !"

આ યોજના સાંભળીને દરેક માણસને પહેલી છાપ તો એ જ પડવાની કે આ યોજના કોઈ કવિનું દિવાસ્વપ્ન છે, મદ્યપીનો પ્રલાપ છે, કોઈ "આ જ ફસા જા એન્ડ કંપનીનો" જાદુકપટનો ખેલ છે, કોઈ કાચી ઉમ્મરના સમાજવાદીનો બબડાટ છે !

પણ જ્યારે એમ કહેવામાં આવે છે કે આ યોજના ૫૮ વર્ષની ઉમ્મરના સફળ બાહોશ અને *નિવૃત્ત ઈજનેરનું વ્યવહારલક્ષી સર્જન* છે, ત્યારે શંકાશીલો યોજના ને વિચારવા પ્રેરાશે જ્યારે આ યોજનાના જનક પોતાની ગ્રામોદ્ધાર અને કેળવણીની યોજના લઈને સરદારશ્રી વલ્લભભાઈ પટેલ પાસે ગયા, ત્યારે એમણે એક કાબેલ વકીલ સામા પક્ષના સાક્ષીને તપાસે એમ આ યોજનાના જનકની બરાબર ત્રણ દિવસ સુધી ઉલટપાલટ તપાસ કરી. જ્યારે એમને થયું કે આ એક અત્યંત સંગીન યોજના છે, ત્યારે જ એમણે એની ઉપર પોતાની સંમતિની મહોર મારીને આ નવા સાહસને પોતાના આશીર્વાદ આપ્યા, એને વિરોધની ગણના કર્યા વગર આગળ વધવા અનુમતિ આપી.

આ કઈ રીતે બન્યું ? કોઈથી ના છેતરાનારા સરદારસાહેબ અહીં આગળ છેતરાયા કે શું ! કે પછી આ વાતમાં બીજું જ કાંઈક રહસ્ય છે !

વિદ્યાનગરના વિધિકર્તા :

ઈ. સ. ૧૯૧૨ની સાલ હતી સ્વ૰ મહારાજા સયાજીરાવ પ્રવાસે નીકળ્યા હતા. એક અઠવાડિયા પછી એ મહેસાણા આવવાના હતા. મહેસાણાની એકઝીક્યુટિવ એન્જિનીઅરની ઑફીસમાં હુકમ આવ્યો કે ત્યાંના પ્રદેશમાં બંધાનારા ૭ મકાનોના પ્લેન એસ્ટીમેન્ટ તૈયાર કરી મહારાજા સાહેબ આવે ત્યારે રજુ કરવા.

એકઝીક્યુટિવ એન્જિનીઅરે તુરત જ પોતાના હાથ નીચેના એન્જિનીઅરને બોલાવ્યા, અને એ હુકમ વાંચી સંભળાવ્યો.

"એ મારાથી નહિ બને. એ અશક્ય છે. આ કરવા માટે ઓછામાં ઓછા બે મહિના જોઈએ." આસિસ્ટંટ એન્જિનીઅરે સાફ સંભળાવ્યું

"અરે ! એમ કેમ ચાલે ? હજુરનો હુકમ છે."

"ભલેને રહ્યો ! હજુર ઇજનેરીમાં શું સમજે ! બે મહિનાનું કામ અઠવાડિયામાં કેમ કરીને થાય !"

એકઝીક્યુટિવ એન્જિનીઅર ખૂબ મૂંઝાયા. કોલેજમાંથી તાજો જ પાસ થએલો એક યુવાન ઑફિસમાં બેઠો હતો. એણે કહ્યું: "તમારે જો હરકત ન હોય તો એ કામ મને સોંપશો ?"

"તમારાથી એ બનશે ?" એકઝીક્યુટિવ એન્જિનીઅરની આંખમાં સંશય હતો.

"તમને વિશ્વાસ હોય તો સોંપો. નહિ તો કંઈ નહિ."

"ભલે, કરી જુઓ પ્રયત્ન."

આસિસ્ટંટ એન્જિનીઅરને હસવું આવ્યું. એમને ૨૨ વર્ષનો ઇજિનેરીનો અનુભવ હતો. એમનાથી ન થઈ શકતું કામ કરવા માટે આ નમુછીઆ જુવાને બીડું ઝડપ્યું હતું !

યુવાને ઑફિસનો સ્ટાફ બોલાવ્યો. જુદા જુદા માણસોને જુદાં જુદાં કામ સોંપી દીધાં ત્રણ જ દિવસમાં આખીયે યોજના નખશિખ સંપૂર્ણ થઈ ગઈ !

મહારાજા સાહેબ આવ્યા. એમની સાથે સુપરિન્ટેન્ડિંગ એન્જિનીઅર શ્રી. અડોલકર હતા. એમણે અધૂરા કામની જ આશા રાખેલી. પણ જ્યારે પૂરેપૂરું કામ જોયું, ત્યારે મહારાજા ગયા પછી ફરી પાછા ઑફિસમાં આવ્યા. એમને એમ કહેવામા આવ્યું કે ઑફિસમાં આવેલા નવા ઇજનેરે આ કામ માત્ર ત્રણ જ દિવસમાં કર્યું હતું. એમણે એ યુવાનને બોલાવ્યા.

"આ કામ તમે કર્યું ?"

"હાજી."

"તમે હમણાં ને હમણાં રાજીનામું આપી દો."

"કેમ ?"

"તમારા જેવા શક્તિશાળી માણસ માટે આ રાજ્યમાં સ્થાન નથી. તમારી શક્તિઓ માટે તમને બ્રિટિશ રાજ્યમાં બહોળું ક્ષેત્ર મળી રહેશે. તમારા જેવા માણસને ગુમાવતાં મને બહુજ દુઃખ થાય છે. પણ હું લાચાર છું."

યુવાને ગાયકવાડીમાંથી રાજીનામું આપ્યું અને અંગ્રેજી રાજ્યમાં નોકરી લીધી.

એ યુવાન તે શ્રી. ભાઈલાલભાઈ પટેલ. મહેસાણાના મકાનોનાં પ્લેન એસ્ટીમેટ એ એમણે પાર પાડેલું એમના જીવનનું પહેલું "અશક્ય" કાર્ય. વલ્લભવિદ્યાનગરની વ્યાપક યોજના એ એમણે ઉપાડેલું એમના જીવનનું છેલ્લું "અશક્ય" કાર્ય.

આ બે અશક્ય કાર્યોની વચમાં એમણે એમની ભયંકર હિંમતથી કંઈક નાનામોટાં 'અશક્ય" મનાતાં કાર્યો પાર પાડ્યાં છે. એમની કાર્યપદ્ધતિ ઉપર મુગ્ધ બનેલા એક ઉપરી અંગ્રેજ અમલદારે એમને માટે એમ કહેલું કે: "આ ચતુષ્કોણ ચહેરાના માણસ માટે કંઈ જ અશક્ય નથી."

વિદ્યાનગરના વિશ્વકર્મા શ્રી. ભાઈલાલભાઈ પટેલ એક વિલક્ષણ વ્યક્તિ છે. એ જન્મે સૈનિક, ધંધે ઈજનેર, સંસ્કારે સંસ્કૃતિપ્રવર્તક અને સ્વભાવે પૈસાની ઝાઝી પરવા વિનાના, દીલા દિલના રાજા માણસ છે. હીંડનબર્ગની પેઠે "Duty, discipline and fatherland" (કર્તવ્ય, શિસ્ત અને પિતૃભૂમિ) એ એમનો જીવનમંત્ર છે. એમના પાટીદાર પૂર્વજોના સઘળા ગુણદોષોનું એમનામાં પ્રતિબિંબ પડતું હોવા ઉપરાંત અનેક અર્વાચીન બળોથી એમનું જીવન ઘડાયું છે.

પોતાની સરકારી, મ્યુનિસિપલ, સામાજીક, સાંસ્કૃતિક અને કેળવણીવિષયક સેવાઓને અંગે એમણે આપણા પ્રજાજીવનને જુદાંજુદાં દૃષ્ટિબિંદુઓથી જાત અનુભવ વડે જોયું જાણ્યું છે.

બાલ્યાવસ્થાની કારમી ગરીબી અને યુવાવસ્થાની સુંવાળી સાહ્યબી, પૂનાની ખુશનુમા હવા અને સિંધનો ભયંકર તાપ, રણનું અસહ્ય એકાંત અને શહેરનો ગજબ ઘોંઘાટ, સરકારી ફરમાનને પડકારતાં હથિયારબંધ ટોળાંઓનો ઝનૂની સામનો અને માનપાનના મુલાયમ જલસા, કોમી હુલ્લડમાં થએલા જીવલેણ હુમલા અને સૌ કોમોનો સરખો સદ્ભાવ, અમલદારી તુમાખી તેમજ તુમારશાહી ને લોકશાહીનો બેજવાબદાર ટોળાંવાદ, ફંડગુંડાગીઓનાં ષડ્યંત્રો અને લોકસેવકોની નીઃસ્વાર્થ સેવા, જીવનનાં આવાં આવાં અનેક પાસાંઓને જાતઅનુભવથી જોઈજાણીને, એમાં રમીભમીને, એ પાકા પરેશાન થઈ ગયા છે. એ કોઈ પગમાથા વિનાની તરંગી યોજના વહેતી મૂકે એવા કાચી માટીના, આરંભશૂરા માણસ નથી.

હવે આપણે જો આ યોજના વિષે વિચાર કરીએ તો એમાં વિચારની દૃષ્ટિએ નવીન તત્ત્વ કંઈ જ નથી અથવા તો બહુ જ ઓછું છે. આવી અથવા આને મળતી યોજનાઓ સર વિશ્વેશ્વરૈયાથી માંડીને જવાહરલાલ નહેરૂ સુધી અનેક વિચારકોએ રજુ કરી છે. ચરોતરના અમુક ગામોમાં વોટર વર્કસ થયાં છે, પણ ડ્રેનેજ નથી-થઈ એને લઈને ગંદકી અને મેલેરિયા ખૂબ વધ્યાં છે, આ રીતે પશ્ચિમના સુધારા કકડે કકડે લેવાથી આપણી આ દશા થઈ છે. આ યોજનાના પ્રણેતાએ પ્રથમ પહેલું પકડેલું રહસ્ય એ જ છે. એમણે ટુકડા ટુકડા નહિ પણ સર્વાંગી યોજનાને હાથમાં લીધી છે.

પીઢ કેળવણીકાર: શ્રી. ભીખાભાઇ પટેલ

ઉપરોક્ત બન્ને સંસ્થાઓના મંત્રી શ્રી. ભીખાભાઈ કુ. પટેલ એક પીઢ કેળવણીકાર છે. ઉમ્મર ૫૬ વર્ષની છે. ચરોતર એજ્યુકેશન સોસાયટીના એ ૨૩ વર્ષ સુધી સ્વયંસેવક હતાં, અને એ સંસ્થાની ઉજ્જવળ કારકીર્દીમાં એમનો ફાળો બહુ મોટો છે. ત્યાંથી છૂટા થયા પછી એમણે શુકલતીર્થમાં નર્મદા કેળવણી મંડળ સ્થાપ્યું, અને એ પ્રદેશમાં કેળવણીનો પ્રચાર કર્યો. એ મુંબઇ યુનિવર્સિટીની સેનેટના તેમ જ એકેડેમિક કાઉન્સિલના સભ્ય છે. યુનિવર્સિટીની પરીક્ષા માટે આણંદનું સેન્ટર એમણે ખોલાવ્યું હતું.

ચરોતરમાં આર્ટ્સ કોલેજ કાઢવાની વાત ઘણા વખતથી ચાલતી હતી, પણ અમને એમાં રસ નહોતો. શ્રી. ભાઈલાલભાઈ જ્યારે અમદાવાદ મ્યુનિસિપાલિટીના મુખ્ય ઇજનેર હતા ત્યારે એ ચરોતર એજ્યુકેશન સોસા-

ચરીમાં અવારનવાર આવતા, એ અરસામાં એ શ્રી. ભીખાભાઈને મળ્યા, અને એમની વચ્ચેનો વિચાર વિનિમય મૈત્રીમાં ફેરવાયો. શ્રી. ભાઈલાલભાઈએ શ્રી ભીખાભાઈને પોતાની સાથે જોડાવાનું આમંત્રણ આપ્યું, અને શ્રી. ભીખાભાઈએ તે સ્વીકાર્યું. જ્યારે અનેક લોકો આ નવી યોજનાથી વિરુદ્ધ હતા, ત્યારે શ્રી. ભીખાભાઈએ પોતાની સાદી સમજથી આ યોજનાનાં દુરગામી પરિણામો જોયાં અને એમાં ઉત્સાહ પૂર્વક ઝંપલાવ્યું. આ સંસ્થાઓમાં ઇજનેરી, વૈજ્ઞાનિક અને ગ્રામોદ્ધારની બાબતોની જવાબદારી મુખ્યત્વે શ્રી. ભાઈલાલભાઈને માથે છે, જ્યારે કેળવણીવિષયક, પત્રવ્યવહારની, વહીવટની અને બંધારણીય કામકાજની જવાબદારી મુખ્યત્વે શ્રી. ભીખાભાઈને માથે છે. તેઓ શ્રી. ભાઈલાલભાઈ જેટલી જ એકનિષ્ઠા અને ઉત્સાહથી આ સંસ્થામાં કામ કરી રહ્યા છે.

સંસ્થામાં વૃદ્ધોની આગેવાની

આ સંસ્થાઓની એક ખાસ વિશિષ્ટતા એ છે કે, એની આગેવાની વૃદ્ધોના હાથમાં છે. આવી ક્રાન્તિકારી યોજના ઘડવાની અને પાર પાડવાની જવાબદારી પચાસથી પંચોતેર વર્ષ સુધીના વાનપ્રસ્થાશ્રમીઓએ લીધી છે. ચારૂતર વિદ્યામંડળ સરકારમાં રજીસ્ટર થયા પછી મંડળની પ્રથમ સાધારણ સભા ૯-૯-૪૫ના રોજ મળી તેમાં મંડળના હોદ્દેદારો નિયામક મંડળના સભ્યો, નાણાં સમિતી અને ઇજનેર સમિતિ નીમવામાં આવ્યાં. મંડળના પ્રમુખ તરીકે સરદાર શ્રી. વલ્લભભાઈ પટેલ, ટ્રસ્ટીઓ તરીકે શ્રી. જીવાભાઈ રેવાભાઈ પટેલ અને મગનભાઈ શંકરભાઈ પટેલ, અધ્યક્ષ તરીકે શ્રી. ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલ અને મંત્રી તરીકે શ્રી. ભીખાભાઈ કુબેરભાઈ પટેલની ચૂંટણી થઈ.

આ ઉપરથી એ જોઈ શકાશે કે પોતપોતાના કાર્યક્ષેત્રમાં જુદીજુદી જીવનસિદ્ધિઓને વરેલા પ્રૌઢ અને પીઢ માણસો આ સંસ્થાના આગેવાનો છે. સરદાર સાહેબની ઉમ્મર ૭૨ વર્ષની, શ્રી. ભાઈલાલભાઈની ૫૮ વર્ષની અને શ્રી. ભીખાભાઈની ૫૬ વર્ષની છે. શ્રી. જીવાભાઈ અને મગનભાઈ પણ વયોવૃદ્ધ છે.

આ પ્રદેશના એક કેળવણીકાર શ્રી. હરિવલ્લભદાસ શાહને હું મળેલો. ૭૦ વર્ષની ઉમ્મરે એમના બધા વાળ કાળા છે, અને એમનામાં જુવાન જેવું જોમ છે, એમણે મને કહ્યું કે: "આવી ક્રાન્તિકારી કેળવણીનાં સ્વપ્નાં મેં અને મારા મિત્રોએ વર્ષોથી સેવેલાં પણ તે વખતે સમય પાક્યો નહોતો, અને યોગ્ય વ્યક્તિની આગેવાની નહોતી. આજે ગાંધીયુગ છે, અને શ્રી. ભાઈલાલભાઈ જેવા શક્તિશાળી નેતા છે, એટલે આ યોજના અવશ્ય સફળ થશે એની મને પૂરેપૂરી ખાત્રી છે.

શ્રી. ભાઈલાલભાઈએ મને પહેલાં તો આ સંસ્થાઓમા આવવા એવું કહીને આમંત્રણ આપ્યું કે: "જૂઓ ભાઈ! હું ને ભીખાભાઈ પાટીદાર રહ્યા. આંધળુકિયાં કરવાં એ અમારો જાતીસ્વભાવ. અમારી ઉપર અંકુશ મુકવા અમારે તમારી વણિક બુદ્ધિની જરૂર છે. તમને જ્યાં એમ લાગે કે અમે ખોટું સાહસ કરીને સંસ્થાઓને ખાડામાં નાખીયે છીએ, ત્યાં તમારે ઉપર "બ્રેક" મૂકવો."

"સંસ્થામાં આવીને મેં એનું અર્થતંત્ર તપાસ્યું તો એ મને એટલું સંગીન લાગ્યું કે મેં એનું નામ "પુણ્યચક્ર" પાડ્યું. જગતમાં જેમ પાપચક્ર છે, તેમ પુણ્યચક્ર પણ છે. આ સંસ્થાઓમાં જેમ પૈસા આવે છે તેમ કામ આગળ વધે છે, અને કામ આગળ વધે છે, તેમ વધુ પૈસા આવે છે. એટલે હું હવે બ્રેકને બદલે વરાળનું કામ કરું છું, અને આ કામની ઝડપ બહુજ ધીમી છે એમ વારંવાર શ્રી. ભાઈલાલભાઈને કહું છું!

"હું વાણિયાનો દીકરો છું, અને મેં ૨૫ વર્ષ સુધી એક મિલના મેનેજર તરીકે સફળ નોકરી કરી છે. છતાંય આજે ૭૦ વર્ષની ઉમ્મરે મને શ્રી. ભાઈલાલભાઈ પાસે હિસાબકિતાબ વિષે ઘણું નવું જાણવાનું મળ્યું. એમની હિસાબની ચોકસાઈ અને ચોકખાઈ અણીશુદ્ધ છે."

આ સંસ્થાના બીજા એક કાર્યકર્તા શ્રી. નાથાભાઈ પટેલ ૭૦ વર્ષની ઉમ્મરના યુવાન હૃદયવાળા વૃદ્ધ છે. એ એક જૂના સત્યાગ્રહી યોદ્ધા છે. એમણે નિશ્ચય કર્યો છે કે કદી પૈસા લાવ્યા વિના વિદ્યાનગરમાં પગ

મૂકવો નહિ. જ્યારે જ્યારે એ ત્યાં આવે છે ત્યારે ત્યારે એ પાંચસો, હજાર કે બે હજાર રૂપિયા લઈને આવ્યા હોય છે. આ ઉમ્મરે એ ગામડે ગામડે ઘૂમીને આ નવી યોજના લોકોને સમજાવી રહ્યા છે.

નવી પરિસ્થિતિ : નવું અર્થશાસ્ત્ર

આ યોજનામાં રસ લેતા લોકો પૂછે છે કે : "આ યોજના ગાંધીવાદી છે કે સમાજવાદી ?" આવો પ્રશ્ન સાવ સ્વાભાવિક છે. કોઈ પણ યોજનાની કરોડ એનું અર્થતંત્ર છે. હિન્દમાં અને ગુજરાતમાં ગંભીર વિચારકો દેશ સ્વતંત્ર થાય ત્યારે આર્થિક વ્યવસ્થા કેવી રીતે કરવી એ સબંધી ત્રણ વિભાગમાં વહેંચાઈ ગયા છેઃ ગાંધીવાદી, સમાજવાદી અને સમન્વયમાં માનનારા.

આ ત્રણ સિવાય ચોથા પ્રકારનું અર્થશાસ્ત્ર સંભવી શકે જ નહિ એમ મોટા ભાગના માણસો માનતા હોય છે.

મને જ્યારે એમ પૂછવામા આવે છે કે: "આ યોજના ગાંધીવાદી છે કે સમાજવાદી ?" ત્યારે હું જવાબ આપું છું કે; "એમાંથી એકકે નહિ. અને છતાંય આ યોજના ગાંધી વિરોધી કે માર્કસવિરોધી પણ નથી."

શ્રી. ભાઈલાલભાઈને કરોડો રૂપિયાનાં કામ કરવાની હોંશ છે, અને એમની પાસે પૈસા બિલકુલ નથી. આદર્શ અને વ્યવહાર વચ્ચેની વિષમતા ટાળીને એ બન્ને વચ્ચે પુલ જેવું કામ કરે, એટલા માટે એમણે એક નવું અર્થશાસ્ત્ર સર્જ્યું છે. શ્રી. ભાઈલાલભાઈનું અર્થશાસ્ત્ર એ ચરોતરની નાનકડી દુનિયા માટે ઉપયોગી, એવું એક વ્યવહારુ ઇજનેરનું ગામડી અર્થશાસ્ત્ર છે.

પહેલા મહાયુદ્ધ પછી જગતમાં અનેક આર્થિક પ્રશ્નો ઉપસ્થિત થયા. એને પહોંચી વળવા માટે જુદા જુદા દેશોએ જુદા જુદા માર્ગો લીધા. ઈંગ્લેન્ડ, અમેરિકા ને જાપાને મૂડીવાદથી, જર્મની ને ઇટલીએ ફેસિઝમથી, રશિયાએ સમાજવાદથી, અને હિન્દે અને ચીને ગૃહોદ્યોગોથી પોતાના આર્થિક પ્રશ્નો ઉકેલવાનો પ્રયત્ન કર્યો. આ ઉપરાંત સહકારી પ્રવૃત્તિ દુનિયાના ઘણા દેશોમાં ચાલી. આ બધા મહાન પ્રયોગોનો લાભ આ નાના પ્રયોગમાં લેવાયો છે, અને આ બધી પ્રવૃત્તિઓના દોષોને શક્ય હોય એટલી હદે ટાળવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે

આ નવા અર્થશાસ્ત્રમાં, મૂડીનું કેન્દ્રિકરણ, કેન્દ્રસ્થ ઉદ્યોગો, એકહથ્થુ વહીવટ, મોટા પાયા ઉપર ઉત્પાદન, ઓછે નફે બહોળો વેપાર, બજાર માટે હરીફાઈ અને નફા માટે ઉત્પાદન જેવાં મૂડીવાદી અર્થરચનાનાં તત્ત્વો છે.

એજ રીતે મૂડી ઉપર માત્ર ૩% વ્યાજ, ઉદ્યોગો ઉપર રાજ્યનો (અહીં આગળ સંસ્થાઓનો) અંકુશ, તુમારશાહીનો અભાવ, જવાબદાર વહીવટ, અને કામકાજનો ઝડપી ઉકેલ જેવાં નાઝીવાદનાં તત્ત્વો છે.

કામદારોને પૂરતા પગાર અને એમની સુખ સગવડો માટે કાળજી, વ્યવસ્થિત અર્થશાસ્ત્ર, સમગ્ર સમાજના હિતની યોજનાઓ, ઉપયોગ માટે ઉત્પાદન અને ઉત્પાદનનાં સાધનોની સામાજીક માલીકી જેવા સમાજવાદી અર્થતંત્રનાં એમા તત્વો છે.

એ જ રીતે દેશના એકમ તરીકે ગામડું, વિકેન્દ્રિત અર્થશાસ્ત્ર, ગૃહોદ્યોગો, ખેતી, પશુપાલન અને ગૃહોદ્યોગોનો સુમેળ, ગ્રામસફાઈ, સ્વાશ્રય, અને વર્ગમેળ જેવાં ગાંધીમાર્ગનાં સુંદર તત્ત્વોનો આ અર્થશાસ્ત્રમાં સ્વીકાર થયો છે.

આ અર્થશાસ્ત્રમાં સહકારી પ્રવૃત્તિનાં પણ અનેક તત્ત્વો છે.

ઉપરનાં પાચ પ્રકારના અર્થશાસ્ત્રોને દુનિયામાં જુદીજુદી જગ્યાએ ચકાસવામાં આવ્યાં છે, પણ એક અર્થશાસ્ત્રને હજી કયાંય તક મળી નથી. શ્રી. એચ. જી. વેલ્સ જેવા વિચારક અને દ્રષ્ટિએ રશિયામાં પ્રવર્તતા ચક્રયુગથી અસંતુષ્ટ થઈને એક નવીન પ્રકારના બ્રાહ્મણયુગની કલ્પના કરી છે, જેને એમણે "ટેકનોક્રસી "નું નામ આપ્યું છે, આ પ્રકારની સમાજરચનામાં પંડિતો, પ્રાધ્યાપકો, વૈજ્ઞાનિકો અને ટેકનિશિયનો સમાજના અગ્રેસરો હશે. આ કલ્પના પાછળ રહેલા તત્ત્વનો આ અર્થશાસ્ત્રમાં સ્વીકાર થયો છે, અને " ચરોતર મામોદ્ધાર સહકારી મંડળ લિમિ

ટેડ"ના બંધારણમાં બહુમતી વૈજ્ઞાનિકો, ઇજનેરો, પ્રાધ્યાપકો અને પંડિતો જેવા અર્વાચીન બ્રાહ્મણોની છે.

આ રીતે આ નવા અર્થશાસ્ત્રમાં આધુનિક યુગનાં ૭ આર્થિક દર્શનો મૂડીવાદ, નાઝીવાદ, સમાજવાદ, ગાંધીવાદ, સહકારી પ્રવૃત્તી અને ટેકનોક્રસીનો સમન્વય થયો છે.

એજ રીતે આ બધી પદ્ધતિઓના દોષો દૂર કરવાનો પ્રયત્ન પણ થયો છે.

અહીં મૂડીવાદ છે, પણ અમર્યાદિત નફો નથી. ફોર્ડ અને બાટા જેવાં મોટાં કારખાનાઓમાં હોય છે તેમ એક ખાતું બીજા ખાતાને કે પ્રજાને માલ આપતાં પહેલાં ૧૦% નફો ચઢાવે છે. મોટા પાયા ઉપર ઉત્પાદન અને સુવ્યવસ્થા હોવાથી સંસ્થાઓનો માલ લોકોને બજારુ માલ કરતાં સસ્તો પડશે. અહીં આગળ નફો જનતાના સહકાર અને સંમતિથી લેવાય છે અને એનો ઉપયોગ પ્રજાના શ્રેય માટેજ થાય છે. અમર્યાદીત નફો અને કાળાબજારથી મુક્ત એવો આ મૂડીવાદ આ પ્રદેશની પ્રજાને આશીર્વાદરૂપ થયો છે.

એજ રીતે નાઝીવાદ કે સમાજવાદની સરમુખત્યારી અહીં નથી. બન્ને સંસ્થાઓ લોકશાહી સંસ્થાઓ છે, સંસ્થાઓમાં વગર વેતને ચોવીસે કલાક કામ કરનાર વ્યક્તિઓ માત્ર બેજ છે, શ્રી. ભાઈલાલભાઈ અને શ્રી. ભીખાભાઈ. બાકીના બધા સ્ટાફને પૂરતો અને સંતોષકારક પગાર મળે છે. કોઈ પણ વ્યક્તિનું અહીં સેવાને નામે શોષણ ન થવું જોઈએ એવી દૃષ્ટિ છે. સંસ્થાઓએ ચરોતરના ગામડાંઓમાં પાકા રસ્તાઓ કરવાનું કામ માથે લીધું છે. આ ખોટની પ્રવૃત્તિ છે, છતાંય એ કરવામાં આવે છે, કારણ કે સમાજને એની જરૂર છે. ઉપયોગ માટે ઉત્પાદન જેવા સમાજવાદી સિદ્ધાંતનો અહીં આગગ્ર પૂરેપૂરો અમલ થઈ રહ્યો છે.

ગાંધીવાદી અર્થશાસ્ત્રનું ઓછું ઉત્પાદન અને નીચું જીવનધોરણ અહીં સ્વીકારાયું નથી. સહકારી પ્રવૃત્તિની એક મર્યાદા એ છે કે જેટલા એમાં ભળ્યા હોય તેટલાનેજ લાભ થાય, જ્યારે આ સંસ્થાઓની પ્રવૃત્તિઓ આખા સમાજના શ્રેય માટે છે.

ટેક્નોક્રસી અહીં પહેલીવાર અજમાવાય છે એટલે એનું તો જે પરીણામ આવે તે ખરું. સંસ્થાઓ પોતાની ભવિષ્યની પ્રવૃત્તિઓને ત્રણ વિભાગમાં વહેંચી નાખશે.

(૧) નફાકારક પ્રવૃત્તિઓઃ વર્કશોપનું કામ, ઘર બાંધવાના દરેક જાતના સરસામાનનું વેચાણ, ઘંટી. હલર, મોજશોખ માટે વીજળી જેવી કે પંખા, પ્રકાશ વગેરે માટે, ખેતીવાડીને પાણી અને રૂનેજનું ખાતર પૂરું પાડવાની પ્રવૃત્તિ, મશીનરી બનાવવી સુધારવી અને વેચવી, વાહન વ્યવહાર માટે મોટરો દોડાવવી, આયુર્વેદિક ફાર્મસી.

(૨) સરભર ખાતાં: સહકારી પ્રવૃત્તિ, ગૃહોદ્યોગો, ગૃહોદ્યોગો માટે વીજળી, વગેરે.

(૩) ખોટવાળા ખાતાં: ગામડામાં પાકા રસ્તા, વૃક્ષારોપણ, બાગબગીચા, હાઈસ્કૂલ અને કોલેજની કેળવણી, પુસ્તકાલયો, વૈદ્યકીય રાહત વગેરે.

પોતાની આવડી મોટી પ્રવૃત્તિઓ માટે એમણે પ્રજા પાસે અર્ધા કરોડની ટહેલ નાખી છે. વીસલાખ કોલેજો માટે અને ત્રીસ લાખ ગ્રામોદ્ધાર માટે.

વીસ લાખમાં કોલેજોનાં બધાં મકાન સાધન સામગ્રી સાથે ઉભાં થઈ જશે. કામ અતિશય કરકસરથી ચાલી રહ્યું છે, એટલે બીજે એક કરોડ રૂપિયામાં ના થાય એટલું કામ અહીં વીસ લાખમાં થશે. કોલેજો થઈ ગયા પછી કોલેજોનો ચાલુ ખર્ચ "ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળ લિમિટેડ"ના નફામાંથી આપશે "બાંધવુંને ભીખવાં શી લાજ?" એ પ્રેમાનંદની ઉક્તિ આ નવા યુગના બ્રાહ્મણો ખોટી પાડવા માગે છે.

"ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળ લિમિટેડ" ત્રીસ લાખના શેર કાઢશે છે, જેની ઉપર પ્રજાને ૩% વ્યાજ મળશે. આ મૂડીમાંથી ગ્રામોદ્ધાર માટે કેન્દ્રસ્થ ઉદ્યોગો ઉભા થશે, અને એ ઉદ્યોગો સારો નફો કરશે.

(અપૂર્ણ)

બે પત્રો

રવીન્દ્રનાથ ટાગોર
અનુ. રમણિક મેઘાણી

[શાન્તિનિકેતનના એક વારના વિદ્યાર્થી કળાકાર શ્રી. ધીરેન્દ્ર કૃષ્ણ દેવવર્મા પરના શ્રી. રવીન્દ્રનાથ ઠાકુરના પત્રોમાંના આ બે પત્રો છે.]

(૧)

કલ્યાણીયેષુ

ધીરેન, તું ઓચિન્તાનો અહીંથી ચાલ્યો ગયો તેથી તારા પર રોષે નથી ભરાયો. હું જાણું છું કે મન વચ્ચે વચ્ચે માળો મૂકીને આકાશમાં ઊડી આવવા ઇચ્છે છે, અને એમાં ખોટુંયે નથી. પોતાની જાતને બરાબર ઓળખવા માટે નિત્યનાં રહેઠાણથી દૂર જવાની જરૂર છે. વળી આશ્રમમાં તારા જીવનનો જે આરંભ થયો છે, ચિત્તનો જે વિકાસ થયો છે, તે તો દૂર જવાથી યે દૂર નથી થવાનો. અંતરમાં જે લઈ ગયો છો, તેમજ આશ્રમ તારા અંતરમાં જ રહેશે.

ફાગણીપૂર્ણિમાના ઉત્સવમાં પરોવાયો છું. વૃક્ષો-પર્ણોમાં વસંત જે રીતે પ્રગટે છે તે રીતે માનવીમાં પણ જો એનો એવો જ પડઘો પડે તો જ ઉત્સવ પૂર્ણ થાય. તેથી જ અહીં કો'ક કવિતામાં, કો'ક વળી ચિત્રમાં, કોઇ નૃત્ય-ગાન અભિનય વગેરેમાં લાગી ગયાં છે. તું જો વસંતનો કંઈક સંદેશ તારા ચિત્રમાં વ્યક્ત કરીને પાઠવીશ તો આનંદ થશે. ખાસ બહુ મોટું કંઇ કરવાની જરૂર નથી. આપણા કલાભવનની વસંત-ડાળે કંઈક એક અર્ઘ્ય આવી પડે—એટલું જ બસ છે; તમે બેઉ મારા આશીર્વાદ સ્વીકારજો. અને કાજરીના લલાટે મારું સ્નેહચુંબન. લાલુ અને અન્ય સહુ કેમ છે? ખબર આપજે.

ઇતિ. ૭ ફાગણ ૧૩૩૪ શુભાકાંક્ષી

શ્રી રવીન્દ્રનાથ ઠાકુર

(૨)

શાન્તિનિકેતન

કલ્યાણીયેષુ,

તારો પત્ર મળતાં ખુશી થયો, પરંતુ શિષ્યવૃત્તિ મેળવી તું વિલાયત જાય છે જાણી જરાયે આનંદ ન પામ્યો. જો વિજ્ઞાન શીખવા જતો હોત તો વાંધો ન હતો, પણ ચિત્રકળા!

શું એજ સાબિત કરવા જઈશ કે આ હતભાગી દેશમાં કોઈ પણ વિષયમાં, પોતાનામાં પોતીકી શક્તિ ઉદ્‌ભાવતી જ નથી. એ લોકોની ટાપટીપની છાપ લઈ પછી જ આપણે કોઇક વસ્તુની જેમ બજારમાં વેચા જઈશું. જ્ઞાન-શિક્ષણમાં નમ્રતાની જરૂર છે, પરં સર્જન શક્તિની પ્રતિભા, માથું નીચું કરવાથી આત્માવમાનના અનુભવે છે, તેથી એની શક્તિનો હ્રા થાય છે. મ-એ એનો પરિચય આપ્યો છે. જ બેશક રૂપિયાથી થેલી ભરાય છે એ વાત હું સ્વીકા છું. અજન્તાના કળાકારો વિષે આ ગર્વ સદા કરીશ કે તેઓ સંપૂર્ણપણે આપણાં જ રહ્યા છે સાઉથ કેન્સિંગ્ટનની લાંછનાએ લાંછિત નથી બન્યા પણ તું કો'ક પ્રલોભને-કોઇક મોહે આ અગૌરવન છાપ સ્વીકારવા-લેવા જઈશ તો ઇતિહાસ સદાને માટે એમ વદતો રહેશે કે તારી ખ્યાતિ એ બ્રિટિશ સામ્રા જ્યની ખ્યાતિની એક જ છે. આ રીતે તું તારી-પોતાની પ્રતિભાને ભોગે અર્થ પામીશ, પરંતુ જન્મ ભૂમિને અંતરો-અંતર પૂરેપૂરી વંચિત કરીશ એ વાત ન ભૂલીશ. આપણી ઓફિસોમાં પરોપજીવીઓન ટોળાં છે, આપણાં વિશ્વવિદ્યાલયોમાં પરદેશી વિષયોન વિદ્યાર્થીઓ ઘણાં છે, પરંતુ ભારતમાં ભારતીય રાજ્ય મા ક્યાંયે એકાદું સ્થળ પણ એવું નહિ રહે શું જ્યાં વીણાપાણિની વીણાનો ઓછામાં ઓછો એક તાર તો અહીંની ખાણનાં અસલ સોનાનો બંધાયેલો હોય? બધે જ શું વિલાયતી અઢાર કેરેટ જ ચલાવવો પડશે? દુર્ભાગી દેશનાં મજૂરો બીજાને બારણે ધાન માટે જાય છે, પરંતુ એ દેશ તો એનાં કરતાયે વધુ દુર્ભાગી છે કે જ્યાં વિદ્વાનો પણ વિદેશી શ્રીમંતોને સલામ કરતા ઊભા રહીને કહે છે કે તમારો હાથનું તિલક જો કપાળે હશે તોજ મારો જય થશે. સાઉથ કેન્સિંગ્ટનની છાપ દેશના આશીર્વાદને નકામા કરશે મનોમન આ જાણવા છતાં તારા વિદેશ પ્રવાસ પર હું કઈ રીતે પ્રસન્નતા પ્રગટ કરી શકું?

ઇતિ ૨૩ શ્રાવણ. શુભાકાંક્ષી

શ્રી રવીન્દ્રનાથ ઠાકુર

[અનુસંધાન પૃષ્ઠ ૩૨ થી ચાલુ]

વ્યવહારની પ્રામાણિકતા શંકાથી એટલી બધી પર હતી કે આ ભાઇ સ્વ૦ વસંતરાવને એ બાબતમાં રવિશંકર મહારાજની જોડમાં મૂકે છે. તદુપરાંત વેધક વાત તો શ્રી. દેગસરી એ કહે છે કે, 'જમાલપુર વોર્ડની કોંગ્રેસ મારફત ઘણાં વર્ષો સેવા કર્યા પછી '૪૬ ની શહેરસમિતિની ચૂંટણીમાં લોકશાહીની કાળી બાજુના ભોગ બનીને વસંતરાવ નાકામિયાબ નીવડયા.'

આ બલિદાનોનો અર્થ

આ અંજલિ આપનારાઓમાં બીજું ઉજળું નામ તે શ્રી. ગણેશ વાસુદેવ માવલંકરનું છે. ઘનિષ્ઠ કૌટુંબિક સંબંધની દૃષ્ટિએ જે પોતાના ભાણેજ કે પુત્ર જેવા લાગતા અને જાહેરજીવનની દૃષ્ટિએ જેને પોતે નાના ભાઈ સમજતા, તેના અંગત સ્મરણે ઝણઝણેલા હૃદય-તારને બાજુએ રાખીને શ્રી. માવલંકર પૂછે છે કે, 'આ બલિદાનોનો આપણે માટે શો અર્થ ?' અને પછી પોતે જ તેનો જવાબ આપે છે—

'આદર્શ થવું સૌ કોઈને ગમે. ટોચે પહોંચેલા પુરુષોને જોઇ મનમાં થાય કે, આપણે તેવા થઈએ તો કેવું ? ધંધામાં કે જાહેર જીવનમાં કે જીવનના કોઈ પણ ક્ષેત્રમાં નિસરણીના ઊંચામાં ઊંચા પગથિયે પહોંચવા કોણ ન ઇચ્છે ? છતાં સૌ પહોંચતા નથી, તેમ પહોંચવાને માટે બીજા કોઇને દૂર કરવા પડે તેમ પણ નથી; પ્રયત્ન કર્યે ન જ પહોંચી શકાય એમ પણ ઘણી વખતે નથી હોતું. પણ શક્તિ અને ઇચ્છા હોવા છતાં ઘણા પહોંચતા નથી એ વાત સત્ય છે. આનું શું કારણ ?

'ચિ. વસંતરાવના જીવન તરફ જુઓ. કારણ તરત જણાશે. તેનું શરીર માયકાંગલું હતું. વિચાર્યું કે આ ઠીક નહિ. પણ વિચારથી ન અટકયા. કસરતનું કામ શરૂ કર્યું. રોજમરોજ કંટાળ્યા વગર ચાલુ રાખ્યું. નિશ્ચયનું બળ કેળવી, સાથે સાથે શરીરબળ કેળવ્યું. ધ્યેય આંખ આગળ રાખી આળસ કે લાલચમાં ન પડયા. કસરત, આહાર, વિહાર એ બધું નિયમિત કરી, મનને કાબૂમાં રાખી, શરીર સુંદર અને શક્તિશાળી બનાવ્યું. નિશ્ચય સાથેનો શ્રમ અને સંયમ એનું જ નામ તપશ્ચર્યા. એકલી શુભેચ્છાથી, આદર્શોથી, કે શબ્દોથી કાંઇ ન વળે—તપશ્ચર્યા જોઇએ. વસંતરાવે તપ કર્યું. મજબૂત શરીર-સંયમ અને નિશ્ચયબળ (એમાં જ મનોબળ આવી ગયું) વગર દેશસેવા ન થઇ શકે, એ એમના જીવનનો પાઠ આપતા ગયા.

'શરીરબળ મેળવ્યું—પણ તેથી શું ! સેવાના આદર્શને વર્યા. જીવનધ્યેય નક્કી કર્યું કે, દરેક ક્ષેત્રમાં બને તેટલી દેશની સેવા કરવી છે. વ્યાપારક્ષેત્રમાં પડયા. ભદ્રના અખાડામાં આવતા થયા. અને પાછળથી "વસંતરાવ એટલે જ ભદ્રનો અખાડો" એવા તેના પ્રાણસમા થઈ પડયા. ન પ્રસિદ્ધિની લાલસા કે ન અધિકારનો મોહ કહો કે લોભ કહો—એક જ 'સેવા'—'સેવા'—'સેવા'. તેથી સૌને માટે જીવ્યા; અને દેહને અર્પણ પણ કર્યો સૌને માટે. સેવાનો મૂગો પણ જ્વલંત પાઠ આપતા ગયા.

'તેમની સાથેના પ્રસંગો તો ઘણાયે યાદ આવે. કેટલા લખાએ ! દરેકનો સાર કાઢવા બેસું તો ઉપર ટૂંકમાં જણાવ્યું છે તે જ આવે.

'વસંતરાવ સદા હસમુખા નિરાશા તો જાણે એમની કાર્યધગશથી દૂર જ નાસતી. કોઈના ઉપર તેઓ ગુસ્સે થયાનું મેં જોયું કે જાણ્યું નથી. દેશસેવા અર્થે આજન્મબ્રહ્મચારી રહ્યા. ઉદાત્ત આદર્શોનો પાઠ આપતા ગયા.

'પણ હું 'ગયા,' 'ગયા' શું લખુ છું ? 'છે,' 'છે'—એ લખતાં હું એને જ મારી સમક્ષ હસમુખો જોઈ રહ્યો છું. અને મારા શરીરમાં પ્રાણ હશે ત્યાં સુધી એનું દર્શન તો હરહંમેશ કરતો રહેવાનો જ છું. પ્રેમ રૂપે, વાત્સલ્યરૂપે, સેવારૂપે, આદર્શરૂપે, સંયમરૂપે, શિસ્તરૂપે, સ્મૃતિદેહે તેઓ મારી સાથે જ રહેવાના.'

તકવાદી ગણતરી નહોતી

શ્રી બાળકૃષ્ણ ગણેશ માવલંકરની પણ અંજલિ સ્વ. વસંતરાવનાં એવા જ સ્મરણોથી ભરેલી છે અને તેમાં રહેલી આ ટકોરને માટે ઉલ્લેખપાત્ર છે: 'વસંતરાવ પાસે કેટલાક કાર્યકર્તાઓની માફક, એક ભાઈ કરતાં બીજા ભાઈ કાર્ય ઉપાડી શકશે માટે પેલા ભાઈને તરછોડો અથવા આગળ ઉપર આ ભાઈની આમ ગોઠવણ કરીશું માટે હમણાંથી જ તેની સાથે મિઠાશ જાળવો, એવી ગણતરી હતી જ નહિ. તેમની સાથેના સબંધમાં સૌથી વધારે મહત્ત્વ દાનતનું જ હતું. ભૂલો કરવાની એમની આગળ છૂટ હતી. વસંતરાવ ગમે તેવો કાર્યનો બોજો ઉપાડવા કહે, તેમની સાથેના લોકોને કદી તેનો ભાર જણાયો નથી.' આટલું કહીને આ અંજલિકાર પોતાનો ભાવ માર્ક ટવેઈને પોતાની પ્રિય પુત્રીની કબર મૂકેલી નીચેની લીટીઓમાં વ્યક્ત કરે છે.

'Warm summer sun, shine kindly here.
Warm southern-wind, blow softly here,
Green sod above, lie light, lie light,
Good night Dear Heart, Good night, Good night.'

કારાવાસીઓની બરદાસ્ત

ડૉ. હરિપ્રસાદ દેસાઈ અમદાવાદ શહેરની નાની મોટી રાજકીય લીલ્યાલોમાં પોતાને વારંવાર વિદ્યાર્થીવર્ગની મદદ જોઈતી હતી તે વખતે ખુશીથી કામનો ભાર માથે લેનારા યુવકોમાં સ્વ. હેગિષ્ટેને મોખરે જોતા તેનું સ્મરણ કરે છે, અને 'વારંવારના કારાવાસોની અંદર દરેકના સ્વાસ્થ્યની સંભાળ લેતા, કોઈને તેલ ચોળતા, કોઈની ચંપી કરતા, કોઈને પલાળેલાં શીંગ કે દ્રાક્ષ ખવરાવતા, બધાને જમાડ્યા પછી જમતા અને ઉંઘાડ્યા પછી ઊંઘતા, સેવાનું કોઈપણ કામ હલકું નહિ ગણતા, અને પોતાની આપ્પી મહેનતનો બધો યશ બીજાને લેવા દેતા ભાઈ વસંતરાવનું સૌજન્ય આપણી સામે ખડું કરે છે.

હલ્લો લઇ જવાની હૃદયજ્વાલા

'૧૯૪૨ની નવમી ઓગસ્ટે ગુજરાત પ્રાંતિક સમિતિનાં મકાનોનો સિપાહીઓએ કબજો લીધો એ દશ્ય એમનાથી જોવાયું નહિ. જે સામ્રાજ્ય સામે કરેંગે યા મરેંગેનો પડકાર મહાસભાએ ફેંક્યો તેના પ્રતિનિધિઓ સમિતિના મકાનના ઓટલા ઉપર બંદૂક હાથમાં રાખી પહેરો ભરે તે પોતે સાંખી શકયા નહિ, અકળાયા, અને કેટલાક ભાઇઓ સાથે મારી પાસે આવ્યા ને કહ્યું, 'ગમે તે થાય તો પણ આપણે સમિતિ ઉપર હલ્લો લઇ જવો જ જોઇએ.'

ઉપલા પ્રસંગની યાદ આપનાર શ્રી ઠાકોરલાલ શ્રીપતરાય ઠાકોર 'મૃત્યુંજય વસંતરાવ' એ મથાળા નીચે પોતાની અંજલિ આપતાં આગળ લખે છે કે—

'અમે એ ઉપર વિચાર કરી જોયો, પણ અંતે એ વિચાર પડતો મુકાયો. છતાં એ વસ્તુ એમને તો ખૂંચતી જ હતી તે હું જોઈ શકયો. જરૂર પડે તો પ્રાણ આપીને પણ સમિતિનો કબજો લેવા પ્રયત્ન કરવો જોઇએ એમ તેઓ માનતા હતા. આદર્શની સિદ્ધિ માટે જીવન અર્પી દેવું એ એમના મનને બહુ સહજ લાગતું.'

પોતે જેને એમના જીવનનો કિર્તિસ્થંભ કહે છે તે આ મૃત્યુંજયતાના બીજા પણ એક બે કિસ્સાઓ ટાંકીને શ્રી ઠાકોરલાલ ઠાકોર વસંતરાવના વૈજ્ઞાનિક માનસને નીચે પ્રમાણે બિરદાવે છે:

નવું કરવાની ધગશ

'નવું જાણવાની' નવી દષ્ટિથી વસ્તુ સમજવાની અને નવા પ્રયોગો કરવાની તેમનામાં બહુ ધગશ હતી. રામકૃષ્ણ પરમહંસનું લખાણ હું વાંચતો ત્યારે તેઓ કહેતા કે, હવે આ પુસ્તકો નવી દષ્ટિથી લખાવાં જોઇએ. વિજ્ઞાનનું કોઇ જૂનું પુસ્તક જુએ તો તરત એમજ કહે કે, હવે તો આપણે ઘણા આગળ વધી ગયેલા છીએ.'

વેવલાઇ છોડો!

છેલ્લે, ભાઈ વસંતરાવનું ખરું સ્મારક તો આપણા યુવાનો-યુવતીઓમાં નિર્ભયતાનો સંચાર કરવામાં રહેલું છે એમ કહી, શ્રી. ઠાકોર આપણા સમાજને નીચે પ્રમાણેના થોડાક ચાબખા લગાવી માર્ગ બતાવે છે—

'આપણામાં વીરત્વનો અભાવ જોવામાં આવે છે તેનું કારણ એક એ છે કે, વર્ષોથી ગુલામીના પરિણામે આપણે સુંવાળું અને "અનામત" જીવન ગાળવામાં જ જીવનનું સાફલ્ય માનીએ છીએ. જીવનના ભોગોમાં તેથી આપણી લાલસા વિશેષ રહે છે અને તેથી આપણા સુંવાળાં જીવનમાં કાંઇ હરકત આવે છે તો આપણો જીવ તાળવે ચડી જાય છે. તેથી જે મેદાનમાં જીવન—મરણના ખેલ થઇ રહ્યા હોય ત્યાં ઊભા રહેવાનું આપણે પસંદ કરતા નથી એટલું જ નહિ પણ ત્યાંથી નાસવાનો માર્ગ શોધીએ છીએ, વર્ષોથી આપણે લડાઇઓ લડયા નથી અને તેથી દેશને માટે માથું આપવું પડે એ વિચાર આપણને આવતો નથી અને તેથી મરણનો વિચાર આવતાં

ફુલઝારી છૂટે છે, બીજી બાજુ ઉપર આપણે જોઈએ છીએ કે પોતાના કુટુંબી જનોને મૂકીને ૫૦૦૦ માઈલ દૂર આવેલા વાઇસરોય, ગવર્નર વગેરે અમલદારોના પુત્રો અને જમાઈઓ લડાઈના મેદાને જ્યારે હોમાઈ જાય છે ત્યારે આ અમલદારોને શોક તો થાય છે જ પરંતુ તેઓ હતાશ થઈ જતા નથી કે વેવલાપણું બતાવતા નથી એરોપ્લેનના અકસ્માતો પછી યુવાન અમલદારોની દફનક્રિયાના અનેક ચિત્રો જોવામા આવે છે, આ દફનક્રિયા થાય છે ત્યારે મરણ પામેલા અમલદારોની પત્નીઓ પણ હાજર હોય છે, એમના મોં ઉપર ગાંભીર્ય જોઈએ છીએ ત્યારે આપણને માન ઉપજે છે

રોગિષ્ઠ માનસ

'આ ગાંભીર્યનું મૂળ કારણ એ છે કે લડાઇ દરમ્યાન થતું મૃત્યુ એ અનિવાર્ય લેખાયુ છે પશ્ચિમની પ્રજા પાસેથી આ મહાન ગુણ લઈને જ વસતગત્વનું ખરુ સ્મારક ઊભુ કરવાનુ છે બીજી બાજુ ઉપર દેશને માટે આપણે સહન કરવુ પડે છે ત્યારે આપણે કેટની બધી કાયરતા અને વેવલા પણું બતાવીએ છીએ! આપણા કુટુંબીઓ જેલમા જાય છે ત્યારે જેલમાં કોઈ પ્રકારનુ દુખ હોતુ નથી છતા વધુ પડતુ દુખ કલ્પી કેટલી બધી કાયરતા બતાવીએ છીએ! જેલનિવાસ એ કાંઈ મૃત્યુ નથી તો પણ આપણે કેટલો શોક કરીએ છીએ! અને અકસ્માતથી મૃત્યુ થાય ત્યારે? મૌલાના અબુલકલામ આઝાદ જેલમાં હતા અને બેગમનુ અવસાન થયું ત્યારે, અને મૌલાના જેલમાથી બહાર આવતા બેગમની કબરે ગંભીરતાથી ગયા ત્યારે આપણા વર્તમાનપત્રોએ કેટલા બધા આંસુ સાર્યા! પ્રજા પણ કેટલી વિહ્વળ બની! કસ્તુરબા અને શ્રી મહાદેવભાઈને મૂકીને મહાત્માજી બહાર આવ્યા ત્યારે—મહાત્માજી તો ખડક જેવા હતા છતા યે—આપણે આપણા હૃદયદાર્બલ્યનું મહાત્માજી ઉપર કેટલુ બધું આરોપણ કર્યું! હૃદયના દૌર્બલ્યનુ મુખ્ય કારણ એ છે કે, મૃત્યુને આપણે બહુ ભયંકર કલ્પી લઈએ છીએ, મોટી ઉમરે થતું અવસાન એ તો સહજ છે ને દેશ માટે થયેલું અવસાન એ તો જીવનની ધન્યતા છે એ આપણે માની શકતા નથી આ રોગિષ્ઠ માનસ છે જે પ્રજાને કાયર બનાવે છે એ માનસ વહેલી તકે દૂર કરી નિર્ભયતા કેળવવા માટે આપણે યુવાન વર્ગને તૈયાર કરવો જોઈએ મોટી ઉમરે પહોંચેલા વર્ગ માટે તો આ આશા વ્યર્થ છે પણ યુવાનો પ્રત્યેની આપણી ફરજ તો બજાવવી જ જોઈએ મારી દૃષ્ટિએ તેથી નીચેના ઉપાયો સૂચવુ છુ

(૧) ૧૬ કે ૧૭ વર્ષનો વિદ્યાર્થી થાય કે તરત જ તેને ફરજિયાત લશ્કરી તાલીમ આપવી આપવી જોઈએ, જેથી લશ્કરમા જોડાવાનો અને દેશને માટે માથુ આપવાનો વિચાર યુવાન પ્રજામા દૃઢ થાય આ કાયદો બનતી ત્વરાએ દાખલ કરવાની ખાસ જરૂર છે જો લશ્કરી તાલીમ આપવામા આવે તો કોમી રમખાણ જેવી કોઈ વસ્તુ રહે નહિ

(૨) મૃત્યુનો ભય ટાળવાનો અને વીરત્વનો સંચાર કરવાનો બીજો માર્ગ એ છે કે, આપણા અખાડાઓમા ટેકરાયુદ્ધ, કુસ્તી અને લાઠીમારને પ્રથમ

સ્થાન મળવું જોઇએ. જે કસરતોથી હાડકાં ભાગે, લોહી નીકળે, શરીર ધૂળવાળું થાય અને ખડતલ થાય તેને ઉત્તેજન આપવું જોઇએ. અત્યારની કસરતો આ દિશામાં કાંઇ કામ કરતી નથી. અત્યારની કસરતો તો ઓળેલા વાળ સરખા રાખવામાં અને પાટલુનની ઘડી અકબંધ રાખવામાં મદદરૂપ થાય છે. આપણા અખાડાઓ જો આવા પ્રકારની કસરતો વ્યાપક બનાવે, તો યુવાન વર્ગ નિર્ભય બને એમાં મને જરા પણ શંકા નથી. '

ઉદારચેતા

વ્યાયામપ્રેમી શ્રી હરિનારાયણ આચાર્યને શ્રી વસંતરાવ સાથેની વ્યાયામ વિશેની એક ચર્ચા અંગે યાદ આવે છે. તે ચર્ચા સંઘવ્યાયામ વિ૦ વ્યક્તિ-વ્યાયામની હતી. ભાઇ હરિનારાયણ વ્યક્તિગત વ્યાયામોપાસનાના હિમાયતી હતા. કેટલાક મહારાષ્ટ્રીઓ એમની સામેના મતના હતા. સાચખોટની પ્રતીતિ કરવા વસંતરાવે ભદ્રમાં એક વ્યાયામસત્ર યોજ્યું હતું, અને એ સત્રને અંતે ' એક દિવસ મારે ઘેર આવીને ભાઇ વસંતરાવે શરીરનો સર્વાંગ વિકાસ સાધવાનું એક માત્ર સાધન વ્યક્તિગતવ્યાયામ છે એ મારી માન્યતાની પોતાને પ્રતીતિ થયાનું આવકાર્યા હૃદયે જણાવ્યું હતું '. એમ કહીને શ્રી આચાર્ય ' ઉદારચેતા ભાઈ વસંતરાવ 'ને નીચે પ્રમાણે સ્મરે છે—

' અમારો વિચાર વિનિમય એમના મામાની દુકાને થતો. હું પુસ્તક ખરીદવા ગયો હોઉં, એ કાઉન્ટર આગળ ઊભા હોય, અને અમે વાતે ચડીએ એ સર્વ પ્રસંગે એમના હૃદયની શુચિતા અને ઉદારમતવાદિત્વનું મને સુંદર દર્શન થયેલું. એ નિર્મળ ચિત્તવૃત્તિએ જ એમને લોકકલ્યાણાર્થે સ્વદેહની આહૂતિ આપવા પ્રેર્યા. કલ્યાણભાજન વિશ્વમૂર્તિએ તેજમાં તેજ ભેળવી દીધું. '

કાર્યક્ષમતાનો પાયો

મામાની દુકાનના કાઉન્ટર પર ઊભા ઊભા જટિલ વ્યવહારબુદ્ધિ અને આદર્શરક્ત ભાવના વચ્ચે મેળ સાધવા મથતા વસંતરાવનું એક વધુ દર્શન કરાવતી અંજલિ શ્રી ચુનીલાલ વર્ધમાન શાહ તરફથી આવે છે. ' કાર્યક્ષમતાનો પાયો ' એ શિર્ષક નીચેની આ અંજલિમાં પોતે ' સ્વ. વસંતરાવના યૌવન, ધગશ અને એક વિશિષ્ટ શક્તિનો પરિચયપ્રસંગ કહે છે.

' મહાદેવ રામચંદ્ર જાગુષ્ટેની ગ્રંથવિક્રેતાની પેઢી સાથે તો મારો અંગત સંબંધ ચાલીસ કરતાંય વધુ વર્ષનો છે. સદ્‌ગત વસંતરાવને હું તેમના બચપણથી પિછાણતો. તેમનો વિશેષ પરિચય તો તેમણે હાઇસ્કુલનો અભ્યાસ પૂરો કરીને પોતાના મામા શ્રી ગોવિંદ જાગુષ્ટેની સાથે રહી પેઢીમાં ભાગ લેવાનું શરુ કર્યું ત્યારે જ પડ્યો.

' તે વખતે એ પેઢી પચાસ વર્ષની થઈ હતી; પેઢીના કાર્યભારનો વિસ્તાર ઘણો વધી ગયો હતો. ત્રણ માળની દુકાનમાં અને મોટી બે વખારોમાં પુસ્તકો સમાતાં નહોતાં. એક ગુમાસ્તો વખારમાંથી પુસ્તકો

દુકાન પર લઈ આવવા જતો, તે વખારની અંદર જ થોડાં પુસ્તકોનું એકાદ પાર્સલ બાંધી, શહેરની રેલ્વે બૂકિંગ ઓફીસેથી મુંબઈના કોઈ પોતાના મિત્રને નામે રવાના કરીને પછી પેલાં દુકાન માટે કાઢેલાં પુસ્તકો લઈને દુકાન પર આવતો ! આ ચોરીની ખબર કેટલાક દિવસ પછી પુસ્તકો માટે હિસાબ મેળવતી વખતે મામા–ભાણેજને પડી, પણ તે પહેલાં તે હજારેક રૂપિયાના પુસ્તકો ઉડાવી ગયો હતો !

'વેપાર અને વ્યવસ્થા જેટલાં વધ્યાં હતાં, તેટલાં કાર્યક્ષમતામાં ઉણાં હતાં એ મામા–ભાણેજે જોયું. મામાને લાગ્યું કે વ્યવસ્થામાં હવે સુધારો કરવો જોઇએ, ભાણેજને લાગ્યું કે વેપારની આખી યોજના જ બદલીને એવા પાયા પર મૂકવી જોઇએ કે જેથી કોઈ પણ પ્રકારના બગાડને સ્થાન રહે નહિ.

'વસંતરાવે યોજના ઘડી કાઢી અને મામાની સમક્ષ મૂકી. મામાને એ યોજના ઘણી મોટી અને ગૂંચવણભરી લાગી. તેમાં ગુજરાતી–હિંદી પુસ્તકો ઉપરાંત અંગ્રેજી પુસ્તકોનો નવો વિભાગ દુકાનમાં ઉઘાડવાની અને પુસ્તકોના પ્રકાશનના શિરસ્તામાં મૂલગત પરિવર્તન કરવાની ગોઠવણ હતી. બદલાતા યુગમાં વેપારની દિશા અને ધોરણ પણ બદલાવાં જોઇએ એ મામાને સમજાતું હતું, પરન્તુ એકદમ મોટું પરિવર્તન તેમને રુચતું નહોતું. સદ્‌ગત મહાદેવ ત્ર્યગુજ્રેનો એ એક શિરસ્તો હતો, કે બીજા ગ્રંથવિક્રેતાઓને ત્યાંથી ન મળી શકે તેવું પુસ્તક પોતાને ત્યાંથી તો ગ્રાહકને મળવું જ જોઇએ. એ ધોરણે શ્રી. ગોવિંદ ત્ર્યગુજ્રેએ ચલાવેલા વહીવટથી વેપારનો વિસ્તાર ખૂબ વધ્યો હતો. દુષ્પ્રાપ્ય અને અપ્રાપ્ય પુસ્તકો પણ તેમને ત્યાંથી ઘણીવાર મળતાં. વસંતરાવને એ વિસ્તાર ઓછો કરી, વેપાર અંગેની નવી દિશાઓ ખોલી બધા વિભાગોને એકસરખા સમૃદ્ધ કરવા હતા. પણ એ અંગે મામા ભાણેજ વચ્ચે મતભેદ પડયો.

'તે વખતે વસંતરાવ મારી પાસે આવ્યા અને મતભેદનું તત્ત્વ મારી પાસે રજુ કર્યું. વસંતરાવના યૌવનનું તેજ પેઢીના વેપારને પણ સાંપડવા લાગે તો બહુ સારું એમ મને લાગ્યું અને મેં મધ્યસ્થ બનીને મામાની પાસે જઈ વસંતરાવની યોજનાની વકીલાત કરી. નવા યુગના ઉચ્છ્‌વાસ ભરવામાં મામા કાંઇ પછાત રહે તેમ નહોતું, પરંતુ તેમનો વેપારનો અનુભવ અને વસંતરાવની ધગશભરી યોજના એ બેઉની વચ્ચે કેટલુંક અંતર છે અને તે અનિવાર્ય છે એમ મેં જોયું. વેપારના ધોરણનો એકદમ મોટો પલટો શક્ય નથી એમ છેવટે વસંતરાવને પણ સમજાયું, એટલે તુરતમાં અંગ્રેજી વિભાગ શરૂ કરવાનું ઠર્યું અને તેનો અમલ પણ થયો. વખારોની અને પુસ્તકોની સાચવણીની પદ્ધતિમાં ફેરફાર કરવામાં આવ્યો. જે મર્યાદિત ફેરફાર તે વખતે કરવામાં આવ્યા તે અણીશુદ્ધ રીતે નિભાવવામાં વસંતરાવની જે ચોકસાઈ —precision—મેં જોઇ, તે મને આજે પણ સાંભરે છે. કોઇ પણ કાર્ય નોકરને સોંપ્યું એટલે જાણે થઈ ગયું, કોઇ પુસ્તકો છાપવા આપ્યાં એટલે

જાણે તે તૈયાર થઇ ગયાં, ઘરાકને કોઇ પુસ્તક કાઢી આપ્યું એટલે જાણે તે વેચાઇ ગયું, એમ માની લેવામાં જે પ્રમાદ કાર્યકરો કરતા તે તેમના ધ્યાનમાં આવ્યો અને તેમણે દરેક કામ ચોક્કસાઇથી પૂરું કરવા માંડ્યું. પેઢીની અંદરની બધી શાખાઓ પોતાના જેવી જ ચોક્કસાઇથી કામ કરે એ તેમને જોઇતું હતું. અને તેમના આગ્રહ તથા ચીવટનું ફળ દેખાવા લાગ્યું હતું. મારા પરિચયમાં આવેલા ઘણા જુવાનોમાં મેં કામ કરવાની ધગશ જોઈ છે, અનેરો ઉત્સાહ અને સાહસિકતા પણ જોઈ છે, પણ ચોક્કસાઇનો ગુણ બહુ થોડા પ્રમાણમાં માલુમ પડ્યો છે; કોઇ જુવાનની કાર્યક્ષમતાનું માપ તેના કર્તૃત્વની અંદર રહેલી ચોક્કસાઇ ઉપરથી કાઢવાની મને ટેવ પડી છે.

'એ ધગશ અને ચોક્કસાઈભરી વસંતરાવની કાર્યકુશળતાનો લાભ મહાદેવ રામચંદ્ર જાગુષ્ટેની પેઢીને પ્રમાણમા થોડો મળી શક્યો. નાના ભાઇઓ પેઢી પર આવી કામમાં જોડાયા અને વસંતરાવને દેશકાર્યોએ અને પરિણામે તુરંગે આકર્ષી લીધા. ભદ્ર વ્યાયામ મંડળને તેની એ શક્તિનો લાભ એ જ કારણે મર્યાદિત પ્રમાણમા મળી શક્યો. ચોક્કસાઈ એ જ કાર્યક્ષમતાનો પાયો છે, એકલી ધગશ કે સંયોજનશક્તિ ચોક્કસાઈ વિના સફળતા નથી મેળવી શકતી, એ નિષ્કર્ષ સદ્‌ગત વસંતરાવના પરિચય પરથી હું તારવી શક્યો છું.'

હાઉ દાખવનાર ડરકુ છે

આમ કોઈએ એને દુકાનના થડા પર જોઇને, તો વળી એક વિરાગીએ સ્મશાને બળતી ચિતામાં એનો ચહેરો જોઇને, અંજલિ આપી છે. સ્વ. વસંતરાવના થોડા જ પરિચયે આકર્ષાઇ ગયેલા લોકસેવક જૈન મુનિશ્રી સંતબાલજી એના શબ-દહનના જાણે કે મૂઝવતા ધુમાડા વચ્ચે ઊભીને જણાવે છે કે—

'એ ગાંડપણે રજબ-વસંત જેવાનો ભોગ લઇને બતાવી આપ્યું છે કે, આ ગાંડપણ એવી જાતનું છે કે જેમાં હિંદુ કે મુસ્લિમ કોમ પ્રત્યેની કડવાશનો પ્રશ્ન નથી, જેમાં તો પ્રશ્ન છે માત્ર નમળા માનવીને હાઉ બતાવવાનો. 'હાઉ' દાખવનાર પણ અંદર તો 'ડરકુ' જ છે. આવી ડરપોકતાની સામે ડરપોકતા અસર નહિ કરે. સંગઠિત ગુંડાગીરી એ તો વળી ગજબનાક ડરપોકતા છે. એ પણ અસર નહિ કરી શકે. એને તો અસર કરશે માત્ર આંતરિક વીરતા, કે જે હેગિષ્ટેએ આચરી બતાવી છે. અને આચરવાને પ્રેરણા મૂકી છે. હણનારો જ હણાય છે, બીવરાવનારો જ બીએ છે, એ સૂત્ર એણે પોતાની પાછળ જીવન્ત મૂક્યું છે. માટે જ, હેગિષ્ટે, સાથીઓ સાથે અમર છે.'

મર્યાદાઓનું સમ્યક્‌દર્શન

ગુણદર્શન—ખાસ કરીને મૂએલાંનું ગુણદર્શન પ્રમાણમાં સહેલું છે, અને સભ્યતાનો આચાર-નિયમ પણ જાણે એવું માગી લેતો હોય છે, કે મૂએલ માણસની ત્રુટિઓને ન સંભારવી; પણ એવું કરવા બેસીએ તો આ

સ્મારક–ગ્રંથનો શુભાશય પૂરો સચવાય નહિ. આ બે દૃતાત્માઓની પ્રશસ્તિના એક અનિવાર્ય અંશ તરીકે પણ એમની મર્યાદાઓને ચર્ચાવા દેવી ઠીક લાગે છે–ખાસ કરીને તો એ મર્યાદાઓનું દર્શન જ્યારે એક અધિકારપ્રાપ્ત આપ્તજનની સંયમશોભન કલમમાંથી આવે છે ત્યારે એ મર્યાદાદર્શન આપણુ સર્વને સારુ મંગળકર બની જાય છે. નીચેની અંજલિ આપણા સન્માનિત સેવાવીર શ્રી છોટુભાઈ પુરાણી તરફથી મળે છે, અને એ કેટલી બધી શિક્ષાપ્રદ છે!

'નિરભિમાની મૂંગી સેવાવૃત્તિથી માણસની માણસાઈનું માપ નીકળતું હોય તો સ્વ૦ ભાઈ વસંતરાવમાં ખરી માણસાઈ સારા પ્રમાણમાં હતી. લોકોનાં માનસ તથા હેતુઓ પરખી કુશળતાથી પોતાનો હેતુ સિદ્ધ કરવાની વ્યવહારકુશળતાથી માણસની કસોટી કરવાની હોય તો તેવી કસોટીમાં તે ભાગ્યે જ ઊંચું સ્થાન મેળવે એમ હતું. જ્વલંત બુદ્ધિની પ્રતિભાનો ઝળકાટ એનામાં નહોતો, તેમજ સામાને દંગ કરે તથા લાગણીઓને સ્પર્શી તેને ઉશ્કેરી કળપૂતળાં પેઠે નચાવે એવી વક્તૃત્વકળા પણ તેનામાં ન હતી. શુદ્ધ ચારિત્ર, સરળ નિખાલસ સ્વભાવ, ઊંચી વ્યવસ્થાશક્તિ, સિપાઈની શિસ્ત તથા સેવાવૃત્તિ એ તેની મૂડી રૂપ હતા.

'સ્વ૦ વસંતરાવ ભોળો હતો; અસાવધ વસંતરાવને સ્વાર્થી વ્યક્તિઓ છેતરી અવળે માર્ગે દોરી જઇ શકતી, કારણ કે સામા માણસના હેતુઓની બાબતમાં શંકા કર્યા વગર ઘણીવાર તે તેવાનો વિશ્વાસ કરતો અને તે માગે તેવી મદદ કરતો હતો. આવે પ્રસંગે પોતાની ભૂલનો સ્પષ્ટ એકરાર કરવા જેટલી નિખાલસતા તેનામા હતી.

'એની વ્યવહાર કુશળતાની ખામી કેટલીક વાર હાસ્યાસ્પદ બની જતી: એ એટલી બધી સહેલથી આંખે ચઢે એવી હતી કે, સામાને નવાઇ લાગે કે આવી બાઘાઇ તેણે કેમ કરી હશે! એક પ્રસંગ આ બાબતનો મને યાદ છે. ભદ્રનો અખાડો બાંધવા માટે નાણાંની જરૂર હતી. રકમ બહુ મોટી ન હતી. વસંતરાવે યત્ન કર્યો હોત તો પાંચ હજાર જેટલી રકમ તે સહેલથી અમદાવાદમાંથી જ મેળવી શકત; પણ કોણ જાણે કેમ એના મનમાં એમ જ થયું કે બસ મુંબાઇ જઈ એ રકમ ઉઘરાવી લાવું. એણે મુંબાઇમાં આવી 'દીવાર' નાટકની રકમ આ કાર્ય માટે મળે એવી વ્યવસ્થા કરી તેની ટિકીટો વેચવામાં ભારે મહેનત કરી. મને તે મુંબાઇમાં મળેલ ત્યારે મે પુછ્યું, "વસંતરાવ! આ તે કેવું કર્યું? આટલી રકમ માટે મુંબાઇ આવવાનું શા માટે રાખ્યું! અમદાવાદની વ્યાયામસંસ્થા માટે આટલી નાની રકમ મેળવવા મુંબાઇની જનતાને અપીલ કરવી અને તેને માટે દાદા સાહેબની ભલામણ મેળવવી એ ઠીક નથી એ તને કેમ ન સમજાયું!" તેણે જવાબ આપ્યો: "તમે કહો છો તે બરાબર છે. પણ કોણ જાણે મને એમજ થયું કે આ રીતે જ નાણાં વહેલાં મળશે."

'એની વધારે પડતી ભલમનસાઈ એના વ્યક્તિત્વના વિકાસમાં અંત

રાયરૂપ નીવડી છે એમ મને લાગે છે. એ દૃષ્ટિએ એનો આત્મવિશ્વાસ મજબૂત થઇ શકયો નહિ અને તેનામાં આક્રમકવૃત્તિ તથા કાર્યનો વેગ પેદા થઇ શકયાં નહિ. આવી મનોદશામાં તેણે પૂજ્ય બાપુજીના અહિંસાના આદર્શનો આશ્રય લીધો અને સેવાદળ પ્રવૃત્તિને અપનાવી. સેવાદળ પ્રવૃત્તિને અપનાવ્યા છતાં બીજી સમાજોપયોગી પ્રવૃત્તિ તરફ એના દિલમાં રાગ, અણગમો કે વિરોધની વૃત્તિ પેદા થયાં ન હતાં એ ધ્યાનમાં રાખવા જેવી વાત છે.

'સાથી માણુસનાં પ્રેમ, વિશ્વાસ તથા આદર જીતી લે એવી સૌમ્યતા તેનામાં હતી, એકવાર મળનાર તેના તરફ આકર્ષાતો અને ભાગ્યે જ તેની મોહિનીથી મુક્ત થઈ શકતો.'

જિંદગી એ શું છે ?

આ અંજલિઓની સમાપ્તિ એક મુસલમીન ભાઇના શબ્દોવડે કરીએ. ઇસ્માઇલભાઇ નાગોરી (તરવડા), દાદા અને રજબઅલીનું જીવન યાદ કરે છે, ત્યારે 'સાથોસાથ કવિવર રવીન્દ્રનાથની એક વિખ્યાત વાર્તા ઘરે બાહિરે ચિત્રપટ માફક' એની નજર આગળ આવે છે. એ અર્થઘન કથાની પૂર્ણાહુતીમાં નાયક નિખિલ જીવનની એક સુંદર પળે માત્ર એક કર્તવ્ય ખાતર આવી જ એક દુઃખદ આગ ઓલવવા નીકળી પડે છે. જિંદગી ને જિંદગીની તમન્નાઓ, સ્નેહ અને સ્નેહના તાર બધા—શું કરવા જેવું છે એ એક જ વિચાર આગળ માર્ગ આપી દે છે, ને એ આદર્શજીવી, માનવવીરોના અમરપંથે નીકળી પડે છે.

'હરગિઝ ન મીરદ આં કે દિલશ ઝિન્દા શુદ બ ઇશ્ક
'સબ્તસ્ત બર્ જરીદએ આલમ દવામે મા.........'

"જેનું દિલ પ્રેમથી જીવંત થયું તે કદી મરતો નથી—પૃથ્વીના પૃષ્ટ પર અમારો અમરપટો અંકિત થઇ ચૂકયો છે." (હાફિઝ).

'દાદા ને રજબઅલીમાં સુવાસ હતી તેમની નિખાલસતાની—નાતજાતના ભેદ વિનાની ઇનસાની હમદર્દીની, આઝાદીની જંખનાની. રજબભાઇ સાથેનો મારો ને કુટુંબનો પરિચય હાજી દૂકે ખોસમખાનો કહેવાય. દાદાને મળવાની તક માત્ર બેજ વાર મળી હતી; ને કુટુંબે તો થોડા જ અરસા પહેલાં દાદાને પહેલી ને છેલ્લી વાર જોયા; સૌના હાથની રેખાઓ જોતા જાય અને એ શું સૂચવે–છે એ એક સ્વજનની સ્નેહભરી ભાષામાં સમજાવતા જાય. એજ પ્રેમનો એક પડઘો છે કે, ઘરમાં એકેએક તેમને યાદ કરે છે. આજે એ બંને નથી તોય સૌના દિલમાં છે—નજરથી દૂર દૂર ગયા છતાં નજર આગળ તર્યા કરે છે.

બરતર અઝ અંદેશએ સૂદોઝયાં હે ઝિન્દગી

....

કભી હે જાં–કભી તસ્લીમ જાં હે ઝિન્દગી.

(જીવન એ લાભ ને હાનિના વિચારથી પર છે ...... કયારેક પ્રાણ તો કયારેક પ્રાણનું અર્પણ એજ જિંદગી છે) (ઇકબાલ)

'દાદા અને રજબઅલીની 'સરફરોશી' કેમ જાણે આ કડીનું જ ભાષાન્તર ન હોય !'

સંપાદકના નિવેદનની પણ આંહીં જ પૂર્ણાહુતી શોભશે. જે કંઈ અલ્પ લેખસામગ્રી બાકી રહે છે તેનું તમામનું સત્ત્વ આ ગ્રંથસામગ્રીમાં આવી ગયું છે, એટલે બાદ દેવાઈ જતા લખનારાઓ દરગુજર કરશે એવી આશા છે.

મને આનું સંપાદનકાર્ય સોંપી ગૌરવાન્વિત કરનારા સમિતિના સૌ સભ્યોનો પુનઃ ઉપકાર માનું છું, અને ભાઈ જયન્તિ દલાલનો તો એક વિશિષ્ટ ઉલ્લેખ જરૂરી ગણું છું. મારા કાર્યમાં એણે પુરાવેલો સહકાર ઓછો નથી. મુદ્રણ પર પણ જો એની ચીવટભરી તકેદારી ન હોત તો ગ્રંથનો ઉઠાવ મોળો પડી જાત. બાકી તો બેશક, આ કાર્યની સૌપહેલી કલ્પનાજ એની છે, અને એ કલ્પનાને સાકાર કરવાની એની ધગશનો જન્મ સ્વ૦ વસંતરાવ સાથેની એની મૂંગી મૂંગી ફન્દતી મિત્રતા તેમજ કર્મ-બાંધવનામાંથી થયો છે.

જે કંઇ હોય તે મારી સંપાદન-ત્રૂટિઓને તો સમિતિના, અને ખાસ કરીને માયાળુ લખનારાઓના સ્નેહૌદાર્ય પર છોડી દઇને સ્વર્ગસ્થોની સ્મૃતિને પ્રણમતો પ્રણમતો હું વિરમું છું.

❊

પંદરમી જાન્યુઆરીએ પ્રગટ થશે

વસંત-રજબ સ્મારકગ્રંથઃ સંપાદક ઝવેરચંદ મેઘાણી, પ્રાપ્તિસ્થાનઃ ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ, ફર્નાન્ડીઝપૂલ નીચે, અમદાવાદ. ભીમરાજ બિલ્ડીંગ, નવી હનુમાનગલી મુંબઈ-૨

બાળકનો ખિલખિલાટ

બાળકોના સર્વરોગનિવારણ અને બાળકના બાંધાના ઘડતરરૂપ

બાબુલીન

તમારા બાળકને હંમેશ આપવાનો આગ્રહ રાખો.

સોલ એજન્ટ

બી. એ. એન્ડ બ્રધર્સ મુંબઈ-૨ અને કલકત્તા.

સૂર્યનગર

સ્થળ :

વટવા

સ્ટેશનની સામેજ

સર્વે નંબર

૧૦૫૨, ૧૦૨૫, ૧૦૨૩, માં

૫૦ પ્લોટની સુંદર

યોજના ઘડાઈ રહી છે.

૪૦૦ વારનો પ્લોટ

દર વારનો ભાવ રૂા. ૪–૮

વધુ માટે જાહેરખબર જોતા રહો.

ભૂધરદાસ સી. પટેલ

મેનેજીંગ ડીરેક્ટર

પટેલ શાહ એન્ડ કું.

અમદાવાદ

પ્રભાતનો પ્રથમ ભક્ષ

મનપસંદ ને ટેસ્ટદાર

ચાહ

ઊંચી જાતની તમાકુવાળી, હમોહના કારખાનામાં તૈયાર થએલી સંપૂર્ણ તમાકુથી ભરપૂર

બીડી

હોલસેલ માટે ખાસ ઘટાડેલા ભાવ

નહાવા તથા ધોવા માટે દરેક જાતનો

સાબુ

છુટક તથા જથાબંધ મળશે.

આજેજ અમારે ત્યાંથી કિફાયત ભાવે ખરીદી ખાત્રી કરો

બહારગામના ઓર્ડરો ઉપર પૂરતું ધ્યાન આપવામાં આવે છે.

દિપકલાલ એન્ડ કું,

લોટસ બ્રાન્ડ ચાહના ચીફ એજન્ટ

કાળુપુર દરવાજા બહાર : અમદાવાદ

સમાજ, સાહિત્ય અને સંસ્કારનું માસિક

ઊર્મિ અને નવરચના

‘ઊર્મિ’ વર્ષ ૧૬ : ‘નવરચના’ વર્ષ ૧૧ : અંક ૨

ફેબ્રુઆરી : ૧૯૪૭

ક્રમ

૧	નર્મદાને તીરે	ઝવેરચંદ મેઘાણી	૭
૨	વહેતાં પાણી	માસિક નોંધ	૧૧
૩	કાળચક્ર	ઝવેરચંદ મેઘાણી	૧૭
૪	જીવન–પંથ	ધૂમકેતુ	૨૪
	અરુણા અને ત્રિવિક્રમ	દ્વિરેફ	૨૫
૬	મુનશીની મહાકથા	અનંતરાય મ. રાવળ	૩૧
૭	વલ્લભનગરની યોજના	નિરીક્ષક	૩૮
૮	ચોરાબીનાં ઇંડાં	શરદિન્દુ બંદ્યોપાધ્યાય અનુ : રમણિક મેઘાણી	૪૩
૯	વિજ્ઞાનદર્શન	બંસી ગાંધી, જ્યંતિલાલ ર. ઓઝા, નરસિંહ મૂ. શાહ	૪૮
૧૦	બાળમાનસશાસ્ત્રના પ્રવાહો	નીરુ દેસાઈ	૫૩
૧૧	ગ્રંથસમીક્ષા	અ. મ. રા.	૬૫

વાર્ષિક લવાજમ

દેશમાં રૂ. ૭–૦–૦ : પરદેશમાં રૂ. ૧૦–૦–૦

છૂટક નકલ બાર આના

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ

ભીમરાજ બીલ્ડિંગ, બીજે માળે, નવી હનુમાન ગલીના નાકે, કાલબાદેવી રસ્તો, મુંબઈ ૨.

ફ્રેનાન્ડીઝ પુલ નીચે : ગાંધી રસ્તો : અમદાવાદ

તમારો ફાળો

* હિન્દની આઝાદી સત્વર પ્રાપ્ત કરવા
* હિન્દી ઉદ્યોગો અને હિન્દી મૂડીને સંગઠિત અને સદ્ધર બનાવવા તમારો ફાળો આપો.

* હિન્દી ઉદ્યોગો અપનાવો
* હિન્દી વીમા કંપનીને જ તમારૂં સઘળું વીમાનું કામકાજ આપો

ધી યુનીવર્સલ ફાયર એન્ડ જનરલ ઇન્સ્યુ. કું. લી.

ચેરમેન : શ્રી. ભીમરાવ કે. સેતલવડ

જિંદગી—આગ—મોટર—દરિયાઈ વિગેરે વીમાનું કામકાજ કરતી સંપૂર્ણ સ્વદેશી સદ્ધર વીમા કંપની

❊

વિગત માટે લખો:—
મેનજર

ધી યુનીવર્સલ ફાયર એન્ડ જનરલ ઈન્સ્યુ. કું. લી.

યુનીવર્સલ ફાયર બીલ્ડીંગ, ફીરોઝશાહ મહેતારોડ

ફોર્ટ—મુંબઈ

ટે. નં. ૩૦૮૨૮, ૩૦૮૨૯ ૩૦૮૩૦ ગ્રામ્સ: UNIFIRE

શાખાઓ:—

◦ અમદાવાદ ◦ સુરત ◦ કરાંચી ◦ દિલ્હી
◦ લાહોર ◦ કલકત્તા ◦ પૂના ◦ ઈન્દોર.

—ચીફ એજન્સીઓ હિન્દના મુખ્ય શહેરોમાં છે—

મુંબઈ ઇલાકાના દરેક શહેરમાં જીંદગીના વીમાના ખાતા માટે ઉદાર શરતોએ યુવાન ઉત્સાહી અને લાગવગવાળા એજન્ટો જોઈએ છે.

નર્મદાને તીરે

ઝવેરચંદ મેઘાણી

એક તો નર્મદા જેવી નદી, અને તેમાં પાછી એ નદી અર્ધચંદ્રાકારે વળાંક લેતી હોય, પછી સ્થાનની રમ્યતાનું પૂછવું જ શું ?

એવા એક ગામડાને જાણે કાખમાં તેડીને લોકમાતા નર્મદા ભરૂચની ઊગમણી દિશાએ એક ઠેકાણે પોતાના આંગણામાં જરાવાર ઊભી થઈ રહી છે. પતિદેવ દરિયાની પ્રતીક્ષા કરે છે. દેશાવરે વિચરતો સ્વામી કોઈ વાર મહિને પખવાડિયે ઘરમાં ડોકાઈ જાય છે, જુવાળનાં આલિંગનો ભરી ભરી નર્મદાને મળે છે, ને પાછો એપે પળે છે.

આ નર્મદા, વિરલ એક અપવાદ જેવી, સ્વામીનાં ખારાં ખારાં સલિલે લેશમાત્ર ખારી બનતી નથી. પોતાની સાત્ત્વિક મીઠપને એ, દરિયાબારાની આટલી નજીકમાં હોવા છતાં યે મૂકતી નથી. ભરતીનાં પાણીનું જોર અહીં સુધી—બાર બાર ગાઉ સુધી નર્મદાના દેહને રોમાંચિત કરે છે, રેવાને રૂંવે રૂંવે પ્રેમની પુલકાવળ પ્રકટાવે છે, છતાં રેવા—ગરવી ને ગંભીર ગુજરાતણ સમી—પોતાનું હૃદય ઉન્માદરહિત અને મધ જેવું મીઠું રાખી શકે છે

એવી ભદ્રરૂપિણી નર્મદાને અહીં અર્ધચંદ્રાકારે વળાંક લેતી સાંભળી તો હતી વર્ષોથી, પણ દીઠી છેક અત્યારે દેખ્યા વગર કદાચ રહી ગયા હોત, તો તેમાં શી નવાઈ હતી ! તીર્થાટનને ધાર્મિક ઘેલછાઈ ઠરાવીને આપણા શિક્ષિત સમાજે ઉપેક્ષિત બનાવ્યું છે. એટલે ગરીબ મધ્યમવર્ગનાં માનવીઓ પોતાના જીવનસંગ્રામની વચ્ચે ક્યાંક ને ક્યાંક કોઈક એકાદી વેળાએ બૈરાં છોકરાંને સંગાથે રાખી દેવદર્શનને મિષે દેશદર્શને નીકળી પડતાં, તે તો હવે ચાલ્યું જાય છે અને સામી બાજુએ આપણી સમાજ-રચનામાં દેવસ્થાનોનું સ્થાન ક્રીડાસ્થાનોએ હજુ લીધું નથી. આપણી વિદ્યાપીઠોએ પોતાની ઉપાધિઓ એનાયત કરવામાં રાખવી જોઈતી તેવી આ જરૂરી શર્ત હજુ રાખી નથી, કે દરેક પરીક્ષા-પાસ કરનાર યુવાન યુવતીએ જન્મભૂમિના એકાદા ટુકડાને મહિનો બે મહિના પણ પગતળે કાઢી નાખેલો હોવો જોઈએ.

એટલે જ અમારા યૌવનની ફૂલગુલાબી વેળાએ નહિ પણ આયુષ્યના નમતા બપોરે અમને અકસ્માત આ નર્મદાનું સૌંદર્યધામ શુક્લતીર્થ જોવા મળ્યું.

નર્મદા હાઈસ્કુલના ઊંચાણુ સ્થળેથી આપણી સન્મુખ, કોઈ જૂહુતટની યાદ આપતો વિસ્તીર્ણ ભૂમિપટ પડયો છે, તેની ઉપર હવાફેર માટેના બંગલાની કે બીજી કોઇ આરોગ્યાલય ધર્મશાળાની ઈમારતો નથી; ચોખ્ખું ફૂલ એ ગ્રામ—આંગણું જ રહ્યું છે; અને નવાઈની વાત છે, કે ગ્રામજનોએ આ ગામ અને નદી વચ્ચેના વિશાળ મેદાનને શૌચ ઉકરડાનું સ્થાન બનાવ્યું નથી. સાંભળ્યું છે કે એ તો ગામના એક આગેવાન ઠાકોરની શેહને આભારી છે. તો તો ગામેગામ આવી આગેવાનીની જરૂર.

વચ્ચે કોઇ ભેખડ–કિનારાનું વિક્ષેપસ્થાન રાખ્યા વગર આ ઠેકાણે નર્મદા શુક્લતીર્થની પૃથિવી સાથે બહેનપણાં બાંધી રહી છે. બારીક રેતનો થોડો પટ ખૂંદ્યા પછી નદીનો પહોળો સ્રોત આવે છે. અને એનું પાણી સાચા અર્થમાં પુણ્ય-સલિલ છે. નાવડીમાં બેઠે બેઠે પહલીએ ભરી ભરીને ઘૂંટડા પીધા, પણ મન ધરાતું નહોતું.

શતકોના પરદા ઉચકાય છે, ને એક દિવસની બપોરવેળાએ ઉપરવાસથી એક નવાઈ-ભરી નાવડી ફૂલેલે શઢે ચાલી આવે છે. કાળી નૌકા, કાળા શઢ, તેની મોખરે કાળા પોશાકે બેઠેલો એક પ્રવાસી દેખાય છે. એને શરીરે કોઢની કાળાશ વ્યાપી ગઈ છે. અંગે-અંગે રક્તપીતનાં ધારાં વહે છે. તીર્થ પછી તીર્થ એ કરતો આવે છે, કાળા શઢ પર અને પોતાના કાળા પોશાક પર એ ધ્યાન-મગ્ન છે. એ કશાક પરિવર્તનની વાટ જોતો જણાય છે. નૌકામાં ભયભરી ચિંતાભરી નીરવતા છે, ખળળ ખળળ કેવળ હલેસાંના જ ખાદા ધ્વનિ સંભળાય છે, અને નર્મદાની પ્રવાહ–વાણી માર્દવપૂર્ણ છે.

એકાએક એ નાવડીના શઢ કાળા મટી શ્વેત–શુક્લવર્ણા બની જાય છે, પ્રવાસીનાં કાળાં પરિધાન પણ રંગપલટો અનુભવી ધોળાં ફૂલ બને છે, અને પ્રવાસી નૌકાને થોભાવે છે. કાંઠે ઊતરે છે, ચિરવાસ કરે છે, નિત્ય નહાય છે, જળપાન કરે છે, અને થોડે દહાડે એનો કોઢ ટળે છે.

એ હતા આર્યાવર્તના ડહાપણભંડાર અર્થશાસ્ત્રી અને પરમ રાજનીતિજ્ઞ દેવ ચાણાક્ય. રાજનીતિના એણે ખેડેલા પંથ વસમા હતા. પાપના પુંજ એના દેહ પર કોઢરૂપે ફૂટી નીકળ્યા હતા. દેવવાણી બોલી હતી એકદા, કે નૌકારોહણ કરો કૌટિલ્ય! નર્મદાનાં પર્યટન માંડો, કાળા શઢ, કાળી નાવ, કાળા પોશાક ધારણ કરો! નર્મદાના વિહારમાં જે ઠેકાણે એ કાળા મટી શુક્લ (શ્વેત) બની રહે, ત્યાં ઠેરજો, તમારી કાયા પણ ત્યાં કોઢણી મટીને શુક્લ બનશે.

શુક્લતીર્થના એ મહાતમને તો આજે ય કોઢિયાં લોકો તટવાસો સેવીને સાર્થ કરે છે. નર્મદાનાં હવા ને પાણી આ કારમા કાળા રોગને હરી લે છે એવું સાંભળ્યું. અને પેલી ચાણાક્ય–કથામાંથી આપણું આર્યોનું સદાય વહાલું એવું કાવ્યતત્ત્વ જડે છે જીવનને લગતી એવી એક પણ બાબત નથી, કે જેને આપણા પૂર્વજોએ કાવ્ય વડે ન શણગારી હોય આજે જેને વહેમ પાખંડોનાં વાગ્જાળાં કહીએ છીએ તે તો આપણાં રૂપકકાવ્યો છે. આપણી આજની વાસ્તવનિષ્ઠતા રૂક્ષતાને પામી છે, કાવ્યને હારતી જાય છે, રૂપકને પકડી શકતી નથી.

નર્મદા પૂર્વથી પશ્ચિમે વહે છે. નર્મદા હાઈસ્કુલના આચાર્ય, ચરોત્તર એજ્યુ૦ સોસાયટીના નિવૃત્ત કાર્યવાહક અને અત્યારે નવા

સર્જાતા ચરોત્તરી વિદ્યાધામ વલ્લભવિદ્યાનગરના બે જોડિયા નિર્માતાઓમાંના એક શ્રી. ભીખાભાઈ પટેલ એ મને આ સ્થળ પર ઊભતાંની વાર જ નદી–દશ્યથી મુગ્ધ બનતો દેખીને કહે કે, 'હું પણ અહીંના લોકોને એ જ કહું છું, હું લોકોથી આકર્ષાઈને નહિ પણ નદીથી આકર્ષાઈને દસ વર્ષ સુધી અહીં આવી બેઠો હતો.'

નર્મદા હાઈસ્કૂલના હેડમાસ્તર શ્રી સત્રે કહે છે કે 'અહીં તો આકાશ નદીને માથે દિવસમાં કૈં કૈં વાર રંગો બદલે છે. આ રંગપરિવર્તનોનો કંઈ પાર નથી.'

આ પાર ભરૂચ જીલ્લાની વસ્તી છે, ને સામે પાર રાજપીપળાની રાજસ્થાની સરહદની શરૂઆત થઈ જાય છે. નાવડીમાં નદી–વહેન ઓળંગતા હતા ત્યારે એક સંગાથીએ કહ્યું કે, બેઉ પ્રદેશોની વચ્ચે તો છે કેવળ આ નદી, છતાં અહીંથી એ પાર પર પ્રવેશો કે તરત જ તમને આબોહવા ફરી ગયેલી લાગશે. અરે, આ આપણા કાંઠાનાં વાંદરાં અને એ કાંઠાનાં વાંદરાંમાં પણ મોટો ફરક છે. આ કાંઠાનાં વાંદરાં પૂછડાનો ઝંડો ઊંચે શરીર પર ફરકાવીને ફરે છે, ત્યારે તે પારનાં વાંદરાંનાં પૂછડાં તો પાછળ ઘસડાતાં હોય છે.'

હતું તો કેવળ પ્રાણીનિરીક્ષણ, પણ એમાં વિધાતાનો વ્યંગ હતો. જીલ્લાની પ્રજા અને દેશી રાજ્યની પ્રજા, એ બે વચ્ચેનો, મિજાજનો તફાવત એ શબ્દોમાં ધ્વનિત થતો હતો.

શુક્લતીર્થના અને સામા પારના ગધડિયા શહેરના ઓવારા વચ્ચે ઉતારુઓને લઈ જતી નાવડીના નાવિકો 'નિજામા' નામે ઓળખાતી એક કોમના છે. આ કોમના ખાન્વા કેવળ શુક્લતીર્થ, ભરૂચ, જાડેશ્વર, અને ચીનોર એમ ફક્ત ચાર જ ઠેકાણે છે. નામ નિજામા, પણ જાતે હિંદુ, ખેતી કરનારા, ઓવારા સિવાયની કોઈ ખેપ ન કરનારા, અને મચ્છી ખાનારા છતાં જાતે તો મચ્છી નહિ જ મારનારા, એવા વિલક્ષણ છે. તદુપરાંત એમની અપવાદરૂપ હકીકત તો આ છે, કે આ ઓવારાનો નૌકાવ્યવહાર કાયમને માટે તેમને જ હસ્તક સુપરદ છે. અન્ય ઓવારાની માફક આ ઓવારો ઈજારે અપાવા હરરાજીમાં મુકાતો નથી, કોઈ સરકારી દરબારી લાગાલેતરી એમના પર છે નહિ, તેમ લોકપક્ષે તેઓ બ્રાહ્મણ, સાધુ, ફકીરોને વિનામૂલ્યે નાવડીમાં લઈ જાય છે. અને નાવડીનો ચાર્જ ફક્ત બે પૈસા!

અમારા નાવિક બનેલા જુવાન નિજામા ધીરજભાઈને પૂછીને આ વાતો કઢાવી, અને વળતા પ્રભાતે કબીરવડની નૌકા–યાત્રામાં નાવિક છીતાભાઈને જે પૂછપરછ કરી, તે તો વિવિધવિષયવંતી હતી.

'છીતાભાઈ, આ નર્મદાની માછલીઓ કઈ કઈ?'

'ઢાંગરી, ગરી, શિંગારિયો, કાંટિયો, બોયો, લેવરો, ઝીંગા, કરચલા, અને કાતરિયું.'

આ કાતરિયાની વાત અમારા સાથી ઠાકોર ગુલાબસિંગભાઈ પરમારે કહી: 'ખારવો જ્યારે માછલી પકડવા પાણીમાં પડી, અંદર ડૂબેલો ડૂબેલો તરતો જતો હોય છે ત્યારે તેને કોઈક વાર નદીનું પાણી લાલ લાલ દેખાય છે. અને તુરત એ પોતાના પગ સંભાળે છે. એને ખબર પડે છે કે એક પગ એને રહ્યો જ નથી. કાતરિયું એ આખો પગ પોતાના દાંતની તીક્ષ્ણ ધાર વડે એવી તો સફાઈથી કાપી ગયું હોય છે, કે નાવિકને પગ જુદો પડવા છતાં જાણ નથી થતી!

મનમાં થયું : વાહ! ખાંડ ખાય છે જગતના સર્જન બહાદુરો! આ જળચર સજનને

તો ક્લોરોફોર્મ કે કોકેનાઈઝ કરવાની યે જરૂર રહેતી નથી. પછી તો વિશેષ વાતો પણ સાથી ગુલાબસિંહજી કહેવા લાગ્યા:—

ચોમાસે આ નર્મદા જ્યારે બે કાંઠે બની જઈ 'રુદ્રદેહા' એવું એને આપાયેલું નામ સાર્થ કરે છે, ત્યારે એવા પ્રલય–પૂરમાં ખારવા તુંબડીની ઘોડી બનાવીને પડે છે. એ લાંબાં તુંબડાં હોય છે. તેને એકસાદી રસીથી જોડેલાં હોય છે. તે રસી પર ખારવો, માણસ ઘોડેસ્વાર અને તેવી અદાથી પલાણી, બીડી પીતો પીતો, વણભિંજાયેલ કપડે, પગને પાણીમાં રાખી હલનચલન કરતો જાય છે એટલે આ તુંબડી–ઘોડી ચાલતી જાય છે. એણે પોતાની મોખરે ગોળાકાર વાંસની ખપાટ પર એક જાળ ગોઠવેલી હોય છે, આ જાળમાં જે માછલાં પકડાય છે, તેને પોતે મોંભાગેથી એક રસીમાં પરોવી દઈ પછવાડે તરતી રાખે છે. એટલી બધી માછલીઓને પછવાડે તરતી રાખી ઘસડી જવા માટે પાછળ બીજું એક તુંબડું બાંધેલું હોય છે.

રુદ્રદેહા નર્મદાના પ્રલયકારી તાંડવ—પૂર પર જે તુંબડાં પર આ માછીમાર ઘોડેસવારીની લજ્જતભરી સેલગાહ માણતો હોય છે, (ને તે લજ્જત કેટલી! બીડી પણ પીતો જાય!) તે રચનાનો પરિચય તો મને ભાઠાં પર ગયા પછી એક ઝૂંપડામાંથી આપવામાં આવ્યો. ઝૂંપડાના છાપરા પર એ યંત્ર પડ્યું હતું! બે નાનાં, લાંબાં, દૂધી જેવાં તુંબડાં, ને વચ્ચે કાથીની સાદી રસી: ગુજરાતના બહાદરિયા નાવિકની આ માણકી ઘોડી! એના પર પલાણીને એક કંગાલ માણસ રુદ્રરૂપિણી સંહારમૂર્તિ રેવા ની જળબંબાકાર લીલાભૂમિના પટ પર આસાનીથી રમતો જાય છે! ગુજરાતે તો આ તુંબડાઘોડીનાં ઈનામી ટૂર્નામેન્ટ ઉજવવા જેવું છે.

(અપૂર્ણ)

❊

ટેલીફોન

૩૮ કરોડની વસ્તીવાળા આપણા દેશમા આજે કુલ ૧,૨૧,૦૦૦ ટેલીફોન છે જેમ જેમ પરદેશથી નવા મંત્રો અને અન્ય સરંજામ આવતો જશે તેમ તેમ એ આકડો વધારીને ૨,૧૮,૦૦૦ ઉપર લઇ જવાની એક યોજના છે. એ ૨,૧૮,૦૦૦ માથી વીસહજાર તો એકલા મુંબઇ શહેરમા હશે.

૧૪ કરોડની વસ્તીવાળા અમેરિકામા ૨,૮૦,૦૦૦ ટેલીફોન છે; એટલે કે દુનિયાના કુલ ટેલીફોનની અડધી સંખ્યા તો આ એક જ દેશના કબજામા છે. દર પાંચ અમેરિકન કુટુંબમાંથી બેના ઘરમાં ટેલીફોન હોય છે.

જીવનનો આનંદ

હજામતની દુકાનો, પોમેડ–પાવડર ઇત્યાદિ સૌંદર્યવર્ધક બનાવટો, બીડી–સિગારેટ અને દારૂ પાછળ અમેરિકન પ્રજા દર વરસે તેર અબજ ડોલર ખરચે છે

એ જ અમેરિકન પ્રજા પોતાની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ અંગે બારમહિને પ અબજ ડોલરનો ખર્ચ કરે છે.

વહેતાં પાણી — માસિક નોંધ

શહેરોનાં જંગલી જીવનની કરુણ તસવીર

કોમી વિખવાદને કારણે આપણાં શહેરો કેટલી જંગલી અને પછાત દશામાં ગરકી પડ્યાં છે તે વિશે 'હરિજનબંધુ'માં લખતાં શ્રી કિશોરલાલ મશરૂવાળા એક શહેરનું નીચે પ્રમાણેનું વર્ણન ટાંકે છે—

> 'શહેરનું વાતાવરણ ઉપરથી તો સૌને હવે કોઠે પડી ગયું હોય એમ લાગે છે. પણ વિશ્વાસ બિલકુલ બેઠો નથી. તોફાનનું નવું કારણ કે સ્વરૂપ ન જન્મે, તો અત્યારની સ્થિતિથી બધા ટેવાતા જાય છે. વેપારી બજારમાં અમુક અમુક સ્થળે વચ્ચે પોલીસ બેઠી હોય અને એક તરફ હિંદુ અને બીજી તરફ મુસલમાનો એકઠા થાય. લાખો રૂપિયાની લેવેચ કરે. કલાકો સુધી ત્યાં ઊભા ઊભા જ કામ થાય. એકબીજાના નોકરો નક્કી કરેલી સરહદ સુધી માલ પહોંચાડી જાય, અને પછી સાંજ પડયે કામકાજ ખતમ થાય. હિંદુઓ હિંદુસ્તાનમાં અને મુસલમાનો પાકિસ્તાનમાં! કોઈ એકબીજાના લત્તામાં જતા નથી ને આ રીતે કામકાજ કરે છે.'

આ વર્ણનને શબ્દે શબ્દે વાસ્તવની કઠોરતા અને કરુણતા ન ભરેલી હોત તો એ કટાક્ષચિત્રનો એક આબાદ નમૂનો બની રહે. શું મુંબઈ–અમદાવાદમાં કે શું કરાંચી–કલકત્તામાં હિંદુઓ અને મુસલમાનોના જીવનના તાણાવાણા એવી રીતે વણાઈ ગયેલા છે કે એમાંથી એમને જુદા પાડવાનું કામ બ્રહ્માને પણ આકરું પડી જાય. બંનેને રોજ રોજ, કલાકે અને દર ઘડીએ એકબીજા સાથે વ્યવહાર કર્યા વિના ચાલતું નથી; અને છતાં અહીં વર્ણવાયું છે તેમ એકબીજા સાથે છૂટથી હળવા મળવાની હિંમત બંને હાલ તુરત પૂરતી ખોઇ બેઠા છે. પ્રાંતની પ્રજાકીય સરકાર એમ આશા રાખતી હશે કે જેમ જેમ સમય વીતશે તેમ તેમ કૃત્રિમ જીવનવ્યવહાર બંને ઝઘડતા પક્ષો માટે અસહ્ય થઈ પડશે અને વિશ્વાસનું વાતાવરણ આપોઆપ ઊભું થશે

થડમૂળ ઉપર કેમ ઘા નથી થતા ?

આવી આશા રાખવી એ એક વાત છે અને મહિનાઓ સુધી તેને નિષ્ફળ નીવડતી જોયા કરવી અને છતાંય નિષ્ક્રિય રીતે બેસી રહેવું તે બીજી વાત છે. કુદરતનો ક્રમ છે કે, ચાહે તેવો જખમ; સમય વીતવાની સાથે, આપોઆપ રુઝાય છે. પણ આજે પ્રજાના બે પક્ષો વચ્ચે જે ખાઈ પડી ગઇ છે તેને જખમ સાથે નહિ પણ ઊંડા ઘારા સાથે સરખાવી શકાય. પ્રજાનો એક પક્ષ રોજ રોજ એ ઘારામાં મરચાં ભરી રહ્યો છે. એમનાં છાપાં બેફામપણે ઉશ્કેરણી ફેલાવ્યે જાય છે. રમખાણોમાં જે પક્ષ આક્રમક છે તેના માત્ર ગુંડાઓ જ નહિ પણ વેપારીઓ, વકીલો અને સમાજમાં ઊંચું સ્થાન ભોગવતી કેટલીય વ્યક્તિઓ અગ્રભાગ ભજવે છે તે સરકારથી અજાણ્યું ન હોઈ શકે. છૂરી મારનારા ગુંડાઓ તો કેટલાક પકડાશે? એમ પાંદડે પાંદડે તોડતાં ક્યારે આરો આવશે? થડમૂળ ઉપર ઘા કરતાં આ પ્રાંતની સરકાર કેમ આટલી બધી અચકાય છે? આવા બધા પ્રશ્નો પ્રજાના દિલમાં સળગી રહ્યા છે. વિશ્વયુદ્ધ દરમિયાન લડાઈને મોરચેથી યાદીઓ આવતી કે, આજે આટલાં વિમાનો તૂટી પડ્યાં, આજે આટલાં જહાજ ડૂબ્યાં, આજે આટલા સૈનિકો મરણ પામ્યા, તેની માફક રોજ રોજ સરકારી યાદીઓ છરાબાજીના ભોગ બનેલા નિર્દોષોના આંકડા ઘણી કાળજીપૂર્વક અને બારીકાઈથી આપ્યે જાય છે; પાંચ મર્યા: દસ ઉપર છૂરી ચાલી: પંદર ઉપર તેજાબ ફેંકાયો. સરકારી યાદીને મન એ પાંચ–દસ–પંદર નિષ્પ્રાણ આંકડાઓ છે, પણ એ પાંચ–પંદરમાંથી પ્રત્યેકના પચાસ–સો કુટુંબીજનો અને સ્નેહીઓને માટે તો છાપાંમાંના એ આંકડા આંખો ઉપર ધગધગતા અંગાર ચંપાયા બરોબર છે. એક એક આંકડે અનેકનાં કિસ્મત ફૂટી જાય છે, દીવાં ભાંગી જાય છે, રોટલા રઝળી પડે છે.

કોંગ્રેસની મનામણાં-નીતિને પ્રધાનોથી કેમ અનુસરાય ?

જાણીએ છીએ કે કોંગ્રેસના વરિષ્ઠ આગેવાનો જ આજે કોમવાદીઓનાં મનામણાં કરવા શક્ય તેટલા માર્ગો શોધી રહ્યા છે અને બહુ દૂર નીકળી ગયા છે. એ આગેવાનોના દેશપ્રેમની કે એમની સમજણ-શક્તિની લેશ માત્ર પણ અવહેલના કર્યા સિવાય આ વસ્તુ સ્પષ્ટ રીતે કહી શકાય તેવી છે. ધર્મરાજા પણ જો જુગટામાં દ્રૌપદીને મૂકે તો તે વસ્તુ સહી શકાય નહિ. કોંગ્રેસ દેશની આઝાદી માટે, દેશની અખંડિતતા માટે ને દેશની આબાદી માટે લડતી આવી છે. પણ એ આઝાદી એ અખંડિતતા કે એ આબાદી ગીરે મૂકવાનો ખુદ કોંગ્રેસને પણ અધિકાર ન હોઈ શકે.

આ રીતે કોંગ્રેસની દેશવ્યાપી નીતિ લીગ સાથે અથડામણમાં ન આવવાની હોવાથી કોંગ્રેસી પ્રધાન-મંડળોને અમુક મર્યાદાઓમાં રહીને જ રમખાણોને અંકુશમાં રાખવાનાં પગલાં ભરવાં પડતાં હોય તેમ લાગે છે. (જોકે પ્રજાને આવી વાત દિલ ખોલીને કોઈ પ્રધાને કહ્યાનું જાણમાં નથી.) પરંતુ પ્રાંતોના પ્રધાનમંડળોની સ્થિતિમાં અને કોંગ્રેસ સંસ્થાની હાલતમાં કાંઈક ફેર છે. પ્રધાનો કોંગ્રેસના અનુયાયી-ઓ હોવા છતાં આખર જતાં તો પોતાના પ્રાંતની પ્રજાને જવાબદાર છે. એ પ્રજામાં જેમ કોંગ્રેસીઓ અને બિનકોંગ્રેસી છે તેમ જીવને જોખમે પણ કોમ-વાદીઓનાં મનામણાં કરવાની હદ સુધી ન જઈ શક-નારા ખુદ કોંગ્રેસીઓ પણ છે. એ તમામના જાન-માલની સલામતી પ્રધાનોને શિરે છે. પ્રધાનો આમ ન કહી શકે કે રમખાણો માટે ઉશ્કેરણી ફેલાવનારા-ઓનાં મનામણાં કરવાની કોંગ્રેસની નીતિ છે માટે પ્રજાની સલામતીની દરકાર કર્યા વિના પોતે એ નીતિને વળગી રહેશે.

તે ઉપરાંત પણ મુંબઈ પ્રાંતની પરિસ્થિતિ કાંઈક વધુ વિષમ છે. તોફાનો તો યુક્તપ્રાંતમાં પણ થયાં છે, પણ ત્યાંની કોંગ્રેસી સરકારે ઉશ્કેરણી કરનારા અમુક આગેવાનોને જેલ ભેગા કરી દેતાં પણ સંકોચ અનુભવ્યો નથી, અને એ પ્રાંતની ધારાસભાની બેઠક-માં વડા પ્રધાન પંડિત પંત અને ગૃહપ્રધાન શ્રી. કિડવાઈએ એ વાત ખુલ્લેખુલ્લી કહી દીધી છે કે કાયદો અને વ્યવસ્થા જાળવવામાં અંતરાયરૂપ બનનાર ચાહે તેવી વ્યક્તિ સામે પગલાં ભરતાં સરકાર અચ-કાશે નહિ. પંજાબમાં કોમી છાપાંઓ સામે સરકારનો દંડો બરાબર ઊછળતો રહ્યો છે, તેથી એ પ્રાંતમાં શાંતિ રહી શકી છે. એટલે કોંગ્રેસની મધ્યસ્થનીતિની સીમામાં રહીને પણ જે કેટલાંક કડક પગલાં ભરી શકાય તેમ છે તે આ પ્રાંતના પ્રધાનમંડળે નથી ભર્યાં, તેમ નથી એ ન ભરવાનાં કારણો પ્રાંતની પ્રજા સમક્ષ રજૂ કર્યાં.

હીચકારાપણાનું વિષ પ્રજામાં સિંચાઈ રહ્યું છે.

પરકોમના અજાણ્યા ને નિર્દોષ માનવી ઉપર પીઠ પાછળથી છૂરી ચલાવવાનું હીચકારાપણું દેશ આખામાં મુંબઈના જેટલું વ્યાપક ક્યાંય નથી બન્યું. આવા ઘાતકી હુમલાઓ રોજ પાંચ-દસની સંખ્યામાં હજી પણ થઈ રહ્યા છે. એમાં પ્રજાની તો શરમ છે જ, પણ એ પ્રજાના પ્રતિનિધિઓની બનેલી સર-કારની પણ શરમ છે. જુદી જુદી કોમનાં બે ટોળાં વચ્ચે રીતસરની અથડામણ થતી હોય અને તેમાં એક યા બીજે પક્ષે પાંચ-દસનાં મરણ થાય તે સમજી શકાય તેવી બાબત છે. એમાં જે મરે છે તેનું દુઃખ તો સહુને થાય જ, પરંતુ એ મૃત્યુનો એટલો સંતોષ લઈ શકાય, કે મરનાર દેખીપેખીને અને પરિણામોની સમજણ સાથે લડવા ગયા હતા અને તેવા હલકટ હેતુસર પણ સામી છાતીએ લડીને મરનારમાં એક પ્રકારની બહાદુરી છે, પરંતુ રસ્તે જતા વ્યક્તિ ઉપર તૂટી પડનારા હુલ્લડખોરો તો પ્રજામાનસમાં એક પ્રકારનો હીન અને જુગુપ્સાજનક રસ પેદા કરી રહ્યા છે. નિર્દોષોનાં મૃત્યુ કરતાં ય આ ઝેર ઘણું વધારે ભયાનક છે. જો સમાજમાં આવા હીચકારા હુમલાઓ રોજિંદા બનાવ ગણાવા માંડે તેના પતનનો કોઈ પાર નહિ રહે, માટે આવા પીઠ પાછળના હુમલાઓ માટે આકરામાં આકરી સજાઓ થવી જોઈએ.

હુલ્લડખોરોના ત્રાસનો જવાબ ત્રાસથી અપાવો જોઈએ Terror must be faced with terror સરકાર એમ માનતી હોય કે, અને કોમને ઝઘડવાનો

નાદ લાગ્યો છે માટે ભલે થોડા દિવસ ઝઘડી લ્યે–પછી એમની મેળે સમજશે કે સંપીને સાથે રહ્યા સિવાય એમને માટે કોઈ ઇલાજ નથી, તો પણ લડવામાં તો અમુક મર્યાદાઓ જળવાય તે જોવાનું તેનું કર્તવ્ય છે. એવી મર્યાદા ચૂકનાર હિંદુ હોય કે મુસલમાન, તેને જાહેર રસ્તા ઉપર ફટકા મારવા સુધીની સજા કરતાં તેણે અચકાવું ન જોઇએ. આખર જતાં જીવનનાં અમુક પ્રાથમિક મૂલ્યો તો આપણે જાળવવાં જ જોઈએ અને દહાણુંના હજારો ગામડિયા વારલીઓ સામે રીતસરના યુદ્ધમાં ઊતરી શકનાર સરકાર મુંબઈના હુલ્લડખોરોને ધારે તો મહાત ન કરી શકે એમ કોઇ માનતું નહિ હોય.

તરવાર ધારણ કરવાની આવકારપાત્ર છૂટ

દિલ્હી, અજમેર અને કૂર્ગ જેવા મધ્યસ્થ સરકારના સીધા વહીવટ હેઠળના પ્રદેશોમાં તમામ કોમની પ્રજાને તલવાર ધારણ કરવાની છૂટ આપવાનું ગૃહ-પ્રધાન સરદાર વલ્લભભાઈ વિચારી રહ્યા છે, એવા સમાચાર સાચા હોય તો બરાબર સમયસરના છે. હિંદુસ્તાનભરમાં ચાહે તેવી હથિયારબંધી હોય, છતાં શીખો પોતાના ધાર્મિક ચિહ્નસમી કીરપાણો ધારણ કરી શકે છે. વળી કાયદાની દૃષ્ટિએ કીર–પાણના કદની કોઈ મર્યાદા ન હોવાથી માસ્તર તારાસિંગ જેવાની કમરે લટકતી લાંબી તરવારને પણ કીરપાણ જ ગણવી પડે છે. આ અંગે વડી ધારાસભાની છેલ્લી બેઠક દરમિયાન કેટલાક સવાલ–જવાબ થયેલા. તલવાર ધારણ કરવાનો આવો અધિકાર બીજા ધર્મના અનુયાયીઓને શા માટે નથી અપાતો એવા પ્રશ્નના જવાબમાં સરદાર વલ્લભભાઈએ મજાકમાં કહેલું કે બીજાઓ જો શીખધર્મ અંગીકાર કરશે તો એમને પણ એ અધિકાર પ્રાપ્ત થશે.

સંભવ છે કે આખા દેશમાંથી હથિયારબંધીનો કાયદો એકીસાથે રદ કરતાં પૂર્વે આવા મર્યાદિત વિસ્તારોમાં તેના અખતરાઓ લેવાનું મધ્યસ્થ સરકારે જરૂરી માન્યું હોય, પણ છ–બાર મહિનામાં જ એ કાયદો નીકળી જવાનો છે તેમાં કોઈ શંકા નથી. અલબત્ત તલવાર ધારણ કરનારાઓ જ બહાદુરી દાખવી શકે છે એવું કાંઈ નથી, મહાત્માજીનો દાખલો બાદ કરીએ તો પણ આઝાદ ફોજવાળા સરદાર નિરંજનસિંગ ગિલ અને એમના શીખ સાથીઓ આજે પોતાના કીરપાણનો ત્યાગ કરીને બંગાળમાં ઘૂમી રહ્યા છે તે આત્મબળનું અદ્ભુત ઉદાહરણ છે, અને બતાવે છે કે વર્ષો સુધી જેણે તલવાર ચલાવી જાણી છે એવા સૈનિકો પણ અહિંસક વીરતાને ઘણા ઉચ્ચ પ્રકારની ગણે છે.

પરંતુ સામાન્ય પ્રજાજન માટે તો હજી તલવાર-વાળી વીરતા શીખવાનું બાકી છે. વર્ષો સુધી એનો અનુભવ પામ્યા પછી જ એ તલવાર વિનાની વીરતા દાખવી શકશે, અને ત્યારે જ એનો મર્મ પામી શકશે, તેથી સરદારશ્રીનું આ પગલું યોગ્ય દિશામાં જ છે.

જુવાનોને અપાનારી લશ્કરી તાલીમ

એ જ રીતે કલકત્તા યુનિવર્સિટીએ પોતાની કૉલેજોમાં પહેલાં બે વર્ષોમાં વિદ્યાર્થીઓને ફરજિયાત લશ્કરી તાલીમ આપવાનો નિર્ણય કર્યો છે તે આવકારપાત્ર અને અનુકરણીય છે. આ વિશે કલકત્તા યુનિવર્સિટીના વાઇસ–ચાન્સેલર શ્રી બેનરજી અને વચગાળાની સરકારના સંરક્ષણ પ્રધાન સરદાર બળદેવસિંગ વચ્ચે પત્રવ્યવહાર ચાલી રહ્યાનું અને હિંદી લશ્કરના સર સેનાધિપતિ સમક્ષ ફરજિયાત લશ્કરી તાલીમ અંગેની યુનિવર્સિટીની આ યોજના રજૂ કરાઈ હોવાનું મનાય છે. આવી રાષ્ટ્રવ્યાપી અગત્યની બાબતમાં રાષ્ટ્રીય સરકારને બદલે આ કે તે પ્રાંતની યુનિવર્સિટીને પહેલ કરવી પડે તે જરા નવાઈ પમાડે તેવું તો છે જ. પણ હવે આશા રાખીએ કે આ બાબતમાં રાષ્ટ્રીય સરકાર જે કાંઇ યોજના મંજૂર રાખે તેનો અમલ સમગ્ર દેશની કૉલેજો દ્વારા એકી-સાથે કરાવે. ત્રીજું વિશ્વયુદ્ધ થશે તો હિંદુસ્તાન તેનાથી અલિપ્ત નહિ રહી શકે, એટલુંજ નહિ પણ તેમાં તેણે એક મહાસત્તા તરીકેનો ભાગ ભજવવો પડશે. અને ત્રીજું વિશ્વયુદ્ધ ન થાય તો પણ હિંદુસ્તાનના જુવાનોને તેમના અભ્યાસકાળ દરમિયાન જ આવી લશ્કરી તાલીમ આપવાની અગત્ય જેટલી

ગણાવીએ તેટલી ઓછી છે. સૌ કોઇ જાણે છે તેમ, અને ખુદ ગાંધીજીએ પણ સ્વીકાર્યું છે તેમ, લશ્કરી તાલીમ જુવાનોને માત્ર બીજાઓનાં લોહી રેડતાં જ નથી શીખવતી. બહાદુરી, શિસ્તપાલન, સહનશીલતા, સંઘજીવન અને એવા બીજા જે અનેક ગુણો લશ્કરી તાલીમ દ્વારા કેળવાય છે તે શાંતિમય જીવન કાજે અને અહિંસક યુદ્ધ માટે પણ અત્યંત આવશ્યક છે.

પંડિત જવાહરલાલ અને સરદાર બળદેવસિંગે મળીને થોડા વખત પર હિંદુસ્તાનના જુવાનોને લશ્કરમાં ભરતી થવાની અપીલ કરેલી તેનો જવાબ ઠીક ઠીક મળી રહ્યાનું જણાવવામાં આવ્યું છે. એ અપીલથી એક ડગલું આગળ વધીને હવે જુવાનોને સામે ચાલીને લશ્કરી તાલીમનો સ્વાદ ચખાડવો જોઇએ.

શિસ્તવિહીન અને બિનજવાબદાર બની રહેલા વિદ્યાર્થી

વર્ષ વીત્યું અને ફરી જુવાનો અને વિદ્યાર્થીઓની પરિષદો મળી, ફરી એ પરિષદોની ફારસ રૂપ કાર્યવાહીઓ ચાલી, પરિષદો ભરનારાઓએ ફરી સમસ્ત વિદ્યાર્થી આલમને શરમિંદી બનાવી, અને તેથી ફરી ફરીને એમને માટે એકની એક વાત કહેવાની જ ઊભી રહે છે. પહેલી લઇએ દિલ્હીમાં મળેલી અખિલ હિંદ વિદ્યાર્થી પરિષદ. છેલ્લાં કેટલાંક વર્ષોથી વિદ્યાર્થીઓ 'સામ્યવાદી' અને 'રાષ્ટ્રવાદી' એવી બે છાપવાળાં મંડળોમાં વહેંચાયેલા તો હતા જ. તેમાં વળી આ દિલ્હી–અધિવેશન વેળા ખુદ 'રાષ્ટ્રવાદી'ની છાપવાળાઓમાં બે તડાં પડયાં, બન્નેએ સમાંતર પરિષદો ભરી હોદ્દેદારો નીમ્યા અને એકબીજાનાં માથાં ફોડયાં—અને ત્યાં બહુ વિદેશોમાંથી આવેલા આમંત્રિત પરોણાઓની નજર સામે જ! તે ઉપરાંત શ્રી. જયપ્રકાશ નારાયણ જેવા જુવાનોના જ લાડકવાયા આગેવાનોનું અપમાન કર્યું! આવા વિદ્યાર્થીઓને કઇ જાતની સલાહ આપવાની કઇ વ્યક્તિએ હિંમત કરવી તે નક્કી કરવું અઘરું છે. 'વિદ્યાર્થીઓને બે શબ્દ' એ નામના એક અગ્રલેખમાં 'નેશનલ હેરાલ્ડે' જે લખ્યું છે તેમાંથી જ વિસ્તૃત ઉતારા આપવા જેવા છે—

'પોતાના દેશની આઝાદીની લડત દરમિયાન હિંદુસ્તાનના વિદ્યાર્થીઓએ કરેલી સેવાએ એમનું નામ ઉજળું બનાવ્યું છે. પોતાની શક્તિ અનુસાર તેમણે કાર્ય કરેલું છે, અને પરિણામે એમનો આત્મા કચડાયો છે અને એમની ભૌતિક કારકિર્દીને હાનિ પહોંચી છે. આપણા રાજકારણમાં આજે લડતો દરમિયાન ભાંગી પડેલા હતાશ જુવાનો ઠેર ઠેર દેખાય છે. સમાજ માટે કાં તો એ શહીદો બને છે ને કાં તો ભાડુતી સિપાહીઓ. તે સિવાય સમાજથી તેઓ સંપૂર્ણપણે વિમુખ બની ગયા છે......કમભાગ્યે આજે વિદ્યાર્થીઓમાં વિખવાદ ફેલાયો છે. એનો બચાવ તો એટલો જ હોઈ શકે કે ખુદ રાજદ્વારી આગેવાનો જ વિદ્યાર્થીઓ માટે ખરાબ દાખલો બેસારી રહ્યા છે, પણ જુવાનોએ મોટેરાઓના માત્ર દોષની જ નકલ શા માટે કર્યે રાખવી જોઇએ તેનું કારણ સમજાતું નથી......વિદ્યાર્થીઓનાં જુદાં જુદાં જૂથ પોતાનાં અલાયદાં મંતવ્યોને વળગી રહે અને તે છતાં સહુ સાથે મળીને કામ કરી શકે, પોતે માત્ર વિદ્યાર્થીઓ જ છે તેનું આત્મભાન રાખી શકે અને બહુમતીના નિર્ણયનું શિસ્તબદ્ધ રીતે પાલન કરવાનું ઠરાવી શકે, પણ આજે તો આગેવાની ઉપરથી ઠોકી બેસાડેલી હોય છે, અને આપણા રાજકારણની માફક વિદ્યાર્થીઓમાં પણ આગેવાનો ઉભરાય છે, જ્યારે શિસ્તબદ્ધ અનુયાયીઓની અછત છે. જે વિદ્યાર્થીઓએ અભ્યાસ પૂરો કર્યો હોય તેમને આગેવાની ધારણ કરવાનો જરાય અધિકાર નથી. હિંદુસ્તાન જેવા દેશને સંસ્થાઓની સંખ્યાની વિપુલતા પોસાય તેમ છે, અને કાર્યમાં આગેવાની લેનારાઓ અહીં આવશ્યક છે, પરંતુ એ આગેવાની માત્ર ભાષણો અને નિવેદનોવાળી અને ઉદાર દિલ તથા જરા બેદરકાર છાપાંઓ દ્વારા ઉત્તેજન પામેલી ન હોવી જોઇએ......દુર્ભાગ્યે વિદ્યાર્થીઓની સંસ્થાઓએ પસાર કરેલા ઠરાવોમાં વિદ્યાર્થીઓના ખુદના જ કાયદાઓનો તો સમૂળગો નિર્દેશ જ નથી હોતો. પોતાની વિદ્યાપીઠના કરતાં વિશ્વ–પ્રશ્નોના ઊંડાણમાં એમને વધુ રસ પડતો હોય છે. વિદ્યાર્થીઓમાં જો ડહાપણ હોય તો તેમણે જીવનની આ વિશાળ શાળાનો અભ્યાસ કરવાની ડૉ. રાજેન્દ્ર-

પ્રસાદની સલાહનો અમલ કરવો જોઇએ. જે વિદ્યાર્થી અભ્યાસ નથી કરતો તે વિદ્યાર્થી મટીને રસ્તે ચાલતો કોઇ સામાન્ય માનવી બની જાય છે, અને એના દેશપ્રેમની ભાવના ગમે તેટલી પ્રબળ હોય તે છતાં કોઈ પણ ચળવળને એ મદદરૂપ થઇ શકતો નથી.'

વડોદરામાં મળેલી ગુજરાતના વિદ્યાર્થીઓની પરિષદ સમક્ષ શ્રી. રવિશંકર મહારાજે કરેલું પ્રવચન તો આખું સૌ વિદ્યાર્થીઓએ વાંચવા જેવું, અને વાંચીને ફરી ફરી વિચારવા જેવું છે. એ પરિષદમાં હાજર રહેલા વિદ્યાર્થીઓ કરતાં મહારાજે અભ્યાસ તો ઓછો કર્યો છે, પણ આમજનતાની કોલેજમાંથી એમણે જે મેળવ્યું છે તે જ્ઞાન મોટી મોટી વિદ્યાપીઠોની ઉપાધિઓ મેળવનારાઓમાંથી પણ બહુ થોડાને હાથ લાગ્યું છે. વિદ્યાર્થીઓ માટે કડવાં વેણ બોલતાં એમનો આત્મા તો ઘણો દુભાયો હશે. પણ કોઇ બીજું કાંઈ કહી શકે તેવું વિદ્યાર્થીઓએ રહેવા દીધું નથી.

ગાંધીજી, સરદાર, મહારાજ, એ બધા ચાલી જતી પેઢીના માણસો છે. એમની તપશ્ચર્યાએ દેશને જે હાંસલ કરાવી દીધું છે તેમાં અખૂટ ખજાનાઓ પડેલા છે. સમૃદ્ધિના, સુખના, ઈન્સાફના, નીતિના. એ ખજાનાઓ આજના જુવાનોના હાથમાં સોંપીને એમણે તો એક દિવસ ચાલી નીકળવાનું છે. જુવાનો પોતાનો વારસો દીપાવે છે કે વેડફી નાખીને દેવાળિયા બને છે તે જોવા પણ એ રોકાવાવા નથી. પવન ફૂંકાય ત્યારે ધરતીની ધૂળ પણ આસમાને ચડી જાય છે. એ આસમાનમાં જ રહેવું કે ફરી પાછું ભૂમિની રજ બનીને પડવું. એ નક્કી કરવાનું કામ એકલા જુવાનોનું—વારસદારોનું જ છે.

અડાસ-ખટલાનું ઉન્નત ધ્યેય શહાદતને શોભાવે છે

વિદ્યાર્થીઓના ઇતિહાસ સાથે સંકળાયેલી પુનિત સ્મૃતિઓમાંની એકને ફરી તાજું કરવાનો એક અવસર હમણાં આવી ગયો. લગભગ સાડાચાર વર્ષ ઉપર અડાસ ગામે પોલીસના નિર્દય ગોળીબારનો ભોગ બનેલા ચાર જુવાનોની શહાદતને શોભાવે તેવા એક ધારાશાસ્ત્રીને હાથે એ પોલીસો સામેના આરોપો સેશન્સ અદાલતમાં સાબિત થયા છે. ચિતામાં પોઢેલા એ નવલોહિયાના આત્માને પુલકિત બનાવનારી હકીકત આ ખટલામાંના ત્રણ આરોપીઓને જનમટીપની કેદ મળી છે તે નથી, પણ એક પ્રૌઢ અને નિષ્ઠાવાન લોકસેવક સંપૂર્ણપણે સત્યપરાયણ રહીને જે ઉચ્ચ હેતુઓ કાજે લડત ચલાવી છે તે છે. અડાસ ગોળીબાર કેસની ચૂંટેલી જુબાનીઓવાળી એક પુસ્તિકા બનાવવાનું કામ ગુજરાત વિદ્યાર્થી કોંગ્રેસે કરવા જેવું છે. એવી પુસ્તિકામાં સહુથી શોભીતી વાત તો આ ખટલો ચલાવનાર ધારાશાસ્ત્રી શ્રી. મોતીભાઈ વીણે જે આખરી વક્તવ્ય કર્યું છે તેમાં રહેલી છે—

> 'આ ખટલામાંથી આ પોલીસોને જેલ ભેગા કરવા કે એમની ઉપર વેર વાળવા હું નથી નીકળ્યો. હું તો માગું છું ઈન્સાફ—ભલે પછી એ નિર્ભેળ ન્યાય ન હોય, ભલે એ દયાભાવે ભિંજાયેલો ન્યાય હોય. હું કાંઇ લોહીનો બદલો લોહીથી લેવા નથી નીકળ્યો. મારે તો દુનિયાને કહેવું છે કે અમે ન્યાયની માગણી કરી છે, તમે અમારા નિર્દોષ જુવાનોને ખોટી રીતે માર્યા છે. મારે સાબિત કરી બતાવવું હતું કે એમનાં ખૂન કરવામાં આવ્યાં છે. બાકી આ સિપાહીઓ તો બિચારા દયાને પાત્ર છે, સરકાર જો દયા બતાવીને એમને છોડી મૂકશે તો મારા જેટલો આનંદ બીજા કોઈને નહિ થાય.'

શ્રી. વીણનું છેલ્લું વાક્ય જ આ ખટલો જે ઉન્નત ધ્યેયસર લડાયો છે તેનું દર્શન કરાવે છે. સિપાહીઓનો બચાવ કરનાર શ્રી. નરીમાને કહેલું કે, આરોપીઓ સાચા ગુનેગારો નથી, એ વાતને સાચા સ્વરૂપે રજૂ કરીને શ્રી. વીણે જણાવેલું કે સાચા ગુનેગારો તો બંગલાઓમાં બેઠા છે. આશ્ચર્યની વાત તો એ છે કે કોંગ્રેસના વહીવટ તળે પણ એ 'સાચા ગુનેગારો' હજી પોતાના એના એ જ હોદ્દા ઉપર બેઠેલા છે, અને આ ચિઠ્ઠીના ચાકર, આ 'મશિનરીઝ' જેલ ભેગા થઇ ગયા છે. બેશક આરોપીઓએ હાઇ-

કોર્ટમાં અપીલ કરી છે, એટલે એનો ફેંસલો આવ્યા પછી જ પ્રાંત-સરકાર બીજાં પગલાં લે તે ઉચિત છે.

કોમવાદનું ધારણ ઓછું કરનારો કોલાહલ

યુક્તપ્રાંતની સરકારે મ્યુનિસિપાલિટીઓના મતપત્રકોમાંથી પેટાકોમોનું ખાનું કાઢી નાખવાનો નિર્ણય કર્યો છે. એ અંગે એટલો જ વિચાર આવે છે કે તમામ પ્રાંતોમાંથી આવાં દૂષણો એકસામટાં દૂર કરવાનું કાંગ્રેસી પ્રધાનમંડળોથી કેમ નહિ બની શકતું હોય! નિશાળોમાં, ઇસ્પિતાલોમાં, અદાલતોમાં અને સરકારી વ્યવહારમાં ઠેર ઠેર પ્રજાજનોની કોમો ને પેટા-કોમો પૂછવાનો જે અનર્થકારી અને બુદ્ધિહીન રિવાજ છે તેને સહુ પ્રાંતોમાંથી એકસામટી વિદાય અપાવી જોઈએ. એ વિદાય છાનેખૂણે શાંતિપૂર્વક નહિ, પણ છડેચોક મોટા કોલાહલ સહિત અપાવી જોઈએ. તો જ કોમવાદનું ધારણ કાંઈક ઓછું થશે.

કાળાં બજારિયાઓને શી સજા હોય!

લડાઇ દરમિયાન અસ્તિત્વમાં આવેલાં અનેક ભાવ-નિયમનોનો અંત આવી જવાથી જીવનની જરૂરિયાતની વસ્તુઓને આપણા વેપારીઓ ફરી પાછા કાળાં બજારમાં ઢસડી ગયા છે અને નાની નાની વાત માટે પ્રજાને રાતે પાણીએ રોવરાવી રહ્યા છે. કોઇ વસ્તુની અછત હોય અને તેથી બધાને એ સરખે હિસ્સે મેળવવા માટે કતારોમાં ઊભા રહેવું પડે એમાં શરમ નથી, પણ કતારોમાં ન ઊભા રહેનારાઓ એ વસ્તુ ચોકે ચોકે કાળાં બજારમાંથી ખરીદી શકે છે તે અસહ્ય બને છે. રાજકીય ક્ષેત્રે આપણે જેટલી પ્રગતિ કરી છે તેટલું જ સમાજજીવનને ક્ષેત્રે આપણું પતન થયું હોય તેમ લાગે છે, નહિ તો આપણા વેપારીઓ નફાના નશામાં આટલા બધા ચકચૂર બનીને માનવતાને સાવ ન વિસારી બેઠા હોત.

દોષ એકલા વેપારીઓનો જ નથી. કાળાં બજારના પાપસ્પર્શથી સમાજનો કયો વિભાગ સમૂળગો અલિપ્ત રહ્યો છે તે નક્કી કરવું સહેલું નથી. આખર જતાં તો કાળાં બજારનો આધાર તેના વેપારીઓ ઉપર નહિ પણ એમાં ખરીદી કરનારા ઘરાકો ઉપર રહેલો છે તે સહુ જાણે છે. પણ પ્રજા કાળાં બજારમાંથી જ પોતાની જરૂરિયાતો ખરીદવાની લાલચનો ત્યાગ ન કરી શકે ત્યાં સુધી કાળાં બજારિયાઓને છૂટે હાથે મહાલવા દેવાની જરૂર નથી.

લડાઈ દરમિયાન ચીનમાં અને ત્યાર પછી ફ્રાંસમાં કાળાં બજારના વેપારીઓ માટે મોતની સજા જાહેર કરવામાં આવી હતી તે હકીકત હજી સહુની સ્મૃતિમાં તાજી જ હશે. આપણે ત્યાં ઘણા ય કાળાં બજારિયાઓ માત્ર અમુક દંડ ભરી દઈને સજામાંથી છૂટી જાય છે, અને પછી, એવા તો એકસો દંડ ભરી શકે 'તિજોરી મૂડી' પ્રજાના લોહી-પરસેવામાંથી ઊભી કરે છે. કાળા બજાર કરનારા કોઈ પણ ગુનેગારને કેદની સજા ન ફરમાવાય તો દંડનો તેને માટે કાંઇ અર્થ નથી રહેતો. ખુદ સરદાર વલ્લભભાઇએ અમદાવાદમાં એક વાર જાહેર કરેલું કે 'હું સત્તા ઉપર હોઉં તો કાળાં બજારિયાઓને ખતમ કરી નાખું.' આજે એ સત્તા પર છે, છતાં ફૂંકી શક્યા નથી. કોને ફૂંકે?

કાપડ-ઉદ્યોગની કાળી કથા

આ દેશના કાપડ-ઉદ્યોગ સામે શ્રી. ખંડુભાઈ દેસાઈ જેવા જવાબદાર માનવીએ જે તહોમતનામું ઘડીને બહાર પાડ્યું છે તે આપણી આંખોને સાચી દિશા ઉઘાડનારું અને ઘણું સમયસરનું છે. ૧૯૪૦થી ૧૯૪૬ સુધીના યુદ્ધકાળ દરમિયાન પ્રજાની નિરાધારતાનો લાભ લઈને કાપડ-ઉદ્યોગના મૂડીવાદીઓએ આ દેશના ગરીબોનું શોષણ કર્યું છે તે કાળી કથાનો આ જમાનામાં જગતના કોઇ પણ દેશના ઇતિહાસમાં જોટો નહિ જડે એવું વિધાન શ્રી. ખંડુભાઇએ માત્ર હકીકતો અને આંકડાને આધારે બાંધ્યું છે. આ નિવેદનના કેટલાક મુખ્ય મુદ્દાઓ આ રહ્યા—

૧. આખા દેશના કાપડ ઉદ્યોગમાં અત્યારે પચાસ કરોડ રૂપિયાની મૂડી રોકાયેલી છે. આ મૂડીમાંનો મોટો ભાગ આ દેશમાંની મેનેજિંગ એજન્ટસની ૧૫૦ પેઢીઓના હાથમાં છે. એટલે આ દોઢસો મૂડીવાદીઓ જ આખા દેશના આવા મહત્ત્વના ઉદ્યોગનો કબજો ધરાવે છે, એનું સંચાલન કરે છે, અને એમાંથી

[અનુસંધાન પૃષ્ઠ ૫૯]

કાળચક્ર

ઝવેરચંદ મેઘાણી

પ્રકરણ ચૌદમું : ક. બિલ્ડીંગની ટોચે

મુંબઈની એક ધીકતી બજારવાળા રાજમાર્ગ પર ક. બિલ્ડીંગ ઊભું હતું. એને ત્રણ મજલા હતા. એને નિહાળો એટલે કોઈક અવ્યવસ્થિત અને બેદરકાર અમીર માણસના શરીરનો ખ્યાલ આવે. આવા માણસનાં જાકીટ અને ડગલાનાં, બહાર તેમજ અંદરનાં ખિસ્સામાંથી એકાદની અંદર કાગળચિઠ્ઠીઓ પડી હોય, એકાદમાં નોટો ને પરચુરણ હોય, એકાદમા ગંધાતો રૂમાલ, તો વળી એકાદમાં દવાની નાનકડી શીશી, ને બીજા એકમાં સીગરેટની ડબી પડી હોય. ક. બિલ્ડીંગ પણ, દેખાવે અને બાંધણીમાં આવું અમીરી હતું. એને દરેક મજલે દુકાનો ઓરીસો, ગોદામો અને રહેઠાણનાં ઘરો સામટાં ખદબદતાં હતાં. છતાં પેલા અમીર ગૃહસ્થના ઉપલા એકાદ ગજવામાં જેમ એકાદ કીમતી ફાઉન્ટનપેન અને ગુલાબ–ફૂલનું બટન શોભી રહ્યું હોય છે, તેવી અદાથી ક. બિલ્ડીંગની ટોચે માણેકબહેનનું પતિગૃહ દીપતું હતું.

વિક્ટોરિયા ગાડીમાથી વિમળાની સાથે નીચે ઉતરીને માણેકબહેને ઉપલે માળે નજર કરી. કોઈ ત્યાં ઊભું નહોતું, પણ ફૂલરોપનાં કૂંડાં મલકાઈ રહ્યાં હતાં; મન બોલી ઊઠ્યું: 'ઠીક, મહેરબાન ફૂલઝાડને પાણી તો નાખતા લાગે છે.'

મજૂર કરી દરવાજે દાખલ થતાંજ એક માણસની ને માણેકબહેનની આંખો મળી. દાંત કાઢીને પૂછ્યું, 'ક્યું, બેઠે હો ને ભાઈ! બરાબર ચોકી કરતે હો ને?'

માણસ શરમાઇ ગયો. 'ક્યા કરેં ભાઈ! જૈસા હુકમ ઉપરીકા!'

'કરો કરો ચોકી. શેઠ હૈ ને ઉપર?'

'હાં બાઈ, અભી તો હૈ.'

'દૂસરે સબ?'

'સબી ગયે.'

'અચ્છા! અચ્છા! હમેરેકું તો સરકારને મુફત ચોકીદાર દિયા હૈ. આનંદ કરો.'

એટલું કહી, હસતે હસતે દાદર પછી દાદર ચડતાં માણેકબહેને વિમળાને પૂછ્યું: 'કાંઈ સમજી?'

'હા રતો!' વિમળા પણ હસી.

'શું?'

'તમારી સરકારમાં આબરૂ!'

'એટલે!'

'પોલીસનું ખાનગી માણસ.'

વિમળાની ગ્રહણશક્તિ સાહજિક હતી. ખેરાળીમાં એને આવી સી. આઈ. ડી. પોલીસનો અનુભવ નહિ, તેમ છતાં, કેટલાંક માણસો હવાની સાથે જ નવી પરિસ્થિતિની સમજણ શ્વાસમાં પી શકે છે, તે માંહેલી હોઈને વિમળા આ માણસનું રહસ્ય પામી ગઈ.

માણેકબહેને કહ્યું: 'તું બીતી નહિ!'

'જરાકે નહિ. મજા પડે છે.'

પોતાના બ્લોકમાંના છેલ્લા ખંડમાં પહોંચીને માણેકબહેને ગળાનો હારપ–પૂમરો ખખડાવ્યો: 'લો! આંહીં તો મેરબાન એનો એ જ ધંધો લઈ બેઠા છ!'

પતિને એ 'મેરબાન' શબ્દે સંબોધતી. 'મેરબાન' તો બેઠા બેઠા રેડિયોની ચાવી ફેરવ્યા જ કરતા હતા.

'રહે તો!' મેરબાને ઊંચે જોયા વગર જ કહ્યું: 'એક નવું સ્ટેશન પકડાય છે.'

ચાવીને ધીરે ધીરે ફેરવતો એ મેરબાન રેડિયોના કાંટાને અમુક એક ઠેકાણે ઠેરવવા મથતો રહ્યો. 'આ મીડીઅમ વેવ પર ૨૨ મા મીટર પર એક નવું જ સ્ટેશન પકડાય છે......રહે તો!'

'તમ તમારે નવા નવાં સ્ટેશનો પકડજો, પણ

કહો તો ખરા, અમારો તાર શું નથી મળ્યો ?' એમ કહી પતિનો કાન ઝાલ્યો.

'મળ્યો છે.' ચાવી ઘૂમરડતે ઘૂમરડતે મેરબાને મહેરબાની કરી

'તો પછી મોટર કેમ ન મોકલી ?'

'નહોતી.'

'કેમ ?'

'ભાઇનાથને જોતી'તી, એના સગાને કોઇકને મળવા જવા'

'ઠીક! ઘણે ઠીક! માંડ જતે જનમારે મોટર પામ્યા, તે પણ આપણા માટે નહિ—મેમાનોને માટે હુ–હુ–હું–હુ—'

ખુમી જ આ હતી, કે જે શબ્દો બીજા માણસો રોષ ને કંટાળાની લાગણીથી બોલતા હોય છે, તે જ શબ્દોને આ સ્ત્રીએ પોતાના કંઠ-ઘૂઘરાની અંદર કાંકરાની પેઠે રમાડ્યા પણ પતિએ તો રેડિયોનો કાંટો ફેરવતે ફેરવતે 'રહે તો લગીર! રહે તો જરા!' એમ કહ્યા કર્યું. માણેકબહેન વરનો કાન આમળીને પછી ચાલ્યા—

'ચાનો ભાઈ! મોટર ઘેર આવી પણ એ આપણા પ્રારબ્ધની નહિ હોય, મેમાનના ભાગ્યની હશે અરે પણ આ બાથરૂમમાં ગંદા લૂગડાં કેમ પડ્યાં છે?'

'તમારે માટે રાહ જુએ છે.' રેડિયો પરથી જ મેરબાને ટૌકો કર્યો

'કેમ ગમો નથી ?'

'ના, ચાલ્યો ગયો રત્નાગિરિ.'

'ક્યારે ?'

'પરમદિવસે'

'પરમદિવસના પડ્યા છે લૂગડા ? બધાયનાં ? કોઇએ પોતાનું ધોતિયું પણ નિચોવ્યું નહિ ?'

'ના, તમારી તો કાલે વાટ હતી ખરી ને ?'

'વા..આ..આ..રૂ! ઘણી સારી વાત! ચાલ બેન ધેની, પ્રથમ તો આ ધરણ ઘરમાથી કાઢવા દે.'

બેઉ જણીઓ કપડાં ધોવા બેઠી એ ધોણ્ય ચિત્રવિચિત્ર હતી મલમલ, રેશમ અને ખાદી, સફેદ લેંઘા, ખાખી ચડ્ડીઓ, બારીક અને ધડકી જેવી જાડી ધોતીઓ સાડીઓ ને ચણિયા પણ હતા આ પોશાક પહેરનારા આઠ–દસ માનવીઓની કલ્પના કરવી એ પણ એક તમાશો જોવા બરોબર હતું

'હું ત્યારે જાઉં છું કારખાને' કહેતા 'મેરબાન' સજ્જ થઇને નીકળ્યા; ને ધોતી પત્નીને જણાવ્યું 'કાલે કોંગ્રેસની મહાસમિતિની બેઠક માટે તમારી ટીકીટ આવી ગઈ છે'

'અને તમારી ?'

'હું નથી આવવાનો'

'કેમ ?'

'હું ક્યા કોંગ્રેસનો અનુયાયી છું ? રાજકારણમા આપણા રામને અંધારું ઘમ !'

'હં–અ—સીધા કહોને, સરકારના ઓર્ડર મેળવવામા આબરૂ આડે આવે!'

'એવું કંઇ નહિ. તમારી ધોળી ટોપીને તો એ બાબતનું બેવડે દોરે સુખ છે.'

'પત્યુ. ચાલો, બાથરૂમ તો ગાવાની જગ્યા છે, રાજકારણ ચર્ચવાની નહિ પણ આંહીં જરા ડોકાતા તો જાવ! આ એક વધુ મહેમાનને તેડતી આવી છું'

'કોણ છે વળી ?' એમ કહેતા 'મેરબાન' અંદર દૃષ્ટિ કરતા ઊભા. વિમળાને માણેકબહેને કહ્યું 'મેં તો બતાવ્યા તારા બનેવીને!' બન્ને એકબીજા સામે જોઈ રહ્યાં જોયા હશે વર્ષો પૂર્વે. સ્મરણ નહિવત્ હતું પાતળી ઊંચી કાઠીના બનેવી મનોહરલાલને અકાળે બેઉ લમણા પર ધોળા આવી ગયા હતા. ચહેરો અક્કડ હતો, અને તક્ષણ આંખોમાં આછો મલકાટ એટલો તો ગુપ્ત હતો, કે કોઈકને જ એ જોવા મળે માણેકબહેને બહાર આવીને બારણા સુધી જઈ માશિયાઈ બહેનની પિછાન દીધી અને અહીં લઈ આવવાનું પ્રયોજન કહ્યું મનોહરલાલે ટકોર કરી, 'આ ઘરની અંદર તો કૈંક આવે છે ને જાય છે. છોકરી બાપડી ભોળી લાગે છે એટલા પૂરતો તારે માથે બોજો થયો, બાકી તો સારું કર્યું અને જો, રસોયો પણ આજથી કદાચ ન આવે,

સવારે છણકો કરીને ગયો છે. અને મેં તો હવે ગૃહરાણીને ઘરનો ચાર્જ ક્ષેમકુશળ સોંપી દીધો છે.'

'વા...આ...આ...રૂ મેરબાન ! એમ કહોને ચોખ્ખું, કે વીરા જણનું ભઠિયારૂં સાંજે કરી રાખજે !'

'કહેને કહેવે ફેર છે ના ! માને કાંઈ, સાચું છે છતાંય, બાપની બૈરી કહીને બોલાવાય છે ?'

'અરે તમારી ખૂબી !' કહેતાં માણેકબેન વિદાય થતા વરને ચોંટિયો ખણવા ગયાં, ત્યાં તો 'એ બધી રાતે વાત,' એમ કહેતો મનોહરલાલ, જે ચાલાકીથી સીડી પર સરકી ગયો, તે ચાલાકી એનામાં આજે તો શું પણ જન્મારે ય કદી હોઈ શકે નહિ, એવું સોગંદ પર કહેવા એના નજીકના સ્નેહીઓ પણ છાતી ઠોકીને બહાર પડ્યા હોત. કારણ કે એ ચાલાકીનું લીલાસ્થાન વરવહુ બે જ જણાંની વિશ્રંભ-પળોમાં જ હતું.

જેમ જેમ સાંજ પડ્યા પછીનો સમય અંધારૂં ઘૂંટતો ગયો. તેમ તેમ વિમળાએ માણેકબહેનના ઘરના દાદર પર અને દ્વાર પર નાનાં મોટાં ઘમસાણ ચાલુ થતાં સાંભળ્યાં. દાદરના પથ્થરો પર તડાક તડાક બોલતાં ચંપલો ને પહાણી સેંડલો પછડાતાં ઘસાતાં આવે છે; અને જોશભેર હસવાના તથા ઉગ્ર રોષના ઉશ્કેરાટભર્યા સામસામા અવાજો. બારણા સાથે અફળાટ કરે છે.

એક કહે છે, 'નહિ જવાહરના ભેજામાં ભૂસું ભર્યું છે. આઇડિયોલોજી...'

બીજો બોલે છે, 'મોસ્કોના પઢાવ્યા તમે તો પોપટ છો પોપટ.'

ત્રીજો, 'પંદર દા'ડામાં દેશભરમાં કોન્ફ્લેગ્રેશન (દાવાનલ) સમજજો.'

ચોથો, 'આ વખતે તો ફાઈટ ટુ ધ ફિનિશ !'

પહેલો, 'કંઈ નથી થવાનું. આઇડિયોલોજી...'

ત્રીજો, 'આઈડિયોલોજીની ખોંપાટ શું લો છો યાર ! શું વલ્લભભાઈને આઈડિયોલોજી નથી એમ કહેવું છે તમારૂં !'

પહેલો, 'ઓફ કોર્સ (અલબત્ત) એમ જ.'

ત્રીજો, 'આ સામ્યવાદીઓને તો મારી મારીને બોલતા બંધ કરવા જોઈએ.'

પાંચમો, 'ધેટ્સ ઈટ ! ધેટ ઈઝ આવર ટ્રાયમ્ફ (વાહવાહ ! એ જ અમારો વિજય !) તમારા ઉશ્કેરાટથી જ અમને જીત મળે છે.'

ત્રીજો, 'હવે બેસો બેસો ! હું તો કંઇ નથી ઉશ્કેરાયો.'

આમ આ હા વા ને ધાબડિયો આસ્તેકદમ મુલાકાસ્તેકદમ મનોહરલાલ—માણેકબેનના ઘરમાં દાખલ થયાં અને તેમાંના બેત્રણ જણાએ સીધા રસોડામાં પેસી માણેકબહેન પૂરીઓ તળતાં હતાં તેમાંથી અક્કેક ઉપાડને ઉપાડતે માણેકબહેનના સમાચાર પૂછવા માંડ્યા.

'અહો ! કાઠિયાવાડ આવ્યું કે પાછું ? આ વખતે કોઈ ડેકોઈટ કે રોબર—કોઈ બહારવટિયો લૂંટારો મળેલો ખરો કે માણેકબેન ?'

'એ બધી વાતો હું તમને બધાને કહું, ખૂબ સાંભળવા જેવી છે, પણ પ્રથમ તો તમે અકકેક પૂરી ઉપાડી લઈને રસોડાની બહાર નીકળો.'

માણેકબહેન આ કહેતાં હતાં ત્યારે એ મિત્ર મંડળની નજર વિમળા પર પડી. વધુ એક શબ્દ બોલ્યા વગર તેઓ પોતાનાં ટોળટિખળ ચૂપ રાખીને બેઠકના ખંડમાં ચાલ્યા ગયા.

વિમળાનું જીગર મજબૂત હતું એ વાત સાચી, પણ એક ગૃહસ્થીના ઘરમાં બહારના માણસો કાયમી વાસો કરતા હોય, વહેલા મોડા ફાવે ત્યારે બહારથી આવી નહાવા જમવાનું કે સૂવાનું પામી શકતા હોય, વાતોનાં સાદાં ટોળટપ્પાં મારી શકતા હોય તેમ જ દેશના સળગતા જાહેર પ્રશ્નો પર હળવી ભારે ચર્ચા કરી શકતા હોય, માણેકબહેન અને એના પતિ મનોહરલાલ આ સઘળી બાબતોમાં શામેલ રહેતાં હોય, ગંભીર વાતોમાંથી એકાએક ગંજીપો લઈ સૌની જોડે આ દંપતી બ્રીજ બિઝીક રમવા પણ બેસી જતાં હોય; એ સઘળી લીલાએ વિમળાને ઠીક ઠીક અકળાવી, વિસ્મિત બનાવી, અને ભયભીત સુદ્ધાં કરી.

પહેલી જ રાત હતી-પંદરેક દિવસની ગેરહાજરી પછીનું પતિ-પત્નીનું મળવું થયું હતું. તેમ છતાં સૌની સંગાથે બેઠાં બેઠાં અધરાતનો સુમાર થયો. પછી એ પાંચ ગયા, ત્રણ ચાર રહ્યા. માણેકબહેને સૌની

પથારીઓની વેતરણ કરવા માંડી. એમની ગણતરી આજે તો પોતાના શયનખંડને સલામત રાખવાની હતી. મનોહરલાલ હિંદુસ્તાનની અંદરનાં રેડિયો—કાર્યક્રમો ખલાસ કરીને–મુંબઇ, દિલ્હી, લખનૌ, કલકત્તા, વગેરે બધાં સ્ટેશનો પતાવી નાખીને પછી અલકમલકના સ્ટેશનો પર કાંટો ફેરવતા હતા; તરેહ તરેહની જબાનો સાંભળતા હતા. છેલ્લે પહોળું બગાસું ખાઇને માણેકબહેને પતિને કહ્યું કે, ‘ હવે તો બચાડા રેડિયોનો જીવ લેવો છોડો ! ઊઠો; ઊંઘ ભરાણી છે મને તો.’

‘ આ લગાર—લગાર સાઇગોનને સાંભળીએ. જુઓ, કોઈ કેપ્ટન મોહનસિંગ બોલે છે.’

એમ કહેતા મનોહરલાલ એકાગ્ર બન્યા. ઘરમાં હાજર હતાં તે સર્વ હાજર થઈ જઇને એક કાને સાંભળતાં ઊભાં સિયામ દેશના પાટનગર સાઇગોન-માંથી શુદ્ધ હિંદી સ્વરોની ધારા વહેતી હતી. મરદાઇના મરોડો વડે શોભતા શબ્દો કોઇ રણબંકા હિન્દીવાનના હોઠ પરથી ટપકતા હતાઃ—

‘ પ્યારા દેશબાંધવો, અમારી ફિકર કરશો નહિ. અમને હિન્દીવાન સૈનિકોને જાપાનને હાથે જબ્બે થવા સોંપી દઇને અંગરેજ ઠંડે કલેજે ચાલ્યા ગયા છે. પણ અમે આઝાદ હિન્દ ફોજની સ્થાપના વિચારી છે. જુઓ, સાંભળો, આ આઝાદ ફોજ જુવાનો અહીંથી બોલે છે. પોતાનાં માતાપિતાને ખુશખબર કહેવરાવે છે.

પછી કોઇ કોઈ બુલંદ ઘેરો પ્રૌઢ અવાજ, તે પછી કોઈક જખ્મી જનનો કંઠ, અને તે પછી કોઇક યુવાનીના પ્રવેશ–દ્વારે ઊભેલા છોકરાની તરડાતી ભરડાતી જબાન અનુક્રમે બોલી ઊઠી : ફલાણો પ્રાંત, ફલાણો જીલ્લો, ફલાણો તાલુકો, એમાં અમૂક શહેર, ને એ શહેરની પાસે આવેલા અમૂક ગામડાનો હું રહીશ : બાપનું અમૂક નામ : એને કહેજો કોઈક, કે હું અમૂક નામઠામનો, અમૂક પલટનમાંનો માણસ ખુશમઝામાં છું. દેશની આઝાદી મેળવવા હું લડનાર છું. મારી ફિકર કરશો નહિ. મારી બહેનને બોલાવશો, મારી માને મારા પ્રણામ પહોંચાડશો અને તમે સૌ પણ ત્યાંથી અંગરેજોને હાંકી કાઢજો......’

વગેરે વગેરે ઓળખાણ આપીને અપાતા આ દેશાવરી સંદેશા સ્તબ્ધ હૃદયે સૌ સાંભળતાં હતાં, તેમાં વિમળા પણ અદ્ધર શ્વાસે બેઠી હતી. એને થતું હતું કે હજુ કંઇક નવું માણસ એ રેડિયો પર નીકળશે, જેનું નામ, ઠામ ને ગામ જાણીતું છે. પણ એ પોતાનો સંદેશો કોને પહોંચાડવાનું કહેશે ? કોનું નામ લેશે ! આ દસ બાર માણસોની વચ્ચે વિંટળાયેલું જ્યોતિર્મય યંત્ર શું એકાદ કોઇક દિવસ પણ નહિ બોલી ઊઠે, કે ‘બેરાળી ગામમાં એક વિમળા નામની કન્યાને.....’

‘ પણ હવે તો રેડિયો પર ‘વંદે માતરમ્’ ગવાતું સંભળાયું. સ્ત્રીઓ પુરુષોનો કોઈ મોટો સમૂહ મળીને દરિયાપારથી ગાતો હતો. અને એ ગાનની સન્મુખ પેલા, સાંજથી લઇ અધરાત સુધી ચર્ચાદલીલોના અવિરત બડબડાટ કરનારા પાંચ છ જણા મંત્ર—મુગ્ધ હૃદયે, નિમિલિત નયને, પુનિતભાવપ્રેરિત ચહેરે પ્રાર્થનાભરપુર ઊભા હતા. અજાણ્યે વિમળાને પણ વધારે સ્પષ્ટીકરણ વગર જ સમજાઈ ગયું હતું, કે દુનિયાના બેઉ ગોળાર્ધોમાં ચાલી રહેલી માનવી–માનવીની કાપાકાપીની વચ્ચે, પ્રલયના ઝંઝાગ્નિની વચ્ચે, આ કોઈક ગર્વભર્યા ખુવાર દેશવાસીઓ ગાતાં હતાં—જે ગાન તેઓ ગાતાં હતાં તે ગાન વિમળાએ પણ પોતાના ગામની કન્યાશાળાના મેળાવડામાં અન્ય સખીઓની જોડે ગાયું હતું, પણ આવું તો કદાપિ નહોતું સ્પર્શ્યું. આટલી બધી ઉષ્મા, ઉલ્લાસ ને ઉજાસ શું એકના એક જ શબ્દ–ઝૂમખામાં અગોચર અને અણુસુણ્યાં પડ્યાં હતાં !

વિમળા, કે જેણે પ્રાર્થના કદી કરી નહોતી, તે વિમળા શુન્યને પ્રાણુમંદિરે પહેલી જ વાર નમી રહી.

બધા પોતપોતાને ઠેકાણે સૂવા ગયાં, અને માણેક-બહેન પોત તો, નાનાં છોકરાંનો ને પતિનો સૂવાનો એ અલાહેદો ઓરડો બંધ કરતાં હતાં તે જ ટાણે દરવાજે ટકોરી વાગી.

અંદર આવનાર હતાં એનાં દેર–દેરાણી.

‘ ઓહો ! અત્યારે ? ક્યાંથી ? માટુંગાથી ?’

‘ ના, ના, એ તો બપોરે એક મિત્રને ત્યાં આવેલાં, મોડું થઈ ગયું, થયું કે હવે રાત જ રહી જઇએ.’

બહાર પરામાં રહેતાં દેર–દેરાણીને આવો બેજ-

ધાબદાર વિશ્વાસવૃત્તિને માટે કશું જ કહ્યા વગર બોજા-ઈએ ઘરમાં લીધાં. જગ્યા તો હવે કોઈ બીજી રહી નહોતી. પોતે, દેરાણીની સાથે જ્યાં વિમળા હતી, તે મોટાં છોકરાંવાળા ખંડમાં પથારી કરી, અને દેરને એના મોટાભાઈ સાથે પોતાના સુવાના ખંડમાં સુવરાવ્યો.

સાઈગોન રેડિયોના શબ્દ—ભણકાર સૂર–ભણકાર વિમળાને અંતરદ્વારેથી મોડી રાતે પણ શમ્યા નહોતા. પોતાને આ થોડા કલાકોની અંદર જીવનના ઘરમૂળ-માંથી કશોક ફેરફાર થયો જણાતો હતો. આ ઘરની ગૃહિણી માણેકબાઈ, ગૃહપતિ મનોહરલાલ, આ બહારથી આવનારા ચિત્રવિચિત્ર અને ભેદી સૃષ્ટિના કોઈક આગન્તૂકો, અને એ બહારવાળાઓની ખિદમત આડે જેમને ઘરમાં પોતાનો અલાયદો રમત–ઓરડો પણ નહોતો મળી શકતો તે ત્રણચાર નાનાં બાળકોનું મૌનભર્યું જીવન, બધું જ રહસ્યમય હતું. ને સૌથી વિશેષ વિસ્મયકારી તો વિમળાને માટે આ હતું, કે પેલા પાંચછ ચર્ચાખોર આગન્તૂકો એકબીજાની વિરોધી વિચાર–દુનિયાનાં પ્રાણીઓ હોવા છતાં તે રાત્રિ–પહોરે એકબીજાની નજીક નિરાતે ઊંઘતા હતા. એમાંનો એક એમ. એ. નો અભ્યાસ કરતો હતો, બીજો રોયલ ઇન્ડિયન નેવીમાં જવા માટે ભણતો હતો, ત્રીજો ચારેક મહિનાથી મુંબઈમાં રહ્યો રહ્યો, કાઠિયાવાડમાંની પોતાની એક હરિજન સંસ્થાને માટે ફાળો કરતો હતો, અને હજુ એ સંસ્થાને સંભાળવા પાછો પહોંચતાં પહોંચતાં બેએક મહિના કાઢી નાખશે એમ મનોહર-લાલનું માનવું હતું. ચોથો મૂળ તો આસામનો વતની, મુંબઈમાં આવેલો અનાથ અવસ્થામાં, ઊછરેલ કોઈ બાવાની જોડે મંદિરમાં, ભણેલો એક વેશ્યાને ઘેર રહી, ભણીને નિશાળમાં માસ્તર થયો હતો, ભણતર ભણાવતે ભણાવતે કોઈક એકાદ ગુજરાતી કન્યાને પરણી લેવાના કોડ સેવતો હતો, એ કોડને પુરનાર કોઈ ન મળ્યું એટલે કોંગ્રેસ–હાઉસમાં વગરવેતને સેવા આપતો હતો, એ સેવાની કદરરૂપે અને કાયમીપણાને ખાતર કોઈક આગેવાને એની ભોજવાઈનો ભાર માણેકબહેન પર નાખ્યો હતો. કોંગ્રેસના ખડા સૈનિક તરીકે એનું કામ લડત થાય ત્યારે જેલમાં જવાનું હતું, અને શાંતિકાળ દરમ્યાન સીગરેટો પીતાં પીતાં એક આગેવાનની વાતો બીજા આગેવાનને ઘેર જઈ મીઠું–મરચું ભભરાવીને કહેવાનું હતું. ચોર–લૂંટારાને પણ ખાનદાનીના નિયમો હોય છે, તેમ આ માણસના સંબંધમાં પણ માણેકબહેનને માતૃતુલ્ય ગણવાની અને એમના ઘરની એક પણ સારી માઠી વાત બીજે કોઈ સ્થળે ન કરવાની ડાકુ–નીતિ હતી. પાંચમા એક ભાઈ, એલ. એલ. બી. થઈને બે વરસ નોકરી કર્યા પછી પાછા ફિલસુફીના વિષયમાં એમ. એ. નું કરી લેનાર, અને એમ. એ. તરીકે પોણાબે વર્ષ શાળા ભણાવ્યા પછી પાછા ગણિતમાં એમ. એ. થવાનો મનોરથ લઈ બેસનાર અલગારી હતા.

આવાઓને મુંબઈમાં મુખ્ય જરૂર રહી રહેવા અને બે ટંક પેટીઉં મેળવી લેવાની હતી. માણેક-બહેનનું ઘર એમને એ પુરું પાડતું હતું. બદલામાં તેઓ કશો કૃતજ્ઞતાનો ભાવ પણ નહોતા સેવતા, ક્યાંઈ મેંકોડાઈને પણ નહોતા રહેતા, તેમ બીજી બાજુ આ પોતાનું ઘર જ છે એવો સહજ ભાવ સેવતા હતા.

એક વાર, વિમળાના આવ્યા બાદ ત્રણેક દહાડે કોંગ્રેસ મહાસમિતિની ૧૯૪૨ના ઓગસ્ટની ૮ મી તારીખની બેઠક પર ગુજરાતમાંથી બેએક પ્રતિનિધિઓ આવ્યા હતા, તેમનો ઉતારો પણ માણેકબહેનને ત્યાં હતો. એમણે અગાઉ અનેક વાર આવેલ તે વખતની માફક આ વેળાએ પણ ઘરમાં પડેલાં આ બહારવા-ળાઓનાં બિછાનાંની અવ્યવસ્થિતતા ટાળવા માટે માણેકબહેનને મથતાં જોઈ જોઈને, પ્રભાતે ચા પીતાં પીતાં કહ્યું: 'આ તે કંઈ ઘર છે! આ તો ધર્મ-શાળા છે, ધર્મશાળા!'

કહેતા કહેતા એ કહેનાર હસ્યા. માણેકબહેનની આંખ એ સાંભળી એકાએક બદલી ગઈ. કહેનાર તરફ ફરીને એણે પૂછ્યું- 'શું બોલ્યા......ભાઈ! ફરી કહો તો! હેં! આ ધર્મશાળા છે! ધર્મશાળા છે મારું ઘર?'

કહેનારના ચહેરા પરથી રુધિર સુકાઈ ગયું. એમનો ગર્ભિત હેતુ તો માણેકબહેનની દયા ખાવાનો હતો. પણ એ દયા ખાવા જતાં એમના પોતાના મનમાં પડેલી એક માન્યતા બહાર ડોકાઈ પડી કે આવી આ ઘરમાં તો કોઈ પણ માણસ ધામા નાખી શકે છે. કોઈ ના પાડનાર નથી!

માણેકબહેને તે દિવસે આ ભાઈને જમવાનું તો રોજના કરતાં ય અધિક ચીવટથી પીરસ્યું, પણ રોજિંદુ રોનકીપણું માણેકબહેનના પીરસવા જમવામાંથી ઊડી ગયું હતું એમણે પોતાના ગાંભીર્યનો વધુ કશો ઊહાપોહ કર્યો નહિ. બીજા કોઈની મગદૂર નહોતી—મનોહરલાલની પણ નહિ!—કે એમને આ વાત પર ટોકી પાડી શકે મન એનું માંહી બેઠું બેઠું બોલતું હતું, કે અહીં આ બધાને રહેવા ઊતરવા દઉં છું અને એમની વિચિત્રતા તેમજ બેદરકારી વગેરે બધું ચલાવી લઉં છું, તે તો તેમને ઘરના બાળકો જેવા જાણીને તેઓ પણ છો આ વિચિત્ર આદતો ને સંસ્કારો રાખીને રહે—પણ તેઓને આટલું ભાન હોવું જોઈએ, કે પોતે ઘરના જનો થઈને રહે છે માટે આ લાલન પામી રહેલ છે, ધર્મશાળા સમજીને અહીં પડવાનો કોઈને જ અધિકાર નથી

કદી ન રડનાર માણેકબહેનની આંખો તે આખો દિવસ સુકાઈ નહિ, અને પેલા 'ધર્મશાળા' કહી ટીખળ કરનાર ભાઈ ફરી ઘેર ડોકાયા નહિ

આમ આ ઘરની અંદર બનતા નાના મોટા બનાવોની ઝીણી ઝીણી અસરોમાં વિમળા રંગાયે જતી હતી દિનભરમાં એનો સૌથી વધુ રસભર્યો સમય સાંજરે, બપોરે કે વહેલી સવારે મનોહરલાલ જ્યારે રેડિયોનો કાંટો ઘુમરડતા બેસતા, તે જ હતો પોતે બાજુના ખંડમાં બારણા આડે લપાઈને બેઠી બેઠી કાન માંડતી એમ પણ થતું, કે દિવસે જ્યારે કોઈ ઘરમાં ન હોય ત્યારે, કદાચ છે તે સાઈગોન રેડિયો પર કોઈક જો પેલા, પોતે જેને માટે ઉત્સુક હતી તે સમાચાર બોલી નાખશે, તો શું થશે! અને બીજો પ્રશ્ન એને આ પણ થતો કે જો સાઈગોન રેડિયો પરથી બોલાતા સંદેશા અહીં મળી શકતા હોય, તો પછી આ માણેકબહેનના રેડિયો પર હું જો બોલું કે 'ભાઈ! કાઠિયાવાડના ફલાણા ફલાણા ગામના મૂળ રહેવાશી અને રીસાઈને મલાયા-સિંગાપોર ચાલ્યા ગયેલા એક સુમનચંદ્ર નામે વેપારી લાઈનના માણસને આટલા ખબર દેશો!' તો ત્યાં સાઈગોન રેડિયો પર કોઈક ને કોઈક તો સાંભળશે જ, અને સાંભળશે તો સીંગાપુર મલાયામાં સમાચાર પણ દેશે સ્તો

આવી ગેરસમજણથી એણે ૧૯૪૨ના ઓગસ્ટની તા ૮મીના બપોરે એકાંતે માણેકબહેનની ગેરહાજરીમાં રેડિયોની સ્વીચ ઉઘાડી, ધીરે ધીરે એના કાચ પાછળ જલતી જ્યોતને સંબોધી કહ્યું પણ ખરું કે 'કોણ છે ત્યાં? કોઈ છે? મારે સાઈગોન રેડિયોવાળાને સંદેશો કહેવો છે।'

ખડખડાટ એની પાછળ કોઈક હસી પડ્યું. બાપડી હાંફળી-ફાંફળી ઊભી થઈ ગઈ હસનારા માણેકબહેનનાં નિશાળેથી ઘેર આવેલા છોકરા હતાં એમાંની મોટી છોકરીએ કહ્યું 'માશી! શું કરતા હતા? સાઈગોન કોને સંદેશો કહેતા હતાં? એમ કંઈ આ રેડિયો-સેટમાંથી કોઈ સાંભળી શકે? એ તો એના બ્રોડકાસ્ટિંગના સ્ટેશને જવું પડે—પણ ત્યાં તમને કોઈ બોલવા ન દે, એક હજાર શું એક લાખ રૂપિયા આપો તો પણ નહિ, હા કે માશી? ત્યાં સાઈગોનમાં તમારું કોઈ છે માશી? કોઈ રહી ગયું છે? એને શું સ્ટીમર નહોતી મળી? પણ તો તો હવે એ ક્યાંથી રહ્યું હોય? એને તો મારી જ નાખ્યા હોય.'

મુંબઈ શહેરના છોકરાને માટે આ બાબતની સમજ સહજ હતી કાચની પૂતળી સરખી પારદર્શક પ્રકૃતિની એ છોકરીના છેલ્લા શબ્દો વિમળાની કલ્પનાશક્તિને ઢંઢોળી ગયા એણે જવાબ દીધો: 'અરે એ તો હું અમસ્થી અમસ્થી લહેર કરતી હતી એ તો હું પણ જાણું જ ને, કે આમાંથી તે કાંઈ કોઈને સંભળાવી શકાય?'

અધરાત વીતી ગયા બાદ મોટર ગાડી આવી અને એમાંથી ઊતરેલા માણેકબહેનને છેક દાદર પરથી *એકાએક થનગનાટ કરતા આવેલા ટેખી પતિએ પૂછ્યું* 'કાં, શું સમાચાર છે? બેઠક પૂરી થઈ ગઈ?' એનો પ્રશ્ન ગોવાળિયા તળાવમાં ભરાયેલી કોંગ્રેસ મહાસમિતિ વિશેનો હતો

'પૂરી થઈ શું, બાપુએ તો કમાલ કરી,' માણેકબહેને પાણીનો ગ્લાસ લઈ કંઠ-ઘૂઘરો રમતો મૂક્યો 'કરેંગે, મરેંગેનું આખરીનામું આપ્યું હવે સરકારના મોતિયા મર્યા જાણજો'

'હ-હ—'

'કેમ તમે કંઈ વાત કહેતા નથી?'

'મને તો ભારું થનારું લાગે છે.'

'એટલે શું? સરકાર પકડી લેશે બધાને?'

'મને એમ જ લાગે છે.' બોલતાં બોલતાં પતિ હાથનાં આંગળાં ચોળતા હતા. એણે આગળ વાત ચલાવી: 'ગાંધીજીએ ભલેને હૈયાં હલમલાવી નાખે તેવું ઉગ્ર ભાષણ કર્યું, વાઇસરાયને મિત્ર કહ્યા, મળવા દેવાની માગણી કરી, મળ્યા પહેલાં મારે તો કંઇ લડત ઉપાડવી જ નથી, એવું એવું મીઠું મધ જેવું ભલેને કહ્યું, પણ સરકાર હવે સમય આપે એમ મને તો નથી લાગતું.'

'તો તો લડત ઊપડશે.'

'ઊપડશે તે તો ઠીક—પણ એમાં શું બળ્યું હશે!'

'કેમ?'

'કોઇને કશી ખબર નથી, કશી દોરવણી નથી, બધાં જ ધાંધિયા છે.'

પત્નીએ કહ્યું: 'અરે વાત શી કરો છો! અત્યારે તે સરકાર શું મૂરખી છે કે આ દેશને છંછેડે? જાપાન માર માર કરતું આવે છે તેનો તો વિચાર કરો ને?'

'શું વિચાર કરે?'

'કેમ શું વિચાર કરે? આખો દેશ સળગી ઊઠ્યા વિના રહેવાનો છે શું? મીલો કારખાનાંને તાળાં દેવાય, ટ્રેનો, તાર, ટપાલના વ્યવહાર તૂટી પડે, એ ઉપરાંત આજે તો લશ્કરને વિફરી જતાં વાર નથી લાગવાની.'

પત્નીના દોરેલા આ ચિત્ર ઉપર શાહીનો ખડિયો ઊંધો વાળી દેતો હોય તેવી દર્દભરી હાંસી સાથે પતિએ કહ્યું: 'આ બધી તો તમારી ધોળી ટોપીઓ હિંસિયારી જ છે!'

'નહિ, દરેક માણસ બોલે છે. અને અમે તો દેશના મોટામોટાઓ પાસેથી જ સાંભળ્યું છે કે, જવાહર પાસે તો મોટા લશ્કરી માણસો આવીને કહી પણ ગયા.'

'શું કહી ગયા?'

'કે લડત જમાડો, એટલે અમે ઝંપલાવવા તૈયાર જ છીએ.'

'હા, એમ તો જમશેદપુરની તાતા-ફેક્ટરી વિશે પણ એવાં જ ગપાટાં ચાલે છે, કે તાતા પોતે મહાત્માજીને મળી ગયા—આજે જ, અને જો લડત ઊપડે તો આખું કારખાનું બંધ કરી બેસવાનો કોલ દઈ ગયા! બધી બજારુ વાતો છે. સરકાર નહિ ડરે. પકડશે—કદાચ છે ને રાતોરાત પકડશે.'

પાણીનો ગ્લાસ માણેકબહેનના હાથમાં જ ભરેલો હતો, પણ એ મોં પે અડકાડવાનું વીસરીને એ વિમાસી રહ્યાં. મોં પર પતિના ભાખેલા આગમ-બોલની વાદળી છવાઇ ગઇ. એ બોલવા જતી હતી કે 'તો તો મને......'

'હા એ તો, વૉરંટ તૈયાર જ હશે.'

'હવે જાવ! [illegible]!' પત્ની ઊભી થઇને કહેવા લાગી 'ઘેલા થશો ના. સરકારથી કશું બનવાનું નથી. મહાત્માજીએ ખરેખરી એના પગમાં આંટી નાખી છે. પકડે તો તો સરકારનું મોત હાથવેંતમાં સમજવું.'

'ઠીક, ચાલો, જોઇએ સવારે શું થાય છે.'

પછી સવારે જ્યારે મનોહરલાલ ઊઠીને ટેલીફોન પર નંબર ઘૂમરડવા લાગ્યા, ત્યારે યંત્ર ખોટકાઇ ગયેલું જણાયું. સામી બાજુએ આવેલા પડોશીના ટેલીફોન પર ગયા, ત્યાં પણ કહે કે અમારો ફોન ખોટકાઇ ગયો છે. પાએક કલાકમાં તો આખા ક. બિલ્ડીંગના એકેએક ફોન ખોટા પડી ગયા હતા.

'આ તે શું!'

બહાર નજર કરે છે, તો નજર પહોંચી શકી ત્યાં સુધી પોલીસ! પોલીસ! ચોકીપહેરા બેસી ગયા છે.

માણસો ખબર લાવ્યા: 'ગાંધીજીને અને બીજા ઘણાને પકડી ઉપાડી ગયા......'

'ક્યાં?'

'ઇશ્વર જાણે!'

માણેકબહેને પતિની સામે જોયું. પતિએ એમ તો બેશક ન જ કહ્યું, કે 'હું નહોતો કહેતો!' પણ કહ્યું કે 'બિરલા હાઉસ પર ફોન તો જોડો!'

જીવનસંસ્મરણોની શરૂ થતી નવી લેખમાળા

જીવન પંથ

ધૂમકેતુ

શ્રી. 'ધૂમકેતુ'ની જીવનકથાના સંસ્મરણોની લેખમાળા નિયમિત પ્રગટ કરવાનો અમે પ્રબંધ કર્યો છે. તે પ્રમાણે આ પહેલો હપ્તો અહીં પ્રસિદ્ધ થાય છે. હવે પછી દરમહિને નિયમિત રીતે એ આવશે. 'જીવનપંથ'ની આ લેખમાળામાં શ્રી 'ધૂમકેતુ'ના જીવનના અનેક પ્રસંગો આવી જાય છે.

[નોંધ : પ્રવેશ]

'ઊર્મિ'માં માગ 'જીવનપંથ'ના 'સંસ્મરણો'ની લેખાવલિ પ્રગટ કરવાનું નક્કી થયું ત્યારે એક ક્ષણભર તો એમાં રહેલી ધૃષ્ટતાનો વિચાર આવતાં સક્ષોભ થયો. સિદ્ધસેન દિવાકરનું પેલું પ્રસિદ્ધ વચન—'નિર્લજ્જઃ કો ન પણ્ડિતઃ' આ ધૃષ્ટતાનો ઉપહાસ કરતું, નજર સામે તરી આવ્યું. એડમંડ ગોસે પોતાની જીવનકથા આલેખતાં એક સુંદર વાક્ય લખ્યું છે કે વય વધતાંની સાથે માણસ પોતાના સંસ્મરણોની પરિમલસૃષ્ટિ ધીમે ધીમે ગુમાવતો જાય છે. એટલે એ પરિમલસૃષ્ટિને કાંઈક પણ સાહિત્ય સ્વરૂપ જેવું આપવાનો, એને થોડો પણ અધિકાર હોય તો, એણે એ પરિમલ લુપ્ત થઈ જાય તે પહેલાં, એ વાત ઉપાડી લેવી જોઈએ.—'While he is unbiased by the sensibility of advancing years'–એટલું છતાં શ્રી. મેઘાણી, મારી હમણાંની માંદગી દરમ્યાન અચાનક આવી ચડ્યા ન હોત—અને મારી પાસેની અનેક નોંધપોથી વગેરેનો નિર્દેશ કરીને આ કામ ઉપાડવાનું પ્રોત્સાહન આપ્યું ન હોત, તો મને લાગે છે કે આ વસ્તુનું પ્રાગટ્ય હજી ઘણું વહેલું ગણવાની મારી મનોવૃત્તિ ચાલુ રહેત. પણ એમનું પ્રોત્સાહન, ઊર્મિના સંચાલક શ્રી. ઇશ્વરલાલ દવેની એ વિષેની તરતની સતત માગણી અને મારી પાસેની નોંધપોથીઓ, હમણાંની માંદગી દરમ્યાન આરામ લેવા માટે વાળી જવાની તક મળી જતાં, સંસ્મરણોની જાગી ઊઠેલી આખી માનસસૃષ્ટિ, અને અંદરથી આવેલો એક છાનો અવાજ—'હમણાં અથવા કદાચ કોઈ દિવસ નહિ—' એ સઘળી ઘટનાઓએ 'જીવનપંથ'નું તાત્કાલિક નિર્માણ કર્યું, અને મેં મારી આ 'જીવનકથા' કહી શકાય એવી સંસ્મરણોની સૃષ્ટિનું આલેખન કરવાની હિંમત કરી.

પરંતુ માણસની પાસે વિશ્વાસપાત્ર ગણી શકાય એવી એની કેટલીક હકીકતો હોય છતાં સાહિત્યનો આ પ્રકાર ઘણો જ અટપટો અને વિકટ છે. એમાં જેટલો ભય 'અતિશયોક્તિનો છે એટલો જ ભય હીનોક્તિનો પણ છે. ગોસના શબ્દો ટાંકીએ તો Perhaps an even more common fault in such autobiographies is that they are sentimental, and are falsified by self admiration and self fity' આ પ્રકારમાંથી માણસ જેટલો બચી શકે એટલું એનું મૂલ્યાંકન વધારે. છતાં જ્યાં ફીરસ્તો પણ જતાં ડરે એવું આ ક્ષેત્ર છે. અને માણસ સત્યનો ચાહક ઘણો નજીક હોય ત્યારે પણ એ અસત્યના દોષારોપણથી બચી શકે એવું ન બને, તો એણે એ વિષે લેશ પણ ગ્લાનિ ધરવી ન જોઈએ, કારણ કે કલાની પેઠે સત્ય એ પણ વ્યક્તિનો મનોગત પદાર્થ છે કે કોઈ નિરપવાદ બાધિત વ્યાપક વસ્તુ છે, એનો એકમતી નિર્ણય હજી સુધી તો થઈ શક્યો નથી. ગીલ્બર્ટ મરેએ આનું એક સુંદર ઉદાહરણ આપ્યું છે કે ઉદ્યાનમાં સુંદર પુષ્પ ખીલ્યું છે. સમય, સ્થિતિ, વાતાવરણ, સ્થાન—સઘળાં પુષ્પના સૌન્દર્યમાં વધારો કરે તેવાં છે. પણ એ પુષ્પને જોનાર જ કોઈ ન હોય તો ? એ પુષ્પ સુંદર કહેવાય ખરું ? કહેવાય તો કહેનાર કોણ ? ન કહેવાય તો

સૌન્દર્ય જેવો કોઈ ભાવ વ્યક્તિ વિના અપૂર્ણ ગણવો જોઇએ. અને જ્યાં વ્યક્તિનો એ મનોગત પદાર્થ બન્યો કે વ્યક્તિની મર્યાદા શક્તિ એ એના પોતાનાં મર્યાદા શક્તિ બન્યાં.

આપણી સમકાલીન વિચારચર્યા લઈએ તો જણાશે કે વીર કવિ નર્મદ ચાર આનાના પૌંઆ દૂધ ઉપર દિવસો વીતાવતો એ વસ્તુને એક જીવનચરિત્રકારે નર્મદના વીરત્વની પરિસીમા માની છે; અને ગુજરાતની કંગાલ ઉપેક્ષાવૃત્તિને દોષ દીધો છે; તો બીજા જીવનચરિત્રકારે એમાં ગૂજરાતનો દોષ ન જોતાં કવિ નર્મદની મનોવૃત્તિના અસમાધાનકારી ખુણાઓનો દોષ કાઢ્યો છે. ખરી રીતે આ બન્ને દૃષ્ટિબિંદુઓ સાચાં છે અને બન્ને દૃષ્ટિબિંદુઓ ખોટાં પણ છે. તમે કઈ ભૂમિકાથી એને જૂઓ છો એ ભૂમિકા ઉપર જ બધો આધાર છે કાન્ટ જેવો કોઇ ફિલસૂફ એને ‘ Idealism ’ ‘ Realism ’નો જ ભેદ ગણી કાઢે, એટલે જ આ મારા ‘ જીવન પંથ ’નો જેટલો અને તેટલો સત્યાન્વેષી સ્વાંગ છતા, એમાં રેખાંકિત થયેલા પ્રસંગો પાત્રો અને પ્રકીર્ણ વિચારો એ મારી પોતાની મનોગત ભૂમિકાના દૃષ્ટિબિંદુઓ રજુ કરે છે. એ સાચાં છે. ખોટાં છે. એ કાંઇ જ નથી, અને વળી એ કાંઈક છે પણ ખરાં.

આ જીવનપ્રવાસી રેખાંકનમાં અનિવાર્યપણે ‘ હું ’ કાર વાપરવો પડે છે; પરંતુ એ ‘ હું ’કારમાં હુંકાર, જો જાણી જોઇને કોઇ ખાંખાખોળાં કરીને ગોતી નહિ કાઢે, તો ગોત્યો તો મળવો મુશ્કેલ થઈ પડે, એટલો સભાન કહેવાય તો સભાન, પણ લેખકનો માનવ પ્રયત્ન તો જરૂર હશે જ; પોતાની જાતને મહત્ત્વ ન આપવાનો. તેમજ એની લઘુતા, પણ ખોટી રીતે વિનયી બનીને પ્રગટ ન કરવાનો. બાકી તો વિલ્યમ હેન્રી હડસને કહ્યું છે તેમ સર્જકનું કામ સૌન્દર્ય છૂપાવવાનું છે અને વિવેચકનું કામ એ સૌન્દર્ય ફરીને પ્રગટ કરવાનું છે. અને સૌન્દર્ય એ સત્યથી જૂદી વસ્તુ નથી. સાહિત્યના તમામ જુદા જુદા પ્રકારોમાં જીવનરંગી આ પ્રકાર, એકી સાથે અને એક જ સમયે, સર્જકની અને વિવેચકની એવી બે ભિન્ન ભિન્ન પ્રકારની શક્તિઓનો વધુમાં વધુ સમન્વય અને સંયમ માગે છે એટલે જેમ જીવનચરિત્રો તેમ જીવનકથાઓ સોએ સો ટચનું શુદ્ધ કુન્દન આપે એ પ્રસંગ ઘણો જ વિરલ ગણાય છે. જ્યાં એનું સાચું મૂલ્યાંકન તો રહે છે જ. સમકાલિન ઐતિહાસિક, સાહિત્યિક કે સામાજિક ભૂમિકાઓને સમજવામાં મદદરૂપ બનવાનું કે સત્યપ્રસંગો આપીને કાંઈક અંશે વિવેચકને, તો કેટલેક અંશે પોતાની જાતને, વધુ સ્પષ્ટ કરવાનું. કવિ નર્મદનું પોતાનું સાહિત્ય સમજવામાં એની ‘ મારી હકીકત ’ સુંદર ભૂમિકા આપે છે; તો સમકાલીન સામાજિક સ્થિતિ ઉપર પણ સારો પ્રકાશ નાખે છે. નારાયણ હેમચંદ્રનું ‘હું પોતે,’ મણીલાલ નભુભાઈની ‘આત્મકથા,’ નરસિંહરાવનું ‘સ્મરણ મુકુર’, મુનશીજીનું ‘અરધેરસ્તે’, બ. ક. ઠાનું ‘પંચોતેરમે’, મેઘાણીની સાહિત્ય સ્મરણાંજલિ જેવી ‘ પરકમ્મા ’, હમણાં પ્રગટ થવા માંડેલી શ્રી. રમણલાલ દેસાઈની ‘ સંસ્મરણો ’ની લેખમાળા, કે શ્રી નૃસિંહપ્રસાદ ભટ્ટની ‘નાગરકથા’ એમના જેવી તાજી ખુશ્બો વાંચનારને આમાંથી ન મળે તો એણે આ પ્રયોગને થોડો વખત નભાવી લેવાનો રહ્યો. કારણ કે આ લેખમાલા રજુ કરવા માટે જોઇતી સામાજિક ભૂમિકા—સમકાલીન યશોકાય વ્યક્તિઓનો સંપર્ક—મારા જેવા કાઠિયાવાડના એક ખૂણામાં પડેલા માણસ પાસે ન જ હોય, એ એની મોટામાં મોટી ખામી—રસહાનિ કરાવે એ સંભવિત ખરું; છતાં આ વસ્તુ પણ તદ્દન નિરુપયોગી નહિ નીવડે એવા વિશ્વાસથી વહાણ હાંક્યું છે. માણસને જ્યારે એમ લાગે છે કે એનામાં પણ કોઈક રસ લેનારું છે, ત્યારે એની આંતરસૃષ્ટિની પ્રફુલ્લતા ઓર ખીલી ઊઠે છે. અને કલ્પનાની મનોભૂમિમાં રાચનારા લેખકની તો આ એક જ મહામૂલ્યવાન સમૃદ્ધિ ગણી શકાય. મને એક પ્રસંગ સ્મરણે છે; ઘણું કરીને, શ્રી.. મેઘાણી પોતાની તબિયતને અંગે થોડો વખત આબુનિવાસ કરવા માટે નીકળેલા; અમદાવાદ જેવા ,ધમાલિયા સ્ટેશનમા એમના સરસામાનની ચિંતા તો હતી જ, અને સાથે હું હતો કે જેને સ્ટેશનમાં કોઈ ઓળખે નહિ અને સ્ટેશનમાં જે કોઈને ઓળખે નહિ; દિવસો પણ હજી લડાઈ પ્રસંગના, એટલે એમના સરસામાનને આબુ સુધી પહોંચાડી દેવાની વેતરણ કરવી એ પણ મુશ્કેલીનો જ પ્રસંગ ગણાય. એ મુશ્કેલીમાંથી રસ્તો શોધવા માટે અમે બન્નેએ ઓફિસમાં પ્રવેશ કર્યો

અને મેઘાણીનું નામ આવતાં જ, આ શુષ્ક યાંત્રિક મોરીસના સામાન્ય કલાર્ક જેવા માણસે પણ, ગુજરાતી સાહિત્યમાં પોતાનો રસ પ્રગટ કરીને અમને એને છુટકારાનો દમ લેતા કરી મૂકેલા. ત્યારે જ લાગેલું કે, કહો ન કહો, પણ આપણા જેવા નાના માણસોની નાનીસૃષ્ટિમાં પણ રસ લેનારા કોઇ ને કોઇ નાના માણસો કોઇને કોઇ ખૂણે વસે છે ખરા. અલબત્ત આવા પ્રસંગો અનિવાર્ય રીતે, subjective-આપલક્ષી જેવા જણાય, એ એની મર્યાદા ધ્યાન બહાર નથી, પણ અહીં તો આ પ્રયોગના ઉદ્‌ગમની થોડી ઝાંખી કરાવવા પૂરતો જ એનો ઉલ્લેખ કર્યો છે.

આ સઘળી મર્યાદાઓની વચ્ચે પણ આનંદોર્મિની એક ઝાંખી રેખા દર્શન દે છે. માણસ, પોતાના સંસ્મરણોનો પોતે જ સૃષ્ટા અને પોતે જ ભોક્તા પણ છે. કોઇ રસ ન લે તો પણ, પોતાનાં સંસ્મરણોમાં માણસનું જીવનકાવ્ય વસી રહ્યું છે. 'સ્વજનો જેવા ભૂતકાલના દિવસો'–'એકલવ્ય' નાટકમાં આવતું મારું આ વાક્ય, હજી મારે માટે તો એ ની એ મધુરતા રાખી રહ્યું છે. શિશુઅવસ્થા જ્યાં ગાળેલી, જ્યાંના હર્ષ, શોક, સુખ, દુ:ખ, ગ્લાનિ અને ભય આજ પણ ફરી ફરીને અનુભવાય છે, એવાં ખંડેરોને સ્મરણાંજલિ આપવી એમાં એક પ્રકારની ઑર મીઠાશ છે. આ પંથે આજે ફરીને રસળતાં રસળતાં–કેટલા બધા પ્રસંગો અને કેટલી બધી વ્યકિતઓનો દુઃખભર્યો સુખદ મેળાપ થશે, એ સાંભરે છે ત્યારે તો આજ દિવસ સુધી એ મેળાપને ઠેલી રાખવા માટે થોડોક અંતરગ્લાનિ પણ થાય છે: એટલા માટે કે, કદાચ, આટલે લાંબે ગાળે હવે એમાંથી કોઇને કોઇ રહી જાશે.

પેલો લંગડો, ભૂતાવળની આખી સૃષ્ટિ રજુ કરતો રજપૂત, એની સામે વાતમાં તાલ પૂરાવતી ખાંટની વિધવા બાઈ સોમલ, પેલી તોતીડોશી, બકાલી નરસેં લુવાણો, સુમરા, પીંજારા, ખાંટ, કોળી, રાવળિયા, મીર, કારડિયા રજપૂત, ભરવાડ, મેક્સિમ ગોર્કીએ પોતાની જીવન સંસ્મરણાંજલિમાં જે પડોશીઓમાં પોતે વસ્યો હતો એમને સંભાર્યા છે, એવા આ હમેશનું લાવી ને હમેશ ખાઇ જનારા, નીચલામાં નીચલા થરના મારા પાડોશીઓમાંથી, અનેક તો આજ દિવસ સુધી સાથે ચાલ્યા આવ્યા છે. છતાં લાગે છે કે કોઈ ને કોઇ તો નજર ચૂકવીને રામગામ કર્યા વિના જ કોણ જાણે કયે ખૂણે છૂપાઈ ગયા હશે કે એમને શોધતાં હવે તો મોં ભારે પડશે.

પણ આજ હવે જ્યારે સંસ્મરણોની દુનિયા જાગી ઊઠી છે ત્યારે મને લાગે છે કે ધૃષ્ટતા મનાય તો ધૃષ્ટતા, અભિમાન ગણાય તો અભિમાન, વિનિપાત કહેવાય તો વિનિપાત, ગપ્પાં સમજાય તો ગપ્પાં, પણ એક વખત તો મારું સઘળું અંતર પ્રગટ કરી દઉં! હું, વધુમાં વધુ કાવડિયાં છનુનો પગાર લાવનાર, માત્ર બારવર્ષનો, ગુજરાતી સાતમી પાસ કરી આઠમીમાં ભણતો, વીરપુરની તાલુકાસ્કુલનો, તે વખતનો 'પ્યુપિલ ટીચર', તે વખતનાં સંસ્મરણો જ્યારે આલેખવા છે, ત્યારે આજની આ સ્થિતિની એવી તે શી તમન્ના મારે જાળવવાની હોય કે ફરી શિશુ બનવાનો આવો મહા આનંદ, માંડમાંડ કલ્પનાની મનોસૃષ્ટિ વડે મળી ગયો છે, તે જતો કરું? એટલે હું તો orthodox—જૂનવાણી ગણાઉં તો જૂનવાણી–જે ગણાઉં તે–મારે મારી તમામ આંતરસૃષ્ટિ પ્રગટ કરી દેવી છે; પછી ભલેને એમા કોઇ ન માને એવો ચૂડેલનો નજરો નજર રાસડા રમતી જોવાનો પ્રસંગ આવે કે પેલા વીરપુરની ખળાવાડના ભૂવાને કંકુ કાઢતો દેખાડવામાં આવે! એ આંતઃસૃષ્ટિને પોતાની સચ્ચાઈ હોય એટલે થયું; એમાં 'હીપ્નોટીઝમ'નો અધકચરો અભ્યાસ પણ આવે; રાયપુર પખાલીની પોળમાં રહેતા એક સ્ટેશન માસ્તર મણીલાલના મેસ્મેરીઝમના પ્રયોગો પણ આવે; આપણા નૃસિંહપ્રસાદ—નાનાભાઇ ભટ્ટ—શ્રીમન્નૃસિંહ શર્માના આશ્રમમાં સ્વપ્નમાં ગોપીભાવ પામ્યા હતા એ આખો રમુજી પ્રસંગ–'પ્રજ્ઞાનાદ' નામે માસિકમાં પ્રગટ થયેલો એ પણ આવે; અને એમ ને એમ એ 'જીવનપંથ' ઇ. સ. ૧૯૨૨–૨૩ની સાલમાં જ્યારે મેં અમદાવાદમાં પહેલવહેલો પગ મૂક્યો ત્યાં સુધી આવીને અટકી પડે; જીવનપંથના આ પ્રથમભાગની આટલી કાલ્પનિક રેખા મર્યાદા અત્યારે આંકી રાખી છે. એથી આગળનો પંથ–તદ્દન સમકાલીન છે એ એક કારણ, અને એમાં આવના પાત્રો ને પ્રસંગો હજી નજર સમક્ષ છે એ બીજું કારણ, એટલે એ હમણાં ન આલે-

ખનાં ભવિષ્યના કોઈ દિવસ માટે ગણી મૂકવો પડશે. પણ કાલમર્યાદા પ્રમાણે ગણતાં જીવનના ચલનાં તમામ વર્ષો અત્યારે આંકેલી રેખામાં આવી જાય છે કોઈક બહેને એક વખત પ્રશ્ન કર્યો હતો અને એમની કટાક્ષી શૈલીમાં રમુજ પણ કરી હતી, કે સર ચીનુ ભાઈના બંગલામાં બેઠાં બેઠાં ગરીબોની સૃષ્ટિ વિષે લખનારા વાર્તાનવેશો આપણે ત્યાં ક્યાં નથી ? મારી રંકકૃતિઓમાં રસ લેનારા અનેકોએ આજ દિવસ સુધી જુદી જુદી રીતે એમાં રસ લીધો છે. 'હું કૂતરાં પાળું છું કે નહિ ?' એવા પ્રશ્નથી માંડીને મેં અમુક વાર્તા કેવા પ્રસંગમાં લખી છે ત્યાં સુધીના અંગત કહી શકાય એવા પ્રશ્નો પણ પૂછાયા છે. સોમાંથી નવાણુંને આજ દિવસ સુધી પ્રત્યુત્તર આપ્યા નથી. અલબત, એથી એક હવાઈ ખ્યાલ ફેલાયો જણાય છે કે અતડાપણું અને ગર્વિષ્ટતા એ બન્ને મહાન દોષો, ગુજરાતના તમામ લેખકોના ભાડાના ઘરમાંથી ગાંસડાપોટલાં સાથે એમનાં 'રેશનકાર્ડ' લઈને મારે ત્યાં આવીને વસ્યાં છે ! ખરી વસ્તુ તદ્દન જુદી જ છે. મેં જો આ છેલ્લાં વર્ષોમાં પ્રસ્તાવનાઓ લખવાનું કામ કર્યું હોત તો એ એટલું મહાભાગ્ય હોત કે એમને આડે મારી પુસ્તકો લખવાની તમામ મહેનત બચી જાત અને વળી મારી કીર્તિસુવાસ ફેલાત; પરંતુ દરેક લેખકને પોતાની અમુક ખાસિયત હોય છે, જેને આપણે મિજાજ કહીએ [સારા અર્થમાં] એ હોય છે; મિજાજની પણ ઋતુઓ આવે જાય છે. અને જેને ઋતુ ઋતુના પાક લેવાની તલ્લીનતા લોહીમાં વહેતી થઈ ગઈ હોય એટલે કે કામ કરવાની એવી જ ઢબ જેને ફાવી ગઈ હોય, એને કદાચ હાથ ઉપર એક કામ હોય, ત્યારે બીજું કામ હૈયે ચડે જ નહિ, અને ચડે તો એમાં એનો મીઠો સવાદી સરોદ જાગે જ નહિ ! એ તો કામ કરવાની ફાવટનો અંગત અનુભવનો વિષય કહી શકાય; એટલે એવી એવી અનેક વસ્તુઓની ગૂંચ પણ આ 'જી વ ન પં થ' ને રસ્તે ઉકેલાતી જશે એ કાંઈ જેવો તેવો લાભ નથી.

અત્યારે જ જ્યારે સોસંસીયુમની આખી ભૂતાવળ મારી આસપાસ ફરી રહી છે, ત્યારે આ ગોંડલથી ૭ ગાઉ દૂર આવેલા, વીરપુરના સીમાડાઓ, નદીઓ, વોંકળાઓ, પાણીની પાટો, ડુંગરાઓ, ટેકરાઓ, અનેક પાત્રો અને પ્રસંગોને જાગ્રત કરવાનું કામ મેં આરંભ્યું છે એ તો એક અનોખી મનોભૂમિમાં પ્રવેશ કરવાના હેતુથી. અને એક રીતે એ બન્નેનો પંથ સમાન જેવો છે. કારણકે સીઝર, સિકંદર, જયસિંહ સિદ્ધરાજ, વનરાજ, પૃથ્વીરાજ, શિવાજી, પ્રતાપ, હાનિબાલ, નેપોલિયન, એકીલીઝ, હેક્ટર, અલેક્ઝાંડર, બાજીરાવ, બાપારાવળ, શાર્લમન ફ્રેડરિક, નર્મગદ્યની ઈ સ. ૧૮૯૯ ની છઠ્ઠી આવૃત્તિના પહેલા પૃષ્ઠથી માંડીને પાંચસોત્રીસ પૃષ્ઠ સુધીના અનેક વખત થયેલા વાચને—આ ઇતિહાસ પ્રસિદ્ધ વ્યક્તિઓને મારી શિશુકલ્પનામાં એક એવું તો વિચિત્ર અને અનોખા પ્રકારનું સ્થાન તે વખતે અપાવ્યું હતું, કે આજ દિવસ સુધી હજી એ કોયડો તો અણઉકેલ્યો જ રહ્યો છે. વિરપુરના રેવાશંકર મહારાજ પાસેથી દોઢ રૂપિયામાં ખરીદેલું એ નર્મગદ્ય આજ પણ મારી પાસે છે. એના માલિક તરીકે, મારું જે નામ મેં એના ઉપર લખ્યું છે તે 'મણિરાય વિ. ગોવર્ધનરામ જોષી' જેઠ શુક્લ ૪, વીરપુર, એમ છે. આ નર્મગદ્ય અને એક ત્રણ આનામાં પ્રસિદ્ધ થયેલું અને પાનકોર નાકાના હરગોવનદાસ હરજીવનદાસ બુકસેલરે પ્રગટ કરેલું 'વૃદ્ધ ચાણક્ય' એ બે પુસ્તકોએ એટલે. તો જીવન્તરસ એ વયમાં પણ મને આપેલો-જણાય છે કે ચિત્તશાસ્ત્રના થોડા-ઘણા અભ્યાસ પછી પણ હજી એનું ખરું કારણ તો કોયડા રૂપે જ રહ્યું છે. 'નર્મગદ્ય' મારી પાસે છે પણ 'વૃદ્ધ ચાણાક્ય' કોઈ ચોરી ગયું છે ! એ નર્મગદ્યનાં પૃષ્ઠો ફેરવતાં એમાંથી જર્મનીનો ફ્રેડરિક, ફ્રાન્સનો લૂઈ ૧૪મો ૧૫મો, મેવાડની ગુપ્તેશ્વર હકીકત અને એસિરિયા બેબિલોનની ઇતિહાસ-નોંધો ખાસ આકર્ષણથી વાંચેલી જણાય છે.

[ચાલુ]

❋

અરુણા અને ત્રિવિક્રમ

દ્વિરેફ

અરુણા અને ત્રિવિક્રમના લગ્નની તારીખ બહાર પડી ગઇ. શહેરનો આખો જુવાન વર્ગ એ તારીખની કૌતુકથી રાહ જોતો એકપગે થઇ રહ્યો. તેમાં એમને આશ્ચર્ય એ હતું કે આવી મિજાજી, ધાર્યું કરનારી, ઘડી ઘડીમાં છંછેડાઇ જતી, અરુણા ત્રિવિક્રમથી જીતાઇ ગઇ. અને આવો દૃઢ મનનો, આત્મનિગ્રહને જ આત્મવિજય માનનારો, ઇષ્ટ વસ્તુ તરફ એકધ્યાનથી ધસતો, ત્રિવિક્રમ અરુણાથી જીતાયો; અને તે સાથે હર્ષ, ઉમંગ અને ઉત્સાહ એ હતો કે બન્નેનું લગ્ન સુધારાના વિજયને મૂર્ત કરતું હતું. ત્રિવિક્રમે અને અરુણાએ લગ્નની એકેએક વીગત પોતાના મિત્રમંડળમાં ચર્ચી, પોતાના આદર્શ પ્રમાણે નક્કી કરી હતી. બન્ને જુદી જુદી નાતનાં તો હતાં જ, બન્નેને યુનિવર્સિટીની ડીગ્રી હતી જ, બન્નેએ પોતાની ઇચ્છાથી જ એકબીજાને પસંદ કરેલાં તો હતાં જ ! પણ લગ્નની પદ્ધતિ પણ તેમણે પોતે જ નક્કી કરી અને ઘડી. લગ્ન એ પણ એક કરાર છે, માટે તેમણે હિન્દુ વિધિએ નહિ પણ રજિસ્ટર કરી, કરવાનું નક્કી કર્યું. રજિસ્ટર થતાં ઘણાંખરાં લગ્નો પણ, પોતાને આંગણે રજિસ્ટ્રારને બોલાવી, હિન્દુ લગ્ન જેવો ઠાઠમાઠ કરે છે, તો આમણે નક્કી કર્યું કે લગ્ન બેમાંથી કોઇને ગામ ન કરવાં, પણ મૈત્રીના સમયમાં જે જિલ્લામાં તેઓ વારંવાર ફરવા જતાં તે જિલ્લામાં કરવાં અને સાક્ષી તરીકે જરૂર જેટલા જ મિત્રો લઇ લગ્ન રજિસ્ટર કરવાની ઓફિસમાં જઇને જ નોંધાવવું. બધા લગ્નનું મુહૂર્ત જોવરાવે છે, તો એમણે મિત્રો સાથે એ બાબત ચર્ચી લૉટરીથી લગ્નતિથિ નક્કી કરવાનું કર્યું. એકસરખી ચિઠ્ઠીઓ પર ત્રણસે પાંસઠે ય તારીખો લખી, તેમાંથી અરુણા પાસે એક ચિઠ્ઠી લેવરાવી પછી જ તે જાહેર કરી. ત્રિવિક્રમને બીક હતી કે ક્યાંક ચિઠ્ઠીની તારીખ હિન્દુઓના જ્યોતિષે યોગ્ય ઠરાવેલ મહિનામાં જ પડશે ! પણ એમ ન થયું. હિન્દુઓના નિષિદ્ધ કાર્તક મહિનામાં આવી તેથી તે ઘણો ખુશ થયો. અરુણાને ભય હતો કે ક્યાંક બહુ દૂરની તારીખ આવશે ! તેને જરા લાગ્યું કે ૭ મહિના સુધી રાહ જોવી પડશે. પણ તેણે સુધારકની બહાદુરીથી તે સ્વીકારી લીધું. આ બધું કર્યા પછી ત્રિવિક્રમે મિત્રોને પણ કહ્યું કે લગ્નની તારીખ જોકે ખાનગી નથી, પણ બધા અભિનંદન આપે અને એવી ધમાલ કરે તે પોતાને પસંદ નથી, માટે એને ખાસ પ્રસિદ્ધિ આપવા કશું કરવું નહિ, જોકે આ લગ્નકૌતુકી દુનિયામાં તેની બાતમી મેળવનારાની સંખ્યા પર કશો અંકુશ કે કશી મર્યાદા રહી શકી નહિ !

બન્નેએ આ ૭ મહિના પોતપોતાના સ્થાને ગાળવા અને એ દરમિયાન મળવું નહિ એમ નિશ્ચય કરેલો. તે પ્રમાણે ત્રિવિક્રમ તો પોતાના સૂતરના ધંધે લાગી ગયો. ધંધામાં પણ સખ્ત પ્રમાણિકતા રાખવી એવો તેનો નેમ હતો, અને એના પાલનના ઉત્સાહમાં તેના દિવસો તો આનંદમાં જતા હતા. પણ અરુણાને આ દિવસો માત્ર રાહ જોવામાં જ ગાળવાના હતા. તેને ગામ તે છેલ્લાં અભ્યાસનાં વરસોમાં બહુ ઓછું રહેલી, ત્યાં તેને મિત્રો નહોતાં, વાતો કરવા ભાંડુઓ નહોતાં, આટલા ૭ જ મહિના પૂરતું તે કશું કામ ઊપજાવી શકે એમ નહોતું, માત્ર ત્રિવિક્રમના પત્રોની રાહમાં અને તે વાંચવામાં તેને દિવસો ગાળવાના હતા.

હવે લાગણી ગમે તેવી સારી હોય, પણ ઘણી વાર તે વસ્તુસ્થિતિને બરાબર સમજવામાં આડી આવી, માણસને માત્ર હેરાન કરે છે. લાગણી ઘણી વાર બુદ્ધિ વિના પ્રવર્તે છે એટલું જ નહિ, ઘણી વાર બુદ્ધિથી અવળી દિશામાં વહેવા માંડે છે. દિવસ જેમ જેમ પસાર થતા જતા હતા તેમ તેમ વિરહની અવધિ કપાતી જતી હતી. લગ્નનો દિવસ નજીક આવતો જતો હતો. અરુણાએ આમ વિચાર્યું હોત તો તે વધારે વધારે ઉત્સાહથી હર્ષમાં દિવસો પસાર કરી શકત. પણ તેથી ઊલટું જેમ જેમ દિવસો વીતતા ગયા તેમ તેમ તેની અધીરાઇ વધતી ગઇ, અને તે ત્રિવિક્રમ ઉપર વધારે વધારે ગુસ્સે થતી ગઇ. તેના પત્રોમાં પ્રેમને બદલે વધારે વધારે વાંધાવચકા જ આવવા લાગ્યા.

એક દિવસ તેનો ગુસ્સો હાથ ન રહ્યો. આખો

દિવસ તેના મર્મોમા ખટકનો એક જ ઉદ્ગાર થયા કર્યો ! '૭ અ દિવસ !' તેણે ચિડાઈને કાગળ લખ્યો 'તમે લાગણી વિનાના છો હું તમારે માટે અહીં ઝૂરી મરુ છુ અને તમને, મને એક કાગળ લખવા જેટલી પણ પડી નથી ! હું હમેશા જોતી આવી છુ કે તમારામા સ્નેહ જેવુ કંઈ છે જ નહિ તમારા હૃદયમા અનેક વનસ્પતિ ઊગે–ઊગશે પણ સ્નેહ કદી પણ ઊગે એવી હવે મને આશા રહી નથી !' વગેરે વગેરે

ત્રિવિક્રમે ખુલાસાનો અને સાન્ત્વનનો કાગળ લખ્યો "આ આખુ અઠવાડિયુ હું પગ વાળીને બેઠો નથી જપીને ખાધુ નથી કે જપીને ઊંઘ્યો નથી પંદર હજારની હૂંડીના નાણા વસૂલ આપવાના હતાં જેમને ત્યા ખતુ છે તે શેઠ બહારગામ હતા માલ ઉપર નાણાં લેવાનાં હતા પણ કોઈ આપતું નહોતું ઊલટુ મારી સચ્ચાઈની મશ્કરી કરવાની બધાએ તક લીધી તાકીદે વનમાળીદાસની દસ હજારની હૂંડીની પણ મારે જોગવાઈ કરવાની હતી તું જાણે છે કે મારે તેની સાથે ગાઢ મૈત્રી છે અને બે પેઢીનો વેપારસબંધ છે ઘરના દાગીના મૂકવા જરા પણ ગમતુ નહોતું, તને બતાવવા કહેલું તે યાદ આવતું હતું, પણ છેવટે તે મૂકી નાખ્યા લીધા અનંત આ વખતમા તને એક નાનો કાગળ ઉતાવળમા લખી મોકલી શકાત પણ તે ન લખ્યો. કદાચ એથી તું ચિડાય એમ ધારીને ! તું બહુ કામમાં હો, ને મને માત્ર એક પોસ્ટકાર્ડ પર સહી કરી મોકલે તો પણ મને તો સતોષ થાત પણ તું દીર્ઘ સુદીર્ઘ અને વારવાર વાચી શકાય એવો કાગળ માગે છે તેમાં વળી એક વારની નાલાયકી વધારી આપવાની ઈચ્છા નહોતી પણ હવે આ બધુ એક આંખ ઉઘાડીને મીચ એટલામા પૂરુ થવાનું છે પછી તું કહીશ એટલી વાર હું તારી સાથે હોઈશ ' વગેરે વગેરે

પણ આનાથી સાન્ત્વન લેવાને બદલે અરુણા વધારે ગુસ્સે થઈ હાજર હોય તો મારી લે એટલા ગુસ્સાથી તેણે લખ્યુ 'તમે તો મારી સહી માત્રના કાર્ડથી રાજી થાઓ જ ના ! તમે તો વેપારી છો વેપારના તમારા બીજા ઘરાકો જેવી એક ઘરાક, મને સમજો છો વેપારી, માન મળ્યો છે કે તમારા રૂપિયા આટલા લેણા છે તે ખરા છે, કે એવુ કાઈ લખી સહી કરીને મોકલે એટલે બસ ! મારે તો લેણું પણ કબૂલવાની જરૂર નહિ કારણ કે પરણી એટલે મારુ સર્વસ્વ તમારુ થઈ ગયુ ! હું માત્ર સહી કરુ એટલે બસ ! પણ જો જો એવી ભૂલ ખાતા નવી સ્ત્રી એવી નથી એ તો પ્રેમ આપે ય છે અને પ્રેમ માગે ય છે આપ્યા વિના એની પાસેથી તમે કશુ પામવાના નથી તમે તમારા મિત્રોમાંથી કદી પરવારવાના નથી આજે વનમાળી દાસની હૂંડી હશે તો કાલે નથુભાઈની હશે તો પરમ દિવસ મથુરભાઈની હશે. તમને આવા સબંધો વધારીને મોટા થઈને બેસવુ બહુ ગમે છે હું જાણું છુ તમારા જીવનમાં મારે માટે તલપૂર જગા પણ નથી' વગેરે વગેરે

ત્રિવિક્રમે જરા દૃઢતાથી જવાબ આપ્યો 'મારા જીવનમાં સર્વત્ર તું છે, એટલે તલપૂર કે કેટલી એ ન કહી શકાય. પણ એટલી વાત નક્કી છે બીજા બધા સબંધો તારા લગ્નને લીધે હું તોડી નાખુ કે ઘટાડી દઉં એવુ ન બની શકે લગ્નથી તો ઊલટા બધા સબંધો વધારે રસમય બને ! માણસ એક વ્યક્તિ સાથે સબંધ કરે તેથી તેના બીજા સબંધો તૂટતા નથી " વગેરે વગેરે

અરુણા આ વાચીને રાતીપીળી થઈ ગઈ તેણે લખ્યુ "હવે હું સમજી તમારે મને તમે માણસ છો અને હું તો એક માત્ર વ્યક્તિ છુ તમે ભણેલા છો પણ પહેલાની અભણ બાઈડી તરફ પુરુષોને જે દૃષ્ટિ હતી એ જ તમારી છે એ પહેલાંની બાઈડીઓ ખમી લે પણ અમે પણ ખમી લઈશુ એમ માનશો તો ખત્તા ખાશો "

ત્રિવિક્રમે લખ્યુ 'વ્યક્તિ કહેવામા તને શુ માઠુ લાગ્યુ એ હું તો સમજી શકતો નથી તને વ્યક્તિ નહિ તો શુ સમષ્ટિ કહું ? અને અભણ ભણેલીનો અહી પ્રશ્ન નથી. મારી મા અભણ હતી પણ ઘણી જ કુશળ, ઉદાર સુરુચિવાળી સ્નેહાળ અને કાર્યદક્ષ હતી અને ભણેલી પણ એવી થવા પ્રયત્ન કરે, એટલી મોટાઈ હોય, તો એવી થઈ શકે માત્ર ભણવાથી કંઈ મોટા થઈ જવાતું નથી '

અરુણાનો ગુસ્સો ઉત્તરોત્તર હાથથી જવા માડ્યો તેણે લખ્યુ 'હું નહોતી ધારતી, તમે મરેલી માયેય

આટલા માવડિયા હશો. તમે તો હજી એમનો જૂનો આદર્શ જ દેખતા હશો. અત્યારે મારું લોહી પીઓ છો, અને ત્યાં આવું તે પહેલાં સાસુ નણંદ જેઠાણી દેરાણી બધું મારે માટે તૈયાર કરી રાખતા હશો !...... પણ આ બધું કશું થવાનું જ નથી. તા. ૧૧મીએ ટ્રેન ઉપર મને લેવા ન આવતા. અને મારા તમારા ઉપરના પત્રો પાછા મોકલી આપો."

ત્રિવિક્રમે માત્ર ટૂંકો જ જવાબ આપ્યો: "શ્રીમતી અરુણાબાઇ, તમારો તા......નો પત્ર મળ્યો. મારી સ્વર્ગવાસી મા સુખી તમારે જવાની જરૂર નથી. પત્રો માગો છો તો કહું છું એની ઉપર માલિકી–કબજાનો હક મારો છે. એની પ્રસિદ્ધિ અટકાવવાનો જ માત્ર તમારો હક છે. બાકી એનો કદી તમારા વિરુદ્ધ ઉપયોગ હું કરું એમ માનતાં હો તો ખોટું છે. જે મારું અથવા મારાંઓનું અપમાન કરે તેનો હું વિચાર પણ ન કરું. અને જેનો વિચાર ન કરું તેનું બૂરું કરવા પૂરતો પણ હું વિચાર ન કરું. (વળી જરા નરમ થઈ લખ્યું) તમને માઠું લાગે તે હું સમજું છું. પણ સંસારમાં એવા તો પ્રસંગો આવ્યા જ કરે. તેમાં ગુસ્સે થઈ, આવા નિર્ણયો, ક્ષણિક આવેશમાં આવી ન કરાય."

અરુણા: "મને શિખામણ આપવાની મુરબ્બીવટ મારા પર કરવાની જરૂર નથી. મને મારા નિર્ણયો કરતાં આવડે છે. કાગળો પાછા મોકલવાની ના કહેવા જેટલા તમે અધમ હશો એ હું નહોતી જાણતી. ભલે ! તમારે કાયદેસર કાગળો રાખવા હોય તો રાખો. હું સમજીશ કે કેવા હલકટ સાથે જોડાતી જોડાતી હું બચી ગઈ. (અને છતાં મનની કોઈ ગૂઢ વૃત્તિથી લખ્યું) હવે મારે પક્ષે મારે તમને કંઈ લખવાનું રહેતું નથી."

ત્રિવિક્રમ: "હું કબૂલ કરું છું કે પત્ર ન આપવાનું મેં આવેશમાં આવી લખી દીધું. મારે એમ કરવું જોઈતું નહોતું. અત્યારે એ સુધારવા તમને તમારા પત્રો પાછા આપવા હું તૈયાર છું. પણ મને થાય છે કે જો આપણે છૂટા જ પડવું હોય તો એ પત્રો રાખીને યે શું કરવું છે ? કેટલીક પ્રજાઓ મૃતદેહને દાટે છે. આપણે હિન્દુઓ અગ્નિદાહ દઈએ છીએ. એ પદ્ધતિ સૌથી સારી છે એમ આખી દુનિયાના વિચારકો કબૂલ કરે છે. આપણે પણ બન્ને એકબીજાની સમક્ષ બધા પત્રો બાળી નાખીએ.

"આવતી અગિયારમીએ આપણાં લગ્ન માટે આપણે ભેગાં થવાનાં હતાં. હવે તે જ દિવસે ઉલ્ટી વાર જુદાં પડવા મળીએ. લગ્ન માટે આપણે બપોરના અઢી વાગે મળવાનાં હતાં. તેને બદલે હું ત્યાં બરાબર સાડા અગિયારે આવીશ. તમે પણ ત્યાં આવી પહોંચજો. હું કહું છું તમે પણ મારા કાગળો સાથે લેતાં આવજો. અલબત તમારે જેમ કરવું હોય તેમ કરવા તમે મુખત્યાર છો, પણ મારું સાંભળો, અને માનો તો તમે પણ 'બાળી' નાખવા લઈ આવજો જ. હું મિત્રોને કશું જણાવતો નથી. એ પાછા વચમાં પડી સમાધાન કરવા આવે. આપણે લગ્ન કરવાનો વિચાર કર્યો, એ કાંઈ એમની સલાહથી કર્યો નહોતો, તો હવે છૂટાં પડવાના નિર્ણયમાં પણ એમની સલાહને અવકાશ રહેવા નહિ દઈએ."

"હું બરાબર સાડા અગિયારે હાજર રહીશ. તમારી આથી કોઈ જુદી દરખાસ્ત હોય તો જણાવશો."

અરુણા જો જવાબ આપે તો સ્ત્રી જ શેની ? સાડા અગિયારે ત્રિવિક્રમ રજિસ્ટ્રારની ઑફિસે હાજર થયો. થોડી વાર રાહ જોઇ આંટા મારવા લાગ્યો. ત્યાં હાથમાં ઝોળી લઈ, લથડિયાં ઉપર સંયમ રાખી, ધીમે ધીમે ચાલતી આવતી અરુણાને જોઈ. તે એકદમ સામે ચાલ્યો, જ્યાં તેઓ વારંવાર ફરવા આવતાં તે વડલા નીચે તેને મળ્યો. તેણે જરા સંકોચથી નીચી નજર રાખી કહ્યું: "મને જરા જુદો વિચાર આવ્યો. અહીં રજિસ્ટ્રારની ઑફિસ આગળ કાગળો બાળીએ તો લોકો જુએ, કૌતુકથી ભેગા થાય, કંઈક વાતો કરે, અને અઢી વાગે આપણા મિત્રો આવવાના છે તેમને કોણ જાણે કેવાય સ્વરૂપમાં એ વાત મળે. તમે જાણો છો કે આટલામાં એક જ જગાએ એકાન્ત છે. પેલા નદી ઉપરના શિવમંદિરના ખંડેરની જગામાં. આપણે લગ્નની તારીખે છૂટાં પડીએ, તો જ્યાં અનેક વાર મળ્યાં હતાં, અને એને પરિણામે જ્યાં લગ્નનો નિર્ણય કર્યો હતો ત્યાં જ મળીએ. કેમ ?"

અરુણાએ 'ભલે' એવા અર્થની દૃષ્ટિ કરી તે ખંડેરને માર્ગે જોયું. બન્ને થોડી વારે ત્યાં પહોંચી ગયાં.

નદીની ઊંચી ભેખડ ઉપર નાનું એવું બેઠા ઘાટનું અનેક વરસોથી અપૂજ્ય રહેલું શિવનું મંદિર હતું અને તેની બાજુમાં બાવની જગા, કૂવો અને બગીચા જેવું હતું સામે દર્શન કરવા આવતા લોકોને બેસવાનું. જતા આવતા મુસાફરોને પોરો ખાવાનું નાનું ધરમશાળા જેવુ મકાન હતુ. આમ ત્યાં ત્રણ બાજુની આડશથી વચ્ચે ચોક જેવું થતું હતું.

ત્રિવિક્રમ અને અરુણા બંને ચોક વચ્ચે આવી ઊભાં રહ્યાં. અરુણા માત્ર ત્રિવિક્રમ સામું સૂનમૂન જોતી ઊભી રહી. ત્રિવિક્રમે ચારે બાજુ નજર નાખી. પછી થેલીમાંથી પોતાનું દોરાથી બાધેલુ પત્રોનું નાનું પોટકું કાઢી, શિવમંદિરના ઓટલા પર મૂકી એ થેલી પાથરી અરુણાને ત્યા બેસવા કહ્યું. એ પણ બોલ્યા વિના તેણે કર્યું.

ત્રિવિક્રમ પોટકુ લઈ ચોક વચ્ચોવચ્ચ બાગની સામેની બાજુએ બેઠો ખિસ્સામાથી તેણે દિવાસળીની પેટી કાઢી ભોંય પર મૂકી. નાના છોકરાનું ઝભલું કાઢતો હોય તેટલી સભાળથી પેલા પોટકાના દોરા તે ઉકેલવા લાગ્યો. ઉકેલતા ઉકેલતાં તે બોલતો હતો, "આ જ જગાએ બેસી તેં મને બહુ ભાવતી જલેબી, હું આશ્ચર્ય પામુ તેમ ઓચિંતી થેલીમાંથી કાઢી, સૌથી પ્રથમ તારે હાથે તેં મને ખવરાવી. ત્યારે મે કહેલું સ્ત્રીને ભોજ્યેષુ માતા કહી છે એ સાચું. સ્ત્રીને ખવરાવવુ ગમે છે ત્યારે તેં બહુ સખ્ત સામનો કરેલો, યાદ છે ને! તે કહેલું હું તો સદાનો જૂનવાણી વિચારનો જ હતો તેં મને જૂનવાણી કેદાડે નથી કહ્યો!" અરુણા સામે જોઇ તેણે પૂછ્યું "કેમ નહિ?" અરુણા ત્રિવિક્રમ સામે સૂનમૂન જોઈ બેઠી હતી તેમ જ બેઠી રહી.

કાગળો છૂટતા, એક નવો જ વિચાર આવ્યો તેના હર્ષથી જરા ઊંચે સ્વરે ત્રિવિક્રમે કહ્યુ, "હવે બાળવા જ છે, તો છેલ્લી વખતના એક વાર વાંચી જ કેમ ન લઉં?" "હેં?" કહી તેણે અરુણા સામે જોયું. અરુણા એમ જ બેસી રહી હતી.

ત્રિવિક્રમ તો પોતાને આવેલા આ નવા વિચારની ધૂનથી એક કાગળ ઉપાડી બોલવા લાગ્યો- "જો આ કાગળ. તેનો આગલો ભાગ ક્યાંક બીજે પડયો હશે. કદાચ આ તારો જૂનામાંહેલો કાગળ હશે. તેં તેમાં લખેલું: 'તમે જાણો છો કે ત્રિવિક્રમનો અર્થ સૂર્ય થાય છે. અરુણાનો અર્થ ઉષા થાય. સૂર્ય અને ઉષા પાસે પાસે રહે છે પણ કદી એકમાં થઈ રહી શકતાં નથી. તેમ આપણે પાસે પાસે રહીએ, પણ કદી એકઠાં રહેવાની આશા રાખવી વ્યર્થ છે.'

"મેં આનો તને જવાબ લખ્યો'તો એ યાદ છે? ક્યાંક તારા બંડલમાં હશે. મેં લખ્યું'તું કે એ જ યુગલ વેદથી નીકળી પુરાણમા આવે છે ત્યારે અનિરુદ્ધ અને ઓખા તો પરણે છે! કોણ જાણે ક્યાંથી મને આવો જવાબ આવડી ગયો તને નથી લાગતું કે, કવિ તો ભલે ને તું હો, પણ મારો પણ જવાબ તો સારો છે!" "કેમ?" કહી તેણે સામું જોયું. અરુણા એમ ને એમ બેસી રહી હતી.

પણ અરુણાનો વિચાર કર્યા વિના ત્રિવિક્રમ પત્રવાચનના ઉત્સાહમાં જ આગળ ચાલ્યો. "આ તારો કોલેજમાંથી લખેલો કાગળ તેમાં તું આપણાં મુસાફરીનાં સંભારણાં લખે છે. જો આ રહ્યું: 'આપણે હનીમૂન પૉઇન્ટ પર ગયાં. ત્યાં તદ્દન એકાંત હતું. મેં કહેલું કે આ મુસાફરીમાં અને અહીંના નિવાસમાં આપણે ઘણાં જ સુખી થયા. આપણે લગ્ન કર્યા પછી અહીં આવીશું અને હનીમૂન પૉઇન્ટ જોવા જઈશું તેં તારી વસ્તુલક્ષી દૃષ્ટિથી તરત કહ્યું કે આપણા વ્યવહારમાં કોણ જાણે હનીમૂન કરવા એમ નીકળી શકાશે કે કેમ! તું જાણે છે પિતાના મરણથી આખા વેપારનો બોજો મારા પર પડયો છે. મારે સૌથી પ્રથમ આખો વ્યવહાર સમજી લેવો જોઇએ. તને આમ બોલતાં તું મારી લાગણીનું શું કરી રહ્યો છે તેનું જરા પણ ભાન હતું? તારી સમજવાની અને ન સમજવાની શક્તિ કંઈક અદ્ભુત છે. કોણ જાણે તને સમજતાં મારો આખો જન્મારો જ ચાલ્યો જશે!'"

ત્રિવિક્રમ હજી કાગળોમાં જ મો રાખી કાગળો ફેરવતો ફેરવતો બોલ્યો: "અને અરુણા, તને તારા નિશ્ચયમાંથી ફેરવવા નથી કહેતો, માત્ર એક સત્ય ખાતર કહું છું, તું મને નથી જ સમજતી, પણ હું સમજવા જેટલો મહત્ત્વનો છું એમ પણ હું નથી કહેતો. એમ તો હું પણ તને ક્યા સમજું છું? અરે,

આપણે દરેક પોતપોતાને ક્યાં સમજીએ છીએ? લગ્નમાં ખરું હોવું જોઈએ તે એકબીજાને તેના વિકાસમા સહાયક થવા જેવો સાચો સદ્ભાવ જ-એ સિવાય પ્રેમ બીજી કઇ રીતે વ્યક્ત થાય એ જ હું તો સમજી શકતો નથી પણ તુ જુદુ જ માને છે, નહિ અરુણા?" કહી તેણે અરુણા સામું જોયું. હજી અરુણા એમ ને એમ બેઠી હતી.

ત્રિવિક્રમ ફરી કાગળો ફેંદવા લાગ્યો: "આ પેલો ચન્દ્રદર્શનનો. આ તારી કોલેજની સખીઓની વાતચીતનો. આ તારા માતપિતા સાથેની તારી વાતચીતનો. એમણે કેટલુ બધુ પૂછ્યું, પણ તે એક પણ જવાબ ન દીધો એક વરસ વીતી ગયું તેમણે ફરી પૂછવા માડ્યુ, તો પણ જવાબ ન દીધો. એમ કરતા કરતાં એમણે તને તદ્દન અનુકૂળ થઇ તારે જોઇતો હતો તે પ્રશ્ન પૂછ્યો, ત્યારે જ તે જવાબ દીધો સ્ત્રીઓ કાઈ અદ્ભુત રીતે પોતાનું ધાર્યું બીજાઓ પાસે કરાવે છે." આટલું વાચી રહ્યો ત્યારે ત્રિવિક્રમને ભાન આવ્યું કે તેના કાગળ ઉપર તડકો પડતો હતો અને વાંચવામાં તેની આખો પર બહુ તેજ પડતું હતુ. તડકા તરફ પીઠ કરવા તે જરા ફર્યો, અને એમ ફરતા અરુણા તેની સંમુખેથી એક બાજુ થઈ ગઈ તેનું તેને ભાન ન રહ્યુ. તે વાચવા જ લાગ્યો

"અને જો તારો આ કાગળ હું ક્યારનો એ જ શોધતો હતો જો તુ એમા સૌથી પહેલુ મને સબોધન કરે છે 'વીકુ' નામ સુદર છે. પ્રેમસાહિત્યના કોઈ અગમ્ય નિયમ પ્રમાણે બે જ અક્ષરનુ છે. એ વાચતાં મને યાદ આવેલું મારી બા મને વહતા કહેતી કે જ્યા હોય ત્યા મારો રોથો વીકો વધામણિયો ઊભો જ છે! એને મુઆ ય કેટલા વરસો વીતી ગયા!" થોડી વાર રહીને, "અને પછી તે જે લખ્યું છે તે હું કદી નહિ ભૂલી શકુ. મારે મન એ પ્રેમના સાહિત્યના ઉત્તમ વાક્યો છે. 'તુ અને હું હવે ભેગાં રહેવાનાં પોતાના સ્વજન સાથે જીવનભર રહેવાનુ હોય, એ તો કેવુ મોટુ સુખ! તુ સર્વસ્વથી મારો. હું સર્વસ્વથી તારી! કેવુ અદ્ભુત! મારા એકે એક વિચારમા તુ પરોવાઈ ગયો હો! તારો આખો વ્યવહાર, તારા મિત્રો, તારા પરિચિતો, સર્વ મારા પણ મિત્રો પરિચિતો બને, કેવો વૈભવ!' અને અરુણા! તું મને કહે છે કે હું તને સમજાતો નથી. પણ ખરી તો તું ન સમજા એવી છે. અહીં કહે છે કે મારો આખો વ્યવહાર તારો થવાનો. અને ચીડાઈ ત્યારે મારા એ જ વ્યવહારને ખરાબમા ખરાબ ગાળો તે દીધી. કેમ અરુણા! ન સમજા એવી તે તું, કે હું? કેમ બોલતી નથી?"

જવાબમા ત્રિવિક્રમે અરુણાનું ડુસકુ સાભળ્યુ. ત્યારે જ તેને ખબર પડી કે અરુણા તરફ તેની પીઠ થઈ ગઇ હતી. હાથના કાગળ પડતા મૂકી તે એક ફલાગે અરુણા પાસે ગયો તેની પાસે બેસી તેની આખો લૂછતો પૂછવા લાગ્યો "કેમ અરુણા! રડી કેમ પડી? મારા બોલવાથી કઈ માઠુ લાગ્યુ? હું કઈ એવુ બોલ્યો હોઉ એમ મને તો નથી લાગતું! હેં, કેમ રડવા લાગી?" અરુણાએ રડવું ચાલુ રાખ્યું: "મારા સમ અરુણા! તને શુ થયુ? કેમ બોલતી નથી.?"

અરુણા રડતે અવાજે એક છણકો કરી બોલી, "તમને શેનુ લાગે કે તમે કંઈ બોલ્યા છો કે ચાલ્યા છો! આ કાગળ તમારે મન છે તેટલીયે હું નથી. ક્યારના મારા સામુ જોયા વિના બસ કાગળોમા જ મોઢું ઘાલીને બેઠા છો! તમને કાગળ લખે એનું છે, હુ બળુ એનુ કઈ નથી.!"

ત્રિવિક્રમે ગરીબ અવાજે કહ્યુ: "હું તને બાળુ છુ અરુણા, એવુ કહેવાય? એવુ કદી બને? મારા સમ અરુણા, તું રોતી બધ થઇ જા, તું રડે એ મારાથી નથી ખમાતુ. તુ કહે એમ કરુ."

'કહે એમ કરુ'' તમે શુ હુ કહું એમ કરવાના હતા?

રડતી અરુણાને ખોળામા લેતો લેતો ત્રિવિક્રમ બોલ્યો "એવુ હોય અરુણા? તુ જે કહે તે કરુ તુ કહે તો તારા બધા કાગળો તને પાછા આપુ. તું કહે તો કદી તારા માર્ગમાં આડો ન આવુ તું કહે તો......"

ત્યા દૂરથી બન્નેને જોઈ ખડખડાટ હસતા પેતા સાક્ષી માટે આવેલા મિત્રો આવી પહોચ્યા. અને બધા મસ્તીમા આવી બોલવા લાગ્યા.

"હું નહોતો કહેતો, એ ત્યાં જ મળવાનાં! હમેશ ત્યાં સંતાઈ વાતો કરતાં, તે આજે છેલ્લાં એ ભૂમિનું દર્શન કરવા ગયા વિના રહે?"

"અલ્યા હવે તો પરણવાનાં હતાં, પછી આમ એકાન્તમાં ભરાવાની શી જરૂર?"

"અને આ કાગળો ને દીવાસળીની પેટી ને આ બધું શું?"

"એ તો હવે કાગળો બધા સાર્થક થઈ ગયા, એટલે એનો મોક્ષ કરવા બેઠાં હશે!"

"કેમ અરુણાબહેન, તમે કંઈ બોલતાં નથી?"

એટલામા પવન આવ્યો અને કાગળો ઊડશે એમ લાગવાથી ત્રિવિક્રમ મોટી ફાળે કાગળ પાસે જઈ બધા ભેગા કરવા લાગ્યો. કાગળ લાવ્યો અને અરુણાને થેલીમાં મૂકવા કહ્યું. અરુણાએ બેઠી હતી ત્યાંથી થેલી કાઢીને આપી, અને કહ્યું: "મને જરા ઝોલું આવી ગયું હતું. રાત આખીનો ઉજાગરો! ચાલો જરા નીચે નદીએ જઈ મોં ધોઈ આવીએ." એ પોતે ચાલવા લાગી. સાથે ત્રિવિક્રમ તેની પાછળ ગયો. અને જતાં જતાં મિત્રોને કહ્યું: "તમે ય ચાલોને, નીચે પણ નદી ઘણી સુંદર દેખાય છે. અહીં એક ધરામાં બહુ વિચિત્ર જાતનાં માછલાં થાય છે તે દેખાડું."

બધાં નીચે જઈ મોં ધોઈ વાતો કરતાં કરતાં પાછાં આવ્યાં. એક મિત્રે કહ્યું: "ચા પીને ચાલો, ઑફિસે પહોંચશું ત્યાં રજિસ્ટ્રાર તૈયાર થઈ બેઠા હશે. હું એમને ઓળખું છું. આપણું કામ જ પહેલું લેશે."

ત્રિવિક્રમે પૂછ્યું: "કેમ અરુણા! ચાલીશું ને!"

"હું તમે કહો તેમ કરવા કેદાડે તૈયાર નથી?"

*

પ્રગટ થઈ ચૂક્યો છે-

કોમી આગની જ્વાળામાં
ભસ્મીભૂત થયેલ
ચિરસ્મરણીય બે શહીદોની
જીવનઝરમર
આલેખી જતો:

વસંત-રજબ સ્મારક ગ્રંથ

સંપાદક: ઝવેરચંદ મેઘાણી

: મૂલ્ય :

રૂપિયા પાંચ

પ્રાપ્તિસ્થાન:

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ
ભીમરાજ બિલ્ડિંગ કાલબાદેવી, મુંબઈ-૨
ફરનાન્ડીઝ પુલ નીચે, ગાંધીરસ્તો, અમદાવાદ.

વસંત-રજબ સ્મારક સમિતિ
કોંગ્રેસ હાઉસ, ભદ્ર,
અમદાવાદ.

મુનશીની મહાકથા

અનંતરાય મ. રાવળ

શ્રી. મુનશી હીરક મહોત્સવ ગ્રંથાવલિના ગ્રંથ નં. ૧ તરીકે ભારતીય વિદ્યાભવન તરફથી ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયે પ્રગટ કરેલ ભગવાન પરશુરામ* આર્યત્વ અને આર્યાવર્તનું દર્શન અને નિરૂપણ કરવાની રા. મુનશીની 'ઉલ્લાસમય તપશ્ચર્યા' ની પૂર્ણાહુતિનું શ્રીફળ છે. એ વાઙ્‌મય–તપશ્ચર્યા બેપાંચ નહિ, પચીસ વર્ષ સુધી ચાલી છે એમ આ 'કથાની પ્રસ્તાવના બોલે છે. સને ૧૯૨૧–૨૨થી મહાભારત અને પુરાણોની પ્રેરણાથી પૌરાણિક વિષયો પર નાટક લખવાનું આરંભ્યું ત્યારે રા. મુનશીને મહાભારતના પ્રસંગોની પૂર્વકથાની કૃતિઓની એક માળા લખવાનો સંકલ્પ જાગ્યો. 'પૌરાણિક નાટકો' અને 'લોપામુદ્રા'ના ચારે ભાગ એ સંકલ્પને સિદ્ધ કરવાનું મૂર્ત પરિણામ છે. નવલકથામાંથી નાટક પર ઊતરી ગયેલા રા. મુનશીએ બાર નાટકોનું મહાનાટક લખવું ધારેલું, પણ 'લોપામુદ્રા'ના ગુજરાતમાં થયેલા અલ્પ સત્કારે એમને ફરી નવલકથા પ્રત્યે વાળ્યા છે. 'પછી મને ભાન આવ્યું કે નાટક ગુજરાતી વાચકોને સુગમ નથી ને ગમતું ય નથી ' એ, મહાનાટકના ઉત્તરાર્ધ માટે નાટક મૂકી નવલકથાનું સાહિત્યરૂપ પોતે કેમ સ્વીકાર્યું તેનું કારણ આપતાં રા. મુનશીએ ગુજરાતીઓને મારેલું મહેણું ખરેખર વિચારવાજોગ છે. નાટક મૂકી નવલકથા લખી કાઢી તે હકીકત અને નવલકથાકાર અને નાટકકાર તરીકેની તેમની વિજયી પૂર્વ કારકિર્દી સ્પષ્ટ રીતે સિદ્ધ કરી આપે છે કે રા. મુનશી નવલકથા અને નાટક પરત્વે સવ્યસાચી છે. ઉભય સાહિત્યપ્રકાર એમને એકસરખા ફાવે છે. તેથી જ જેટલી સહેલાઈથી એ નવલકથામાંથી નાટક તરફ વળ્યા હતા એટલી જ સહેલાઈથી નાટકમાંથી પાછા નવલકથા પર આવી ગયા છે. એમની નવલકથાઓ પણ નાટ્યપૂર્ણ જ નહોતી શું? આ નવલકથા પણ એવી જ છે. એનું નાટ્યરૂપાંતર સહેલાઈથી થઈ શકે.

પોતે સંકલ્પેલા એ મહાનાટકના ઉત્તરાર્ધમાં ઋગ્વેદકાળનું જીવન પૂરું થઇ બ્રાહ્મણકાળનું જીવન પ્રારંભાયું એ સમયને નિરૂપવાનું નક્કી કરતાં, એ સંક્રાન્તિકાળના અધિષ્ઠાતા પોતે જેમને માને છે[1] અને જે એમના કલ્પનામંદિરનાં બારણાં પરશુથી ક્યારના ઠોકી રહ્યા હતા[2] તે ભૃગુશ્રેષ્ઠ ભગવાન પરશુરામને રા. મુનશીએ કથાના નાયક બનાવ્યા છે, અને એમના પ્રતાપી પાત્રથી ઉત્તરાર્ધને ભરી દીધો છે. અને તે પણ તેમના જીવનનાં પહેલાં ત્રીસ વરસની કથાથી જ. એ ભાગમાં વહેંચી નાખેલી એ કથામાં, ગઈ સાલ પ્રગટ થયેલ 'લોમહર્ષિણી' રામ જામદગ્ન્યના બાળપણ ને કિશોરજીવનને અને આ 'ભગવાન પરશુરામ' તેમના યૌવનને અને તે કાળમાં તેમણે કરેલાં પરાક્રમોને આલેખે છે. રા. મુનશીની જાણીતી પરશુરામભક્તિએ પોતાના એ આરાધ્ય વીરના આયુષ્યના પહેલા ત્રણ દસકાને આટલા વિસ્તારમાં એવા તો સજીવ કર્યા છે કે એમના ઉત્તર જીવન વિશે કદાચ હવે લખી ન શકાય તો યે એણે તો પૂરતી કૃતાર્થતા રળી લીધી છે.

પુરોગામી કથા 'લોમહર્ષિણી'નો અન્ત બતાવે છે તેમ માહિષ્મતીનો હૈહયરાજ સહસ્રાર્જુન કાર્તવીર્ય લોમહર્ષિણીને તથા રામ જામદગ્ન્યને પકડી પોતાની જોડે લેતો આવે છે, દ્વારાવતીને દરિયાકિનારે એ બધાં ઊતર્યાં. ત્યાંથી આ કથા શરૂ થાય છે અને સહસ્રાર્જુનવધ સાથે પૂરી થાય છે. પણ એ દરમ્યાન તો ઘણું ઘણું બની જાય છેઃ રામ યાદવોને સંસ્કાર આપે છે ને શિસ્તબદ્ધ સૈનિકો બનાવી તેમને શાર્યાતોના ભયમાંથી મુક્ત કરે છે, ગુલામ તરીકે પકડાતા ને

---

* 'ભગવાન પરશુરામ' [લેખક: કનૈયાલાલ મુનશી; પ્રકાશક અને વિક્રેતા : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; મૂલ્ય સાડાપાંચ રૂપિયા.]

૧. પ્રસ્તાવના, પૃ. ૧૮.

૨. જુઓ: 'પરશુરામ તો બારણે પરશુ ઠોકી રહ્યા: " ખરી વાત છે. મને આમ લાગ્યો, તેમ લાગ્યો, મારો ક્રોધ સર્જાવ્યો, 'મારું' જામદગ્ન્યાસ્ત્ર સર્જાવ્યું, પણ મને તો બહાર ને બહાર—"

—'ભગવાન કૌટિલ્ય'ની પ્રસ્તાવના

રખાતા નાગલોકો પ્રત્યેનું તેમનું વર્તન સુધરાવે છે, માહિષ્મતીમાં આર્યાવર્તના સંસ્કાર પ્રચારે છે, અઘોરીઓનો માનવતિરસ્કાર નિર્મૂલ કરી તેમને સંસ્કારી તેમના ગુરુ ડકુનાથનો પ્રેમાદર જીતી લે છે, મૃગારાણીનો ઉદ્ધાર કરે છે અને રામ જામદગ્નેય મટી ભગવાન જામદગ્ન્યેય બની યાદવો અને ભૃગુઓનાં ગોત્રોનું સુરાષ્ટ્ર અને અનૂપદેશમાંથી આર્યાવર્તના સપ્તસિંધુ તરફ ઐતિહાસિક મહાભિનિસ્સરણ કરાવે છે. તે આર્યાવર્ત પહોંચે છે તે દરમ્યાન વેદપ્રસિદ્ધ દાશરાજ્ઞ વિગ્રહ પૂરો થવા આવ્યો હોય છે. એના બલિ થતા વિશ્વામિત્રના, ત્યારબાદ દક્ષિણથી ચઢી આવતા સહસ્રાર્જુનના દુષ્ટ જુલમથી પ્રાણ છોડતા વસિષ્ઠના, અને જમદગ્નિના ભવ્ય અને પ્રતાપી વારસ તરીકે યુદ્ધજર્જરિત આર્યાવર્તના પુનરસર્જનના વિધાયક બનતા અને 'સિંધુથી સિંહલ સુધી આર્યાવર્ત પ્રસરે' એ ભાવના સેવતા ભગવાન પરશુરામ સહસ્રાર્જુનની અકારણ દુષ્ટતાનો ઘડો પૂરો ભરાઈ જતાં તેનો વધ કરે છે.

સ્થળસમયનો વિશાળ પટ ભરી દેતું આટલું વસ્તુ નાનકડી વાર્તાનું નથી, મહાકથાનું છે. રા. મુનશીએ એને ત્રણ ખંડમાં વહેંચી દીધું છે. પહેલા ખંડનું સ્થળ છે સૌરાષ્ટ્રમાં ગિરનારની તળેટીનો પ્રદેશ, અને વસ્તુ છે ભદ્રશ્રેણ્યના અને તેના યાદવ ગોત્રના સ્વયંસિદ્ધ ગુરુ બની જતા રામને હાથે યાદવોનું સંસ્કરણ, નાગમોચન અને શાર્યાતોનું નિકંદન. રામનાં જન્મજાત નેતૃત્વ (born leadership), વીરતા અને મુત્સદ્દીગીરીનું અહીં દર્શન થાય છે. રામ–લોમાનું લગ્ન, જેને માટે થોડી પૂર્વભૂમિકા પુરોગામી નવલ 'લોમહર્ષિણી'માં ગોઠવાઈ હતી, તે પણ આ પહેલા ખંડમાં થાય છે. બીજો ખંડ રામને માહિષ્મતીમાં અને તત્પશ્ચાત્ નર્મદાને સામે તીરે ડકુનાથ અઘોરીના અડ્ડામાં લઈ જાય છે, એટલે સ્થળ બદલાય છે. સહસ્રાર્જુનને ભારતનો ચક્રવર્તી સમ્રાટ બનાવવા ઇચ્છતી ને પ્રેરતી તેજસ્વી મૃગારાણી તથા રાજગુરુ બની બેઠેલા મૃકંડ પર રામનો પ્રભાવ અને વિજય, મૃગારાણીનો ઉદ્ધાર, સહસ્રાર્જુનની દુષ્ટતા, ડકુનાથ અઘોરીનો રામ તથા લોમાને થતો સંપર્ક, અને સહસ્રાર્જુનના કોપમાંથી બચવા યાદવો અને ભૃગુઓનાં ગોત્રોના મહાભિનિસ્સરણની યોજના બીજા ખંડનો કથાવિષય બને છે. ત્રીજો ખંડ નવલકથામાં વધુ જગ્યા રોકે છે. યાદવ–ભૃગુ ગોત્રોના મહાભિનિસ્સરણની કથા એમાં હોવાથી મહીકાંઠાથી સરસ્વતી સુધીનાં એક પછી એક વટાવાતાં જતાં સ્થળો એના પૂર્વાર્ધના પ્રસંગોની ભૂમિ બને છે. ઉત્તરાર્ધની ભૂમિ છે આર્યાવર્ત, અને કાળ છે દાશરાજ્ઞ વિગ્રહની પૂર્ણાહુતિ અને તેની તરત પછીનો. મહાભિનિસ્સરણ, સહસ્રાર્જુનના સેનાપતિ રુરુના સૈન્ય જોડે અભિનિસ્સરકોનું યુદ્ધ, દાશરાજ્ઞ વિગ્રહની પૂર્ણાહુતિ, વિશ્વામિત્રનો દેહવિલય, રેણુકાવધના પુરાણપ્રખ્યાત પ્રસંગનું અભિનવ નિરૂપણ, તે કાળના સમયપુરુષ બની જતા ભાર્ગવશ્રેષ્ઠને હાથે થતું આર્યાવર્તના નવસર્જનનું વિધાન, વસિષ્ઠની મહાસમાધિ, સહસ્રાર્જુને આણી આર્યાવર્તમાં પ્રવર્તાવેલી મહતી વિનષ્ટિ, અને ભગવાન પરશુરામને હાથે આખરે થતો તેનો વધ—આટલાને આ મોટા ત્રીજા ખંડના વસ્તુભૂત કથાપ્રસંગો રા. મુનશીએ બનાવ્યા છે.

પહેલા બે ખંડોમાં પ્રસંગકથન અને કાર્યનો રસ વિશેષ છે. ત્રીજામાં એ તો છે જ, પણ તે ઉપરાંત ભાવનાનો રસ વિશેષ જામે છે. અલબત્ત, ભગવાન પરશુરામનું પ્રચંડ વ્યક્તિત્વ તો ત્રણેમાં મુખ્ય આકર્ષણ છે જ. વસિષ્ઠ, વિશ્વામિત્ર અને ભાર્ગવની પ્રવૃત્તિઓને જે ભાવના પ્રેરે અને ચલાવે છે તેનું આલેખન એ ખંડમાં ઘણું સારું થયેલું છે. ભાવનાઓનું આલેખન જેના વાહન વડે થતું વધુ સંભવિત તેવા સંવાદોનું જોર પણ એ ખંડમાં ઘણું છે. વસિષ્ઠ–રેણુકાનો સંવાદ (પૃ. ૩૦૮–૧૦), વસિષ્ઠ ને વિશ્વામિત્રનો સંવાદ (પૃ ૩૨૦–૨૩), રામે પિતાને સંભળાવેલી પ્રકોપવાણી (૩૩૨–૩૭), શુનઃશેપ અને ભાર્ગવનો સંવાદ (પૃ. ૩૮–૪૦), અને મુનિ પરાશર તથા પુરુરાજનો સંવાદ (પૃ. ૩૬૪–૬૫) આનાં સરસ ઉદાહરણો છે. જેમ સરસ સંવાદો તેમ નાટ્યક્ષમ પરિસ્થિતિઓ પણ એ ખંડમાં ઓછી નથી.

કથાનું મોટામાં મોટું આકર્ષણ તો છે પરશુરામનું પાત્ર. ભગવાન પરશુરામના પ્રતાપી પાત્રનું આલેખન એવું થયું છે કે તે બધા કથાપ્રસંગો વચ્ચે અને તે દ્વારા ઉત્તુંગ બની ઉપસી આવે છે. બીજાં બધાં

પાત્રો એનાથી ઢંકાઈ જાય છે ને એની આગળ ઝાંખાં પડી જાય છે. જુદા જુદા દેશ, કાળ અને કાર્યને લીધે વ્યક્તિગત ભિન્નતાવાળા દેખાતાં છતાં રા. મુનશીના નાયકો એક જ માટીના ઘડેલા હોય છે એ સાહિત્યરંસિકોને જાણીતું છે. પરશુરામનું પાત્ર પણ પ્રતાપી નરપુંગવોના રા. મુનશીને પ્રકૃતિથી બહુ રુચતા અને આલેખવા પણ ફાવતા આદર્શના ઢાળામાં ઢાળેલું છે. સુરાષ્ટ્રમાં આવતાં જ 'લોમહર્ષિણી'નો તરુણ રામ જામદગ્ન્યેય સ્વયંસિદ્ધ અને સ્વનિયોજિત ગુરુદેવની અદાથી વર્તવા મંડી જાય છે,[1] અને ત્યારપછી તો 'આવ્યો, જોયું ને જીત્યો' જેવું જ એનું નિરૂપણ કર્તાએ છટાથી છેક સુધી કર્યે રાખ્યું છે. એમ કરવામાં, પોતાના આવા તેજસ્વી પાત્રવિશેષોનાં પ્રતાપ ને ગૌરવ બતાવવાની જાણીતી યુક્તિઓનો કર્તાએ પૂરો ઉપયોગ કર્યો છે. સહસ્રાર્જુનનો સેનાપતિ ભદ્રશ્રેણ્ય એના સંસર્ગમાં આવતાં જ એનો ભક્ત બની જાય : પાતાલનગર સુધી સહસ્રાર્જુનનું પ્રયાણ તે એનું વિજયપ્રયાણ બની રહે : દ્વારાવતીને કિનારે તે ઉતરતાં પ્રેક્ષક મેદનીમાં ધાક ને પૂજ્યભાવનું મોજું ફરી વળે : ભદ્રશ્રેણ્ય, વિશાખા, મૃકુંડ, તાલબાહુ, વિતિહોત્ર, જયામઘ —સૌ એને નમે, એનાથી અંજાય ને જીતાઈ જાય : હવિર્ભુ ને મૃગારાણી જેવી તેજસ્વી વિલાસિનીઓ એના પ્રત્યે આકર્ષાય : કરુનાથ અને મહાદન્તી સિદ્ધેશ્વરી જેવાં અઘોરીઓનાં પરમપૂજ્યો એને મમતા અને આદરથી જુએ ને એનાં થઈ જાય : સહસ્રાર્જુન એના દર્શને અને પછી તો એના સ્મરણમાત્રથી ભયથી છળી મરે : વસિષ્ઠ-વિશ્વામિત્ર સરખા આર્યાવર્તના મહર્ષિવરો ભાવિ આર્યાવર્ત માટે એના પ્રત્યે આશા ને શ્રદ્ધાભરી મીટ માંડે—આવું રામ જામદગ્ન્યેયનું આ કથામાં થયેલું આલેખન તેનો પ્રભાવ બતાવવાની ને વધારવાની કર્તાએ કેવી કાળજીભરી કોશિશ કરી છે તે સ્પષ્ટ બતાવે છે. અંધારામાં વાઘની માફક ચમકતી રામની આંખો પર વારે વારે મુકાયેલો ભાર, મૃકંડ મુગ્રા લોપા સહસ્રાર્જુન આદિને થયેલાં દર્શાવાયેલાં પરશુધર ભગવાન જામદગ્ન્યેયનાં પ્રભાદર્શનો [visions], ગોમતીને શાપી વરુણને પ્રાર્થી રામગોમતી વહાવી યાદવોનું પાણીનું દુઃખ નિવારવાનો જામદગ્ન્યેયનો ચમત્કાર મહાદન્તી સિદ્ધેશ્વરી તેનામાં સમાઈ ગયાનું નિરૂપણ—આ સૌ પણ કથાનાયકનો પ્રભાવ સૂચવનારી કર્તાની યુક્તિઓ જ છે. અને પછી, પોતાની તેજસ્વી કલમને જોરે પોતાના પ્રભાવશાળી પાત્ર વિશે જે માન્યતા ઉપજાવવી હોય તે વાચકોમાં ઉપજાવવામાં કર્તા હંમેશ મુજબ અહીં પણ સફળ થાય છે.

'લોમહર્ષિણી'મનો ચંચલ તરુણ એકદમ આવો પ્રભાવશાળી ચમત્કારપુરુષ અને 'ભગવાન જામદગ્ન્યેય' બની જાય એવું આ-કથામાં થયેલું તેનું આલેખન નાટકી લાગવાનું ખરું જ, પણ એવું આલેખન તો રા. મુનશીની વિશિષ્ટતા કહો તો વિશિષ્ટતા, આલેખનરૂઢિ કહો તો આલેખનરૂઢિ, અને મર્યાદા ગણો તો મર્યાદા છે. એને એક વાર ભૂલી જાઓ કે સહી લો, તો પછી પરશુરામનું અહીં થયેલું ચિત્રણ તમને અવશ્ય ખેંચી રાખશે. એ યજ્ઞ કરી દેવો ને પિતૃઓને પ્રાર્થી શકે છે. આર્યોની વિશુદ્ધિનું અને એમના ધર્મનું એને ઘણું અભિમાન છે. યાદવ ગોત્રમાં ને માહિષ્મતીમાં 'ધર્મ' પ્રવર્તાવવાની એની અભિલાષા ને પ્રવૃત્તિ છે. યાદવગોત્રમાં, માહિષ્મતીનાં પુરજનોમાં અને અઘોરીઓમાં એ સંસ્કાર અને આર્યોના આચાર ફેલાવે છે. સ્વનિયુક્ત અધિકારે અને આત્મપ્રભાવે કરીને લોકનેતા બનતા કાર્લાઇલની કલ્પનાના જનનાયક (Hero : Leader of the people) પણ એ છે.* એથી જ એ આવે છે ને યાદવો, માહિષ્મતીના ભૃગુઓ ને હૈહયો સૌ એના સેવકો ને ભક્તો બનવા મંડી જાય છે. એ યુદ્ધશાસ્ત્રવિશારદ છે. એવાની અચૂક નજરે એ ઘોડાનું મહત્ત્વ સમજે છે, અને યાદવ જુવાનોને અશ્વ-શસ્ત્ર-વિદ્યા શીખવી તેમનું તાલીમબદ્ધ સૈન્ય ઊભું કરે છે. એ યુદ્ધકલાના પરિવર્તક જ નથી,

[1] જુઓ: 'હું એમને કહ્યે ઓછા ગુરુ થયો છું? હું તો છું જ.' (પૃ. ૫૩)

* એ જે ચમત્કારક પ્રભાવ જેમના સમાગમમાં પોતે આવે છે તેના પર પાડે છે તે, આવા સ્વયંસિદ્ધ જનગણ અધિનાયક મહામાનવીના પ્રબળ આત્મવિશ્વાસ અને સંકલ્પબળ એ પ્રાણગુણોને જ લીધે. રા. મુનશી એક રીતે આ કથામાં પરશુરામના પાત્રનિરૂપણ દ્વારા લોકનેતા મહાવીરનું ઘડતર (making) બતાવે છે.

સમર્થ વ્યવસ્થાપક અને શાસક પણ છે. એ દીર્ઘદર્શી મુત્સદ્દી પણ છે. શાર્યાતો ને મૃગારાણી ને સહસ્રાર્જુન શું કરવાના છે તે એ આગળથી જાણી જાય છે. એ અપ્રતિમ ને દુર્ધર્ષ વીર છે. ઘોર હિંસા પણ, વિના અચકાયે ને સ્વસ્થતાથી એ કરી શકે છે. તો બીજે પક્ષે એ અહિંસક પણ રહે છે ને પોતાને મારવા તલસતા જયામઘ સામે છાતી ધરે છે; એટલું જ નહિ, એને ત્રણ વાર મોતથી ઉગારે છે. જયામઘને એ દ્વેષ મૂકી દેવાનો ઉપદેશ પણ બે વાર કરે છે. સહસ્રાર્જુનને પણ કથાના પ્રારંભમાં દ્વારાવતીના સમુદ્રમાંથી એ બચાવે છે, અને આખરે મારે છે, જ્યારે એ દુષ્ટતાની પરિસીમાએ જઈ પહોંચી જમદગ્નિને મારી નાખે છે ત્યારે જ. દ્વેષોન્મૂલનની ભાવના ભગવાન પરશુરામના મોંમાં મૂકી કર્તાએ તેમની હિંસાને અને નક્ષત્રીને દ્વેષોન્મૂલન માટેની હિંસા બતાવીને હળવી બનાવી છે.[1] દસ્યુસહાયક વિશ્વામિત્રની માનવતા પણ કર્તાએ એમનામાં મૂકી છે. યાદવો ને શાર્યાતિનો નરશિકાર એ સત્યાગ્રહ કરીને બંધ કરાવે છે, નાગલોકો પ્રત્યેનો જુલમી વર્તાવ પણ અટકાવે છે, અસંસ્કારી અઘોરીઓ પ્રત્યે પણ પ્રેમ કરે છે, અને દસ્યુરાજ ભેદના પુત્ર શિબિને ગાદીએ બેસાડાવે છે. વિશ્વામિત્રની ઉદાર માનવતાભરી દસ્યુ સહિષ્ણુતા અને મહર્ષિ વસિષ્ઠનો વિશુદ્ધિનો આગ્રહ —બંને એનામાં છે. 'વિદ્યા ને તપની અભિવૃદ્ધિ, અને તેને સંરક્ષવાની ને વિસ્તારવાની શક્તિ : આ બે એમના ધર્મના નિશ્ચલ પાયા હતા.' 'સિંધુથી સિંહલ સુધી આર્યાવર્ત પ્રસરે' એ જ તેમની ભાવના બતાવાઈ છે. સુદાસ આદિ આર્યાવર્તના ચારે રાજાઓનું એકત્ર પુરોહિતપદ એ સ્વીકારતા નથી. આર્યત્વને રાજ્યાશ્રય પર અવલંબતું એને કરવું નથી... 'તમે ને હું તો-અર્ઘ કાલના છીએ—એ આજના ને આવતી કાલના' એ વસિષ્ઠના એમના માટેના ઉદ્ગારો (પૃ૦ ૩૫૦) એમને અપાતી ભવ્ય અંજલિ છે. પરશુરામ શ્રી મુનશીનાં અનેક તેજસ્વી પાત્રોની માફક ચિરસ્મરણીય પાત્ર છે.

એક પ્રશ્ન થશે : વાલ્મીકિ અને વ્યાસ આ મુનશીના પરશુરામને પોતાની કલ્પનાના પરશુરામ તરીકે ઓળખી શકશે ખરા ? પણ પરશુરામનું પાત્રાલેખન એકલું જ શા માટે, રેણુકાવધ, વિશ્વામિત્ર ને વસિષ્ઠના દેહવિલય અને સહસ્રાર્જુનવધ જેવા પ્રસંગોનું નિરૂપણ પણ એના પરંપરાગત આલેખન કરતાં જુદું છે. વસ્તુતઃ આ કથા પુરોગામી 'પૌરાણિક નાટકો' અને 'લોપામુદ્રા'ની માફક છે દૂર સુદૂરના ભૂતકાળમાં એક ડોકિયું, વેદકાળના સાહિત્યના અભ્યાસથી ઉત્તેજિત થયેલી એક અર્વાચીન સર્જકની કલ્પનાએ કરેલું તેનું દર્શન. 'ઇતિ હ આસ', એ આમ જ બન્યું હતું, એમ તો એમાંના પાત્રો ને પ્રસંગોને માટે કોણ કહી શકે એમ છે ? રા. વિશ્વનાથ ભટ્ટે 'લોપામુદ્રા' વિશે લખતાં કહેલું તેમ 'રોમાન્ટિક' સર્જકને નિરંકુશ વિહારની આવા દેશકાળનું વસ્તુ લેતાં સવડ મળી રહે છે એ ખરું, પણ એ પ્રાચીન 'દેશકાળનું' ચિત્ર આપતા સાહિત્ય વિશે પોતાનું અને લોકોનું જ્ઞાન એના પર નિયમન કે અંકુશરૂપ બને છે એ ભૂલવું જોઈએ નહિ. રા. મુનશીએ વેદકાલીન અને પૌરાણિક દેશકાળ ને વાતાવરણ વિશે અભ્યાસમૂલક જે સામગ્રી એકઠી કરી છે તેનો તો તેમણે અહીં પૂરો ઉપયોગ કર્યો છે. એટલું કર્યા પછી તેમણે પોતાની સર્જક કલ્પનાને કામે લગાડી તે કાળની એક આખી સૃષ્ટિ કથામાં ઊભી કરી છે એમ કરતાં એમણે દાશરાજ્ઞ વિગ્રહને, રેણુકાવધ ને સહસ્રાર્જુનવધને, વિશ્વામિત્ર—મેનકાવાળા પ્રસંગના ફળરૂપ દુષ્યન્તપુત્ર ભરતના રાજ્યાભિષેકને, પરાશર-મત્સ્યગંધાવાળા પ્રસંગને, અને વિશ્વામિત્ર તથા વસિષ્ઠના મૃત્યુને, એમ વેદપુરાણાંતર્ગત પ્રસંગોને અને પાત્રોને સમકાલીન બનાવી ભેગાં કરી દીધાં છે અને એમાંથી તે પ્રાચીન સમયનું ચિત્ર ઊભું કર્યું છે. વેદપુરાણપ્રસિદ્ધ પાત્રો ને પ્રસંગોના નિરૂપણમાં કરેલ

---

૧ છતાં, તેમના શાર્યાતોના નિકંદનનો મુત્સદ્દીગીરીની દૃષ્ટિએ બચાવ કરવો હોય તો કદાચ થાય; પણ રેણુકા જેની સેવાચાકરી કરી રહી હતી તે ત્રીસ રક્તપીતિયા ગંધર્વોના સંહારથી તો 'ગુજરાતના નાથ'ના નરસિંહ અડવીને કોટ પરથી ફેંકી દેતા કાકના પગલાથી ત્રાસી ઊઠતા કાકા કાલેલકર જેવા અનેકોને ઠમકમાં જ આવશે. રેણુકાને એમનાથી અળગી કરવાનો બીજો ઉપાય જ કર્તાને ન જડયો ?

ફેરફાર માટે રા. મુનશીએ મહાભારત, રામાયણ ને ભાગવતના કર્તાઓના દાખલાની ઢાલ ધરી છે અને સર્જક કલાકારના નિરૂપણસ્વાતંત્ર્યના વણલખ્યા અધિકારને સૂચવ્યો છે, 'માનવજીવનના મારા આદર્શો અને મારી જે કાંઈ સર્જકશક્તિ છે, તેનાથી જ આ ચણતર થયું છે' એમ કહીને. એ ફેરફાર ઉચિત છે કે અનુચિત, મૂળ પ્રસંગો ને પાત્રોનું ગૌરવ એનાથી વધે છે કે હીણું પડે છે, એ દૃષ્ટિબિંદુથી જ એને જોવા જોઈએ.

એ રીતે જોતા રેણુકાવધ અને રામાર્જુનવિરોધનું આ કથામાં થયેલું નિરૂપણ કચવાટ નહિ પણ એથી ઊલટી જ લાગણી ઊભી કરે છે. રેણુકાને ચિત્રરથ પ્રતિ આકર્ષાઈ મદસ્ખલિતા બતાવતી પુરાણકથાને બદલે રા. મુનશીએ રક્તપીતથી પીડાતા ગંધર્વોની મા બની તેમના પ્રત્યે અનુકંપાથી પ્રેરાઈ તેમની સેવાશુશ્રૂષા અર્થે તેમની જોડે એ રહી હતી એવું આલેખન કર્યું છે તે એ પાત્રને દોષમુક્ત કરી ઊંચું ચડાવે છે. રેણુકાને મારવાની જરૂર ન રહે, છતાં જમદગ્નિએ એને મારી નખાવી ગણાય અને પરશુરામે એને પુનઃ સજીવન કરાવી ગણાય એવું રા. મુનશીનું આલેખન પુરાણકથાને સરસ રીતે સુધારી આપે છે. નથી ગમતું એક જ તત્ત્વ, રેણુકાને મનોહર આલેખતાં જમદગ્નિનું પાત્ર અનુદાત્ત, સંકુચિત ને હઠીલું બની ગયું છે તે. સહસ્રાર્જુનના પાત્રના ચિત્રણમાંથી પરશુરામના રોષ અને પૃથ્વીને નક્ષત્રી કરવાના તેમના પુરાણકીર્તિત પરાક્રમનો સહેજ બુદ્ધિગમ્ય ખુલાસો મળી રહે છે. આર્યાવર્તને રંજાડતા ને પદદલિત કરતા સહસ્રાર્જુનને ઊંડે સુધી આવવા દઈ, પછી આર્યાવર્તના ચારે રાજાઓનાં સૈન્યો તથા ભૃગુઓનાં શતકો એકસામટા ધસી આવી તેને ચોમેરથી ઘેરી લઈ તેના સૈન્યમાંથી એક પણ જણને પાછી નર્મદા ભાળવા દે નહિ એવા ભગવાન પરશુરામના (આ વિશ્વયુદ્ધમાં રશિયનોની યુદ્ધનીતિના કર્તાએ કરેલા અનુકરણ જેવા લાગતા) વ્યૂહનો અમલ તે જ એમની નક્ષત્રી. એવી જ રીતે દાશરાજ્ઞ વિગ્રહને અંતે વિશ્વામિત્રનું કથામાં નિરૂપાતું મૃત્યુ, વસિષ્ઠ અને વિશ્વામિત્રના સુંદર સંવાદને અવકાશ આપી એ બેઉ ઋષિવરોની દૃષ્ટિ અને જીવનકાર્યને સરસ રીતે રજૂ કરવાની કર્તાને તક આપે છે. ડહુનાથ અને અઘોરીઓના સંપર્કમાં પરશુરામને લાવવામાં જરૂરી કાળક્ષેપની યુક્તિનો આશ્રય લેવા ઉપરાંત અથર્વવેદમાંના ઘણા મંત્રો ને પ્રયોગોના ભૃગુઓના કર્તૃત્વના ખુલાસા માટે ભૂમિકા એ રીતે ગોઠવવી કર્તાએ ધારી લાગે છે. પરશુરામ તથા લોમહર્ષણી ડહુનાથની હવામાં ઊડવાની ને બિલાડી પેઠે કૂદવાની સિદ્ધિઓ તથા અઘોરીઓના ઉપાસનામંત્રો શીખી આવ્યાં છે એ કથામાં બતાવ્યું છે જ. પરાશર અને મત્સ્યગંધાના સંબંધનું નિરૂપણ પણ પુરાણકાર કરતાં જુદું છે.

મતલબ કે, સૂચનો અને સામગ્રી વેદ અને પુરાણોમાંથી મેળવ્યાં પણ તેમાંથી આ અર્વાચીન નવલકથાકારે રચી તો છે નવો જ ઘાટ ઘડી પોતાની અનોખી કલાકૃતિ. 'ભગવાન પરશુરામ'માં સરજાયેલી સૃષ્ટિ અને સંકળાયેલી ઘટનાઓ એક ન્યારી દુનિયા બતાવે છે, એ દુનિયા તેના પ્રવાસીને પોતાનું પૂરું દર્શન એ કરી રહે નહિ ત્યાં સુધી આકર્ષણના બંધમાંથી છોડતી નથી, અને એની વૈદિકતા કે પૌરાણિકતાની શંકા પણ પ્રથમ તો ઉપજવા દેતી નથી. એનો જશ રા. મુનશીની ઉચ્ચ પ્રતિની સર્જકતાને ભાગે જ જાય. લોમા, મૃગારાણી, ડહુનાથ, સહસ્રાર્જુન, રેણુકા, જમદગ્નિ, વસિષ્ઠ અને વિશ્વામિત્ર જેવાં પ્રધાન પાત્રોનું અને ભદ્રશ્રેણ્ય, પ્રતીપ, મૃકંડ, કુક્ષિવંત, ક્ષત્રિણી, વિમદ, તાલબાહુ, વૃશ્ચિક, ઋક્ષ આદિ ગૌણ પાત્રોનું પણ તેમતેમની વ્યક્તિતા સાથે થયેલું જીવંત આલેખન: ગિરનારતળેટીના યાદવગોત્રના થાણાનું, ડહુનાથના અઘોરીઓના વસતીસ્થાનનું તથા ગુફાઓ અને યાદવોની સરસ્વતી તરફથી ભવ્ય કૂચનું તાદૃશ ચિત્રણ: લગભગ બધા કથાપ્રસંગોનું વાચકના કલ્પનાચક્ષુ સમક્ષ ભજવાતું રહે એવું નાટ્યાત્મક આલેખન: પ્રધાન વીર અને અપ્રધાન શૃંગાર ઉપરાંત રામ, ડહુનાથ અને મહાદન્તી સિદ્ધેશ્વરીનાં પાત્રો સાથે સંકળાયેલા ચમત્કારોથી નિષ્પન્ન થતો અદ્ભુત રસ: પ્રાચીન વાતાવરણનો યોગ્ય ઉઠાવ: ત્રીજા ખંડમાંના સુંદર ભાવનાપ્રપૂર્ણ સંવાદો: ભગવાન પરશુરામનાં એક એકથી ચડિયાતાં પરાક્રમો પરથી જ વાચકની નજર ખસે એમ નથી, છતાં ક્યારેક ખસે તો એને ખેંચી રાખવા કુશળ નવલકથાકારે આ બધાં આકર્ષણો

કથામાં ગોઠવી જ રાખ્યાં છે.

પણ કથાપ્રસંગો તો નિમિત્ત છે. ગ. મુનશીનો મુખ્ય આશય તો વેદકાળના પ્રચંડ માનવીઓનું આલેખન તેની ઓથે રહીને કરવાનો છે. ' એવી ગગનસ્પર્શી માનવતા વિના સનાતન આર્ય સંસ્કૃતિનો પાયો નંખાયો ન હતો. આર્યત્વ ને આર્યાવર્ત બંનેનાં દર્શન મને એમની દ્વારા થયાં છે : એમના પ્રસ્તાવનામાંના આ ઉદ્‌ગાર સ્પષ્ટ સમજાવે છે કે એમનું અંતિમ સાધ્ય તો આર્યત્વ અને આર્યાવર્તનું આ નિમિત્તે દર્શન કરાવવાનું છે. આર્યાવર્તનું બહિર્દર્શન કથાએ કરાવ્યું છે તે તો તરત ખ્યાલમાં આવે તેમ છે. પણ આર્યાવર્તના વિશિષ્ટ સંસ્કાર, જે આર્યત્વ બનાવે છે, તે કયા એ જોવા માટે વસિષ્ઠ અને વિશ્વામિત્રની પર દૃષ્ટિ કરવી પડશે. આર્યાવર્તને આંતરવિગ્રહની યુદ્ધજ્વાળામાં નવડાવનાર વસિષ્ઠના દાશરાજ્ઞ વિગ્રહના જનકત્વને પ્રેરતી ભાવના હતી માત્ર આર્યોની વર્ણશુદ્ધિ, અને દસ્યુદ્વેષ નહિ પણ આર્યોનાં સ્ત્રીપુરુષોના ચારિત્ર્યની વિશુદ્ધિનો આગ્રહ. વસિષ્ઠના

"આંખમીંચામણે અધર્મ ચલાવી ન લેવાય. આર્યો જ શિથિલ તો ધર્મવૃત્તિ ઘસાઈ જાય ને મનુષ્ય પશુ બની જાય......રેણુકા ! મેં યુદ્ધ નહી આદર્યું હોત તો શશિયસી પર, બધા આર્યો પર કરેલા અત્યાચાર શિષ્ટ ગણાત. આર્યોની રીતિ વીસારે પડી દસ્યુઓના સ્વચ્છંદ સર્વમાન્ય થાત તેથી. ધર્મ માટે મેં આર્યોને મરતાં શીખવ્યું. દાશરાજ્ઞમાં રેડાયેલાં રુધિર આર્યત્વની વિશુદ્ધિ અભેદ્ય રાખશે. મારે શશિયસીઓ તો શું—દસ્યુ કન્યાને પણ અમ્બાઓ બનાવવી છે અમ્બાઓ શશિયસી થાય તેનો વિરોધ તો પ્રાણાર્પણે કરવાનો જ રહ્યો."

એ શબ્દો ભાર્ગવને

' પ્રેમાળ માતા એકના એક પુત્રને તેના સ્વાસ્થ્ય માટે ઠંડા પાણીનાં સ્નાન કરાવે તેમ એમણે વિશુદ્ધિના સંરક્ષણાર્થે આર્યાવર્તને રુધિરનું સ્નાન કરાવ્યું હતું '

એવી જે પ્રતીતિ કરાવે છે, તે વાચકોને પણ કરાવી આર્યત્વનું એક વિશિષ્ટ તત્ત્વ કયું તે સમજાવવા મથ્યા છે.

હવે વિશ્વામિત્ર તરફ નજર કરો. એમની અંતિમ પળે વસિષ્ઠને એમણે સંભળાવેલા શબ્દોમાં એમનું ભવ્ય જીવનકાર્ય દર્શાવાયું છે :

' દેવે મને નિમિત્ત બનાવી યજ્ઞનો માર્ગ શીખવ્યો નરમેધ અટકાવ્યો, નવું આર્યત્વ સર્જ્યું.'

એ ' નવું આર્યત્વ ' કયું ? આ :

' મુનિવર ! આપે માની લીધું કે હું ભેદના અશ્વ ચારની પડખે ઊભો રહી અધર્મ સંઘરી રહ્યો હતો ! ના ..ના...મારે આર્ય—અનાર્યનો ભેદ ટાળવો હતો... .. માનવી માનવીના ભેદ તો આર્યત્વને કલંકિત કરે છે. જ્યાં સંસ્કાર ત્યાં આર્યત્વ...મેં વર્ણભેદ ભુલાવ્યો—સંસ્કારભેદ શીખવ્યો. આર્ય જે તપ ને વિદ્યા મેળવે તે આ દેહે ફરી જન્મે તે આર્ય. આ દેહે સંસ્કારજન્મ ન મેળવે તે અનાર્ય. ......માનવી તો આર્યત્વને પંથે દેવત્વ પામવા સર્જાયો છે.'

એક બાજુથી વેદપ્રસિદ્ધ દાશરાજ્ઞ વિગ્રહને કથા વિષય બનાવી તેનું મૂળ આવા ભાવનાવિરોધમાં રહેલું કર્તા બતાવે છે, તો બીજી બાજુએ આર્યત્વની ભાવનાનો વિશ્વામિત્રને હાથે થયેલો વિકાસ બતાવી આર્યત્વને જીવતી વિકાસશીલ ભાવના તરીકે આલેખવાનું તેમણે આમ કર્યું છે. જમદગ્નિ અને રેણુકાનાં પાત્રો એક રીતે વસિષ્ઠ ને વિશ્વામિત્રની ભાવનાનાં પ્રતિરૂપો જેવાં જ છે એ ન સ્વીકારવું હોય તો રેણુકાના પાત્ર દ્વારા આર્યત્વની ભાવનાને એક કદમ વધુ આગળ લઈ જવામાં આવી છે એમ માનવું પડશે. રોગપીડિત ગંધર્વોની મા બની તેની સેવાશુશ્રૂષા કરવા માટે એમને મૂકી ચાલી આવવા પતિએ કરેલી આજ્ઞા લોપવામાં આર્યા રેણુકાએ, ગંધર્વોની જ નહિ વસિષ્ઠ જેવાની જીભથી પણ 'અમ્મા'નું સંબોધન મેળવનારી રેણુકાએ, આર્યત્વની સીમા વિસ્તારી આપી છે.

ભગવાન પરશુરામમાં વસિષ્ઠ, વિશ્વામિત્ર અને રેણુકા ત્રણેની દૃષ્ટિ એકત્રિત થયેલી છે. વસિષ્ઠ જેવા સ્ત્રીના વિશુદ્ધ શીલના આગ્રહી હોવાથી જ એ યાદવગોત્રમાં પોતાના પતિનું ઘર છોડી રૂરના ઘરમાં ચાલી જનાર સોમાને શિક્ષા કરે છે (પૃ. ૪૮), પોતામાં મુગ્ધ થનાર કલ્પિણીને સાટકા મારે છે અને મૃગારાણીએ એ પ્રસંગ ઉલ્લેખતાં સ્ત્રીની શીલવિશુદ્ધિ પર ભાર મૂકી તેને સહસ્રાર્જુનની ભોગિની મટી પરિણીતા પત્ની બનવા આદેશ આપે છે. વિશ્વામિત્ર જેવો ઉદાર માનવપ્રેમ પણ એમનામાં છે, જેથી જ એ નાગો, અઘોરીઓ ને દસ્યુઓ પ્રત્યે માયાળુ વર્તન રાખે—રખાવે છે. અને રેણુકાને પિતૃઆજ્ઞાથી મારવા તત્પર થતા એ રેણુકાની વાત સાંભળી એના

ભવ્ય વર્તનને અભિનંદવા માંડી પિતાને ખરું આર્યત્વ પ્રબોધવા મંડી જાય છે, જે બતાવે છે રેણુકાની ભાવનાને એમણે પોતે આપેલી મંજૂરી. દાશરાજ્ઞ વિગ્રહને અંતે આર્યાવર્ત એક થયું. આર્યો ને દસ્યુ-ઓનો પરસ્પર દ્વેષ ટળ્યો. વસિષ્ઠ વિશ્વામિત્રના ઝઘડાનું પરિણામ તો બંનેને ઈષ્ટ એવી આર્યાવર્તની એકતામા જ આવ્યું. ભગવાન પરશુરામ એ એક અને અખંડ આર્યાવર્તને અને આર્યત્વને સિંધુથી સિંહલ સુધી લઈ જવાનું મહાસ્વપ્ન પછી સેવે છે. સુરાષ્ટ્રના યાદવો, માહિષ્મતીના હૈહયો અને અઘોરીઓને બારણે તો એ આર્યત્વને લઈ ગયા હતા જ. એ મહાસ્વપ્નમાં એક સાન [illegible] સહસ્રાર્જુનના વધ પછી તો એ સ્વપ્નની સિદ્ધિ હાથવેંતમાં જ હોવાની એ પ્રતીતિ કથાનો અન્ત આપણામાં જગાડી જાય છે.

આર્યત્વ અને આર્યાવર્તની ભાવના ઉપરાંત બીજી પણ એક ભાવના આ કથામાં રા. મુનશીએ વણી લીધી છે, એ છે દ્વેષોન્મૂલનની ભાવના. એ ભાવનાના પુરસ્કર્તા ને ઉદ્ગાતા પરશુધર જામદગ્ન્યેયને બનાવવામાં એમના શાર્યાતો ને ગંધર્વોના ઉચ્છેદનના કાર્ય જોડે અસંગતિ તો લાગે છે. છતાં એમને જયામઘ સામે એક વાર છાતી ધરતા અને એક વાર મોત માગી લેતા, તેને દ્વેષ મૂકી દેવા વીનવતા તેમ જ એને ત્રણ વાર મૃત્યુમાંથી બચાવતા રા. મુનશીએ બતાવ્યા છે. આગળ કહ્યું છે તેમ સહસ્રાર્જુનને પણ એક વાર બચાવી, એને મૃત્યુદંડ દેવાનું ઠેલતા રહી તે દ્વેષ મૂકી દેશે એવી આશા તેમણે સેવ્યા કરી છે. આખરે તેનો વધ કરવો પડ્યો છે તે પણ દ્વેષોન્મૂલન સારુ એ અનિ-વાર્ય ધર્મ થઈ પડે છે તેથી જ. દ્વેષ છે ત્યા સુધી હિંસા રહેવાની, અને દ્વેષને કાઢવા હિંસાની જરૂર પણ રહેવાની, એ મતલબના ઉદ્ગાર પણ કથામાં એમના મોંમાં મૂક્યા છે. જયામઘને પરશુરામે કરેલા ઉપદેશ ઉપરાંત મુનિ પરાશર પાસે ત્રૈય્યારુણ પુરુરાજને આર્યા-વર્ત પર આવતા સહસ્રાર્જુનના વિનાશક દળકટકની આગાહી કરી ચેતવણી આપી એની હિંસાને અહિંસાથી જીતતા તેને શરણે જવાની વીનવણી કરાવતાં હિંસાની અનિષ્ટતા માટે જે વચન કર્તાએ ઉચ્ચારાવ્યાં છે. [પૃ. ૩૬૫] તે પણ દ્વેષના ઉન્મૂલનની ભાવના રજૂ કરવા ખાતર જ. હમણાં પૂરા થયેલા વિશ્વયુદ્ધ વેળા અહિંસાના આચાર્ય ગાંધીજીએ જે માર્ગ બતાવેલો તે કંઈ અનુસરાયો તો ન હતો. તેમ પ્રાચીન કાળના ગાંધી બનાવાયેલા પરાશરનું પ્રવચન પણ નિષ્ફળ જાય છે. પણ એ વાત જુદી છે. કર્તાએ હિંસા વિરુદ્ધ થોડીક ઝુંબેશ 'ભગવાન પરશુરામ'માં ઊઠાવી છે તે જ જોવાનું હતુ. આ દ્વેષોન્મૂલનની ભાવના પણ આર્યત્વનું જ એક અંગ છે, અને કર્તાએ એ ભાવનાનો ઉદય એ વખતે થતો જતો હતો એ બતાવવા માગ્યું છે.

આર્યત્વ અને આર્યાવર્તનું આ તો આ કથામાં કરાવાયેલું દર્શન. 'પૌરાણિક નાટકો'થી માંડી આ કથા સુધીની કૃતિઓમાં એવું દર્શન કરાવવા જતાં એ આખી માળા આર્યાવર્તની મહાકથા બની ગઈ છે. એ મહાકથામાં જે પ્રચંડ માનવીઓની કથા કહેવી પડી છે તે મોટા પ્રમાણમાં ભૃગુશ્રેષ્ઠોની કથા બની ગઈ છે. ભાર્ગવ મુનશીને હાથે એટલી પૂર્વજ-પૂજા કે ગોત્રગારવગાન થાય એની નવાઈ ન ઉપજવી જોઈએ એ ખરું, પણ એમણે ભૃગુવીરોની ઇતિહાસ-માન્ય મહત્તા પ્રસ્તાવનામાં ગણાવી જઈ એનું પૂરું વાજબીપણું પણ સિદ્ધ કર્યું છે. ને એમ છતાં, અગસ્ત્ય, વસિષ્ઠ, વિશ્વામિત્ર આદિ વ્યક્તિવિશેષોનું ગૌરવગાન પણ ક્યાં નથી થયું ?

ગુજરાતીમા પ્રાચીન આર્યાવર્તનું સજીવ ચિત્ર આલેખવાની ૧૯૨૨માં પ્રકટ થયેલ 'પુરંદર પરાજય' નાટકથી માંડી ૧૯૪૬ની આ 'ભગવાન પરશુરામ' નવલકથા સુધીની કૃતિઓમાં મૂર્ત થતી રા. મુનશીની 'ઉલ્લાસમય તપશ્ચર્યા'ની સિદ્ધિ–અસિદ્ધિઓનું મૂલ્યાંકન એ કૃતિઓની આખી માળાનો અભ્યાસ કરી કોઈક કરવા જેવું છે. અહીં તો એટલું જ કહીએ કે આ કથાથી જેની પૂર્ણાહુતિ થાય છે એ 'વૈદિક ને પુરાણ કાળનાં દર્શન કરવાનો અને કરાવવાનો' તથા 'પ્રચંડ માનવીઓ ને પ્રચંડ પ્રસંગોનાં......સ્વપ્ના એમાં આલેખવાનો', બીજા શબ્દોમાં આર્યાવર્ત ને આર્યત્વની મહાકથા કહેવાનો, રા. મુનશીનો 'પ્રયત્ન' ઓછો મહત્ત્વાકાંક્ષી કે નાનોસૂનો ન હતો અને એની સિદ્ધિ પણ જેવી તેવી નથી.

*

કેળવણી અને ગ્રામોદ્ધારનું એક નવીન સ્વપ્ન

વલ્લભનગરની યોજના

લે : નિરીક્ષક

ગતાંકથી ચાલુ

તળપદી યોજના

ગામડાંમાં વોટરવર્ક્સ, ડ્રેનેજ, આસફાલ્ટના રસ્તા ને વીજળી આવશે, એમ જાણીને કેટલાક લોકો છળી ઊઠ્યા છે. તેઓ એવો આક્ષેપ કરે છે કે આ યોજના એક પરદેશી યોજના છે. પરિસ્થિતિમાંથી ઊગી નથી, પ્રજા ઉપર પરાણે લદાઈ છે.

આ યોજનાની ચારેબાજુથી તપાસ કર્યા પછી હું એવા નિર્ણય ઉપર આવ્યો છું કે આ યોજનાના દેહમાં અમુક વિદેશી તત્ત્વો હશે, પણ એનો આત્મા હિંદી છે. એની ઉપર થતા આક્ષેપો, અજ્ઞાન, રૂઢિચુસ્તતા અને પૂર્વગ્રહોને લઇને થાય છે.

આ યોજના શુદ્ધ સ્વદેશી છે, હિંદી છે, ગુજ-[illegible]ી છે, અને એથી આગળ વધીને કહું તો એ શુદ્ધ [illegible]ી છે. આ યોજનાનું હાર્દ જેને સમજવું હોય તેણે શ્રી. ભાઈલાલભાઈના પ્રિય પુસ્તક 'સરસ્વતીચંદ્ર'નો ચોથો ભાગ જોવો. એમાં આલેખેલી કલ્યાણગ્રામની યોજના વાંચવી શ્રી. ભાઈલાલભાઈ અહીં આગળ જાણેઅજાણે કલ્યાણગ્રામ ઊભું કરી રહ્યા છે. ચરોતરના એક મહાન સાક્ષરની સ્વપ્નભોમ, ચરોતરની ધરતી ઉપર સાક્ષાત્કાર પામે એવી એના સર્જકોની અભિલાષા છે. સાહિત્ય જીવન ઉપર કેટલી પ્રબળ અસર કરે છે, એનો આ એક દાખલો છે.

'આ 'ચરોતરી' યોજના છે, એનો અર્થ કોઈ એવો ન કરે કે 'ચરોતર ચરોતરીઓ માટે' એવા સંકુચિત સિદ્ધાંત ઉપર રચાયલી આ કોઇ ખાબોચિયા યોજના છે. ઊલટપક્ષે આ એક વ્યાપક યોજના છે. હું તો એટલું જ બતાવવા માગું છું કે આ યોજનાની ડાળો આકાશમાં જાય છે, પણ એનાં મૂળ તો ચરોતરની ધરતીમાં છે. બાકી તો યોજનાના સંચાલકોને મન ચરોતરી કે બિનચરોતરી, ગુજરાતી, દક્ષિણી, હિંદુ, મુસલમાન કે હિન્દી બિનહિન્દી એવો કોઇ જ ભેદભાવ નથી. વલ્લભવિદ્યાનગરને એક સાચું સંસ્કારધામ બનાવવા માટે હિંદુસ્તાનને ખૂણે ખૂણેથી, એટલું જ નહિ પણ ઇંગ્લંડ-અમેરિકાથી ય પણ વિદ્વાનો અને નિષ્ણાતોને બોલાવવાની વ્યવસ્થા થશે. પહેલી ખુલનાર કૉલેજના પ્રિન્સિપાલ સિંધી છે, અને ડી. એ. વી. કૉલેજના શ્રી. બુટાનીનું નામ જાણીતું છે. 'ચરોતર ગ્રામોદ્ધારક સહકારી મંડળ લિમિટેડ'ના પહેલા રૂ. ૫૦૦૦)ના શેર એક કાઠિયાવાડી શ્રીમંતે લીધા છે. એટલે આ કોઇ સંકુચિત યોજના નથી.

ચરોતરની પુનર્ઘટનાની પંચવર્ષી યોજના

'આ આખી યે યોજના પૂરી થતાં કેટલો સમય લાગશે?' મેં શ્રી. ભાઈલાલભાઇને પૂછ્યું.

'આ યોજનામાં ઈ. સ. ૧૯૪૬ અને ૧૯૪૭ એ રીતે પૂર્વતૈયારીનાં બે વર્ષ જશે. ત્યાર પછી પ્રજા જો મને પૂરેપૂરો સહકાર આપે, તો પાંચ જ વર્ષમાં આ કામ ઊકલી જાય. ઈ. સ. ૧૯૪૮ના જાન્યુઆરીમાં કામ શરૂ થાય અને ઈ. સ. ૧૯૫૨ના ડિસેમ્બરમાં કામ પુરું થાય.'

'પણ ધારો કે પ્રજા તરફથી સહકાર ન મળે, આજે છે એનો એ ઉત્સાહ કાયમ ન ટકી રહે તો શું?' મેં શંકા ઉઠાવી.

'મને જનતામાં શ્રદ્ધા છે. છતાં ય તમે કહો છો એમ થાય અને મોટાભાગનો બોજો મારે અને મારા સાથીઓને માથે આવી પડે તો પંદર વર્ષ થાય. કદાચ એથી વધારે પણ થાય.' પછી થોડી વાર મૂંગા રહી, ગંભીર થઇને એમણે મને કહ્યું: 'કદાચ એમ પણ બને કે યોજના પૂરી થાય ત્યારે મારી હયાતી ન પણ હોય. પણ એક પ્રજાના જીવનમાં પંદર વર્ષનો શો હિસાબ?'

આ યોજના શરૂ શી રીતે થઈ?

શ્રી૦ ભાઇલાલભાઈએ પોતાની નોકરીની શરૂઆત ગાયકવાડીમાંથી કરેલી. ત્યાંથી એ બ્રિટિશમાં ગયા,

અને ખાનદેશ, મહારાષ્ટ્ર અને સિંધમાં બધી નોકરી પૂરી કરી. સિંધમાં સક્કર બેરેજની ૨૦ કરોડની યોજનામાં એક મહત્ત્વના અંગ તરીકે ભાગ ભજવ્યો. એમણે એમની નોકરીની શરૂઆત ઓવરસીયર તરીકે કરેલી તે ચઢતા ચઢતા સિંધના સ્પેશ્યલ રોડ એન્જિનીઅર તરીકે નિવૃત્ત થયા. આ સમય દરમ્યાન એમણે એમની વિશિષ્ઠ શક્તિઓ અનેક કામોમાં બતાવી હતી. સિંધમાંથી એ અમદાવાદ મ્યુનિસિપાલિટીના મુખ્ય ઇજનેર તરીકે આવ્યા અને એ શહેરને સુધાર્યું. એ અરસામાં સરદારશ્રી વલ્લભભાઈ સાથે એમને એક વખત વાત થઈ.

સરદારશ્રીએ કહ્યું: "ભાઈલાલભાઈ! તમે તમારી બુદ્ધિનો શહેરોને ખૂબ લાભ આપ્યો. હવે ગામડાંને ક્યારે લાભ આપશો? "

શ્રી. ભાઈલાલભાઇએ કહ્યું: "હું આજે જ રાજીનામું આપી દઉં."

સરદારશ્રીએ કહ્યું, "ના, હમણાં નહિ, હજી અમદાવાદને તમારી જરૂર છે; પણ આપણે ભવિષ્યમાં મળીશું ત્યારે આ પ્રશ્ન ચર્ચીશું. ખેડૂત, ખેતી, અને ગામડાંનાં કલ્યાણ માટે તમે જો કોઈ યોજના કરો તો હું રાજી થઇશ."

પછી તો '૪૨ની લોકક્રાન્તિ આવી, સરદાર પકડાઇ ગયા, મ્યુનિસિપાલિટીની લડતમાં શ્રી. ભાઈલાલભાઈએ રાજીનામું આપ્યું, સરદાર છૂટયા ત્યારે એમની આગળ શ્રી. ભાઈલાલભાઇએ પોતાની યોજના રજૂ કરી. સરદારશ્રીની પ્રશ્નધારાની અગ્નિપરીક્ષામાંથી એ યોજના પસાર થઇ અને કામ શરૂ થયું.

ઈ. સ. ૧૯૪૪ના માર્ચમાં આખાયે ચરોતરના કેળવણીમાં રસ લેતા સજ્જનોની સભા બોલાવવામાં આવી. એમાં વિચારોની આપલે થઈ, અને લોકમત કેળવાયો; કેળવણીની સંસ્થાઓ માટે બસો વીઘાં જમીન મેળવવાનું નક્કી કરવામાં આવ્યું. જમીન માટે પ્રયાસ કરવામાં આખું વર્ષ ચાલ્યું ગયું. પછી એક સજ્જને એવી સૂચના કરી કે લોકોનો સ્વાર્થ નહિ હોય ત્યાં સુધી જાહેર કામ માટે મદદ કરવા બહુ ઓછા આગળ આવશે; એટલે જો અર્ધી જમીનના પ્લોટ પાડવાની ખાતરી અપાય તો જમીન મળી શકશે. સૂચના સારી હતી પણ એની પાછળની જવાબદારી બહુ મોટી હતી. આખું નવું નગર સર્જવાની જવાબદારી હતી. એ જવાબદારી સ્વીકારી લઈને આ પ્રકારની જાહેરાત કરવામાં આવી. એની અસર ચમત્કારિક થઈ. નાપાડ, વડોદ, મોગરના ઠાકોર, બાકરોલ અને કરમસદ તરફથી માગણીઓ આવી. એમાં કરમસદ સરદારશ્રી વલ્લભભાઈ અને વીર વિઠ્ઠલભાઈની જન્મભૂમિ હોવાથી સંસ્થાના બધા કાર્યકર્તાઓની પસંદગી એની ઉપર ઢળી. કરમસદ ગામ તરફથી ૫૦૦ વીઘાં જમીન મળી. એમાં બાકરોલના સજ્જનોના ઉત્સાહી આગ્રહથી ૩૦૦ વીઘાં ઉમેરાયાં. એ રીતે ૮૦૦ વીઘાં જમીન થઈ. એમાંથી ૩૦૦ વીઘાં કૉલેજો ખાતે રાખી છે. ૧૦૦ વીઘાં સંસ્થા પાસે રહેશે અને ૪૦૦ વીઘા રસ્તા કાપીને મૂળ માલિકોને પાછી અપાશે. આમ કરવાથી બંને પક્ષને લાભ થયો. સંસ્થાને લાખો રૂપિયાની જમીન મફત મળી. લોકોને ૧ના ૧૦ થયા.

પછીથી કામ શરૂ થયું. જે મુશ્કેલીઓ વચ્ચે આ કામ આગળ ચાલ્યું છે તેનું વર્ણન કરવાથી લેખનો ઝાઝો વિસ્તાર થાય, શરૂઆતના ૭ મહિના Table work એટલે લખાપટ્ટીમાં ગયા. પછીના ૭ મહિનામાં સક્રિય કામ થયું. માર્ચની ૧૮મીએ ભઠ્ઠામાથી પહેલી ઇંટ નીકળી. રસોડાંનાં વાસણ મેળવતાં એક મહિનો નીકળી ગયો. તેય પૂરાં ના મળ્યાં એટલે બાકીના શ્રી. ભીખાભાઈએ એમને ઘેરથી આપ્યાં. ઝૂંપડાં બાંધવા માટે વાસ, વળીઓ ને પાલા મેળવતાં ત્રણ મહિના નીકળી ગયા.

ઓગસ્ટ આખર સુધીમાં માત્ર ૭ જ વેગન માલ મળ્યો. અને લોઢુંલાકડું તો છેક ઓકટોબરમાં મળ્યાં. આ રીતે ડગલે ને પગલે કાળાં બજારનો રાહુ સંસ્થાઓની પ્રગતિને નડી રહ્યો છે. પણ સંસ્થાઓનું કામકાજ જેમ જેમ ગોઠવાય છે, તેમ તેમ એ સ્વાશ્રયી બનતી જાય છે.

આવડા મોટાં કામ કરનાર સંસ્થાઓની ઉદ્ઘાટન વિધિ સંસ્થામાં કામ કરનાર એક ભંગીભાઇને હાથે થઈ, ભઠ્ઠો એક ઢેડ કામદારે ખોલ્યો અને વર્ક-

શોપની ઉદ્ઘાટન વિધિ એક મુસ્લિમ કારીગરને હાથે થઈ. આ રીતે ટકા જ ડોળદમામ, ધાંધલ કે ઉહાપોહ વિના લાખ્ખો રૂપિયાનું કામકાજ યોજનાપૂર્વક આગળ વધી રહ્યું છે.

નવા અર્થશાસ્ત્રના ચમત્કારો.

વગર પૈસે કરોડોનાં કામ થઈ શકે એમ છે, એવી શ્રી. ભાઈલાલભાઈની વાત સૌ કોઈને હાસ્યાસ્પદ લાગતી. પણ કોઈ ભણેલા માણસને એ હાસ્યાસ્પદ લાગવી ના જોઈએ.

નાઝી જર્મનીએ જ્યારે પોલેન્ડ અને ફ્રાન્સ જેવી મહાસત્તાઓને પંદર પંદર દિવસમાં ઢાળી દીધી, ત્યારે પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટને ભારે અજાયબી થઈ. એણે પોતાના અર્થશાસ્ત્રીઓને પૂછ્યું કે : "આ કેવી રીતે બન્યું? જર્મની તો ભૂખડીબારસ દેશ છે!"

એના અર્થશાસ્ત્રીઓએ જવાબ આપ્યો કે : "પૈસાનો આપણે જે અર્થ કરીએ છીએ તે જર્મનો કરતા નથી. તેઓ મહેનત એટલે જ પૈસા એમ સમજે છે. હિટલરે પરિશ્રમ વ્યવસ્થિત કર્યો એટલે એનું પરિણામ આબાદીમાં આવ્યું"

એ જ રીતે રશિયા જેવા ગરીબ દેશે પણ સમાજવાદી તંત્ર હેઠળ આત્મોન્નતિ સાધી. જે વસ્તુ જર્મની અને રશિયામાં બની તે જ વસ્તુ હિંદમાં પણ બની શકે.

એ હકીકત સાચી છે કે, શ્રી. ભાઈલાલભાઈ સ્થાનિક આગેવાન છે. એમનું ક્ષેત્ર નાનું છે, અને પ્રજાના મરજિયાત સહકારથી જ જેટલું વધી શકાય તેટલું એમને આગળ વધવાનું છે.

પણ એટલા ઉપરથી એમનો સિદ્ધાંત ખોટો ઠરતો નથી.

એ એમ કહે છે કે, પૈસો=પરિશ્રમ+વ્યવસ્થા. પરિશ્રમ કરનાર લોકો હોય અને વ્યવસ્થા કરનાર બુદ્ધિ હોય તો પૈસાની ઝાઝી જરૂર રહેતી નથી.

એનો પહેલો ચમત્કાર આપણે સંસ્થાઓની જમીન બાબતમાં જોયો. લોકોના સહકાર અને સદ્ભાવથી, લોકો પાસેથી એક પાઈ પણ લીધા સિવાય, એમને સામેથી રળાવીને લાખ્ખો રૂપિયાની જમીન મફત મેળવી.

બીજો ચમત્કાર સંસ્થાઓના ઇજનેરી કામકાજનો છે. સંસ્થાના ઇજનેરો સ્ટાફને તેમ જ બીજા સ્ટાફને પૂરતો અને સંતોષકારક પગાર આપવામાં આવે છે, એનું એક પરિણામ એ આવ્યું છે કે સ્ટાફ પગારદાર છે. પણ ભાડૂતી નથી. નાનેથી મોટે સુધીના સૌ કોઈ રાતદિવસ જોયા વિના, કામના કલાકો કે પગાર વધારા માટે ઝઘડો નાખ્યા વિના, સંસ્થાના બે બિનવેતની કાર્યકર્તાઓ જેટલી જ ઝિંદાદિલીથી કામ કરે છે. સ્ટાફ પોતે જ બહારનું એટલું કામ ખોળી લાવે છે કે સંસ્થાઓનું તમામ ઇજનેરી કામકાજ મફત થાય છે, અને બહારના કામમાંથી સ્ટાફનો પગાર નીકળે છે.

ત્રીજો ચમત્કાર ગામડાંમાં વૉટરવર્ક્સ અને ડ્રેનેજ કરવાનો છે. લોકો કહે છે કે એ કામ અશક્ય છે. વાત સાવ સાચી. એક ગામમાં વૉટરવર્ક્સ ને ડ્રેનેજ કરવાં હોય તો ચાલુ વહીવટમાં દસ લાખ રૂપિયા જોઈએ. લોકો પાસે એટલા પૈસા નથી. એટલા પૈસા લોન કે દાન તરીકે આપવાની સરકારની શક્તિ નથી. એટલે આ પ્રશ્નમાં માથું મારવાની કોઈની છાતી ચાલતી નથી.

હવે એનું એ કામ આ નવી રીતે કરતાં બેત્રણ લાખમાં પતી જાય છે. કારણોમાં પ્રણેતાઓની જાતદેખરેખ, પ્રામાણિક, સંતુષ્ટ અને કુશળ સ્ટાફ, મોટા પાયા ઉપર ઉત્પાદન, ગામડાંને જોઈતી વસ્તુઓનું ગામડાંઓમાં જ ઉત્પાદન, કરકસરભર્યો વહીવટ, ધુમારશાહીનો અભાવ, કામકાજની અસાધારણ ઝડપ, અને સરકારી લાંચરૂશવત, વેપારી કાળાં બજાર અને ગામપટેલોની ખટપટમાંથી મુક્તિ.

આ રીતે ૨/૩ પૈસાનો પ્રશ્ન ઊકલી ગયો. પણ બાકીના બેત્રણ લાખ રૂપિયા કાઢવા ક્યાંથી? એને માટે ગામમાંથી એક શ્રીમંત ઊભો કરવો, જે અર્ધી રકમ આપે, બાકીની રકમ ગામલોકો ઊભી કરે, ગામેગામ, શરાફો, સહકારી બેંકો પોસ્ટ ઑફિસના સેવિંગ ખાતામાં કે સરકારી લોનોમાં લોકોનાં નાણાં પડ્યાં હોય છે. એ પૈસા ત્યાંથી ખસેડી "ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળ લિમિટેડ"ના શેર લેવા. આ શેર ઉપર

૩ % વ્યાજ મળે. એટલે લોકોને એનું એ જ વ્યાજ મળે, મૂડી સલામત રહે, દાનધર્મ કરવાનો નહિ. અને કામ પાર પડે. આ રીતે જોઈએ તો શ્રી. ભાઈલાલભાઈની વ્યવહારૂ બુદ્ધિથી જે યોજના કાગળ ઉપર દશ લાખની દેખાય છે તે જ યોજના મફત પાર પડે છે. લોકોને દશ લાખનાં વોટરવર્કસ અને ડ્રેનેજ મફત મળે છે. પછી એમને દર મહિને એક કનેકશન દીઠ ૨–૩ રૂપિયા ટેક્સ આપવાનો રહે. સંસ્થાની આર્થિક વ્યવસ્થા એવી છે કે ૩૦ વર્ષે નવા વોટરવર્ક્સ કે ડ્રેનેજ કરવાં પડે તો તે પણ લોકો પાસેથી નવા પૈસા લીધા વગર થાય.

પણ ધારો કે જે ગરીબ ગામો પાસે એટલી ય રકમ ન હોય તેનું શું?

એમનું કામ પછીથી થશે. સંસ્થાઓ ખોટ ખાઈને પણ એવા ગામોનું સેનીટેશન સુધારશે. સાધનસંપન્ન ગામોમાં ય ગરીબ લોકો માટે જાહેર નળ થશે. તેમ જ જાહેર જાજરૂ, મૂતરડી અને હમામખાનાં થશે.

પૂર્વતૈયારીનાં પહેલાં વર્ષની પ્રગતિ

ગઈ દિવાળીએ શ્રી. ભાઈલાલભાઈએ, જ્યારે ધોળે દિવસે માણસને લૂંટી લે એવી એ ભયંકર જગ્યાએ, પોતાના સાથીદારો સાથે, ડેરાતંબુ તાણ્યા, ત્યારે એમની પાસે મૂડીમાં સરદારસાહેબના આશીર્વાદ, એક ભવ્ય સ્વપ્ન, એને પાર પાડવાનો નિર્ધાર, બે ખાદીનાં ધોતિયાં, અને ચાર ખાદીનાં પહેરણ હતાં. ગજવામાં એક આનાના પણ પૈસા ન હોતા.

આજે એ જે સંસ્થાઓનું અધ્યક્ષ છે તેમની સ્થિતિ નીચે મુજબ છે:

સંસ્થાઓની પોતાની ૨૦ લાખ રૂપિયાની જમીન છે. એની કીમત ભવિષ્યમાં ઘણી જ વધશે.

અત્યાર સુધીમાં ચાર લાખ રૂપિયા ખર્ચાઈ ગયા છે.

વર્કશૉપ, ગોડાઉન, કન્યાઓનું છાત્રાલય પ્રિન્સિપાલનો બંગલો અને દુકાનો બંધાઈ ગયાં છે. અમદાવાદ શહેરમાંથી ૩૫ જગ્યાએથી લોઢું ભેગું કર્યું ત્યારે વર્કશૉપ બંધાયો.

આર્ટ્સ-સાયન્સ કોલેજ ઝપાટાબેર બંધાઈ રહી છે અને પ્રિન્સિપાલ આવી બેસી ગયા છે. આવતા '૪૭ના જૂનમાં તો કોલેજ ચાલુ થાય છે.

૨૦૦ માણસોનો સ્ટાફ કામકાજ કરે છે. એમાં મજૂર કડિયાથી ઇજનેર સુધી સૌ કોઈ આવી જાય છે. એમને નિયમિત રોજ અને પગાર ચુકવાય છે. દિવાળી પછી આ સ્ટાફ વધારીને ૫૦૦ માણસોનો કરવાના છે.

ભઠ્ઠી દરરોજની ૧૦,૦૦૦ ઈંટ કાઢે છે. દિવાળી પછી એક દિવસની ૪૦,૦૦૦ ઈંટ કાઢશે.

વગર પ્રચારે ચરોતરને ગામડે ગામડે આ નવા સ્વપ્નનો આશાસંદેશ પહોંચી ગયો છે.

૨૦×૨૦ની દુકાનનું માસિક સો રૂપિયા ભાડું વેપારીઓ આપવા તૈયાર છે, અને બાર મહિનાના પૈસા ડિપોઝિટ તરીકે આપી ગયા છે.

શેર ઉપર પહેલે જ વર્ષે ૩ % વ્યાજ અપાયું છે.

લોકોનો ઉત્સાહ પૂરો છે એવો એકે દિવસ જતો નથી, કે જ્યારે દાન કે શેરખરીદી તરીકે લોકો પૈસા ન આપી જતા હોય. સિમેન્ટ માર્કેટિંગ કંપનીએ સો ટન સિમેન્ટ મફત આપ્યો છે. જુદા જુદા ભાઈઓ તરફથી મોટર, એન્જિન તિજોરી, લાકડું, લોઢું વગેરે ભેટોનો પ્રવાહ વહી રહ્યો છે.

આણંદ મ્યુનિસિપાલિટી, એલેમ્બિક કેમિકલ વર્ક્સ અને વડોદરા રાજ્ય સંસ્થાના નિષ્ણાત ઇજનેરોની સલાહ ફી આપીને લેવાય છે.

વલ્લભવિદ્યાનગરનું દશ લાખનું, આણંદ મ્યુનિસિપાલિટીનું દશ લાખનું, બોડનું ત્રણ લાખનું કરમસદ અને ચીખોદરાનું બબ્બે લાખનું, વાસદનું દોઢ લાખનું એ રીતે લગભગ ૩૦ લાખના, વોટરવર્ક્સ ડ્રેનેજનાં કામ સંસ્થાએ શરૂ કર્યાં છે, અને એને માટે સંસ્થાના ઇજનેરો કામ કરી રહ્યા છે.

અસંખ્ય મુશ્કેલીઓ મુશ્કેલીઓ વચ્ચે આ કામ થયું છે. આવતા વર્ષની પ્રગતિ આથી ઘણી વધારે હશે, અને ત્યાર પછી તો મહિને મહિને પ્રગતિ જોઈ શકાશે.

લોકોની ગેરસમજ

આ યોજનાની પહેલી ઈંટ નહોતી ચંપાઈ, ત્યારે જ શ્રી. સરદારસાહેબની કુશાગ્ર બુદ્ધિને એનું રહસ્ય સમજાઈ ગયું, અને એની સંગીનતા ને સફળતા માટે સોએ સો ટકાની ખાતરી થઈ. પણ આજુબાજુનાં ગામડાંઓના લોકોને ગળે આ વાત નહોતી ઊતરતી.

ગામડાંમાં એક ઘર કરતાં ત્રણ પેઢી નીકળી જાય, અને હાઈસ્કૂલ કે ધર્મશાળા જેવું જાહેર હિતનું કામ હોય તો અંદર અંદરની ખટપટને લીધે દશકો વહી જાય. એટલે લોકો પોતાના તોલમાપથી આ નવી યોજનાને માપે એમાં એમનો દોષ નહોતો.

હવે એક વરસનું કામ જોયા પછી બધો ય લોકમત વિરુદ્ધ દિશામાં ગયો છે.

નરસિંહ મહેતાની હૂંડી

ગઈ સાલ મેં શ્રી. ભાઈલાલભાઈને પૂછ્યું કે: "તમે આવડું મોટું કામ તો ઉપાડ્યું છે પણ તમારી પાસે પૈસા મેળવવાનો કોઈ "પ્લેન" છે કે નહિ?"

એમણે જવાબ આપ્યો: 'પ્લેન' વળી શો! નરસિંહ મહેતાએ હૂંડી લખી ત્યારે એમની પાસે કયો 'પ્લેન' હતો? હું તો હૂંડી લખીને બેઠો છું, હવે મારે શી ફિકર?"

મારે ગળે એ વાત ને ઊતરી એક બાજુ વિજ્ઞાન, યંત્રો, સેનીટેશન ને બુદ્ધિવાદની વાતો અને બીજી બાજુ નરસિંહ મેહતાની હૂંડી!

હવે એક વરસનું કામ જોયાં પછી મને એ વાતમાં વિશ્વાસ બેસે છે. જનતાજનાર્દને એમની હૂંડી સ્વીકારી છે.

લોકો સંસ્થાઓને કઈ રીતે મદદ કરી શકે?

(૧) 'ચારુતર વિદ્યામંડળ'ના સભાસદ થઈને. એના વર્ગો ને લવાજમ નીચે મુજબ છે:

(ક) મુરબ્બી: રૂ. ૫૦૦૦ (ગ) દાતા: રૂ. ૫૦૦
(ખ) ઉપમુરબ્બી: રૂ. ૧૦૦૦ (ઘ) સભ્ય: રૂ. ૨૫૦

(૨) આમોદ્ધાર સહકારી મંડળના શેર લઈને. એક શેરની કીંમત રૂ. ૧૦૦) છે. ત્રીસથી વધારે શેર એક માણસને નામે આપવામાં આવતા નથી. શેર ઉપર ૩ % વ્યાજ મળે છે. દરેક સભાસદને રૂ. ૧) દાખલ ફી આપવી પડે છે.

(૩) ૩ % ના વ્યાજે આમોદ્ધાર મંડળમાં બાંધી મુદ્દતની થાપણો મૂકીને.

સંસ્થાઓ લોકોને કઈ રીતે મદદ કરી રહી છે?

(૧) વલ્લભવિદ્યાનગરમાં જે લોકો પ્લોટ વેચવા કે ખરીદવા માગતા હોય તેમને તે સમવડ મંડળ તરફથી કોઈ પણ જાતનું મહેનતાણું લીધા સિવાય કરી આપવામાં આવે છે.

(૨) આજુબાજુના પ્રદેશના લોકોને ઘર બાંધવાનો સામાન કિફાયત ભાવે પૂરો પાડે છે.

(૩) મંડળના નિષ્ણાત ઇજનેરોને સલાહ નીચેની શરતોએ મળે છે:—

(ક) કોઈ પણ બાંધકામના પ્લેન અને એસ્ટીમેટ તૈયાર કરી આપવા બદલ એસ્ટીમેટનો ૧½ % લેવામાં આવે છે.

(ખ) કોંટ્રાક્ટરને આપેલા કામકાજ ઉપર મંડળના ઇજનેરની દેખરેખ માટે એસ્ટીમેટ ઉપર .૫ % ચાર્જ લેવામાં આવશે.

(ગ) પ્લેન, એસ્ટીમેટ, તેમ જ માલસામાન વગેરે ખરીદી બાંધકામનું બધું જ કામ મંડળને કરવાનું હશે. તો કુલ ખર્ચના ૧૦ % વધારાના લઈ તે કરી આપવામાં આવશે.

આ સંસ્થાઓનો "ઑફિશિયલ" રિપોર્ટ નથી. "ઊર્મિ"ના તંત્રીશ્રીએ મને આજ્ઞા કરી કે મારે વલ્લભવિદ્યાનગર જઈને બધું જોઈ આવવું, અને ત્યાંના કામકાજનો અહેવાલ "ઊર્મિ"ના વાંચકો માટે રજૂ કરવો. હું ત્યાં જઈ આવ્યો, અને એક જૂત-વિવેચક તરીકે મારા મન ઉપર પડેલી છાપ હું અહીં રજૂ કરું છું.

સંસ્થાઓ વિષે "ઑફિશિયલ" માહિતી મેળવવાની જેમની ઇચ્છા હોય તેમણે—

શ્રી૦ ભીખાભાઈ કુબેરભાઈ પટેલ.
મંત્રી: ચારુતર વિદ્યામંડળ,
વલ્લભવિદ્યાનગર—આણંદ.
એ સરનામે પત્રવ્યવહાર કરવો.

જેઓ જાતે જઈને બધું કામકાજ જોવા માગતા હોય, તેમણે આણંદ–ખંભાત રેલ્વે ઉપર આવેલા કરમસદ સ્ટેશને ઊતરવું. ત્યાંથી ૧।–૧॥ માઈલ ઉપર વલ્લભવિદ્યાનગર રચાઈ રહ્યું છે, સ્ટેશને સંસ્થાઓની મોટરો માલસામાન વહી જતી હોય છે, જેમાં બેસીને ત્યાં જઈ શકાય છે. સંસ્થાઓનું અતિથિગૃહ ત્યાં છે, પણ ત્યાં એકાદ બે દિવસ રહેવા ઇચ્છનારે સાથે પોતાનો બીસ્તરો અવશ્ય લઈ જવો.

સંસ્થાઓને અત્યારે ઇજનેરો, ઓવરસીયરો, ક્રાફ્ટસમેનો વગેરેની જરૂર છે, તો ઉપર જણાવેલે સરનામે સંસ્થાઓના મંત્રીને પોતાની લાયકાત દર્શાવીને અરજી કરવા જેવું છે.

ગરોળીનાં ઈંડાં

શ્રી શરદિન્દુ બંદ્યોપાધ્યાય
અનુવાદક : રમણિક મેઘાણી

શિયાળાની એક સાંજે અમે કેટલાક મિત્રો કલબમાં બેઠાં બેઠાં રાજકારણની ચર્ચા કરતા હતા, જોકે અમારી કલબમાં રાજકારણ ચર્ચવાની મનાઈ હતી, કારણ બિહારમાં રહીને બંગાળીઓએ જો મંડળો સ્થાપવાં હોય તો નિયમ લેખે આવા કેટલાક નિયમો રાખવા જ પડે છે.

ચર્ચા ધીરે ધીરે બે સભ્યો વચ્ચેના વાગ્યુદ્ધમાં પરિણમી. અમે સહુ ધ્યાનપૂર્વક એ સાંભળતા હતા. પૃથ્વી બોલ્યો, "ગમે તેમ કહો પણ માત્ર ગાંધીટોપી પહેર્યે જ દેશભક્ત નથી થવાતું. ગાંધી ટોપીધારી સુની બોલ્યો, "ના, થઈ શકાય છે. બંગાળના સાત લાખ માણસો જો ગાંધી ટોપી પહેરતાં થઈ જાય તો ઓછામાં ઓછી એક કરોડ વાર ખાદીનું વેચાણ થાય, ને એની કિંમત વધુ નહિ તો બે ત્રીસ લાખ રૂપિયા તો થાય જ. એ રૂપિયા દેશવાસીઓના પેટમાં પડે એટલું તો દેખીતું જ છે."

"એ હશે પણ ટોપી પહેરવાથી બંગાળીઓની વિષમતા નાશ પામશે, પછી ભલે એ ગમે તે ટોપી હોય. ઉઘાડું માથું એ જ બંગાળીની વિશેષતા છે." પૃથ્વીએ કહ્યું.

"જો એ વિશેષતાના જોરે જ બંગાળીઓ ટકી રહેવા માગતા હોય તો તે એમણે દોરડું બાંધી લટકી જવું જ બહેતર છે." સુનીએ રોષભર્યા અવાજે કહ્યું.

આખે ટેબલના ખૂણા પાસે બેઠેલો વરદા ઊંચે છતના મોભ તરફ તાકી રહ્યો હતો. એણે ઓચિન્તાનો પ્રશ્ન કર્યો કે "તમે ગરોળીને કદી હસતાં જોઈ છે ?

આ અણધાર્યા પ્રશ્નથી બંને ચર્ચાખોર થોડી વાર માટે અવાક થઈ ગયા. ને પછી અમે સૌ એકીસાથે ખડખડાટ હસી પડ્યા.

હાસ્ય અટકતાં વરદા બોલ્યા, "હસવાની વાત નથી. હું દાદા પરદાદાનાં હાંકયે રાખું છું કહી તમે મને વગોવો છો એ જાણું છું. પણ એમાં તો નિન્દ-કોની જ નિન્દા છે. માત્ર ગાંધી ટોપી પહેર્યે દેશોદ્ધાર થાય કે નહિ તે તો હું નથી કહી શકતો, પણ ગયા જઈને પિન્ડદાન દીધે બંધાયેલા જીવાત્મા મુક્તિ પામે છે. એનું ખરેખરું પ્રમાણ જોતું હોય તો તે હું આપી શકું તેમ છું.

સૌએ જાણ્યું કે એકાદ વાર્તા માથે તોળાઈ જ રહી છે. અને ઊભો થઈને અમૂલ્ય બોલ્યો, "હવે માંજાનું શ્રાદ્ધ થવાનું. હું તો ભાઈ ઘેર જાઉં છું," ને બારણાં સુધી જઈ પાછો વળીને તે બોલ્યો, "જુઓ, કલબનું અને આપણાં સૌનું કલ્યાણ ઇચ્છતા હો તો આ વરદાને કલબમાંથી ગડગડિયું આપો. નહિ તો માત્ર ગપ્પાંના ધુમાડાથી આપણી આ કલબને કયારેક ફુગાની જેમ શૂન્યમાં ઊડી જશે." ને આટલું બોલી ધમ ધમ કરતો એ ચાલ્યો ગયો.

એક ઊંડો નિસાસો મૂકી વરદા બોલ્યો, "સાચું કહેનારાની દશા આવી જ થાય છે. ઈશુને તો એ માટે ક્રોસે જડાવું પડેલું. વારુ રૂપી, એક સિગાર લાવ તો!'

'સિગાર તો નથી, બીડી છે, પીવી હોય તો આપું.' રૂપીએ જવાબ આપ્યો.

અને બીજો એક ઊંડો નિસાસો મુકતાં મુકતાં એ બોલ્યો, "રહેવા દે, જરૂર નથી; જોઉં કદાચ મારા ખિસ્સામાં એકાદ......"

ને ખિસ્સામાંથી સિગાર કાઢી એને ચેતાવતાં વરદાએ વાત શરૂ કરી, "વાત એટલી તો સામાન્ય છે કે તમારી પાસે એ રજૂ કરતાં મને સંકોચ થાય છે, પણ જ્યારે તમે સહુએ એ સાંભળવી એમ નક્કી જ કર્યું છે ત્યારે કહી નાખું છું."

'માત્ર માણસ જ મરીને ભૂત થાય છે એવું નથી. પશુ-પંખી એટલે સુધી કે કીટ-પતંગ સુદ્ધાં મૃત્યુ પછી પ્રેત યોનિમાં જાય છે, એની સાબિતી મને એકવાર મળી છે.

'હજુ થોડા વખત પહેલાંની જ વાત છે. માંડ બે વરસ એને થયાં હશે. ત્યારે રજાના દિવસો હતા.

કામકાજની ચિંતા નહોતી; એથી નચિંત મને મોપાસાંની વાર્તાઓ ફરી ફરીને વાંચતો હતો. આપણે ત્યાંના અકાળે પાકટ થઈ ગયેલા યુવાન સાહિત્યકારોએ મોપાસાંનો દોષ સોળેસોળ આના ગ્રહ્યો છે, પણ એના ગુણોનો તો એકાદ અંશ પણ ગ્રહ્યો નથી, બલ્કે તેઓ તે જાણી જ શકયા નથી. 'ખિસ્સાં ખાલી ને ભપકા ભારી' એ આનું જ નામ.

'પણ જવાદો એ વાત. એ રાત્રે ખુરશી પર બેઠો બેઠો સામેના ટેબલ પર ઝુકી તલ્લીન થઈને હું વાંચી રહ્યો હતો. ઘાસલેટિયો લેમ્પ મોટી વાટે બળતો હતો. ઓચિંતી આંખ ઊંચી કરીને જોયું તો એક મોટી એવી ગરોળી કોણ જાણે કયારની યે મારા ટેબલ ઉપર ઊતરી આવી જીવડાંઓને મોક્ષધામ પહોંચાડી રહી હતી. એની આવી હિંમત જોઇ હું અવાક જ બની ગયો.

'દુનિયામાં બધાયે જનાવરોમાં સહુથી વધુમાં વધુ ચીતરી ચડે એવું જાનવર હોય તો તે ગરોળી છે એમ મને લાગે છે. કરોળિયો, વંદા, કાચબા અરે દેડકાં સુદ્ધાંને હું સહન કરી શકું છું. પણ આ ગરોળી! જાણો છો, ગરોળીને એક કાનથી બીજા કાન સુધી આરપાર જોઇ શકાય છે! એની પૂંછડી કાપી નાખીએ તો એ પૂંછડી પણ આપમેળે કૂદકા મારતી રહે છે! મુદ્દે વાત એટલી જ કે ગરોળીને જોતાં જ કોણ જાણે કેમ વિના કારણે મારામાં ભયનો સંચાર થાય છે. પેટ ખાલી ખાલી લાગવા માંડે છે ને માથું વિચિત્ર રીતે ધ્રૂજવા લાગે છે. તમને હસવું આવશે પણ હસવાની વાત નથી. ડયૂક ઑફ વેલિંગ્ટનનો બિલાડો જોતાં સહુને આવું જ થતું *

'જે હો તે. મારા ટેબલ પર એ ગરોળીને સ્વચ્છંદે વિહરતી જોતાં જ હું ભડાક કરતો ખુરશી પરથી ઊભો થઇ ગયો. ને પછી દૂર રહ્યો રહ્યો એને હાંકી કાઢવા પ્રયત્ન કરવા લાગ્યો. એ માથું ઊંચું કરી થોડી વાર મારી તરફ તાકી રહી ને પછી દાંત બહાર કાઢીને એકવાર હસી પડી.

* વરદા ભૂલ્યા છે. ડયૂક ઑફ વેલિંગ્ટન નહિ પણ લૉર્ડ રૉબર્ટ્સ જોઈએ.

'એથી જ તમને સૌને પૂછતો હતો કે કદી ગરોળીને હસતી દીઠી છે? ગલુડિયાંના, બિલાડીના, અને શિમ્પાન્ઝીના હાસ્ય વિષે ઘણું ઘણું જાણ્યું—વાંચ્યું છે. પરંતુ ગરોળીના હાસ્ય વિષે કયાંય કંઈ વાંચ્યું હોય—કંઇ—લોકવાયકા સુદ્ધાં સાંભળી હોય એવું યાદ નથી આવતું.

'એ ગરોળીના મોઢામાં લગભગ પચાસ હજાર દાંત હોય એમ લાગતું હતું એનું એ હાસ્ય સ્પષ્ટ અવજ્ઞાસૂચક હતું. જાણે એ કહેતી હતી કે, કેમ! મને જોતા જ ખુરશી છોડીને નાઠાને! દૂરથી બડાઇ કરતાં લજવાતા નથી?

'બહુ રોષ આવ્યો. નાની એવી આ ગરોળી—ભલે ને એ છ ઇંચ લાંબી રહી!—મારા જ ટેબલપર ચડીને મને જ આટલી તુચ્છકારે છે! અને એક ભારે એવું થોથું જોઈને, બનતાં સુધી વેબસ્ટર ડીક્સનેરી જ ઉપાડીને ટેબલ પર મેં ધડામ દેતી પડતી મૂકી. એ વીજળીની જેમ પાછી વળી ગોળ ગોળ આંખો કાઢી મારી સામે જોઇ રહી, ને બે મિનિટ પછી ફરીને એના એ જ પચાસ હજાર દાંત બહાર કાઢીને હસી.

'મારી પત્ની પડદાની તડમાંથી બાજુના ઘરમાં ઊભી ઊભી મારું આ શબ્દભેદી યુદ્ધ જોતી હતી. બંગડીના અવાજથી એ બાજુ જોયું તો એ પણ મૂંગી મૂંગી હસતી હતી. ગરોળી અંગેની મારી આ નબળાઇ એ પહેલેથી જાણતી હતી.

'ક્રોધથી હું અંગેઅંગ બળી રહ્યો. ડિક્સનેરી હાથમાં જ હતી. બે હાથ વડે એને ઊંચે તોળી, ગરોળી ઉપર જ બરાબર નિશાન લઈ મેં એ અદ્ધરથી ટેબલ પર ઝીંકી. હોહા મચી ગઈ. લેમ્પ ઊંધો વળતાં ચિમની ખનનન કરતી ફૂટી ને ઘરમાં અંધકાર થઈ ગયો. મા રસોડામાંથી આ અવાજ સાંભળી દોડતી આવી. મારા નાના ભાઇ પાંચુનો હિન્દુસ્તાની શિક્ષક બહારના ઓરડામાં બેસી તેને ભણાવતો હતો એ 'કયા હુઆ! કયા હુઆ?' કરતો હો હા કરવા લાગ્યો.

'અંધારામાં ઊભો ઊભો હું ડરતો હતો કે પેલી ગરોળી કયાંક ટેબલ પરથી ઉતરીને મારા શરીરે ચડવા ન માંડે!

'નોકર રઘુ ઊંચે શ્વાસે ફાનસ લઈ હાજર થયો ને મેં જોયું તો ભાંગેલા કાચની વચ્ચે જબ્બર ડ્રિકસનેરીની નીચેથી માત્ર એનું મોં જ બહાર દેખાતું હતું. ધડ દબાઈને સાથવો બની ગયું હતું. માથું તદ્દન સલામત હતું. જાણે ભારે થોથા તળેથી માથું આગળ લાવી એ મને જોતી હતી ને અગણિત દાંત બહાર કાઢી એક અત્યંત દાનવી હાસ્ય હસતી હતી.

'હું પગથી માથા સુધી બે ચાર વાર ધ્રૂજી ઊઠયો. ચીતરી ચડે એવા એ મૃત દેહ ફેંકી દેવાનો હુકમ કરી, હું જઇને પથારીમાં પડયો. એ રાત્રે પછી વાળુ કરવાની રુચિ જ ન જન્મી.

'રાત્રે ઊંઘમાં વચ્ચે વચ્ચે અનેક દુઃસ્વપ્નો ફરી ફરીને આવતાં રહ્યાં. અને ભાનમાં આવી પકડાતાંયે નહોતાં. તેમજ કંઈ નથી કહી ઉડાડી મૂકી શકાતાંયે નહોતાં. સવારે જ્યારે પથારીમાંથી ઊભો થયો ત્યારે શારીરિક કે માનસિક તાઝગી જરાયે નહોતી.

'કંટાળાભર્યા ચિત્તે બહારના ઓરડામાં બેઠો બેઠો ચા પીતો હતો ત્યાં ઓચિન્તી નજર સામે ટેબલ પર પડી. જોયું તો ત્યાં બે નાનાં નાનાં ઈંડાં બાજુ-બાજુમાં પડ્યાં છે. દેખાવમાં બરાબર ખડી ચોપડેલાં ઝીણાં કરમદાં જેવાં લાગ્યાં. એ પહેલાં કદીયે ગરોળીનાં ઈંડાં જોયાં ન હતાં. છતાં એને ઓળખતાં મને જરાયે વાર ન લાગી કે એ એનાં — ગરોળીનાં ઈંડાં જ છે.

'બૂમાબૂમ કરી નોકરોને પૂછા કરી કે અહીં કોણે એ મૂક્યાં છે? પણ કોઈ જ કંઈ ખુલાસો કરી શક્યું નહિ. મારઝૂડની બીક દેખાડ્યા છતાં કોઈની પાસેથી કંઈ વાત કઢાવી ન શક્યો, ત્યારે મને પશા ઉપર ગઝબની શંકા આવી. હું એના ઉપર ઊતરી જ પડ્યો. બહુ બહુ કર્યાં છતાં ય એ કંઈ જ કહી ન શક્યો, આખરે એ રડી પડ્યો. પણ ગુનો મેં કર્યો છે એમ ન બોલ્યો. દંડ તરીકે એ બેઉ ઈંડાં બહાર ફેંકી દેવાનું ફરમાન કરી હું વિચારમાં પડ્યો.

'મને ડરાવવાના હેતુથી જ કોઈએ આ કાવતરું રચ્યું હોવાની શંકા મારામાં ઘર કરી ગઈ હતી. થોડી વારે ટેબલનું ચાવી દીધેલું ખાનું ખોલીને જોઉં છું તો તેમાં પણ બે ધોળાં ધોળાં નાનાં નાનાં ઈંડાં દેખાયાં, ને ત્યારે મને એવો તો આંચકો લાગ્યો કે વાત જ ન પૂછો! આ શું? અહીં વળી આ કોણ મૂકી ગયું?

'પછી તો જોતજોતામાં આખા ઘરમાં આ ઈંડાંઓની છૂટે હાથે લાણી થઇ હોય એમ લાગ્યું. જ્યાં જ્યાં નજર નાખું, જ્યાં જ્યાં હાથ મૂકું, ત્યાં બધે જ ઈંડાં ને ઈંડાં જ દેખાતાં હતાં. આખી દુનિયાની તમામ માદા ગરોળીઓએ જાણે એકાએક સંપી જઈને સર્વત્ર ઈંડાં મૂકવાં શરૂ કરી દીધાં હતાં.

'એ રીતે લગભગ બે દિવસ ચાલ્યું. હું એવો તો ત્રાસી ગયો હતો કે એકાએક ક્યાંય હાથ મૂકતાં સુદ્ધાં હું ડરવા લાગ્યો. કદાચ ત્યાંથી યે ગરોળીનાં ઈંડાં નીકળી પડે તો!

'પણ બીજાઓ માટે આ વાત એવી તો મામૂલી હતી કે હું ખુલાસો કરી કોઈને કંઇ કહીયે ન શકતો. ગરોળીનાં ઈંડાં! એમાં શું? એનો જવાબ આપવો મુશ્કેલ હતો. મને પોતાને પણ એ વાત સમજાવવામાં ન ફાવ્યો. ઊલટાનું મનમાં થયા કરતું કે આ બરાબર નથી, સ્વાભાવિક નથી, ક્યાંક નક્કી કંઈક ભૂલ છે.

'પરંતુ માત્ર એક ગરોળીને આમ કમોતે મારી નાખવાને કારણે જ આ બધું થાય છે એ સહજ-બુદ્ધિથી માન્યામાં નહોતું આવતું. તો પછી આનું કારણ? બહુ બહુ વિચાર કર્યા પછી હું એ નિર્ણય પર આવ્યો કે મેં પેલે દિવસે જે ગરોળાને અત્યંત અન્યાયપૂર્વક મારી નાખ્યો હતો. તેની ગર્ભવતી વિધવા જ વિરહ વેદનાએ અસ્થિર બની ચારેબાજુએ ઈંડાં મૂકતી ફરે છે. આ સિવાય બીજું હોઈ પણ શું શકે?

'ઘેર બેઠાં બેઠાં જ્યારે મનને કંઇ જ ચેન ન પડ્યું ત્યારે થયું કે ચાલ કલબમાં જાઉં. અહીં આવ્યો. પણ કલબ લગભગ બંધ જેવી જ હતી. તમે કોઈ નહોતા. દરવાન પાસે બારણું ખોલાવી આ ઓરડામાં જ આવીને બેઠો. ટેબલ પર રજકણનો આછો થર જામ્યો હતો. સિગારેટ ચેતવી દીવાસળી એશટ્રેમાં નાંખવા જાઉં છું તો તેમાં રાખની વચ્ચોવચ્ચ બે ધોળાં ઈંડાં. ને તુરત જ હું પેર પાછો ચાલ્યો ગયો.

'બારણામા પ્રવેશતા જ બા સામે મળી મારી સામે જોઈ રહીને બોલી, કેમ ભાઈ આ થોડા દિ'થી તારુ મો આવુ પડી ગયેલુ કેમ લાગે છે? શરીરે ઠીક નથી કે શુ?'

'મે કહ્યુ, 'હા, આ જરાક ..'ને એટલુ બોલતા બોલતા હુ પાછો બહાર નીકળી ગયો'

'વાત ધીરે ધીરે વધતી જતી હતી એમા શક નહોતો કદાચ પેલી ગરોળીની માદા વધુ ઈંડાં મૂકતી હશે તેમ કહી વાત ઉડાડી દેવી એ પણ સહજ નહોતું આ બીજુ કંઈ જ નહોતુ નક્કી ભૂત-ઈંડાં-ભૂત જ હતુ પેલી પ્રતિહિંસાપરાયણ ગરોળી પ્રેતયોનિમાં જઈ મને ડરાવતી હતી અને એની ભૌતિક બુદ્ધિથી એણે જાણી લીધુ હતુ કે આ ઈંડા-ભૂત સિવાય બીજા કશાથી હુ ડરુ એમ નથી

'પ્રાણી માત્ર પ્રત્યે દયા દર્શાવવાનું આપણા શાસ્ત્રોમાં શા માટે સૂચવવામા આવ્યુ છે, અને એક સામાન્ય બકરાનો જીવ બચાવવા ભગવાન બુદ્ધ પોતાનો પ્રાણ સુદ્ધા આપવા કેમ તૈયાર થયેલા તે મારી આ વાત સાભળ્યા પછી તમને ન સમજાય તો નક્કી માનજો કે તમારા કર્મમા કુમ્ભીપાક નર્ક અનિવાર્ય છે મુદ્દે મારા મનમા ઘોર પશ્ચાત્તાપ થતો હતો અસખ્ય દાતોવાળી એ મૃત ગરોળીને ઉદ્દેશીને હુ બોલતો હતો કે 'હે પ્રેત! હે અવલબનવિહીન વસુભૂત! ઘણુ થયુ હવે ખમૈયા કરો તમારી ઈંડા-લીલાને હવે સમેટી લો-કૃપા કરી એને પાછા ખેચી લો!

'પણ એને પાછા કોણ ખેચે? રાત્રે વાળુ કરવા બેસતા ભાતનો કોળિયો લેતા જ જોયુ તો બે બરાબર પાકી ગયેના ઈંડાં! ધ્રુજતે અગે હુ આસન પરથી ઊભો થઈ ગયો બા બોલી ઊઠયો કેમ? શુ થયુ?'

'હુ થરથર કપતો હતો માડ માડ કપને શમાવી મે કહ્યુ, કઈ નહિ! અમસ્થો જ ભૂખ નથી'

'જઈને પથારીમા પડયો આળોટતા આળોટતા સાભળ્યુ બા મારી વહુને ધમકાવતી હતી કે 'મૂરખી, ઝીણા કરમલા તે કદી ભાતમા નખાતાં હશે? ખબર નથી ઈ બહુ સુગાળવો છે! જોતાં જ એમને એમ ઊઠી ગયો'

'રાત્રે એક ભયકર સ્વપ્ન જોયુ એ પહેલા કે એ પછી કદીયે એવુ સ્વપ્ન મે નથી જોયુ ને હવે ફરી કદી જોવા ઇચ્છતો યે નથી એ સ્વપ્નમા મે જોયુ કે જાણે ખૂબ જ કટાળીને હુ પથારીમા પડયો છુ પથારીમા લબાવતા જ લાગ્યુ જાણે ઓછાડ નાખ્યો નથી ઓછાડને બદલે પથારી આખી ગરોળીનાં ઈંડાંથી જ ઢકાઈ ગઈ છે, ધીરે ધીરે મારા ભારથી એ ઈંડા ફૂટી જવા લાગ્યા ને એમાથી કાળા કાળા કે કાલ જેવા સાપોલિયા શા લાખમલાખ ગરોળીઓના બચ્ચાં નીકળી નીકળીને મારે અગે અગે ભમવા લાગ્યાં હુ જીવ લઈને નાસી છૂટવા ઊઠવા મથ્યો. પણ સ્વપ્નમાથી ભાગવુ કઈ રીતે? આખરે પથારીમાં રહ્યો રહ્યો જ હાંફવા લાગ્યો અને મે મારી હતી તે જ ગરોળી મારે શરીરે ચઢીનાક ઉપર બેસી એકી ટશે મારી સામે જોઈ રહી

'પત્નીનો ધક્કો વાગતા ઊંઘ ઉડી ગઈ જોયુ તો આખુ શરીર પરસેવે રેબઝેબ થઈ ગયુ છે. અને ત્યારે પણ ચીતરી ચડે એવાં એ ગરોળીના બચ્ચાં મારે આખે શરીરે ભમી રહ્યાં હોય એમ મને લાગતુ હતુ.

'ઘણા ઘણા ખરાબ સ્વપ્નો જોયાં છે-અને બીજા યે ઘણાં જોઈશ એમાં શકા નથી. પરતુ ભગવાનને પ્રાર્થુ છુ કે એવુ સ્વપ્ન હવે ફરી કદી યે ન દેખાડે

× × ×

'ભયની જે વસ્તુ આખ દ્વારા જોઈ શકાતી નથી તર્કદ્વારા જેની ભય કરતા દૂર કરી શકાતી નથી, અને જેના હાથમાથી ઉગરવાનો બીજો કોઈ જાણીતો ઉપાય જડતો નથી એ વસ્તુ જ જગતમાં કદાચ સહુથી વધુ ભયંકર છે ભૂતનો ભય એ પ્રકારનો છે તેથી જ હુ જેમ જેમ વધુ ભય પામતો હતો તેમ તેમ તેમાંથી છૂટવાનો માર્ગ મારાથી વધુ દૂર જતો હતો શુ કરવુ? કયા જવુ? કઈ જ જાણે નહોતુ સૂઝતુ.

'મારી માનસિક સ્થિતિ જ્યારે આવી હતી ત્યારે એક દિવસ ટપાલમાં એક કાગળ આવ્યો કાગળ મારા મિત્ર શુભેન્દુનો હતો ગયાથી એ લખતો હતો-

તું કેમ છો……હું મઝામાં છું……વગેરે કાગળમાં ખાસ કંઈ જ નહોતું. છતાં ઓચિન્તાની મને જાણે દિવ્યદૃષ્ટિ સાંપડી. મારે માટે જાણે એ મામૂલી કાગળ જ નહોતો. દૈવવાણી હતી.

'ને તુરત જ મેં શુભેન્દુને તાર કર્યો, 'આજે જ ઉપડું છું, ત્યાં આવવા.'

'એ પછી યથાસમયે ગયા પહોંચી પેલી ગરોળીના પ્રેતાત્મા માટે સદ્‌ગતિનો સંકલ્પ કરી મેં પિન્ડદાન દીધું. હવે ગયા જઈને કોઈ ગરોળીના પ્રેતાત્માને કોઈ પિન્ડદાન કરે છે કે નહિ એ નથી જાણતો. પણ એ પછી મને એ ઈંડાં-પ્રેને કદી યે નથી સતાવ્યો.

'એ માયામુક્ત જીવાત્મા હવે કદાચ દિવ્યલોક વૈકુંઠમાં ભીંત પર કીટ-પતંગને આરોગતો વિહરતો હશે!'

✻

કેટલું દૂધ પીશો?

હિંદુસ્તાનમાં નવકરોડ સિત્તેર લાખ ગાયો છે. આ રીતે, આખી દુનિયાની ગાયોના લગભગ ૨૯ ટકા એકલા હિંદમાં જ છે. છતાં હિંદુસ્તાનમાં દૂધનું ઉત્પાદન સરેરાશ વ્યક્તિદીઠ રોજના ૭ ઔંસ (૧૭ાા તોલા) આવે છે. ન્યુઝીલેન્ડ અને ઑસ્ટ્રેલિયામાં માણસદીઠ રોજનું ૫૬ અને ૪૫ ઔંસ દૂધ પેદા થાય છે. આહારશાસ્ત્રના નિયમ પ્રમાણે માણસે રોજનું ઓછામાં ઓછું ૨૦થી ૩૦ ઔંસ દૂધ પીવું જોઈએ.



વિજ્ઞાનદર્શન

શ્રી. બંસી ગાંધી બી. એસસી.
પ્રોફે. જયંતીલાલ દે. ઓઝા, એમ. એસસી.
ડૉ. નરસિંહ મૂ. શાહ, એમ. એસસી., પીએચ. ડી.

'વિજ્ઞાન-દર્શન'નું એક વર્ષ

નવેમ્બર ૧૯૪૫ના અરસામાં ભારતી સાહિત્ય સંઘના ભાઈશ્રી ઈશ્વરલાલ તથા ભાઈશ્રી તારાચંદ અમારામાંના એકને મળ્યા અને 'ઊર્મિ' અને નવરચના' માસિકમાં વિજ્ઞાન વિભાગ શરૂ કરવા તેમને થએલ વિચારની અને તેના લેખન માટેની જવાબદારી સ્વીકારવાની વાત કરી. પૂરતો વિચાર કરી અમે આ જવાબદારી સ્વીકારી, અને ડિસેમ્બર ૧૯૪૫થી આ માસિકમાં દર માસે નિયમિત રીતે 'વિજ્ઞાન-દર્શન' વિભાગની શરૂઆત થઈ. 'વિજ્ઞાન-દર્શન' એક વર્ષ પૂરું કરી બીજા વર્ષમાં પ્રવેશ કરે છે તે પ્રસંગે અમારી એક વર્ષની પ્રવૃત્તિનું સરવૈયું અસ્થાને નહિં ગણાય.

'વિજ્ઞાન-દર્શન'ના પહેલા હપ્તામાં ('ઊર્મિ' અને અને નવરચના' અંક ડિસેમ્બર ૧૯૪૫) અમે અમારા ધ્યેયનો નિર્દેશ કરેલો.' હિંદની જુદી જુદી પ્રયોગશાળાઓમાં ચાલતી વૈજ્ઞાનિક સંશોધનની વિધવિધ પ્રવૃત્તિઓ અને તેના પરિણામો સંબંધી ઉપયોગી માહિતી પૂરી પાડવાનો, હિંદની ઔદ્યોગિક ખીલવણીમાં વૈજ્ઞાનિક સંશોધનના પરિણામો શું અગત્યનો ફાળો આપી શકે છે તે સંબંધી નિર્દેશ કરવાનો, તેમ જ વિજ્ઞાનના જુદા જુદા વિષયો સંબંધી ટૂંકી નોંધો લોકભોગ્ય ભાષામાં આપી વિજ્ઞાન વિષે વાચકોની અભિરુચિ ઉત્પન્ન કરવાનો અમારો ઉદ્દેશ અમે વાચકો સમક્ષ રજૂ કર્યો હતો. વર્ષ દરમિયાન વિજ્ઞાનના જુદા જુદા વિષયો સંબંધી વિવિધ રસથાળ અમે વાચકોને પીરસ્યો છે. અમારા ઉદ્દેશની સિદ્ધિ અર્થે અમારી શક્તિ અનુસાર અમે પ્રયત્ન કરેલ છે એવી અમોને ખાત્રી છે. પરંતુ અમારા પ્રયત્નમાં અમે કેટલે અંશે સફળ થયા છીએ તેનો તો માત્ર વાચકો જ નિર્ણય આપી શકે. થોડાઘણા પ્રોત્સાહન પત્રો તેમજ મૌખિક અભિનંદનો જે અમારી સફળતાના સૂચકચિહ્નો હોય, તો અમોને તેટલા પૂરતો સંતોષ છે.

બીજું વિશ્વયુદ્ધ પૂરું થયું છે. યુદ્ધકાળ દરમિયાન વિજ્ઞાનનો ઉપયોગ યુદ્ધની સંહારક પ્રવૃત્તિઓ માટે પૂરતા પ્રમાણમાં થયો. યુદ્ધકાળ દરમિયાન વિજ્ઞાને ખૂબ જ સંશોધનાત્મક પ્રગતિ કરી એ ખરું; પરંતુ તેમાંની ઘણી ખરી શોધોનો ઉપયોગ 'એટમ-બોમ્બ'ની માફક સંહારક પ્રવૃત્તિઓમાં જ લેવાયો. પરંતુ વિજ્ઞાન તો બેધારું છે. એક ધારે તે સર્જે છે, તો બીજી ધારે તે સંહારે છે. એટલે વિશ્વયુદ્ધની ભયાનક જ્વાલાઓ શાન્ત થતાં શાન્તિકાળમાં આપણે જરૂર આશા રાખીએ કે વિજ્ઞાને જે પ્રગતિ સાધી છે તેનો ઉપયોગ હવે માનવ હિતની સર્જક પ્રવૃત્તિઓમાં કરવામાં આવે.

ગત વિશ્વયુદ્ધે જગતના દેશોની સંસ્કૃતિ છિન્નભિન્ન કરી નાખી. એ સંસ્કૃતિના પુનરુદ્ધાર માટે જગતના બધા દેશોમાં જોરશોરથી આંદોલનો શરૂ થયાં છે. સંયુક્ત રાષ્ટ્રોમાં આ સંબંધે તો એકમત છે. અને તેથી 'યુનેસ્કો' (United Nations Educational, Cultural and Scientific Organisation) જેવી સંસ્થા અસ્તિત્વમાં આવી છે. દેશની કેળવણી તેમ જ સંસ્કૃતિ વિષયક ખીલવણીના જેટલી જ વૈજ્ઞાનિક ખીલવણીની અગત્ય હવે પ્રત્યેક દેશ સ્વીકારતો ગયો છે. નવા નવા ઔદ્યોગિક અને વૈજ્ઞાનિક સંશોધન મંડળો સ્થપાયાં છે અને નવી પ્રયોગ-

શાળાઓના પાયા નખાયા છે. આ બધી પ્રવૃત્તિઓનો હેતુ વૈજ્ઞાનિક સંશોધનો મોટા પાયા પર શરૂ કરી તે સંશોધનના પરિણામો દેશના ઉદ્યોગોમાં લાગુ પાડી જીવનની જરૂરિયાતો પૂરી પાડવાનું તેમ જ દેશમાં વસતા કરોડો માનવીઓનું જીવન સુખી અને સરલ બનાવવાનો છે. હિંદમાં પણ આ દિશામાં મોટા પાયા પર વૈજ્ઞાનિક સંશોધનની પ્રવૃત્તિઓના મગલા મંડાયાં છે. દેશના જુદા જુદા ભાગોમાં તાજેતરમાં જ કેટલીક મોટી પ્રયોગશાળાઓના પાયા નખાયા છે. માનવીના જીવનમાં વિજ્ઞાનની અગત્ય સહુ કોઇ સમજતું થયું છે. વૈજ્ઞાનિક સંશોધનમાં હિંદના વૈજ્ઞાનિકો હવે આગળ પડતો ભાગ લઇ રહ્યા છે અને તેથી હિંદ બહારની દુનિયાનું ધ્યાન ખેંચી રહ્યું છે એ દેશને માટે એક શુભ ચિહ્ન છે.

'વિજ્ઞાન-દર્શન'ના બીજા વર્ષમાં અમો વાચકોનો સહકાર અને શુભેચ્છા માગીએ છીએ.

હિંદી વિજ્ઞાન પરિષદ : ૧૯૪૭નું અધિવેશન

ઈશુના ૧૯૪૭મા વર્ષના દ્વિતીય દિવસે દિલ્હી વૈજ્ઞાનિકોનું યાત્રાધામ જેવું થઈ પડ્યું હતું. એ આખું અઠવાડિયું વિજ્ઞાન-સપ્તાહ સમું પસાર થયું. એ દિવસોમાં હિંદી વિજ્ઞાન પરિષદની ચોત્રીસમી બેઠકનું અધિવેશન દિલ્હીમાં મળ્યું હતું. પરિષદના ચૂંટાયેલા પ્રમુખ પંડિત જવાહરલાલ નહેરુ હતા.

વિજ્ઞાનપરિષદના ઇતિહાસમાં આ વખતની બેઠક અપૂર્વ ગણી શકાય : પ્રથમ, પરદેશી વિજ્ઞાનીઓની હાજરી; બીજું, પંડિત નહેરુની પ્રમુખ તરીકે ચૂંટણી અને ત્રીજું, યુદ્ધ વિરામ પછી હિંદના પલટાયેલા વાતાવરણમાં આ બેઠક અને તે પણ હિંદના પાટનગરમાં—આ બધું બેઠકની અપૂર્વતાના કારણરૂપ ગણી શકાય. પરિષદની બેઠકનું સ્થાન પટના નક્કી થયેલું હતું; પણ પરિસ્થિતિના કારણોએ બેઠકનું સ્થાન બદલાવ્યું. પરિષદના પ્રમુખ કાર્યમાં પહેલા મુખ્ય દિવસનો કાર્યક્રમ મુલતવી રાખવો પડ્યો; પરદેશી વિજ્ઞાનીઓને લઈ આવતું વિમાન સમયસર પહોંચી શક્યું નહીં. પ્રતિનિધિઓને સત્કારતાં સ્વાગત મંડળના પ્રમુખ દિલ્હી યુનિવર્સિટીના વાઇસ-ચાન્સેલર સાર મોરીસ ગ્વાયરે યથાર્થ કહ્યું કે "પરિષદની આ બેઠક આંતરરાષ્ટ્રીય સંમેલન જેવી બની છે."

પ્રમુખ તરીકે પંડિત જવાહરલાલ નહેરુએ નવો ચીલો પાડ્યો. પરિષદના ઇતિહાસમાં પહેલી વાર પ્રમુખનું ભાષણ આપણા દેશની ભાષામાં શરૂ થયું. પંડિતજી વિજ્ઞાનને માત્ર બુદ્ધિમાનોને ખેલવાનું રમકડું ગણતા નથી. વિજ્ઞાન આજે રાષ્ટ્રઘડતરમાં અદ્વિતીય ફાળો આપે છે. વિજ્ઞાનના પરિણામો જનતા સુધી પહોંચવા જોઈએ અને એટલા માટે એ પરિણામ વ્યક્ત કરવાનું વાહન દેશની ભાષા થવી જોઈએ. પંડિતજીએ પોતાના પ્રમુખ તરીકેના ભાષણની શરૂઆત હિંદીમાં કરી. પછી અંગ્રેજીમાં બોલવાનું શરૂ કર્યું.

"હું સત્તા ઉપર છું એ માટે મેં આ માન સ્વીકાર્યું નથી. સત્તાને આધીન રહેવાની વૃત્તિ હું વૈજ્ઞાનિકોમાં ઉત્તેજવા માગતો નથી. મને અગાઉ આ માન માટે પસંદ કરવામાં આવ્યો હતો. પણ હું અહમદનગરના કિલ્લામાં શાંતિ ભોગવતો હતો, એટલે એ માન સ્વીકારી શક્યો ન હતો. "આજે જે નૂતન હિંદ ઊભું થતું તમે જોઈ રહ્યા છો તેનો હું એક અદનો પ્રતિનિધિ છું." એટલે આ માન સ્વીકારતાં હું આનંદ લઉં છું.

"હિંદમાં વૈજ્ઞાનિક સંશોધનને ઉત્તેજન આપવા અમે અમારી શક્તિ અનુસાર બધું કરશું : માનવજાતની પ્રગતિ અને જગતની શાંતિના કાર્યમાં અમે અન્ય દેશોના વૈજ્ઞાનિકો સાથે સહકાર કરશું. પણ એ વાત હું સાવ સ્પષ્ટ શબ્દોમાં કહેવા માગું છું કે યુદ્ધના કાર્યમાં અમારો સહકાર નહીં હોય. આવા સંહારક હેતુઓ માટે વિજ્ઞાનને વરેલા સ્ત્રી-પુરુષોનો થતો ગેરઉપયોગ અટકાવવા શું કરવું તે વિચારવાનું હવે જરૂરી બન્યું છે.

"વિજ્ઞાનનું ધ્યેય સમાજનું હિત હોવું જોઈએ. વિજ્ઞાને સ્વતંત્ર અને સ્વાવલંબી સમાજ ઊભો કરવામાં મદદ કરવી જોઈએ. હિંદની ભૂખી અને અર્ધનગ્ન વસતીને ખોરાક અને વસ્ત્ર પૂરાં પાડે એ રીતે વિજ્ઞાનની દિશા અંકાવી જોઈએ. પ્રજાની શક્તિ મુક્ત રીતે વ્યક્ત થાય એમાં વિજ્ઞાને પોતાનો ફાળો આપવો જોઇએ. તેની ખીલવણી માટે બધી તકો મળે એમાં

વિજ્ઞાને મદદ કરવી જોઇએ. અને છેવટે પણ ખૂબ અગત્યનું એ છે કે આ કાર્ય પૂરેપૂરા નિયોજનપૂર્વક થવું જોઈએ. વિજ્ઞાનને દુનિયાના સામાજિક અને રાજકીય બનાવો અને આર્થિક બંધનોથી અલગ પાડી ન શકાય. એટલા માટે જ વિજ્ઞાનને પોતાનું તત્ત્વજ્ઞાન અને એકતા ખીલવવાની જરૂર છે. વિજ્ઞાનના સીમાડા વધ્યા નહોતા ત્યારે વિજ્ઞાન પાસે આ બંને હતા. પરંતુ વિજ્ઞાનની વૃદ્ધિએ આ મુશ્કેલ બનાવી દીધું છે. જગતની ચાલુ પરિસ્થિતિમાં વિજ્ઞાનદૃષ્ટિની એકતા ખીલવવાની જરૂર છે એમ મને લાગે છે.

"આજથી બે વર્ષો પર હિરોશિમામાં બોમ્બ ફૂટયો દુનિયા આખીમાં ખળભળાટ મચી ગયો. રચનાત્મક તેમજ સંહારાત્મક—બંને જાતના જબરદસ્ત ફેરફારોની આગાહી મને લાગી. આપણે કયાં જઈ રહ્યા છીએ, આપણી સંસ્કૃતિ કયાં જાય છે વગેરે પ્રશ્નો માનવીના મગજમાં પેદા થયા. આ જરૂરી હતું કે નહી એ હું જાણતો નથી પણ એક પ્રશ્ન ઉપસ્થિત થયો : અમુક હેતુ સાધવા માટે કોઇ પણ શકય સાધન હાથ ધરવું જોઈએ ? હિરોશિમામાં વાપરેલું સાધન એટલું ભયંકર છે કે તેનું વર્ણન શબ્દાતીત છે. ધારેલું સિદ્ધ થયું છે પણ દરેક વિજ્ઞાનીએ વિચારવાનો એ પ્રશ્ન છે.

"નવયુગમા આપણે પ્રવેશીએ છીએ : સમાજની રચના ધરખમ ફેરવી નાખે એટલી જબરદસ્ત શક્તિ નો કબુ માનવીના હાથમા છે. માગ વિચારો મધ્યયુગમાં જાય છે. દારૂગોળાની શોધ થઈ હતી કેટલેક અંશે નૂતન રાજકીય અને આર્થિક રચના ઊભી કરવામા તેણે મદદ કરી. અન્ય બળો પણ કાર્ય કરી રહ્યા હતા. છેવટે એક નવો મૂડીવાદી વર્ગ ઊભો થયો. અત્યારના સંજોગોને અનુકૂળ નૂતન સમાજ રચવામાં આજનો 'એટમ બોમ્બ' સંદેશવાહક તો નથી ને ?

"વિજ્ઞાન દષ્ટિપૂર્વક આ ચિત્ર સમજવા હું માગું છું એટલે જ આ બધા વિચારો આવે છે. આજની દુનિયાના સામાજિક બંધારણમાં અમુક ધરખમ મૂળભૂત ફેરફારો ન થાય ત્યા સુધી વિજ્ઞાન કે અન્ય કોઇ ક્ષેત્રમાં પ્રગતિ થવાની નથી એવી મને તો ખાત્રી છે.

"હિંદની પરિસ્થિતિ વિશિષ્ટ છે. જુદી જુદી જગ્યાએ તમને જુદી જુદી સમાજરચના નજરે પડશે. મધ્યયુગની તેમજ આજની વીસમી સદીની રચના તમને જોવા મળશે. આ ઝડપથી બદલાતા ચિત્રમાં વીસમી સદીની સમાજ રચના પણ વર્તમાન જરૂરિયાતોને અનુરૂપ ઘટવાની હોય એમ લાગતું નથી. એટલે મને ખાત્રી થઈ છે કે તેમાં મૂળભૂત પરિવર્તન થવું જોઇએ.

"હિંદની ખીલવણી નિયોજનપૂર્વક થવી જોઈએ: છૂટાછવાયા પ્રયત્નો કામના નહીં નીવડે. નિયોજનપૂર્વક કાર્ય નહીં થાય ત્યાં સુધી કાંઈ પ્રગતિ થઇ શકવાની નથી."

× × ×

બીજે દિવસે બપોરના પંડિત નહેરુએ નેશનલ ફીઝીકલ લેબોરેટરીની શિલારોપણવિધિ કરી હતી. આ લેબોરેટરી દિલ્હીથી પાંચ માઇલ દૂર પુસા એગ્રિકલ ચરલ ઇન્સ્ટીટયૂટ પાસે આવેલી છે. જવાહરલાલના દર્શને ખૂબ દૂરથી ગ્રામ્ય જનતા ઊલટી પડી હતી. આ લેબોરેટરી ૪૦ લાખના ખર્ચે બંધાવવામાં આવે છે. નહેરુજીએ કહ્યું કે, "પૈસાની અગવડ આવી કોઈ પણ યોજનાની વચ્ચે આવવી જોઇએ નહીં. દેશના માણસોને કેળવવા જોઇએ અને એમની કેળવણીનો ઉપયોગ કરી શકાય એવી તક આપવી જોઇએ. નહીંતર તેમની શક્તિ નકામી નોકરીઓના કામમાં વેડફાઇ જાય; આપણે શું કરીએ છીએ તેનો ખ્યાલ દેશની દરેક વ્યક્તિને આપવો જ જોઇએ.

"મને ઘણી દિલગીરી થય છે કે અમારા સ્વપ્નાં અનુસાર ઘડાયેલું હિંદ હું જોઈ શકીશ નહી, છતાંય એ ઘડતરમાં ફાળો આપવો એ કાંઇ ઓછું ભવ્ય નથી.

"આજે આ મહાન સંસ્થાની શરૂઆતમાં મદદ કરતાં મને ઘણો આનંદ થાય છે."

આટલું અંગ્રેજીમાં બોલીને તેમણે ગ્રામ્ય જનતાને ઉદ્દેશી હિંદીમાં થોડું ભાષણ કર્યું હતું અને જનતાને વિજ્ઞાનના ફાયદા શું છે એ સંક્ષિપ્તમાં સમજાવ્યું હતું.

× × ×

આ પરિષદની વિશેષતાઓ બે હતી : એક પરદેશથી આવેલા વૈજ્ઞાનિકોના લોકભોગ્ય ભાષામાં અપાયેલા ભાષણો. આ ભાષણો એટલાં આકર્ષક હતાં કે

ખૂબ ગીર્દી રહેતી. બીજું આકર્ષણ વિજ્ઞાન પ્રદર્શન હતું. આ વખતનું પ્રદર્શન શિક્ષણાત્મક હતું. તેના ચાર વિભાગ કરવામાં આવ્યા હતા :

(૧) લશ્કરમાં વિજ્ઞાન વિભાગ, (૨) સંસ્થાઓનો વિભાગ, (૩) વેપારીઓનો વિભાગ અને (૪) પ્રકાશન વિભાગ.

પ્રથમ વિભાગમાં રડર અને યુદ્ધમાં ઉપયોગી બીજી એવી કરામતો ગોઠવવામાં આવી હતી. ઉપરાંત યુદ્ધ દરમિયાન વૈદકીય સંશોધનની પ્રગતિને લગતી વિગતો જેવી કે પેનીસીલીન, બનાવટી ફેફસાં વગેરે બનાવવામાં આવ્યું હતું. સંસ્થાઓના વિભાગમાં વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક સંશોધનની કાઉન્સિલ તરફથી પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું તેમાં જાતજાતના પ્લાસ્ટીકમાંથી બનાવેલી વસ્તુઓ આકર્ષક હતી. દેશની ઔદ્યોગિક પ્રગતિસૂચક આ પ્રદર્શન વિભાગ સૌનું ધ્યાન ખેંચતો હતો; ઉપરાંત બીજી ઘણી વિજ્ઞાન સંસ્થાઓ તરફથી પુષ્કળ નમૂનાઓ આ વિભાગમાં પણ હતા. ત્રીજા વિભાગમાં વેપારીઓએ પોતાનો વિજ્ઞાનને લગતો માલ ગોઠવ્યો હતો અને પ્રકાશન વિભાગમાં જુદા જુદા વૈજ્ઞાનિક પ્રકાશનો બતાવવામાં આવ્યા હતા.

પરિષદના વિભાગોના પ્રમુખોના ભાષણોનો સાર આવતા અંકમાં આપશું.

આવતે વર્ષે વિજ્ઞાન પરિષદ પટનામાં ભરવાનું નક્કી થયું છે અને તેના પ્રમુખ સર રામનાથ ચોપરા ચૂંટાયા છે.

*

હિંદનો મહાન વારસો

હિંદે છેલ્લાં થોડાં વર્ષોમાં સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિકો પેદા કર્યા છે: આમાંના કેટલાક દુનિયાના વૈજ્ઞાનિકો સાથે આગલી હરોળમાં સ્થાન ધરાવે છે. હિંદના યુવકો દેશની સંશોધન સંસ્થાઓમાં અતિ મહત્ત્વના પ્રશ્નો પર કાર્ય ચલાવી રહ્યા છે. જૂના કાળમાં જેમ આપણા વિદ્વાનો વૈજ્ઞાનિક સંશોધનમાં અગ્રે હતા તેમ આધુનિક હિંદ પણ પોતાનું યોગ્ય સ્થાન આ ક્ષેત્રમાં પ્રાપ્ત કરશે એમ ખાત્રીથી કહેવાય.

પ્રાચીન હિંદના તત્ત્વજ્ઞાનીઓનું અંતરજ્ઞાન આધુનિક વિજ્ઞાનની શોધો અને માન્યતાઓની ખૂબ સમીપ પહોંચેલું હતું. દુનિયામાં એવો કોઈ દેશ નથી જ્યાં આવું બન્યું હોય. વિજ્ઞાનનું વ્યવસ્થિત જ્ઞાન જ્યાંથી સૌ પ્રથમ દુનિયાના જુદા જુદા પ્રદેશોમાં ફેલાયું હોય એવું કોઈ કેન્દ્ર હોય તો તેનું માન મેળવવાનો હક્ક પ્રાચીન હિંદને છે. આપણા સંસ્કૃત ગ્રંથોમાં ખગોળ અને ગણિતને લગતું જ્ઞાન એટલું બધું છે કે ખરેખર આશ્ચર્ય થાય છે. કેટલાક એવો મત ધરાવે છે કે ગ્રીસ આ બધા જ્ઞાનનો ઝરો હતો. હિંદને આ બધું તેની પાસેથી મળ્યું હતું. ઘડીભર ધારો કે આ પ્રતિપાદન સ્વીકારી લઈએ. ગ્રીસ જેવા દૂરના દેશ પાસેથી આટલું બધું જ્ઞાન એ સમયના હિંદી ખગોળવેત્તાઓ અને ગણિત શાસ્ત્રીઓ પચાવી શક્યા એ શું કોઈ નાનીસૂની સિદ્ધિ છે? વિજ્ઞાનને અંગે આજે દેશમાં ઉત્સાહની ભરતી આવી છે. હિંદના શિક્ષિતો વિજ્ઞાનની પ્રગતિમાં પોતાનો હિસ્સો આપી રહ્યા છે. આજની વિજ્ઞાનની આ પ્રગતિ હિંદની પ્રાચીન વિજ્ઞાન-પરંપરાને સંવાદી છે.

હિંદના પ્રજામાન્ય રાજકીય નેતાઓ વૈજ્ઞાનિક દૃષ્ટિપૂર્વક કામ કરે છે. જે ગાંધીજીના ગાઢ સંપર્કમાં છે તેઓ, ગાંધીજી પોતાના દરેક કાર્યમાં છૂટછાટરહિત વૈજ્ઞાનિક વૃત્તિ ધરાવે છે, એ બરાબર જાણે છે. વિચાર કે અનુમાન-શિથિલતા અને ખોટા વિધાનો થાય તો તેઓ ધૈર્ય ગુમાવે છે. તેમની પ્રવૃત્તિઓમાં આધુનિકતા ન દેખાય : છતાં સત્યની શોધમાં તેઓ વૈજ્ઞાનિકોના જેવા જ સંશોધક છે. ચોક્કસ વૈજ્ઞાનિક પદ્ધતિપૂર્વક યોજેલા હથિયારો વડે જ તેઓ કામ કરે છે.

પંડિત જવાહર નહેરુનું પણ એમ છે. એ સત્તા પર છે માટે તેઓ વિજ્ઞાન પરિષદના પ્રમુખ થવા લાયક છે એમ નથી. એમનું હૃદય અને બુદ્ધિ આધુનિક વિજ્ઞાન અનુસાર કામ કરે છે. વિજ્ઞાન પરિષદ સાથે તેમનો સંબંધ હિંદમાં મૌલિક સંશોધનને ઉત્તેજન આપશે અને આપણી યુનિવર્સિટીઓમાં વિજ્ઞાનના અભ્યાસમાં પડેલા યુવકોને પ્રેરણારૂપ બનશે.

વિજ્ઞાન, કલા અને સંસ્કૃતિ રાજકારણ જેટલા જ અગત્યના છે. જ્યાં સુધી પરદેશી સત્તા આપણા

પર પડેલી છે અને તેને કાઢવા સતત ચલાવવી પડે છે ત્યાં સુધી રાજકારણના મૂલ્યમાં ફુગાવો રહેવાનો. સ્વતંત્રતા સાંપડ્યા પછી પરિસ્થિતિ બરાબર થઇ જશે: પછી, રાજકારણ પ્રાધાન્ય ભોગવશે નહી. વિજ્ઞાન તેમજ કલા અને સંસ્કૃતિ રાજકારણના ઝઘડા યા સત્તાપ્રાપ્તિ કરતાં વિશેષ મહત્વના થશે.

શ્રી રાજગોપાલાચારી

વિજ્ઞાનમાં પ્રગતિ

અમુક વ્યક્તિ કે વ્યક્તિઓ આજે પ્રયોગોમાં નિષ્ફળતા પામે: એ જ કર્યમાં ભવિષ્યનો કોઈ સંશોધનકાર ફત્તેહ પ્રાપ્ત કરે. આજે મને જે ન સમજાય તે અમુક કાળના ગાળા પછી બીજાને સુસ્પષ્ટ બની જાય. બીબામાં નાખેલ લોહરસનો ઢાળો તૈયાર થાય તેમ વિજ્ઞાન અને કળાનું ઘડતર થતું નથી: તેના ઢાળા એક સરખા હોતા નથી. વિજ્ઞાન અને કળા આસ્તે આસ્તે અને થોડે થોડે મૂર્તસ્વરૂપ પામે છે: અને એ સ્વરૂપમાંથી તેટલીજ ધીમી ગતિએ થોડે થોડે સુંદર આકૃતિ પરિણમે છે. જેમ રીંછ પોતાનાં બચ્ચાંને ચાટીચાટીને યા જરૂર પડે થપ્પડ લગાવીને તેના જેવું આકારવાન બનાવે છે તેવી રીતે વિજ્ઞાનમાં પણ થાય છે.

જે બાબતમાં મારી શકિતઓની ઉણપને લીધે આજે હું ચંચુપાત પણ ન કરી શકું, તેમાં વિશેષ પ્રયાસો કર્યા કરું; અને ન સમજાય એ નવી બાબતને જુદી જુદી રીતે તપાસીને મારા પછીના કાર્ય કરનારાઓને એ ક્ષેત્રમા હું ચીલો પાડી આપું; તેમનું કાર્ય સરળ અને સહેલું બનાવું; મારી પોતાની અશકિતઓ અને મુશ્કેલીઓને લીધે હતાશ ન થતાં મારું કાર્ય જારી રાખું; એનું નામ વિજ્ઞાનમાં પ્રગતિ. મને નડતી અડચણો અને મુશ્કેલીઓ વ્યકિતગત છે. વૈજ્ઞાનિક પ્રગતિ વ્યકિતથી પર હોય છે.

મીકેલ ડી મોન્ટેઈન'ના આત્મચરિત્રમાંથી

❋

બેન્કો કે બિલાડીના ટોપા ?

૧૯૩૮માં હિંદુસ્તાનમાં ૧૪૭૧ બેન્ક-કચેરીઓ હતી. તેની સંખ્યામાં નીચે મુજબનો ક્રમિક વધારો થયો છે:—

૧૯૪૨ની આખરે	૨૭૧૦
૧૯૪૩ " "	૩૪૧૩
૧૯૪૪ " "	૪૫૫૦
૧૯૪૫ " "	૫૨૬૬

(વડી ધારાસભામાં નાણાંપ્રધાન શ્રી લિયાકત અલીખાન).

બાળ માનસશાસ્ત્રના પ્રવાહો

નીરુ દેસાઈ

બાળ માનસશાસ્ત્રમાં હમણાં હમણાં ભારે પ્રગતિ સધાઈ છે. સંશોધનની ઘણી ફળદાયી દિશાઓના દ્વાર ઉઘડ્યા છે. તાજેતરમાં થયેલું પ્રાયોગિક કાર્ય મુખ્યત્વે બાળકોના સામાજિક વર્તન અને વલણ વિષે થયું છે; અને તેના આરંભકાળ વિષે હવે નિશ્ચિત મત બંધાતા જાય છે. બાળક બાળમંદિર કે પ્રાથમિક શાળામાં જતું થાય તે અગાઉની સ્થિતિ શિક્ષણ વિષે આથી રસ જાગૃત થવા માંડ્યો છે. ફ્રોઇડે બાલ્યવયમાં પ્રાપ્ત કરેલા સંસ્કારોની જીવન પર કેટલી છાપ હોય છે તેનું વિશદ દર્શન કરાવ્યું છે. અન્ના ફ્રોઇડ અને અન્ય શિક્ષણકારોનો મત એવો છે કે માનવી એકથી ત્રણ વર્ષના ગાળા દરમ્યાન જ ઘડાય છે. બાળ માનસશાસ્ત્રના નવા સંશોધનો આની શાખ પૂરે છે.

બાળકના અભ્યાસ અંગે કુલ્લે ૧૪ પદ્ધતિઓનો નિર્દેશ જે. ઈ. એન્ડરસને કર્યો છે. આમાં પ્રાસંગિક નિરીક્ષણ, ચરિત્રલેખન, પદ્ધતિપૂર્વકનું નિરીક્ષણ, પ્રશ્નાવલી, માનસ પૃથક્કરણ, તમામ વિગતોની ઝીણામા ઝીણી નોંધ (case history), સીધું માપ અને અન્ય કસોટીઓ, ગૂંથીત કાર્યો અંગે કસોટીઓ, ગણતરી, પ્રયોગ, ઇન્દ્રિય અંકુશના પૃથક પ્રયોગો, ઇન્દ્રિય અંકુશના સમૂહ પ્રયોગો, આંકડાઓના ઉપયોગ દ્વારા અંકુશ અને પ્રસંગ પૃથક્કરણ (Factor Analysis) આ બધી પદ્ધતિઓ એકબીજાથી સાવ નિરાળી કે પરસ્પર પ્રતિબંધક નથી. બાળ માનસના અભ્યાસમાં એકથી વિશેષ પદ્ધતિઓનો આશ્રય લેવો પડે છે.

આ પદ્ધતિઓનું વર્ણન અહીંયાં અપ્રસ્તુત છે. પરન્તુ તેના પરિણામોથી જે પ્રકાશ સાંપડ્યો છે તે જાણવો જરુરી છે. આથી ખૂબ માહિતી એકઠી થઈ શકે છે; અને બાળકનું નાનામાં નાનું વર્તન તપાસી શકાય છે. અલબત્ત અમુક પદ્ધતિના પ્રયોગ પછી તારવેલા નિર્ણયોને સાચા જ માની લેવાની ભૂલ ન કરવી જોઈએ. પરન્તુ સમગ્ર દર્શનને સરવાળે જેમાં એકમતિ સધાઈ હોય તેવા નિર્ણયો વાજબી માની શકાય ખરા. કેટલાક ક્ષેત્રોમાં આવા નિર્ણયો પ્રાપ્ત થઈ શક્યા છે—અને તેની આપણે નોંધ લઈએ.

ભાષા અને વાણી

વાણી અને ભાષા સામાજીક દૃષ્ટિએ ઘણા મહત્વના છે; તેની સિદ્ધિ બાલ વિકાસમાં મહત્વનું સ્થાન ભોગવે છે.

પ્રથમવાર જ જ્યારે બાળકના ફેફસામાં હવા જાય છે, અને એક શ્વાસ સાથે બહાર આવે છે ત્યારે બાળકનો પ્રથમ અવાજ—જન્મતા વેળા થયેલો અવાજ સંભળાય છે. થોડા દિવસ પછી તે વધારે મોટો કરે છે, યા રડે છે, તેમાં ખાસ કશો ફરક હોતો નથી. થોડાક અઠવાડિયામાં ભેદ માલૂમ પડવા માંડે છે, અને અનુભવી માતાઓ અને નર્સો ભૂખના તરસના, થાકના, શારીરિક અગવડના જુદા જુદા અવાજો પારખી શકે છે.

બીજા મહિનાને અંતે કે ત્રીજા મહિનાના આરંભમાં 'બબડાટ' શરૂ થાય છે—આમાંથી જ ભાષાનો ઉપયોગ વપરાશનો આરંભ છે. ગુડ્ઈનફ જેવા આ 'બબડાટ'ને "તમામ માનવ ભાષાઓની ઊર્મિજન્ય અવાજ સામગ્રી" તરીકે ઓળખાવે છે. આ અવાજમાં દુનિયાના તમામ બાળકોમાં કશો ભેદ પરખાતો નથી. પ્રથમ વર્ષમાં બબડાટથી થતા અવાજોમાં વિવિધતા આવવા માંડે છે; તેમાં બધી ભાષામાં વપરાતા તમામ અવાજોનો સમાવેશ થાય છે, એટલું જ નહિ ભાષામાં નહિ જણાતા અવાજો પણ હોય છે. આ બધા મુદ્દા પર ગ્રેવરે સંભાળપૂર્વક નિરીક્ષણ કર્યું છે. એ સ્વર સૂચવે છે કે કોઈ પણ બાળક કોઈ પણ ભાષાના અવાજને સરળતાથી પકડી શકે છે. બબડાટનો આવેગ ઘણો પ્રબળ હોય છે—બાળક આ રમત યા બબડાટનું આત્મસંભાષણ તેમાંથી મળતા આનંદ માટે ચલાવ્યે રાખે છે. પછીથી અવાજો વચ્ચેના ભેદનો તેને ખ્યાલ આવે છે. અને વાણીમાં અર્થ આવવા માંડે છે. જુદા જુદા અવાજોના અનુકરણમાંથી થોડેથોડે અંગે તે શીખે છે.

સ્ટર્ને ધ્વનિ–અનુક્રમનું અનુકરણ આઠ–નવ મહિનાના બાળકોમાં નોંધ્યું છે. પરન્તુ આવો અવાજો બાળકે કર્યા જ નથી તે કહેવું કઠણ છે.

સ્ટર્ન ‘ઇકોલેલિયા’ અને ‘મેટાલેલિયા’ વચ્ચે મહત્ત્વનો તફાવત આંકે છે. ‘ઇકોલેલિયા’ એટલે અવાજ સાંભળ્યા પછી તુરત જ તેનું ઉચ્ચારણ–અને ટૂંકમાં તાત્કાલિક પ્રતિધ્વનિ કહી શકીએ. મેટાલેલિયા એટલે વારંવાર સંભળાયેલા અવાજનું ઉચ્ચારણ–દીર્ઘકાલીન પ્રતિધ્વનિ–આમાં સાંભળ્યા પછી તુરત જ બાળક અનુકરણ ન કરે. પરન્તુ અમુક સમય–એક દાખલામાં દશ મહિને–પછી બાળક તેનું ઉચ્ચારણ કરે. ;ક્યુર્પસ એમ કહે છે કે બાળક કોઇપણ અવાજ સાંભળે કે તુરત જ તેનું ઉચ્ચારણ કરવા ઇચ્છે છે, જો કે તે ઇચ્છા પાછી સમાઈ જવાનો પણ સંભવ રહે છે. “આવાજ બીજા પ્રસંગે આવા જ પરંપરા તે અનુભવે છે. યા તો મૂળ પરંપરા તે કાયમ કરે છે. બન્ને વિકલ્પોમાં મૂળ અનુભૂતિ સાથે સંકળાયેલ ઉચ્ચારણની પુનઃસ્થાપના થાય છે. જો વર્તમાન પ્રેરક બળવાન હોય તો અંતર્ગત ઉચ્ચારણને વક્તવ્ય સાંપડે છે અને બાળકને વાણી પ્રાપ્ત થાય છે. બાળકને આગળ સાંભળેલા અવાજો યાદ રહ્યા છે તેવું નથી; પરન્તુ અવાજનું તે સમગ્ર દર્શન પુનઃ સ્થાપે છે.” ડ્રેવર;. જરા યે બબડાટ વગર સોળ મહિને બોલવાનું શરૂ કરેલ બાળકનો દાખલો નોંધ્યો છે. આમાં ઉચ્ચારણ અંતર્ગત જ હતું તેમ કહી શકાય.

બાળક અમુક શબ્દ બોલે છે તેનો અર્થ એવો નથી કે તેનો અર્થ એ સમજે છે. આવી સમજ ત્યારે જ આવી ગણાય જ્યારે કાર્યો દ્વારા આ શબ્દનો અર્થ તે પ્રગટ કરે. ભાષાના અમુક વપરાશ પછી અને પ્રથમ વર્ષના અંતભાગમાં આવી સમજ અમુક અંશે શરૂ થાય છે. સાદા શબ્દોચ્ચાર સમજવા શક્તિમાન થાય તે અગાઉ ગૂંફીત શબ્દો અને વાક્યો પણ બાળક સમજવા લાગે ખરું. કેટલાક બાળકોના દાખલામાં પ્રથમ “અર્થપૂર્ણ અને બુદ્ધિગમ્ય” શબ્દો નવ મહિનાની વયે પણ સંભળાવા લાગે છે. પરન્તુ મોટા ભાગના દાખલાઓમાં આ વય મોડી હોય છે. વાતાવરણની ભિન્નતા, વ્યક્તિગત તફાવતો આવી ઢીલમાં કારણભૂત થાય છે. દાખલા તરીકે બાળ ઇશારાઓનો છૂટથી ઉપયોગ કરતું હોય અને તેને શીઘ્ર જવાબ જો આપવામાં આવે તો શબ્દ વાપરવાનું પ્રેરક બળ ઘટે છે. બાળક બોલતુ ન થાય એટલે માનસિક ક્ષતિ છે તેવું સામાન્યતઃ મનાય છે પરન્તુ ઘણી વાર વાણીનું સ્ખલન ભાવની સમસ્યા સાથે સંકળાયેલું હોય છે તેટલે અંશે જ માનસ વિકાસ અટકેલો કહી શકાય.

બાળકની ભાષાનો વિકાસ તેના શબ્દભંડોળ પરથી માપી શકાય. પ્રથમ તો અમુક શબ્દો વપરાય છે. ગેસેલના મતે બારમહિનાના બાળકનું શબ્દભંડોળ ત્રણ–ચાર શબ્દોનું હોય છે. આ પછી તેની ઝડપી પ્રગતિ થાય છે. આ પ્રગતિ વિશે અનેક નોંધો ઘણા માનસશાસ્ત્રીઓએ સંખ્યાબંધ બાળકો તપાસી કરી છે. પ્રેયર, સ્ક્રુપીન સ્ટર્ન, ડ્રેવર શીર્ષી વગેરે આ અંગે અભ્યાસપૂર્ણ સંશોધનો કર્યા છે. બધા જ એક વાત પર સંમત છે કે આરંભમાં શબ્દ–પ્રાવીણ્ય ઘણું ઓછું હોય છે, પરન્તુ પાછળથી તે ઝડપથી વધે છે. ૨૭૩ બાળકોનો અભ્યાસ કરી એમ. ઇ. સ્મીથ એવા અનુમાન પર આવ્યા છે કે ૮ મહિનાના બાળકને એકેય શબ્દ આવડતો નથી, જ્યારે ૭ વર્ષની વયે ૨૫૬૨ શબ્દોનું ભંડોળ તો સામાન્ય બની જાય છે. ટરમાને મોટા બાળકો તથા મોટાઓના શબ્દભંડોળનો અભ્યાસ કરી નીચે પ્રમાણે કોઠો તારવ્યો છે.

વય	શબ્દભંડોળ
૮ વર્ષ	૩૬૦૦
૧૦ ,,	૫૪૦૦
૧૨ ,,	૭૨૦૦
૧૪ ,,	૯૦૦૦
સાધારણ જુવાન	૧૧૭૦૦
અસાધારણ ,,	૧૩૫૦૦

બીજા વર્ષમાં બાળકનું શબ્દભંડોળ વધવાનું એક કારણ પ્રત્યેક વસ્તુને નામ હોય છે તેની એની શોધ છે. અંધ અને બ્હેરી હેલન કેલરના દાખલા પરથી આ જોઈ શકાય છે.

શબ્દભંડોળના જાતિ વિષયક ભેદો સમજવામાં છોકરીઓ છોકરાઓ કરતાં આગલો નંબર મેળવી

જાય છે. છોકરીઓ છોકરાઓ કરતાં બોલવાનું પણ, વહેલું શીખે છે. સામાજિક દરજ્જાના ભેદભાવો પણ શબ્દભંડોળ સાથે સંબંધ ધરાવે છે. શિક્ષિત માબાપો અને મજૂર માબાપોના બાળકોના શબ્દભંડોળનો અભ્યાસ કરી ડેસોદર એવા અનુમાન પર આવ્યો છે કે શિક્ષિત માબાપના બાળકો જલદી બોલતા શીખે છે–તકો અને સંસ્કારી વાતાવરણનો અભાવ શબ્દભંડોળ વધતું અટકાવવામાં કારણભૂત થાય છે જ.

ભાષાના કાર્ય વિશે મહત્ત્વના સંશોધનો થયા છે. એક મહિના સુધી પીઆજેટ અને તેના એક મદદનીશે ખૂબ વિગતથી એક મહિના સુધી એક શાળાના સાડા ૭ વર્ષના બે છોકરાઓના સંભાષણો નોંધ્યા છે. આ શાળામાં વિદ્યાર્થીઓને રમવા ભણવાની તમામ સ્વતંત્રતા છે, એ પછી ચારથી સાત વર્ષની વયના વીસ છોકરાઓના સંભાષણો પણ તેણે નોંધ્યા. પીઆજેટના મતે બાળકોની વિચારશક્તિ અમુક શ્રેણીઓમાંથી પસાર થાય છે. આ પ્રત્યેક શ્રેણી અમુક પુખ્તતાનું પાકું પરિણામ છે. પ્રથમ શ્રેણી તે autistic કહે છે. તેમાં કલ્પના અને તરંગ પ્રધાનપદે હોય છે,

બીજી શ્રેણી egocentric—સ્વકેન્દ્રી વિચારની હોય છે. બાળક સાતથી આઠ વર્ષનું થાય ત્યાં લગી તે ટકે છે. આ પછી તેની સમજશક્તિનો આરંભ થાય છે. અને બાળક સમાજનું એકમ બને છે.

વાણીના પીઆજેટ બે વિભાગો કરે છે:

સ્વકેન્દ્રી અને સામાજિક બાળક જ્યારે સ્વકેન્દ્રી વાણીનો ઉપયોગ કરતું હોય છે ત્યારે તે કોને સંબોધીને કહે છે, કે કોઈ સાંભળે છે કે નહિ તેની પરિચિંતા પરવા પણ તેને હોતી નથી. તે મોટે ભાગે પોતાના વિશે જ વાત કરતું હોય છે. અને જે હાજર હોય તે પોતાની ગરજ સારે છે. સ્વકેન્દ્રી વાણીના ત્રણ વિભાગ છે. (૧) પુનરાવર્તન અથવા બોલવા ખાતર બોલવું. (૨) સ્વગત મોટેથી વિચારતા હોય તેમ બોલવું. (૩) સમૂહગત વાણી–હાજર રહેલ વ્યક્તિ બોલવા માટે પ્રેરક બનતી હોય. આવી વ્યક્તિ કશું જ ન બોલે તો પણ બાળક બોલ્યા જ કરે.

સામાજિક વાણી સમાજ સંભાષણનું ચોક્કસ સ્વરૂપ જ છે. તેના પીઆજેટ ચાર વિભાગ કરે છે. (૧) સાનુકૂળ માહિતી તેમાં બાળકો અન્યની સાથે વિચાર વિનિમય કરે છે. (૨) ટીકા—અન્યના વર્તન યા કાર્ય વિશેની ટીકાઓ—આ ટીકાઓ બુદ્ધિજન્ય કરતા લાગણીજન્ય વિશેષ હોય છે—તેમાં સ્વની શ્રેષ્ઠતા બતાવવાનો આશય વિશેષ હોય છે. (૩) હુકમો, વિનતીઓ, ધમકીઓ, (૪) પ્રશ્નો, ઉત્તરો. બે બાળકોના અભ્યાસ પછી પીઆજેટે સ્વકેન્દ્રી વિચારની માત્રા ૩૭ થી ૩૯ ટકા જેટલી ઠરાવી છે. તેના પરથી તેનું અનુમાન એવું છે કે "બાળકો મોટાઓ કરતાં વધારે સ્વકેન્દ્રિત રીતે વિચારે અને વર્તે છે. અને મોટાઓ કરતા બુદ્ધિજીવન પણ ઓછું જીવે છે."

પાંચ વર્ષ સુધી બાળકો મોટે ભાગે રમ્યા જ કરે છે. પાંચથી સાત સાડાસાત વર્ષ સુધીમાં બબ્બેના જૂથ રચાવા માંડે છે. પરન્તુ ભિન્નતા ઘણી છે. સાતથી આઠ વર્ષની અંદર તે બીજાની સાથે રમવાની કે કામ કરવાની તત્પરતા દાખવે છે."

સાતથી આઠ વર્ષ અગાઉ બાળકો સ્વકેન્દ્રી હોય છે, અને સમાજવર્તનથી વિમુખ હોય છે, તેના મત સાથે સુસેન ઇસેકસ મળતી નથી, તેનો મત એવો છે કે અન્ય બાળકોની હાજરી તો નોંધાય જ છે. માત્ર તેમનું નિરાળું વ્યક્તિત્વ લક્ષમાં નથી લેવાતું. સ્વકેન્દ્રી સ્થિતિના બે મુખ્ય લક્ષણો છે.

(૧) સંઘ રમત કે કાર્યના ઉદ્દેશ સ્વરૂપ પર તરંગનું પ્રભુત્વ અને, (૨) અન્ય બાળકોના હિસ્સાનું લઘુતમ મૂલ્યાંકન.

બાળકના વિચારના અન્ય પણ કેટલાક અંગો છે. બાળક ખાસ પદાર્થ છે તેવા નહિ, પરન્તુ પોતે જે રીતે કલ્પે છે તે રીતે જુએ છે. તેનામાં પરલક્ષી નિરીક્ષણ બહુ ઓછું છે. બાળકોના ચિત્રો આની શાખ પૂરે છે. જે બનાવો એકસાથે બન્યા હોય તેની વચ્ચે બાળક જલદીથી સંબંધ જોડી દે છે. આમાંથી ખોટા નિર્ણયો પર આવતાં વાર થતી નથી. બાળકો જલદીથી ભેદ પારખી શકતા નથી. સરવાળા બાદબાકી કરી શકતા નથી, એ જ રીતે બાળકો કદી સામાન્ય ભૂમિકા સ્વીકારી દલીલ નથી કરતા, પરન્તુ ક્રોધથી દલીલ જ કરે છે—કોઈ દિવસ બધી કર-

ખામણી કરી ચોક્કસ સાચા અનુમાન પર આવવાની શક્તિ તેનામાં હતી.

સંવેદના

સંવેદના જગવે તેવી સ્થિતિમાંના ઘણા બાળકોનો અભ્યાસ વોટસને કર્યો છે. તેના મતે બાળકમાં મૂળે ત્રણ પ્રકારની સંવેદના છે. (૧) ભય (૨) ગુસ્સો (૩) પ્રેમ. બે જ ઉદ્દીપકો ભય પ્રેરે છે. મોટા અવાજો અને નિરાધારતા બાળકની પ્રવૃત્તિમાં અંતરાય આપે તો તેને ગુસ્સો ચઢે છે. બાળકને થાબડો, પંપાળો તો પ્રેમની લાગણી જાગે છે.

ભય

ભય બે જ ઉદ્દીપકોના કારણે જાગે છે. તેના મતે બધાનું ધ્યાન ઠીક ઠીક ખેંચાયું છે. ૧૬૫ દિવસની એક છોકરી પર વોટસને પ્રયોગ કર્યો. તેની આગળ *કાળી બિલાડી, કબૂતર, સસલું, અને સફેદ ઉંદર* મૂકવામાં આવ્યો. છોકરીએ કશો ભય ન બતાવ્યો. ૧૭૨ દિવસે તેને એક અંધારી ઓરડીમાં એક બહારના માણસના ખોળામાં બેસાડવામાં આવી. અને બધા પ્રાણીઓને લાવવામાં આવ્યા. ત્યારે પણ તેણે કશો ભય ન દાખવ્યો. થોડા દિવસ પછી ખુરશી સાથે બાંધવામાં આવી ત્યાં કોઈ ન રહ્યું, અને પેલા પ્રાણીઓ ત્યાં મૂકવામાં આવ્યા. તોયે તેને કશો ભય ન લાગ્યો. આ બધા પ્રયોગ પછી વોટસન એવા નિર્ણય પર આવ્યો છે કે બીજા બધા ભયો અનુભવો દ્વારા જન્મે છે. વોટસન પાવલોવ conditioned reblexes (અભિસંધિત પ્રતિક્ષેપ)ના સિદ્ધાંતને અનુસરે છે, અને તદ્‌અનુસાર એમ માને છે કે બાળકમાં ભય પણ અમુક વસ્તુ સાથે મૂળ જડાયેલો હોય છે. પાછળથી આ વસ્તુ દૂર થતાં પણ ભય કાયમ રહી જાય છે. જેમ કે બાળકના ખાવાના સમયે તમે તેને વઢયા હો, તો પછી ખોરાક સાથે ભય જડાઈ જવાનો પૂરો સંભવ રહે છે.

વેલેન્ટાઈન વોટસનના તમામ નિર્ણયો સાથે સંમત થતો નથી. તેનું કહેવું એવું છે કે વહેલી ઉમ્મરે ભયનું દર્શન ન થતું હોય, અને પાછળથી અનુભવે તે જાગે, તેનો અર્થ એવો નથી કે આવો ભય તેનામાં છે જ નહિ. બાળકમાં આવો ભય અંતર્ગત હોય-તે મોડું થાય ત્યારે આ વૃત્તિ પણ પુખ્ત બને, અને દર્શન દે.

લાગણીના સ્વરૂપ વિશે એચ. ઇ. તથા એમ. સી. જોન્સે પ્રયોગો કર્યા છે. પચાસ બાળકો અને નેવું મોટી વયના માણસોના સાપ વિશેના પ્રત્યાઘાતો તેમણે નોંધ્યા. બે વર્ષ સુધીના બાળકોએ કશો ભય દાખવ્યો નહીં. સાડાત્રણ વર્ષે જરા સંભાળપૂર્વકના ઇશારાઓ થયા. ચાર વર્ષે સાપથી દૂર રહેવાની વૃત્તિ દેખાઈ. એ પછીના વયવાળાઓએ તો ભય જ દેખાડ્યો. "બાળકનો વિકાસ થાય છે તેમ તેમ તેની બુદ્ધિ પાંગરે છે. પ્રૌઢ બને છે. તેનું જ્ઞાન અનુભવથી સમૃદ્ધ બને છે. નૂતન પદાર્થો નૂતન તથા અસ્વાભાવિક હોવાના જ્ઞાનના કારણે તેને આશ્ચર્યચકિત કરે છે."

આ પ્રયોગો નિર્ણાયક નથી લેખાયા. ગેસેલે વધારે સારા પ્રયોગો યોજ્યા છે. તેના પ્રયોગ પ્રમાણે "દશમે અઠવાડિએ બાળક એક પરિસ્થિતિનો સંપૂર્ણ સંમતિ સાથે સ્વીકાર કરશે. વીસમે અઠવાડિએ જરા અસહિષ્ણુતા, અસંતોષ દાખવવાનું, માથું ફેરવી લેવાનું શીખે છે: ૩૦મે અઠવાડિએ પરિસ્થિતિ તરફનો અણગમો અને અસહિષ્ણુતા રુદન દ્વારા જેને આપણે અમુક ભય પણ લેખવી શકીએ—વ્યક્ત કરે છે."

પોતાના જ બાળકો પરના પ્રયોગો દ્વારા વેલેન્ટાઇને સિદ્ધ કર્યું છે કે અવાજ સાથે પરિચય વધતા મૂળ ભય ઘટે છે.

વેલેન્ટાઇન અને જોન્સે એમ પણ બતાવ્યું છે કે બાળક *અમુક ઉદ્દીપક તરફ જ જવાબ નથી વાળતું,* પરન્તુ સમગ્ર પરિસ્થિતિ લક્ષ્યમાં લે છે. બાળકનો વિશ્વાસ મેળવનાર વડીલની હાજરી પ્રત્યાઘાતનો પ્રકાર અવશ્ય ફેરવે છે.

બાળકને ભય મુક્ત કરવા માટે જોન્સે પુનરભિસંધાનની પદ્ધતિ પ્રયોજી છે. તેમાં ભય જન્માવતા ઉદ્દીપક સાથે પ્રિય યા સંમત ઉદ્દીપકને જોડી દેવામાં આવે છે. બાળકને ભય પમાડનારું પ્રાણી ખાવાના સમયે પ્રથમ દૂરથી અને પછી નજીકથી બતાવવામાં આવે. બાળક તેનાથી તુરત જ પરિચીત થાય છે એ ભય નાબૂદ થતાં તેના જેવા અન્ય પદાર્થો માટેનો ભય પણ દૂર થાય છે.

ગુસ્સો

ગુડનફ પીસતાળીસ માતાઓએ ઘરમાં બનતા ગુસ્સે ભરાવાના પ્રસંગોની જે નોંધ રાખેલી તે પરથી કેટલાક અનુમાનો તારવ્યાં છે. વારંવાર ગુસ્સે થવાના બે જાતના કારણો છે. એકને તે પ્રાકૃતિક–intrinsic કહે છે. બીજાને તે વિદેશીય extrinsic કહે છે. પ્રાકૃતિક કારણોમાં થાક, અપચો, અપૂરતી નિદ્રા આવે છે. વિદેશીયમાં અપરિચિત માનવીઓનું આગમન અજાણ્યા સ્થળોની મુલાકાત, નવું રમકડું, નવો ખોરાક કે નવો સાથીદાર વગેરે બાહ્ય વસ્તુઓ આવે છે, વય, બાળકનો વિકાસ, કુટુંબની પરિસ્થિતિ, કુટુંબનો સ્વભાવ પણ ગુસ્સા સાથે સંકળાયેલા છે. ત્રણથી ચાર વર્ષની વયમાં બાળકો સૌથી વધારે ગુસ્સો કરતા હોય છે.

હાસ્ય અને રૂદન

જીવનના પ્રથમ વર્ષમાં પંદર બાળકોના હાસ્ય–પ્રત્યાઘાતોનો અભ્યાસ વોશબર્ને કર્યો છે. આઠમા અઠવાડિયા અગાઉ સ્મિત ફરકતું દેખાય છે. એક વર્ષના અંતે તો એ દેખાય જ છે–અને આ બધા દાખલાઓમાં સ્મિત એ સામાજિક પ્રત્યુત્તર જ હોય છે. ખડખડાટ હાસ્ય મોટી વયે શરૂ થાય છે. પહેલામાં પહેલો દાખલો સોળમે અઠવાડિએ મળ્યો છે. વોશબર્ને એક વાત એ પણ નોંધી છે કે વીસમા અઠવાડિયા સુધીમાં પ્રયોગકના સ્મિતથી બાળકમાં સ્મિત જગવી શકાય છે; પરન્તુ 'અજાણ્યાઓ'નું જ્ઞાન શરૂ થતા આવું સ્મિત જગવવાનું દુષ્કર બને છે.

સામાજિક અને લાગણી વિષયક વિકાસ

બ્રિજીસે સામાજિક વ્યવહારનું બે વિભાગ હેઠળ પૃથક્કરણ કર્યું છે. એકમાં પૃથક્કરણ અન્ય બાળકો સાથેના વ્યવહારનું છે, જ્યારે બીજામાં મોટી વયના માણસો સાથેના વ્યવહારમાં અમુક વ્યવહાર બાળક કરતું હોય અને અમુકથી વંચિત રહેતું હોય તેને પ્રગતિની નિશાની લેખવામાં આવે છે.

લાગણી વિષયક પ્રકારો સોળ વિભાગો હેઠળ ચર્ચવામાં આવે છે: દુઃખ અને આંસુ; ભય અને સાવધાની; ક્રોધ અને ચીડ; આનંદ અને સ્નેહ; ઉશ્કેરણી અને ઉત્તેજના.

પ્રયોગો અને સંશોધનના પરિણામે બ્રિજીસે લાગણીનો વિકાસ સિદ્ધાંત સર્જ્યો છે. માને છે કે મૂળમાં તો કશા ય ભેદભાવથી રહિત એવી લાગણી હોય છે–તેને તે ઉત્તેજના excitement કહે છે. કોઈ બળવાન ઉદ્દીપકના કારણે જ તે જાગી શકે છે. ટૂંક સમયમાં–એક જ દિવસમાં ભિન્નકરણ શરૂ થાય છે–અને તેના બે પ્રકારો દુઃખ અને આનંદ જોવા મળે છે. ધીરે ધીરે દુઃખના ત્રણ વિભાગો–ભય, ક્રોધ અને ઇર્ષા–થાય છે, અને આનંદના બે વિભાગો પ્રસન્નતા અને સ્નેહ–થાય છે. આ બધી લાગણીઓ શાળામાં જવા બાળક ઉમ્મરલાયક થાય તે અગાઉની છે. પાછળથી અલબત્ત બાળપણમાં જ હર્ષ, આશા, શરમ, નિરાશા, ચિંતા કંટાળો, પીડા વગેરે લાગણીઓનો આવીર્ભાવ થાય છે. આ બધી લાગણીઓ છેક શિશુ વયમાં થયેલા અનુભવો પર આધાર રાખે છે.

"આ ઉપરથી એ સંભવિત છે કે લાગણીશીલ કે ઉત્તેજીત થતાં બાળકને વિવિધ અનુભવોની અનુકૂળતા પ્રાપ્ત થાય, અને રીતભાતમાં તથા પ્રેરકોના સંગઠનમાં યોગ્ય તાલીમ મળે તો તેનું વ્યક્તિત્વ સબળ અને અસરકારક નીવડે...આ જ બાળકને જો શિશુવયમાં દુઃખી યા તો અતિ ઉત્તેજીત અનુભવો થાય, સમરકન ધોરણે કશો રસ પેદા ન થાય, કાર્યકુશળતા ન આવે અને ઉપયોગી સમાજ વ્યવહાર શીખવવામાં ન આવે તો પાછલા વર્ષોમાં તેનો વિકાસ કુંઠિત અને જરાક ઉન્માદી રહેવાનો."

વડીલો સાથેના બાળકોના વ્યવહારમાં ત્રણ કક્ષાઓ જોઈ શકાય છે. પ્રથમ કક્ષામાં બાળક શાંત અને નિષ્ક્રિય હોય છે, અને વડીલો પર આધાર રાખતું હોય છે. બીજી કક્ષામાં વડિલોની અસર પાળવા અને સ્વતંત્ર થવા મથે છે. બાળક બેથી અઢી વર્ષનું થાય છે ત્યારે આ કક્ષાની પરાકાષ્ટા આવે છે. ચાર અને પાંચ વર્ષની વચ્ચે આવતી કક્ષા આત્મવિશ્વાસની હોય છે. તેમાં બાળક વડીલોની સાથે મૈત્રીભર્યો સહકાર સાધે છે.

દરેક લાગણીના પોતા વિશિષ્ટ મુખાવિર્ભાવ હોય છે. આ મુખાવિર્ભાવ ઓળખવા અઘરા નથી.

લાગણીઓ અને ઇચ્છાઓના વિનિમયમાં તેનો ઉપયોગ છૂટથી થાય છે. બુહલર એમ કહે છે કે ત્રણ મહિનાનું બાળક પણ ઠપકાનો રમૂજથી જવાબ વાળે છે. શિક્ષક કે વડીલ કયા અવાજથી અને કેવી લાગણીથી વાત કરે છે, તેની અસર બાળક પર ખૂબ જ થાય છે.

બાળકો અને માનસવિજ્ઞાન અંગેના બીજા અનેક પ્રશ્નો સંશોધાયા છે. બુદ્ધિમાન અને નબળાં મગજના ખોટી રીતે ગોઠવાયેલા, કિશોર તથા પ્રાકૃત બાળકોના વિશિષ્ઠ અભ્યાસો થયા છે. શાળા વિષયોના અભ્યાસથી આપતા થાકની તથા તેમાં સુધારાવધારા કર્યા પછી આપતા પરિણામની અસરો તપાસાઈ છે. શાળાના વિષયોની પણ આવી માનસશાસ્ત્રીય પરીક્ષા લેવાઈ છે. વાચનમા દાખલા તરીકે દૃષ્ટિવિસ્તારના માપ નોંધવામાં આવે છે. આંખના હલનચલન પર પ્રયોગો કરવામાં આવે છે. રેડિયો અને સિનેમાની બાળક પર થતી અસરો નોંધવા પ્રયાસો થાય છે. બાળમાનસના ઘણા ક્ષેત્રોમાં વિપુલ માહિતી આમ ઉપલબ્ધ છે. આપણે ત્યાં પણ બાળક અને બાળમાનસની પ્રતિષ્ઠા થવા માંડી છે. બાળમંદિરો સેંકડોની સખ્યામાં ચાલે છે. તે સૌએ આ બધી માહિતી મેળવવા તથા આવા પ્રયોગો આપણે ત્યાં કરવા પ્રયાસ કરવો જોઈએ. બાળકના સમગ્ર વિકાસનો આદર્શ ત્યાં સુધી ફળીભૂત નહિ થાય

આ લેખ અંગે વધુ માહિતી મેળવવા નીચે પુસ્તકોની એક યાદી આપી છે.

(૧) The Social and Emotional development—*K. M. Bridges*.
(૨) From birth to maturity-C. Buhler.
(૩) The young Delinquent-C. Burt.
(૪) Pavlov and his school Y. R. Frolov
(૫) Anger in young children – F. L. Goolenough
(૬) *Imagination in Early childhood* – R. Griffiths
(૭) Gifted children: their nature and nurture– *L. S. Hollingworth*
(૮) The elimination of children's fears – M. C. Jones
(૯) Ehe emotions of *young children* – *L. R. Marston*
(૧૦) The child in primitive society N. Miller
(૧૧) Judgement and reasoning in child – J. Piget
(૧૨) *The Language and Thought of* child – J. Piget
(૧૩) Intellectual Growth' in Young children – S. Issacs
(૧૪) The Growth of Mind – K. Koffka
(૧૫) Social Behaviour and child Personality – L. B. Murphy

❋

વર્ષે સોળવાર

હિંદુસ્તાનની મિલોમાં દર વર્ષે ૪ અબજ ૮૦ કરોડ વાર કાપડ પેદા થાય છે. તે ઉપરાંત બીજું બે અબજ વાર કાપડ હાથશાળો ઉપર તૈયાર થાય છે. આ રીતે કેટલાય વર્ષોથી સરેરાશ હિંદી જનને ફાળે વર્ષે ૧૬ વાર સુતરાઉ કાપડ આવે છે.

[અનુસંધાન પૃષ્ઠ ૧૬ થી ચાલુ]

લખલૂટ નફો પ્રાપ્ત કરવા ખાતર દેશનાં કરોડો પ્રજાજનોનાં હિત પ્રત્યે સદંતર અંધાપો સેવે છે.

૨. દેશના કાપડ-ઉદ્યોગમાં આજે ૨,૦૦,૦૦૦ શાળો અને એક કરોડ સ્પિન્ડલ છે. લડાઈ પહેલાં દર વર્ષે ૪ અબજ ને ૨૦ કરોડ વાર કાપડ પેદા કરતો, અને પાંચેક લાખ કામદારો એમાં કામ કરતા. લડાઇ દરમિયાન ચાલેલી રાતપાળીઓને લીધે મજૂરોની સંખ્યા આજે વધીને સાત લાખે પહોંચી છે, પણ એના પ્રમાણમાં કાપડનું ઉત્પાદન નથી વધ્યું. લડાઇ દરમિયાન સરકારના સહકારથી ઉદ્યોગપતિઓને ગંજાવર નફો મળવા લાગ્યો તેથી તેઓ બેદરકાર, બિનકુશળ અને આળસુ બની ગયા. એમને મળતો નફો એટલો બધો મોટો હતો કે ઉદ્યોગના સંચાલનમાં ગમે તેટલી બિનઆવડત દાખવવા છતાં તેમને ખાસ કાંઈ નુકસાન થયું નહિ.

૩. લડાઈ પહેલાંનાં વર્ષોમાં આ દેશની પ્રજા કાપડ અને સૂતરની ખરીદી પાછળ દર વર્ષે ૭૨ કરોડ રૂપિયા ખરચતી એમાંથી મિલ-માલિકોને પાંચ કરોડ રૂપિયા નફાના મળતા. લડાઇ દરમિયાન કાપડના ભાવ કૂદકે ને ભૂસકે વધતા ચાલ્યા અને ૧૯૪૩ના મે માસમાં ટોચે પહોંચી ગયા. ૧૯૪૩ દરમિયાન પ્રજાએ કાપડ અને સૂતરની ખરીદી પાછળ ૪ અબજ ને ૮૦ કરોડ રૂપિયા—એટલે કે લડાઈ પહેલાના કરતાં ૬॥ ગણી રકમ ખરચવી પડી હતી. એમાંથી ૧ અબજ ને ૯ કરોડ નફાના હતા. સરકારે પ્રજાના હિત માટે સ્થાપેલું કહેવાતું 'ક્લોથ કંટ્રોલ બોર્ડ' તો પ્રજાને જેની સામે રક્ષણની જરૂર હતી તેવા મોટા ઉદ્યોગપતિઓનું જ બનેલું હતું, તેથી એ બોર્ડની સ્થાપનાનું પરિણામ પ્રજાના શોષણને કાયદેસરનું અને પ્રામાણિકતાની સરકારી છાપવાળું બનાવવા સિવાય બીજું કાંઈ જ ન આવ્યું.

૪. સહુ જાણે છે તેમ લડાઈનાં વર્ષો દરમિયાન મિલ-માલિકોએ સરકારી કર ઉઘરાવનારા દલાલોનું જ કામ કર્યું છે અને પ્રજા પાસેથી પૈસામાંથી કરોડો રૂપિયા સરકારને કર રૂપે ભર્યા છે. આ રીતે, કાપડના ભાવ વધવા દેવામાં ઉદ્યોગપતિઓને અને સરકારને, બન્નેને લાભ થતો હતો. બ્રિટન, અમેરિકા, કેનેડા અને ઓસ્ટ્રેલિયા જેવા યુદ્ધમાં સીધી રીતે સંડોવાયેલા દેશોમાં પણ કાપડના ભાવોમાં ૩૦ ટકાથી વધુ વધારો નથી થયો.

૫. જે કાપડ-ઉદ્યોગમાં પચાસ કરોડ રૂપિયાની મૂડી રોકાયેલી છે, અને જેનાં મકાનો, યંત્રો વિ.ની કિંમત બીજા એક અબજ જેટલી ગણાવવામા આવે છે, તેણે ૧૯૪૦-૪૬નાં સાત વર્ષો દરમિયાન પ્રજા પાસેથી ૧૯ અબજ ને ૩૪ કરોડ રૂપિયા વેચાણ વાટે મેળવ્યા છે, અને એમાંથી ૩ અબજ ને ૭૨ કરોડ રૂપિયાનો નફો કર્યો છે. આ રીતે પ્રજાએ મિલ-ઉદ્યોગમાં રોકાયેલી કુલ મૂડી કરતાં અનેકગણી રકમ કાપડ અને સૂતરની કિંમત દ્વારા ચૂકવી દીધી છે. તેથી દેશની ૪૨૦ મિલો ઉપર હવે પ્રજાની માલિકી નૈતિક અને આર્થિક દૃષ્ટિએ સ્થાપિત થઈ ચૂકી છે, મતલબ કે મિલ-ઉદ્યોગનું રાષ્ટ્રીયકરણ પ્રજાકીય સરકારે પહેલી તકે કરવું જોઈએ.

અખબારોએ સારી પ્રસિદ્ધિ ન આપી.

આ નિવેદન કોઇ ચળવળખોર કે ધમાલિયા સામ્યવાદીએ કરેલું હોત તો તેની પ્રત્યે આંખ આડા કાન કરવાની ધૃષ્ટતા જવાબદાર વ્યક્તિઓ પણ કરી શકત. પરંતુ શ્રી ખંડુભાઈના બોલનું વજન એવું છે કે પ્રાંતોની અને વચગાળાની પ્રજાકીય સરકાર મૂંગી બેસી રહી શકશે નહિ. શ્રી. ખંડુભાઇ મજૂર મહાજનના પ્રૌઢ કાર્યકર્તા છે એટલું જ નહિ પણ મુંબઈ ધારાસભાના અને બંધારણ સભાના સભ્ય છે. સરદારશ્રી ઉપરાંત વચગાળાની સરકારના અન્ય પ્રધાનો પણ એમને જાણે છે. એટલે પોતે ધાર્યું હોત તો શ્રી. ખંડુભાઇએ પડદા પાછળથી હિલચાલ શરૂ કરી હોત અને કાપડ-ઉદ્યોગના સંચાલનમાં કાંઈક ને કાંઈક ફેરફાર સરકારી મદદ વડે લાવી શક્યા હોત. પણ સાચો લોકશાસનવાદી સદા સરકાર સામે નહિ પણ પ્રજા સામે જુએ છે. સરકારને ભંભેરવાને બદલે એ પ્રજામતને કેળવે છે, માત્ર પોતાની લાગવગ વડે પ્રજાહિતનું કાર્ય કરાવી નાખવાને બદલે એ લોકોને સાચી વસ્તુસ્થિતિનું ભાન કરાવે છે અને પોતે માર્ગ ચીંધીને પ્રજાને આપમેળે કદમ ભરવા

કે છે. શ્રી. ખંડુભાઈએ લીધેલો માર્ગ ઘણો ઉચિત છે. અફસોસ માત્ર એટલો જ છે કે છાશવારે ને છાશવારે નીકળતી નવી નવી લિમિટેડ પેઢીઓનાં પ્રોસ્પેક્ટસથી આખાં ને આખાં પાનાં ભરનારાં આપણાં મોટા ભાગનાં છાપાંઓએ આ હિતકારી નિવેદનને યોગ્ય જાહેરાત નથી આપી. અખબારી-સ્વાતંત્ર્ય કાજે પરદેશી હકૂમત સામે લડનારાઓ શું એ જ સ્વાતંત્ર્યને જાહેરખબરવાળાઓને હાથે રૂંધાવા દેશે?

મંદિરો ખોલાવવાની નરી ઘેલછા

મદ્રાસ પ્રાંતના હિંદુઓ ઘણા જ રૂઢિચુસ્ત મનાતા હોવા છતાં થોડા વખતથી ત્યાંના વિખ્યાત દેવમંદિરો દબદબાભેર વિધિપૂર્વક હરિજનો માટે ખુલ્લાં મુકાવા માંડ્યાં છે તે જોઈ ને મદ્રાસની પાછળ રહી જવાની બીકવાળા બીજા પ્રાંતોના સુધારકોએ પણ હરિજન-મંદિર-પ્રવેશનો કાર્યક્રમ ઉત્સાહભેર ઉપાડી લીધો છે. અહીં વારંવાર કહેવામાં આવ્યું છે કે મંદિર-પ્રવેશમાં સાચું અસ્પૃશ્યતાનિવારણ નથી, અને સાચો અંત્યજોદ્ધાર પણ નથી. મંદિરોમાં ગયા વિના હરિજનો ટળવળતા નથી, મંદિરોમાં જવાથી એમને રોટલા અને લૂગડાં મળી જશે એવું અભણ ને અજ્ઞાની હરિજનો પણ માનતા નથી. હરિજનોના મંદિર-પ્રવેશ માટે મથનારા સવર્ણોમાં ઉત્સાહ ઘણો હશે, પણ ઉત્સાહ અને ડહાપણ એ બે ભિન્ન ભિન્ન વસ્તુઓ છે. જે મંદિરમાં હરિજનો કે માનવસમાજનો કોઈ પણ ભાગ પ્રવેશી ન શકતો હોય તેની સામે નજર સુદ્ધાં નાખે તેવા મૂર્ખ ભગવાન નથી.

એવા મંદિરમાં જનાર ચાહે તેટલી ઉચ્ચ મનાતી કોમનો હોય, એ ટીલાં-ટપકાંના આત્મસંતોષ સિવાય બીજી કોઈ પ્રાપ્તિ કરી શકતો નથી. આવા મંદિરોમાં હરિજનોનો પ્રવેશ કરાવવા માટે જેહાદ ચલાવવી એ તો હરિજનોમાંના સાચા પ્રભુભક્તોનું અપમાન કરવા બરાબર છે.

વડતાલ-મંદિરે અવળી ઠરી

ગુજરાત પ્રાંતિક કોંગ્રેસ અને ગાંધીજીના અનુયાયી મનાય છે. તેથી, તેના મંદિરોને જલદી ખોલીને રીઝવવાનું ઘેલું કેટલાકને લાગ્યું છે. આવી પ્રવૃત્તિથી અસ્પૃશ્યતાનિવારણના સાચા કાર્ય પ્રત્યે જાણેઅજાણે ઉદાસીનતા દાખવવાનું પ્રજાને ફાવી જાય છે, અને હરિજનો પણ પોતાના હક્કો માટે યોગ્ય દિશામાં લડવાને બદલે ઊંધે માર્ગે ચઢી જાય છે. તે ઉપરાંત હમણાં વડતાલમાં બન્યું તેમ, એ માર્ગે અણધાર્યા અને કઠોર આઘાતો વિના કારણે સહેવા પડતા હોય છે.

વડતાલના સ્વામીનારાયણના મંદિરમાં હરિજનોએ એક દિવસ ગાજતેવાજતે પ્રવેશ કર્યો તેથી મોટો આનંદોત્સવ હોય તેવું વાતાવરણ ઊભું કરવામાં આવ્યું. પણ ત્રીજે જ દિવસે એ મંદિરના મહંતે હરિજનોના સ્પર્શથી અપવિત્ર બનેલું મંદિર આખું ઉપરથી નીચે સુધી ધોવરાવી નાખ્યું અને સ્વામીનારાયણના ભક્તોને ગામેગામ છાપેલા ચોપાનિયાં મોકલ્યાં કે, હરિજનોને અપાયેલી મંદિર-પ્રવેશની છૂટ પાછી ખેંચી લેવામાં આવી છે. કોઈ પણ મંદિરના પૂજારી સમાજના આટલા મોટા સમૂહનો આ રીતનો તેજોવધ કરી શકે તે ખરેખર શરમજનક છે. પણ તેને માટેની જવાબદારી આપણી જ છે. હવે તો ભૂલ્યા ત્યાંથી ફરી ગણવું રહ્યું. ફરી ફરીને વિનંતી કરીએ છીએ, કે હરિજનો માટે મંદિર-પ્રવેશનું નામ પણ છોડી દેવું જોઈએ. એ મંદિરોમાં બધા બ્રાહ્મણો, બધા વણિકો કે અન્ય કોમના બધા લોકોએ જવા જેવું પણ કાંઈ રહ્યું નથી, એમાં નાહક હરિજનોને ઘસડીને નાહક દંભ અને પાખંડના ભોગ શીદ બનાવવા જોઈએ! વડતાલના ધર્મગુરુએ એવું જાહેર કર્યું કે, ખ્રિસ્તી પાદરીને તો અમે ના નથી પાડી, એ તો હરિજનોને જ ના પાડી! અબાધ તો એ કહેવાય.

સાચું અસ્પૃશ્યતાનિવારણ તો હરિજનો માટે ગામના નગર-કૂવા-અવાડાઓ, ગામની નિશાળો, સરકારી કચેરીઓ, દવાખાનાં વગેરે ખુલ્લાં મૂકવામાં રહેલું છે, હરિજનોને ઝાડું મારવા કે સાળ ચલાવવા સિવાયનાં સમાજનાં બીજાં કાર્યોમાં સમાન દરજ્જે શામિલ કરવામાં રહેલું છે. અને સૌથી વિશેષ જરૂર તો જુદા હરિજનવાસો, જુદી હરિજનશાળાઓ

વગેરે કાઢી નાખવાની છે, અને ભંગીકામને સુઘડતા અને સ્વમાનપૂર્વક રોટલો રળવાનો તમામ કોમો માટે ખુલ્લો એવો એક રોજગાર બનાવવાની છે. કલોલ વગેરે સ્થળે હરિજનને બસમાં બેસવા જતાં માર પડે છે, વઢવાણની હૉટલોમાં હરિજનો માટે જુદાં ખાનાં રખાયાં છે, એવા જુલમોને નાબૂદ કરવા જ જોર એકત્ર કરવું ઘટે.

ઇન્ડિયન ન્યૂઝ પરેડ

વડી ધારાસભાની છેલ્લી બેઠક દરમિયાન પસાર થયેલી એક કાપની દરખાસ્તને પરિણામે 'ઇન્ડિયન ન્યૂઝ પરેડ' નામે નીકળતી સમાચાર–ફિલ્મોનો વિભાગ હિંદી સરકારને બંધ કરવો પડ્યો હતો. પછી એ આખો વિભાગ એક વેપારી પેઢીએ ખરીદી લઈને દેશભરના સિનેમાઓને આ જાતની ફિલ્મો પૂરી પાડવાનું ચાલુ રાખ્યું હતું. તાજેતરમાં એ પેઢીએ પણ આ કામ છોડી દીધું છે, અને પરિણામે હિંદુસ્તાનના સિનેમાઓમાં દેશના મહત્ત્વના બનાવો અંગેની ફિલ્મ દેખાવી બંધ થઇ છે. પેઢીએ પોતાનું કામકાજ બંધ કરતી વખતે બહાર પડેલા નિવેદનમાં એમ જણાવવામાં આવ્યું છે કે આવી સમાચાર–ફિલ્મોમાં આવતાં દૃશ્યોમાંનાં કેટલાંક એક કોમને નથી રુચતાં તો કેટલાંક બીજી કોમને નથી રુચતાં, માટે સિનેમા–માલિકો હવે એ ફિલ્મો ખરીદતા નથી.

આપણો દેશ આઝાદીને ઉંબરે આવીને ઊભો છે, ત્યારે આવી જાતની અસહિષ્ણુતા પ્રજાના તમામ વર્ગોમાંથી ખંખેરી નાખવાની કોશિશ હૃદયપૂર્વક થવી જોઈએ. આવી અસહિષ્ણુતા બતાવનારા અણસમજુ લોકો ઉપર જેમની લાગવગ પહોંચતી હોય તેમણે તેમને આ હીનમાર્ગેથી પાછા વાળવા જોઈએ. આ જાતની પછાત મનોદશાને જરાય ઉત્તેજન ન આપવું જોઈએ. આમ તો આપણે ક્યાં જઈને અટકશું? બેશક, આ રાષ્ટ્રનું કે તેના કોઈ પણ એક વિભાગનું અપમાન થતું હોય તેવાં દૃશ્યો સિનેમાના પરદા ઉપર રજૂ થાય તે સાંખી શકાય નહિ. પરંતુ શ્રી ઝીણાને લગતું દૃશ્ય આવે તો રાષ્ટ્રવાદીઓને ન રુચે, અને કોંગ્રેસી નેતાનું દૃશ્ય આવે તો લીગવાદીઓને ન રુચે, એ તો કેમ કામ આવે? જે બનાવ બન્યો છે તે આપણી સમક્ષ રજૂ થાય છે. એ બનાવને આપણા ગમા–અણગમા સાથે શો સંબંધ છે? છાપાંમાં જે જે બનાવોને લગતા સમાચારો આવે છે તે બધા શું આપણી પસંદગીના હોય છે? જે બન્યું છે તે તો બનેલું જ છે. આપણે એનું દૃશ્ય જોવાની ના પાડીએ તો ગુમાવવાનું આપણે જ છે. રેતીમાં માથું ખોસીને દુનિયામાં કાંઈ બનતું જ નથી એવું મન મનાવનારા શાહમૃગની હાંસી કરનારા આપણે માનવીઓ એની નકલ રખે કરીએ.

અલબત્ત, આ ઇન્ડિયન ન્યૂઝ પરેડની ફિલ્મોમાં કેટલાય ધૂળ જેવા બનાવોનાં જે રેઢિયાળ દૃશ્યો આવતાં હતાં તેની ચર્ચા અત્યારે અસંબદ્ધ છે.

ડૉ. મગનલાલ મેઘાણી-ની શુદ્ધ શહીદી

કોમી હુલ્લડે ગત વર્ષમાં ધારણ કરેલા રાક્ષસી સ્વરૂપની સામે માનવીની માનવતાએ કેટલાંય મહિમાવંત દૃશ્યો રજૂ કર્યાં છે. અહીં કોઈએ આડા ઊભવા પહોંચીને કપાઈ જવું પસંદ કર્યું, તહીં કોઈએ છુરીના ભોગ બનેલા નિર્દોષોનાં શબો બેસવા જઈને એ ઉઠાવવા દેવાની ના કહેનાર હત્યારાઓનાં ખંજર કલેજે પહેરી લીધાં, તો ત્રીજે ઠેકાણે કોઈક જાહેર હિતનાં ખાતાની પગારદાર નોકરી કરનારો પોતાના ચાકરી–સ્થાનેથી ખસ્યા વગર ખંજરબાજોને હાથે ભૂંડે હવાલે ખપી ગયો.

મુંબઈની શહેર સુધરાઈમાં ૨૫ વર્ષથી એકધારી નેકપાક નોકરી કરનારા ડૉ. મગનલાલ મેઘાણીનું તાજેતરનું આત્મસમર્પણ એ આ ત્રીજી કોટિમાં આવે છે. સુધરાઈ ખાતામાં પોતે ઇન્સ્પેક્ટર હતા, એની નોકરી મુંબઈના સૌથી ભયાનક ગણાતા મદનપુરા નામના મવાલી–લતામાં હતી. એક સવારે પોતે નિત્યની માફક નોકરી પર ગયા, ખંજરબાજે હમલબાજીથી હુમલો કર્યો, ડૉ. મેઘાણીના ત્રણ સાથીઓ નાસી શક્યા, પણ પોતે ઘેરાઈ ગયા, નાસવું અતિમોડું બન્યું, નાસવાની વૃત્તિ યે નહોતી, 'લે ભાઈ માર!' એવું કહ્યું, મવાલીમાંના એકે એને પાછળથી પકડ્યા હતા, બીજાએ ખંજર હુલાવી દીધું, ડૉ. મેઘાણીના શ્વાસડા પ્રાણ ઇરિપવાસના ઓપરેશન–

ટેબલ પર જતા રહ્યા. પત્ની કે બચ્ચાં સાથે મીટનો મેળાપ પણ ન થઈ શક્યો.

ઘરનો ધંધો કર્યો હોત તો ખૂબ રળી શક્યા હોત એવી મિત્રો-સ્નેહીઓની અનુકૂળતાવાળા અને જનહૃદયો જીતનારા ડૉ. વ્રજલાલે સુધરાઈની નોકરી દ્વારા કંગાલ લાખો પ્રજાજનોની સેવા કરવાનો યોગ નિહાળ્યો, સામાન્ય સ્થિતિને જ સ્વીકારી લીધી, જ્યાં પોતાનો જાન લેવાયો એવા હુલ્લડોની તો એમણે વધુમાં વધુ ખિદમત કરી હતી. હુલ્લડના દાવાનળથી બચી જવા, એટલે કે રજા પર ઊતરી જવા અથવા તો નોકરીનું રાજીનામું જ દઈ દેવા આપ્તજનોએ ખૂબ દબાણ કર્યું. પણ જવાબમાં ડૉક્ટરે એક જ વાત કહી, કે આજે તો હું નોકરી છોડું, કાલે બીજા છોડે, પરમ-દિવસે બધા નાસે, પરિણામે તો સુધરાઈનું તંત્ર તૂટી પડે—એ દૃષ્ટિએ મારો નોકરીત્યાગ એ તો અકર્તવ્ય કહેવાય.

બસ, આ ધર્મદૃષ્ટિએ એમણે નોકરી પર હાજર રહી *જાન આપ્યો, એ તો જાહેર નોકરીઓની દુનિયામાં* અતિ ઉજ્જ્વળ ઘટના છે. ડૉ. વ્રજલાલની સર્વ સેવાઓને, શીલચારિત્ર્યને, જ્ઞાનદર્શનને, આદર્શભક્તિને અને પીડિતો પ્રત્યેના પ્રેમને શિરે સોનાનો કળશ ચડ્યો છે.

એમના સ્મારક માટે મુંબઈના બહોળા સ્નેહીમંડળે આદરેલું ભંડોળ પાંત્રીશ હજારે પહોંચી ગયું છે, ને એક લાખે પહોંચાડવાની સ્મારકકારોની નેમ છે.

અવેતન રંગભૂમિનો પુનરુદ્ધાર

ગુજરાતી રંગભૂમિ માટેનાં રોદણાં સૌનાં જાણીતાં છે. ધંધાર્થી નાટક-દુનિયાને આપણે એના અધોગતિના કાળમાંથી ઉગારવાની કોઈ કોશિશ વિચાર્યા વગર નકારાત્મક રીતે બહિષ્કૃત કરી. પછી અવેતન રંગભૂમિનું નવસર્જન કરવાને છુટાછવાયા પ્રયત્નો થતા રહ્યા, પણ એમાંથી ઝાઝો સાર મેળવી શક્યા નહિ. મુખ્ય કારણ એ લાગે છે, કે નાટ્યકળાની ઉપાસનાને પરિણામગામી કરવાને સારુ જે ભગીરથ શરીરશ્રમ, મનશ્રમ, નિયમસ્થતા, સુવ્યવસ્થા અને ઊંડા અવગાહનયુક્ત અભ્યાસની અપેક્ષા છે, તેની એવના અવેતનોએ રાખી નહિ એટલે અવેતનો દ્વારા ઊલટો બગાડો વધ્યો. રંગભૂમિ આછકલાઈનું સ્થાન બની.

વિફલતાની મનોદશાના આવા અંધકારની વચ્ચે એક નવો ઉજાસ 'પીપલ્સ થિયેટર' નામે ઓળખાણ પામી ઝડપભેર જનપ્રિય બની રહેલી રંગભૂમિએ આપ્યો છે. એની અમદાવાદવાળી ગુજરાતી શાખાના કર્ણધાર શ્રી. જશવંત ઠાકર અને શ્રીમતી લીના સંઘવી વગેરેએ આપણાં પ્રાચીન સંસ્કૃત નાટકોથી લઈ તદ્દન અર્વાચીન એવાં ઇબ્સન-સંપ્રદાયનાં નાટકો સુધીના ક્ષેત્રમાં ઘૂમી ઘૂમી, વિવિધ પ્રયોગો રંગભૂમિ પર અનેરી સફળતા સાથે કરી દેખાડ્યા છે. તેમના પ્રયોગોમાં વેશપરિધાન, અભિનય, અવાજ વગેરેની મેળવણી સપ્રમાણ અને સુરેખ બને છે. એમનું ટીમ-વર્ક (સંઘકાર્ય) અભિનંદનને માગી લે છે. એમનું લક્ષ્ય ગાંભીર્યયુક્ત આરાધનાથી સિદ્ધ થઈ રહ્યું છે. પ્રેક્ષકોની 'ઉદારતા' ને 'પ્રોત્સાહનવૃત્તિ' એવા શબ્દે ઓળખાતી ખોટી લાલનબુદ્ધિ પર તેમણે મદાર બાંધ્યો નથી. પ્રેક્ષકોને તેઓ શિક્ષણસમૃદ્ધ અને કલ્યાણગામી મનોરંજન પૂરા પ્રમાણમાં આપે છે. અમને લાગે છે કે આ મંડળી દ્વારા આપણે રંગભૂમિના ક્ષેત્રમાં સાચી ક્રાંતિ લાવી રહ્યા છીએ. આ મંડળમાંનાં બધાં અવેતન છે, છતાં ધંધાર્થીને પણ ટપી જાય તેટલા ઉદ્યમ પરિશ્રમ અને નિયમપાલને કરી તેમની કલા શોભી રહી છે.

શિક્ષિત સ્ત્રીઓની પક્ષાઘાતી દૃષ્ટિ

'પીપલ્સ થિયેટર' જે નાટકો ભજવે છે તેની 'અપીલ' હમેશાં સર્વસ્પર્શી જ હોવી જોઈએ અને હોય છે. એટલે એ બતાવવામાં સ્ત્રીઓ માટેના અલાયદા ખેલ હોવા જોઈએ એવું કાંઈ નથી. તદુપરાંત આપણા સંસાર-જીવનની ઊંડી સમસ્યાઓની કલાયુક્ત સમીક્ષા કરનારાં 'ઢીંગલીઘર' જેવાં નાટકોને માટે સ્ત્રીઓ માટે અલાયદા તમાશા રખાવવા અને એ જોવા સ્ત્રીઓને આકર્ષવા એવા પ્રકારની હિમાયત કરવી, કે આમાં તો સ્ત્રી પ્રત્યેના ઘોર જ અન્યાયનું દર્શન થાય છે, એ અમને ઉચિત લાગતું નથી. આ તો ઊલટું સ્ત્રીપુરુષે સંગાથે બેસીને મોકળા

મનથી, અન્યોન્યને આઘાત–પ્રત્યાઘાત આપતી સાંસારિક પરિસ્થિતિની ઊંડેરી સમસ્યાઓ વિષમતાઓને કલાની વિવેચના દ્વારા હૃદયગત તેમ જ બુદ્ધિગત કરવા જેવી વાત છે.

આ લખાઈ રહ્યું છે તે જ પળે નાટ્યશાસ્ત્રોના ઊંડા નિરીક્ષક એક સ્નેહી અમારી જોડે સહમત બનીને માહિતી આપે છે કે, ઈબ્સનને જ્યારે એક વાર એક સ્ત્રી–સંસ્થાએ સ્ત્રીના અધિકારરક્ષક તરીકે માન આપવાનો મેળવડો યોજ્યો હતો. ત્યારે એણે જવાબમાં કહ્યું હતું કે, મને એવું યાદ નથી કે મેં કદી સ્ત્રીઓના પક્ષકાર રૂપે કશું રચ્યું હોય. મેં તો સમગ્ર સંસાર–જીવનનાં તળિયાંમાં પડેલાં વિષમ રહસ્યોને જ સ્પર્શ કરવાની દૃષ્ટિ રાખી છે.'

આમ હોઈને સ્ત્રીઓ માટેના અલાયદા પ્રયોગો રખાવી તેની પક્ષકારી નેમને આગળ કરનારાં સ્ત્રી જનોની–દૃષ્ટિ ખાસ કરીને તો તેઓ જ્યારે સુશિક્ષિતો હોય છે ત્યારે પક્ષાઘાતથી પીડાતી ભાસે છે.

નૃત્યાભિનયની મોટી સિદ્ધિ

'પીપલ્સ થિયેટર'ની મુંબઈથી અમદાવાદ આવેલી મંડળીના નૃત્યપ્રયોગો નિહાળવા મળ્યા. આપણા દેશના દેહાતી (ગ્રામીણ) ખેડુજનોની રામલીલા તેમ જ લોકગાથાઓ લોકગીતોથી લઈ ચાલુ રાજકારણમાં બનતા ઉલ્કાપાતી બનાવોને આ પ્રયોગકારો નૃત્ય અભિનયની વાણીમાં રજૂ કરે છે, તેમાં તેઓએ અનેરી કલાસિદ્ધિ કરી બતાવી છે. પાત્રના સામટા સમૂહને, વ્યક્તિ વ્યક્તિએ વિભિન્ન એવા અભિનયોની મેળવણી દ્વારા મૂક ઘટના–દૃશ્ય નીપજાવવા માટે શક્તિમાન કરવામાં આવ્યો છે. જે ભાવો તેઓ વ્યંજિત કરવા માગે છે અગર ઘટનાઓનું જે કોઈ રાજકારણી વિચારસ્વરૂપ તેઓ બાંધવા માગે છે, તે પરત્વે મતભેદને પૂર્ણ અવકાશ હોવા છતાં પ્રસંગોનું આટલું પ્રબલ, આટલું વેગીલું, સ્ફૂર્તિમાન, અને જોમવંતું કલાવિધાન એક વાત તો પુરવાર કરી આપે છે, કે આ મંડળીની પાસે જનહૃદયને જીતવાની કલાદૃષ્ટિ છે.

આખરી નેમ નાપાક હોય તોયે—

કહેવામાં આવે છે, કે આ તો બધી સામ્યવાદી પક્ષની કલાજાળ છે, અને આખરે તો એમની નાપાક નેમ નવા નવા બુરખા મારફત પ્રજાનાં હૃદયોને કલુષિત કરી રાષ્ટ્રશક્તિને તોડી નાખવાની છે. આ મંતવ્યની પાછળ કેટલાક ભાઈઓનાં તો વર્ષોના અનુભવનું પીઠબળ છે. દલીલ ખાતર એ કબૂલ કરી લઈએ, કે આવું હશે પણ તેથી તો સામેપક્ષે એક સચોટ પાઠ શીખવા જેવો બને છે, કે એમણે સાધેલી આ કળાને બીજાઓએ પણ હસ્તગત કરવી અને પ્રજાહૃદયને એકતાનાં સ્વરૂપો મારફત જ આ ધર્મસ્થાનોથી સાવધાન કરી દેવી. નહિતર તો પછી થશે એવું, કે આવી કલાપ્રવૃત્તિઓને પણ જતે દહાડે જનતા પર અસર પાડતી અટકાવવાને સારુ મનાઈ હુકમો ઘડવા પડશે, આપણે ઇચ્છીએ કે આ નટ–મંડળની આટલી બધી ઊંચી સિદ્ધિ ઉપર કહેવાય છે તેવી રાજકારણી કુટિલ નેમને ફલિત કરવા માટે નહિ પણ જનતાની કલાનાં સુષુપ્ત બળોને રાષ્ટ્રના કલ્યાણ ખાતર જોતરવા માટે જ વપરાય. પણ એ તો થાય તે ખરું, આપણી ફરજ એમના જેટલી સાધનાશક્તિને ઉપાસી લોકસમાજનું ક્ષેમકલ્યાણ નીપજાવતે માર્ગે જનતાને ખેંચી જવાની છે.

મહીડા પારિતોષિક

મહીડા–પારિતોષિક નામે ઓળખાતી યોજનાથી ઘણા વાકેફ હશે. માંડવા–ચાણોદના મરહૂમ સાહિત્યપ્રેમી શ્રી. મોતીસિંહજી મહીડાની પુણ્યસ્મૃતિમાં સ્વ.ના નાના બંધુ શ્રી. નરેન્દ્રસિંહ મહીડાએ બે ઈનામો કાઢેલ છે. એક છે વર્ષભરની સર્વોત્તમ નવલિકા માટેનું, ને તે ગુ. સાહિત્ય પરિષદ દ્વારા અપાય છે. બીજું છે. વર્ષભરની કોઈ પણ વિષય પરની સર્વોત્તમ ગ્રંથ–કૃતિ માટેનું ઇનામ, ને તે માટે મુંબઈના કલામંડળના નિર્ણય મુજબ અપાય છે. આ વર્ષે ઉત્તમ કૃતિ તરીકે શ્રી. મેઘાણીની 'માણસાઈના દીવા'ની વરણી થઈ હતી, તેના પારિતોષિક–પ્રદાનનો સમારંભ વડોદરા મુકામે થયો હતો, ને ત્યાંના

પ્રોત્સાહન ભરપૂર, વાતાવરણ વચ્ચે શ્રી નરેન્દ્રસિંહ મહીડાએ આવતા વર્ષથી મંજૂર પારિતોષિક રૂ. ૩૦૦નું હતું તે બેવડાવી રૂ. ૬૦૦ કર્યું છે, તે માટે તેમને ધન્યવાદ છે, આ પારિતોષિક એ કોઇ પણ એકાદ કીર્તિભૂખ્યા લતાનું સ્વેચ્છાચારી દાન નથી, પણ સંભાવિત સાહિત્ય સંસ્થાને હસ્તક સર્વાધિકાર સાથે સોંપાયેલું કાયમી ટ્રસ્ટ છે. શ્રી. નરેન્દ્રસિંહજી એ કારણે જ ધન્યવાદને પાત્ર છે.

મહીડા પારિતોષિકને રૂા. એક હજારની રકમ સુધી પહોંચાડવાની કલામંડળની ઉમેદ છે. અને તેનો જરા જેટલો ઉલ્લેખ થતાં જ એક ગૃહસ્થે રૂા. ૫૦૦ તથા બીજાઓએ રૂા. ૧૦૦નો ફાળો વડોદરાના સમારંભમાં જાહેર કર્યો હતો.

બંધુ–માસિક
સંસ્કૃતિને સ્વાગત

ગુજરાત વિદ્યાસભામાંથી નિવૃત્ત થયેલા આપણા કવિ–સાક્ષર શ્રી. ઉમાશંકર જોશીએ 'સંસ્કૃતિ' નામનું જે નવું માસિક શરૂ કર્યું છે તેને અમે સામયિકોના પ્રદેશમાં હર્ષભેર આવકાર દઇએ છીએ. ગુજરાતમાં અત્યારે જે સામયિકો ચાલે છે. તેમાંનાં કોઇ કોઇની આગલી ઉજળી કારકિર્દીનો અકાળે અંત આવી રહ્યો છે. કેટલાકનાં અંગો પૂરા પ્રયત્ને પુષ્ટ થતાં નથી, કોઇ પોતાની ઉપયોગિતાને હારતાં પણ જણાય છે. આ સંજોગોમાં નવું સોહી સદા સ્વાગતને પાત્ર છે. ઉપરાંત પ્રત્યેક સામયિકને એનું આગવું ક્ષેત્ર હોય છે, ધ્યેય હોય છે અને ન્યૂનાધિકતા હોય છે. દરેકને અમુક અમુક વિશિષ્ટતા પર જોર દેવાનું હોય છે. એથી કરીને પણ એક અનોખું વ્યક્તિત્વ ધરીને પ્રવેશ કરનાર 'સંસ્કૃતિ' માટે ગુજરાતમાં બહોળો અવકાશ છે. શ્રી ઉમાશંકરની વિચારપ્રતિભા તેમજ કવિસુલભ ઊર્મિતત્ત્વ, એ બેઉના સુભગ સમન્વય વડે સંસ્કૃતિ ખૂબ ખીલો અને કૃતાર્થ બનો, એવી શુભેચ્છા છે. એનો પહેલો અંક આપણાં અભિનંદનોને આપોઆપ માગી લે છે.

❋

તાર–ટપાલ

હિંદી સરકારના તાર–ટપાલ ખાતાના આવક–ખર્ચના નીચે મુજબના આંકડા બહાર પડ્યા છે:

	૧૯૪૩–'૪૪	૧૯૪૪–'૪૫
આવક	૨૫,૧૬,૦૦,૦૦૦	૨૯,૩૮,૦૦,૦૦૦,
ખર્ચ	૧૬,૧૪,૦૦,૦૦૦	૧૯,૧૪,૦૦,૦૦૦

❋

સૈન્ય વિખેરણી

૧૯૪૫ના ઑગસ્ટમાં યુદ્ધનો અંત આવ્યો ત્યારથી આજ સુધીમાં હિંદી સૈન્યમાંથી નીચે મુજબના અફસરો છૂટા કરવામાં આવ્યા છે:—

લશ્કર—૧૯,૯૮૨ (૪૨૦૮ હિંદી+૧૫,૭૭૪ યુરોપિયનો).

નૌકાદળ—૧૬૦૨ (૫૪૩ હિંદી+૧૦૫૯ યુરોપિયનો).

વિમાનીદળ—૨૪૦.

(વડી ધારાસભામાં સંરક્ષણમંત્રી શ્રી બાલ્દેવ)

ગ્રંથ સમીક્ષા

બે નવલકથાઓ

ઉલ્કા

[લે. વિ. સ. ખાંડેકર; અનુ૦ ગોપાળરાવ વિદ્વાંસ; પ્રકા૦ આર. આર. શેઠની કં. મુંબઈ-૨; મૂલ્ય, સાડાચાર રૂપિયા.]

'દોન ધ્રુવ' અને 'ક્રૌંચવધ' પછી પ્રસિદ્ધ મહારાષ્ટ્રીય સાહિત્યકાર ખાંડેકરની ગુજરાતીમાં ઉતરતી આ ત્રીજી કથા છે. આગલી બેઉ કૃતિઓ કરતાં વહેલી લખાયેલી આ કથા પોતાની વધુ વખણાયેલી અન્ય કૃતિઓ કરતાં લેખકને વધુ પ્રિય છે. એનું કારણ છે: આ કથાના પહેલા અક્ષર પડ્યા પહેલાં હૃદયને બેચેન બનાવી મૂકે એવું શોભક સંવેદન એમણે અનુભવ્યું છે, એટલે હૃદયના લોહીથી લખાયેલી પોતે એને ગણતા હોય તો તે સ્વાભાવિક છે.

એ સંવેદન કર્તાને થયેલું સાધારણ મધ્યમવર્ગના નારીજીવન તથા દલિતવર્ગની ગુલામીના આંખ ખોલી દેનાર હૃદયમથન સમાજદર્શને. એ ઉભયવિધ ગુલામીનું ચિત્ર આલેખી તેની સામે જમાડવાની સામાજિક ક્રાન્તિનો સંદેશ સુણાવવા આ કથાનું નિર્માણ થયું છે. કથાની ત્રીજી આવૃત્તિની એમની સુવિસ્તૃત પ્રસ્તાવના આ બધું આપણને જણાવે છે. સંસારી કથાનાયિકા ઉલ્કાના લગ્નનો પ્રશ્ન એને તથા એના આદર્શભક્ત ભાવનાશાળી પિતા ભાઉસાહેબને કેવો મૂંઝવે છે ને કેવું વીતાડે છે, અને છેવટે ઉલ્કાને એક બીજવર જાગીરદાર સાથે પરણવું પડે છે એ બતાવીને, મધ્યમ વર્ગની કન્યાને સમાજની સ્ત્રી પ્રત્યેની દૃષ્ટિ તથા લગ્ન સંબંધી રૂઢિઓ ફર્યા નથી ત્યાં સુધી કેવું વેઠવું પડવાનું, તેનું ગ. ખાંડેકરે વાચકોને સચોટ ભાન કરાવ્યું છે. ધાબિણ અશ્રાહાણના ઝઘડા, કન્યા-વહેવાર માટે નાના નાના ગોળ, જમાઈને પહેરામણી આપવાનો રિવાજ, દ્રવ્ય ને સત્તામ-ભરતી દુનિયા, પુરુષ કરતાં સ્ત્રીનો ઊતરતો દરજ્જો—આ બધા સંસ્કારોથી યુક્ત મહારાષ્ટ્રીય સાધારણ મધ્યમ સમાજનું વાસ્તવચિત્ર કથામાં મઝાનું ઊપસાવાયું છે. આવી સામાજિક પરિસ્થિતિ આગળ ભાઉસાહેબના આદર્શવાદને પરાજિત થતો કર્તાને બતાવવો પડ્યો છે.

સ્ત્રીની દુર્દશા ટાળવા સામાજિક ક્રાન્તિની જરૂર બતાવવા આમ એ પિતાપુત્રીનાં પાત્ર યોજ્યાં, તો દલિતોની ગુલામીના નિવારણ માટે ક્રાન્તિની જરૂર પ્રબોધતા ચંદ્રકાન્તનું પાત્ર કર્તાએ સર્જ્યું છે. કથામાં પહેલી વાર નાના વિદ્યાર્થી તરીકે દેખાય છે ત્યારથી સ્વમાન દાખવી અન્યાય સામે માથું ઊંચકતા ક્રમશઃ હાલતમાં ઉછરેલ વિધવાપુત્ર ચંદ્રકાન્તને સ્વયંસ્ફૂર્તિથી આત્મવિકાસ સાધતા પ્રગતિશીલ આત્મા તરીકે આલેખી, સત્યાગ્રહી શાંતિનિકેતનનો વિદ્યાર્થી, ક્રાન્તિકારી શિક્ષક અને છેવટે મિલમજૂરો અને કિસાનોનો બેલી બનતો વર્ણવી કર્તાએ એ ઉદ્દેશ સાધ્યો છે. અન્યાય-સંતપ્ત જનતાના બોજનો ભોગ થઈ આવી ગયેલા સ્વાર્થાંધ જાગીરદાર પતિના અવસાન બાદ ઉલ્કાને તેની સઘળી મિલકતનું ટ્રસ્ટ કરી આંબેગાવના ગરીબ ખેડૂતોને જમીનો અપાવવાનું કામ હાથ ધરતી આલેખીને પણ કર્તાએ આ જ ઉદ્દેશ સાધ્યો છે અને એ કથાનાયિકાના 'ઉલ્કા' નામને સાર્થ પણ કર્યું છે.

બીજી રીતે જોતાં, કથા, એના કમનસીબે નિષ્ફળતાને વરેલા ઉલ્કાના પ્રેમના પ્રયોગોની કથા પણ બની છે. સૌ પહેલાં ચંદ્રકાન્તના સંપર્કમાં આવી તેના પ્રત્યે આકર્ષાયેલી છતાં લગ્ન માટે તો કોઈના પુત્ર વસંત પર નજર માંડતાં શીખેલી ઉલ્કાને એમાં નિરાશ થવા વારો આવે છે, ત્યાં માણિકરાવ એને મળે છે; તો એમાંય આખરે એને મળે છે તો નિરાશા જ. હૃદયથી બે વ્યક્તિ પર શુદ્ધ પ્રેમ કરી ચૂકેલી અને તેમનો એવો પ્રેમ વાંછતી એ સૌભાગ્યકાંક્ષિણીને અન્તે પોતાનો સૌભાગ્યનાથ બનાવવો પડે છે આંબેગાવના મોટી ઉંમરના જમીનદારને.

ચોત્રીસ પચીસ વરસની કોરી પાતળી વેદનાને ડાહી બનાવી દેતી આ બધી એની કર્મકથા છે. બંગાળી યુવતી કલ્પનાને મોંપેથી કથાન્તે જાણવા મળતો ચંદ્ર-

કાન્તનો પોતા માટેનો વિશુદ્ધ, ઊંડો ને સ્થાયી પ્રેમ જ વિધવા ઉલ્કાના ઉત્તરજીવનનું એક માત્ર આશ્વાસન બની રહેશે, એવી વાચકને ખાતરી કરાવીને કથા પૂરી થાય છે. ચંદ્રકાન્તના ઉલ્કા માટેના એ ખિન્નપ્રદર્શનિયા, નિર્મળ અને દેહકામનાશૂન્ય પ્રેમનું નિરૂપણ આ કથાની એક સિદ્ધિ ગણાય. એ સાત્ત્વિક અહેતુક પ્રેમ આગળ દેહલાલસાના દાસ અને દ્રવ્યના કામી વસંત અને માણિકરાવનો પતંગિયા જેવી અસ્થિર વૃત્તિવાળો, ઉલ્કાના દેહને જ વાંછતો પ્રેમ અને જમીનદાર પતિ તરફથી ઉલ્કાને મળતો એવો જ પ્રેમ કેવો ક્ષુદ્ર અને ઝાંખો લાગે છે! સામાન્ય પુરુષ સ્ત્રીને કઈ દૃષ્ટિથી જુએ છે તેનું એમાંથી યથાર્થ દર્શન મળી રહે છે.

કથાની લખાવટ આકર્ષક છે. નાયિકા ઉલ્કા પોતાની આત્મકથા કહેતી હોય એવી એની યોજના છે. તેના પિતાની નોંધપોથીમાંથી ઉતારા આપવાનો તથા ચંદ્રકાન્તના પત્રો ટાંકવાનો લેખનપ્રયોગ સારો થયો છે, પાત્રાલેખન સાફ છે. ભાઉસાહેબ, ઉલ્કા, ઉલ્કાની ફોઈ, આધુનિક કેળવણીના સર્જનરૂપ વસંત ને માણિકરાવ, ચંદ્રકાન્ત, ચંદ્રકાન્તની મા, નીરા, ઉલ્કાનો જમીનદાર પતિ—સૌ નાનાંમોટાં પાત્રો સુરેખ દોરાયાં છે. ખાડેકરનું કવિત્વ પણ કેટલાંક કાવ્યોમાં તેમ ચંદ્રકાન્તના પત્રોમાંની વાર્તાનાં ચમક્યું છે, જોકે કાવ્યોના ગુજરાતી ભાષાંતરમાં એ ચમકી શક્યું નથી. કૃતિનું ભાષાંતર સ્વચ્છ ગુજરાતીમાં કાળજીપૂર્વક થયું છે. અશુદ્ધિઓ અહીંતહીં નજરે પડે છે ખરી, પણ તે મુદ્રણદોષને આભારી હશે એમ માનીશું.

આવી કથાનું ગુજરાતી ભાષાંતર થયું તે ખોટું નથી થયું. બંગાળની કથાઓની જથ્થાબંધ આયાત કરતું ગુજરાત પોતાના સાખપડોશી પ્રાંતની કથાઓનો સ્વાદ ચાખે તે જરૂરનું છે. બંગાળી કથાઓની અને બંગાળી માનસની લાક્ષણિકતાઓ, જેનાથી આપણે હવે ઘણા પરિચિત થઈ ગયા છીએ, તેનાથી વિલક્ષણ રીતે વિશિષ્ટ લાક્ષણિકતાવાળી મહારાષ્ટ્રીય કથાઓ અને મહારાષ્ટ્રીય માનસ ગુજરાતી વાચકોને અનોખો જ સ્વાદ આપશે, તે ઉપરાંત મહારાષ્ટ્રના જીવનનો સાચો પરિચય પણ કરાવશે, એ લાભ ઓછો છે?

ભગવાન કૌટિલ્ય

[લે. કનૈયાલાલ મુનશી; પ્ર૦ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; મૂલ્ય ચાર રૂપિયા; ત્રીજી આવૃત્તિ]

શ્રી મુનશી હીરક મહોત્સવ ગ્રંથાવલિના ગ્રંથ નં. ૪ તરીકે આ નવલકથા પ્રગટ કરવામાં આવી છે. કથાનાયક નંદનિકંદક આચાર્ય વિષ્ણુગુપ્તના પ્રતાપી પાત્રની દીપ્તિથી સાદ્યંત ઝગઝગાતી અને યુવરાજ ચંદ્રગુપ્તપ્રિયા મૈનાકી, દુષ્ટ નંદ, મેલા મુત્સદ્દી વક્રનાસ, શકટાલપુત્રી સુવાસિની, અને તેના હાથના ઉમેદવાર સેનાજીતનાં પાત્રો ચમકાવતી, કોશા અને સ્થૂલિભદ્રના જૈનાગમ પ્રસિદ્ધ કિસ્સાનેય અંદર વણતી, અને સૌથી સરસ તો નૈમિષારણ્ય અને ત્યાંના વિશુદ્ધ બ્રાહ્મણ સંસ્કાર ને વાતાવરણનું યાદ રહી જાય તેવું ચિત્ર દોરી આપતી 'ભગવાન કૌટિલ્ય'ની આ તો ત્રીજી આવૃત્તિ છે, એટલે તેના પર વિશેષ વિવેચનની આવશ્યકતા નથી. એટલું જ કહેવું પ્રાપ્ત થાય છે કે આમાં તો નંદવિનાશની આચાર્ય વિષ્ણુગુપ્તની પ્રતિજ્ઞા સુધીની જ કથા આવે છે. એ પ્રતિજ્ઞાની સિદ્ધિની કથાની અપેક્ષા આ કૃતિ જગાવે છે જ. આનો પ્રથમ સંકલ્પેલો બીજો ભાગ લખાયો, તો પણ 'વાર્તા તેથી કોઈ રીતે અધૂરી નથી' એવો મનમનામણો સંતોષ માણવાનું રા. મુનશીએ ભલે ધાર્યું હોય, મુનશીપ્રિય વાચકોએ તેમને આ વાત એટલેથી પતાવવા દેવી જોઈએ નહિ.

બીજા વર્ષમાં પ્રવેશેલી

વહેતાંપાણી પ્રકાશનમાળા

૧૯૪૮ના જાન્યુઆરીમાં શરૂ થયેલી
વહેતાં પાણી પ્રકાશનમાળાએ
ગયા વર્ષ દરમિયાન આપેલાં

—: ત્રણ સુંદર પુસ્તકો :—

૧ લાલકિલ્લાનો મુકદ્દમો (દોઢ રૂપિયો)
આઝાદ ફોજના ત્રણ શૂરવીરો પરના ઐતિહાસિક ખટલાનો વીરરસથી ભરપૂર સળંગ સચિત્ર અહેવાલ

૨ જય ઈન્ડોનેશિયા (દોઢ રૂપિયો)
વિદેશી શાહીવાદ સામેના એશિયાઈ સંગ્રામના શૂરવીર સૈનિક ઈન્ડોનેશિયાની ઈતિહાસના પ્રારંભકાળથી આજદિન સુધીની સચિત્ર કથા

૩ આપણો સાગરસૈનિક (ત્રણ રૂપિયા)
ગયા વર્ષે ખુલ્લો બળવો પોકારીને હિંદના સ્વાતંત્ર્ય-સંગ્રામની પહેલી હરોળમાં આવી જનાર હિંદી નાવિક અંગેનું અજોડ પુસ્તક, હિંદી નૌકાદળના ઇતિહાસ, નાવિક-બળવાની તપાસ-સમિતિ સમક્ષ પડેલી સ્ફોટક જુબાનીઓ અને બળવાખોર નાવિકો વચ્ચે જઈ આવનારનો દમદ અહેવાલ; ઉપરાંત અનેક તસવીરો

આવતે મહીને
નવા વર્ષનું પ્રથમ પુસ્તક
મશહૂર ફ્રેંચ સાહિત્યસમ્રાટ

વિક્ટર હ્યુગો કૃત

'નાઈન્ટી-થ્રી'નો અનુવાદ

૧૭૮૯ની ક્રાંતિ પછીનાં વર્ષો દરમિયાન ફ્રાંસના અગ્રગણ્ય પ્રજાસત્તાકવાદીઓ અને વિદેશીઓની સહાય વડે લડતા રાજપક્ષવાદીઓ વચ્ચેના ઘોર આંતરવિગ્રહકાળની અદ્ભુત-કથા આજના હિંદુસ્તાનની પરિસ્થિતિ પાને પાને યાદ કરાવશે.

: પ્રાપ્તિસ્થાન :

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ

ફરનાન્ડીઝ પુલ નીચે, ગાંધીરસ્તો : અમદાવાદ
નવા હનુમાનગલીને નાકે, કાલબાદેવી : મુંબઈ-૨

સમાજ, સાહિત્ય અને સંસ્કારનું માસિક

ઊર્મિ અને નવરચના

'ઊર્મિ' વર્ષ ૧૬ : 'નવરચના' વર્ષ ૧૯ [illegible]

માર્ચ : ૧૯[illegible]

ક્રમ

૧	નર્મદાને તીરે	ઝવેરચંદ મેઘાણી
૨	વહેતાં પાણી	માસિક નોંધ
૩	કાળચક્ર	ઝવેરચંદ મેઘાણી
૪	ચાન્ચિતનો વિજય	
૫	નર્મદના વારિએ સિંચેલું શિશુહૃદય	ધૂમકેતુ
૬	પ્રથમ પ્રેમ	સુમથનાથ ઘોષ અનુ : રમણીક મેઘાણી
૭	જીવનની કેળવણી	રવિશંકર મહારાજ
૮	માનવતાની ગોખે	નરોત્તમ રતનશી ચારણ
૯	ત્વરાલેખન	રવિશંકર રાવળ
૧૦	પાવક વાતાવરણ રચાઈ ગયું છે.	દેવજી પરમાર
૧૧	ગીતા અને ગાંધીવાદ	ચન્દ્રશંકર પ્રાણશંકર શુક્લ
૧૨	હું ઈશ્વર નથી...	જિતુભાઈ પ્ર. મહેતા
૧૩	સંવેદનાનું રસાયન	સ્વામી આનંદ
૧૪	વિજ્ઞાનદર્શન	બંસી ગાંધી, જયંતિલાલ દે. ઓઝા, નરસિંહ મૂ. શાહ
૧૫	નાટક જોઈને જોયું જાણ્યું	મહેન્દ્ર મેઘાણી
૧૬	ગ્રંથસમીક્ષા	શા. જ. શા.

— વાર્ષિક લવાજમ —

દેશમાં રૂ. ૭-૦-૦ : પરદેશમાં રૂ. ૧૦-૦-૦
છૂટક નકલ બાર આના

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ

શ્રીમહાજન બીલ્ડિંગ, બીજે માળે, નવી હનુમાન ગલીના નાકે, ૪૦૧ કાલબાદેવી રસ્તો, મુંબઈ ૨.
ફરનાન્ડીઝ પુલ નીચે : ગાંધી રસ્તો : અમદાવાદ

ભાઈઓ લીલા રંગની જરૂરી જોઈએ
ઓહો!
હવે કયા બ્રાન્ડનો જોઈએ તે પણ કહો
ભભકાદાર જોઈએ
તો શાલીમાર ઉત્તમ છે
તમારી રંગરોગાનની યોજનાઓની વિચારણા બાબત સમય બરબાદ કરવો અને તમારા જાણીતા વિશ્વાસપાત્ર પેઇન્ટનું નામ ન બતાવવું એ એક વૃથા પ્રયાસ છે. શણગાર અને રક્ષણ માટે રંગરોગાન કરવા તમને જેવા જોઈએ એવા રંગના શાલીમાર પેઇન્ટ મળી શકે છે.
શાલીમાર પેઈન્ટ, કલર એન્ડ વારનીશ કો. લી.,
૧૬, બેંક સ્ટ્રીટ, મુંબઈ.
SHALIMAR PAINT COLOUR & VARNISH CO., LTD.
16 Bank Street, BOMBAY.

લેખાંક : ૨
[ગતાંકથી પૂરું]

નર્મદાને તીરે

ઝવેરચંદ
મેઘાણી

'**આ** સામે દેખાય તે કબીરવડ.'

નર્મદાની ઉપરવાસ થોડે દૂર ઊભેલું એક ઝુંડ દેખાડવામાં આવ્યું, અને હાઈસ્કૂલમાં ભણતા તે કાળની કવિતા-પ્રવેશની એક કવિતાની પંક્તિ સાંભરી :

' ભુરો ભાસ્યો આંખો.
' દૂરથી ધૂમસે પ્હાડ સરીખો.'

કબીર-વડ પરની એ કૃતિ નર્મદની છે, તેવું સ્મરણ નહોતું. કારણ કે ત્યારે વિદ્યાર્થીઓને સદ્‌ભાગ્યે કર્તાનો અલ્પ અને કૃતિનો જ વિશેષ પરિચય અપાતો. આજે ગંગા ઊલટી વહે છે. કૃતિના કરતાં તેના કર્તા વિશે વધુ પીંજણ કરાય છે.

આ કબીર-વડ : ગુજરાતની એક આગવી સંપત્તિ : ગુજરાતની ધરતીનો શણગાર, બલકે સંસ્કાર : તેને જુહારવા વળતા પ્રભાતે નાવડીમાં નીકળ્યા. બે દા'ડાના મહેમાનને ડાહી ડમરી ને ગરીબ ગાય જેવી દેખાઈને રખે નર્મદા ખોટો જશ ખાટી જશે એવી કંઈક સમજણથી સાથીઓ બતાવે જતા હતા, કે જુઓ, નર્મદાએ કેટલી જમીનને ખૂંદી છૂંદી નાખી છે : જુઓ, અહીં આજે જ્યાં એણે પટ વિસ્તારી રેત પાથરી દીધી છે ત્યાં પાંચ જ વર્ષ પર હરિયાળી ખેતરાઉ જમીન હતી જુઓ, એક જ દાયકામાં એણે આ સેંકડો વીઘાં ધરતીને ખેદાનમેદાન કરી. હર સાલ એનાં ચોમાસાનાં તોફાન ચાલે, બેઉ કાંઠા બોળાઇ જાય, અને પછી પાણી ઊતરે ત્યારે જમીનના માલિકો જોવા નીકળે, કે આપણી કેટલી લોંય ગઈ ને કેટલી રહી !

× × ×

પોતાનાં લખ્ખણ પરોણા કને ગવાઈ રહ્યાં છે એ તો નર્મદા અબોલ રહી સાંભળતી હતી; અને પળક પળક એવો મુલાયમ હલેસાં-સ્વર સાથીઓની ઘરવીતીમાં વિરામચિહ્નો મેલ્યે જતો હતો. પરોણાની સ્થિતિ સહેજ કઢંગી બનતી હતી. નર્મદાનું વાંકું બોલનારા તો સાચા, પણ એમને શી ખબર કે મહીને ઘેર જે ભયંકર ધમરોળ મચે છે તેની સરખામણીમાં તો નર્મદાનો ગૃહસંસાર ભદ્રિક બામણીના જેવો છે. વખંભર કોતરો તો બાપડીએ નથી પાડયાં ને ? અકેક ગામડાનાં પાંચસાત કૂબ્દાં પાડીને તો નથી વહેતી ને ?

ગાઉઓના ગાઉઓ લગી પૃથ્વીનાં પેટાળ ફાડી નથી નાખતી ને? ખૂંદેલી ધરતીમાંય ફરી પાછી ધીરે ધીરે વાવેતર કરવા દે છે. રેતમાં ગાયબ કરેલી ખેડવાણ લોંય થોડે થોડે પૃથ્વીને પાછી સોંપે છે.

× × ×

મસ્તીખોર તો જબરી, પણ મહી જેવી વિકરાળ જરાકે નહિ. હજારો હાથીઓ જેટલું બળજોર, છતાં કાંઠે કાંઠે ઈંકડિયાનાં ઝાડ વાવો એટલે એ કુમળાં ઝાડવાંનીય મરજાદ લોપે નહિ, ખોદાણ કરતી અટકીને ચૂપચાપ ચાલી જાય.

એ કાંઠે વાવેલ નાનાં મોટાં ઝાડવાં મને સાથીઓએ બતાવ્યાં. ઈંકડિયા, છીણી ને વાંઝેલાનાં વૃક્ષો. પાણીમાં આ ઝાડ સડે નહિ. પ્રવાહ એને છોડી વેગળે ચાલ્યા કરે. જળની મહાશક્તિને પણ મરજાદ છે,—ઝીણાં કુમળાં ઝાડવાંની નાનું તણખલું યે પાણીનાં વહેનને વાળી શકે છે. શક્તિની પ્રતિષ્ઠા પણ પાછી સૌંદર્ય વગરની નહિ પાણીની અડોઅડ લેખડ પર રાજગરો વધાય છે. નદી જાણે કે ફૂલ-સાટમનો કમખો પહેરે છે.

× × ×

સાથીમાંના ભાઈ શાંતારામ વૈદ્ય દરેક વનસ્પતિ બતાવી બતાવી એની ઓળખ આપતા આવે છે. એ દરેકના ગુણ તેમજ સૌંદર્યની સાહિત્યરસભરી ભાળ આપે છે, તેમ નાવિક છીતાભાઈ રસ્તે જળ-માણસની વાતો કરે છે. જળમાણસ નામનાં જળચર; ચાર પગ, પૂછડી, નોળિયાં જેવાં, દસબારનાં વૃંદમાં બહાર નીકળે, માછલાંનો ભક્ષ કરે. પણ આ જળચરો સમાજવાદી છે. એકે માછલું પકડ્યું હોય, તે ઊંચું કરી આખી ટોળીને બતાવે, સૌને માટે એ સિગ્નલ, રેતના ભાઠા પર સૌ એકઠાં થઈ, કટકો કટકો વહેંચીને ખાય. આવી સમૂહજીવનની ભાવનાને કારણે જ એ જળચરને 'માણસ' પદ મળ્યું હશે ને? છતાં વિધિની વક્રતા કહેવાય, કે 'માણસ' શબ્દની સાથે તો એકલપેટાઈ અને વિચ્છેદભાવ લાગી ગયાં છે.

× × ×

આ જ શું કબીરવડ! જેને વિશે બહુ સાંભળ્યું હતું તે જ આ સંત-વૃક્ષ! અહીં તો વડ-ઘટાને બદલે આસોપાલવ અને સીસમનાં ઝાડવાંનું વધુ ઝુંડ છે. વડ પોતે તો પાખો પડી ગયો છે, વડવાઈઓનું જટાજૂટ ક્યાં ગયું?

'એ તો એક મામલતદાર આવ્યા એમને લાગ્યું કે અંધિયાર થઈ ગયો છે, એટલે એણે કેટલીક વડવાઈઓ કપાવી નાખી.'

'બીજું કારણ એ છે, કે કબીરવડને ઘટા-વિસ્તાર માટે વધુ જગ્યા નથી. એક બાજુ નર્મદા ધરતી ખોદી નાખે છે, બીજી ત્રણ તરફ ખેતરોનાં વાવેતર છે, એ પારકી જમીન પર વડને પથરાવા દેતા નથી.'

'પણ તો તો પડોશની ખેનગાઉ જમીન 'એક્વાયર' કરીને વડને વધવાની જોગવાઈ કરી આપવી જોઈએ. આ તો આપણું સંસ્કાર-ધન કહ્યું.' મેં રોટીને ઉવેખી સંસ્કારની પારાયણ માંડી.

'એવું કોણ માને છે? અમે અતિથિઓને કબીરવડ દેખાડવા લઈ આવીએ છીએ તે દેખી લોકો હસે છે, ને કહે છે, કે એમાં તે શું જોવા બતાવવા જેવું છે!'

× × ×

વાત પણ સાચી છે. નર્મદાના કિનારા પર સેંકડો વર્ષ પૂર્વે એક લોકસંતે આવી, પ્રભાતે દાતણ કરી, દાતણની ચીર રોપી, તેમાંથી પ્રગટેલા આ મહાકાય સત્ત્વનો મહિમા અત્યારે તો એક ઘટા વચ્ચે પાકા બંધાયેલ એક દેવસ્થાનના નિષ્પ્રાણ પાષાણોમાં જ પરિણમ્યો છે. આસપાસ અઘોચર પડ્યું છે. બેસવાનું મન થાય તેટલી પણ સ્વચ્છતા નથી. અઘોરલીલાની યાદ આપતા આ ધામમાં લોકપ્રાણ ઠરે શી રીતે?

× ×

પણ કલ્પાંતનું કારણ યે શું છે ? સંસ્કૃતિ તો એક જીવતું જાગતું સત્ત્વ છે. જૂના જર્જરિત ટીંબાનો ત્યાગ કરીને એ તો નવા ટીંબા તપતા કરે છે. સાથીઓએ વાત કરી કે, સાતેક કોસ ઉપરવાડે નારેશ્વર નામના તટધામ પર હમણાં એક રંગ અવધૂત નામના પુરુષે નવું તીર્થ ગાજતું કર્યું છે.

રંગ અવધૂત, એ મૂળ તો એક મહારાષ્ટ્રી જુવાન, પાંડુરંગ વળામે એનું નામ, ગુજરાત વિદ્યાપીઠના એ સ્નાતક, લગન લાગી તે રેવા–તટે બેસી ગયા છે; ત્યાં એણે નવું દેરું નથી ચણાવ્યું,–ને ધારું છું કે કોઈ ફંડફાળો કરી સેનેટોરિયમ ચાલુ નથી કર્યું; પણ બે નવી બાબતો કરી છેઃ એક તો ગુરુ દત્તાત્રેયના ભાવમાં રંગાયેલું એનું હૃદય ગુજરાતી ભાષામાં મીઠી કવિતા રચી રહ્યું છે, ને બીજું, એમણે લોકમેળો ચાલુ કર્યો છે.

× × ×

દસેક હજાર માણસો દર સાલ આ નવા મેળામાં હાજરી આપે છે અને થોડા દિવસ કાવ્યમય સમૂહજીવન ગાળે છે. કાવ્યમય એટલા માટે, કે સામૂહિક રસોડાનું સંચાલન કરતે કરતે યાત્રિકો પોતાના શ્રમઉદ્યમને રંગ અવધૂતની કવિતાના છંદે તાલે ગીતબંધ તાલબંધ બનાવે છે. નદીમાંથી પાણી લઈ આવતો યાત્રી રટતો હોય છે કેઃ—

'જય યોગીશ્વર દત્ત દયાળ;'
'તું જ એક જગમાં પ્રતિપાળ.

તો બીજો યાત્રિક રસોડે દાળના ચરુમાં કડછી ઘુમાવતો ગાતો હોય છે કેઃ—

'ઝોળી અન્નપૂર્ણા કર માંહ્ય'
'શાંતિ કમંડલ કર સોહાય.'

આ રીતે મેળો રંગ અવધૂતનાં દત્તબાવની સ્તોત્રે ગાજતો હોય છે.

× × ×

કવિવર રવીન્દ્રનાથે વારંવાર કહ્યા કર્યું હતું, કે આ પૂતળાં બાવલાંનાં સ્મારકોમાં કંઈ સાર નથી, મેળા ભરો, રાષ્ટ્રપુરુષોની સાચી ખાંભીઓ રૂપે આપણા લોકમેળાઓની ઠેર ઠેર પ્રતિષ્ઠા કરો. પણ મેળાની પરંપરા ચલાવવી એ સુકર નથી, દોહ્યલું કામ છે. લોકહૃદય વહેમાળુ છે, શ્રદ્ધાળુ છે, ભગવાં લૂગડાં અને મૂંડો કે જટા જુએ ત્યાં ઢળી પડે છે, એ વાત પ્રમાણમાં સાચી છે છતાં, એટલામાત્રથી મેળા નીપજતા નથી કમિટીઓએ યોજેલાં પ્રદર્શનો, રમતગમતો, ઉપદેશમંડળો કે ગાયકોથી પણ મેળા નામને ચરિતાર્થ કરી આપે તેવું રસોલ્લાસિત લોકજીવન ઉછાળો મારતું નથી. જીવનનું કાવ્ય રગેરગમાં જનતાને તરબોળ કરી નાખે, એટલે કે લોકો નિઃસંકોચ મોકળા મનથી, જગબંધનોને વેગળાં મેલી, નિર્વ્યાજ પ્રકૃતિરૂપે રમમાણ બની ઊઠે, એવું મેળાનું લક્ષણ જે કોઈ બાંધી જાણે તેને જ સાચાં વંદનો છે. રંગ અવધૂતે ચલાવેલ મેળો કેવો હોય છે તેની મને ખબર નથી. પણ મેળો ચાલુ કરવો અને મેળાને કવિતાએ મઢી દેવો, એ કોઈક ઉચ્ચ સત્ત્વશીલતાના ધણીનું કામ છે એટલું તો કહી શકું.

× × ×

જેના ઉપર કબીરવડ ઊભો છે, તે જમીનને નર્મદાએ પૃથ્વી પાસેથી ઝૂંટવી લઈ, પાંચ માઈલનો ટાપુ બનાવી મૂકયો છે. આ રસાળ ટાપુ પર તટવાસી ગામ નીકોરાનાં લોક ખેતી કરે છે. નર્મદાનું વહેન આ નીકોરાના ઊંચા કાંઠાને ઘસીને વહે છે. ખેડૂતો પોતાના બળદોને પાણી પર તરાવીને પાર લઈ જાય છે, ને પોતે નાવડીઓમાં બેટ પર પહોંચે છે. એકાદ નાવડી જો ચૂકી જાય, તો કલાકો બગડે. આ સ્થિતિએ લોકોને ચપળ

બનાવ્યાં છે. સભા સંમેલન ચુકાય, પણ નાવડી શે ચુકાય ?

એ પ્રભાતે નીકોરામાં એક સભા હતી. શ્રી. ભોગીલાલ નામના એક રાષ્ટ્રસેવી યુવાન તબીબ અને એમનું સાથીમંડળ આ ગામડામાં એક હોસ્પિટલ ખોલતા હતા. માત્ર બે જ ઈન્ડોર દર્દીને રાખી શકાય તો પણ એ હોસ્પિટલ તો ખરું જ. એક ધૂળિયું મકાન, મહીં બે જ બિછાનાં, ગણ્યાંગાંઠ્યાં સાધનો, છતાં ઉત્સાહની અઢળક મૂડી. કવિને જેટલી વહાલી કવિતા, તેટલી જ વહાલી આ જુવાનોને જનસેવા. 'ગામડાંમાં જાઓ', 'ગામડાંમાં જાઓ !' એ સૂત્ર તો સર્વની જીભે રમે છે, પણ જઈને બેસનારાઓ જ જાણે છે, કે ગામડાંની હવા હૈયાંને કેવી ચિમળી નાખે છે. શહેરી રંગરાગ છોડી ગામડે નરી નીરસતા વચ્ચે બેસી જનારાંને કાળજાં કેટલાં કઠણ કરવાં પડે છે !

× × ×

જુવાને કહે, કે કંઈક કહો લોકોને શું કહું ? કહેવાનો અધિકાર શો ! કહ્યા વગર તો ચાલ્યું નહિ જે કહ્યું તેનો સાર એટલો જ હતો કે, દવા માનાં તો ઘણાં થયાં, પણ રોગોએ હોડ માંડી છે. નવાં દવાખાનાં જો લોકોને માટે સ્વચ્છતાના શિક્ષણનાં કેન્દ્રો ન બની શકે, તો ગરજ થયે સારવાર લેવા તો જનો ઝટ ઝટ આવશે, પણ ઘરોમાંથી સતત વહેતી મોરીઓ, રસ્તામાં ઠલવાતા ઉકરડા, કચરા અને પડોશીને આંગણે બેસી હગતાં બાળકો, એને રોકવા ટોકવા જશો ત્યારે લોકો કહેશે, 'કયાં કોઈના બાપનું છે !' એ લોકમાનસને પલટાવાશે, તો જ રુગ્ણાલયો સાર્થક થશે અને આવી આરોગ્યદાત્રી નર્મદાને તીરે શું દવાખાનાની જરૂર પડે છે ? 'ઝલકાતું આવે બેડલું, મલકાતી આવે નાર...રે, મારી સાહેલીનું બેડલું.' એ ગીતોમાં થતું સૌંદર્ય-દર્શન શું કલ્પનામાત્ર બની ગયું ? આ નર્મદાનાં ઊંડાં જળમાં તરનારા માંદાં કેમ પડે ? અહીં તો ઓક્સફર્ડ હાર્વર્ડ જેવી યુનિવર્સિટીઓની માફક, વર્ષનાં અમુક પર્વો પર નાવડી દોડાવવાની હરીફાઈઓ ખેલાવી જોઈએ, શુક્લતીર્થ, નીકોરા, ઝાડેશ્વર, વગેરે ગામોના નરનિરાળા વાવટા ફરકાવતી નાવડીઓની હરીફાઈ નિહાળવા ગુજરાત આખું હલકે એવું કંઈક કરો ને !

× × ×

'નીકોરા' નામની વ્યુત્પત્તિ પૂછી ભારી રસભર્યો અર્થ જડ્યો 'નીકોરા' એટલે નીક વરાહ અહીં થયો હતો વરાહ-અવતાર. 'નીક' એટલે કાદવમાં આળોટવું આજે પણ આ નીકોરા તીર્થનું માહાત્મ્ય એ છે કે, યાત્રિકો કાંઠા પરથી આળોટતાં આળોટતાં નદીમાં પડી સ્નાન કરે.

× × ×

આવાં આશ્ચર્યો જગવતી, અને સમગ્ર તટ પર ઘૂમવા આવવાનું પ્રલોભન દેતી નર્મદાને બપોરે પ્રણમી વિદાય લીધી ત્યારથી આજ લગી સાથીઓએ રજૂ કરેલું એક ચિત્ર મનમાં રમે છે. કહે કે, ગંગા એકતટપાવની છે જ્યારે નર્મદા તો ઉભયતટપાવની, એના બેઉ કાંઠાની સમગ્ર-પરિક્રમા કરવા માટે દૂર દૂરથી યાત્રિકો આવે છે, ને પૂરા બેઉ કિનારાની પરિક્રમા કરતાં એમને એક વર્ષ લાગે છે પરિક્રમાકારથી પગમાં જોડા ન પહેરાય, બે જોડથી વધુ વસ્ત્રો નહિ રખાય, એક જ ટંકનું ભાતું લેવાય, પછી તો ગામોગામ જે સદાવ્રત સાંપડે તે પર જ પેટગુજારો કરવાનું, અને હીંડયે જ જવાનું. માર્ગે જે કોઈ મળે તેને જુહાર કરવા માટે ઊંચે અવાજે પુકારવું, કે 'હર નર્મદે!'

સામો જુહાર બોલ ઊઠે :

'નર્મદે હર!'

જલદી ફિદા થઈ જવાયું

મુસ્લિમ લીગના નેતા શ્રી. ઝીણા પાસેથી એક લક્ષણ તો આપણા રાષ્ટ્રનેતાઓએ ગ્રહણ કરવા લાયક છે. બ્રિટિશ સરકારની કોઈ પણ જાહેરાત પર—પછી ભલે એ જાહેરાત લીગના પક્ષમાં સો ટકા લાભ કરી આપનારી હોય,—એ માણસ કદાપિ ફિદા થઈને વરસી પડતા નથી. આપણા આગેવાનોમાં એથી ઊલટી આદત છે. લીગના છેલ્લા અસહકારી ઠરાવ પછી જે મડાગાંઠ હિંદી રાજકારણમાં પડી ગઈ છે તેના પર ધૂંઆફૂંઆ થઈને વચગાળાની સરકારના તંત્રવાહકોએ પડકાર ફેંક્યો. તેના જવાબમાં બ્રિ. વડાપ્રધાન શ્રી. એટલીએ સાર્વભૌમ સરકાર તરફથી એક નિવેદન કર્યું છે. આ નિવેદન એટલું તો સંદિગ્ધ, અનેકાર્થી તેમજ ઇરાદાપૂર્વકની અસ્પષ્ટતાઓથી ભરેલું છે, કે એના વાચ્યાર્થ પર આફરીન બની જવું કે ચોકડી મારવી, એ એકસરખું જ ઉતાવળિયું પગલું કહેવાય. પં. જવાહરલાલે એ નિવેદનમાંથી તારવેલો શુભાશયી સંકલ્પ અને એને આપેલી ખુશખુશાલ અંજલિ, આ બન્ને સામા પક્ષના રતિભાર શુભ તત્ત્વને પણ મેરુ જેવડું માનવા મનાવવાની, સામાના કાર્ય પર પોતાના જ સદ્ગુણનું મિથ્યારોપણ કરવાની શુભાકાંક્ષી છતાં મુત્સદ્દીગીરીથી વેગળા અભિલાષ બતાવે છે. શ્રી. એટલીના સંદેશા પર ઇતબાર રાખી લંડન ગયા તેની યાતનાના ભોગ બનેલા જવાહર ભોળી ભૂલકણા લાગે છે.

આપણી ઇચ્છાનો મિથ્યા પડઘો

૧૯૪૮ના જૂને માસ સુધીમાં હિન્દને છોડી જવાની જાહેરાતમાં નિશ્ચયાત્મકતા છે, અને આપણે આજ સુધી જે એક મૂળભૂત બાબત માગી હતી તેનો લાજવાબ સ્વીકાર છે એ વાતની ના નહિ પાડી શકાય. એ સત્તાની ફેરબદલીને અત્યારથી જ અમલમાં મૂકવા માટે નવા વાઈસરોયની નિમણૂક કરી છે, તે પણ સારી વાત છે. પસંદગી પામેલ પાત્રનું નામ પણ બેશક આશાસ્પદ છે. લૉર્ડ માઉન્ટબેટન જેવો વિશ્વયુદ્ધના વિજયમાં કીર્તિમાન બનેલો આદમી, રાજકારણના કૌટિલ્યમાં જેને પાવરધો ન કહી શકાય તેવો એ આદમી, ઉપરાંત પાછો રાજકુટુંબી આદમી, ફાટેલા જ્વાળામુખી જેવા આજના હિંદની વાઈસરૉયગીરી સ્વીકારી લ્યે, તેનો અર્થ જરૂર એમ થઈ શકે, કે એને હસ્તક આજની બ્રિટિશ સરકાર કંઈક ચોખ્ખું કામ પૂરી મજબૂતીથી કરાવવાની નેમ ધરાવે છે. પણ નવા વાઈસરૉય તો અહીં આવીને કાં મુસ્લિમ લીગની સાન ઠેકાણે લાવશે અને કાં લીગને સરકારમાંથી રુખસદ દઈ દેશે એવો આ નિમણૂકનો અને લૉર્ડ વેવલની નિવૃત્તિનો અર્થ ઘટાવવામાં આપણે પોતે શું ઇચ્છીએ છીએ તેનો જ પડઘો પડી રહ્યો છે.

અર્થઘટાવ અનિષ્ટ બનશે

૧૯૪૮ના જૂન દરમ્યાન અફરપણે સત્તા સોંપણી કરવાની આ નિવેદનમાં વાત છે, તો તેની સામે એ સોંપણી કોને કરવાની છે એ મુદ્દાની રજૂઆત તો ગજબ ગોટાળાભરી છે. કાં તો એ સત્તા સોંપણી મધ્યવર્તી સરકારને કરશું, કાં તો એ અમુક અમુક પ્રાંતોની સરકારોને સોંપશું, કાં તો અમુક પ્રદેશોને સોંપશું, અને નહિ તો પછી છેવટે 'અમને તે ટાણે જે કંઈ રીત હિન્દને હિતકર્તા લાગશે તે રીતે એ સત્તાની-સોંપણી કરશું.' સત્તાસોંપણીના સંકલ્પનું કેવું વિશદ પ્રદર્શન!

અનેક માણસો, રાજનીતિના અનેક અભ્યાસીઓ, પ્રત્યેક કલમના પ્રત્યેક વાક્યનો, શબ્દનો કાનામાત્રા, હ્રસ્વઇ, દીર્ઘઈનો, તેમજ વિરામચિહ્નોનો અર્થ-ઘટાવ કરવામાં પડી ગયા છે. પોતાના નાના મોટા દરેક નિવેદનનો સાચો અર્થ તો બ્રિટિશ સત્તા પોતે જ એક સમજે છે, અને એ મનમાં છુપાયેલા અર્થને પોતે જે ટાણે જેવી જરૂર તે જોઈને જ બહાર પાડે છે, એ વાતનો આપણો અનુભવ એટલો બધો તો તાજો છે, કે અત્યારે અર્થઘટાવ કરવા આપણે કોઈએ બેસવું એ તો પ્રજા પ્રત્યેનું ગુનાહિત કાર્ય ગણાશે;

બીજ સમાયેલાં છે—શું ?, ને પોલીસ અમ-સરકારે અને ભવિષ્યની અ્રવાને માટે કેમ જાણે માત્ર, અથવા મુખ્યત્વે. દરેક ખૂણો ખાંચરો, સેવા કરનારા આ ન મેડો જોતો હતો. બેઉ કામ લેવાનું છે.વાનું ને દેખાડવાનું પ્રયોજન જુદું વિચારપૂર્વ પોલીસ અમલદારની તો પ્રામાણિક રીતે તો હતી, કે મનોહરલાલ શેઠ પોતાનો બ્લૉક અને પોતાની શાનદાર રહેણીની ઢબ બતાવવાને સાચેસાચ ઇંતેજાર હતા. એણે હજુ પણ વિશેષ ખૂણા ખાંચરા જોતે જોતે તારીફ વહાવી: 'આ આખું ક... બિલ્ડિંગ એક સાક્ષાત ભૂતખાનું છે.. ફક્ત એક આ તમારો બ્લૉક સ્વર્ગીય લાગ્યો. માણેકબેન તો વાર-વાર મળે, આજ તો થયું કે આપને મળું.'

'સારું કર્યું. આવો દીવાનખાનામાં. ચા તો પીઓ. હું મિલમાંથી નવરો થાઉં જ નહિ, એટલે ભાગ્યે જ માગું મિસિસના જેવા - સોશ્યલ સંબંધો બાંધી શકું છું. મને એવી ફાવટ પણ નથી. બાકી તો એમનામાં હું આવી જ રહું છું ને ! આજે જ જુઓને, બજારોમાં ઉથલપાથલ થાય છે, ને મારો ટેલીફોન જ ખોટકાઈ ગયો હતો. તમે ભાઈ સાહેબ, આ ધરપકડો હજુ જરા વહેલી કરી હોત તો શું ખોટું હતું !'

'શું કરીએ સાહેબ ! કમબખ્ત ગુલામી...પાપી પેટ પડ્યું છે તે...બાકી તો હવે 'સ્વરાજ' થઇ જાય એટલે અમારે કાળા હાથ કરવા મટે...'

એવાં એવાં સલૂણાં સુંવાળા વાક્યો વાપરતે વાપરતે અધિકારી ચા પીવા બેઠા ત્યાં તો માણેકબહેન બાજુમાંથી આવ્યાં, ને બોલ્યાં, 'કાં, હું તૈયાર છું.'

'પણ હું તૈયાર નથી ને !' અધિકારીએ નવાઈ ઉપજાવી; એની નજર તો બીજે જ બધે ઘૂમતી હતી. ઊંચે ખીંતીઓ પરનાં કપડાં, અને નીચે પગરખાંની જોડીઓ પર એની આંખો હતી. પછી શાંતિથી એણે પૂછ્યું: 'પેલા ભાઈ ક્યાં ગયા ?'

'કોણ વળી ?'

'પેલા સુધાકર.'

'કોની વાત કરો છો !' મનોહરલાલે ચકિત બનીને પૂછ્યું.

'એક વિદ્યાર્થી અહીં રહેતા હતા ને તેની.'

'અરે હા.' માણેકબહેનને યાદ આવ્યું, કે એ ભાઈ તો આગલી રાતે ઘરમાં પાછા જ ફર્યા નહોતા. એમણે કહ્યું, 'કેમ ? એમનું વળી શું છે ?'

'બીજું તો શું હોય ? વૉરન્ટ.' અમલદારે ગજવામાંથી કાગળ કાઢ્યા; ને નામો વાંચ્યાં; 'સુધાકર, રાજમોહન, શર્મા, ઉર્ફે હીરાલાલ.'

'આ નામનું તો કોઇ નહોતું,' માણેકબહેને કહ્યું: 'તમે ઘર ભૂલ્યા લાગો છો !'

'હાં—હાં એમજ ત્યારે તો. કંઈક ગલતી થઇ હશે. વારુ. ત્યારે માફ કરશો. હું જઇશ.'

'કેમ ? મને નથી લઇ જવાની ?'

'વોરંટ નથી, એટલે દિલગીર.'

'અરે પ્રભુ !' મનોહરલાલે નિઃશ્વાસ નાખ્યો.

'કેમ સાહેબ ?' અધિકારી હસ્યા.

'આશા હતી કે મારે વર્ષ બે વર્ષ સાડીઓનું ખરચ બચશે.'

'એવું ફોગટ બોલો ના,— ગૉડ ફર્બીડ (પ્રભુ એવું ના કરે.) સાડીઓનો આપની મિલમાં ક્યાં દુકાળ છે !' એમ કહીને એ અધિકારી ઊઠ્યો ને બોલ્યો: 'વોરન્ટ કાઢનારા પણ બેવકૂફોના સરદારો મળ્યા છે. મકાનનો નંબર જ ખોટો મૂક્યો ! માફ કરજો.'

'પણ મને આ વખતે કેમ લાભ નથી મળતો !' માણેકબહેનને આ કૌતુક અકળ બન્યું.

'તમે તો હવે ક્યાં લિસ્ટ પર રહ્યાં છો ! નામ નીકળી ગયું છે. મોજ કરોને બાઇસાહેબ ! સારું થયું તે તમે *આમાંથી નીકળી ગયાં.* મનોહરલાલ શેઠ તો સરકારના માનીતા કહેવાય. કારખાનેદારોને તો અમારે સંભાળી લેવાના છે. તમને લઇ જઇએ એટલે મનોહરલાલ શેઠનું મગજ કામ કરી શકે નહિ, સરકારને એ પરવડે નહિ. લ્યો સાહેબજી !'

બારણાં તરફ જતાં જતાં એણે એક ઓરડામાં સંકોડાઈને ઊભેલી વિમળાને નજરમાં લીધી; મનોહરલાલ તરફ ફરીને કહ્યું: 'કોઇ મહેમાન જણાય છે !'

'હા,—તમારી ગણતરી બહાર તો અમારા ઘરમાં કોઈ હોઇ શકે જ નહિને ?'

માણેકબહેનના આ કટાક્ષથી અમલદાર હસ્યો. ને બોલ્યો : 'નહિ, નહિ, એટલા સખ્ત ન બનો. હું તો આ ઘરનો સ્નેહી માણસ છું. તમારી દીકરીઓને તો હું રોજ સ્કૂલને રસ્તે મળું. મને એ 'કાકાજી' કહી બોલાવે, હું બચ્ચાં કહી ખબર પૂછું. પણ આ તો નવો ચહેરો જોયો એટલે સહેજ !'

'વારુ ! વારુ !' કહેતા મનોહરલાલે એમને બારણા બહાર મૂકતાં મૂકતાં જરા ટમકું મૂક્યું; 'નેતાઓની રાઉન્ડ-અપ પણ તમે ભારી કુનેહથી કરી. શું થાય પણ બીજું ? અત્યારે કોંગ્રેસે આવું જહોતું કરવું જોઈતું. દુશ્મનોના હાથમાં રમી ગઈ કોંગ્રેસ.'

'દરેક સમજદાર માણસ એમ જ કહે છે. પણ એમ તો સાહેબ, સરકાર પણ એ જ લાગની છે. નાક દાબશું તો જ મોં ખોલશે.'

'લાંબું ચાલશે આ બધું ! તમે શું ધારો છો ?'

'અરે, પ્રભુ પ્રભુ કરો શેઠ ! પંદર દિવસમાં તો સરકારને નાકે દમ આવી જવાનો. 'કરેંગે મરેંગે' એ સ્લોગનથી જ ટાંટિયા ધ્રૂજી ગયા છે ને ! ક્રિપ્સ ગયો, પણ ખુદ ચર્ચિલને આવ્યો સમજોને !'

'અમેરિકા દબાણ કરશે કે ?'

'કરશે શું ! રૂઝવેલ્ટે ચોખ્ખું કહી દીધું જણાય છે.'

'કે ?'

'કે હિંદનું પતાવો, નહિતર અમેરિકા લડાઈમાંથી જ હટી જશે.'

'પણ ચર્ચિલ કરે શું ? તમારું પતાવવું જોઈએ ને કોંગ્રેસે !'

'અમારું ?'

'મુસ્લીમ લીગનું.'

'હા-હા-હા-હા-' અધિકારી હસી પડ્યો : 'અમારે ને લીગને શી નિસ્બત ? હું મુસલમાન છું તેથી શું લીગનો થઈ ગયો ? હરિ હરિ કરો સાહેબ ! ચો જો ! જો !'

એમ બોલતો, હરેલે એ હિંદુઓનાં દર્શને રોકતા હિન્દુને પણ આંટી દે તેવી અદાથી હાથ જોડીને એ અધિકારી દાદર ઉતરતો પેલા પોલીસોને કહે કે 'હવે ચલોને ભાઈ ! ક્યાં ખોટ છો. જલદી ચલો.

આંખો પર તો એ આકાશી રંગનાં ચશ્માં ટેમ્પીફાન કરે, જેને ઊંચે જોવાની ભાગ્યે જ ટેવ હતી. વારંટ નિકાસને લઈ આવે ત્યારે ઘણુંખરું તો ગભાનો લાયક છું.' ગપોચ થઈ સોફા પર પાનાં ઘરમાં આવીને મને બોલે:—

જોઈ રહ્યો. માણેકબહેન શરમાવીપડી ગયા. આજ તો બેઠાં હતાં, તેમ અત્યારે કંઈક નિરાશે હબકા પડ્યા ! પૂછ્યું: 'આ કોને માટેનું વોરન્ટ ! એ... તમે કોનાં હતાં ?'

'કંઈ ખબર ન પડી.'

'બકોરભાઈ તો નહિ હોય ?'

'શી વાત કરો છો ! મેંએથી માખ ઉડાડવાના તો વેતા છે નહિ.'

માણેકબહેન જેના નામ પર આમ કહી હસ્યાં તે બકોરભાઈ, એટલે એમના ઘરમાં રહેતાં પેલા ત્રણ ચાર જણ માહેનો એક બણેચરી, વેદિયો, પૂરું બોલવાની ય ત્રેવડ વિનાનો એક પ્રૌઢ માણસ. એ પોલીસના કાગ-પત્રકમાં હોઈ શકે નહિ ! પત્ની હસી એટલે પતિએ વાત પડતી મૂકી.

'જુઓ,' માણેકબહેને હર્ષ દેખાડ્યો: 'પોલીસવાળા પણ માને છે, કે આ લડત લાંબી ચાલે તેમ નથી.'

'તું નહિ સમજી શકે.' એટલું જ બોલીને પતિ અટકી ગયો.

પડોશીઓ મનોહરલાલને ઘેર પોલીસ આવીને ચાલ્યા ગયાનું જાણ્યા પછી પોતપોતાના બંગલાનાં બારણાં ઉઘાડી ધીરે ધીરે, કોઈ જોતું તો નથી તે એની તકેદારી રાખી, ડોકિયું કરવા આવ્યા, અને એક જ પ્રશ્ન કરવા લાગ્યાં: 'કેમ, કંઈ ખબર પડી ? નેતાઓને ક્યાં લઈ ગયા ? કદાચ દેશની બહાર જ ઉપાડી જશે; કોઈક ટાપુ પર રાખશે; સા......હાર તો નહિ મારે ને ? પણ જામી ગઈ બગાવતની. ટ્રામો સળગાવવા મંડ્યા છે. મિલમજૂરો જંગ જમાવી દેશે. એ ધાટાજ સરકારને પહોંચશે. આવા મરજીવા તો એ જ છે. કાંઈ બોલ્યા રોવાનું નહિ ના !'

દિવસ ચાલ્યો ગયો. સૂર્ય તપતો ગયો. આગલી રાતની પહેલાં વાદળાં વિખરાતાં ગયાં, તેમ તેમ ૯ મી ઓગસ્ટનું રુદ્ર-રૂપ પ્રગટતું ગયું. શાળાઓ, કોલેજો ને કારખાનાં, બાગ તૂટે ને વગાવો રેલે તેમ

બીજ સમાયેલાં છે—શું ? ને પેલે નારીઓની સરકારે અને ભવિષ્યની અર્ડરઅયો એના મુમર્ષમાં માત્ર, અથવા મુખ્યત્વે . અશક્ય બનાવવા માટે સેવા કરનારા આ ન-મદ્દકો ભોંકી પડી. શિવાજી કામ લેવાનું છે ? વિઘમારતોની ઊંચી ઊંચી બારીઓ વિચારપૂર્વ઼ાઓ પરથી પાણીમાં ભિજાવેના કપડાંનો રીતે વરસ્યો અત્રુવાયુએ ગૂગળાતી ગુજરાતણોએ, આ પાણીમા બોળેલા રૂમાલો વડે આખો ટાઢી કરીને ઉઘાડી,—સામે લહેરાતો હતો, શિવાજી પાર્ક પરનો ત્રિરંગી ઝંડો

વિમળાની આંખો આવું કશું દેખતી નહોતી એની નજરને રૂંધીને પેલો પોલીસ અધિકારીનો પડછાયો રાત્રિદિન લાંબો ટૂંકો થતો હતો એણે મને કેમ નજરમાં લીધી ? એ નજરના સાણસા વચ્ચે હું શા માટે ચગદાઈ ગયા જેવી બની ગઈ છું ? આ માણેકબહેન તો મને અહીં એકલી મેલીને બહાર કોણ જાણે ક્યાં ચાલ્યા જાય છે. વહેલા મોડા ફાવે ત્યારે પાછાં આવે છે પેલા ત્રણ ચાર જણાં, જે અહીં સૂતા, ચર્ચાના તડાકા મારતા, ને બેવકૂફ વેદિયા જેવા જણાતા, તે ક્યાં ગાયબ બની ગયા ?

અને બીજી આ શી વિચિત્રતા, કે હવે હરરોજ પરોઢિયે 'દૂધ લેજો બાઈ !' એવી બૂમ મારીને દૂધવાળો ટોકરી બજાવે છે, ત્યારે ધાટીને સૂતો રાખીને મનોહરલાલ પોતે દૂધ લઈ લેવા ઊઠે છે ! દૂધવાળાની સાથે ગુસપુસ વાતો શું કરી લે છે ? એમના વાર્તાલાપના બોલ સમજાતા નથી.

પાંચમે દહાડે રાતે વળી કોઇક નવો પોલીસવાળો સાર્જન્ટના પોશાકમાં આવ્યો હતો. તેને મનોહરલાલે છેક બેડ-રૂમમાં લઇ જઇ વાતો કરી હમણાં હમણાં તો મનોહરલાલ, ટાણે કટાણે આવી. બારણાં પર ઊભી રહેતી પિત્તળના વાસણ વેચવા આવનારી કોઇક ઓની જોડે, કોઇક પસ્તી ખરીદવા કે કોથળા ખરીદવાની ફેરી કરનારાઓની સાથે પણ વાતો કરે છે. વિમળાના કાન પર એ વાતોના વિચિત્ર શબ્દ-ગૂચળા અફળાય છે. ભાંગ્યાતૂટ્યા શબ્દો વડે પતી જતી આ વાતચીતનો એક ધસારો પણ મનોહરલાલ કોઇ ઘરના માણસ જોડે કરતા નથી, અને રેડિયો પર પેલો સાઇગોનનો સમય થતાં કદી ચૂકતા નથી દુનિયા આખી જાણે કે આ ઘરમાં કોઈક ભેદભરમભરી વાતોને સ્વરૂપે ઘૂમરાઈ રહી છે

એક વાર તો વિમળાએ જોયું કે ગતે પોલીસ સાર્જન્ટને વેશે આવનાર માણસને મનોહરલાલે કશુંક ચાવી જેવું આપ્યું, અને કહ્યુ, કે ' જૂના સ્ટોર-રૂમમાં '

આ ગુપ્ત ક્રિયાઓને બાદ કરીને વિમળા જોતી હતી, તો મનોહરલાલ અન્ય આવનારાઓની જોડે ફ અને કાપડનાં બજારો જ ચર્ચતા, સોનાના, રૂપાના ચડતા ઊતરતા ભાવો છાપામાં વાચતા, ટેલીફોનો કરતા તેમાં પણ બજારોમાંથી અમુક માલનો આટલો કે તેટલો જથ્થો ખરીદવા વેચવાનો જ વિષય હતો સામેથી કોઈક કશું પૂછતું હોય અને તેના જવાબમાં જ પોતે કહેતા હોય કે—

' એમાં કંઈ માલ નથી પાણીમાં બેસ બેસી જાય તેમ બધી ચળવળ બેસી જવાની છે. છોકરમત માંડી છે સૌએ ! લ્યો, ઓગસ્ટની તા ૮ મીની અર્ધરાત સુધી સંત પુરુષે એમ જ કહ્યા કર્યું, કે સૌ પોતપોતાને ફાવે તેમ કરજો ! અને હવે પાછા છાપામાં લેખકો ચીતરવા મંડ્યા છે, કે અહિંસક રહીને પૂલો તોડજો, પાટા ઉખેડજો, તાર ટપાલ રૂંધજો .. અ...હિં...સ...ક રહીને કરજો ! છે ને અક્કલનાં પડીકાં ! હા-હા-હા-હા—દેશના આ ઉદ્યોગોને લડાઇમાંથી ખટવવાનું ને ઊભા કરી દેવાનું ખરું ટાણું છે, ત્યારે જ આ મોકાણ માંડી જવા દો ને ભાઇ ! જવા દો હવે નિરાતે જેલોમાં બેસી કાંતતા કાંતતાં ને ખજુર પોપૈયા ખાતા ખાતાં સૂઝે આ બધું આપણું વેપારીઓનું આ કામ નથી. અત્યારે તો રળવાનો વખત છે.'

અને ફરી પાછા મનહરલાલ રેડિયોનો ગટો ફેરવતા સમાધિમસ્ત બની જતા એના એ જ આંક પર એનો કાંટો કરતો બર્લિન સ્ટેશન, ટોકિયો સ્ટેશન, સાઇગોન સ્ટેશન ને સિંગાપુર સ્ટેશન' મશીન-ગનમાંથી ધડ ધડાટી થતી હોય એવી એ સ્ટેશનોની આકાશવાણી છૂટતી' જોશીલી જબાન એવો ભાવ પેદા કરતી કે જાણે બ્રિટનની છાતી પર કોઈક બદૂકોની ધાણી ફૂટી રહી છે

એકાએક સાઇગોન પરથી એક સ્વર સંભળાયો 'મારું' નામ ગુલઝાર. મારા બાપનું નામ કાસમ અને

દેસાઈ વોરાઃ મારું ગામ કાઠિયાવાડમાં બેરાળી. દગલબાજ સૂવરના બચ્ચા રંગરૂટવાળાએ મને ભરમાવીને ફોજમાં ધકેલ્યો. આજ હું આઝાદ છું. અય મુસલમીનો ને હિંદુઓ! એક બનો. વતનને માટે મરી ફીટો. અમે તો અહીં આઝાદીનો સ્વાદ ચાખ્યો છે. મારાં તમામ સગાંને સુખી ગુલઝારના સલામ આલેકુમ. મારી ઔરત હૂર......'

ટં–ટં–ટં–ટં એવા કોઇ વિચિત્ર અવાજે એકાએક આ બયાનને દબાવી દીધી. પણ વિમળાના નજીકના ખંડના બારણા પાછળ એકાગ્ર બનીને સાંભળતા બે કાનને માટે આટલું બસ થઈ પડ્યું. રાત્રિએ એ પોતાની બા પર કાગળ લખવા બેસી ગઇ. એમાં સૂચના હતી, કે હૂરબાઇને છાનીમાની ઘેર બોલાવીને આ સમાચાર સંભળાવજે.

તે દિવસનો રેડિયો સાંભળ્યા પછી વિમળાનો મિજાજ બદલી ગયો. અજાણ્યા, ઉગ્ર, બેદી, અને એકાએક પોતાને ઘેરી વળેલા મુંબઈ આવ્યા પછીના બનાવોએ એને જે ગૂંગળાટ કરાવ્યો હતો તેનાથી એ પર ચાલી ગઈ. માણસની જિંદગીની અંધારગલીને પેલે પાર ઓકળો પ્રદેશ જ્યારે એકાએક આવી પહોંચે છે, ત્યારે રોમહર્ષણ થાય છે. વિમળાના અંતરમાં નવી પુલક ઊપડી ગઈ. મનોહરલાલને તો આ સીંગાપોર–રેડિયોના સમાચારનું વિશિષ્ટ રહસ્ય જાણીતું નહોતું. અને માણેકબહેન ખાદીની ફેરી તેમજ ફંડફાળાની વ્યવસ્થામાં રાત સુધી બહાર બજારોમાં એટલાં ગરકાવ હતાં, કે વિમળામાં એમણે ઘેર આવીને નિહાળેલું પ્રફુલ્લિતકર પરિવર્તન દેખી છૂપી ધરપત વળવા ઉપરાંત વધુ કંઈ રસ પડયો નહિ. ઘેર આવીને એ ફક્ત એટલું જ જોઈ લેતાં, કે વિમળાને છોકરાં સતાવતાં તો નહોતાં ને? પણ છોકરા તો વિમળાની સાથે જ સૂતાં ને સાથે જ ઊઠતાં. નાનો બાબો પણ બાનું નામ લેતો નહોતો. મનોહરલાલનાં ખાનપાન, કપડાં, નાવણ ધાવણ વગેરેનું ઝીણામાં ઝીણું જતન થતું હતું. ઓછાબોલા મનોહરલાલ અને લજ્જાળુ વિમળા વચ્ચે અમસ્યો યે વાણીવ્યવહાર નહોતો થતો, ઉપરાંત પોતાની કોઈ પણ ખાસિયતને સાધન સામગ્રી વિના રહેવું નહોતું પડતું એટલે મનોહરલાલના હોઠ વિમળા પ્રત્યે મૂંગા રહેતા. આંખો પર તો એ આકાશી રંગનાં ચશ્માં ચડાવતા, ને એને ઊંચે જોવાની ભાગ્યે જ ટેવ હતી.

માણેકબહેન રાતે આવે ત્યારે ઘણુંખરું તો ગળાનો ઘૂઘરો ખખડાવીને, લોથપોથ થઈ સોફા પર પડતાં પડતાં આવું આવું કંઈક બોલે:—

'આજ તો બસો તાકા ઊપડી ગયા. આજ તો પહોંચી ગઇ બરજોરજી શેઠને બંગલે. બડા પક્કા! કહે કે ખાદીને તો હું અડકું પણ નહિ, એક તસુ પણ લેવસ નહિ; પણ છેવટે તો બાપડા પાણી પાણી થઇ ગયા, પચીસ તાકા લઇ લીધા. હરિજન ફાળામાં પણ પહેલાં તો ગરમ ગરમ થઈ કંઈક ઉકળાટ મચાવ્યા, પછી રૂપિયા સો ભરી દીધા.'

વળી કોઇ બીજી રાતે—

'આજ તો ગીર માર્યો. સર દેસાઈને બંગલે પહોંચી ગઈ. પક્કા સામ્રાજ્યવાદી. પણ મેં કહ્યું કે સાહેબ, હું તો તમારી દીકરી બનીને આવી છું. તમારા રાજકીય વિચારો ગમે તે હોય, પણ શું દીકરીને ખાલી હાથે પાછી વાળશો? પછી તો ગળી ગયા, ને દસ તાકા ખાદી લીધી, હરિજન ફાળામાં રૂપિયા બસો ને એક દીધા. મને કહે કે જોજે હો, સેક્રેટેરિયટની ચળવળમાં વાપરતી નહિ...'

પત્નીનાં આવાં આવાં, આત્મગૌરવનાં ને આત્મતૃપ્તિનાં ગાણાં સાંભળતો પતિ રંગીન ચશ્માંની પાછળ પોતાની આંખોમાં કેવા કેવા રંગોને રમાડી રહ્યો છે તેની માણેકબેનને શી જાણ હતી! નીચે જોઈને, ધોતિયાનો છૂટો છેડો ખભા પર નાખીને એ તો હં–હં–હં–હં એવા હોંકારા દેતો દીવાનખાનામાં આંટા મારતો હતો. અને માણેકબેન પોતે હરિજનવાસમાં જઈ બાળકોને મીઠાઈ વહેંચી આવ્યાં તેનો છેલ્લો અહેવાલ આપવા લાગ્યાં ત્યારે પછી બગાસાં ખાવા માંડયો, પણ એણે સાંભળી લીધો.

'શું કંટાળી ગયા?' પત્ની હસી પડીઃ 'મન તો કયાંક, સરકારના કોઇક નવા ખરીદી–ઓર્ડરમાં જ ભમતું હશે.'

'હા–હા–ઠીક યાદ કર્યું. આજે જ એક નવો ઓર્ડર મળ્યો છે. ને મારે મિનલપુર જવું પડશે કાલે.'

'કેમ?'

'ત્યાંની મીલમાં એ કાપડનું રંગાટ–કામ કરવાનું

છે. મારે એ કલરની મેળવણી બતાવવા જવું પડશે. જર્મન કલર મળતા નથી, ને આ જરા મુશ્કેલ કામ છે.'

'મને તો એમ થાય છે, કે આવાં સરકારનાં લડાઇના કામમાં હાથ કાળા કરતાં તો હમણે કંપનીમાંથી નીકળી જાઓ.'

'એ તો પછી કાળા હાથને સાફ કરી નાખશે.'

'ના, ના, આ કાળો રંગ તો, તમે જર્મનીનું સાયન્સ શીખી આવ્યા છો છતાં પણ નહિ ઊપડે.'

મનોહરલાલ કાપડ રંગાટનું રસાયણ-જ્ઞાન જર્મની જઈ મેળવી લાવ્યા હતા.

મનોહરલાલ કંઈ બોલ્યા નહિ એટલે માણેકબહેને હસતે હસતે કહ્યુંઃ 'જ્યાં જાઉં છું ત્યાં લોકો એ જ મેણું મારે છે, કે દેશસેવા કરવા નીકળતા પહેલાં પતિ પાસે તો દેશદ્રોહનું કામ છોડાવો!'

'તે છોડાવોને શક્તિ હોય તો.'

'શક્તિ તો બધી જ અહીં હાર કબૂલી દયે છે.'

'ત્યારે તો હું લાચાર!'

'પણ હું એમ કહું છું. કે તમારા અરધી આની ભાગ માટે કંપનીને સાડા પંદર આનાની લૂંટ કરવામાં શીદ મદદ કરો છો?'

'હું-'

'શું હું-હું કરો છો?'

'કરો દલીલ. સુધારો મને. હું ક્યાં મોંએ ડૂચો મારું છું?'

'કાળમીંઢ છો કાળમીંઢ!'

'તમે તો જળ છો ને! પાણી તો મોટા કાળમીંઢ પહાડોને ય ભેદી શકે.'

આવા ઉડાઉ જવાબો આપીને એણે પત્નીને ચૂપ કરી દીધી. પણ એની મનોગત વાત એ પ્રકટ ન કરી શક્યો, વળતા પ્રભાતે એ બિનલપુર જવા ઊપડી ગયો.

વિમળા એક વાર એકલી હતી. છોકરાં સિનેમા જોવા અને માણેકબહેન રચનાત્મક પ્રવૃત્તિ કરવા ગયાં હતાં. સંધ્યાનો કાળ હતો. સરકારી હુકમ પ્રમાણે અંધાર-પટે નગરીને બિહામણી બનાવી હતી. ઝાંખા માર્ગ-દીવા માથા પર ઢાંકણ ઓઢી જઈ, ભયભીત ગુનેગારોની પેઠે, ભોંય તરફ જ જોતા હતા. આજુબાજુ કે ઊંચે નજર ન કરવાની એમને કડક આજ્ઞા હતી.

ઘરની અંદરની બત્તીઓ પર પણ પરદા હતા. બારીઓ પર અંધારીઓ ઢાળી દેવાઇ હતી. વિમળા રસોડામાં રાંધણું કરતી કરતી મનમાં મુંઝાતી હતી, કે શું જાપાની વિમાનો એકાદ નાનકડો દીવો દેખીને યે મુંબઇ પર તૂટી પડે તેવી બીક સાચી હશે! કે સરકારે લોકોમાં ડર થરથરાટી ભરી દેવા જ આ કરામતો કરી હશે!

બરાબર એ વખતે, બારણા પર ટકોરી વાગી, વાગી નહિ, પણ જાણે કે ચીસ પાડી ઊઠી. આવો ઘંટડી-સ્વર વિમળાએ આટલા દિવસોમાં કદી સાંભળ્યો ન હતો. ઘાટી બહાર ગયો હતો. એણે બારણું ખોલ્યું, ને એક માનવાકાર અંદર દાખલ થયો. વિમળા હેબતાઈ ગઈ. બૂમ પણ એના કંઠમાંથી ન નીકળી શકી.

મોઢાનું જડબું જેનું તૂટી ગયેલું, માંસનો લોચો બહાર નીકળી પડેલો, શરીરે લોહીલોહાણ ચહેરો, ફેલ્ટ હેટ વડે અરધો ઢાંકેલો, કોટ પાટલૂનનો લેબાસ, એવો એક માણસ અંદર આવ્યો. વિમળા છેટે હટી ગઈ. આવનારે મજબૂત રીતે કમાડ વાસ્યું.

'અહીં કોઈ નથી.' વિમળાનું મોઢું માંડ ઊઘડ્યું.

'મારી પાછળ પોલીસ છે, મને છુપાવો.' બિહામણો આકાર માંડ માંડ બોલ્યો.

'પણ અહીં નહિ, કોઇ નથી.'

'હું ઘરનો જ છું. હું-હું—વિમળાબહેન, હું ભીમજી.' ફરીથી એ મહામહેનતે આટલા શબ્દો બોલી, આ ઘરમાં પોતે કેટલો બધો પરિચિત અને રજેરજનો જાણકાર હતો તેની પ્રતીતિ આપતો આ માણસ—પોતે જુવાન છે કે પ્રૌઢ એટલી પણ ઓળખાણ આપી શકે તે પૂર્વે, આ મકાનના એક *અંધારિયા ચોરસ નાના મેડા પર ચડી, કાકડાની* ગુણીઓ અને દેવદારનાં ખોખાંના ભંગારની નીચે જીવતો દટાઇ ગયો.

હજુ પણ દિગ્મૂઢ ઉભેલી વિમળાએ, કોણ જાણે કેમે યે યંત્રવત્ મનોવસ્થાને વશ બની, એ મેડા પાસેની સીડી ઉપાડી લીધી. અને બીજા એક ખંડમાં લઈ જઇ ઊંચી અભરાઇ પર માંડી, પોતે ઉપર ચઢી યંત્રવત્ મેલ-મૂક કરવા લાગી. સુભાગ્યે ઘરનો ઘાટી કઢી કરવા માટે દહીં ખરીદવા બહાર ગયો હતો તેની ગેરહાજરીમાં આ બધું બની ગયું.

[અનુસંધાન પૃષ્ઠ ૬૨ -]

કોયડો : ૧૨૩૪ + ૭૧૩ [૧૨૩૪ + ૭૦૦ + ૧૦+૩]



કોરું સુરોબાન,	૧૨૩૪ ગોઠવો (૧ મણકો ૧૦૦૦નો ૨ મણકા ૧૦૦ના ૩ મણકા ૧૦ ના ૪ મણકા ૧ ના)	૧૨૩૪+૭૦૦ (૧૦૦ની હારમાં ૭ મણકા ઉમેરો)	૧૨૩૪+૭૦૦+૧૦ (૧૦ની હારમાં ૧ મણકો ઉમેરો)	૧૨૩૪+૭૦૦+૧૦+ (૧ની હારમાં ૫ ઉમેરો અને બે બાદ કરો)

પરાજિતનો વિજય

ટોકીઓમાં અમેરિકન સૈનિકોના પ્યારા અર્ની પાઈલના નામનું એક નાટયગૃહ છે. થોડા વખત પહેલાં ત્યાં બે માનવીઓ વચ્ચે એક હોડ બકાઈ હતી. એ બેમાંથી એક પુરાણી સંસ્કૃતિનો પ્રતિનિધિ હતો, બીજો આધુનિક યંત્રયુગનો; એક હતો પરાજિત જાપાની પ્રજાનો પ્રતિનિધિ, અને બીજો હતો વિજેતા અમેરિકનોનો પ્રતિનિધિ; એકનું નામ કિયોશી માત્સુઝાકી, બીજાનું થોમસ વૂડ.

બન્ને હરીફો બાવીસ-બાવીસ વરસના જુવાનો હતા. બન્ને વર્ષોના અનુભવી હિસાબનીસ કારકૂનો હતા—એક જાપાનીસ સરકારનો નોકર અને બીજો અમેરિકન સરકારનો. એ બે વચ્ચેની હરીફાઈ ગણિતના કોયડાઓ ઝડપભેર ઉકેલવાની હતી. એ કોયડાઓના ઉકેલ માટે બન્નેએ પોતપોતાની સંસ્કૃતિનાં પ્રતીકસમાં નિરનિરાળાં સાધનોની સહાય લીધી હતી. કિયોશીના સાધનનું નામ છે 'સુરોબાન' (જુઓ ચિત્ર). થોમસનું સાધન અમેરિકન 'કેલ્ક્યુલેટિંગ મશીન' (ગણતરી-યંત્ર) ને નામે ઓળખાય છે.

આપણી બાળશાળાઓમાં બાળકો જેનાથી ગણતાં (અને રમતાં) હોય છે તેના જેવું મણકાવાળું જાપાનીઓનું આ 'સુરોબાન' ઈસુની પૂર્વે હજારો વર્ષ પર શોધાયેલું. અત્યારે આખા ચીન અને જાપાનમાં એ વપરાય છે. નાની-મોટી વેપારી પેઢીઓના કે જાપાનની બેન્કોના કરોડોના હિસાબ ગણવા માટે આ સાદા સુરોબાનનો ઉપયોગ થાય છે. ચાર તેરા મોટી રકમના સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર આ સુરોબાન ઉપર જાપાનીઓ અને ચીનાઓ આંખના પલકારામાં કરી નાખે છે. પ્રત્યેક ચીનાઈ અને જાપાનીસ બાળકને નાનપણથી જ નિશાળોમાં એની તાલીમ અપાય છે. પરિણામે મોટપણે અઘરા હિસાબો પણ એ સહેલાઈથી ઉકેલી શકે છે. (આવા હિસાબો કરવા માટેની તાલીમ આપણાં બાળકોને આંક અને લેખાં મારફત અપાય છે.) કિયોશી પણ નાનપણથી 'સુરોબાન' વાપરતાં શીખેલો, અને સાત વરસ સુધી 'સુરોબાન'નો ઝડપી ઉપયોગ કરવાની ખાસ તાલીમ એણે મેળવેલી.

'કેલ્ક્યુલેટિંગ મશીન' આજે અમેરિકામાં ઠેર ઠેર વપરાય છે. આપણા દેશમાં પણ બેન્કો અને મોટી મોટી પેઢીઓ એ વાપરતી થઈ છે. એમાં માણસને મગજ ચલાવવું પડતું નથી. યંત્ર ઉપર એ આંકડા ગોઠવી હૅન્ડલ પછી કળ દબાવે એટલે યંત્ર એની મેળે સરવાળા-બાદબાકી વગેરે કરી નાખે છે. એના ઉપયોગમાં માણસને શરીરનાં અંગોનો તેમજ મગજનો ઓછામાં ઓછો ઉપયોગ કરવો પડે તેવી નિતનવી શોધો કર્યે જવાની અમેરિકાની યંત્રપ્રેમી વૃત્તિનું એ એક પરિણામ છે. થોમસે આ યંત્ર વાપરવાનો ચાર વર્ષનો

અનુભવ મેળવ્યો હતો.

લડાઈ પહેલાં કિયોશીનું 'સુરોબાન' બાર–ચૌદ આનામાં મળતું. થોમસનું વીજળીક યંત્ર ૨૫૦૦ રૂપિયાની કિંમતનું છે.

૨૮૦૦ અમેરિકન સૈનિકોથી પ્રેક્ષકોની બેઠકો ચિક્કાર ભરાઈ ગઈ હતી. સરવાળાનો એક, બાદબાકીનો એક, ગુણાકારનો એક, ભાગાકારનો એક અને એ ચારેયના મિશ્રણવાળો એક એમ પાંચ જુદી જુદી જાતના કોયડાઓ આ બે હરીફ સમક્ષ, એક પછી એક, મૂકવામાં આવ્યા એક પછી એક કોયડાનો ઉકેલ લાવવામાં કિયોશી જ દર વખતે પહેલો આવ્યો માત્ર એક ગુણાકારમાં થોમસનું યંત્ર એની આગળ નીકળી ગયું. કિયોશીના 'સુરોબાન' ઉપર બાકીનો દરેક દાખલો થોમસના યંત્ર કરતા સરેરાશ ત્રીસ સેકંડ વહેલો થઈ ગયેલો હતો. એકંદરે એણે ભૂલો પણ ઓછી કરી હતી.

છેલ્લો કોયડો પૂરો થયો અને વિજયી કિયોશીને ૨૮૦૦ અમેરિકન સૈનિકોએ તાળીઓના ગાંડાતૂર ગડગડાટથી વધાવી લીધો.

❋

ખુલાસો

લંડનમાં દૂધ ત્રણ આને રતલ મળે છે, મુંબઈમાં તેર આને.

વધારાના દસ આનાનું કારણ એ છે કે લંડનની ગટરમાં પણ નથી હોતા તેવા જંતુઓ મુંબઈના દૂધમાં ભેળવવામાં આવે છે.

❋

સૈન્યમાંથી છૂટેલા

૧૯૪૫ના ઑગસ્ટમાં યુદ્ધ પૂરું થયું ત્યારથી ૧૯૪૬ની આખર સુધીમાં હિંદી સૈન્યમાંથી કુલ ૧૨,૫૨,૭૬૫ માણસોને છૂટા કરવામાં આવ્યા છે તેમાંથી સૈન્યના જુદા જુદા વિભાગ વાર છૂટા થએલાઓના આંકડા નીચે મુજબ છે—

લશ્કર : ૧૨,૧૫,૧૩૭ પુરુષો અને સ્ત્રીઓ (આમાંના ૨૧,૦૧૨ હિંદી તથા બ્રિટિશ અફસરો હતા અને ૩૨,૦૬૩ હિંદી લશ્કરમાં કામ કરતા બ્રિટિશ સૈનિકો હતા.)

નૌકાદળ : ૧૬,૭૯૨ નાવિકો, ૧૭૨૭ અફસરો અને ૬૮૯ સ્ત્રીઓ.

વિમાનીદળ : ૯૦૪૮ વિમાનીઓ, ૨૩૪ અફસરો, ૮૪ યાંત્રિક કારીગરો અને ૯૦૫૪ અનામત વિમાનીઓ.

સોએ એક

આપણા દેશની વસ્તીના દસ સો માણસોએ એક રક્તપિત્તના રોગથી પિડાય છે આ પીડિતોની મોટે ભાગે માત્ર ખ્રિસ્તી ધર્મપ્રચારકો જ સેવા કરતા આવ્યા છે

ગુલામોનું વહાણવટું

હિંદુસ્તાનના વિદેશ સાથેના અને પોતાના જ કિનારા પરના દરિયાઈ વેપારનો અનુક્રમે માત્ર બે અને પચીશ ટકા જેટલો જ હિસ્સો હિંદી જહાજોના હાથમાં છે દરિયાઈ વેપાર અને સફર પાછળ હિંદુસ્તાન દર વર્ષે ૫૭ કરોડ રૂપિયા ખરચે છે, પણ તેમાંથી હિંદી જહાજી પેઢીઓને ફાળે પૂરા ૭ કરોડ પણ નથી આવતા બાકીના બધા પરદેશી પેઢીઓ ઓહિયા કરી જાય છે

❋

નર્મદના વીરોએ સિંચેલું શિશુહૃદય

પ્રમેતુ

પણ જે અણઉકેલ્યા કોયડાની વાત કરી તે કોયડો તો—આજ પણ જે 'સ્લેટ' ક્યાંક સાચવીને મૂકી રાખેલી છે, તે 'સ્લેટ' ઉપર છે. એ મનોવિશ્લેષણ હજી પણ પૂરેપૂરું સમજણમાં આવી શક્યું નથી કે એ શી રીતે થતું કે શા માટે થતું કે કઈ પરિસ્થિતિમાંથી એનો જન્મ શક્ય હતો. એ 'સ્લેટ' ઉપરનો કોયડો આ પ્રમાણે છે. એ 'સ્લેટ' ઉપર ભારતવર્ષના નકશા જેવી રેખાઓ દોરીને પછી એમાં હિંદુસ્તાનના તમામ પરાક્રમી રાજાઓને એકી સાથે, જાણે રંગભૂમિ ઉપર, મૂક્યા હોય, અને તેમની વચ્ચે સંધિ, વિગ્રહ, વાટાઘાટો, સૈન્યરચના અને સામ્રાજ્યસ્થાપનાના પ્રશ્નો ઊભા થતા હોય તેમ, એ પાટીને ભોંય ઉપર મૂકીને, એ નકશામાં પેન ફેરવતાં ફેરવતાં હું, ક્યારેક તો બાર વાગે જમીને બેસી જતો, તે છેક સાંજે ૭ સાડા ૭ સુધી, એ 'મનમાં પરણવું ને મનમાં રાંડવું' એવું કાલ્પનિક સૃષ્ટિનું કામ ચલાવ્યા જ કરતો! એમાં જયસિંહ સિદ્ધરાજ પૃથ્વીરાજ સામે જતો, પૃથ્વીરાજ ને શિવાજી વળી ભેગા થતા, પૃથ્વીરાજ, શિવાજી, પ્રતાપ, સિદ્ધરાજ, બાજીરાવ, અકબર, અશોક સૌ યૂરપ ઉપર સવારી લઈ જતા, ગજની સામે ભીમદેવ બાણાવળી ગાજતો અને એની મદદે બાજીરાવ જઈ ચડતો, ક્યારેક કોઈ મહાભારતનો યોદ્ધો પણ એમાં આવી પડતો, ને એમ ને એમ એ મનશ્ચક્ર ચાલ્યા જ કરતું. ક્યારેક ક્યારેક તો સાંભરે છે કે, પંદર પંદર દિવસ એવી સતત રાજરમત ચાલ્યા જ કરે. સંભવિત છે કે નર્મદના રાજ્યરંગમાંથી આ કલ્પના જાગી ઊઠી હોય. આવી રીતે અનેક વીર પુરુષોની એકી સાથે પૃથ્વીમાં પરિષદ્ ભરવાનું કવિ ન્હાનાલાલની 'વિશ્વગીતા'માં છે. આવી સ્થિતિ હોય ત્યારે આ પાત્રો હંમેશ મારી સાથે કૂર્યા કરતાં ને હું એમની સાથે કૂર્યા કરતો! ધ્યાનતંતુની આ ક્રિયા કામ કરી રહી હોય, ત્યારે બીજું કોઈ કામ આવી પડે, તો ઉશ્કેરાઈ જવાનો મારો તે વખતનો સ્વભાવ આજ પણ નિર્બળતા રૂપે હજી રહી ગયો છે. અને એમાંથી ઘણી વખત ગેરસમજણ પણ ઉત્પન્ન થાય છે, આ નબળાઈ મારામાં ન હોય—એમ ઘણી વખત લાગી આવે છે! પણ માણસ પોતાની પ્રકૃતિનો ગુલામ છે ને સ્વામી તો એ ઘણા ઘણા પ્રયત્ને થઈ શકે છે. આ પાત્રો વિષે મારા મનમાં પાછો પક્ષપાત હતો. પૃથ્વીરાજનો પરાજય સહન થતો જ નહિ. મહાભારતના અર્જુન કરતાં કર્ણ મને વધારે પ્રિય—અને એ જ જાણે મારો મેરૂ! પરશુરામને તો હું રામચંદ્રની સામે પણ હારવા દઉં નહિ. અને યૂરપના એકચક્રી સ્વામી નરકેસરી નેપોલિયન સામે થવા માટે તો ભારતવર્ષના ઇતિહાસમાંથી ગુપ્તવંશી સમુદ્રગુપ્તને મારે સજીવન કરીને એ સદીમાં મૂકવો પડતો! કોઈ કોઈ વખત પરશુરામનો સ્વાંગ તો હું પોતે જ ધારી લેતો; અને બીજો તો કોણ-સામો જોદ્ધો જુદ્ધ કરવા આવવાનો હતો, પણ વાડામાં ઊગેલા આંકડાને કે તલઆવળિયાને લાકડી લઈને કે તીર લઈને ઝૂડ્યા કરતો, અને એમને 'આંકડારાજ' ને 'તલઆવળિયારાજ' એમ મનમાં ગણતો. એવી ઘેલી ક્રિયામાં જે રસાનંદ અનુભવાતો તે પાછળથી પુસ્તકિયા લખાણમાં રૂપાંતર પામ્યો હશે! પુસ્તક લખવું એ એક પ્રકારની ઘેલી ક્રિયા તો છે જ, જોકે ઘણા એને ડાહી માને છે!

પરશુરામ વિષેના મારા આ પક્ષપાતનું જે થોડુંઘણું મનોવિશ્લેષણ હું કરી શકું છું તે આ પ્રમાણે છે: હું જ્ઞાતિએ બ્રાહ્મણ. બ્રાહ્મણત્વનું અભિમાન એ સ્વભાવમાં રહેલું સ્થાયી તત્ત્વ. શિશુ અવસ્થા—એટલે વીરની પૂજા કરવાનો સ્વાભાવિક રસ; નર્મદના વાચને આ કલ્પનાને ઉત્તેજન આપ્યું હોય; અને એક કૌટુમ્બિક પરિસ્થિતિ, મારાં માતાપિતાના કલહ વખતે હું હમેશાં માતાની પાસે ઊભો રહેતો—

કહ્યું જામવિભાને માર્ગે એ પ્રમાણે લોકો વેરાયતી કોરીઓ જોતા હશે જામવિભા વિષેની તમામ વાતોને ભેગી કરી લેવામાં આવે તો એમાંથી તે જમાનાનો એક રસમય અને આપણા ગુણદોષોનું હૂબહૂ વર્ણન કરતો અર્ધઇતિહાસ મળી આવે! આ સ્થારી હાકનો તે પ્રમાણે, જામવિભાની માનતા હાથે કોઈ બાઇને આંકું આવ્યું હોય તો જામવિભો સાંભરતો. એને ધરવા માટે નાળિયેર આવતું જામ માથું નમાવતો નાળિયેર ધરાતું ને સત એવું કે નાળિયેરના તરત બે ફાડા થઈ જતા!

લોકઅભિરુચિને અસામાન્ય ચમત્કાર વિના કોઈ વ્યક્તિનું મહત્ત્વ સમજાતું નથી એનું આ એક ઉદાહરણ છે

અને આપણા આ જમાનામાં પણ, કરોળિયાની જાળમાં ગાંધીજીનું નામ ગુંથામાની લોકકલ્પનાને પોતાના સ્વાર્થ માટે ઉત્તેજન આપનારા રાજદ્વારી પુરુષો ક્યાં પડ્યા નથી કે આ અજ્ઞાનનો આપણે દુખધોખો કરીએ?

ખંડેરાવ મહારાજનો એ જમાનો—એટલે કાઠિયાવાડમાં હજી અક્ષરજ્ઞાનના પણ ગણેશ માંડેલા નહિ. કોઈ માણસ કાનામાત્રવાળા અક્ષરો લખે તો પણ એની ગણના 'વેદવાન'માં થાય સાધારણ રીતે બોડિયા અક્ષરથી જ વ્યવહાર ચાલતો મારા દાદાની નામાપોથીમાં એવા બોડિયા અક્ષર જ મળે છે પણ મારા પિતાએ એ જમાનામાં ત્રણ ચોપડીનું જ્ઞાન મેળવેલું, અને મોડિયા અક્ષરને દેશવટો આપેલો. એટલી મૂડી ઉપર તો આખા ગામમાં એ 'વેદવાન' ગણાતા અને ભાભા'ના વેદવાન છોકરા લખે એમને પ્રતિષ્ઠા મળતી!

એક વખત કોઈ ગાયકવાડી અમલદાર કેરાળામાં આવેલો. એમને મારા પિતાનો આટનો અક્ષરપરિચય અને સશક્ત શરીર ગમી ગયાં એણે મારા પિતાને અને કાકાને કહ્યું 'છોકરાવ! આવી જાવ નોકરીમાં જમાદારી હમણાં આપું અને વહેલેમોડે ફોજદાર થઈ જાશો!'

પણ એ જમાનો હજી તો નોકરીને તુચ્છ માનનારો હતો દાદા—જાડાબાપાની સનાઢ પૂછી જેમણે જીવનભર દરરોજ સનાનમાં ભગવાન ચંદ્રમૌલીશ્વરને જલઅભિષેક કરવામાં, બ્રાહ્મણત્વની અવધિ નીરખી હતી, એમને આ વાત ભયંકર વિનિપાત સમી લાગી. કેરાળાની પાસે જ ચારણની પીપળી નામે નાનકડું ગામડું છે કેરાળા ગાયકવાડનું પણ પીપળી ચારણની એ જૂનાગઢનું આ પીપળીમાં ચારણ દરબાર. મારા બાપા—પિતાથી મોટાભાઈ—મૂળજીબાપા, આ ચારણ દરબાર પાસે કારભારું કરતા કારભારામાં બીજું તો શું? ગાયકવાડી કેરાળા ગામ સાથે, પીપળીના ચારણને સીમાડાની હમેશની તકરાર રહેતી —એટલે બન્ને ગામડાના સ્વયંનિર્મિત મોરચાઓ વારંવાર ભેગા થાતા અને એમાં એ જમાનાના *ડાકમાર પ્રમાણે, લાકડી, તલવાર, ભાલા, કુહાડા ઉખા*ડ્તા પીપળી અને કેરાળાની વચ્ચેનો એ નાનકડો પ્રશ્ન, રશિયા અને પોલાંડની પૃથ્વી જેવો જ મહત્ત્વનો થઈ પડતો અને એમાં તો નાક જાવાની ને જશ લેવાની મધ્યકાલીન રજપૂતવટ આવતી! મૂળજીબાપાને કામદાર લેખે રણભૂમિ ઉપર હાજર રહેવું પડતું જાડાબાપાએ મોટા છોકરાનો આ વિનિપાત દુ:ખભરેલા હૃદયે નીરખ્યો હતો, ત્યાં તો નાનો પણ એ પથે પળવાની વાત લાવ્યો, એ એમનાથી સહન થયું નહિ એમણે ઉકળતા દિલે કહ્યું 'અક્કા છોકરાવ! આ તમને સપાઈડા થવાનું કોણે સુઝાડ્યું? બ્રાહ્મણનો છોકરો હાથમાં બધુકડી લેશે ત્યારે તો ધરતી રસાતાળ જાશે! આપણે એ સપાઈવેડા કરવા નથી આપણો ધરમ બ્રાહ્મણનો સવારના પહોરમાં આ કેરાળાનો વેકરો ભલો ને શંકરડાડાનું મંદિર ભલું! બે લોટા પાણી લા રેડી આવો, એટલે દિ આખો ભયો ભયો! આપણે એ જમાદારું કે ફોજદારું જોતું નથી!'

જીવરામબાપાની આ વાત એ જમાનાની આબેહૂબ છબી બતાવે છે પણ જીવરામ બાપાનો જમાનો બદલી રહ્યો છે એ મારા પિતા જાણી ગયા હતા તેમણે દલીલ કરી

'પણ બાપા! આ તો ગાયકવાડ સરકારની નોકરી એમાંથી કોક દી ફોજદાર થવાશે! ને ગામ આખું સનામ ભરશે!' જીવરામબાપાનો પિત્તો ગયો

'અરરા! તું ઊઠીને, બ્રાહ્મણ કુટુંબનો છોકરો, આખા ગામની સલામની વાતું કરે છે? તને ખબર છે તારી આબરૂ બ્રાહ્મણ લેખે કેટલી વધારે છે? બ્રાહ્મણ કુટુંબનો છોકરો, ભલેને ઘોડિયામાં એક દોઢ મહિનાનો પડ્યો હોય, એંશી વરસની કણબીની ડોશી એની લાજ મરજાદ કરતી ત્યાંથી નીકળે છે! અને તને સલામુનો મોહ થયો? ગામ આખું તને બે હાથ જોડે છે એ શું ઓછું છે? સાવરકુંડલા જઈને ભાઈ! તારું બ્રાહ્મણનું કર્મકાંડ શીખી આવ. આપણો ઉદ્ધાર બ્રાહ્મણીયાધરમમાં. સપાઈધરમમાં પડવું હોય તો આ ત્રણ તાંતણા તોડી નાખો!'

એ વખતે સાવરકુંડલા બ્રાહ્મણધર્મનો દીપક જળવી રાખનારું મથક ગણાતું. ત્યાં જઈને ભાગવત ભણી લેવાની ઇચ્છાએ, કેરાળામાંથી મારા પિતા-અને એમના કાકાના દીકરાઓ, એમ ચાર છ જુવાનડાઓએ પ્રવાસ કર્યો જણાય છે પણ યુગનો મહત્ત્વાકાંક્ષી પવન થોડોઘણો તો, કેરાળા જેવા છેક ખૂણે પડેલા સ્થાનને પણ, સ્પર્શી ગયો હતો. એટલે સાવરકુંડલામાં રહીને થોડુંઘણું કર્મકાંડી સંસ્કૃત તો મારા પિતા શીખ્યા, પણ એમને આ બ્રાહ્મણધર્મના સર્વતોમુખી વિજયટંકાર વિષે હવે શંકા પડી ગઈ હતી, એટલે ત્યાંથી પછી જામનગરની વાટ પકડી. છોટી કાશી લેખે જામનગરની એ વખતે પ્રસિદ્ધિ એ આકર્ષણ તો ખરું જ; પણ વિખ્યાત ઝંડુભટ્ટજીના અંતેવાસી બની, વૈદવિદ્યાનો પરિચય મેળવી લેવાની ઇચ્છા વધારે બળવાન હતી. ઘણા જુવાનો એ વખતે કાઠિયાવાડને ખૂણે ખૂણેથી ઝંડુભટ્ટજી તરફ આકર્ષાતા. ભટ્ટજીનું વ્યક્તિત્વ અદ્ભુત મનાતું, ને એ રીતે મારા પિતાએ પણ જામનગરનો પંથ લીધો. ઝંડુભટ્ટજીના અંતેવાસી લેખે એમણે વૈદવિદ્યાનો ઠીક ગણાય એવો પરિચય મેળવ્યો હતો. એ ઝંડુભટ્ટજી વિષે મારા પિતા અનેક વાતો કહેતા. તેમાં એક વાત કહેલી તે આજ પણ યાદ આવે છે. ભટ્ટજી વિદ્યાર્થીઓને કહેતા કે જ્યાં સુધી શરીરરચનાનો પ્રત્યક્ષ પરિચય ન મળે ત્યાં સુધી વૈદવિદ્યા અપૂર્ણ ગણાય. તે વખતે આજની જેમ માણસના મુડદાં સાંપડતાં નહિ હોય અને જમાનો અનુકૂળ નહિ હોય, એટલે ભટ્ટજી પોતાના વૈદકવિદ્યાર્થીઓને, ઢેઢ અને ચમાર ઢોર ચીરે ત્યારે ત્યાં હાજર રહીને બધું નિરીક્ષણ કરવાની સૂચના આપતા. ભટ્ટજીની રજવાડામાં ઘણી પ્રતિષ્ઠા હતી ને એમને બેસવા માટે મીયાણાનો આવતો. જેતપુર દરબાર સુરગવાળા, વીરપુર દરબાર સુરસિંહજી, પોરબંદર રાણા વિક્રમાજીત અને જૂનાગઢના યુવરાજ છોટુમિયા એ તમામની ઝંડુભટ્ટજી પ્રત્યે શ્રદ્ધા હતી અને સૌ સંકટ સમયે એમને યાદ કરતા. વીરપુર ઠાકોર સુરસિંહજીની દવા કરવા માટે ભટ્ટજી વીરપુર આવેલા તે વખતે મારા પિતા ગુરુભક્તિથી એમની સેવા કરવા માટે ચાર માસ જેટલો સમય તેમની પાસે પણ રહેલા.

વૈદવિદ્યા જીવનભર મારા પિતાની પ્રિય વિદ્યા રહી. પણ એનો ધંધાદારી ઉપયોગ તો એમણે કોઈ દિવસ કર્યો ન હતો, પણ અનેક કુટુંબોને એમની શક્તિ ઉપર શ્રદ્ધા હતી અને એમણે અવારનવાર પોતાની એ વિદ્યાનો ઉપયોગ કરી દેખાડ્યો હતો. આજે જે વસ્તુ વૈજ્ઞાનિક રીતે 'વિટામીન' જાળવનારી ગણાય છે તે વસ્તુ આજથી વર્ષો પહેલાં એમણે અમારા ઘરમાં ચાલુ કરી હતી તે આ જામનગરના પ્રવાસને પરિણામે. એમણે મોગરી, મૂળા, મેથી અને પાકા ટમેટાને કાચા ને કાચા ખાવાની, આજથી લગભગ ચાલીસ પીસ્તાલીશ વર્ષ પહેલાં સૌને સલાહ આપેલી! એવી જ રીતે, આજે તો હાસ્યાસ્પદ લાગે, પણ તે વખતે તો એ મહાન પરાક્રમ ગણાય એવી બે વસ્તુઓ—લસણ અને ડુંગળી—એમનો ઉપયોગ અમારા ઘરમાં એમણે શરૂ કરાવ્યો હતો. એમના આ નાસ્તિકવાદનો ઉગ્ર સામનો ઘરમાં સૌએ વારંવાર કર્યો હશે, પણ એમણે તો લોકાચાર જળવાય એટલું ધ્યાન રાખીને, આ પદાર્થોનો લાભ ઉઠાવવાની પ્રણાલિકા ચાલુ કરી દીધી હતી. અને બરાબર સાંભરે છે કે આજે હિંદુના ઘર પાસે ઈંડાના ખોખાં પડ્યાં હોય તો જેવું કુતૂહલ લોકોમાં પ્રગટે છે, એવું કુતૂહલ પ્રગટાવવાનું એ વખતે ડુંગળીના ફોતરામાં સામર્થ્ય હતું! અને એને પરિણામે એ ફોતરાંઓને અંધારું પડ્યે જમીનમાં દાટી આવવાનું કામ મને સોંપાતું. પણ ફોતરાં તમામ તોફાની હોય છે અને ડુંગળીનાં ફોતરાં વધારે તોફાની હોય છે! પવન એમનો મિત્ર. અને જરા

જેટલી ભૂલ કરો તો આ ફોતરાં, આજના જમાનાના વર્તમાનપત્રની ચાર કે પાંચ 'એમ'માં પ્રગટ થયેલી જાહેરાતની પેઠે, તમને જાહેર કરી દે છે! એટલે એ કાઢેલાં ફોતરાંની, બીજે દિવસે સવારમાં જ વહેલો ઊઠીને હું હાજરી લઈ આવતો—કોઈ રડ્યું ખડ્યું તોફાની વૃત્તિવાળું ફોતરું ઊડતું ઊડતું પાડોશીને ત્યાં પ્રભાતફેરી કરવા પહોંચી જાય તો?

તો તો પછી રામ'કાણી રહી જાય નાં? આખું ગામ આ અબ્રહ્મણ્ય કર્મને માટે ટાલ પાડી નાખે!

ક્યાં એ ડુંગળી–લસણથી ડરનારો જમાનો અને ક્યાં આજનો ઈંડાંને શાકાહારમાં ગણાવનારો આપણો જમાનો! પ્રજાજીવનમાં ચાલીસપચાસ વર્ષ કેટલો બધો ફેરફાર કરી નાખે છે!

મારા પિતા અને એમના કાકાના દીકરા ભાઈ બન્ને સાવરકુંડલા ભણવા ગયા તેમાં બીજું પણ કારણ હતું. એ વખતે સાવરકુંડલામાં પાઠશાળામાં ભણવા જનાર વિદ્યાર્થીને સીધું મળતું. મારા પિતા— અને કાકા દેવકૃષ્ણ—બન્ને જણા સાવરકુંડલાથી પછી ઝંડુભટ્ટજી પાસે જામનગર ગયા હતા. ભટ્ટજી ભારે સ્વમાની અને ઉદારાત્મા હતા. જામ વિભાની પાસે પણ એ હાથ લાંબો ન કરે એટલી એમની પ્રતિજ્ઞા હતી. અને છતાં જો કોઈ દર્દી આવી ચડે, એની દવા—દર્દનું રહસ્ય મેળવી લેવાની ખાતર પણ કરતા. અને એમાં ગરીબ દર્દીને તો પોતાના ખર્ચે નિભાવતા પણ ખરા! અને વિદ્યાર્થીઓને પણ રાજમાંથી સીધું અપાવતા.

પણ જેવા ઝંડુભટ્ટજી સ્વમાની હતા એવા જ જામ વિભા વિચક્ષણ જાણકાર હતા. ચાર છ મહિને વિશ્વાસપાત્ર સાધનો દ્વારા તપાસ કરાવી લે કે ભટ્ટજી ઉપર કેટલુંક દેવું થયું છે? અને પછી એક દિવસ એ તમામ દેવું પોતે ભરપાઈ કરાવી દે! ભટ્ટજી જ્યારે હાથ ઉપર રકમ આવે ને વાણિયા વેપારીને પાછી દેવા જાય, ત્યારે તો એમને ખબર પડે કે દેવું ભરાઈ ગયું છે!

એ જમાનાનું આ એક સુરેખ ચિત્ર છે. એને પોતાના ગુણદોષ નથી એમ નથી, પણ યુગના પવન સાથે સુમેળ રાખીને એમાંથી'ઘી રીતે એક નવીન-ચિત્ર સર્જન કરવું એ કોયડો એટલો તો અઘરો હતો અને પરદેશી અત્યંત વિચક્ષણ રાજસત્તાની જમાવટને લીધે એવો અટપટો થઈ ગયો હતો કે એમાંનાં તમામ શુભ તત્ત્વો વેડફાઈ ગયાં—અને અશુભ તત્ત્વો ઘણા જ મોટા રૂપમાં બહાર આવ્યાં.

કદાચ આપણી આજની પ્રજા પાસે એ જ પ્રશ્ન નથી? આપણું જે મૂળધન છે એને કેમ સમજવું અને દુનિયાનું જે પ્રગતિધન છે એને કેમ આંહીં લાવવું?

જામનગરના આ પ્રવાસ પછી હાલાર તરફનું આકર્ષણ થયેલું જણાય છે. એમાં બીજાં પણ કારણ હશે. પણ મુખ્ય કારણ તો યજમાનનાં ગામડાં—ઉમરાળી, હડમતાળા, ચરખડી, ધોળીધાર, ધોરાજી, ગોંડલ, ગોમટા, ફરેણી એક બાજૂ પડી જતાં હતાં એ હતું. અને બ્રાહ્મણો પ્રત્યે આજના જેટલી સુધરેલી રાષ્ટ્રીય અસ્પૃશ્યતા હજી અસ્તિત્વમાં આવી ન હતી!

આ વિષય ઉપર એક નવું દૃષ્ટિબિંદુ રજૂ કરી શકાય. અંગ્રેજ બચ્ચો તો ડાહ્યો હતો; એણે રાજ નાનાફડનવીસ જેવા પાસેથી પડાવ્યું હતું. એને હિંદુસ્તાનનો બ્રાહ્મણ ભયંકર રીતે બુદ્ધિશાળી લાગે એ સ્વાભાવિક હતું. એણે તો આજે રોપ્યો છે તેવો વર્ગવિગ્રહનો રણસ્તંભ રોપાવવાનો યત્ન કર્યો. એણે બીજાઓને કહ્યું કે હિંદનું પતન થયું, કારણ કે બ્રાહ્મણો તમારા ઉપર અધિકાર જમાવીને બેઠા હતા! અને પછી સૌએ એ પોપટમંત્ર પેઠે પઢ્યે જ રાખ્યું. એની ઐતિહાસિક ભૂમિકા સમજવાની, સામાજિક અધઃપતનનાં વલણો તપાસવાની, મૂળમાં ઊંડા ઊતરવાની અન્વેષણ પદ્ધતિ તો મળે નહિ, એટલે એમણે ગોખાવ્યું ને સૌએ ગોખ્યું કે હિંદના પતનમાં ને પ્રજાકીય વિનિપાતમાં બ્રાહ્મણો મુખ્ય કારણરૂપ હતા! આજે એણે એ જ પ્રમાણે એક વર્ગને બીજા વર્ગ સામે ઉશ્કેરીને નથી ઠસાવ્યું કે તમે પાછળ રહ્યા કારણ કે પેલા દુષ્ટો આગળ વધી ગયા છે!

અંગ્રેજોની રાજનીતિનો આ વિજય ડંકો ઠેઠ સેંકડો વર્ષોથી ચાલ્યો આવે છે. અને હજી પણ એની એ રાજનીતિ જ સફળ થતી આવે છે.

બ્રાહ્મણોને હજી ઠીક આજીવિકા યજમાનો આપતા રહેતા, એટલે યજમાનનાં આ ગામડાંઓને સાચવવાં

હોય તો કેરાળા એક ખૂણામાં પડી જાતું હતું. રેલ્વેનું સાધન નહિ. ખડિયા ખભે ભરાવીને ત્રીસ ત્રીસ માઈલ ચાલવું એ જીવરામબાપાને હવે ભારે પડતું. એમની ઉમ્મર પણ થઈ હતી. શરીર એમનું ભારે પડછંદ, ઊંચું, અને ઘણામાં ઘણો શ્રમ લેવાને કસાયેલું હતું. છતાં હવે એમને જરાક આળોટવાની જરૂરિયાત જણાતી હતી. વળી મોટા છોકરાએ બ્રાહ્મણત્વનું લીલામ કર્યું એ પણ એમના જેવા નિત્ય ભેરખા-ધારીને ગમ્યું લાગતું નથી.

એટલે કેરાળાથી ભાભાકુટુંબના ત્રણ છોકરાઓએ વીરપુરનો પંથ લીધો. એક મારા પિતા, અને બીજા એમના કાકાના દીકરા બે ભાઈઓ.

આ વીરપુર ગામ આજે એટલું પ્રસિદ્ધ નથી, પણ એક વખત લાલાલજપતરાય ને તિલકમહારાજના જમાનામાં, કહેવાય છે કે, અંગ્રેજસરકારની કાળી કે વાદળી, જે કોઈ ચોપડી એના રાજકીય ખાતામાં રખાતી હોય, એમાં નામે ચડવાનું માન, આ ભાગ્યે જ અઢારસો ઓગણીસસો માણસની વસ્તીવાળા વીરપુરને મળ્યું હતું. એના અત્યારના ઠાકોરના પ્રપિતામહ—સુરસિંહજી ઠાકોર—સુરાજી—અનેક રીતે મધ્યયુગના ગુણદોષનું સામર્થ્ય ધરાવતા હતા. તે વખતે પ્રસિદ્ધ થતા 'સત્યવક્તા'ના ગ્રાહકોને ૫૯મી કે પછી ૬૩મી ભેટ લેખે, એ પત્રે, ઠાકોર સુરસિંહજીની એક છબી ભેટ આપી હતી. સુરસિંહજી ઠાકોર માથા ઉપર ચકરબતી જેવી પાઘડી રાખતા. ઇદોરશાહીનો એ સુધારેલો વધારેલો આકાર હતો. ટીપુ સુલતાનની પાઘડીને જો આગળ લેવામાં આવે—ત્રિકોણના બિંદુની જેમ—તો એ આકાર બને. એક હજાર ને એક રાજા બેઠા હોય તો એમાં પણ એ પોતાની ચકરબતી પાઘડીથી તરત એકલા તરી આવતા!

ઠાકોર સુરાજીને ત્રીજા વર્ગનો અધિકાર હતો. બાર ગામ હતાં. અને આશરે એકલાખની ઉપજ હતી. પણ ભલભલા રાજાઓમાં ન મળે એ એમનામાં હતું. એનો આત્મા પરદેશી શાસન સાથે કોઈ રીતે મેળ લેતો ન હતો. દેખીતી રીતે તો એવડું નાનકડું ગજ, રાજકોટના એક પોલિટિકલએજંટની ચિઠ્ઠી આવે ત્યાં નરમઘેંશ થઈ જાય—ને ઠાકોર સુરાજી તો પાછા રહ્યા પણ જરા હાથ છૂટા, એટલે નિત્યના દેવાદાર. એટલે બીજું તો શું કરવાનું હતું? પણ ઠાકોરનામાં—બીજા કોઈનામાં ન મળે એવી ભૂમિપ્રીતિ હતી. અને કેટલાક પ્રકારની સામાજિક ધાર્મિક સુધારણાનો એમને શોખ હતો. સુરસિંહજી ઠાકોર, કહેવાતું કે, જુવાનીમાં તો અસલ રજપૂતી રંગ ધારીને ફરતા. મનદુઃખે થોડો વખત ગામડાં ભાંગવામાં પણ એમનો હાથ હોવાનો શક પડ્યો હતો એમ સંભળાતું ને ઘણું કરીને એ કારણે ૭ સાત વર્ષ જેલમાં પણ રહેલા એમ લોકકંઠમાં અર્ધી સાચીખોટી વાત ચાલતી. પણ જે વખતે ભાભા-કુટુંબના આ ત્રણ છોકરાઓ આહીં રહેવા આવ્યા ત્યારે તો ઠાકોરસાહેબની પ્રતિષ્ઠા એક રાજવી તરીકે જામી ગઈ હતી. અને ગઈ ગુજરીને કોઈ સંભારતું પણ ન હતું.

ઠાકોર સુરસિંહજીને આ ત્રણ નવા આવેલા પરદેશીઓમાં કાંઈક વિચિત્રતા લાગી હશે. એમણે તો ગામ વચાળે કે ગામના પાસે, મીનલવાવના દરવાજે કે એવે કોઈ સ્થળે, એમને જમીન આપવાનો આગ્રહ રાખેલો. પણ જીવરામબાપાનું તો એક જ મહાન મત હતું: 'બ્રાહ્મણને બંધન નહિ! કોઈની નોકરી નહિ. અને વસ્તીનો વાસ નહિ!'

'અમે છેક છેવાડે સારા બાપુ! ખળાવાડ પાસે પડે, બહાર આવવું જવું ઠીક પડે, ગામભમતરે જાવું હોય તો અમને દરવાજાનું મફતનું બંધન થાય! બહાર હોઈએ તો નદી કૂવે નાઈને ઘર ભેગા!'

રતનજી—એમના નાનાભાઈ સાથે હતા, એમનો પણ એ જ મત.

એ પ્રમાણે વીરપુર જેવા માત્ર અઢારસોની વસ્તીના ગામમાં છેક છેવાડે—જ્યાં કોઈની વસ્તી જ મળે નહિ, ત્યાં મારા પિતાએ, પિતામહે, અને સાથે આવેલા રતનજીબાપાના બે દીકરા—દામોદરકાકા અને દેવકૃષ્ણકાકાએ નવાં માટીનાં મકાન શરૂ કર્યાં. એ વખતે વિક્રમસંવત ૧૯૪૩ની સાલ હતી.

[૩]

'કાં જલ્લા કાં અલ્લા 'વાળું' ભગતનું વીરપુર

આ વીરપુર ગામમાં ઇકવીસન અઢારસો બાણું

[૧૮૯૨] ના ડિસેમ્બરની બારમી તારીખે મારો જન્મ થયો. તે વખતે વિક્રમસંવત ૧૯૪૯ના માગશર વદી ૯ અને સોમવાર હતો. એક કોટ જેવું ઘર હતું તેમાં ગાયભેંશ વાછરડાં બંધાતાં, ખડ પણ રહેતું ને સંસારમાં નવો પ્રવેશ પામનાર માટે આતિથ્ય ગૃહ પણ એ જ હતું. નાનપણમાં મારી આંખો એટલી નબળી હતી કે કદાચ એમાંથી ખોડ આવી જાશે એવો ભય લાગતો હતો. પણ એરી કુદરતને વશ કરવાનો સંકલ્પ કર્યો હોય તેમ મારી માએ, સતત, વર્ષોનાં વર્ષો સુધી, કાસાંજણ—કાંસાની મેંશ કરી કરીને, એને સવાર ને સાંજ નિયમિત રીતે આંખમાં આંજવાનું વ્રત જ જાણે લીધું ! મને બરાબર સાંભરે છે કે ગુજરાતી સાતમી ચોપડીમાં હું આવ્યો ત્યાં સુધી તો આંજણ વિનાની આંખ રહેતી જ નહિ ! આને લીધે હો કે ગમે તેમ પણ મને ત્યાર પછી આંખનો ઓછામાં ઓછો વ્યાધિ થયો છે.

આ સમયનું મારું જૂનામાં જૂનું સ્મરણ ગુજરાતી ત્રીજી—ચોથી ચોપડીનું મને યાદ છે. હાથમાં દફતર અને પાટી લઈને નિશાળે જવા નીકળું ત્યારે એ લોથી શેરીના નાકા સુધી કૂતરાઓ સાથે વળાવવા આવતા. એક ધોળિયો કરીને કૂતરો હતો એ અમારો સૌનો ખાસ માનીતો હતો. 'ઘર છેક છેવાડાં—અને જીવરામ બાપાએ તો યજમાન સાચવવા માટે થઈને વીરપુર વસાએલું, પણ મારા પિતાને એ વૃત્તિમાં આવી રહેલ ફેરફારના પડઘા સંભળાતા હતા, એટલે એમણે તો પોતાની પાસેની ચારસો સાડાચારસોની નાની સરખી મૂડી ઉપર ઘરેણાં ઉપર પૈસા ધીરવાનો વ્યાજવટાવનો ધંધો ગામમાં શરૂ કર્યો હતો. પાસે પૈસા નહિ, છતાં એમણે શરૂ કરેલા આ શાહીધંધાને લીધે, થોડા વખતમાં આખા ગામમાં એમની શાખ શાહુકાર તરીકેની શરૂ થઈ ગઈ. એનું એક પરિણામ એ આવ્યું કે આ તદ્દન છેવાડા ઘરને જાળવવા માટે નાની મોટી એક કૂતરાની સેના જ અમારે આંગણે પડીપાથરી રહેતી.

એ સેનામાં ધોળિયો સેનાનાયક હતો. એના જેવો આજ્ઞાંકિત, વિશ્વાસપાત્ર અને સમજુ કૂતરો કોઈ નહિ. ધોળિયો, બાવળો, ટીકડી, રેકમેયો અને સસલો—એવી પાંચ છ કૂતરાની સેના તો અમે ફરવા નીકળીએ ત્યારે પણ સાથે રહેતી. આમાંથી પછી બાવળાને રદબાતલ કરવામાં આવ્યો હતો. એણે લડાઈમાં એક આંખ ગુમાવી હતી, એટલે એ કાણો થઈ ગયો હતો. અને 'કાણિયા નર કોક સાધુ' એ લોકવાયકા માણસો માટે છે પણ આ બાવળાએ કોણ જાણે કેમ એ સાચી કરી બતાવી. કાણિયો ન હતો ત્યાં સુધી બાવળો સાધુ હતો. પણ કાણિયો થયા પછી એ અસાધુ બની ગયો. એ પાસેની ખાંટ બાઈ સુમલડોશીના ફળીમાં પણ બેસતો. સુમલડોશીની એક ભીંત અમારા ફળીમાં પડતી. અને બન્નેના વાડા વચ્ચે તો માત્ર વંડી હતી. એક વખત એવું બન્યું કે મધરાતે એક નાનાસરખા કુરકુરિયાના કરુણ આક્રંદથી અમારું ફળી આખું જાગી ઊઠ્યું !

તાજી વિયાયેલી ટીપુડીના નાનકડા કુરકુરિયાને ઉઠાવવા માટે કોઈ જંગલી જાનવર આવી પહોંચ્યું હતું.

હોહા થઈ ગઈ. ચારે તરફથી લાકડીઓ લઈને અમે સૌ ફળીમાં આવ્યા. ટીપુડી જોસથી ભસી રહી હતી. ધોળિયાએ આક્રમણ કરનારને વંડી પાસે સપડાવ્યો હતો, પણ પેલો ઘાસલેટિયો દીવો કાંઈ કામનો ન હતો અને એક ફાનસ હતું તે મેડા ઉપર પડ્યું હતું. પ્રકાશના અભાવે આક્રમણ કરનાર જાનવર કોણ છે તેનો પત્તો લાગતો ન હતો. કોઈ જંગલી 'નારડો' આવ્યો લાગે છે એ અનુમાને સૌ સાવધાનતાથી આગળ વધી રહ્યા હતા.

એટલામાં ફાનસ આવ્યું અને ઓત્ તારીની— સુમલડોશીની વંડી પાસે પહોંચીને, એને ઠેકવા માટે મથતો કાણિયો બાવળો નજરે પડ્યો.

ધોળિયાએ એને પકડી પાડ્યો હતો. એટલે છેવટે એને તો કુરકુરિયું છોડીને ભાગી જવું પડ્યું. પણ ત્યાર પછી એ કાણિયા બાવળાને સેનામાંથી રદબાતલ કરવામાં આવ્યો હતો. કૂતરાની સેના શેરીના નાકા સુધી વળાવીને પાછી ફરે એટલે મારો નિશાળ તરફનો પ્રવાસ ચાલુ થાય.

એમાં પહેલો વિરામ આવે દરબારી વાડે. ત્યાં દરબારની ગાયો ભેંશો રહેતી. એનો ધણખૂંટ અને પાડો એ બન્ને જોવા જેવી જોડ હતી.

મોટા મા સાહેબની એક હાથણી જેવી ભેંશ

પણ ત્યાં બંધાતી. એ પણ જોતાં ન ધરાઈએ એવી જબરજસ્ત હતી. ટંકે દૂધ મણુ પોણો આપતી. ને બે રબારી દોવા માટે વારા ફરતી બેસતા ત્યારે દોવાતી. આ મોટાં મા સાહેબને જાનવરનો શોખ હતો. લોકકંઠમાંથી મળેલી એમની એક વાત યાદ આવે છે : દરબારગઢમાં ભેંશો એમની હાજરીમાં દોવાતી. પોતે દોલણી ઢાળીને દૂર બેસતાં. એક ભેંશને, રબારી, બપોરે શેઢે દોહી લેતો લાગે છે, એવી એમને શંકા ગયેલી. એટલે ભેંશને ઘેર રાખીને સાંજે પોતાની હાજરીમાં રબારીને દોવા બેસાર્યો.

રબારીએ દોહી લઈને બોઘરું બતાવ્યું તો દૂધ ઊલટાનું હમેશ કરતાં ઓછું!

'અલ્યા આમ કેમ? આંચળમાં રાખ્યું લાગે છે!'

'ગરીબપરવર! ભેંશની જાત, હું શું જાણું? ઘેર બાંધી એટલે આવમાં ચડાવી ગઈ!'

રબારીએ સાચક થાવા માટે પોતાની જુક્તિ ગોઠવી હતી. દોતાં દોતાં બરૂની બે ઝીણી ભૂંગળી મોંમાં રાખેલી. દૂધ દોતો જાય ને પીતો જાય. ખારસો આતશેરનો ખાડો પાડી દીધો.

નિશાળે જતાં બંધ ઝાંપાની જાળીમાંથી ગાયો ભેંશો વાછરડાં પાડરડાં એમને જોવાનું શરૂ થાય. ખબર તો હોય જ કે માસ્તર પહેલવહેલાં ગણિતના દાખલા લખાવે છે. અને ગણિત સાથે ત્યારથી જ બીયાંબારું. એટલે જો કાંઈ વખત વીતે એ હોય તો મેળમાં જ! પણ એટલામાં બને એવું કે કાં મા— અથવા તો ભાભી—કોઈને કોઈ મીનલવાવે પાણી ભરવા માટે નીકળે, અને એમનો રસ્તો ત્યાંથી જાય એટલે પછી મીનલવાવના દરવાજા ઉપર બેસતી નિશાળ સુધી એ સાથે આવે, અને જેમ રબારીને ઢોરની સોંપણી થાય, તેમ છેક માસ્તરની ખુરશી સુધી જઈને નિશાળમાં મારી સોંપણી થઈ જાય.

એ સોંપણી થઈ ગઈ એટલે તો પછી કાંઈ છટકબારી મળે નહિ. અગિયાર વાગ્યા સુધીનો ઘંટ વાગે ત્યાં સુધી નિશાળમાં રહ્યા વિના છુટકો નહિ.

પણ એટલું છતાં આ નિશાળ તદ્દન અરસિક ન હતી. નિશાળની નીચે જ જેલ હતી. અને ત્યાં દરવાજે સિપાઈઓની ચોકી રહેતી. એટલે નિશાળ ઉપરથી કેદીઓ જોવા મળે—ને સિપાઈઓની પણ ઝાંખી થાય. છતાં ગણિતનો ભયંકર વિષય, ક્લાસમાં એ પહેલો જ વિષય— એટલે 'નિશાળમાંથી નીસરી જવું પાંશરું ઘેર' એ લીટીનું તો અક્ષરશઃ પાલન થતું, પણ ઘેરથી નીકળીને નિશાળે જતાં એ ભુલાઈ જતું!

એવામાં એક જબરજસ્ત ફેરફાર થયો. ગુજરાતી નિશાળમાં નીચલા ધોરણમાં તો છેલ્લો જે વિષય હોય તેમાં તમારો જ્યાં નંબર આવે એ નંબર હાજરીપત્રકમાં નોંધાય— અને આખા મહિનાના એ નંબરના સરવાળા પ્રમાણે બીજા મહિનાનું 'કેટલૉગ' તૈયાર થાય. એ વખતે એવો રિવાજ હતો. એ 'કેટલૉગ' છેલ્લી તારીખે સાંજે ગણાતું હોય ત્યારે ધારાસભાના બજેટની જેટલી આતુરતાથી આજે સટોડિયા રાહ જુએ છે, એના કરતા હજારગણી વધારે આતુરતાથી, છોકરાઓ પોતાના નવા અનુક્રમની રાહ જોતા હોય! પણ આપણા રામને તો એક ખાતરી જ હોય કે ત્રીસ છોકરાના વર્ગમાં, આપણો અઠાવીસની ઉપર નહિ હોય ને ત્રીસની નીચે તો નહિ જ હોય! એટલે છોકરાઓ તો છેલ્લી તારીખે સાંજના સાત આઠ વાગ્યા સુધી રોકાઈને, માસ્તરને સરવાળા ગણવવામાં મદદ કરીને પણ, પોતાનો નવો અનુક્રમ મેળવવા તલપાપડ રહેતા, ત્યારે એક જ જણ એમાં સ્થિતપ્રજ્ઞની દશા અનુભવતો; અને તે હું!

પણ આ સ્થિતપ્રજ્ઞની દશા અચાનક જ ફરી ગઈ. છેલ્લો વિષય, અત્યારસુધી આંકનો રહેતો એને બદલે નવા માસ્તરે ઇતિહાસનો રાખ્યો.

આ નવો માસ્તર ભારે ક્રાન્તિકારી નીવડ્યો. એણે આંકને બદલે ઇતિહાસને છેલ્લો વિષય ઠરાવ્યો. અને એક નવી પ્રથા પણ દાખલ કરી. છોકરાઓ અંદર અંદર સવાલો પૂછે એવી. એમાં જે જવાબ ન આપી શકે એનો નંબર, સવાલ પૂછનાર, જવાબ આપીને લઈ જાય. છેલ્લા નંબરે પહેલા નંબરને સવાલ પૂછ્યો હોય અને પહેલો નંબર એનો જવાબ ન આપી શકે, તો એ છેલ્લો જઈને બેસે, ને છેલ્લો નંબર પહેલો આવી જાય!

આ નવીન પ્રથાએ કેટલાકને ભારે અકળામણમાં મૂક્યા. કેટલાકને એમાં રમૂજ પડી ઘણાને સમજણ ન પડી. પણ મારા જેવા થોડાકને એમાંથી નવીન દિશા પણ જડી.

મેં તો ઘેર જઇને ખાંખાંખોળાં શરૂ કર્યાં. ઘરમાં જે જે પુસ્તકો હતાં તે ફેંદ્યાં. 'કાષ્ટના ઘોડા'ની વાર્તા નીકળી. 'મેનાં પોપટની વાત' નીકળી. 'ગુલબંકાવલી'નું ગુલાબી પૂંઠું તો હજી આજ પણ નજરે પડે છે, એ પણ નીકળ્યું. 'સુંદર કામદાર'ની વાત જડી. પણ એક પુસ્તક મળ્યું અને એણે જાણે નવું જ માર્ગદર્શન આપ્યું. એ પુસ્તક હતું ખુડખુડિયા અને બારોટ કૃત ગુજરાતના ઇતિહાસનું, ઉરમાન બચલ ખુડખુડિયા રાજકોટ ટ્રેનીંગ કોલેજમાં ડ્રોઇંગ માસ્તર હતા. એમણે અને બારોટે આ ઇતિહાસમો ઠાસી ઠાંસીને હકીકતો ભરી હતી.

તમામ છોકરાઓ પાસે રમણભાઈનો ગુજરાતનો ઇતિહાસ હતો. માસ્તર એમાંથી શીખવતા. છોકરાઓ એમાથી કડકડાટ બોલી જતા. આ ઇતિહાસની કોઇને ખબર ન હતી. મેં એ ઇતિહાસ ઘેર વાંચવા માંડયો.

બીજે દિવસે—ક્રાન્તિકારી પ્રથાના પહેલે જ દિવસે—છેલ્લા વિષય તરીકે ઇતિહાસ લેવાયો. અને ત્યાર પછી સવાલોની પરંપરા ઊપડી.

નિયમ પ્રમાણે આપણા રામનો છેલ્લો નંબર હતો. પણ પેલા ઇતિહાસમાંથી જે અમોઘ-શસ્ત્ર મળ્યાં હતાં તે વગર વિચારે ફેંકી દેવાનાં ન હતા. એમા તો મહારથી કર્ણના કુંડળ જેવી અભેદ્ય રમત હતી. જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ છોકરાઓને રસ પડતો ગયો. નંબર ખોનારા મૂંઝાતા હતા, તો નંબર મેળવનારા ખુશ પણ થતા હતા.

એમ કરતાં કરતાં નિશાળ છૂટવાને ભાગ્યે જ પાંચ મિનિટનો સમય બતાવતી, રેતશીશી જે સામે જ ટિંગાતી હતી, તેના ઉપર દૃષ્ટિ પડી. અમોઘ શસ્ત્ર ફેંકવાનો ખરેખરો વખત હવે આવ્યો હતો. ફરીને જ્યારે મારો વારો આવ્યો કે તરત ઊભા થઇને મેં નંબર પહેલાને જ પ્રશ્ન પૂછયોઃ

'ભીમ બાણાવળીની રાણીઓનાં નામ શું ?'

'રાણી ઉદયમતી' પહેલા નંબરે ચટ ઉત્તર આપ્યો. અને તે તરત વિજયભેર બેસી ગયો.

'ખોટું. રાણી ઉદયમતી અને બકુલાદેવી!'

પણ રમણભાઇના ઇતિહાસમાં બકુલાદેવીનું નામ-અભે નહિ. એટલે તકરાર શરૂ થઈ. તકરાર માસ્તર સાંભળી રહ્યા હતા.

એક છોકરો થોડુંઘણું બહારનું વાચન કરે છે એ જોઇને એમને આનંદ થયો.

'બકુલા-વાણિયણ—ભીમદેવની રાણી હતી, એ બરાબર છે. નંબર છેલ્લો, પહેલો આવે. પહેલો, છેલ્લો જાય!'

એકદમ ત્રીસમે નંબરેથી મળેલા એ પહેલા નંબરે જે જે આનંદ આપ્યો તે અવર્ણનીય હતો. પણ પેટમાં ધડક ધડક ધડાકા થઈ રહ્યા હતા. નંબર પહેલો મળ્યો ખરો—પણ એ ટકાવી શકાશે? સામે ટંગેલી રેતીશીશી ઉપર દૃષ્ટિ કરી. રેતી પૂરી થાય ને અભિચારના ટકોરા પડે તો રંગ રહી જાય!

પણ જે માણસ છેલ્લે નંબરેથી પહેલો આવ્યો, તેને આરામ મળવા દે એવો એ કલાસ ન હતો. પહેલા નંબર ઉપર તરત એક પછી એક ઇતિહાસના સવાલોની ઝડી જ વરસવા માંડી! મારે તો ઉભે પગે જવાબ ઉપર જવાબ આપવાના આવ્યા!

એમ કરતાં કરતાં મારી પાસે જ બેઠેલા બીજા નંબરનો વારો આવ્યો. એને તો પહેલા નંબર સિવાય બીજા કોઇને પ્રશ્ન પૂછવાપણું હતું નહિ. એણે પ્રશ્ન પૂછયો. જવાબ મળી ગયો. રંગ રહી ગયો.

પણ સામેની રેતશીશી હજી જરાક રેતી દેખાડી રહી હતી. એટલી પૂરી થાય તો જંગ જીતી જવાય. કોઈ દિવસ નહિ ને આજે આ રેતીને પણ કોણ જાણે શું થયું હતું તે જલદી જલદી મેદમાંથી સરી જતી ન હતી!

અને એટલામાં તો છેલ્લો નંબર ખડે પગે તરત ઊભો પણ થઈ ગયો હતો.

'પહેલો નંબર—' એણે વિજયથી પડકાર કર્યો અને તરત સવાલ મૂકયોઃ 'પૃથ્વીરાજની માતું—'

પણ 'નામ' એ શબ્દ એના મોંમાંથી બહાર નીકળે તે પહેલાં, બાજી પ્રભુ દેશપાંડેએ સાંભળી હતી એવી, નિરાંતનો દમ આપનારી તોપગર્જના જેવી ઘંટની ગર્જના સંભળાઈ રેતી પૂરી થઈ ન થઇ ને નિશાળને છૂટવાના વખતની તો બરાબર ચોકી રાખનાર કોઇ છોકરાએ, હેડમાસ્તરના આંખના ઈશારે, ટન ટન ટન ટન કરતો છૂટીનો ઘંટ વગાડી દીધો હતો!

નીચેથી પોલીસચોકી ઉપરથી અગિયારના ટકોરા પણ વાગવા માંડ્યા. નિશાળમાં ધડાધડ પાટીઓ ને દફતરોનો અવાજ થઇ રહ્યો. નાની નિશાળના બીજા ઘંટ પણ ઘણેણી ઊઠ્યા. રેતીની શીશી ફેરવાઇ ગઈ. એકડિયાનો આખો વર્ગ તો નિશાળ ઉપરથી ઊતરવાનાં અરધાં પગથિયાં ઊતરી ચૂક્યો હતો!

રંગ રહી ગયો. સવાલ સવાલને ઠેકાણે રહ્યા. નંબર પુરાવા માંડ્યા. તે દિવસે પુગયલા નંબરે એકે જે આનંદસમાધિ આપી હશે એની આજે તો કેવળ કલ્પના જ કરવી રહી.

પણ ત્યાર પછી ઘેર જઈને તો ઇતિહાસનાં જેટલાં મળ્યાં એટલાં નાનાં મોટાં પુસ્તકો વાંચવા માંડ્યાં.

પરંતુ આ તો એક જ વિષયની વાત થઈ. લેખાં ઊંઆં હોય, 'અગીઆરી અગીઆરી એકવીશસો' રાહ જોતાં હોય, પાંતી હોય, ભયંકર એવું લાલશંકરનું નાનું ગણિત હોય—એમાં ક્યાંય આપણો પત્તો લાગે તેમ ન હતો. એટલે નિશાળના જેટલા દિવસ પડે એટલા દિવસ શી રીતે પાડવા એ એક જ યુક્તિ ઉપર ધ્યાન કેન્દ્રસ્થ થાતું!

અને એને માટે એ વખતે જે જે સાધનોનો ઉપયોગ કર્યો હતો એ તમામ સાધનો તો આજે સ્મરણમાં ચડવા મુશ્કેલ છે. પણ એમાંનું એક પ્રિય સાધન—'Sun bath—' 'સૂર્યસ્નાન'નું હતું.

એ સૂર્યસ્નાનનો મહિમા નીચે પ્રમાણે છે.

એ વખતે પ્રાથમિક શાળાઓનાં સવારબપોરના દશ્યો જોવા જેવાં હતાં. એક બાજૂથી ચારપાંચ છોકરા કોઈ ને ટીંગાટોળી કરી લાવતા હોય, તો બીજી બાજુ, ઢોરને હાંકવા માટે હોય તેમ કોઈ મા, પોતાના છોકરાને સોટીથી હાંકતી હાંકતી આવતી હોય! ક્યાંય માસ્તર કોઈ તોફાની છોકરાને ઉપાડી લાવવા માટે એક સેના જેટલા વિદ્યાર્થીઓ લઇને જતા હોય, તો બીજી બાજુ બેંકડા તાણતા છોકરાને ધૂળમાં ખેંચીને કોઇ ને કોઈ વીર સેનાપતિ લાવી રહ્યો હોય. આ પ્રમાણે જે છોકરા અનિયમિત રહેતા એમને ગમે તે રીતે નિશાળ ભેગા કરવાની અનેક યુદ્ધરચનાઓ અસ્તિત્વમાં હતી. આજે જેમ રાજદ્વારી પુરુષો અપમાન થાય તો માંદગીની રજા ઉપર ઊતરવાનું અમોઘ શસ્ત્ર વાપરે છે તેમ નિશાળમાંથી પણ ગેર-હાજર રહેવા માટે એ જ અમોઘ શસ્ત્ર કામનું હતું. એટલે બપોરે લગભગ બે અઢીવાગે છોકરાઓ બોલાવવા આવે તે પહેલાં, ગમે તે રીતે શરીર ઉનું દેખાય ને તાવ લાગે એવું કાંઈક કરવાનું!

સૂર્યસ્નાન એને માટે સર્વોત્તમ સાધન હતું. બાર એક વાગ્યે જમીને તડકે બેસી જવાનું, તે બપોરનો નિશાળ શરૂ થયાનો ઘંટ સંભળાય ત્યાં સુધી બેઠા રહેવાનું. બોલાવવા આવનારા છોકરાઓ શેરીના પ્રવેશદ્વારે પ્રવેશ કરે કે તરત જ, ખાટલો અગાઉથી ઢાળી રાખ્યો હોય તેમાં, ગોદડું ઓઢીને સૂઈ જવાનું. છોકરાઓ આવે, ગોદડામાંથી માંડ માંડ જાગ્યા હોઇએ એવી રીતે આપણે મોં બહાર નાખીએ, 'આજ તો તાવ આવ્યો છે' એમ કહીને ગોદડા બહાર હાથ કાઢીએ, અને ઉનો ઉનો હાથ જોઈને છોકરાઓ રવાના થાય.

છોકરાઓ હજી તો શેરીને નાકે પણ ન પહોંચ્યા હોય તે પહેલાં ગોદડું ફેંકીને તરત હું ઊભો થઈ જતો. કૂતરો ધોળિયો, આ સઘળા કરતુકનો પોતે જાણકાર હોય તેમ, જીભ કાઢતો સામે ઊભો જ હોય.

અને તરત એ આખી સેના સાથે બેલાડિયાની પાટ, હેમદ્રી, સિદ્ધામણીનો પુલ, કનુભાની વાડી—એ સઘળાં સ્થાનો રાહ જોઇ રહ્યાં હોય, ત્યાં રખડપટ્ટીમાં ઉપડવાનું.

અલબત્ત આમ કાવતરામાં પહેલેથી માને મેળવી લેવાં પડતાં. પણ એ તો ગમે તેમ કરીને ગોઠવી શકાતું.

પણ આ નિશાળ પ્રત્યેની અનભિરુચિએ બીજા અનેક ક્ષેત્રોમાં મને રસ લેતો કરી મૂક્યો હતો. એમાંનું એક ક્ષેત્ર તે બેરોક ચરવાનું.

[ચાલુ]

પ્રથમ પ્રેમ

શ્રી સુમથનાથ ઘોષ
અનુવાદક રમણીક મેઘાણી

દક્ષિણ તરફનો થોડોક પ્રદેશ જ ત્યારે મોગલોના અધિકારમાં આવ્યો હતો સમ્રાટ શાહજહાંએ એના શાસન માટે ઔરંગઝેબને ત્યાં મોકલ્યો હતો એ લડાઈમાં જેવો દુર્જેય વીર હતો તેવો જ રાજનીતિમાં ચતુર હતો. બાળપણથી જ રાજ્યો જીતવાના વિચારોમાં એની છાતી ફુલાઈ જતી—કલ્પનામાં એ વિશાળ સામ્રાજ્યનું સુખસ્વપ્ન જોતો ગમે તેટલી વિપત્તિઓ ને વિઘ્નો આવે, ચાહે તેવો કાંટાળો ને વાંકો–ચૂકો ભયોં પથ હોય, છતાં પોતાના સ્વપ્નોને સિદ્ધ કરવા એ નાનો અમથો વિલંબ પણ સહી શકતો નહિ, અગણિત ઝંઝાવાતોમાં એ પાછી પાની ન કરતો પિતાનો આદેશ મળતા જ એ સૈન્ય—સામંતો સાથે દક્ષિણ તરફ ચાલી નીકળ્યો

મીર ખલિલ ત્યારે બુરહાનપુરનો સુબેદાર હતો એ ઔરંગઝેબનો માસો થતો દક્ષિણ જતા માર્ગમા માસીને મળતા જવુ એમ ઔરંગઝેબે નક્કી કર્યું

ઉપરાઉપરી ઘણા દિવસની મુસાફરીના થાક પછી એક દિવસ સહુને આરામનો મળ્યો તબુઓ પછી તબુઓની કતાર ખડી થઈ ગઈ હાથી, ઘોડા, ઊંટ, પગપાળા સૈનિકો ને સામન્તો આદિથી વૃક્ષોથી ઘેર્યો જગલ ને પહાડનો તળેટી પ્રદેશ છવાઈ ગયો

પગમાં મખમલની મોજડી, માથે હીરા–મોતી જડિત મુગટ ને સર્વાંગે શુભ્ર શ્વેત રેશમ ને મસલિનનો પોશાક જુવાન એકલો ચાલ્યો જતો હતો માસીને મળવા, બુરહાનપુરથી ત્રણેક માઈલ દૂર જૈનાબાદ

તાપી નદીને કાંઠે કુંજકાનન ઘેર્યો શ્વેત આરસનો પ્રાસાદ ત્યારે સૂર્યાસ્તના શાંત વારિમાં પોતાનું રૂપ નિહાળતો વિસ્મિત બની ઊભો હતે, ને એની પાછળ અરીસામાં પડતા પ્રતિબિમ્બની જેમ દેખાતો હતો વૃક્ષોનો કાળો પડછાયો અને પશ્ચિમ આકાશની રતુંબડી પાર્શ્વભૂ

એ સૌંદર્યમાં ઔરંગઝેબ જાણે ગરક થઈ ગયો પ્રાસાદનાળા બગીચામાં પ્રવેશી વાંકી ચૂકી કેડીએ ધીરે ડગલે એ આગળ વધવા લાગ્યો સૂર્યાસ્ત પહેલાના ધીમા પ્રકાશની શાન્ત રમણીયતા ત્યારે આસમાનમા, પૃથ્વી પર, હવામાં ચારે બાજુ છવાઈ હતી

એકાએક એની નજર સામે આકાશમાંથી જાણે એક નક્ષત્ર નીચે ધરતી પર ખરી પડ્યુ એના હૃદયનું રુધિર નાચી ઊઠ્યુ. એનું હૈયુ ડોલી ઊઠ્યુ

ચમકીને એણે જોયું તો એનાથી થોડેક જ દૂર એક કિશોરી ઊભી છે, જેની આંખમાં મૃગલીની ચંચળ દૃષ્ટિ છે ને જેના અંગેઅંગમાં વિદ્યુતની જ્યોત છે ફળભારે નમેલી એક આમ્રશાખાને એક હાથે પકડી રાખી બીજે હાથે એ પોતે નહોતી પહોંચી શકતી એટલે ઊંચેનું એક આમ્રફળ પાડવા મથતી હતી એની નીલ ઓઢણી માથા પરથી સરકી નીચે ધૂળમાં રોળાતી હતી, ને એના અંગની એકેએક મૃદુરેખા એના સૂક્ષ્મ દેહાવરણને ભેદીને આન્દોલિત થઈ ઊઠી હતી

વારવારના પ્રયત્ન પછી પણ તે એ ફળ પાડવામાં ફાવતી નહોતી

વિસ્મિત નજરે પલકારો યે કર્યા વિના ઔરંગઝેબ એ અતીવ સૌન્દર્ય નિહાળતો ત્યાં જ ઊભો રહ્યો ને પછી નિઃશબ્દપગે એની પાછળ જઈ પોતાનો હાથ લંબાવી પેલું ફળ તોડી એણે એ કિશોરીના હાથમા મૂક્યુ

કિશોરીએ ચમકીને જોયુ તો એક સુંદર યુવાન એની સામે ઊભો ઊભો હસતો હતો યુવાનની વેશ ભૂષા જોઈ કદાચ એ_એને ઓળખી યે ગઈ, છતા એ કંઈ ન બોલી ઊલટાની પોતાની ધનુષ જેવી ભમ્મર અણગમો દર્શાવતી હોય તે રીતે તાણી થોડી વાર એ એની તરફ જોઈ જ રહી ને પછી એણે પેલું ફળ યુવાનને છુટ્ટુ માર્યું

ઔરંગઝેબ સ્તબ્ધ બન્યો સમ્રાટ શાહજહાંના વિશ્વવિજયી પુત્ર સામે આવી ધૃષ્ટતા બીજા કોઈએ બતાવી હોત તો કોણ જાણે શુંનું શું યે થઈ જાત! પણ અહીં એણે કંઈ ન કરતા માત્ર એ કિશોરીની ઓઢણીનો એક છેડો પકડી પૂછ્યુ—'શા માટે એ ફળ તમે ફેંકી દીધું?"

કિશોરી અજબ રીતે ભમ્મર ખેંચીને બોલી, 'તમે શા માટે એ તોડી દીધું ? હું મારી મેળે જ એ તોડી લેત. તમારું દીધું એ ફૂલ મારે ન ખપે."

એનો–એ સાદ એવો તો મીઠો હતો કે એનાં તિરસ્કારના સાદે પણ ઔરંગઝેબ મુગ્ધ બની ગયો. છતાં પોતાના અવાજમાં માંડ માંડ ગુસ્સો આણતાં એણે કહ્યું, "જાણે છે હું કોણ છું ? હું—હું ઔરંગઝેબ છું."

કિશોરીનું મો હવે રાતું બન્યું. જાણે એણે પોતાને આફતમાં જોઈ, છતાં એક વાર કટાક્ષપૂર્ણ નેત્રે ઔરંગઝેબ તરફ જોઈ, ઝટકો મારી ઓઢણી ઉડાવતી, પાલવ સરખો કરતી કરતી એ આસાદમાં ભાગી ગઈ.

ઔરંગઝેબને થયું, જાણે હમણાં જ એની સામે સપ્તરંગી એક અતીવ સુંદર દૃશ્ય ભજવાઈ ગયું. એ સપ્તરંગી સૌન્દર્યવતી દૂર હવે નથી, પણ એ રંગની માયા એની આંખમાં રહી ગઈ છે, એ નીલપરીના મધુકંઠની સુરાવલ હજુ યે જાણે આ પુષ્પિતવાટિકાના વૃક્ષેવૃક્ષ ને શાખાએ શાખામાં ગૂંજી રહી છે.

રૂપ–નશાએ ઘેરાતો ઘેરાતો એ પ્રાસાદમાં પાછો ફર્યો.

સમ્રાટ શાહજહાંનો પુત્ર ઔરંગઝેબ આ પહેલાં અનેક સુંદર સુંદર સ્ત્રીઓનાં સંસર્ગમાં આવ્યો હતો. પરંતુ તેમાની કોઈ એનાં અંતરના ઊંડાણમાં અંકિત થઈ શકી નહોતી. શરદની આછી વાદળી–વર્ષાની જેમ એનાં હૃદયાકાશમાં એ બધી આવેલી ને પાછી વહી ગયેલી. પરંતુ આ કિશોરીના રૂપ પર એ મુગ્ધ બન્યો હતો. એને થયું જાણે સહસ્ર કવિઓની કલ્પના એનાં–એ કિશોરીનાં અંગેઅંગમાં–રેખાએ રેખામાં એકીસાથે આવિર્ભૂત થઈ ઊઠી છે. યુગ–યુગાન્તર થયાં પુરુષ જેના વિરહમાં માત્ર ઊંડા ઊંડા નિસાસા મૂકી રહ્યો છે–એ કલ્પલતાને કોઈ જાણે સ્વપ્ન–લોકમાંથી અહીં મૃત્યુલોકમાં ખેંચી લાવ્યું છે. એ જુવાન હતો. એનું લોહી ધમધમી ઊઠ્યું. વધુ વખત એ શાન્ત બેસી રહી ન શક્યો.

કુશળ ખબર પૂછયા બાદ એણે માસીને પૂછયું કે, 'હમણાં જ મેં જે છોકરીને આપણા બગીચામાં જોઈ એ કોણ છે ?'

છોકરીનું થોડુંક વર્ણન જાણી માસીએ કહ્યું કે, "એ તમારા માસાની બાંદીની પુત્રી હીરા છે."

"હું એનાં રૂપ પર મુગ્ધ થયો છું. મારે એ છોકરી જોઈએ છે," ઔરંગઝેબે કહ્યું.

માસીનું મોં સૂકું બની ગયું. આ શાહજાદાના હાથમાંથી કોઇ કદીયે છટકી શકતું નહિ તે એ જાણતી, અને એનો ખાવિંદ મીર ખલીલ પણ સારો માણસ ન હતો ઔરંગઝેબને એ સારી નજરે ન જોતો, તેથી એણે ઔરંગઝેબને એ છોકરી વિષે વધુ પૂછપરછ કરવા ના પાડી.

માસીને વધુ કંઈજ પૂછયા કર્યા વિના એ પોતાની શિબિરમાં પાછો તો ફર્યો, છતાં એનું મન તો પેલી કિશોરીની પાછળ જ હતું. રૂપવતી સ્ત્રીઓનો એને અભાવ નહતો, તેમ જ બાંદીઓની પણ એને ખોટ ન હતી, છતાં હીરાને જોયા પછી એને લાગ્યું કે એ બધીનું કંઈ મૂલ્ય જ નથી, એ તમામનો, અંતરનો યનગનતો પ્રાણ એનાં અંતઃપુરમાં પ્રવેશતાંની સાથોસાથ જ જાણે ઉડી ગયો છે. લાકડાની પૂતળીઓને શણગારીને પોતે જાણે મનને થાપ આપવાનો વૃથા પ્રયત્ન જ કરતો હતો. સામ્રાજ્યવિસ્તારના જે સ્વપ્નો, વિજયગર્વનાં જે સ્વપ્નો એને પિતા તરફથી 'વિશ્વ-વિજયી'નું બિરુદ અપાવ્યું હતું, એ સ્વપ્ન પણ આજે એને અર્થવિહોણું લાગ્યું. એક અદના એવી બાંદી-પુત્રીના અભાવે જગત આખું આજે એને રસ–રંગ–રૂપ વિહોણું–સૂકુંલટ્ટ લાગવા માંડયું.

કેમે કર્યાં શાંત ન બની શકતાં એણે મંત્રી શાયસ્તખાંને બોલાવી પેટછૂટી વાત કરી.

શાયસ્તખાંએ સલાહ આપી કે ખાસ જરૂરી કામના બહાને મીર ખલીલને દૂર દેશાવર મોકલી હીરાબાઈને પકડી પોતાના અંતઃપુરમાં બંદી બનાવવી.

આ સલાહ સાંભળી ઔરંગઝેબના આનંદનો પાર ન રહ્યો. શાયસ્તખાંની સલાહ મુજબ એણે તુરત જ ખાસ કામ કાઢી મીર ખલીલને દૂર દેશાવર મોકલ્યો.

મીર ખલીલ પાછો આવ્યો ત્યારે તેણે બધી વાત જાણી. પરંતુ પ્રગટપણે ઔરંગઝેબની શત્રુતા વહોરી લેવાની હિંમત એનામાં નહોતી. એથી બારેલા

અગ્નિની જેમ ક્રોધથી એ અંદરોઅંદર બળી મરવા લાગ્યો.

આ બાજુ હીરાબાઈનું હૃદય જીતવા, એનો પ્રેમ પ્રાપ્ત કરવા ઔરંગઝેબ પાગલ બન્યો હતો. જીવનમાં પહેલી જ વાર આ વખતે એનામાં સ્ત્રીહૃદયને જીતવાની ઇચ્છા જાગી હતી. આજ સુધી કદીયે એણે કોઈ સ્ત્રી પાસે પ્રેમ-યાચના નહોતી કરી. પણ હીરાબાઈને જોતાં જ ન જાણે શાને એની ચાહના આટલી પ્રબળ થઈ ગઈ હતી. જ્યારે એથી ઊલટું હીરાબાઈ જાણે પાષાણી પ્રતિમા બની હતી. કેટ-કેટલીયે સ્ત્રીઓ જ્યારે ઔરંગઝેબના એક પ્રસન્ન સ્મિત માટે પોતાનું સર્વસ્વ એના પર વારી જવા તૈયાર હતી, ત્યારે આ તરુણી બાંદી-પુત્રીનું મન જાણે કંઈક જુદું જ ઇચ્છતું હતું; એ કોઈ પણ રીતે સમ્રાટપુત્ર દ્વારા પકડાવા ઇચ્છતી નહિ.

બગીચાનાં સારામાં સારાં ફળ હીરાબાઈને ત્યાં જતાં મણિ-મુક્તાની પેટીમાંથી સહુથી મૂલ્યવાન રત્નો-અલંકારો તેને ત્યાં પહોંચાડવામાં આવતા. એક નારીહૃદયને જીતવા ઔરંગઝેબ શક્ય એટલું બધુંયે કરી ચૂક્યો હતો, છતાં એ હૃદય જીતવું એને માટે દુઃસાધ્ય જ રહ્યું.

અંત:પુરવાસી અન્ય સ્ત્રીઓ આ એક છોતાં જેવડી છોકરીની આટલી હિંમત જોઈ અવાક બની જતી. ઔરંગઝેબ પણ ક્યારેક ક્યારેક રોષિત બનીને કહેતો કે, "જાણે છે, હું ધારું તો હમણાં જ તને જીવતી ને જીવતી કૂતરાને મોંએ નખાવી શકું એમ છું."

ને ત્યારે હીરાબાઈ એકીટશે એની સામે જોઈ રહી કહેતી કે–"જાણું છું, મારો આ દેહ તમારા બાહુબળની શક્તિનો સ્વીકાર કરવા બંધાયેલો છે એ જાણું છું, જનાબ! પણ મનને તો બાહુબળથી નથી જીતી શકાતું ને? એ તો ભિક્ષા આપવાની ચીજ છે."

ને ત્યારે ઔરંગઝેબ નિષ્ફળ કામનાના અસહ્ય દાહે ઉદાસ-જડ બની જતો.

આખરે એક દિવસ એણે હાથ જોડીને કહ્યું, "હીરા, હું તને સાચેસાચું ચાહું છું. તું શું કોઈ પણ રીતે મારો વિશ્વાસ નહિ કરે?"

"આ પહેલાં બીજી કેટલી હતભાગિનીઓને બરાબર આ જ બોલ બોલીને ભોળવી છે સમ્રાટ?" હીરાબાઈએ પૂછ્યું.

"આ પહેલાં? ના, ના, કોઈ એકાદીને યે નહિ. સાચું માનજે હીરા, જીવનમાં બીજી કોઈને યે મેં કદી ચાહી નથી. મારા ચરણોમાં પોતાનું રૂપ-યૌવન વિસર્જન કરીને અનેક જીવતરને ધન્ય માન્યું છે, પણ મેં એ કોઈને કદીયે ચાહી નથી."

"તો ખ્યાલ રાખજો સમ્રાટ, કે જે અનેક એ રીતે પોતાનું રૂપ-યૌવન તમારે ચરણે ધરીને-તમારી કામાગ્નિનું ઈંધન બની છે, તેઓમાંની એક હું નથી."

"એ જાણું છું, ને એથી જ આ ઔરંગઝેબ આજે ભિખારી બની તારી પાસે હાથ લંબાવી ઊભો છે. જીવનમાં જે કદીયે નથી કર્યું તે આજે કરું છું ને તે ફક્ત તારે ખાતર જ. હીરા, વિશ્વાસ રાખજે કે હું તને મારા સમસ્ત અંતરથી પ્રાણપણે ચાહું છું. જો તારા હૃદયમાં સ્થાન નહિ મળે તો મારું જીવતર નકામું થશે."

"રાજા મહારાજાઓનો પ્રેમ માત્ર મોહનો જ હોય છે. મધમાખી જેમ ફૂલે ફૂલે મધ ચૂસતી ફરતી ફરે છે, તેમ તેઓ એક પછી એક-સ્ત્રીઓને ભોગવતા ફરે છે. તેઓ વિશ્વાસઘાતી હોય છે. ખાસ કરીને તમારા જેવા કઠોર હૃદયીને સ્ત્રીના કોમળ હૃદયનું કંઈ મૂલ્ય નથી."

હીરાબાઈનો એક હાથ પકડી વ્યાકુળ બની એ બોલી ઊઠ્યો, "હીરા, પાષાણી પર્વત પર શું નિર્ઝરણીને સ્થાન નથી? મરુભૂમિ શું કદીયે વર્ષાનું સ્વપ્ન ન જોઈ શકે? એક વાર જરા સરખી રીતે મારા તરફ જો. મારો અવિશ્વાસ ન કર, હું તને ચાહું છું; સાચું કહું છું કે હું તારા માટે બધું જ વિસર્જન કરી શકીશ,—રાજ્ય, અર્થ, સિંહાસનની આશા, મને કહીશ તે—મારો પ્રાણ પણ."

એનાં મોં પર તરત હાથ મૂકી, હીરાબાઈ બોલી, "રહેવા દો રહેવા દો બહુ મોટી વાતો કરીને નાહકના સત્યભ્રષ્ટ ન બનતા."

"વિશ્વાસ નથી આવતો? તું મારી કસોટી કરી શકે છે." ઔરંગઝેબ બોલ્યો.

વિદ્યુતરેખા શું જરાક હસીને તુરત જ અંદર જઈ એક પાત્રમાં સુરા લાવી ઔરંગઝેબના મોં પાસે ધરીને બોલી–"લો, પી જાવ શાહજાદા !"

"કેવું સત્યાનાશ ? આ શું સુરા ?"

પળવારમાં ઔરંગઝેબનું મોં પડી ગયું. જે સુરાને એ નાનપણથી જ ધિક્કારતો આવ્યો છે, જેને માત્ર કુરાન કે ધર્મની મનાઈને કારણે જ નહિ, પણ એ ચીજ માનવીને અમાનવી બનાવી મૂકે છે. એવી સમજણથી જે અંતરથી ધિક્કારતો આવ્યો છે, એ સુરાનું પાન કરવું પડશે ?

એની વિહ્વળ દૃષ્ટિ તરફ થોડી વાર જોઈ રહીને હીરાબાઈએ કહ્યું, "આ હું જાણતી હતી શાહજાદા !"

ને પછી સુરા-પાત્રને આઘું મૂકી એ બોલી, "તમારા પ્રેમની કિંમત હવે તો તમે સમજી શક્યા ને ?"

"પણ આ તો મેં ખુદાના શપથ લઈ છોડી દીધેલ છે હીરા ! કઈ રીતે હું એ ચીજનો સ્પર્શ કરું ! અને એને માટે તો પવિત્ર કુરાનમાં પણ મનાઈ ફરમાવાઈ છે."

નિષ્ઠુર વિજયગર્વથી દમામભર્યા સાદે હીરાબાઈ બોલી. "હું ક્યાં તમને એ માટે ફરજ પાડું છું ? તમારે એની શી જરૂર છે ? હું હમણા જ એ ફેંકી દઉં છું—"

એ જ પળે ઓચિંતી કોણ જાણે શાથી હીરાબાઈની ઓઢણી નીચે સરી ગઈ. બીજી જ પળે એણે એ સંભાળીને શરીરે વીંટાળી તો લીધી, પણ એ એક પળમાં જાણે સહસ્ર દીવાઓનો પ્રકાશ એના ઉઘાડા બેઉ હાથ અને ખભા પર ઝળહળી ઊઠ્યો. એ રૂપ, અને એ અસાધારણ લાવણ્યને જોતાં ઔરંગઝેબ જાણે ભાન ભૂલ્યો, તુરત જ હીરાબાઈના બેઉ હાથ જોરથી ઝાલી એ બોલ્યો, "હીરા, મારી સ્થિતિ જોઈ મારા પર રહેમ કર. તું જે કંઈ માગીશ એ બધું આપીશ. માત્ર આ એક આદેશ પાછો ખેંચી લે."

લાલ કમળના જેવી જીભને સહેજ કચરતાં હીરાબાઈ બોલી: "શું કહ્યું જનાબ ! તમને આદેશ, અને એ પણ મારો ? ના, એટલું બધું ગજું મારું નથી. યાદ કરો, કસોટી કરી જોવાની વાત આપે જ કરી હતી."

ત્યારે સમ્રાટ પુત્રના માથામાં આગ જલતી હતી. આ હીરાબાઈના રૂપવહ્નિમાં એણે ઝંપલાવવું જ પડશે. એનાં હૃદયમાં એનું જુવાનીનું રાતું રુધિર ત્યારે ધમધમી ઊઠ્યું હતું. બીજી પણ થોડીક પળો એ સ્વપ્નલોકવાસિની શી આ કિશોરી પ્રત્યે વિહ્વળ દૃષ્ટિએ જોઈ રહ્યો, ને પછી એણે પોતે જ ઊઠીને પેલું—લાલ–સુરારૂપી સાક્ષાત સર્વનાશનું પાત્ર મોં તરફ ઊંચું ધર્યું.

સહસા, હીરાબાઈની બેઉ આંખો હીરાશી ચમકી, સળગી ઊઠી. એની જીતનો ગર્વ, પ્રેમનો ગર્વ આખરે શું સાર્થક થયો ?

જે સત્યવક્તા પુરુષે કદી યે સુરાનો સ્પર્શ સુદ્ધાં યે નહિ કરું એવી પ્રતિજ્ઞા કરેલી, એના જ હોઠની તદ્દન નજીક આવ્યું હતું એ સુરાપાત્ર. ઔરંગઝેબે એક વાર આંખો મીંચી, પરંતુ બંધ આંખોના અંધકારમાં સહસ્ર વિદ્યુતશિખાશી જલી ઊઠી એક કિશોરીની મૂર્તિ. હવે એ સ્થિર રહી ન શક્યો. પૂરેપૂરી તાકાત વાપરી એણે એ સુરા–પાત્રને હજુ યે જરા વધુ નજીક લીધું.

પરંતુ એ પાત્ર એના હોઠને અડે તે પહેલાં જ હીરાબાઈનું વિદ્યુતની ઝડપે એનાં હાથ પર ઝાટકો, ને પેલું સુરાપાત્ર એણે દૂર ફગાવી દીધું.

ઔરંગઝેબે ચમકીને જોયું, તો હીરાબાઈ ઘૂંટણિયાભર એની સામે બેસી એનું અભિવાદન કરતી હતી. હવે એની આંખમાં પેલી અસહ્ય જ્વાળા નહોતી. કાળી ભ્રમર, જેવી એની બેઉ આંખો ત્યારે સ્નેહથી સ્નિગ્ધ થઈ ઊઠી હતી.

"આ શું હીરા ?" ઔરંગઝેબે પૂછ્યું.

નીચું જોઈ જઈ હીરાબાઈ બોલી: "હું પરાજય પામી છું, શાહજાદા !"

અને એ પાતળી દેહલતાને પોતાના હૈયાસરસી ચાંપતા ઔરંગઝેબ બોલ્યો: "ત્યારે હવે તો પકડાઈ ગઈ ને !"

પ્રથમ પ્રણયના આવેશમાં ત્યારે હીરાબાઈની આંખો મીંચાઈ ગઈ. ઔરંગઝેબના હૈયા ઉપર માથું ઢાળી ધીમે સાદે એ બોલી: "હું તમારી જ બાંદી છું, શાહજાદા !" *

---

*માસિર–ઉલ–ઉમા અનુસાર આ મિલન પછી થોડા સમયમાં જ હીરાબાઈનું અવસાન થયેલું. ઔરંગઝેબે અઢળક ખર્ચે એનું સમાધિ–મંદિર તૈયાર કરાવેલું. ઇતિહાસકારો કહે છે કે ઔરંગઝેબના જીવનમાં આ એક જ પ્રણયકથા જાણવા મળે છે.

જીવનની કેળવણી

રવિશંકર મહારાજ

એક દિવસ વસો નજીકના ગામે ગયો હતો. ત્યાંથી મોટર–ખટારામાં નડિયાદ જવાનું થયું. સવારે હું ગયો ત્યારે ખટારો ભરાઈ ગયો હતો. મેં મારી જગ્યા એમાં લીધી

અંદર બેઠો. મારી આજુબાજુમાં કેટલાક મોટા વાળવાળા, પહોળા લેંઘાવાળા, સ્વચ્છ અને અક્કડ કપડાં પહેરેલા જુવાનીઆ બેઠા હતા. પાટીદારના સારા ગણાતા ઘરની સ્ત્રીઓ પણ હતી

મોટર ચાલી ગામડાંના તૂટેલા રસ્તા ઉપર આંચકા ખાતી જતી હતી એક બીજાને અથડાતા હતા આવી સ્થિતિમાંય બીડીની તલપવાળા બીડી કેમ છોડી શકે? એક ખેડુ ભાઈએ બીડી કાઢી દીવાસળીની એક સળી ચેતવી. એ ઓલવાઈ ગઈ બીજી સળગાવી એ તૂટી ગઈ.– ત્રીજી ને ચોથી કાઢી હવામાં એ પણ ઓલવાઈ ગઈ અથડાઅથડીમાં દીવાસળી બિચારી શું કરે! આમ થોડીક દીવાસળી બગાડી ત્યારે બીડી માંડ સળગી.

આ સામાન્ય ખેડૂત જેવા માણસમાંથી પણ આ કરકસરની ટેવ કેમ ગઈ હશે તે મને સમજાયું નહિ એને કાંઈ વિચાર નહિ આવ્યો હોય? આટલી દીવાસળીઓ બગડતી જોઈને હું અકળાયો

મેં એ ભાઈને કહ્યુ, 'આ મોટર ચાલે છે એટલી વાર થોભી જાવ તો? હમણાં આ ઊભી રહેશે. દીવાસળીના ભાવ હમણાં તો ત્રણગણા થઈ ગયા છે અને એટલા પૈસા ખરચતાં પણ દેખાતી નથી આટલા પવનમાં બીડીનો તણખો ઊડીને પડે તો કોઈનું કપડું બાળી મૂકે. એમાં તમને શો ફાયદો?'

આમ હું મારા મનનો ઊભરો કાઢતો હતો ત્યાં સામે બેઠેલી, સુખી જણાતી આધેડ બાઈ બોલી ઊઠી:

'આ ડોસો તો ખરો છે આ બાપડાએ બે દીવાસળી બાળી, એમાં તો જાણે કેટલુંય કહી નાખ્યું? કોકને આટલું કહે છે તો ઘેર કેટલું કહેતો હશે? બેરીને ઠરીને ખાવાય નહિ દેતો હોય મારે ઘેર પણ આવો ડોસો છે. તે પૂરું શાંતિથી ખાવાય દેતો નથી હું તો તેમને ખવડાવીને બહાર મોકલી દઉં છું પછી અમે નિરાંતે ખાવા બેસીએ છીએ એ હોય તો ટકટક કરે ને!'

'મારે ઘેર તો બધાય છે, પણ તમારે ઘેર છોકરો છે?'

'હા,' બાઇ બોલી

'એને પરણાવ્યો છે? ઘેર વહુ છે? આજે તમે ઘરમાંથી ડોસાને બહાર કાઢો છો પણ તમે ઘરડા થશો ત્યારે તમારા છોકરા કે છોકરાની વહુ તમને ઘર બહાર નહિ કાઢે?'

"હા, પણ વહુને ચૂલા સુધી પેસવા દઉં તો ને!"

"તમે ના કહેશો તોય પેસશે અને ત્યારે તમારી સ્થિતિ એવી જ થશે"

આ બધી વાત તો હું કરતો હતો પણ મારા મનમાં વિચારો આવતા હતા: આ બાઈના દિલમાં આવા ભાવ કેમ થતા હશે! સ્ત્રીઓ તો કરકસરની અને પ્રેમની મૂર્તિ કહેવાય છે. તે તો ઘરનું રક્ષણ કરે. ઘરમાં જરાય બગાડ થવા ન દે, અને થાય તો સહન ન કરે. એટલે તો કહેવત પડેલી છે કે 'બાપના રાજમાં ન સમાય તે માના રેંટિયામાં સમાય.'

એ જો રજેરજની દરકાર ન રાખે તો ઘરમાં સમાય કેમ ?

આ વિચાર કરતાં મારી પડખે બેઠેલા ફક્કડ જુવાનીઆઓને જોઈ થયું કે આ બધાનું મૂળ આપણો ખોટો ઉછેર છે. જીવનની કેળવણી તરફ આપણે જે બેદરકારી સેવી છે તેનું આ પરિણામ છે. આજે તો પાઈ પાઈની ફિકર કરનાર કરકસરિયો કંજૂસમાં ખપે છે, અને બેપરવાઈથી પૈસા બગાડનાર ઉદારમાં ખપે છે. આજે તો કોલેજમાં ગરીબ વિદ્યાર્થીઓને તાલેવંતની નકલ કરવી પડે છે, નહિતર એ ગામડીઆ અને બોટમ ગણાય છે. આનું પરિણામ સમાજના નીચલા થર સુધી આવ્યું છે

જીવનનો આ ઉછેર અને કેળવણી આપણે બદલ્યે જ છૂટકો. એ ક્યારે કરીશું ? આજથી જ એની શરૂઆત નહિ કરીએ તો કદાચ આપણો નાશ થશે.

વર્ષે સોળવાર

હિંદુસ્તાનની મિલોમાં દર વર્ષે ૪ અબજ ૮૦ કરોડ વાર કાપડ પેદા થાય છે. તે ઉપરાંત બીજું બે અબજ વાર કાપડ હાથશાળો ઉપર તૈયાર થાય છે. આ રીતે કેટલાયે વર્ષોથી સરેરાશ હિંદી જનને ફાળે વર્ષે ૧૬ વાર સુતરાઉ કાપડ આવે છે

સિનેમાવાદ

દેશ	વસ્તી	સિનેમા
યુનાઇટેડ સ્ટેટસ	૧૩ કરોડ	૨૦૦૦૦
રશિયા	૧૭ કરોડ	૯૯૦૦
જર્મની	૪ કરોડ	૫૧૦૦
ફ્રાંસ	૪ કરોડ	૪૦૦૦
સ્પેઇન	૨॥ કરોડ	૩૨૦૦
ઝેકોસ્લોવેકીઆ	૧॥ કરોડ	૨૦૦૦
હિંદુસ્તાન	૪૦ કરોડ	૧૫૦૦

૧૯૪૪–૪૫ના વર્ષ દરમિયાન હિંદુસ્તાનમા સિનેમા જોનારાઓએ ૧૧ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો. તેમાથી પોણો કરોડ રૂપિયા પરદેશી ફિલ્મોના વિક્રેતાઓને ફાળે ગયા હતા

વધુ ઝેર પીઓ !

૧૯૨૮–૨૯ દરમિયાન હિંદુસ્તાનમાં ૪ કરોડ ૮૮ લાખ રતલ ચા વપરાઈ હતી, ૧૯૪૫–૪૬ દરમિયાન ૧૩ કરોડ રતલ વપરાઈ છે.

આ તો દેશની વસ્તીના માથા દીઠ બાર મહિને સરેરાશ પોણો રતલ જેટલું જ ઝેર થયું હોઇને ચાના બગીચાવાળાઓએ ચાનું વેચાણ વધારવા માટે જંગી પ્રચારકાર્ય શરૂ કર્યું છે.

માનવતાની ગોખે

નરોત્તમ રતનશી ચાવડા

'લૂંટો, દેખો યે ધીરેન મજુમદાર કા ઘર હૈ'

કોમી હુલ્લડના એક તોફાની ટોળાંના મુખીએ ઉશ્કેરણી આપી. અને ટોળું જબરદસ્તીથી એક પ્રખ્યાત ગલી પર આવેલ આલિશાન મકાનનાં બારણાં તોડી અંદર જવા આગળ ધસ્યું.

'દૂર હટો, નહી તો બેકાર જાન ગવાઓગે,' એમ કહી ધીરેથી મજુમદારે બીજા ઝરૂખામાંથી બે ગોળીઓ ટોળા ઉપર તાકી. ટોળું જેમ એક માણસ મર્યા તેમ વધારે ઉશ્કેરાયું. જોરજોરથી કિકિયારીઓ પાડી ધાવો બોલવા માંડયો. બારણું તૂટું તૂટું થઈ રહ્યું હતું, અને ટોળું હમણાં કે અબઘડી ઘરમાં પ્રવેશસે એમ લાગતું હતું, ધીરેન મજુમદાર પણ કોઈ ઉપાય ન જડતાં એક એક ગોળીઓ ચડાવતો ગયો અને છોડતો ગયો. બારણાંની બહાર ઘાયલોની સંખ્યા ધીરે ધીરે વધતી ચાલી, અને બારણું ઘડીભર ને માટે જેવું હતું તેવું જ મૂકી ટોળું હતાશ થઇ વિખરાઈ જવાની તૈયારી કરતું હતું.

ટોળાંની અનિશ્ચિત સ્થિતિ જોઈ ધીરેન મજુમદાર પણ જોશમા આવી ગયો, અને ટોળાને વિખરાઈ જવા જોર જોરથી બૂમો પાડવા માંડયો, અને સાથોસાથ ડરાવવા પણ લાગ્યો કે જો ટોળું નહિં વિખરાય તો તેને હજી વધારે ગોળીઓ છોડવાની ફરજ પડશે. ધીરેન મજુમદાર બીજે ઝરૂખેથી કયારેક નમ્રસ્વરે ટોળાંને વિખરાઇ જવા વિનંતિ પણ કરતો અને બીજા બેચાર શબ્દો કહી સમજાવવા પ્રયત્ન કરતો હતો.

મોટું જોર હતું પણ હાથ ઢીલા પડી ગયા હતા. મન અંદર ઢચુપચુ થઈ રહ્યું હતું. તેની લાખોની સંપત્તિ ઘડી ભરે માટે લૂંટાવાની અણી પર હોય તેમ લાગ્યું. તેનાં આવેલાં મહેમાન અને ૩૦ માણસોનું જબરું કુટુંબ, બારી પાછળથી મજુમદારનાં મોઢા તરફ તાકીને એક હાથમાં શ્વાસ લઇને ઊભું હતું. બધાંનાં મોઢાં કાળાં પડી ગયાં હતાં. હવે શું કરવું અને ટોળાંના હુમલાથી કયાં છુપાવું, તેની તૈયારી કરી રહ્યા હતા.

મજુમદારની બંદૂકમાં હવે એક જ ગોળી રહી હતી. અને ટોળું વિખરાઈ જવા તૈયારી કરતું હતું. પણ પહેલા મજલાથી નોકરચાકર જે ગુસપુસ કરતા હતા, અને વાતો કરતા હતા તે નીચે બેઠેલ ડ્રાઈવર મહમદને ખબર પડી.

મહમદ આજ ૨૦ વર્ષનો મજુમદારનો જૂનો ડ્રાઈવર હતો. મજુમદાર તેને વફાદાર ગણતા અને વિશ્વાસ પણ કરતા. પણ આજે કોણ જાણે તેને શું સૂઝયું કે તેનું શરીર આલીશાન મકાન બહાર બારીમાંથી ૨૦ મુડદાં ગોળીથી પડેલ જોઈ તપી ગયું હતું, ખૂન ગરમ થઈ ગયું હતું, અને નિમકહરામી કરવા તલપી રહ્યું હતું. ૨૦ મુડદાંનાં ઢગલામાં કંઇક મુસલમાન ગુંડાઓ પણ હતા. અને અંતે મહમદ પોતાની નીચતા બતાવીને જ રહ્યો. તેણે બારીમાંથી ટોળાંને ઇશારો કરી દીધો કે હવે બંદૂકમાં ગોળી નથી, ધસારો કરો.

ધીરેન મજુમદારની છેલ્લી ગોળી ટોળા ઉપર છૂટી અને તેને ઝરૂખા પરથી ભાગી જવું પડયું. ટોળું બારણું તોડી ઘરમાં પ્રવેશવા માંડયું. નોકરચાકર તો કયારના છુપાઇ ગયા હતા. તેથી ટોળું સીધું મજુમદારનાં કુટુંબ પર ત્રાટકયું અને લૂંટમાં મશગૂલ બની ગયું. જેનાથી બન્યું તે છુપાઈ જવા મંડયા, અને જે હાથ આવ્યા તેના પર અત્યાચાર શરૂ થયો.

પણ એટલું સારું થયું જે મજુમદારે લાલ થાણા પર કરેલ ટેલીફોનથી પોલીસની મદદ આવી પહોંચી હતી, અને ટોળાના બદમાશ માણસો માલ લૂંટી ભાગી જાય તે પહેલાં માલ બરબાદ થયો હતો અને મજુમદારનું કુટુંબ ભિખારી બનતાં બચી ગયું હતું. આલિશાન મકાનને ફરી એક વાર બીજા મકાનોની હરોળમાં ગાજતાવાજતા ઊભવાની તક મળી હતી.

આ બધું ધીરેન મજુમદારના દીકરા દિલીપ મજુમદારે નહાવાના રૂમમાંથી આજ વર્ષો પહેલાં છુપાઈને જોયું હતું.

પણ મજમુદાર પોતે જીવતા હતા ત્યાં સુધી તેમણે આ કિસ્સો બન્યા બાદ પોતાનું વલણ બદલી

નાખ્યું હતું. પોતાનાં ગામમાં મુસલમાન નોકરોને દિવસોદિવસ વિદાય દેવા માંડી હતી. કલકત્તાનાં ઘરમાથી પણ ડ્રાઈવરો અને બીજા મુસલમાન નોકરોને છુટી દેવા માંડી અને હિન્દુ નોકરોની ભરતી થવા માંડી. તે મરણ પામ્યા ત્યાં સુધી એ જ તેમના મનમાં થઈ ગયું હતું કે મુસલમાન નોકરોથી ક્યારેક દગો થાય છે. અને આ વાત તેમણે તેમના કુટુંબનાં દરેકની નસેનસમાં ઉતારી દીધી હતી.

મહમદ ડ્રાઈવરને છુટી દીધા બાદ પણ તેનો દીકરો યુસુફ અને દિલીપ મજુમદાર બંને સાથી હતા તે કદી છુટી શકયા નહિ. દિલીપ મજુમદાર કોલેજમાં ભણતો ત્યારે પણ યુસુફ રોજ એકાદબે વાર મજુમદારને ઘેર આવી જતો, અને કલાકો સુધી વાતો કરતા ઉપલા માળા ઉપર બેસતા અને સિનેમા વગેરે પણ સાથે જ જોવા જતા. દિલીપ મજુમદારને ભણવા ક્યાંય કલકત્તાથી બહાર જવાનું હતું જ નહિ, તેથી આ દોસ્તીમાં ખલેલ પડવાને બદલે દિવસો-દિવસ વધવા માંડી હતી.

આ વાત પિતા ધીરેન મજુમદારને પસંદ ન હતી. તેમ જ તેમની સ્ત્રીને પણ. તે તેના દીકરાને ક્યારેક સમજાવતી અને કહેતીઃ 'બેટા, તું માનતો નથી પણ કોઈક દિવસ અમને સંભારીશ.'

પિતાની હયાતીમાં દિલીપ મજુમદાર પરણ્યો અને તેની સ્ત્રી અરુણાદેવી આવતા પહેલા તેમના પિતા મરણ પામ્યા હતા. દિલીપ મજુમદાર ઘરનો માલિક બન્યો હતો. હવે તેની આ ઘરની બધી બાબતોમાં માથું મારતી, પણ દિલીપનાં બહારનાં જીવનમાં ડોકિયાં કરતી નહિ. તેની માને સંતોષ હતો કે તેના પતિ ગયા બાદ બહારનો કારભાર સારી રીતે ચાલી રહ્યો છે. પણ તેને એક વાત ખૂંચતી કે તેમને ત્યાં આવતો યુસુફ તેમના ઘરમાં દિવસોદિવસ પતિના ગયા બાદ ઘરનાં માણસ જેવો બની જવા લાગ્યો છે. તે વહુ અરુણાદેવીને દિલીપકુમારને સમજાવવા કહેતી અને અરુણાદેવી પ્રસંગ પડતાં દિલીપ સામે એ જ વાત ઉચ્ચારતી.

સાંજનો ટાઈમ હતો, માળાની ઉપર છત પર ઢાકા જિલ્લાથી આવેલ સગાંસંબંધી સાથે ખાવાનું હતું. યુસુફ ખાણાની બધી તૈયારી કરતો હતો. દિલીપનો મોટો દીકરો અને નાનો દીકરો તેની પાસે 'દાદા, દાદા' કહીને, તેની આજુબાજુ વિંટાતા હતા. યુસુફ તેને ઘડી ગોદમાં, તો ઘડી બચ્ચીઓથી નવરાવતો કામમાં મશગૂલ હતો. આ ઠીક નથી લાગતું અને આ ઠીક છે, એવા અનેક તર્કવિતર્કો બાદ બધું ઠીકઠાક કર્યું, અને સજાવ્યું. બધા આવ્યા અને બેઠા. અરુણા-દેવી એક પછી એક બધી ચીજો પીરસતી ગઈ. યુસુફ, મજુમદારને પડખે તેના બાળકોને ગોદમાં બેસાડી સગાંસંબંધીમાં કોને 'કાકા' અને કોને 'મામા' કહેવું વગેરે સમજાવતો હતો. બધું તૈયાર થઇ ગયું હતું. ખાવાની શરૂઆત થવી જોઈએ. પણ કોઈ શરૂઆત કરતું ન હતું. દિલીપ કંઈ સમજી શકયો નહિ. બધા ચૂપચાપ બેઠા છે. 'આમ શા માટે થયું' તે દિલીપ સમજે તે પહેલાં અરુણાદેવીએ તેના કાનમાં કંઈક કહ્યું, અને દિલીપનું મોઢું કાળું પડી ગયું. 'પણ એ અને કેમ?' અંતે દિલીપે કહ્યું. થોડી વાર કંઈ પણ બોલી શકયો નહિ.

'યુસુફ દાદા, અરુણાદેવી બીજું નાનું ટેબલ લાવે છે ત્યાં ખાવાનું લેશો તો વાંધો નહિ નાં?' દિલીપ મજુમદારે કહ્યું.

'ના, મને કંઈ વાંધો નથી' યુસુફે કહ્યું. યુસુફ સમજી ગયો કે હું મુસલમાન છું તેથી આ લોકો એક ટેબલ પર મને ખાવા દેવા માગતા નથી. અને દિલીપ મજુમદાર પણ સમજી ગયો કે, આ તો તેનાં સગાંસંબંધીઓની કેવળ ઇર્ષા વૃત્તિ જ છે. તેઓ બીજે ઠેકાણે ક્રિશ્ચિયન, યુરોપિયન, તથા બીજા બધાની સાથે ભોજન લે છે.

'માઠું તો નથી લાગતું ના, યુસુફદાદા?'

'ના દિલીપભાણુ, મને તેવું કંઈ નથી.' યુસુફે જવાબ દીધો.

રાત્રે જ્યારે બધા બેઠા બેઠા વાતોના તડાકા ઉડા-વતા હતા, ત્યારે દિલીપને મુસલમાન દોસ્તને માટે તેની માએ, સ્ત્રીએ, અને સગાંસંબંધીએ ઘણું કહ્યું. દિલીપકુમાર બધાંનું સાંભળતો, હા, હા, કરતો. પણ યુસુફ પર તે અવિશ્વાસ કરી શકતો નહિ. યુસુફ તેને

કોઈક રોજ વિપત્તિમાં લાવી મૂકશે, એવી કલ્પના પણ કરી શકતો નહિ.

તેની સ્ત્રી વારંવાર કોમી વાતોથી ઉશ્કેરાઈ તેના પતિને કહેતીઃ 'અમને એક દિવસ બધાને રખડતા કરવા છે? આ લોકોનો વિશ્વાસ શું? નથી જોતા છો? અને નથી સાંભળતા વાતો શું?' પણ દિલીપને આ વાતોની કંઈ અસર થતી નહિ. દોસ્તી આગળ વધતી ચાલી. યુસુફ બરાબર દિલીપને ત્યાં આવતો. દિલીપનાં બાળકો સાંજસવારે યુસુફને મળતાં અને તેની આતુરતાથી રાહ જોતાં. ઘરની દરેક બાબત યુસુફદાદા આવે ત્યારે કરતા અને તેના વાંસા પર ચઢી બેસી 'દાદા, દાદા' કહી ધૂમ મચાવી દેતા કોઈક રોજ યુસુફ ન આવે તો તેઓ ક્યાંય સુધી બારીઓ ઉપરથી જોતા અને રાહ જોઈ થાકયા બાદ નિરાશ થઈ દીવાનખાનામાં બેઠાં બેઠાં 'આ યુસુફ દાદા આવ્યા' કહીને એક બીજાને છેતરવાની રમત આદરતા. યુસુફને ઘરના નોકરચાકર પણ આવી રીતે દિલીપનાં પ્રિય બની જતાં ચાહતા નહિ. અને વારંવાર મોટી બા અને વહુના કાનમાં ન કહેવાનું કહેતા. ક્યારેક વાતો કરતા, 'બાપે તો ઠોકર ખાધી અને ચેત્યા, પણ આ છોકરાનાં રાજ્યમાં તો બધું ઊંધું છે.'

ક્યારેક યુસુફઅલી આવતો અને દિલીપ સાથે દીવાનખાનામાં કલાકો સુધી વાતો અને ઠઠ્ઠા-મશ્કરી બાદ ઊઠતો. નાસ્તા-પાણી અને ખાવાનું પણ થતું. અને તેના ગયા બાદ દિલીપની બા આરતેથી બોલાવીને કહેતીઃ 'બેટા, તારા બાપાનો રસ્તો તેં મૂક્યો છે, છતાં અતિ સારું નહિ.'

આ વાતાવરણ દિવસોદિવસ ઉગ્ર થતું ચાલ્યું. અરુણાદેવીના કાન ભંભેરાતા, અને તેથી તે પતિનો બહુ જ સામનો કરતી હતી ત્યાં ૧૫ ઑગસ્ટની દંગાની અફવાઓ સંભળાવા મંડી અને ૧૬મીએ ઓચિંતું કોમી હુલ્લડ ફાટી નીકળ્યું.

ગલીઓમાં સામે જ મુસલમાન ગુંડાઓનાં ટોળાનાં ટોળાં દેખાવા લાગ્યાં હતાં. શહેરમાં બધે અંધાધૂંધી વ્યાપી ગઈ હતી. વર્ષોની જૂની મુસલમાન લત્તાની હિન્દુ હોટલો લુંટાવા લાગી હતી. હિંદુ કોલેજીઅનો પ્રત્યે થયેલા અત્યાચારો સાંભળી મન હાથ રહેતાં ન હતાં. આગ અને લૂંટ, મારો અને કાપો, સિવાય બીજું કંઈ દેખાતું ન હતું. દિલીપનું ઘર આખું બેબાકળું બન્યું હતું. ચિંતાતુર નોકરો અને કુટુંબનું શું કરવું તે સૂઝતું ન હતું. ઘર આખામાં શોકની છાયા છવાઈ ગઈ હતી. દિલીપ બધાને સુરક્ષિત સ્થાને પહોંચાડવા માટે ચિંતાતુર હતો.

આજ દીવાનખાનામાં બહારથી દિલીપ આવ્યો ત્યારથી જ તેની સ્ત્રી, છોકરાં, મા અને દરેક નોકરો એકત્રિત થયા હતા. અને શું કરવું તે માટે પોતપોતાના વિચારો કહેતા હતા. ચહેરાઓ પડી ગયા હતા. બાલકો ગમગીન હતા. નોકરો ચિંતાતુર હતા; અને મા, ડોશી 'કાલીમા, જે કરશે તે ઠીક કરશે' કહેતી નાના બાલકને લઈ ઊભી હતી.

ત્યાં યુસુફ આવ્યો અને ઉદાસ ચહેરે દિલીપના પડખે ઊભો રહ્યો. છોકરા પણ પોતાની બાને મૂકી યુસુફ પાસે જઈ ઊભાં. થોડી વાર બધા ચૂપ હતા. યુસુફ શાન્ત બેઠો હતો, પણ અરુણાદેવીને આ શાન્તિ અસહ્ય હતી, તેથી કહ્યું:

'કેમ યુસુફભાઈ, તમારે અમારા ઘરને શું ભીખ માગતું કરવું છે? તમારે શું અમારી કતલ કરાવવી છે! અમને શું આપો નથી કે બહાર કેવા અત્યાચાર થઈ રહ્યાં છે!'

દિલીપે સાંભળ્યું, માત્ર કંઈ બોલ્યો નહિ. યુસુફને આ શબ્દો અસહ્ય હતા, છતાં કંઈ બોલ્યો નહિ. થોડી વાર બધા ચૂપ રહ્યા, અને યુસુફે કહ્યુંઃ

'દીદી, હું તમને કેમ વિશ્વાસ કરાવું કે હું તેમ કરી શકું નહિ.'

'નહીં તમારે અહીં હવેથી આવવું નહિ. હું આ દિલીપકુમાર તરફથી કહું છું કે તમે આ કુટુંબની સહીસલામતી અને વિશ્વાસ માટે અહીં ફરી આવશો નહિ' અરુણાદેવીએ કહ્યું.

'સાચું છે, યુસુફભાઈ, તમારા અહીં આવવાથી અમને બધાને ભય છે, તમારે અહીં ન જ આવવું જોઈએ.' વૃદ્ધ રસોઇયાએ કહ્યું.

યુસુફે દિલીપકુમાર તરફ જોયું. દિલીપકુમાર નીચે

મોઢું ઘાલી બેઠો હતો અને ઊંડા વિચારમાં હતો. છોકરાં યુસુફ પાસે ગમગીન ચહેરે તેના પિતા તરફ જોઈ રહ્યા હતા.

'દિલીપબાબુ હું જાઉં છું, ખુદા તમારું ભલું કરે.' કહી યુસુફ ઊઠયો અને ધીમે પગલે રૂમમાંથી બહાર જવા મંડયો. દિલીપે યુસુફને જતાં જોયો પણ કંઈ બોલવાની હિંમત કરી નહિ, અને થોડી વાર સુધી કોઈ કંઈ બોલ્યું નહિ. યુસુફ બીજા રૂમમાંથી પસાર થતી વખતે રાંગેલી બંદૂક ઉપાડતો ગયો. થોડી વાર પછી દિલીપે ઊંચું મોઢું કરીને જોયું તો છોકરાં બંને બહાર ઝરૂખામાંથી યુસુફને જતાં જોઈ રહ્યા હતાં, અને મોટો દીકરો 'યુસુફ દાદા, સલામ, તમે કેમ ચાલ્યા જાવ છો?' કહેતો સંભળાયો.

જે થવાનું હતું તે કલકત્તામાં આવા એક ઘરના શોકથી કે ચિંતાથી બંધ થવાનું ન હતું. તે બનતું ગયું અને વિકસ્યું. જે આજ અમુક વર્ષો પહેલાં પોતાની હયાતમાં દિલીપકુમારે જે પ્રસંગ એક ઓરડીમાંથી છુપાઈને જોયો હતો તે જ પ્રસંગ ફરીથી ખડો થશે તેમ લાગવા મંડયું. યુસુફ આવી રીતે ગયો તેને માટે ન તો આનન્દ હતો, ન તો શોક. નોકરો લાકડી, બરછી વગેરે ગોતી ગોતીને ઠીક કરવા મંડયા. બૈરીઓ ને માટે પણ છુપાઈ રહેવાનો એક ઓરડો ઠીક થયો. અને દિલીપ મજુમદાર પણ જરૂરત પડે બાપાની બંદૂક ઝરૂખામાંથી......તેમ વિચારતો હતો.

તા. ૧૬ અને ૧૭ની રાતના ન કોઈ સૂતું હતું ન તો કોઈએ પેટભરી ખાધું હતું. કાચઘડિયાં જેમ ટાઈમ જતો હતો તેમ બેવાણું અને દ્રવિત થતાં ચાલ્યાં હતાં. હૃદયનું રોવું, આંસુઓનું પડવું અને શું થશે એ ચિંતા એ જીવનના આત્માને રૂંધી રહ્યો હતો. બારીમાંથી દેખાતા દશ્યો હૃદયને કમ્પાવનારાં હતાં, અફવાઓ વધારે ભયભીત કરતી હતી. દિલીપકુમાર કોઈ લોરી મળી જતાં સહીસલામત જગ્યાએ પહોંચી જવા પ્રયત્ન કરતો હતો. ટેલીફોનવ્યવહાર બંધ હતો. કદાચ યુસુફ કરી શકે પણ તે અત્યારે ત્યાં ન હતો.

તા. ૧૮ના દિવસના બાર વાગે એક ગુંડાઓનું ટોળું આવ્યું અને દરવાજા પર ધક્કાધૂમી કરવા મંડયું, ટોળાના કેટલાક માણસો મકાનનાં પૂર્વ ભાગમાં પેટ્રોલથી આગ લગાડી રહ્યા હતા. કેટલાક નીચેની બે ખડકી ભાંગવામાં પડયા હતા, અને કેટલાક દરવાજાને ઉખાડી પાડવા પ્રયત્ન કરવા મંડયા.

દિલીપ બધાની સાથે ભોજન કરી રહ્યો હતો, ત્યાં નોકરે આવીને ખબર દીધી કે, "બાબુ, ગુંડાઓ હમણાં ઘરમાં ઘુસી આવશે" બધાએ ખાવાનું મૂકી દીધું. બૈરીઓ ક્યાંક છુપાઈ ગઈ, નોકરો તૈયારી કરવા મંડયા, અને દિલીપ બેબાકળો બની પોતાના પિતાની બંદૂક લેવા દોડયો, બંદૂકને ન જોઈ તે ગભરાયો, અને ઝરૂખા આગળ આવી નીચે નજર ફેંકી.

જોયું તો તેના પૂર્વ ભાગમાં આગ જોર પકડી રહી હતી. અને ટોળું બારણું બેરવી અંદર ઘૂસવાની તૈયારીમાં હતું. ત્યાં તેની નજર કુવાડા મારતી વ્યક્તિ પર ગઈ. તે યુસુફ હતો, અને પહેલા માળની ચઢવાની સીડી કાપી નાખતો હતો કે જેથી નીચેથી કોઈ ઉપર ન આવી શકે.

આવી રીતે બચવાનો ઉપાય મળી જતાં નોકરો યુસુફને મદદે આવ્યા અને સીડીને ગુન્ડાઓ ઘૂસે તે પહેલાં ફગવી દીધી હતી. હવે યુસુફ કેવલ ઝરૂખામાં બેઠો ધસી આવતાં ટોળાં ઉપર ગોળા છોડી રહ્યો હતો.

હુલ્લડના ગુંડાઓ ચોકમાં ઘૂસ્યા અને ગોળાઓના શિકાર થવા લાગ્યા. કંઈ ઉપર ચઢવાનો ઉપાય નહતો તેથી પડેલ સીડીમાં આગ લગાવવા પ્રયત્ન કરવા મંડયા.

યુસુફે જોયું કે, જો આગ લાગે તો આખું ઘર ભયમાં છે, તેથી આગ લગાવનાર ન દેખાતાં સંતાઈ રહેલ જગ્યાથી બહાર આવ્યો અને ગોળા ચલાવી આગ લગાવનારને ઉથલાવી પાડયો.

નાના ચોકમાં ગુંડાઓનું કંઈ પણ ન ચાલતાં રોષે ભરાયા હતા. અને યુસુફને ગોળી છોડતો જોઈ તેમના ગુસ્સાનો પાર રહ્યો નહતો. અને યુસુફને "કાફર" કહી ગાળો દેતા હતા, અને હવે યુસુફ પણ ટોળું ન વધે તે ભયમાં ને ભયમાં પોતાના શરીરની પરવા વગર ગોળી છોડયે જતો હતો.

થોડી વાર આમ ચાલ્યા બાદ નાના ચોકમાંથી ગુંડાઓ ગભરાઈને ભાગી ગયા હતા. છેવટે ત્રણ જણા મરણિયા થઈ યુસુફ સામે છૂટા છુરાનો ઘા કરી રહ્યા હતા. આમાં ત્રણ વાર ઘા યુસુફને જોરથી વાગ્યા ને ને યુસુફ ઝરૂખામાં પડી ગયો.

"યુસુફ" ઉપલા ઝરૂખામાંથી યુસુફને પડતો જોઈ દિલીપની ચીસ નીકળી ગઈ.

નીચે આવીને દિલીપે જોયું કે યુસુફ પડી ગયો છે, અને મરણિયા થઈ લડતા બે ગુંડાઓને ગોળી વાગતા પડી ગયા છે, અને એક ભાગી છૂટયો છે. તેના આંગણામાં અને મકાનના પૂર્વ ભાગમાં આગ જોર પકડી રહી છે.

નોકરો યુસુફને ઘરની અંદર લઈ ગયા, અને સારવારમાં લાગી ગયા, ત્યાં મિલિટરીની સહાયતા આવી પહોંચી હતી, અને બંબાવાળાઓ આગ બુઝાવવા લાગી ગયા હતા.

દિલીપકુમાર બધાને આજ સહિસલામત જગ્યાએ તેડી ગયો, અને ત્યાં પોતે અને અરુણાદેવી યુસુફની સેવા કરી રહ્યા છે. અરુણાદેવી તોફાન કરતાં બાલકોને વારંવાર ચૂપ કરી રહી હતી, અને યુસુફ પર પંખો નાખી રહી છે: અરુણાદેવી યુસુફના ચહેરા તરફ અહેશાનની નજરે વારવાર જુએ છે; અને બેઠી છે.

યુસુફ તેમને મદદ કરવાની ચાહનાથી નજદીકની જગ્યામા બે રોજ કંઈ પણ ખાધા વિના ભૂખે પેટે રહ્યો હતો.

તે સંભાળી અરુણાદેવી રડી ઊઠે છે અને પાલવથી આંસુ લૂછે છે, યુસુફ એકાએક ઊઠી પડે છે અને કહે છે.

'દીદી, આ શુ તમારી આંખમા આંસું ?'

'તમે મને માફી નહીં આપો યુસુફ કાકા ?' અરુણાદેવીએ રોતાં રોતાં કહ્યુ.

'શેની દીદી' યુસુફે આશ્ચર્યથી પૂછ્યું.

'તમે ઘાયલ થયા'

'નહીં દીદી, એ શુ કહો છો ? તમે ભૂલો છો. જુદી જુદી પ્રકૃતિનાં માણસો જેમ હિન્દુમા છે તેમ જ મુસલમાનમા.

જેમ મુસલમાનમા વિશ્વાસઘાતી હોય છે તેમ જ હિન્દુઓમાં ગુન્ડાઓ ઉભય જાતિમાં છે. તેથી હિન્દુ કે મુસલમાન જાતિએ કોઈ કોઇને દોષ દેવો ન જ ઘટે.

એ મુઠ્ઠીભર નાપાકો માટે બંને જાતિ વઢીને ખાખ થાય એ તો ભારતભૂમિના કોઈ પણ પુત્ર ન જ ઈચ્છે."

અરુણાદેવીની આંખમાંથી વધારે ને વધારે આંસુ વહી ગયાં હતા, બાળકો ઊભા ઊભા જોતા હતા, અને સમીસાંજે દીવાના અજવાળામા એ આંસુ વધારે ને વધારે ચમકી ઊઠતા હતા.*

* એક સાચા કિસ્સા ઉપરથી.

રશિયન મતદારો

સોવિયેટ સંઘનાં જુદા જુદા પ્રજાસત્તાકોની વડી ધારાસભાઓની કુલ ઉપર બેઠકોની ચૂંટણી આ ફેબ્રુઆરીમાં થઇ તેમા કુલ મતદારોના ૯૯·૮૫ ટકાએ–૫,૯૩,૪૧,૯૨૮ માણસોએ પોતાના મત નોંધાવ્યા હતા.



ત્વરાલેખન (સ્કેચિંગ)

રવિશંકર રાવળ

૧૯૦૪ના અરસામાં રૂસો જાપાન યુદ્ધ પૂરું અને જાપાને વિરાટ રશિયાને નમાવીને યુરોપની પ્રજાની આંખ ઉઘાડી ...પી હતી કે પૂર્વના પ્રદેશો શક્તિ અને સાહસમાં કોઈ રીતે ઊતરે એમ નથી. જાપાનની આ અભિનવ જાગૃતિનો અભ્યાસ કરવા અનેક પ્રવાસીઓ ત્યાં આકર્ષાતા. તે પૈકી સ્વામી ભૂપાનંદ કરીને એક તેજસ્વી સંન્યાસી ત્યાં તાજા જઈ આવેલા ભાવનગર રાજ્યના મહેમાન થયા હતા.

એ વખતે અમારા મિત્ર અને મુરબ્બી શ્રી. હીરાલાલ પંડ્યા ખેતીવાડીના અભ્યાસ માટે અમેરિકા જવાની તૈયારીઓ કરતા હતા અને પ્રવાસની માહિતી મેળવતા હતા. તેમણે આ સ્વામીજીને મળવા જવાનું ઠરાવ્યું ત્યારે મને પણ સાથે લીધો.

સ્વામીજી શ્રી. વિવેકાનંદના જેવા જુસ્સાવાળા હતા. તેમની વાતમાં પ્રેરણા અને ચમક હતી. ભારતના જુવાનોએ હવે જાપાનનો દાખલો લઈ વિદ્યા, બુદ્ધિ, વિજ્ઞાન, સાહસ અને સ્વાર્પણના મંત્રો સાધવા જોઈએ. મારી કલાભિરુચિનો તેમને શ્રી. પંડ્યાએ પરિચય આપ્યો એટલે તેમણે ઉત્સાહથી કહ્યું: "જાપાનમાં દરેક જણ કલાકાર હોય એવું લાગે છે. દરેક વિદ્યાર્થી કે તરુણ ખિસ્સામાં એક નાની નોંધપોથી રાખે છે અને પોતાના વિષયને લગતી માહિતી કે ચિત્ર ગમે તે વખતે અને ગમે ત્યાં હોય તો પણ તુરત ટપકાવી લે છે." એ વાતે મારા મન પર ચોટ કરી અને તે પછી હું પણ ખિસ્સામાં નાની નોટબુક રાખતો થઈ ગયો અને આજ સુધી એ રીત ચાલુ રાખી છે. બહુ મોડે ખબર પડી કે આવી રીતે નોંધ કરવાનો રિવાજ યુરોપના સર્વ કલાકારો પાળે છે. મુંબઈની ચિત્રશાળામાં દાખલ થયો ત્યારે મને નવાઈ લાગી કે મારા વર્ગમાં મારા સિવાય કોઈએ નિયમિત નોંધો રાખી ન હતી.

હવે ત્યાં આવી સ્કેચબુકો રાખવાની ભલામણ થાય છે અને વિદ્યાર્થીના અભ્યાસની તપાસમાં તેને મહત્ત્વનું સ્થાન આપવામા આવે છે. આ સ્કેચબુકો (ત્વરિત નોંધો) ચિત્રકારને પોતાને આવતા ખ્યાલો અને નજરે પડતી અવનવી ચિત્રસામગ્રીનો સંગ્રહ કરવાનું અજોડ સાધન છે. તે ઘણી વાર મનમાં ઊઠતા તરંગોના કાચા આલેખન કરી રાખે છે અને તેમાંથી કોઈ વાર અજબ નવનિર્માણ કરે છે. અનેક વાર તેને અણધાર્યા પ્રસંગો પાત્રો કે પદાર્થો મળી જાય છે અને જીવનની અમૂલ્ય તવારીખ બની જાય છે. કળાકારોના તૈયાર ચિત્રો કરતાંય આ નોંધનું મહત્ત્વ વધારે ગણાય છે અને બધા કલાકારો તેને બહુ મોંઘું ધન માની સાચવે છે. કોઈ એક માતા

આગળ રમતા બાળકની નોંધો ઉપરથી કળાકાર રાફેલનાં ચિત્રો સરજાય છે. પોતાના ગામડિયા મહેમાનોની સાથે વાત કરતો લીયોનાર્દો અદ્ભુત પાત્ર વૈવિધ્ય આલેખે છે. દશ્ય ચિત્રકાર ટર્નર નિસર્ગની નોંધ કરતો કરતો રોજના વીસ માઈલ પગે ચાલી નાખે છે અને ઓવરકોટના બે ખિસ્સાં ભરેલી અસંખ્ય નોંધો પરથી કુદરતના વિરલ અને ચમત્કારિક દશ્યો ઉપજાવે છે.

મહાન કલાકારોનેય આવી નોંધોની જરૂર હોય છે તો સામાન્ય માણસને પોતાના અવલોકનો અને અનુભવોની ચિત્રનોંધો કરતાં આવડે તો એ કેટલું અમોલું સાધન બને.

સ્કેચ કરનારની દૃષ્ટિ વેધક અને તીવ્ર બને છે. સ્મૃતિ સચોટ અને વિગતપૂર્ણ થાય છે. અણધારી રીતે કોઇ ને કોઈ પ્રસંગમાંથી તે લાભ ઉઠાવી શકે છે. ઘણી વાર સ્ટેશન પર ટ્રેનની વાટ જોતા ઉતારુઓ ચિત્રકારને નવાં પાત્રો અને વેષભૂષાના રૂપો પૂરાં પાડે છે.

પાત્રોનાં આલેખન કરવા પૂરતો સમય ન મળે તો પાછીથી પણ અનુભવે અને અભ્યાસે તેમના સ્મૃતિ ચિત્રો થઈ શકે છે. યુરોપના ચિત્રવર્ગોમાં આ બાબતનો ખાસ અભ્યાસ કરવામાં આવે છે. તેને વિદ્યુતલેખન (Lightening Sketches) એટલે વીજળીના ચમકારાની માફક ચિત્ર ઝડપી લેવાનું કહે છે. વેગથી જતી ટ્રેનમાંથી કોઈ દશ્યરચના ઉપાડી લઈ મનથી આલેખવી, નજર આગળથી પસાર થઈ જતું માનવી કે જાનવરનો ભાવ વેગ કે સ્વરૂપ સ્મૃતિ બળે ઝડપી લેવું. આ બધા માટે સાધના અને પ્રયોગ જરૂરના છે.

પાર્લામેંટની લોબીમાં સ્કેચ કરવાની મનાઈ થઈ ત્યારે ઇંગ્લંડના પ્રસિદ્ધ કાર્ટૂનિસ્ટ સર હેરી ફર્નિસે વાત કરતો જાય અને ખિસ્સામાં હાથ નાખી કાગળ પર રાજદ્વારી પુરુષોની તસવીરો ખેંચતો જાય એવી ટેવ પાડી હતી.

સાધારણ ચિત્રવિદ્યાર્થી ઊંચી અભિલાષા રાખી મહેનત કરે તો ત્વરા-ચિત્રોની શક્તિ તેને પણ સુસાધ્ય બનશે. પણ એ બે વર્ષોની જ તાલીમ નહિ પણ જીવનભરની ઉપાસના બનવી જોઈએ. તેના માટે ખાસ સમય કે મહેનત જરૂરનાં નથી. ખિસ્સામાં નોટ કે થોડા કોરા કાગળ હોય અને નકામી પડતી ક્ષણોએ તે પેનસિલ કે કલમ ચલાવવા સજાગૃત હોય તો ગમે તેવા લીટાથી શરૂ કરી તે ચોક્કસ આકૃતિ દોરવાની ભૂમિકા પ્રાપ્ત કરી શકશે.

મેં ઘણી વાર મોટર ઉપડવાની તૈયારી ય તેવે વખતે ત્વરિત નોંધો લીધી છે. ચાલતા નાટકે નાટકની મજા અને આલેખનની ઝડપ સાચવી છે. ભણતો ત્યારે મારી ગણિત કે ઇતિહાસની નોંધમા ખૂણે શિક્ષક કે વિદ્યાર્થી મિત્રોનાં મોઢાં પાડ્યાં છે.

એ બધાના ફલ સ્વરૂપે સંખ્યાબંધ ચોપડીઓ ભરાઇ ગઈ તેમાંથી ઘણાયે લેખો સચિત્ર થયા છે અને અહીં આપેલા નાના ત્વરિત ચિત્રો પણ એવી ફુરસદે નકામી જતી ક્ષણોનો સહજ બનેલો સંગ્રહ છે.*

* 'કલાચિંતન' નામના ભારતી સાહિત્ય સંઘ લિ૦ તરફથી પ્રગટ થનારા પુસ્તકમાથી.

કરાચીનું હિંદી સાહિત્ય સંમેલન

પાવક વાતાવરણ રચતું ગયું છે

દેશળજી પરમાર

પરમપ્રિય ભાઈ,

તમારું આજ્ઞાપત્ર આજે મળ્યું. અખિલ ભારતીય હિંદી સાહિત્ય સંમેલનની ૩૪મી બેઠક ગઈ નાતાલમાં અત્રે મળી ગઈ તેનો વિગતવાર અહેવાલ ગુજરાતના પ્રતિનિધિ થવાના બદલામાં મારે વિગતવાર મોકલવો. પણ મેળો વિખરાઈ ગયો ને પંખેરુ સ્વસ્થ આકાશમાં ગેબ થયાં ત્યારે હવે એક સાહિત્યકાર તરીકે એ સ્મરણોને તાજાં કરી ચિત્તના સુનકારને સમૃદ્ધ કરવા જેટલા પ્રાણ કે તેની પ્રેરણા મારા સરખા અકવિમાં ક્યાંથી હોય? એમ છતાં 'ગુરુણામ્ આજ્ઞા અવિચારણીયા' ગણીને શિરસાવંદ્ય કરું છું. પરંતુ નાતાલ દરમ્યાન અહીં અર્થશાસ્ત્ર સમેલન તથા સ્કાઉટ મેળા વગેરેથી કરાચી શહેર મધપૂડા માફક વિશિષ્ટ પ્રવૃત્તિઓથી ગુંજી–ગણગણી ઊઠયું હતું. એક માણસનું એક શરીર એવી એક પ્રવૃત્તિના કાર્યક્રમથી વાજ આવી જાય એવું હતું.

હું પોતે એકલા હિંદી સંમેલનને જ વફાદાર રહ્યો હતો, તો પણ રંજન કાર્યક્રમોના ઉજાગરાઓએ અને સવાર–બપોર–સાંજ–રાતની ભરચક પન્થિદોના ક્રમે મને તનમનથી અને દોડાદોડીનાં ટ્રામગાડાંએ ધનથી પણ, થકાવી નાખ્યો હતો! કેટલીક બેઠકો તો બબ્બે–ત્રણત્રણ કલાક મોડી થતી; કેમ કે એક લાંબી બેઠક બીજીને ધકેલતી અને બીજી ત્રીજીને ધકેલતી!

નગરીનું વાતાવરણ

હિંદી સંમેલનની તૈયારી તો અહીંની રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ ત્રણેક માસથી કરવા લાગી હતી; પણ છેવટ લગી 'નાણાંનાં બહુ ન મળે ઠેકાણાં' જેવું રહ્યું. મુખ્ય કાર્યકરોને ફાળો ઉઘરાવવો પડયો ત્યાં જ વહાણું થઈ ગયું અને મોડી મોડી સમિતિઓ રચાઈ છતાં મનવાંચ્છિત ધારણા પાર પડી નહીં. ભારતની પ્રાંતપ્રાંતની ભાષા, એમાંનું સાહિત્ય; એમના સાહિત્યકારો, એ સૌનું જ્ઞાનપ્રદ પ્રદર્શન માંડી વાળવું પડેલું અને તેના સ્થાને નૃત્ય, ગીત અને વિદ્યાનું મનોરંજન કલાદર્શન ગોઠવવું પડ્યું! રાષ્ટ્રભાષા પ્રચારની આવી જામેલી સંસ્થાના કાર્યને કરાચી જેવા શહેરમાં ફાંફાં મારવાં પડે અને 'સૌનું તે કોઈનું નહીં' જેવી હાલત ભોગવવી પડે તો બીજી જાહેર જીવનની ગૌણ પ્રવૃત્તિઓની શી વલે? અહીંની સિંધ સરકારને તો હિંદી સંમેલન સાથે સ્નાનસૂતકનો સંબંધ નહીં એમાં નવાઈ પામવા જેવું નથી. પણ કોઈક પ્રતિનિધિ પંખીડું મારા કાનમાં કહી ગયું કે ભાઈ! અહીં તમારે તો પ્રમાણમાં સારું છે, પણ જો કોંગ્રેસી સરકાર હોત તો હિંદુસ્તાનીના મોહમાં અંજાઈને આ જૂની શોક્યને બે ચાર ખાસડાં ચોડી દેત!...શાન્તમ્ પાપમ્...શાન્તમ્ પાપમ્..બીજા પ્રાંતોથી દૂર છું એટલે હું જાણી શક્યો નથી કે કોંગ્રેસી સરકાર ત્યાં હિંદીને માનપૂર્વક બોલાવે છે કે નહીં. એ જે હો તે પણ શું એક જ ભાષાવેલીની ભિન્નભિન્ન શાખાશૈલીઓ ન જ હોય? હોય એ અનિચ્છનીય? બારબાર ગાઉએ નહીં ને પચાસ પચાસ ગાઉએ બોલી બદલાતી હોય તો હિંદમાં એક જ ભાષાની બે શૈલીઓ પોતપોતાની પ્રકૃતિએ ફાલેફૂલે, એ અસ્વાભાવિક શા માટે? પણ મારે આ પ્રશ્નોના જવાબ જોઈતા નથી. માત્ર વિચારપ્રેરક દૃષ્ટિબિંદુ રજૂ કરું છું.

મિયાં–બીબી રાજી

બીજું બધું તો ઠીક પણ અમને તો હિંદી સંમેલન નિમિત્તે અઠવાડિયાની રજાનો લાભ મળ્યો; કારણ કે અખિલ ભારતના પ્રતિનિધિ બંધુઓને રહેવા કરવાની અને જમવા વગેરેની અનુકૂળતા શાળાઓ સિવાય બીજે થાય પણ ક્યાં? સંમેલનને સદ્ભાગ્યે આપણી ગુજરાતી હાઈસ્કૂલોનું જૂથ નજીકોનજીક જ આવેલું છે. એ સૌમાં વિભાગવાર ઉતારા થયા. ઉતારાના ફર્નિચરમાં કાથીના વણવાળી એક ખાટલી અને તે નરસિંહ મહેતાની સાડી જેવી ક્ષણભંગુર પણ મનના આધારે ટકી રહેલી! સંમેલનની સમાપ્તિ બે દિવસે સાંજના સમે 'અગનપંખ' નાટકનું રિહર્સલ જોતા હતા ત્યારે એ ખાટલી ઉપર સિંધી

તંદુરસ્તીની લાલી ભરેલા કેટલાક જુવાન વિદ્યાર્થીઓ હેતા. બીચારી રેશનિંગના જમાનામાં જન્મેલી ખાટલીનું શું ગજું ? એક તરફ દેરી વાસરી વિન્કત રાજા બિંબીસારના, ઉદ્ધત રાણી છલના પ્રત્યેના ક્રોધને શમાવી રહી હતી ત્યાં જ ખાટલીએ દગો દીધો ! રંગમાં ભંગ પડ્યો અને નાટકના સૂત્રધારરૂપ શ્રી. ભગવાનદાસ નિમ્બાર્ક ઉર્ફે રાજા બિંબીસારનો ભૂભંગ થયો !...આવા અખિલભારત વ્યવસાયમાં ગમે એવડો મોટો યજમાન પણ ધાયો થઈ જાય ત્યાં અહીંની સ્થાનિક સમિતિ ભાવપૂરી ને કાર્યચારી રહે તો પણ મર્યાદિત સાધનોને કારણે અધૂરી રહી જાય એમાં દોષ કાઢવાપણું ન હોય. અને સમિતિના ન્યાય ખાતર કહેવું જ જોઇએ કે વાણીવ્યવસ્થા અને ભોજનવ્યવસ્થા સારી રીતે જળવાઈ હતી; તેમ જ આવેલાં મહેમાનોએ—જેઓમાં કેટલીક બહેનો પણ હતી—એમણે ઉદાર દિલથી વ્યવસ્થા મંબંધમાં એકંદર રીતે સંતોષ પ્રગટ કર્યો હતો. બહારના ૫૦૦ જેટલા પ્રતિનિધિઓ પૈકી ૨૦૦–૨૫૦ની હાજરી પણ સોહામણી જણાતી હતી બીજી રીતે પણ ઉત્તર હિંદુસ્તાનના આ 'હિંદી' મહેમાનોની પ્રકૃતિ સિંધની પ્રકૃતિને મળતી આવતી હતી એટલે 'મિયાં—બીબી રાજી' જેવું રહ્યું એ બહુ સારું થયું. જો કોઈ સુરતી સહેલાણી લાલા હોત તો રેશનિંગ કાળને ભૂલી 'મારે આમ ને મારે તો તેમ જોઇએ' એવું કર્યું હોત !...અને એ પણ કરાચીનાં સદ્‌ભાગ્ય છે. યુદ્ધપૂર્વમાં, યુદ્ધ દરમ્યાનનાં ને યુદ્ધોત્તર કે બ્રિટિશ છ વર્ષોની છત્રછાયાને લીધે અનાજ—પાણી બનેની નહીં તો અનાજ પૂરતી છત રહી છે. એનું બીજું કારણ એ પણ હોય કે સિંધ હિંદનો Exporting Province છે.

સૌ ભાદરે ભેળા

તા. ૨૪ ડિસેમ્બરથી પ્રતિનિધિઓ આવતા લાગ્યા. સંમેલનની મોટરસોરીની અવરજવર સ્ટેશને શરૂ થઈ. તા. ૨૬મીએ સંસ્કૃત પરિષદ અને સંમેલનનું ઉદ્‌ઘાટન હતું એટલે કેટલાક પ્રતિનિધિઓએ જાણ્યે કે અજાણ્યે તા. ૨૭મીએ હાજરી પૂરવાનું રાખેલું લાગ્યું. તા. ૨૫મીએ સંમેલનના પ્રમુખ શ્રી. વિયોગી હરિ પધાર્યા ત્યારે બે સ્વાગત પ્રમુખોમાંથી એક પણ હાજર ન મળે ! બન્યેલું એમ કે એઓ પ્રમુખશ્રીને લેવા આગળના સદર (કેન્ટ) સ્ટેશને ગયેલા; પણ કોણ જાણે પ્રમુખશ્રી ઊતર્યા નહીં કે એમને ઉતાર્યા નહીં ! પણ સીટી સ્ટેશને શ્રી. શારદામંદિરના સેવાદલના સ્વયંસેવકો હાજર હતા એટલે પ્રમુખશ્રીને સત્કારનો વિયોગ બહુ ખૂચ્યો નહીં. અને પછી તો 'ભાદરે સૌ ભેળા' થઈ ગયા. પણ આવી ટાયલી વાતો લખીને તમને કંટાળો ન ચડાવું. તમે કહેશો કે આ સંમેલનનો પૂર્વરંગ પૂરો થતો નથી તો તેના મધ્યરંગનું અને અંતરંગનું શું સમજવું ! પણ તમે એની ખાસ ચિંતા કરશો જ નહીં; કેમ કે જે રંગ તો ભારે જામ્યો હતો; પણ હું એમાં પૂરો રંગાયેલ જ નથી અને વધુમાં, હવે તો એ રંગ પણ ફિક્કો પડી ઊડી જવા જેવો થયો છે.

અજગરની કાયા જેવાં

મને પ્રથમ અને મહત્ આશ્ચર્ય તો એ થયું કે હિંદી ભાષા વિષયમાં પ્રાંત પ્રાંતના આટલા આટલા ભાષાભક્તો દર્શનપૂજનાર્થે આટલી આટલી રેલ્વે ફી અને સમયશક્તિ ખર્ચી કરાચી જેવા હિંદના અતિ-પશ્ચિમ છેડા સુધી પહોંચવાની હિંમત કરી શક્યા ! મારા જેવા જડ આળસુને તો ધક્કો મારીને બહાર કાઢે તો પણ પાછો ઘરમાં ભરાવાનું કર્યા વગર ન જ રહે ! અને તેમાં વળી કરાચીની ઠંડી !—જોકે એટલું ઠીક હતું કે અહીં શિયાળુ 'Blitz' બન્યું નહીં; નહીંતર સાહિત્ય સંમેલન પ્રસંગે એક સાહિત્યકારને અહીંની શરદીએ ઉપાડી લીધેલા અને બીજાઓને હિમકડુ અનુભવ કરાવેલો, તેમ...પણ ન કરે નારાયણ; અને નારાયણે હજુ એવું કર્યું નથી ! ઉત્તર હિંદીઓની તબિયત પણ એકંદર સારી લાગી. મને એની ખાતરી સંમેલનમાં મંડપમાં જ થઈ ગઈ. તા. ૨૬મીની રાતના સુરી સમાગમની મિજલસમાં જેમ સિંધી ભાષકોએ અને ગાયકોએ મંડપને મહારાગે ગજવી મૂક્યો હતો તેમ સમેલનની ખુલ્લી બેઠકોમાં વક્તાઓએ અને ભાષણવાચકોએ જે ઘોર નાદ કરેલા અને લાઉડસ્પીકરોએ તો મણા જ ન રહેવા ન દીધી અને મારા જેવા દેહદુર્બળના તો કાનના ઢોલ તૂટી

ગયા જેવા થઈ ગયા! આટલો પ્રાણ અને આટલી નાદશક્તિ મેં ગુજરાતના કોઈ ભાષાપ્રેમી સાહિત્યકારની જાણી નથી: વળી ભાષણો પણ ખાસાં મજાનાં લાંબા-લચ...અજગરની કાયા જેમ ઘસડાતાં ને ઢમડાતાં ચાલ્યાં જાય અને પ્રગતિ જુઓ તો મીંડી! એક તો ભારેખમ શૈલી, એમાં વળી બાળબોધ લિપિ, વજનદાર સાદ્યું જોરશોર અને લાંબું-લપસીંદર: તોબા ભગવાન.

તરી આવતી ત્રિપુટી

આગંતુક મહાજનોમાં સૌથી જુદી તરી આવે એવી ત્રણ વ્યક્તિઓ. પૈકી એક તો આ હિંદી-સંસ્થાના જનક અને પાલક શ્રી. ટંડનજી. આ ધારાશાસ્ત્રી બંધારણપ્રિય મહાજનનું વ્યક્તિત્વ તો હિંદવ્યાપી છે. આમ એમનું ગાંધીજીના જેવું ભાવનાશીલ, ધીર અને પ્રભુત્વભર્યું જીવન; પરંતુ ટંડનજીની તેજદાર તીણી ને ચકોર આંખ એમને રાજનયના ખેલાડી તરીકે પ્રગટ કરી દેતી હતી. એમને જોઇ મને અમુક અંશે સ્વ. વિઠ્ઠલભાઈ પટેલ સહેજે યાદ આવી ગયા. એવું જ પણ બૌદ્ધવસ્ત્રોમાં ઢંકાયેલું પ્રખર છતાં પ્રશાન્ત વ્યક્તિત્વ નિહાળ્યું, બૌદ્ધ ભિખ્ખુ શ્રી આનંદ કૌશલ્યાનંદજીનું: અત્યંત મંદ ને ધીર સ્વરની પણ પ્રભાવશીલ એમની વાણી બહુ તર્કબદ્ધ ને અસર પાડનારી હતી. યતી-તપસ્વી છતાં સાહિત્યરસના સૂક્ષ્મ ભોગી અને પ્રબુદ્ધ કર્મયોગી. ટંડનજી કરતાં પણ એમનું આકર્ષણ મને વધારે ખેંચી શક્યું. અને ત્રીજા શ્રી. વિયોગી હરિ. એક વારના રાષ્ટ્રગીતોના કવિ, 'સંત-વાણી'ના સંપાદક અને વર્તમાનના રચનાત્મક યોજનાના ગષ્ટ્રકાર્યકર. એમના ભાષણમાં સંતવાણીનાં અવતરણો સાથે કલ્પનાની છાંટ હોવા છતાં કોણ જાણે કેમ એમના વક્તૃત્વમાં મને કૃત્રિમતા નહી તો બુદ્ધિવાદી પ્રાધાન્ય વિશેષ લાગ્યું! કદાચ બહુ સ્પષ્ટ ઉચ્ચારની ચીવટથી ચાપીચાપીને બોલ્યા અને બહુ વાર સુધી બહુ લાંબું બોલ્યા એથી એવો આભાસ થયો હોય: કેમ કે બીજી રીતે એમના સૌજન્યની સુવાસ હતી...પરંતુ ગાંધીજીના ભક્ત અનુયાયીઓમાં કવિશ્રીની ભાષામાં કહું તો જે 'ચોખલિયાપણું' દેખાઇ આવે છે તેનો કંઇક અંશ સંમેલનના પ્રમુખ-શ્રીમાં પણ મને કળાઈ ગયો. આ તો વગર પરિચયનો પહેલી નજરનો લેભાગુ સંસ્કાર છે એટલે એ ખોટો પણ હોઇ શકે છે; એટલે કે હું પ્રમુખ મહાશયને લેશમાત્ર અન્યાય કરવા માગતો નથી. બીજા યે વિદ્વાન અતિથિઓ હશે. પરંતુ અપરિચિતપણાના પડળ નીચે હોવાથી હું બહુ વિશેષ જોઈ જાણી શક્યો નથી. માત્ર બંગાળના સુખ્યાત વિદ્વાન ડૉ. સુનીતિકુમાર ચેટર્જીનો નામનિર્દેશ કરી શકું છું.

ઓળખની તક નહિ

તમને જરૂર એમ લાગશે કે આ હીરાને ઘોઘે મોકલ્યો અને એ જઇ આવ્યો અને ખોવા જેવો પાછો આવ્યો! પણ શું કરું? લાચાર છું કે નાટકનાં પાત્રો જેમ અહીં પણ સૌનાં નામ કે પિછાન એમના પાઠ પરથી અને આકસ્મિક સંબોધનો પરથી જ મેળવી લેવાનાં હતાં. કોઇએ 'પરસ્પર ઓળખ'ની કે ગુ. લેખક મિલનની જેમ 'આપઓળખ'ની તક ગોઠવી નહીં અને પરિણામે સ્નેહીમિત્ર સંબંધીઓએ મળીને આનંદમંગલ કર્યાં; પણ મારા જેવા અજાણ્યા અને પછાત આદમીઓ તો 'Alone unfriended અને શહેરના અજાણ્યા હોવાથી દુર્ભાગ્યે melancholy slow જેવા રહીને પાછા ગયા હોય તો એ છેક અશક્ય નથી. શ્રી મુનશી દંપતીની આતુર રાહ જોવાતી હતી કેમ કે શ્રીમતી લીલાવતીબેન મહિલા પરિષદનાં અધ્યક્ષ થવાનાં હતાં અને શ્રીમાન મુનશી સ્થાયી સમિતિ તથા વિષય નિર્વાચિની વગેરેમાં હોય એ સ્વાભાવિક છે: પણ એ દંપતી પૈકી 'જાયા' કે 'પતિ' એમાંથી કોઈ પણ 'એર સર્વિસ' ચાલુ હોવા છતાં આવ્યું નહીં. સંમેલનમાં ન આવી શકવાનું કારણ તો રામ જાણે. મારા જેવા પ્રાકૃત જનને એ જાણવાનો અધિકાર પણ હોય ખરો!......પણ મને કંઇક ખટકે છે તે તો સંમેલનના 'સ્વાગતાધ્યક્ષ' જેવા 'બોમ્બાસ્ટિક'—ગિરનારના પથરા જેવા શબ્દો.

હિંદીની ગતિહીનતા

કદાચ આ સંસ્કૃત-મોહ હિંદીના પ્રેરણાદાતાને હિંદુસ્તાની સામે મોરચો જમાવવા પ્રેરતો હો નહીં હોય! એવી શંકા મનમાં ઊઠે છે. જોકે 'રામ બાદશાહ' અને 'સીતા બેગમ'ના પ્રયોગો કંઇક કર્ણકટુ અને વધુ તો અર્થકટુ લાગે છે. મૂળે ઉર્દૂ

અને હિંદી ભાષાભાષીઓની સંસ્કૃતિઓ ભિન્ન તો ખરી જ—ભિન્ન લિપિઓ જેટલી જ; પણ એ બે વચ્ચે અમુક ભાષામેળ થયો તો છે એ દેખીતી બાબત છે. હવે સવાલ એટલો છે કે એકમેકના સાથે-લાગા આ સંસાર વ્યવહારના જીવનમાં એક ભાષાનો વધુ સુમેળ કેવી રીતે બેસાડવો. ખરું પૂછો તો હિંદી ભાષાના સઘળા સુગુણોનો હું ખૂબ ચાહક છું. છતાં મને એ વધુ પડતી ઔપચારિક, જાડયના અંશવાળી, કંઈક સ્થગિત સ્થિતિમાં થીના ઘી માફક જામી ગયેલી અને ભારેખમ શૈલીની લાગ્યા કરી છે; અને એમ પણ લાગતું રહ્યું છે કે એને ઉર્દૂની થોડી આંચ આપી હોય તો જાડયાંશ જાય ને પ્રવાહિતા તથા હળવાપણું વધે. જેમ જીવનમાં તેમ ભાષામાં આપણે સ્થિતિ અને ગતિ બંને જોઇએ. એકલી સ્થિતિ નહીં ને એકલી ગતિ નહીં અથવા એકને ભોગે બીજું નહીં. સ્થિતિમાં ગતિ અને ગતિમાં સ્થિતિ હોય અને એ રીતે જો પ્રગતિ સધાતી હોય તો એ પ્રશસ્ય વસ્તુ છે. એટલે આ બે static અને dynamic તત્ત્વોની અથડામણ અનિવાર્ય બને છે. સ્થિતિચુસ્તો ગતિમાન રહે અને ગતિચુસ્તો સ્થિતિમાન રહે તો અથડામણમાંથી કુદરતી સુમેળ જાગે. પણ આપણે સુમેળ કરતાં અથડામણનો આગ્રહ વધુ સેવીએ તો...અને તેથી જ આપણો અસ્વસ્થ સંસાર થાળે પડતો જ નથી ને ? પણ તમને આટલા ઊંડા પાણીમાં ન ઉતારું. વસ્તુતઃ હું પણ એટલા ઊંડા પાણીમાં ઊતરી શકું એવો / મરજીવો ' થઇ શક્યો નથી.

સંસ્કૃતનું સ્થાનમાન

તમે સંમેલનનો વિગતવાર અહેવાલ માગો છો પણ એ અશક્યવત્ છે. સપ્તાહની એ પારાયણ ખુદ નારાયણ પણ પૂરી કરી ન શકે. મારી આગળ આ સંમેલનના વિસ્તૃત કાર્યક્રમની નકલ આ રહી, પણ એ તો રોમાંચ કરાવે તેના કરતાં ગાત્રો ગાળી દે એવી છે. તા. ૨૬મીની સવારે સંસ્કૃત પરિષદથી સંમેલનના શ્રીગણેશ સ્થપાયા એ ઠેક સમુચિત હતું; કારણ કે સુપુત્રી હિંદીના મહોત્સવમાં સંસ્કૃત માતા-મહીનું સ્થાનમાન અગ્રસ્થ દરજ્જાનું હોય જ. સ્વાગત મંત્રીશ્રીએ અને પ્રમુખશ્રી ઓંકારાનંદજીએ સંસ્કૃતમાં પ્રવચનો કર્યાં. સભામાં મેટ્રિક કરતાં વિદ્યાર્થી ભાઈ-બહેનોની સંખ્યા મોટી હતી; અને મારા જેવા સંસ્કૃતના સ્નાતકને સંસ્કૃત-પ્રવચન ' અર્ધારાધ્ય ' નીવડ્યું, ત્યાં બીજાઓને દુર્બોધ નહીં નીવડ્યું હોય એમ કેમ કહેવાય ? સંસ્કૃતવાણી આમ વર્તમાન કૌતુક અને ભૂતના ગૌરવનું એક 'મહદાશ્ચર્ય' બની રહી. પણ એટલામાં તો હિંદી શરૂ થયું ને અમારે કોઠે ટાઢક વળી. સિંધ ઋષિઓના આદિવાસનો પ્રદેશ હોઇ આર્યસંસ્કૃતિનું કેન્દ્રઃ પરંતુ ઇતિહાસે એને આજે ' કૉસ્મોપૉલિટન ' તથા ' કૉમ્યુનલ ' બળોનું વિકેન્દ્ર બનાવી દીધું છે એ તો જાહેર બાબત છે. એમ છતાં ' ભાંગ્યું તો ય ભરૂચ 'ના ન્યાયે ગુજરાત-કાઠિયાવાડના પ્રમાણમાં સિંધમાં ઘણી બધી સંસ્કૃતશાળાઓ છે. ખુદ સંસ્કૃત એસોસિયેશનમાં આપણા ગુજરાતી વિદ્વાન પ્રાધ્યાપક શ્રી ડોલરરાય માંકડ ખૂબ રસ લે છે. સંસ્કૃત પરિષદમાં શ્રી માંકડે પ્રસ્તાવ રજૂ કર્યો કે સંસ્કૃતશિક્ષણની જૂની પદ્ધતિ જૂના ઢાળામાં ઢળેલી અને સંકીર્ણ છે અને છતાં તેનાં શુભ લક્ષણો પણ છે, વ્યાકરણજ્ઞાન તથા મુખપાઠ. શાળાપાઠશાળામાં ચાલતા સંસ્કૃત શિક્ષણની તો કોઇ શિષ્ટ કે વિશિષ્ટ પદ્ધતિ છે નહીં. જે છે તે અશિષ્ટ છે. એમ છતાં એમાં ઐતિહાસિક અને તુલનાત્મક દૃષ્ટિનો સદ્ગુણ છે. જો આ ઉભય પદ્ધતિઓના અવગુણ છોડીને ગુણોનો સમન્વય કરીને એક શિષ્ટ પદ્ધતિ ઘડવામાં આવે તો તે ઇચ્છવાજોગ જરૂર છે. અન્ય ભાષકોએ એક વા અન્ય પક્ષે ભાષણો કર્યાં અને છેવટ પ્રસ્તાવ પસાર થયો. ...પણ તેનો અમલ કોણ ક્યારે ને કેમ કરશે એ તો ભાવિના ગર્ભમાં રહે છે !......એમ છતાં શ્રી માંકડના પ્રસ્તાવની ઉપયોગિતા સ્વયંસિદ્ધ છે.

અત્રવિકસ્યું ગુજરાતી જીવન

આરંભશૂરાની માફક મેં વિગતવાર નોંધ લેવાનું શરૂ કર્યું...પણ અહીંનાં ગુજરાતી દૈનિકો ફક્ત 'ન્યુસપેપર' હોઇ તેમ જ કાગળબંધી ને કાગળતંગીને લીધે વિગતવાર સમાચાર પણ પૂરા આપી ન શકે અને 'પ્રજાબંધુ' કે 'ભારતી' જેવાં વિચારશીલ સાપ્તાહિકો ન મળે તો પછી માસિકની તો વાત જ શી કરવી ? એટલે નિરુપાયે આ 'પ્રેમનો શ્રમ'

(Love's Labour) પડતો મૂકવો પડયો. અહીં ગુજરાત–કાઠિયાવાડ વસ્યું છે પણ જાહેરજીવનમાં અધવિકસ્યું રહ્યું છે. મધ્યમવર્ગ અને મજૂરવર્ગ સંસ્કૃતિની નજરે પછાત રહ્યા છે અને એટલે 'પત્રકારત્વ' પણ પછાત જેવું ને ઠંડું છે. પ્રમાણમાં અંગ્રેજી પત્રકારત્વ આગળ પડતું છે. અધૂરામાં પૂરું સિંધ સરકારમાં લીગી પ્રધાનમંડળની બોલબાલા અને એનાં ક્યારેક સીધાં ને ક્યારેક આડકતરાં પગલાં! બહુતરણું કરાચી આજે વધુમાં વધુ કોમવાદી વિષ-વાળું છે. એનું કિસ્મત કદાચ ખુદાતાલા નહીં જાણતો હોય!

સૂફી સમાગમ

તા. ૨૬મીની રાતે સૂફી સમાગમ થયો. મેં કલાક દોઢ કલાકનો સમાગમ કર્યો પણ તે સૂફીઓનો નહીં. જોરશોરપૂર્વક સિંધ અને સિંધી ભાષાનો મહિમા સાંભળ્યો. પછીથી સિંધના રાષ્ટ્રકવિ 'દુખાયલ' ('દુખાયલ' તખલ્લુસ કેમ રાખ્યું હશે એની મને ખબર નથી – કદાચ એ ભાઈ વિધુર તો નહીં હોય!) તથા શ્રી. રામપંજવાનીનાં સિંધી ગીત સાંભળ્યાં. એમાંના નાટકીય ગઝલી ઢાળ મને ન ગમ્યા; પરંતુ સમાગમની સિંધી સજાવટ તથા આપણી કથાભટ્ટજીની માણ જેવો માટીકુંભ અને એક સિંધી વાદ્ય સંસ્કૃતિનાં પ્રતીક તરીકે વિશેષ આકર્ષક બન્યાં. પછી તો હું પાકો સૂફી નહીં એટલે 'માઝમ રાત' સામે ટકી શક્યો નહીં.

રાંધનારીને ભાગે

અહીં એક વાત નોંધવી જરૂરી છે, સિંધે સંમેલનમાં સારો સાથસહકાર આપ્યો તે સાથે સિંધ–સિંધી મહિમા પણ ઠીક પ્રમાણમાં વધાર્યો. એ આવશ્યક પણ હતું. પરંતુ સંમેલનમાં મોટા ભાગનો સહકાર અને સાધનો તથા કાર્યકરોની મદદ તો ગુજરાતીઓની હતી. ગુજરાતીઓમાં પણ શ્રી શારદા-મંદિરની ખાસ કરીને વ્યવસ્થા, કલા, સ્વયંસેવક દલ, રંજન કાર્યક્રમો વગેરેમાં શારદામંદિર જ અગ્રણી હતું; એમ છતાં 'ભોજનવિભાગના વ્યવસ્થાપક શ્રી. મૂળજીભાઈ સિવાય બીજી શાળાઓનો સામાન્ય રીતે કે શારદામંદિરનો ખાસ આભારદર્શન થયાની મને જાણ નથી. એ થયું હશે, અથવા થવાનું હશે, તો પણ એટલું તો હું જાણસમજણપૂર્વક કહી શકું છું કે ગુજરાતી સંસ્કૃતિનું ખાસ દર્શન સમેલનમાં હતું નહીં. 'રાંધનારીને ભાગે ધૂમાડો' નહીં તો એવું જરૂર તો રહેલું. આમાં ગુજરાતી પ્રકૃતિનું આળસ હતું કે 'આત્મવિલોપન'નો એનો સહજગુણ હતો એ તો હું ચોક્કસપણે કહી શકતો નથી; પણ એક ગુજરાતી તરીકે મને જે લાગ્યું છે તે કહું છું.

નાટ્યપ્રયોગ

તા. ૨૭મીની મહિલા પરિષદ મારા જેવા માટે પડદા પરિષદ હતી...પણ બપોરના ખુલ્લા અધિવેશનમા સંમેલન પ્રમુખ શ્રી. વિયોગી હરિની પિછાણ સાંપડી અને પછી પ્રમુખશ્રીનું ભાષણ સાંભળ્યું. ભાષણ છપાયેલું હતું એમ છતાં અમે શ્રવણની 'આકરી કસોટી'માં પાર પડ્યા. પણ પછી 'દર્શન પરિષદ'નું દર્શન કરવાની હામ રહી નહીં. રાતના આઠ બજ્યે માસ બે માસની પૂરી જહેમત પછી તૈયાર થયેલું 'અજાતશત્રુ' ભજવાયું. હિંદી સંમેલનની સાફલ્યદષ્ટિએ સરસમાં સરસ અંગ આ હતું એમ હું માનું છું. પણ 'માઈક' ની તંગી અને બેગસેળિયા શ્રોતાવર્ગે નાટ્યની સારપી મજાને મારી નાખી એમ કહું તો ખોટું નથી. છલના રાણી તરીકે શ્રીમતી બહેન ચિના મહેતાનો ભાવાભિનય અને એથીયે સવિશેષ વાસવી તરીકે કુમારી તરલિકાબેન માંકડનું સુમધુર ને શાન્તગંભીર વ્યક્તિત્વ તથા આરક્તલિપ્ત બિંબીસાર તરીકે પીઢ અનુભવી શ્રી. ભગવાનદાસ નિમ્બાર્કનું સૂક્ષ્મ માનસ-દર્શન અત્યંત મનોહર હતાં એમ કહેવું જોઈએ.

વિવેચના સાંભળી નહિ

પરંતુ જોનાર વર્ગમાં કેટલીક 'વેજા' બળેલી હતી તે પાત્ર અને નાટ્યના ગૌરવને ચિચિયારીની મશ્કરીમાં પલટાવવાનો ભગીરથ પણ અફળ પ્રયત્ન કરતી હતી. લાડુભટ્ટ ઠીક ઝળક્યા હતા. પાત્રોનો મોટો ભાગ શ્રી શારદામંદિરના શિક્ષકો તેમ જ ભૂતવર્તમાન વિદ્યાર્થી ભાઈબહેનોનો બનેલો હતો. ખૂબી અને નવાઈ તો એ હતી અને એ છે કે 'અજાતશત્રુ' નાટક શ્રી. જયશંકર 'પ્રસાદ' રચિત છે એટલું યે બહુ ઓછા જાણતા હશે. જાણતા હશે તેમને નાટ્ય-

કલાની ગમ કેટલી હશે એ ખુદા માલૂમ ! મૂળ નાટકને ટૂંકાવવા છતાં તેને અસગપણે સળંગ કલાકૃતિ તરીકે પાર કરનાર શ્રી. નિમ્બાર્કને કોઈ અંજલિ મળી નહીં કે નાટ્યની રજૂઆત પર કંઈ ટીકા-વિવેચના પણ સાંભળી નહીં: એટલે સાહિત્યના અભ્યાસનો જે ડોળ આપણે કરીએ છીએ તે સપાટી પૂરતો હોવાની સાબિતી મને તો વધુ પ્રતીત થઈ. ખેર.

વાડાઓમાં પેટાવાડા

તા. ૨૮મી 'સવારે ઊઠવાની હોંશ કે ભાષણો સાંભળવાના હોશ રહ્યાં ન હતાં; અને હોશ કે હોંશ આવે, તે માટે એ આખો દિવસ 'વેકયુમ' તરીકે કાઢવાની જરૂર હતી. જેમાં શ્રી: ડોલરરાય માંકડ 'સ્વા-ગ-તા-ધ્યં-ક્ષ' હતા એ સાહિત્યપરિષદ આમ અનિચ્છાએ કે ઇચ્છાએ અશક્તિપૂર્વક તજી, બપોરનું ખુલ્લું અધિવેશન તજ્યું અને તા. ૨૯ની રાતના રસભર કલાપ્રદર્શન માટે સજ્જ થયા. કરાચી બહુ-પ્રજાનું પંચરંગી શહેર છે. એના હિંદીઓમાં ત્રણ મોટા તડા. મુસલમાન, સિંધી, અને ગુજરાતી. એમની વચ્ચે સરસાઈ ને હરીફાઈ સ્વાભાવિક છે; પરંતુ તડાઓમાં પેટાવાડા, પેટાવાડાની પેટાવાડ... ગુજરાતીઓમાં પણ પેટાગુચ્છો. દરેક વ્યક્તિને આપ-જાહેરાતનો મોહ: એટલે વ્યક્તિદીઠ નાનાં નાનાં ગુચ્છ. સંગઠનથી એકરૂપે સૌ કામ કરવાનું તો મહા-ગુજરાતના આ શહેરમાં પણ ગુજરાતીઓને હજુ સમજાયું નથી. એકરાગ અને એકમેળ આજના હિંદની પૂરી જરૂર છે અને એની જ તંગી ! ક્યાંક તો એક વ્યક્તિ સંસ્થા બનીને ચાલે. રણમાં તો એરંડો મહાવૃક્ષ બનીને મહાલી શકે. આ છે ગુર્જરીય દૌર્બલ્યનું અંગ. 'દરેકને પોતાની છરી ઘસવાની.'

કલા-પ્રદર્શનમાં ફિલ્મગીતો

પણ હવે કલા-પ્રદર્શનનો પડદો ઊપડે છે. સંયોજક શ્રી. બળદેવકુમાર અને મંત્રી શ્રી. અમૃતલાલ દોશી. શ્રી. દોશી શારદામંદિરના સંગીત-અધ્યાપક છે. કલા-કારનું જ્ઞાન અને પ્રભુત્વ એમની પાસે છે અને છતાં એમનામાં કંઈક તત્ત્વ ખૂટે છે; પરંતુ આમાં અહેનોનાં નૃત્ય સારાં હતાં, ફિલ્મગાયનો અસ્થાને હતાં; અને સૌથી સરસ તો સિંધના એક વાજિંત્રને અસલ સિંધી માણસે બજાવ્યું ! એ હતું શરણાઈને મળતું. પણ સામાન્ય આમજનતામાં ખરાં ભજવૈયા પડ્યા છે એવું એ દ્યોતક હતું. એવાઓની ખરી કદર બેન્ડની ધમાલ વચ્ચે થતી નથી એ દુખનો વિષય છે. અંતે એ કળાનો વારસદાર કોઈ રહેશે નહીં અને વાદ્ય એના કલાકારની રાહ જોતું રહી જશે — જેમ આપણા 'રેંટિયા'નું થયું હતું તેમ.

બુદ્ધિનો મૂડીવાદ

કલાપ્રદર્શન જેવા 'અમીરી' કાર્યક્રમના કાર્ય-ક્રમોએ મને અનેક વાર 'દિગ્મૂઢ' બનાવી દીધો છે. કલાના ભક્ત તરીકે એ આનંદ પ્રમોદ આપે છે ખરા; પણ એક અદના હિંદી તરીકે મને એ ખૂંચે છે ખાસ. *ઘણી વાર મને એમાં 'ગુજરી' વરંતી જેમ* આવે છે. આપણે ઉચ્ચ વર્ગને વધુ વધુ ઉન્નત લઈ જઈએ છીએ પણ કરોડો જેટલી સંખ્યાના વિશાળ આમસમુદાયનું શું ! એમના શ્રમિત ને દુખિત જીવનમાં સમજ, શક્તિ, સમય અને ધનનું નામ ન મળે ! જે પ્રજા આટલી પડેલી છે તેને ઊંચે ઊંચું થવું હોય તો આ પ્રકારના પ્રયોગો કેટલા મદદગાર થશે ! કેટલોક પંડિતવર્ગ 'બુદ્ધિના' મૂડીવાદ'માં માને છે. એ માન્યતા સાચી હોય તોપણ મુજને સહાયક કેટલી ? આવો લોચન-મનનો ઝઘડો ચાલ્યા કરે છે અને કોઈ નિર્ણય ઉપર હું આવી શક્યો નથી. આ કાર્યક્રમમાં મારા માટે રંજન હતું અને રંજ ન હતો એમ કહી શકતો નથી. આત્માની પ્રફુલ્લ કલાપાંખ-ડીઓની સુવાસ તો એટલો સ્વતંત્ર સુખી અને જ્ઞાની હિંદ થાય ત્યારે ખરો. પણ ત્યાં સુધી સૂડી વચ્ચે સોપારી જેવી દશા રહેવાની જ. દુખનું કારણ તો એ છે કે લોકડિવાં અને શહેરીઓ આઘાં ને આઘાં જતાં જાય છે. ... પણ એ બાબતની વિચારણા અને અસ્થાને હોઈ જતી કરું.

કવિ-સંમેલન

કલા-પ્રદર્શન પછી તરત જ સ્ટેજ ઉપર હિંદી કવિસંમેલન થયું. પ્રમુખ ભગવત શ્રી. આનંદ કૌશલ્યાનંદજીએ કાર્યવાહી કૌશલપૂર્વક ચલાવી. હિંદી કવિબંધુઓ રેશનિંગ સેવા કોલમાંની દુકાને જતા હોય તેમ હારબંધ 'ક્યુ' (Queue)માં ગોઠવાઈ ઊભા

હતા, એક એક કૃતિ વાંચી કે ગાઈ જતા હતા. એ કૃતિઓ 'સભારંજની' કક્ષાની હતી. કેટલીક વ્યક્તિગત ઉદ્‌ગાર જેવી હતી. બધી સામાન્ય હતી કેટલીક હસમુખી ને હસામણી હતી. કેટલીક કલ્પનાની છાટવાળી હતી. પરંતુ કોઈમાં નવી કવિતાની ચમક–ઝમક મને જણાઈ નહીં. આ રૂઢ પાટા ઉપર આજસુધી જે રીતે હિંદી કવિતા ગાડી ચાલી રહી છે એવી જ એ હતી. કદાચ મોટા અને સાચા કવિઓ તો આવ્યા જ નહીં હોય એમ માનું છું. કેટલાક ઊગતા અને મધ્યમ કક્ષાના કવિઓ હશે. કવિ તરીકેનું વ્યક્તિત્વ તો મેં દેખ્યું નહીં...એમ છતાં એકંદર મેળે કાર્યક્રમ નીરસ ન હતો તો સરસ પણ ન નીવડ્યો એમ કહેવું બરાબર છે. પછી તો કડક ઠંડીમાં ત્રણ બજ્યે ઘેર લોથપોથ હાલતમાં સૂઈ ગયો.

નગરભ્રમણ

તા. ૩૦મીનું નગરભ્રમણ અમે અમારી રીતે કર્યું. કાર્યક્રમની પત્રિકા કેટલાંક જોવા જેવાં સ્થળોની યાદી આપે છે. અહીંનું બંદર કદાચ આખા ભારતના ગૌરવરૂપ છે. મનોરાના ટાપુની સરેલગાહ વહાણ યા લોંચમાં લેવા જેવી છે. ગાંધીબાગમાં પશુપક્ષીને ફૂલોનું પ્રદર્શન દર્શનીય છે. મનોરમાં કુદરતના આમપ્રદેશની મોજ મળે એમ છે. ડ્રિગ રોડનો હવાઈ અડ્ડો કે મારીપુરની મીઠાખાણ, કમલોરીનું જલાગાર કે હલેજીનું તળાવ મેં પણ હજુ જોયાં નથી. રામકૃષ્ણ મિશનમાં સ્વામી શ્રી રંગનાથનંદજી ગીતા અને ઉપનિષદની રવિવારી પ્રવચનાવલિ ચલાવે છે. કરાચીનો જિજ્ઞાસુ વર્ગ એના પર આફ્રીન છે. શ્રીરંગનાથાનંદજી વયે ને દેખાવે બહુ નાના છતાં બહુ જ્ઞાની છે. ખૂબ પરમાર્થી સાધુ છે. એમનું વ્યક્તિત્વ કરાચીની દરેક સારી પ્રવૃત્તિમાં ઝળકી ઊઠ્યું છે. કરાચી બહારનામું 'મોહન જો દડો' તો પ્રખ્યાત છે જ.

ખુદા ખેર કરે!

હવે આ પત્ર અતિલાંબો થાય છે એટલે બીજી પરક કરવી પડતી મૂકું. પરિષદ પ્રમુખનાં ભાષણો તો છપાયેલાં છે અને તેની નકલો મેળવી શકાય તેમ છે. જોકે એમાં રહેલું તત્ત્વ જ સંમેલનનો પ્રાણરસ છે. પણ એ મહાજન–જ્ઞાનાનુભવાર્ણવ ડોળવાની ધૃષ્ટતા હું અત્ર શી રીતે કરી શકું. એ ભાષણો અને આ આછોઅધૂરો પત્ર વાંચ્યા બાદ તમને પરિષદમાં આવ્યા જેટલો સંતોષ પ્રાપ્ત થાય તો સારું. બાકી કહેવા જેવું સારું ઘણું બાકી રહી જાય છે; કેટલીક અંતરંગ પરિસ્થિતિઓ પણ સમજવા જેવી રહી જાય છે. પરંતુ આખા સંમેલનનો ભાર અમલ ભારે પડે એવો છે ને અપચો થઈ જવનો સંભવ છે. બાકી તમે વિવિધ વ્યક્તિઓના મેળાપ કરી શકત અને ગુજરાતના વ્યક્તિત્વને આગળપાડતું કરીને શોભાવત, નરાજૂના મિત્રોને મળવાનો આનંદ મેળવત–એ તો રહ્યું તે રહ્યું. એકંદરે કરાચીની નાતાલનો આ ગર્વીલ પર્વ સાંગોપાંગ ઊજવ્યો અને પાવક વાતાવરણ રચતો ગયો છે એ તો ચોક્કસ : અને એ પણ ચોક્કસ કે આર્યોના સિંધપ્રદેશ ઋષિઓનો દેશ બની જનાર નથી. અહીંનું કોમી વાતાવરણ વધુ જોરદાર છે એ તો તમે રોજિંદાં છાપાંમાથી પણ જાણી શકતા હશો. અને જો ગાસડાંપોટલાં બાંધીને ઊપડવાનું થશે તો મારા મરખાને ગુજરાત કયે ખૂણે સંઘરશે એની ફિકર થયા જ કરે છે ખુદા ખેર કરે.

શારદામંદિર કરાચી : તા. ૯–૧–'૪૭	સ્નેહાધીન તમારો દે. પ.

સિનેમાઘેલાં

દર અઠવાડિયે દુનિયાનાં ૨૩ ૧/૨ કરોડ માણસો સિનેમા જોવા જાય છે. એમાંના ૧૦ કરોડ તો એકલા અમેરિકનો જ હોય છે. દુનિયાની કુલ વસ્તી બે અબજની છે. એમાં અમેરિકનો તેર કરોડ છે.

ગીતા અને માયાવાદ

ચંદ્રશંકર પ્રાણશંકર શુક્લ

ગીતામાં માયાવાદનું* પ્રતિપાદન છે કે કેમ એ પ્રશ્ન ઘણો ચર્ચાયેલો છે. શાંકરવેદાન્તમાં જગતને 'મિથ્યા' કહેલું છે ત્યાં 'મિથ્યા' એટલે જેની હસ્તી જ નથી એવું, એવો ખોટો અર્થ કરીને શંકરના માયાવાદ પર પ્રહારો કરવામા આવ્યા છે. શાંકરમતમાં, સર્વથા અસત્ અર્થાત્ હસ્તી વિનાનું કે અવિદ્યમાન એ અર્થમાં 'મિથ્યા' નહીં પણ 'તુચ્છ' શબ્દ વપરાય છે.[1] શંકર જગતને અવિદ્યમાન નથી ગણતા, પણ અનિત્ય ને નાશવંત માને છે. એ અર્થમાં જગતની હસ્તી સાપેક્ષ છે; અર્થાત્ તેને દેશકાળ આદિની મર્યાદાઓ લાગેલી છે. કારણરૂપ બ્રહ્મથી વ્યતિરિક્ત એવી કાર્યરૂપ જગતની હસ્તી નથી. તેમા સત્‌ની સાથે અસત્‌નું મિશ્રણ છે. આ સાપેક્ષતા (રિલેટીવીટી) તે માયા. બ્રહ્મ અથવા નિરપેક્ષ તત્ત્વ એક ને અદ્વિતીય છે. તેમાંથી દ્વૈતની ઉત્પત્તિ તે માયા. દ્વૈત એટલે જ માયા.[2] શંકર આ અર્થમાં જ માયાવાદ માને છે, એમ બતાવનારાં થોકબંધ વચનો તેમનાં લખાણોમાંથી આપી શકાય એવાં છે. માયાવાદનો અર્થ અસદ્વાદ કરવાથી શંકરને ન્યાય થતો નથી.[3] શંકરના મત અનુસાર જગતની હસ્તી વ્યાવહારિક (અનરીઅલ) છે, પ્રાતિભાસિક (ઇલ્યુઝરી) નથી.[4] 'સત્' અને 'અસત્' શબ્દો જગત પરત્વે જ્યાં વપરાયા છે ત્યાં ઘણી જગાએ સત્‌નો અર્થ નિર્વિકાર, અને અસત્‌નો અર્થ સવિકાર, છે એમ ફરી ફરીને કહેવામાં આવ્યું છે. બ્રહ્મ અથવા ઈશ્વરની, સવિકાર જગત ઉત્પન્ન કરવાની, જે શક્તિ તે માયા, એવો માયાનો એક બીજો અર્થ છે.[5] તે જગતનું ઉપાદાનકારણ પણ છે. એ અર્થમાં સાંખ્યની ત્રિગુણાત્મક પ્રકૃતિ તે જ માયા છે.

બ્રહ્મનું રૂપાન્તર અથવા તેનો પરિવર્ત કે પરિણામ તે જગત, એમ એક મત માને છે. અવિકારી બ્રહ્મનું રૂપાન્તર થતું નથી; તે પોતે જ નિર્વિકાર રહીને જગતરૂપે દેખાય છે; પણ એ દર્શનમાં બ્રહ્મનું સમગ્ર દર્શન થતું નથી; તેના ઉપર વિવિધ વિકારોરૂપી વેષ્ટન હોવાથી તે અધૂરું દેખાય છે; એમ બીજો મત માને છે. પહેલો મત પરિણામવાદી, ને બીજો વિવર્તવાદી છે. વિવર્તવાદ એટલે જ માયાવાદ. જગતના રૂપમાં બ્રહ્મનું પોતાનું જ, પણ અધૂરું, દર્શન તે વિવર્ત છે. પણ જગતને 'ભ્રાન્તિ' કેમ કહેવામાં આવે છે? શાંકરવેદાન્તમાં 'ભ્રાન્તિ' શબ્દનો અર્થ અપૂર્ણ જ્ઞાન છે. ભ્રાન્તિના મૂળમાં સત્યનો આધાર (આસ્પદ) તો હોય જ છે. રજ્જુસર્પની ભ્રાન્તિમાં, કંઈક પદાર્થ 'છે' એટલું જ્ઞાન તો સાચું હોય છે; પણ રજ્જુની જગ્યાએ સર્પ દેખાય છે એટલી ભૂલ. આમ ભ્રાન્તિ તે અંશજ્ઞાન છે.[6] અંશજ્ઞાનને પૂર્ણજ્ઞાન માનવું તે અધ્યાસ; ને અધ્યાસ તે જ અવિદ્યા.

જગતમાં જે કંઈ જ્ઞાન અથવા પ્રતીતિ થાય છે તેમાં દર્શન તો બ્રહ્મનું જ થાય છે.[7] પણ જે વેષ્ટનને લીધે એ જ્ઞાન અધૂરું થાય છે તે વેષ્ટન અથવા પડદો, તે માયા કે અવિદ્યા છે. 'અજ્ઞાન વડે જ્ઞાન ઢંકાઈ ગયેલું છે.'[8] નામરૂપનું આવરણ તે માયા.

જગતમાં બધે દ્વન્દ્વો જ ભરેલાં છે. આ દ્વન્દ્વો તે માયા. બીજા શબ્દમાં, ત્રૈગુણ્ય તે માયા. આ અર્થમાં માયાવાદનું પ્રતિપાદન ગીતામાં છે જ. એ દ્વન્દ્વોમાંથી કે ગુણોના પાશમાથી છૂટી નિર્દ્વન્દ્વ ગુણાતીત થવાનું ગીતા કહે છે ત્યારે તે માયાને તરી જવાનું જ કહે છે.

જગતની હસ્તી પારમાર્થિક—અર્થાત્ નિત્ય, નિર્વિકાર, ને સદા એકરૂપે ટકનારી—છે, એવું ભારતીય તત્ત્વજ્ઞાનના કોઈ પણ દર્શને માન્યું નથી. જગતની હસ્તીને પરમ સત્ય માને છે એક ચાર્વાક, જેને જગતમાં ચેનબાજી વિના બીજું કંઇ કરવુ નથી. એવાને તો 'નરાધમ' કહી ગીતાએ સ્પષ્ટપણે તેનો

---

* રાધાકૃષ્ણનના 'ઇંડિયન ફિલૉસૉફી' વૉ. ૧, પ્ર ૯નો થી. ચંદ્રશંકરે કરેલો ગુજરાતી અનુવાદ થોડા વખતમા 'ગીતાદર્શન' એ નામે વોરા ઍન્ડ કંપની (મુંબઇ) તરફથી પ્રસિદ્ધ થવાનો છે. તેમાં ઉમેરેલાં 'અનુવાદકનાં ટિપ્પણો' માથી એક અહીં આપ્યુ છે.— સં.

નિષેધ કર્યો છે.[૯] જેણે જેણે મોક્ષ અથવા આત્મ-દર્શન કે ઈશ્વરપ્રાપ્તિનો ઉપદેશ કર્યો છે તે દરેકને કોઈ ને કોઈ રીતે જગતની હસ્તી સાપેક્ષ માનવી પડી છે. "મોક્ષનો ઉપદેશ એટલા માટે છે કે એમાં સાચું સુખ મળે છે. સંસારમાં સુખ મળે છે; પણ સાચું સુખ નહિ, સુખાભાસ મળે છે."[૧૦] સુખનો આ આભાસ તે માયા. (ગીતામાં કહ્યું છે કે બ્રહ્મ વસ્તુતાએ અવિભક્ત છે, પણ વિભક્ત હોય એવો આભાસ થાય છે.[૧૧] આ આભાસ તે માયા) 'નિરતિશય, અક્ષય, અનપેક્ષ, અનન્ત સુખ'[૧૨] તે મોક્ષાવસ્થા-વૈરાગ્યનો ઉપદેશ ભારતનાં સર્વ દર્શનોએ આપેલો છે. એ ઉપદેશમાં સ્પષ્ટ નહીં તો ગર્ભિત રીતે પણ જગતની હસ્તી આપેક્ષિક માનેલી છે અર્થાત્ માયાવાદનો સ્વીકાર કરેલો જ છે વલ્લભે કહ્યું છે: "માયાવાદનું પ્રતિપાદન વૈરાગ્યની ભાવના પેદા કરવા માટે કરેલું છે."[૧૩] એ કથનને ઉલટાવીને કહી શકાય કે જ્યાં જ્યાં વૈરાગ્ય કે અનાસક્તિની ભાવનાનો ઉપદેશ છે ત્યાં બધે ગર્ભિત રીતે માયા-વાદનો સ્વીકાર છે જ. જેણે જેણે, કાન્ટની પેઠે, વ્યાવહારિક સત્ય (phenomenon) ની તળે પાર-માર્થિક સત્ય (noumenon) માન્યું છે તેણે માયાવાદ માન્યો છે. એવાં વચન કેટલાક વૈજ્ઞાનિકોએ પણ ઉચ્ચાર્યાં છે.[૧૪] આનું કારણ એ છે કે માયા એ વાદ નથી પણ વાસ્તવિક હકીકત છે;[૧૫] ને તેનો સ્વીકાર કર્યા વિના છૂટકો નથી, કેમ કે આપણે એના રાજ્યમાં જ રહીએ છીએ. દ્વૈત, દ્વન્દ્વ, નાનાત્વ, વિવિધતા, સાપેક્ષતા એ જ માયા છે; અને એ અર્થમાં, કંઈક સાહસ કરીને, એમ પણ કહી શકાય કે સ્યાદ્વાદ એ માયાવાદનો જ પર્યાય છે. માણસ જેમ જગતમાં દિગંબર વિચરી શકતો નથી, તેને વસ્ત્રો ધારણ કરવાં જ પડે છે, તેમ પરમ તત્ત્વ પણ ગુણો અથવા વિશેષોરૂપી વસ્ત્ર ધારણ કરીને જ જગતનાં ચર્મચક્ષુને દેખા દે છે. આ ગુણો, વિશેષો કે વસ્ત્રો તે માયા છે. એટલે એમ કહી શકાય કે જે સ્વસ્વરૂપે દિગંબર છે તે જ જગતના વ્યવહારમાં શ્વેતાંબર અથવા પીતાંબર છે. અને એમ પણ કહી શકાય કે 'સગુણ બ્રહ્મ' અને 'માયાશબલ બ્રહ્મ' એમાં ભેદ શબ્દનો છે; અર્થ તો એક જ છે. વળી બૌદ્ધોની 'સંવૃતિ' તે પણ માયા છે.[૧૬]

ગીતામાં શું કે બીજા કોઈ ગ્રન્થમાં શું, 'માયા' શબ્દ ક્યાં ક્યાં ને કયા કયા અર્થમાં આવેલો છે, તે તપાસવાની પ્રચલિત પદ્ધતિ ઘણા વિદ્વાનોએ સ્વીકારેલી છે; અને તે આ પ્રશ્ન પર ઘણો પ્રકાશ પાડે છે. તે ઉપરાંત, 'માયા' શબ્દ વાપર્યા વિના એ વિષયનો નિર્દેશ કરેલો છે કે કેમ એ પણ જોવું ઘટે છે, એમ બીજા કેટલાક વિદ્વાનોએ કહ્યું છે. દરેક શબ્દની પાછળ ડોકિયું કરી તેમાં રહેલો ભાવ તપાસી જોવો જોઈએ, એ પાઠ ગીતા આપણને શીખવે છે. એટલે, ટૂંકામાં એમ કહી શકાય કે જગત અવિદ્યમાન છે, શૂન્ય છે, અસત્ય છે, કેવળ મનની કલ્પેલી રચના છે, એવો માયાવાદનો ખોટો ને ભડકામણો અર્થ કરીએ, તો એવો માયાવાદ ગીતામાં નથી. પણ જગતની હસ્તી સાપેક્ષ છે, અને એ સાપેક્ષમાં પણ પગલે પગલે પેલું નિરપેક્ષ તત્ત્વ જ ચમકે છે; ઠેરઠેર એની વિભૂતિઓ જ ભરેલી છે;[૧૭] 'જ્યાં જ્યાં મારી નજર ઠરે યાદી ભરી ત્યાં આપની';[૧૮] એવો માયાવાદનો ખરો અર્થ કરીએ, તો તે અર્થમાં માયાવાદનો સ્વીકાર ગીતાએ કરેલો જ છે. એ માયાને માણસ તરી જાય એ જ મોક્ષ અથવા નિરપેક્ષ સુખ કે આનન્દની પરમાવસ્થા છે.

---

૧. દાસગુપ્ત: 'એ હિસ્ટરી ઓફ ઇન્ડિયન ફિલોસોફી' વૉ. ૧. પૃ ૪૪૬.

૨. मायामात्रमिदं द्वैतमद्वैतं परमार्थतः । गौडपादः माण्डूक्यकारिका १;१७.

૩. "આ મત, જે જીવનને એક કરુણ હાંસીરૂપ માને છે, તે જો ખરો માનીએ, તો આપણને પ્રતીત થતા જગત વિષેના શંકરના ઘણાં વચનો નિરર્થક બની જાય છે; અને, માયાવાદનો એવો અર્થ કરવાથી, શાસ્ત્રવચનોના અર્થો ઘટાવવાના એકેએક સંગીન નિયમનો ભંગ થાય છે"—રાધાકૃષ્ણન: 'ઇંડિયન ફિલોસોફી' વૉ. ૨. પૃ. ૫૮૬. સરખાવો દાસગુપ્ત 'ઇન્ડિયન આઇડિયાલીઝમ' પૃ. ૧૮૦; તથા હીરાલાલ હલદર 'કૉન્ટેમ્પોરરી ઇંડિયન ફિલોસોફી', પૃ. ૨૧૯.

૪ રાધાકૃષ્ણન: 'ઇંડિયન ફિલોસોફી' વૉ. ૨,પૃ. ૫૮૩.

૫. प्रकृतिरीशस्य विकारकारणशक्तिस्त्रिगुणात्मिका माया । गीता-शांकरभाष्य १३;२०.

(વિકારો ઉત્પન્ન કરવાની ઈશ્વરની શક્તિ—અર્થાત્ ત્રણ ગુણવાળી માયા—તે પ્રકૃતિ)

૬. સરખાવો પ્લેટોના 'નોઉજ' અને 'ઓપીનિયન', તથા જૈન મતના 'સકલાદેશ' અને 'વિકલાદેશ'.

૭. प्रतिबोधविदितम् । केनोपनिषद् २;४. एकेनैव सर्वशानुगतेन सर्वत्र सत्प्रतीति ।

(એ એક સત્પદાર્થ જ જગતના સર્વ પદાર્થોના આધારરૂપે રહેલો હોવાથી, જગતમા સર્વત્ર એ સત્પદાર્થનું જ દર્શન થાય છે)

૮. अज्ञानेनावृते ज्ञानम् । गीता ५ १५.

૯. गीता १६;८–२०.

૧૦. સુખલાલજી : तत्त्वार्थसूत्र–ગુજરાતી વ્યાખ્યા, પૃ ૭

૧૧. अविभक्तं विभक्तेषु विभक्तमिव च स्थितम् । गीता १३;१६.

૧૨. स्याद्वादमजरी ९.

૧૩. मायिकत्व पुराणेषु वैराग्यार्थमुदीर्यते । तत्त्वदीपनिबन्ध-शास्त्रार्थप्रकरण, श्लोक ८९.

૧૪ "આ ભૌતિક જગત તે એના કરતા ઊડે રહેલા સત્પદાર્થનો આભાસ અથવા વિવર્ત છે એ સત્પદાર્થ હજુ આપણા ચર્મચક્ષુને અગોચર છે, અને વૈજ્ઞાનિક પદ્ધતિથી ચક્ષુ વડે તેનું માત્ર ઝાંખુ ઝાંખુ દર્શન થઇ શકે છે."—જે એસ હોલડેન 'મિકેનીઝમ, લાઇફ એન્ડ પર્સનાલીટી', પૃ. ૧૦૪. વળી, એ એસ. એડિંગ્ટન: 'સ્ટ્રેસ, ટાઇમ એન્ડ ગ્રેવીટેશન', પૃ ૨૦૦–૧.

૧૫ વિવેકાનંદ : 'જ્ઞાનયોગ', પૃ ૪૦

૧૬. દાસગુપ્ત ' 'ઇ. ફિ' વૉ ૧, પૃ ૪૨૮.

૧૭ मायाविभूतय इमा. पुरुदरविभाज । भागवत २; ७; ३९. (એની શક્તિઓ ઘણી છે, અને આ બધી એની માયાવિભૂતિઓ છે)

૧૮. કલાપી.

❊

બ્રિટન અને બાઈસિકલ

બ્રિટનમા આજે દર મિનિટે ૧૫૦ બાઇસિકલો પેદા થાય છે ૧૯૩૮ના વર્ષ દરમિયાન બ્રિટનમા ૬,૫૦,૦૦૦ બાઇસિકલો બનેલી; આજે, ૧૯૪૬ના પહેલા દસ મહિનામાં, એ આંકડો વધીને ૧૩,૬૦,૦૦૦ ઉપર પહોચી ગયો છે આ વધેલા ઉત્પાદનમાથી ૬૦ ટકા જેટલી બાઇસિકલોની નિકાસ કરવામા આવી છે

હું ઈશ્વર નથી એનો

મારું નામ મોરારજી દેસાઇ નથી હું બાબાસાહેબ ખેર નથી. ઈ તો ઓલે જનમ પૂન કર્યાં હોય તો દેશની સેવા કરવાનો વારો આવે. દેશ શુ, મારા એક દિલનેય હું સાચવી જાણતો નથી.

-મારે ઘેર સર પરશોત્તમદાસ આવ્યા નથી મારે ત્યા તો પોલીસ પધારેલ છે. આપણને કોઇએ હાર-તોરા માટે નોતર્યો નથી આપણને તો ગળાની અંદર કો'ક વાર દોરડુ પાડ્યુ છે. ને અમને જેલભેગા કર્યા છે. તોય મારા દીકરાઓએ મારું નામ પાડ્યુ છે ભગત

હુ નકરો નાલાયક. કહો એટલા મારી નાલાયકીના નમૂનાઓ આપુ ઈ બધાનો અટાણે તો મારે પસ્તાવો થાય છે. પેલેથી જ હું બાઝવાનો હાથ-નારો. બીજા માણસનો તો દેહ વટલાયો હશે, મારો તો આતમો વટલાયો.

તે દી મને કેમ કોઇએ ટપાર્યો નૈ હોય! એલા હા! એક રાતે મને મારા આતમાએ ઠેશ મારી દીધી'તી. ઈ સંધુય સાભરે છે ઇ રાતે હુ ગામના તળાવે ગ્યો. ગરમી હતી એટલે હું તો ફાળિયું પહેરી ધૂબાંગ દઈને પાણીમાં પડ્યો. એક ટાઢો તો થાઉ. પણ હું ટાઢો પડ્યો નૈ

ગામના ઈ મોટાને મેં મારી લાકડીએ જરા રમાડ્યો. ને એના માથામાથી તો લોહીની ધાર હાલી નીકળી. મને દાઝ ચડી'તી. મારા ભાઇબંધની જુવાન બહેનનો ઈ મોટાએ અટકચાળો કર્યો ને બાપરાપ! મારી આંખમા રાતા પીળાં આવી ગ્યાં. મોટા એના ઘરનો. કમાણી કરી ગામમાં આવ્યો'તો તે દાદાગીરી કરવા માટે?

ઈ માર ખાઈને હાલતો થયો એક વેણ મોઢામાંથી કાઢ્યું નૈ ઈ રીતે મને મારા આતમાએ ઠેશ મારી એલા અનાડી! શાદને લોહી કાઢ્યું ને હું તળાવમાં પડ્યો

ઈ મોટા હાલ્યો તો ગ્યો. એણે ગામના ચહા-ચાંઠીઆવાળાને પોતાનો કરી લીધો. એક દી હુ દુકાને ગ્યો. ચા માગી. દુકાનવાળાએ ગાળ કાઢી. તોય હું મૂંગો રહ્યો. મે ફરી ચા માગી. એણે પછી તો એવી ગાળ કાઢી કે મારી છાતીમાં આગનું ચક્કર ફરવા મંડ્યું. મારી મા ને મારી બહેન સામે ગાળ!

અફસોસ છે

જિતુભાઈ પ્ર. મહેતા

હું ઊભો થયો. મેં દુકાનદારને છૂંદી નાખ્યો. એવું આવી બન્યું. એ ઢગલો થઈ ગયો. દુકાનવાળો મરી નો'ગયો. ને હું સડેડાટ બારણે પુગ્યો.

ગુંજામાં કાંઈ નો'તું. ઓરડામાં મારા બાપુ હતા. મારી બા હતી. ગોખલાની અંદર ઈ નોટું રાખતા. એના પર હાથ ફેરવી હું તો હાલ્યો. ગ્યો ટેશણે. ને કઢાવી મુંબઈની ટિકટ.

પછીની વાત સંભારવામાં સાર નથી. હું સાવેસાવ વટલાયો. ઈમાં આંખફરક ચલાવતા ચાંપશી શેઠ સાથે મારે કામ પડ્યું. ને હું એમની આગળ કામ કરવા માંડ્યો.

આપણે ચોરણો કાઢી નાખ્યો. લગાવી દીધું, પાટલૂન. આ ભાઈ પછી તો દાદા તરીકે હરવાફરવા લાગ્યા.

આપણે ફનનદેવાળિયા. પૈસાનો ધા કરનારા. ક્યાં રીતસર રળવા ગ્યા'તા! હોહપાટ ઘણું જીરો.

મુંબઈમાં હું ફરું ને ઘણી વાર ચોપાટીની રેતીમાં સભા મળી હોય. ત્યાં જાઉં જ ને કોક સારો શબ્દ સાંભળીને મન સારું થઈ જાય તો! તો પંચાત થાય. તો પાછા ખાવાના વાંધા પડે.

મને એમ થાય કે આ મોટા મોટા માણસો આખો દી ભાષણું કરે છે તે એને રળવાનો વખત ક્યારે મળતો હશે? રોટીપાણીની ચિંતા એમને નૈ હોય? નાનકડા મગજમાં બીજા વિચારો કેમ ગરે!

એક સાંજે તો હું હાલી હાલીને લોથ થૈ ગ્યો'તો. ત્યાં તો ચોપાટીની રેતી ઉપર ભાષણું કરનારા ભાઈની મોટર નીકળી. મારી વહાલુડી! વીજળીની જેમ મોટર હાલી ગઈ. ઈ તો એમ જ હોય ને! દેશ આખાનું કાર્ય કરવું ઈ કાંઈ ખાઈ જવાનું કામ છે!

ચાંપશી શેઠનું કામ આગળ વધ્યું. હું એનો અડ્ડો સાચવવા મંડ્યો. આંકફરક રમવા કોણ આવતા'તા? ભાઈશાબ! નામ પૂછશો મા. શું કરે! ગેંચા વરસને રૂપિયા ફેંકવા જુવે ને! ઈમાં વાંક રૂપિયાનો.

એક વાર એક આબરૂદાર સ્ત્રી દુકાને આવી. ધન ઉપર ઈ બાઈએ પચાસ રૂપિયા મૂકી દીધા! ને ઈ રાતે ધન આવી. આબરૂવાળી ઈ સ્ત્રી એવા માણસો હારે આવવા માંડી ને એક દી મેં ઈને સંભળાવ્યું. શાણાં બાઈ, તમારું આ કામ નથી હોં!

એટલું બોલીને ઈ બાઈની મોટરની અંદર બેઠેલા એને હું સહેજ પંપાળી આવ્યો. એકાદી હોહપાટ થઈ ગઈ. ઈ એના સગાઓ હતા! હું ભોંઠો પડી ગયો. નાહક મેં એમને હલાવ્યા.

"હવે તો ચાંપશી શેઠની મારા ઉપર એટલી મહેરબાની થઈ કે મને ઈ એમની હારે સી. સી. આઈ.માં કો'ક વાર લઈ જવા માંડ્યા. મારા જેવો નફ્ફટ નાલાયક! આ સારામાં સારી માણસોની ટોળીમાં શીદ હોય!

મને આંહી બામ થવા માંડ્યો. ચાંપશી શેઠને મેં કીધું: ભાઈ, આપણે આંહી સારા ન લાગીએ! ...ને આમ બોલી અમે બહાર નીકળીએ છીએ ત્યાં તો ચોપાટી વાળા ઓલ્યા ભાષણું કરનારા આવ્યા. હું ખુશ થયો. ઈ બિચારા દેશની ચાકરી કરી થાકી જાય તે ઘડી મન બહેલાવે ને! અમને ઈ સારું ન લાગે! આમારાં કામાં વરતાં ને!

એક સાંજે ચાંપશી શેઠ હસતા હસતા આવ્યા. મને કહી દીધું કે ભગલા! તૈયાર થાજે. આપણે વિમાનમાં દિલ્હી જવાનું છે. દિલ્હીને છ્યે પાછું વિમાનમાં!

ખરેરાટ કરતા વિમાનમાં ઉપડ્યા. હું હારે હતો એટલે વૈકુંઠ માફક આ વિમાન નો'તું આપણને એવા આશરવાદ કોણ આપે કે વિમાન પડે ને તરત જ ફેંસલો બોલી જાય!

વાદળાં દેખીને મારું મન મારા ગામમાં દોડી ગયું. મારું તો સૌએ સનાન કરી નાખ્યું હશે જ. મને ઓલ્યા ચડાવાળાએ શાળ દીધી ન હોત તો હું કાંક માણસમાં હોત, પણ હવે શું થાય! મારા મગજને કાટી પડવાની જ દેર.

ચાંપશી શેઠને એમનું કામ હતું એટલે દિલ્હીમાં ઈ આંટા મારવા લાગ્યા. ને એક દી અમે બિરલાનું મંદિર જોવા ગ્યા. વાહ વાહ! શું મંદિર! અક્કલ કામ ન કરે! બિરલા કેવા ઉમદામાં ઉમદા માણસ હતા! ઈ દેવમંદિર બંધાવતા. દેશની ભગતાર કરતા. મારા જેવા બદમાશની જાત ઉપર તો એવા ભલા માણસનું નામ પણ હું બોલું તો મને પાપ લાગે.

પાછા મુંબઈ આવ્યા. એક બૂરું કામ ચાંપશી શેઠે અમને સોંપ્યું. એ મારામારી મને પસંદ નો'તી પણ શું કરું ? મેં એ પતાવ્યું... મારી હારમાં કામ કરનારાઓ કોક દી મને કે'તા કે એલા ભગત ! આ પ્યાલીઉં જેવી બાયડીઉં દેખીને તારી છાતીમાં કોઈ ચક્કર ફરતું નથી ?

હું એને કે'તો નો'તો કે મારા ગામમાં એક એવી હતી. એને દેખીને ગુલાબી ચક્કરો છાતીમાં ફર્યા કરતાં પણ ઈ તો ત્યાં ને હું અહીયાં, ઈ વાતુનેય વરસો થઈ ગ્યાં. ઇ કોણ જાણે ક્યાં હશે ? હું નકરો નાલાયક !

બોલી શું ? રીઝ કહો છો ને ! મુંબઈની ઇ રીઝ હોટેલમાં અમે બેઠા'તા. મારાં ગૂંજામા ચાપશી શેઠના દસ હજાર રૂપિયા હતા. એમાંથી એક રૂપિયો વાપરવાવાળો હું ને ! ઇ સારું લાગે ? ઇ કેટલા સારા કે મારા જેવા બદમાશના હાથમાં આટલી. રકમ સુવાંગ સોંપી દે. ન મળે એની ચિઠ્ઠીચપાટી. ઇ તો જીવની વાત. કેટલા સારા માણસ !

રીઝમાંથી અમે કોલાબા ઉપર ફરવા નીકળ્યા. મારી હારે ધનજી હતો. એણે મને મોટરમાં લીધો. ધનજી મુંબઈનો દાદો હતો પણ તમને સાચું કહું છું કે મને ઇ નકામો લાગતો. અમારે થોડી દોસ્તી હતી. અમે બહાર નીકળ્યા. અમારી પાછળ એક મોટર આવતી'તી, મને કાંઈ ખબર પડી નહિ. કોલાબા આવતાંની સાથે મારા પર મોટરમાં જ માર પડ્યો. હું ભાન ગુમાવી બેઠો. કોલાબાના દરિયાની અંદર મને હડસેલી દીધો. એ વખતે હું ભાનમાં આવતો હતો. હું સાવ ભાનમાં આવી ગયો. તોય હું પડી રહ્યો. દરિયાનું પાણી મારા ઉપર પછડાવા લાગ્યું. ધનજી બોલ્યો: 'ભગતને સલામ છે.' ધનજીની ટોળીએ માની લીધું કે હું ખતમ થઇ ગયો હતો. ને દરિયો મને તાણી જવાનો હતો.

શ્વાસ રોકીને હું પાણીનો ઠાંઠ રોકી રહ્યો પછી હું એકલો પડ્યો...અને હું ઊઠીને ચાલતો થયો.

મારી છાતીમાં ધનજીના નામનું ભયંકર ચક્કર ફરતું'તું. દાંતવાળું એ ચક્કર હતું. જઇને પીસી નાખીશ, ધનજીને સાબદોને સાગ્રદો.

ચાંપશી શેઠના અડ્ડા પર ગયો તો ખરો. પણ મારે માટે કોઈએ ચૂં કે ચાં કરવાનું નથી એમ કઈ દીધું... ને મારા માણસોએ ધનજીની ટોળીને એવી વાત જણાવી દીધી કે ભગતનો પત્તો નથી. ડૂબાઈ ગયો લાગે છ. ધનજી એ વાત સાંભળી અંદરથી હસવા લાગ્યો.

એક રાતે વરસાદ વરસતો'તો. મુંબઈનો વરસાદ અનાડી ! આવે ત્યારે બધો એકહારે. મેં પેલેથી તપાસ કરાવી'તી. ધનજી એની ટોળીની હારે એના ઓરડામાં જ હતો.

મારા દસ હજાર રૂપિયાની ઈ મોજું માણતો'તો મને તો એના પાછલા બારણાંની બરાબર ખબર હતી. ચૂપચાપ હું ઈ ઠેકાણે પુગી ગયો. ત્યાં ઊભેલા માણસે મને જોઇને આંખો ફાડી. ઇ કાંઈ વેણ કાઢી જ ન શક્યો. એટલે એને ધક્કો મારી, એ જે પાછલું બારણું સાચવવા બેઠો હતો એ બારણાંને ધક્કો મારી હું અંદર ગયો. ધનજીની આંખની બરાબર સામે.

ધનજીના હોશકોશ ઊડી ગયા. ભગત, તમે ! ભગત, માફ કરો. મારા બાપ ! મને મારશો મા, ભગત !

મુંબઇનો આ દાદો ! દીકરા મારાને ટાઢ આવી ગઈ આટલામાં ? ચોળી નાખું ધનજીડાને...ને કોણ જાણે શા માટે મારા આતમાએ મને ટપાર્યો. એલા એને મારીને શું કરીશ ? એમાં શું બળ્યું છે !

ધનજીને મેં જવા દીધો. એનો મને પસ્તાવો રહી ગયો નથી. મારા જેવા બદમાશને એણે મારી નાખ્યો હોત તોય જગતનું શું બૂરું થવાનું હતું !

ચોપાટી ઉપર સભા મળતી'તી. ઈ લોકોનાં નસીબ ચકચકતાં હતાં ! અને આ ભગત, ભગત તો નકરો નાલાયક.

ચાંપશી શેઠના અડ્ડામાં છાપાંઓના તો થોકડાના થોકડા. મને ઝાઝું વાચતા આવડે ને પણ થોડું તો આવડે. ને હું આજનું છાપું આજ જ જોઉં એવું ને.

અરે આ મીંડાંનાં મીંડાં ને એની પહેલાં એકડો ! આવડું મોટું આ શું ? આ તો ફાળો હતો. દેશ માટે. આ શેઠીઆઓ, એમનો ભવ સુધારતા હતા. ખોબો ભરીને રૂપિયા ભરતા'તા. સારા માણસો સારાં કામ કરે.

ઇ કાંઇ અમસ્તા કમાયા હશે? આ અમ જેવાનો રૂપિયો ગયો. એમનો તો ઊજળો ઝાકઝમ. મને એક વાર થયું કે હુંય ફંડમાં રૂપિયા ભરું પણ મારો તો આત્મા વટલાયેલો. મારો પૈસો એમાં હોય?

આ ધનજીએ તો હદ કરી! .. એક ગલીમાં હું જતો તો ત્યાં કોઈ બીજા માણસ ઉપર છરી ચાલી. એ તો મારો દોસ્ત યાકુબ! એને કોણ મારી ગયુ? હું તો યાકુબની આગળ ગયો. ત્યાં તો પોલીસને બીજા ટોપાવાળા આવી પુગ્યા ને મને પકડી ગયા. આ કામો કરનારો ધનજી જ.

આમા હું ધનજીને માથે વાંક મેલતો નથી. એનામાં બીજી ત્રેવડ કયા છે? આ મુંબઈ એટલે આખો મલક. આ આખા મલકમા ફર્યો. ધરાઈ ધરાઈને ફર્યો છુ.

મને એમ થયું કે આ દુનિયાને ખૂબ ધોઇ ધોઇને વાળીને સાફસફ કરી દેવી જુવે. દુનિયાના આતમાને ઊટકવાની જરૂર છે. આ શું સાળું? શુ બોલવું એનીય મને બરાબર સૂઝ પડતી નથી. આ તે કાંઈ દુનિયા છે?

મને અફસોસ થાય છે કે હું ખુદા નથી. હું ઈશ્વર હોત તો આમ ન થવા દેત. આવો વહેવાર ન ચાલવા દેત.

મુંબઇની ઈ ટોપલીઓ. કચરો ભરવાની ટોપલીઓ. ગલીના નાકા પરના ઇ ઢગલા. એમાં સુકાં પાનનો કચરો, કાગળનો કચરો, શીંદરીનાં ફાટેલા દોના. ઇમાં એક બાળક નાનું નૈ મોટું. પાંચ છ વરસનું. શીદને એ કચરામાં ગયું? કેમ મરી ગયું?

ખરેખર, મને અફસોસ થાય છે કે હું, એક બદમાશ છુ. મને અફસોસ થાય છે કે હું ભગવાન નથી. નહિતર આમ હોય?

કદાચ મને ફાંસીય મળે નવો કાયદો થયો છે ને? હું કાયદામાં ઝડપાયો છું મને માણસની છરી વાગી નથી. કાયદાની છરી વાગી છે કોઈ નૈં.

મને મોતની સજા મળે તોય વાંધો નથી. મેં તો મારું મન મારી સાથેના કેદી આગળ ઠાલવ્યું છે. એને તો લખતાંય આવડે છે... ને ઇ તો મારી વાતો ટપ ટપ ઉતારી લ્યે છે.

આજે એ કેદીય જાય છે. જેલ છોડી જાય છે. હવે તો હુ વાત કરવામાંથીય જવાનો! હું રાહ જોઉં છુ. મને ફાંસી મળશે?

મારી કીધેની વાત એ કેદી બહાર જઇને કાગળ પર મેલે તો ઇમાં કાંઇ ભૂલ લાગે તો ઈ મારી હશે હો કે! એની ને...મારા ગામના ઇ ચાના દુકાનવાળાએ મામેન મામી ગાળ મને ન દીધી હોત તો! હું ત્રેવળીઓ– હ હરામી... આજે મારી છાતીમા પસ્તાવાનું ટાઢું ચક્કર ફરે છે.

હું નકરો નાલાયક....

※

ન્યૂઝપ્રિન્ટ ભક્ષક

અમેરિકાનાં દૈનિક અખબારોએ ૧૯૪૬ના નવેમ્બરમાં ૨,૬૧,૫૧૭ ટન ન્યૂઝપ્રિન્ટ કાગળનો ઉપયોગ કરેલો. બાર મહિના પૂર્વેના નવેમ્બર દરમિયાન ૨,૩૬,૦૯૦ ટન કાગળ વપરાયેલો અમેરિકામાં બધી જાતના છાપાઓએ મળીને ૧૯૪૬ના નવેમ્બર દરમિયાન ૪,૧૦,૫૮૭ ટન ન્યૂઝપ્રિન્ટ વાપરેલો.

દુનિયાના કુલ ન્યૂઝપ્રિન્ટનો ૨/૩ ભાગ એકલા અમેરિકાના છાપા હજમ કરી જાય છે. અમેરિકાની સાડા તેર કરોડની વસ્તીમાં માથા દીઠ ૬૨ વરસે સરેરાશ ૧૦ રતલ ન્યૂઝપ્રિન્ટ વપરાય છે

[અનુસંધાન પૃષ્ઠ ૨૨ થી ચાલુ]

ખીમજી!—વિમળાના હૃદય-ધબકાર સહેજ શમ્યા, યાદદાસ્તનાં ડોળાણ ઓસર્યાં, અને એણે ખીમજીને ઓળખ્યો. મિલની ઓફીસનો આ કારકૂન માણેક-બહેનને ઘેર સીધું-સામાન ખરીદીને મૂકવા આવતો હતો કંઈ કોઈ વાર. એ અડબૂથ જેવો માણસ આ સાહેબલોકના પોશાકમા શા માટે? એનું જડબું કાંઈ વિચિત્ર જખ્મે ચૂંથાયેલું કેમ? એની મોટી મૂછો ક્યાં ગઈ? કયું ઘોર કૃત્ય કરીને, ક્યાંથી નાસી છૂટયો હશે? પોલીસ એની પાછળ શા માટે પડી હશે? મીંદડી ચડી જાય એવી ઝડપ ને સ્ફૂર્તિથી એ જખ્મી માણસ મેડા પર ચડી ગયો હતો! આ બધી શી ભૈરવ-લીલા ચાલી રહી છે? આ આખું ઘર, આ શહેર, આ સમગ્ર દેશ ને દુનિયા, કેમ કોઈ કાવતરાંનાં કાળ-ઠેકાણાં બની ગયાં છે? હું આમાં ક્યાંથી આવી પડી?—નાસીને, ઉપલે મજલેથી નીચે કુદકો મારીને ઝટ ટ્રેનમાં બેસીને પોતાના ગામ ભેળી થઇ જવા એ તલસી ઊઠી.

પણ કંઇક યાદ આવ્યું. બારણે જઈ બીજે આગળિયો પણ બીડી દીધો, સીડી ઉપાડી, પેલા મેડાને લગાડી, પાણીનો લોટો ભર્યો, સીડી પર ચડી, મેડે સાદ કર્યો, 'ભાઈ, પાણી પીવું છે?'

સામેથી હાથ લંબાયો. લોટો એ હાથે લીધો. પીને પાછો આપ્યો. અવાજ પણ થયો: 'હજુ જોઇએ...'

ફરી મોટો લોટો ભરીને એ ઉપર ચડી. પીનારના કંઠના ઘટકારા એને કાને પડતા હતા. 'હા...શ! મા!' એવો મૂંગો સ્વર સંભળાયો.

ફરી એણે સીડી ઓરડામાં ખેસવી લીધી.

છોકરાં સિનેમા જોઇને આવ્યાં, અને માણેકબેન પણ તે પછી આવ્યાં. એમની સાથે પેલો દરવાન ભૈયો હતો કે જેને વિમળાએ પોતે દેશમાંથી આવેલી તે પ્રભાતે દીઠો હતો, ને તે પછી પણ જ્યારે જ્યારે પોતે નીચે ગઈ ત્યારે નીચેને દરવાજે ઉભેલો, અગર માણેકબેન કેટલીકવાર બહાર જઈ ઉપર આવેલાં ત્યારે ત્યારે માણેકબેનનો ખરીદીનો સામાન લઇ ઉપર આવેલો દીઠો હતો. આ રાત્રિયે એણે અંદર આવી, સામાનનાં પડીકાં દીવાનખાનામાં મૂકી, પછી એણે હાથની તાળી પાડી.

'કેમ, ભૈયાજી!' માણેકબેનને આ વિચિત્ર ચેષ્ટાએ ચમકાવ્યાં.

'ના, કંઇ નહિ બેન! એ તો હું ખીમજીને લેવા આવ્યો છું.'

શુદ્ધ ગુજરાતી ભાષાપ્રયોગ! સ્વરમાં પણ પરિવર્તન! આ શું! ભૈયો દરવાન સામે ઊભો ઊભો હસી રહ્યો છે અને પછવાડેના મેડા પર બિલાડીના જેવા ખડખડાટ સંભળાય છે. છુપાયેલો આદમી, ચૂંથાઇ ગયેલ જડબે નીચે ઉતરે છે; એના દિદાર દેખી માણેકબેન સડક થઇ જાય છે.

'અમે જઈએ છીએ' ભૈયા દરવાને શુદ્ધ સંસ્કારી ગુજરાતીમાં સંભળાવ્યું. 'હવે આ ઘર સલામત નથી. બોમ્બ બનાવતાં ખીમજીની બપોરે આ દશા બની છે. ને એની પાછળ પડેલી પોલીસને મેં જુદે રસ્તે વળાવી છે. પણ હવે હું જાઉં છું. કાલ સવારથી તમે મને નહિ જુઓ, જોઇને ચીડાવાનું નહિ રહે, ફરી કદાચ નહિ મળાએ.'

'પણ, તમે...તમે...કોણ?'

'પિછાનનો આ સમય નથી. હતો તો જાસૂસ, પણ સરકારનો નહિ. અહીં હવે નહિ રહેવાય. પોલીસે રાક્ષસ-લીલા આદરી દીધી છે. ગઇ કાલે સાંજે, શામળાપુર સ્ટેશને, પંદર છોકરાઓને ખેતરમાં બેસારીને ઠંડે કલેજે ઠાર માર્યા છે. પાણી પાણી પોકારતા જુવાનોને પાણી નથી દીધું, જાઉં છું બેન.'

એમ બોલી, દૂર ઊભેલા ધાટી પ્રત્યે આંગળી ચીંધી, ઉમેર્યું: 'એનો ડર રાખશો નહિ. અમારા માયલો જ છે.'

પેલા ખીમજી નામે ઓળખાયેલ માણસને લઇ આ બેઠી પુરુષ, વધુ કંઇ બોલ્યા વિના નીચે ઊતરી ગયો. (અપૂર્ણ)

સંવેદનાનું રસાયન

સ્વામી આનંદ

[મુંબઈમાં જેમનું તાજેતરમાં ખૂન થયું તે ડૉ. વ્રજલાલ મેઘાણીએ રચેલા 'આળાં હૈયાં' નામના નવલિકા સંગ્રહ પર સ્વામી આનંદે કરેલું સુંદર સંક્ષિપ્ત અવલોકન 'પ્રબુદ્ધ જૈન'ના સૌજન્યથી અત્રે આપીએ છીએ.
સંપાદક]

ડાક્તર મેઘાણીની ટૂંકી વાર્તાઓ "પ્રબુદ્ધ જૈન"ની કટારોમાં આવતી તે હું ઘણા રસપૂર્વક લગભગ હંમેશાં વાંચતો. હવે એ વાર્તાઓનો સંગ્રહ પુસ્તકાકારે ગુજરાતી વાચકવર્ગ સમક્ષ મૂકીને "પ્રબુદ્ધ જૈન"ના સંચાલકો વધુ વિશાળ એવા ગુજરાતી જનસમાજની સંગીન સેવા કરે છે એવું મારું માનવું છે.

વરસે દહાડે ત્રણચાર કરોડનું કારભારું કરનાર મુંબઈનું શહેરસુધરાઈ તંત્ર હિંદુસ્તાનનાં મોટામાં મોટાં રજવાડાંઓની બરોબરી કરે એવડું મોટું ગણાય. આવડાં વિશાળ તંત્રમાં એક અદના દાક્તરનો દરજ્જો એ તાતાગજવેલના અગડબંબ કારખાનામાં એક ટપકા જેવડા સ્ક્રુ કે ચક્કરદાંતા કરતાં મોટો ન ગણાય. અને છતાં એવા એક અદૃશ્ય તંત્રના નિયમન તળે હાલતાચાલતા ને માલિકે નીમેલું કામ બજાવી આપતા કલ્લાગરા દાંતા વચ્ચે અને ધબકતું માનવ હૈયું લઈને ખાતાની નોકરી બજાવવા નીકળનાર માનવી વચ્ચેનો તફાવત દેખીતો છે. વિવેકાનંદ કહેતા કે લોખંડી સલેપાટ પર દોડ્યે જતા એન્જિન કરતાં બે પાટા પર ચાલી જતી નાનીશી ઇયળ કે ગોકળગાય વધુ મોટી છે. કારણ એને પોતાની એવી સ્વયંભૂ પ્રેરણા અને ઇચ્છાશક્તિ છે, તેની મદદથી આ આવડું શું જંતુ એન્જિનનો અવાજ સાંભળતાં વેંત પાટા પરથી ખસી ઊતરી જઈને પોતાની જાતને બચાવી લે છે; જ્યારે હજાર ઘોડાબળને જોરે દોડ્યું જતું એન્જિન એ જ પાટે સામેથી આવતી બીજી ટ્રેન જોયા પછી પણ પોતાને કે પોતાને આશરે રહેલાં બીજાઓને ભયાનક અકસ્માતથી બચાવી શકશે નહિ. માનવીનો દરજ્જો ઇયળથી જેટલો ઊંચો તેટલી તેની ઇચ્છાશક્તિ વધુ સામર્થ્યભરી, વધુ ફળદાયી અને પોતાને માટે તેમ જ પોતાની આસપાસનાં સૌને માટે વધુ કલ્યાણકારી કે અકલ્યાણકારી.

સાયન્સે સાંકડી કરી મૂકેલ આજની દુનિયામાં સબળ તેમ જ શિરજોર પ્રજાઓ અને વર્ગો વચ્ચેનો કલહ તીવ્રતમ થઈ ઊઠ્યો છે. મૂઠીભર શક્તિસંપન્ન ભક્ષકોનાં મતલબી સંગઠનો હેઠળ લાખો-કરોડો લાચારો દિવસરાત પરસેવા પાડી પોતાનાં લોહી સૂકવે છે. સંસ્કૃતિ, કાયદો, સુલેહશાંતિ અને વ્યવસ્થાની વ્યાખ્યાઓ ભક્ષ્ય-ભક્ષક માટે જુદી જુદી છે. સબળાં-નબળાંની ઠેલમઠેલ વચ્ચે સંસાર આખો એક વિશાળ યુદ્ધ-છાવણી બની ગયો છે.

આવા આ દારુણ કાળિકાળ વચ્ચે ગણ્યાગાંઠ્યા ત્યાગી તપસ્વી દ્રષ્ટાઓનાં તપોબળને પ્રતાપે આપણા જમાનાની નવી સ્લોગન (મુક્તિમંત્ર)નો જન્મ થયો. એ મંત્ર છે શૂદ્રપૂજા, શ્રમજીવીઓની પૂજાપ્રતિષ્ઠા. આજના ઋષિઓએ સમસ્ત સંસારની મંગલ અને કલ્યાણકારી શક્તિનો ઉગમ આ એક જ સ્થાને જોયો અને આ કાળના તમામ વિસંવાદોના એકમાત્ર તરણોપાય રૂપે સમાજવ્યવસ્થામાં સૌથી નીચા ને હલકા લેખીના ગણાયેલા એ તિરસ્કૃત અને હડધૂત વર્ગોની નવેસર પ્રાણપ્રતિષ્ઠા કરવા સંસારને હાકલ કરી. આ મંત્રની સંસારશક્તિએ આજે દુનિયાની તમામ દલિત પીડિત પ્રજાઓને તેમ જ જનસમુદાયોને સંગઠિત કરવાનું બીડું ઝડપ્યું છે. એ મંત્રની અસર તળે સંસારના સાહિત્યોમાં એક નવો જ સૂર સંભળાવા લાગ્યો છે. એ સૂરની ધૂને મોટા મોટા માનવસમાજોને અસ્વસ્થ કરી મૂક્યા છે. કળાનો પ્રાણ એ જ સૂરમાં પોતાનું દર્દ આજે વ્યક્ત કરી રહ્યો છે. એ સૂર છે સંસારને અંધારખૂણે જેહેમનો ખેડતાં અને મૂગાં આંસુ સારતાં અસંખ્ય દીનદુખિયાં દલિત શોષિત-વંચિતોનાં દુઃખો પ્રત્યેની સંવેદના અને એમની બંધનમુક્તિની, એમની આઝાદી અને પ્રતિષ્ઠાની આ ઝંખના. એ દેશ, કોમ, ધર્મ, ન્યાતજાત તમામ ભેદો અને રાષ્ટ્રો તેમ જ

પ્રજાઓના સરહદસીમાડા ભૂંસી નાખ્યા છે. એકેએક સંવેદનશીલ માનવના આતમતાર એણે આજે ઝંઝણાવી મૂક્યા છે. એ વેદના અને એ ઝંખનાવિહોણી કવિતા પર આજે સમાજ ડોલતો નથી. એના વિનાનું સાહિત્ય આજે અલૂણું, પચાતક્રિટિનું અને પ્રગતિવિહોણું ગણાવા લાગ્યું છે.

આવી સંવેદનાથી છલોછલ હૈયું લઈને દા. મેઘાણી અલબેલી મુંબઈ નગરીના રસ્તા પર ને ગલીકુંચીઓને નાકે, ક્યાંક કચરાપટ્ટીના પીપો કે ગટરમૂતરડીઓને ખૂણે તો ક્યાંક લગભગ એ જ બેઅદબ સ્થાનોની ગંદકીને શરમાવે એવી બદીઓ અને સડામાં સબડતા ઉજળિયાત સમાજ વચ્ચે, ફર્યા છે. અને શહેર આખાની ગટર, ગંદકી ને મેલકચરા સાફ કરનારાં મેલનાં જંતુઓની જોડે જંતુ જેવું જીવન ગાળનારાં દીન માનવીઓનાં જીવનના જે સાર અંશોને સેંકડો હજારો વટેમાર્ગુઓ—સાક્ષીઓ કે સાથીઓએ રોજ રોજ આંખ સામે ભજવાતા છતાં છતી આંખે જોયા ન જોયા કર્યા એને દા. મેઘાણીએ અંતરની આહ સાથે ઉપાડી લીધા છે અને તેમાંથી હરકોઈના હૈયાને હલાવનારું રસાયણ નીપજાવ્યું છે.

ક્યાંક કોઈ તાલેવંત કાયદાને જોરે સુધરાઈ અમલદારો પાસે ધરાર તોડાવેલ ઝૂંપડાંઓમાંથી નિરાધાર નીકળીને ઝાડ તળે પડેલાં શ્રમજીવીઓ વચ્ચે તો ક્યાંક અનાથ પરાયા બાળકને ઉછેરવા ખાતર બકરી પાળીને સુધરાઈ કાનૂનનું ઉલ્લંઘન કરનાર જઈફ જઈનાબીની ગેરકાનૂની દલીલ કટાણે મોંએ સાંભળનારી અને તે પાછળ રહેલી નૈતિક અપીલ તરફ સદંતર દુર્લક્ષ કરવાની પોતાની ફરજ સમજનારી અદાલત, આગળ, ક્યાંક કોઈ નિરાધાર અબળા ઉપર સમાજને નિષ્ઠુર હાથે ગુજરતા કરપીણ જુલમોના સાક્ષી થવા તો ક્યાંક અંત્યજતના બેહાને મેલની જેમ ખંખેરીને ધર્મના સાથીની શોકાતુર માનો સગો દીકરો બની મરનારનું તર્પણ કરનાર અને શ્રાદ્ધના પિંડ દઈ તે પહોંચ્યાની ખાતરી માતાની પાસેથી મેળવનાર અદના શ્રમજીવીનું ઓળખાણ કરાવવા દા. મેઘાણી વાચકને લઈ જાય છે.

મરહૂમ ભગિની નિવેદિતાએ બરમી પ્રજાના જીવન અને ભાવનાઓનો ઊંડો અભ્યાસ કરનાર એક નામાંકિત સંવેદનશીલ અંગ્રેજ લેખકની સાહિત્યકૃતિને ગૌરવપૂર્વક ઉદ્દેશીને એક વાર લખેલું કે એક પરાયી પ્રજાના જીવનની ભાવનાઓ અને સુખદુઃખની લાગણીઓ જોડે આવડી આત્મીયતાથી ઓતપ્રોત થઈ જનાર હૈયાનો માણસ પેદા કરવો એ એક પ્રજાને માટે મોટા મહાયુદ્ધમાં મળનારી લશ્કરી જીત કરતાં વધુ મોટો ! જય અને મગરૂરીનો વિષય છે. પણ એ લખાયા પછી વીતેલા છેલ્લા ત્રણ ચાર દાયકાઓ દરમિયાન સંસારમાં પ્રજાકીય દ્વેષ, હરીફાઈ અને વેરઝેરનો પારો ઊલટો એટલો તો ઊંચો ચડ્યો છે, અને તેમાંય આપણે ત્યાં તો ઘરગથ્થુ કોમી કલહો અને સામાજિક અન્યાયોથી પ્રજા એટલી તો ત્રાસી ઊઠી છે કે સંવેદનશીલ કલમથી લખાયેલું જેવું તેવું સાહિત્ય પણ અત્યારે અનેક બળ્યાંઝળ્યાં હૈયાંને ચંદનલેપની ગરજ સારે એમ છે.

અસંખ્ય આવાં હૈયાંની અને તેવાં હૈયાંવાળા માનવીઓના બનેલા સમાજના ભીતર દિવસરાત ધૂંધવાતી કારમી વેદનાઓને આટલી સંવેદનાપૂર્વક રજૂ કરવી એ કોરા ફિલસૂફ (stoic) કે વહેવારપટુની વૃત્તિને અસાધ્ય વસ્તુ છે. તટસ્થવૃત્તિનું સમતોલન સાચવીને કે સમાજના દર્પણ બનીને સમાજના નાના મોટા ગુણદોષનું ચિત્ર રજૂ કરનાર સિદ્ધહસ્ત સાહિત્યકારનો કાર્યપ્રદેશ પણ જુદો છે. નર્યો નરદમ વાસ્તવવાદ પણ અહીં નિષ્ફળ નીવડે છે. એ રજૂઆત તો માગી લે છે 'સો લાખન મેં એક' એવા કોઈ પ્રેષિત કે દીક્ષિતની ધગશ, ધાલાવેલી ને અજંપો. અંગ્રેજ ગ્રંથકાર સીલીએ એના ઈશુચરિતની રજૂઆતમાં એક સ્થળે એવા કોરા ફિલસૂફ અને પેગમ્બર વચ્ચેનો ભેદ બહુ માર્મિક રીતે સમજાવ્યો છે.
'જડ ભરતની જાતના જોગી જે જગમાંહી,
ઇંદ્રિય મનની ઉપરે રહે શત્રુ સદાયજી.'
એવા નર્યા જતિ જોગી કે સાંખ્યવાદીઓ સંસારની વેદનાઓને સૃષ્ટિનિયંતા ઈશ્વરના અધિકારપ્રદેશનો વિષય ગણીને તે પ્રત્યે જ્ઞાનપૂર્વકની ઉદાસીનતા સેવે છે. જ્યારે પ્રેષિત પેગમ્બર પોતાને થયેલ સત્યદર્શનની સંસારને લહાણી કરવા ઉમ્મર આખી અજંપો સેવે છે. 'બહુજનને હિતાય, બહુજન સુખાય' પ્રજાઓનાં હિત અને સુખને અર્થે વસમી જહેમતો ખેડે છે

અને દેશ, દુનિયા તેમ જ પોતાના તમામ સમકાલીનોને વાવંટોળ કે વાવાઝોડાની થપાટો સાથે દ્રુતગતિએ પોતાની સાથે ઘસડી જાય છે. દા. ત. સોક્રેટીસ, પ્લેટો જેવા જ્ઞાનીઓ પોતપોતાના કાળની દુનિયાના નભોમંડળમાં પોતાના જ્ઞાનભંડાર તથા ડહાપણનો સૌમ્ય પ્રકાશ પાડી આથમ્યા કે અમર થયા, ત્યારે બુદ્ધ, ઈશુ મહંમદ અને તેમનામાં પોતાનાં ઇમાન મૂકનાર મરજીવા પ્રેષિતો અને વિશ્વાસીઓએ સમકાલીન દુનિયાને એકથી બીજા છેડા લગી ઢંઢોળી, વલોવી, ઉથલાવી પાડી લાખોના સમુદાયોને બેચેન કરી મૂક્યા અને અસંખ્ય સ્ત્રી પુરુષોની જિંદગીઓનાં લક્ષ્ય ને સુકાન ફેરવી નાંખી સંસારના જીવનવહેવારમાં મહાન ક્રાંતિઓના જુવાળ આણ્યા. આ વસમી માળાના છેલ્લા મેરુમણિ ગાંધીજીએ પણ આપણી આજની દુનિયા જોડે એવી જ વર્તણૂક ચલાવી એના આપણે સૌ સાક્ષી છીએ. આવો પેગમ્બર કે પ્રેષિત પાપભારે લદાયેલી પૃથ્વી ઉપર ઈશ્વરી સ્વર્ગરાજ્ય ઉતારવાનું પોતાનું સ્વપ્ન સિદ્ધ કરવાની લગનમાં દિવસરાત જંપતો નથી, ને કોઈને જંપવા દેતો નથી. આ અજંપાને સીલીએ Enthusiasm of Humanity (માનવતાની ધાલાવેલી) એવું નામ આપ્યું છે. × ગીતાકારે એજ વસ્તુને 'લોકસંગ્રહ' કહી છે.

આવી ધગશની ચિનગારીથી દાઝીને તેનો અજંપો વેઠતા માણસ પાસેથી તટસ્થ દર્શન કે રજૂઆતની અપેક્ષા રાખવી નકામી હોય છે. એ કંઈ ડાબુંજમણું કશું ન જોતાં આંખે પાટો બાંધીને ન્યાય તોળવા બેસનારો ન્યાયાધીશ કે કેસ સાંભળવા અદાલતમાં આવેલો પ્રેક્ષક નથી. એ તો ખુલ્લો પક્ષકાર છે, ફરિયાદી છે. પોતાનો કેસ અગવડભર્યા અને ચોંકાવનારા સાક્ષીપુરાવા ને દાખલાદલીલો સાથે રજૂ કરે છે. થયેલ અન્યાય સામે જીવ તોડી તોડીને ન્યાય માગે છે. અદાલતના અમલદારોથી માંડીને સાક્ષી અપરાધી ને પ્રેક્ષક વર્ગ સુધી સૌ કોઈને તે અસ્વસ્થ કરી મૂકે છે. ખુદ ન્યાયાધીશને પણ વેળાકવેળા 'ઉપલી અદાલત'ની યાદ અપાવી સંકડામણમાં મૂકે છે. ભલા ભૂપની પતરાજ રાખ્યા વગર વનોવાતે હૈયે કડવું સત્ય સંભળાવે છે. ઈશુ ઉપદેશનાં અનેક વસમાં ધગધગતા તેજાબસમાં વચનો તેની આ ધાલાવેલીને આભારી છે. કબીર તુકારામ આદિ આપણે ત્યાંના સંતોએ પણ એવી જ નિર્ભીક વાણીમાં સમકાલીન સમાજને પોતાના સંદેશ સંભળાવ્યા છે.

આવો પ્રેષિત પેગમ્બરની અદાથી પોતાનું કામ ઉપાડે છે. ને એવી જ ધગશ ધાલાવેલીથી એનો અમલ કરવા પાછળ અંત લગી તે તૂટી મરે છે. એ જ રીતે આજના જમાનાનું સાચું સાહિત્યસર્જન કરનારો સાહિત્યપ્રણેતા કે કવિ હરકોઈ દેશમાં કે સમાજમાં આજે આવી જ ધગશથી પ્રેરાયેલો ને દીક્ષિત માનસવાળો જોવામાં આવશે

" આળાં હૈયાં "ને રજૂ કરનાર પ્રસ્તુત કથાઓના પ્રણેતા દા. મેઘાણી નર્યા પ્રેક્ષક, તટસ્થ વિવેચક અગર તો કેવળ 'કળાને ખાતર કળા'ની ઉપાસના કરનારા નિર્લેપ સાહિત્યકાર નથી, પણ અવ્વલથી આખર લગીના પક્ષકાર છે. પોતે સાહિત્યક્ષેત્રના વ્યવસાયી નથી, પણ ભાવના અને ભાવવૈભવ તો આખા મેઘાણીકુળનો જન્મગત વારસો છે એ બિનાની એક વધુ સાબિતી પ્રસ્તુત કથાકૃતિઓ દ્વારા તેમણે પૂરી પાડી છે. આ વારસાગત પૂંજીમાં પોતાના સ્વાધ્યાય કે વ્યાસંગથી તેમણે કેટલો ઉમેરો કર્યો છે એ તો હું નથી જાણતો, પણ જીવન્ત માનવસંપર્કથી અનેક આળાં હૈયાંની મૂંગી વેદનાઓને વાચા આપીને તેમણે એ વારસાને દીપાવ્યો છે અને અનેકગણો સમૃદ્ધ કર્યો છે એમાં શક નથી. વાર્તા, સંવાદ, કટાક્ષ એમ પેરે પેરે કરીને તેમની તમામ વસ્તુસંકલના એક જ ધ્રુવબિન્દુની દિશા પકડે છે. કારમી છતાં આજના આપણા સમાજજીવનમાં સામાન્ય થઈ પડેલી હોવાથી નાની–નજીવી લાગતી બિનાઓ અને ઘટનાઓને એક સૂક્ષ્મ અવલોકનકારની અદાથી પકડી લઈને તેમાંથી કથાકાર ખાસા કૌશલ્યપૂર્વક કરુણ તેટલાં જ રોમાંચકારી કથાનકો ઊભાં કરે છે ને અનેક આળાં હૈયાંના ઊના આક્રન્દ–નિઃશ્વાસથી વાંચનારના અંતરને હલાવી મૂકે છે.

આવી જ કોઈ ને કોઈ ઘટનાઓ અને વેદનાઓને

× જુઓ પ્રો. સીલી પ્રણીત *Ecce Homo* માંનું *Enthusiasm of Humanity* શીર્ષક પ્રકરણ.

સરવાળે સંસારની ક્રાંતિઓ જન્મી છે એમ આપણે જાણીએ છીએ. મીસીસ સ્ટોના 'અંકલ ટોમની કુટિરે' અમેરિકન ક્રાંતિ નજીક આણી ને નીગ્રો જાતિની ગુલામીની બેડીઓ તોડવામાં સંગીન ફાળો આપ્યો એ જાણીતી બિના છે એ જ રીતે પોતાની કલાકૃતિ દ્વારા જર્મન ક્રાંતિમાં ફાળો આપનાર એક બાઈનું દોરેલ ચિત્ર ઘણાં વર્ષોની વાત પર કોઈ અંગ્રેજી માસિકમાં ઉધ્ધૃત થયેલ મેં જોયેલું. ખગ્રાસ સૂર્યગ્રહણની વેળા જેવી વિષાદમય અગાધ અંધાર પાર્શ્વભૂમિ વચ્ચે એક હળ ખેતરમાં ચાસ કાઢી રહ્યું છે; ઘોડાની જગાએ બે માનવી જૂત્યા છે, એક પુરુષ અને બીજી સ્ત્રી. ચિત્રમાં પુરુષ પશ્ચાદ્ ભાગે તે સ્ત્રી સંમુખે દેખાય છે. પશુસ્થાને જૂતેલ બે માનવી—અને પાછળ હાંકનાર ત્રીજું માનવી એમ ત્રણે પર કોઈ ભયાનક એ યુગના ઓળા સમો અંધારમય વિષાદ છવાયેલ છે. પણ ચિત્ર જોતાં તો સૌથી પ્રમુખપણે તો દેખાય છે ઢોરની હમે ઝૂસરે જૂતેલ અને કષ્ટભારે બેવડ વળી ગયેલ સ્ત્રીની લગભગ ફાટીને લોહીના ટશિયા આવી ગયેલ ડાબી આંખ. એક બે દાયકા એ ચિત્ર જોયાને વીત્યા હશે, પણ વિખવેદનાના ઓળા નીંગળતા એ ચિત્રમાં આખી પ્રજાની એક આખા જમાનાની—વેદનાને સામટી દાખવતી પેલી આંખ હું કદી ભૂલી શક્યો નથી. ચિત્ર તળે કે બીજે ક્યાંક એવું પણ વાંચ્યાનું મને સ્મરણ છે કે જર્મન-ક્રાંતિમાં આ ચિત્રે પૂરેલ હિસ્સો મિસીસ સ્ટોના 'અંકલ ટોમ્સ કેબિન' જેવો જ કંઈક હતો. એ એક જ આંખમાંથી જર્મન ક્રાંતિ ઝરી હતી. આપણે ત્યાંના આજના ક્રાંતિકાળને જુદે તબક્કે રચાયેલા 'ઘણ રે બોલે ને એરણ સાંભળે', 'દિલડાના ડુંગરામાં દાવાનળ લાગિયા', 'હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ' વગેરે કાવ્યો અગર તો આઝાદ હિંદ ફોજનું 'કદમ કદમ બઢાયે જા' વળી આપણું છેલ્લામાં છેલ્લું રાષ્ટ્રગીત આપણે ત્યાંની ક્રાંતિની લડતોમાં સમયે સમયે તેવો જ ફાળો પૂરનાર પ્રતિભાની પ્રસાદી છે.

ડૉ. મેઘાણીને તેમ જ પ્રકાશક સંસ્થાને આ વાર્તાસંગ્રહ પુસ્તક રૂપે ગુજરાતી વાચકવર્ગને આપવા બદલ હું ઉમંગના અભિનંદન આપું છું. વાર્તારૂપે રજૂ થતાં આવાં ચિત્રો હંમેશાં સર્વાંગ વાસ્તવદર્શી હોય છે એમ કોઈ ન માને. માનવી ભાવનાઓનાં ભીતર વલોવાતા અને ધૂંધવાતા જ્વાળામુખીના ઉદ્રેક અને ઝંઝાવાતોની વેદનાઓના સૂચક માત્ર હોય છે. એ વેદનાનાં તોલમાપ ન તો કાછિયાને ત્રાજવે નીકળે, ન મારવાડી બજારને કાંટે. એનાં મૂલ તો જેને વીતી હોય તે જાણે, કાં જાણે જેનાં અંતરકપાટ આ વાર્તાઓના લેખકની જેમ સહાનુભૂતિનાં મધ્યબિન્દુથી ભીંજાઈને ભીનાં થયાં હોય ને સંવેદનાના રસાયણથી રસાયા હોય.

આકળાં હૈયાં : લેખક ડૉ. વ્રજલાલ મેઘાણી : પ્રાપ્તિસ્થાન: ભારતી સાહિત્ય સંઘ લિ., પો. બો. ૯૦૮, મુંબઈ. કિંમત રૂ. ત્રણ

દર એકરે ૧૧॥ મણ

આપણા દેશમાં દર વર્ષે પંદર લાખ ટન અનાજની ખેંચ પડે છે. ૧૯૭૫ સુધીમાં દેશની વસ્તી એટલી બધી વધી જશે કે આ વાર્ષિક ખાધનો આંકડો સિત્તેર લાખ ટન સુધી પહોંચશે. આ આફતમાંથી ઊગરવાનો ઇલાજ એ છે કે અત્યારે આપણી જમીન દર એકરે ૧૦ મણ અનાજ આપે છે તેને બદલે તેમાંથી ૧૧॥ મણ અનાજ પેદા કરવું

વિજ્ઞાનદર્શન

શ્રી. બંસી ગાંધી बी. एससी.
પ્રો. જયંતીલાલ દે. ઓઝા, एम. एससी.
ડૉ. નરસિંહ મૂ. શાહ, एम. एससी., पीएच. डी.

૧૯૪૭ની વૈજ્ઞાનિક જયંતીઓ

વિજ્ઞાનના ઇતિહાસમાં મહાન શોધો અને તેના શોધકો અદ્વિતીય સ્થાન ભોગવે છે. એ શોધો કેવા સંજોગોમાં થઈ, તેમાં શી મુશ્કેલીઓ આવી ઇત્યાદિ સમજવા આ શોધો અને તેના શોધકોની જયંતીઓ ઊજવવાનો રિવાજ થઈ ગયો છે. આવી જયંતીઓની ઉજવણી ઊગતી પ્રજાને પ્રેરણા આપે છે અને આધુનિક પ્રગતિની પશ્ચાદ્ભૂમિકા સમજવામાં મદદ કરે છે. આ સાલની આવી જયંતીઓનો ખ્યાલ આપવા આ ટૂંકી નોંધ તૈયાર કરી છે.

આ સાલની મોટામાં મોટી જયંતી એડીસનની છે. અમેરિકાના વૈજ્ઞાનિક વર્તુલો આની ઉજવણી માટે મોટી તૈયારીઓ કરી રહ્યા છે. મહાન શોધક થોમસ આલ્વા એડીસન (૧૮૪૭-૧૯૩૧) અમેરિકાની ઓહીઓ મીલાનમાં જન્મ્યો હતો. એડીસનના કુટુંબમાં તેના પૂર્વજોએ વિજ્ઞાનના ક્ષેત્રમાં કોઈ કામ કર્યું હોય એવું લાગતું નથી. એટલે એડીસન આવો મહાન વિજ્ઞાની નીવડશે એવું કોઈને ન લાગે. એડીસનનું કાર્ય વિપુલ છે. તેમાં વ્યાવહારિક ઉપયોગિતા તરી આવે છે. મેન્લોપાર્ક પ્રયોગશાળા તેની પ્રવૃત્તિનું કેન્દ્ર હતું. તેના નામ પર એક હજાર શોધોના પેટન્ટ છે.

એડીસનની બાલ્યાવસ્થામાં નાગને લગતાં વીજળીક એન્જિનીયરિંગના ક્ષેત્રમાં વૈજ્ઞાનિકો ખૂબ રસ લેતા. આમાં ઇંગ્લંડનો વિલ્યમ એડવર્ડ આયર્ટન (૧૮૪૭-૧૯૦૮), રશિયાનો પોલ જેબ્લોશકોફ (૧૮૪૭-૧૮૯૪) અને ઇંગ્લંડનો સર એલેક્ઝાંડર બ્લેકી કેનેડી (૧૮૪૭-૧૯૨૮) આવે છે.

આયર્ટને વીજળીના ઘણા સંચાઓ શોધી કાઢ્યા હતા, અને વૈજ્ઞાનિક કેળવણી આપવાની પ્રણાલી શરૂ કરાવી હતી. લંડનની સેંટ્રલ ટેકનિકલ કોલેજનું સુકાન ઘણાં વર્ષો સુધી તેના હાથમાં હતું.

જેબ્લોશકોફ તારખાતામાં નોકર હતો. ચોવીસ વર્ષની ઉંમરે મોસ્કો-કુર્સ્ક તાર વિભાગનો નિયામક હતો. પણ વીજળી વડે દીવા કરવાની સગવડો પરત્વે સંશોધન કરવા તેણે એ નોકરી છોડી દીધી હતી. તેણે વીજળી 'મીણબત્તી' બનાવી હતી અને તેનો પેટન્ટ લીધો હતો.

૧૮૭૬–૧૮૭૮ના અરસામાં આ 'મીણબત્તીઓ' જાહેર સ્થળોમાં પ્રકાશ કરવા ખૂબ વપરાતી. પણ એડીસનના વીજળીગોળા આગળ 'મીણબત્તી' પડી ભાંગી.

બિચારો જેબ્લોશકોફ બગનહારે ગરીબાઈમાં સબડી મૃત્યુ પામ્યો. સર કેનેડી બુદ્ધિશાળી એન્જિનીયર હતો. પચ્ચીસ વર્ષ સુધી તેણે પ્રોફેસર તરીકે કામ કર્યું હતું અને આ વિષયમાં પ્રયોગ કરવા પ્રથમ પ્રયોગશાળા તેણે કાઢી હતી. ઇજનેરીની બધી શાખાઓમાં તેની સલાહ પ્રમાણભૂત ગણાતી. કેનેડીના સમકાલીન સર એડવીન રે લેન્કેસ્ટર (૧૮૪૭-૧૯૨૯) સુવિખ્યાત પ્રાણીશાસ્ત્રી હતા, અને બ્રિટિશ મ્યુઝિયમના પ્રાણીવિભાગના નિયામક હતા.

આ ઉપરાંત, એક સો વર્ષ પૂર્વે જન્મેલા નીચેના વિજ્ઞાનીઓનો ઉલ્લેખ કરીએ:

થોમસ એન્ડ્રુઝ (૧૮૪૭-૧૯૦૭): વિલ્પીપ ડેમ્રી (૧૮૪૭-૧૮૮૭) અને જોહ્નસ લીન્ગે (અર્લ બાલ્કારેસ) (૧૮૪૭-૧૯૧૩) આ બધ બ્રિટિશ છે. એન્ડ્રુઝ શેફીલ્ડમાં લોઢાના કારખાનામાં હતો અને ધાતુઓના ગુણો અને રચનામાં સંશોધન કરતો. ડેમ્રી વહાણ બાંધવા માટે પ્રયોગિક તગાર બાંધવામાં સૌ પ્રથમ હતો. લીન્ગેની ઉદાર મખાવતને લીધે એડીન્બરોની શહેરી વેધશાળાની હસ્તી છે.

૧૮૪૭માં થએલા વૈજ્ઞાનિકોના મૃત્યુની નોંધ ટૂંકી છે. ૧૮૪૬ના ડિસેમ્બરે વિજ્ઞાને ૧૮૪૭માં થોડા જ વૈજ્ઞાનિકોને ગુમાવ્યા છે. ફ્રાન્સનો સહકારી એલેક્ઝાંડ્રે બ્રોન્ગનીઆર્ટ (૧૭૭૦-૧૮૪૭)ના મૃત્યુને લીધે

ભૂસ્તરવિદ્યાને ખૂબ ખોટ પડી હતી. આ ઉપરાંત, એક સામાન્ય ખેડૂતનો છોકરો જેઈમ્સ મેક કુલાય બુદ્ધિબળે વિજ્ઞાનમાં આગળ વધ્યો અને પ્રકાશના સિદ્ધાંત પર સંશોધન કર્યું અને ડબ્લીનમાં પ્રોફેસર થયો. ૩૮ વર્ષની વયે ૧૮૪૭માં આત્મહત્યા કરી.

સોઢાના ભૂસ્તર સંબંધી અગત્યની શોધો કરનાર ડેવીડ મુશેર (૧૭૬૨–૧૮૪૭) પણ આજથી સો વર્ષ પૂર્વે મૃત્યુ પામ્યો. ફ્રેંચ એન્જિનીયર જેક–એલી–લેમ્બ્લારડીએ (૧૭૪૭–૯૭) નદીઓ અને બંદરોને લગતું સારું કામ કર્યું હતું: પૂલો બાંધ્યા હતા અને ઇમારતી લાકડા પર પ્રયોગો કરતો હતો. આ વર્ષે તેની જન્મની દ્વિશતાબ્દી આવે છે.

ડેનીસ પાપીનના જન્મની આ વર્ષે ત્રિશતાબ્દી આવે છે. અને માર્ટેન ટ્રીવાલ્ડના મૃત્યુની દ્વિશતાબ્દી પણ ઓગસ્ટમાં આવે છે. આ બંને વિજ્ઞાનીઓના નામો વિજ્ઞાનનો કીર્તિવંતો યુગ યાદ કરાવે છે. હાઈગેન્સ, ન્યૂટન, બોઈલ, લીબ્નીઝ અને હૂકનું સંશોધન જે વખતમાં થયું તે મહત્તાપૂર્ણ યુગની સ્મૃતિઓ જાગે છે.

આ અરસામાં લંડનમાં રોયલ સોસાયટી, પારિસ અને બર્લિનમાં એકેડેમીઓ અસ્તિત્વમાં આવી હતી. પાપીન ફ્રેંચ વૈજ્ઞાનિક હતો: *૧૬૪૭માં જન્મ્યો હતો* અને ૧૭૧૨ માં મૃત્યુ પામ્યો. ટ્રીવાલ્ડ સ્વીડનનો વતની હતો અને ૧૭૪૭માં મૃત્યુ પામ્યો.

પાપીન 'ડાયજેસ્ટર' (કૂકર)ની શોધ માટે મશહૂર છે. આ કૂકરથી તેણે રાંધીને રોયલ સોસાયટીના ફેલોને જમાડયા હતા. રોયલ સ્વીડીશ એકેડેમીના ૭ સ્થાપકોમાંનો એક ટ્રીવાલ્ડ હતો. સ્વીડનની ખાણોમાં વપરાતા હવાપંપ કરવા એન્જિનોની રચના તેને આભારી છે.

બેરોમીટરની શોધ માટે મશહૂર ટોરીસેલીના જન્મની ત્રિશતાબ્દી ૧૯૦૮માં ઉજવાઈ હતી. આ વર્ષે તેના મૃત્યુની ત્રિશતાબ્દી આવે છે.

કોપરનીકસના સમકાલીન જોહાનશોનરના મૃત્યુની ચતુઃશતાબ્દી પણ આ વર્ષે આવે છે.

મહત્તાપૂર્ણ શોધોની જયંતીઓમાં નેપ્ચુન(વરુણ)ને શોધ્યા સો વર્ષ થઈ ગયાં.

વિજ્ઞાન પરિષદના વિભાગો
વિભાગીય પ્રમુખોના ભાષણોનો સાર

ગયા અંકમાં વિજ્ઞાન પરિષદની દિલ્હી બેઠકની સામાન્ય કાર્યવહીનો અહેવાલ અમે આપી ગયા. પરંતુ પરિષદનું વૈજ્ઞાનિક કાર્ય વિભાગોવાર ચાલે છે. *વિજ્ઞાનની જુદી જુદી શાખાઓમાં રસ લેતા વૈજ્ઞાનિકો* વિષયવાર તેર વિભાગોમાં વહેંચાઈ જાય છે, અને પોતપોતાના વિષય પરત્વે ચર્ચા કરે છે, નિબંધો વાંચે છે અને વિચારવિનિમય કરે છે. દરેક વિભાગને ચૂંટાયેલો પ્રમુખ હોય છે. વિભાગીય પ્રમુખનું ભાષણ તેના વિષયને લગતું હોય છે. તેમાં વિજ્ઞાનની એ શાખાના પ્રદેશમાં અગત્યના પરિણામો રજૂ કરેલા હોય છે યા તો તે પરત્વે હાલની પરિસ્થિતિ શું છે તેની આલોચના હોય છે. વિભાગોમાં વંચાતા લેખો કે નિબંધો સંબંધી અહીંઆ વિશેષ ઉલ્લેખ કરવાનું ધાર્યું નથી, કારણ કે વિભાગોમાં ચર્ચાતા પુષ્કળ નિબંધોમાં કોનો ઉલ્લેખ કરવો યા ન કરવો એ મુશ્કેલ છે.

વિભાગીય પ્રમુખોનાં આંકડાશાસ્ત્ર વિભાગના પ્રમુખ પ્રોફેસર આર. સી. બોઝના ભાષણોનો વિષય "પ્રયોગોની યોજના" હતો. તેમાં તેમણે *આંકડાશાસ્ત્રના અભ્યાસમાં યોજનાને લગતા વણઉકેલ્યા* પ્રશ્નોની ગણિતશાસ્ત્રીની દૃષ્ટિએ ચર્ચા કરી હતી. આંકડાશાસ્ત્ર ઊગતું વિજ્ઞાન છે. અન્ય વિજ્ઞાન–શાખાઓની સરખામણીમાં તેને બાળક *ગણી શકાય,* છતાં માનવહિતની પ્રગતિ માટે તેની શક્યતાઓ પુષ્કળ છે. મૂળભૂત વિજ્ઞાનોમાં સંશોધન માટે આંકડાશાસ્ત્ર એક બુનિયાદી હથિયાર પૂરું પાડે છે અને સંશોધન માટે પદ્ધતિશાસ્ત્ર બને છે. સમાજ–વિજ્ઞાનના ક્ષેત્રમાં તેના વ્યવહારુ ઉપયોગો અનેક છે. હિંદુસ્તાનમાં આંકડાશાસ્ત્રીઓને ખૂબ કાર્ય માટે અવકાશ છે.

ભૌતિક વિજ્ઞાન વિભાગના પ્રમુખ ડો. કે. બેનરજી 'અણુરચનામાં અવ્યવસ્થા' પર બોલ્યા હતા, ક્ષ–કિરણોની મદદ વડે સ્ફટિક પદાર્થોની અણુરચના તપાસતાં જે કેટલાક વણઉકેલ્યા પરિણામો આવ્યા છે તે સંબંધી પોતાના મંતવ્યો રજૂ કર્યાં હતાં. રસાયન વિભાગના પ્રમુખ ડો. પી. કે. બોઝે

'પ્લાસ્ટિક પદાર્થો' પર સમાલોચના કરી હતી અને આ દેશમાં તે પરત્વે શી શકયતાઓ છે તે સંબંધી વિચારો રજૂ કર્યા હતા.

ભૂગોળ અને ભૂસ્તર વિભાગના પ્રમુખ બેંગ્લોર કૉલેજના પ્રિન્સિપાલ અને પ્રોફેસર સી. એસ. પીચમુથુએ 'માઇસોર રાજ્યમાં ધારવાર શિલાઓને લગતા અમુક દષ્ટિબિંદુઓ' પર પોતાના અભ્યાસપૂર્ણ વિચારો રજૂ કર્યા હતા. આ વિષય ખૂબ આકર્ષક છે, કારણ કે ભૂસ્તરીય ઇતિહાસના પ્રારંભ સાથે આ શિલાઓને સંબંધ છે. પ્રોફેસર પીચમુથુ આ વિષયમાં ઘણાં વર્ષોથી સંશોધન કરે છે. ધારવાર શિલાઓને લગતાં આપણા જ્ઞાનમાં પ્રગતિ થઈ શકી નથી, તેનું કારણ એ છે કે અત્યાર સુધી એવી માન્યતા પ્રવર્તે છે કે આ શિલાઓના અંગ આગ્નેય છે. બીજું, તેમાં અશ્મીભૂત અવશેષોનો તૂટો છે. પરંતુ આ કાંઇ વિઘ્ન નથી. "વિજ્ઞાનમાં પ્રગતિ એક ઈંટ પર બીજી મૂકીને થાય છેઃ માત્ર હવાઈ મહેલો બાંધીને નહીં."

પ્રાણીવિદ્યા વિભાગના પ્રમુખ ડૉ. જી. ડી. ભાલેરાવ ઇઝતનગર વેટરીનરી રિસર્ચ ઇન્સ્ટીટ્યુટના ઓફિસર છે. તેમનો વિષય "હિંદમાં કૃમિશાસ્ત્રની પરિસ્થિતિ" ની તપાસને લગતો હતો મનુષ્ય, જનાવર અને વનસ્પતિઓને અસર કરતાં જુદા જુદા કરમિયાઓને લગતું જે કામ હિંદમાં થયું છે તેનો ખ્યાલ આપવા તેમણે પ્રયત્ન કર્યો હતો. છેલ્લાં પચ્ચીશ વર્ષોથી તેઓ આ સંશોધન કર્યે જાય છે. આવા કરમિયાઓને જુદા જુદા પ્રાણીઓના પેટ, આંતરડા, મૂત્રાશયમાંથી જુદા પાડી તેમનો સવિસ્તર અભ્યાસ કરી તેણે તેમનું વર્ગીકરણ કર્યું છે. આવા કીડાઓથી અનેક દર્દો પેદા થાય છે. તે અટકાવવા વપરાતી દવાઓ કૃમિઘ્ન તરીકે ઓળખાય છે; આમાં સાન્ટોનીન જાણીતું છે. પણ આ કામ માટે ઉપયોગી એવાં બીજાં ઔષધો તૈયાર કરવા અખતરા ચાલે છે અને તે માટે આપણા દેશમાં ખૂબ સંશોધનને અવકાશ છે. આ આખોય વિષય પ્રજાકીય તંદુરસ્તીને લગતો છે એટલું જ નહીં, દેશના પશુધનની સંભાળ માટે પણ એટલો જ ઉપયોગી છે.

પુરાતત્ત્વ અને નૃવંશશાસ્ત્રવિભાગના પ્રમુખ શ્રીમતી ઈરાવતી કર્વે હતાં, તેઓ પૂનાની કર્વે યુનિવર્સિટીના મહામાત્ર હતા હાલમાં ડેક્કન કૉલેજ સંશોધન ઇન્સ્ટીટ્યુટમાં સમાજશાસ્ત્રના પ્રોફેસર તરીકે કામ કરે છે. તેમણે ગુજરાતના પ્રાગ્-ઐતિહાસિક કાળના અવશેષો પર સંશોધન કર્યું છે. તેમણે 'હિંદમાં નૃવંશશાસ્ત્રના અભ્યાસને લગતાં કેટલાક પ્રશ્નો પર પોતાનું ભાષણ વાંચ્યું હતું. હિંદની ઉત્તર-પશ્ચિમ અને ઉત્તર-પૂર્વ સરહદો વાટે આ દેશમાં સહેલાઇથી સૌ કોઇને પ્રવેશ મળ્યો છે. બાકીની ત્રણે તરફ દેશ ફરતો સમુદ્ર આવેલો છે. આ સમુદ વાટે કોઈ માનવી યા પ્રાણી પ્રવેશ્યું હોય એવો ઉલ્લેખ જડતો નથી. દક્ષિણ પ્રવેશ દ્વાર વાટે આફ્રિકા, ઓસ્ટ્રેલિયા કે ઇન્ડોનેશિયામાંથી આપણા દેશમાં કોઈ આવ્યાનો ઉલ્લેખ નથી, હિંદમાં એક વાર આવ્યા પછી સૌ કોઈ તેમાં સમાઇ જતું. તેનાં બારણાં પ્રવેશ માટે ઉઘાડાં હતા, પણ નીકળી જવા માટે બંધ થઈ જતાં. આ મહાન પ્રદેશમા જૂની અને નવી આવનારી વસ્તીના અંગો વચ્ચે સાંસ્કારિક સમીકરણ ચાલ્યા કરતું. પરંતુ દેશની અમુક ભૌગોલિક વિશેષતાઓ અને સાંસ્કારિક વૃત્તિઓએ અમુક ચોક્કસ રીતે તેમાં ભાગ ભજવ્યો છે. યુરોપ અને પશ્ચિમ એશિયામાં જે સામાજિક રીતો ચાલી હતી તેનાથી આ સાવ જુદી પડી જાય છે. પ્રથમ, પૂર્વ અને પશ્ચિમ કિનારા સાથે જોડાયેલો દ્વિપકલ્પી હિંદનો ઉચ્ચભાગઃ બીજું, સહ્યાદ્રિ, સાતપુડા, વિન્ધ્યાચલ અને બસ્તાર પર્વતોના જંગલોવાળા પ્રદેશો. આ પ્રદેશો હિંદની મધ્યમાં એક કોટ રૂપે આવેલા છે. અને છેવટે, ગંગા-જમનાના રેતીયા પ્રદેશો, જેની પૂર્વે પૂર્વબંગાળાના જંગલો, ઉત્તરે હિમાલય અને પશ્ચિમે સિંધ અને રજપુતાનાના રણ પ્રદેશો આવેલા છે. આ ત્રણે વિભાગો આજે પણ હિંદના ત્રણ સંસ્કારિક વિભાગો છે. આ ત્રણ વિભાગોને જોડતાં માર્ગોનો અભ્યાસ જાતિશાસ્ત્રના અભ્યાસીને ખૂબ ઉપયોગી છે, વિન્ધ્યપ્રદેશમાં નળરાજા દમયંતીને ત્રણ માર્ગો દર્શાવે છે એનું વર્ણન મહાભારતમાં આવે છે : એક ઉત્તરમાં મહાકોશલ તરફ, બીજો વિદર્ભ તરફ અને ત્રીજો પયોષ્ણી નદી (આજે તાપી નદી) વાટે પશ્ચિમ સમુદ્ર અને દક્ષિણ તરફ જવાનો. આ માર્ગો યુગો

સુધી એ પ્રમાણે રહ્યા છે. આ જ માર્ગે અલ્લાઉદ્દીન ખિલજી ઉત્તરમાંથી દક્ષિણમાં ગયો. એ જ માર્ગે મરાઠા લશ્કરો નાગપુર થઈને બંગાળામાં ઊતર્યા અને એ જ માર્ગે અજંટા અને ઇલોરાની પ્રાચીન બુદ્ધ ગુફાઓ આવેલી છે. આપણા સંસ્કારિક ઇતિહાસના અભ્યાસમાં, તાજેતરમાં ગુજરાતના સાબરમતીના પ્રદેશમાંથી જડી આવેલા જૂના અવશેષો પરથી એવી આશા બંધાય છે કે માનવજાતિની સંસ્કૃતિના શરૂઆતની એક સળંગ કડી આપણને હિંદમાંથી મળી આવે.

કૃષિવિજ્ઞાન વિભાગના પ્રમુખ શ્રી એન. એલ દત્ત હતા. તેઓ કે કોઇમ્બતુરમાં શેરડી સંશોધન સ્ટેશનના સરકારી નિષ્ણાત છે. તેમણે 'હિંદમાં શેરડી' પર અભ્યાસપૂર્ણ આલોચના કરી. આપણા દેશમાં ખાંડનો ઉદ્યોગ બીજે નંબરે આવે છે. આ ઉદ્યોગને ખેતીની સાથે ગાઢ સંબંધ છે અને ખાસ કરીને શેરડીની ખેતી સાથે. આશરે બે કરોડ ખેડૂતો આના પર નભે છે. આજે દેશમાં ૧૫૦ ખાંડના કારખાના છે અને શેરડીના પાકનો ૨૫ ટકા ભાગ તેમાં વપરાય છે. બાકીનામાંથી મોટે ભાગે ગોળ બનાવવામાં આવે છે. શેરડીની સુધારણા અર્થે કોઇમ્બતુરમાં થયેલ સંશોધનના પરિણામો તેમણે વર્ણવ્યા હતા. સંયુક્ત પ્રાંતો સિવાય બીજા બધા પ્રાંતોમાં શેરડીની ખીલવણીનું કાર્ય હજી બાલ્યાવસ્થામાં છે. ખાંડના ઉદ્યોગની અભિવૃદ્ધિ અર્થે આજે બે વસ્તુ જરૂરની છે: (૧) એકર દીઠ શેરડીની પેદાશમાં વધારો, અને (૨) ખાંડ બનાવ્યા પછી જે કચરો (molasses) રહે તેનો ફાયદાકારક ઉપયોગ. આપણા દેશમાં આ બંને વસ્તુઓ હજી શરૂઆતની સ્થિતિમાં છે.'

× × ×

નેશનલ પ્લેનિંગ–રાષ્ટ્રીય નિયોજન

આ વખતે પરિષદમાં રાષ્ટ્રીય નિયોજન પર એક મહત્તાપૂર્ણ ચર્ચા ગોઠવવામાં આવી હતી. તેમાં પ્રો૦ મેઘનાદ શહાએ 'રશિયાના નિયોજન' પ્રો૦ જે. એન. મુકરજીએ 'જમીનની માપણી' સર જે.સી. ઘોષે 'ઔદ્યોગિક નિયોજન', ડૉ. વાડિયાએ 'હિંદની ખનીજ સંપત્તિ', બાબુ રાજેન્દ્રપ્રસાદે 'હિંદના ૪૦ કરોડના ખોરાકનો પ્રશ્ન', ઇંગ્લંડના સર આર્થર ફલેમીંગે 'કેળવાયેલા વૈજ્ઞાનિકો (technical personall) મેળવવાનો પ્રશ્ન' અને પ્રો૦ ડડલી સ્ટેમ્પે 'જમીનને યોગ્ય ઉપયોગમાં લેવાની તપાસ' એ વિષયો ચર્ચ્યા હતા, પંડિત જવાહરલાલે 'રાષ્ટ્રીય નિયોજન'ના ધ્યેયો શું હોવા જોઇએ તે વિષે ચર્ચા કરી હતી. હિંદના ચાલીસ કરોડને પૂરતું ખાવાનું, કપડાં, રહેવાનાં ઘરો ઉપરાંત તેમને જોઈતી બીજી જરૂરિયાતો પૂરી પાડવી એ નિયોજનનું ધ્યેય હોવું જોઇએ. ઔદ્યોગિક માલ મોટા પ્રમાણમાં પેદા કરી બીજા દેશો પર લાદવાનો રાષ્ટ્રીય નિયોજનનો હેતુ ન હોવો જોઈએ. કોઈ પણ નિયોજનની રૂપરેખા આંકતાં પહેલાં દેશની આજે શું સ્થિતિ છે અને તેની જરૂરિયાતો શું છે તે વિષે સઘળી માહિતી ભેગી કરવી જોઇએ એમ તેમણે જણાવ્યું હતું.

ફાર્માસ્યુટિકલ પરિષદ આ અરસામાં દિલ્હીમાં ભરાઇ હતી. તેના તરફથી 'મેલેરિયા નિવારક ઔષધો' પર સંયુક્ત ચર્ચા રાખવામાં આવી હતી.

❊

ત્રિવિધ લોકશાહી

બ્રિટનમાં રાજકીય લોકશાહી છે, પણ સામાજિક કે આર્થિક લોકશાહી નથી.
અમેરિકામાં રાજકીય અને સામાજિક લોકશાહી છે. પરંતુ આર્થિક લોકશાહી નથી.
રશિયામાં સામાજિક લોકશાહી છે, આર્થિક લોકશાહી ભણી એ પ્રગતિ કરી રહ્યું છે,
પણ ત્યાં રાજકીય લોકશાહી નથી.

હેરોલ્ડ લાસ્કી.

બંધારણ-સભાની બીજી બેઠકનાં સંસ્મરણો

નજીક જઈને જોયું જાણ્યું

મહેન્દ્ર મેઘાણી

"બ્રહ્માંડ તૂટી પડે તો પણ બંધારણસભા તો મળવાની જ છે", એવા સરદાર વલ્લભભાઈના મહા-નિર્ધારના 'મિનિયેચર'—વામનસ્વરૂપ—સમો મનસૂબો મનમાં ઘડતો ઘડતો હું અમદાવાદની ગાડીમાં બેઠો કે; 'ગાડીના પાટા ઊખડી જાય તો વિમાને ચડીને પણ બંધારણસભામાં તો જઈશ, જઈશ ને જઈશ જ. અને પત્રકાર તરીકેનો પાસ ન મળ્યો હોય; હું તો દિલ્હીને સ્ટેશનેથી બેગ-બિસ્તરો લઈને સીધો બંધારણ-સભાને દરવાજે જ જઈ ને ઊભો રહીશ; મને રોકશે તો કહીશ કે "પત્રકાર છું;" પાસ માગશે તો કહીશ કે, "પાસ નથી. પાસ શેનો વળી? હું ઠેઠ કાઠિયાવાડથી આવું છું. મને જલદી અંદર જવા દો. મારા વાચકો મારા અહેવાલની વાટ જોતા હશે". તે છતાં રોકશે તો ત્યાં જ અડ્ડો જમાવીશ, ત્રાગું કરીશ, સાંજે બેઠક પૂરી થશે ને સભ્યો બહાર નીકળશે ત્યારે આપણા પ્રાંતમાંથી ચૂંટાયેલા સભ્યો પાસે દાદ માગીશ. હા, આપણા કાનજીભાઈ દેસાઈ છે, ખંડુભાઈ દેસાઈ છે, હંસાબેન મહેતા છે, અરે ખુદ મુનશીજી છે ને! પછી શું વાંધો છે! ભલેને એમાંથી કોઈ મને ઓળખતું ન હોય હું ગુજરાતી છું, અને એ બધા ગુજરાતના પ્રતિનિધિઓ છે તેટલું ઓછું છે?

*

વિમાને ચડીને હું દિલ્હી પહોંચ્યો, અને બંધારણ-સભાને દરવાજે પણ પહોંચ્યો. મુંબઈ-અમદાવાદના સ્નેહીઓએ આપેલી શિખામણ મુજબ બિસ્તરો એક હોટલમાં મૂકીને રૂઆબભેર સભાખંડને બારણે પહોંચ્યો ત્યારે, લશ્કરમાંથી છૂટા થયા બાદ બંધારણ સભાના પહેરેગીર બનેલા વૉચ એન્ડ વૉર્ડના અમલ-દારે એથીય વધુ રૂઆબભેર, પૂછ્યું, 'પાસ?' પૂછનારનો અવાજ એની અણીદાર મૂછો જેવો કરડાકીભર્યો હતો, એનું કલેજું ઠંડું હતું, એની કમર ઉપર રિવોલ્વર લટકતી હતી, એની આંખો જાણે કે પોપચાં-પાંપણ વિનાની હતી. એ અમલદાર હતો હિંદી, પણ વિદેશી સત્તાના બીબામાં ઢળીને એની મૂર્તિ ઘડાઈ હતી તે સ્પષ્ટ દેખાયું. મારા દેશની બંધારણસભાનો અહેવાલ મારા પ્રાંતવાસીઓ માટે લેવા હું, આવતી કાલના આઝાદ હિંદનો નાગરિક, અહીં આવ્યો હોવા છતાં આ માણસ મને રોકતો કેમ હશે તે મને ઘડીભર ન સમજાયું. પણ ઘડીભર જ. ઘડી પછી મારી નજરમાં જાણે કે ક્ષ-કિરણની શક્તિ પ્રવેશી હોય અને માણસની કમર પર લટકતા ચામડાના પાકીટની અંદરની રિવોલ્વર, અને એ રિવોલ્વરની અંદર રહેલી ગોળીઓ મને દેખાતી હોય તેવું લાગ્યું. અને તરત જ હું સમજી ગયો.

*

ઝપાટાબંધ દાદરા ઊતરીને હું બંધારણસભાની કચેરી ભણી ચાલ્યો. થોડી પૂછપરછ પછી અગણિત ઑફિસ-ઓરડાઓની ભૂલભુલામણીમાંથી માર્ગ સૂઝ્યો અને મેં કચેરીમાં પ્રવેશ કર્યો. સરકારી દુમારશાહી અને અમલદારી બેપરવાહી અંગે હું ઠીક ઠીક માહિતગાર બની ચૂક્યો હતો. પરંતુ બંધારણસભામાં તો મહોચ્ચ રાષ્ટ્રનેતાઓએ પ્રવેશ કર્યો હોવાથી એની કચેરીમાં ઉપરથી નીચે સુધીના સહુ અમલદારો-કાર-કુનો પટાવાળાઓને પણ એવા જ નવલોહીઆ ઉત્સાહથી સ્ફૂર્તિભર્યા અને ફટાફટ કામનો નિકાલ કરનારા મેં કલ્પેલા. પરંતુ નજરે જે જોયું તે તો સરકારી અમલદારશાહીની લાપરવાહીના જગતથી કાંઈ જુદું નહોતું.

એ ઑફિસમાં બે-પાંચ કારકુનો ટેબલ ઉપર ચડીને કે ખુરશી ઉપર નિરાંતથી પગ લંબાવીને ટોળટપ્પાં મારતા હતા અને એમના બે-ત્રણ ઉપરીઓ 'જી હાં, બાબુજી,' 'નહીં નહીં જનાબ,' 'ક્યોં નહિ સરદારજી!' વગેરે ટીકા કરતાં કરતાં કોની બદલી ક્યાં થઈ, કોને કયા ખાતામાં બઢતી મળી, કોની ક્યાં નિમણૂક થઈ વગેરેની મોજીલી ચર્ચા કરતા હતા.'

મેં જઈને કહ્યું કે, 'હું પત્રકાર છું, અમુક છાપાના

પ્રતિનિધિ તરીકે આવ્યો છું, અને મારે જલદી મારો પાસ જોઈએ છે, કારણ કે બેઠક શરૂ થઈ ચૂકી છે.'

બેઠક શરૂ થઈ ગઈ છે તો તેમાં મારે દિલ્હી લૂંટાઈ જવાનું હોય તેવી ઉતાવળ'શી હોવી જોઈએ તે ન સમજ્યા હોય તેમ એક ઉપરીએ આંખેથી ચશ્માં ઉતારીને મારી સામે જોયું અને ધીરેથી મને બેસવાનું કહ્યું. હું પરાણે બેઠો તે પછી એણે આખી હકીકત નવેસરથી પૂછી. હું એને કોઈ સહેલા પલાખાનો જવાબ દેતો હોઉં તેવી અદાથી અગાઉનું વાક્ય ફરીથી કડકડાટ બોલી ગયો. અને પછી, એણે જોવાં ન માગ્યાં છતાં, મારો પ્રતિનિધિ તરીકેનો દરજ્જો જાહેર કરતો મારા છાપાના તંત્રીની સહીવાળો કાગળ મેં એની સામે ધર્યો.

મિનિટ પછી મિનિટ વીતતી જતી હતી અને મારો જીવ કળાએ કળાએ કપાતો હતો. જે બેઠક નજરે નિહાળવા હું આટલે દૂરથી આવ્યો હતો, તેમાં પળવાર પણ મોડા પહોંચવું એ મારું આવ્યું–ન આવ્યું, કરવા બરોબર હતું.

મેં ધરેલા કાગળ સામે ઉપરીએ નજર કરી. પણ, એની આસપાસ પડેલા એટલા બધા કાગળોથી એને એ કોઈ જૂદો ન લાગ્યો હોય—અથવા તો સાવ કોરોધાકોર લાગ્યો હોય—તેમ લેશ પણ કૌતુક વિના તેણે એ હાથમાં લીધો. પ્રથમ તો એમણે એની ઉપર નીચેથી ઉપર સુધી એક ઊડતો દૃષ્ટિપાત કરી જોયો. પછી, કાગળમાં કંઈક સુપાત્રતા લાગી હોય તેમ—એમણે ચશ્માં ચઢાવ્યાં, અને ટાઈપ કરેલા અક્ષરો મહામુસીબતે ઉકલતા હોય તે રીતે એ વાંચ્યો. એમની નજર આખરે કાગળને છેડે પહોંચી અને મેં નિરાંતનો શ્વાસ-લીધો કે, હવે તો હમણા જ એ ટેબલના ખાનામાંથી પાસ કાઢશે, અને હજી તો જવાહરલાલે પાંચ વાક્ય પણ પૂરાં નહિ કર્યાં હોય ત્યાં હું સભાખંડમાં પહોંચી જઈશ.

પણ ઉપરી સાહેબે તો ખુરશીમાં લંબાવીને આરામથી પૂછ્યું કે, 'આગલી બેઠક વખતે તમને પાસ મળેલો ?'

મારા હૃદયનો ઊભરો ઠાલવવાની તક મળી હોય તેમ મેં એમને સમજાવ્યું કે ગઈ બેઠક અગાઉ પાંચ દિવસે અમે એમને એક એક્સપ્રેસ જવાબી તા કરીને અમારા છાપાના પ્રતિનિધિ માટે પાસ મળ શકશે કે નહિ તેનું પૂછાણ કરેલું, તેમ તે જ દિવસે વિમાની ટપાલમાં મોકલેલા એક કાગળ દ્વારા એ હકીકતનું વિસ્તારપૂર્વક સમર્થન કરેલું, પરંતુ અમાર તારનો કંઈ જવાબ મળ્યો નહિ અને બેઠક શરૂ થયા પછી દસ દિવસે એમની ઓફિસમાંથી જવાબ મળેલો કે: 'દિલગીર છીએ; જગ્યા નથી; પાસ નહિ મળી શકે; જવાબી તારના પૈસા પાછા મોકલીએ છીએ.' એટલે પછી આ બેઠક વખતે ફરેથી અરજીના જવાબની રાહ જોયા વિના હું આવી પહોંચ્યો છું.

મારા જવાબમાંથી જાણે એને આખી વાતનો તાળો મળી ગયો હોય તેમ તેણે કહ્યું: 'બસ ત્યારે, તમને ગઈ બેઠકમાં પાસ ન મળ્યો હોવાથી આ બેઠક વખતે પણ આપી શકાય નહિ.' થોડીવાર સુધી સમજાવટ કરી જોઈ, પણ વ્યર્થ.

જવાહરલાલના ભાષણને અંતે તાળીઓના ગડગડાટ થયા હોય તેવા પડઘા મારા કાનમાં પડ્યા, અને હું આકળો બનીને બહાર નીકળ્યો.

જાણે હું કોઈ પરાજય પામ્યો હોઉં તેવી મને લાગણી ઘેરી વળી. બંધારણસભાનો અહેવાલ લીધા વિના મારે પાછું ફરવું પડશે એવી કોઈ ભીતિથી મેં એ નિરાશા નહોતી અનુભવી. મારા મનમાં બે પરસ્પર વિરોધી લાગણીઓ વચ્ચે યુદ્ધ ચાલતું હતું અને તેમાંની એકનો, મારી પ્રિય ભાવનાનો, પરાજય થયો હોવાથી હું નિરાશ બન્યો હતો.

વાત એમ બની હતી કે અમદાવાદથી દિલ્હી આવવા હું નીકળવાનો હતો ત્યારે મારે કોઈ કારણેસર મુંબઈ જવું પડેલું. પછી વિમાનમાર્ગે મુંબઈથી દિલ્હી આવતી વખતે દુનિયાદારીના વિશેષ અનુભવી એક ડાહ્યા વડીલે પૂછ્યું હતું કે, બંધારણસભાનો પાસ મળ્યો છે ? મેં જવાબમાં ના પાડી, પરંતુ સ્ટેશનથી બિસ્તરો લઈને સીધા સભાગૃહ ઉપર પહોંચવાના અને ત્રાગું કરવા સુધીના મારા ઉપર-કલ્લા 'કૂડ' મનોરથો એમને કહી સંભળાવેલા. પણ એમની વેપારીબુદ્ધિથી એવા વિચિત્ર ખ્યાલોની હાંસી

સિવાય બીજું કાંઈ થઈ શક્યું નહિ અને અત્યંત આગ્રહ કરીને એમણે મારી સાથે, સંકટ સમયની સાંકળસમી, એક પ્રતિષ્ઠિત ગુરુભાઈની ભલામણ લેતા જવાનું કહેલું. એ મુજબ નવી દિલ્હીના એક અગ્રણી પત્રકાર શ્રી શ—ઉપર મને પત્રકારનો પાસ મેળવી આપવાની ભલામણનો તાર છેક છેલ્લી રાતે મોડે મોડે કરાવીને હું મુંબઈથી નીકળેલો. પણ મન સાથે મેં ગાંઠ વાળેલી કે મારે કોઈની ય લાગવગ વિના, માત્ર મારા પ્રતિનિધિ-દરજ્જાના અધિકારની રૂએ, બંધારણસભામાં પ્રવેશ મેળવવો જોઈએ.

નવી દિલ્હીની ટાઢ કરતાં ય ટાઢીબોળ એની અમલદારશાહીએ આ 'વટ' ભાંગી નાખ્યો, અને બંધારણસભાનો અહેવાલ મેળવવાના મોહમાં આખરે મેં પેલી લાગવગ વટાવવાનો નિર્ણય કર્યો. મને નિરાશા થઈ તે આ વટ ભાંગ્યો તેની; અધિકાર હાર્યો અને લાગવગ-જીતી ગઈ તેની.

*

તરત જ મેં શ્રી શ–ની શોધખોળ માંડી બીજી એક ઓફિસમાં હું, એક છેલ્લા પ્રયત્ન લેખે, હજીય મારા 'અધિકાર'નાં રોદણાં રોતો હતો ત્યાં અકસ્માત જ તેઓ ભેટી ગયા. મેં એમને મારી ઓળખાણ આપી અને મુંબઈના તારમાં જેનો ઉલ્લેખ થયેલો તે હું પોતે જ એમ જણાવીને મારે પાસ મેળવવો છે તેમ કહ્યું. પાસ તો એમણે બે જ મિનિટમાં મેળવી આપ્યો; પણ કહ્યું કે પત્રકારોની બેઠકો ઓછી છે અને પાસ માગનારાઓ ઘણા છે, તેથી કોઈ અઠવાડિકને અમે પાસ આપતા જ નથી. મેં કહ્યું કે, અમારું અઠવાડિક વાંચનારાં ગામડાનાં માણસો પાસે બીજું કોઈ છાપું પહોંચતું નથી હોતું એટલે એમને મન તો અમારું અઠવાડિક દૈનિકના જેટલી જ અગત્યનું છે. એમને મારી સાથે દલીલ કરવાનો વખત નહોતો, પણ મારા લાભની દૃષ્ટિએ જ એમણે શિખામણ આપી કે, 'હવેથી તમારે કોઈ અઠવાડિક માટે અહેવાલ લખવો હોય તો પણ કોઈક દૈનિકના નામનો પાસ મેળવી લેશો તો કંઈ મુશ્કેલી નહિ પડે. બાકી તો દિલ્હીમાં સાચા કે ખોટા નિયમો એકવાર ઘડાઈ જાય એટલે પછી એને અપવાદરૂપે પણ તોડી શકાતા નથી. અહીંની રસમ બદલાતી નથી.'

એમનો આભાર માનીને હું રવાના થયો.

*

પાસ લઈને હું સભાગૃહને બારણે ફરી પહોંચ્યો ત્યારે પહેરેગીર અમલદારે જેટલા રૂઆબભેર મને પહેલી વખતે અંદર જતો રોકેલો તેટલા જ રૂઆબભેર આ વેળા, મારા પાસની પોતાના રજિસ્ટરમાં નોંધ કર્યા બાદ, અંદર જવા દીધો. આપણા દેશનો અમલદાર એટલે નર્યા રૂઆબની મૂર્તિ. તમને એ ધક્કો મારીને બહાર કાઢે તેમાં તો રૂઆબ ખરો, પણ આવકાર આપીને અંદર બોલાવે તેમાં પણ રૂઆબ! શિસ્ત અને રૂઆબ, એ બે જુદી વસ્તુઓ છે. શિસ્તમાં સૌજન્યનો સમાવેશ થાય છે.

પત્રકારો માટે ૬૧-૬૧ બેઠકોની બે ગેલેરીઓ હતી. તેમાંની એકમાં હું દાખલ થયો ત્યારે મારું મન શરમ અનુભવી રહ્યું હતું, કારણ કે મારા છાપાના હજારો વાચકોના પ્રતિનિધિ તરીકે મને અહીં સ્થાન મળ્યું નહોતું. અહીં મને બેઠક મળી હતી કારણ કે મારી પાસે હતી લા–ગ–વ–ગ.

મારી બેઠક ઉપર બેઠા બેઠા મેં નીચે નજર નાખી. એક વિશાળ ગોળ ખંડમાં સભ્યો બેઠાં હતાં. અને અહીં ઉપર પાંચ જુદી જુદી ગેલેરીઓ હતી—બે પત્રકારોની ને ત્રણ પ્રેક્ષકોની. પ્રેક્ષકો માટેની બેઠકો અડધોઅડધ જેટલી ખાલી હતી. નીચે બ્રિટિશ હિંદના કુલ ૨૯૬ સભ્યોમાંથી લીગનાં ૭૩ બાદ કરતાં પણ બીજી ઘણી બેઠકો ખાલી હતી. કુલ હાજર સભ્યો ૧૫૦ જેટલા હશે.

પત્રકારોની બેઠકો ઉપર પણ મેં નજર ફેરવી જોઈ. મને કહેવામાં આવ્યું હતું કે પત્રકારો માટે બેઠકો ઘણી ઓછી છે અને ઉમેદવારો બહુ વધારે છે. પણ અરધોઅરધ બેઠકો તો ખાલી હતી! એમ કેમ હશે!

પહેલા દિવસની કાર્યવાહી પૂરી થઈ અને બીજે દિવસે ન એકવાસેવ પત્રકારોની બેઠક ઉપર હું ફરી વળ્યો. દરેક ઉપર તે જેને અપાઈ હતી તે છાપાનું નામ

લખેલું હતું. એમાં ત્રીસેક નામ તો પરદેશી છાપાં, સામયિકો અને રેડિયો કંપનીઓનાં હતાં. એ ત્રીસમાંથી ૨૫–૨૬ જગ્યાઓ તો રોજ ખાલી પડી રહેતી હતી. એમાં 'ન્યૂયોર્ક ટાઈમ્સ'ને લંડનના 'ટાઈમ્સ' જેવાં દૈનિકો હતાં, 'અમેરિકન એસોસિયેટેડ પ્રેસ', રશિયાની 'ટાસ' અને ચીનની 'સેન્ટ્રલ ન્યુઝ એજન્સી' જેવી સમાચાર–સંસ્થાઓનાં નામ હતાં, 'પિક્ચર પોસ્ટ', 'ટાઈમ' અને 'લાઈફ' જેવાં અઠવાડિકો હતાં, 'મેગેઝિન ડાયજેસ્ટ' નામનું એક માસિક હતું અને એક અમેરિકન રેડિઓ કંપનીનું નામ પણ હતું.

મને થયું કે, આપણા દેશનું બંધારણ ઘડનારી સભામાં આપણાં છાપાંઓને હકની જગ્યા મળતી નથી અને આ બધાં પરદેશી દૈનિકોથી માસિક સુધીનાંઓને કેમ મળે છે? પરદેશીઓની શેહમાં આપણે શા માટે આટલા બધા અંજાઈ જઈએ છીએ?

*

આ બધાં પરદેશી છાપાંના પ્રતિનિધિઓમાંથી ૩–૪ ને બાદ કરતાં બીજા બધા હંમેશાં ગેરહાજર રહેતા હતા તેમાં એમનો દોષ નથી. હિંદુસ્તાનની બંધારણસભાની રોજબરોજની કાર્યવાહીની ઝીણી ઝીણી વિગતોમાં એમને રસ ન હોઈ શકે એ દેખીતું જ છે. ફ્રાંસની કે ચીનની બંધારણસભાની બેઠકમાં મને પત્રકાર તરીકેનો પાસ ગજ્યો હોય ને રોજ હું તેનો લાભ ન લેતો હોઉં તો એ મારો વાંક શી રીતે ગણાય? એ જ રીતે આ પરદેશીઓ તો ત્યારે જ હાજર રહે, જ્યારે જવાહરલાલ કે એવા કોઈ બીજા આગેવાન કાંઈ અગત્યનું ભાષણ કરવાના હોય ત્યારે હાજર રહે. તે પછી એમને એ સભાને શી લેવાદેવા! દોષ તો એમને પાસ દેનારાઓનો કહેવાય. એમની એ ૨૫–૨૬ બેઠકો માગ જેવા કેટલાયના હક ડૂલ કરીને જ અપાઈ શકી હશે ને! અને એ બેઠકોનો લાભ ન અમે લઈ શક્યા, ન એમણે લીધો!

*

ગુજરાતી છાપાંઓના બીજા કોઈ ખાસ પ્રતિનિધિ મુંબઈ કે ગુજરાતથી આવેલા નહોતા એક શ્રી. મૃદુલાબેન 'ગુજરાત સમાચાર'ના પ્રતિનિધિ તરીકે પત્રકારોની ગેલેરીમાં આવીને બેસતાં હતાં. અંગ્રેજી અઠવાડિકોમાં 'ફોરમ', 'બ્લિટ્ઝ', 'ઇન્ડિયન ફાઇનેન્સ', 'કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી' વગેરેને પાસ મળેલા હતા. ત્યારે દેશી ભાષાનાં અઠવાડિકોને શા માટે નહિ? અંગ્રેજી છાપાં વધુ વાચાળ હોય છે અને દેશી ભાષાનાં છાપાં કાંઈક અંશે શરમાળ હોય છે એટલા માટે?

*

પ્રાંતીય ધારાસભાની મેં જોયેલી બેઠક અને આ બંધારણસભા વચ્ચેનો એક તફાવત મને ઘણો મહત્ત્વનો લાગ્યો. કોઇ ધારાસભામાં ન હોય તેવી 'હોમોજિનિટી' (એકસૂત્રતા) આ બંધારણસભામાં દેખાતી હતી. ધારાસભાઓમાં વાતાવરણ હંમેશા પક્ષાપક્ષીથી ભર્યું હોય છે, કારણ કે પશ્ચિમની લોકશાહીના અંધ અનુકરણને પરિણામે આપણે ત્યાં એવી માન્યતા જડ ઘાલી ગઈ છે કે વિરોધપક્ષનું કાર્ય દરેક નાનીમોટી બાબતમાં સત્તાસ્થાને બેઠેલા પક્ષનો સાચોખોટો વિરોધ કરતા રહેવાનું હોય છે. અહીં એવો ઉપરછલ્લો વિધિસરનો વિરોધ તો નહોતો, પણ આંતરિક કે અપ્રકટ મતભેદો પણ ન રહ્યા હોય તેવું શુદ્ધ વાતાવરણ હતું. સાગરતીરે પડેલાં શંખછીપલાં જેવાં જૂજવા રંગનાં માનવીઓ અહીં હતાં, કોઇ નિર્ભેળ શ્વેતસ્વરૂપે હતાં તો કોઇ દોરંગાં પણ હતાં; પરંતુ સ્વતંત્રતાના ઊગતા સૂરજના તેજમાં એ તમામ એક જ રંગનાં દેખાતાં હતાં. ઉપરાંત એક જ લોકસાગરની કૂખેથી એ જનમ્યાં હોય તેવી સ્પષ્ટ છાપ એમના સમગ્રદર્શનમાંથી ઊઠતી હતી.

એનો અર્થ એ નહિ કે ત્યાં વિવિધતા નહોતી; એનો અર્થ એ પણ નહિ કે ત્યાં વિચારભેદ નહોતા. વિવિધતા અને વિચારભેદ તો જેટલાં ચાલીસ કરોડ વચ્ચે પડયાં છે તેનાથી જરાય ઓછાં આ એમનાં પ્રતિનિધિઓમાં કેમ હોઈ શકે? પણ ધરતીની વિવિધતા ઉપર ગગનની—નીલપ જેમ સર્વત્ર ફરી વળેલી છે તેમ એક અને અખંડિત રાષ્ટ્રના હિતની સર્વોપરીતા એમની ચોપાસ મહેકી રહી હતી. પશ્ચિમના 'સિમ્ફની ઑરકેસ્ટ્રા'ની માફક વિધવિધ વાજીંત્રો અને ભિન્નભિન્ન સુરાવલિઓ વચ્ચેથી અહીં પણ એક જ મહાગીતના ઘોષ ઊઠતા હતા.

અલબત્ત આવું પરિણામ નિપજાવી શકવા માટે

પડદા પાછળ ઘણાં 'રીહર્સલો' કરવાં પડતાં હશે અને એમાંથી બસૂરાપણું કાઢી નાખવા માટે આગેવાનોને ઘણી મહેનત કરવી પડતી હશે.

*

એટલે જ બંધારણસભાની બેઠક વારેવારે બંધબારણે અથવા તો અવિધિસરની રીતે મળતી ન્હોતી હતી. બંધબારણે મળેલી આવી એક બેઠકને ઘણાની માફક હું પણ ગેરવાજબી ગણું છું. એ હતી બંધારણસભાનું અંદાજપત્ર ચર્ચવાની બેઠક. તા. ૨૨ મીએ શ્રી. ગાડગિલે (મુંબઈ) બંધારણસભાનું સન ૧૯૪૬-૪૭નું અને ૧૯૪૭-૪૮નું અનુક્રમે રૂ. ૧૭,૮૩,૦૦૦નું અને રૂ. ૪૫,૪૩,૦૦૦નું અંદાજપત્ર રજૂ કર્યું. આ અંદાજપત્ર ઉપર સામ્યવાદી સભ્ય શ્રી. સોમનાથ લાહીરીએ અમુક કાપની દરખાસ્તો મૂકી હતી તેનો નેતાઓ શું જવાબ આપશે અને ત્રહિતને પણ વધુ પડતી લાગે તેવી અમુક ખર્ચની રકમોનો શો બચાવ કરશે તે જાણવા હું આતુર હતો. પણ જાહેરમાં કાંઈ ચૂંથણાં ન ચૂંથાય તે હેતુથી સભાએ બંધબારણે એ અંદાજપત્ર પર ચર્ચા કરવાનું નક્કી કર્યું અને પ્રેક્ષકોને તથા અમારે પત્રકારોને બહાર નીકળવું પડ્યું.

બંધારણસભા અંગે થતું ખર્ચ આજની મધ્યસ્થ સરકાર ભોગવે છે. એ મધ્યસ્થ સરકારનાં કરોડો રૂપિયાનાં અંદાજપત્રો પણ ધારાસભાની ખુલ્લી બેઠકમાં ચર્ચાય છે, એની ટીકાઓ થાય છે. એમાં કાપની દરખાસ્તો મુકાય છે અને એની ખુલ્લા દિલથી છણાવટ થાય છે, તો પછી આવા થોડાક લાખના મામૂલી અંદાજપત્ર ઉપર આવો ઢાંકપિછોડો શાને ?

૧૯૪૭-૪૮ના અંદાજપત્રમાં ત્રણ મુખ્ય રકમો ત્રીસેક અમલદારોના પગાર (૪,૯૩,૦૦૦), કચેરીના બીજા ૨૮૫ જેટલા નોકરોના પગાર (૩,૬૩,૦૦૦) અને બંધારણસભાના સભ્યોનાં ભથ્થાં અને પુરસ્કાર (૩૬,૨૩,૦૦૦)ની છે. સામ્યવાદી શ્રી લાહીરીની માફક બીજા પણ કેટલાક સભ્યોએ અમલદારોના (માસિક ૪૦૦૦ સુધી પહોંચતા) પગારો ઓછા કરવાના અને કારકૂનો વગેરેના પગારો વધારવાના મતના હતા. પણ એમને એવો ઉત્તર દેવાયો કે એ નોકરો-અમલદારોને મધ્યસ્થ સરકારની નોકરી છોડાવીને આ સ્થાને મૂકવામાં આવ્યા છે, તેથી એમની મૂળ જગ્યા ઉપર એમને મળતા પગારના ધોરણમાં ફેરફાર થઈ શકે નહિ. પણ પંડિત જવાહરલાલે હમણાં જ મધ્યસ્થ ધારાસભામાં જાહેર કર્યું તેમ મધ્યસ્થ સરકાર અને બંધારણસભા વચ્ચે કાંઈ જ સંબંધ નથી તો પછી પગારનાં મૂળ સરકારી ધોરણોને વળગી રહેવાનું કોઈ કારણ નથી.

તે ઉપરાંત દરેક સભ્યને અપાતા રોજના રૂ. ૪૫ના ભથ્થા સામે તો રાષ્ટ્રપતિ કૃપાલાનીજી અને બીજા આગેવાનોએ પણ વિરોધ દર્શાવેલો. હિંદુસ્તાન જેવા ગરીબ દેશ માટે આ રકમ ઘણી મોટી છે એમ કહીને તેને ઘટાડીને રૂ. ૩૦ ઠરાવવી એવી દરખાસ્ત એમણે ગુપ્ત બેઠકમાં મૂકી હતી. પણ મોટા ભાગના સભ્યોને ગળે એ ન ઊતરી !

*

બંધારણસભાના સભ્યો માટે નવી દિલ્હીમાં રહેવા-જમવાની બાદશાહી વ્યવસ્થા બંધારણ-ગૃહ (કૉન્સ્ટીટ્યૂશન હાઉસ) નામે ઓળખાતી એક વિશાળ ઇમારતમાં કરવામાં આવી હતી. યુદ્ધકાળ દરમિયાન અમેરિકન લશ્કરી અફસરોના રહેઠાણ માટે એ મકાન બંધાયેલું. તેમાં દરેક સભ્યને અલગ ઓરડો, રાચરચીલું, ઓરડે-ઓરડે ટેલીફોન, નોકરો વગેરેની અમીરી સગવડો આપવામાં આવી છે. એમને માટે ભાતભાતની વાનગીઓવાળાં દેશી (માંસાહારી અને બિન-માંસાહારી) તથા પરદેશી (માંસાહારી અને બિન-માંસાહારી) ચાર પ્રકારનાં ભોજનો ટંકે ટંકે થાય છે. અલબત્ત, ભોજન દેશી કે પરદેશી ગમે તે પ્રકારનું હોય, એને ઇન્સાફ તો ટેબલ-ખુરશીઓ ઉપર અને છરી-કાંટા-ચમચા વડે જ અપાય છે !

આ બંધારણગૃહમાં ગોઠવાયેલા ચોવીસ આમંત્રિતોના એક રાત્રિભોજનમાં શામિલ થવાનો મોકો મને મળ્યો હતો તેથી જાતઅનુભવે હું કહી શકું તેમ છું કે એ ભોજન લાખોપતિઓના કે રાજા-મહારાજાઓના ભોજન કરતાં બહુ ઊતરતું નહિ હોય. દેશ ઉપર હજી પણ અન્નસંકટ ઝઝૂમી રહ્યું છે, એટલું જ નહિ પણ, ખુદ દિલ્હીના ગરીબો ઘઉંની કારમી અછત

અનુભવી ગયા છે ત્યારે એવા કંગાળ કંગાલોના પ્રતિનિધિઓથી આવું અમીરી ખાણું કેમ લઇ શકાય તે પ્રશ્ન એ ભોજનના મીઠા કોળિયા લેતી વખતે મનમાં ઊઠયા વિના રહે નહિ. ખાસ તો મને તે જ બપોરે મળેલો દિલ્હીનો એક ટાંગાવાળો સાંભરતો હતો. ટાંગા ઊભા રાખવાના એક સ્ટેન્ડ ઉપર બપોરના બે વાગે થોડા ટાંગા ઊભા હતા. એમાંનો એક ટાંગાવાળો પસ્તીના મેલા કાગળમાં વીંટેલો ઘઉંનો જાડો રોટલો લૂખો ચાવતો હતો. ગરીબ કાઠિયાવાડમાં પણ ખેડૂતોને રોટલા સાથે ગોળનું દડબું કે મરચાની શીંગ મળી રહેતી હોવાથી મારાથી એને પૂછાઈ ગયું હતું કે, 'રોટી કે સાથ ઔર કુછ નહીં ખાતે હો?'

એણે જવાબ આપેલો કે, 'હમ તો સિર્ફ રોટી પર ભી ગુજારા કર લે, મગર પેટ ભર રોટી પાય ઉતના અનાજ ભી કહાં મિલતા હૈ?'

*

આપણા રાષ્ટ્રનેતાઓને આટલી નજીકથી, આટલી શાંતિથી અને આટલા સૌમ્ય સ્વરૂપે જોવાનો મોકો મને પહેલીવાર મળ્યો. ત્યારે જ ખબર પડી કે એમની સાચી સૂરત કેવી છે. છાપાંમાં એમની જે છબીઓ આવે છે તેમાંની મોટા ભાગની તો એક દાયકા પૂર્વેની હશે એમ આ નેતાઓને જોઇને લાગ્યું. તાજી છબીઓમાં પણ, કોણ જાણે કેમ, આ નેતાઓના મુખ પરની તાજગી અને તેજસ્વિતા કે એમના મરોડદાર અવયવો કદી સાચા સ્વરૂપે દેખાયા નહોતા. પંડિત પંત અને શ્રી રવિશંકર શુક્લ જેવા વૃદ્ધોના ચહેરા ઉપર પણ જે તેજ હતું તે તેમની વડાપ્રધાનો તરીકેના અથાગ પરિશ્રમની ઉપરવટ થઇને કેમ ચમકતું હશે? કે પછી સોનું તો તાપથી સોહામણું બને તેમ, એ પરિશ્રમના પરિણામ રૂપે જ આ તેજ પ્રસર્યું હશે? શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિને વૈધવ્યની છાયા આડે પણ તંદુરસ્ત અને સોહામણું વદન કરમાવા દીધું નથી. રાજકુમારી અમૃતકૌરની ઉંમર વધી ગઈ હોવા છતાં એમની ચાલમાં યુવતીના જેટલી જ નમણાઈ અને ચપળતા ભરી છે. ફોરવર્ડ બ્લોકવાળા શ્રી કામતનાં દાઢીમૂછ એમના કદાવર દેહને મિયાણાનું સ્વરૂપ આપી દેતાં. બંગાળના અને ખાસ કરીને આસામનાં પ્રતિનિધિઓ કાંઈક અંશે હતોત્સાહ જણાતા હતા, તેનું કારણ તો સહેજે સમજી શકાય તેવું છે. રાજાજીની તબિયત સારી ન રહેતી હોય તેવું લાગ્યું. મૌલાના આઝાદ સભાની બેઠક ચાલુ હોય તે દરમિયાન પ્રસંગોપાત પોતાના કેળવણી–ખાતાના દફતરમાં આંટો મારી આવતા હતા. આપણા વડાપ્રધાન શ્રી ખેરનું સદા તાજું સ્મિત દૂધ જેવા સફેદ દાંતની બત્રીસી વચ્ચે મલકાઇને સૌને રીઝવતું હતું. પંડિત જવાહરલાલનું વદન એમના તરવરાટની આરપાર થઇને સૂકાયેલું લાગતું હતું. વૈશાખમાં ખેડેલા ખેતર જેવી રેખાઓના રૂપમાં વ્યગ્રતા એની ઉપર અંકાઈ ગઈ છે. શ્રી પટ્ટાભી સિતારામૈયા હસતા ને ચાલતા 'ફેધર્સ એન્ડ સ્ટોન્સ' (પીંછાં અને પથરા)ના અખૂટ ખજાનાની લહાણ પરિચિતો–અપરિચિતો વચ્ચે કર્યે જતા હતા. કેટલા ય સભ્યોનો દાદીમાની અવસ્થાએ પહોંચેલા સરોજિનીદેવી નિયમિત હાજર રહેતાં અને પોતાને શિરે આવેલી પવિત્ર ફરજનું સંપૂર્ણપણે પાલન કરતાં. શ્રી જયરામદાસ દોલતરામને મોઢેથી સિંધી ભાષા અને લોકસાહિત્ય વિશે બે–ચાર નાની નાની વાતો સાંભળી અને ફરી પ્રતીતિ થઈ કે, આપણા શ્રેષ્ઠ આગેવાનોનું જીવન ગુલામ દેશના રાજકારણે હરી ન લીધું હોત તો સાંસ્કૃતિક–સાહિત્યિક પ્રવૃત્તિઓને એ કેટલી બધી પ્રતિભાવંતી બનાવી શક્યા હોત. પ્રાંતેપ્રાંતના લોકસાહિત્યનો હિંદુસ્તાની અથવા અંગ્રેજીમાં અનુવાદ થઈ શકે તો આપણે અલગ અલગ પ્રાંતવાસીઓ એકબીજાથી કેટલા નિકટ છીએ અને એક જ અમોલા ભૂતકાળના વારસદાર ભાંડુઓ છીએ તેનો પૂરો ખ્યાલ આવે.

*

આ વખતની બેઠકમાં સૌથી મહત્વની ગેરહાજરી બિહારમાં શાંતિ અને કોમી ઐક્યની સ્થાપના કરવા ગયેલા સરહદના ગાંધીની હતી. મહાત્માજી તો મહિનાઓથી નોઆખલી ગયા હોવાથી આ બંધારણસભાને પ્રત્યક્ષરૂપે એમના આશીર્વાદ મળી શક્યા નથી. પણ તેઓ જાણે ઉપરની એક ગેલેરીમાં બેસીને સભાની કાર્યવાહી નિરખતા હોય તેટલી આમન્યાપૂર્વક લગભગ બધા સભ્યો વર્તતા હતા. અલબત્ત, રાજેન્દ્રબાબુ જે

ગૌરવભરી રીતે પ્રમુખપદ શોભાવતા હતા તેની પણ સભ્યો ઉપર ઘણી અસર પડતી હશે. આ સભાગૃહ મૂળ મધ્યસ્થ ધારાસભાના પુસ્તકાલય તરીકે વપરાતું ત્યારે એની દીવાલો ઉપર સોનેરી ફ્રેમમાં મઢેલાં જુદા જુદા વાઈસરોયોનાં મોટાં તૈલચિત્રો ટિંગાતાં હતાં. પણ હવે એ ફ્રેમ ખાલી પડી છે. એક પત્રકારનું એવું સૂચન હતું કે એમાંની એક ફ્રેમમાં ગાંધીજીની છબી મૂકવી જોઈતી હતી. મને એવી છબીની જરૂર લાગી નથી. બાબુ રાજેન્દ્રપ્રસાદ વિચાર, વાણી અને વર્તનમાં ગાંધીજીને એટલા બધા મળતા આવે છે કે એમને ગાંધીજીની જીવતી છબી કહી શકાય. સહુ સભ્યો પણ એમની પ્રત્યે એટલા સન્માનથી જુએ છે.

તે ઉપરાંત, મુસ્લિમ લીગના બિરાદરો પણ હાજર નથી એ વાત હું વારે વારે વીસરી જતો હતો. પણ સભ્યોએ એ વાત ઘડીકેય વિસારી નહોતી. સભાના દરેક ઠરાવમાં, એના હાર્દમાં તેમજ તેના શબ્દ કલેવરમાં મુસ્લિમ લીગના મંતવ્યને બને તેટલું સમાવવાના, એમના દૃષ્ટિબિંદુને ખ્યાલમાં રાખીને તેમાં સુધારાવધારા કરવાના હૃદયપૂર્વકના પ્રયાસો કરવામાં આવ્યા છે. ચાહે તેવા પવિત્ર સોગંદ ખાઈને પણ હું એ કહેવા તૈયાર છું કે બંધારણસભા માત્ર કૉંગ્રેસી તમાશો નથી. આખી બંધારણસભા કૉંગ્રેસના રાષ્ટ્રવાદના-રંગે રંગાયેલી હોત તો એ જુદી જ હોત, અને મારા જેવા કરોડોને એણે હજી વધુ માયા લગાડી હોત. પણ આજે તો વસ્તુસ્થિતિ જે છે તે હું અહીં રજૂ કરું છું, કે શુદ્ધ કૉંગ્રેસી દૃષ્ટિબિંદુ સાથે સુમેળ ન ખાય તેવી અનેક બાબતો આ સભાની કાર્યવાહીમાં નજરે પડી છે. એ સારું થયું છે કે નરસું, તે અભિપ્રાયનો વિષય છે. પણ હકીકત તો એ છે જ. આપણા રાષ્ટ્રનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ એમાં રજૂ થયેલું મને દેખાયું છે—રાષ્ટ્રનાં સુતત્વો અને મલિન તત્વો, બન્નેની એમાં મેળવણી થયેલી છે. અને મુસ્લિમ લીગના સભ્યો હાજર નથી છતાં દરેક બાબતમાં એમના દૃષ્ટિબિંદુને અપનાવવામાં સભા એટલી હદ સુધી જઈ ચૂકી છે કે એમની હાજરીથી તેઓ આથી વિશેષ કાંઈ મેળવી શક્યા હોત કે કેમ તેની મને શંકા છે. જેમ વચગાળાની સરકારમાં તેમ બંધારણસભામાં આવીને પણ લીગને ડગલે ને પગલે જો કજીઆ જ કરવા હોય તો તો એ બહાર રહે તેમાં સભાને લાભ છે; અને લીગને એમાં કાંઈ નુકશાન નથી કારણ કે અહીં, કૉંગ્રેસની અંદર તેમજ બહાર એમના દૃષ્ટિબિંદુનો ખ્યાલ રાખનારા અનેક સભ્યો છે.

પોતાના વિચારોને ભોગે પણ લીગ અને બીજાઓ પ્રત્યે કૉંગ્રેસ જે ભલમનસાઈ દાખવી રહી છે તેનો બહુ જ ગેરલાભ લેવાતો હોય તેવો એક પ્રસંગ બન્યો ત્યારે ઘણા સભ્યો ખળભળી ઊઠ્યા હતા. પંડિત જવાહરલાલના ઠરાવ ઉપરનો સુધારો પાછો ખેંચી લેવાની શ્રી મુકુંદરાવ જયકરની જાહેરાતને તાળીઓથી વધાવી લેનારી સભાએ જ, બે મિનિટ પછી જ્યારે જોયું કે શ્રી જયકર તો હજી નવી ગૂંચવણો ઊભી કરે તેવી બે-ચાર વાતો કહેવા માગે છે ત્યારે એમને બોલતા બંધ કરવાની માગણી કરતા અનેક સભ્યો એમની બેઠકમાં ઊભા થઈ ગયા હતા. સહુની વતી પંડિત પંતે શ્રી જયકરને વધુ ન બોલવા દેવાની માગણી રજૂ કરી ત્યારે વિચારની દૃઢતાને ભાષાની મુલાયમીમાં કેટલી હદ સુધી મઢી શકાય છે તેનો એક દાખલો મને મળ્યો.

*

ઠરાવ પરની ચર્ચા સમેટતાં જવાહરલાલના હૃદયના ઊંડાણમાંથી નીકળતા શબ્દોને આખી સભા મુગ્ધ બનીને સાંભળી રહી હતી. ડિસેમ્બરની બેઠકમાં ઠરાવ રજૂ કરતી વખતે એમણે જે ભાષણ કરેલું તે વખતે કોઈ સભ્યની પાંપણ ફોરી રહી શકી નહિ જ હોય તેમ આ ભાષણ સાંભળતાં ખાતરી થઈ. લાખ્ખો સામાન્ય જનોની મેદનીને આંજી નાખવી એ સહેલું છે, પણ વર્ષોના અનુભવે રીઢા બનેલા આવા સો-બસો શિક્ષિતોને મંત્રમુગ્ધ બનાવવા તે ઘણું આકરું છે. જવાહરલાલ એટલા બધા ઊર્મિલ ગણાય છે કે આમ શબ્દેશબ્દ તોળીને બોલવામાં એમને કેટલો સંયમ પાળવો પડ્યો હશે તે કલ્પી શકાય તેવું છે. ગુસ્સાના ધોધપ્રવાહને આમ અંતરમાં જ સમાવી શકનારની બીનર કેવી વજ્ર જેવી હશે! જબ્બર મોટી ગાડીને માઈલો સુધી ખેંચી જતી વરાળને પોતાના પેટમાં જ સમાવી શકનાર એન્જિનનું બોઈલર પણ કેવું મજબૂત હોય છે!

પણ બધા જ સભ્યો પંડિત જવાહરલાલ જેટલો સંયમ પાળી શક્યા નહોતા. બંધારણસભાએ નીમેલી

જુદી જુદી સમિતિઓ ઉપર, 'ફલાણી કોમને આટની બેઠક મળી તો મારી કોમને કેમ ઓછી મળી ?' એવું કહેનારા હરિજનોના આદિવાસીઓના અને ખ્રિસ્તીઓના કેટલાક પ્રતિનિધિઓ નીકળી આવ્યા હતા કોમવાદનું જે વિષ બ્રિટિશ સરકારે એમને આપણા રાજકારણના વર્ષોથી પાયું છે તેની અસરમાંથી એ મુક્ત થઈ શક્યા નહોતા બંધારણ સભા દ્વારા આવી હેની મુક્તિની હવા હજી એમના ગૂંગળાયેલ–ચિમળાયેલા ફેફસામાં પ્રવેશી શકી નહોતી પોતાની કોમની એક–બે બેઠકો વધુ મેળવવાથી સરવાળે તો કશો ફરક પડનાર નથી એ જાણવા છતાં આવો દાવો આગળ ધરાતો હતો, કારણ કે કોમને રીઝવવી હતી આવી સંકુચિતતાનું અંતિમ કક્ષાનું ઉદાહરણ બિહારના સ્વતંત્ર આદિવાસી સભ્ય શ્રી જયપાલસિંઘે આપ્યું અગાઉ મેં એમનું નામ સુદ્ધાં કદી સાંભળ્યું નહોતું પણ એમના આ પ્રથમ પરિચયે જ આશ્ચર્ય થયું કે આવી સામાન્ય કક્ષાના ને આટલા સંકુચિત માણસ આ બંધારણસભામાં ક્યાંથી આવી પહોંચ્યા હશે ? પાછળથી શ્રી સિતારામૈયાના એક લેખમાં આ શ્રી જયપાલસિંઘની ડીગ્રીઓ અને એમણે શોભાવેલી ખુરશીઓની એક લાંબી યાદી વાંચી ત્યારે વળી એ આશ્ચર્ય વધ્યું

આવી કોમી સંકુચિતતા કોંગ્રેસના કોઈ સભ્યમાં નહોતી એવું પણ નથી દાખલા તરીકે આસામના કોંગ્રેસી પ્રધાન શ્રી ડીસુઝાએ પણ ઊભા થઈને અમુક સમિતિ ઉપર પોતાની ખ્રિસ્તી કોમને ઓછી બેઠકો મળી છે એવી ફરિયાદ કરી ત્યારે હું તો સ્તબ્ધ જ થઈ ગયો ચૂંટણીઓમાંથી કોમવાદને કાઢવામાં એક દિવસની પણ ઢીલ થાય છે તેમાં આપણા સારા સારા માણસોને પણ એ હળાહળ સ્પર્શી જવાનો કેટલો ભય રહેલો છે તે આ બનાવે દેખાડ્યું આ બાબતમાં ચારેય શીખ–સભ્યોએ એક પણ કોમી સૂર કાઢ્યો નહોતો, તે ઘણા હર્ષની બાબત છે

*

બંધારણસભામાંથી હું એક એવી પણ અસર લઈને પાછો ફર્યો છું કે આપણા રાષ્ટ્રના પહેલી હરોળના આગેવાનો અને બીજી હરોળના નેતાઓ વચ્ચે શક્તિ અને પ્રતિભાનું ઘણું મોટું અંતર રહેલું છે એનું એક પરિણામ એ આવ્યું છે કે એના એ જવાહર, સરદાર, રાજેન્દ્રબાબુ, મૌલાના કૃપાલાની અને પંતને માથે અનેક પ્રકારની જવાબદારીઓ લદાઈ રહી છે કૃપિયે બાગ્યાની પણ એમનું સ્થાન લઈ શકે એવા શક્તિશાળી બીજા નેતાઓ જો આપણી વચ્ચે હોત તો કાર્યબોજનું કેટલુંક વિકેન્દ્રીકરણ થઈ શક્યું હોત સાંકળની માફક રાષ્ટ્રની તાકાતનું પણ એની સમણી નહિ પણ સૌથી નબળી કડીમાંથી નીકળે છે એટલે આપણે ત્યાં આગેવાનોની એક અખંડિત હારમાળા કેમ ઊભી થઈ શકી નથી એ પ્રશ્ન ઘણાને મૂંઝવે છે કેટલાક એમ માને છે કે આપણા ટોચના આગેવાનોની સરમુખત્યારી ઢબે કામ લેવાની કાર્યપદ્ધતિ આને માટે જવાબદાર છે

*

આગેવાનોના સ્વભાવની આ ખામી અંગે તો હું કંઈ કહી શકું તેમ નથી પરંતુ, એમની આસપાસ ઊભી કરવામાં આવેલી મહત્તાની દીવાલોમાંની એક ઝીણી તીરાડ વાટે, એમના લાગણીતંત્રનું લગીરેક દર્શન કરવાનો પ્રસંગ મને સાંપડ્યો હતો

શનિવારે બંધારણસભાની બેઠક પૂરી થઈ ત્યારે પંડિત જવાહરલાલના 'ડિસ્કવરી ઑફ ઈન્ડીઆ'ની નવી આવૃત્તિ ખરીદીને એની ઉપર એમના હસ્તાક્ષર લેવા હું એમની કચેરીમાં ગયો હું ગયો ત્યારે લશ્કરમાંથી છૂટેલા અને વિદેશખાતામાં ભરતી થવાથી પરીક્ષા પસાર કરી ચૂકેલા દસેક જુવાનો ત્યાં ઊભા હતા જવાહરલાલ કામમાં હતા તેથી દસની સાથે અગિયારમો હું પણ ઊભો રહ્યો લશ્કરી પોશાક પહેરેલા એ દસમાંથી કોણ હિંદુ ને કોણ મુસલમાન હશે, કોણ મરાઠી, પંજાબી કે બંગાળી હશે તે કહેવું મુશ્કેલ હતું એ નર્યા હિંદીઓ જ હતા એમાંના એક સાથે વિદેશખાતા અંગે વાતો કરતા કરતા મેં પૂછ્યું 'તમે ક્યા દેશમાં આપણી એલચીખાતામાં જવું પસંદ કરશો ?'

એણે જવાબ દીધો 'અહીં તો લશ્કરના જેવું છે દુનિયાના જે કોઈ મુલકમાં મને મોકલે ત્યાં જવા માટે તૈયાર જ રહેવું જોઈએ'

'તે ખરું,' મેં વાત મૂકી નહિ 'ધારો કે તમારી ઉપર પસંદગી છોડવામાં આવે તો તમે ક્યા દેશમાં જવાનું પસંદ કરો ?'

'તો તો પછી અમેરિકા જ જાઉં ને!' એણે હસીને કહ્યું.

'તમારા બીજા સાથીઓની ઇચ્છા શી હશે?'

'મોટા ભાગનાની ઇચ્છા અમેરિકા કે રશિયા જવાની જ હશે'.

ત્યાં તો અંગત મંત્રી આવ્યા અને એમણે વિનયપૂર્વક એ બધાને કહ્યું કે, 'પંડિતજી અત્યારે તો બહુ કામમાં છે. તમે બધા સાંજના આવી શકશો!'

સાંજના પાછા આવવાનું નક્કી કરીને એ બધા, મોજથી વિદાય થયા છતાં હું ખસ્યો નહિ એટલે મંત્રીની નજર થોડી વારે મારી ઉપર પડી. મેં કહ્યું કે, 'મારે અરધી મિનિટનું જ કામ છે. ફક્ત આ પુસ્તક ઉપર એમના હસ્તાક્ષર લેવા છે.'

મંત્રી કહે કે, 'પંડિતજી બહુ કામમાં છે, છતાં લાવો પુસ્તક, હું સહી કરાવી દઉં'

મેં નમ્રતાથી ના પાડી અને કહ્યું કે, 'હું ઘણે દૂરથી આવું છું માટે જાતે જ એમની પાસે જઈને હસ્તાક્ષર લેવાની મને હોંશ છે.'

મંત્રીને પણ ઘણું કામ હતું એટલે વાતનો ત્યાં અંત આવ્યો અને હું પંડિતજીના ઓરડાની બહાર ઉભો જ રહ્યો.

થોડીવારે જવાહરલાલ મંત્રીને બોલાવવા જાતે બહાર આવ્યા. એ તક ઝડપીને મેં પુસ્તક એમની સામે ધરી દીધું અને હસ્તાક્ષરની માગણી કરી. એમણે મને અંદર બોલાવ્યો અને અંગ્રેજીમાં સહી કરી દીધી. સહી કરાવવા મેં એમની સમક્ષ પુસ્તક ધર્યું ત્યારે મારાથી સહેજે અર્પણ-પત્રિકાવાળું પાનું ઊઘડી ગયેલું. એની ઉપર લખેલું હતું: "To my Colleagues and Co-prisoners in the Ahmadnagar Fort Prison Camp." (અહમદનગરના કિલ્લાની જેલમાંના મારા સાથીઓ અને સહકારાવાસીઓને) છાપેલા પુસ્તકનું એ પાનું પણ જવાહરલાલના હૃદયને માટે જાણે કોઈ પવિત્ર આત્મીયતા પગરવનું હોય તેમ, 'યહાં તો કૈસે હો સકતા હૈ!' કહીને એમણે પાનું બદલી નાખ્યું અને પછી સહી કરી.

એ જ સાંજે બાબુ રાજેન્દ્રપ્રસાદની તાજી જ બહાર પડેલી હિંદી આત્મકથા લઈને એમને બંગલે એમના હસ્તાક્ષર લેવા ગયો. રાજેન્દ્રબાબુનો બંગલો જેટલી જગ્યા રોકે છે તેથી દસગણી જગ્યામાં એમનું ફળિયું છે. આ વિશાળ ચોગાનમાં લીલા ઘાસનાં મેદાનો છે. ફૂલના ક્યારા છે, અને શાકભાજી પણ વાવેલાં છે. 'આત્મકથા'ના છેલ્લા પ્રકરણમાં રાજેન્દ્રબાબુએ લખ્યું છે તેમ પોતાના ખપ પૂરતી શાકભાજી બધી તેઓ આ બગીચામાં જ પકાવી લ્યે છે. પણ બટેટા તો ઘણા વધારે વાવેલા છે.

વચમાં ગુલાબની કલમો અને ચોપાસ બટેટાના છોડ વાવેલા છે. રાજેન્દ્રબાબુના મકાનના ઓરડા મોટા મોટા છે, પણ ઓરડાની સંખ્યા ઓછી છે, તેથી સંકડાશ પડતી હશે. મકાનની પાછળ એક તંબુ ઊભો કરેલો છે. હમણાં જ બિહારથી એમના કુટુંબનાં બાળકો આવ્યાં છે એ બધા સાથે ત્યાં બેસીને રાજેનબાબુ વાતો કરતા હતા. તંબુમાંથી બંગલામાં આવ્યા ત્યારે હું હસ્તાક્ષર લેવા ગયો. મને ખુરશી ઉપર બેસાડ્યો, નામ પૂછ્યું, મારા છાપાનું નામ પૂછ્યું, હસ્તાક્ષર શા માટે લેવા છે એ પૂછ્યું. મેં કહ્યું કે, 'બંધારણસભાની બીજી બેઠક અને તેના પ્રમુખની કાંઈક સ્મૃતિ તો મારે મારી સાથે ઘેર લઈ જવી જોઈએ ને!' હસીને એમણે હિંદીમાં સહી કરી દીધી.

રાજેનબાબુ પાસે હું બે મિનિટ બેઠો તે દરમિયાન તેમને દમનો કુ ખાંસી ચાલુ હતો તેથી ખૂબ જ હાંફતા હતા. છતાં એમના મોઢા ઉપર કષ્ટનાં ચિહ્નો દેખાતાં નહોતાં. વચગાળાની સરકારમાં સૌથી વિશેષ આકરા કામવાળો ખોરાક અને ખેતીનો વિભાગ એમના હાથમાં છે. એમાં વળી બંધારણસભાના પ્રમુખપદનો બોજો પણ એમને ઉપાડવો પડ્યો છે. દેશસેવાની ધગશ માનવદેહ પાસે આ ઉંમરે પણ આટલું કષ્ટ વેઠાવી શકે છે તેનું આ દશ્ય જુવાનોને માટે કેટલું પ્રેરણાદાયી છે!

મને થયું કે, આ માનવી તે સોટીમાસનાં છે કે લોખંડનાં!

એનો જવાબ લાગે છે હજી મળ્યો નથી.

*

ગ્રંથ સમીક્ષા

અ. મ. રા.

વાસ્તવદર્શી નવલકથા

મન્વંતર

[લે. તારાશંકર બંદ્યોપાધ્યાય; અનુવાદક, રમણીક મેઘાણી: પ્રાપ્તિસ્થાન, ભારતી સાહિત્ય સંઘ, મુંબઈ–અમદાવાદ; મૂલ્ય સાડાચાર રૂપિયા.]

પ્રથમ પંક્તિના આધુનિક બંગાળી વાસ્તવદર્શી સાહિત્યકાર શ્રી. તારાશંકર બંદ્યોપાધ્યાયની પ્રસિદ્ધ કૃતિનો આ ગુજરાતી અનુવાદ છે. મૂળ કથાની બંગાળીમાં ઘણી આવૃત્તિઓ થઈ છે, તેમજ કેટલીક પ્રાન્તીય ભાષાઓમાં અને અંગ્રેજીમાં પણ એના ભાષાંતર થયાં છે, એ હકીકત એની લોકપ્રિયતા બતાવે છે.

કથાનાં વિષય–વાતાવરણ પૂરા થયેલા વિશ્વયુદ્ધનાં છે. આ વિશ્વયુદ્ધ વિશે લેખકની માન્યતા જાણવા જેવી છે. એમની એ માન્યતાએ જ કથાનો નામકરણ સંસ્કાર કરી આપ્યો છે. એ કહે છે: ' આ વિશ્વવ્યાપી યુદ્ધ માનવસમાજમાં મહામન્વંતર છે ' (પૃ. ૩૭૬). કુરુક્ષેત્રના યુદ્ધે, તેમ જ પહેલા વિશ્વવિગ્રહે માનવીને મુક્તિ સંપડાવી નહિ. આ વિશ્વયુદ્ધ એ સંપડાવે અને પછી જે વૈષમ્યવિહીન સમાજરચના આદરાય તેના, એટલે કે નવી દુનિયાના, નવવિધાનમાં વિશ્વની અન્ય પ્રજાઓ ભલે પોતપોતાની વિશિષ્ટ સિદ્ધિઓ નોતરે પણ ભારત તો 'અંતરલોકનું વિજ્ઞાન, જીવન માટે પ્રેમ, જીવંત માત્ર માટે આદર, સત્ય માટે આગ્રહ મોહમુક્ત કલ્યાણદૃષ્ટિ, અસત્ય સામે અહિંસક અણનમ દૃઢતા'નો મહાત્મા ગાંધીના આચરણ અને રવીન્દ્રનાથના કથનમાં અભિવ્યક્ત થતો પોતાનો ચિરંતન સંદેશ ભેટ ધરે, એવી આશા લેખકે સેવી છે. પોતાની એ આશાને ઉચ્ચાર આપવાનો આ કથા દ્વારા એમણે પ્રયત્ન કર્યો છે.

કથાવસ્તુ માટે આથી એમણે પાર્શ્વ–પશ્ચાદ્–ભૂમિકા યુદ્ધ સમયની યોજી છે. પરિણામે, તેંતાળીસના દુર્ભાગી બંગાળની કારમી પરેશાનીનું સજીવ વાસ્તવચિત્ર કથામાં આપણને મળ્યું છે. નીચલા મધ્યમવર્ગ અને નોકરિયાતોની દશા, નફાખોરી, કાળાં બજાર, અન્નસંકટ, ભૂખમરો, જાપાની હવાઈ આક્રમણ એ સહુનું આલેખન તત્કાલીન વાતાવરણને આપણી સમક્ષ તાદૃશતાથી ફરી ધબકતું કરી મૂકે છે. યુદ્ધની ચપાટ આપણા દેશમાં ખરી તો વાગેલી બંગાળને. એના પ્રત્યક્ષ અનુભવનો થોડોક સ્વાદ પણ આસામને ને એને જ ચાખવો પડેલો, એટલે આવું યુદ્ધચિત્ર હિંદમાં તો બંગાળમાંથી જ આવે એમ હતું. તે આ બંગાળી કથામાં આવ્યું છે. કથા લખાયેલી છે પણ તેંતાળીસની સાલમાં, શસ્યશ્યામલા બંગભૂમિ એ બધી યાતનામાંથી પસાર થઈ રહી હતી તે વેળા. સંવેદનશીલ લેખકે એ ગરમાગરમ વાતાવરણ જ પોતાની આ કથામાં એમ ને એમ ભરી દીધું છે.

પણ લેખકને માત્ર એવું પરિસ્થિતિચિત્ર જ દોરવું નહોતું. 'રાષ્ટ્રની વર્તમાન પરિસ્થિતિની પશ્ચાદ્–ભૂ ઊપર બંગાળના આ યુગના નૂતન–આદર્શ–અનુપ્રાણિત યુવકયુવતીઓના' જીવન વિશે લખવાની, એમની કલ્પના હતી. ખેડાખાઉ મૂડીદારમાનસના ઓછાયામાં ઊછરેલો પણ આ યુદ્ધના મહામન્વંતરની અને જીવનવિગ્રહની અડફેટમાં આવેલો સુખમય ચક્રવર્તીનો ભાવનાશાળી પ્રપૌત્ર કથાનાયક કાનાઈ, કાનાઈને ચાહતી તેજસ્વી કૉલેજકન્યા નીલા, કાનાઈ, ગીતા, નીલા, નેપી એ સૌ ઘરછોડુઓને આશરો આપતો મસ્તરામ જેવો ભાવનાશાળી પત્રકાર વિજયદા, કુટુંબ ને ખાવાપીવાની સગવડો ભૂલી એક માત્ર સમિતિના કામમાં જ મચ્યો રહેતો અને ઓભિક્ષનો તથા ભૂખ્યાઓની વહારે ગમે તે ઘડીએ દોડી જતો જનસેવા સમિતિનો સભ્ય અને ઉત્સાહી કાર્યકર નેપી—આ સૌ જુવાન પાત્રો આધુનિક બંગાળના જુવાનોનું માનસ રજૂ કરી તેમનું પ્રતિનિધિત્વ જ આ કથામાં ધરાવે છે. એમનું પાત્રાલેખન હેતુલક્ષી વાતાવરણકથા કે પરિસ્થિતિચિત્ર જેવી મહદંશે બની ગયેલી આ કથામાં પાત્રનિરૂપણની દૃષ્ટિએ ધ્યાન ખેંચે એવું બન્યું છે. નેપી તો ઘણા વાચકોના દિલમાં વસી જશે.

કથામાં પ્રણયકથા વણી લઈને એને યથાશક્તિ

રસિક બનાવવાનો પણ પ્રયાસ કર્તાએ કર્યો છે. નાયકનાયિકા કાનાઈ-નીલાની પ્રણયકથાનું નિરૂપણ કેટલેક અંશે લાગણીની બંગાળી રીતે થયું છે. એમના વિકસતા પ્રણયનો સાફલ્યની ઘડી પરસ્પરની ગેરસમજથી ઠીક વિલંબાય છે.

કથાની હેતુલક્ષિતા ઓછી રહેતી નથી. કથામાં એકલખાઉ મૂડીદારોનાં માનસનું અને યુદ્ધ વેળાની મૂડીદારોની નફાખોરીનું ચિત્રણ બરાબર કરાવાયું છે. કર્તાએ કથાનાયક કાનાઈને ઘસાઈ ગયેલા મૂડીદાર કુટુંબનો અવશેષ બનાવી તેને જીવન વિપદમાંથી અને મૂડીદારોના પરિચયમાંથી પસાર કરાવી આખરે તેને કૉમરેડ બનાવ્યો છે. તેની સાથે પ્રેમના તારે સંધાતી નીલાને પણ 'કૉમરેડ' કહી સંબોધનો તેને બતાવ્યો છે. વાંચો આ:

વિજયદા લખવાનું પૂરું કરીને બોલ્યા: 'કાનાઈભાઈ, હવે કામે વળગી જા. નીલા સાથ, કૉમરેડ સાથે હું યે કામે લાગી જા.'

* * *

નીલા હવે બોલી: 'બોલો શું કરું? કામ કહો.'

'કામ ઘણું છે. લોકોને આ મન્વંતરની મહાઆફત-માંથી પાર કરવા જ પડશે.'

વિજયદાએ બત્તીની સ્વીચ બંધ કરી. દિવસનું અજવાળું થઈ ચૂક્યું છે. (કથાની છેલ્લી લીટીઓ)

હૃદયમિલનની-પ્રેમસાફલ્યની-ઘડીએ નાયકનાયિકાને વિજયદાનો આ આદેશ મળે છે. 'કૉમરેડ'પણાની ગંભીર દીક્ષા મળે છે! 'દિવસનું અજવાળું થઈ ચૂક્યું હતું.' એ છેલ્લું વાક્ય પણ અર્થવંતું છે આવાં યુવકયુવતીઓ જે ભાવનાથી પ્રેરાઈ 'લોક'ની આફત દૂર કરવા ને તેમની સેવા કરવા તૈયાર થાય છે તે ભાવનાના-ક્રાન્તિના અજવાળાનો ઉદય થઈ ચૂક્યો છે એમ પણ કર્તાને સૂચવવું છે. ગાંધીજી ઉપવાસની કઠણ અગ્નિપરીક્ષામાંથી સલામત પાર આવ્યા એ સમાચારે પ્રેરેલો પૃ. ૩૭૬થી ૩૭૯ સુધીમાં વર્ણવાતો વિજયદાનો ભાવના ને લાગણીના ઉદ્રેકથી છલકાતો લેખ તો કર્તાની ભાવનાનો મનોરમ ઉદ્ગાર છે. એનો પરિચય આ કથાની સમીક્ષાના બીજા પરિચ્છેદમાં આપી દીધો છે.

બંદ્યોપાધ્યાયની ભાષા અને શૈલી આકર્ષક અને ચમત્કાર છે. સુખમય ચક્રવર્તિના વિદ્યમાન વંશજોની હાલતનું ચિત્ર એનો એક સરસ નમૂનો છે.

અત્યાર સુધી આપણે ત્યાં આવેલી બંગાળી નવલકથાઓ મુખ્યત્વે લાગણીમાન પ્રેમકથાઓ જ હતી. આ કથા ઉપરનાં લક્ષણોને લીધે જુદી તરી આવે છે. આથી, શરદબાબુની કૃતિઓ ખલાસ કર્યા પછી જે તે બંગાળી લેખક-લેખિકાની કથાઓ ગુજરાતીમાં ઘસડી લાવવા અનુવાદકો અને પ્રકાશકોની પ્રવૃત્તિથી કંટાળવા માંડેલા વિવેકી સાહિત્યરસિકો આ કથાના અનુવાદથી તો અપ્રસન્ન નહિ જ થાય.

ચાર ચરિત્રો

શ્રી. જમનાલાલજી

[લે० ઘનશ્યામદાસ બીરલા; અનુ૦ કરીમભાઈ વોરા; પ્રકા૦ નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ; મૂલ્ય, ૭ આના.]

૪૮ પાનાંની આ સુલિખિત પુસ્તિકા સ્વ. જમનાલાલ બજાજની ચરિત્રિકા છે. ચરિત્રિકા જ ન કહો અને 'જમનાલાલજીનો જીવનપરિમલ કે જીવનપરિચય' એવું નામ એને આપશો તોય ચાલશે. રૂઢ રીતે લખાતાં આવાં પુસ્તકો કરતાં પોતાની લખાવટને કારણે આ પુસ્તિકા જુદી પડે છે. જમનાલાલજીના પોતાના પ્રથમ અને અંતિમ દર્શનનાં સ્મરણોથી પ્રારંભ કરી શ્રી. બીરલાએ તેમના વ્યક્તિત્વલક્ષણો અને સાદાઈ, ધનની નિસ્પૃહતા તથા સતત ઉદ્યોગપરાયણતા જેવા તેમના ગુણોનો પરિચય કરાવી, તેમના રાજકારણપ્રવેશનો ઇતિહાસ અને તેમણે લડેલા નાગપુર જયપુરના સત્યાગ્રહો તથા જીવનના અંત લગી ચાલેલી તેમની રચનાત્મક પ્રવૃત્તિઓ વિશે સંક્ષેપમાં પણ સુરેખ રીતે માહિતી આપી છે. પુસ્તિકાનો અન્ત જમનાલાલજીના ચિતારોહણના દાહ અને તે વેળાના પોતાના સંવેદનના સ્મરણાલેખથી કર્તા લાવ્યા છે. સત્તર વરસના જમનાલાલજીએ પોતાના દત્તક પિતા-શ્રી બચ્છરાજજી પર લખેલો—એમની ધન પ્રત્યેની ઉદાસીનતા, પ્રગલ્ભતા અને નિર્મળ નિર્વૈર અંતઃકરણ દાખવતો—જે પત્ર કર્તાએ અંદર આખો ઉતાર્યો છે

તે જમનાલાલજીના અંતર સત્ત્વનું સુંદર દર્શન કરાવનાર સાધન છે, તેમ જ આ લઘુપુસ્તિકાનું એક આકર્ષણ છે. રા. બીલા પાસે શૈલી છે, બનાવોને રજૂ કરવાની નિરૂપણકળા છે, સંવેદક હૃદય છે, ધર્મશાસ્ત્ર પુરાણોનો સારો પરિચય છે, મર્મગામી દૃષ્ટિ છે અને અંતરની ધાર્મિકતા છે એની ખબર પણ આ પુસ્તિકા વાચકોને આપશે.

નાનસેન

[લે. મૂળશંકર ભટ્ટ; પ્રકા. શ્રી દક્ષિણામૂર્તિ, આંબલા; વિક્રેતા, ભારતી સાહિત્ય સંઘ લિ.–મુંબઈ : અમદાવાદ; મૂલ્ય સવા રૂપિયો.]

તરુણ વિદ્યાર્થીઓના વાચકવર્ગને ભૌગોલિક માહિતી આપવા સાથે પ્રવાસશોખ અને સાહસપ્રિયતાનો ચેપ લગાડે એવી શ્રી દક્ષિણામૂર્તિ પ્રકાશને શરૂ કરેલી પ્રવાસકથાઓની માળાના આ મણકામાં જગવિખ્યાત નોર્વેજીયન પ્રાણીશાસ્ત્રી અને સાહસિક પ્રવાસી નાનસેનના જીવન અને જીવનકાર્યનો પરિચય સરળ કિશોરભોગ્ય શૈલીમાં આપવામાં આવ્યો છે. તરુણ નાનસેનનાં સાહસપ્રેમ ને ઉમંગ, પ્રાણીશાસ્ત્રનો એનો પ્રત્યક્ષ અભ્યાસ, ગ્રીનલેંડના એક છેડાથી બીજા છેડા સુધીનો તેણે કરેલો બરફ પરનો સ્કી પ્રવાસ, ઉત્તર ધ્રુવના હિમાચ્છાદિત પ્રદેશમાં ધ્રુવગામી સાહસો કરતાં ખૂબ ઊંડે સુધી તેણે કરેલું પ્રવાસખેડાણ, પહેલાં વિશ્વયુદ્ધમાં ખુવાર થયેલા રશિયાના લોકોની રાહતમાં એણે આપેલો રચનાત્મક ફાળો, તેને મળેલું શાંતિ માટેનું નોબેલ પારિતોષિક—તેના જીવનના આ સર્વ મહત્ત્વના બનાવો વિશે અનેક અંગ્રેજી પુસ્તકોને આધારે લેખકે અહીં પ્રમાણભૂત માહિતી રજૂ કરી છે. નાનસેન સાહસવીર જ હતો, ગ્રીનલેંડ અને ઉત્તર ધ્રુવના પ્રદેશોનો પ્રવાસ ખેડવા ઉપરાંત તે પ્રદેશોની ભૌગોલિક માહિતી તથા એસ્કીમોના જીવનનો પ્રમાણભૂત પરિચય, પ્રત્યક્ષ અનુભવ ને અવલોકનને આધારે જગતને આપનાર ભૂગોળશાસ્ત્રી જ ન હતો, એ એક ભાવનાશાળી માનવતાપ્રેમી સંવેદનશીલ સજ્જન અને સંસ્કારી લેખક પણ હતો એમ, ગ્રીનલેંડમાં ખ્રિસ્તી સંસ્કૃતિએ ઘૂસી એસ્કીમોની મૂળ સંસ્કૃતિના કરેલા વિનાશ પર ઊકળી જઈને એણે જે દર્દભરી ચીસ નાખી છે એ, તથા પહેલા વિશ્વવિગ્રહ અને તેણે સરજેલી પરિસ્થિતિ પર એણે જે ઉદ્‌ગારો કાઢ્યા છે એના આ પુસ્તકમાં આપેલા ઉતારા બતાવી આપે છે. તરુણો ને જુવાનોના હાથમાં વાર્તાઓ ને નવલકથાઓને બદલે આવાં જ પુસ્તકો મૂકવાં જોઈએ. પુસ્તકમાં ખટકે છે એક જ નાની વાત: અને તે ચરિત્રનાયકની એક પણ છબીનો અભાવ. આવાં પુસ્તકોમાં ચરિત્રવિષય વ્યક્તિવિશેષનો એક ફોટો તો અવશ્ય મૂકવો જોઈએ. બીજી આવૃત્તિવેળા આ ઊણપ પુરાઈ જશે એવી આશા રાખીએ.

આપણા ગાંધીજી

[લે. પુરાતન બુચ; પ્ર. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; મૂલ્ય એક રૂપિયો.]

આપણાં કસ્તૂરબા

[લે. પુરાતન બુચ; હંસ પ્રકાશન, અમદાવાદ; મૂલ્ય પંદર આના.]

બેઉ લઘુપુસ્તકોના કર્તા રા. પુરાતન બુચ ગાંધીજી અને કસ્તૂરબાના નિકટના સંપર્કમાં આવી ચૂકેલા ભાવનાશાળી રાષ્ટ્રસેવક છે. આમ હોવાથી આવાં રાષ્ટ્રવિધાયક અને તેમનાં સાધ્વી પત્નીના જીવનની વાતો લખવાના એ વિશિષ્ટ રીતે અધિકારી છે. બાળકો અને પ્રૌઢ ઉંમરના અલ્પશિક્ષિતોના હાથમાં ગાંધીજી ને કસ્તૂરબાના જીવનપરિચાયક પ્રસંગો મૂકવાને ઇરાદે બેઉ પુસ્તકો લખાયાં છે અને તેથી શૈલી ને ભાષા તે વર્ગોને ગમ્ય ને રુચિકર થાય તેવાં રાખવામાં આવ્યાં છે. ચરિત્રવિષય બને વ્યક્તિઓના બાહ્યાભ્યંતર જીવન, ઘડતર, ભાવનાઓ ને જીવનકાર્યનો તેમનાં જીવનમાંથી લાક્ષણિક પ્રસંગો નિરૂપતાં જઈ સારો ખ્યાલ આપવામાં લેખક સફળ થયા છે એમ ખુશીથી કહી શકાશે.

[અનુસંધાન પૃષ્ઠ ૧૬ થી ચાલુ]

કરવાની પ્રજાને અપીલ કરી છે તેની સાથે સહુ કોઈ સંમત થશે. શ્રી મોરારજીએ અમદાવાદમાં કહ્યું છે તેમ જરાક કોઈ વસ્તુ ન મળી, જરાક અગવડ પડી કે તરત કાળાં બજારમાં દોડ્યા જવાની આદત આપણે કાઢી નાખવી જોઈએ. જે વસ્તુ ન મળે તેના વિના થોડા દિવસ ચલાવી લેવું જોઈએ. થોડીક અગવડ વેઠીને પણ નફાખોર વેપારીઓને દંડાવવા જોઈએ. (દાખલા તરીકે, અત્યારે ગોળની અછતની અને એનાં કાળાં બજારની ખૂબ ચારેકોરથી સંભળાય છે, અને ૨૦-૨૫ રૂપિયાના ભાવ આપીને પણ લોકો ગોળ ખરીદી ગયા છે. ગોળ એવો પદાર્થ નથી કે જેના વિના આપણે થોડા દિવસ ચલાવી ન શકીએ.) તે ઉપરાંત, કાળાં બજાર એક હલકટ પ્રવૃત્તિ છે એ બીના આપણા વાણી-વર્તનમાં દૃષ્ટિગોચર થવી જોઈએ. સમાજ-જીવનમાં એને પ્રતિષ્ઠા ન મળવી જોઈએ. એનાં દાન-સખાવત હરામ ગણાવાં જોઈએ. મ.

પ્રધાનોના પ્રયત્નો પ્રતીતિકર નથી.

બીજી બાજુ, પ્રજાકીય સરકારથી 'કાળાં બજારીઆનો બહિષ્કાર કરો'. એટલું કહીને બેસી ન રહેવાય. પ્રજા જો એટલી બધી હદે જાગ્રત હોત તો આજ ૭-૭ વર્ષોથી કાળાં બજાર જામ્યાં ન હોત. સત્તાપલટાની સાથે જ રાતોરાત પ્રજામાનસનો પલટો થતો નથી. કાળા બજારીઆઓ સાથે કડક હાથે કામ લેવામાં સરકાર કશી કમીના નથી રાખતી તેની સજ્જડ પ્રતીતિ પ્રજાને એણે કરાવવી જોઈએ. મુંબઈ સરકારના માહિતી-ખાતા તરફથી છુરીના હુમલાનો ભોગ થઈ પડનારાઓની સંખ્યા બતાવતી યાદીઓ જે નિયમિતતાથી થોડા વખત પૂર્વે બહાર પડતી હતી તે મુજબ નફાખોરોને શિરે લટકતી કાયદાની તલવારનો ભોગ એમનામાંથી રોજરોજ કેટલા થઈ રહ્યા છે તે બાબતની યાદીઓ બહાર પડવી જોઈએ.

તેલ, દીવાસળી વગેરેની તંગી અંગે અમદાવાદમાં અને બીજે કકળાટ થયો તે પછી ધીમેધીમે શ્રી ખેર કે શ્રી દિનકરરાવ દેસાઈએ નિવેદનો અને ભાષણો દ્વારા વસ્તુસ્થિતિની જે ચોખવટ કરી તેમાંથી પ્રજાના મનનું ઠીક ઠીક સમાધાન કરી શકે તેવી ઘણી હકીકત બહાર આવી છે. પણ આવી ચોખવટ પ્રજા કકળાટ કરે ત્યાર બાદ આશ્વાસનરૂપે નહિ, પરંતુ તંગીની એંધાણીઓ દેખાવા માંડે તે જ ઘડીએ ચેતવણીરૂપે કરવી જોઈએ. અલબત્ત, આમ દરેક બાબતની ચોખવટ કરવા પ્રધાનોથી બેસી શકાય નહિ એટલા મોટા કામનો બોજો એમને શિરે પડેલો છે. એ કામ જિલ્લાના અને તાલુકાના અધિકારીઓનું છે. પોતાના વર્તન દ્વારા દિન પ્રતિદિન આ અધિકારીઓએ પ્રજા સમક્ષ પ્રજાકીય સરકારનું અસ્તિત્વ વાજબી ઠરાવવાનું છે. એટલે, ફરી ફરીને પાછો મૂળ સવાલ આવીને ઊભો રહે છે કે, અમલદારી તંત્રમાં નવા પ્રાણ પૂરાવા જોઈએ. નવા અમલદારો આવે ત્યાં સુધી પણ પ્રજાએ સહન કર્યા જ કરવું જોઈએ એવું નથી. ફક્ત કોંગ્રેસના જ નહિ પણ અન્ય સર્વ સહકારવાદી પક્ષોના કાર્યકર્તાઓ સાથે પ્રધાનમંડળનો સતત અને નિકટનો સંપર્ક રહેતો હોય તો તેઓ પણ પ્રજા અને પ્રધાનો વચ્ચેની એક કડી બની શકે. મ.

જુસ્સાને તોડતો વર્ગભેદ

વડા પ્રધાન શ્રી ખેરે અમદાવાદની પ્રજાને મેણું માર્યું કે, આઝાદી માટે મરવા તૈયાર થનારાઓ તેલ-ગોળની તંગી પણ થોડા દિવસ સુધી ન સહી શકે! જરૂર સહી શકે. માનવીના હાથ બહારના સંજોગોથી જે મુસીબતો ઊભી થઈ હોય તે પ્રધાનો અને પ્રજાએ સાથે મળીને પાર પાડ્યે જ છૂટકો છે. દેશમાં અનાજની જે તંગી છે તે જોતાં કોઈ પણ સમજુ માણસ પરદેશથી મળેલું, મકાઈ સુદ્ધાં કોઈ પણ જાતનું અનાજ ખાવાની ના ન પાડી શકે. એ જ રીતે તેલ, ગોળ ઇત્યાદિનું બની શકે પણ પ્રથમ પ્રજાને એ પ્રતીતિ થવી જોઈએ કે તંગીનો સામનો કરવામાં રાય ને રંક સહુ સરખાં જ છે. બ્રિટનમાં આજે કોલસાની જે તંગી પડી છે તેની સામે એ આખું રાષ્ટ્ર એક જ કુટુંબનાં સંતાનોની માફક હિંમતપૂર્વક ઝઝૂમી રહ્યું છે અને મુસીબતોને સહર્ષ

દિવસે વહેંચી રહ્યું છે ખુદ બ્રિટિશ પ્રધાનમંડળની બેઠક પણ ત્યાં મીણબત્તીને અજવાળે મળે છે; જ્યારે અહીં તો કોઈ વસ્તુની ગમે તેવી આકરી તંગી હોય, પણ પૈસાદારોને એ ન મળી હોય તેવું નથી બન્યું. એટલે તંગી તો માત્ર ગરીબો માટે જ રહે છે. આવો વર્ગભેદ મુશ્કેલીઓનો સામનો કરવાનો પ્રજાનો જુસ્સો તોડી નાખે છે. એ ભેદ ઓછો કરવા માટે આપણે સહુ—સરકાર અને પ્રજા—જેટલું કરીએ તેટલું ઓછું છે. મ.

અકારું પણ સાચું આત્મનિરીક્ષણ

ગરીબ-તવંગરો વચ્ચેના ભેદ જેમ વધુ હશે તેમ સ્વરાજ દરમિયાન પણ આપણો દેશ સુખી બની શકવાની સંભાવના ઓછી થશે, એ વાત ગણિતના કોઈ નિયમ જેટલી નિશ્ચિત છે એવા ભેદ નાબૂદ કરવાને માર્ગે કોંગ્રેસી કે રાષ્ટ્રવાદી કાર્યકર્તાઓએ હજી કેટલો પંથ કાપવાનો બાકી છે તે શ્રી નરહરિ પરીખે 'હરિ-..ધુ'માં 'દલિત કોમો અને કોંગ્રેસ કાર્યકર્તાઓ' ના હેડળ લખેલા. એક નીડર લેખમાં સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે. સત્યશોધનના રૂપમાં લખાયેલા એ લેખમાંની કેટલીય વાતો આપણા કાર્યકર્તાઓને આકરી લાગશે એમ જાણવા અને કબૂલવા, પછી પણ શ્રી પરીખે આ આંતર્નિરીક્ષણ જાહેરમાં અને આટલી નિખાલસતાથી કર્યું છે તે અભિનંદનીય છે.

નારાજ કરવાની હિંમત નથી!

શહેરોનાં મિલ-કારખાનાંનાં મજૂરો, કસબાના રંગીઓ, હળપતિઓ, આદિવાસીઓ, વગેરે પીડિત વર્ગો હમણાં હમણાંથી વારંવાર હડતાળ ઉપર ઉતરી રહ્યા છે અને ઉદ્યોગપતિઓ, જમીનદારો અને શાહુકારોની સામે થવા મંડ્યા છે તેનો ઉલ્લેખ કરીને શ્રી નરહરિભાઈ લખે છે કે—

'આવી હડતાલો તથા અળવળોનું, સાંભળીએ છીએ ત્યારે તેના ન્યાયાન્યાયનો વિચાર કરવાને બદલે આ તો કિસાન સભાવાળાઓની અથવા કોમ્યુનિસ્ટોની ઉશ્કેરણી છે એમ કહીને આપણે એ લોકોની રીતો ઉપર ટીકા કરવા બેસીએ છીએ.'

પોતાને કોંગ્રેસી ગણાવનારાઓ આમપ્રજાના શોષણના મૂંગા સાક્ષી અથવા તેના ભાગીદાર સુદ્ધાં બનતા હોય છે તે સ્પષ્ટ કરીને પછી તેઓ ઉમેરે છે કે—

'કોંગ્રેસે તો હમેશાં છેક નીચલા થરના ગરીબ, દલિત, પીડિત વર્ગને પડખે ઊભા રહેવાનું પોતાનું ધ્યેય રાખ્યું છે. પણ એમનાં દુઃખો દૂર કરવા જતાં, એમના પ્રત્યે ચાલતો અન્યાય નાબૂદ કરવા જતાં જેમના સ્થાપિત હિતોમાં અંતરાય આવે છે તેમને તથા પોતાની વચ્ચે જ રહેલા કાળાબજારિયાઓને તથા વિવિધ પ્રકારે સમાજનો દ્રોહ કરનારાઓને નારાજ કરવાની કોંગ્રેસ કાર્યકર્તાઓની હિંમત ન ચાલે તો જાગ્રત અથવા અર્ધજાગ્રત થયેલો ગરીબ અને મહેનતમજૂરી પર જીવનારો વર્ગ બીજા તોફાની પક્ષોના હાથમાં જાય એની સામે ફરિયાદ આપણે કયા હકથી કરી શકીએ? ચર્ચિલે યુદ્ધ દરમિયાન ગમે તેટલી સમર્થ નેતાગીરી બજાવી છતાં તે નવી જાગૃતિને તોડનારાનો જ વકીલ થઈ રહ્યો. તો તેને જેમ ઊખડી જવું પડ્યું, તેમ પોતાને કોંગ્રેસના કાર્યકર્તાઓ કહેવડાવનારા આપણે હિંદુસ્તાનના કૉન્ઝરવેટિવ પક્ષ જેવા બની જઈશું તો આપણી પ્રતિષ્ઠા ટકી શકવાની નથી, એ આપણે નક્કી સમજી લેવું જોઈએ.' મ.

ટોરીસ્ટ આવી જશે કૉન્ઝરવેટીવ પક્ષ

પાછલાં વર્ષો દરમિયાન કોમ્યુનિસ્ટોએ રાષ્ટ્રના ઇતિહાસમાં કલંકિત પાઠ ભજવ્યો છે ખરો, પરંતુ 'ખેડે તેની જમીન' એ સૂત્રની સચ્ચાઈને તેથી કોઈ અસર પહોંચતી નથી. રાષ્ટ્રની લડત કિસાનો અને મજૂરોની આબાદીને નામે લડાઈ છે, અને જિતાઈ રહી છે, તેથી કન્ઝર્વેટિવ પક્ષની કોઈ હિંદી આવૃત્તિ ઊભી થાય તો પણ કિસાનો અને મજૂરોનું સ્વરાજ રચાતું એ અટકાવી નહિ શકે. એ ભાવિમાં

કોઈથી કાંઈ ફેરફાર થઈ શકે તેમ નથી. આપણા હાથમાં પસંદગી આટલી જ છે કે, એવા કિસાન-મજૂર-રાજની સ્થાપના કરવાનો જશ આજ સુધી આઝાદીનો જંગ લડેલી કોંગ્રેસ મેળવશે કે એને કોમ્યુનિસ્ટો જેવા મેલા પક્ષોને હાથ જવા દેશે? શ્રી અચ્યુત પટવર્ધન જેવા ડાહ્યાડમરા કોમ્યુનિસ્ટ-વિરોધીએ પણ એક નિવેદનમાં કહ્યું છે તેમ—

> 'કોમ્યુનિસ્ટો ખોટી અને ટૂંકી દૃષ્ટિવાળી નીતિને અનુસરી રહ્યા છે અને કામદારોની એકતામાં ફાટફૂટો નાખી રહ્યા છે. પણ કોમ્યુનિસ્ટોનો ભય ટાળવા માટે નાગરિક સ્વાતંત્ર્ય પર કાપ મૂકવો તેમાં દીર્ઘદૃષ્ટિનો અભાવ છે. કોમ્યુનિસ્ટો સામે આપણે બરાબર મેદાને ઊતરવું જોઈએ, અને માત્ર બંધૂકો કે જેલથી, નહિ પણ ચઢિયાતા સંગઠનથી એમને હંફાવવા જોઈએ.'

મ.

છો ચાલ્યા જતા એવા શિક્ષકો

અસ્પૃશ્યતાનિવારણની પ્રવૃત્તિ અંગે દર મહિને કોઈ હર્ષના તો કોઈ ખેદના સમાચારો આવતા રહે છે. શિક્ષકો તૈયાર કરવા માટેની અમદાવાદની પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજમાંના હરિજન વિદ્યાર્થીઓ સા[illegible] જમવાની ના પાડનારા સવર્ણ કહેવાતી કોમના મો[illegible] ભાગના વિદ્યાર્થીઓ સરકારી હુકમને કારણે કૉલે[illegible] છોડીને જતા રહ્યા છે તે બધા આનંદની બાબત છે, [illegible] એ રીતે આ બાબતમાં અડગ રહેનાર સરકારને [illegible] મુબારકબાદી ઘટે છે. વિદ્યાર્થીઓની પૂરતી સં[illegible] નાવે એ કૉલેજ બંધ કરવી પડે તો ભલે, પણ આવો [illegible] કોમભાવ ત્યાં એક પળ વાર માટે પણ ન ચાખી [illegible] લઈ શકાય. પરંતુ જેઓ ચાલ્યા ગયા છે તે [illegible], અથવા તેમના જ ભાઈઓ, ટૂંક સમયમાં સાન ઠેકાણે આવીને આ કૉલેજમાં જ પાછા ફરશે એમાં શક નથી. ચાલ્યા જનારાઓએ તો સમાજ ઉપર એક મોટો ઉપકાર કર્યો છે, કારણ કે આજે ૧૯૪૭ના વર્ષમાં પણ જે માણસ ચઢ તે કોમના પોતાના સાથીદાર સાથે બેસીને જમી પણ ન શકે તેના હાથમાં સમાજ પોતાનાં બાળકોનાં બુદ્ધિ-ચારિત્ર્યનું ઘાતર કેમ સોંપી શકે!

મંદિરપ્રવેશની ઘેલછા

ખેદજનક સમાચાર એ છે કે વિઠોબાના એક મંદિરને હરિજનો માટે ખુલ્લું મુકાવવા માટે મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ કાર્યકર સાને ગુરુજી એ મંદિરને બારણે આમરણાંત ઉપવાસ આદરવાના છે. અફસોસની વાત છે કે જ્યારે મંદિર-ત્યાગની હિલચાલ ઉપાડવા જેટલો સડો મોટા ભાગનાં મંદિરોમાં પેસી ગયો છે (છેલ્લા સમાચાર મુજબ કાઠિયાવાડનાં કેટલાંક મંદિરોમાં કાળાબજારિયા પ્રભુભક્તોએ ગોળ વગેરે માલના મોટા જથ્થા છુપાવ્યા છે) ત્યારે કોણ જાણે શા કારણથી સમજુ લોકો પણ આવી અહિતકારી પ્રવૃત્તિઓ પાછળ શક્તિનો વ્યય કરી રહ્યા છે.

એ મંદિરોમાં જવાની ફુરસદ હરિજનોને મળી શકે તે પહેલાં એમના પેટનો ખાડો પૂરવાની જરૂર છે, એમનાં ઉઘાડાં અંગ ઢાંકવાની જરૂર છે; જાહેર કૂવાઓ, દવાખાનાં, રેશનની દુકાનો, નિશાળો, રમતગમતનાં સ્થળો, હોટેલો અને સરકારી કચેરીઓમાં એમને માનભર્યો પ્રવેશ મેળવી આપવાની જરૂર છે. જેમને મંદિર-પ્રવેશનું આટલું બધું ઘેલું લાગ્યું છે તેઓ પોતાની થોડીક પણ શક્તિ આ દિશામાં વાળશે તો અસ્પૃશ્યતાનિવારણ ઘણું વહેલું થઈ જશે. બાકી તો ખુદ હરિજનોએ જ કોઈ પ્રકારના 'સેવકો' ઉપર આધાર ન રાખતાં કોંગ્રેસ સરકારોએ કાયદા ઘડીને એમને જે અધિકારો આપ્યા છે તે ભોગવવા માટે આપબળ ઉપર જ આધાર રાખવો જોઈએ અને તેમ કરવા જતાં થોડાં માથાં ફૂટે તો પણ પાછા ન હઠવું જોઈએ. આભડછેટમાં માનનારાઓની છાતી કેટલી મજબૂત છે તેનું પારખું તો પછી પાંચ દિવસમાં જ થઈ જશે.

મ.

ઇજારો જાય છે

૧ લી એપ્રિલથી ન્યૂઝપ્રિન્ટ ઉપરના અંકુશો પાછા ઉઠાવી લઈને સરકારે જે ડહાપણભર્યું પગલું ભર્યું છે તેની પ્રશંસા બધી બાજુથી યોગ્ય રીતે જ થઈ રહી છે. થોડા મહિનાઓ પર ચિંતનના ૭ માં ઉપરથી પણ કાગળને લગતા પણ અંકુશો ઉઠાવી લેવાવા અને દરેક અખબારને પોતાની ગ્રાહક-વાચક સંખ્યામાં શક્ય તેટલો વધારો કરવાની સગવડ અપાઈ ત્યારે એવું જ પગલું આપણી સરકારે પણ ભરવું જોઈએ એમ ઘણાને લાગ્યું હતું. હજી આજે પણ કાંઈ મોડું નથી થઈ ગયું.

ન્યૂઝપ્રિન્ટ ઉપર છપાતાં દૈનિકો–અઠવાડિકો–માસિકો શરૂ કરવા માટે હવે સરકારી પરવાનગીની જરૂર નહિ રહે તેથી અંગ્રેજી તેમજ પ્રાંતીય ભાષાઓમા અનેક અવનવાં વર્તમાનપત્રો ને સામયિકો આવતા માસથી જ શરૂ થશે એવું સહેજે કહી શકાય. થોડા વખત પહેલાં છાપાંમાં સમાચાર આવેલ કે નવાં વર્તમાનપત્રો શરૂ કરવા માટેની ૨૦,૦૦૦ અરજીઓ હિંદી સરકાર પાસે આવીને પડી છે એમાથી અતિશયોક્તિનો અંશ બાદ કરીએ તો પણ આપણી ભાષાને ફાળે પણ ઠીક ઠીક સંખ્યામાં નવા અખબારો આવશે એમ માની શકાય. લડાઈનાં વર્ષો દરમિયાન ચાલેલી કવોટા–પદ્ધતિને પરિણામે મોટા ભાગનાં અખબારો છાપાંની બજારમાં એક જાતનો ઇજારો ભોગવતાં હતાં. હરીફાઈનું તત્ત્વ હવે આપણાં છાપાંમાં ફરી પ્રવેશે છે તેથી કુદરતી રીતે જ અખબારો–સામયિકોએ વધુ સત્વશીલ બનવાની કાળજી રાખવી પડશે; જાહેરખબરોથી રોકાતા પાનામાં વધુ સમાચારો અને વધુ વાચન આપવું પડશે; વાચકોના સ્વાદની વધુ ખેવના કરવી પડશે. જુનાં અને નવાં શરૂ થનારા અખબારોએ આ રીતે અગાઉના કરતાં વધુ પરિશ્રમ લેવો પડશે.

અનેક રોગની એકજ દવા

જીવનધારા

કોલેરા, સંગ્રહણી શરદી, બદનનો દુખાવો, પાણીવિકાર, સંધિવા, અશક્તિ, સોજા, અજીર્ણ, અપચો, ખાંસી, શ્વાસ, દમ, દાંત દાઢમાં કળતર, પેટ પેડુનો દુખાવો, અમુંઝણ, ઝેરી ડંખ, મોઢાની દુર્ગંધ, દરેક જાતના તાવ, ઘા પડવો, લોહી નીકળવું, તથા અનેક જાતના દરદોમાં તેમજ રેલ્વે, સ્ટીમર યા મોટરની મુસાફરીમાં તાત્કાલિક ઉપયોગી થઈ પડનારી અમૂલ્ય ઔષધિ. કિંમત મોટી બાટલી રૂા ૧ાા, વચલી બાટલી રૂા.૧ા અને નાની બાટલી રૂા ા॥ ટ. ખ જુદું.

દરેક ઠેકાણે વેચાય છે

રજીસ્ટર્ડ ટ્રેડમાર્ક "જીનસ" નં. ૩૦૨

જે. એન. શેઠના–નડિયાદ

સ્ટોકીસ્ટ: કંચનલાલ વાડીલાલની કું.
પ્રીન્સેસ સ્ટ્રીટ, મંગળદાસ રોડ, મુંબઈ.–૨



૭૩૬૪

લોકાનુરાગી મેઘાણીભાઈ	રામનારાયણ ના. પાઠક	૬૬
સાચું મૂલ્યાંકન તો મહાકાલ કરશે	મનસુખલાલ ઝવેરી	૬૮
પત્રકારત્વનું શિયળ સાચવનાર	મગનલાલ સતીકુમાર	૬૯
સહૃદય દાર્શનિક સમા પત્રકાર	ચુનીલાલ મડિયા	૭૦
માનવતાનો મહેરામણ	પ્રભુદાસ બાલુભાઈ પટવારી	૭૫
"વિજ્ઞાની" મેઘાણી	શ્રી. બંસી ગાંધી, પ્રો. જયંતીલાલ ઓઝા, ડૉ. ન. મૂ. શાહ	૭૭
"स्वधर्मे निधनं श्रेयः"		૭૯
'સૌરાષ્ટ્ર'ના બાપુ	ગુણવંતરાય આચાર્ય	૮૦
લોકમાન્ય સાહિત્યકાર	અનંતરાય રાવળ	૮૨
વેદનામૂર્તિ જનકવિ	પરમાનંદ કાપડિયા	૮૫
અદીઠ વાવાઝોડાએ ઉખેડેલો વડલો	ધીરજલાલ ધનજીભાઈ શાહ	૮૯
સર્વના સ્વજન	પ્રેમશંકર હ. ભટ્ટ	૯૧
મહામના મેઘાણીભાઈ	જયન્ત પરમાર	૯૨
કાકાનાં સંભારણાં	રમણીક મેઘાણી	૯૫
સંતની સહિષ્ણુતા	કેશુભાઈ	૯૭
કાગા એની કાયા (હવે) ધરધર મંડાણી	કવિ દુલા કાગ ('ફૂલછાબ'માંથી)	૯૮
માનવતાનાં મંદિરો સૂનાં પડ્યાં	સોપાન	૧૦૪
ઊર્મિનો અણપૂર મહેરામણ	દિલીપ કોઠારી	૧૦૬
સૌજન્યમૂર્તિ મેઘાણીભાઈ	પીતાંબર પટેલ	૧૦૯
અટૂલો પ્રવાસી	રવિશંકર મ. રાવળ	૧૧૧
મેઘાણીભાઈ	ઉમાશંકર જોશી	૧૧૪
કાયા ઢળી, કીર્તિમંદિર બાકી રહ્યું	સામળદાસ ગાંધી	૧૧૯
સદ્ગતને એક પત્ર	વિશ્વનાથ ક. વૈદ્ય	૧૨૦
મહાન માનવી	જેઠાલાલ જોશી	૧૨૧
સામાન્યોના મેરુ	બાપુભાઈ પ્રાણજીવન વૈદ્ય	૧૨૩
મનનો મોરલો ઢળી પડ્યો	જિતુભાઈ પ્ર. મહેતા	૧૨૭
સોરઠનો ભગીરથ	પી. રા. ભારદ્વાજ	૧૩૦
ઊડ્યું એકતારિયું	સરાઈલાલ ધધરલાલ પંડ્યા	૧૩૨
બે પ્રસંગો	લખુભાઈ ન. શાહ	૧૩૬

વાર્ષિક લવાજમ

દેશમાં રૂ. ૭-૦-૦ : આ અંકની છૂટક નકલ-દોઢ રૂપિયો : પરદેશમાં રૂ. ૧૦-૦-૦

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ

ભીમરાજ બિલ્ડિંગ : ૪૦૫, કાલબાદેવી રોડ, : મુંબઈ-૨.

ફરનાન્ડીઝ પુલ નીચે : ગાંધી રસ્તો : અમદાવાદ

પ્રકાશક : ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ વતી તારાચંદ મોતીચંદ રવાણી; ૨૬ શ્રીમાળી સોસાયટી : અમદાવાદ.
મુદ્રક : હરિલાલ મગનલાલ ભટ્ટ : ભારતી મુદ્રણાલય : ઢાળની પોળ : ચાર રસ્તા; ખાડિયા; અમદાવાદ
વિજ્ઞાપના વ્યવસ્થાપક: સાપ્તાહિક પબ્લિસિટી કું. મોડલ ટોકીઝ સામે, અમદાવાદ; મહેતા બિલ્ડિંગ, ફીરોઝશાહ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ

સંપાદકનું નિવેદન

ઇશ્વરલાલ મોહનલાલ દવે

બે વર્ષ પૂર્વેનો એક દિવસ યાદ આવે છે. અમદાવાદથી બોટાદ જતી ટ્રેનના એક ડબ્બામાં હું અને મેઘાણીભાઈ બેઠા હતા. 'ઊર્મિ'ને વધુ સમૃદ્ધ કરવા માટે મેઘાણીભાઈને હું વિનતી કરતો હતો અને 'ઊર્મિ'ને એક સમર્થ માસિક બનાવવાની મારી કલ્પના, ભાવના અને દૃષ્ટિ એમની સમક્ષ મૂકતો હતો. અને પછી બધી ચર્ચાને અંતે એમણે જે સ્નેહ ને મમતાથી આ કાર્ય સ્વીકારેલું તે કદી ભૂલાય તેવું નથી. તે દિવસથી માંડીને અવસાનના છેલ્લા દિવસ સુધી એમણે એકધારી 'ઊર્મિ'ના વિકાસની ચિંતા કરી હતી.

નવી જવાબદારી લેતા એઓ અચકાતા અને જો એકવાર એઓ સ્વીકારતા તો ગમે તે ભોગે એ ચાલુ રાખવી એ એમનો સ્વભાવ હતો. 'ઊર્મિ'માં ખૂબ આગ્રહને અંતે એમણે 'કાળચક્ર' નામની ચાલુ વાર્તા શરૂ કરેલી, વચ્ચે કેટલીકવાર એમને આનો ભાર લાગતો પણ માંદગી વચ્ચેય એમણે એક હપ્તો લખવો છોડેલો નહિ.

આજે 'ઊર્મિ' માટે એમણે લીધેલો અથાક પરિશ્રમ યાદ આવે છે. આ બે વર્ષમાં એમણે 'ઊર્મિ'ની કાયા પલટી નાખી. એઓ વારંવાર કહેતા 'ઓછામાં ઓછી પાંચ હજારે ગ્રાહક સંખ્યા આપણે પહોંચાડી દેવી જોઈએ.' એ સંખ્યાને અમે પહોંચીએ તે પહેલા તો એઓ ચાલ્યા ગયા.

માન્યામાં જ નથી આવતું કે મેઘાણીભાઈ અમને છોડીને ગયા. હજી ગઈ કાલે જ જાણે અમે નર્મદા કાંઠે ઊભા ઊભા વાતો કરીએ છીએ, નર્મદાના પ્રવાહમાં હોડી લઈને ખોબલે ખોબલે નર્મદાના મીઠા જલ પીતા કબીર વડે જઈએ છીએ, હજુ તો એમણે ઘણું લખવાનું રહ્યું હતું, તાજેતરમાં એમણે કરેલું એરોપ્લેનની મુંબઈથી દિલ્હી ને દિલ્હીથી અમદાવાદ સુધીની ઝડપી મુસાફરીએ એમના મન ઉપર પ્રસન્નતાની ઊંડી અસર કરી હતી. એનું પ્રવાસવર્ણન એપ્રિલના અંક માટે લખવાના હતા, જેને તરત ચાલુ વાર્તાનો હપ્તો મોકલી આપીશ એવી ધરપત દેતા હતા. લોકો સમક્ષ વિધવિધ રીતે સાહિત્ય મૂકાવું જોઈએ, એની એઓ નવી યોજના વિચારતા હતા. લોકો પાસે પ્રેમ-શૌર્ય અને ધર્મને પ્રબોધતી વાર્તાઓની ટૂંકી પુસ્તિકાઓ સરલ ભાષામાં સસ્તા દરે જો મૂકી શકીએ તો વિશાળ જનસમુદાય પણ શિષ્ટ સાહિત્યનો રસાસ્વાદ લઈ શકે...પણ આવી આવી બધી વાતો ને યોજનાઓ તો મનની મનમાં રહી અને મેઘાણીભાઈ આદર્શો અધૂરા મૂકીને ચાલ્યા ગયા. જીવન આટલું બધું ક્ષણભંગુર હોય છે તેનું આ પૂર્વે આવું સ્પષ્ટ દર્શન થએલું નહિ. આ પ્રસંગનું દુઃખ અને વેદના વર્ણવ્યા જાય તેવા નથી. અલમ્.

*   *   *

આ અંકના સંપાદન વખતે એક દૃષ્ટિને નજર સામે રાખેલી કે મેઘાણીભાઈ અંગે બીજા પત્રોમાં પણ જે આવેલું હોય તેમાંથી પાનાની મર્યાદા સાચવીને લેવા યોગ્ય સામગ્રી બને તેટલી સંગ્રહી લેવી. એ રીતે 'પ્રવાસી', 'ફૂલછાબ' અને બીજા પત્રોમાંથી કેટલુંક લીધું છે, એના સંચાલકોના અમે આ માટે આભારી છીએ.

અમે આમંત્રણ આપેલ લેખકો પૈકીમાંથી પણ કેટલાકના લખાણો મોડા મળીએ આવ્યા તે કારણે કાં પાનાની મર્યાદાને લીધે રાખી લેવા પડયા છે. એઓ અમને દરગુજર કરશે અને એને આવતા અંકે લેવાનો અમે પ્રબંધ કર્યો છે.







પ્રથમપત્ની સ્વ. દમયંતીબેન

૧૨૪ મા



'નર્મદાને તીરે' વાળા લેખની શરૂઆતનો ફકરો
શ્રી મેઘાણીના હસ્તાક્ષરમાં

ઝવેરચંદ મેઘાણી

જન્મ : ૧૭-૮-૧૮૯૬ ❊ મૃત્યુ : ૯-૩-૧૯૪૭

નવરચના

સ્મૃતિઅંક

૯ એપ્રિલ, ૧૯૪૭

टेलिफोन : ४०४०७
Telephone 40407

वल्लभभाई पटेल
VALLABHBHAI PATEL

१, औरंगज़ेब रोड
नई देहली

1, Aurangzeb Road
NEW DELHI

રા. રા. ઝવેરચંદ મેઘાણી ભારતની સ્વતંત્રતાના યુદ્ધના સૈનિકોમાંના એક અગ્રગણ્ય સૈનિક હતા. એમની વાણીમાં વિરતા ભરેલી હતી. ગુજરાતી સાહિત્યમાં એમણે નોંધવા લાયક ભાગ ભજવ્યો હતો. એ સાહિત્ય એમને અમર કરી રહેશે. એમના અચાનક ચાલી જવાથી ગુજરાતને ભારે ખોટ પડી છે તે કહેવું પુરાય તેમ નથી. માત્ર સંતોષની વાત એટલી જ છે કે જે સ્વતંત્રતાને માટે એ જીંદગીભર લડયા હતા તે અચૂક આવી રહેલી જાણીને ગયા. ઈશ્વર એમના આત્માને શાંતિ આપો.

વલ્લભભાઈ પટેલ

૨૨૦ ભાઈ ઝવેરચંદ મેઘાણી ભારતની સ્વતંત્રતાના યુદ્ધના સૈનિકોમાંના એક અગ્રગણ્ય સૈનિક હતા. એમની વાણીમાં વિરતા ભરેલી હતી ગુજરાતી સાહિત્યમાં એમણે નોંધવાલાયક ભાગ ભજવ્યો હતો. એ સાહિત્ય એમને અમર કરી રહેશે. એમના અચાનક ચાલી જવાથી ગુજરાતને ભારે ખોટ પડી છે તે કહેવું પુરાય તેમ નથી માત્ર સંતોષની વાત એટલી જ છે કે જે સ્વતંત્રતાને માટે એ જીંદગીભર લડયા હતા તે અચુક આવી રહેલી જાણીને ગયા ઈશ્વર એમના આત્માને શાંતિ આપો.

વલ્લભભાઈ પટેલ

કોણ કોને દિલાસો દેશે ?

[શ્રી ઝવેરચંદ મેઘાણીના અણધાર્યા મૃત્યુ પછી એમના કુટુંબ ઉપર આવેલા આશ્વાસનના પત્રોમાંથી કેટલાકના થોડાં થોડાં વાકયો અહીં આપ્યાં છે]

'કોઈ દિવસ આવો કાગળ લખવો પડશે તે જાણ્યું ન હતું. ઇશ્વરે ફરજ પાડી. મૃત્યુ એમને આપણી વચ્ચેથી ખેંચી ગયું, પણ આવા વીર પુરુષો કોઈ મરણ પામતા નથી. એ તો અમર છે. આખી ગુજરાતે અણમૂલ રત્ન ગુમાવ્યું છે અને આવડું મોટું દુઃખ આપણે મનુષ્યો જ સહન કરી શકીએ છીએ....આવા વીર પુરુષ, મહાન લોકસાહિત્યના યોદ્ધા, તેની પાછળ કાયરનાં આંસુ ન હોય. એને ગમતી અંજલિ આપવી જોઈએ. આપણે તેના ખરા હિતેચ્છુ હોઇએ તો એમને કોઈ દિવસ કોઇ રડે તે પસંદ નહોતું. એમણે બધાને હસાવ્યા છે, રડાવ્યા નથી. તેથી અમે મહાન ઇશ્વરને ખૂબ શ્રદ્ધાથી પ્રાર્થના કરી કે ઇશ્વર, અમારું ગુજરાતનું રત્ન તેં ચોરી લીધું છે તો તેનું ખૂબ જતન કરજે અને કોટિ કોટિ કલ્યાણ કરજે. અહીં જેમ પુજાતા'તા તેમ તેની પૂજા કરજે.'

—કમળાબહેન શુકલ

*

'એમની સાથેના અનેક પરિચયોનાં સંસ્મરણો કે એમના પુરુષાર્થની અનેકગણી ખોટ બતાવવાનું આ સ્થાન નથી. પણ તમને થતા દુઃખનો સમભાગી થવા આ લખી જવાય છે. તમને આશ્વાસન આપતાં જ રડી જવાય, ત્યાં શું લખું ?....સૌ ભેગાં બેસી રડયા વિના એમને અને એમનાં કાર્યોને તેમ જ સંકલ્પોને સ્મરીને તર્પણ કરજો. રડીને એના આત્માને દુઃખી ન કરશો. એ તો કોમળતાની જ મૂર્તિરૂપ હતા. તમારું—સ્વજનોનું કે બાળકોનું—રડવું એ કયાંયે ય સહી ન શકે. માટે જ ખામોશ રાખી મનોબળ કેળવજો.'

—અંબાશંકર ભટ્ટ

*

'....ગુજરાતનું આ અમૂલું રત્ન અકાળે ઝૂંટવી લેવાનું દૈવને શાથી ગમ્યું હશે ? ....તેમની ખોટ તો આખા ગુજરાતને સાલવાની છે. શ્રી. મેઘાણી એ તો ગુજરાતની મૂડી હતા. એમના વિયોગે ગુજરાતને ગમગીન બનાવી મૂકયું છે એમની ખોટ કોણ પૂરશે?'

—રવિશંકર વ્યાસ

*

'છોકરાં નિશાળેથી આ શું ખબર લાવ્યાં ? આવી દારુણ બીના શે માની જાય ? મહાદેવભાઇની ખબર આવી તે સાંજે અનુભવ્યો હતો તેવો આંચકો અનુભવું છું. મગજ બહેર મારી જાય છે.

'આટઆટલાં અસંખ્ય આત્મીયોને અને મિત્રોને, તમને સૌને મેલીને—એમના જીવનકાર્યને અધૂરે સંકેલીને—આમ કેમ ચાલી નીકળે ? ઇશ્વરને આ શું સૂઝયું ? દુનિ-

થાભરમાં એકેએક ગુજરાતી કુટુંબ આ સાંભળીને આંચકો અનુભવશે ને રડશે. ગુજરાત ખરેખર રાંકડી, રતન એને રહ્યું નહિ

'કયા શબ્દોમાં તમને સાન્ત્વન આપું, કે મારો શોક અને અંગતહાનિની લાગણી વ્યક્ત કરું તે મને સૂઝતું નથી.' —સ્વામી આનંદ

*

'મારો એમની સાથેનો સંબંધ ત્રણ વરસનો ટૂંકો જ છે. પરંતુ વર્ષો જૂનો હોય તેટલો ગાઢ અને મીઠો હતો. મારા લેખનમાં એમણે પુત્રના લેખનમાં રસ લે તેટલો લીધો છે એટલું હેત મેં પણ અનુભવ્યું છે.....હું જ આશ્વાસન શોધું છું ત્યાં તમને કયે મોઢે આશ્વાસનના શબ્દો લખું?' —ઈશ્વર પેટલીકર

*

'શું લખું?

'હૃદય રડી રહ્યું છે. આમ અચાનક આપણી વચ્ચેથી એ ચાલ્યા જશે એની કોણે કલ્પના કરી હશે?.... લગભગ વીશ વર્ષ પહેલાં મારા પિતાના અવસાન પછી કોઈને માટે આવું તીવ્ર દુ:ખ લાગ્યું નથી. એમની સુજનતાની યાદ હૃદયને હીબકાવ્યા જ કરે છે.... આટલા બધા માણસોના હૃદયમાં મૈત્રીની, લાગણીની ચિરંજીવ સુવાસ મૂકનાર સ્નેહમૂર્તિને આમ અચાનક ખંડિત કરનાર મૃત્યુને શું કહેવું?

'કાલે જ, શનિવારે બોટાદથી લખેલો એમનો પત્ર મળ્યો. એ જ' સ્નેહ છે; એ જ મીઠાશ છે જોઉં છું ને રડું છું.' —દિલીપ કોઠારી

*

'મેઘાણીભાઈ જઈ જ કેમ શકે?....મેઘાણીભાઈ જેમ હજારોના તેમ મારા પણ વહાલસોયા ભાઈ હતા. એમની સાથેનો મારો વર્ષોનો સંબંધ એકધારી મધુરપથી મીઠો બન્યો હતો. એમની દાનાઈ, મનમીઠપ, રખાવટ, ખાનદાની અને વાત્સલ્ય, આ નુગરા સમયમાં, કેટલાં બધાં વિરલ છે? મેઘાણીભાઈ જતાં મારી તો જાણે પાંખ કપાઈ ગઈ હોય એવો હું થઈ ગયો છું. કાળી રાત્રેય કામ આવી શકે તેવો મારો તો ભાઈ ગયો!' —મન:સુખલાલ ઝવેરી

*

'ગઈ કાલે સાંજે શ્રી. મણીભાઈએ આઘાત કરનારા સમાચાર મોકલ્યા. પહેલાં હું માની શકયો નહિ. ખાત્રી કરવા તેમને ઘેર ગયો, અને વાત સાચી ઠરી છતાં કોઈ તેને ખોટી ઠરાવે તેવી મનોવાંછા રહ્યા કરી. રાત આખી તેમના વિચારો આવ્યા. મનને હળવું કરવા સવારે તાર કર્યો છે. પણ તમને હું-શું આશ્વાસન આપી શકું? એવો સજ્જન, એવો મિત્ર, અરે એવો માનવી સૌરાષ્ટ્રને ફરી સાંપડવો મુશ્કેલ છે. મારો તો

સગો ભાઈ ગયો હોય એવું લાગે છે....એમને યોગ્ય શાંતિ અને ગંભીરતા જાળવજો. પ્રભુ પોતાના ભક્તોને છોડી નહિ દે. દુનિયા એમને સમજવા જેવી સ્થિતિમાં આવી ત્યારે એણે અમરપંથ લીધો. પચીશ વર્ષ વધુ કહાડ્યાં હોત તો ગુજરાતના એ ટાગોર હતા. જીવનભર ઝૂઝતા એ આત્માએ શાંતિ માટે કદી 'વલખું' ન મારતાં ધપાવ્યે રાખ્યું, અને છેવટ ઈશ્વરી શાંતિ લઈ લીધી.'

—રવિશંકર રાવળ

*

'....સગા ભાઈના મૃત્યુ જેટલો શોક થયો....લોકસાહિત્ય જાણે રાંડી પડ્યું.... કવિ-લેખકો આવશે અને જશે, પણ મેઘાણીભાઈ થવાના છે? મેઘાણી તો એક જ.... મેઘાણીભાઈની સાહિત્યવસંત હવે જ ઓર મહેકતી હતી. પણ પેલા કાવ્યની જેમ—He is gone when our need was the sorest. જ્યારે એમની પૂરી જરૂર હતી ત્યારે જ એ ગયા.'

—દેશળજી પરમાર

*

'એમનો વારસો લેવાની ગુજરાતભરમાં કોઈની શક્તિ નથી. ભારે થઈ છે. વિચાર કરતાં મતિ મૂંઝાઈ જાય તેવું છે. તમે સૌ તો કૈંક સ્વપ્નાં હજી સેવી રહ્યાં હતાં પણ ઈશ્વરેચ્છા એ કોઈ જબરજસ્ત નિર્માણની વસ્તુ જણાય છે....આવે પ્રસંગે વધુ તો હું પણ શું લખું? મને અપંગતા આવી ગઈ હોય તેવું જણાય છે.'

—ગૌરીશંકર જોશી

*

'કવિઓ કરતાં કવિતા વધુ દુઃખી થઈ હશે. કવિનું આશ્વાસન કવિતા હશે. ત્યારે કવિતાને આશ્વાસન કોણ આપશે?'

—હરિલાલ ઉપાધ્યાય

*

'એમનું દેહચિત્ર અને એમના ધીમા દર્દભર્યા અવાજના ભણકાર મન આગળથી ખસતા જ નથી.'

'એમના જવાથી શી ખોટ પડી છે તે આજે નહિ એટલી ભવિષ્યમાં સમજાવાની છે. સ્વજનો ને સ્નેહીઓના અંતરમાં પડેલા ઘા કાળ એના અદૃષ્ટ મલમથી રૂઝાવશે તે દહાડે પણ દેશની એ ખોટ તો અણપૂરી જ રહેવાની છે.'

—બચુભાઇ રાવત

*

'સોમવારે બપોરે આકાશમાંથી વજ્ર પડ્યું હોય તેવા ભાઈના દેહ પડ્યાના સમાચારે મને વ્યગ્ર કરી મૂક્યો. હજી એ મારી આંખ પાસેથી ખસતા નથી. શા સારુ એમણે ગયા જ વર્ષમાં આટલો બધો પ્રેમ વધાર્યો અને મને દુઃખી કરી મૂક્યો એ હું વિચારું છું ને આશ્ચર્ય થાય છે!

'મારી પાસે જે સાહિત્યધન હતું તે હજી તો વારસામાં મારે એમને ઘણું આપી દેવાનું હતું અને એ વધારે જીવશે અને મારા દિવસો ભરાઇ ચૂક્યા માનીને હું ઋણમુક્ત થવા ધારતો હતો એવામાં આ ભુરકો પડ્યો છે.

'મારી બહેનને એ ગીતો લઈ જવાનો વાયદો કરી ગયા છે. મને જૈનમંદિરો નિરાંતે ફરી જોવાનું કહી ગયા છે. ભૂગર્ભે રહેલા બે રાજદ્વારી મિત્રોની મારી સાથે વાતો સાંભળવાનું એણે વચન આપ્યું છે અને કાઠિયાવાડની જેમ વાઘેલાઓના ગુજરાતના વંશજોની વાતો ખીલાવીને એમની પાસે લખાવવાની મેં આશાઓ સેવી છે. હવે એ ક્યાં મળવાના?

'મારે ઇશ્વરકૃપાએ સાહિત્યના ક્ષેત્રમાં ઘણા મિત્રો છે. પણ એના જેવો જ્વલંત, જીવંત, વીર અને બુલંદ—સાચા હૃદયનો અને સમર્થ તો કોઇ નથી

'ગુર્જરી એના જવાથી રાંક બની ગઇ છે અને સભાગૃહો સૂનાં પડયાં છે.'

—હરિપ્રસાદ વ્ર દેસાઈ

*

'ડૉ મેઘાણી પછી શ્રી ઝવેરચંદ મેઘાણી પણ આટલા જલદી અને અણધારી રીતે ઊપડી જશે એવી કોણે કલ્પના કરી હોય? એમનું મરણ ગુજરાતી સમાજને ન પૂરાય એવી ખોટ છે. કવિઓ, લેખકો વાર્તાકારો તો ઘણાયે પાકશે, પણ શ્રી. મેઘાણી જેવા સહૃદય અને સંસ્કારી કવિ-લેખક-વાર્તાકાર વિરલ જ રહેશે. 'ઊર્મિ'માં આવતી એમની નોંધો અને નિ:સંકોચ ટીકાઓ બહુ આદરપૂર્વક વાંચતો.

'એમનાં કાવ્યો તો કાનમાં, જેટલીવાર સાંભળીએ તેટલીવાર, પહેલીવાર સાંભળીએ તેવાં જ મીઠાં અને ફરીવાર સાંભળવા જેવા લાગે છે. એમનો ઘેરો બુલંદ અવાજ વર્ષો પહેલા સાંભળ્યો હતો, પણ આજે યે ભુલાય નહીં એવો કાન પર ચોટેલો છે.

'એમના જેવા 'કાળચક્ર'ના અચાનક અને પહેલા ફેરામાં જ પીસાઈ જાય, અને મારા જેવા એની સતત ચાલતી ઘંટીમાં યે દૈળાય નહીં એ પણ એક વિચિત્રતા જ છે ને? એક બાજુથી એમના જવાનો ખેદ થાય છે, બીજી બાજુથી અદેખાઈ આવે છે.'

—કિશોરલાલ મશરૂવાલા

*

'એમની વહાલભરી હસતી આંખો આજે ય મારા સામું હસી રહી છે. ગુજરાત ઉપર એમનો ઉપકાર ઓછો નથી. એમની ભારવાહિની કવિતા અને વીરરસથી ઊભરાતી વાર્તાઓએ ગુજરાતી ભાષામાં કાંઈ અનેરું તેજ આણ્યું છે.

'મેઘાણી' અટક તો ઘણાની યે હશે, પરન્તુ મેઘાણી નામ ઉચ્ચારતાં એક જ 'મેઘાણી', જ્યાં જ્યાં ગુજરાતી વસે છે તેમના ખ્યાલમાં આવે છે, તે મેઘાણી શરીરથી આજે આપણી વચ્ચેથી ગયા.

'અડાસ અને કરાડીના વીરત્વની મોતીભાઈ વિપુ પાસેથી વાતો સાંભળવા ભાઈ મેઘાણી ભરૂચ આવીને ત્રણ ચાર દિવસ રહેવાના હતા. અને એ વાતો એમની લાક્ષણિક શૈલીમાં ઉતારીને ગુજરાતનું વીરત્વ જગત આગળ મૂકવાના હતા. ભવિષ્યમાં અડાસ અને કરાડીની કથાઓ લખાશે, પરન્તુ ઝવેરચંદભાઈની ભાષામાં કોઈ ઉતારી શકશે ખરું ?

—ચંદુલાલ મ. દેસાઇ

*

'મેઘાણીભાઈનું અવસાન ! મન માની શકતું નહિ માંદગી તો નાની મોટી એમને ઘણા દિવસોથી ચાલતી હતી, પણ અમારા; ગુજરાતના સાહિત્યકારોના, અને આખી જનતાના મનમાં એ એટલા બધા જીવતા હતા કે તેમનું અવસાન માન્યું ન જાય....સાહિત્યમાં બહુ થોડા સાહિત્યકારો વિરોધી અભિપ્રાયવાળા તરફ આદર કે મીઠાશ રાખી શકે છે. એ ગુણ મેઘાણીભાઇના હૃદયમાં છલોછલ ભર્યો હતો. તેમની સાથે તીવ્રમાં તીવ્ર મતભેદ ધરાવનારાઓ, અને મતભેદને બહુ તીક્ષ્ણ રીતે પ્રગટ કરનારાઓને પણ તેમની મીઠાશે, તેમની નમ્રતાએ જીતી લીધા હતા. બધાના એ માનીતા હતા ઘણાના એ લાડીલા હતા. તેમની શૈલી દહાડે દહાડે નવા પ્રદેશો અને નવાં શિખરોને સર કરતી જતી હતી. અને વડોદરામાં એમના પુસ્તકનું બહુમાન થયું એ બધા સાહિત્યકારોનો ઉત્સવ હતો. તેમની પ્રગતિકારક પ્રતિભા ઉપર વધારે સારાં ફળ ઊતરે એવી અપેક્ષા થતી હતી ત્યારે જ એમણે જીવનની બાજી સંકેલી લીધી, એ આખા ગુજરાતને મોટી ખોટ ગઈ છે.

'અત્યારે તો એમની ખોટ પુરાય તેવું દેખાતું નથી.'

—રામનારાયણ વિ. પાઠક

*

'હું હમેશાં તેમને તાબયત સાચવવા કહેતો અને છેલ્લી મુલાકાત પહેલાંની મુલાકાતમાં મેં એમને સમુદ્રપારના પ્રવાસે જવા આગ્રહ કરેલ. તે વિચાર તેમને ગમ્યો હતો પણ ગરીબ હિંદના ગરીબ રાષ્ટ્રકવિને એવો યોગ ક્યાંથી સાંપડે ?.... હું 'ફૂલછાબ'માં હતો તે દરમિયાન એ મહાન પુરુષે મારું સ્વમાન ન ઘવાય તેની કાળજી રાખી હતી. "ડુંગરા દૂરથી રળિયામણા" એ કહેવત એમણે ખોટી પાડી હતી. જેમ નજીક જઈએ તેમ તેમનું રળિયામણાપણું વધતું જતું હતું. આઘેથી જાણેલી મહત્તા પાસે જતાં હજારોગણી જણાતી હતી એમણે કોઈની સેવા ન લીધી અને સાથરે પડવાને બદલે એકાએક સિધાવ્યા. હું ધારું છું કે તેમને પોતાને જે રીતે અણધાર્યું પોતાનું મૃત્યુ થયું છે તે જાતનું મૃત્યુ ગમ્યું હશે.'

—મોહનલાલ રૂપાણી

*

'ગુજરાતે જ નહિ, માત્ર કાઠિયાવાડે જ નહિ પરંતુ સમસ્ત હિંદે લોકજીવનના એક સાચા તપસ્વી ખોયા છે. તેઓની લોકસાહિત્ય અંગેની અવિરામ ઉપાસના અને કથીરમાંથી કંચન બનાવવાની હથોટી આજે તો કોઈનામાં હું જોતો નથી.' —જમિયત પંડ્યા

*

'....ઉત્કૃષ્ટ માણસાઈનો દીવો હોલવાઈ ગયો? આજથી ઝવેરચંદભાઈ અમર બન્યા. ઝવેરચંદભાઈ કદી મરશે જ નહિ. અત્યાર સુધી એમનાં પગલાં પૃથ્વીમાતા ઝીલતી હતી, હવે જેને જેને ગુજરાતી ભાષા આવડતી હશે એની સૌની જીભને ટેરવે એ સદાય રમણ કરશે. હજારોના હૈયાને ટાઢક આપનારનો આત્મા અખંડ શાંતિ અનુભવે એવી પ્રાર્થના.' —ઉમેદભાઈ મણિયાર

*

'....જીવનભર ભાઈ ઝવેરચંદભાઈ યોદ્ધા રહ્યા હતા. એમણે મુસીબતોને ગણકારી ન હતી અને અનેક પરાજયોને વિજયમાં પલટાવ્યા હતા....આશ્વાસનના શબ્દો લખવાની હિમ્મત નથી થઈ શકતી. તીવ્રતમ વેદના એક અતિ પવિત્ર વસ્તુ છે. તેની સમક્ષ તો નીચે મસ્તકે મૌન જ હોય' —ઝીણાભાઈ દેસાઈ

*

'શ્રી. મેઘાણીભાઈ આપણી વચ્ચે નહિ હોય એ ખ્યાલ મગજ પકડી શકતું નથી. જગતમાં જ્યાં જ્યાં દુઃખ તેઓ ભાળતા—તેમનું હૃદય અનુકંપાબુદ્ધિથી હલી ઊઠતું. તેવી જ રીતે પ્રેમ, શૌર્ય અને એવી ભાવના પ્રકટ થતી ત્યાં મેઘાણીભાઈ ભાગ્યે જ તેના પ્રત્યાઘાતો અનુભવ્યા સિવાય—હલી ઊઠ્યા સિવાય રહી શકતા. ભાવનાની અને વિનમ્રતાની સાક્ષાત મૂર્તિ આપણી વચ્ચેથી ચાલી ગઈ.' —ઉછરંગરાય ઢેબર

*

'ગુજરાતના સંસ્કૃતિક ક્ષેત્રમાં ગુજરાત વિશ્વવિદ્યાલય મારફત તેઓ સેવા આપી શકે એવું સ્વપ્ન તો હવે સદાને માટે સ્વપ્નું જ ના?' —ગણેશ વાસુદેવ માવલંકર

*

'કુદરતનો ક્રૂર ઘા આપણને લાગી ચૂક્યો. આવી પડેલી આફતની વેદના શબ્દમાં પણ વ્યક્ત થઈ શકે નહિ.' — હરભાઈ ત્રિવેદી

*

'ભારતના એક જીવનોપાસક, લોકસાહિત્યક, લેખક અને રાષ્ટ્રકવિ પોતાના દેહને મૂકીને અનન્તમાં લીન થઈ ગયો! કેટલા બધા લોકોનાં જીવનમાં રસ, શક્તિ અને આનંદ એણે પેદા કર્યો હતો?'

એમનું જીવનકાર્ય તો વધશે અને વધશે જ.

કહેવાય છે—

> તેલ જલે બધી જ્યોત પાજકે
> કાં મરણી અમરતા હી ન ખરી ! (તમિ)

તેલ બળે છે, પણ જુઓને, જ્યોતિ પ્રજ્વલિત થઈ રહી છે. મરણમાં આ અમરતા ખરી કે નહિ ?'

— અચ્યુત દેશપાંડે

*

'ભાઈનો પ્રેમ ને તેમની મહાનુભાવતા આ જિંદગીમાં હું ભૂલી નહિ શકું. તેમણે એક પણ ચોપડી ન લખી હોત તોયે તે સ્વર્ગ માન ને પૂજ્યતાના અધિકારી હતા. 'શાહજહાં'ની આ કડીઓ ગૂંજતાં મને હંમેશાં ભાઈની સ્મૃતિ તાજી થતીઃ—

> તોમાર કીર્તિર ચેયે તુમિ જે મહત્
> તાઈ તવ જીવનેર રથ
> પશ્ચાતે ફેલિયા જાય કીર્તિરે તોમાર બારંબાર !'

—મકરન્દ દવે

*

'આ સમાચારે જગાવેલો સક્ષોભ મારા ચૈતન્યમાંથી હજી યે પૂરો ઓસર્યો નથી....હું જરા વિચિત્ર માણસ છું. તત્ત્વજ્ઞાને મને જીવનના પ્રત્યયો—સુખદુઃખ, જરા, મૃત્યુ, વગેરે પ્રત્યે થોડો અચેત બનાવી દીધો છે. એટલે કોઈના અવસાનના સમાચારથી —સ્વજનના પણ અવસાનથી—હું અસ્વસ્થ બનતો નથી. પણ જિંદગીમાં બે અનુભવો એવા મળ્યા છે કે જ્યારે તદ્દન સામાન્ય માણસના કરતાં પણ વધુ પ્રમાણમાં સ્વસ્થતા ગુમાવી બેઠો છું અને દિવસો સુધી તે ફરી મેળવી શક્યો નથી—એક ખાંસાહેબ અબ્દુલ કરીમખાંનું અવસાન અને બીજું મેઘાણીભાઈનું.'

—શિવશંકર મહેતા

*

'બાપુજી જન્મ્યા, જીવી જાણ્યા. તે કરોડો રૂપિયા મૂકી ગયા છે. કરોડો રૂપિયા મૂકી જનારને તેનાં સગાંઓ મહિનો, છ મહિના, વરસ યાદ કરે. પછી તો કહેવત પ્રમાણે

> દિન ગણંતા માસ ગયા, વરસે આંતરિયાં,
> સૂરત ભૂલી સાયબા, નામે વિસરિયાં.

એવી વાતો છે. બાપુજી તો અમરોની દોલત મૂકી ગયા લાખો માણસો વંશપરંપરા યાદ કરશે. એ દોલતનો હિસાબ નથી.... કાઠિયાવાડ, ગુજરાતમાં એવા વીર હમણાં પાક્યા નથી. મારો પરિચય તેની સાથે ઘણો હતો. તમોને તો તેની ખોટ ઘણી લાગે, પણ જે માણસ તેને સમજી શકેલ છે તેને કેટલું લાગે તે તો પોતે જ કહી શકે....તમો મરદાઈથી જીવ્યા છે, ને તમો મરદાઈથી જીવી જાણો. એટલું જ તમારા માટે ઘણું છે. સમજુ તો દુઃખના ડુંગરા ઓળંગે, પણ તેની દુઃખની બીના કોઈ સમજી શકે નહીં એનું નામ બહાદુરી છે. બાપુજી શૂરવીરતાથી જીવ્યા; મરણ પણ શૂરવીરતાથી થયું. જીવન

જીવવાની કળામાં શૂરવીરતાનો અંશ હોવો જોઇએ....એવા પિતા સૌને હજો, કે કીર્તિનાં ડુંગરા મૂકી ગયા.'
—નાગજી કેશવજી

*

'અવસાનથી કેવળ તમે જ અનાથ નથી થયા. કાઠિયાવાડનો ઝળકતો તારો ખરી ગયો છે. ગુજરાતી સાહિત્ય કંગાળ બન્યું છે. એમનો શોક બીજા સાહિત્યકારથી અનોખી રીતે ઘેર ઘેર પળાશે, કારણ કે એમનું સાહિત્ય આમજનતાનું સાહિત્ય હતું. એમાં સ્ત્રીઓ, બાળકો, નીચલા થરના માનવીઓ—બધાંનો સમાવેશ હતો... દુઃખમાં ડગી જવામાં આપણી કાયરતા છે. ઉર્દૂમાં કહેવત છે કે, મુસીબત માશુક હૈ-મર્દકો હી ઢુંઢતી ફિરતી હૈ'
—સુમન્ત કોઠારી

*

"He is not dead; he sleeps well......He has just awakened from the fever of life."
—મનુભાઇ વૈદ્ય

*

'હું તો એટલું જ કહું છું કે એ છૂટી ગયા. આ સંસાર અત્યારે જીવવા જેવો નથી. દુનિયામાં કયાંય જંપ નથી. સુખ નથી, તેમાંથી એ સદ્‌ગત છૂટી સુખી થયા છે.'
—ચંદ્રવદન મહેતા

*

'અમારાં હૈયાં તો માનવા ના જ પાડે! પરંતુ એ આત્મવંચના કયાં સુધી ટકે? રાતે અમે બધાં ભેગાં મળ્યાં ત્યારે તમારાં બધાંની વાતો કરી–ચિંતા કરી–કરુણ અસહાયતા અનુભવી. ઈશ્વરની દયામયતામાંથી શ્રદ્ધા ડગી ગઇ.'
—હિંમતલાલ શુકલ

*

'અરેરે, પ્રભુ આવા ગુલાબી માણસ તેમ જ દુનિયામાં જેમની ઘણી જરૂર હોય છે તેમને તું શા માટે બોલાવી લે છે?.... પરમાત્મા તે મરનારના આત્માને સદ્‌ગતિ આપો ને ફરીવાર આપણી જ ભૂમિ-કાઠિયાવાડમાં અવતાર લઇ અધૂરી લીલા પૂરી કરો'
—લાલદાસજી માવજીરામ

*

'મને તો મરણુ કોઠે પડી ગયાં છે. પણ બામણામાં આવે પ્રસંગે જે સ્થિતિ થતી તે અનુભવું છું. ચેન પડતું નથી આજ સવારે નીકળી આવવાનો વિચાર હતો પણ મારી પોતાની જ મનની સ્થિતિ થાળે પાડવા એક દિવસ રોકાઈ ગયો....એંશી સો વરસે પિતાનું છત્ર જાય તોયે લાગે, ત્યારે આ તો એકાએક તાલી આપીને ચાલ્યા ગયા! માન્યામાં જ આવતું નથી. આખા ગુજરાતને આ ઘા લાગશે ...ઠેરઠેર એમણે ગુજરાતમાં માયા જગાડી છે. પ્રભુ આગળ અવાક્ હૃદયથી આવે પ્રસંગે ઊભા રહીને શ્રદ્ધાનું બળ માગવાનું છે. Meghani is dead, long live Meghani.'
—ઉમાશંકર જોષી

*

દક્ષિણ ગુજરાતનાં લોકગીતો

સ્વ. ઝવેરચંદ મેઘાણી

*[શ્રી. મેઘાણીનો આ છેલ્લો સંપૂર્ણ લેખ છે. લેખ સાથેના-એમના અવસાનના આગલા દિવસે મળેલા પત્રમાં 'સંસ્કૃતિ' માટે અપાર આત્મીય ભાવના રાખેલા હતા : 'મારો લેખ શરીર કામ કરતું હશે ત્યાં સુધી તો દર અંકે હાજર થશે ' (બોટાદઃ તા. ૭-૩-૧૯૪૭) દુર્ભાગ્યે આ જ લેખ તેમના નામ આગળ 'સ્વર્ગસ્થ' મૂકીને છાપવો રહે છે......લેખને અંતે એમણે જે 'ચાનક'ની વાત કરી છે તે ગુજરાતના ખૂણેખૂણાના અનેક નવનવા અભ્યાસીઓને લાગશે એવી આશા રાખીએ. તંત્રી]

એવું તો ભાગ્યે જ કહી શકો, કે મુંબઈ નગરીની પ્રિન્સેસ-સ્ટ્રીટના ફૂટપાથ પર ગુજરાતનાં સાતસો જેટલાં લોકગીતો તમને ખરે મધ્યાહ્ને ઓચિંતાં સામાં મળશે. સંતરાં, મોસંબીની ટોપલીઓ, કાચકા રમકડાંની રેકડીઓ, હજામત કરવાના સાબૂ, દીકરીની યાચના કરતાં ડોસાંડગરાં; કોઈક દાક્તર અગર વકીલ, એવાં તો કૈંક આવી અફળાય; પણ એકીસાથે સાતસો લોકગીતોનું શું ગજું, કે ગુર્જર સાગરપટ્ટી પરનાં કમોદનાં ખેતરોમાંથી સળવળી ઊડીને નર્યા પથ્થરની ફરસબંધી પર મુંબઈ શહેરની ખદબદ માનવ-દુનિયામાં તમારી રાહ જોઈ ઊભાં રહે!

પણ આ હકીકત છે. હાથમાં કાગળનું દળદાર દાસ્તાન લઈને એક જુવાન ભરૂચા બિલ્ડિંગની આલેશાન ઈમારતના ઓળામાંથી પસાર થતો થતો જરા સંકોચ સાથે થંભ્યો, અને એણે વગર પરિચયે પણ હિંમત કીધીઃ

'આ મારે તમને બતાવવાં હતાં. આ જુઓ, સાત સો છે, અઢી વરસથી રઝળીને મેં એકઠાં કર્યાં છે; બે મિનિટ ઊભા રહેશો ! આ જુઓ.'

એટલું જ કહીને, એને હું ચાલ્યો જઈશ એવી ધારણાથી, પેલું દળદાર દાસ્તાન ઉઘાડી કહ્યુંઃ—

'ફક્ત અનુક્રમણિકા જ વાંચી બતાવું.' વાંચવા માંડી—અકેક ગીતની પહેલી પંક્તિઓઃ—

'ચાંદરણાંની રાત રે, સ્વામી રમવા જવા દે'

× × ×

'રૂપ રૂપનું ને ચપલા ચાકરી હો મારા રાજ'

× × ×

'એક ઝીણી પિછોડીની ઓઢણી,
એને ખસી જતાં નૈં લાગે વાર રે'

× × ×

પાન સરીખી ગોરી પાતળી'

× × ×

ઓ મારા રંગીલા લાલ !
તું તો મને ગમતો નથી રે'

× × ×

'મોરવેલ વાડીની મધ્યે તલાવડી'

× × ×

પણ પછી તો એ જુવાન નર્યા શબ્દવાચનથી ન અટકી શક્યો. એણે તો તાલસૂર ઉપાડીને ગાવા માંડ્યું. એના ધીરા ગળામાંથી ખરજનાં હલકદાર મોજાં ઊઠ્યાંઃ—

'પેલી ચાંલ્લાવાળી કોણ !
એનો ચાંલ્લો ઝપાઝપ !
મારું મન મોહ્યું રે'

'અને જુઓ તો ખરા !—આ વિનોદગીતઃ—' એમ કહી, જુદા જ તાલલયમાં, સમગ્ર અંગનો નખશિખ મરોડ દેતે દેતે ગુંજી બતાવ્યુંઃ—

'ભાંગી રે ભીંતમાં પરવાલડી
'ડાલમ ડોલમતી જાય,
'વેવાણને કગડી માલમાં,
'વેવાણ બબડતી જાય,
'ક્યારે કરડી ક્યારે ?
'ચાંદો ઊગ્યો ત્યારે !
'મરી મસાલો,

* 'સંસ્કૃતિ'માંથી તંત્રી નોંધ સાથે.

'તેલનું ટીપું,
'ચાં, ચૂં, ને ચપ!'

'આ ગીત લગ્નપ્રસંગે ભરવાડ લોકો નૃત્ય કરતાં કરતાં ગાય છે. આ પંચવણી એટલે ગરોળી, ગીતમાં 'ડાયમ ડોલમતી જાય' એમ કહ્યું. બરાબર એવી જ ગતિએ ગરોળી ચાલતી હોય છે, જાણો છો ને?'

મારું વિસ્મય શમે તે પહેલાં તો એ જુવાને કેંક પંક્તિઓ ને જૂજવા ઢાળ એ ફરસબંધીના પથ્થર પર પીરસી દીધા. પછી ઘડી વાર દમ ઘૂંટવાની રાહ પણ જોયા વગર એણે આત્મનિવેદન માંડ્યું:

'અમારા સુરત બાજુના ગ્રામપ્રદેશમાં ગવાતાં આ ગીતો છે. જુઓ અહીં મેં એ એકત્ર કરીને ગોઠવ્યાં છે. જુઓ વિભાગો પાડ્યા છે: સીમન્ત, જન્મ, પ્રસૂતિ, હાલરડાં, બાળફૂદકણાં, લગ્ન, શણગાર, પ્રેમ, વિરહ, અને છેક મૃત્યુ સુધી. હું અઢી વર્ષ આ ગીતો પાછળ રખડ્યો છું ને અત્યારે તો હું રેડિયો પર ગ્રામ-કાર્યક્રમમાં આ ગીતો ગાવા જાઉં છું. પછી મળીશ.'

મોટરો, ટ્રામો ને ગાડીઓની આંટીઘૂંટીમાંથી એ તો એનું દફતાન લઈને અદૃશ્ય થઈ ગયો. પછી તુરત મારા સાથી સ્નેહીને મારાથી કહી બેસાયું: 'લોકસાહિત્યને નામે જે બજારુ બનાવટો ચાલી રહી છે, તેની વચ્ચે આજે ઘણે વખતે એક અસલી અને નક્કર વસ્તુ આ આદમીની પાસે મને માલૂમ પડી. એ ભાઈ કોણ છે?'

'ન્યૂ ઈરા સ્કૂલના ચિત્ર-શિલ્પના શિક્ષક.'

ન્યૂ ઇરા પર ટેલિફોન કર્યો, ભાઈ જમુ દાણીની જોડે ગોઠવણ કરી. અને મુંબઈ છોડવાની આગલી રાતે, એક મિત્રને ઘેર, એ ચિત્રશિક્ષક મધુભાઈ અને એમના નાનાભાઈ બન્નેએ આવી ત્રણેક કલાક એમની દરિયાકાંઠાની સુરતી જન્મભોમનાં જે લોકગીતો સંભળાવ્યાં તેણે અંતર ભીંજવી આપ્યું. એ ગીતોના શબ્દોએ અને સ્વરોએ ગુજરાતની ધરતીને બોલતી કરી. તાલ લયની અનેક વિધતા, ભાવોની વેધકતા, અને ગુજરાતના એક નાના શા પ્રદેશમાં બોલાતી લોકબોલીની લહેકન્તી મિષ્ટતા, એણે પ્રતીતિ આપી, કે કોઈ પણ એક ખૂણેથી ગુજરાતને નિહાળો, ગુજરાત સોહામણી છે, અધિકાધિક અને અવનવી નમણાઈ ધારણ કરીને એ આપણી સન્મુખ પ્રકટ થાય છે. એના રૂપનો પાર નથી. મનમાં એક જ ઊર્મિતરંગ ઊઠે છે.—

'મારું મન મોહ્યું રે
'એનો ચાંદલો ઝપાઝપ
'મારું મન મોહ્યું રે'

આ બે ભાઈઓએ જે ગાયાં તે ગીતોને યાદ કરી કરી, મારાં ઘરનાં શિયાળુ માટીનાં માટલાંમાં જે માટીની સુગંધે મહેકતું પાણી પીઉં છું ને ધરવ વળતો નથી તેના જેવું લાગ્યાં કરે છે. ગામમાં કડિયા-કામ કરતી કરતી અથવા તો દરિયાકાંઠાના ખેતરોમાં કમોદ રોપતી રોપતી કછોટાદાર સુરતી કોળણો, પુરુષોના દેશાવર-વાસને એ વખતે એક 'કાગળિયું' ગાતી હોય છે. આવાં 'કાગળિયાં' લોકસાહિત્યમાંના અનેક કાગળોમાં એક નવી જ ભાત પાડે છે. આ ભાઈઓએ ચઢતી ચાલના તાલલયમાં અને સારંગના સૂરોમાં ગાયું:—

આવતી ને જાતી વા'લા,
વડલામાં રેંતી વાલા
કૂવાને ટોડે વાટ જોતી
શામળિયા વા'લા!
સુરત શે'રનાં
આવતાં કાગળિયાં વા'લા
કાગળિયા વાંચનાર નહિ રે
શામળિયા વા'લા!
સાંકડી શેરી......માં
મહેતા મેં'તાજી વા'લા
કાગળિયા વાંચી આપતા જાવ રે
શામળિયા વા'લા!

—નિરક્ષર નારી, ભરેલા કોઈ ગ્રામજનની ઓશિયાળી, ગામના માસ્તર વિના કોની કને જઈ વંચાવે ? પણ ગામનો એ ઓલ્ડફેશન ભણેશરી પોતાની મહત્તાને પૂરેપૂરી વટાવ્યા વગર સહેલાઈથી શે 'કાગળિયું' વાંચી સંભળાવે !—

ગામને પાદરે, વડલો રોપાવો વા'લા
વડલાને છાંયે કાગળ વાંચું
શામળિયા વા'લા !
વડલાને શોભતો ચોતરો બંધાવો વા'લા !
ચોતરે બેસીને કાગળ વાંચું
શામળિયા વા'લા !
ચોતરે શોભતી ખુરશી મેલાવો વા'લા
ખુરશી બેસીને કાગળ વાંચું—શામળિયા૦
ખુરશીને શોભતા દીવડા મેલાવો વા'લા
દીવડા-અજવાળે કાગળ વાંચું—શામળિયા૦

આટલા બધા ઠરસા દમામથી વંચાયેલું એ દેશાવરવાસી સ્વામીનું 'કાગળિયું' શું શું બોલ્યું ? મારા બાપને માલૂમ થાય કે—મારી માને કહેજો કે—અરેરે ! ન બોલ્યું ફક્ત એક ઓનું જ નામ !—

સસરાનું બોલ્યું ને
સાસુનું બોલ્યું વા'લા !
મારું તો નામ ના હોય રે
શામળિયા વા'લા !

ખરું, મારો તો થોડો એ કંઈ સગો છે :—

માડીનો જાયો ને
સસરાનો બેટો વા'લા !
મારો તો કંઈ ન સગો રે
શામળિયા વા'લા !

એને નસીબે તો—

આવતી ને જાતી વા'લા
વડલામાં રે'તી વા'લા
કૂવાને કાંઠે વાટ જોતી
શામળિયા વા'લા

કૂવાકાંઠાનાં વિહ્વળ આવનજાવન જ રહ્યાં હંમેશાં.

પરંતુ લોકસાહિત્ય એ કંઈ પાર્ટી-પ્રોપેગેન્ડા તો થોડું જ છે ? એ જ કછોટાધારી મજૂરણો, કમોદના ક્યારામાં ઘૂંટણસમા પાણીમાં ઊભી ઊભી, વાંકી વળી, વિદેશવાસી પિયુના ગૃહાગમનની પહેલી રાતને, પહેલી વાતને, મરદના મીણ જેવા હૃદયને જે થોડા શબ્દોમાં આલેખે છે તેનું ગીત એ બેઉ ભાઈઓએ ગાયું—

બાર ને વરસે રે..એ...એ...તારો
નાવલિયો આવિયો.
ગોરી રે...એ...એ તમારાં
મનડાં કાંઈ ઝાંખાં રે......
દરિયામાં જાઈને રે...એ...એ
ઝોલા મેં ખાધા;
ગોરી રે તમારાં
મનડાં કાંઈ ઝાંખાં રે...એ...એ...એ
બસેંની બંગડી...ઈ...ઈ
નાવલિયો લાવિયો
ગોરી રે તમારાં
મનડાં કાંઈ ઝાંખાં રે...એ...એ...એ
ત્રણસેંની કંઠી...ઈ...ઈ...ઈ
નાવલિયો લાવિયો
ગોરી રે તમારાં૦

બે ઓઓ ગવરાવે, ને બીજી દસવીસ ઝીલે. પ્રલમ્બિત સારંગ-સુરાવળ : ઉપર જે પ્રમાણે ટુકડા પાડ્યા છે, તે પ્રમાણે તોડીને ગાય. ગદ્યને જાણે કે રાગે નખાય છે. કાતિલ છે, અતિ કાતિલ છે આ સ્વરાવલિ.

ગોરી તમારાં
મનડાં ઝાંખાં રે !

મિલન થવા છતાં મનડાં ઝાંખાં ? કીમતી આભરણો આપવાં તથાપિ કાં ન રીઝ્યાં ? અરેરે, કલ્પના તો કરો આ નાવિક પતિના જીવનમરણના મામલાની !—

દરિયામાં જઇ
ઓલા મેં ખાધા રે
તોયે તમારાં મનડાં ઝાંખા કેમ ગોરી ?

નારીવૃંદ નરની જે વેદનાને અહીં શબ્દ આપે છે, તે ઉત્કૃષ્ટ ઊર્મિકાવ્યોનો નમૂનો પૂરો પાડે છે. આ 'મનડાં ઝાખાં' અકારણ છે કે એની પાછળ કોઈ ઊંડું પ્રયોજન પડ્યું હશે ? ચિરકાળની ભયભરી, ચિંતાભરી વિયોગદશાએ સંયોગને શું અવાસ્તવિક કરી મૂક્યો હશે !

આ ગદ્યપદ્યાત્મક રચના, અને એને ગાવાની સારંગની દર્દભરી લઢણ—સારાયે ગુજરાતનું એ સજીવ તત્ત્વ છે. શું સાગરકાંઠાને કે શું ઇડરિયા ગિરિપ્રદેશને, સકળ ગુજરાતને કંઠે આ સારંગ લહેરાય છે; અને મારવાડ રજપૂતાનાની જોડે ગુજરાતને રેવી આપે છે. ગુજરાત-રાજસ્થાનનો એ ધરતીનો ટહુકો છે.

સંયોગીઓના શિર પર પાછી વિયોગની પળ આવી ખડી થઈ જાય છે, અને તે સમય તો બરાબર ફૂલ ફૂટવાનો છે—

ફૂલ ફૂટ્યું ને ચાઇલા ચાકરી હો મારૂજી,
હાથેના ગૂંથેલી મારી ઓઢણી રે લોય

પ્રકૃતિ પુષ્પિત બની છે જ્યારે, અને આ જોબનની કળી પણ ફૂટી ઊઠી છે જ્યારે, ત્યારે જ તમે ચાકરીએ ચાલ્યા ! મને શીદ સાથે નથી લઈ જતા ? હું બોજારૂપ બનીશ, અગવડ કરીશ, એ બીક છે ? ના રે ના, જુઓ તો ખરા, હું તમને ભાર નહિ દઉં; હું તો તમારી અંદર જ ગોઠવાઇને સમાઇ જઇશ.—

પાન સરખી રે હું તો પાતળી
રે મને બીડલે વાળી લઇ જાવ
રે રાજા રામ ચાલ્યા વનવાસ
રે રાજા રામ ચાલ્યા વનવાસ
સોપારી સરખી રે હું તો દીંગણી*
રે મને ગજવે ઘાલી લઈ જાવ
—રે રાજા રામ.

એલચી સરખી રે હું તો મધમધું
રે મને દાબડમાં ઘાલી લઇ જાવ—
રે રાજા રામ.
સોટી સરખી રે હું તો પાતળી
રે મને હાથમા ઝાલી લઈ જાવ—
રે રાજા રામ.

સ્વામીની સાથે જવાને હરખપદૂડી બનતી બાપડી કોઈ નાની બાળાનો વિનોદ ઉડાવતું એ ગીત કરુણ અને નર્મ એ બેઉ રસોના સીમાડા પર લહેરાય છે, અને ઉંબર પર મૂકેલા દીવાની જેમ બેઉ બાજુએ *અજવાળાં પાડે છે.*

'ફૂલ ફૂટ્યું ને ચાલ્યા ચાકરી હો રાજ !' એ ચિત્રનું પ્રતીકપણું મને સોરઠી દુહા પર લઇ જાય છે. આ લોકસાહિત્યે 'સિમ્બોલિઝમ્'—પ્રતીક-ની જુક્તિ વડે કેટલું મેદાન સર કરી કાઢ્યું છે ! 'સ્નેહ' શબ્દનો અર્થ પ્રેમ પણ થાય અને તેલ પણ થાય એ તો સંસ્કૃતભણીઓ સમજે, ને અનેક ઠેકાણે શ્લેષ દ્વારા વાપરે. પણ લોકગીતોમાં એ કોણ જાણે કયી કરામતથી આવી બેઠું :

તમે માગેલ તેલ,
(તે દી) કાચું પણ કૂંપે નહિ,
(આજ) ફોરમનું ફૂલેલ
(તારે) વાળે ઘાલું વીંઝરા !

પ્રેમિકા પ્રેમિકને કહે છે, કે હે વીંઝરા ! તમે અગાઉ જ્યારે તેલ માગેલું ત્યારે તો મારા શીસામાં કાચું પણ નહોતું. આજે હવે તારા વાળમાં સુગંધી અને ફૂલેલ તેલ ગલાવું એવી ભરપૂર મારી સ્થિતિ છે.

આમા 'તેલ' પર સ્નેહના અર્થમાં કોઈ શ્લેષ નથી; પણ પ્રતીક-જુક્તિનો કસબ છે.

*સોરઠી લગ્નગીતમા આ ઉપમાઓ છે પણ 'દીંગણી' શબ્દને સ્થાને કાવ્યમય 'વાંકડી' શબ્દ છે, અહી તો આ 'દીંગણી' જેવો અન્યથા રુચિઘાતક શબ્દ જ કેવો સુસ્થાને દીસે છે !

પણ હું અહીં પ્રતીકોનું પાંડિત્ય ડહોળવા બેઠો તેટલામાં પેલાં સૂરતી કંઠાળ-ગીતો કે કે પ્રદેશો ખેડતાં આગળ નીકળી ગયાં. પેલા ગાનારા ભાઈઓ શ્વાસ લેવા પણ થોભતા નથી, બની શકે તેટલા પ્રદેશો બતાડી દેવાની ઉમેદ તેમનામાં ઊછળી રહી છે. કહે છે, કે હવે એ ગોરીનો પિયુ પરગામે જઈ કોઈ ગોદીમાં, કોઈ કારખાને, કોઈ ઇમારતના ચણતરકામ પર જઈ મજૂરી ખેંચે છે, તોતિંગ લાકડાંનાં બીમ કે લોઢાના ગર્ડર ઉપાડે છે, ત્યારે આવાં 'હોબેલાં' બોલતા જાય છે:—

લાગો રે લાગો ભાઇ!
લાગો રે જુવાનની ટોળી
બંદર તો નાખે રે તોડી
        હૈસો જુમાલ છે.
રે જુમાલ છે, રૂમાલ છે,
રેશમી રૂમાલ છે
હે કે ગજવે ઘડિયાલ છે
        જોરે જોરે જોઅનિયાં
        જે જુવાનિયો જોર ના કરે,
        એની બૈરી બીજો કરે
                હૈસો જુમાલ છે.

બંદર તો નાખે રે તોડી' અને છેલ્લી બે ટૂકોમાં રપાયેલો ઉપાલંભ—'જે જુવાનિયો જોર ના કરે, એની બૈરી બીજો કરે.' બંદરી હેલકરીઓનાં હોબેલાં એકત્ર કરીને પણ જે જુવાન એના પર 'થીસિસ' લખે, તેને જરૂર યુનિવર્સિટી પદ આપે. પણ હેલકરી અને પંડિત, એ બેની વચ્ચે કોઇ મિલનબિન્દુ નથી. બીમ, ગર્ડર ઉપાડનાર જોઅનિયાને બીક છે મોટી, કે—

જે જુવાન જોર ના કરે
એની બૈરી બીજો કરે!

પંડિત એ દૃષ્ટિએ સલામત ને બેફિકર છે. મુડદાલનું ઓઢણું માથે રાખીને બેસનારી ખાય શું? ખાવાના કરતાં પણ મોટો પ્રશ્ન તો શણગારનો બને છે. કમજોર ધણી પરદેશથી કંઈ શણગાર લીધા વિના ઘેર રખે આવે, તે માટે તો એને દૂબળાંનાં બેરાં નૃત્યગીત ગાઇને નાનપણથી જ ચેતવી ગયે છે—

'તું તો મારે માટે ઓઢણી લાયો નથી,
    ઓ મારા રંગલા લાલ!
        'તું તો મને ગમતો નથી!'

આ ગમા અને અણગમા, આ પ્રણય અને અતિતૃપ્તિ, આ ઉત્કંઠા અને નિર્વેદ, એકબીજાથી છે, જ નજીક છે જીવનમાં. વચ્ચે એક 'ઝીણી પછેડી' જેટલું જ વ્યવધાન છે. બેઉ ભાઈઓએ એ ઝીણી પછેડીનું લગ્નગીત સંભળાવ્યું. વર માંહ્યરે આવે, વર-કન્યાની વચ્ચે જે અંતરપટ રખાય છે તેને ખેસવી લીધા પછી તુરત આ ગવાય છે એમ મને કહેવામાં આવ્યું—

એક ઝીણી રે પછેડીની ઓઢણી,
એને ખસી જતાં નવ લાગી વાર રે
    અવસર આવો ફરી નહિ મળે.
એક મોગરિયાની ડાળ રે પાતળી
એને બે'ડી જતાં નવ લાગી વાર રે—અવસર॰
એક પીળી રે માટોડીની માટલી,
એને ઝરી જતાં નવ લાગી વાર રે—અવસર॰
એક લીલા તે વાંસનો માડવો,
એને સડી જતાં નવ લાગી વાર રે—અવસર॰

સ્વ. કવિ નાનાલાલનું અતિપ્રિય લોકગીત યાદ આવે છે—

કાકોર, કેવડો લેતા જાવ
    કે આગળ નહિ મળે રે લોલ

હૃદયજીવનની અલ્પકાળ ટકનારી રસોલ્લાસની મોસમને રખે કોઇ ચૂકી જતાં, ઓ માનવીઓ! આ કેવડો આગળ જતાં નહીં મળે. આ ઝીણી પછેડીની ઓઢણીને ખસી જતાં વાર નહિ લાગે. આ મોગરે મહેકતી ફૂલડાળી ક્ષણ પછી તો ખાટી બહેકેલી વાસ કાઢવા લાગશે.

મધુભાઇએ આગને છેવટે સ્મશાનનો વાટે લાવી

મૂક્યા. શબયાત્રા નીકળે છે, આગળ મરદો ભજન ગાતા જાય છે ને પાછળ ઓરતો રડયા કે ફૂટયા વગર ગાતી ગાતી ચાલે છે—

રૂડાં તે વનમાં તળાવડી રે બની!
કમળ કેરાં ફૂલ જોને બેની!
ધૂપ પડે ને કરમાય
જો રે બેની!

એ જ રસોલ્લાસક સારંગ રાગ: એ જ ચલતીનો તાલ: કરુણની પરિસીમા—

આઘું જઈને પાછું ભાળિયા રે બેની!
શું એક આવે રે સંગાથ
શું એક આવે રે સંગાથ
જો રે બેની!

માનવ-જીવ જતો જતો પાછળ એક નજર નાખે છે. સંગાથે કોઈ આવે છે ખરું? હા, આવે છે—

તાંબાની તોલડીમાં આગ, જો રે બેની
તે પણ આવે રે સંગાથ જો રે બેની!
× × ×
લીલા તે વાંસની પાલખી રે બેની!
તે પણ આવે રે સંગાથ, જોને બેની!
× × ×
દાસ દશેરાનો સાથરો રે બેની!
તે પણ આવે રે સંગાથ, જો રે બેની!

આઘું જઈ જઈ ને વારે વારે પાછળ સંગાથ જોતા જીવને છેલ્લી વિદાય છે—

જીવ તું શિવને સંભારજે!
મારું મારું રે બહુ કીધું,
અંતે નહિ આવ્યા કામ,
અંતે નહિ આવ્યા કામ,
જીવ તું શિવને સંભારજે!

લોકસાહિત્યની જનપ્રિયતાને, ઢોંગપ્રપંચો કરી ડહોળનારા જ્યારે અનેક પરોપજીવીઓ ઊમટી પડ્યા છે, ત્યારે શુદ્ધ શાસ્ત્રીય દૃષ્ટિએ અને ઉલ્લસિત રસ-દૃષ્ટિએ જનતાના નીચેના થરો સુધી પહોંચીને મોતી તાગનારા મરજીવા કોઈક જ નીકળે છે. કોઈ કોઈ છે. આ ભાઈએ એક બે વાતો કહી એક ડોસીને કહે કે ગાઓ: ડોશી કહે, મને તો દળના દળન યાદ ચડે. વારુ માડી! તો દળો ને ગાઓ; પણ બે દળું તે શું? મારાં કાળજાં? આ રેશનિંગમાં દાણા ક્યાંથી કાઢું? સંપાદકે ઘેરથી થોડા દાણા લઈ જઈ દળાવ્યું ને ગવરાવ્યું.

સીમમાં ભરવાડને કહ્યું, ઓરિયાં ગાઓ: જવાબ જડ્યો 'લાખ્યા વિના કંઈ ગવાય?'

'લાખ્યા વગર' એટલે પેટમાં તાડી નાખ્યા વગર! પાવલી લાવીને આપી, તેનું પીણું પીને પછી ભરવાડ કહે કે 'લે હવે માંડ લખવા!' ઓરિયાંની ઝડી વરસી. લખનારો થાકે ગાનારો ન થંભે.

ઊલટે સંપાદકે જીદ્દી માને મનાવી, માના પચાસ વર્ષનાં ભીડેલાં ઉર-કપાટ ઊઘડ્યા.

એકલા સૂરત જિલ્લાના અણામા ગામની આજુ-બાજુથી જ મેળવેલાં એ અનાવિલ, કણબી, કોળી, દુબળા, ભરવાડ, હરિજન વગેરેનાં ગીતો છે.

સૌરાષ્ટ્રી ગીતોની ને આની વચ્ચે વિભેદ થોડો જ છે, નવીનતા અલ્પ છે. સમસ્ત ગુજરાતમાં રમણ કરતી એની એ જ કૃતિઓ, પ્રદેશભેદે નૂતન તળપદા તેજછાયા ને રસરંગો ધારણ કરે છે, નૂતન તાલછંદે નાચી રહે છે, ને પુરવાર કરે છે એકની એક વાત, કે ગુર્જર જનતા, પ્રદેશે પ્રદેશે, સાગર પાંતરે ને ડુંગરે વેરાને, નિખિલતાના રાસમંડળમાં નિજત્વે રસેલી જૂજવી લીલા ખેલે છે ગુજરાત સોરામણી ને કાવ્ય-ભીની છે,

આ ભાઈએ મને છેલ્લી વાત કહી ચમકાવ્યો: 'તમારા 'ચૂંદડી' નામે લગ્નગીતસંગ્રહની પ્રસ્તાવનામાં એક સૂરતી ફટાણું ટાંકીને તમે જે કઠોર ટીકા કરી છે તે વાંચીને જ મને ચાનક ચડી, કે સૂરત-પ્રદેશની આ અવહેલનાનો ઉત્તર આપું. માટે જ મારી આ પ્રવૃત્તિ થઈ.'

મનમાં થયું: આવી ચાનક જો બીજા પ્રદેશોના પુત્રોને પણ ચડતી હોય, તો તો ઘણાને તેની ભૂમિનું પણ હોંશેથી કંઈક ઘસાતું લખું!

'આદર્શનાં ટાણાં મારશો નહિ'

[શ્રી. ઝવેરચંદ મેઘાણીએ મૃત્યુની આગલી સાંજે શિક્ષકોના સંમેલન સમક્ષ આપેલા વ્યાખ્યાનનો અહેવાલ]

મારાં બાળકો અહીંથી પ્રાથમિક શાળામાં ભણે છે એટલે તમારા આ સંઘ સ્થાપનાના વિચારમાં હું મનથી મારો મોટો હિસ્સો સમજીને અહીં આવ્યો છું.

તમારાં દુઃખોને માટે કલ્પનાની જરૂર નથી. આ જમાનો મોંઘવારી અને આ ચારે તરફ લાગેલી આગની વચ્ચે અહીં જે આંકડા અને હકીકતો રજૂ થઈ એ પછી એમ લાગે છે કે, આપણે કોઈ નવી દુનિયાનું દર્શન કરીએ છીએ.

અમને એક ખ્યાલ છે કે તમે એક રાજ્યના પગારદાર નોકરો છો એ કારણે રાજ્યની શિસ્ત નીચે રહેવા બંધાયેલા છો. એટલે તમારી પાસે ગમે તે વાત કરવી એ બરાબર નથી. તમારી પરિસ્થિતિની મર્યાદા સમજીને જ બોલાય.

નોકરો હોવાં છતાં તમે મનુષ્યો તો છો જ. મનુષ્ય સિવાય માત્ર બે જ કોટી છે, દેવ અને પશુ; જ્યારે તમે દેવ કે પશુ તો નથી. સેન્સસમાં પણ તમારી ગણત્રી એવા કોઈ વર્ગમાં નથી થતી એટલે માણસ હોવાથી મનુષ્ય તરીકેના તમારા પ્રાથમિક અધિકારોનું પાલન આ રાજ્ય કે કોઈ પણ રાજ્ય કરવાને બંધાયેલ છે. આજે આ પ્રશ્ન માત્ર ભાવનભરનો નથી કે તેને 'ખટપટ' કે એવું બીજું કોઈ નામ આપી શકાય. કોંગ્રેસ તંત્ર નીચેના પ્રાંતોમાં પણ આ પ્રશ્ન સળગ્યો છે. મજૂરો તો આગલી સરકાર સામે પણ બોલેલા—મજૂરો, રેલ્વેવાળાઓ, તાર-ટપાલવાળાઓ બંડ કરીને કહેતા કે, અમુક તારીખ પહેલાં અમારી માગણી નહીં સંતોષો તો કામ છોડી દઈશું; જ્યારે તમારું ખાતું તો રાંક છે. તેનું કારણ એ છે કે બીજા ક્ષેત્રોમાં જેને આવડત અને હોશિયારી કહેવામાં આવે છે તે તમારામાં નથી. તમે એવી આવડત અને હોશિયારીને તિલાંજલિ આપીને એક જ લાયકાત પ્રાપ્ત કરી છે; અને તે નાનાં બાળકોને ભણાવવાની. નાનાં બાળકો સાથેની તમારી ફરજો તમને બીજાં ધંધાદારી ક્ષેત્રો માટે નાલાયક બનાવી દે છે. તમે જો સાંજે કોઈ વેપાર કે કોઈ નોકરી કરો તો પછી તમે સારા શિક્ષક ન બની શકો. તમને જો આજે કાઢી મૂકવામાં આવે તો ક્યાં જવું તેનો વિચાર થઈ પડે. તમે વિદ્યાદાન આપવા ખાતર એવા સંસ્કારો કેળવ્યા છે કે જેના પરિણામે તમે બીજે ન ચાલો. અહીં દૂધની વાત થઈ, પરંતુ દૂધ તો ક્યાં! રાબ મળે તોય બસ છે.

તમારો વર્ગ ઊંચું માથું નહોતો કરી શકતો. એટલું જ નહીં પણ દુઃખ સુદ્ધાં ન ગાઈ શકતો. કેમ કે અમલદારોને ચાલુ રસમમાં ફેરફાર થાય તે વિદ્રોહ જેવું લાગે છે. એટલે તરત જ તે ઊગતાને ડામે છે. આ સવાઈલાલના પિતાએ ફેરબદલી પ્રસંગેના ભાડાં ભથ્થાં સૌને મળે તે માટે લડત કરેલ. જેથી તેને તાલુકા માસ્તરીમાંથી જ પેન્શન લેવું પડેલ અને ભલે નુકસાન થયું, પણ આજે એ લાભ તો સૌને મળે છે ને! માટે નુકસાનના ભયથી ન ડરશો. શિક્ષકોને થયું કે આગલી સરકારોએ આપણને ન સંતોષ્યા, કોંગ્રેસ તો સંતોષશે જ. માટે ત્યાં માથું ઊંચકવું પણ બદલામાં ત્યાંય ટપલા પડ્યા! શ્રી મોરારજીભાઈ જેવા એવું બોલ્યા કે જેને રસ્તાનો ચાલનાર પણ સહન ન કરી શકે. જોકે, એ મેણાંટોણાંના જવાબ પણ અપાયેલ છે. વિશ્વાસપાત્ર સાધન દ્વારા મને જાણવા મળ્યું છે એટલે ખોટું તો નહીં જ હોય કે ગુજરાત પ્રાંતિક કોંગ્રેસ સમિતીની કચેરીમાંથી હુકમ નીકળ્યો છે કે કોઈ કોંગ્રેસવાળાએ શિક્ષકોની પ્રવૃત્તિમાં ભાગ ન લેવો; એટલે આવું પણ કંઈ થાય તો મુંઝાશો નહીં.

રાજ્યોને કેળવણી પ્રિય નથી. કોઈક જ રાજ્યને એ ખાતું ગમે છે. બાકીનાને તો એ નભાવવાં પડે છે. સાર્વભૌમ સરકારે તે ખાતું સ્વીકારેલ છે માટે નભાવી રહ્યા છે. કોઈ ગવર્નર કે પોલિટિકલ એજન્ટ આવે ત્યારે નાચગાન, સંવાદ, દાંડિયા વગેરે બતાવીને ખુશી કરાવી શકાય, એ નિશાળોનો એના મનથી હેતુ છે.

વળી માસ્તરો પણ સેન્સસ જેવા કામમાં ઉપયોગી થાય છે. એવાં કારણોએ એ ખાતું નભાવય છે. બાકી જો એને કોઈ કહે કે આ નકામું છે, એવું પહેલાં હતું જ નહિ, રાજા રામ કે પાંડવોના હસ્તિનાપુરમાં કેળવણીખાતાં નહોતાં તો તેઓ પણ ઉપાડી લે. કારણ કે એની કોઈને પડી નથી વળી માસ્તરોના દંડ સિવાય બીજી કોઈ આવક નથી અને દંડમાં આવક કેટલી થાય? આવક વિના નિભાવવું પણ શું? નિશાળની ખુરશી તૂટે તો રિપેર માટે બજેટમાં પણ માંડ સમાસ થાય. કેમ કે એ કેળવણી ખાતાની ખુરશી! શિક્ષકોને આજે જે હાડમારી છે તેનું મૂળ આ છે કે કોઈને એ ખાતાની પડી નથી.

શિક્ષક સ્વમાની હોય એમ સૌ કહે છે પણ આજે તમારે સંઘ રચવા પડે છે. આ વાત લાખો માણસોના દિમાગમાં નથી ઊતરી, નહિતર બોલવાની ફરજ તો એમની છે. ઢોર દેવનું હોય તો પણ તેના મોં પાસે ખાણ મૂકવું પડે છે. તો પછી, શિક્ષકના ભેજામાંથી અમારા બાળકો માટે દૂધ દોવું હોય તો ખાણ કેમ નહિ? પછી દૂધ આવે પણ શા રીતે! પણ દુ:ખની વાત છે કે એ કોઈ બોલતું નથી. શાળાઓમાં પાણી માટે સગવડ નથી કડકડતે શિયાળે બાળકો શાળાની ટાઢી છો પર બેસે તેની કોઈને પડી નથી વિદ્યાદાતાઓ કે જેઓ પુરાતન ઋષિમુનિઓના અંશો છે તેમને જાર, તેલપળી અને છાશ દૂધની વાતો કરતા, કરવા પડયા છે તેનું અમને દુ:ખ છે. બોટાદે અહીં પોતાની પ્રજાના પ્રતિનિધિ મોકલવા જોઈતા હતા, અને આ અવાજ પ્રજામાંથી ઊઠવો જોઈતો હતો.

સદ્‌ભાગ્યે શ્રી. જાદવજીભાઈ મોદી તમને મળ્યા છે. તેઓ તમારે માટે લોકમત કેળવશે. બીજા પણ ઘણા પબ્લિક સ્પીરીટવાળા માણસો છે. તેઓ આ તમારા પ્રશ્નને ધારાસભા સુધી લઈ જઈને નિકાલ લાવે વિષમતાઓ કાઢી નાખીને તમારો જે ચોખ્ખો અવાજ છે તેને કાયદેસરના યોગ્ય સ્વરૂપે શ્રી. જાદવજીભાઈ અને તેના સાથીઓ લઈ જશે.

હિંમત રાખજો. તમને કોઈ મોટું નુકસાન થઈ જવાનું નથી. આ તો વિરાટનો પડઘો છે. અહીં 'રામ રાજ્ય' શબ્દ વપરાયો પણ ભાઈ! રામરાજ્યમાં તો ધોબીનેય બોલવાની છૂટ હતી, પછી માસ્તર તો બોલે જ ને! તમે શિક્ષકો અંદર અંદરના કશા ભેદભાવ વિના એક જ જાતના સંતાપથી પીડાઓ છો.

બાકી તમારી પાસે હું આદર્શોની વાત કરવા આવ્યો નથી. એવું કહેવાનો અમને હક પણ નથી. અમે ક્યાં એ ઋષિમુનિઓના યુગના પ્રજાજન છીએ, તમને એ ઋષિમુનિઓના આદર્શની વાતો કહી શકીએ. તમે ટ્યુશનો કરો છો, આ હું તમને મેણું-ટોણું નથી મારતો. તમે આડકતરા માર્ગ પણ લેતા હશો. મારે ત્યાં મહિને ચાલીસ રૂપિયાનું તો દૂધ વપરાય છે, ત્યારે મને થાય છે કે આ બિચારાઓનું શું થતું હશે! આ માણસો ૩૦ કે ૨૫ રૂપિયામાં કઈ રીતે ચલાવતા હશે? માગતા હશે! ચોરતા હશે! લૂંટતા હશે! મને આ ભેદ કોઈ રીતે સમજાતો નથી. કોઈ શિક્ષક લૂંટ કરે તો હું તેને દોષિત ન માનું.

જેઓ આદર્શ વાતો કરે છે તે બધાને હું આ સ્થનેથી વિનંતિ કરું છું કે, તમે એ વાત છોડી દો. આ દુનિયા આદર્શ નથી. કાળાં બજારિયા અને ગળા કાપનારાઓને ખુરસીઓ પર બેસાડો છો, તો આ બિચારાને આદર્શનાં મેણાં-ટોણાં કોઈ મારશો નહિ!

રાષ્ટ્રશાયરને આંગણે

ઈશ્વરલાલ દેસાઈ

(શ્રી મેઘાણીના અવસાનને આગલે જ દિવસે એમની મુલાકાતે ગયેલા એક પત્રકાર સાથેના એમના વાર્તાલાપનો સાર નીચે આપેલ છે.—સંપાદક)

આરામ ખુરશીમાં બેસી એમણે ખૂબ જ ઉલ્લાસથી વાતો કરી. દોઢ કલાક સુધી એમની જ વાણીમાં મોટે ભાગે એ નીચે ઉતારું છું:—

"બહુ સારું કર્યું તમે આવ્યા તે ને બાળકોને સાથે લાવ્યા એ તો મને ખૂબ જ ગમ્યું. હાં, તમે બધા બાળકો મોકલ્યો ફરો. અરે, તમે જરા આ બાળકોને કંઈ ખજૂર, ધાણી, પોપૈયાં વગેરે હોય તો આપો તમારા પત્નીને હવે તો ફાયદો થયો હશે. તમે બીજી વાર આવો ત્યારે એમને ને તમારી મોટી દીકરીને પણ જરૂર લાવજો ને અહીં એક આખો દિવસ રાખજો. બપોરે હું તો નામની જ ઊંઘ લઉં છું મને કંઈ તકલીફ પડી નથી. ઘરમાં માંદગી ઘણી રહે છે એટલે બાજીપુરા આવવાનું આજથી એ ક્રસ કહી શકતો નથી, હમણાં મારે અમદાવાદ ભાઈ ગુણવંતરાય આચાર્યને ચંદ્રક આપવાનો પ્રસંગ ઉજવાયો તેમાં જવું હતું, પણ ઘેરથી બીમારીના સમાચાર મળ્યા છે માટે તે પ્રસંગ છોડી સીધા બોટાદ આવી જવું પડ્યું.

મારે પણ સુરતના દરિયાકાંઠા પર વસતા લોકોને જોવા છે ને ૧૯૪૨માં જેમણે બહાર રહી લડત આપી તેવાઓના પરાક્રમોની વાતો સાંભળવી છે. એમની નીતિરીતિ સાથે આપણે સમંત થઈએ કે ન થઈએ એ જુદી વાત છે. પણ એમની મરદાનગી તો પ્રશંસા માગી લે છે. ગુજરાતના મંદ નાડીના ગણાતા જુવાનોમાં આવા શૂરવીરો પાકયા એ આપણા ઈતિહાસનું એક ઉજળું પ્રકરણ છે ને એ ઈતિહાસ મારે જાણવો છે. એ ઈતિહાસ હું બહાર મૂકવા માંગતો નથી, એ તો લખનારા વખત આવે મળશે પણ ખરા, પણ મારે તો મારા માનસતંત્રમાં એને ગોઠવવો છે ને એમાંથી કંઈ સર્જન કરવું છે. થોડા વખત ઉપર શ્રી મોતીભાઈ વીણુ મને મળ્યા હતા. તેમણે કરાડી મટવાનાં બહાદુર નરનારીઓની મને વાતો કરી હતી. મારે સુરત જિલ્લાની એ વીરગાથાઓ સાંભળવી છે. ઉમાશંકરના માસિક માટે તો એ કાંઠાના ખલાસીઓનાં એક બે ગીતો મળ્યાં તે પરથી હમણાં જ કંઈક લખી પણ મોકલ્યું છે. શું મકનજી લોલા રાણપુર આવવાના છે ને કુમસ–ભીમપોરના ખારવાઓ ત્યાં પૂલનું કામ કરે છે? એ તો ખૂબ સરસ. તમે ભાઈ મકનજીને અહીં શા માટે લાવો? હું જ રાણપુર આવી તમારી સાથે બે દિવસ રહીશ. તમારા મિત્ર કાનજીભાઈ સાથે મને પણ પરિચય છે ને તમારા બધાની સાથે રહેવાનું પણ મળશે. ભાઈ મકનજી પાસે ભાગેડુઓ કહેવાયલાનો ઈતિહાસ હું જાણીશ ને ખારવાઓનાં ગીતો ને રાસો પણ પણ સાંભળીશ ખાસ તો એ કે મારે તો કાંઠાના લોકોને જોવા છે. બનશે તો હું મહેન્દ્રને મોકલી આપીશ ને એમના કેમેરાથી ફોટાઓ લેવાનું પણ ગોઠવીશું. ભાઈ મકનજી આવે તો તમે બંન્ને અહીં આવજો. દસમીએ બપોરે તમારે આવવાનું. સાંજે જમી કરીને આપણે રાત્રે દસ વાગે ત્યાં પહોંચીશું.

હું તો સુરત જિલ્લામાં એકાદ અઠવાડિયું ગાળવા ધારું છું. ત્યાં ફરીથી મારે કાંઠાના લોકો, રાનીપરજો ને બીજા લોકોને જોવા છે ને તેમના ગીતો ને તેમની શૌર્યકથાઓ નોંધવી છે. બારડોલી તો મેં જોયું જ નથી. ત્યાંના આશ્રમો ને એ બધું સુંદર હશે પણ મારો રસ એમાં નથી. શીધું રાજકારણ મારા લોહીમાં જ નથી.

હું સ્વતંત્ર પત્રકારત્વમાં માનું છું. ગુજરાતમાં એવું મને આજે જણાતું નથી. પ્રોપેગેન્ડા ને પક્ષવાદ જ્યાં ત્યાં જણાય છે પરાધીન દેશમાં એ અનિવાર્ય છે એમ તમે કહો એ ઠીક છે, પણ એની પણ મર્યાદા હોવી ઘટે. ગમે તે વ્યક્તિ સામે કે સંઘ સામે તેની ભૂલ માટે આંગળી ચીંધવાનો ને સ્પષ્ટ કથન કરવાનો પત્રકારનો ધર્મ છે.

મુંબઈથી નીકળતા 'જય હિંદ' પત્રના તંત્રી

તરીકે જોડવાનું મને આમંત્રણ મળ્યાની વાત તમારી પાસે જ સાંભળું છું: એમાં કશું તથ્ય નથી. ને એ કોણ કહાડે છે તે પણ હું જાણતો નથી. ભાઈ ધનસુખલાલ સાથે મારે તો મીઠો સંબંધ છે એટલે એવું કંઈ હોય તો તેમણે મને મુંબઈમાં મળ્યા ત્યારે કહ્યું હોત, પણ હવે કોઈ અખબારી વ્યવસાય કરવાનું મારું દિલ જ નથી. એમાં તો સમગ્ર શક્તિ ખર્ચવી રહે ને તેમ કરવા જેટલી હવે મારી માનસિક સ્વસ્થતા રહી નથી. મને ઘણી સારી ઓફરો હતી. શ્રી અમૃતલાલ શેઠે 'જન્મભૂમિ' માટે ને શ્રી ઈન્દ્રવદન ઠાકોરે 'ગુજરાત સમાચાર' માટે પાનું લખી દેવા ને સારી રકમ આપવા કહેલ પણ મેં સાભાર ના પાડી હતી. રોજબરોજનો બોજો મારાથી ઉપાડાય એવું રહ્યું નથી.

હમણાં તો હું પુસ્તકો લખવાનું કામ કરું છું. વર્તમાન પ્રવાહો સાથે સંબંધ રહે એટલા પૂરતું ચાલુ વાર્તા ને બીજું છૂટક પત્રોમાં લખું છું પણ તે એ નામનું: પુસ્તકોની ઠીકઠીક આવક છે: આવડા નાના ગામમાં પણ મારો માસિક રૂા. ૫૦૦નો ખર્ચ છે, પણ તે નીકળી રહે છે. પુસ્તકના વેચાણમાં જો મંદી આવશે તો બે ટાંટિયા મેળવવા પૂરતાં પત્રોમાં ખાસ કોલમો લખી દઈશ, બાકી હવે મારે કોઈ છાપામાં જવું નથી.

આજની કારમી મોંઘવારીમાં પત્રકારોના આજે જે પગારો છે તે બહુ ઓછા ગણાય. એનું ધોરણ સુધરવું જોઈએ ને ચોક્કસ પગારધોરણ ને બીજી યોજનાઓ કરવી જોઈએ. હમણાં જ કકલભાઈ સાથે મારે એ અંગે વાત થયેલી, પણ તેમણે તો અશક્તિ દર્શાવેલી 'ગુજરાત સમાચાર ને 'સંદેશ' મળીને પહેલ કરે તો કંઈક થાય એમ લાગે છે.

આપણું રાજકારણ ક્યાં જઈ રહ્યું છે! લોકસંઘની ત્રણ નાટિકાઓ ઉપર પ્રતિબંધ મુકાયો એ તમે વાંચ્યું ને મેં એ નાટિકાઓ જાતે જોઈ છે ને એમાં કઈ વાંધાભરેલું મને લાગ્યું નથી. ટીકા પણ હળવાશથી કરી છે ને એમાં કલા છે. એક બાજુ કોમી છાપાઓ રોજ ઝેર રેડે છે તેને કોઈ અટકાવતું નથી ને આ નાટિકાઓ પર પ્રતિબંધ! આ અમદાવાદ મ્યુનિ.ની વાત રવિશંકર મહારાજને એની સામે જ લડત માંડવી પડે એ તે કેવી વાત? ખેડુતોની વાત સાચી છે ને બીજી જમીન જ લેવાવી જોઈએ. આપણા સેવકો સત્તાસ્થાને બેસે ત્યારે આવું કેમ બને? મને લાગે છે કે આમ થયા કરશે તો આપણામાં પક્ષો પડશે ને પ્રતિક્રાન્તિના વાયરા પડશે. એ હવા ગતિમાન થઈ રહેલી હું જોઈ રહ્યો છું.'

આમ અમારી વાતચીત પૂરી થઈ; બીજી તો ઘણી અંગત ને જાહેર વાતો થઈ પણ તે ઉતારવી યોગ્ય ધારી નથી. ગાડીનો સમય થયો એટલે અમે ઊઠવાની તૈયારી કરી. પત્રકાર છતાં ચા કોફી હું નથી લેતો તે જાણી આશ્ચર્ય દર્શાવી, હું પણ એક જ વખત ચા લઉં છું એમ કહી તેમણે પપૈયા મંગાવ્યા અમે એ ખાતા હતાં, ત્યાં એમનાં પત્ની આવ્યાં. 'એમીને ઝાડા બહુ થાય છે, શું આપું?' એવો એમણે ઓટલાની જાળીમાંથી પ્રશ્ન કર્યો. જવાબમાં મેઘાણીભાઈએ કહ્યું, "એને જરા છાશ દો ને તે ન ફાવે તો કંઈ ઉકાળા જેવું કરી આપો." ગાડી ચૂકી જવાય તો પાછા ઘેર જ આવજો ને રાત્રે મારે ત્યાં જમીને જ જજો એમ કહેતા કહેતા તેઓ મારી સાથે ઊતર્યાં. ને મોટા દરવાજા સુધી મારી ના છતાં વળાવવા આવ્યા.

દરવાજાની ડોકાબારીમાંથી નીકળતાં મારું એક બાળક પડી ગયું એટલે તેમણે કહ્યું કે આ સમજવાનું રહી જ જાય છે ને ઘણાને ને અમને પણ તકલીફ રહ્યા કરે છે. એ પછી દરવાજા બહાર ઊભા રહી એમણે પ્રણામ કર્યા ને પાછા અંદર ગયા; એ હાથ જોડી એમના મકાનને દરવાજે ઊભેલા મેઘાણીનું છેલ્લું એ છેલ્લું દર્શન હશે ને ભાઈ મકનજી સાથે એમને ત્યાં જવાનો ને રાણપુર લઈ આવી સાથે રહેવાનો કાર્યક્રમ અફળ જવાનો હશે એની કલ્પના સરખી પણ કેમ હોય!

પણ તા. ૧૦મીએ બપોરે અમે બોટાદ જવાની તૈયારી કરતા હતા ત્યાં સવારમાં જ વજ્રપાતસમા આ સમાચાર મળ્યા ને મેઘાણીભાઈના મૃત્યુથી ગરીબ બનેલા ગુજરાતમાં મારી પાસે તેમની આ અંતિમ સ્મૃતિ માત્ર રહી ગઈ, જે રજૂ કરી એમના ભાવનાપ્રધાન, પ્રેમાળ ને ઉન્નત આત્માને ચિરશાંતિ ઇચ્છું છું.

એટલાં રોયાં રાતે આંસુએ, આજ મરતાં મેઘાણી

રચનાર : કવિ દુલા કાગ

[૧]

મરશિયા-દુહા

[બોટાદ ખરખરે જતા]

ઊભો ઉવાટે, જીભ કલમને જોખવા;
એને કાળાઉત કાંટે, તેં વસમાં તોળ્યાં વાણીઆ!

(કેટલાક સાક્ષરો વિદ્વાનો કલમબાજોને રસ્તે તું ન ચાલ્યો અને એનાથી (ઉવાટે) આડખીડ જુદે રસ્તે ચાલ્યો. હે વાણીઆ! તેં કલમ અને જીભ-વાણી બેઉનો તોલ એક જ કાંટે કર્યો)

ઝવેર ભરીઆં જે, હીરાન માણેક હાટમાં;
એનો કાળાઉત કેને, વારસ કીધો વાણીઆ!

(હે ઝવેરચંદ! તારા હાટમાં હીરામાણેક વગેરે. અમૂલ્ય રત્નો સંઘર્યાં છે. એનો વારસો તેં કોને આપ્યો?)

હાથ વખાણું હોય, કે વખાણું દિલ વાણીઆ;
કલમ વખાણું કોય, કે તારી જીભ વખાણું ઝવેરચંદ!

(હે ઝવેરચંદ! ઉદારતામાં તારા દિલનાં વખાણ કરું કે કામઢા તારા હાથને વખાણું? ડાયરાની જમાવટમાં ચારણી ગીતો લલકારવામાં તારી જીભ વખાણું કે એકએક વિષયને વર્ણવતી તારી કલમ વખાણું?)

હૈયે ન જીભે હોય, ભરતર એક જ ભાતનાં;
એવી જોડી સઘળે જોય ક્યાંય કાગે ન દીઠો કાળાઉત!

(હે કાળીદાસ મેઘાણીના પુત્ર! મેં-કાગે ફરી-ફરીને શોધણ કરી, પણ જેનું અંદર અને બહાર એક જ જાતનું જીવન હોય એવી તારી જોડી ક્યાંય દીઠી નહિ.)

હું ભમીઓ ભાયાણી, સાતે સાયર ઊતર્યો;
ક્યાંય મળી ન મેઘાણી, કાગે ન દીઠો કાળાઉત!

(હું ભાયાણી-ભાયા કાગનો પુત્ર દરિયાપાર ઊતર્યો અને તારી જેવા મર્મપારખુ માણસની ઘણી ગોતણ કરી, પણ કાળીદાસનો પુત્ર ઝવેરચંદ ક્યાંય ન જોયો)

માંડી મેઘાણી! હૈડે વાણીની હાટડી;
કદી કાળો કાળાણી, વેપાર ન કીધો વાણીઆ!

(હે કાળાણી : કાળીદાસના પુત્ર ઝવેરચંદ! તેં વાણીના વેપારની હાટડી હૃદયમાં ખોલી, પણ કોઈ દિવસ એકેય શબ્દનો કાળો બજાર કરી સરસ્વતીને ન વેચી.)

કીરતી તણી કોથળી, એમાં ન ઘટચ આણી;
એવો કરીઓ કાળાણી; વાણીનો વેપાર વાણીઆ!

(હે કાળીદાસના પુત્ર! તું જાતે વાણીઓ ખરોનાં; એટલે યશરૂપી ધનની કોથળી ભરી; એમાં કોઈ દિવસ અપયશ રૂપી ખોટ ન લાગવા દીધી. જીવનના વેપારને કલંકિત ન બનવા દીધો.)

કોઈને કાળાણી! દલાલાં દીધાં નઈ;
એવો માંડેલ મેઘાણી, તેં વાણીનો ધંધો વાણીઆ!

(હે કાળીદાસના પુત્ર! તે વાણીનો વેપાર માંડ્યો પણ એમાં કોઈને દલાલું ન આપ્યું. એટલે ગમે તેવો માલ દલાલ ખપાવી દે એ જાતનો ધંધો કદી ન કર્યો.)

કંઠ કહેણી ને કાવ્યનાં, હતાં સુખ હસતાં;
આજ ઝવેરચંદ જાતાં, એણે કાળપ પકડી કાળાઉત!

(કંઠ, કહેણી અને કાવ્યશક્તિ એ ત્રણે વાનાં તારામાં ભર્યાં હતાં આજે તું ગુજરી જવાથી ત્રણે વસ્તુઓ ઉદાસ બની છે. એને મોઢે ઝાંખપ આવી છે.)

શૂરાં છાપાં ને સાધવાં, ત્રણ ચારણ વાતાં;
એટલાં ઝવેરચંદ જાતાં, કકળી ઊઠચાં કાળાઉત!

(સોરઠના સાચા શૂરવીરો, તેં ખેડેલાં છાપાઓ, સોરઠના સંતો, ચારણો અને મૂર્તિમંત વાર્તા-એ પાચે ઝવેરચંદ મેઘાણી જાતા કકળી ઊઠ્યાં.)

છંદાં ગીતાં ને સોરઠા, સોરઠ સરવાણી;
એટલાં રોયાં રાતે આંસુએ, આજ મરતાં મેઘાણી.

(ચારણી છંદો, ગીતો, કાઠિયાવાડના સાહિત્યનો પ્રાણ સમો સોરઠો અને સાચી સોરઠી ભાષા-એ ચારે ઝવેરચંદ મેઘાણીના મરણથી લોહીને આંસુએ રોયા.)

અડીખમ અટંકી એકલો, એ મસ્ત મેઘાણી ગયો

[૨]

ત્યાગી ગયો,તપસી ગયો, એ સંત સોરઠનો ગયો,
હસતો ગયો,રોતો ગયો,સંસારી ગયો,સન્યાસી ગયો.

અભાગી કો અબળા તણો,ભરથાર ક્યાં ભાગી ગયો,
બાપુ તણો દુષ્કાળ દઈ કો બાપુ બાળકનો ગયો;
માતાનો તુંકારો ગયો, બહેની તણો બંધુ ગયો,
કવિમાળાનો મેરુ ગયો, ગુણજાણુ મેઘાણી ગયો.

સૌરાષ્ટ્રના સાહિત્યની સૃષ્ટિ તણો બ્રહ્મા ગયો,
સોનાતણો શોધક ગયો, એ ધૂડ ધોનારો ગયો;
સાહિત્યના જળકૂપનો દોરી સહિત લોટો ગયો,
શણગાર સોરઠનો ગયો, ગુણજાણુ મેઘાણી ગયો.

બ્રાહ્મણ ગયો,માનવ ગયો,નવયુગનો ચારણ ગયો,
કાળાં બજારો ના કર્યાં, વાણીનો વેપારી ગયો;
ગાંધી તણા દિલદર્દની ગીતાનો ગાનારો ગયો,
સોરાષ્ટ્રનો કવિ કેસરી, એ મર્દ મેઘાણી ગયો.

ધરણીપતિ ધનવાનને આંગણ ન આશાથી ગયો,
નમીઓ નહિ લક્ષ્મી પગે અણનમ સદા ઊભો રહ્યો;
પડી કાળની હાકલ તથાપિ બોલ બે લખનો ગયો,
અડીખમ અટંકી એકલો એ મસ્ત મેઘાણી ગયો.

કણબો તણાં પ્રેતાતણી મહેફિલમાં જાનારો ગયો,
સમશાનનો સાધક ગયો, એ ભૂતનો ભેરુ ગયો;
પથ્થર અને પર્વત બધાં જડજીવ બોલાવી ગયો,
બેરો થયો, મૂંગો થયો, અવધૂત મેઘાણી ગયો.

મુનિરાજ ને સંતોતણાં એ મૌન છોડાવી ગયો,
રસધાર રેલાવી ગયો, કાર્યો બધાં કરતો ગયો;
કહે કાગ વાણીનો ભલા પ્રસ્તાવ લખવો રહી ગયો,
સોરાષ્ટ્રનાં ફૂલઝાડનો આજ માળી મેઘાણી ગયો.

'કૃષ્ણછાબ'માંથી

હાહાકાર હુઓ

શંકરદાન જેઠીભાઈ

કાઠિયાવાડ–ગુજરાતના અનેક શૂરવીરો, દાતારો, ભક્તો, બહારવટિયાઓ જે ફક્ત ચારણોની જબાન સાથે વાર્તા રૂપે હતા તેઓના દેહ–નામ ને મેઘાણીની લેખણે અમર કર્યા છે. અમને ચારણ કવિઓને જ નહી પણ સારા દેશને તેઓની અનન્ય ખોટ પડી છે. તેઓ અમારા ચારણોના ગુણના પ્રિય પૂજારી, અનુરાગી અને ઉત્તેજક હતા. અમારી ચારણોની જીભની નિવાસી સરસ્વતી દેવીના તેઓ પરમપ્રિય ભૂવા હતા, તેઓ જ્યારે જનસમુદાયમાં બોલવા ઊભા થતા ત્યારે સરસ્વતીદેવી તેમના દેહમાં પ્રગટ થતાં—પધારતાં, તેવુ દશ્ય મેં નજરે જોયુ છે.

આજે મેઘાણીના મૃત્યુથી મારા જેવા અનેક સ્નેહીઓના હૃદય દવે છે. એટલું જ નહી પણ—

દોહો

મરણું મેઘાણી તણું, સાંભળતાં શ્રવણે,
સારા સોરઠ દેશમાં, નીર આવ્યાં નયણે.

છપ્પય

મેઘાણી ગ્યો મરદ વાણિયો વિશ્વ વખણતો,
મેઘાણી ગ્યો મરદ સત્યવક્તા શોભીતો;
મેઘાણી ગ્યો મરદ ચારણાંપ્રિય ગુણ ચાહક,
મેઘાણી ગ્યો મરદ કવિ લેખક અતિ લાયક.
ભારતી તણો સેવક સપૂત,
ઓચિંતો અદ્રશ થિયો;
યશનામ શરિર કરિ ગ્યો અચળ,
વાહ મેઘાણી વાણિયો. ૧

જેનું નામ ઝવેરચંદ મેઘાણી જાહેર:
વૈશ્ય છતાં મહાવીર નિરંકુશકત્તા નાહર:
લોકપ્રિય આઝાદ લેખની ચિત આકર્ષક;
દેશ દાઝ બળ બુદ્ધિ કળાગુણ ગૌરવ દર્શક;
અદ્ભુત કવિ લેખક અજબ,
સોરઠ ધર શોભા ગિયો;
શુભ નામ સફળ ફેરો કરી,
વિયો ગિયો હા વાણિયો. ૨

દોહો

મેઘાણી મરતાં મરદ, ભારતીતણો ભુવો;
ઘર સોરઠ ગુજરાતમાં, હાહાકાર હુવો. ૧

('કૃષ્ણછાબ'માંથી)

આમ અચાનક જાવું ન'તું

કરસનદાસ માણેક

(૧)

તમ હૈયાની અમૃત-નિર્ઝરિણી-
મહીંથી ઊઠતા ગીત કેરા ધ્વનિ
ઘેરા ગુંજી રહ્યા અમ આતમમાં
કોઈ જૂદેરી વ્યોમની વાણી બની:

અને એ રસપાનની પ્યાસ હજુ
ઉરમાં અણછિપી સ્ફુરન્તી રહી
ત્યાહં આ શું અચાનક, માયા સમેટીને,
મૃત્યુતણી વીરા, વાટ ગ્રહી!

(૨)

વીરા, આમ એકાએક કેમ રુઠ્યાઃ
સુધા-ગાણું અપૂરુ મેલીને ઊઠ્યા!
વીરા, કે રસ કેરા હિંડોલ ડોલન્તી આ
મહેફિલના પુણ્યપુંજ ખુટ્યા!

અરે રાત ને વાતની મસ્તી હજુ
વધુ ને વધુ જામતી જાતી હતી:
અને પ્યાસી હૈયાઓની આંખો હજુ વીરા,
આશના રંગથી રાતી હતી!

(૩)

હજુ તો તમ કંઠ થકી સુણવા
હતા સૂર ને તાન કંઈક નવા-
હજુ બાકી હતા રસરૂપ વિરાટના
કૈંક રૂપો ગીતમાં ગૂંથવા:

અરે એ સહુ ઓરતડા ઉપરના
અણપુરલ ઉર મહીં જ રહ્યા:
અને છેવટ કેરા જુહાર કર્યા વણ
વીરા, તમે મૃત્યુપથ વહ્યા:

(૪)

હતું જીવન ગાનતણી લગની:
રસ-યોગની જાણે અખંડ ધૂણી:
શતઝાળ સદાય ભભૂકી રહ્યો
રસ-બ્રહ્મ આરાધનનો અગનિ:

અરે હૈયાના ઈન્ધણ હોમી હોમી તમે
ધૂણી એ ધીખતી રાખી હતી:
વીરા, વિશ્વને હૂંફ દેવા તમે રાત દી'
જાતને જલતી રાખી હતી!

(૫)

વીરા, માનવતાના ખંડેર પડ્યાં:
માથે કૈંક થરો પશુતાના ચડ્યા:
અને સચ્ચિદ-આનંદ સૃષ્ટિના આ
અણુએ અણુ શોક થકી પ્રજળ્યાં-

વીરા, આનંદ કેરી એ સૃષ્ટિને, શોકના
દાવાનળેથી ઉદ્ધારવી 'તી:
વીરા, ગીતની ગંગા વહાવી તમારે તો
માનવતાને મ્હોરાવવી 'તી!

(૬)

'ધરતીને પટે પગલે પગલે'
જલતો દવ ઓલવું ગીત-જળે
તમે ઘૂમ્યા ભરી વણથાક વીરા,
એવી તાલાવેલી ડગલે ને ગળે!-

અરે, કાવ્ય ને ગીતની, માનવ-પ્રીતની,
યાત્રા તમારી અધૂરી રહી:
વીરા, લોમકા તો જુઓ ખૂબ પીધું તોય
પીવા કાજે હજુ ઝૂરી રહી!

(૭)

સૂની કુંજ પૂછે: મારો કોકિલ ક્યાં?
દિલમાં રસ સિંચતું એ દિલ ક્યાં?
વીરા, એ જ વલોપાત હીબકતો
પુરની સૂની માનવ-મહેફિલમાં-

અરે, સુખના સાગર રેલાવીને વીરા,
આમ અચાનક જાવું ન'તું :
અરે, ઓશિંગણુ અમ ઉર તણી છેલ્લી
વંદના લેવા રોકાવું 'હતું !

(૮)

તમે જ્યાં હો ત્યહાં ઘડી થંભી વીરા
જોઈ લેજો વિજોગી ઉરોના ચીરા
ચીરે ચીરે લખાયલ યાદ અને
ફરિયાદની એક અબોલ ગિના...
...તમે દેવોની મૃત્યુવિહીન જમાતની
જ્યોતિમાં જ્યોતિ બનીને ભળ્યા :
તમે જાતાં, તમારી માલોમ તણા અરે,
પાષાણુ કાળમીંઢા યે રડયા !

('જન્મભૂમિ'માંથી)

❋

ઠાકરને ઠપકો

દાદાભાઇ નાજાભાઇ ખાચર

ભારતનુ ભૂશણુ હતો, વળી સેવક હનો સબકો
(ઇ) મેઘાણી મરતાં, તને ઠાકર છે ઠપકો. ૧

ભજન ગાતો ભાવથી, રામ અને રબકો
(ઇ) મેઘાણી મરતાં, તને ઠાકર છે ઠપકો ૨

સાંભળતો નથી શામળા, કાનબેરો થ્યો કબકો,
(આ) ઝવેરચંદ જાતાં જગત, (તને) ઠાકર દે છે
ઠપકો ૩

ભાવેણુ મળશું ભલા, આવીશ જ્યારે અબકો
(ત્યા તો) ઝવેરચદ જાતો રહ્યો, (ઇ) ઠાકર તને
ઠપકો ૪

છંદો, ગીતાં સોરઠા, (વળી) દેશી જે દૂહા,
(એટલા) મેઘાણી મુવા, વટાળ કરશે વાણિયા ૫

ચીંથરાયોય,ચારણુમળે,(તો) પગુમાં જઈ પડતો,
(ઇ) મરમી મેઘાણી ગયો, (ક્યાંઇ) જોનાંય
નથી જડતો ૬

સંભળાવ્ય આવી સોરઠા, [અને) ગા મધુરાં ગાન
મેઘાણી થા મેમાન, તારી વાટુ જોયે છે વાણિયા. ૭

❋

સોરઠની ભોમકાનો સાંઈ ગયો !

અશોક હર્ષ

જાયાં સર્વે જાય, એના ન્હોયે ઓરતા,
પણ મેઘાણો જાય, વસમાં એ મનવારણાં.
ફૂલડાંક્યારી માંહ્ય, ફોરે મઘમઘ ફૂલડાં,
માનવકુલની માંહ્ય, મ્હોર્યો એક તું માનવી.
ધરતીનાં પયપાન, પીને અમૃત તેં ઝર્યાં,
સંસારે વખેપાન, એકલ પંડ ઉતારિયાં.
ગાયાં તેં જગચોક, મીઠી ગળકે ગીતડાં,
રોયો તું ઘરગોખ, આંસુ અંધારે સર્યાં.
હાતમદિલ હેતાળ, માની તોય વિનમ્ર તું,
અક્કડ તોય ઉદાર, સાંઈ હતો સોરઠ તણો
વૃક્ષવિના જયમ પાળ, મેઘવિના જયમ વીજળી,
વિણુ સિંદૂર સોહાગ, તું જાતાં સોરઠ ઠરી.
જિંદાદિલ તેં જંપ, જીવનમાં જાણ્યો નહીં,
જોઇ તને નિષ્કંપ, નેત્રો નહિ રંધ્રો રડયાં.
રાયા જાતે લાખ, કોડાધીશ કરોડ યે,
જતે ન એવી ખાધ, તું જાતાં ખમવી પડી
ફટ ગોઝારા કાળ ! જનકાળજડાં છોડીને,
યુગકાળજડે ઘાવ, મારી મેઘાણી કર્યો.

('ભારતી'માંથી)

❋

લોકજીવનનાં આદર્શ ચારણ

काका कालेलकर

લોકમાનસ, લોકજીવન, અને લોકસાહિત્યની એકાગ્ર નિષ્ઠાથી ભક્તિ કરનાર શ્રી. ઝવેરચંદ મેઘાણીનો જોટો ગુજરાતમાં જ શું હિન્દુસ્થાનમાં મળવો મુશ્કેલ છે. આમ કહેતી વખતે પંજાબના સાહિત્ય-ફકીર શ્રી. દેવેન્દ્ર સત્યાર્થીને હું ભૂલ્યો નથી. ઝવેરચંદ ભાઈની સેવાને તોલે આવે એવી સેવા લોકસાહિત્યને ફાળે હજી બીજે કયાંય આવી નથી. બુલંદ અવાજ, બુલંદ ભાવના અને બુલંદ પ્રવૃત્તિ તે ઝવેરચંદ મેઘાણી.

એ વધારે જીવ્યા હોત તો લોકસાહિત્યની ઘણી ઘણી સેવા કરત. ઘણું જીવવાનો એમનો અધિકાર હતો. એમના કેટલાય સંકલ્પો બર આવવાના બાકી હતા. છતાં એમના અવસાનનો શોક કરવાનું મન નથી થતું. એમના મૃત્યુથી સાહિત્યસેવાને ભારેમાં ભારે ખોટ ગઈ છે એનું દુઃખ તીવ્ર છે. પણ ઝવેરચંદ મેઘાણી જેવા જીવો ઇતિહાસના કે સમાજશાસ્ત્રના કોઇ નિયમ પ્રમાણે આવતા નથી. પછી આપણી અપેક્ષા પ્રમાણે જીવે એવી ઇચ્છા આપણે શી રીતે રાખી શકીએ? એમણે કરેલું કામ એમને કોઇએ સોંપ્યું ન હતું એમની પાસેથી એ કામ છીનવી લેવાની કોઇની શક્તિ ન હતી. લોકસાહિત્યની સેવામાંથી એમને ચળાવવા પણ કોઇ સમર્થ નીવડ્યું નહિ. એમણે લોકસાહિત્ય, લોકગીત અને લોકસંગીતની સેવા કરવા પૂરતી જ જીવનસિદ્ધિ કેળવી હતી. શરીર ચાલ્યું ત્યાં સુધી એ સેવા એમણે અખંડ કરી. બાકી બધા સંકલ્પો અને મુરાદો એમણે ગૌણ કર્યા શરીર ટક્યું ત્યાં સુધી સેવા કરી અને ઉપવનમાંથી દ્વિજરાજ ઊડી જાય તેમ આપણી વચ્ચેથી તેઓ ઊડી ગયા.

હમણાં હમણાં જ મેં જાણ્યું કે તેઓ જ્ઞાતિયે જૈન હતા. જાણ્યું ખરું, પણ મેં માન્યું નહિ. સ્વભાવમાં અને જીવનમાં તેઓ આદર્શ ચારણ હતા. ચારણ એટલો બધો એકનિષ્ઠ હોય છે કે એને પોતાની દૃષ્ટિ અને પોતાનું જીવન એકાંગી થાય તો એની એને જરાય પડી નથી હોતી. એકાગ્રતા એ જ એનો કુળધર્મ. ચારણોને નિષ્ઠા ફેરવવાની છૂટ હોય છે, પણ ઉત્કટતામાં તેઓ યત્કિંચિત પણ મોળા નહિ પડે.

શ્રી. મેઘાણીનો અને મારો સંબંધ બહુ ઉત્કટ થાત, પણ મારી ગફલતથી તેમ ન બની શક્યું. એનું ય મને દુઃખ નથી, કેમ કે એમની અપેક્ષા હું પૂરી ન પાડી શકત.

શ્રી. રણજીતરામ વાવાભાઈએ લોકગીતોનો એક સંગ્રહ કરેલો. સુરતના ભાઈ શેલતે તે છાપી કાઢ્યો કવિશ્રી નાનાલાલે એની પ્રસ્તાવના લખી આપવાની હા પાડી. લગભગ વરસ થયું હશે પ્રસ્તાવના ન મળી. હું તે વખતનો નવજીવનનો ઊગતો લેખક હતો. "દક્ષિણી હોવા છતાં ગૂજરાતી લખે છે" એ કૌતુકનો વિષય હતો. હૃદયથી ગૂજરાતી થઈને લખે છે એ એક આશ્ચર્ય મનાતું. શ્રી શેલતે મને પૂછ્યું ભીડભંજન તરીકે મેં હા પાડી અને "રસાસ્વાદ" નામે એક પ્રસ્તાવના લખી આપી. ગૂજરાતે એની કદર કરી.

શ્રી. ઝવેરચંદ મેઘાણીએ તે જ અરસામાં લોકસાહિત્યની સેવા આદરી હતી. તેઓ મને મળ્યા. અમે લોકસાહિત્ય વિષે વાતો કરી.

પછી એમણે પોતાની એક ચોપડી મને વાંચવા આપી. હું શી રીતે જાણું કે એમને એને માટે પ્રસ્તાવના જોઈએ છે? ચોપડી લઈને હું મુસાફરીએ ગયો અને વાંચવાનું રહી જ ગયું. ઘણે દિવસે પ્રસ્તાવનાની ઉઘરાણી આવી. પ્રસ્તાવના હતી કે રિવ્યૂ હતો એ યે ભૂલી ગયો છું. મારાથી એ ન બન્યું અને મેઘાણીભાઇને માઠું લાગ્યું. કસ્તૂરીના પરિમલને કોઈના સોગનની શી જરૂર? એમનું કામ ધમધોકાર ચાલ્યું. એમની કેટલીક ચોપડીઓ દા. ત "સૌરાષ્ટ્રની રસધાર", "રઢિયાળી રાત" વગેરે મેં વાંચી. લોકસાહિત્યનો હું રસિયો ખરો, પણ મેં એને પોતાનું ક્ષેત્ર માનેલું નહિ. મારી નમ્રતાને કારણે હું કશું લખું નહિ અને એમને થયું કે હું એમનો બહિષ્કાર કરું છું. કોઈ સજ્જન મિત્ર પાસેથી મેં આ વાત જાણી ત્યારે તેમને મળવાનો પહેલો મોકો મળતાંવેંત મેં મારો ખુલાસો આપ્યો લોકસાહિત્યને અંગે મેં કશી જ પ્રવૃત્તિ કરેલી નહિ. અમારા સંગીતશાસ્ત્રી નારાયણરાવ ખરે પાસેથી ગુજરાતના લોકસંગીત ઉપર notations સાથે એક ચોપડી મેં તૈયાર કરાવેલી, એને માટે પ્રસ્તાવના લખેલી. અને સ્વ. ગિજુભાઈ, મને હુકમ કરીને, મારી પાસેથી જે લખાવે તેટલો જ અપવાદ. મારો ખુલાસો મેઘાણીભાઈએ સ્વીકાર્યો એટલે કશી ગેરસમજ રહી નહિ

ત્યાર પછી અવારનવાર જ્યારે તક મળે ત્યારે એમની પાસેથી એમનાં લોકગીતો સાંભળતો કેટલાક મિત્રો પણ મને કહે 'મેઘાણીભાઈ આવ્યા છે. ચાલો એમના ગીતો સાંભળીએ. તમે હશો તો પોતાની કૃતિઓ ઉમંગમાં આવીને ગાશે'

અને ખરેખર, જ્યારે જ્યારે મેં એમની પાસે માગણી કરી, ત્યારે ત્યારે મેઘાણીએ વગર સંકોચે મેઘ વરસાવ્યો જ છે

ગુજરાત વિદ્યાપીઠ ચલાવતો હતો ત્યારે મે એક વ્યાખ્યાનમાળા માટે મુ ઠક્કરબાપાને લખ્યું હતું. એમણે પોતાની અશક્તિની ઢાલ આગળ કરી મને ટાળ્યો. મેં મેઘાણીને વિનતી કરી કે, "લોકસાહિત્ય ઉપર વિદ્યાપીઠમાં એક વ્યાખ્યાનમાળા આપો! એ પુસ્તકાકારે છાપીશું." એમણે હા પાડી. અને એને અંગે એમનો મારો ઠીક ઠીક પત્રવ્યવહાર થયો. એ વ્યાખ્યાનમાળામાં શું શું આવવું જોઈએ એમ એમણે પૂછ્યું મેં મારી કલ્પના લખી મોકલી, પણ મંદવાડને કે એવે જ કોઇ કારણે તેઓ ન આવી શકયા. પછી તો સરકારે વિદ્યાપીઠનો જ કબજો લઈ લીધો, અને એ વાત રહી ગઈ.

પછી તો હું ગુજરાત છોડીને વર્ધા રહેવા ગયો. પણ એકવાર વડોદરા રાજ્ય તરફથી કેટલાક સાહિત્યિકોને વ્યાખ્યાન આપવા માટે, દક્ષિણા સાથે, આમંત્રણ હતું. તે વખતે મેઘાણીભાઇ અને હું એકત્ર આવ્યા. અમે ડભોઈનો કિલ્લો જોવા પણ ગયા હતા. ત્યાંની ઐતિહાસિક દંતકથાઓ અમે સાંભળી. મેઘાણીભાઈએ એક વ્યાખ્યાન આપ્યું. અર્થાત એ સંગીત સાથે હતું. લોકો તો મંત્રમુગ્ધ સાપની પેઠે ડોલતા હતા વડોદરાની સભામાં પણ લોકોની એ જ હાલત થઈ હતી.

"વહુએ વગોવ્યા મોટા ખોરડા રે" -વાળી લોકકથા જ્યારે પોતાની મેઘગંભીર વાણીથી તેઓ ગાતા, અને વચમાં વચમાં

વિવેચનપૂર્વક સમજાવતા, ત્યારે તો મધ્યયુગનો જમાનો નજર આગળ જીવતો થતો.

હમણાં હમણાં ભાઈ ઈશ્વરલાલ દવેએ મને કહ્યું કે, "મેઘાણીભાઈએ રવિશંકર મહારાજને મોઢે સાંભળેલી મહીકાંઠાની વાતો લખી કાઢી છે. એને માટે પ્રસ્તાવના આપશો?" મને હા કહેતા વાર ન લાગી, કેમ કે એમાંની કેટલીક મેં જેલમાં રસપૂર્વક વાંચી હતી. 'વિદ્યાપીઠ વ્યાખ્યાનમાળા' નિમિત્તે જે અંજલિ હું આપવા માગતો હતો તે આપવાની મને તક મળતાં મેં ઘણો જ સંતોષ અનુભવ્યો. મારી પ્રસ્તાવના મેઘાણીભાઈને ગમી, એમનો એક કાગળ આવ્યો. જવાબમાં એમને ઠપકો આપતાં મેં કહ્યું કે, "વિદ્યાપીઠમાં વ્યાખ્યાનમાળા આપવા આવ્યા હોત તો ક્યારનું એ બધું અને એથી ય ઘણું હું વ્યક્ત કરી શક્ત, એટલું જ નહિ પણ એમને ઓથે લોકસાહિત્ય માટે વિદ્યાપીઠ મારફતે ઘણું ઘણું કરી શક્ત."

ગૂજરાતમાં લોકગીતો માટે કે લોકસાહિત્ય માટે જે કોઈએ કાંઈ પણ કર્યું છે તેને મેઘાણીભાઈની મદદ અને આશીર્વાદ મળ્યા જ છે. ઊગતી પેઢીના ચિ. સતીશે પણ જ્યારે યુનિવર્સિટીના ઇનામ માટે એક નિબંધ લખ્યો ત્યારે એને જોઈતું દિશાદર્શન મેઘાણીભાઈ પાસેથી જ મળ્યું.

શ્રી. ઝવેરચંદભાઈ મેઘાણી જેવા એકનિષ્ઠ સેવક કોઈ પણ ભાષાને મળે એ તે ભાષાનું અને તે જમાનાનું અસાધારણ ભાગ્ય જ છે. મેઘાણીના અવસાનને કારણે હું શોક નથી કરતો એનું કારણ એમને હું ભગવાનની ગુર્જરીગિરાને બક્ષિસ માનું છું. દેવના દીધેલા એવા વરદાનને કૃતજ્ઞતાપૂર્વક વધાવી લઈએ. વરદાન વધારે ન મળ્યું કે લાંબા વખત સુધી ન ચાલ્યું એવો ફરિયાદ કરાય નહિ. ઈશ્વરની ઇચ્છા આગળ માણસની ઇચ્છા સ્તબ્ધ થાય એ જ આસ્તિકતાની નિશાની છે.

મધ્યકાલીન લોકજીવન, એ જીવનના એકાંગી પણ ઉત્કટ આદર્શો જીવતા કરવાનું કામ જેટલું મેઘાણીએ કર્યું છે તેટલું, મને નથી લાગતું, બીજો કોઈ સાહિત્યિક ચારણ કરી શક્યો છે. કેમકે કાલના ઉદરમાં જઈ સૂતેલા જમાના સાથે એકરૂપ થવા માટે જોઈતું હૃદયનું તદાત્મ્ય અને કલ્પનાનું ઊંડાણ કોઈ વિરલ વિભૂતિ પાસે જ હોય છે.

મેં જે કહ્યું છે કે મેઘાણીની અમુક કૃતિઓ વિશ્વસાહિત્યમાં સ્થાન પામશે, એમાં જરાય અતિશયોક્તિ નથી. કેમકે એમની એ પ્રવૃત્તિમાં ઉત્કટતા, એકાગ્રતા અને પારમાર્થિકતા ટીપીટીપીને ભરેલા છે.

મેઘાણીભાઈનાં સંસ્મરણો

રામનારાયણ વિશ્વનાથ પાઠક

મેઘાણીભાઈ સાથેનો સબંધ ક્યારે શરૂ થયો તે યાદ આવતું નથી ને કંઈ યાદ આવે છે તે વખતે જાણે એ વાતની પશ્ચાદ્‌ભૂમાં ઘન પરિચય હતો જ એવા સસ્કારો છે

તેમની સાથેનો મારો પરિચય ઠીક ઠીક જૂનો છે હું માનુ છુ કે તેઓ લોકસાહિત્યનો સગ્રહ કરવા માંડયા તેના આરંભથી જ અમારો સંબંધ છે

જૂનામા જૂનુ સસ્મરણ અમે અમદાવાદમા મળ્યા તેનુ છે તેમણે મને જણાવ્યું કે પોતે કેટલાક લોકગીતો ભેગા કર્યા છે અને એ ગાઈ બતાવવા છે તેનો અખતરો પહેલા કોઈ નાના સસ્કારી શ્રોતાવર્ગ ઉપર કરવો છે, અને એને માટે તેઓ વિદ્યાપીઠનો વિદ્યાર્થીવર્ગ પસદ કરે છે એમને મહાવિદ્યાલયમાં લઈ ગયો. તે વખતે હજી મહાવિદ્યાલય જેને અમે ભૂલાભાઈ હોલની કહેતા ત્યા,—આગાખાન હોલની નજીક બેસતું અમારા મોટા ખંડમાં વિદ્યાર્થીઓ ભેગા થયા. અને થોડા જ વખતમાં એમણે એમના કંઠથી આખા વિદ્યાર્થીવર્ગને મંત્રમુગ્ધ કરી દીધો. અમારા બધા પ્રોફેસરો પણ હાજર હતા. અમારા સ્ટાફમાં સિંધી પ્રોફેસરો પણ હતા બધા જ એક-સરખા રસથી સાંભળતા હતા.

એક બે ગીતો ગાયા પછી તેમણે મહાદેવજીવાળું ગીત ગાયું મને તેની પંક્તિઓ યાદ નથી પણ વસ્તુ એવુ છે કે પાર્વતી કહે છે કે હું તો પિયર જઈશ મહાદેવજી કહે છે કે કેટલા દિવસે પાછા આવશો પાર્વતી કહે છે, પેલો સામો પીપળો દેખાય છે તેને જેટલા પાન છે, તેટલે દિવસે આવીશ! અને આખો શ્રોતાવર્ગ જાણે એક જ પ્રાણ હોય તેમ તે એ સાથે હસી ઉઠ્યો, તે હું કદી ભૂલીશ નહિ એ ગીત મે પણ ત્યા પહેલુ જ સાંભળ્યું અને,

વહુએ વગોવ્યા મોટાં ખોરડાં

એ અત્યંત કરુણ ગીત પણ મે ત્યા જ પહેલું સાંભળ્યુ. એ પછી તો આ શ્રોતાવર્ગ તેમનો માનીતો થઈ પડ્યો, અને તે એટલે સુધી કે હવે હુ ઘણે વરસે એસ એલ ડી આર્ટ્‌સ કોલેજમાં આવ્યો, અને મેઘાણી તો તે વખતે મુંબઈ મશહૂર થઈ ગયા હતા ત્યારે પણ તેઓ એ કોલેજમા આવ્યા. અને તેમણે ગીતો, વાર્તાકથાઓ, વગેરે સભળાવ્યાં.

પ્રિન્સિપાલ રાવને ઘણું કામ હતું, અને વચમાંથી ઊઠવું ખરાબ દેખાય એ બીકે આવવાની ના પાડતા હતા, છતાં મેઘાણીના સૌજન્ય વિશેના મારા આશ્વાસનથી, તેઓ પણ આવ્યા તે મને વખત હતો તેટલું બેઠા, એ વખતે મેઘાણી શીતળામાતા વ્રતની વાત કરતા હતા તેમાં એક તલાવડીની વાત આવી કે કોઈ તેનુ પાણી નથી પીતું વગેરે, અને ડો રાવે કહ્યું કે એવી જ વાત તેમની પોતાની ભાષામાં છે। લોકસાહિત્યની સંશોધનની શક્યતાઓ તો હજી હવે સ્ફુટ થતી જશે!—જોકે મેઘાણીએ એ જાણી હતી અને હિન્દના જુદા જુદા પ્રાંતોના ગીતો તેઓ આ દૃષ્ટિએ ભેગા કરતા હતા

એ વિદ્યાપીઠમાં એમણે જે ગીતો ગાયાં તે જ અરસામાં અમદાવાદની જાહેરજનતા આગળ તેમણે પ્રેમાભાઈ હોલમાં એક વ્યાખ્યાન, અસંખ્ય ગીતોના પ્રયોગ સાથેનું આપ્યું તેમાં અનેક ગીતો ગાયાં હું પ્રમુખ હતો તેમના ગીતો ઉપર વિવેચન કરતાં તેમનાં જ ગીતોના ભાવો સંસ્કૃત શિષ્ટ સાહિત્યમાં છે એના અનાયાસે મને ત્યાં ત્રણ દૃષ્ટાન્તો મળી ગયાં

હાથ રંગીને હરી થઈ રે હરુ
એનો જોનારો પરદેશ રે
મેંદી રંગ લાગ્યો રે

મે સ્મરણ કર્યું કે કુમારસંભવમાં પાર્વતી જ્યારે મહાદેવને પરણવામાં નિષ્ફળ જાય છે ત્યારે કવિ કહે છે —

तिनिन्द रूपं हृदयेन पार्वती ।
प्रियेषु सौभाग्यफला हि चारुता ॥

"પાર્વતીએ પોતાના રૂપને નિન્દ્યુ કારણ કે પ્રિય પાસેથી સૌભાગ્ય મળે એ જ રૂપનું સાર્થક્ય છે"

બીજું એક ગીત તેમણે ગાયેલું તે પેલું ફરજંદના તલસાટનું સ્ત્રીનું ગીત, જેમાં સ્ત્રી કહે છે કે મારા ધોઈને સાફ કરેલા સાડલાને મેલો કરનાર,

ખોળાનો ખૂંદનાર દો ને

એ ગીત, તેને મળતા અર્થની મેં પંક્તિ એ કહેલી કે—

धन्यास्तदंगरजसा मलिनी भवन्ति ॥

'ધન્ય હોય તે જ એવા બાળકના અંગની ધૂળથી મલિન થાય છે.' અલબત ત્યાં તો એ દુષ્યન્તનું વચન છે, પણ તેમાં જીવનો તલસાટ એક જ છે. ત્રીજું પણ આવું કંઈક હતું તે અત્યારે યાદ નથી આવતું.

હું માનું છું કે એમના વહાલા લોકસાહિત્યની આટલી બધી નિકટ શિષ્ટસાહિત્ય–સરસ્વતી વહે છે એથી એ બહુ જ રાજી થયેલા.

અમારી મૈત્રી સમાનધર્મી સાહિત્યપ્રેમીઓની હતી. મૈત્રી ઘણી વાર કેવળ જીવનના સમાન સંજોગોના અકસ્માતની પણ હોય છે. પણ અમારી મુખ્યત્વે સાહિત્યના એક સમાન શોખની હતી. બહુ નાનપણથી મારા જીવનમાં લોકસાહિત્યના ઊંડા સંસ્કારો પડેલા છે. તેનો મને રસ અને જિજ્ઞાસા હતાં જ. રણછોડભાઈનો લોકસાહિત્ય ઉપરનો નિબંધ વાંચ્યો ત્યારથી એ ક્ષેત્રમાં કામ કરવાની ઉત્સુકતા થયેલી. મહીકાંઠામાં વકીલાત કરતો હતો ત્યારે એને માટેનું એક અણખેડ્યું ક્ષેત્ર મને મળી ગયેલું હું માનતો હતો. અને થોડા વરસની વકીલાતથી ત્યાંનાં સ્ટેટો સાથે સારો સંબંધ થયા પછી એ કામ વ્યવસ્થિત રીતે કરવાની મારી ઉમેદ હતી. પણ એ કરવાનો વખત આવે તે પહેલાં મેં વકીલાત અને મહીકાંઠો છોડ્યો. અને એ ઈચ્છા મારામાં વણમ્હોરી જ રહી ગઈ. ભાઈ મેઘાણીને સર્વોત્તમથી તેમાં મેં કામ કરતા જોયા તેથી મને એમના કામની સાથે મમત્વ બંધાયું. મારી સઘળી જિજ્ઞાસા તૃપ્ત કરી શકે એટલું અને એથી એ વધારે એમની પાસે હતું. અને અમે જ્યારે ભેગા થતા ત્યારે કલાકોના કલાકો એમણે સંચેલું આ સાહિત્યધન અમે તેમાં ગરકગૂલ થઈ જોતા.

અમારી સાહિત્યમૈત્રી હતી, છતાં એમની સાથે અંગત સંબંધ પણ મારો ઘન હતો. ખરું તો એમના પ્રસંગમાં આવેલ માણસને એમની સાથે ચાહ ન થાય એવું ભાગ્યે જ બને. એમના હૃદયનો ઊમળકો એવો હતો કે સામે નાના હૃદયમાં ઊર્મિ જગાડ્યા વિના ભાગ્યે જ રહે.

મને ઉપરના અમદાવાદના સંસ્મરણ પછીનું મારું સંસ્મરણ એમના અંગત પરિચયનું છે. હું કોઈ કામ પ્રસંગે રાણપુર ગયેલો. હું એમનો મહેમાન નહોતો, પણ વધારે કલાકો એમની સાથે જ ગાળતો. શ્રી. અમૃતલાલ શેઠની રાણપુરની એ કોઠી સ્થપાયાંને બહુ વરસો નહિ થયાં હોય, છતાં તેની સુંદર વ્યવસ્થા નાહવા ધોવાની સગવડ, છાંયાના મંડપો, એ બધાની વ્યવસ્થા મને ગમી ગઈ હતી. એક જમવા સિવાયની મારી બધી બરદાસ મેઘાણી એટલા આગ્રહથી કરતા કે હું ના પાડી શકતો નહિ. અમે સાથે નાહતા, અને એ મારાં કપડાં ધોવા ન દેતા. એમે સાથે બેસી પુષ્કળ વાતો કરતા. એમણે જ મને કહેલું કે કોઈ પણ પ્રકારનું ઘરકામ કરતાં પણ તેમને જરા પણ સંકોચ થતો નહિ. અને એ તો હું એમના જીવનમાં જોઈ શકતો હતો.

અલબત એ જ્યારે જ્યારે અમદાવાદ આવે ત્યારે અમે ઘણુંખરું મળતા જ. અમે એક જ જગાએ હોઈએ, અને હું એમના જાહેર વ્યાખ્યાનમાં ન ગયો હોઉં એવું ભાગ્યે જ બન્યું હશે. પણ ઉપરના પ્રસંગ પછી નોંધવા જેવો પ્રસંગ તે અમે જેલમાં ભેગા રહ્યા તે છે. તેમની સજાના ખબર મળ્યા ત્યારે હું મારા સાથીદારો સાથે ધોળકા હતો. અમદાવાદ સાબરમતી જતાં તેઓ ધોળકાથી પસાર થયા ત્યારે અમે મળવા ગયેલા. ટ્રેન ઉપર બધાના આગ્રહથી "હજારો વર્ષની જૂની અમારી વેદનાઓ"નું ગીત ગાયું. ગાડી ઊપડી અને એમનો

બુલંદ અવાજ દૂર દૂરતરથી સંભળાયા કરતો હતો. મારા મનમાં એક પંક્તિ રહી ગઈ.

" ખબર છે એટલી કે માતની હાકલ પડી છે!"

એ વખતે એ અસહકારના સામનામાં બધાનું એ જ માનસ હતું!

તેમની પછી આઠેક દિવસે એ જ ઈસાની સાહેબે મને સજા કરી. મેઘાણીને ૨ા વરસની સજા કરી હતી, મને ૭ જ માસની કરી. એ ૭એ માસ ફાંસીખોલીમાં અમે નજીકના પડોશીઓ તરીકે રહ્યા. અમદાવાદની જેલમાં એ વખતે તો ગુજરાતના ઘણા મોટા માણસોનો મેળો હતો, શ્રી. સરદાર સાહેબની સર્વને હૂંફ હતી. અને અનેક શક્તિવાળા ગુજરાતના કાર્યકરોનો અન્યથા કદી ન મળે એટલો લાંબો સહવાસ ત્યાં મળ્યો હતો. એ બધુ તો અહીં લખવાનો પ્રસંગ નથી. પણ ત્યાંના અમારા સંયુક્ત નિવાસમાં અમારી રાતની મજલિસોમાં મેઘાણીનાં ગીતો બધાને એક અનન્ય આશ્વાસન અને પ્રોત્સાહન હતું. સૌને મેઘાણી પોતાના લાગતા. બુઝર્ગ તૈયબજી સાહેબ એમના ઉપર ખુશ રહેતા, અને એમને ઉદ્દેશીને, કહો કે એમનાં ઝુલ્ફાને ઉદ્દેશીને વારવાર ગાતાઃ

" ઝુલ્ફે મેં તેરે ગુલ બદન, દિલ તો હુવા જો
હો સો હો."

મેઘાણી સર્વની સાથે આનંદમાં ભાગ લેતા, પણ તેમને કુટુંબવિયોગનું દુઃખ હમેશાં રહ્યા કરતું એ કોઇ પણ નિકટવર્તી જાણી શકે એમ હતું. એમાંથી કંઈ મન વાળવા તેમણે જેલ ઑફિસનું કામ સ્વીકાર્યું હતું, જે સ્થાનના અનુભવોમાંથી 'જેલ ઑફિસની બારી'નું પુસ્તક બહાર પડ્યું. સામાન્ય સ્થિતિના સાદી લાગણીવાળા માણસો સાથેના તેમના સમભાવને અહીં વિચિત્ર સંજોગોમાં તક મળી ગઇ.

મેઘાણીભાઈ સ્વભાવના ઘણા જ નમ્ર બધાની સાથે મીઠાશ રાખે એવા પણ એમના સ્વભાવમાં ક્યાંક ઉગ્રતા પણ હતી. એ વાત મેં જેલમાં જાણી. પ્રસંગ યાદ નથી, પણ કંઈક કારણથી મેઘાણી કોઇની સામે એટલા બધા ઉશ્કેરાઈ ગયા હતા કે તેમને ખોલીની અંદર પાસે બેસીને રોકી રાખવા પડ્યા હતા હું જોઇ શક્યો કે તેમના સ્વભાવ ઉપર સૌથી વધારે અસર કરવાની શક્તિ શ્રી. અમૃતલાલ શેઠમાં હતી.

જેલમાં, મુલાકાતનો દિવસ એ દરેક જેલવાસીને માટે અનેરો દિવસ હતો. એવા મેઘાણીભાઈના એક દિવસનું મેં એક ચિત્ર "કોઇ કહેશો મુરદુ ક્યાં સિધાવતો હતો!" એ સદ્‌ગત ન્હાનાલાલના "યાત્ર" કાવ્યના અનુકરણમાં લખેલું. બધાને તો એ બહુ ગમ્યું, પણ મેઘાણીને પણ એ ખૂબ ગમેલું. એમાં ચીતરેલી હકીકત લગભગ બધી જ ખરી છે. અને છેલ્લી પંક્તિઓમાં એમનાં પત્નીનું નામ 'દમયંતી' મેં અન્યસંદર્ભમાં અભિપ્રાયપૂર્વક મૂકેલું છે. હું તેમના પહેલાં જેલ બહાર નીકળ્યો, અને પ્રસ્થાનમાં 'જેલવિહાર' ઉપરના ભાગ સ્વૈરવિહારમાં મેં એ કાવ્ય બહાર પાડ્યું તે પછી અમે મળ્યા ત્યારે તેમણે મને કહેલું કે 'તમે તો મને મુલકે મશહૂર કરી દેવાના કે શું!'

'કોઈનો લાડકવાયો' ગીત, જેના ઉપર સદ્‌ગત નરસિંહરાવ પણ ખુશ થયેલા, તે તેમણે આ વખતના જેલનિવાસમાં લખ્યું. તે મને કોઇક રીતે મળ્યું, અને મેં તે પ્રસ્થાનમાં અંગ્રેજી Z અક્ષર નીચે મૂકી છાપ્યું. ચન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યા, જે જેલમાં અમને વારંવાર કાગળ લખતા, તેમણે મને લખ્યું કે ગુજરાતી વર્ણમાલામાંથી કોઈ અક્ષર ન જડ્યો તે અંગ્રેજી અક્ષર લીધો! એ અંગ્રેજી વર્ણમાલાનો છેલ્લો અક્ષર પટાતરે ઝવેરચંદનો સૂચક હતો તે તેમને પછીથી સમજાયું.

અમારી વચ્ચે સાહિત્યના સમાન રસનો સંબંધ હતો, છતાં અમારી વચ્ચે સાહિત્ય સંબંધી મહત્ત્વનો દૃષ્ટિભેદ હતો, તે પણ તેઓ જાણતા. તેમની વિશેષતા અને ઉદારતા, એ કે આવા મતભેદ છતાં, એવા

મતભેદનું એમના લાગણીપ્રધાન દિલમાં દુઃખ છતાં એવા દુઃખથી મારી સાથેના સંબંધની મીઠાશ કદી પણ ઓછી થઈ નથી. આ નાની સૂની વાત નથી. ઘણા ઓછા સાહિત્યકારોમાં આવો સદ્‌ભાવ હશે.

છેલ્લાં ત્રણ ચાર વર્ષમાં એમની સાથેનો મારો સંબંધ ગાઢતર થતો જતો હતો. કારણ હું નથી સમજી શકતો, પણ જાણે અમે બન્ને સાહિત્યસંબંધને વિસ્તારીને, ખરા જીવનસંબંધમાં આવતા જતા હતા. અમે બન્ને કંઇક સાહિત્યમાં જુદી જુદી રુચિવાળા ગણાઈએ એ અમારું અંતર ઓછું થતું જતું હતું. મેં તેમને ઠેઠ સુધી સાહિત્યના અભ્યાસમાં વિકાસ પામતા જ જોયા છે. તેમની પ્રતિભાનાં વધારે સારા ફળોની આશા તેઓ આપતા હતા. અમદાવાદ લેખક-મિલનનું તેમનું વ્યાખ્યાન, તેમનું 'માણસાઈના દીવા'નું પુસ્તક એ મારે મન તેમની નિરંતર પ્રગતિના દાખલા છે.

જેલનિવાસ જેવા જ નિકટનિવાસનો પ્રસંગ અમને છેલ્લે રાજકોટમાં ગઇ સાહિત્ય પરિષદમાં મળ્યો, જ્યારે અમારો એકજ જગાએ ઉતારો હતો. એ દિવસોમાં પૂરી સ્વસ્થતાથી નિશ્ચિંત રીતે મળવાનો અમને સારો અવકાશ મળ્યો. તેનાં સ્મરણો તો હજી તાજા જ છે. અમદાવાદ મેઘાણીભાઈ મારે ઘેર આવતા, અમારી સાથે જમતા, અને મુંબઈમાં પણ અમારે ઘેર ઊતરવાનું એમણે વચન આપેલું. મુંબઈ આવી ગયા અને અમારે ઘેર ન ઊતર્યા તેનો હું તેમને મોઢે ઘોખો કરું તે પહેલાં તો ઓચિંતા તે ચાલી ગયા.

મેઘાણી ગુજરાતના જીવનમાં, એમના મિત્રોના જીવનમાં, ગુજરાતના સાહિત્યમાં, લોકસાહિત્યમાં એટલા બધા જીવતા હતા કે એમનું મૃત્યુ ઘડીભર માની જ ન શકાય.

પણ માનો કે ન માનો, મૃત્યુ સાચું છે, અને એમને એ ઝડપી ગયું!

ગામતરું સૂઝયું કાં ?

જે ફૂલની છાબડીએ ફૂલો કંઈ
મૂક્યાં ચૂંટી સુંદર ડાળેડાળથી,
બહાર એની હજુ વાયુલ્હેરમાં
આવી રહી :—
ત્યાં અણમોલ હેતથી
એ ફૂલને ગોઠવી ગૂંથનારો
ને ફૂલની સાથ ઉરે ખીલેલી
પોતાતણી યે રસપાંખડીનો
મધુર એવો પમરાટ વેરતો
મ્હેકન્ત આ ગુર્જરવાટિકાનો
રસિક એ સોરઠી બાગવાન
બિછાવીને કોમળ સેજ નિજની
પોઢી ગયો આજ ચિતા પરે, "હા!
'સંહારસ્વામી, અવ ઘોડલે ચડો!'
સંહારના સ્વામીનણા બિહામણા
એ અશ્વના કંઠ પરે વિંટાઈને
શું આ જ હેતુસર તેં ગીત ગુંજિયું'તું?
હે રાષ્ટ્રશાયર!
સ્વાતંત્ર્યની ઝાલર રણઝણીને
ભરી રહેશે નિજ ઘોર જ્યારે
આ રાષ્ટ્રના મંદિરઘુમ્મટે, તદા
બુલંદ કંઠે રસધાર તારી
વહાવીને આરતી ભારતીના
સ્વાતંત્ર્યની ગાઈ ગજાવવાના
સમે, તને ગામતરું સૂઝયું કાં ?

લલિત ગિ૦ ભટ્ટ

એક અંજલિ

— કિશોરલાલ ઘ. મશરૂવાલા —

બારડોલી, ૨૦–૩–૪૭

પ્રિયભાઈ ઈશ્વરલાલ,

તમારું પત્તું મળ્યું હતું. શ્રી. મેઘાણીભાઈને અંજલિ આપવાની મનમાં ઇચ્છા સ્વાભાવિક રીતે થાય. પણ એમની સ્મૃતિઓ, કે લેખો–કાવ્યોની કદર રૂપે લખવા માટે મારી પાસે પૂરતી સામગ્રી જ નથી. જેમ હિમાલયને હું દૂરથી જ જાણું છું, અને બીજાઓએ કરાવેલી ઓળખાણદ્વારા, લગભગ તેમ મેઘાણીભાઈ વિષે કહી શકું. હું એમને છેલ્લો મળ્યો અને પહેલી વાર તેમની જોડે પ્રત્યક્ષ બેસીને વાતો કરી તે ૧૯૨૮–૨૯ માં, —ગોકુળભાઈ ભટ્ટની મહેરબાનીથી. એ એમને વિલેપાર્લેની પોતાની રાષ્ટ્રીય શાળામાં ખેંચી લાવ્યા, અને એમની થોડીક પ્રસાદી અપાવી.

તે પહેલાં સાબરમતી આશ્રમમાં પૂ. બાપુજી તથા આશ્રમવાસીઓને તેમણે પોતાનાં તેમ જ બીજાં લોકગીતો સંભળાવેલાં, તે સાંભળ્યાં હતાં. પણ તે વખતે અમે મોઢામોઢ થયા ન હોતા. અનેક શ્રોતાઓમાં હું પણ બેઠેલો હતો એટલું જ.

એમની વાર્તાઓ–લેખો ઇ૰ કેટલાંક વાંચ્યાં છે; કવિતાઓ એમને મોઢે નહીં તો બીજાને મોઢે, અને કેટલીક ગ્રામોફોન પર સાંભળી છે; અને વારંવાર સાંભળ્યાં છતાં કંટાળ્યો નથી. કાવ્યાદિની કદર કરવાની મારી શક્તિ નથી, આવડત નથી. મારા મન પર એ અસર કરી જાય છે, તેમાં જેટલી કદર થઈ જતી હોય, તેટલી જ હું કરી શકું. અને તે–ઉપર કહ્યું તેમ–વારંવાર સાંભળતાં છતાં મને સાંભળવી ગમી છે. એમની વાર્તાઓ પણ એકથી વધુ વાર રસભેર વાંચી છે.

क्षणे क्षणे यन्नवतामुपैति
तदेव रूपं रमणीयतायाः॥

એ એમની કૃતિ વિષે કહી શકાય એમ છે.

હું જાણું છું કે એમને મારે વિષે, અંગતપણે બહુ ન ઓળખતાં છતાં યે, સ્નેહ અને આદર હતાં; તે પ્રગટ કરવાનો કદી એમને પ્રસંગ નહોતો મળ્યો. એ જ રીતે મને એમના પ્રત્યે હંમેશાં સ્નેહ અને આદર લાગ્યાં છે. પણ કદી વ્યક્ત કરવાનો મને પ્રસંગ આવ્યો નહોતો, અને આ રીતે તે છોડી ગયા ન હોત તો આવત નહીં.

બસ આટલું જ કહી શકું એમ છું. અને આટલી અંજલિ સ્વીકારવા વિનતિ કરું છું.

લિ. કિશોરલાલના

સરસ્વતીના સંતાનની ખોટ કોણ પૂરશે ?

અમૃતલાલ દલપતભાઇ શેઠ

ગુજરાતી વાંચનારી દુનિયામાં જો આજે પ્લેમીસાઇટ એટલે કે લોકમત લેવાય કે ગુજરાતીઓમાં સૌથી જાણીતો અને માનીતો કવિ કોણ ? તો મને લાગે છે કે ભાઈ શ્રી ઝવેરચંદ મેઘાણીનું નામ પહેલું આવે. એમનાં ભાવનાભર્યાં ગીતો અને કાવ્યમય સંગીતથી ગુજરાતીઓ પર એમણે એક પ્રકારનું જાદુ કર્યું હતું. એમના ગીતો સાંભળવા હજારોની મેદની ઊભરાતી અને રાજાબાઇ ટાવર કે સર કાવસજી જહાંગીર હોલોના દરવાજા બંધ કરવા પડતા.

અને એમ છતાં એ સાચા વિદ્વાન હતા. કાઠિયાવાડી લોકસાહિત્યની એમણે કરેલી શોધખોળ અને પ્રસિધ્ધિની જોડી ગુજરાતમાં તો શું પણ હિન્દુસ્તાનમાં પણ મળવી મુશ્કેલ છે.

પોતાના દેશનાં લોકસાહિત્યનું સંશોધન કરી ડઝનોની સંખ્યામાં પુસ્તક રૂપે પ્રસિધ્ધિ આપનાર એમના જેવા વિદ્વાનો દુનિયાના કોઈક જ દેશે પ્રસિદ્ધ કર્યા છે. કોઈએ એ દષ્ટિએ એમને જોયા નથી અને એમની સરખામણી કરી નથી. જો એમ થાય તો મને ખાતરી છે કે, ગુજગતને દુનિયાની કીર્તિનું માન મળે.

એવા એક વિદ્વાન હોવા છતાં સામાન્ય લોકોમાં એઓ એટલા બધા લોકપ્રિય હતા. અને એમ કરીને એમણે મહાત્મા-ગાધીજીએ રજૂ કરેલો એક આદર્શ સિદ્ધ કર્યો હતો. વર્ષો પહેલાં ગુજરાત સાહિત્યપરિષદની અમદાવાદની બેઠકમા મહાત્માજી પ્રમુખ થયા હતા ત્યારે એમણે કહ્યું હતું કે હું તો એને વિદ્વાન કહું કે જેનાં ગીતો કોશ હાંકતો ખેડૂત અને લૂગડાં ધોતો ધોબી જીવનમાં ગાય. મહાત્માજીની એ કસોટીમાંથી મેઘાણી બરાબર પાર ઊતર્યા હતા.

અને એમનું સંશોધન કાર્ય પણ ઉપરચોટિયું કે ઘરમાં બેસીને એમણે કદી કર્યું નહોતું. અમારું સૌરાષ્ટ્ર શુક્રવારે સવારમાં પૂરું થતું અને શુક્રવારના સવારના જ ઝવેરચંદભાઇની સવારી ઊપડે; બરડાના ડુંગરો, ગિરના નેસડા, બાપુઓના ડાયરા અને ચારણોના વાસોમાં એ આથડતા. કોઈ વાર ઊંટ ઉપર સવારી કરે, કોઈ વાર ઘોડા ઉપર નીકળી પડે. રગશિયાં ગાડાંઓનો આશ્રય લે, નાનકડાં દેશી વહાણોમાં દરિયાની સફર કરે. પણ વસ્તુનો તાગ લે, એની સાચી પરીક્ષા કરે, અને પછીજ એના ઉપર પોતાની પસંદગીની મહોર મારે. એટલી સંપૂર્ણતા, એટલી વેધક દષ્ટિ એટલો સત્યપ્રેમ અને એટલી સાહિત્યભક્તિનો જ્યારે હું વિચાર કરું છું ત્યારે મને લાગે છે કે આજે તો શું પણ કેટલાક કાળ સુધી આપણને એવા પુરુષ સાંપડવા મુશ્કેલ થઈ પડશે.

મને જ્યારે એ પહેલા મળ્યા ત્યારે તેમણે મને કહેલું કે, હડાળાના દરબાર શ્રી. વાજસુરવાળા એમને પોતાની પાસે રાખવા માગે છે. અને બીજી બાજુ ભાવનગરની સનાતન હાઈસ્કૂલમાં શિક્ષક તરીકેની જગ્યા તેમને આપવાની માગણી થઇ છે. અને પોતાને શિક્ષકનો ધંધો વધારે પસંદ પડશે એમ પણ તેમણે જણાવ્યું. પણ હું તો તેમના લેખ ઉપર મુગ્ધ થઈ ગયો હતો. એટલે વર્તમાનપત્રરૂપી વિશાળ શાળામાં શિક્ષક બનવાનો મેં તેમને સફળ આગ્રહ કર્યો. અને પછી તો ગુજરાત જાણે છે તેમ સૌરાષ્ટ્ર દ્વારા એમણે ગુજરાત અને ગુજરાતની અદ્દભુત સેવા કરી. એમના પુસ્તક સ્વરૂપે કાવ્યની લોકપ્રિયતા અને પ્રશસ્તિ એજ એમની સાચી કદર છે, સાચી અંજલિ છે.

એઓ એક ગરીબ ઘરમાં જન્મ્યા હતા. એમના પિતાશ્રી પોલીસના જમાદાર તરીકેનો દરજ્જો ભોગવી નિવૃત્ત થયા હતા. એમના પિતાશ્રીના મિત્રો અને સગાંવહાલાંઓના સહકારથી તેઓ શામળદાસ કોલેજમાંથી બી. એ. થઈ શક્યા હતા. એમની એ ગરીબીની ઘેરી છાપ એમના જીવનમાંથી કદી ગઈ ન હતી અને એટલે ગરીબને તેઓ સહકાર આપતા સત્કારતા અને બિરદાવતા, અને એ છતાં ધન અને ધનવાનો તરફ એમને ઝેર નહોતું. એમની વાણીની મૃદુતા શ્રીમંતો અને રાજાઓ માટે પણ એ હંમેશાં દાખવતા અને એમ કરીને ગરીબી અને શ્રીમંતાઈ

વચ્ચે દીવાલ કે અખાતરૂપ તેઓ બન્યા નહોતા.

એમની પોતાની મૌલિક શક્તિઓ ઘણી ઉચ્ચ કોટીની હોવા છતાં બીજી ભાષાની ઊંચી કૃતિઓનો અભ્યાસ કરવાનું અને સન્માનવાનું તે કદી ચૂકતા નહિ. રવીન્દ્રનાથ ટાગોર અને દ્વિજેન્દ્રનાથ રોયનાં તેઓ મોટા અભ્યાસી હતા અને ટાગોરનાં કેટલાંક ઉત્તમ કાવ્યોનું ગુજરાતીમાં ભાષાંતર કરવાનું માન તેઓએ ટાગોરને આપ્યું હતું.

તેમણે ટાગોરને માન આપ્યું હતું એ શબ્દપ્રયોગ હું સમજણ પૂર્વક કરું છું; કારણ કે ટાગોરની જેટલી કવિતાઓનો એમણે ગુજરાતીમાં અનુવાદ કર્યો છે લગભગ તે બધામાં તેમણે ટાગોરનું ઉચ્ચ કવિત્વ જાળવ્યું છે એટલુંજ નહિ પણ વધાર્યું છે. ગુજરાતના રીતરિવાજો સાથે ટાગોરની કલ્પનાને તેમણે બંધબેસતી કરી છે; એટલું જ નહિ પણ નવા ભાવ, નવી કલ્પના અને નવા વેશ ટાગોરની કવિતાને પહેરાવીને તેમણે ટાગોરની બંગાળી કવિતારાણીને ગુજરાતી કવિતા–મહારાણી બનાવી છે. એવી જ એમની બીજી કેટલીક કૃતિઓ છે, કે જે બીજી ભાષાનો અનુવાદ હોવા છતાં મૂળને ટક્કર મારી જાય છે. "સમવન્સ ડાર્લિંગ" એ અંગ્રેજી કવિતાનું "કોઈનો લાડકવાયો" એ નામનું એમનું ભાષાંતર માણસ વાંચે છે ને રડે છે. જે અસર અંગ્રેજી ભાષા ઉપજાવી નથી શકતી તે મેઘાણીની ગુજરાતી ભાષા ઉપજાવે છે. ને બિસ્મીલનું પેલું ઉર્દૂ–કાવ્ય વાંચો 'હમભી આરામ ઊઠા શકતે થે ઘરપર રહકર' વગેરે એના મસ્તી ને તોફાન માનવીને ગદગદિત કરે છે; પણ ઝવેરચંદભાઈનું એનું ગુજરાતી ભાષાંતર તો વાંચનારને ધ્રુસકે ને ધ્રુસકે રોવડાવે છે અને છતાં એને બહાદુર બનાવે છે, દેશભક્ત બનાવે છે. એમના ભાવ એટલા ઉત્કટ, એમની કલ્પના એટલી જોરાવર અને એમની ભાષા એટલી તાઝગીભરી હતી.

ખરેખર એમના અનુવાદોએ તો ગુજરાતી ભાષાની કિંમત આંકી છે. તેનાં નવાં મૂલ્ય ઊભાં કર્યાં છે. ગુજરાતી એટલે વાણિયાની ભાષા નહિ પણ શૌર્ય ભક્તિ અને પ્રેમના રસોને ઉત્પન્ન કરી શકનાર એક તાકાતવાળી ભાષા છે એમ એમણે પોતાના અનુવાદોથી બીજી ભાષાની સરખામણીમાં સિદ્ધ કરી બતાવ્યું છે. ગુજરાતી ભાષાની અનુવાદ સ્વરૂપે એમની સેવા એ દૃષ્ટિએ અજોડ છે.

મારી અને એમની પહેલી ઓળખાણ એક લેખ દ્વારા થઈ હતી. 'સૌરાષ્ટ્ર' માટે એમણે એક લેખ લખી મોકલ્યો હતો. 'ચોરાનો પોકાર' એ એ લેખનું શિર્ષક. મેં એ લેખ વાંચ્યો અને હું સ્તબ્ધ થઈ ગયો! ચોરો એ જાણે કોઈ જીવતું જાગતું માનવી હોય અને ધ્રુસકે ધ્રુસકે રોતું પોકાર કરતું હોય, એવું ચિત્ર એ લેખે જાણે ખડું કર્યું હતું! એવું જીવંત લખાણ મેં કદી જોયેલું કે વાંચેલું નહિ. મેં એમને તુરત જ તાર કર્યો અને મળવા બોલાવ્યા અને પછી તો એમને છોડ્યા જ નહિ. આજે કાળ એમને પોતાની મિલકત તરીકે ઉપાડી ગયો છે!

એમનો 'ચોરાનો પોકાર' એ જાણે એમના આત્માનું પ્રતિબિમ્બ જ હતું. ત્યાર પછીના એમના આજ સુધીના લખાણોમાં વેદના, ચીસ, પોકાર જ આપણે સૌએ જોયાં છે. કોઈ કૂદતું નાચતું હરણ હોય, એને તીર વાગે અને પછી તે લોહીલોહાણ દશામાં ફાળ ભરતું ચીસ પાડતું દોડતું હોય, એવી ભારભરી વેદનાભરી એમની કવિતા હતી.

એમની લેખિનીમાં સાચો પ્રસાદ હતો, એમની કલ્પનામાં, ચિત્રોના આલેખનમાં આર્ષદૃષ્ટિ હતી એ વાર્તાના ચિત્રો દોરે, કે કવિત ઓ ગાય. એમાં વગર જાણ્યે અને વગર અનુભવ્યે વ્યવહારુ જગતમાં સાચે જ બની ગયેલી અથવા બની રહેલ એવી કેટલીયે વસ્તુસ્થિતિનું આલેખન થતું.

મને એક પ્રસંગ યાદ આવે છે. પૂ૦ મહાત્માજી ગોળમેજી પરિષદમાં લંડન જઈ રહ્યા હતા તે પ્રસંગે એક કવિતા એમને સ્ફુરી. તેમણે તે લખી.

'ઉલ્લો કટોરો ઝેરનો આ પી જજો બાપુ !'

એ કવિતા મને એટલી બધી ભાવભરી છતાં વાસ્તવિક લાગી કે એની કેટલીક નકલો જુદી છપાવીને પૂ૦ મહાત્માજી અને તેમની મંડળીને આપવા હું મુંબઈ આવ્યો, અને મહાત્માજીને તે આપી. મહાત્માજીની આગબોટ એડન પહોંચી. ત્યાંથી એક ભાઈએ અમને નીચે પ્રમાણે ખબર આપ્યા :

"આ રાષ્ટ્રીય શાયર (મહાત્માજી એમને રાષ્ટ્રીય શાયર કહેતા) જાણે મારા દિલમાં પેસી ગયો હોય, અને અંતરના એકેએક પ્રવાહો જોઈને જ જાણે આલેખ્યા હોય, બસ એવું આબેહૂબ આલેખન આ કાવ્યમાં છે." શ્રી ઝવેરચંદભાઈની એ કવિતા વાંચી મહાત્માજીએ કાઢેલા એ ઉદ્દગારો હતા.

અમારા 'સૌરાષ્ટ્ર' કાર્યાલયમાં અમસેબો અને નોંધો લખવાનો એક શિરસ્તો હતો કે, શું શું લખવા જેવું છે, એની નોંધ બધા કરી રાખે; પછી બધા એકઠા થઈએ, અને શું લખવું છે એ નક્કી કરીએ. જે લખાણોમાં કાયદો ચર્ચવાનો હોય કે ખૂબ દલીલ કરવાની હોય તેવી વસ્તુઓ સામાન્ય રીતે હું લખતો પણ એવી વસ્તુઓ પણ જ્યારે એમને સોંપાતી ત્યારે તે એવી અદ્ભુત રીતે લખતા, કે મને એમ થતું કે આ લખાણ મેં લખ્યું હોત તો આના દશમા ભાગની પણ સચોટતા કે સ્પષ્ટતા આવી શકત નહિ. ખાસ કરીને 'તલવાર યુગ પછી' એ નામની લેખમાળા તો હજી યે મને યાદ છે.

એ વિષય મારો પોતાનો હતો. એની બધી હકીકતો અને વિચારણા સામગ્રી મેં એકઠી કરી રાખેલી એ ઉપર એક લેખમાળા લખવાનો વિચાર મેં મારા સાથીઓને કહ્યો. પોતપોતાની વિચારણા ત્યાં અમે સૌ એક નાનકડા ભાષણ જેવી રીતે કહેતા. મેં મારી આ વિચારણા એક લાંબી દલીલપૂર્ણ અને કાવ્યમય ભાષામાં કહી અને કહ્યું કે "આ બધુ હું એક લેખમાળામાં હવે લખી કાઢીશ." શ્રી ઝવેરચંદભાઈ પહેલાં તો કાંઈ બોલ્યા નહિ. પછી કહે: "ભાઈ હું જરા આના ઉપર હાથ ચલાવું. મને આ વસ્તુ બહુ ગમી ગઈ છે." મારી ઈચ્છા તો હું પોતે જ લખું એવી હતી. છતાં યે મેં કહ્યું: "બહુ સારું, તમે લખો; પણ મને લાગે છે કે એ આખો ઇતિહાસ, એ ચિત્ર અને એ કલ્પનાઓ મને વધારે બંધબેસતી થાત." પછી તેઓ એક લેખ લખી લાવ્યા. અને મારું અભિમાન ગળી ગયું. મેં કહ્યું: "તમારી લેખિનીમાં સરસ્વતી સ્વયં બેઠાં છે, અમો પામર માટે તો એને વંદના જ યોગ્ય છે."

એ એક ઉત્કટ લાગણીપ્રધાન પુરુષ હતા. સદા એકરંગી હતા. એમની લાગણી કે રંગમાં કોઈ ફેરફાર મેં આજસુધી જોયો નથી.

એક સમર્થ ગ્રંથકાર, એક ભાવનાભર્યો કવિ, અને જનતાના હૃદયને હચમચાવનાર એક બુલંદ ગીતગાયક આજે આપણા વચ્ચેથી ચાલ્યો ગયો છે. તેના પ્રેમપૂર્વક સ્મરણ કરીને જ આપણે આજે હવે કૃતાર્થ થવાનું રહે છે.

મારા એક આવા ભાઈ, સરસ્વતીના એક સાચા સંતાન અને શિષ્ય આજે ચાલ્યા ગયા છે. મારી ખોટ, અને સૌથી વધુ તો સરસ્વતીદેવીને પડેલી એના સંતાનની આ ખોટ કોણ પૂરશે !*

*શ્રી૦ અમૃતલાલ દલપતભાઈ શેઠે ઑલ ઈન્ડીઆ રેડિયોના મુંબઈ મથકેથી ૨૮૦ મેઘાણીને આપેલી અંજલિ, ઑ. ઈ. રેડિયોના સૌજન્યથી અહીં પ્રસિદ્ધ કરી છે.

સાચો જાદુગર ચાલ્યો ગયો

રવિશંકર મહારાજ

'માણસાઈના દીવા' મેઘાણીએ મારી પાસેથી વસ્તુ લઈને અલબત્ત લખ્યું અને એ બદલ એમને મહિડા પારિતોષિક મળ્યું. મેઘાણીએ એ ઇનામ મને આપવાનું જણાવ્યું હતું. મેં તો એમને ના લખી—એ ઇનામ વળી મને કેવું ? પણ એમણે તો એમના પુત્ર ચિ. મહેન્દ્ર દ્વારા એ રકમ મોકલી આપી. મહેન્દ્રે મને કહ્યું કે તમે નહિ લો તો મારા પિતાને ખોટું લાગશે. પણ હું એ રકમનો અધિકારી જ ક્યાં હતો ? એ ઇનામ તો મેઘાણીનું કહેવાય. ઔષધિની કિંમત નથી. આ તો વૈદ્યની જ કિંમત છે. વનવગડામાં પડેલી ઔષધિને વૈદ્ય ખોળી કાઢે છે અને એનો ઉપયોગ કરી જાણે છે. મેઘાણીએ એને હાથમા લીધી ન હોત તો તેમાં શું વળવાનું હતું ? એટલે મેઘાણીને ખોટું ન લગાડવા માટે છેવટે થાકીને મેં એ રકમ 'ઊર્મિ—નવરચના'વાળા ભાઈ ઇશ્વરલાલ દવે પાસે હમણાં રાખવાનું કહ્યું. 'એ રકમનું શું કરવું તેની હજીયે મને કંઈ સમજણ પડતી નથી. પણ એ રકમ મેઘાણીના નામે ધર્મ કાજે વપરાય તો ઠીક એવું મને હજીયે લાગ્યા કરે છે. ચિ. મહેન્દ્ર કે ભાઈ ઈશ્વરલાલ પોતે જ હવે એનો નિવેડો લાવે તો હું વધારે રાજી થઈશ.

ઝવેરચંદ મેઘાણી મને તો ઉદાર અને ઉમદા દિલના લાગ્યા છે. ગ્રામજનો પાસે બેસીને જે ધીરજથી એમણે વાતો સાભળી છે તે ખરેખર અદ્ભુત હતી. આ બધા વખત દરમ્યાન મને તો એમ જ લાગ્યા કર્યું છે કે ઊલટા ગ્રામજનો જ એમને બાપડાને બેલ બોલ કરીને ખૂબ તકલીફ આપતા હતા. એક ગઢવીએ તો લાગલાગટ ત્રણ કલાક સુધી કંટાળો આપે એટલી વાતો કરી, પણ મેઘાણીએ તો ઠરે કલેજે જિજ્ઞાસા-પૂર્વક એમાં ઊંડો રસ બતાવ્યો હતો.

મેઘાણી જો ચોપડી લખવાના છે એવી મને ખબર હોત તો મારા દિલમાંથી આવી વાતો નીકળત જ નહિ; પણ મને તેઓ પ્રશ્ન જ એવા પૂછતા હતા કે મારી પાસેથી તેઓ ખૂબ જ વાતો કઢાવી શક્યા છે. એક પ્રશ્ન પૂછે અને હું મારું ગાડું કેટલાય વખત સુધી આગળ ચલાવ્યે જતો હતો. એમણે સંપૂર્ણ જિજ્ઞાસાથી મારી વાતો સાંભળી લીધી. મને તો થતું હતું કે મારી પાસે કોઈ વાત જ નથી. માત્ર નદિ જેવી નામ કે શરતચૂક સિવાય એમણે બધી જ વાતો સુંદર રીતે રજૂ કરી છે. હોસ્પિટલમાં હું હતો ત્યારે તેઓ મારી પાસે આવતા અને રોજ પ્રશ્નો પૂછીને વાતો કઢાવતા. હું તો બહુ જ સંકોચ પામતો, પણ એમની પૂછવાની આવડત જ એવી હતી કે એક પ્રશ્નમાંથી અનેક વાતો નીકળી પડતી તેઓ મને ઉપરાઉપરી સાત દિવસ સુધી મળવા આવ્યા હતા પણ મારો સંકોચ વધ્યા કરતો હતો. છેવટે જ્યારે દાક્તરે જ મને કહ્યું કે તમારું દર્દ નહિ મટે ત્યારે હોસ્પિટલમાં રહેવાનો કોઈ અર્થ જ નથી એમ માનીને મેં તો કોઈને ય પૂછ્યા વગર ચાલતી પકડી.

આ બનાવ અગાઉ અમે કોઈ વાર રૂબરૂમાં મળ્યા નથી. જયમલ્લ પરમાર અને નિરંજન વર્માએ એક વાર જેલમાં મને છેટેથી મેઘાણીને બતાવેલા. એ પછી 'મુખડા ક્યા દેખે દર્પણમેં' એ કાર્ટુન કેસને કારણે હું મેઘાણીને ઓળખતો થયો હતો.

પણ મને એમ લાગે છે મેઘાણી શરમાળ સ્વભાવના હોવા જોઈએ આટલી બધી સુંદર કવિતાઓ ગાંધીજી માટે લખેલી છતાં ગાંધીજીને મેઘાણી કોઈ વાર મળ્યા નહોતા. છેક ભાઈ મહેન્દ્રના લગ્ન વખતે ગાંધીજી જ્યારે જુહૂમાં હતા ત્યારે માત્ર આશીર્વાદ લેવા માટે મહેન્દ્રની સાથે તેઓ ગયેલા. એમણે મળવા માટે પહેલાં પ્યારેલાલને ચિઠ્ઠી લખી. પ્યારેલાલ ગાંધીજી પાસે ગયા અને કહ્યું કે મેઘાણી મળવા આવ્યા છે. એમના 'ઝેરના કટોરા' ઉપર તો મહાદેવભાઈ અને ગાંધીજી પણ ખૂબ જ ખુશ થયેલાં છતાં ગાંધીજી પાસે જવામાં આટલો બધો સંકોચ એમણે રાખ્યો હતો. ગાંધીજી પાસે જ્યારે તેઓ બેઠા ત્યારે મહાદેવભાઈના દીકરાએ ગાંધીજીને કહ્યું કે 'બાપુ, મેઘાણી બહુ સુંદર ગાય છે.' એટલે ગાંધીજીએ જ તેમને ગીત સંભળાવવા જણાવેલું. મેઘાણીએ તે

વખતે ગાંધીજીના અનશન વખતના પારણાનું ગીત ગાયું હતું. અને બીજાં બે ત્રણ ગીતો પણ ગાયાં હતાં. ગાંધીજી તો ખૂબ ખુશ થઈ ગયા.

કાઠિયાવાડના સાહિત્યની જેમ ગુજરાતના લોકસાહિત્યને પણ સંપૂર્ણ રીતે ખોળવાની એમની ઊંડી હોંશ હતી. ગુજરાતમાં લખવા જેવું તો કેટલુંય પડયું છે, પણ એ બધી ચીજોને અંધારામાંથી ખોળી કાઢનારની આજે તો ખરેખર ખોટ પડી છે. એ વાત તો હવે મેઘાણીના ગયા પછી મને વધારે સમજાય છે. એમની છેલ્લી મુલાકાત મને ૧૮મી ફેબ્રુઆરીએ થયેલી. એ વખતે ગ્યાસપુરની લડત વિશે એમણે પાછળથી 'ઊર્મિ–નવરચના'માં નોંધ પણ લીધી હતી.

નર્મદા અને મહીસાગરના પ્રદેશમાં રખડીને અંધારામાં પડેલી ગુજરાતની ચીજોને ખોળી કાઢવા માટે બીજી વાર પણ મારી સાથે ફરવાં આવવાનું એમણે મને જણાવ્યું હતું. કાંઈ નહિ તો છેવટે તબિયતને કારણે, આરામને માટે પણ મારી સાથે રહેવાનો મેં એમને આગ્રહ કર્યો હતો. પણ હવે તો એ બધી જ વાતો અધૂરી રહી.

ગામડાંના લોકો એમનાં ગીતો સાંભળીને ગાંડા બનતા. એમનો અવાજ ખુમારીથી ભરેલો હતો. અને તેઓ જ્યારે જ્યારે ગીતો ગાતા ત્યારે તે જૂના હતાં તોયે નવા જેવાં લાગતાં હતાં. એકલા ગામડાંનાં લોકો નહિ પણ શહેરના લોકો પણ એમનાં ગીતો એમના મોઢેથી સાંભળીને ગાંડા બનતા. એક મોટા દાક્તરે પણ મને કહ્યું હતું કે, "આ તો કોઈ જાદુગર છે. આપણને રડાવે છે. આંખમાં પાણી લાવી દે છે અને પછી તુરત જ હસાવી દે છે."

મને પુસ્તકો વાંચવાનો શોખ નથી. ગાંધીજી અને ધર્મનાં પુસ્તકો સિવાય બીજા પુસ્તકો વાંચતો નથી. નોવેલ તો મેં વાંચી જ નથી. એક ફક્ત રમણલાલ દેસાઈની 'દિવ્યચક્ષુ' અને મેઘાણીની 'સોરઠી બહારવટિયા'નો એક ભાગ હું જોઈ શક્યો છું. 'સોરઠી બહારવટિયાની ચોપડી લઈને હું જ્યારે જેલમાં ગયો ત્યારે એ ચોપડી ઉપર વાલા બહારવટિયાનું ચિત્ર હતું. તેને જોઈને એક કેદીએ મને કહ્યું હતું કે આ ચિત્ર તો મારા મામાનું છે. એણે અને મેં સાથે બહારવટાં ખેડેલાં છે. મારી પાસેથી ચોપડી એ લઈ ગયો, અને વાંચીને એણે મને કહ્યું કે વાલાની આ વાત 'જુદી જ' લખાઈ છે. પાછળથી મેઘાણીને મેં આ વાત કહેલી અને. મેઘાણીએ તો તુરત જ જણાવ્યું હતું કે એ કેદી મને મળે તો કેવું સારું! એકાદ માસ પર એ કેદી છૂટીને મારા આશ્રમમાં આવ્યો હતો અને મેઘાણીએ મળવા જવાની પણ ઇચ્છા બતાવી હતી.

ગામડાંની આવી વાતો બધી સાંભળીને હજારોને કાને નાખવાની એમનામાં મહાન શક્તિ હતી. મને તો માત્ર આગળ ચિંધ્યાનું પુન્ય છે. ખરો યશ તો એને જ ભાગે જાય છે. સાચો પુરુષાર્થ તો એમણે જ કર્યો છે. ખરું એની ચીજ કહેવાય. કોઠીમાં દાણો હોય પણ દાટો મારેલો હોય તો તે શા કામનો? કોઈ પરોપકારી માણસ આવે, રાંધે, અને ખવડાવે એની તો જ ખરી કિંમત કહેવાય. ગાંધીજીની બાબતમાં આપણે જોઈએ તો ગાંધીજીને સાચી રીતે ઓળખાવનારા તો મહાદેવભાઈ જ હતા. ગાંધીજી વિશેની એવી કેટલીય બાબતો હતી જે મહાદેવભાઈની કલમથી આપણને જાણવા મળતી. મહાદેવભાઈ બે'ક વર્ષ વધુ જીવ્યા હોત તો ૧૮થી ૧૯ અદ્ભુત પુસ્તકો આપણને જોવા મળત. અત્યારે તો એમણે ટપકાવેલી કાચી સૂત્રરૂપ નોંધો પડી છે; પણ એ કાર્ય બીજા કોઈથી હવે પૂરું જ થઈ શકવાનું છે? આ નોંધોમાં અદ્ભુત સાહિત્ય ભર્યું પડયું છે પણ હવે એ નોંધો મહાદેવભાઈ લખે તેવી રીતે કોણ વિસ્તારીને લખી શકે! મેઘાણી માટે પણ આવું જ છે તેઓ વધુ જીવ્યા હોત તો ગુજરાતની ઊંડાઈ ગયેલી સમૃદ્ધિને બહાર લાવત. તેઓ કહેતા કે હવે કાઠિયાવાડનું પૂરું થયું છે અને ગુજરાતની શોધ શરૂ કરવી છે, પણ આ તો મનોરથ હવે મનમાં જ રહી ગયો.

[અનુસંધાન પાન ૨૯ ઉપર]

સ્વર્ગસ્થ મેઘાણી

ગણેશ વાસુદેવ માવળંકર

મધ્ય ભારતમાં નર્મદા કિનારે આવેલ "માંધાતા ઓંકારેશ્વર"ના પવિત્ર યાત્રાસ્થાનનું દર્શન કરી અને "માંડૂ" ઉર્ફે 'માંડવગડ"ના ઐતિહાસિક સ્થાન જોઇ તા. ૧૦મી માર્ચે હું દિલ્હી આવ્યો ત્યારે ગતકાલીન ભારતની સંસ્કૃતિ અને વૈભવના ચિત્રથી મ્હારી આંખો ભરેલી હતી–એની ભવ્યતા, ઉજ્જ્વલતા અને સૌંદર્યથી મ્હારું દિલ અને મન ભરાએલા હતાં—ટૂંક સમયમાં જ ભારત અનેક કષ્ટો વેઠીને પણ ફરી એ સ્થાન પ્રાપ્ત કરશે એ સ્વપ્ના સેવતો હતો. મ્હારા મનની એ દશામાં તા. ૧૨મી માર્ચે સાંજે પાંચના અરસામાં ધારાસભાનું કામ પતાવી ઘેર આવ્યો અને હંમેશ મુજબ દિલ્હીથી ગુજરાતભરમાં રોજિંદા માનસિક પ્રવાસ કરવા માટે "ગુજરાત સમાચાર" હાથમાં લીધું–પહેલે પાને જ સમાચાર કે મેઘાણી ગયા !

ગુર્જર પ્રજાનાં સંસ્કૃતિ, શૌર્ય અને વૈભવનું દર્શન હવે કોણ કરાવશે ? લોકજીવનના સાગરમા ડુબકી મારી, કલ્ચર-કેટકિયા મોતીના આ જમાનામાં ખરાં મોતી કોણ લાવશે ? કોણ પારખશે ? ગુજરાતના વિશ્વ-વિદ્યાલયમાં ભાઈ મેઘાણીનું સ્વતંત્ર અને અનેરું સ્થાન હોવાની મારી કલ્પના મૂળથી જ પડી ભાંગી, સ્વપ્નવત્ થઇ–"हा हतं हतं नलिनीम् गज उज्जहार" એ ભ્રાંતિ થઇ. ચિ. ભાઇ મહેન્દ્રને દિલાસાનો તાર તથા કાગળ લખવામા મ્હારે માટે દિલાસો અને શાંતિ મેળવવા પ્રયત્ન કર્યો.

મેઘાણીનો પ્રથમ અંગત અને ગાઢ જેવો પરિચય મ્હને ૧૯૩૦ના સપ્ટેમ્બરમાં હું ગણપુર તપાસસમિતિના પ્રમુખ તરીકે બે માસની સજા અને ૫૦૦ રૂપિયા દંડનું માન મેળવી સાબરમતી સ્વરાજ્ય મંદિરમાં દાખલ થયો ત્યારે થયો હું ત્યાં બહુ જ થોડો વખત હતો–આશરે દોઢ માસ–ભાઇ મેઘાણી અમારા સાથી હતા, તેઓ તો બે વર્ષની સજા લઈ કાઠિયાવાડના બીજા કેટલાક સાથીઓ સાથે માર્ચ-એપ્રિલમાં જ ત્યાં વસ્યા હતા. અમારા ત્યાંના મંડળમાં સુગમ સદ્ગત અબ્બાસ તૈયબજી સાહેબ, મહાદેવભાઈ, દરબારસાહેબ (ગોકળદાસભાઇ), અમૃતલાલ શેઠ, મણીલાલ કોઠારી વગેરે હતા.

મેઘાણી અમારી બધાની સાથે ભળતા ખરા. જમવા, ચહ પીવા અમે ભેગા બેસતા-પણ તેઓ બહુ બોલતા નહીં. કપાસ લોઢવાનું, કાંતવાનું અને કાવ્ય રચનાનું કે વાંચવાનું કામ કરતા. એમની મંડળી અને અમારી મંડળી જુદા જુદા પણ જોડાજોડના યાર્ડમાં હતી. એટલે જમવા કરવામાં સાથે આવીએ તે ઉપરાંત બીજે વખત સાથે રહેતા નહોતા. હું પણ નવો તેથી વાતોચીતોના બહુ પ્રસંગો મળ્યા નહીં. પણ અરસ-પરસ ઠીકઠીક પિછાન થઇ–આકર્ષણ પણ થયું.

મેઘાણી તો કવિ–પોતાની કાવ્યસૃષ્ટિમાં રહેનારા –ભાવનાશીલ. અમે બીજા તો સામાન્ય દુનિયાદારી જીવો રહ્યાં. એમના હૃદયની ઊંડી લાગણીઓ, ભાવ, ભાવના, કલ્પના ક્યાંથી સમજીએ ! એટલે જેલમાં તેમના વિશે એક બાબત અમે વિનોદ કરતા—એ વિનોદ જ હતો–તેમાંએ તેમના વિશે આદરભાવ હતો.

'અ' વર્ગના કેદી તરીકે દર પખવાડિયે તે વખતે મુલાકાત મળતી–વારાફરતી એક અઠવાડિયે કાગળ અને એક અઠવાડીએ મુલાકાત. મેઘાણીનો મુલાકાતનો દિવસ અમે સૌ તેમને કે જેલવાળાઓને પૂછ્યા સિવાય જાણી શકતા. મુલાકાત પહેલાં બે દિવસ અમારા યાર્ડમાં જે કંઇ નહીં જેવા ફૂલોના છોડ હતા તેમાંથી મેઘાણીભાઈ યોગ્ય રંગોની યોગ્ય મિલાકૃતિ ગોઠવણી વિચારી કેવા પ્રકારનો ગોટો બનાવી પત્નીને ભગતા અર્પણ કરવો તેમાં જ વ્યગ્ર હૃદયમાં ફરતા. ફૂલો પાસે આજુબાજુ ભમતાં તેમને જોઈએ કે સમજીએ કે–આજકાલમાં મુલાકાત છે ? પણ કવિ તો "ભમર" કહેવાય ને ? દરેકમાંથી સારું શોધી કાઢી મેળવે અને તે માટે અખંડ ભ્રમણ કરે.

પૂજ્ય અબ્બાસસાહેબની પણ મુલાકાત એ રીતે જાણી શકાતા. તેઓ દાઢીના વાળ બહુ જ સરખા કરવા કે રાખવા કોશિશ કરે ત્યારે સમજતા કે "આજે

મુલાકાત છે." ૭૫ વર્ષે આ શું? એમ અમને જુવાનિયાઓને લાગતું પણ તેનું કારણ એ જ કે અમે કવિહૃદય, ભાવ સમજી શકતા નહોતા. શૃંગાર કામુક પણ હોઈ શકે; કલામય પ્રેમમય પણ હોઈ શકે. શૃંગાર પાછળની ઉચ્ચ ભાવનાથી અમે જુવાનો વંચિત હતા. તેથી ભાઈ મેઘાણી કે અભ્યાસસાહેબ આદરયુક્ત છતાં વિનોદનો વિષય બનતા.

તે વર્ષે જેલમાં માણેકઠારી પૂનમનો અમે ઉત્સવ અમારા યાર્ડમાં કર્યો. મેઘાણીની ચારણી કથાઓ અને ગાયનોથી અમે સૌ ડોલી રહ્યાં હતાં. શૌર્ય અને સ્વાર્પણના પ્રસંગોનું તે વર્ણન સ્ફૂર્તિદાયક હતું. જૂનાં સ્મરણોથી ભાવિ માટેની આશાઓ ઉજ્જવલ થઈ, અને અમે પણ જેલમાં આવી કંઈક અંશે ફરજ અદા કરીએ છીએ એવો આત્મસંતોષ પણ મેળવ્યો. મેઘાણીએ અમારામાં ચેતન રેડ્યું.

પછીના વર્ષોમાં પરિચય વધ્યો. મળવાના પ્રસંગો થોડા પણ જ્યારે મળીએ ત્યારે પેટ ભરીને વાતો થાય. મહેસાણામાં થોડા વર્ષો ઉપર ગણેશ ઉત્સવ અંગે ત્યાંના કાર્યકરોએ મને બોલાવ્યો. મેઘાણીને પણ નોતર્યા હતા એમ જાણ્યું ત્યારે, "જે દિવસે મેઘાણી આવશે તે દિવસે હું આવીશ. મારા માટે જ કાર્યક્રમ અંગે નહીં પણ મેઘાણીની વાણી સાંભળવા માટે", એ મતલબનું મેં લખ્યું હતું. આપણી શ્રોતાઓનીને ઉત્કંઠ રાખે, તેના હૃદય હલાવે એવી એમની વાણી, કાવ્ય અને અવાજ હતા.

ગુજરાત વિદ્યાસભા (ગુ. વર્નાક્યુલર સોસાયટી)માં જોડાઈ ભાઈ મેઘાણી કાર્ય કરે એવી વિદ્યાસભા મંડળની ઇચ્છા હતી. પણ સંજોગો નડ્યા! કંઈ નહિ તો નજદીકના ભવિષ્યમાં સ્થપાનાર ગુ વિશ્વવિદ્યાલયમાં તો મેઘાણી આવીને બેસે અને અનેક ગુજરાતી યુવક–યુવતીઓને મેઘાણી-દીક્ષા આપે એ તો સિદ્ધ જેવું જ માન્યું હતું. પણ ઈશ્વરની ઇચ્છા જુદી જ હતી.

છેલ્લે મળ્યા નવી-દિલ્હીમાં તા. ૨૨ જાનેવારી રાત્રે કૉન્સ્ટિટ્યુશન હાઉસમાં અને બીજે દિવસે મ્હારા મકાને. દેશના ભાવિની ખૂબ વાતો કરી! અનેક મનોરથો ચર્ચ્યા! "मनसा चिन्तितं कार्यं दैवोऽन्यत्र चिन्तयेत्।" કોણે જાણ્યું હતું એ મળવાનું આખરી હતું!

મેઘાણી સ્વર્ગવાસી થયા. સૌને એ જ માર્ગે વહેલેમોડે જવાનું છે. જિંદગી સફળ કરી તેથી તેઓ તેમના સેવા અને સાહિત્યરૂપે અક્ષય અને અમર જ છે. આપણે દરેકને માટે સ્ફૂર્તિની ચિનગારી છે.

[અનુસંધાન પાન ૨૭ થી ચાલુ]

લેખકો સાથે મારે બહુ સંબંધ નથી. માત્ર એક જ વખત વડોદરાના લેખકમિલનમાં હું સહેજ સાથે ગયો હતો. મને તો બીક રહેતી હતી કે હું લેખક નહિ હોવાથી આ લોકો મને પેસવા દેશે કે નહિ! હું ડૉ. હરિપ્રસાદને મળ્યો, અને પૂછ્યું કે મને આવવા દેશો? એમણે કહ્યું કે મહારાજ, તમને કોણ ના પાડી શકે! માત્ર એ એક જ સંમેલનમાં મેં હાજરી આપી છે. રામનારાયણ પાઠકે મને એક વાર કહ્યું હતું કે હું સમજુ તો ગામડાંના બધા જ લોકો સમજી શકે. મેઘાણીની કવિતાઓ મેં વાંચી નથી પણ સાંભળી છે. અને ગામડાંના લોકોને સમજવામાં બહુ રસ પડતો હતો.

એમના જવાથી એક અદ્ભુત પુરુષ ગયો છે. એક સાચો જાદુગર ગયો છે એની વધારે ખાતરી તો હવે મને થાય છે.

❋

છેવટના મેળાપોમાંથી

રસિકલાલ છો. પરીખ

દીલપસંદ વાતચીત ચાલતી હતી. નાટકોનો આકર્ષક વિષય હતો. અમુક પ્રયોગની નિખાલસ, પણ મેઘાણીએ કરેલી પ્રશંસાનો ઉલ્લેખ થતો હતો. ત્યાં બારણામાં આવી એકે કહ્યું: 'મેઘાણીના—?' મેં પૂછ્યું 'કયા મેઘાણી?' મારી બ્યાથી ઉપર આશ્ચર્યવ્યક્ત કરતા અવાજે: 'કેમ કયા મેઘાણી?'

જે મેઘાણી મારા મનમાં જીવતા હતા તેના અવસાનની નોંધ લેવા મન તૈયાર ન હતું. પણ એ ઘટના તો બની ગઇ હતી. પ્રૌઢ માણસને છાજે એવી સ્વચ્છતાનો ડોળ કરી ચાલુ વાતને અટકવા ન દીધી. પણ મનમાં એવી ફાંસ વાગી ગઇ કે કોઇની જીભ ઊપડી જ ન શકી. એક મિનિટમાં જ બધા છૂટા પડી ગયા.

માણસના જીવન સાથે મૃત્યુ કેવો ખેલ રમે છે એ સ્વાદે જીવ ચઢી ગયો! દેહ છોડી ગયેલા મિત્રનું ઘડીકભર ધ્યાન થયું. પણ સંસારીમન તો મરનાર આપણું શું અધૂરું મૂકી ગયો એ સ્વાર્થનું જ દુઃખ રડે છે. અમુક કામ નિમિત્તે એમના આવવાની રાહ જોતા હતા—એ કામનું શું થશે!—જીવનારની કેટલી પામરતા છે!......

મેઘાણીનો પરિચય તો લગભગ પચીસ વર્ષ પહેલાં થયો હતો; અને ક્રમેક્રમે સ્વજનતામાં પરિણમ્યો હતો; અને છેવટે તો કાર્યસહચારનું સદ્‌ભાગ્ય પણ થવાનું હતું. પણ એ તો રહી ગયું.

મેઘાણીના આદિપરિચયોનું સ્મરણ અન્યત્ર આપ્યું છે. અહીં તો એક અસંતોષ છેવટના વર્ષોમાં મળતા ત્યારે વારંવાર વ્યક્ત કરતા તેની સ્મૃતિ તાજી કરું છું.

મેઘાણી લોકપ્રિય છે એ જેમ આપણે જાણીએ છીએ તેમ તે પણ જાણતા. લોકપ્રિય થવું એ એમને અપ્રિય ન હતું-કારણ કે તે લોકને ચાહતા હતા. લોકજીવનમાંથી ભાવ લઇ તેનો તે રસ બનાવતા! અને એ રસ પી લોકો પાનારને ચાહે તો કોને ન ગમે! પણ લોકપ્રિયતાનો સ્વાદ લેતાં લેતાં તેમને શંકા થઇ જતી કે, 'લોકો મને બનાવતા તો નથી ને? હું મારા વેગમાં તણાઇ જાઉં છું! લલકારું છું! ગાઉં છું! અભિનય કરું છું. આ તમાશો જોવા મળે છે એની લોક વાહ વાહ કરે છે!' પણ લોક ખુશ થાય એમનો એમને વાંધો ન હતો; એથી તો સંતોષ પામતા. પણ એ દ્વારા જે ભાવના એમને મથતી હતી તે ભાવના ગ્રહણ કરવાની કોઇ તસ્દી લેતું હશે'—તેની તેમને શંકા રહેતી.

આ શંકાથી તે વ્યગ્ર થતા; 'મારે હવે ભાષણો નથી આપવા. મારે સ્વસ્થતાએ સંશોધન કરવું છે. એકેડેમિક કામ કરવું છે.' તેમના છેવટના મેળાપોમાં મેઘાણી વારંવાર 'એકેડેમિક' કામ ઉપર—એકેડેમિકદૃષ્ટિ ઉપર, એકેડેમિક વાતાવરણ ઉપર બહુ ભાર મૂકતા. આવા કામના અવકાશ માટે યોજના પણ તેમણે વિચારી હતી.

મેઘાણીનું સાચું સ્મારક એ નથી કે ગુજરાતમાં લોકસાહિત્ય અગર લોકસંસ્કૃતિના અધ્યયન-સંશોધન માટે એક એકેડેમી સ્થપાય?—કમમાં કમ તેનું એક આસન (Chair) થાય?

આપણા દિવ્ય ગાયક મેઘાણી

ધૂમકેતુ

શ્રી. મેઘાણીનું અવસાન એટલું અણચિંતવ્યું આવી પડ્યું છે કે એ ભયંકર ઘામાંથી મુક્ત થતાં એમના અનેક મિત્રોને હજી ઘણો સમય લાગશે. એમના સાહિત્યની અને એમની સાહિત્યસેવાની નોંધ કરવા માટે ચિત્તની જે શાંતિ જોઈએ એ શાંતિ મેળવતાં તો દિવસો જશે. મેઘાણી જો માત્ર સાહિત્યકાર હોત, તો એમના અવસાનનો આટલો બધો કારી ઘા કદાચ ગુજરાતને જણાત પણ નહિ. સ્વભાવથી જ સાહિત્ય પ્રત્યે ઘૃણા ધરાવનારા ગુજરાતીઓ શ્રી. મેઘાણીના કરતાં ઘણા વધારે શક્તિશાળી એવા સાહિત્યકારોના મૃત્યુથી લેશ પણ ક્ષોભ કોઈ દિવસ પામ્યા નથી. ચિત્તનો ક્ષોભ કોઈને કોઈ ક્રિયામાં પરિણમે છે. અને ગુજરાતીઓએ એવો કોઈ ક્ષોભ અનુભવી, કોઈ પણ સાહિત્યકાર માટે કોઈ પણ ક્રિયાત્મક યોજના સાંગોપાંગ પાર ઉતારી હોય એવું જાણવામાં આવ્યું નથી. કોઈ જીવંત સાહિત્યકારની લાગવગનો લાભ લેવા માટે, થોડા પૈસા ભેગા કરી એનો મહોત્સવ ઊજવે —એટલા વ્યવહારપટુ ગુજરાતીઓ અવશ્ય છે જ; પણ એવા મહોત્સવો સાહિત્યકારની પોતાની તેમ જ ગુજરાતીઓની બન્નેની ક્ષુદ્રતા અને ક્ષુલ્લકતા પ્રગટ કરે છે એટલું જ,—એથી વિશેષ એવા મહોત્સવોનો કાંઈ જ અર્થ નથી. પંગુપ્રજાના મહોત્સવો પણ આર્થિકદષ્ટિથી-ગ્યાય છે; અને એમના જેવા જ પંગુ હોય છે.

પરંતુ મેઘાણીને ગુજરાતીઓ હંમેશાં યાદ રાખશે એક અનુપમ દિવ્ય ગાયક તરીકે. મેઘાણીએ ધરતીમાં પોઢી ગયેલાં એટલાં બધાં લોકગીતોને અને લોક-સંસ્કારોને જગાડ્યાં છે કે જાણે એ તમામે તમામ એમની પોતાની વિશિષ્ટ શૈલી અને હલક વિના હવે અપંગ જેવાં લાગશે. લોકગીતો—અને આપણી સામાન્ય છંદબદ્ધ કવિતાઓ—એમની વચ્ચે એક મહાન અંતર છે. એમને પ્રગટ થવા માટે જુદી જુદી પ્રાથમિક ભૂમિકા જોઈએ છીએ. લોકગીતોના સુંદરમાં સુંદર ભાવને, જ્યાં સુધી તમે કંઠ ન આપો, ત્યાંસુધી એ ભાવ અપ્રગટ જેવો અને શાંત નિદ્રસ્થ હોય તેવો જણાય છે. એને જે કંઠ આપે છે એ લોકગીતોનો કવિ છે અને ગાયક પણ છે. મેઘાણીના કંઠમાં એવી નૈસર્ગિક મોહિની હતી કે લોકગીતોને એવો ગાયક મેળવવા માટે તો હવે વર્ષોનાં વર્ષો રાહ જોવી પડશે.

એમના કંઠની આ મોહિની એ જો કેવળ નૈસર્ગિક મળેલા રાગની કેળવણી હોત, તો આજે એનો સ્વર હજારોના હૃદયમાં ભણકારાની પેઠે બેસી ગયો છે, એ એમ ન બેસત. એ કંઠને જેટલો પોતાનો મિજાજ હતો એટલી તાલીમ ન હતી. એટલે એ કંઠની હલક હમેશાં અદ્વિતિય જ રહેવાની—એમનો કંઠ એ એમના હૃદયમાં ઊંડા ઊર્મિસાગરની એક નાની સરખી પ્રગટેલી દિવ્યજ્યોત જેવો હતો. એ એક ચરણને પોતાની મનોજ્ઞતાના અલંકારથી શણગારે—અને તરત તમારા અંતરમાં કોઈ મહાનસાગરની ઊર્મિઓની પરંપરાનો પડઘો પડતો—એમ શા માટે થતું ? કારણ કે મેઘાણી લોકગીતોના કેવળ ગાયક ન હતા; લોક-ગીતોના દરેકે દરેક શબ્દથી જેમની હૃદયોર્મિ નિરંતર જાગ્રત રહેતી, એવા એ ઈશ્કેમિજાજી ભાવક પણ હતા. કવિતા અને કંઠનો એવો વિરલ મેળ કુદરત ક્યારેક જ મેળવે છે; અથવા કહો કે મેળવી શકે છે. અતિશય સમૃદ્ધ અને ભરી ભરી જણાતી કુદરત પાસે પણ આવા અણમોલ જવાહીરોની તો ટાંચ હોય છે. એમની પાસે કંઠ હતો, કવિતા હતી, અને વિશેષ તો આ કે ખુવારીના પંથે લઈ જનારી એક પ્રકારની ખુમારી હતી.

એક પ્રસંગ મને બરાબર યાદ છે. 'ઘણું' કરીને રાણપુરમાં હું એમને પહેલી જ વખત મળ્યો. ઑફીસમાં એક નાનો સરખો કાર્યકરોનો મેળાવડો થયો હતો. મુંબઈના કોઈ મોટા ગૃહસ્થ એ વખતે ત્યાં આવી ચડેલા. એ ગૃહસ્થ કોણ હતા એ તો આજે બરાબર યાદ નથી, યાદ છે પણ યાદ નથી, પણ નામથી તેમ જ લાગવગથી ઘણા મોટા હતા એટલું ચોક્કસ.

મેઘાણીભાઈને ઘેરથી અમે નીકળ્યા ત્યારે એમણે લોકગીતોની કેટલીક પંક્તિઓનો એવો અમૃતમય થાળ મને આપ્યો હતો કે એની અસરમાં ને અસરમાં ઑફીસ ક્યારે આવી તે પણ ધ્યાન ન રહ્યું. જે અસર ને ઘેન મને સ્પર્શી ગયાં હતાં તે અસર ને ઘેન મેઘાણીને તો સહજ હતાં. એ તો એ સાગરમાં જાણે તરી રહ્યા હતા એમ કહી શકાય.

અમૃતલાલ શેઠ, ફકલભાઈ કોઠારી, હરગોવિંદ પંડ્યા, કેટલાક કાર્યકરો, મિત્રો, આમજનો સૌની એક નાની સરખી મંડળી જામી હતી. અમારા મનથી અમે તો 'ચાપાર્ટી' ઉપર આવ્યા હતા.

પણ શેઠ અમૃતલાલ, એ તો વ્યવહારદક્ષ અને ચતુર પુરુષ હતા. મુંબઈના જે મોટા સદ્‌ગૃહસ્થ આવ્યા હતા તેનો વારતહેવારે કેવો અને કેટલો ઉપયોગ હોઈ શકે અને સંસ્થાઓમાં બાંધછોડની રેખાનીતિ કેટલી આવશ્યક હોય છે, એનું પ્રમાણભાન જેટલું એમના મનમાં હોય એટલું બીજા કોઈના મનમાં, ને હોય એ સ્વાભાવિક હતું. બીજા તમામ તો, સિદ્ધાંતની આકરામાં આકરી કસોટીનો શબ્દે શબ્દ પકડી રાખનારા, હજુ તો જુવાનડાઓ હતા.

ભાઈ મેઘાણીની તો આંખોમાં, મુદ્રામાં ને અંતરમાં એક જ વસ્તુ વ્યાપી ગઈ હતી, લોકગીતો. એમને એનું ઘેન રહેતું-એ ઈશ્ક હતો. એનો એને નશો ચડતો.

અમે બેઠા, ચા-પાણી ચાલ્યાં, આડીઅવળી વાતો થઈ. પછી અમૃતલાલ શેઠે મેઘાણી સામે જોયું, કાંઈક એવું બોલવા કે જેનો ધ્વનિ આવનાર મુંબઈના અતિથિગૃહસ્થને લોકગીતો સંભળાવવાનો હતો.

મેં ધાર્યું કે મેઘાણીભાઈના હૃદયમાં અત્યારે–આ ક્ષણે—તો એ સાગર ઉછળી રહ્યો છે, તે હમણાં જ મને સંભળાવ્યાં હતાં એના કરતાં ચાર-ચાસણી ચડે તેવાં, અનેકગણાં વધારે સુંદર રસિક લોકગીતો સાંભળવા મળશે.

પણ મેઘાણી માત્ર લોકગીતો ગાનાર જ ન હતા. એ લોકગીતોની ઊર્મિએ ઊર્મિમાં રમી રહેલી અનુપમ જ્યોતના જાણે કે સંરક્ષક પણ હતા. એમણે વિનયથી પણ મક્કમતાથી કહ્યું: 'ભાઈ! આ વસ્તુ તમે કહો, પણ આ વસ્તુઓ એવી રીતે પ્રગટ કરવા માટે કે પ્રદર્શનની બનાવવા માટે છે જ નહિ. એવી રીતે તો આપણે આ વિષયને ભારે અન્યાય કરીએ છીએ!'

અમૃતલાલ શેઠ મહા કાર્યકુશળ પુરુષ હતા—એમણે આ જવાબ, અને તે પણ આવા મોંઘા, હરેક ક્ષણે ઉપયોગી મહેમાનના સાન્નિધ્યમાં અને પોતાની જ ઑફીસમાં મળશે, એમ કદી પણ ધારેલું નહિ હોય. આનંદ વિનોદ અને લોકગીતોની અતિશયતાના મધુર મશ્કરીભર્યા શબ્દે, આખી વસ્તુને લઈને એમણે એ સમય જાળવી લીધો. પરંતુ ત્યારે જ ખબર પડી —કે આપણે માનીએ છીએ તેમ, શ્રી મેઘાણી માત્ર લોકગીતોને સંગ્રહીને પોતાના કંઠ દ્વારા એમને પ્રગટ કરનાર લોકગાયક ન હતા, પણ એ લોકગીતમાં ઊંડી વણાઈ ગયેલી લોકસંસ્કૃતિની કુમાશના સંરક્ષક અને પ્રતિરક્ષક પણ હતા. અને એમને મન—આ લોકગીતો એ આનંદ, વિનોદ, પ્રમોદ કે પ્રદર્શનનો નહિ, એક સંસ્કારજ્યોતિ જલતી રાખવાના જીવનકર્તવ્યનો, મહા અણમોલો પ્રસંગ હતો.

અને છતાં જરાક પણ સાચી સહાનુભૂતિ ધરાવનાર પ્રત્યે એમનું હૃદય કેટલું વિશાળ હતું એ પણ અનુભવવાનો એક પ્રસંગ આવ્યો હતો. ઘણું કરીને મારે ત્યાં જ પાટણના એક બાઈ આવ્યાં હતાં. મેઘાણીનું નામ એમણે સાંભળેલું. અકસ્માત મેઘાણીભાઈ પણ આવી ચડ્યા હતા. લોકગીતો સાંભળવાની મને ખાનગીમાં ઇચ્છા દર્શાવેલી. પણ મેઘાણીભાઈ એ જ્યોતને કયા અર્થમાં ઘટાવે છે, એ વસ્તુનો હું જાણકાર હતો. એટલે પોતાને ઘેર બેઠા હોય ત્યારે એમના હૃદયને આઘાત લાગે એવી વિજ્ઞપ્તિ કરતાં હું તો ખંચકાતો હતો.

પણ છોકરાં કોઈ ચાલ્યાં રહે? અને મેઘાણીભાઈ

તો એ સૌના મિત્ર. એમણે વિનોદ વિનોદમાં એ વાત મૂકી દીધી. અને મેઘાણીભાઈએ પોતાની લોક-ગીતાવલિને મુક્ત-કંઠે વહેતી કરી.

તે દિવસે એમણે જે ગાયેલું—પેલા ચારણનું, ઋતુઋતુના આનંદમાં મૃત્યુ પામેલ જુવાન પુત્રના સંસ્મરણોને જગવતું ગીત—એ કરુણતમ ધ્વનિ તો આજ પણ જાણે મેઘાણીના કંઠમાંથી વહી રહ્યો છે અને હું સાંભળી રહ્યો છું. મેઘાણીના કંઠમાં આવી ભણકારા જગવનારી વિરલ શક્તિ હતી.

મેઘાણી ગવૈયા ન હતા—પણ દિવ્ય ગાયક હતા.

જેમણે મેઘાણીની આ તમન્નાને આવી રીતે નીરખી નથી એ ઘણાખરાએ એમને અન્યાય કર્યો છે.

શ્રી. મેઘાણીના સાહિત્યનું ખરું મૂલ્યાંકન કરવાનો સમય હજી તો દૂર છે. પણ એ સમય જ્યારે આવે ત્યારે મેઘાણીમાં, જેને ખોટી રીતે ઊર્મિલતા કહેવામાં આવે છે, અને જે સાચી રીતે તો 'Intensity of purpose' ધ્યેય દર્શનની તાલાવેલી છે—એ તાલાવેલીનું સાચું મૂલ્યાંકન કરવામાં જે અફળ જશે તે મેઘાણીને મુલવી નહિ શકે. *

દયારામની એક ગરબીમાં 'તમ સું લાગી લાલ, તાલાવેલી, તમ સું લાગી' એવું કાંઈક આવે છે. મેઘાણીએ જે જે વિષયો પોતે પસંદ કર્યા છે—એ સઘળા વિષયોમાં આ તાલાવેલી જ એમની પ્રેરણાદાત્રી રહી છે. તાલાવેલી સાથે ઊર્મિલતાને મૂકનારા વિવેચકો વેવલા તો છે જ, પણ સાથે સાથે અજ્ઞાન પણ છે.

એમના સ્વભાવથી પરિચિત સૌને ખબર છે કે મેઘાણી અન્યાયને સહન કરી શકતા નહિ. મુંબઈ યુનિવર્સિટી જે વખતે લેખકો પાસેથી વગરદોકડે માલ ભેગો કરી, 'બુકસેલર' મારફત છપાવી પ્રગટ કરતી, અને જે વખતે કનૈયાલાલ મુનશી જેવા પણ, પોતે એક એક વાક્યની ગીનીઓ ટેબલ ઉપર મુકાવ્યા પછી જ વાત કરે છે એ વસ્તુસ્થિતિ ભૂલી જઈને, દરેક લેખકને લખી નાખતા કે 'ભાઈશ્રી! આટલું કરી નાખજો—' એટલે કે વગરદોકડે છાપવાની મંજૂરી આપી દેજો, તે વખતે મેઘાણીએ જ આ પ્રથાની સામે પહેલવહેલો પોતાનો બુલંદ અવાજ ઉઠાવ્યો હતો અને સૌની અપકીર્તિ મેળવી હતી!* એ વખતે લેખક પૈસાનું નામ લેતો તો એને સૌ સેવાધર્મથી પદભ્રષ્ટ થયેલો સમજતા. ટેબલ ઉપર ગીનીઓ મુકાવનાર સૌની માન્યતા હતી કે લેખક સેવા કરવા જન્મ્યો છે—અને આપણે એને એનો ઉપદેશ આપવા જન્મ્યા છીએ!

પણ મેઘાણીની આવી ન્યાય પ્રત્યેની પ્રીતિ છતાં એમના સ્વભાવમાં મીઠાશ હતી. અને એ ઘણાને મિત્ર કરી શકતા, અને મિત્ર રહી શકતા. એ અજાતશત્રુ હતા.

હમણાં આ છેલ્લા મંદવાડમાં એ મારી પાસે આવ્યા ત્યારે હું એમનું 'પરકમ્મા' જોઈ રહ્યો હતો. મને એમનો રખડપટ્ટીનો આ અનુભવ ઘણો જ જીવન્ત લાગ્યો હતો. કારણકે એક વખત હું પણ રખડપટ્ટીનો આશક હતો. એમણે એ જ વખતે થોકડાબંધ 'ડાયરીઓ' જોઈ અને પૂછ્યું: 'આ શું છે ભાઈ?' હું તો મંદવાડમાં બીજા વાચનના અભાવે મારી નોંધપોથીઓ તપાસતો. જ્યારે એમાંથી મેં થોડી થોડી નોંધ વાંચી

*એટલું જ નહિ મેઘાણીના કંઠના ભણકાર જેને સંભળાતા નથી એવો કોઈ પણ આ તાલાવેલીની સાચી પિછાન નહિ કરાવી શકે.

* બરાબર ખાત્રીથી કહેવું મુશ્કેલ છે પણ ઘણું કરીને આવો અવાજ ઉઠાવવા માટે મેઘાણીને એકાદ બે વર્ષ મેટ્રિકના Selectionમાંથી જ સદંતર ઉઠાવી દીધા હતા જેથી એમની મંજૂરી માગવી ન પડે! આજે રા. મનસુખલાલ વિદ્યાર્થીઓને શૈલી પારખવા માટે જે ચારચાર લેખકોનાં નામ આપે છે તેમાં મેઘાણી એક છે. એ જ મેઘાણીની, એક વખત, દોકડા માગવા માટે, વિદ્યાર્થીઓના Selectionમાં કેટલાકને જરૂર જ નહોતી જણાઈ!

ત્યારે તો જે પોતે કરી રહ્યા હતા, એવું જ એક બીજો માણસ પણ કરી રહ્યો છે, એ જોઈને એમણે રોમાંચક હર્ષ અનુભવ્યો. ખરેખરા પ્રોત્સાહી સ્વરે મને કહ્યું: 'ભાઈ! તમારી પાસે તો આ સિક્કાબંધ નક્કર હકીકતો છે. તમે એ રજૂ કરવા ન માંડો? એમાંથી કેટલાયને માર્ગદર્શન મળશે, વિવેચકોને સાચા મૂલ્યાંકનમાં મદદ થશે, અને વળી તમને હમણાં આરામની જરૂર છે તો આરામ પણ મળશે!'

એ વખતે એમની આરામ વિષેની નવી વ્યાખ્યા પ્રાપ્ત થઈ. સતત જાગૃતિ, સતત મહેનત, સતત પૃચ્છા, અને સતત નોંધ એ મેઘાણીના પંચોતેર પુસ્તકોની પૂર્વભૂમિકાનો ઈતિહાસ આપે છે. એમણે જે જે વખતે જે જે મળ્યું તે તમામ, કુશળ કારીગરની દૃષ્ટિથી, ટપકાવી લીધું છે. મેં જ્યારે મારી નોંધપોથીમાથી 'જીવનપરાગ'ની આખી વાર્તાની ટૂંકી નોંધ, નામ સીખે, અને થોડાક અણઘડ લીટાઓ દોરીને મેં નાક પણ ચીતરી લેવાના વ્યર્થ પ્રયત્ન સાથે, એમને બતાવી, ત્યારે તો એ ખુશખુશાલ થઈ ગયેલા. અને "આપણે સાહિત્યકારે તો ભાઈ! પળેપળની જાગૃતિ વિના કામ પાર પાડવાની આશા રાખવી જ નહિ!" એમ જ્યારે એમણે કહ્યું ત્યારે આપણા એક લબ્ધપ્રતિષ્ઠ વિવેચકભાઈની વાત મને યાદ આવી! આવી નોંધપોથી જોઈને એ બોલેલા કે આ તો પ્રચારક જેવો પ્રયત્ન ગણાય અને એમાં નિસર્ગતત્ત્વ ઓછું આવે!

પણ મોંએથી જાળવી શકાય એટલી મીઠાશ જાળવીને જ્યાં મેઘાણીને કવિ ગણવા કે નહિ—એવી ભયંકર ચર્ચાઓ વેરવી અને વંધ્યાત્મક વિદ્યા રાચી રહી હતી, ત્યાં આવી વિશેષ દૃષ્ટિની અપેક્ષા રાખવી એ પણ ખોટું છે!

એક બીજો પ્રસંગ યાદ આવે છે. એમાં એમની સાહિત્યકારની તેમ જ લોકસંપર્ક સાધનાર લોકસેવકની એવી બન્ને પ્રવૃત્તિઓનો મેળ મળે છે. ઘણું કરીને અમે 'બસ'માં બેસીને ખાનપુર ઘર તરફ આવી રહ્યા હતા. રસ્તામાં એક સ્ટેન્ડ આવ્યું, ત્યાં કોઈ માણસ હતું નહિ, એટલે 'બસ' થોભી નહિ, પણ એક બાઈ થોડે દૂર ફંટાતા માર્ગેથી, માથે પોટકું ને કેડે છોકરું, છોકરું પણ મોટી ઉમ્મરનું, એટલે બરાબર તેડેલું નહિ ને લગભગ લબડતું આવે, એવી સ્થિતિમાં 'બસ'ને પકડવા માટે દોડી રહી હતી! મેઘાણીએ તરત ધ્યાન ખેંચ્યું ને 'બસ' ઊભી રખાવવા ટોકરી વગાડનારને કહ્યું. પણ સામાન્ય રીતે જ્યાં એક શબ્દ પણ વિવેકનો બોલવો એ નબળાઈ ગણવામાં આવે છે એવા આ ચલાવનારાઓ મેઘાણીના શબ્દે પેલી બાઈ માટે 'બસ' ઊભી રાખે એ અશક્ય હતું.

બેઠેલાઓમાંથી તો કોઈને આ બાઈની પટલાઈ જેવા પ્રસંગ માટે રસ ન હતો.

મેઘાણીએ મને પૂછ્યું: 'ભાઈ! 'બસ' ઊભી રાખવાનો નિયમ નથી?'

મેં ટૂંકેથી પતાવ્યું: '*નિયત કરેલા સ્થળ સિવાય સાધારણ રીતે નહિ!*'

'પણ આવું હોય ત્યારે પણ નહિ? પોતાના વિવેક જેવી કોઈ વસ્તુનું સ્થાન જ નહિ?'

'સામાન્ય રીતે તો નહિ. બાકી તો ટોકરીવાળાની જેવી માન્યતા!'

એટલામાં કોઈ ઓળખીતા જનતભાઈએ સેંજ હાથ લાંબો કર્યો ને પૂરવેગે દોડતી 'બસ' બધા ઉતારુઓને ધક્કો વાગે તેમ ઊભી રહી ગઈ!

પેલી બાઈ તો હજી પાછળ દોડતી આવતી હતી. પણ કોઈને એની દરકાર હોય તેમ લાગ્યું નહિ. ટોકરી પાછી રણકી. બસ ચાલવા માંડી. સૌના આશ્ચર્ય વચ્ચે મેઘાણીભાઈ તરત ઊભા થઈ ગયા. એમણે મોટે બુલંદ અવાજે કહ્યું: 'બસ' ઊભી રખાવો, તમે નિયમભંગ કરીને આ ભાઈને લીધા તો પેલી

બાઈને કેમ ન લીધી? એને પણ લઈ લ્યો! એનો શું વાંક છે? 'બસ' ઊભી રખાવો.'

અને એમણે તો તરત ભારી ખેંચીને ટોકરી લગાવી પણ દીધી.

વાત તકરારે ચડી. ટોકરીવાળાએ પોતાનો અધિકાર ખોટી રીતે મેઘાણીભાઈએ વાપર્યો એ મુદ્દો આગળ ધર્યો પણ તમામ ઉતારુઓ તરત મેઘાણીભાઈની વાતને ટેકો પૂરવા તૈયાર થયા. મેઘાણીભાઈએ, તો પેલી બાઈને લેવામાં ન આવે તો 'બસ' ખાલી કરી દેવાની સૌને હાકલ કરી ને વાતાવરણ તંગ થઈ મામલો બે પળમાં જ આગ્રહી બની ગયો. અને 'ન્યાય' 'અન્યાય' જોવાનો કોઈ સંયમ જ જ્યાં મળે નહિ ત્યાં તો થોડીવારમાં બે વર્ગ હોય એવો દેખાવ થવા માંડ્યો. મામલાને આ રૂપમાં ફેરવાતો જોઈ મેં મેઘાણીભાઈને નીચે બેસી જવા આગ્રહ કર્યો. પણ એમણે મક્કમતાથી કહ્યું: 'ના ભાઈ! એમ કેમ થાય? જો આ એક ભાઈને વચ્ચેથી લઈ લેવામાં આવે છે, તો પેલી ભિખારી બાઈનો વાંક શું?'

એમનો અવાજ અને આગ્રહ અંતે ફાવ્યાં. અને પેલી બાઈ આવી ત્યા સુધી 'બસ' થોભી રહી!

મેઘાણીમા નાનામાં નાનો અન્યાય પણ થતો જોઈ રહેવાની નબળાઈ ન હતી. અને છતાં એમના જેવા મૃદુતાભર્યા સ્વભાવના માણસો બહુ જ ઓછા મળવાના.- આ વિરોધાભાસી જેવા જણાતા સ્વભાવમાંથી મેઘાણીની સર્જક શક્તિનો પરિચય મળી શકે છે.

જ્યારે પણ કોઈ વિવેચક મેઘાણીનું મૂલ્યાંકન કરવા બેસે ત્યારે આટલું ન વિસરે કે મેઘાણી મુખ્યત: જેને આપણે 'subjective writer' કહીએ એ પ્રકારના લેખક હતા. એટલે એમનું મૂલ્યાંકન કરતાં—એમના પત્રો, એમની ટૂંકી નોંધો, એમના ઉદ્‌ગારો, એમના વાર્તાલાપો, એમના જીવનપ્રસંગો એ તમામે તમામનું બહુ જ સૂક્ષ્મ પરીક્ષણ થવું ઘટે છે. એ વિના તો વિવેચક, મેઘાણીને ને પોતાને,' બન્નેને અન્યાય કરશે. કવિ, લેખક, અનુવાદક, સર્જક, પત્રકારક, ગાયક, વાર્તાકારક, નવલકથાકારક—એમ મેઘાણીની અનેકવિધ પ્રવૃત્તિઓ હતી. એમણે પોતાની ઘણીખરી કથની બહાર મૂકી છે. છતાં ઘણી વધારે પ્રાપ્ત કરવાની રહે છે. એમની સર્જકપ્રતિભા શી રીતે કામ કરતી એનું એક સારું ઉદાહરણ રજૂ કરી શકાય તેમ છે.

ઘણું કરીને 'ગુજરાતનો જય' એ ઐતિહાસિક નવલકથા એ વખતે એ લખી રહ્યા હતા.

રાત્રે મારે ત્યાં વાળુ કરી અમે અનેક આડી-અવળી વાતોએ ચડ્યા. પછી એક જ ઓરડામાં પાસે પાસેની ખાટલાપથારીમા પડ્યાં પડ્યાં પણ સાહિત્ય-સૃષ્ટિની અવનવી કથાઓ માંડી. મોડી રાતે સૂતા.

રાતનો લગભગ એક દોઢ થયો હશે અને હું અચાનક જાગી ગયો. કાંઈ ખાસ કારણ ન હતું, પણ આંખ ઊઘડી ગઈ.

બહાર ફળીમાં ચાંદની ખીલી હતી. અને એનું મીઠું તેજ બારીમાંથી પ્રવેશ કરીને ઓરડાને આછા અજવાળામાં નવરાવી રહ્યું હતું.

અકસ્માત મારી નજર ભાઈ મેઘાણીના ખાટલા તરફ ગઈ. એમનો જમણા પગનો એક અંગુઠો જાણે હલ્યા કરતો હોય તેવું જણાયુ પોતે તો ઓઢીને નિરાંતે સુતા હોય તેમ લાગતું હતું.

મને બીક લાગી, એ સમયે એમની સંધિવાની ફરિયાદ હતી, અને રખડપટ્ટી, મોડું જાગરણ, ખુલ્લી બારીમાંથી આવતો ઠંડો પવન, એની અસર નીચે એ વધવાનો સંભવ હતો. આ અંગુઠો જમણા પગનો, સતત હાલી રહ્યો છે, એ ચિહ્ન કોઈ વ્યાધિનું તો નહિ હોય?

હું પથારીમાં બેઠો થયો. અને હાલતા અંગુઠાને જોઈ રહ્યો.

એટલામાં મારો બેઠા થવાનો અવાજ એમના કાને પડ્યો હોય તેમ લાગ્યું. પડખું એમને એમ

રાખીને એમણે અચાનક કહ્યું : 'ભાઇ ! હમ્મીર મદમર્દન તમે જોયુ છે કે ? આપણે વસ્તુપાળને આવી રીતે ભૂલીએ...' એમ બોલીને એમણે તો એ વાર્તાની એક બે નાનકડી કડી સાધીને કહી બતાવી !

હું તો સડક થઇ ગયો. ઓત્ તારીની ! આહી તો એમના મનમા રાતે દોઢ વાગે 'જય ગુજરાત'ની એક આખી ભૂતાવળ રમી રહી હતી અને પેલો અગુઠો તો માત્ર એને તાલ દઈ રહ્યો હતો!

મે કીધું 'અરે ભાઈ ! વસ્તુપાલ તેજપાલનું તો થાવું હશે એ થાશે, પણ અત્યારે ગતે દોઢ વાગે આપણી આ વાતને જો કોઇ સાંભળશે તો ભૂતાવળ જેવી ગણશે!'

- એ વખતે બે સમરસ વ્યક્તિઓમાં શોભે એવો એક પ્રશ્ન મેઘાણીએ કર્યો: 'ભાઇ ! આ ઐતિહાસિક પાનો સર્જતાં તમને કાઇ નવો અનુભવ થાય છે ? તમને પણ નવલકથાનાં આ પાત્રો સંતાપે છે કે માત્ર મને જ—નવલકથામાં આમ થાય છે ? કે આપણી આ જીવન રચના જ એવી લાગે છે ?'

મે કહ્યુ: 'ભાઇ ! જૂના ખંડેરોમા કોઇ વખત એકલા જાજો. આખી સૃષ્ટિ જાણે જાગતી હોય એવુ લાગશે. ઘણાને ન પણ લાગે. મને લાગે છે. આ ઐતિહાસિક પાત્રોની ભૂતાવળ પણ એવી જ ભયંકર છે. એક વખત એ પાછળ પડી પછી એ પોતે સૂશે નહિ ને તમને સૂવા પણ દેશે નહિ. મારો તો આ અનુભવ છે!'

મેઘાણીને એ વાત સાંભળીને ઊંડો આનંદ થતો જણાયો. પોતે જે અનુભવી રહ્યા છે, એવું બીજો કોઇક અનુભવે છે, એવી તદ્દન નાખી દેવા જેવી વાતમા, કલારસિકને જે જીવન્ત હવા મળે છે એનો અનુભવ તો જેણે કર્યો હોય એ જ જાણે !

અને છતાં ખૂબીની વાત એ છે કે મેઘાણી તો સતત—આ વાતાવરણ અનુભવતા હતા. કવિતા—સ્વતંત્રકૃતિ કરવી હોય, અનુવાદ કરવો હોય, વાર્તા લખવી હોય, ગજકારણનો લેખ હોય, સામાજિક નવલકથા હોય કે ઐતિહાસિક પાત્રાલેખન હોય—મેઘાણી એ તમામે તમામને પોતાની માનસસૃષ્ટિમાં વારંવાર ચિતરતા, એમને ઊર્મિમય બનાવતા, ઘડતા, શણગારતા, અવલોકતા, અવલોકીને રચતા, અનુભવતા અને પછી પોતાની સરાણેથી ઉતારીને એમને કંડારતા ! 'કંડારતા' શબ્દ આહી ખાસ બેઘ બેસતો છે ચિતરવું એ શબ્દ લોકકદનો છે જ નહિ. લોકકદનો શબ્દ તો કંડારવું જ છે કંડારણાધિપતિ એવું એક અધિકારીનું નામ પણ કર્ણાટકના ઇતિહાસમાં વપરાય છે એટલે મેઘાણી ખરેખરા અર્થમા 'કંડારણાધિપતિ' હતા.

મેઘાણીએ જે કરી બતાવ્યું તે કરી બતાવવાના કોડ અનેકને થયા હશે પણ મેઘાણી પાસે કંઠ હતો, અનુપમ હલક હતી, ભર્યુંભર્યું હૃદય હતું, તમન્ના, તાલાવેલી, અને તારુણ્ય હતાં, અભ્યાસ હતો, રસિકતા હતી, દૃષ્ટિ હતી, અને સૌથી વધુ તો એ કે એમનામાં એ કાર્યની નૈસર્ગિક પ્રતિભા હતી. એમની 'પરકમ્મા'માં આવે છે એવા કેટલાંક ટાંચણ—મારી પાસે નોંધેલાં પડયા છે, કારણકે સોરઠની કીકીઃ ધરતી ખૂંદવાનો પ્રયત્ન એક વખત કરેલો, પણ જે સતત ધગશ મેઘાણીમા હતી તે કોઇનામાં આવી શકે તેમ હતું નહિ આજ એ નિર્જીવ નોંધપોથીમાંનું એક ટાંચણ નજરે ચડે છે

'વીરા મારા ! પાત્ર વિના સગ ન કીજીએ—' એમ એક કવિતાની લીટી ટાંકીને કોઈ એક છોટાલાલ શાસ્ત્રી પાસેથી બહાદુદ્દીનભાઇની વાત ઉતારી છે તારીખ ૪–૯–૨૨ નાખેલી છે. બહાઉદ્દીનભાઇ એટલા ગરીબ કે દોકડા અઢાર કામે. એમાથી નવ દોકડાનો પોતે રોટલો ખાય. અને જિંદગીની એવી હાડકતી ગરીબીમા પણ નવ દોકડાનું પોતાના કરતાં વધારે ગરીબને દાન કરે ! પછી એમ કરતાં કરતા સત કોઈ પસાર મળતો થયો. બીજાં ઘણાં નામ—કરીમ

મેકરાણી, વિશ્વનાથ રાંકરજી, દામો માધાણી—વગેરે આ સંબંધમાં લખેલાં છે. અને લગભગ સાનેક વાર્તાઓ જુદા જુદા વિષયની મળી તે નોંધેલી છે. એમાંથી માત્ર એક જ વાર્તા—'તારણહાર' તખ્તામાં લખાયેલી છે. જ્યારે બીજી ૭ વણલખી રહી છે—અને આજે હવે એ નોંધપોથીમાંથી સ્મૃતિબળે જગવતા છતાં એક પણ જાગે એવી રહી નથી. પરંતુ મેઘાણીએ, 'પરકમ્મા' ઉપરથી જણાય છે કે આવી નોંધપોથીનો તત્કાલ ઉપયોગ કરી લેવાની સતત જાગ્રતિ રાખી છે. પંચોતેર જેટલાં સુંદર પ્રકરણો તે વિના શક્ય જ ન હતાં. મને તો એમણે ઘણી વખત કહ્યું પણ હતું કે, "ભાઈ તાજું ટીપશો તો ટીપાય એવું આ લોહ છે! બાકી જો રાખ્યું તો ગયું. મેં ઘણું એવી રીતે ગુમાવીને પછી આ ડહાપણ મેળવ્યું છે!" અને ખરેખર એમ બન્યું છે. મેં લગભગ સો વાર્તાઓ એવી રીતે—તાજું ન ટીપવાની કેવળ આળસને લીધે ગુમાવી છે!

મારી નોંધપોથી વાંચતાં કોઈ કોઈ લોકપ્રયોગી વાક્ય આવે—'ગાજે એટલામાં ભગાસ' 'ચારે કોર મસાણ વચમાં બેસાણું' ત્યારે તો એ ખુશખુશાલ થઈને કહેતા કે 'ભાઈ! આમાંથી તો તમે જેટલું અત્યારે સંઘરી લેશો એટલું જ તમારું સમજજો!' હવે આજ ખબર પડે છે કે ખરેખર અનુભવવાણી હતી. કારણ કે કલાત્મક સર્જનમાત્રનો નિયમ છે કે પળ પકડી એ જ તમારી—બાકી જે સ્મૃતિને આધારે રાખી મૂકી તે ગઈ એમ જ સમજવું!

મેઘાણીભાઈમાં જે વિનમ્રતા હતી તે અદ્દભુત હતી. જે વિષય ઉપર એ લખવા માગતા તે વિષેની તમામે તમામ હકીકત મેળવવા મથતા. એવો એક પ્રસંગ મને સાંભરે છે. એ કાંઈક એવું લખી રહ્યા હતા—જેમાં એમને સાધુ મતોના જુદા જુદા વાણાની માહિતીની જરૂર હતી. એમની એ વિષેની માહિતી તો સંપૂર્ણ હોય જ—અને હતી. છતાં મને પૂછતા કે 'ભાઈ આ બાવાઓ વિષે તમે કાંઈ જાણો છો ખરા! તમે થોડો વખત ગરનારના મેળામાં રખડ્યા છો એટલે કાંઈ વધારે ખબર હોય તો!'

મારી પાસે તો એક ચનિયા નામના છોકરા પાસેથી પ્રાપ્ત કરેલી થોડી માહિતી હતી. તે એમને બતાવી. એ વિષેની એમને ખબર તો હતી જ—છતાં પણ એમણે એ નવીન હોય તેમ સ્વીકારી. અને વળી મને થોડી વધુ માહિતી આપી પણ ખરી. એ તારીખની નોંધ પ્રમાણે—અતીત, નાથબાવા, ગોસાંઈ ને માર્ગી એમ ચાર જાત બાવાની લખેલી છે. તેમાં ઊંચાયથી નીચાનો ક્રમ પણ આવી જાય છે. આઠ મહિના ભીખ માગે—ને ચાર મહિના ઘેર રહે. તેમની વચ્ચે રોટી વહેવાર ખરો, પણ બેટી વહેવાર નથી. ચનિયાને એના ભીખજીવનમાં સૌથી સારામાં સારી ભીખ ભાવનગરમાંથી મળેલી.

શ્રી. મેઘાણી પોતે પત્રકારત્વની દિશામાં કામ કરી રહ્યા હતા છતાં એ દિશાનો સાહિત્ય ઉપર જે ઉપકાર છે—તેમ જ અપકાર છે—એ બન્ને વસ્તુના એ જાણકાર હતા. શૈલીનું સત્ત્વ, ધીમે ધીમે પત્રકાર ગુમાવતો જાય છે—અને પછી એ એક ઘરેડમાં પડેલો યાંત્રિક લેખક બની જાય છે. એવી એક પ્રચલિત માન્યતા વિષે એ પોતાનો સ્વતંત્ર અભિપ્રાય ધરાવતા હતા. એમણે 'પરકમ્મા'માં કરેલો આ વિષેનો ઉલ્લેખ ધ્યાનમાં લેવા જેવો છે: ગોરડના પને જ એમણે લખ્યું છે:

'પત્રકારત્વને ધંધાદારી બીબે બંધાઈ ગયાં, નહીં પડેલી રસોને જોઈને કૂંડાળે ભમવા ટેવાયેલો અંદેશ બેઠી શક્યો. એકધારું અને અનિચ્છિત એ બોજાણ સર્વ શકાયું હોત તો થોડુંક પણ વેતર ન કરી શકાયું હોત!...... આજે બગાસાં છે તેના કરતાં કેટલાં વિશેષ પાનાં, મારી ટાંકણીએ સરજીમાં ભરાયાં હોત!...... પણ' ...મેઘાણીએ વાપરેલો આ 'પણ' ઘણો જ ઉપયોગી છે. પત્રકારત્વની

શક્તિ અને મર્યાદા બન્નેનો એમાં ઉલ્લેખ છે: 'પણ—જો પત્રકારત્વની સ્ફુર્તિ ન હોત તો લોક-સાહિત્યનો આ રસ જીવતો રહી શક્યો હોત શું? અભ્યાસની જડતા ન આવી જાત?'

પત્રકાર તરીકેની પોતાની શક્તિ અને મર્યાદાના જેમ એ જાણકાર હતા, તેમજ સાહિત્યની એક શક્તિ એવી પણ હોઇ શકે કે જે, પત્રકારની સૃષ્ટિમાં ગુંગળાઇ જવાનો ભય છે, એના પણ એ પૂરેપૂરા માહિતગાર હતા. મેં એમને, શૈલીના સ્વત્વની અને સ્વતંત્ર અભિપ્રાય ધરાવવાની, સાહિત્યકારની જીવન-ખુમારી વિષે કોઇક લખ્યું હશે, એનો એમણે આપેલો પ્રત્યુત્તર મારી પાસે સચવાયલો પડ્યો છે, એ આ વિષય ઉપર સારો પ્રકાશ આપે છે, એમણે લખ્યું છે: 'મુંબઇ: તા. : ૯ : ૩ : ૩૪...... 'મારી શૈલીનું સ્વત્વ સાચવવાની તમારી ભલામણ સાચે જ બરાબર છે. પત્રકારત્વની સંકડામણ વચ્ચે એની જેટલી રક્ષા કરી શકાય તેટલી કરવા મથું છું. બાકી તો તમે જાણો છો કે અમુક જગ્યાએ તમે બંધાઓ ત્યારે એ સંસ્થાની નીતિ એ જ તમારી નીતિ અનિવાર્ય પણે થઇ રહે છે... સર્વ જુન-વાણી સ્વરૂપોને ભાંગવાની કમ્મર કસનાર ભાઇઓને જગતની શક્યતાઓ તથા જીવનની Continuity ને વિષે કશું જ ભાન નથી. તેઓ તો આંધીમાં ઊડ્યે જાય છે. Sentimentને નામે પણ આજકાલ થોડા ફુગાઓ બહાર પડતા નથી. તમારું કેવું હીન અનુકરણ થઇ રહેલ છે! અને આ વાત કહીએ છીએ તો કડવા લાગીએ છીએ, કેમ કે 'વાહવા' કરનાર વર્ગ પણ ઘણો મોટો છે!

એટલે આ ભાવના અને પાંડિત્ય અને 'વાદ'ના આંધી વચ્ચેના વિગ્રહમાં, ભાવનાને નામે નિર્માલ્યતા, પાંડિત્યને નામે દુર્મોધતા અને 'વાદ'ની આંધીને નામે પ્રચારકતા—એ સર્વવ્યાપી બનતાં જાય છે—' પોતાનું સ્વત્વ સાચવી સાચા લેખક તો પોતાની શક્તિ પ્રમાણે થાય તે કામ કર્યા કરવું, એવા અત્યંત સુંદર સમન્વયી સુત્રનો સ્વીકાર એ એમના જીવનનો છેલ્લો સ્વર હતો. મેઘાણી આટલી બધી લોકસેવા, લોકસંપર્ક, લોકસાહિત્ય, લોકજીવન અને લોકકલ્યાણ સાધી શક્યા એમાં આ ભાવના જ એમની પ્રબળ પ્રેરણાદાત્રી બની રહેલ છે. એમનો એક મહાન ગુણ એ હતો કે એમનું મિલન-સારપણું અકૃત્રિમ અને નિર્વ્યાજમનોહર હતું. લોક-સંપર્ક સાધવાની એમની નૈસર્ગિક શક્તિમાંથી એ જન્મ્યું હતું. મને બરાબર યાદ છે કે મેઘાણીએ જે કાર્ય પાછળથી કર્યું—લોકસંપર્કનું—એ કાર્ય એમણે વસ્તુતઃ બહુ જ જુવાનવયથી ખરી રીતે પોતાનું બનાવ્યું હતું. બહાઉદ્દીન કૉલેજ-જૂનાગઢની એક વખત 'ઍડમીનીસ્ટ્રેશન'ના વખતમાં મુંબઇ પ્રાંત વિખ્યાત કીર્તિ હતી. પ્રોફે. મહાદેવ મલ્હાર જોશીના નામથી આકર્ષાઇને એ એક ટર્મ—ઘણું કરીને જુનિયર બી. એ. ની પહેલી ટર્મ—જૂનાગઢમાં રહેલા. એ વખતે હું પ્રિવિયસમાં આવેલો ને નવો નવો હોવાથી કૉલેજના વાતાવરણ સાથે કોઇ રીતે મેળમાં આવી શકતો ન હતો. મારી પાઘડી તો જાણે ચાલે તેવી હતી—પણ બીલખાના ઓખાઇ જોડા—'સેંટ્રલ હોલ'માં એ ભયંકર ગણાતા! એ દેશી ચામડાના એટલે એને તેલ લગાવવું પડે ને ગમે તેટલું કરો પણ એને ધૂળ તો ચોંટે ચોંટે ને ચોંટે! 'સેંટ્રલહોલ'માં આવા ધૂળવાળા જોડા સાથે પ્રવેશ કરવો એ 'અપ્રકાશ્ય' મનાતું! ઘણા છોકરાઓ એ જોડાને હસતા. કાઠિયા-વાડના મુત્સદ્દીવર્ગના, બાપની લાંચ ઉપર તાગડધિન્ના કરનાર નબીરાઓને એમાં જંગલીપણું જણાતું! કૉલે-જમાં એક છોકરો ઓખાઇ જોડા પહેરીને તો આવે, પણ પાછો પોતે ઍશ હોય તેમ અક્કડ થઇને ફરે ને બૂટ સ્લીપરને હીનપદ આપે એ એ જમાનામાં અસહ્ય હતું! મારે મારી ઠોઠ જાતને સાચવવી અને પાછા આ મારા ઠોઠિયા થોડી ધૂળ વળગેલા જોડાને સાચવવા! એક વખત તો પ્રિન્સીપાલ સ્કૉટ સેંટ્રલ હોલમાં બેઠા ગયા, અને ખુશનુમા સ્વભાવના ભારે વનોદી 'સ્કોચમેન'

હોવાથી, આડાફંટાઇને પણ મારી પાસે આવી ચડ્યા. કાંઈક એવા નૈસર્ગિક અભિનયથી એમણે આ જોડા તરફ દૃષ્ટિ કરી કે ત્યાં પાસે ઉભેલા માણાવદરના એક ફટાયા રાજકુમાર અને બીજા ક્રિકેટ પારંગતો, જે અદ્યતન 'નેકટાઈ ધુટ શુઝ'માં 'અપ ટુ ડેઈટ' લાગતા હતા, તે સઘળા હસી પડ્યા. અને એ હસવું પણ કૉલેજના ઘુમ્મટમાંથી પડઘા પાડતું વધારે મોટું તો ત્યારે બન્યું, કે જ્યારે પ્રિન્સીપાલે, કાંઈક વિનોદી, મીઠી મશ્કરીભરેલું વાક્ય—'આફ્રિકન રાજકુમારની ભેટ?' કે એવું કાંઈક કહ્યું ને જેનો તત્કાલ યથોચિત પ્રત્યુત્તર આપવાનું મારાથી બની ન શક્યું!

મેઘાણીભાઇ એ વખતે મને મળેલા. અને મને કાંઈક આછું સંસ્મરણ છે કે, આવા સુંદર ઓખાઇ મેં ક્યાંથી મેળવ્યા એવી પૃચ્છા કરેલી. ઓખાઈ ઘણે ઠેકાણે થતા હશે પણ ભીલખાના ઓખાઇ એ જુદી જ કરામત હતી, એવા પાતળા ઘાટીલા ને મજબૂત. એ વખતે પણ એમને લોકજીવનમાં રસ હતો એનો આ પુરાવો છે. એ વાતો કરતા હોય ત્યારે પણ રેકૉટલાંકના ડુંગરાઓ, સરોવરો, સ્કોટ અને એવી નવલકથાઓ, એમાં ઘૂમતાં હોય બી. એ.ના મોટા લાગતા વિદ્યાર્થીઓની એવી વાતો સાંભળતો હું એમની પાછળ પાછળ ધીમે ધીમે કૉલેજમા જવા નીકળતો ત્યારે મેઘાણી પોતાની એ લાક્ષણિક શૈલીમાં, વિદ્યાર્થી મિત્રો સાથે, આવી વાતોએ ચડ્યા હોય!

અને છતાં એ પોતે સૌમાં સરખા પ્રિય હતા. એમના સ્વભાવની કુમાશ એ વખતે પણ પ્રસિદ્ધ હતી. મેઘાણીને ત્યાર પછી મેં ત્યાં જોયા નહિ, કારણ કે બીજી 'ટર્મ'માં એમણે ભાવનગર તરફ દૃષ્ટિ કરી, પણ બહુ જ ટૂંકો જણાતો એમનો એ પરિચય મારી સ્મૃતિમાં હમેશાં તાજો રહ્યો છે. એમણે ઓખાઈ જોડાને એવું ગૌરવ ભરેલું સ્થાન દર્શાવ્યું એટલું જ નહિ—આ વસ્તુ તો આપણી છે, આપણે જ એને અપનાવીએ એ વિચાર એમણે પહેલવહેલો આપ્યો.

ધીમે ધીમે ઓખાઈ જોડાની મશ્કરી પછી તો ઓછી થતી ગઈ અને કેટલાકને એ અનુકરણ કરવા જેવા પણ લાગ્યા; પરંતુ એ મશ્કરી સહી લેવાની હિમ્મત આપનાર એ હતા—એ ભૂલી શકાતું નથી.

આપણે ગુજરાતીઓ એવા જીવનને ટેવાયલા છીએ કે બનતાં સુધી ગેર ને ગેર કહેવામાં અશિષ્ટતા ને અસંસ્કારિતા દેખીએ છીએ. માણસ અજાતશત્રુ રહીને પોતાનું સ્વમાન, સ્વધર્મ ને સ્પષ્ટ વક્તૃત્વ જાળવી શકે છે એનું ઉત્તમમાં ઉત્તમ ઉદાહરણ મેઘાણીના જીવનપંથમાંથી મળી રહે તેમ છે. જે વખતે વિવેચનનો પંથ ખેડ્યો તે વખતે પણ અસિધારાવ્રતની પેઠે એમણે પોતાનો માર્ગ સ્પષ્ટ રાખ્યો હતો. એવું બને કે આવા સર્જકવિવેચકની દૃષ્ટિને વધારે પસંદ પડે એવી કોઇ બાબત આવતાં એ પોતાનાં વિવેચનમાં વધારે કલ્પનામય બને. છતાં એ દોષ-એમની સર્જક-પ્રતિભાનો અનુષંગી છે. પણ અનેક વિવેચકો જેમ બીખ્યારદષ્ટિથી, પોતાનું કયું હિત સધાવાનું છે એ ધ્યાન રાખીને Coward—બાયલાની માફક—વિવેચન કરવા બેસે છે એવું વિવેચન મેઘાણીએ કદાપિ પણ કર્યું હોય એ બન્યું નથી. આ એમના સંયમનો જેવો તેવો વિજય નથી. મેઘાણીમાં એક અદ્ભુત વિશિષ્ટ ગુણ એ હતો કે સાધારણ રીતે લેખકોમાં જે હોતો જ નથી. એમનામાં તેજોદ્વેષ ન હતો. ગુજરાતી સાહિત્યની ઉણપો એટલી બધી છે, કાર્ય-ક્ષેત્ર એટલું વિશાળ છે, ને કામ કરવાનાં એટલાં બધાં વણખેડ્યાં ખેતરો પડ્યાં છે, કે સાચી સર્જક પ્રતિભાને કોઇ પણ ઠેકાણે કોઈની સાથે અથડાવાનો પ્રસંગ આવે એવું કોઈ જ કારણ અસ્તિત્વ ધરાવતું નથી.

એમની આ દૃઢ માન્યતા એમણે ઘણી વખત પ્રગટ કરી હતી. ચૌલાદેવી લખતો હતો—ત્યારે એક પ્રકરણ એમને વંચાવવા ગયો. પોતે સાંભળીને કહે કે 'ભાઈ! જેને જેમ કહેવું હોય તેમ ભલે કહે—તમે આ વસ્તુને હવે સાંગોપાંગ પાર ઉતારો! એમાંથી

તમારી કલમ નવી શક્તિ ને નવી તાજગી મેળવશે!'

અને એમ જ બન્યું. એ પુસ્તક પૂરું થતાં એક નવો જ માર્ગ ઊઘડ્યો. અને ત્યાર પછી તો એ પરંપરા ઘણી જ લોકપ્રિય નીવડી. જો કે ચૌલાદેવી પ્રગટ થતાં એને અન્યાયી વિવેચનનો લાભ પણ મળ્યો હતો ખરો.

મેઘાણીના આ અકાલ અવસાનથી સૌરાષ્ટ્રે પોતાનો દિવ્યગાયક ગુમાવ્યો છે એટલું જ નથીઃ ગુજરાતને—તળ ગુજરાતને—ઘણું મહાન નુકસાન થયું છે. એ હવે ગુજરાતને ઉપાડવાના હતા. એમની પાસે કેવી દૃષ્ટિ હતી—એ તો 'માણસાઇના દીવા'એ બતાવી દીધું છે! ગુજરાતનું ધન આ પ્રમાણે પ્રગટ થતું રહી ગયું છે અને હવે બીજો 'મેઘાણી' તો આવે ત્યારે.

મારા પોતાના વાતાવરણમાં તો એક ગંભીર ગ્લાનિ આવી ગયેલી દેખાય છે. મેઘાણી—સાહિત્યકાર ગયા, એ બહુ અફસોસનો વિષય નથી, કવિ અને ગાયક ગયા એ પણ એવો દિલગીરીનો વિષય નથી, પત્રકાર, લેખક, કવિ બીજા કોઈ ને કોઈ પ્રગટ થશે. પણ મિત્ર મેઘાણી ગયા એ હવે ક્યારે ય નજરે નહિ ચડે, ક્યારે ય પાછા નહિ ફરે. કોઇ દિવસ વાળુ કરવા ને વાતો કરવા નહિ આવે. જનાર જાય છે ત્યારે જ ખબર પડે છે કે એ આપણા જીવનમાં વસે છે!

હવે તો એમનું એક મીઠું સંસ્મરણ માત્ર જીવનમાં સચવાઇ રહેશે

કોઈ વખત, જીવનની એકાદ એવી વિરલ નીરવ પળે, ચારે તરફની શાંત ચાંદની વરસાવતી રજનીમાં, લીમડાની જાળીમાંથી તેજછાયાની સુંદર ગૂંથણી વચ્ચે થઇને, પોતાની એ ભાતીગળ નાનકડી હાથથેલી લઇને ઘેઘુર મદભરેલી મોટી વિશાળ આંખોની દૃષ્ટિ કરીને એમનાં રૂપાળાં વાંકડિયાં ઝુલ્ફાં અને સાફા પાઘડી પહેરીને કોઇક વખત, જાણે આવીને જાળી ખખડાવીને, મેઘાણીભાઇ, પોતાનો મીઠો, ઘેરો, નેહભર્યો, અવાજ આપશે—'જો શી ભાઇ! એ જો...શી ભા ઈ!'

આવું કોઇક વખત—એક વખત જો શક્ય બને—પરંતુ અરે! આ તો કલ્પના છે! માણસને કલ્પના કેટલો રસ આપે છે, કેટલું દુઃખ આપે છે, કેટલું સુખ આપે છે, કેવી કેવી આશા અને કેવો આનંદ આપે છે—અને જીવનની કેવી વ્યર્થ મોહિની પણ આપે છે!

અને છતા લાગે છે કે આ એક જ અવલંબન ઉપર સંસારની સઘળી જ મધુરતા ટકી રહી છે! કલ્પના ઉપર.

પણ એવું તો નહિ હોય કે આ આપણે સૌ ભેગા થતા, મેઘાણીનો કંઠ સાંભળતા, કરુણા, પ્રેમ અને શૌર્યની રસતરંગાવલિ પ્રગટતી—એ સઘળી જ સૃષ્ટિ કલ્પનામય હતી—ખરી રીતે ત્યાં કોઈ જ ન હતું અને કાંઇ જ ન હતું, માત્ર સ્વપ્નનું પણ સ્વપ્ન હતું—અને આ હવે પ્રગટતી કલ્પના એ જ પરમ સત્ય સૃષ્ટિ હતી? એમ તો નહિ હોય?

અને આ અકાલને પણ પોતાની આવી ફિલસુફી નહિ હોય? "My son, it is a greater achievement to do good work in spite of a sick body, than to cure the body itself."

શું હશે એ કેવળ કલ્પના છે. અને શું થયું એ પણ *કલ્પના છે. હવે કલ્પના વડે કલ્પનાનો આનંદ લેવો* એ એક જ સમાધાન અત્યારે તો આપણી પાસે રહ્યું છે. છતાં 'મેઘાણી ગયા—' એ હજી પણ માનવાનું મન થતું નથી. અને કદાચ એમ નહિ હોય કે એજ સાચું હશે? મેઘાણી નહિ જ ગયા હોય! સોરઠના કોઇ ને કોઈ ડુંગરાની ટોચે પોતાની પેલી કરુણ સ્વરાવલિ પાવામાં ઉતારતા એ થોડો વખત આરામ લેવા એકાદ ઝાડને છાંયે બેઠા તો નહિ હોય! પોતાની ગીતાવલિને પાવામાં ગાતા—

'પેલાં સાગરમાં વસનાર, માડી ! મને બાળ બોલાવે
એનાં હૈયાં તે કેવાં હેતાળ, માડી ! મને રમવાં બોલાવે
આજે આંહીં આવી નોકળ્યાં
કાલે ક્યાં વળી જશું
કોઈ હિસાબ ન રાખતું
ક્યાંયે રાત રોકાશું
એવાં વાદળમાં વસનાર માડી ! મને બાળ બોલાવે.

અને પર પ્રાંતનો કોઈ રખડુ સમરસી લોકગાયક ક્યારેક માતા ગુર્જરી પાસે આવી ચડશે અને પૂછશે,

'રે મા ! પૂછશે ક્યાં ગયો બચુડો—'

તો મા ગુર્જરી, બીજો મેઘાણી ક્યાંથી બતાવશે ? અને મેઘાણી વિના તો આ પ્રત્યુત્તર આપીને જ એ આશ્વાસન લેશે:

'કહેજે કે બેન ! બચુ આ રે બેઠો
મારી આંખ કેરી કીકીઓમાં રૂડો,
હો બેન ! મારે ખોળલે ને હૈયા માંય
બાળ મારો બેઠો છે સંતાઈ !'

શ્રી. મેઘાણીભાઈના બે જૂના પત્રો

સ્વ. ઝવેરચંદ મેઘાણી સૌરાષ્ટ્રના સંપાદન વિભાગમાં જોડાયા એ અરસામાં એમણે શ્રી ધૂમકેતુ પર લખેલા બે પત્રોમાંથી અગત્યનો ભાગ અહીં આપ્યો છે. એમાંથી પણ સાહિત્ય ક્ષેત્રે એ કાળે નવી ભાત પાડી જવાની એમની પ્રબળ વાંછના દેખાય છે.

—સંપાદક

સૌરાષ્ટ્ર, રાણપુર
તા. ૨૯-૧૨-૨૨

ભાઈશ્રી

ગઈ કાલે કાગળ મળ્યો, આજે રજીસ્ટર મળ્યું... લખેલી સૂચના પ્રમાણે કરવા બનતું થવાનું જ. જાહેરખબરોનો કચરો ખરેજ કલાની ખામી બતાવે છે એ વાત આંહીં મેનેજરને અમૃતભાઈ કહી નથી ગયા. છતાં મેં મેનેજરને એ વાત વિચારવાનું વિનવ્યું છે. એમના તરફથી મૂંઝવણો બનાવારો પણ જોઈ લઈશ. વાર્તાની શોભા સાચવવામાં ખુદ પેપરનું જ હિત રહેલું છે. વાર્તાને એક અત્યંત આકર્ષક અંગ બનાવવા માટે અમૃતભાઈ તલશે છે એટલે આપ નિશ્ચિંત રહેજો. મારો અભિપ્રાય હું વાંચીને મોકલાવીશ. નવચેતનની સમાલોચના સંબંધે તમારો ઠપકો હું સમજી શક્યો છું. પૃથ્વીશ સંબંધે મારો એ નિખાલસ અભિપ્રાય જ હતો. તમારા તરફ પક્ષપાત હોવાનું મને કારણ નથી. અલબત્ત તુલના શક્તિનો દોષ હોય...

સમાલોચનાને critical બનાવવાનું ક્ષેત્ર હજુ 'સૌરાષ્ટ્ર' માં નથી. એટલે જ લગાર પ્રોત્સાહન, ને લગાર ટકોરથી જ પતાવવું પડે છે. માસિક 'સમકાલીન સાહિત્યસૃષ્ટિ'ની તમારી યોજનાને હું વેળાસર લાવવા યત્ન કરીશ. તમે પ્રસંગોપાત કાંઈક ફાળો ન આપો ?

સૌરાષ્ટ્રની ખામીઓ આપણે સહુ સમજીએ છીએ. ધીરેધીરે દૂર કરી દેવા કોશીશ કરવી જ ઘટે. તમારા તરફથી વારંવાર ધ્યાન ખેંચાતું રહે તો સારું. પ્રત્યેક અંકને હળવી ખુબી કે ખામી ન બતાવો ? એજ

લિ. સેવક
ઝવેરચંદ

રાણપુર
તા. ૨૧-૧૨-૨૧

ભાઈશ્રી

આપના તરફથી 'રસઝરણ ને રસાયન' તથા 'રાજમુકુટ' ની પ્રસ્તાવના વગેરે મળ્યાં છે...

આપની વાતાઓ, લેખો, સંવાદો, એ હું જ્યાં હોય ત્યાંથી શોધીને વાંચી જાઉં છું. વાચીને મને લાગે છે કે કાઠીઆવાડમાંથી આપે ઘણી પ્રેરણા પીધી છે. કાઠીઆવાડને આપ કંઈક કહેવા માગો છો. તેર પછી આપની વાણીનું વાહન સૌરાષ્ટ્ર કા ન બને ? હું આપને સૌરાષ્ટ્રના ઉપર અહેસાનની લાગણીથી સૌરાષ્ટ્રનાં પાના ભરવાનું કહેણ નથી મોકલતો...સૌરાષ્ટ્ર માટે શરમાવીને લખાવવાની મ્હારી આકાંક્ષા નથી. No I want Dhumketu at his best in Saurashtra. ૪૦-૫૦ હજાર સૌરાષ્ટ્રવાસીઓને તેમની વાણીમાં કંઈક આડવાડીએ, પખવાડીએ કહી સંભળાવો એ હું માગુ છું, બસ શોખથી-શામ કે શિષ્ટાચારથી નહીં.

એક વિષય સૂચવું ?—રાજકુમાર કોલેજમાં કાઠીઆવાડી બાળકુમારોની હાલત તો જાણતા હશો. નાટ્ય સંવાદ રૂપે કંઈક ન લખો ? બાકી તો 'ગોવિંદનું ખેતર' આલેખનાર ધૂમકેતુ એજ ગોવીંદને ઝેર પવરાવી હણી નાખનાર અમદાવાદ શહેરમાં રહે, એટલે વિશેષ તો શું આશા રખાય ?

ત્રીજું—તમારા 'કુમારપાળ' અને 'સિદ્ધરાજ'વાળા સાહિત્યના અંકો હોય તો વાંચવા મોકલજો...

ચોથું—'રસધાર' ભાગ ૨ જું મોકલું કરીને બેઠો છું. હવે લખુ તે અમારૂની શૈલીએ જ ને ? કંઈ નવી લાઈન લેવા જેવી હોય તો કહેજો. તમારું સાંનવપણું મેં ખોયું નથી, નહીંતો કદાચ વધુ સારી શૈલીનો પ્રવાહ આવત હોય એજ

લિ. સેવક
ઝવેરચંદ મેઘાણીના વંદન

ભૂલ્યો ભૂલાય શેં એ સ્નેહ ?

ઈશ્વર પેટલીકર

સોમવારે સાંજે, દરરોજના નિયમ મુજબ ફરવા ગયો હતો તે થોડો મોડો ઘેર આવ્યો. દાદર ચઢતો હતો ત્યારે રેડિયોનો અવાજ સંભળાતો હતો. વડોદરા રેડિયો સ્ટેશને સાંજે આઠ વાગે શરૂ થતા ગુજરાતી સમાચાર ચાલુ થઈ ગયા હતા. મારી પડોશની રૂમમાં જ રેડિયો છે એટલે ઇચ્છાઅનિચ્છાએ કાનને સાંભળવું પડે છે, બટન ખોલી પહેરણ કાઢવા હાથ ઊંચા કરતો હતો ત્યાં રેડિયોનો અવાજ આવ્યો.

'ઝવેરચંદ મેઘાણી......'

રેડિયોમાંથી આગળ અવાજ નીકળે તે પહેલાં મારું મન દોડી ઊઠ્યું: 'મેઘાણીભાઈનો કંઈ પ્રોગ્રામ છે કે શું ?'

પહેરણ કાઢવા ઊંચા થયેલા મારા બન્ને હાથ આપોઆપ મૂળ સ્થિતિમાં આવી ગયા. કાન સાંભળવા અધિરા થઈ ગયા.

ત્યાં...ત્યાં......ધરતીકંપ થયો: '...નું બોટાદ મુકામે હૃદયબંધ થઈ જતાં અવસાન થયું છે!'

ઘડીભર મારી આખી રૂમ ચકડોળે ચડી હોય તેમ મારી સૃષ્ટિ ફરવા લાગી. ક્ષણ પગ ત્યાં જ રોપાઈ ગયા. પરંતુ એ આઘાત ઉપર થોડો કાબૂ મેળવતાં હું રેડિયો વાગતો હતો એ રૂમમાં ગયો.

મારા પડોસી શ્રી. પરીખ મને એ સમાચાર આપવા તેજ ઘડીએ મારી રૂમમાં આવવા ઊભા થયા હતા. મેં બોલી મને તે સમાચાર આપે તે પહેલાં મેં આંગળી વતી ઇશારો કર્યો. હૈયું કોઈ રીતે વાત માનવા તૈયાર ન હતું. આજે પણ આંખ આગળ સ્વ. મેઘાણીભાઈ એટલા હાજરાહજૂર ઊભેલા દેખાયા કરે છે કે, એમનું મૃત્યુ એ બીના જ હૃદય કોઈ રીતે માનતું નથી. અને એ હૃદયનું માનવું ખોટું પણ શું છે? એમનો નશ્વર દેહ ભલે વિલય થયો, પરંતુ એનો અમર આત્મા તો ગૂજરાતના હૃદયમાં એવો પ્રેમાકાર થઈ ગયો છે કે સૌનો એ લાડકવાયો અમર જ છે!

*

ગુજરાતી સાહિત્યિક જનતાનો એમના પુસ્તકોથી એમણે જે રીતે પ્રેમ સંપાદન કર્યો હતો, એ રીતે એમનાં પુસ્તકો વાંચીને મને પણ એમના પ્રત્યે આદર જન્મ્યો હતો. પરંતુ એ આદર જન્મ્યા છતાં મેં એમને દીઠા ન હતા. વર્તમાનપત્રમાં ફોટો જોયો હશે છતાં એનો કંઈ ખ્યાલ ન હતો. સન ૧૯૪૧માં અમદાવાદમાં કોમી હુલ્લડ ફાટી નીકળ્યું અને ફૂલછાબમાં 'મુખડા કયા દેખે દર્પનમેં' એ કટાક્ષચિત્ર માટે એમના ઉપર કેસ થયો ત્યારે વર્તમાનપત્રોમાં એ અંગે છપાયેલા સમાચાર સાથે જે ફોટો એમનો આવેલો તે મારા અંતરમાં જડાઈ ગયેલો.

એ પછીની ગાંધીજયંતી વખતે વડોદરા તેઓ ભાષણ કરવા આવ્યા હતા. એ કામ પતાવીને બોટાદ જવા એ સાંજના વડોદરા સ્ટેશને ફાસ્ટના ઈન્ટરક્લાસમાં બેઠા હતા. પાદરા તાલુકામાં હું તે વખતે શિક્ષક તરીકે નોકરી કરતો હતો એટલે વતન જવા વિશ્વામિત્રીથી એ જ ફાસ્ટમાં હું બેઠો હતો. ગાડીમાં તે દિવસે આજના જેવી ભીડ કે જગા ખૂંટવાઈ જવાની બીક નહોતી એટલે વડોદરા સ્ટેશને હું પ્લેટફોર્મ ઉપર અમસ્તો ફરવા લાગ્યો. ઈન્ટરના ડબ્બા આગળ વડોદરા કોલેજના બેચાર પ્રોફેસરો ઊભેલા જોતાં હું ત્યાં ગયો. બારી આગળ બાંધી દડીનો, મજબૂત અને કાઠિયાવાડી ફેંટો બાંધેલ પુરુષ બેઠો હતો. એકદમ તો મને ઓળખાણ ન પડ્યું. પરંતુ વર્તમાનપત્રમાં જોયેલા ફોટા ઉપરથી મનને ગડ બેઠી કે આ તો મેઘાણી! મારું આ એમનું પહેલું દર્શન!

કોઈ ભક્ત પોતાના ઇષ્ટદેવની રોજ રોજ પૂજા કરતો હોય અને એક દિવસ એ પ્રત્યક્ષ હાજરાહજૂર દર્શન દે, અને જે આદરથી તે એને નીરખી રહે તે

પ્રેમાદરથી હું એમને તે ઘડીએ નીરખી રહ્યો! આણંદ સ્ટેશને મારે ઊતરી જવાનું હતું એટલે ફાસ્ટ ઊભો રહેતાં હું ઊતરી પડ્યો. અને જે થોડી ઘડી ગાડી ત્યાં ઊભી રહી હતી તે ધન્ય ઘડી એળે ન ગુમાવતાં હું પાછો ઈન્ટરના ડબા આગળ દૂર જઈને ઊભો રહ્યો. કોઈ એક ભાઈ એમને મળવા આવ્યા હતા તે વાતચીત હું દૂર રહ્યો રહ્યો એમને લઈને ફાસ્ટ ઊપડી ગયો ત્યાં સુધી વાગોળ્યા કરતો હતો. તેમના લખાણથી હું ગાંડોઘેલો બનતો એ મેઘાણીને મેં આજે જોયા. મારા હૃદયમાં આનંદ આનંદ વર્તાઈ રહ્યો.

શી પ્રભુની અકળ કળા છે! એ જ દેવ એક દિવસ મને વગર દીઠયે કર્યે મારા ઉપર તુષ્ટાયમાન થયા! '૪૪ના એપ્રિલની એક સવારે મારા ઉપર એક પત્ર આવ્યો :

" ભાઈશ્રી,

" તમને ઓળખતો નથી પણ 'પ્રજાબંધુ'માં તમારી વાર્તા વાંચું છું. તળપદા ગ્રામજીવનના મર્મો તમે પકડી શક્યા છો. તમારી પાસે આવી કોઈ બીજી લાંબી વારતા તૈયાર છે ખરી? જવાબ લખવા વિનંતિ છે."

લી. સેવક,
ઝવેરચંદ મેઘાણી.

સુદામા બિચારા કૃષ્ણની કૃપાને લીધે અષ્ટ રિદ્ધિસિદ્ધિ મળતાં જેમ આભા બની ગયા હતા તેમ હુંય આ પત્ર જોતાં આભો બની ગયો! મારે મન એ પત્ર નહોતો પણ પ્રભુની ખુદ પધરામણી હતી! તે વખતે મારું એકેય પુસ્તક બહાર પડ્યું ન હતું. તેમ જ સાહિત્યિક જગતના લેખકોનો મને સહેજ પણ પરિચય ન હતો.

મેં એ પત્રનો જવાબ લખ્યો: " આપના જેવાનું મારી કલમે ધ્યાન ખેંચી શકી છે, એ મારે મન 'પ્રભુ પધાર્યા' જેટલો આનંદ છે.' એના જવાબમાં એમણે લખ્યું : 'તમારી કલમે મારા જેવા ઘણાને આકર્ષ્યા હશે. ઊગતાને તો અમારે અસ્તાચમાનોએ વંદન જ કરવા જોઈએ!' અને આ પરિચયની મૂડી ઉપર મેં 'જનમટીપ' પુસ્તકાકારે પ્રસિદ્ધ થવાની થઈ ત્યારે એમને પ્રસ્તાવના લખી આપવા વિનંતિ કરી. તેના જવાબમાં એમણે લખ્યું : 'સામાન્ય રીતે તો હું પુસ્તકોની પ્રસ્તાવના લખતો નથી, પણ તમારા પુસ્તકની પ્રસ્તાવના લખવામાં મને ઘણો આનંદ થશે. એવા સારા પુસ્તકની પ્રસ્તાવના લખવામાં તો ઊલટાનો ગર્વ થાય. જરૂર લખીશ!' મારું આ એમનું પત્ર દ્વારા બીજું દર્શન.

તે પછી '૪૪ના ઑગસ્ટ–સપ્ટેમ્બરમાં તેઓ બિમાર થતાં અમદાવાદ સારવાર માટે આવ્યા હતા. શ્રી. રવિશંકર રાવળને ત્યાં એઓ ઊતર્યા હતા. તે અરસામાં પંડિત ઓમકારનાથને રણજીતરામ સુવર્ણચંદ્રક આપવાનો મેળાવડો ગોઠવ્યો હતો. પરંતુ અતિ વરસાદને લીધે રેલ્વેમાં ભંગાણ પડ્યું. મુંબઈનો રેલ્વે–વ્યવહાર અટક્યો. એ મેળાવડાની તારીખ બંધ રહી; પરંતુ તે દિવસને ખાલી ન રાખતાં ગુજરાત સાહિત્ય સભાએ મેઘાણીનું વ્યાખ્યાન રાખ્યું હતું વિષય હતો—મને થયેલું ગુર્જરીનું દર્શન. એમના કંઠની વાત તો ઘણી સાંભળી હતી. પરંતુ તે દિવસે પ્રથમ મેં એમને સાંભળ્યા. લોકગીતની ગુર્જરીનો મરમો, એની કથા જે હાવભાવથી એમણે રજૂ કર્યાં એ જોઈ મને થયું કે સાચે જ આ પુરુષ તો બધી કળાની કુદરતને ઘેરથી બક્ષિસ લઈને આવ્યો છે. મારું આ એમનું કંઠશ્રવણ દ્વારા ત્રીજું દર્શન.

મેળાવડો પૂરો થતાં હું એમને મળીશ એમ મેં વિચાર્યું હતું. પરંતુ વ્યાખ્યાન પતી જતાં લોકો દાદર ભણી જવાને બદલે સ્ટેજ ભણી વળવા લાગ્યા. સૌનો પ્રેમ સંપાદન કરેલા એ લાડકવાયાને નજીકથી જોવા, મળવા, લોકોનો એમની ચોમેર ફિરસો રચાઈ

ગયો. મારો ત્યાં શો ગજ વાગે! દીઠે મને ઓળખે પણ નહિ. લોકોનો ધસારો ઓછો થવાની રાહ જોતો હું થોડે દૂર ઊભો હતો. કિલ્લો ચોમેર રચાયેલો હતો અને એ દાદર ભણી ચાલ્યા. મને થયું ચાલો નીચે મળીશું. ત્યાં મને શ્રી. ઉમાશંકરે જોયો. પૂછ્યું 'મળ્યા?' અને મારો હાથ ઝાલીને કિલ્લામાં બાકોરું પાડી એ મને એમની પાસે લઇ ગયા. કહ્યું—આ પેટલીકર.

વર્ષોથી પરદેશ ગયેલ પોતાના પુત્રને મળતાં પિતા જેમ બરડે હાથ ફેરવી ખબરઅંતર પૂછે તેમ મને થાબડતાં મોં મલકાવીને એ બોલ્યાઃ 'અમદાવાદમાં ક્યારના આવ્યા છો?' અને બીજે દિવસે સવારમાં નિરાંતે વાતચીત કરવા મને શ્રી. રાવળના બંગલે બોલાવ્યો. બારસો અઢી કલાક એમણે મારી સાથે પ્રેમભરી વાતો કરી. લેખન વિષે કંઈ કંઈ પૂછ્યું. એ સર્વના સાર રૂપે શિખામણ આપતાં મને બંગલા બહાર વળાવવા આવ્યા હતા ત્યાં ઊભા રહીને કહ્યું: 'ગુજરાતને મેઘાણી કે પેટલીકરની કંઈ જરૂર નથી. એને જરૂર છે, જે કલમમાંથી એની વાણી આકાર લે છે તેની. એટલે એ કલમને વફાદાર રહી, બને તેટલો પરસેવો પાડી સારું સર્જન કરવાનો હમેશ પ્રયત્ન કરવો, એક વખત નામ ચલણી સિક્કા જેવું થયું છે. માટે ગમે તે ચાલશે એમ માની ઘસડયે રાખનારને ગુજરાત ફેંકી દેશે. ફેંકી દેવા જોઈએ. એટલે હવે તમારી પાસે ગુજરાત 'જનમટીપ'થી કઈ વધુ સારું મેળવવાની આશા રાખશે, અને એ આપવાનો જ આપણો પુરુષાર્થ હોવો જોઈએ.' મારો આ એમની સાથેનો પ્રથમ અંગત પરિચય.

ત્યાર બાદ '૪૫માં 'માણસાઈના દીવા' એમણે લખ્યું તે પહેલાં પૂ. રવિશંકર મહારાજ સાથે અઠવાડિયું એ મહીકાંઠો અને એ પ્રદેશ જોવા ચરોતરના પ્રવાસે આવ્યા ત્યારે રાતવાસો આણંદમાં પૂ. મહારાજ સાથે ચરોતર એજ્યુકેશન સોસાયટીમાં રહ્યા હતા. મને થયું કે જે મારા ઉપર આટલો ભાવ રાખે છે તેમને મારે ઘેર બોલાવી જવા જોઈએ. પરંતુ મારી જીભ ન ઊપડી. થયું કે એવા મોટા માણસને અંગત સંબંધ હોય તેમ આમંત્રણ આપવું એ ધૃષ્ટતા કહેવાય. ક્યાં રાજા ભોજ અને ક્યા ગાંગો તેલી! પ્રોત્સાહન માટે ઊગતો લેખક જાણી એણે સહાનુભૂતિ બતાવી માટે એટલી અંગત સંબંધ જેવી છૂટ લઈ શકાય?

તે પછીના થોડા મહિનાની જ વાત છે. શિયાળાનો દિવસ હતો. ઠંડીને લીધે મારી રૂમનું બારણું બંધ રાખેલું હતું. હું નાહીને આગલા ખંડમાં કપડાં પહેરતો હતો અને બહારથી અવાજ સંભળાયોઃ 'પેટલીકર અહીં રહે છે!'

મને તો ખબર નહોતી કે એ અવાજ કોનો હતો. મેં બારણું ખોલ્યું. મારી અજાયબી વચ્ચે, જેમને ઘેર બોલાવવા આમંત્રણ ન અપાય તેવા મોટા માનતો હતો તે વગર આમંત્રણે, મારું ઘર ખોળતા બારણે ઊભા હતા!

આવકાર આપતાં મેં કહ્યું 'અત્યારમાં ક્યાંથી?' મારા સમવયસ્ક અને ગાઢ મિત્ર હોય તેમ એમણે જવાબ આપ્યોઃ 'ભાઈને કહ્યું, ચાલો પેટલીકરને ત્યાં જઈ દાતણ કરી ચા પીતા આવીએ' ભાઈ એટલે ભારતી સાહિત્ય સંઘવાળા શ્રી. ઇશ્વરલાલ દવે. સુરતથી આવ્યા હતા અને પૂ. મહારાજને મળવા ખભાત લાઇનમાં બોચાસણ જવાના હતા. વચ્ચે દોઢ–બે કલાક આણંદ વખત હતો, તેનો લાભ મને મળ્યો. અને તે ય મિત્રતાને દાવે! પછી તો મારો સંકોચ ચાલ્યો ગયો. પ્રથમ આવ્યા ત્યારે મને આવેલો વિચાર મેં એમને કહ્યો એમણે હસીને કહ્યું: 'અરે! એવું તે હોય! તે દિવસે ય મને ખ્યાલ હતો, પરંતુ વખત નહોતો એટલે જ, બાકી મારે તમારે ઘેર આવવામાં આમંત્રણ શું જોઈએ!'

આમ 'જનમટીપ'ની - વાર્તાથી થયેલો મારો એમની સાથેનો પરિચય અંગત રીતે વધતો ગયો

એટલું જ નહિ પરંતુ મારા લેખનમાં પણ તેમણે ઘણો રસ લીધો છે. એવા સિદ્ધહસ્ત કલાકારને મારા જેવાના લખાણમાંથી એટલો બધો તો શું રસ આવે? પરંતુ શ્રી. દિલીપ કોઠારીએ 'જન્મભૂમિ'ના તા. ૧૨-૩-'૪૭ ના કલમકિતાબમાં એમના અંગે જે કહ્યું છે : ' સાહિત્ય જગતમાં નવા આવતા, ઊછળતા વછેરાઓને જોઈ હમેશાં એ આનંદતાં. એ દૃષ્ટિએ જોતાં એમનામાં અન્યની નાનામાં નાની સિદ્ધિ માટેનો જે આદર જોયો છે તે આશ્ચર્યજનક છે.' આ એમનો ગુણ મેં ખૂબ ખૂબ અનુભવ્યો છે.

'ધરતીનો અવતાર'ની મારી હસ્તપ્રત એ વાંચી ગયા હતા. મેં એમને વાંચવા આપવામાં સંકોચ અનુભવ્યો હતો, કારણ કે એમનો કિંમતી વખત ઝૂંટવી લેવાનો મને એટલો શો અધિકાર? પરંતુ ઉપર કહ્યો તે ગુણ એમનામાં એટલો બધો હતો કે ઊછળતા વછેરાઓ એ વહાલને પોતાની સાચી આવડત માની બેસવાની ભૂલ કરી દે! મને કહેઃ 'તમારી વાર્તા વાંચવામાં ઊલટાતો મને રસ પડે છે. જરૂર વાંચીશ.'

'ધરતીનો અવતાર' વાંચી મને લખ્યુંઃ 'વાર્તા ગમે છે. ફક્ત બીજા ખંડમાં ગેમલનું ઓચિંતું પરિવર્તન કરાવ્યું છે તે ઉતાવળું છે. માટે એકાદ બે પ્રકરણ ઉમેરી ક્રમિક બનાવો તો સારું.'

આ વાર્તા લખ્યાં મને ૭ આઠ મહિના તે વખતે થઈ ગયા હતા. મેં લખ્યુંઃ 'આપની સૂચના જાણી. પરંતુ મારી સ્થિતિ એવી છે કે જ્યારે હું વાર્તા લખતો હોઉં છું ત્યારે પાત્રો મારા મગજમાં ધામો નાખીને પડ્યાં હોય છે, અને એ પૂરી ન કરી હોય ત્યાં સુધી ખસતાં નથી. પરંતુ એક વખત એ લખાઈ ગયા પછી એ પાત્રો મને છોડીને કાયમનાં ચાલ્યા જાય છે. એટલે એમને ફરી પાછા બોલાવવા મારે માટે શક્ય હોતું નથી. અને છતાં બળજબરીથી પકડી મંગાવું તો પણ એ મનમૂકીને પહેલાંની જેમ વાત કરતાં નથી.'

આના જવાબમાં એમણે લખ્યુંઃ 'તમારું કહેવું, આપણા દરેકને માટે એકંદરે સાચું છે. મૂળનું સંવેદન નથી જાગતું એ મને પણ અનુભવ છે. તો ભલે, કૃતિને એવું થીગડું મારવાને બદલે એની એટલી અપૂર્ણતા સાથે બહાર આવવા દો.'

એ જ રીતે એ મારી 'માનતા' વાર્તા વાંચી ગયા. એક વખતના વાચનથી સંતોષ ન થયો હોય તેમ ફરીથી વાંચી ગયા, અને અમદાવાદ આવ્યા ત્યારે મને રૂબરૂ બોલાવી તે અંગે એમણે મને હસ્તપ્રતનાં પાન ઊથલાવતાં ઊથલાવતાં જે જે કહેવું હતું તે કહેવા માંડ્યું: 'આપણા લેખકે વાર્તાની વચ્ચે ખલેલ કરવાનું કોઈ કારણ નથી વાર્તા આપણે કહેતા નથી, પણ સાભળતા હોઈએ તેમ વાર્તાને સ્વતંત્ર રીતે વહેવા દેઈ આપણે તો એને પગલે પગલે ચાલવાનું છે.'

હસ્તપ્રતનાં પાન ફેરવતાં કરેલી નિશાનીઓ પ્રમાણે ત્રુટીઓ બતાવતાં એ વાર્તાકલા ઉપર આમ વિધવિધ સૂચના આપતા જતા હોય અને વચ્ચે વચ્ચે એમને ગમી ગયેલો ભાગ આવતા એનો પણ ઉલ્લેખ કરે : 'તમારી વાર્તાઓ નીચલા વર્ગની છે માટે મને ગમે છે એવું નથી. તમે એમને એ કચડાયેલાં છે, દુ:ખી છે, દયાખાવા જેવાં છે,\ એમ એના વકીલ બની રજૂ કરતા નથી, પરંતુ સ્વતંત્ર રીતે એમનામાં પણ ગુણદોષ અને શુભાશુભ લાગણી છે તે સ્વાભાવિક રીતે રજૂ કરો છો તેથી મને ગમે છે.'

અને એ રીતે 'માનતા' વાર્તા પ્રવાહને એકધારો વહેતા મેં જ્યાં જ્યાં અકારણ અડચણો ઊભી કરી હતી તેવું છૂટક છૂટક વીસ-ત્રીસ પાનનું લખાણ એમણે મારી સાથે એ અંગે ચર્ચા કરી મારા હાથે છેકાવી નંખાવ્યું હતું

અને છેક છેલ્લે, મારાં પ્રસિદ્ધ થયેલાં પુસ્તકો 'પટલાઈના પેચ' અને 'તાણાવાણા' એમને મોકલ્યા ત્યાર પછી તા. ૧૧-૨-'૪૭ના રોજ લખે છે ; 'તમારા પુસ્તકોની પ્રસાદી મળી ઘણો આભાર.

'તાણાવાણા' તો તુરત વંચાવા ય માંડ્યું છે. નીચલા થરના મધ્યમવર્ગની જીવનસૃષ્ટિનું તમારું અવગાહન મને સ્પર્શે છે. તમે એ પ્રદેશના પ્રતિનિધિ જેવા બની રહ્યા છો !'

કોને ખબર હતી કે એમનો મારા ઉપરનો આ છેલ્લો પત્ર હતો !

એમની સાથેની ઘણી મુલાકાતો મને ઓચિંતી ભારતી સાહિત્ય સંઘ લિ.,ની ગાંધીરોડ ઉપરની અમદાવાદ ઓફિસે થઈ હતી પ્રેમ હોય એ માણસ સામું જ મળે, એમ સાધારણ કહેવાય છે એમ ટૂંકા ગાળામાં અમે અચાનક ઘણી વખત મળ્યા છીએ.

એવી એક મુલાકાતમાં, હું ગયો એવો ટેબલ તરફ માથું ઝૂકેલું હતું તે ઊંચું કરતાં એ બોલ્યા : 'ભાઈ ઉપરના તમારા કાગળથી મેં ગઈ કાલે જાણ્યું કે તમને માથાનું દરદ થયું છે.' અને હું તેમની પાસેથી ખુરસી ઉપર બેઠો ત્યારે મારે ખભે હાથ મૂકતા એ બોલ્યા : 'એવું તો મને ય થાય છે દવા શું કરો છો !' મારા જવાબની રાહ જોયા વગર એમણે કહ્યું : 'કાળી માટીને પલાળીને માથે મૂકી રાખો. સૂતી વખતે પગનાં તળિયાએ કાસાની વાટકી વતી ઘી ઘસાવો. વગેરે . ...' અને હું છૂટો પડવાનો થયો ત્યારે કહ્યું, 'એ જરૂર કરજો. અને આરામ થાય એટલે મને કાગળ લખજો '

કાળની દૃષ્ટિએ જોવા જાઉં તો, આમ તો મારો એમની સાથે ત્રણ વર્ષનો અલ્પ જ સબંધ કહેવાય. છતાં એટલા વખતમાં ય એમના તરફથી મેં જે લાડ માણ્યાં છે, જે પ્રેમ પીધો છે, વિચાર કરતાં થાય છે કે એ બધો ભાવ વ્યક્ત કરવાની મારી શક્તિ હોત તો ?

એમના સ્મરણો લખતા મેં મારા વિષે એટલો બધો ઉલ્લેખ કર્યો છે કે જે મારા સ્વભાવની વિરુદ્ધ હોવા છતાં, આત્મશ્લાઘાનો ભય વહોરીને પણ એ લખ્યા વગર રહી શક્યો નથી અને તે એટલું જ બતાવવા કે જેની સાથે કોઈ જાતનો પૂર્વ પરિચય ન હોવા છતાં 'ઊગતા વહેરાઓ'ને જોઇ એ કેટલા આનંદતા હતા. પિતાની મમતાથી એને વખાણના જેવા લાડ કરતા હતા ખામી માટે મીઠાશથી કેવું દિશાસૂચન કરતાં હતા અને છતાં મુરબ્બીવટ દાખવ્યા વગર કેટલી આત્મીયતા કેળવી મિત્રભાવ જ હૃદયમાં માણતા હતા

અને આ બધું શા માટે ? કયા સ્વાર્થ માટે ? સાહિત્યના એ સાચા ભેખધારી હતા અને સાચા ભેખધારીને પોતાનો વારસો લેનાર કોઈ લાગે તો એને પલોટવામાં અતિ આનંદ જ આવે. સાહિત્ય એ એમને મન પ્રજાનું કિંમતી ધન હતું, સંસ્કૃતિ હતી એ વારસામાં કોઈ વધારો કરે એવો લાગે, એને પોષણ આપે એટલી આશા દાખવે, તેટલાથી એ હરખાતા. એને લાયક આજ નહિ તો આવતીકાલ પણ એ બનશે, એવી શ્રદ્ધા રાખીને ઊગતા વછેરાઓને લાડ કરાવતા કરાવતા પલોટતા હતા. કેવળ નિસ્વાર્થ ભાવે !

પ્રથમ હું તેમના લખાણથી મુગ્ધ થયો હતો. પછી તેમના માયાળુ પત્રોથી આકર્ષાયો. એમનો કંઠ સાંભળીને તો ગાંડોઘેલો થઇ ગયો. એમણે મારી લેખન પ્રવૃત્તિમાં લીધેલો રસ અને કરેલું માર્ગદર્શન માટે તો હું સદાનો ઋણી છું જ.

પરંતુ આજે જ્યારે જગત કહે છે કે એ ચાલ્યા ગયા ત્યારે એમની મૂર્તિ મારી સન્મુખથી ખસતી નથી. અને સાચે જ અવસાન નિમિત્તે સમાચાર સાથે છપાયેલ એમની છબી જોઈ આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. આજે એ છબી સામે એકીટસે તાકીને જોઈ પણ શકતો નથી.

મારી આંખને ભીંજવી જાય છે તે, મેં ઉપર ગણાવ્યા તે, મુગ્ધતા, આકર્ષણ, ગાંડપણ કે ઋણ નહિ એથી તો મારું હૈયું એમને આદરથી વંદન, પૂજન. પણ પુત્ર જે વાત્સલ્ય પિતા તરફથી પામે, એ સ્નેહ મેં એમનો મારા ઉપર ઊભરાતો અનુભવ્યો છે એમાં હું તણાયો છું, અને તરબોળ બન્યો છું. એથી મારું હૈયું એમનું નામ સ્મરણ થતા ભીંજાય છે. અને બુદ્ધિને પોકારીને એ કહે છે કે, ભૂલવા મને કહે છે પણ એ સ્નેહ ભૂલાય ક્યાંથી ?

તા. ૧૩-૩-૪૭.

રાજ મને લાગ્યો મેઘાણીનો રંગ !

જિતુભાઇ પ્ર. મહેતા

ફત્તેપર સિક્રીની ઇમારત વચ્ચે ઊભો છું. ઉપરથી સાંજ રંગના ઘૂમચા ઢોળી જાય છે. ઇમારતમાંથી શ્વાસ ઊપડતો લાગે છે. કોઈ નકશી, કોઇ કાલોઘેલો ખૂણો, ભાંગેલી કલાનો કોઈ ટુકડો–મારા મન સાથે સંવાદ કરે છે.

ઇતિહાસનાં આ અસ્થિ, આ ક્ષણો એકઠાં થઈને એક કાયાની જેવાં કેમ કરીને બની જાય છે? છૂટાછવાયા પથરાઓ, એક બનીને કોની કથા કહી જાય છે?

ઝવેરચંદ મેઘાણીનાં ટાંચણનાં પાનાં વચ્ચે મારું મન રોકાય છે. લોકઊર્મિનું શિલ્પ, છૂટાછવાયા એના કૂણા કટકા 'પરકમ્મા'નાં પાનાં ઉપર એક થઈને કાયાનું સળંગ રૂપ કેમ કરીને મેળવે છે?

ફત્તેપુર સિક્રીની રાતીચોળ સાંજ અને 'પરકમ્મા'નાં પાનાં પાસે ઊભતું દિલ જોડાય છે, શીદને? બન્ને અનુભવોનાં પીણાં જરા સરખાં છે. રંગબેરંગી છે. નશો ભરેલાં છે.

જમીન ઉપર આંખ મૂકી રૂપ જોવું અને કાગળના અક્ષરો ઉપર નજર લપસાવી આવું રૂપ પીવું એ એક મોહક ધ્રુજારી છે.

કોઇક જ જમીન આવું શિલ્પ આંખને આપે છે. કોઇક જ કલમ આવું જીવતું રૂપ નયનને સોંપે છે.

ઝવેરચંદ મેઘાણી સોરઠની ધરતી ઉપર હર્યાફર્યા. કુદરતે એ ધરતી ઉપર કોઈ કોઈ ઠેકાણે મારકણું જોબન છાંટ્યું હતું.

ઝવેરચંદ મેઘાણીની કલમે, કુદરતનો એ કીનખાબ ઉપાડ્યો. એટલું જ નહિ, એમાં એમણે ઊર્મિનું ભરતકામ કર્યું. કુદરત ઉપર એમણે કરામત કરી.

એમાંથી ઉર ફુલાવતી કોઈ ફૂલવંતી હસી પડી. જૂની કથામાં ખોવાઈ ગયેલી ફૂલવંતીને, કથાકારની આગળ લાકડાંનાં રૂપે પડેલી આ પૂતળીને, ઝવેરચંદ મેઘાણીની કલમે ઊંચકી લીધી. ભાવથી એ પૂતળીને નવડાવી ધોવડાવી. કલાકારની હૂંફમાં એ પૂતળીને તપાવી. એને હૃદયમાં રમાડી અને ફૂલવંતીમાં જીવ આવ્યો. એ સળવળી. આજનાં નરનારીઓ માટે ફૂલવંતી જાગી ઊઠી.

આવા આયોજનથી, આવા જીવંત સ્પર્શથી, મેઘાણીભાઈએ સોરઠી સાહિત્યને કાયા આપી છે. કલ્પનાતેય એમણે, આવી કાયા માટે કાગે લગાડી છે.

મેઘાણીશૈલીના મુલાયમ ચિંતમનમાંથી, આ સોરઠીઆણીઓ રૂપનું રહસ્ય વેરતી નજરે પડી છે. બેડલું, ઈંઢોણી, ચૂંદડી, વેણી, ઝાંઝર—આ જૂની મનાતી વસ્તુને મેઘાણીભાઈએ ઝલક આપી, 'ગ્લેમર' આપ્યો.

એ જૂનાં ઘરેણાં પછી તો નવાંનકોર થઇ ગયાં, વાચકોની કલ્પનાને રંગનારાં થઈ રહ્યાં. રૂમઝૂમક વાણીમાં એનો ધ્વનિ ભળી ગયો.

મેઘાણીભાઈ પોતે સામે આવીને ગીત ગાય ત્યારે હવા જમાવે એ તો સમજ્યા. પણ એમનું પુસ્તક આ રીતે વાચક સાથમાં હાજરપ્રેમ ઊજવે. વાચકનું હૈયું ડોલાવે. વાંચનારને ખભે ઉપાડીને, ઊર્મિની ભોમમાં ઉતારે. એ એમની જીવતી લેખિનીનો પ્રભાવ.

મેઘાણીભાઈનાં, આ ઘડીએ સંભારણાં એકઠાં કરું છું ત્યાંય આ ફૂલવંતીઓ, સોરઠી સજણાં, ગારમાટી કરનારી ઓઓ, નાના મોટા વીરનરો–એક પછી એક પરાણે પાછળ રાખવા પડે છે.

પ્રત્યક્ષ મેઘાણીભાઈ જોડે પરસોની દોસ્તી હતી. પણ એમની કલમ સાથેની દોસ્તી જરાય ઓછી નહોતી.

મેઘાણીભાઈ બોટાદ જાય તો એમની કલમ જણાવે: 'મેઘાણી તમારા ઘરમાં જ છે. હમણાં જ 'પરકમ્મા' ઘેર મોકલી છે. 'ઊર્મિ–નવરચના'નાં પાનાં તમારે ત્યાં આવે છે.'

પત્રકારત્વમાં જોડાયા એ પહેલાં, કોઈ નોકરી લીધી એની અગાઉ મેઘાણીભાઈ ભાવનગરની કૉલેજમાં

અભ્યાસ કરતા. ત્યારથી એમના સહવાસમાં આવેલો. અમારી વય વચ્ચે દસ વરસનું અંતર. એ મોટા, હું નાનો. એમને એની ક્યાં કાંઈ પરવા હતી?

અમે સાથે નાટકોમાં કામ કર્યું. સાથે હર્યાફર્યા. ગાયું, ગવડાવ્યું. વરસો વહી ગયા. એ તો પ્રવૃત્તિમાં પડી જ ગયા. ને પછી હું ય ઘરની બહાર નીકળ્યો.

અને પછી એક દિવસ મેં કલમ હાથમાં લીધી. એ દિવસથી મેઘાણીભાઈને પોરસ ચડ્યો. હિંદના ઘણા ભાગોમાં હું ભટકેલો. અલગારી માણસોનો મને પરિચય. વિચિત્ર તબિયતના સંગીતકારો, કલાકારો, જેલની દુનિયાના ઉસ્તાદો, રંગીલા શાયરો, ભટકતો પરિવાર, એ બધાંનાં મારાં સંભારણાં. એમનો મને સંપર્ક.

મેઘાણીભાઈને આ મોકળાશ પસંદ. એ મળતા કે તરત જ સાહિત્યની ચર્ચામાં અમે ઉતરવાવાળા હિ! કોઈ વાર એ પાછળ કલાકો ગાળેલા. પણ ફરવાનો અમને ભારે શોખ. સાથે રઝળવાનો ય એટલો શોખ.

એ બધા પ્રસંગો આજે લખવા નથી. કોઈ બીજી વાર. સ્મૃતિની થોડીક લટો આજે હું પંપાળું છું.

૧૯૨૪ની સાલમાં મારાં લગ્ન થયાં. લગ્ન પછીની મિજબાનીઓ ચાલી. મુનિકુમારને ત્યાં અમને બોલાવવામાં આવ્યાં. ત્યારે મેઘાણીભાઈએ કહેવરાવ્યું 'વરઘોડિયાને વધાવવા હું ય આવવાનો છું. જિણાભાઈને આટલું કહેજો'

એ મજલિસમાં મેઘાણીભાઈએ કીધું: 'હું પોંખવા આવ્યો છું. મારાં ગીતને ફૂલડે વરવહુને વધાવવા આવ્યો છું.'

બરાબર એ દિવસ સાંભરે છે. મેઘાણીભાઈએ ગીત ઉપાડ્યું.

'મે તો ડુંગર ખોદીને
ઘર કર્યાં રે
મેં તો કાચનાં કર્યાં કમાડ રે
હજુ રે! સમજ મારી કોયલડી'

સજનીને ઘેર લાવવા માટે સ્વજને ડુંગર ખોદ્યો. એના પાણા ઊંચક્યા. પાણામાંથી ઘર કોર્યું, એક કોયલડીને ઘરની અંદર ઝુલાવવા માટે કેટકેટલું કર્યું!

આ રીતે વચ્ચે બોલીને, મેઘાણીભાઈએ એ ગીત મહેકાવ્યું. એની સમજ આપી. અને કીધું: 'ભાઈ, ભીંતડાંથી જ મકાન જીવતું નથી. મનનું મહાતેય તમને ફળજો.'

ચોવીસ વરસ પહેલાં, મેઘાણીભાઈએ ગીતની જે લગ્નભેટ આપી એ મેં મારા દિલમાં જાળવી રાખી છે.

આજે એ વય નથી, એ ઉમંગ નથી, એ બિન-અનુભવની છલકતી પ્યાલી હાથમાં નથી, વરઘોડિયાને બાંધી દેતું એ શેલું નથી. એ પાનેતર નથી. પણ એ શેલું, એ પાનેતરને તાજેતાજું રાખે, એવી આ સ્મૃતિની કપૂરગોટી છે.

મેઘાણીભાઈના સાહિત્યમાં આ ખૂબી છે. કાઠિયાવાડનાં ઘરોની અંદર લળક લળક થતાં આભલાં આજે ક્યાં છે! પગની પાનીને મેંદીથી રંગવાનો ઉલ્લાસ કેટલે ઠેકાણે છે? આજે ભલે ન હોય! એક દિવસ એ હતો. અને એક ચીજ જળવાઈ રહી હોય કે ઊડી ગઈ હોય એને અંગેનો ઉમળકો સાહિત્યમાં જળવાયો હોય તો એ સાહિત્ય જે વાચકપરમાં જાય છે એના મનના ઉંબરા એ લીપે છે, સમય ચાલ્યો ગયો. એની રંગોળી એ આંગણે પૂરી જાય છે.

લગ્નનાં ગીતો એકઠાં કરનારા આ માણસને સગાંઓ, મિત્રો, પાડોશીઓના લગ્નપ્રસંગોએ અતિ ગંભીર બનતા મેં દીઠેલ છે.

એવો એક પ્રસંગ આજે અહીં ઊડી આવ્યો છે. એક લગ્નમંડપની આસપાસ બેઠા હતા ત્યાં મેઘાણીભાઈની આવી લાગણી મેં ખૂબીથી પકડી

પાડી. એમની આગળથી ફૂલોના થાળ પસાર થવા માંડ્યા. પાનના બીડાં ટપોટપ ઊપડવા લાગ્યાં. એમની લાગણી ખાસ કોઈએ ઉકેલી નહિ.

મેં એમને સાવ એકલા પડવા દીધા નહિ. એ મંડપમાંથી અમે એ મોડી સાંજે બહાર નીકળ્યા.

એ કાંઈ બોલે નહિ. હું કાંઈ બોલું નહિ. બોલે માત્ર માર્ગ ઉપર પછડાતાં અમારાં પગલાં. મેઘાણીભાઈનાં મનની મૂંઝવણ માટે મેં કાંઈ પૂછપરછ કરી નહિ, મારા અનુભવોએ, મને આ માટેનું મૌન શીખવ્યું હતું.

થોડી વાર પછી એમણે જ હસીને કહ્યું :

" જિતુભાઈ, તમારા કોઈ ઘાયલ પાનવાળા, પાસેથી મઘાઈ પાન ગુજ રંકને મેળવી આપો. જિગર ઢૂંઢું છે, હોં. નરી દુકાન નહિ."

મુંબઈની તાજમહાલ હોટેલમાં અમે સાથે ગયા નથી. જૂહુના બગીચામાંય અમારા ચાર પગ સાથે પડ્યા નથી. અમે ફર્યા છીએ, ચિત્રવિચિત્ર રસ્તાઓ ઉપર.

' તમારી વારતાની ઓલી કાચવાળી સુભાનઅલ્લાહ હોટલનાં મારે દુઃખણાં લેવાં છે. ક્યારે જશું ! '

" પોરટરનું મોઢું કંતાન પાથરવાની જે ઉમદા ચિતારા પાસે જગ્યા નથી એ તમારા દોસ્ત અફઝલની ખોલીમાં જઈ ને ભરાવું છે મારે. "

" જિતુભાઈ, રઝળપાટથી કલમ પવિત્ર થેગીલી થાય છે. તમારા કદમને હું યશ ઈચ્છું છું. "

રવિભાઈ, મેઘાણીભાઈ અને હું મુંબઈમાં કોઈ સાંજે મળી જઈએ. પછી અમને જુદા પાડવા માટે રાત આવે તો ખરી ! ભજનની વાત નીકળે. ભજનનો સૂર રણકે. મેઘાણીભાઈનાં બધાં કામ રઝળી પડે. ઘરના સાદને ગાન આપી મેઘાણીભાઈ મોડા મોડા આવ્યા જાય.

રવિભાઈ અને હું રસના અનુભવો સરખાવીએ. સંસ્કૃત સાહિત્ય થકી. ઉર્દૂ શાયરીની લૂમાં લળી પડે. માથા ઉપર તારકો ઝળકે.

પરિષદમાં જ બોલવું, કોઈ સભામાં જ પસંદ કરેલા શબ્દો ઉચ્ચારવા, સાહિત્યકારના નામનો કૂચડો લગાડીને જ જીવનમાં ફર્યા કરવાનો અમને લગીરે શોખ નહિ.

બીજે દિવસે મેઘાણીભાઈને ખબર પડે કે રવિભાઈ અને હું લગભગ ભળકડે નોખા પડ્યા હતા ત્યારે મેઘાણીભાઈ બોલેઃ ' મુક્તિ, તમે માણ્યો છો.'

એમનું મન આવા પ્રસંગોમાં બોલી દેતું. એમને સાહિત્યની બિમારી ક્યારેય લાગુ પડી નહોતી.

પારલાનું એક મકાન એમણે છોડ્યું. મેં ભાડે લીધું. એમની મારફત મેળવેલું. બરાબર હું સામાન ફેરવતો હતો ત્યાં વરસાદ આવ્યો. ને ત્યાં તો મેઘાણીભાઈ એમના નવા આવાસમાંથી દોડી આવ્યા. બોલ્યા, " આ તો ભારે થઈ. સામાન કેમ બદલશો ?"

મેં કહ્યુંઃ " તમે ગઈ કાલે કવિતા લખી વરસાદને સાદ દીધો તે તરત આવવાને બદલે અત્યારે આવ્યો."

એમણે ઉમેર્યુંઃ " કવિતામાં ક્યાંક એક ભૂલ હતી એટલે આટલો મોડો થયો. નહિતર તો સાદ દીધા ભેગો ટાટકયો જ હોય ને ! "

ઘણી મજાઉં કરી છે. પ્રગટ પાનાં બહાર પણ બોલી ઊભી છે. ઊર્મિ મહાણી છે. સ્વર ઉપાડ્યો છે. દર્દની લાલી પ્રગટાવી છે.

મેઘાણીભાઈ રહેતા હતા એ મકાનમાંથી, એ દિવસ પછી મારા હાથમાં એક કાગળ આવ્યો. એના ઉપર મેઘાણીના અક્ષરો, વેરણછેરણ શબ્દો, સંબંધ ન સમજાય તેવાં વાક્યો. એમાં એક લીટીઃ ' મન પર મોરલી વરસી.' (આ એક લીટીનું એમણે 'પરકમ્મા'માં પણ અલગ રાખીને ટાંચણ કર્યું છે.)

એ રાતે ગજવામાં કાગળ નાખી મેઘાણીભાઈને નવે ઘેર ગયો. કાગળ એમને આપ્યો. આનંદનો

અવાજ એમણે કર્યો, 'ઓહોહો! ભાઈ, આ કાગળ શોધવા તો મેં ખૂબ ખાખાંખોળાં કર્યાં. આમાં એક આખી કથા પડી છે.'

ચોખવટ થઈ. મેઘાણીભાઈને આદત હતી શબ્દોનું ટાંચણ કરી લેવાની. પારસીથી દાદાભાઈ રસ્તા ઉપર આવતાં આવતાં એમણે અમુક દશ્યો જોયાં હતાં. બે ચાર માણસોને ખાસ નીરખ્યાં હતાં. કોઈની વાતનો અધૂરો બોલ ઝીલ્યો હતો. એના પરથી આ કાગળ ચીતરી માર્યો હતો. એક વારતાનો મસાલો એમાં સંઘરાયો હતો.

જીવતાં જાગતાં માણસોના સંપર્કમાંથી, ઊર્મિના કોઈ અણસાર ઉપરથી મેઘાણીભાઈ વારતા ઉપાડતા. મશહૂર વાર્તાકાર સોમરસેટ મોમ આવી ઇજનેરીમાંથી કથા બાંધતા. જીવનનાં પાત્રો થોડી રેખા પૂરી પાડતાં. પછી કલ્પના એમાં રંગ પૂરતી.

લોકહૃદયના એકાદ ખૂણામાં મેઘાણીભાઈની
ર પડી જતી, કોઈનું હૈયું એમને હાને અફળાઈ
ડું. સંસારનું કોઈ દશ્ય એમની સમે ઝબકી જતું,
એ સળંગ ઘાટ ઘડતા.

એક નાનકડા બીજમાંથી ઘટાટોપ વૃક્ષ ઊભું કરવાની એમનામાં શક્તિ હતી.

એમના નિરીક્ષણમાં જુદા જુદા વર્ગો નહોતા. દિલ ચોર્યા વિના એ બધું જોતા. સતને જોતા અને બદમાસને ય નિહાળતા,

એમાંથી એ ખેંચતા, માનવતાનો તાર.

એ વખતે હું જ્યાં કામ કરતો હતો એ સાગર ફિલ્મકંપનીમાં કલકત્તાથી અંધગાયક કૃષ્ણચંદ્ર ડે આવેલા. એ વખતે એ ગાયકમાં ઘણી તાજગી હતી. 'પુરણ ભગત' તાજું જ રજૂ થયેલું મેઘાણીભાઈને અંધગાયકનાં ગીતો ગમેલાં. કૃષ્ણચંદ્ર ડેને મળવાની લાગણી મેઘાણીભાઈએ મને જણાવી.

બીજે દિવસે મેઘાણીભાઈને હું ચોપાટી ઉપરના સાગર સ્ટુડિયોમાં લઈ ગયો. અંધગાયક અને મેઘાણીભાઈ મળ્યા. થોડી વાતો થઈ, અને મેઘાણીભાઈએ ગીત ઉપાડ્યું. એમનાં પોતાનાં ગીતો ગાયાં. લોકગીતો ગાયાં.

કૃષ્ણચંદ્ર ડે ઊભા થઈ ગયા. હિંદીમાં બોલ્યાઃ 'મેઘાણી આપકો મૈં દેખતા હું. આપકી આંખ બડી બડી હૈ. આંખ લાલ હૈ. આપકા કેશ બડા હૈ.'

મેઘાણીભાઈ તો લાગણીપ્રધાન માણસ. આંધળા કૃષ્ણચંદ્ર ડે એ માત્ર કલ્પના કરી મેઘાણીભાઈને વર્ણવ્યા અને મેઘાણી તો હલી ગયા. આંધળા ગાયકનું વર્ણન આબાદ ખરું પડ્યું. મને મેઘાણીભાઈ કહેતા જ રહ્યાઃ 'આંખ ખોલવાઈ છે તોય આ દષ્ટિ?' ઝવેરચંદભાઈ સ્તબ્ધ થઈ ગયા.

પાડોશમાં સાગર ઘુઘવતો હતો. અમે જવા ઊઠ્યા. મેઘાણીભાઈની આંખો લાલ ચટક. કૃષ્ણચંદ્ર ડેએ મેઘાણીભાઈનો હાથ પકડી નિઃશ્વાસ નાખ્યોઃ 'ઉમ્મીદ તો થી આપકો દેખનેકી. લેકીન આપકા સૂર તો મિલા! મેરી પાસ રહેગા. આપકા સૂર તો મૈં મેરી આંખમેં રખુંગા.'

સ્મરણો વહે છે. એકનો કલરવ અલગ કરું છું, બીજો છબછબાટ સંભળાય છે.

મુંબઈ છોડીને મેઘાણીભાઈ બોટાદ વસવા ગયા. વચ્ચે વચ્ચે મુંબઈ પણ આવતા. અને એમનાં ગીતોની ઉજાણી કાઢતા. એ વખતે સામે બેઠો હોઉં. મંચ ઉપરથી મારા નામનો પોકાર કરેઃ 'આવ્યા છો ને?'

મેઘાણીભાઈના આવા એક ખાનગી જેવા ગીત-મેળામાં હું ભળેલો. ઘેર પત્ની માંદી. એ દિવસે પત્નીને જરા વધુ તાવ. ઘડિયાળનો કાંટો બપોર પછીના સમયને અડકવા લાગ્યો. હું જરા બેચેન બન્યો. ત્યાં તો મારા કાન પર અવાજ અફળાયોઃ

"તમે મેઘાણીભાઈનાં ગીતો સાંભળી આવો. મારી ચિંતા કરશો નહિ."

પત્નીનું ધગતું બિછાનું છોડીને હું દોડી ગયો. ફ્રાન્સ ખંડમાં પહોંચી ગયો. મેઘાણીભાઈ ગાઈ રહ્યા હતા, રવીન્દ્રવીણાનાં ગીતો.

ગાતા મેઘાણીભાઈની આંખ મારા ઉપર પડી. પછી હું હસી ગયો. એ ખીલી ઊઠ્યા. બીજાં શ્રોતાઓને પણ એમણે આંખથી નોંધ્યાં.

એમનું મિત્રમંડળ અતિ મોટું. એમની સાથે એમનાં ગીતો ત્યારે ગોઠડી કરી રહ્યાં.

ગીતો પૂરાં થયાં એટલે હું મેઘાણીભાઈને નિરાંતે મળ્યા વિના ઊપડી ગયો. એમને મારા ઘરના હાલની ખબર પડી. લાગણીથી એ ઘેરાઈ ગયા, એમ મારા એક મિત્રે પછી મને જણાવ્યું. મેઘાણીભાઈએ ત્યારે કહ્યું: "આ બધા તો મારા મોરલાઓ છે."

ભજનના સ્વર વિશે એમની સાથે ઘણી વાર ચર્ચા કરી હતી. ભજનમાં શ્રુતિ આવતી હતી એની સમજ મેં રજૂ કરી હતી.

'ન્યૂ ઈરા' નિશાળમાં મેઘાણીભાઈએ ભજન માટેનો એક ખાસ દિવસ રાખ્યો. એમણે એ અવસરે ભજનની મસ્તી આબાદ સમજાવી હતી.

ભજનમાં માત્ર ભગવો રંગ જ નહોતો. ભજનમાં તો કેસુડાંય ઊડતાં'તાં. વૈરાગ્યનો જ ચોતરો નહોતો. એમાં જીવનઉલ્લાસનો ઝરૂખોય હતો.

એ જલસાની એક નોંધ મેં લીધેલી. બોટાદ પહોંચીને એમણે તરત જ એક કાગળ મને લખ્યો. એમાં હતું કે એમને ભજનના ઢાળ કોઈ અધિકારી ગળામાં મૂકી જવાની ઇચ્છા હતી. ભજનનો સાચો વારસો તો જળવાશે એ મતલબનું એમણે લખેલું.

હમણાં જ મરવાના આગલા દિવસોમાં જ એમણે એ ભજનસંગ્રહનું સંપાદન પૂરું કર્યું. એની પ્રસ્તાવના લખી નાખી.

મેઘાણીભાઈના શબ્દપ્રેમીઓ, સ્વરપ્રેમીઓ ગુજરાતમાં ગણ્યા ગણાય નહિ, વીણ્યા વીણાય નહિ એટલા છે. આજે એ બધાં મેઘાણીભાઈને સંભારે છે.

મેઘાણીભાઈની વ્યથા વિશે જાત જાતની વાતો, જાત જાતની કલમો બહાર પાડી રહેલ છે. પણ એમની અંગત જીવનની વ્યથા તો એમની સાથે હતી– એને બહુ ભોગ ન આપીએ તો ઠીક.

વ્યથા એ તો કલાકારની પ્યારી વીણા છે મેઘાણીભાઈનું બધું સુખ હોત, એમની તહેનાતમાં જાહેરજલાલી હોત તોય એમની બેચેની કોઈ એમની પાસેથી પડાવી શકત નહિ. કલાકારનું દુઃખ એ તો જેણે મ્હાણ્યું હોય એ જ જાણે એને ચાંદની આપો, એમાંય એ સળગશે. કારણ કે એને ગળે બાઝ્યાં હોય છે પરાયાં દુઃખો, જીવનની અસંગતતાઓ, બીજાંની અબોલ વેદનાઓ. એ તો કલાની લાલી છે. દિલની દુનિયા દર્દથી આબાદ રહે છે.

ઝવેરચંદ મેઘાણી કલાકાર હતા. કલાકાર શિલાની હેઠળથી ઝરણાં ગોતે છે ને એનો કલરવ કલામાં મેળવે છે. હીરાજડિત ઝરણું, એના ઉપર કોઈ ને કોઈ શિલા બેઠેલી હોય છે. એ શિલાને ફોડીને ઝરણ લગી પુગનાર કલાકાર વ્યથા અનુભવે છે પણ એ વ્યથા, એનું ઉમદા ઇનામ બની જાય છે. એમાંથી સર્જન જાગે છે. એ સર્જન કલાકારને સુખી કરે છે.

મારા અને માનવતાના આ મિત્ર, ઝવેરચંદ મેઘાણીનું મૃત્યુ એ માનવતાનો એક નિઃશ્વાસ બની ગયેલ છે.

મને તો એમનો રંગ લાગ્યો છે. એટલે તો ગવાઈ જવાય છેઃ

રાજ મને લાગ્યો મેઘાણીનો રંગ!

એ લેખિનીનો સંદેશ

ચુનીલાલ વ. શાહ

શ્રી. ઝવેરચંદ મેઘાણીને જ્યારે જ્યારે હું મળ્યો છું, ત્યારે ત્યારે મેં તેમની પ્રત્યેના અહોભાવનું સંવેદન કર્યું છે. પચીસ વર્ષમાં તેમણે પોણોસો પુસ્તકો ગુજરાતને આપ્યાં. પુસ્તકોની સંખ્યા બહુ મહત્ત્વની વસ્તુઓ નથી. મહત્ત્વની વાત એ છે કે એમની લગભગ બધીય કૃતિઓ ઉચ્ચ કોટિની છે અને તેથી લોકપ્રિયતામાં તે લગભગ સમાન કોટિએ રહેવા પામી છે. એક લેખકના બધાં પુસ્તકો એકસરખી રીતે સબળ નીવડતાં નથી અને તેથી તેનું ચિરંજીવી સાહિત્ય તો પ્રમાણમાં મર્યાદિત જ રહે છે, પરન્તુ શ્રી. મેઘાણીની કૃતિઓ એ નિયમને અપવાદરૂપ બને છે.

શ્રી. મેઘાણીની કૃતિઓના આ વ્યાપક ગુણનો મર્મ એ હતો કે તેમણે પોતાની પાસે જે કાંઈ ઉત્તમ, વિશિષ્ટ અને તાત્ત્વિક હોય તે જ કાગળ પર ઉતારવું એવી જાણે પ્રતિજ્ઞા લીધી હતી, અને એ પ્રતિજ્ઞાને વશ રહીને તેમણે હંમેશાં લખ્યા કર્યું હતું. સબળ કૃતિઓ પ્રસિદ્ધ કરીને નામના મેળવનાર લેખક કોઈ વાર પોતાની સામાન્ય કે નબળી કૃતિને પણ—જાણી સમજીને વહેતી મૂકી દેવાને લલચાય છે; શ્રી. મેઘાણી એવી લાલચને વશ થયા નથી એ જ એમની બધી કૃતિઓની લોકપ્રિયતાનો મર્મ છે.

શ્રી. મેઘાણી નવલેખકોને અને જુવાનોને લેખનમાં ઉત્સાહ તથા ઉત્તેજન આપવામાં હંમેશાં મોખરે રહેતા. લેખકોને પ્રકાશકો પાસેથી પૂરતો પુરસ્કાર ન મળે તો તેમનો પુણ્યપ્રકોપ ભભૂકી ઊઠતો. લેખકોનો ઉત્સાહ વધારવાને જ નહિ, તેમને ઉત્તેજવા માટે જ નહિ, પરન્તુ જો પ્રકાશન એક આજીવિકા માટેનો વ્યવસાય છે તો લેખન કરનારને પણ આજીવિકાની દૃષ્ટિએ પૂરતો પુરસ્કાર મળવો જોઈએ; પ્રકાશકના નફામાં પ્રત્યેક આવૃત્તિએ લેખકનો પણ હિસ્સો હોવો જોઈએ, એ માટે તે હંમેશાં આગ્રહ રાખતા. પરન્તુ તેમના એ આગ્રહને મોટા અર્થમાં સમજનારા લેખકોને ચેતવણી આપવાનું તે કોઈ વાર ભૂલ્યા નહોતા. લેખકો પોતાના જ્ઞાનભંડોળને, લેખનશક્તિને અભ્યાસ-દર્શન-અનુભવાદિ વડે ખીલવવાનું છોડીને જેવું-તેવું લખી નાખવાનું વૈતરું જ કર્યા કરે, વહેતા સાહિત્યમાંથી પ્રેરણાનું પાન કર્યા વિના માત્ર તરંગવશ કે કલ્પનાવશ દશામાં ગમે તેવું લખીને કે પરભાષામાંથી ઉતારીને તેને પોતાની ઉત્તમ કૃતિ માની બેસે, અને પછી તેને માટે ઊંચો પુરસ્કાર માગવાની ધૃષ્ટતા કરે તે સામે તેમણે લાલ બત્તી ધરવાની તક અનેક વાર લીધી હતી.

ટૂંકી મૂડીએ લાંબો વેપાર નથી થઈ શકતો, તેમ થોડા અભ્યાસ-દર્શન કે અનુભવની મૂડી પર લેખક લાંબો સમય નથી ઊભો રહી શકતો. છતાં તે ઊભો રહેવા મથે છે તો તેની કૃતિઓ ગુણવત્તામાં ઊતરી જાય છે. એક વાર શ્રી. મેઘાણી અને મારી વચ્ચે એ અંગે કેટલીક વાતચીત ચાલી હતી. મારો અને તેમનો પત્રકારત્વનો અનુભવ સમાન રીતે કહેતો હતો કે લેખકોમાં વિહંગમો થોડા છે અને પોતે વિહંગમ હોવાનું માની બેઠેલાં કૂકડાં ઘણાં છે. ઘણા લેખકોને તેમના પ્રશંસક મિત્રોએ જ બગાડ્યા હોય છે અને કેટલાક વિદ્વાન લેખકોએ પોકળ પ્રસ્તાવનાઓ લખી આપીને કોઈ કોઈ લેખકની પ્રગતિના અવરોધની ગરજ સારી હોય છે.

એક શિખાઉ લેખકનો દાખલો મેં તેમને કહ્યો. એ લેખકે એક નવલકથા લખી; તેને એક વિદ્વાન નવલકથાકારે પુસ્તક વાંચ્યા વિના જ પ્રસ્તાવના લખી આપી; જાણીતા લેખકે પ્રસ્તાવના લખી આપી છે એવું જોઈને ગ્રાહકોએ તે ઉમંગથી ખરીદી; લેખકે ઘેર ઘેર ફરીને પ્રસ્તાવનાલેખકનું નામ વંચાવી છૂટથી નકલો વેચી અને છાપેલી નકલોમાંથી પોણા ભાગની નકલો તે થોડા સમયમાં વેચી શક્યો; તેથી તેના ઉત્સાહનો બલકે ઘમંડનો ઊભરો એટલો ચડ્યો કે જેણે નવલકથાઓનો પાક આગળ પાછળ જોયા વિના ઉતારવા જ માંડ્યો! તેણે સાત પુસ્તકો લખી નાખ્યાં, પણ પ્રકાશન કરનાર કોઈ ન મળ્યું, તેથી તે અકળાયો. અકળામણમાં તેણે એક પ્રકાશકને કહ્યું:

"મારી શૈલી મારી પોતાની છે, તે અનોખી છે. કોઈ પણ સારા નવલકથાકારની હરોળમાં બેસવાને હું શક્તિમાન છું; અરે, હું તો મારી આ કથાઓ દ્વારા આંતરરાષ્ટ્રીય કીર્તિ મેળવવાનાં સ્વપ્નાં સેવું છું!" આ અધઃપાત અને તેના ઉદ્‌ગમનું કારણ જાણીને શ્રી. મેઘાણીએ ઊંડો નિ:શ્વાસ નાંખ્યો.

લેખન અંગે શ્રી. મેઘાણી સતત જાગ્રત રહેતા હતા તે મેં હંમેશાં કહ્યું છે. જ્યાંથી જ્યાંથી તેમને જીવંત પ્રેરણા કે દટાયેલું ધન મળી આવે ત્યાંથી ત્યાંથી તેમણે તે લઈને સંઘર્યું હતું, એ સંઘરામાં ઉત્તમ હોય તે ઉપર જ તેમણે કારીગરી કરી હતી. અને એ કારીગરી કરવાને પૂરતો સમય ન મળે તેમ હોય તો તેમણે તે હાથમાં લેવાની જ ના કહી હતી. કાઠિયાવાડને ટીંબે ટીંબે તે ઘૂમ્યા અને સોરઠના રસનો પ્રવાહ રેલાવ્યો, મહીને કાંઠે શ્રી. રવિશંકર મહારાજ સાથે ઘૂમીને તેમણે માણસાઈની જ્યોત જોઈ અને ઝીલી, નર્મદા અને તાપીના કાંઠા પર ઘૂમવાના તેમને કોડ હતા, પણ તે અણપૂર્યા રહ્યા. જોવું, શીખવું, સંવેદવું અને પછી સર્જવું એવી તેમની લેખનપદ્ધતિને ઓળખનારાઓ તો ઘણા હશે, પણ તેને શ્રમપૂર્વક અનુસરવાની સતત જાગૃતિ સેવનાર લેખકો કેટલા હશે?

શ્રી મેઘાણીની શૈલીએ લોકસાહિત્યનું સંશોધન કરવાનો રસ ધરાવનાર કોઈ જિજ્ઞાસુ લેખક અત્યારે ક્ષિતિજમાં દેખાતો નથી. ગ્રામજીવનમાં અવગાહન કરીને એ જીવનને લેખન દ્વારા મૂર્ત કરનારા થોડા સફળ લેખકો ગુજરાતને મળ્યા છે. પરંતુ પુનઃ નિઃશ્વાસ સ્ફુરે છે કે તેઓનો ચાકડો થોડા સમયમાં લગભગ ખાલી થયો છે કે થઈ રહેવા આવ્યો છે! નવું દર્શન અને નવી પ્રેરણા માટેનો પ્રયાસ શ્રી. મેઘાણીએ જીવનભર છોડ્યો નહોતો, અને તેથી જ તેમની રસધારા અણખૂટ રહી શકી હતી. ઉદય પામતા લેખકવર્ગને માટે તો શ્રી. મેઘાણીની લેખિનીનો આ જ મૂલ્યવાન સંદેશ હોય એમ હું માનું છું.

સર્જનનો પ્રધાન સૂર

યશવંત શુક્લ

'સોરઠી જીવનનો સાહિત્યકાર' એ શીર્ષક શ્રી. વિશ્વનાથ ભટ્ટે ત્રણ લેખો ભરીને અથવા 'નિકષરેખા'નાં ૯૧ પાના વારીને મેઘાણીના સાહિત્યફાલની જે મુલવણી કરી છે તેમાં તેમણે એક પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે: "રા. મેઘાણીનાં પુસ્તકો લ્યો. એમાં સોરઠી લોકસાહિત્યના સંગ્રહો છે, ભાષાન્તરો છે, રૂપાન્તરો છે, નવલકથાઓ છે, નાટકો છે, પ્રવાસવર્ણનો છે, ચરિત્રગ્રન્થો છે, અને ઇતર પ્રકારના ગદ્ય લખાણો છે, ને કવિતા પણ છે. આ બધાનું સામાન્ય લક્ષણ શું?" વળી પૂછ્યું છે: "એમનાં પચાસસાઠ (હવે તો સીત્તેર) પુસ્તકોનું સર્વસાધારણ લક્ષણ શું?... પચરંગી લખાણોના શત્રુમેળા જેવા જંગી ગંજમાંથી એ સર્વને એકસરખો લાગુ પડે એવો સામાન્ય ધર્મ કોઇને પણ જડવાનો ખરો?" અને પછી પોતે જ એનો ભારપૂર્વક જવાબ આપે છે: "નહિ જ." અને પછી બીજે જ શ્વાસે, જાણે સામાન્ય ધર્મ વા સર્વસાધારણ લક્ષણ અને પ્રધાન સૂર એ જુદી વસ્તુઓ હોય તેમ નવો પ્રશ્ન ઉઠાવે છે: "ત્યારે શું રા. મેઘાણીની લેખનપ્રવૃત્તિમાં પ્રધાન સૂર જેવી કાંઇ વસ્તુ જ નથી? ના, એમ તો કેમ કહેવાય?" અને ફરી પૂછે છે: 'આ મુખ્ય વર્ગની કૃતિઓનો પ્રધાન સૂર શો? એના વાચનથી સમગ્ર રીતે તમારા પર શી છાપ પડે છે?" અને 'પ્રધાન સૂર' એટલે 'સમગ્ર છાપ' એ અર્થ મનમાં ભરીને એ જવાબ આપે છે. "એક જ, અને તે એ કે રા. મેઘાણી સોરઠી જીવનના સાહિત્યકાર છે. પ્રાચીન અને અર્વાચીન, જૂના અને નવા ઉભય પ્રકારના સોરઠી જીવનને સાહિત્યકારે રજૂ કરવું એ જ રા. મેઘાણીની સમસ્ત લેખનપ્રવૃત્તિનો સરવાળો છે."

'પ્રધાન સૂર', 'સમગ્ર છાપ' અને 'સરવાળો' જેવા પર્યાયવાચી શબ્દો યોજીને રા. વિશ્વનાથે મેઘાણી વિશે જે અભિપ્રાય જાહેર કર્યો છે તેનો સ્વીકાર કરતા મેઘાણીને કદી સંકોચ થયો નથી. 'સોરઠી ગીતકથાઓ'ના ઉપોદ્ઘાતમાં એમણે પોતે કહ્યાં નથી કહ્યું કે, "જૂના સોરઠી કાળને પ્રેમપૂર્વક તપાસવા તથા ઓળખવાની પ્યાસ મને છેલ્લાં નવેક વર્ષથી એક વળગાડ જેવી સતાવી રહી છે. હું હજુ યે એથી લજવાતો નથી. એના મર્મો જાણી જાણી ઉકેલતા મથું છું એમાં ભયંકર મીઠાશ અનુભવું છું!"

માનવીને દેહનું બન્ધન છે ત્યાં સુધી એના અનુભવની સૃષ્ટિ સીમિત રહે એ સ્વાભાવિક છે. કલાકાર અથવા સાહિત્યકાર ઇતરજનો કરતાં વધારે વિશાળ કે વધારે ઊંડું અનુભવી શકતો હોય તો પણ દેહધારી માનવી હોવાને કારણે એના એવા વિશાળગહન અનુભવને પણ મર્યાદાઓ તો રહેવાની જ, આમ છે એટલે એકાદ થોમસ હાર્ડી પોતાનાં સંવેદનો આલેખવાને માટે વેસેક્સ પરગણાની ધરતી અને લોકજીવનને પસંદ કરી લે, તો એકાદ મેઘાણીને પોતાનાં સંવેદનોને મૂર્તરૂપ આપવાને માટે સોરઠની ધરતી અને લોકજીવનને પસંદ કરી લીધા હોય તો એમાં કશું ખોટું થયું નથી, ઊલટું સ્વાનુભવના આલેખનમાં ઉત્કટતાનો જે ગુણ આવે જ છે, તેનો લાભ મળ્યો છે.

પરંતુ હાર્ડીના સાહિત્યનો પ્રધાન સૂર ખોળવાનો ઉદ્યમ કરનાર વ્યક્તિ કેવળ વેસેક્સને નહીં વળગી રહે પણ એ સ્થૂલને ભેદીને એમાં જે સૂક્ષ્મ છે તેને પકડવાનો યત્ન કરશે. હાર્ડી અને મેઘાણીની તુલના અહીં ઉદ્દિષ્ટ નથી, એટલું સ્પષ્ટ કરી લીધા પછી કહીશ કે સોરઠ એ મેઘાણીના અનુભવની સ્થૂલ ધરા છે, પણ એમાંથી એ જે વસ્તુને પકડવા મથ્યા છે તે જ મેઘાણીના સર્જનની મુખ્ય પ્રેરણા છે. મેઘાણીના સાહિત્યસર્જનનો પ્રધાન સૂર, સામાન્ય ધર્મ, સર્વસાધારણ લક્ષણ, સમગ્ર છાપ કે સરવાળો, જે નામ એને આપવું હોય તે આપીએ, પણ એવી જે વસ્તુ સૂચવાય છે તે કેવળ સોરઠ કે સોરઠી લોકજીવન નથી પણ એમાં સંચરેલી વ્યાપક માનવતા છે.

મેઘાણી એને માણસાઈ કહે છે. આ માણસાઈ એકલા સોરઠનો ઇજારો નથી, પણ જ્યાં જ્યાં માણસ

વસે છે તે સમસ્ત ભૂગોળની સાર્વત્રિક સંપત્તિ છે એમ મેઘાણીએ હંમેશાં માન્યું છે. અને એ માણસાઈનાં તત્ત્વો બીજેથી ગોતી લઈ આવવાને માટે એમણે સોરઠના સીમાડા નથી ઓળંગ્યા એમ પણ નથી. થોડાંક અઠવાડિયાંની વાત પર વડોદરામાં મહીડા પારિતોષિકનો સ્વીકાર કરીને વળતો ઉત્તર આપતાં તેમણે કહ્યું હતું કે, "ધરતીનો કોઈ કટકો માનવસુલભ અને માનવસહજ સંસ્કારલીલાથી વંચિત હોઈ શકે નહિ, એવું હું માનનારો છું. તો પછી હું ગુજરાતના લોક-ઇતિહાસને કેમ શોધનો નથી, એવો પણ એક પ્રશ્ન ઊઠ્યો હતો. એ પ્રશ્નમાં ગર્ભિત એવી એક ટકોર પણ હતી, કે હું પ્રાંતીયતા-ગ્રંથિથી પીડાઉં છું. હકીકતે આમ નહોતું. કાઠિયાવાડ મારું ઘરઆંગણું, જૂના સૌરાષ્ટ્રના અવશેષો જેવાં માનવીઓને ખોળે મારો ઉછેર, એ જમીનની ધૂળમાં મારું આળોટવું, વગેરે કારણોએ મને રોકી લીધો." એ જ ભાષણમાં અન્યત્ર એમણે કહ્યું છે: "વાઙ્મયના ગણનાપાત્ર ગ્રંથોનું મારું વાચન વિશાળ નથી. પરંતુ મારે સુભાગ્યે મને માનવ-જીવનનો મહાગ્રંથ વાંચવા મળ્યો, અને એણે મને લખતો કર્યો. સંસારનાં અનુભવપાનાં ઊઘડતાં ચાલ્યાં, ને એણે મને પાત્રો આપ્યાં, વસ્તુ-સામગ્રી પૂરી પાડી. માનવ-જીભે મારા કાન મંડાયા, અને એ કથનનું પાન કરવાનો નાદ લાગ્યો. મારી ધરતી સૌરાષ્ટ્રની, એનાં સુખદુઃખની, એનાં શૌર્ય-પરાક્રમની, એના સતીજતિઓનાં શીલસૌંદર્યની માનવકંઠમાં સંઘરાયેલી વાતો સાંભળવા મળી ને એણે જન્માવેલી સંવેદનાએ મને વાણી પૂરી પાડી. જનતા મારી જનેતા બની."

આ હકીકતથી શ્રી. વિશ્વનાથ ભટ્ટ પણ છેક અજાણ નથી. પેલા એમના નિબંધના ત્રીજા લેખાંકમાં મેઘાણીની નવલિકાઓમાં શ્રી. વિશ્વનાથ એમને પીડિતવત્સલ સ્વરૂપે પ્રકટ થતા જોઈ શક્યા છે, અને નોંધ્યું પણ છે: "પીડિત વર્ગ પ્રત્યેની દિલસોજી એ કંઈ કોઈની દેખાદેખી કે નકલ રૂપે આમાં આવી નથી, એ તો રા. મેઘાણીનો સાચા હૃદયનો સ્વકીય ભાવ છે." એટલે બીજા સૂરોને ગૌણ ગણીને શ્રી. વિશ્વનાથે મેઘાણીના સાહિત્યસર્જનનો પ્રધાન સૂર અહીંથી પકડવા જેવો હતો, કેમ કે માનવતા અને માનવી પ્રત્યેની સહાનુકંપા એ જ શ્રી. મેઘાણીની સમસ્ત લેખનપ્રવૃત્તિનો પ્રધાન સૂર હરહંમેશ રહ્યો છે.



લોકાનુરાગી મેઘાણીભાઈ

રામનારાયણ ના. પાઠક

વીસેક વરસ પહેલાંનો પ્રસંગ છે. એ દિવસોમાં સૌરાષ્ટ્રના સંપાદકો એક જુનવાણી ડેલામાં રહેતા હતા. ચોગાનમાં એક ઘટાદાર લીંમડો હતો. એક નમતી સાંજે એ લીમડા નીચે ખાટલા ઢાળી મેઘાણીભાઈ ડાયરો જમાવી બેઠા હતા. સામે ખાટલા ઉપર એક ચારણ બેઠો હતો. મોટી કાળી દાઢી, મેલોઘેલો વેશ. એ કવિજન કચ્છથી આવ્યો હતો. એણે સારંગી ઉપર ગજ ફેરવ્યો. કંઠમાથી સૂર નીકળીને સારંગી સાથે એકતાર થયો. વાર્તા શરૂ થઈ એ વાર્તા નહોતી પણ એક સળંગ સુરીલું કાવ્ય જ હતું. ગદ્ય પદ્ય બન્નેના સૂર એવી હલકથી કવિ ગાઈ રહ્યો હતો કે એનો અવાજ નીચે પડતો ન હતો. સામે મેઘાણીભાઈ ચારણની સારંગી સાથે એકતાર બનીને બેઠા હતા. એમની વિશાળ ગુણતરસી આંખો જાણે કે કવિજનની ઊંડેરી હૃદય ગુફામાં પ્રવેશીને રત્નો શોધી રહી હતી. કવિના સૂર સાથે [મે]ઘાણીભાઈનું કાવ્યમય લોકાનુરાગી હૃદય જાણે કે [એકત]ાર બન્યું હતું અને જેમ જેમ કથા આગળ [ચા]લી તેમ તેમ મોરલી ઉપર નાગ ડોલે તેમ મુગ્ધ બનીને તેઓ ડોલવા લાગ્યા. અર્ધોએક કલાક સુધી એકધારો વહેતો વાણીપ્રવાહ વાર્તા પૂરી થતાં અટકાયો. તો પણ મેઘાણીભાઈના ચહેરા પર ઊંડા ભાવ તરી રહ્યા હતા. લોકસાહિત્યની સેવા કરવાની દીક્ષા લેના મેઘાણીભાઈનું એ દિવસનું સુભગ દર્શન, તેમના હૃદયમા રહેલી લોકભક્તિ અને લોકાનુરાગની આજે પણ યાદ આપે છે. અને એ દિવસોથી માંડીને મૃત્યુને ખોળે શાંત પામ્યા ત્યાં સુધી એમણે પોતાના હૃદયમાં પ્રગટાવેલી લોકપ્રેમની જ્યોતથી ગુજરાતભરમાં અજવાળા પાથર્યાં કર્યાં.

*

ત્યાર પછી તો બીનના સૂર પાછળ હરણ પડે તેમ મેઘાણીભાઇ લોકસાહિત્યની ભાળ લેવા જંગલોમાં ને નેસડાઓમાં, પહાડોમાં ને કોતરોમાં ઘૂમવા લાગ્યા. એવા એક પ્રવાસેથી પાછા ફરતાં તેઓ ભાવનગર આવેલા. શ્રી. નાનાભાઈ તેમને દક્ષિણામૂર્તિમાં તેડી લાવ્યા. બારડોલી સત્યાગ્રહનો વિજય કરીને પાછા ફરેલા શ્રી. ફૂલચંદભાઈનો સત્કાર કરવા સમારંભ યોજાયો હતો. એક પછી એક વક્તાઓનાં વ્યાખ્યાનો ચાલી રહ્યાં હતા. મેઘાણીભાઈનો વારો ચોથો આવ્યો. અને પોતાની અનોખી ઢબે તેઓ બોલ્યા, 'સૌરાષ્ટ્રના સત્યાગ્રહી સપૂતનું સ્વાગત આજે ચારે વર્ણ તરફથી થઈ રહ્યુ છે. બ્રાહ્મણવર્ગના પ્રતિનિધિ તરીકે શ્રી. નાનાભાઈ, ક્ષત્રિયો તરફથી મેજર જોરાવરસિંહજી, વૈશ્યના પ્રતિનિધિ તરીકે શ્રી. [રાવ]ણીભાઈ અને હવે શૂદ્રના પ્રતિનિધિ તરીકે મારો વારો આવ્યો છે.' શ્રોતાજનોના ચહેરા ઉપર હાસ્યની રેખાઓ અંકિત થઈ. મેઘાણીભાઇ ગંભીરપણે આગળ વધ્યા, 'અને એનું કારણ છે. હું રબારીઓના અને ચારણોના ઘરના રોટલા ખાઈને સીધો અહીં આવું છું. એનું અન્ન મારા દાંતમાં છે. જેનું લૂણ ખાધું તે હક કરવુ જોઇએ. આજે એમના પ્રતિનિધિ તરીકે ફુલચંદભાઇના વધામણાં કરીને હું એમનું લૂણ હક કરું છું.' થોડા શબ્દોમાં પોતાના હૈયાના ભાવ રજૂ કરીને તેઓ બેઠા. તાળીઓના અવાજથી તેમની લોકભક્તિને સૌએ વધાવી લીધી.

અને છેલ્લી ઘડી સુધી, સારું ગુજરાત જાણે છે તેમ તેઓએ લોકપ્રતિનિધિ તરીકે એ લૂણ હક કરતાં કરતાં જ શાંતિ લીધી છે.

●

સાહિત્યક્ષેત્રે હરણફાળે આગળ વધ્યે જતાં મેઘાણીભાઈ રાજકારણમાં પણ પ્રથમ હરોળમાં જ હતા. ૧૯૨૯ની સાલમાં મોરબી મુકામે રાજકીય પરિષદ મળી હતી. પ્રમુખસ્થાને સરદાર વલ્લભભાઈ હતા અને પૂ. ગાંધીજી પરિષદમાં હાજર રહ્યા હતા. એ જ દિવસોમાં, એ જ સ્થળે યુવકપરિષદ ભરવાનો સૌરાષ્ટ્રના યુવકોએ નિરધાર કર્યો હતો. સારા હિન્દમાં યુવકપ્રવૃત્તિઓ જોશભેર ચાલી રહી. સુભાષ–જવાહરની યુવક જોડી દેશની યુવાનીને દોરી રહી હતી. રાજકીય

પરિષદની અને યુવકપરિષદની છાવણીઓ અલગ પડી હતી. મેઘાણીભાઈ કઈ છાવણીમાં જશે એ જોવા અનેક મિત્રો આતુર હતા. તે વખતે યુવક પારષદને દરવાજે રવ૦ દાણીભાઇની સાથે હસીને વાતો કરતા મેઘાણીભાઈ આવી પહોંચ્યા.

'આખરે તમે પણ આવ્યા ખરા ઝવેરચંદભાઈ,' એકદમ દાઢી પર હાથ ફેરવતાં, તેઓ બોલી ઊઠ્યા 'ત્યારે તમે મને ઓળખ્યા નહીં, અને હું તો હજી છોકરડો જ છું.' આમ કહેતાં વાંકડીઆ વાળ ઝૂલાવીને, ટટ્ટાર બની તેઓ અમારી સામે ઊભા રહ્યા. પોતાના અતિનમ્ર નિરભિમાની સ્વભાવે તેઓ છેલ્લે સુધી બાલસદશ નિર્વ્યાજિતા અને સરળતા સાચવી શક્યા હતા.

મેઘાણીભાઈની યાદ આવતાં જ સંસ્મરણોની હારમાળા ચાલે છે. તેઓ આપણી વચ્ચેથી ચાલ્યા ગયા છે એમ માની શકાતું જ નથી, અને હકીકત પણ એમ જ છે. વરસો સુધી ગુજરાતનાં નરનારીઓના કાનમાં તેમનો સુલંદસ્વર ગૂંજ્યા જ કરવાનો છે.

जयन्ति ते सुकृतिनो रससिद्धाः कवीश्वरा ।
नास्ति तेषां यशः काये जरा मरणजं भयम् ॥

મેઘાણીભાઈ પોતાના અક્ષરદેહથી અમર છે.

❋

પત્રકારત્વનું શિયળ સાચવનાર

[અનુસંધાન ૬૭ માં પાનાથી ચાલુ]

ભૂલચૂક કે અન્યાય થાય તો બીજે જ દિવસે તે સુધારી શકાય પણ સાપ્તાહિકમાં તો એ અન્યાય બીજો અંક આઠ દિવસે પ્રસિધ્ધ થાય ત્યાં સુધી ચાલુ રહે માટે સાપ્તાહિકમાં તો એમ ન જ થવું જોઇએ. એટલું જ નહિ પણ કોઇ વખત રાજા, અમલદાર કે દીવાનને તેમને મળવાનું થતું તો એનો અહેવાલ તેઓ તુરત જ અમને આપી દેતા, કે જેથી તેમને માટે કોઈને અણઘટતી ગુફતેગો કર્યાની આશંકા પેદા ન થાય. જોકે અમને અને તેમને પિછાણનારા સૌને, તેમને માટે એવી શંકા કદી થતી જ નહિ.

પોતાનાં સાથીઓને તેઓ સંપૂર્ણપણે અપનાવતા હતા. કાર્યમાં સમોવડિયા અને વર્તાવમાં કુટુંબીજન ગણતા હતા. સાથીઓ પણ એવી જ લાગણી અનુભવતા હતા કામના અતિશય દબાણ કે પ્રસંગોપાત ભૂલચૂક થતી તો મેઘાણીભાઇમાં ઉગ્રતા આવી જતી ત્યારે તેમનો તાપ જીરવવો અસહ્ય થઈ પડતો. પરંતુ એ વખતે સાથીઓને વધુ દુઃખ તો તેમના જીવને શા માટે સંતાપ કરાવ્યો એનું થતું હતું. તેમને મેટરો સુધારતાં, પ્રુફ વાંચતા કે અહેવાલો અંગે સૂચના આપતા જોવા સાંભળવા એ તેમની પત્રકાર તરીકેની શક્તિ, શૈલીને પિછાણવાનો સુંદર અવસર હતો. તેમના અકાળ અવસાનથી માત્ર સાહિત્યની દુનિયાએ નહીં પણ પત્રકાર જગતે પણ એક અણમોલ અખબારનવેશ ગુમાવ્યો છે.

['પ્રવાસી'માંથી ટુંકાવેલું]

સાચું મુલ્યાંકન તો મહાકાલ કરશે

મનસુખલાલ ઝવેરી

મેઘાણીભાઈને સૌથી પહેલો હું કયાં અને કયારે મળ્યો તે મને યાદ નથી, પણ એમનો સાથેના મારા સંબંધની સ્મૃતિ પ્રેમ કે શૌર્યની સ્મૃતિની જેમ, અનુભવ પછીના જ જીવનને નહીં પણ એની પહેલાંના જીવનકાળને પણ વ્યાપીને આખા જીવન પર ધન્યતાની પતિતપાવન છાયા પાથરી રહી છે. આવા સંબંધો માત્ર લૌકીક વ્યવહાર બન્ધનોને નહી, પણ જન્મ-જન્માન્તરના પ્રેમભાવને પ્રકટાવતા ને પોષતા હોય છે. એવા સંબંધો જ જીવનની મોટી ઓથ અને અદ્ભુત લ્હાણુ બનતા હોય છે.

પંદર વર્ષને‌ા આ સંબંધ! કેટલો એકધારી રીતે મોહક ને જીવતરને મીઠું બનાવી દે તેવો સંબંધ! એ સંબંધની મધુરમંગલ સ્મૃતિઓ આજ આખા જીવન પર ઝુકી રહી છે, જીવનને કોઈ નવી જ અર્થવત્તા આપી રહી છે, મોક્ષની નહીં પણ મેઘાણીભાઈ જેવાના સ્નેહભાજન થવાનું મળે તો ચોર્યાસી લાખ યોનિમાં ફરી ફરીને જનનીના જઠરમાં સૂવાની જગાડી રહી છે. મેઘાણીભાઈનું અવસાન એ આ જીવન પૂરતું એ સ્નેહસંબંધનું ભરતવાક્ય છે?

એમને હું પ્રત્યક્ષ મળ્યો નહોતો તે વખતે, એમનાં પુસ્તકોના સામાન્ય વાચન પરથી મેં એમના વ્યક્તિત્વને કેવું કલ્પ્યું હતું? અને એમના પ્રત્યક્ષ-મિલન પછી પ્રતીપર્વ રસાવહ બનતી, એ વ્યક્તિત્વની મધુરતા ને મૃદુતા, વિનમ્રતા અને સાલસતા, વિચારોની આર્યતા, વાણીની નાગરિકતા અને વૃતિની વિમળતા મને કેટલી નોખી લાગી હતી! કયાં મેં કલ્પેલી ગર્વોન્નત શિર્ષની ખુમારીભરી અતડાઈ? ને કયાં ફળ ભારે વધુ ને વધુ લચતી જતી એમના વ્યક્તિત્વની ગુણગરવી શાખો?

લોકપ્રિયતા એમને વરી હતી તેટલી અર્વાચીન ગુજરાતના બીજા કોઈ સાહિત્યકારને વરી નથી. અને છતાં એ માનમદિરાનો એમને કેફ ચડયો નહોતો. એમની વાણીમા કે લેખનમાં આપવડાઈની ગંધ નહોતી પરનિન્દાનો રસ નહોતો, અસંતોષનો ધખારો નહોતો કે પોતાની શહાદતનો ડીંડીમ નાદ નહોતો.

અને શહાદત એમની કયાં ઓછી કે અલ્પમૂલ્ય હતી? બીજા કવિઓ જ્યાં કમળોની કુંજમાં ભૂલા પડયા હતા, ત્યારે તેમણે સ્મશાનને ઢંઢોળ્યાને કાલભસ્તને આરાધ્યો. નિરક્ષર, પ્રાકૃત જનતાના ગળામાં ડૂકી ગયેલી લોકવાણીને એણે સજીવન કરી, જૂનું લોકસાહિત્ય શોધ્યું, સંચ્યુ, સંશોધ્યું ને તેને પોતાના મેઘગંભીર કંઠેથી હજારો ને હજારો આબાલવૃદ્ધોના હૈયામાં સિંચ્યું. પ્રેમની કે પ્રકૃતિની કૃષ્ણ કનૈયાની બંસરીની કે તારા ને ચંદ્રની એમણે ઉપેક્ષા કરી, એમ નહીં, પણ ઉપેક્ષામાં અને વીસ્મૃતિમાં રગોટાઇ ગયેલું લોકસાહિત્ય જો મેઘાણીભાઇએ ભેખ ધાર્યો નહોતે તો કદાચ વધારે ને વધારે શૂન્યશેષ બનતું જાત.

અને વ્યાપારવીર ગુજરાત જે વખતે અર્થપ્રધાન કવિતાની ઉપાસના કરી રહ્યું હતું—ધનનેજ ધરણીધર માનીને તેની સેવા કરી રહ્યું હતું તે વખતે પણ એમણે એકરંગી સારસ્વત ધર્મનેજ સેવ્યો. પાસે જ લક્ષ્મીની નદી વહેતી હતી. એમાં નાહી લેવાની તક પણ હતી અને અનુકૂળ સાધનો પણ હતાં. સાધનો જ નહિ પ્રલોભનો પણ હતાં. છતાં મેઘાણીભાઈએ આતમ-પાંખડીને ફરકવા ન દીધી, દિલને ડગવા ન દીધું ને પોતાની મીટને પોતાના ધ્યેય પરથી ખસવા ન દીધી. અને આ બધું ગુજરાતના એક વણિકપુત્રે ગુજરાતમાં ગુજરાતીઓની વચ્ચે વસીને કર્યું! આ શહાદતને આપણે સામાન્ય ગણીશું?

અને સારસ્વત ધર્મની એમની ઉપાસના પણ કેટલી અડગ અને અવિચ્છિન્ન હતી? પૂરી પા સદી સુધી ઘડીનાયે થાક ખાવા થંભ્યા વિના એમણે લખ્યા કર્યું, લખ્યા જ કર્યું! એમણે કાવ્યો લખ્યાં ને નવલિકાઓ લખી, નવલકથાઓ લખી ને નાટિકાઓ લખી, પ્રવાસવર્ણનો લખ્યાં ને વિવેચન સંશોધન સંપાદન કર્યાં; માર્મિક હાસ્ય પણ એમણે આપ્યું ને જનતાની જબાન પણ એ બન્યા. એમના વાગ્વૈભવે હજારોના હૃદયોને ડોલાવ્યાં છે હજારોને પ્રેર્યાં છે, હજારોની આંખોને આંસુભીની કરી છે ને હજારોની આંખોનાં અશ્રુ લૂછ્યાં છે. એ વૈભવનું મુલ્યાંકન આપણે એમના સમકાલીનો તો શી રીતે કરી શકીએ? સાચું મૂલ્યાંકન તો મહાકાલ કરશે.

['પ્રવાસી'માંથી ટૂંકાવીને]

પત્રકારત્વનું શિયળ સાચવનાર

મગનલાલ સતીકુમાર

એમની—મેઘાણીભાઈની નજીક આવનારા એમનાથી અલિપ્ત, એમની લાગણીઓથી ભીંજાયા કે તરબોળ બન્યા કે તણાયા સિવાય રહી શકતા નહિ, અને દુરનાઓ માટે તો એ સરોવરમાંથી શબ્દોરૂપે માનવસંવેદનનો મહાધોધ વહ્યા જ કરતો હતો અને વિવિધ ગદ્ય અને પદ્ય સ્વરૂપે પ્રકાશન પામતો હતો. આજે એ સરોવર તૂટી પડતાં લાગણી અને ઊર્મિથી લોકો વિવશ બની ગયા છે, મૃત્યુ સમાચારથી અવાક બની ગયા છે. શોક માટે પૂરા શબ્દો જડતા નથી, શબ્દોનો મહાશિલ્પી તો ચાલ્યો ગયો છે!

આવી માનવતાથી છલોછલ ભરેલી વ્યક્તિના સાથીદાર બનવું એ પણ જીવનનો એક લહાવો છે. અને કસોટી પણ છે. મારો અને એમનો મેળાપ પ્રથમ બોટાદમાં ૧૯૩૭માં થયો. તેમણે મુંબઈથી તાજા જ આવી 'ફૂલછાબ'નું તંત્રીપદ સંભાળ્યું હતું, અમારી પિછાન થયા પછી મારે એમને વારંવાર મળવાનું થતું. એ વખતે તેઓ કહેતા: "મારી ઇચ્છા તો રાણપુરમાં પત્રકારત્વની શાળા ખોલવાની છે. પણ નાણાં નથી, સાધન નથી," એમ કહી નિસાસો નાખતા હતા; પરંતુ તેમની શિક્ષણની વિદ્યા તેમની પાસે જ હતી જેનું મુક્ત હાથે દાન કરતા હતા.

તેમના ઘણા મિત્રો અને બંધુ સાહિત્યકારોને 'ફૂલછાબ' જેવા એક સાપ્તાહિક પાછળ તેઓ પોતાની અણમોલ સાહિત્યશક્તિ વેડફી નાખે એ પસંદ ન હતું. મેઘાણીભાઈ જ્યારે પોતાનો થાક, અકળામણ માનસિક પરિતાપ, સમયની મારામાર, વ્યક્ત કરતા ત્યારે એ મિત્રો તેમને મીઠો ઠપકો કે શિખામણ આપતા હતા કે, 'શા માટે આ ઢસરડો કરો છો!' પરંતુ હું જ્યારે એમાંના કોઈ અયના 'ફૂલછાબ'ના કોઈ વાંચકને પ્રસંગોપાત કહેતો કે, તેઓ એમાં માત્ર અગ્રલેખો કે મહત્ત્વની તંત્રીનોંધ લખે છે એટલું જ નહિ પણ "કુંભારીઆ ગામના કૂવાનો કોઠો ભાંગી ગયો અને પાણિયારી પડતાં પડતાં રહી ગઈ" એવા લીટી બે લીટીના સમાચાર વાંચે છે, એનાં પ્રુફ પણ સુધારે છે. અને કોલમમાં જગ્યા બચની હોય, તો તે બચાવવા કોઈ સમાચાર તો એકાદ "છે" કે "હતો" શબ્દ આખી લીટીની જગ્યા રોકતો હોય તો તે બચાવવા ઉપરની લીટીમાં એકાદ અક્ષર કે શબ્દની કાપકૂપ કરી શબ્દોના ફેરફાર કરી એ શબ્દ ઉપર ચઢાવી દે છે ત્યારે તેમના આશ્ચર્યની અવધિ રહેતી ન હતી.

ખરી રીતે એમને મન તો એ દરેકેદરેક સમાચાર પાછળ કે કાવ્ય કે નવલકથાની વસ્તુ પડેલી હતી.

કાઠિયાવાડમાં થોડો સમય લૂંટફાટના, ગામ ભાંગવાના અને બહારવટિયાઓનાં તોફાનોના બનાવો વધી પડયા હતા, ગામેગામથી લોકોના ભયના નાસભાગના સમાચારો આવતા હતા. એમાં એક ગામમાંથી કોઈએ બહારવટિયાનો બહાદુરીભર્યો સામનો કર્યો. એ સમાચાર સાંભળતાં જ મેઘાણીભાઈએ એને પોતાના અગ્રલેખમાં સુંદર રીતે બિરદાવ્યો અને લોકોને નીડર બનવા પડકાર કર્યો.

એક વખત રાણપુરથી દોઢ માઈલ દૂર આવેલા વઢવાણ તાબાના ગામ નાગનેશ ભાંગવા બહારવટિયા આવ્યા, અને તેમના સામના માટે તેઓ પોતે ઊપડયા. ગામમાની બંદૂકો મળી તે પણ સાથે લઈ ગયા અને આખી રાત તેઓ બહારવટિયાઓને ભીંસમાં લેવા પોલીસોની સાથે ખાઈઓ ખોદી પડી રહ્યા પણ છેવટે તો એક પોલીસ ટુકડીની ખુમારણથી બહારવટિયા ભાગી છૂટયા હતા; પણ તેઓ એક જ વિચારથી બંદૂક લઈને દોડયા હતા. ગામને પાદર બહારવટિયા આવે ને સામનો ન કરીએ તો બીજાને શું કહી શકીએ!

તંત્રી તરીકેની પોતાની જવાબદારીની અને પત્રની પ્રતિષ્ઠાની જાળવણી સ્ત્રીના શિયળની જેમ કરતા હતા. જરા સરખી શરતચૂકથી કોઈ વ્યક્તિને અન્યાય થયો હોય કે કોઈનો વિરોધ કે સુધારો આવે તો તેઓએ બીજે જ અંકે પ્રસિદ્ધ કર્યે જ જંપતા. દરમિયાન પત્રો પણ લખતા અને કહેતા કે દૈનિક પત્રમાં

[અનુસંધાન આગળ ૬૭ મે પાને]

ગઈ કાલનો જ બનાવ ગણાય. તે અગાઉ પણ તેમણે મુંબઈના આતવારે ને છાશવારે થતા રમખાણો 'એજન્ટ પ્રોવોકર્સ' જ કરાવી રહ્યા છે, અને એમને જેર કર્યા વિના શાન્તિ નહિ સ્થપાય એવું સૂચવવા 'વાઘ-દીપડાઓને વીણી કાઢો' શીર્ષકથી તંત્રીલેખ લખેલો અને, સાંભળવા પ્રમાણે એ લેખ બદલ સરકારે જામીનગીરી માગેલી છતાં આવા બનાવો બનવાથી પણ એમણે માનવતાની ઉપાસના કે આગ્રહમાં લગીરે બાંધછોડ કરી નથી. અમદાવાદની અદાલતમાં 'ફૂલછાબ કાર્ટુન કેસ' ચાલતો અને અદાલત બહાર લોકોનાં ટોળાં જામતાં ત્યારે મેઘાણીભાઈ 'હરીફ' કોમમાં તો નામચીન બનીને આંખે ચડી ચૂક્યા હતા. છતાં તેઓ, મને યાદ છે ત્યાં સુધી એક દિવસ તો વરસતે વરસાદે મુસ્લિમ વસાહતોની મુલાકાતે ગયેલા અને કાદવકીચડમાં ક્યાંક લપસેલા પણ ખરા!

માનવતા-મૂલક પત્રકારત્વમાં નિર્ભીકતા તો અનિવાર્ય જ ગણાય. અને મેઘાણીભાઈમાં એ ભારોભાર હતી. કાઠિયાવાડના રાજવીઓ અંગેના અગ્રલેખોમાંની જલદ ભાષા વાંચતા સહજ એમ થાય કે આ લખનાર 'બે-માથાવાળો' છે! એવાં લખાણો લખવા બદલ એમને સીધી યા આડકતરી રીતે ઘણી ધાકધમકીઓ મળી હોય એ પણ શક્ય લાગે છે. છતાં બહારવટિયા ગોવિંદ સોનીના પ્રકરણ વેળા મેઘાણીભાઈએ જે મર્દાનીભર્યું વલણ લીધેલું એ ઉપરથી લાગે છે કે ગમે તેવી ધાક-ધમકીઓને પણ તેઓ ગાંઠે એમ નહોતા. મુંબઈના એક હુલ્લડ વખતે ખિસ્સામાં પિસ્તોલ લઈને, ચોપાસ ઊભેલા ગુંડાઓ વચ્ચેથી તેઓ નીકળી ગયેલા એવો જે પ્રસંગ એમણે ટાંચણપોથીમાં મૂક્યો છે, એ પણ આ નિર્ભીકતાની જ સાક્ષી પૂરે છે.

છતાં આ નિર્ભીકતા કેવળ લોઢાના કાળજાની નહોતી. એની પાછળ તો કુસુમથી પણ કોમળ એવું હૃદય રહેલું હતું. 'જન્મભૂમિ' ઑફિસમાં શ્રી. મેઘાણીભાઈના છેક શરૂઆતથી સહકાર્યકર હતા તે શ્રી. ચન્દ્રકાન્ત સુતરિયાએ મને એક સરસ સંસ્મરણ કહ્યું છે. મુરબ્બી શ્રી. અમૃતલાલ શેઠે શ્રી. સુતરિયાને એવી મતલબની સૂચના આપેલી કે 'જોજો હં, મેઘાણી મારી સારંગી છે? સંભાળજો!...' શ્રી. શેઠે કેવી બંધબેસતી અને અનુરૂપ ઉપમા ગોઠવી છે! 'પ્રવાસી' અઠવાડિકમાં હમણાં જ પરમાનંદ કાપડિયાએ શ્રી અમૃતલાલ શેઠનો આ મતલબનો અભિપ્રાય ટાંક્યો છે. એમાં શ્રી. શેઠે કહ્યું છે, 'બીન તો આંગળીથી પણ ન વાગે. એ માટે નખલી જોઈએ.' પણ શ્રી. મેઘાણીભાઈનું અત્યંત નાજુક લાગણીતંત્ર જોતાં તો આ બીન અને નખલીની ઉપમાઓ પણ અસ્પોહિત જેવી લાગે. રૂપક પૂરું જ કરવું હોય તો હું તો શ્રી મેઘાણીભાઈને તાર મિલાવેલા તંતુવાદ્ય સાથે સરખાવું, જે વાદ્ય પવનની આછી લહરીની ઝાપટ અડતાં જ ઝંકારી ઊઠે. એવું તો કોમળ અને સંવેદનાશીલ હૃદય મેઘાણીભાઈ પાસે હતું કે નાનામાં નાનો બનાવ કે સાવ સામાન્ય લાગતા સમાચાર પણ એમના લાગણી તંત્રના તાર ઝણઝણાવી જતા. એક ડોસીનો પુત્ર કારખાનામાં મૃત્યુ પામે અને અદાલત પાસે નુકસાની ભરપાઈની અરજ થતાં 'એવો કોઈ કાયદો નથી' કહીને અદાલત એ ડોસીને ધુત્કારે ત્યારે મેઘાણીભાઈ જેવા સંવેદનશીલ પત્રકારની કલમમાંથી તંત્રીનોંધને બદલે કાવ્ય જ સરી પડે.

સાહિત્યની જેમ પત્રકારત્વમાં પણ મેઘાણીભાઈ 'માણસાઈ'ના આગ્રહી હતા. નાનાસરખા 'ન્યૂઝ'ને પણ તેઓ એ માણસાઈની ચકાસણીએ જ ચકાસતા અને તેથી જ, કોઈ જાતની વિવેકપુર:સરની સુરુચિભરી પસંદગીના ધોરણ વિનાના સમાચારોને પોતાના પાનાં ઉપર ઝળકાવતું દૈનિક પત્રકારત્વ 'રેકાગની સ્થિતિને પામ્યું છે' એમ તેઓ કહેતા. ન્યૂઝ એડિટિંગ વિશે વિચાર કરતાં મને એક પ્રસંગ વારંવાર યાદ આવ્યા કરે છે. ઉમાશંકર આનંદનગર સોસાયટીમાં રહેતા ત્યારે મેઘાણીભાઈ એક રાતે આવી ચડ્યા હતા. એ જ વખતે પ્રોફેસર સી. એલ. ઘીવાલા, અને અન્ય મિત્રો પણ આવેલા. એ દિવસોમાં બેત્રણ હિન્દુ છોકરીઓ

મુસ્લિમો જોડે ભાગી ગયેલી. છાપાંઓએ દેકારો કરી પાડેલો. એ સમાચારની ચર્ચા નીકળતા મેઘાણીભાઈએ આવેશમાં આવી જઈને છાપાંઓની આ મનોદશા પ્રત્યે પુણ્યપ્રકોપ ઠાલવેલો અને કહ્યું હતું: 'ધીઝ આર નોટ ધ મેટર્સ ટુ બી ડીસ્કસ્ડ ઇન ન્યૂઝ પેપર્સ.'

એવો જ એક બીજો પ્રસંગ અત્રે નોંધવા જેવો લાગે છે. 'રવીન્દ્રવીણા' છપાતું ત્યારે મેઘાણીભાઈ અમદાવાદમાં શ્રી. રવિશંકર રાવળને ત્યાં રહેલા. એક દિવસ સાંજે તેઓ ઉમાશંકરને ત્યાં સોકસી-નિવાસમાં આવ્યા હતા. સ્નેહરશ્મિ પણ હતા. રાતે જમી રહ્યા પછી અમે સહુ અગાશી ઉપર જઈને બેઠા. વાતોનો ઝોક મુખ્યત્વે 'જંગની લડત, ગાંધીજી, વિદ્યાર્થીઓ વગેરે ઉપર હતો. વિદ્યાર્થીઓએ શાળાકોલેજો છોડી દીધી હતી એ વાત નીકળતાં, વિજયાલક્ષ્મી પંડિતની પુત્રીઓ નયનતારા અને ચન્દ્રલેખા લડત દરમ્યાન જ અમેરિકા ભણવા ગયેલી એ વાત નીકળી. મેઘાણીભાઈએ થોડા સમય પહેલાં જ 'ફૂલછાબ' સાંબેલાના સૂરમાં આ બનાવ પ્રત્યે 'એપ્રિલ-ફૂલ બનેલા એક પિતા'ની સહીથી વેધક કટાક્ષ કરેલો એની મેં યાદ આપી ત્યારે મેઘાણીભાઈ દુઃખપૂર્વક બોલી ઊઠયા, 'એ સાંબેલું લખ્યા પછી મને એક સ્નેહીજને એ બાળાઓના પરદેશગમનનું સાચું કારણ સમજાવતો પત્ર લખ્યો અને મને ઠપકો પણ આપ્યો. એથી મને મારા લખાણ બદલ બહુ જ દુઃખ થયું.'

માનવતાલક્ષી પત્રકારત્વ તો કોઈને પણ દુભવે નહિ. એવો પત્રકાર સારા-નરસા સહુ બનાવો પ્રત્યે સમ્યક્દષ્ટિ વડે જ નજર કરે. એનું લક્ષ્યવેધ તો માનવજીવનનાં કલ્યાણકારી શાશ્વત ધારણતત્ત્વો ઉપર જ હોય. આ વસ્તુ મેઘાણીભાઈના સાહિત્યવ્યાપારની ઘોતક હતી. એ જ વસ્તુ એમની પત્રકારત્વ પ્રવૃત્તિમાં પણ પ્રેરકબળ બની રહી. વસુંધરાનાં વહાલાં તેમ જ દવલાં સહુ પ્રત્યે સમભાવ રાખી શકે એ જ સાચો પત્રકાર. પત્રકારત્વની સસ્તી સનસનાટી—સેન્સેશન મૉંગરીંગ—પ્રત્યે એમને ભારે ઊંડી નફરત હતી. રતીભર સત્ય ને ખાંડીખાંડી અત્યારવેગ: પ્રજાના ચિરસ્થાયી વિચારભાવોને ઉવેખી કેવળ ક્ષણિક આવેશોનો જ ભડકો: સ્વતંત્ર તુલનાશક્તિનો હ્રાસ કરી ઉત્તેજના મૂકવાની જ રમણલીલા: આ બધાને મેઘાણીભાઈએ 'વેરાન'નું નામ આપ્યુ છે.

દૈનિક પત્રકારત્વની દેકારા જેવી સ્થિતિ પ્રત્યે તો તેમણે ઘણી વેળા અણગમો વ્યક્ત કર્યો હતો: 'રાજદ્વારી ઉમરલાં છાપવાથી અને લીંબડી—પીપડી ગામોની ખળાવાડોના હવાલદારની ખબર લઈ નાખવાથી જ લોકો લોભાય છે, એવી માન્યતા પત્રકારત્વની ચેતના-વિદ્યુતને કેવળ સંહાર માટે, તમતમાટને માટે, ભજિયાં તળવાના તાવડા તપાવવા માટે સેવાય છે. એ એક વિકૃત અને વિઘાતક માન્યતા છે.'

આ શબ્દો તો એમણે છેક ૧૯૩૫માં લખેલા એમાં એમણે દૈનિક પત્રકારત્વની દષ્ટિને 'વિઘાતક' કહેલી. પણ નોંધપાત્ર હકીકત તો એ છે કે ઉપરનું લખાણ લખાયા પછી બરોબર દશ વર્ષ પછી ૧૯૪૫માં પણ દૈનિક પત્રકારત્વ અંગે એમણે આવો જ પુણ્યપ્રકોપ ઠાલવેલો-અને એમાં પણ 'વિઘાતક' શબ્દ વાપરેલો. મેઘાણીભાઈ ૧૯૪૫માં મુંબઈ આવેલા. મારો તાજો જ બહાર પડેલ વાર્તાસંગ્રહ 'ધૂઘવતાં પૂર'ની 'ઊર્મિ-નવરચના'ના અંકમાં છપાયેલી શ્રી. રસિકભાઈની લખેલી પ્રસ્તાવના તેમણે વાંચેલી. એમાં એમણે રસ વ્યક્ત કર્યો અને મેં એમને 'ઘૂઘવતાં પૂર' આપ્યું. બોટાદ ગયા પછી થોડા સમયે તેમણે ભારતી સાહિત્ય સંઘના સંચાલક શ્રી. ઈશ્વરભાઈ દ્વારા એક પત્ર લખેલો; તે આ લેખના વાંચકોને ભારે દૂકાર ન ખૂંચે તો અહીં રજૂ કરું—એટલા માટે કે એ પત્રના ટૂંકા લખાણમાં પણ મેઘાણીભાઈના પત્રકારત્વના આદર્શનો સારમર્મ આવી જાય છે. એમણે લખેલું :

'ઘૂઘવતાં પૂર' આ મોટરમાં કાગળને પરચે પડયો વાંચી ગયો. અને જેમ જેમ વાંચતો ગયો

તેમ તેમ એ પુસ્તક વિશે શ્રી રસિકલાલભાઈએ લખેલી પ્રશસ્તિનો શબ્દેશબ્દ સાચો લાગતો ગયો. આ વાર્તાઓમાં લેખકે, હું હમેશાં જેને માટે ઝંખું છું તે ધરતીનાં બળો બહાર આણ્યાં છે—શુદ્ધ સ્વરૂપે બહાર આણ્યાં છે. અને આજ સુધી ન આલેખાયેલું એવું જીવનતત્ત્વ બહુવિધ દૃષ્ટિકોણથી પકડ્યું છે. એની આલેખન કલા તો એની પોતાની જ છે, પણ સર્વોપરી અંશ તો એમની બિલકુલ કટુતામુક્ત ઘમંડમુક્ત મીઠી ને હળવી સહાનુકંપાએ મંડિત માનવતા છે. એણે પોતાના કોઈ પાત્રને નીતિ—અનીતિને કે સત—અસતને ત્રાજવે નથી ચડાવ્યું. એણે આ પુસ્તક લખીને ખુદ પોતાનું જ ઊર્ધ્વીકરણ કર્યું છે—કે, જેનો દાવો બહુ થોડા લેખકો કરી શકે છે. એને મારા ઘણા અભિનંદન દેશો. આ પ્રશસ્તિ કરવામાં હું રસિકભાઈએ બતાવેલું જોખમ ખેડી રહ્યો છું—લેખક બગડી જશે—એમ માનતો નથી. સાચી સત્ત્વશીલતા કેવળ તારીફથી બગડતી નથી. બેશક, જે પ્રકારના પત્રકારત્વમાં ભાઈ મડિયા આજે પડ્યા છે તે એમનામાં આવી વાર્તાઓ સરજવાની શક્તિ—અને દૃષ્ટિ રહેવા દેશે કે કેમ એ વિચારે ધ્રૂજી ઊઠું છું. કારણ કે હું તો પેલી માનવતા—સંસારમાંના સર્વ સાગનરસા માણસો પ્રત્યેની સહૃદય દાર્શનિકને શોભતી માનવતાના અંશોનું આપણા પત્રકારત્વમાં ખૂન થતું જોઉં છું. આપણી ચાનાઈ—ચોપલાઈનો પાર નથી. પારકા પર અભિપ્રાયોનું ઉચ્ચારણ એ આપણો ખોરાક બની ગયો છે. 'સારું'ને 'ખરાબ' એ બે ચોકઠામાં જ પ્રત્યેક નાનીમોટી બાબતને વેચવાનું આપણું કાર્ય થઈ પડ્યું છે. એ વસ્તુ આપણી જીવનદૃષ્ટિની વિઘાતક છે."

કોઈ પણ બનાવ કે વ્યક્તિ પ્રત્યે ટીકા કરવામાં મેઘાણીભાઈ બહુ સાવચેત રહેતા, ભૂલેચૂકે ય અણુગતી ટીકા થઈ જતી તો તેઓ ઊંડી વેદના અનુભવતા. અગાઉ કાઠિયાવાડ ખાતેના એસોસિએટેડ પ્રેસના (હાલમાં 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'ના) પ્રતિનિધિ રાજકોટવાળા શ્રી. સુમન્તરાય કોઠારી 'ફૂલછાબ'ની કટારોમાં એજન્સીના સમાચારો લખતા. તેમણે થોડા દિવસ પહેલાં જ એક વાતચીત દરમ્યાન મેઘાણીભાઈ વિશે મને કહેલું કે કોઈ પ્રત્યે જરાસરખી કડવી ટીકા થઈ જાય તો મેઘાણીભાઈ રાતે ઊંઘી ન શકતા.

અમદાવાદ ખાતેની લેખકમિલનની એક સભામાં પણ અંગત વાતો કરતી વેળા, ટીકાઓ અને ટીકાપાત્રો વિશે મેઘાણીભાઈએ એવી મતલબનું કહ્યું હોવાનું મને યાદ છે કે, 'રાતે ભર ઊંઘમાંથી હું ઝબકીને જાગી જાઉં છું અને વેદના અનુભવું છું.'

આવી વ્યાપક માનવતા અને સમભાવ એ જ સાચા, સહૃદય દાર્શનિક સમા પત્રકારનાં કવચ હતાં.



માનવતાનો મહેરામણ

· પ્રભુદાસ બાલુભાઇ પટવારી

"છાયા તો વડલા જેવી, ભાવ તો નદના સમઃ
દેવોના ધામ જેવું, હૈયું જાણે હિમાલય.
બુદ્ધિવૈભવ ને આસ્થા આશા, યશ, ઉદારતા;
એ હૈત્રી દીપમાળાના અન્તરે તેજ રાજતાં."

સ્વજનોના અને મહાનુભાવોના મૃત્યુપ્રસંગ સ્વકીયોને શોકમગ્ન બનાવે છે, પરંતુ શ્રી. મેઘાણીના અવસાનના સમાચારે તો અનેકને કોઈ અવનવા વિષાદનો અનુભવ કરાવ્યો. કેટલાયે ગદ્‌ગદ્ થઈને પ્રાર્થના કરી કે 'હે પ્રભુ, આ સમાચાર સાચા ન નીવડો.' કેટલાયે એ ખબરને ખોટા લેખવા પ્રયત્ન કર્યા; પણ તેમાં નિષ્ફળતા સાંપડી. કેટલાયે પોતે ઊંઘમાં તો નથી ને એમ માની ઝબકી ઊઠ્યા; પરંતુ સમાચાર સ્વપ્નસમ ન નીકળ્યા. છેવટે કેટલાકોએ મનનું સમાધાન વાળ્યું કે "હશે, શ્રી. મેઘાણી કોઈ લાંબી સફરે ગયા છે તેમ ગણવાનું અને ભવિષ્યમાં એવો એક દિન આવશે જ કે જ્યારે તેમની મુલાકાત થઈ જશે."

આજે એવો ગુજરાતી ભાષા જાણનાર એક પણ નહિ જડે કે જેણે શ્રી. મેઘાણીનાં સર્જનો ન માણ્યાં હોય! મોટા વિદ્વાનોથી માંડીને સાવ થોડું ભણેલ વર્ગ સુધીના સૌને એમની કૃતિઓએ અતિમુગ્ધ કર્યા છે.

તેમની આટલી બધી લોકપ્રિયતાનું કારણ શું? અનેક કારણો હશે, પરંતુ સૌથી મુખ્ય સાહિત્યમાં અને જીવનમાં તેમણે કરાવેલાં માનવતાના સચોટ દર્શન. તેમની કૃતિ માનવતાના કિરણોથી રંગાયેલી છે, એટલું જ નહિ પરંતુ જીવનવ્યવહારમાં જે શક્તિઓ ઘણા સાહિત્યકારોમાં ઉપલબ્ધ નથી હોતી તેનો તેમનામાં અદ્‌ભુત સમન્વય થયો હતો. તેમના સહવાસમાં આવનાર સૌ કોઈને તેમણે સહૃદયતાથી જીંત્યા હતાં. તેમની મુખમુદ્રા પર બાંધવવાત્સલ્ય અને પ્રસન્નતાને ભરપૂર વિલસતી જોઈને કોને આનંદ ન થાય! એ પ્રશ્ન હતો, કે તેમણે કોને પોતાનાં કરી લીધાં ન હતાં.

દૃષ્ટિભેદ અને વિચારભેદ તો દરેકને હોય, પરંતુ તેઓ પોતાના વિચારોની રજૂઆતમાં એવી ચીવટ રાખતા કે સામાને સ્હેજ પણ દુઃખ ન લાગે. અન્ય પ્રત્યે નમ્રતા અને વિવેક દાખવી ચર્ચામાં પોતાની જ ભૂલ હોવાની સંભવિતતા જણાવી સામા માણસને સુજનતા વડે મહાત્ કરવાની કળા તેમને સરસ રીતે હસ્તગત હતી.

"ભાઈ! અહો હો સરસ મળી ગયા! ક્યારે ફુરસદ મળશે? મારે તમને મળવા આવવું છે. એક બે બાબત પર થોડું જાણવું છે."

દરેક પાસેથી કંઈક જાણવાની તેમની અભિલાષા અપાર હતી.

કેટલીયે વાર અંદર અશાંતિ અને વિષાદમાં ઝૂરતા હોય છતાંયે તેમણે બહાર તો શાંતિ અને પ્રસન્નતાની છોળો જ ઉડાવ્યે રાખી છે. મન સાગરમાં ચાલી રહેલાં મંથનો વિશે કોઈને લગારેક પણ ખબર પડવા દીધી નથી. અંતર ગમે તેટલા સંતાપમાં સળગતું હોય પણ તેમણે તો સદાય વાણીની મધુરતા, ચક્ષુની અમીવર્ષા અને હૃદયની ઉદારતાનો પ્રવાહ વહાવ્યે રાખ્યો હતો.

૧૯૪૧ના અમદાવાદના કોમીહુલ્લડ અંગે "ફૂલછાબ"માં પ્રકટ પામેલ 'મુખડા ક્યા દેખો દરપનમેં' કારટુન અંગે તેમની સામે જે મુકદ્દમો મંડાયો હતો તે વખતે કેસના અંગે તેઓને માટે ત્યાં ખૂબ આવવાનું થતું. વકીલ તરીકે મને સૂચના આપવા વારંવાર મળતા.

તેઓ પોતાનું દિલ ખોલી કલાકોના કલાકો કોમી ઐક્ય અને માનવતાના એખલાસ અંગેના તેમના વિચારો દર્શાવતા. એ વખતે અનેક મુસ્લિમ માનવતાની કહાણીઓ તેઓ કહેતા અને પોતાનાં જુદાં જુદાં પુસ્તકોમાંથી કેટલાય પ્રસંગો અને ફકરાઓ વાંચી સંભળાવતા.

હું તેમને કહેતો કે કેસ લાંબા સમય સુધી ચાલે તો તમને સાંભળવાની અને જાણવાની કેટલી સુંદર

તક મળે! હિંદુ-મુસ્લિમ સંસ્કૃતિમાં ડગલે ને પગલે સરસ સામ્ય જોનાર વ્યક્તિની સામે કોમો વચ્ચે અદાવત જગાવવાના આરોપનું કલંક કેટલું ટકે! કેસના પહેલા જ તબક્કે મુસ્લિમ ન્યાયાધિકારીને તહોમતનામું ઘડ્યા વગર છોડી મૂકવા સિવાય બીજો ઇલાજ ન હતો.

એમના વિચારોમાં જેટલી વિશાળ દૃષ્ટિ હતી તેટલી જ વિપુલ ઉદારતા તેમના હૃદયમાં વિરાજતી હતી, અન્યને માટે કંઈ ને કંઈ કરી છૂટવામાં પોતાની જાત માટે ધન્યતા અનુભવતા હતા. કોઈએ તેમનું કંઈ કામ કર્યું હોય તો પોતા પર જાણે કેટલુંય મોટું ઋણ લદાયું હોય; તેને તત્કાળ ફેડવાની તક જ શોધતા હોય.

જીવનની અનેક વિટંબણાઓમાં આર્થિક મુશ્કેલીઓનો સામનો તેઓ આશાવાદી સ્વભાવ રાખી હસતા મુખડે કરતા.

"ભાઈ! ટૂંક સમયમાં સારાવાનાં થઈ જશે."

છેલ્લાં કેટલાંય વર્ષોથી તેમણે પોતાનો સર્વ સમય સાહિત્યદેવીના ચરણે અર્પણ કર્યો હતો. ઘણી માગણીઓને પાછી વાળ્યે જતા હતા. એવો એક પ્રસંગ મારી જાણમાં પણ છે. એક મોટી વ્યાપારી સંસ્થાના પ્રચારખાતા પર અઠવાડિયામાં ફક્ત ૪-૫ કલાકનો સમય આપી દેખરેખ રાખવાના કાર્ય માટે માસિક રૂા. ૫૦૦થી ૬૦૦નુ વેતન આપવાની દરખાસ્તનો તેમણે એક ક્ષણમાં જ અસ્વીકાર કરેલો. 'ભાઈ, સાહિત્યની સેવા કરવી છે. ઈશ્વર રોટલો આપે જાય છે પછી શા માટે બીજી ચિંતા રાખવી?"

તેમનું નિરભિમાનીપણું અસાધારણ પ્રકારનું હતું. વાતચીતોમાં અન્યને જ્ઞાની સ્વીકારી પોતે- શિષ્યભાવ ગ્રહી લેતા ઘણા લેખકોને લાગુ કરવામાં આવતા "દૂધડાની પાયશેરી"ના નિયમથી તેઓ કેટલા દૂરસદૂર હતા. ટ્રેનમાં અજાણ્યા પ્રવાસીને કળવા ન દે કે પોતે કોણ છે! માનવસમુદાયમાં દૂધમાં સાકર ભળે તેવી સહજતાથી ભળી જઈ તેઓ ઉત્કૃષ્ટ માનવતાનું દર્શન કરાવતા.

ઊગતા લેખકોને થાબડી થાબડી આગળ ધપાવવા તેઓ અત્યંત ઉત્સાહ અને પ્રેરણા આપતા. નવજુવાન લેખકોને તેમની ઓથ નાનીસૂની ન હતી. એક વાર તેઓશ્રી ઇશ્વરલાલ દવેને મારે ત્યાં લઇ આવેલા. અમારી વચ્ચે ઓળખાણ કરાવી તેમણે શ્રી. ઇશ્વરલાલને મારી છૂટક છૂટક માસિકોમાં પ્રકટ થયેલ વાર્તાઓ એકત્રિત કરી તેનો સંગ્રહ જલદી બહાર પાડવા આગ્રહ કર્યો. તેમણે તે વાર્તાસંગ્રહની પ્રસ્તાવના લખી આપવા અને તેનાં વાર્તાસાહિત્ય અંગે પોતાના વિચારો રજૂ કરવા પણ તત્પરતા બતાવેલી. હું તેમની મમતા અને ઉદારતાનો લાભ લઇ શકયો નહિ તે તો ઠીક છે પરંતુ વાર્તાસાહિત્ય અંગે શ્રી. મેઘાણીનો એક સરસ નિબંધ ગુમાવવામાં હું કારણભૂત બન્યો તે માટે દુઃખ થાય એ સ્વાભાવિક છે.

શ્રી. મેઘાણીનું સાહિત્યસર્જક તરીકેનું સ્થાન મહાન અને ચિરંજીવ છે; પરંતુ તેમને તેથી યે ઉચ્ચ સ્થાન રગેરગમાં અને બૂંદેબૂંદમાં છલકાઇ રહેલ માનવતાએ પ્રાપ્ત કરાવેલ છે. સર્જનસ્વામી અને કલાસ્વામી કરતાં ય જીવનયાત્રી તરીકે તેઓ અત્યંત ઉન્નત શિખરે ચડેલા છે. એમના જીવનના બધા પ્રસંગો બરોબર વણાશે ત્યારે જ પ્રજાને તેમની પૂરેપૂરી પિછાન થશે

ઘણા મિત્રો તેમને હિંદની અને આમજનતાની સંસ્કૃતિના સાચા "એમ્બેસેડર" લેખતા. રાષ્ટ્રીય સરકાર તેમની સેવાઓનો ઉપયોગ વાંછે તે પહેલાં તો નાની દુનિયાના એમ્બેસેડર મોટી દુનિયામાં ચાલી ગયા.

❋

"વિજ્ઞાની" મેઘાણી

શ્રી. બંસી ગાંધી, પ્રોફે. જયંતીલાલ દે. ઓઝા, ડૉ. નરસિંહ મૂ. શાહ,

પચ્ચીસ વર્ષ પહેલાંના સંસ્મરણો જાગે છે. એકવીસના અસહકારના જુવાળ ઓસરી ગયા હતા. કૉલેજ છોડી રાષ્ટ્રકાર્યમાં પડેલા યુવકો મહાત્માજીની આજ્ઞાનુસાર પોતાનો અભ્યાસ પાછો સંભાળી લેતા હતા. દૃઢ મનના કેટલાકોએ સેવામાં જ ઝંપલાવ્યું હતું. એ અરસામાં અમૃતલાલ શેઠે 'સૌરાષ્ટ્ર' રાણપુરમાં કાઢવાનું નક્કી કર્યું અને હું તેમાં જોડાયો. ત્યાં મને ઝવેરચંદભાઈને વિશેષ ઓળખવાનો પ્રસંગ મળ્યો. પરંતુ આ પૂર્વે પણ સામળદાસ કૉલેજમાં મેઘાણીભાઈનો થોડો પરિચય મને થયેલો. તેમની પાઘડી તેમની વિશિષ્ટતા હતી અને વિદ્યાર્થીવર્ગનું આકર્ષણ કરતી.

એક દિવસ અમૃતલાલ શેઠે ખબર આપી કે ઝવેરચંદ મેઘાણી આપણી સાથે જોડાય છે. પછી તો મેઘાણીભાઈ અને હું રાણપુરમાં પાડોશી બન્યા. આ સંબંધ થોડો વખત ચાલ્યો. એ થોડો વખત ખૂબ મીઠાં સંસ્મરણોથી ભરપૂર છે. મેઘાણીભાઈ મને નાના ભાઈ તરીકે ગણતા અને મારા પર મમત્વ દાખવતા. તેમના પિતાશ્રી કાળિદાસભાઈ તેમના અનુભવની વાતો કરતા અને ખૂબ આનંદ આવતો. આમ થોડો વખત ચાલ્યો ગયો: પછી તો જુદા પડવાનો પ્રસંગ આવ્યો. મને વિધિએ ગુજરાતથી દૂર ધકેલ્યો અને મારું કાર્યક્ષેત્ર જુદું જ બન્યું. છતાં મેઘાણી સાથેનો સંબંધ અવારનવાર બંધાતો. કોઈ વાર અમે મુંબઈમાં મળી જતાં: તો કોઈ વાર રાણપુર હું પહોંચી જતો.

અમારું અંતર વધ્યું છતાં હું તેમના લોકસાહિત્ય કાર્યનો ઉપાસક રહ્યો છું. એ કાર્ય એક સાચા વૈજ્ઞાનિકને શોભાવે તેવી રીતે મેઘાણીભાઈએ ખીલવ્યું છે. તેમણે ભેગી કરેલી સામગ્રી કાઠિયાવાડની જાતિઓના વૈજ્ઞાનિક અભ્યાસની નવી દિશા ખોલે છે. મનુષ્ય વંશવિદ્યાના અભ્યાસમાં તેને અતિ મહત્તાપૂર્ણ સ્થાન છે.

ગુજરાતી સાહિત્યમાં મેઘાણીનું સ્થાન ચિરકાળ છે, પણ સંશોધનકાર તરીકે ગુજરાતી સાહિત્યમાં તેમણે પાયોનિયર બનીને માર્ગદર્શન કરાવ્યું છે. એક સાચો વિજ્ઞાની જેવી રીતે વૈજ્ઞાનિક પદ્ધતિએ સત્ય પ્રાપ્ત કરવા મથે તેવી રીતે મેઘાણીએ લોકસાહિત્યમાં પહેલ કરી તેને ઉચ્ચ ભૂમિકાએ આણ્યું છે, વૈજ્ઞાનિકની દૃષ્ટિએ આ કાર્યનું મૂલ્ય ઘણું છે. સોરઠી સંસ્કૃતિની તવારીખમાં એ અમૂલ્ય સામગ્રી પૂરી પાડે છે. સમાજવિદ્યાના અભ્યાસીને પ્રાથમિક મુદ્દાઓ તૈયાર કરી આપે છે. આ દૃષ્ટિએ તેનું વિશાળ ખેડાણ કરવા એ વસ્તુઓ અંગ્રેજીમાં ઉતારવાની જરૂર છે. આ દિશામાં મેં અલ્પ પ્રયાસ કર્યો હતો. પરંતુ સદ્ગતની ઇચ્છાને માન આપી તે કાર્ય મારે બંધ કરવું પડેલું. આ દિશામાં કાર્ય ઉપાડી મેઘાણીનું સ્મારક ગુજરાતનો વિદ્વદ્વર્ગ રચશે એ આશા વધુ પડતી નથી. મેઘાણીજીના આત્માને પ્રભુ શાંતિ આપે એજ પ્રાર્થના. ન.

× × ×

લોકસાહિત્યના ચિરંજીવ તત્ત્વોનો તલસ્પર્શી અભ્યાસ કરી, એ તત્ત્વોને ઉવેખનાર–આમજનતા નહીં–પણ વિદ્વદ્વર્ગને ઢંઢોળી ઢંઢોળી જાગૃત કરી, તેને માનવંતા સાહિત્યનું બિરુદ અપાવનાર શ્રી. ઝવેરચંદ મેઘાણી ગયા, એ ખોટ નાનીસૂની નથી. લોકસાહિત્ય એ બે-પાંચ વરસની મૂડી ન ગણાય. તેને ઘડતાં સૈકાઓ જાય. એકાદ કવિ કે નવલકથાકારની કૃતિઓ સ્થળ કે સમય લક્ષી હોય. તેનાં સર્જન ચોક્કસ પરિસ્થિતિને આભારી હોય. સારી પ્રજાનાં પ્રતિબિંબ તેમાં પડે ખરાં પણ તે ઉપલકિયાં. આખીએ પ્રજાનાં સંવેદન, રુદન, હાસ્ય, લહાવા અને ઓરિયા–ઝંખના અને તૃપ્તિ એ સર્વનું તાદૃશ્ય દર્શન લોકસાહિત્યમાં જ મળી આવે. એ લોકસાહિત્યને શોધી શોધીને પીરસનારે માત્ર સાહિત્યને જ સમૃદ્ધ કર્યું એમ માનીએ તો આપણે તેમને જાણે અજાણે પણ અન્યાય કરીએ.

જો સદ્‌ગત ઝવેરચંદ મેઘાણી માનસશાસ્ત્રી હોત તો મનોવિજ્ઞાનનાં કેટલાંયે ગૂઢ સત્યોનાં દર્શન તેમણે નવલકથા દ્વારા માત્ર નહીં—પણ શાસ્ત્રીય રીતે કરાવ્યાં હોત. એ જ લોકસાહિત્યને નજર સામે રાખી તેમાંથી mass unconscious of nationનાં તત્ત્વોની તારવણી કરવા બેસીયે તો જનતાનાં કેટલાયે સારાં-નરસાં તત્ત્વોનો ઇતિહાસ આપણને મળી રહે. વ્યક્તિનાં તેમ સમષ્ટિનાં પણ સ્વપ્ન હોય છે. વ્યક્તિ અને સમષ્ટિ બંને તેમાંથી પોતાની અતૃપ્ત વાસનાઓની સાદી સીધી રીતે તૃપ્તિ મેળવી છે. પ્રજાના ઘડતરમાં એ સમષ્ટિના સ્વપ્નો ઉપયોગી નીવડે—જો કોઈ તેની સાચી નોંધ કરનાર હોય અને તેનો ઉકેલ આપનાર હોય તો. દસ્તાવેજી આગ્રહપૂર્વકની નોંધ કરી આપી ઝવેરચંદભાઈ અચાનક ગયા. ઉકેલ આપી (interpretation) આખીએ પ્રજાનું માનસ વિશ્લેષણ કરાવનાર કોઈ અવધૂત જાગે ત્યારે ખરા.

લોકસાહિત્યની ખૂબી એ છે કે તે જનતાની જીભે હોઠે અને હૈયે રમે છે. તેનાં એ કાયમ સ્થાનથી મેળવી તેને પુસ્તકના પાનાંમાં પૂરવું એ અઘરું કાર્ય છે. ઘર ઘર ફરી, સ્થળે સ્થળે અનેક વ્યક્તિઓને હોઠેથી તેને મેળવવું એ ભારે જહેમતનું કામ છે. અને એ કામ મેઘાણીએ ચાળી પાડ્યુ છે એમ કહીએ તો અતિશયોક્તિ નહીં ગણાય. બીજું કામ—આમજનતાને તેની સ્વપ્નસૃષ્ટિનું આંતરદર્શન કરાવવાનું—હવે કોઈ કે ઉપાડવું રહ્યું.

× × ×

સ્વાભાવિક છે કે લોકસાહિત્યથી લોકવિજ્ઞાન તરફ નજર કરે. જે દેશમાં કોલસો અને લોઢું મળે, ખેતી નહીંવત્ હોય અને એ બે સાથે જ જેને ઘડીકાં લેવાં પડે તે સ્થળે લોકવિજ્ઞાન અને યંત્રવિજ્ઞાનમાં ઝાઝો ફેર ન પડે. પશ્ચિમનું અનુકરણ કરી આપણે પણ વિજ્ઞાન એટલે નર્યાં યંત્રો જ—આગગાડી, મોટર, વિમાન, રેડિયો એવી આછી સમજણ કેળવી છે. એ સમજણ અધૂરી અને ભૂલભરી છે. દરેક પ્રજાને જેમ લોકસાહિત્ય હોય છે તેમ લોકવિજ્ઞાન પણ હોય છે. એ લોકવિજ્ઞાન ધરતીનાં ધાવણમાંથી પ્રાપ્ત થયેલું હોવાથી તેનું અસ્તિત્વ જ આપણે ભૂલી ગયા છીએ. ઘરઘરના પાણિયારે, ખાંડણિયે, ઘંટીએ, અને ચૂલે કે ઢોરની કોઢમાં, સુતાર લુહારની હાટડીએ લોકવિજ્ઞાન પડ્યું છે. ઘર ઘર ફરી, કારીગર કારીગરનાં બારણાં ઠોકી એ વિજ્ઞાન મેળવવું રહ્યું. આજે એ લુપ્ત થઈ રહ્યું છે. લોકવિજ્ઞાની મૃતપ્રાય થતા જાય છે. અને પશ્ચિમ સર્જ્યાં સાધન અને કારીગરો ખડકાતા જાય છે. તે દિશામાં કામ કરનાર કોઈ મેઘાણી જાગે ત્યારે ખરા !

દુઃખની વાત છે કે આપણા સિદ્ધહસ્ત કારીગરો નથી વિજ્ઞાની કે નથી સાહિત્યપ્રિય. ઘણા ભાગ તો તેમાં નિરક્ષર છે. પરિણામે તેમની સિદ્ધહસ્તતાની ચાવી આપણે પામી શકતા નથી, નથી લખાતાં તેમનાં આત્મચરિત્રો. બે કારીગરો ભેગા થાય છે ત્યારે ધંધાપાણીના નફાનુકસાનની વાતો કરશે કે નાતજાતની. કારીગરીની વાતો—ચર્ચા કોઈએ નહીં કરે.

ડભોઇના હિરાધર શિલ્પીની નોંધ મળે. તેના ચરિત્રમાં ઘણું ઘણુંએ મળે; તેના પર કાવ્યો પણ મળે. ન મળે ફક્ત સિદ્ધહસ્ત થવા તેણે શું શું કર્યું તે. એટલે આપણને જરૂર છે ઘરઘર તપાસ કરી સિદ્ધહસ્ત કારીગરો શોધવાની, તેમાંના યોગ્ય તત્ત્વોની સરખામણી કરી એ તત્ત્વોને બહાર લાવવાની અને એ તત્ત્વોને જાહેરમાં લાવી તેમને સામાજિક દરજ્જો અપાવવાની.

સદ્‌ગત મેઘાણી આપણને ઘણું આપી ગયા છે. તેની સાહિત્યની દૃષ્ટિએ ઘણી કદર થઈ છે અને થશે. પણ જ્યારે લોકવિજ્ઞાનના યોગી—અભ્યાસી જાગશે ત્યારે લોકસાહિત્યની વાનગી એ માત્ર સાહિત્ય નહીં રહે; વૈજ્ઞાનિક સંશોધનની પૂર્વભૂમિકારૂપ વિજ્ઞાનની પાયાસામગ્રી (scientific data) બની રહેશે.

બં.

× × ×

મેઘાણીના વિધવિધ સાહિત્યસર્જનમાં પંખી, પશુ–પ્રાણી તેમ જ વનસ્પતિનો ઉલ્લેખ ઘણી જગાએ આવે છે. પશુ–પ્રાણીનું મમત્વભર્યું પાલન તેમ જ સંરક્ષણ, અવારનવાર આંગણે ઉડનારા વિવિધ પંખીઓનો પરિચય તેમ જ તેમની ભાષાનો તલસ્પર્શી અભ્યાસ અને જુદી જુદી વનસ્પતિઓની ઓળખ તેમ જ તેના ગુણધર્મની સાચી સમજ આ બધાં આધુનિક જીવવિજ્ઞાનના અનેકમાંના થોડા ઉપયોગી અંગો છે. સમાજના ઉપલાં કરતાં નીચલાં થરોમાં, શહેર કરતાં ગામડાંના લોકસમુદાયમાં આ બધા પ્રશ્નોની વધારે સારી અને સાચી સમજ હોય છે એ સુવિદિત છે. લોકસાહિત્ય એ લોકસમૂહનું જીવન, તેની રહેણીકરણી તેમ જ લોકવિચાર અને કેળવણીનું પ્રતિબિંબ છે, અને તે જેટલે અંશે સત્ય અને સ્પષ્ટ સ્વરૂપે આલેખાયેલું હોય તેટલે અંશે તે ઉપરના પ્રશ્નો પરત્વે લોકસમૂહ વૈજ્ઞાનિક દૃષ્ટિ રજૂ કરે છે. મેઘાણીએ સર્જેલા સાહિત્યમાં જુદી જુદી લોકજાતિઓના જીવન અને આચાર–વિચારનો શુદ્ધ અને સ્પષ્ટ અભ્યાસ અને આલેખન, નવલિકા, નવલકથા અને ઇતર સાહિત્ય સર્જનમાં નજરે પડતું પંખીઓનું વર્ણન, પશુ પ્રાણીઓની અંદર રહેલી વફાદારીની લાગણીની ઓળખ તેમ જ લોકસમુદાયનું તેમના પ્રત્યેનું વહાલસોયું મમત્વભર્યું વર્નન તેમ જ તેમના સાહિત્ય-સર્જનમાં કેટલીક જગાએ આવતી વનસ્પતિની ઓળખ તેમ જ ઉપયોગનું સત્ય અને સબળ આલેખન મેઘાણીની વૈજ્ઞાનિક સચોટતા અને દૃષ્ટિનો પૂરાવો રજૂ કરે છે.

સાહિત્ય અને વિજ્ઞાન એ બન્ને માનવસંસ્કૃતિનાં પરસ્પર પૂરક અંગો છે એ હવે ચર્ચાસ્પદ રહ્યું નથી.

આજના યુગમાં દિનપ્રતિદિન વિકસતી જતી વિજ્ઞાનની સિદ્ધિઓ સાહિત્યને માટે સુંદર સામગ્રી પૂરી પાડે છે. એનો ઉપયોગ સાહિત્યમાં થાય તો વિજ્ઞાન અને સાહિત્યનો કેવો સરસ યોગ સધાય ! મેઘાણીજીની કલમે એવું માર્ગદર્શન કરાવ્યું છેઃ લોકસાહિત્ય વિજ્ઞાનવિહોણું નથી, એ આપણને દેખાડ્યું છે.

"स्वधर्मे निधनं श्रेयः"

બગસરાના બાલમંદિરના સંચાલક શ્રી. લાલચંદ જેચંદ વોરા ઉપરનો સ્વ. મેઘાણીભાઇનો આ પત્ર એમની સ્વાર્પણની ઉત્કટ ભાવનાનું પ્રતિબિંબ પાડે છે.

—સંપાદક

રાણપુર, ૨૭–૪–૩૧

પ્રિય ભાઈ,

કાગળ મળ્યો. 'स्वधर्मे निधनं श्रेयः' એ ભાવે શ્રદ્ધાપૂર્વક ખાદીનું જ કર્યા કરો. બીજી વાતોથી ન અકળાતા જેનું જેમાં નિર્માણ હશે–સ્વભાવથી, સંજોગોથી કે સ્વાર્પણની ભાવનાથી–તેઓ તે તે કર્યા જ કરશે. સર્વ દિશામાં જરૂર છે. ક્રાંતિ અને યુદ્ધની મનોદશાવાળાઓ તમારું ક્ષેત્ર નહિ જ ખેડી શકે. માટે તમારા જેવાએ તો ખૂંચી જ જવું. મિશનરીના ભાવથી.

હું તો આંહીથી ખસી શકું તેમ નથી, એટલે દિલગીર છું. આંખોનાં ખીલ તો અંત સુધીનાં સંગી કહેવાય. પંપાળી પંપાળીને રાખવાં રહ્યાં.

ઇચ્છિત શાંતિ મળો એ આશિષ સાથે,

તમારો

ઝવેરચંદના વંદન.

"સૌરાષ્ટ્ર"ના 'બાપુ'

ગુણવંતરાય આચાર્ય

'બાપુ'—સ્વ. ઝવેરચંદભાઈને કેટલાક મિત્રો 'બાપુ' કહીને બોલાવતા. ચારણી સાહિત્યનો એમનો શોખ, રજપૂતશાહી એમનો પોષાક અને એ બે બહારનાં લક્ષણો ઉપરાંતનું એમનું વાત્સલ્ય અને મમતા આ નામ માટે જવાબદાર હતાં.

'ફૂલછાબ'ના પ્રથમાવતારનો સૌથી પહેલો અંક. અંક તૈયાર થતાં એની સૌથી પહેલી નકલ અમે 'બાપુને' બોટાદ મોકલી.

એમની પ્રથમ પત્નીની તબિયતને અંગે બાપુએ બોટાદમાં કાયમ નિવાસ કરવાનો નિર્ણય કરેલો. એ નિર્ણયના શરૂ શરૂના દિવસો.

અંકની સાથે અમે એક ચિઠ્ઠી મોકલી:

'સૌરાષ્ટ્ર'ના 'બાપુ'ને સમર્પણ.

જવાબ આવ્યો:

'સૌરાષ્ટ્ર'ના 'બાપુ'

'સૌરાષ્ટ્ર'ના બેટાઓની ભેટ સ્વીકારી અમને મુબારકબાદી પાઠવે છે.

'બાપુ'ને હું આજ વરસોથી ગુજરાતના સર્વકાળના સર્વશ્રેષ્ઠ કવિ તરીકે લેખતો આવ્યો છું. લોકોના કંઠમાં અદ્યતન કાવ્યો અને લોકોના દિલમાં કાવ્યની આશનાઈ તો એમણે જ મૂકી. કવિતાને નિજાનંદ માટેની આત્મલક્ષી કલા—સૃષ્ટિમાંથી ઉઠાવીને જીવાનીની જ્વાલા સમી બનાવી એણે.

એમની કવિતાઓ માટેનો એક જવાબદાર પોલીસનો અભિપ્રાય જાણવા જેવો છે.

ઈ. સ ૧૯૩૦માં 'બાપુ'ની ખોટી ધરપકડ થઈ.

ત્યાર પછી "યંગ ઇન્ડિયા" ને 'નવજીવન'માં ગાંધીજીએ એમનો કેસ ઉપાડેલો. તે વખતે ધંધુકા તાલુકાના એક જવાબદાર પોલીસ અમલદારે કહેલું: He is a Poet but His Poetry is more dangerous than open sedition:— એ છે તો કવિ પણ એની કવિતા ઉઘાડા રાજદ્રોહથીયે ભયંકર છે!

કવિ તરીકે 'બાપુ' માટે મારો આ અભિપ્રાય છે. પહેલાં હતો, આજ પણ છે. પરંતુ એનો વધારેમાં વધારે વિરોધ કોઈએ કર્યો હોય તો ખુદ 'બાપુ'એ. 'ભાઈ તમે નર્મદને, નાનાલાલને, પ્રેમાનંદને, સુંદરમ્‌ને, ઉમાશંકરને અન્યાય કરો છો.'

હું ય ત્યારે બોટાદ રહેતો હતો. બાપુ પણ બોટાદ રહેતા. ત્યારે એમણે નાનાલાલ પ્રેમાનંદ વગેરેની ખૂબીઓ સમજાવવા પ્રયાસ કરેલો. પરંતુ એ મને સમજાવી શક્યા નહિ આખરે એમણે મને કહ્યું: 'આચાર્ય! મને એક વચન આપશો?' મેં કહ્યું: 'શું?' એમણે કહ્યું: 'મારી હયાતીમાં તમારે કોઈ દિવસ ક્યાંય પણ આવું લખવું નહિ.'

આ વચન મેં મારા લખાણો પૂરતું તો પાળ્યું. ખાનગી વાર્તાલાપમાં તો મેં મારો આ અભિપ્રાય ખૂબ જોરશોરથી જાહેર કર્યો છે. પરંતુ 'બાપુ'ની ઇચ્છાને માન આપીને મેં ક્યાંયે મારો અભિપ્રાય લખ્યો નથી.

એમના મૃત્યુ પહેલાં આઠ જ દિવસ અગાઉ આ વચન હું વીસરી ગયો. 'ગુજરાત સમાચાર'ના પ્રતિનિધિએ પોતે પ્રગટ કરશે એ શરતે અમદાવાદમાં મારી સાથે વાતો કરી. ત્યારે મેં કહેલું કે: 'બાપુને હું પોતે ગુજરાતના સર્વકાળના સર્વશ્રેષ્ઠ કવિ ગણું છું.'

કોણ જાણે કેવે કાળ–ચોઘડિયે મારાથી આ બોલાયું! આગમના એંધાણ હશે!

મુંબઈમાં હતો ત્યારે 'બાપુ'ને પચાસ વર્ષ થયાં. ને એમનો વનપ્રવેશ ઊજવવાની મેં દરખાસ્ત કરી. એક થેલી બાપુને અર્પવી. આ દિલચાલ હજી તો થોડા મિત્રો વચ્ચેની વાતચીતના તબક્કામાં હતી. 'બાપુ'ને ખબર પડી. 'બાપુ'નો મારા ઉપર લાંબો કાગળ આવ્યો. એમાંથી થોડાંક વાક્યો આ નીચે ટાંકું છું:

'ગુજરાતે આપણને ઘણું આપ્યું છે. ગુજરાત કદરહીન છે એવા મિથ્યાભ્રમમાં આપણે ન પડીએ, સહુ પોતાની શક્તિ પ્રમાણે કાર્ય કરે છે. સહુને નસીબમાં હોય તે મળે છે. ગુજરાતને એક ઝવેરચંદ–એક ગુણવંતરાયની ચિન્તા નથી, એને તો એક દરેકની ચિન્તા છે, એ તો મા છે. એને સહુ સરખા છે. આપણને પેટ પૂરતું આપે પછી એની ચિન્તા તો જેઓને પેટ પૂરતું નથી મળતું એને માટે જ હોય!'

'બાપુ'ને માટે એક વાત ચોક્કસ. મનમાં ગમતું હોય ને બહારથી ખોટા વિવેકની ના પાડે એ 'બાપુ' નહિ. તેમ આપણા મનમાં ન ગમતું હોય ને આપણી ખોટા વિવેકની હા–થી એ રાજી પણ ન થાય. 'ફૂલછાબ'ના પ્રથમાવતારમા તંત્રી તરીકેની ફરજ મારે બજાવવાની હતી. ચડતું લોહી, અમૃતલાલભાઈનો નાસિક જેલમાં મુકામ હોવાને કારણે એમની માયાભરી શિસ્તનો અભાવ, કકલભાઈના જેલવાસને કારણે મળેલી તક, તંત્રીની ફરજ અને અધિકાર વચ્ચે ભેદરેખા દોરી શક્યો નહિ.

"ફૂલછાબ"માં "બાપુ"ની લેખમાળા આવે–"જેલ ઑફિસની બારી." મને એના વાંધાની ગંધ આવી. ને બોટાદના જાહેર રસ્તા ઉપર પાંચસાત મિત્રોની વચમાં મેં કહી નાખ્યું:

'I am the editor. Either, I will edit or I will resign.'

'બાપુ' કાંઈ બોલ્યા નહિ ને મેં એ લેખમાળા બંધ કરી.

પછી મને થયું કે ખોટું થયું. હું એમની પાસે ગયો, અને લેખમાળાની માગણી કરી. બાપુએ કહ્યું: 'કેમ તમને એ ગમતી નથી ને? હું એમાં સુધારી તો શકું એમ નથી, ને તમને એમ ને એમ ગમતું નથી, પછી?'

મેં કહ્યું: 'આપની સામે હું બોલ્યો તે Bad manners, Bad tasteમાં હતું.'

મને કહે: 'ભાઈ! આમ ગભરાઈ જશો તો કેમ કામ આવશે? તમને જે વસ્તુ મનમાં ન ગમતી હોય તે માટે બહારથી ખોટો વિવેક શા માટે કરવો જોઈએ? મને ખોટું લાગ્યું હોય એવું તમે ક્યાંય જોયું? મનમાં એક વાત અને બહારથી બીજી વાત આપણને ન શોભે.'

એ પોતે આટલો સંયમ સમજતા ને એમના મિત્રો પાસેથી એવા જ સંયમની આશા રાખતા.

×

એમના કાકાના દીકરા ભાઈ ડૉ. મેઘાણી એ પણ લેખક હતા. એમણે લખ્યું હતું થોડું, વાંચ્યું હતું ઘણું. મુંબઈના કોમી હુલ્લડમાં મહિના પહેલાં જ એમનું ખૂન થયું. એમના અકાળ મૃત્યુનો 'બાપુ'ને ભારે આઘાત લાગેલો. એ વખતના એમના પત્રમાં જ જાણે એમને પોતાના મૃત્યુની ગંધ આવી ગયેલી, 'સાંભળવા માગીએ તો સ્નેહીઓના મૃત્યુ આપણા પોતાના મૃત્યુના પુરોગામી ભણકાર જ છે.'

અમદાવાદમાં એ મને મળવા માગે છે એવો એમનો મુંબઈથી પત્ર. અમદાવાદ એ ખાસ ઊતરેલા. એમનાં પત્નીની માંદગીના સમાચારને કારણે મળ્યા વગર એ બોટાદ ગયા. બોટાદથી એમણે પત્ર લખ્યો.

એ પત્ર મારા હાથમાં આવે છે...'ભાઈ! મળવાની ખૂબ ઈચ્છા છે. બોટાદ આવી જાઓ.'

અગિયાર વાગે પત્ર મળે છે......

ત્રણ વાગ્યાની ગાડીમાં મારે બોટાદ જવું છે.

કાગળ મારા હાથમાં છે.

મારી પત્નીને વંચાવું છું...મારી પત્ની કહે છે, 'જઈ આવો...'

'કાકા! કાકા!'...મારો પુત્ર દોડતો બહારથી આવે છે.

એના મોઢામાંથી જરા જરા લોહી નીકળે છે.

શું થયું?

'બજારમાંથી દોડતો આવતો હતો. રસ્તામાં પડી ગયો. મેઘાણીભાઈનું અવસાન થયું!'

મને તમ્મર આવે છે.

×

ને હવે તો 'બાપુ'ને કદી નજરે નહિ જોવાય! એમનાં સંભારણાં સંભારીને માથે હાથ દઈને બેસી રહેવાનું રહ્યું! ['ગુજરાત સમાચાર'માંથી]

લોકમાન્ય સાહિત્યકાર

અનંતરાય રાવળ

કેટલાકના 'બાપુ', સંખ્યાબંધ નાનેરા મિત્રો અને પ્રશંસકોના 'મેઘાણીભાઈ' અને ગુજરાતની સમગ્ર જનતાના હૈયામાં વસી ગયેલા મેઘાણી આમ અચાનક ચાલી જશે એનો તો કોઇને સ્વપ્ને ય શાનો ખ્યાલ હોય! એથી જ એમના મૃત્યુનો આઘાત સૌને માટે વસમો બન્યો છે. એ થોડા જ મરવા જેવડા હતા? પણ માનવીની મોટામાં મોટી લાચારી ક્યાંયે હોય તો અહીં જ છે. કાળનો આદેશ આવે એટલે પોતાના મનોરથો, પુરુષાર્થો અને અધૂરી કે પૂરી સિદ્ધિઓને મૂકી એણે ચાલી જ નીકળવું પડે છે. માનવીનાં જ્ઞાન, બુદ્ધિ, આવડત અને શક્તિમાંથી કશાનું કંઈ ચાલતું જ નથી.

છતાં આવા અપ્રતિહતગતિ કાળની ઉપર વિજયી થવાનું ય ભાગવાને માણસને આપ્યું છે. એ જ એક માણસને જીવન જીવવાને ઉમંગભેર પુરુષાર્થ ખેલવા પ્રેરનારી આશ્વાસક ઘટના છે. નામ એનો નાશ એમ કહેવાયું છે, પણ કેટલાંક નામ એમ સહેજે વિનષ્ટ થઈ શકતાં નથી. છતાં એ સાચું હોય તો ય માનવીના 'કામ'નો નાશ નથી. જીવનના કોઈ પણ ક્ષેત્રમાં સ્મરણીય કાર્ય બજાવનાર અને એના સંસ્મરણથી સમકાલીન અને અનુગામી પ્રજાના હૈયામાં જીવતા રહેનારને મૃત્યુ નથી. મૃત્યુ પછી એ તો અમર બને છે. સ્વ. મેઘાણી પરનો કાળનો વિજય એમના ક્ષરદેહને ઝડપી લેવા જેટલો જ છે, એમના કામને અને તેને કારણે ગુજરાતની પ્રજાના હૈયામાં એમણે કરેલા પ્રેમાળ વાસને એ ઉખેડી શકે તેમ નથી.

સ્વ. મેઘાણી દ્વારા નિયતિએ જે કાર્ય બજાવવું ગોઠવેલું અને જે એમના નામ સાથે સર્વદા સંકળાયેલું રહેવાનું, તે છે એમનું સોરઠી લોકસાહિત્યનું સંપાદન. જેની જીભે અને જેને હૈયે એ હતું તે પેઢીની આંખ મિંચાતાં કાળગ્રાસ બની કાયમ માટે ગુમાવાઇ જાત તે લોકસાહિત્યને ભમી રખડીને, એનાં જાળવનારાંનાં હૈયાનાં કબાટનાં તાળાં પ્રેમ અને મૃદુ સહાનુભૂતિની ચાવીથી ખોલી તેમની પાસેથી કઢાવીને, કલાકો સુધી શાંતિથી સાંભળીને, ટાંચણપોથીમાં ટપકાવીને અને છેવટે એને વીણીઝાટકીને સોઇને એમણે ગુજરાતની જનતાને ચરણે ધરી દીધું અને એ રીતે સર્વભક્ષી કાળને થપ્પડ મારી એ એમનું ન ભૂલાય એવું મોટું કાર્ય છે. એનું કલમ વડે પ્રકાશન કર્યું. એટલું જ નહિ, પરમશક્તિએ બક્ષેલા સરસ કંઠ વડે એને સેંકડોની લોકમેદની આગળ મીઠી રીતે ગાઇને અને કલમ તેમ જ કંઠ વડે એનું રસદર્શન કે રસવિવેચન કરીને એમણે આજની જનતાના હૈયામાં એનો આદરભર્યો પ્રવેશ કરાવ્યો છે. આજની અને આવતી કાલની પ્રજા ગત પેઢીઓનાં વીરતા, દિલેરી, નેકી, ખાનદાની, ટેક વગેરેનો પરિચય પામી અને કેળવી જવાંમર્દી ને મર્દાનગીના પાઠ શીખશે તો તે મેઘાણીની આ સેવાને લીધે. એ એમની સિદ્ધિ કે કમાણી છે, એ એમની ગુજરાતસેવા છે. એનું વિસ્મરણ ગુજરાતને પોસાય નહિ.

એ જ રીતે ગુજરાતના આધુનિક પત્રકારત્વમાં, એમનો ફાળો પણ ભૂલી શકાશે નહિ. વર્ષો પર ઘટમાં બેઠેલા અંતર્યામીની પ્રેરણા અનુસાર પોતાને—અંદરના કવિને, 'પ્રગટ થાઉં, પ્રગટ થાઉં' ઇચ્છતા સાહિત્યકારને—ઓળખી જઇ કલકત્તાની વેપારી પેઢી અને સંભવિત વધુ કમાણીનો રાહ છોડી એ કાઠિયાવાડ આવ્યા ત્યારે આજીવિકા—વ્યવસાયે એ પત્રકાર બન્યા, અને બે વરસ પર 'ફૂલછાબ'નું તંત્રીપદ છોડ્યું ત્યાં સુધી એમની કારકિર્દી પત્રકારત્વ જોડે સંકળાયેલી રહેલી છે. ગુજરાતી પત્રકારત્વને એમણે નવી જ ઝળક આપી છે. 'સૌરાષ્ટ્ર' અઠવાડિકની સફળતાનો ઘણો જશ એમની તેજીલી કલમને જ જાય, અત્યારના પત્રકારત્વ પર ભાષા અને શૈલીની તેમ જ વસ્તુની રજૂઆતની દૃષ્ટિએ જોઇએ તો 'સૌરાષ્ટ્ર' સંપ્રદાયની એટલે મેઘાણીની અસર બતાવી શકાય એટલી સ્પષ્ટ વરતાય છે. કેટલાય પત્રકારી લેખકો પણ એમના હાથ તળે કે એમની શૈલીના અનુસરણથી ઘડાયા છે. આપણું પત્રકારત્વ આ રીતે એમનું ઋણી છે.

પત્રકારત્વે તથા લોકસાહિત્યના સતત પરિશીલને

એમના ગદ્યને ઘડવામાં ઘણો ભાગ ભજવ્યો છે. પત્રકારત્વે એમના ગદ્યને પ્રવાહી અને વેગીલું બનાવ્યું; લોકસાહિત્યના પરિશીલને તળપદી, ધરતીનાં જાયાંની, લોકભાષાનાં મીઠાશ, સુગંધ, બળ અને ધીંગાપણું એમના ગદ્યને સંપડાવ્યું. ગદ્યની પ્રવાહિતામાં તો મેઘાણી વર્તમાન પેઢીમાં આપણા અજોડ લેખક હતા, ભાષાની મોહકતા પણ એમની અદ્ભુત હતી. મેઘાણીની ભાષા અને શૈલી પણ આમ ગુજરાત ભૂલી શકે તેમ નથી.

એમને ધંધો મળ્યો પત્રકારનો, પણ એમનો આત્મા તો હતો સાહિત્યકારનો. પરિણામ આવવું ઘટે તે જ આવેલું. એમણે પત્રકારત્વને સાહિત્યરંગે રંગ્યું અને એને હતું તેથી ઊંચે એ લઇ ગયા. સામાન્ય પત્રકારથી એ કેટલાય ગણા ઊંચે હતા. લોકપ્રિયતા સારુ પોતાની બેસણીથી એ કદી નીચે ઊતર્યા નથી. પત્રકારત્વને એમણે રસિક બનાવ્યું, એને ભાષા આપી, એને સાહિત્યચમક આપી, અને પત્રકારની નાત સાહિત્યકારની કરતાં હલકી ગણાયા કરી છે તે વલણ હઠાવવાનું વાતાવરણ ઊભું કરી, પત્રકારને સાહિત્યકાર કેમ ન ગણવો એવી ફરિયાદ કરવા માટે આગળ ધરવા જેવો દાખલો પણ એમણે પોતાના લખાણથી પૂરો પાડ્યો. અને પત્રકારનો પરમ ધર્મ અન્યાયની સામે વિરોધ ઉઠાવવાનો, જનતાનાં સુખદુઃખ, આશા-આકાંક્ષા, જયપરાજય આદિને વાચા આપી જનતાની જબાન બનવાનો, તે પણ એમણે નિર્ભીક રીતે પાળ્યો છે. એ બાબતમાં સ્પષ્ટવક્તૃતા બહુ ઓછા પત્રકારોએ બતાવી છે. 'સૌરાષ્ટ્ર'માંનું એમનું કામ તો ખરું જ, પણ 'ફૂલછાબ'માંની એમની નોંધો અને 'સાંબેલાના સૂર'માંનાં કેટલાંક કટાક્ષપ્રધાન લખાણો તેમ જ 'ઊર્મિ'-માંની તેમની કેટલીક તાજેતરની નોંધો આ સંબંધમાં ઉલ્લેખને પાત્ર છે. કૉંગ્રેસ, કૉંગ્રેસી નેતાગીરી ને નીતિ અને ગાંધીજીનાં કોઇ કોઈ પગલાં સામે પણ પોતાનો અભિપ્રાય સ્પષ્ટ રીતે વ્યક્ત કરતાં એ અચકાયા નથી. એવે વખતે લોકોના પ્રતિનિધિ તરીકે તેમના મનની વાત જ એમણે કહી છે.

અને સાહિત્યકાર મેઘાણી? લોકસાહિત્યનું સંપાદન અને વિવેચન એકલું જ તેમણે કર્યું હોત અને બીજું કશું ન લખ્યું હોત તો પણ એમની એટલી સાહિત્યસેવા જ કાયમ સંભારી રાખવા જેવી ગણાત. પણ ઈશ્વરદત્ત શક્તિના પ્રમાદી અનુપયોગની ફરિયાદ એમને માટે થઇ જ ન શકે એવું એમણે કર્યું છે. મૃત્યુએ આવી એમને ઉપાડી લીધા, બાકી એમણે પોતે કલમ લગભગ છેક સુધી હેઠી મૂકી નથી. એમની પાસેથી જે સંખ્યાબંધ કૃતિઓ મળી છે તેમાં ભાષાન્તરો છે, રૂપાન્તરો છે, ચરિત્રો છે; કેટલાક દેશોના મુક્તિસંગ્રામની કથાઓ છે, કવિતા છે, વાર્તા છે, નાટક છે,—નવલકથા છે, વિવેચન છે, જેલકથા છે, પ્રવાસ છે, અને કટાક્ષલેખો પણ છે. વૈવિધ્ય ને વૈપુલ્ય એમના સાહિત્યની ગુણવત્તાને બાધક કે અવરોધક નીવડેલ નથી એ પણ જાણવા જેવી હકીકત છે. એમના રૂપાન્તરોમાં સર્જનકલ્પના એટલા સારા પ્રમાણમાં દેખાય છે કે એ કૃતિઓ પારકી નહિ પણ મેઘાણીની જ હોય એવી છાપ વાંચનારાઓ પર પડે છે. લોકગીતો બરાબર પચાવેલાં હોવાથી તેના ઢાળોમાં અને ચારણી છંદોમાં અર્વાચીન ભાવો ને ભાવનાઓ કવિતારૂપે મૂકી સાચા લોકકવિ તે બન્યા છે. વિવેચનને તેની ભારઝલી પંડિતાઈ અને શુષ્કતાનાં વેષ્ટનથી અળગું કરી હળવું, રસિક, રસદર્શી અને સંસ્કારગ્રાહી તેમણે બનાવ્યું છે. એમનાં ચરિત્રોમાં ચરિત્રનાયકો જીવતા બની જાય છે. તેમની વાર્તાઓ અને નવલકથાઓમાં આપણો નીચલા મધ્યમ વર્ગનો સાચો સમાજ તેનાં અજ્ઞાન, વહેમ, ખાનદાની, નાદાની ભોળપણ, વીરતા, ઉદારતા આદિ સારાંમાઠાં લક્ષણો સાથે દષ્ટિગોચર થાય છે. લખાવટ બધે જ એક સરખી મોહક હોય છે. હૃદયને સ્પર્શી હલાવી મૂકે તેવું ઊર્મિબળ પણ એમનાં સર્જનોમાં ઓછું નથી હોતું. ભાષામાં સર્વગમ્યતા પણ એટલી હોય છે કે કૃતિઓ બહોળા આમવર્ગના ખૂણેખૂણા સુધી પહોંચી જાય છે અને ઝીલાય છે. જનતાના સાહિત્યકાર, લોકકવિ, જનતામાન્ય સાહિત્યકાર અત્યારે તો મેઘાણી જ

હતા. એમની ભાષા જનતાની અને એમણે ભાવો ય લડાવ્યા છે જનતાના ને જનતાને ગમે એવા. 'નથી સમજાતું' એવી ફરિયાદ જેમનાં સાહિત્ય માટે ઓછામાં ઓછી થાય તેવા એ હતા. એમની કૃતિઓની લોકપ્રિયતા ઓછી નથી. Best-sellers એમની પાસેથી ઠીક સંખ્યામાં મળેલ છે. એવી કૃતિઓના સર્જકો ઉત્કૃષ્ટતાની કક્ષા જાળવી શકતા નથી હોતા. મેઘાણી માટે કહી શકાય કે ભલે અમુક કક્ષાથી વધુ ઊંચે એ નહિ ગયા હોય, તો અમુક કક્ષાથી નીચે તો એ ક્યારે ય નથી ગયા. વળી કવિતા, વાર્તા, નવલકથા, વિવેચન ગમે તે સાહિત્યપ્રકાર એમની કલમ ખેડતી હોય, એ દરેકમાં મેઘાણીચમકાર કે મેઘાણી-સ્પર્શ આવીને તેને વાચકને માટે રુચિકર ને આકર્ષક બનાવી જાય છે. જેમ એમના દેહમાં, ચહેરામ્હોરામાં, પોષાકમાં, બોલીમાં, ગાયકીમાં તેમ એમના ગદ્ય ને પદ્યમાં અનોખું વ્યક્તિત્વ વિલસે છે,અને એને બીજા લેખકોની કૃતિઓ કરતાં જુદું જ બનાવે છે.

વ્યક્તિત્વની વાત આવી એટલે એમના પોતાના વ્યક્તિગુણોને ય સંભારવા જોઇએ. એમની ઉદ્યમપરાયણતા. કાર્યનિષ્ઠા, મિત્રપ્રેમ, સ્નેહાળતા વગેરે ગુણો વિશે તો એમના સંબંધમાં આવેલા અનેકો બોલી શકે તેમ છે. પણ સહુથી આકર્ષક તો એમના બે ગુણઃ વિનમ્રતા અને મીઠાશ. પોતાને વિશે ઘણું ઘણું માની બેસી પોતાની વડાઈની ગુલબાંગો મારનાર ક્ષુદ્ર મિથ્યાભિમાનથી એમનો સંસ્કારી અને વિવેકશીલ આત્મા કેટલાય ગાઉ દૂર રહ્યો હતો. એમની મીઠાશ કાઠિયાવાડીઓ જેમાં પાવરધા હોવાનું સાચીખોટી રીતે ગુજરાતમાં મનાય છે તેવી વ્યવહારદક્ષતાની કે મુત્સદ્દીગીરીની કે દેખાડવાની નહિ, પણ ખરેખર તેમના હૈયાની સુકુમારતાનું જ બાહ્ય ચિહ્ન હતી. ભાવભર્યું 'ભાઇ' એવું એમનું સંબોધન જેમણે એક વાર પણ સાંભળ્યુ હશે તે કદાપી ભૂલી શકશે નહિ. એમના મૃદુ અંતરનું સૌજન્ય એમની મીઠાશ અને વિનમ્રતા વાટે બોલી ઊઠતું હતું. આને લીધે તેમનું, મિત્રોનું અને સ્નેહીજનોનું મંડળ બહુ જ મોટું હતું. એમાં સાહિત્યકારો તો ખરા જ, પણ ઇતર વ્યવસાયવાળા પણ ઘણા, એ એક નોંધપાત્ર બાબત છે. આ મીઠાશ અને આગળ ઉલ્લેખેલ સ્પષ્ટવક્તૃત્વ, બંનેનો વાસ એક જ વ્યક્તિમાં હોય એ કેટલું વિરલ છે, કેટલું સ્પૃહણીય છે !

મિત્રો ને સ્નેહીઓના અંતરમાં આ કારણે, તો ગુજરાતની સમગ્ર જનતાના હૃદયમાં બીજા એક કારણે તેમણે સ્થાન જમાવેલું લોકગીતોના સુભાષ્ય ગાનથી તેઓ લોકપ્રિય બનેલા એ ખરું, પણ લોકહૈયામાં તેમણે સ્થાન મેળવ્યું તે તો ભારતના મુક્તિસંગ્રામની રાષ્ટ્રભક્તિથી છલકાતી કવિતાના સર્જક તરીકે, 'રાષ્ટ્રીય શાયર' તરીકે. તેમણે યૌવનને બિરદાવ્યું, ભગતસિંહ અને તેના સાથીઓની શહીદીને અંજલિ આપી, ૧૯૩૦ની રાષ્ટ્રીય લડત વખતે મેકિસ્વનીના ગીતને ગુજરાતીમાં લલકાર્યું અને 'કંકુ ઘોળવાં'ની અને જુધ્ધે ચડવાની શૂરાઓને હાકલ કરી એ સંગ્રામના સૈનિકોના કડખેદ તરીકે કામ કર્યું, એ સંગ્રામના સેનાની વિલાયત ગયા ત્યારે આખા રાષ્ટ્રના અંતરની ને એના પોતાના અંતરની લાગણી 'છેલ્લો કટોરો' કાવ્યમાં ગાઈ, સેનાનીવર પાછા વળ્યા ત્યારે એના સત્કારનું સકરુણ ગીત ગાયું, એણે જ્યારે કોમી ચુકાદા સામે અનશન આદર્યું ત્યારે એનો વિદાય-સંદેશ માર્મિક રીતે ગુજરાતને સુણાવ્યો, રાષ્ટ્રને એણે '૩૦માં દાખવેલ જોર માટે તે વરસની 'પલ-પલભરી બારમાસી 'ની પ્રોત્સાહક કવિતા લલકારી, અને પરાજયની વેદના ભુલવવા 'પરાજિતનું ગાન' સંભળાવ્યું પ્રજાની આકાંક્ષાઓ, લાગણીઓ, પુરુષાર્થો, અને આશાનિરાશાને આમ સ્વ૦ મેઘાણીએ તે પ્રત્યે પૂગ સજાગ રહી જે રીતે ગાયાં છે તે જોતાં 'રાષ્ટ્રીય શાયર' એવું બિરુદ એમને આપવામાં પ્રજાએ એમના પ્રત્યે પોતાનો પ્રેમાદર સાચી રીતે જ વ્યક્ત કર્યો છે એમ જણાશે. એમના અવસાન બાદ ભરાયેલી શોકસભાઓમાં જે ચિક્કાર હાજરી દેખાઈ છે તે સ્વ૦ મેઘાણી કેવા લોકમાન્ય સાહિત્યકાર હતા એ બતાવે છે.

[અનુસંધાન આગળ પાન ૮૮ પર]

વેદનામૂર્તિ જનકવિ

પરમાનંદ કાપડિયા

હજુ ડૉ. વ્રજલાલ મેઘાણીની અવસાનનોંધની શાહી સુકાઈ નથી એવામાં શ્રી. ઝવેરચંદ મેઘાણીના અવસાનના સમાચાર સાંભળીતાં હૃદય બેહોશ બની જાય છે, અને લેખિની સ્તબ્ધતા અનુભવે છે. હાથ ઉપરની હીરાની વીંટી કોઈ ઝૂંટવી ગયું એની 'હાય પોકર હજુ શમેલ નથી, એટલામાં તો નિષ્ઠુર વિધાતાએ માથાનો મુગટમણિ ઝડપી લીધો અને આપણુ સર્વને શૂન્યતેજ બનાવી દીધા. આ ઘટનાએ ઉપજાવેલી મર્મદારક વેદના કયા શબ્દોમાં વ્યકત કરવી તેની કોઈ રીતે સૂઝ પડતી નથી.

હજુ થોડા સમય પહેલાં જાન્યુઆરી માસની ૧૯મી તારીખે સવારમાં મળેલી ડૉ. મેઘાણી વિષેની શોકસભામાં મિત્રોએ પ્રસંગાનુરૂપ કાંઈક ગીત સંભળાવવા ભાઈ મેઘાણીને વિનંતી કરી અને એ વિનંતીને સહજભાવે માન્ય કરીને સંહારના સ્વામીને સંબોધીને રચેલું ભવ્ય આર્થનાગીત તેમણે સંભળાવેલું. તેમના એ બુલંદ અવાજના ભણકારા હજુ કાનમાં શમ્યા નથી, એટલામાં તો તેમણે પણ પોતાનાં બધાં ખાતાં ખતવીને જીવનભરનું સરવૈયું સંહારના સ્વામીના ચરણમાં ધરી દીધું ! એ ગીત આપણે તેમની પાસેથી છેલ્લું છેલ્લું જ સાંભળી રહ્યા છીએ એવી સ્વપ્ને પણ કોઈને કલ્પના સંભવતી હતી ખરી ? કાળના કુઠારપ્રહાર આવા જ હોય છે ! કાળની નિષ્ઠુરતા આપણને અવાક્ બનાવી દે છે.

અલબત્ત છેલ્લાં છેલ્લાં બે વર્ષ દરમિયાન તેમનું શરીર ભાંગતું જતું હતું હરસ, સપ્રિયા આદિ ઉપાધિઓ તેમના શરીરને ક્ષીણ બનાવી રહેલ હતી. આમ છતાં પણ 'ફૂલછાબ'ના અતિવ્યવસાયી તંત્રીપણાથી તેઓ કેટલાક સમયથી નિવૃત્ત થયા હતા અને બોટાદમાં ઠરીઠામ થઈને બેઠા હતા. પોતાની તબિયતની અનુકૂળતા મુજબ તેઓ પોતાની સાહિત્યપ્રવૃત્તિ ચલાવતા હતા. મોટો દીકરો ચિ. મહેન્દ્ર પત્રકારત્વના પ્રદેશમાં ઠીક ઠીક ગોઠવાઈ ગયો હતો. મોટી દીકરી ચિ. ઇન્દુનો પણ વિવાહસંબંધ નક્કી કરી લીધો હતો અને થોડા સમયમાં લગ્ન કરવાની વિચારણા ચાલતી હતી. એટલે એ બાજુની ચિન્તા પણ હળવી બની હતી શ્રી. ચિત્રાદેવી ભરતગૂંથણનો સ્વતંત્ર વ્યવસાય ચલાવી રહ્યાં હતાં અને મેઘાણીભાઈની કમાણીમાં ઠીક ઠીક પુરવણી કરી રહ્યાં હતાં. બે ઘરનાં ઘર બનાવ્યાં હતાં. ઘેર દુઝાળાં ઢોર બાંધ્યા હતાં. અનેક કારણોએ અવારનવાર અસ્વસ્થ બનતું રહેતું ગૃહજીવન સરળ સપાટી ઉપર વહેવા લાગ્યું હતું. આવી ઉત્તરોત્તર અનુકૂળ બનતી જતી પરિસ્થિતિને અંગે મેઘાણી ખૂબ પ્રસન્ન અને સંતુષ્ટ દેખાતા હતા. આજ સુધી તેમણે ઘણું ક્યું હતું, પણ હવે પછીનો કાલ તો કોઈ જુદા જ પ્રકારનો ઊતરશે એમ તેમના નિકટવર્તી મિત્રો અને શુભેચ્છકો આશા સેવી રહ્યા હતા. એવામા કાળની કરડી નજર હજુ હમણાં જ નિરાંત વાળીને સૂતેલા અને સુખભર્યા ભાવી જીવનનાં સ્વપ્નાં ચિન્તવતા ભાઈ મેઘાણી ઉપર પડી અને આંખના પલકારામાં તેઓ પરલોકવાસી બની બેઠા ! આ તે આપણું કેવું હીનભાગ્ય ?

આજના સાહિત્યકારોમાં તેમનું સ્થાન મૂલવવાનો મારો કોઈ અધિકાર નથી. એવી કોઈ જરૂર પણ નથી. તેમનું વ્યક્તિત્વ સમગ્ર સાહિત્યકારોથી એટલું બધું નિરાળું હતું કે તેમને કોઈની ઉપર કે નીચે મૂકવાનો કોઈ અર્થ પણ નથી. એમ છતાં પણ માણસનું મન એવું છે કે તેને સરખામણી કર્યા સિવાય ચેન પડતું નથી. આ રીતે વિચારતાં તેઓ આખા સાહિત્યક વર્ગથી બે બાબતોમાં એકદમ જુદા તરી આવતા હતા. મારા સદ્ભાગ્યે અનેક કવિઓ, લેખકો તેમ જ સાહિત્યકારોના ઠીક ઠીક પરિચયમાં આવવાનું બન્યું છે. પોતપોતાના વિષયમાં તેમનાથી ચડી જાય એવી અનેક વ્યક્તિઓ આજે સમાજમાં અસ્તિત્વ ધરાવે છે. કવિતા માત્રનું છેલ્લું સીમાચિહ્ન મેઘાણી હતા એમ પણ આપણે કહી ન શકીએ. પણ આવી અસાધારણ સાહિત્યપ્રતિભા ધરાવતાં છતાં નમ્રતાની—નિરભિમાનપણાની જે પરાકોટિ ભાઈ મેઘાણીમાં અનુભવગોચર થતી હતી તેવી અન્યત્ર કોઈ પણ આવું વિશિષ્ટ સ્થાન ધરાવતી વ્યક્તિમાં જાણી, સાંભળી કે નિહાળી નથી.

બિલકુલ ઘમંડ નહીં એવો સાહિત્યકાર આપણે પહેલવહેલો જોયો હોય તો તે મેઘાણી હતાં. કાર્લાઈલે એક સ્થળે કહ્યું છે કે આત્મમહત્તાના અભાનમાં માનવીવિશેષની સાચી મહત્તા રહેલી છે. આ કથન મેઘાણીને સર્વાંશે લાગુ પડતું હતું.

તેમને અન્ય સાહિત્યકો અને ખાસ કરીને કવિઓથી જુદા પાડતી બીજી બાબત એ હતી કે તેમનામા કવિતા સાથે જે ડોલન હતું તેવું ડોલન–તન્મયતા–મસ્તી–પોતાના કાવ્યવિષય સાથેની એકરૂપતા–મેં તો હજુ કોઈ અન્ય કવિમાં નિહાળી નથી. તેઓ બુલંદ અવાજે કોઈ પણ ગીત ગાવું શરૂ કરતા કે તેમના પગ તાલ આપવા માંડતા. હાથ ઝૂલવા માંડતા, આંખોમાંથી નૃત્ય ઝરવા લાગતું અને મદોન્મત્ત હાથીની માફક તેમનો આખો પંડ ડોલવા લાગતો. વાસ્તવિક દુનિયા તેઓ એકાએક ભૂલી જતા અને શ્રોતાવર્ગને પણ ભૂલવાડી દેતા. આવુ ડોલન ભાઈ મેઘાણી સાથે આજ તો ગયું તે ગયું જ છે. તેનો પ્રતિનિધિ કોણ જાણે પાછો ક્યારે જન્મશે!

ગાંધીજીએ લોકજીવનના વિશાળ ક્ષેત્રમા જે કાર્ય કર્યું તે જ કાર્ય ભાઈ મેઘાણી સાહિત્યના સાંકડા ક્ષેત્રમાં સાધી ગયા છે. મેઘાણી નહોતા ત્યાં સુધી ગજકારણ માફક સાહિત્ય કેવળ શિષ્ટભોગ્ય વસ્તુ હતી. એ સાહિત્યને ખરેખર લોકભોગ્ય બનાવવાનો સર્વ યશ ભાઈ મેઘાણીના ફાળે જાય છે. આ ઉપરાંત કહેવાતા લોકસાહિત્ય વિષે પ્રતિષ્ઠિત સાહિત્યકારોની કેવળ ઉદાસીનતા હતી, એટલું નહિ પણ લોકસાહિત્ય પ્રત્યે તેઓ એક પ્રકારની ઘૃણા સેવતા હતા, આ લોકસાહિત્યની વિશેષતાઓ બહાર લાવવાનું કાર્ય ભાઈ મેઘાણીએ કર્યું છે. એટલું જ નહિ પણ લોકસાહિત્ય અને શિષ્ટસાહિત્ય વચ્ચેની અભેદ્ય દીવાલ પણ ભાઈ મેઘાણીએ જ ભાંગી છે. લોકસાહિત્યની હાકલ ભાઈ મેઘાણીએ ઘેર ઘેર સંભળાવી છે. 'લોકસાહિત્યમાં રહેલું અપૂર્વ નવનીત જાણો અને માણો' આવી ટેલ ભાઈ મેઘાણીએ શેરીએ અને ચૌટે નાખી છે. ભાઈ મેઘાણી એક વખત એકલા અટુલા હતા. આજે તો તેમને ઉભયપક્ષે–સાહિત્યકોએ તેમ જ આમજનતાએ –સ્વીકાર્યા છે, આવકાર્યા છે, અપનાવ્યા છે. આવી રીતે પોતાનું જીવિતકાર્ય ભાઈ મેઘાણીએ અનેક રીતે પાર પાડ્યું છે. આ કંઈ જીવનની નાનીસૂની ધન્યતા નથી.

સાહિત્યના ક્ષેત્રમાં તેમના પુરોગામીઓનો વિચાર કરીએ તો મીરાં, નરસિંહ મહેતો તેમ જ પ્રેમાનંદની પરિપાટીના હતા એમ આપણે જરૂર કહી શકીએ. અથવા તો એમ કહેવું વધારે યોગ્ય ગણાય કે ભાઈ મેઘાણીને જોઈને મીરાં, નરસિંહ મહેતો કે પ્રેમાનંદ કેવાં હશે તેની આપણે કલ્પના કરી શકીએ છીએ. કવિ ન્હાનાલાલે ભાઈ મેઘાણીને વોલ્ટર સ્કોટ સાથે સરખાવેલા. સામળદાસ કૉલેજના પ્રિન્સિપાલ શહાણીએ મેઘાણીને એક વખત હોમર સાથે સરખાવ્યા હતા. સાહિત્યના ક્ષેત્રમાં આ મહામાનવોની ભાત જ કોઈ જુદા પ્રકારની હોય છે. નિરાંતે ખાવું, પીવું અને સૂવું, સ્વસ્થ વેતન ઉપર જીવનનિર્વાહ કરવો અને અવકાશ મળે તે મુજબ કાવ્યો કે લેખો લખવા અને સંગ્રહો પ્રગટ કરવા, જનતાના સન્માનના અધિકારી લેખાવું અને જનતાથી અતડા રહીને વિચરવું –આ ભાત તેમની નથી. તીવ્ર સંવેદનોથી સદા ક્ષુબ્ધ બનેલા રહેવું અને પોતાના દિલમાં જે રંધ્યું તે આમજનતાને સંભળાવવું, એકતારો લઈને જગતને ખૂણે ખૂણે ભમવું અને પોતાનો જીવન-સંદેશ સૌ કોઈના કાને નાખવો, સૂતેલાને જગાડવા અને જાગેલાને કાર્યપ્રવૃત્ત કરવા, લોકોને રડાવવા, હસાવવા, ઉત્તેજિત કરવા; તેને ન હોય ખાવાપીવાની નિરાંત કે સાધન સગવડની સ્વસ્થતા, એક જ ધૂન, એક જ તાન. માનાપમાનથી કેવળ બેપરવા. જનતા સાથેનું અપૂર્વ તાદાત્મ્ય. તે જ્યાં જાય ત્યાં લોકો તેની પાછળ ગાંડા માફક ભમે અને તેના શબ્દોને અમૃત માફક ઝીલે. વ્યાસ–વાલ્મીકિના કાળથી જનતાના કવિઓની આવી પરિપાટી ચાલી આવી છે. આપણું કેટલું મોટું સદ્‌ભાગ્ય કે એ પરિપાટીના વારસદાર મેઘાણીને આપણે નજરે નિહાળ્યા, સાંભળ્યા અને માણ્યા!

મેઘાણીના જીવનની અનેક બાજુઓ છે અને તેમની સાહિત્ય ચર્યાનાં પણ ભિન્ન ભિન્ન સ્વરૂપો છે. પણ કોઈ એક વિશિષ્ટ લક્ષણથી મેઘાણીને ઓળખાવવા હોય તો હું એટલું જ કહું કે મેઘાણી એટલે વેદનામૂર્તિ. મેઘાણી હસે, બોલે, વાતો કરે, આનંદ વિનોદમાં પૂરો ભાગ લે–એ બધું છતાં, અને એ બધાં પાછળ હતું એક ઊંડું વેદનાનું તત્ત્વ. તેમના સર્વ સાહિત્યનિર્માણની જનની પણ આ વેદના જ હતી. આપણા ઊંચા સાહિત્યધન વિષે લોકોની ઉપેક્ષા, આપણી ગુલામી અને નિર્માલ્યતા, આપણી ગરીબી અને અજ્ઞાનતા, વિદેશી રાજ્યસત્તાનું દમન અને પ્રજાની આઝાદીની તમન્ના, દલિત તેમ જ પતિત વર્ગોની પાર વિનાની દુર્દશા અને ધનવાનોના બેફામ ભોગવિલાસો, સ્ત્રીઓની પરાધીનતા અને જન–સમાજની રૂઢિગ્રસ્તતા–આવી અનેક બાબતોનું દર્શન તેમ જ ચિન્તન તેમની વેદનાનું મૂળ હતું, અને એ વેદના એમના સર્વ વિકાસ અને ઘડતરનો પાયો હતો. ભાઈ મેઘાણી વિષેની મારા મન ઉપર પડેલી આ છાપ એટલી સચોટ હતી કે કેટલાંક વર્ષો પહેલાં બહાર પડેલા તેમના યુગવંદના નામના કાવ્યસંગ્રહને મેં તો યુગવેદના નામથી જ ઓળખેલો, અને જ્યારે ભાઈ મેઘાણીએ મારી ભૂલ સુધારી ત્યારે પણ તે કાવ્યસંગ્રહનું 'યુગવેદના' એ મુજબ બદલવા મેં તેમને આગ્રહ કરેલો.

તીવ્ર સંવેદનશીલ કલ્પનાપરાયણ કવિ માનસ, અત્યન્ત લાગણીપ્રધાન અને કોમળ પ્રકૃતિ, નાનો સરખો આઘાત અપનાવી લેવાનું અસામર્થ્ય–એવા આપણા મેઘાણી અને દુનિયાની દૃષ્ટિએ કેવળ વાસ્તવિકતાને જ નજર સામે રાખતી પત્ની સાથેનો સંસાર અને ઉત્તરોત્તર વધતો જતો સંતાન પરિવાર, નાના મોટાં કારણોએ ઊભી થતી અથડામણો, વળી પાછળના સમયમાં શરૂ થયેલી શારીરિક અસ્વસ્થતા તથા કુટુંબમાં નાની મોટી માંદગીઓ–આવા વિષમ સંયોગો વચ્ચે અને પ્રાકૃતિક પ્રતિકૂળતાઓ વચ્ચે ભાઈ મેઘાણીએ પોતાનું લગભગ આખું જીવન પસાર કર્યું છે. બહારની દુનિયા તો તેમની સુન્દર કૃતિઓ નિહાળે છે, તેમનાં કાવ્યો અને રોમાંચપ્રેરક ગીતો સાંભળી તેમની વાહવાહ બોલે છે, અને તેમને સન્માન સમારંભોથી નવાજે છે. પણ આ બધું કેવી ભીંસ, મથામણ, માણસને કદી કદી આપઘાતના વિચાર તરફ ધસડી જાય એવી ગૂંગળામણો વચ્ચે, મોડી રાત સુધી જાગીને અને અડધી રાતે ઊઠીને, કૌટુંબિક જવાબદારીઓને અને સૌ કોઈ નજીકના માનવીઓની પાર વિનાની અપેક્ષાઓને માંડ માંડ પહોંચી વળતા બચત રહેતા સમય દરમિયાન નિર્માણ થયું છે તેની કોઈને પણ કલ્પના આવવી મુશ્કેલ છે.

તેમણે દુનિયાનું દુઃખ ખૂબ ગાયું છે, પોતાનું દુઃખ પોતાની હાયવરાળ અત્યન્ત નિકટવર્તી મિત્રો સિવાય કોઈની આગળ વ્યક્ત કરેલ નથી. આપનાં આંસુઓ ખાળીને તેમણે સદા હસતું મોઢું રાખ્યું છે. પણ જેઓ તેમની બહુ નજીક હતા તેઓ જાણતા હતા કે 'મેઘાણી બે છેડે બળી રહ્યા છે. મેઘાણી અંદરથી ભાંગી રહ્યા છે. આમ ને આમ ચાલે તો મેઘાણી લાંબો વખત ટકી ન શકે.' અને બન્યું પણ એવું કે સુખનો અને સ્વસ્થતાનો દહાડો શરૂ થયો ન થયો, કૌટુંબિક સ્વસ્થતાનાં મંગળ પગલાં મંડાયાં ન મંડાયાં, મિત્રોની ચિંતા હળવી બની ન બની એવામાં તો કાળનું કહેણ આવ્યું અને મેઘાણી આપણુ સર્વને છોડીને જ્યાં કોઇ વિષમતા નથી અને જ્યાં વાસ્તવિકતા અને કવિતા વચ્ચે કોઈ કુમેળ નથી એવી દુનિયા તરફ તેઓ ચાલી નીકળ્યા. શ્રી અમૃતલાલ દલપતભાઇ શેઠે મેઘાણી સંબંધે પોતાનાં સ્મરણો રજૂ કરતા મને જણાવ્યું કે અમારા સહવાસકાળ દરમિયાન કોઇએ મને પૂછેલું કે આટલા બધા લાગણીપરાયણ માણસને તમે શી રીતે જાળવી શકો છો ? ત્યારે મેં જવાબ આપેલો કે "મેઘાણીભાઈને તો અમારા ગુજરાત કાઠિયાવાડની એક વીણા સમાન લેખું છું. વીણા આંગળાથી પણ ન વાગે. તે માટે તો તારની નખલી જોઇએ હું પણ મેઘાણીને આ રીતે આટલી કોમળતાથી સંભાળું છું." અમૃતલાલભાઈનું આ કથન

તેમના વર્તનને અનુરૂપ હતું. પણ વિધાતાએ મેઘાણીભાઈ પ્રત્યે એવી કોમળતા કદી દાખવી નથી. વિધાતાએ તેમને ઘણી વખત ઊંચેથી નીચે પછાડયા છે અને બાગે જ સુખચેનમાં સૂવા દીધા છે. કદરદાન સમાજે પણ તેમનું ગૌરવ કરવામાં અને વધારવામાં જ સંતોષ ચિન્તવ્યો છે. તેમની કોઈ અગવડો–મૂંઝવણો હળવી કરવાની ચિન્તા પોતાને હૈડે ધરી જ નથી. મેઘાણી આટલી નાની ઉંમરે આપણને છોડીને ચાલી ગયા એ પાછળ વિધાતાનું અને એકદર સમાજનું કોઈ કાવતરું હતું એવો આક્ષેપ કરવાનું મન થઈ આવે છે. મેઘાણીના માર્ગે ચાલી રહેલા અનેક ધૂની કાવ્યકારો, કળાકારો અને સરસ્વતીના અનન્ય ઉપાસકોની આવી જ જીવનકથા સાંભળવામા આવે છે.

ભાઈ મેઘાણી કરતાં વધારે ઊંચી કક્ષાનો કવિ મળશે, નવલકથાકાર મળશે. વિવેચક મળશે, પત્રકાર મળશે, અનુવાદક મળશે, વિવેચક મળશે, ગાયક મળશે, પણ જે માનવતાની ઉચ્ચ કક્ષા આપણે ભાઈ મેઘાણીમાં અનુભવગોચર કરી છે, જે દર્દ અને વેદનાના તીણા સૂરો મેઘાણીની વીણામાંથી ઊઠતા આપણે સાંભળ્યા છે, તે માનવતા, તે દર્દ, તે વેદના આપણને તો આપણા જીવનમાં અન્યત્ર લાધવાનાં છે જ નહિ. કેટલો શાહિતસંપન્ન આત્મા ? અને એમ છતાં કેટલી બધી લાઘવતા ? કેટલી અગાધ વિદ્વત્તા અને સાહિત્યસમૃદ્ધિ ? અને એમ છતાં આજીવન વિદ્યાર્થી ! 'મને ગીતો આપો, ગાયનો આપો, ભજનો આપો, નવા ઢાળો આપો' એવો સદાનો એ યાચક અને સંશોધક ! કેટલી મોટી જીવનસાધના ? અને એમ છતાં 'પણ હજુ તો મારે આ કરવું છે, તે કરવું છે, હજુ આ બાકી છે, તે જોવાનું છે.' એમ કંઈ કંઈ કરવાના તેમને કોડ અને હજુ તો પાશેરામાં પહેલી પૂણી છે એવો ઊંડા દિલનો અસંતોષ ! આવો માનવી–આવો નરપુંગવ–આપણને હવે કયાં જોવા મળશે ? તેઓ કલાકના કલાક ગાતા અને લોકસાહિત્યનું એકધારું નિરૂપણ કરતા સાંભળનાર થાકે પણ સંભળાવતા ન થાકે એટલો બધો તેમનો અદમ્ય ઉત્સાહ અને તમન્ના હતી. ભાવે તો આરોગો અને પેટ ભરીને ખાઓ–આવો ભરપૂર ભોજન અને ભાતભાતનાં મિષ્ટાન્નોથી ભરેલો રસથાળ તેઓ પીરસતા. આવો અતૂટ કાવ્યપ્રવાહ હવે કોણ વહાવશે અને આપણને આમ ઊંડા કાવ્યરસમાંથી કોણ તરબોળ કરશે ? મુંબઈ, ગુજરાત અને કાઠિયાવાડની એવી એક પણ વ્યાખ્યાનશાળા નહિ હોય કે જ્યાં મેઘાણી ગાજ્યા અને ગરજ્યા નહિ હોય. એ વ્યાખ્યાનશાળાઓ આજે હવે કોણ ગજવશે અને વીર, શૃંગાર, અને કરુણ રસના આંદોલનો હવે કોણ વહેતાં કરશે ? આમ જેમ જેમ વિચારીએ છીએ તેમ તેમ મેઘાણીની ખોટ પાર વિનાની દેખાય છે. એટલું જ આશ્વાસન રહે છે કે મેઘાણી પણ કાળનો જ પરિપાક હતા. આપણે ત્યાં શરૂ થયેલ ઉત્થાનકાળનો તેઓ એક શ્રીમારંભ હતા. જે કાળે મેઘાણી પેદા કર્યા, જે રાષ્ટ્રવ્યાપી નવનિર્માણે મેઘાણીને આગળ ધર્યા તે કાળ અને નવનિર્માણ અનન્ત શક્યતાઓથી ભરેલાં છે. તેમાથી કાળાન્તરે બીજા ગાંધી પણ પાકશે અને બીજા મેઘાણી પણ જરૂર ઊભા થશે. આ સમાધાન સાથે ભાઈ મેઘાણીને આપણા હૃદયની અંજલિ અર્પીએ અને તેમના વેદનાગ્રસ્ત આત્માને પરમ શાન્તિ અને અખૂટ સ્વસ્થતા ઇચ્છીએ.

['પ્રબુદ્ધ જૈન'માંથી ટૂંકાવેલું]

[અનુસંધાન પાન ૮૪ થી ચાલુ]

હજુ તો એ પચાસને માંડ વટાવતા હતા. બીજાં પચીસેક વર્ષના આયુષ્ય અને એ જે પરિપકવતાને વાંછતા હતા તેની સિદ્ધિ સાથે ગુજરાતી સાહિત્યને તેમની દ્રુતપ્રવાહી કલમ વડે શું શું ન મળ્યું હોત ? ગુજરાતના લોકસાહિત્યનું સંપાદન હજી બાકી હતું. પણ 'જો-તો'ની વાતો મિથ્યા છે. નિર્માણ હતું તે બની ચૂક્યું છે. ત્યાં જ માનવીની લાચારી છે. પણ ઉપર ઉલ્લેખી તે એમની સેવાઓની સ્મૃતિકાળને હંફાવશે, મેઘાણી પ્રજાહૃદયમાં જીવશે, ગુજરાતને આંગણે એનો મેઘાણી પાકશે ત્યારે મેઘાણીના પુણ્યસ્મરણની પ્રેરણાનું જ એ. સંતાન હશે એમાં સંદેહને સ્થાન ન હોવું જોઈએ.

❋

અદીઠ વાવાઝોડાએ ઉખેડેલો વડલો

ધીરજલાલ ધનજીભાઇ શાહ

કવિશ્રી ન્હાનાલાલની ખોટની ગુજરાતને હજુ કળ વળી નથી, ત્યાં રાષ્ટ્રશાયર શ્રી. ઝવેરચંદ મેઘાણીની ઝડપી વિદાય ગુજરાતી સાહિત્યને અને ગુજરાતની અસ્મિતાનાં પોષક તત્ત્વોને થંભાવી દે છે.

હજુ તો ગયે આવાડિયે જ અમે મળ્યા હતા; રણજિતરામ સુવર્ણચંદ્રક શ્રી. ગુણવંતરાયને અર્પણ થવાની વિધિમાં હાજર રહેવાની તેમની તીવ્ર ઇચ્છા હતી; ગુજરાત સાહિત્ય સભાના સભ્યો સમક્ષ, 'લોકગીતોમાં ભજનસાહિત્ય'ની છણાવટ કરવાની તેમની ઉમેદ હતી, ભજનોના જૂના ઢાળની પકડનું સભ્યોને પાન કરાવવાની તેમની નેમ હતી. અમદાવાદમાં તેમને ખેંચી આણવાની અમારી ખ્વાહેશ હતી. અમારી સૌની ઇચ્છા મનમાં જ રહી ગઈ. કોઈનીય વિદાય લીધા સિવાય, અચાનક તેમણે વિદાય લઇ લીધી. પરલોકના આત્માને ઇર્ષા આવી હશે-પોતાના સુકંઠથી માનવીઓને મુગ્ધ કરતા મેઘાણીની, નહિ તો ગુજરાત માટે, ગુજરાતના લોકસાહિત્ય માટે, ગુજરાતી સાહિત્ય માટે કંઇ કંઇ કલ્પનાઓ ઘડી તેને મૂર્ત સ્વરૂપ આપવા ઇચ્છતા શ્રી. મેઘાણી તે આપ્યા પહેલાં કેમ ચાલ્યા જાય ?

અમારા 'ચા-ઘર'ના તેઓ એક સભ્ય હતા. 'ચા-ઘર'ને આજે બે સભ્યોની ખોટ પડી છે-એક શ્રી. નવલરામ ત્રિવેદીની અને બીજા શ્રી. મેઘાણીની. એક વખત એવો હતો કે જ્યારે અમે કલાકોના કલાકો સુધી સૌ મળતા, ચર્ચા કરતા, અને વિખૂટા પડતા ત્યારે લાગતું કે અમે સૌ ઘણું ઘણું વિચારીને છૂટા પડ્યા છીએ; ગુજરાતી સાહિત્યના કોઈ પણ પ્રકાર માટે નવલકથા, નવલિકા, લોકસાહિત્ય, વિવેચના, પત્રકારત્વ વગેરે માટે કંઇ ને કંઇ કરી છૂટવાનું દિલ થઇ જતું, 'ચા-ઘર'માં ચર્ચા થતી; ચર્ચાનું અવલોકન થતું, અવલોકનનું પણ અવલોકન થતું, 'ચા-ઘર'ની એક રસમ તેમાં મુખ્ય ભાગ ભજવતા અમારા સાતમાંથી કોઈને સાતમાંના કોઈની પણ ટીકા કરવાનો અધિકાર હતો-એ પછી શ્રી. ધૂમકેતુ હોય, શ્રી. ગુણવંતરાય આચાર્ય હોય કે ખુદ શ્રી. મેઘાણી હોય. આ ચર્ચા ખુલ્લા દિલે થતી. —હજી પણ થાય છે. અને સૌ પોતપોતાનું દૃષ્ટિબિંદુ સમજાવવા યત્ન કરતું. શ્રી. મેઘાણીભાઇ પોતાની આકરામાં આકરી ટીકાને સમભાવપૂર્વક સાંભળતા, પોતાનો પક્ષ રજૂ કરતા, અને સાચું જણાય તો તરત કબૂલી લેતા. અમારા સૌમાં એમનું સૌજન્ય અમૂલ હતું. કદી મોં પર ક્રોધની કે ગુસ્સાની લાલ રેખા નહિ, ભમર કદી ઊંચી નહિ, હોઠ કદી દબાયેલા નહિ, જીભમાં કદી તુંવકતા નહિ. જૈનોનો સ્યાદ્વાદનો સિદ્ધાંત તેમણે જીવનમાં ઉતારેલો હતો. શ્રી. ધૂમકેતુ વર્તમાન ગુજરાતનું વેંતિયાપણું જોઈ અકળાય, શ્રી. મેઘાણીને વેંતિયાપણું દુઃખ દેતું, પણ કદી તેઓ અકળાતા નહિ. સમભાવપૂર્વક તેઓ સારીય વિચારસરણીને સરાણે ચડાવતા. ગુજરાતના સેવકોની નબળાઇઓ તેઓ કબૂલતા. નાના માણસો ઓચિંતા એક દિવસ મોટા થઇ જાય તેની ગૂંગળામણ અનુભવતા. પરંતુ સાથે સાથે માણસમાંથી માનવતા પરવારી નથી ગઈ તેના દાખલા આપતા.

લગભગ બત્રીસની સાલથી તેમનો પરિચય. મારે મૂળ વતન જવાનું હોય ત્યારે એકાદ બે દિવસ શ્રી. મેઘાણીભાઇના મહેમાન થવાનું હોય જ. આ દિવસોમાં, એમની મુશ્કેલીમાં કે એમના સુખના દિવસોમાં, એમણે સાહિત્યની ચર્ચા સિવાય બીજી ચર્ચા નથી કરી. સાહિત્યકારોના સુખદુઃખ જાણવા સિવાય બીજી જિજ્ઞાસા નથી બતાવી. તેઓ કહેતા કે, "આજના વર્તમાનપત્રો જેટલું સન્માન રાષ્ટ્રસેવકોનું કરે છે; સમાજસેવકોનું કરે છે; પૈસાદાર સદ્‌ગૃહસ્થોનું કરે છે, તેટલું સાહિત્યકારોનું ક્યારે કરશે ? ભાવનગરના મહારાજા માંદા પડે તો તેના સમાચાર હોય જ; રાષ્ટ્રસેવકને ખાંસી થઇ આવે તો તેની પણ નોંધ હોય; વર્તમાનપત્રકારો, સાહિત્યકારોનું મૂલ્ય આ રીતે આંકતા ક્યારે થશે ?" 'કલમ અને કિતાબ'ના તેઓ સંપાદક હતા ત્યારે, આ માહિતી આપવાની તેમણે કાળજી રાખેલી.

પચીસ વર્ષની તેમની કારકિર્દી, ગુજરાતના એક નરવીરની કારકિર્દી છે. સુખ અને સાહ્યબીમાં વિતાવી શકાય તેવા જીવનને તેમણે હસતે મુખે તિલાંજલિ આપી, કાઠિયાવાડની મરુભૂમિને જ મરતાં સુધી સ્થાન બનાવ્યું, સવારના સાતથી રાતના સાત સુધી પોતાની ફરજને અદા કરવાની કાળજી રાખી; શનિ રવિના ફાજલ દિવસોએ, કલમને આરામ ન લેવા દીધો; આડે દિવસેય વખત મળે કે તરત અભ્યાસમાં ચિત્ત પરોવે; કાઠિયાવાડને ગામડે ગામડે તેઓ રખડ્યા; ગામેગામની સીમ સીમ નિહાળી; ત્યાંના ઝાડ જોયાં; ઝાંખરાં જોયાં; પાળિયા તપાસ્યા; વાવો ભાળી; ચારણોને મળ્યા; ભાટોની ભાઈબંધી કરી; કોળી, ખવાસ, સુંવાળા, મિયાંણા, સાહિયા, સરાણિયા અને વાઘરિયોની મૈત્રી કરી. તેમને પંપાળ્યા તેમની આગતાસ્વાગતા કરી; અને કાઠિયાવાડનું જે ધન લગભગ વેકૂઠાઈ જવા આવ્યું હતું, તેને સજીવન કર્યું: લોકગીતો અને ભજનો, લોકકથાઓ અને દંતકથાઓ, સોરઠાઓ અને દુહાઓ સર્વ ઉપરથી ધૂળ ખખેરી, તેનું સંમાર્જન કરી, કથન રૂપે જનતા સમક્ષ રજૂ કર્યું. ઈશ્વરે તેમને મધુર કંઠ આપ્યો હતો; જનતાને એ કંઠનું પાન કરાવી લોકસાહિત્યમાં રાચતી કરી. તેમને રવિશંકર મહારાજ મળ્યા. મહિનાની મૈત્રીએ શ્રી. મેઘાણીને ગુજરાત તરફ આકર્ષ્યા. ધારાળા અને બારૈયા કોમના તેઓ આશક બન્યા. નર્મદા અને તાપીનાં નીરે તેમને સંતોષ્યા, અને થોડા દિવસ ઉપર તેમણે કહ્યું:

"તમે આવશો પંદર દિવસ માટે મારી સાથે—નર્મદા તને તાપી પ્રદેશમા રખડવા ?" મેં કહ્યું: "વૈશાખના દિવસો કાં પસંદ કર્યા ? " તેમણે કહ્યું: "લાંબા દિવસે સૌને નિરાંતે મળી શકાય. અને તમે તો હજુ ભાઈ જુવાન છો !" મેં કહ્યું: "એ વાત સાચી, હું તમારી તબિયતની ચિંતા કરું છું—મારી નહિ "

અને સાચી વાત એ હતી કે તેમણે કદી પોતાની તબિયતની ચિંતા કરી નહિ; જેમને માટે તેમણે જાત ઘસી નાખી તેઓએ પણ નહિ. રોટલો, છાશ અને મરચાંની ચટણી—એ તેમનો સામાન્ય ખોરાક; શાકમાં કદીક લીલું મળ્યું તો ઠીક, નહિ તો કસ્તૂરી મેવામાં હોય ! અમારો હમેશાં તેમની સાથે આ વિરોધ હતો —આ ખોરાકથી લાંબુ નહિ ખેંચી શકાય. તેમણે હમેશાં અમને સાંભળ્યા, પણ ફરી મળીએ સારે એનું એ જ. શરીરને જે પોષકતત્ત્વો જોઈએ તે મેળવવાની કદી તેમણે જિજ્ઞાસા ન બતાવી—માત્ર તેમણે ધ્યાન રાખ્યું કામ તરફ. અને તેમની એ કાર્યપરાયણતાએ આપણને આપ્યા નવલકથાકાર અને નવલિકાકાર મેઘાણી; કવિ અને રાષ્ટ્રશાયર મેઘાણી; પત્રકાર અને ઉચ્ચ કોટિના વિવેચક મેઘાણી. અને સૌના ઉપર કળશ ચડાવે તેવા લોકસાહિત્યના અખંડ અભ્યાસી અને નિરૂપક મેઘાણી.

અવસાનની આગળની રાત સુધી તેમણે સાહિત્યની જ ઉપાસના કરી છે. આર્થિક વિડંબનાઓનો તેમણે હસતે મુખે સામનો કર્યો છે; કૌટુંબિક ઉપાધિઓ મોંની રેખા બદલાવા દીધા સિવાય સેવી છે; અને બીજી અનેક આતાપનાઓ વચ્ચે સાહિત્યસર્જનની જ્યોતને તેમણે પ્રકાશ આપતી રાખી છે. શ્રી. મેઘાણીની આ જેવી તેવી સિદ્ધિ નહોતી. આ સિદ્ધિએ જ તેમને સદા હસતા રાખ્યા છે; સદા પ્રફુલ્લ રાખ્યા છે કદી કોઈને ખ્યાલ પણ નહિ હોય કે, અનેક શ્રોતાજનોને પોતાના કંઠથી મુગ્ધ કરનાર મેઘાણી, એના દિલની વેદનાને દાબી દાબી કંઠને વહેતો મૂકતા હતા. શ્રી. મેઘાણીની જીવનકથા એક નવલકથાની ગરજ સારે તેવી કથા છે—ગુજરાતના એક એક પુરુષની કથા છે.

સૌરાષ્ટ્ર કાર્યાલયે જે જે વ્યક્તિઓનું સર્જન કર્યું એ વ્યક્તિઓ જ આજે એક એક સંસ્થા જેવી—વટવૃક્ષ સમી થઈ છે. શ્રી. અમૃતલાલ શેઠ, "જન્મભૂમિ" સંભાળે છે તો શ્રી. સામળદાસ ગાંધી 'વન્દે માતરમ્', શ્રી ગુણવંતરાય આચાર્યે નવલકથાકાર તરીકેની કીર્તિ સંપાદન કરી છે; તો શ્રી. સુશીલે 'જૈન' પત્રના તંત્રીલેખો દ્વારા જૈન અને જૈનેતરોની

[અનુસંધાન પાન ૯૪ ઉપર]

સર્વના સ્વજન

પ્રેમશંકર હ. ભટ્ટ

"'મેઘાણી તો ગયા!"

"ક્યાં ગયા?" મેઘાણીનું અવસાન થયું હશે એવી તો કલ્પના પણ શાની આવે, ને એટલે જ જ્યારે એક વકીલ મિત્રના મ્હોયેથી પહેલવહેલા મેઘાણીના મૃત્યુના સમાચાર સાંભળ્યા ત્યારે મૂઢ બની જવાયું. પગ પ્રિન્સેસ સ્ટ્રીટનો ધમાચકડી ભર્યો રસ્તો વળોટતા હતા, ને મન તેર ચૌદ વર્ષનો પડદો હટાવીને રાણપુર–બોટાદને રેલ–રસ્તે ભમતું હતું. ઈ. સ. ૧૯૩૩–૩૪ની એ વાત છે. ભાવનગર કૉલેજમાં રજાઓ પડવાને કારણે ઘેર પાછા જતા હોઈએ કે ઘેરથી કૉલેજમાં જતા હોઈએ, ત્યારે રાણપુર કે બોટાદને સ્ટેશને જ અમને ભેટો થઈ જશે એ આશાએ અમે શામળદાસ કૉલેજમાં ભણતા જુવાનીઆઓ મેઘાણીને શોધીએ. રુંવાળા હિલોળતું લીલુની ફાડ જેવી મોટી આંખોવાળું એ મ્હોં અમને જોતા જ હાસ્યથી મરક મરક થાય. અમે એમને રેલના ત્રીજા વર્ગના ડબ્બામાં અમારી વચ્ચે બેસાડીએ ને પછી વાતો ચાલે; અભ્યાસની, સાહિત્યની, જીવનની, રાજકારણની. અષાઢીલા મેઘ જેવો ભર્યો ભર્યો એમનો પ્રીતિરંગ મીઠો કંઠ વાતોના તારને અતૂટ રાખતો ને ત્યારે મેઘાણી કવિ કે સાહિત્યકાર કરતા વધુ અંશે અમને સ્વજન લાગતા.

મેઘાણીની એ જ વિશિષ્ટતા હતી. એ કવિ હતા. લોકસાહિત્યના પ્રખર અભ્યાસી ને સંશોધક હતા. નવલિકાલેખક હતા, વિવેચક હતા, નવલકથાકાર હતા, પત્રકાર હતા, હજારોની મેદનીને ડોલાવે એવા ગાયક, અને વક્તા હતા. પણ સૌથી વિશેષ તો એ એમના પરિચયમાં આવનાર સર્વ કોઈના સ્વજન હતા. અમરયાનના અધિકારી એવા સાહિત્યકારો એમને આપ્તજન માનતા, ને પોલીસની ગોળીએ વીંધાઈને નવરાત્રના ગરબા જેવો બની મૃત્યુ પામતા ગંગારામ સોની સરખા, કોઈક સામાજિક વિષમતાના વટાપાતથી ગમિચ બહારવટિયા બનેલાઓ પણ એમને સ્વજન ગણી, પોતાની હૈયાવરાળ એમની પાસે પત્રરૂપે ઠાલવતા. આનું કારણ છે મેઘાણીને બીજું કાંઈ જ નહિ, ફક્ત માણસાઈ વહાલી હતી. વેરઝેરના સામાજિક વિષમતાના, કુરૂપતાના ઉકરડામાંથી પણ એમની નજર માણસાઈની રત્નમણિકાને ફંફોળી લેતી. ઝપાટાબંધ પરિવર્તન પામતા આ યુગમાં એ સો વર્ષ પહેલાના સૌરાષ્ટ્રની પ્રતિમૂર્તિરૂપ હતા. એ જમાનાનું વાતાવરણ રીતરિવાજો, ખાનદાની, કુરબાની, આદર્શો, મનોરથો, રાખરખાવટ, હેતુ–મૈત્રીના ખ્યાલો, નામના ને માણસાઈ એમનામાં ઊંડા મૂળ નાખીને રોપાયાં. એ એમની સાચી દુનિયા હતી.

મેઘાણીના પુસ્તકોની યાદી પર જ નજર દોડાવનારને પણ એમના લેખનની બહુવિધતા ને વિપુલતાનો ખ્યાલ આવી જશે. એમનું ચિરંજીવ કાર્ય તો લોકસાહિત્યના સંશોધન સંપાદનનું. એમણે એને જ પોતાનું જીવનકાર્ય બનાવેલું. મેઘાણીના જ શબ્દ વાપરું તો 'ધરતીનું ધાવણ' એ જ એમના બાહ્યાભ્યંતર વ્યક્તિત્વને ઘડનારું મુખ્ય ને પ્રેરકબળ. એ કવિ હતા કે ઉપકવિ, એ વિવેચક હતા કે સર્જક, એ પત્રકાર હતા કે લેખક, એ ભાષાંતર ઉત્તમ કરતા કે રૂપાંતર, એ પ્રશ્નો જ અપ્રસ્તુત છે, એનો જવાબ જોઈતો હોય તો એક જ છે–એ પ્રાચીન સૌરાષ્ટ્રની પ્રતિમામૂર્તિ હતા. અર્વાચીન જમાનાને, ઇતિહાસને, સામાજિક બળાબળોને એઓ પ્રાચીન જમાનાને મૂલે મૂલવતા.

મેઘાણીના સ્મારકની આજે અનેક યોજનાઓ વિચારાઇ રહી છે. જોઈ જોઈને હિસાબ રાખનરું આપણું ગુજરાત ગમે તેવા શ્રેષ્ઠ પણ જીવતા સાહિત્યકારને ભૂખ્યો મારશે, ને એના મૃત્યુ કેડે સેનાનાં સ્મારકો રચશે. લોકસાહિત્યની અનેક અનાવૃત, અણુદીઠી પગદંડી ખૂંદનારા થોડાક અકિંચન પગલાં જુવાનો તૈયાર થાય એ જ મેઘાણીનું સાચું સ્મારક છે. ગુજરાતમાં એ ન બને?

('જન્મભૂમિ'માંથી ટૂંકાવેલું)

મહામના મેઘાણીભાઈ

જયન્ત પરમાર

સાતેક મહિના પહેલાની વાત છે. ધરાઈને નિહાળી લેવાનો એ પ્રથમ પ્રસંગ બાળપણમાં એકાદ વખત મેઘાણીભાઈને નિશાળનાં સમારંભમાં 'કોઈનો લાડકવાયો' ગાતા પ્રથમ સાંભળેલા. એને તો આજે દાયકો વીતી ગયો. પછી તો ગુજરાતથી દૂર વસવાનું થયું અને ગુજરાતનાં એવા કેટલાયે જ્યોતિર્ધરોનો લાભ અપ્રાપ્ય બન્યો. ભારતી સાહિત્ય સંઘના કાર્યાલયમાં હું અવારનવાર આવતો. તે દિવસે પણ અચાનક જ આવેલો. કાર્યાલયનાં અંદરનાં ભાગમાં પોતાનાં લેખનાં પ્રૂફ-વાંચનમાં મશગૂલ મેઘાણીભાઈને મેં દીઠા. કંઈક અદમ્ય માનભરી લાગણી અંતરમાં ઉદ્‌ભવી અને મનમાં વન્દના કરી લીધી.

પછી તો થોડાક દિવસોમાં હું જ સંઘમાં જોડાયો. અમારા સંઘનાં તો એ નિકટનાં સ્વજન. દરેકને આત્મીય બનાવી લેવાનો એ પ્રશસ્ય ગુણ ભાગ્યે જ કોઈ સાહિત્યકારે આટલી ઉદારતાથી કેળવ્યો હશે. ગમે તેવા અજાણ્યા માટે પણ આત્મીયતા કેળવવી તેમને મન સહજ હતું. એટલે જ નવાનવા વછેરાઓને ઉત્તેજવાની, તેમને માર્ગદર્શન કરાવવાની, ખોટે ચીલેથી વાળી લેવાની તેમની એ પ્રખર શક્તિને તેમને કપારેય કુંઠિત થવા નથી દીધી.

પછી તો એ એક દિવસ ફરી પાછા આવ્યા. સંઘના શ્રીમાળી સોસાયટીવાળા મકાનમાં તેમનો ઉતારો હતો. ત્યાં એમના જૂના દર્દ 'ગાઉટ'નો ફરી હુમલો આવ્યો. પગના સાંધા પકડાઈ ગયા. પથારીમાં ન હલાય કે ન ચલાય. અનિચ્છાએ પણ તેમને અમારી 'સેવા' લેવી પડી. ઈશ્વરભાઈ, કાન્તિભાઈ અને હું એ ત્રણ સિવાય ઘેર પણ બહેનોમાં કોઈ ન હતું. અમારા પ્રત્યેની તેમની લાગણી અને ઈશ્વરભાઇ પ્રત્યેની તેમની કાયમી મમતા તેમની સારસંભાળ રાખવામાં અમને તો પૂરક-મદદરૂપ-બની ગઈ હતી. છતાં તેમને તો લાગ્યાં જ કરતું કે અમારે તેમને લીધે ખૂબ મુશ્કેલીમાં મુકાવું પડ્યું છે.

લગભગ એક અઠવાડિયા સુધી 'ગાઉટ'ના દરદથી પીડાતા રહ્યા. દવા ચાલતી, સારવાર થતી; પણ એ દર્દમાં રીબાતા-પીડાતા માનવને કંઈ કાર્ય (લેખન-સર્જન) ન કરી શકવાને કારણે ખૂબ વિમાસણ થતી. તેમનો સમય પસાર કરાવવા અને ઘેર બીજું કોઈ જ ન હોવાને કારણે હું તેમની પાસે આખો દિવસ રહેતો. મને મળેલી આવી તક હું શાને જતી કરું! મેં તેમની પાસેથી મેળવી શકાય તેટલી મૂડી એકઠી કરવા માંડી. જે થોડા ઘણો અપરિચિત તરીકેનો ક્ષોભ હતો તે પણ એક દિવસમા જ અદૃશ્ય થઈ ગયો. પહેલે જ દિવસે અમે બધા સાંજે જમવા બેઠા હતા ત્યારે મારી—એક નવાગંતુક તરીકેની—ઓળખાણ માગી; અને ભાઇએ તુરત ઓળખાણ આપી: "સારાં કાવ્યો લખે છે." બસ એટલી ઓળખાણથી મેઘાણીભાઇએ મને પોતાની નજરમાં લઈ લીધો.

'ગાઉટ'ના હુમલાનાં એ દિવસોમાં તેમને દર્દ ભૂલવા માટે વાતો કરાવનાર (કે સાંભળનાર! કારણ કે બોલવાનું તો તેમને જ હતું, હું તો તેમના બોલને વાગોળતો અને શંકા પડયે પૂછતો.) તરીકે હું જ હતો. પહેલે જ દિવસે તેમને ભાઇએ મારે વિષે કહેલી વાત યાદ દેવડાવી અને કહ્યું લાવો જોઇએ તમારા કાવ્યો. આવા યુગગાયક પાસે મારા ઢંગધડા વગરનાં એ કાવ્યો લાવતા જરા ક્ષોભ થયો, છતા કંઈક નવતર જિગીષાઓ પણ ઉદ્‌ભવી અને મેં મારા કાવ્યોની બન્ને પોથીઓ તેમને આપી ખૂબ ધીરજપૂર્વક તેમને દરેક પાન ઉથલાવવા માંડયા. કોઈ કોઈ કાવ્યનું અથેતિ વાચન પણ કર્યું. વચમાં પૂછી પણ લીધું "કયાંય પ્રગટ કરવા આપો છો?" મેં તે માટેની સ્પષ્ટ નિર્મોહિતા પ્રગટ કરી અને ઉમેર્યું કે એ તો નિજાનંદ ખાતરનાં જ સર્જનો છે. ત્યારે તેમની કાયમી ખાસિયતે મને તે માટે શાબાશી આપી સર્જનની બધીયે શિખામણો આપી, છંદ-વૃત્ત-ઢાળનાં અદીઠાં માર્ગો ચીંધ્યા. એમાં નહોતું જરાયે વડીલપણું કે મહાન્ સાહિત્યકાર તરીકેનું

અભિમાન. એક મામૂલી માનવ પોતાની કાયમી માનુનતા અને નાનેરા પ્રત્યેના મમત્વને કારણે જે મહામૂલી સલાહ આપે તે મને તેમાં જણાયાઃ "સર્જનનું મુખ્ય ધ્યેય તો આત્માનંદ હોવું જોઈએ. જે સર્જન પોતાનાં આનંદ–સંતોષ અર્થે ઉદ્ભવે તે પ્રજાના સાહિત્યમાં મહામૂલું સ્થાન મેળવી લે છે, વ્યક્તિ વ્યક્તિનાં અંતર્નાદ સમષ્ટિના સાચા સર્જન બને છે." આજે પણ તેમના આ વાક્યો યાદ છે.

મારા એ કાવ્યોની બે પોથીઓ સંપૂર્ણપણે ફેંદી રહ્યા ત્યારે મેં તેમને મારા ગદ્ય લખાણો આપ્યા. વાર્તાઓ, પત્રો, લેખો અને વિચારનોંધોનું એ મારું અલ્પ ગદ્યસાહિત્ય પણ તેમને એટલી જ ધીરજપૂર્વક અવલોક્યું. બધામાંથી તેમને વિચારોની નોંધ ગમી. દરરોજ સાંજે એક નાનકડી 'ડાયરી'ને પાને પાને મારા રોજનાં વિચારોની નોંધ કરતો; અને તે રીતે બે વર્ષની નિયમિત વિચાર–સરણીની તે એ 'ડાયરી' તેમને ગમી. તે પછી મેં નોંધો લખવાનું બંધ કર્યું હતું તે જાણી મને મીઠો ઠપકો પણ આપ્યો. એ ઠપકાને માન આપીને મેં પાછી મારા એ નિત્યનાં નવનવા વિચારોની નોંધો લખવી શરૂ કરી છે. અવસાનનાં એક જ અઠવાડિયા પહેલા છેલ્લા અહીં આવેલા ત્યારે મેં આ નોંધો બતાવી. હવેથી કદી પણ તે ન બંધ થાય તે માટે કડક આજ્ઞા રૂપે બે શબ્દો કહ્યા.

*

આગલે જ દિવસે મેં તેમને મહાકવિ પ્રેમાનંદની આશ્રયદાતા નગરી નંદરબારની વાત કરેલી. તેના વિષે જાણવાની તેમની ખૂબ ઇચ્છા હતી. લોકસાહિત્યનાં 'ધૂળધોયા'ને પ્રેમાનંદનાં જીવનની એ નવતર કડી લોકસાહિત્યનાં એક મહત્ત્વનાં અંકોડા જેવી જણાઈ. વડોદરાનો વતની એ પ્રેમાનંદ તે કાળનાં નંદરબારનાં રાજ્યાશ્રયથી જ ટકી શક્યો હતો એ તેમની જાણમાં હતું. ગૂજરાતથી દૂર હોવા છતાં ત્યાં ગૂજરાતી ભાષાનો સારો એવો પ્રચાર કરી 'શુંસા પૈસા ચાર'નું મહેણું ટાળવા મથનાર એ ભટ્ટ પ્રેમાનંદની આશ્રયદાતા નગરી વિષે અનેક વાતો થઈ. સમય મળ્યે જરૂર નંદરબાર જવાની ઇચ્છા વ્યક્ત કરી. મને પણ સંતોષ થયોઃ ગૂજરાતને ગોંદરે આવેલા પ્રેમાનંદકાળથી ખ્યાત બનેલા નંદરબારને કોઈ પણ ગૂજરાતી સાહિત્યકારનો ક્યારે પણ લાભ નથી મળતો ત્યાં પહેલવહેલો, મેઘાણીભાઈ જેવા સાહિત્યનાં પીઢ પારખુને લઈ જઈ હું આત્મઝંખના જરૂર પોષી શકીશ. પણ 'કાળચક્ર'નાં ઘડવૈયાને એ જ કાળચક્ર આટલું જલદી ઝડપી લેશે એ તો અત્યારે પણ માન્યામાં આવતું નથી. ડગલે ને પગલે એમના ભણકારા તો વાગ્યા જ કરે છે. સ્મરણોની કાયમી ભૂમિકા તો ક્યારે પણ વિસારી શકાતી જ નથી.

•

'ગાઉટ'નાં હુમલાએ ચાલતા હતા. થોડોઘણો ફેર જણાય અને પાછો ઉથલો મારે. છતાં સહનશીલતા તો અનહદ કેળવી હતી. બને ત્યાં સુધી કોઈને જરાયે તકલીફ ન આપવાની તેમની ઉદારદિલી કેમે ભુલી ભૂલાય તેમ નથી. સાત–આઠ દિવસની પથારી અવસ્થા પછી કંઇક રાહત મળી. 'ગાઉટ'માં થોડો સુધારો જણાયો. બીજે કે ત્રીજે દિવસે બોટાદ પોતાને ઘેર જવા રવાના થયા. ઘરનું–નાનાબાળકોનું આકર્ષણ તેમને માટે 'Sweet-Home'નાં કાવ્યથીયે વધુ પ્રબળ હતું. છેલ્લે અવસાનકાળનાં અઠવાડિયા પહેલા જ્યારે અહીં આવેલા ત્યારે પણ બે ચાર દિવસ રોકાવાનો નિશ્ચય કરીને મુંબઈથી બોટાદ જતા અહીં ઊતર્યા હતા. પણ અહીં આવ્યાને બીજે જ દિવસે બોટાદથી ચિત્રાબહેનનો પત્ર વાંચીને પહેલી ગાડીમાં જવા તૈયાર થઈ ગયા. લાગણીની પ્રબળતા વિના આવા ઉત્કટ પ્રેમનાં દર્શન સાંપડે યે ખરા?

સંસ્મરણો તો ખૂટ્યા ખૂટે તેમ નથી. બધા લખવા જેટલી તો સ્વસ્થતા યે રહેતી નથી. આટલું લખતા યે હૃદયની ઝણઝણાટી પોતાનું કાર્ય કર્યે જ

જાય છે. એક પ્રસંગ વળી આંખ સામે તરવરે છેઃ બોટાદ જવા માટે અહીંથી સવારની ગાડીમાં જવાનું હતું. સવારમાં નાસ્તાને બદલે રોજનું ભોજન બનાવી આપ્યું. બીજે જ દિવસે પત્રમાં લખ્યું હતુંઃ "મારા અન્નદાતા—! (રાંધી ખવાડનારને માટે વાપરેલો આ શબ્દ છે!) કાન્તિભાઇ–જયન્તભાઇને આખે રસ્તે ધિક્કાર પેટે યાદ કર્યા હતા."

Far off thou art, but ever nigh;
I have thee still, and I rejoice;
I prosper, cired with thy voice;
I shall not lose thee though I die.

(IN MEMORIUM)

[અનુસંધાન પાન ૯૦ થી ચાલુ]

મમતા. આ સૌ મંપ દીપી ઊઠતા થી. ઝવેરચંદ મેઘાણીરૂપી વટવૃક્ષને કોઈ અદીઠ વાવાઝોડાએ ઉખેડી નાખ્યું છે. તેમની અનેક ઉમેદો એનાથી જમીનદોસ્ત થઈ ગઈ છે. દોઢ વર્ષ ઉપર જ એક કાગળમાં તેમણે મને લખ્યું હતુંઃ "મને પચાસ વર્ષ પૂરાં થયાં એટલે તો હું હજુ માંડ માંડ કંઈક પકવતાની અવસ્થામાં આવવા લાગ્યો; હજુ તો આપણે કેટલું કેટલું કરવું બાકી છે!" જેમની સેવા ગુજરાતને હજુ મળવાની શરૂઆત હતી, તેમના અચાનક અવસાનથી ગુજરાતે એક નમ્ર સાચો સેવક ગુમાવ્યો છે. અમે સૌએ અમારા મુરબ્બી.

ગુજરાતને તેમણે ખોબલે ખોબલે પીરસ્યું છે; ગુજરાત તેમની સેવા ન ભૂલે એ જ તેમનું સાચું સ્મારક છે.

❊

કાકાનાં સંભારણાં

રમણીક મેઘાણી

કલકત્તા
૨૬-૩-૪૭

પ્રિય ભાઈ,

તમારો પત્ર મળ્યો. સંસ્મરણો શું શું લખું? નાનપણ યાદ કરું છું ને ઘણું ઘણું યાદ આવી જાય છે. એ અહીં કલકત્તામાં હતા, જીવણલાલ કંપનીના એલ્યુમિનિયમના કારખાનામાં મેનેજર હતા, એ દિવસોમાં એમને ખભે ખભેલો ચડીને કંઈ કંઇ મઝા કરી છે, ને ઘણા ઘણા હેરાન પણ કર્યા હશે. પરંતુ કદી યે એમના ચહેરા પર કંઈ જ અણગમો જોયો હોય એવું યાદ નથી.

કારખાનામાં એ મેનેજર હતા, પણ પોતાના હાથ નીચેના સહુ—કારકુનથી માંડી કામદારો સુધી નાના મોટા સહુની સાથેનો એમનો સંબંધ બહુ મીઠો હતો. અને એથી જ '૨૨માં જ્યારે અહીંની નોકરી કાયમ માટે છોડીને એ કાઠિયાવાડ જતા હતા ત્યારે કારખાનાના જે કામદારો સ્ટેશને એમને વિદાય આપવા આવેલા એમની આંખોમાં આંસુ હતાં. પોતાના હમદર્દી મેનેજર બાબુને તેઓ ફળફૂલની ભેટ ધરી તેમની શુભ કામના કરતા હતા.

એમના અહીંથી ગયા પછી કારખાનાનાં માણસો જૂનાં અવારનવાર 'પઘડી બાબુ'ના કુશળ ખબર પૂછતા, ને કહેતા કે અમારી ભૂલોને એ પોતાની કરી લેતા. ઘણી વાર તો અમારો 'રોજ' કપાતો તે તેમનાથી ન સહેવાતું ને પગાર ચૂકવતી વખતે તેઓ એ ન કાપવા દેતા, ને કહેતા "ભાઈ હવેથી જરા ખ્યાલ રાખજો." એમની ટૂંકી 'ફટકા'શાહી પાઘડી ઉપરથી કારખાનાના કામદાર વર્ગમાં એમનું નામ 'પઘડીબાબુ' પડી ગયેલું. પોતાની મુશ્કેલીની વાત હરકોઈ કામદાર બેધડકપણે એમની પાસે કરી શકતો. સહુને એમની પાસેથી આશ્વાસન જડી રહેતું.

×

કોઇનાયે કામમાં કંઈ ખામી હોય તો તેને તે મોઢેથી કહી બતાવવાની રીત એમની નહોતી. મને યાદ આવે છે કલકત્તામાં એક વાર મારા પિતા સાથે એમને મળવા જતાં એ કંઇક લોટા-પ્યાલો ઉટકી રહ્યા હતા. "કેમ માણસ નથી આવ્યો કે શું!" મારા પિતાના એ સવાલના જવાબમાં "માણસ આવ્યો છે અને એણે સાફ પણ કર્યા છે, પણ બરાબર નથી થયા એટલે હું સાફ કરી લઉં છું." એમ કહેલું. કામકાજમાં ભૂલ કરનારને મૂંગો બોધપાઠ આપવાનું તો જાણે એમના જીવનમાં વણાઇ ગયું હતું.

અહીં રહ્યા એ દરમ્યાન બ્રહ્મોસમાજમાં એ અવારનવાર જતા. એમના જીવન પર બ્રહ્મોસમાજની અસર ખૂબ જ હતી. બોલવું ઓછું. સાંભળવું ઝાઝું. બંગાળી સાહિત્યનો નાદ પણ એ દિવસોમાં જ લાગેલો. જે પાછળથી સાહિત્યજીવનમાં ખૂબ જ સહાયભૂત થયો. "દીવડો ઝાંખો બળે" એ કાવ્ય એ દિવસોમાં જ લખાયેલું.

×

બીજું મહાયુદ્ધ શરૂ થયા પછી અવારનવાર એમના પત્રો મળતા. ચાલુ પરિસ્થિતિને કારણે કલકત્તા છોડવું પડે તો બોટાદ આવવા એમનો આગ્રહ રહેતો. '૪૧ની આખરમાં કલકત્તાનું કામકાજ બંધ કરી મુંબઈ ગયો. ત્યાં પણ એમના પત્રો બોટાદ આવવા અને એમના કામમાં સાથ દેવા વિષેના આવતા જ રહ્યા, પણ કલકત્તાનું મમત્વ ઘટતું નહોતું, એટલે એ તક ઝડપી ન શકાઈ. આખરે '૪૩માં એમની પાસે જઈ શકાયું. એ ખૂબ પ્રસન્ન થયા. અઢી મહિનાના એ વસવાટ દરમિયાન ઘણાં ઘણાં સુખદ અનુભવો થયા ફૂલછાબ પુસ્તિકા શ્રેણીની પુસ્તિકા દર ૧૬મીએ બહાર પડતી. અઠવાડિકના થકવી નાખે એવા કામ વચ્ચે પણ પુસ્તિકાનું કામ કરવું તો રહેતું જ.

ઘણું કરીને ૧૦મી કે ૧૧મી તારીખ હતી. "રમણીકભાઇ, આ વખતની પુસ્તિકા માટે શું કરવું!" એમણે પૂછ્યું. મેં કહ્યું 'ફૂલછાબ'માં આવી ગયેલા ટૂંકા જીવનચરિત્રો ભેગાં કરીએ તો? 'ઝેક પ્રજાને દ્વારે' વાળા દિલીપભાઇના લેખો એકત્ર કરીએ તો!

અને સાથેસાથ મેં મારી પાસેના બંગાળી "तृणखन्ड"ના મારા અનુવાદ વિષે પણ વાત કરી. એમણે એ જોઈ જવાની પોતાની ઇચ્છા દાખવી. વળતી સવારે બોટાદથી રાણપુર આવતા મેં મારા અનુવાદની હસ્તપ્રત સાથે લીધી. ટ્રેનમાં જ એમણે એ વાંચવી શરૂ કરી. વચ્ચે સુધારા કરતા ગયા અને રાણપુર ટ્રેન પહોંચતા સુધીમાં તો એમણે તે લગભગ પૂરું—પ્રેસમાં આપવા માટે સુધારાવધારા સાથે પુરું કરી નાખ્યું.

સ્ટેશનેથી અમે ટપ્પામાં બેઠા ને કહે "રમણીકભાઈ, આમને મળ્યા છો ! તમે કલકત્તા વસો છો તો અવારનવાર આજુબાજુના પ્રદેશોમાં જઈ આવતા હો તો ! આવા માણસને તો મળવું જોઈએ. એવું આ પુસ્તક વાંચીને તો હું ખુશ થયો છું. માનવસ્વભાવનું કેટલું સચોટ આલેખન કર્યું છે એમણે !"

×

રાણપુરથી બોટાદ જવા અમે કાર્યાલયથી સ્ટેશને આવતા હતા. રસ્તામાં કહે: "રમણીકભાઈ, હવે તો એવું થાય છે કે કાઠિયાવાડમાં જ ક્યાંક ખેતર લઈને આપણે સૌ-તમે, હું, લાભુભાઇ, મહેન્દ્ર બધા સાથે રહીએ—ખેતી કરીએ, અને ખેતરમાં જ એક નાનું છાપખાનું પણ ઊભું કરીએ. ખેતી સિવાયના વખતમાં સાહિત્યનું કામ કરીએ. આપણે બધા લખીએ, ત્યાં જ છાપીએ અને પ્રકાશન પણ ત્યાંથી જ કરીએ. અમનો રોટલો રળશું ને સાહિત્ય પણ સરજશું. ઉઘાડું આકાશ, ચોખ્ખાં હવા-પાણી ને નિરોગી જીવન—આપણે સહુ સાથે હોઇએ પછી શી મણા રહે !"

અને છેલ્લા બેત્રણ વરસથી તો હું યે સતત એ જ જીવન ઝંખતો રહ્યો છુ. મનમા ઘણાં યે કોડ હતાં, કે જીવડા, હવે છ-સાત વર્ષ જાળવી જા, ૧૯૫૫માં તો મોડામા મોડું આ શહેરી જીવન મૂકી જ દેવું છે. કાઠિયાવાડમાં ક્યાંક ખેતી કરતાં કરતાં સહુ સાથે જીવન જીવીશું. બાપુની ઇચ્છા તો હું પાર પાડી ન શક્યો. પણ કાકાની ઇચ્છા તો એમના જીવનકાળમાં પૂરી કરીશ જ, એ મારી કલ્પના હતી, ને હું મનમા ને મનમાં ગાયા-ગણગણ્યા કરતો કે—

'કુંજાર લીલા કો ખેતરે જઈ
હાંકીશ હળ ને સીંચીશ ધરા હું
બેસીશ કૂવે બની કોષિયો ને
ગીતો જ ગાતો ફરતો રહીશ હું
જીવન તણી સાર્થક એ મજૂરી.'

પણ મારી તો મનની મનમાં જ રહી ગઇ, ને મારા બાપુની જેમ મારા કાકા પણ ચાલ્યા ગયા. મારે માટે જેમને પ્રેમ હતો—પક્ષપાતપૂર્ણ પ્રેમ હતો એ આત્મીયજનની આ એકાએકની વિદાય અસહ્ય લાગે છે-પણ મૃત્યુનેય બિરદાવનારા

"સંહારના સ્વામી ! તમે છો સત્ય ને તમે છો
મંગળ રે...
તમે છો શિવને તમે છો સુંદર રે
આખર તો એવા રૂપે રાજ જો હો જી-"

તથા "જાવું જગજનનીને ખોળલે રે"માં મૃત્યુનો મહિમા વર્ણવનાર, ચિર નિદ્રામાં પોઢી જનાર એ સ્વજન પાછળ આંસુ સારવાં નિરર્થક લાગે છે. એ તો મરી ને પણ અમર થઈ ગયા છે. જનહૃદયમાં એમની કૃતિઓ દ્વારા એ સદાયે જીવંત રહેશે.

×

ભાવનગરથી અમદાવાદ તરફ જતી ગાડીમાં. પસાર થતાં એક ભાઈને જોઈ એમણે મને કહેલું કે, 'એ જીવણલાલ કું.માં કામ કરે છે. અત્યારે એમની આવક માસિક ૧૫૦૦-૨૦૦૦ની સહેજે હશે." મેં કહ્યું—તમે પણ તમારી મૂળ જગ્યાએ હોત તો આજે એટલું જ, બલ્કે એથી યે વધુ મેળવતા હોત ને !

"હા, કદાચ મેળવતો હોત, પણ તો આજે મેં જે મેળવ્યું છે, આજે જે હું પામ્યો છું તે ન પામ્યો હોત. પૈસો જ ઓછો બધો આનંદ આપી શકે છે ! હું જે પામ્યો છું એમાં મને વધુ સંતોષ છે," એમણે આ કહેલું.

ને ખરે જ અર્થ કરતાં ઘણું વિશેષ એ એમનાં સાહિત્યજીવનમાં પામ્યા છે. લોકોનાં દિલ સાથેની મહોબ્બત, નિર્વ્યાજ પ્રેમ, અને સાહિત્યસર્જનમાં મળતો આનંદ—એની કિંમત આંકી ન શકાય તેવી છે.

છેલ્લે મુંબઇ લગભગ એક વરસ પર મળવાનું બનેલું. મેં એમને ખાસ કદી નહોતા સાંભળ્યા. મુંબઈ-વાસી સ્નેહીવર્ગની માગણી તો સદાય ઊભી જ હોય. બ્લેવેટસ્કી લોજમાં એમને સતત ત્રણ કલાક ધરાઈ ધરાઈને સાંભળ્યા. એ કોઇ અજબ moodમાં હતા., લોકોનાં દિલ ડોલાવ્યાં અને છેલ્લે પોતાનું ગીત-૧૯૧૭માં કલકત્તા ખાતે રચેલું "દીવડો ઝગે બળે" ગાતી વેળા એ કોઇ અનેરી મસ્તીમાં હતા.

છેલ્લે મળ્યા ત્યારે એમની થેલીમાં ભજનવાણી વિષયક લખાણ ઘણું હતું. હવે તો આ સાહિત્યને સરખું કરીને લોકો પાસે મૂકી દેવું છે. સાચો રસાનંદ આપી શકે એવું ઘણું ઘણું આ ભજનસાહિત્યમાં પડ્યું છે. બોટાદમાં સુખ્યત્વે હવે એની પાછળ જ પડ્યો છું—એમ એ કહેતા હતા.

સંતવાણીનું પુસ્તક પ્રેસમાં ગયું છે એમ છેલ્લે જાણેલું—એ પ્રગટ થયેલું જોવા આજે એ નથી રહ્યા, છતાં "શબ્દના વેપાર"માં કહ્યા મુજબ—

'હૈડા કેરી ધારણે તારે ઉર ઉઠે જે સૂર જી
એ જ સૂરોના ઇમાની ભાઇ ! ગાયા કર ચકચૂર...'

જ એમણે ગાયું છે—ને જીવન જીવ્યા છે એ ઓછા સુખની વાત છે?

• સંતની સહિષ્ણુતા

કેશુભાઇ

મેઘાણીભાઇની સહિષ્ણુતા પરાકાષ્ટાએ પહોંચે તેવી હતી. હું પડોશમાં રહું છું. સામાન્ય રીતે વર્ષોનો તેમનો પરિચય છે, છેલ્લા બે વર્ષોથી તો તેમના નીકટ-પરિચયમાં આવ્યો છું. તેઓને મેં ઊંચે અવાજે બોલતા સાંભળ્યા નથી. એક સંત પુરુષને શોભે તેવી સહિષ્ણુતા મેં તેમનામાં જોઈ છે. હું ઘણી વખત વિચારતો કે કદીયે ખીજાય એવા પ્રસંગો તેમના ઘેર ઊભા નહિ થતા હોય? પોતાની લેખન-સામગ્રીને તેમના બાળકો કોઈ કોઈ વખતે અવ્યવસ્થ કરી નાખતા એવા પ્રસંગોમાં પણ તેમની સ્વાભાવિક મૃદુતા-ભરી ભાષાથી જ બાળકોને મીઠો ઠપકો નહિ પણ શિખામણ આપતા મેં સાંભળેલા છે. પોતાનું અને પોતાના બાળકોનું કામ ઘણી વખત તેઓ હાથે જ કરી લેતા. એક પ્રતિભાશાળી લેખક હોવા છતાં, સૂગ ચડે એવા કામો પણ અતિ હોંશથી તેમને કરતાં મેં જોયા છે, ઘરના એ વસ્તારી હોવાથી પોતાની પત્નીને જે જે કામમાં મદદરૂપ થઈ શકાય, તે સઘળામાં તેમનો સાથ હોય જ.

નાના નાના બાળકોને સાથે લઈને જ્યારે તેઓ વાડીએ ના'વા અને કપડાં ધોવા જતાં ત્યારે એક સાદાઈનો આદર્શ સામાન્ય જનતા સામે ખડો કરતા. મેઘાણીભાઈ જ્યારે અને ત્યારે ઘરમાં કાંઈ પણ કામ કરતા જ હોય—પછી ગાયોને નીરણ નાખવાનું હોય, કે ઝાડોને પાણી પાવાનું હોય, રસોઈ કરવાનું હોય, કે બળતણ ગોઠવવાનું હોય. લખવામાં જેટલો સમય ગાળતા તે કરતાં વધુ સમય ઘરના કામકાજમાં ગાળતા.

મેઘાણીભાઇના ઘરની આસપાસ સામાન્ય જનતાનો વસવાટ છે. એ બધાયમાં મેઘાણીભાઇએ આપ્તજન જેટલું સ્થાન મેળવેલું. સાંજે જ્યારે ફરવા જાય ત્યારે જેમ સામે આવતા મિત્રોની ખબરઅંતર પૂછે તેમ જે જે ભાઇઓ કે બહેનો તેમને સામે મળે તેઓના ખબરઅંતર પૂછે. તેમના અવાજમાં લાગણીના પૂર દેખાતા. માણસો તેમની પાસે દિલ ઠાલવતા.

'કાગા એની કાંણુ, (હવે) ઘર ઘર મંડાણી'

કવિ દૂલા ભાયા કાગ

કિયો પ્રસંગ લખું અને કયો જાતો કરું ! એમનાં ગીતોની કઇ લીટી લખું ને કઈ ન લખું ? એમના જીવનનાં કેટલાં પાસાં યાદ કરું અને કેટલાં વિસરું ? શું લખું અને શા માટે લખું ? કોણ જાણે કાંઈ ખબર પડતી-નથી.

આજથી પચીસ-ત્રીસ વર્ષો અગાઉ ચારણ એ શબ્દ કાને પડતાં શહેરીજનો સુગાતાં અને બીતાં. પ્રજાવર્ગમાં કોઇ ખુશામદખોરની વાત આવે તો એમ બોલે કે હું કાંઇ ચારણ-ભાટ થોડો છું : ગુજરાતની સાચી બનેલી એક વાત છે, કે એક ચારણ જુવાને એક બાઇ પાસે પાણી પીવા માગ્યું. બાઇએ પૂછ્યું: કેવો છો ? કે ચારણ છું એટલે વિસ્મય પામેલ દીસે બાઈએ કહ્યું કે: 'અરરર ? નાનો બાળક બીચારો ચારણ થઈ ગયો છે !' એટલે કે બાવો થઈ જાય તેમ ગમે તે માણસ ચારણ થઇ શકે !

છેલ્લે છેલ્લે ચારણોની પરખ આ જાતની રહી હતી. એ જ અમો ચારણો પર શ્રી મેઘાણીનો અનંત ઉપકાર છે, ચારણ કોણ, કેવો હોય, એની સાચી જીવનની ટેક અને જીવતર કેવાં હોય, એની સાચી છબી એણે એંચી શહેરે અને પાટણે, બંગલે અને ઝૂંપડે, દેશ અને દેશાવરમાં રસધાર-બહારવટિયા અને ચારણી સાહિત્યની ચોપડીઓ દ્વારા એ છબી રજૂ કરી.

×

ચારણી સાહિત્યમાં પાંચસો વર્ષના ઇતિહાસમાં કોઈ અન્ય કવિ, પંડિત કે લેખકનો પગપેસારો થયો જ નથી. એટલું એ અગમ્ય સાહિત્ય છે. વેદોના સંસ્કૃતનું વ્યાકરણ જેમ બીજા સંસ્કૃતથી 'જુદું' છે તેમ ચારણી સાહિત્યના મર્મો, માપ, છંદો, ગીતો, પીંગળ અને શબ્દજોડણી સાવ જુદાં જ છે. ચારણી સોરઠા, દોહા, સપાખરાં અને સાવજડાં ગીતો બીજા કોઈ કવિઓ હજી સુધી લખી શકયા નથી. એ જાતિનો સાચો કે ખોટો પણ ચારણ કવિઓનો એક ગર્વ છે.

એ સાહિત્ય સંપાદન કરવું એટલે તો લંકાથી હેમ લાવવા જેવું કઠણ છે. એવા દોયલા કામને શ્રી. મેઘાણીએ સોયલું કેમ કરેલું ? દિવસોના દિવસો, રાતોની રાત ચારણો સાથે એ વસેલા. આગલાની જ રીતભાતથી રહેલા. ધીરે ધીરે વાતો ચાલે, વળી બંધ પડે, કયારેક તો વાર્તાકાર શંકાશીલ બને કે આપણું જૂનું બધું આ કયાક લઇ જશે ! એમને બોલાવવાના રસ્તા શોધવા એ કઠણમાં કઠણ કામ. એમનાં બધાનાં અંતરમાં વસી જઇને એમણે એવું કામણ કરેલું કે પછી તો એને જોઇને કોઈ ચારણ, બારોટ કે વાર્તાકાર મેને જોઈ મોરલો હરખે તેમ હરખી ઊઠતા. બાવડાં ઝાલી ઝાલી જૂની નવી બધી વાતો ગીતો એમની આગળ મોકળે મોંએ ઠાલવતા. એકની એક વાત પચીસ રીતે રજૂ થાતી. એકનાં એક ગીતદોહા વિધવિધ રીતે રજૂ થાતાં. એ બધા ખાતરના ધૂળના ઉકરડામાંથી સોનું શોધી કાઢવાનો સંચો કુદરતે એમના હૈયામાં ગોઠવ્યો હતો.

×

ચારણી સાહિત્યના કેટલાક શબ્દાર્થો અમે પોતે અને વૃદ્ધો પણ ન સમજતા. એવા અર્થો મેઘાણીએ સાચેસાચા કરેલા છે. દાખલા તરીકે એક મિત્રના વિયોગે ગવાયેલ બાર માસનું એક કાવ્ય છે. એમાં ભાદરવા મહિનાના વર્ણનની એક પહેલી અને એક છેલ્લી બે લીટીઓ છે, જેનો અર્થ રચનારે કલ્પેલો હશે અને બીજો મેઘાણીએ કરેલો.

દધફૂલાં વાગે ડમર કંગામંગા કૈલાસ,
વીજ મળકે ચોવળાં પ્રપજ ભાદ્રવ માસ—

એમાં પહેલી લીટીમાં જે દધફૂલાં છે એનો અર્થ અમો બેચાર મિત્રો વચ્ચે એમણે પોતે તુરત જ એવો કરી આપેલો કે, એ તો દૂધફૂલીઆં: કુંડાં ચારણી ભાષાના પ્રયોગમાં દૂધફૂલા મૂળ કવિએ કરેલું હશે.

બીજી એની છેલ્લી લીટી એવી છે કે:—
કાગ રખી મખ પ્રેમ કિયા

ભાદરવા મહિનાના વર્ણનમાં કવિ કહે છે કે શ્રાદ્ધપક્ષમાં લોકો કાગઋષિને જમાડીને ધર્મ કરે છે. પણ અમને કોઈને એ અર્થ સૂઝેલો નહીં. એ અર્થ પણ એમણે જ કરી આપેલો.

×

'કાગવાણી'નો પહેલો ભાગ છપાતો હતો, તેમાં ગાંધીજીનો મેં એક ભુજંગી છંદ લખેલો. એની ત્રીજી કડીમાં—

> તુંહી સોવરં જેલ જાડા કિનારો
> હૈયા નિર સરવાણ ફુટ્યાં હજારો—

એનો ભાવાર્થ એવો છે કે ગાંધીજીરૂપી તળાવના પાણીને રોકવા જેલરૂપી પાળ બાંધી છે, છતાં સરવાણ તો વહ્યા જ કરે છે.

પણ કાવ્યને માપે પહેલી લીટી બરાબર ન ગણાય. આખો દિવસ બોટાદમાં તેમની મેડી પર એ લીટી બદલવા હું મથ્યો, પણ કંઈ મેળ ન થયો. રાતે એ રાણપુરથી આવ્યા. વાતચીત થઈ. હોકો પીતાં પીતાં એમણે લીટી પૂરી કરી :

> મહા શક્તિનો ધોધ તું બંધ જાડા
> તને રોકવા દોખીએ બાંધ્ય આડા
> ચીરી ત્યાંય પાષાણ સરવાણ વ્હેતાં
> નમો હિંદના પારવી સંત નેતા.

શુદ્ધ ચારણી સાહિત્યને દિપાવે એવા ભાવવાળી આ કડી એમની રચેલ છે.

બીજાં-એમનાં ગીતો 'વીર બંદો' રાત ઘંટા 'ચાર વાગે' અને 'શિવાજીનું હાલરડું'–ચારણી ઢાળનાં, માપનાં અને ચારણી શબ્દોના પ્રયોગથી રચાયેલાં છે. 'શિવાજીના હાલરડા'માં—

> તેદી તારે શીર ઓશીકાં મેલાશે તીર બંધૂકાં.

એ પૂરેપૂરો ચારણી પ્રયોગ છે.

ચારણી ભાષા ઘણી અગમ્ય અને દુરતમ લોક-યોગ્ય ન બને એટલે એમણે એ ભાષામાં વધારે ગીતો નહોતાં લખ્યાં.

×

રસધાર લખાતી હતી. પોરસાવાળાના દુહા થોડાક વધારે મળે તો ઠીક, એમ એમણે મને કહેલું. હું મારા દીર્ઘસૂત્રી સ્વભાવ પ્રમાણે ભૂલી ગયેલો. ઉપરા-ઉપર ત્રણ પત્તાં આવ્યાં, એટલે ૭ દુહા ઘરના જ બનાવી મોકલી, દોધા અને લખ્યું કે આટલા મળ્યા છે.

વળતાં એમનો કાગળ આવ્યો કે દુલાભાઈ! આ દોહા જો તમારા લખેલા હોય તો થોડાક વધારે લખી નાખો ને?

કાગળ વાંચી હું તો ઠરી ગયો કે વાહ મેઘાણી! કયા પુણ્યથી પ્રભુ માણસને આવી અક્કલ આપતો હશે? આ દોહા—

> વાછરડું વાળા! ભાંભરતાં ભળાય,
> પણ પરનો આતમ થાય પરસ્યા વીણના પોરહા. ૧
> ઊડી મન અંબર ચડે સકવાં જેમ સદાય,
> ત્યાં કફરી રાત કળાય હજુ પો ન ફાટે પોરહા. ૨

હે પોરસાવાળા! સામે વાછરુ બાંધ્યું હોય અને ગાય દૂર ઊભી હોય. પણ એ વાછરુને અને ગાયને બન્નેને મળ્યા સિવાય શાંતિ થતી નથી. ૧

વિયોગરૂપી રાત પડી છે. ચકવીચકવો સૂર્યોદય જોવા ઊડી ઊડીને ઊંચે ચડે છે, પણ ક્યાંયે સંયોગનો સૂર્ય દેખાતો નથી. ૨

એ રીતે સાત દોહાઓ લખેલા. રસધારમાં એમણે બધી વિગત આપી આ દોહા લખ્યા છે.

પછી તો આગળના અને મારા રચેલા નવા દુહા ઘણા કવિમિત્રોને મોકલ્યા કે આમાંથી નવા દુહા શોધી કાઢો, પણ એક મેઘાણી સિવાય કોઈથી એ બની શક્યું નથી.

×

જોગડાની વાતના દોહા અમે નાનપણથી શીખેલા અને બોલતા. પતિ મરી ગયા પછી સ્ત્રી કહે છે કે–

સેથો સ્વાને માટ અમે પાટી ઢાળીને પૂરીએ
લખેલ છે લલાટ હવે જટા વળવી જોગડા.

કડલાં કેને કાજ પગડા ઘોઇને પહેરીએ
ભાંગ્યુ દઉ ભડથાર તું જોખમતે જોગડા,

મરકીન હસતે મુખ કદી બરકીન બોલાવ્યાં નહીં
એનું દીલમાં રહ્યું દુઃખ જનમોજનમનું જોગડા.

એવા એવા પચીસ દોહાઓ છે. આ વારતા મેં તુળશીશામ રૂખમણીના ડુંગરા પર માંડેલી. એક પછી એક બધા દોહા ફેંક્યા. વાત પૂરી થઇ. એકબીજાના હાથ ઝાલી આથમતે સૂરજે હેઠા ઊતરતાં ઊતરતાં એમણે પૂછ્યું કે આ દુહા કેના કહેલ છે? મેં કહ્યું કે આ તો એ વાત બની તે દિવસના છે. મારા બાપુ પાસે પણ મેં સાંભળેલા. એ વાત એમને ગળે ન ઊતરી. એ કહે કે આ તો રચાણ લાગે છે. એની પાછળથી શોધખોળ ચાલી. છેવટે એમાં સાચું એમ નીકળ્યું કે એ દોહા વીક્ટર તાબે ડોળીઆ ગામના મહાકવિ અને ભક્તરાજ શ્રી ગીગા રાવળના પાછળથી રચેલા છે. હજુ સુધી અમો પારખી શકતા નથી કે આ દોહા પાછળથી રચાણા એમ એમણે શા પરથી કલ્પ્યું હશે.

×

રસધારની વાતો એ તો ચારણોની વાર્તાનો ફોટો છે, કેવલ લખાણ નથી. સાથેસાથ ચારણો ઘેલા થઇ સાંભળે એવી એ વાર્તા માંડી શકતા હતા. હજુ સુધી ચારણી વાર્તા અન્ય કવિઓ માંડી શકતા નથી. આજથી નવ વર્ષ પૂર્વે રાજકોટ મુકામે અખિલહિંદ ચારણ સંમેલન મળ્યું હતું.

કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત, સિંધ, થરાદી, માળવા, મેવાડ, મારવાડ અને મધ્ય પ્રાંતના સુકવિઓ અને વર્તાકારો મળેલા. એક ચારણ બેઠો હોય તો પણ વાત કરવાનો અન્ય માણસોને સંકોચ થાય. એને બદલે એવા બે હજાર ચારણ ત્યાં મળ્યા હતા અને એમાં ઘણા તો કવિરાજો હતા. એમની વચ્ચે બધાના આગ્રહથી એ વામન પણ વિરાટ સમો માંચડા પર ઊભો થયો. એની કસુંબલ, તૃપ્ત અને રિઘીયલ કેરીની ફાડ જેવી આંખ સભાને ખૂણે ખૂણે આંટી-અવળી ફેરવી અને મારવાડી ગીતથી શરુ કર્યું. મોરલા સામા હોંકારા દેવા માંડ્યા. રાજકોટ ગાંધર્વનગર સમુ બની ગયું. મેદનીનાં હૈયેહૈયાં દળાવા માંડ્યાં. બરાબર પોણાબે કલાક કોઇએ હોકાની ઘૂંટ ન ખેંચી. હોકા ઓલવાઇ ગયા.

લીંબડી કવિરાજશ્રી શંકરદાનજી તો ઊભા થઇ એમને ભેટી પડયા., હસવા લાગ્યા કે મેઘાણી, કળજુગ આવ્યો લાગે છે. એ સિવાય કાંઇ વાણિયો ગાય અને બે હજાર ચારણો ચુપચાપ ઘેટાં જેમ સાંભળે એ બને ખરું?

મેઘાણીએ કહ્યું કે મુરબ્બી! આ તો આપનુંજ છે. હું તો ચારણોનો ટપાલી છું, બધે પહોંચાડું છું.

×

એમનાં લોકગીતો વિષે મારે લખવું નકામું હું માનું છું. એમણે કબર ખોદી કાઢી મૈયતોને ઉઠાડ્યાં અને જિવાડયાં. એણે મસાણે મસાણ જગાડ્યાં. કાળી રાતે મસાણોમાં સાદ પડયા. મુડદાંએ હોંકારા દીધા. હજારો પ્રેતોને એમણે કપડાં પહેરાવ્યાં. એ પ્રેત નથી નીચાં નથી, લુચ્ચા અને હરામખોર નથી એમ સાબિત કરી જગતના ચોકમાં ઊભાં રાખ્યાં. માણસોએ કબૂલ કર્યું કે હા, એ સાચાં માણસ છે.

'રાણો અને કુંવર' 'વીંઝો અને કમો' 'સુજની સાખે' 'ઓળીપો' એવી ઘણી ઘણી વાતો રસધારમાં લખી. આ બધી સોરઠી ઝૂંપામાં ઊગ્યા જીવનની વાતો. કહેવાતા શિષ્ટ અને સારા વર્ગના માણસો વચ્ચે એવી વાતો બોલાતી જ નહિ. દોહા કે ગીતો ગવાતાં નહિ. એ બધું હલકું સાહિત્ય લેખાતું.

આપણા બધાના આવા જૂઠા અન્યાયથી બળી ઓલાણેલા એ સાચેસાચા માનવીઓને એણે પોતાની કલમથી અમૃતજળ છાંટી બેઠા કર્યા, ઠંડા કર્યા, સજીવન કર્યા.

ધૂળમાં ખોવાઈ ગયેલ જૂના માણસોની એણે ઓળખાણ આપી, એટલે હું એને ધૂડધોયાની ઉપમા આપું છું. પોતે ધૂડ ફાકીને સાચું સોનું આપણને આપતો ગયો.

×

ડાકુ, રાક્ષસ, નરાધમ, નાલાયક, ફાંસીને માંચડે લટકવા યોગ્ય, એવા એવા હલકામાં હલકા શબ્દો બહારવટિયાને લગાડવામાં ખપી ગયેલા. એમણે એની કલમના પ્રયોગથી એ બધા આત્માને જીભ આપી બોલાવ્યા અને જગતના ચોકમાં એનો ઇતિહાસ લખ્યો. કોઈને કાંઈ કહેવું હોય તો વેળા આપી. એમની સામે કોઈ પણ સાક્ષર વિરોધમાં એક હરફ ઉચ્ચારી શક્યો નથી. માણસ બહારવટિયો ક્યારે બનતો ? કાંતો ખોટા ખોટાં ખત પાડી વેપારીઓના ચોપડાંથી બબ્બે ચાર ચાર પેઢી સુધી એ ગળે પકડાતો ત્યારે; કાં તો રાજ્યસત્તા એનું સર્વસ્વ ઝૂંટી લેતી ત્યારે, કાંતો અમલદારો એના ચામડાં, માંસ અને હાડકાં સુધી પહોંચતા ત્યારે, કાંતો નિર્બળને કોઈ બળવાન રહેંસી નાખતો ત્યારે જ સાચો મર્દ, સાચો માણસ, સાચો ભડ્યાશરવીર બહારવટિયો બનતો. એ ડાકુના સ્વાંગ ધરતો, ઝૂઝતો, ખપી જાતો. એમની કવિતાની લીટીમાં જ લખ્યું છે કે :

સત્યના સ્વાંગ પહેરી ઊભું જૂઠ જ્યાં,
બંધુ શું ખડગ લઇ તું ન ધાયો
તું રિપુહીણ બળહીણ કંગાળ તું,
સ્વાદ ચાખ્યા નથી તેં જખમના.

×

એ લાગણી પ્રધાન એવા હતા કે પોતાની રાઈ જેવડી ભૂલ એમને મેરુ પર્વત જેવડી મોટી લાગતી હતી, એનો એક દાખલો છે. માણસને જેમ ભૂત વળગે એમ થોડાક દિવસ એમને છાપું વળગેલું.

એક દિવસ હું રાણપુર ગયેલો. સાંજના અમે સ્ટેશન પર આવતા હતા. રમૂજી ટુચકા કહેતો હતો, પણ એ જાણે સાંભળતા જ ન હોય એમ ચાલ્યા આવતા હતા. ચાલતાં ચાલતાં એકદમ ઊભા રહ્યા. મેં પૂછ્યું ' કાંઇ ભૂલી ગયા નથી નાં ! ' એમણે કહ્યું: ' ના, ના કાંઇ ભૂલી ગયો નથી, પણ લખાણમાં થોડીક ભૂલ રહી ગઈ છે એમ મને યાદ આવે છે. ' મેં પૂછ્યું: ' શી બાબતમાં ? '

જાણે કે મોટામાં મોટી ભૂલ થઇ ગઇ હોય તેમ કહે કે ' ભાઇ ! રવીન્દ્રનાથ શબ્દમાં દીર્ઘ ઈને બદલે હ્રસ્વ ઇ લખાઈ ગઇ હોય એવો મને વહેમ આવે છે. '

મેં પૂછ્યું કે ' એમાં કાંઈ સરકારી ગુનો તો બનતો નથી નાં ? કે કોઇને છાપાનો અન્યાય થતો નથી નાં ? ' એવો મેં વિનોદ કર્યો, એટલે કહે કે ' ના, ના એવું કાંઇ નથી. ' એમ કહી હસ્યા. પોતાની નાનકડી ભૂલ એમને ઘણી મોટી લાગતી. એવું લાગણીનું યંત્ર એમના દિલમાં હતું.

×

ગોપનાથથી તુલશીશ્યામ સુધી અમે સાથે મુસાફરી કરેલી ને એ વાતને પંદર વર્ષ વીતી ગયાં. મહાશિવરાત્રિની એ રાત હતી. ગોપનાથમાં શિવરાત્રિ કરી અને દરિયાકાંઠાના પીથલપર, કોટડા, નૈપ, નીકોલ, કળસાર વગેરે ગામડાં ભટકતા ભટકતા, વચ્ચે રાત રહેતા રહેતા મહુવા આવ્યા.

અમે કતપુર થઈ મહુવાના બંદરે ગયા. ત્યાં એક સિત્તેરેક વર્ષની ડોશી પારેલ ઈંટો વહાણમાં ચડાવતી હતી, એમની સાથે વાત શરૂ કરી. ડોશીનો એકનો એક દીકરો બેક મહિના અગાઉ વહાણ બૂડી ગયાથી બૂડી મરેલો. મહુવાના કોઇ વેપારીનું એ વહાણ હતું અને આ એના જૂના વહાણવટી હતા. મેઘાણીએ પૂછ્યું કે ' તમે તમારી આજીવિકા માટે શેઠ પાસે કેમ ન ગયાં ? ' ડોશીએ કહ્યું કે ' ભાઈ ! મારું તો કાળું મોઢું થયું. શેઠનું વહાણ મારા દીકરાને હાથે બૂડયું. હવે શું મોઢું લઇને જાઉં ! '

ડોશીના આ શબ્દો સાંભળતા તો એ છાતી પકડીને બેસી ગયા અને રોયા. બોલ્યા કે દુલાભાઇ:

"આ મચ્છીમાર કોળી ને પેલા વૈષ્ણવ વાણિયા– એમાં કોણ ખાનદાન ?"

તુળશીશ્યામથી બે ગાઉ અમે ખજૂરીને નેસડે હતા, ત્યાં રાડ થઈ. સાવઝ ડણક્યો. હાકોટા થવા માંડ્યા. રોળકોળ વેળા થઈ હતી. ખાડું ધણ ખૂંપડે આવતાં હતાં. તેમાં હીરબાઈ કરી એક ચારણ બાઇની વોડકીને સાવજે પાદરમાં જ પાડેલી. અમે બધા દોડયા. વીસેક જણ હતા. જ્યાં ધાર માથે ચડયા ત્યા તો આઈ હીરબાઇ કોણ જાણે કયારની યે પહોંચી ગઇ હતી. મરેલી વોડકી પર ચારણ કન્યા ચડી અને સાવઝ સામે સોટા વીંઝતી હતી. સાવઝ બે પગે સામો થઇ હોંકારા કરતો હતો, બાઈ તો સાવઝના ફીણથી નાઇ રહી, પણ ગાયને ચારણી બાઇએ શાવઝને ખાવા ન દીધી.

એ વખતે 'ચારણ કન્યા' એ નામનું ગીત એ કાગળ કલમ સિવાય રચીને ગાવા લાગ્યા. શરીર જાગી ઊઠયું. આંખો લાલ ફ્રપેલ ત્રાંબા જેવી થઈ. અમે એને એ ધીંગાણામાં ન જવા દેવા બાવડે પકડી રાખેલા.

×

એ ઘણી વખત કહ્યા કરતા કે 'હું હજારો માણસો વચ્ચેથી ચારણને ઓળખી કાઢું. દરબારોનાં ઉતાર કપડાંનો પહેરનારો નહિ, રાજ્યના રોટલામાં વિકૃત થયેલો નહિ પણ માલધારી, ધરકમાણીવાળો, નેસડાનો અસલી ચારણ હોય એને હું ઓળખી લઉં.'

તુળશીશ્યામથી વળતાં શીખલકોબાના નેસમાં અમે રાત રોકાણા, સવારે પોણોસોક માણસ વચ્ચે ત્રણ અજાણ્યા ચારણ જુવાનોને મકરાણીના લીલા સાફા બંધાવી અમે બેસારી દીધા, અને કહ્યું કે 'આમાંથી ચારણને ઓળખી કાઢો !' બધા સામું જોઈ એક પછી એક ત્રણેનાં કાંડાં ઝાલી એમણે ઊભા કર્યા.

એ કહેતા કે, 'સાચા ચારણનો અવાજ અને એમની ખમીરભરી ધરાયેલ મીઠી આંખુ'ને હું ઓળખી લઉં છું.'

×

એ કહેતા કે કોઈ કવિ જ્યારે ભજન સુધી પહોંચે છે ત્યારે એના આત્માને શાંતિ થાય છે. એમ જ એમણે છેવટ સંતોના ઘરમાં પ્રવેશ કરેલ. દાનો ભગત, દેવો ભગત, જશો ભગત, ગેબીનાથ ગોરખ, રવિસાહેબ, મોરારસાહેબ, આપો ગીગો, વેલો બાવો, જેસલ તોળલ, દેવ તણખી, દેવાત પંડિત, ભીમદાસ (દાસી જીવણ), સગાળશા શેઠ, જમિયલશા પીર, ચારણું દેવીઓ, નાગબાઈ, કામબાઈ, કાગબાઇ, વરુડી, શેણબાઈ એમનાં આંગણા જોઇ એણે આપણને તે તરફ આંગળી ચીંધી.

ભજન એ જ એમના જીવનનો છેલ્લો વિષય બની ગયો હતો. એ ભજનોના આજ દિવસ સુધી સાધુ સંતોએ અર્થ નહોતા કર્યા એવા સાચા અર્થો એમની કલમમાંથી અને રૂંવાડે રૂંવાડે નીતરવા લાગેલા. મને તો થોડા મહિનાઓમાં એ સાવ અવધૂત મસ્ત યોગી જેવાજ લાગવા માંડેલા. રાજકોટ છેલ્લા સાહિત્ય સંમેલનમાં એક રાતે અમે ધીરે ધીરે ભજન બોલતા હતા. ઓચિંતા એમણે એવડો મોટો અવાજ કાઢયો કે બરાબર માઇક માઇક એના પડછંદા વાગ્યા. આ ભજન—

પત્થર પૂજ્યે હરિ મળે તો
પૂજું મોટા પા'ડજી
એ પત્થરમાં સાચ હોય તો
ઘડનારાને ખાય,
મનસા માલણી હો જી રે
ગોરખ જાગતા નર સેવ.

બીજું:—

રામજીને બનાયો પવન ચરખો
ચરખો નઈ સદા સરખો

એના ઘડનારાને કોઇ પરખો,
રામજીને બનાવ્યો પવનચરખો.

× × ×

કાગવાણી ભાગ બીજો છપાતો હતો. અંતર્યામીને સંબોધીને હું દોહા લખતો હતો. છાપવાનું કામ તડામાર ચાલતું હતું. એક રાત્રે આખો દોહો એ બોલ્યા કે—

કાગા કરશે કાંણુ, એની મોડાં મોડાં માનવી

આગળની લીટી મેં લખી કે—

મન મેલાં માનવીઓ તણાં, મડદાં પખે મસાણ,
પણ એની કાગા કરશે કાંણુ, મોડાં મોડાં માનવી.

ભાવાર્થ એવો છે કે મનના મેલા એવા કપટી માણસને ખરખરે માણસો કામકાજ પરવારી મોડા મોડા જાય છે.

બીજી એ લીટી બોલ્યા કે—

કાગા એની કાંણુ, ઘર ઘર મંડાશે:

આગળની લીટી મેં લખી કે—

ભીડપવાળા માનવી, જગ છોડી જાશે,
કાગા એની કાંણુ ઘર ઘર મંડાશે.

ભાવાર્થ એ છે કે હે કાગ ! ભીડભંજણાં માણસ જ્યારે મરણ પામશે ત્યારે એની પાછળ તો ઘરોઘર કાંણુ મંડાશે. જે ઝાડ હેઠળ એ ઊભો હશે પણ રોશે. આજે એ દુહો સાચો પડયો.

કાગવાણી ત્રીજા ભાગના પાંચસો જેટલા દુહા અને નવા ગાંધી ગીતો અને ભજનો મારે મોઢે સાંભળી એ નાચ્યા, કૂદ્યા હસ્યા ને ફાટફાટ છાતીએ રોયેલા. મને કહ્યું કે હવે જલદી બોટાદ આવ. આ બધું છપાવી નાખીએ. લોકો માગે ત્યારે તુરત આપવું જોઇએ. કેટલાએક એકેક દોહા ઉપર એમને કળશીઓ કળશીઓ આંસુ ઢાળવ્યાં હતાં.

× × ×

મારા અજાચક વ્રતનો એને ગર્વ હતો. હું ક્યાંય લથડી નથી જતો ને–એનો એ ઉઘાડો અને છૂપો રખોપિયો હતો. મારા એ વ્રત પાછળ એ ઘેલો હતો. ઉપરે ચારણ બોર્ડિંગનો ફાળો માગવા મારે રજવાડા તથા મુંબઈ વગેરે શહેરોમાં લક્ષ્મીપુત્રો પાસે જવું પડેલું. ખૂબ સંસર્ગ વધેલો. ભાવનગરને સંબંધે બીજા રજવાડામાં જવા આવવાનું ખૂબ થયું આ બધો વખત ઠેઠ અત્યાર સુધી એમણે મારા વ્રત પાછળ રખોપું કર્યું છે. કોઈ સંયોગે મારી વ્યક્તિગત કવિતા તે સાંભળતા ત્યારે એને મોટામાં મોટું દુઃખ થતું, ત્યારે મને કહેતા ને લખતા પણ ખરા કે ભાઇ ! ચારણદેવીને ક્યાં ફેંકે છે ? પાછી વાળી લે તારા ગીતો વ્યક્તિની પ્રશસ્તિ કરવાના નથી.'

મારે મન તો એ ભાઇ હતો, મિત્ર હતો, કોઇ દુખદ વખતનો વિસામો હતો. છેલ્લે છેલ્લે તો એ મને ગુરુ સમ લાગતો.

માનવતાના મંદિરે સના પડઘા

સોપાન

એમનાં ગુણગાન કરતાં કલમ થાકે એમ નથી, ઘણું ઘણું કહ્યા—લખ્યા પછી પણ જીવને જંપ વળે એમ નથી. એમ થયા જ કરે છે કે, હજી આ રહી ગયું...તે રહી ગયું!

સ્વ૰ મેઘાણીનું વ્યક્તિત્વ આવું અસાધારણ હશે એવું ભાન તો જાણે એમના મૃત્યુથી જ સૌને થયું. આનો અર્થ એ નથી કે ગુજરાતે જીવતાં એમની કદર નથી કરી.

ગુજરાતે એમની કદર કરી છે; અને સ્વ૰ મેઘાણીનાં વચનોને પ્રમાણરૂપ સ્વીકારીએ તો એમણે અનેક વાર કહ્યુ છેઃ 'હું આપું છું તેને હજારગણું કરી ને ગુજરાત સત્કારે છે. ગુજરાત બેકદર છે એમ કોઈ કહેશો નહિ, યોગ્યતા કરતાં યે વધુ કદર કરે છે.' બીજાઓને માટે ગમે તે હોય, સ્વ૰ મેઘાણીની ગુજરાતે દિલ ભરીને કદર કરી છે. એમનાં પુસ્તકો હોંશે હોંશે અને હજારોની સંખ્યામાં ગુજરાતે વાંચ્યાં છે અને વસાવ્યાં છે. જ્યાં તેઓ ગયા ત્યાં તેમની આસપાસ ટોળાંઓ રચાયાં છે. જ્યાં એમની વાણી કે કંઠ વહેતા મુકાયા છે ત્યાં સભાખંડોની દીવાલો ભિંસાઈ ગઈ છે. એમને સાંભળવા હંમેશાં લોકોનો મહેરામણ ઊમટ્યો છે, એમને જોવા માટે હજારો યુવકો, યુવતીઓ, બાળકો, વૃદ્ધો પાગલ બન્યા છે. મેઘાણીએ ગુજરાતનું દિલ જીતી લીધું હતું તેના એક નહિ, અગણિત પ્રસંગો આંખ સામે આજે તરવરે છે.

લડત શરૂ થવાને હજી વાર હતી. પ્રચાર અર્થે અમે ગામડાંઓ ઘૂમતા હતા. ઉત્સાહ હતો અને કંઇક બોલતાં ય આવડતું એટલે હું યે સભા 'ગજાવતો.' એ દિવસોમાં મેઘાણીનું જાદૂ લોકો ઉપર કેવું છે તે મેં પહેલવહેલું જોયું. 'કંકુ ધોળજો જી'ની પ્રણવાન શબ્દાવલિ ત્યારે હજી ગોઠવાતી હતી, એમની લાલ લાલ આંખો યુદ્ધની પ્રેરણા આપતી હતી. તા. ૬ઠ્ઠી એપ્રિલે મેં થોડાક 'પોકારો' તૈયાર કર્યા. 'રણભેરી આ વાગે ક્યાં! ધોલેરા! ધોલેરા!' કૂદીકૂદીને હું ગાતો હતો. હજારો ઝીલતા હતા. મેઘાણીભાઇએ જાહેર સભામાં મને નામ આપ્યું: "યુદ્ધકવિ" હું ફૂલાયો હતો. કવિતામાં હું કશું સમજતો નહોતો. બીજાઓને બિરદાવવાનો, મોટા બનાવવાનો, માન આપવાનો મેઘાણીભાઇનો સ્વભાવ હતો. એમની આ નમ્રતા, જેને હું મહત્તા કહું છું, તે કારણે અમે સૌ એમના ઉપર મુગ્ધ બની ગયા હતા. એમનાં ગીતો ગાતાં આવડે કે ન આવડે, અમે મસ્તી અનુભવતા ગાતા હતા. ગામડે ગામડે એ ગીતોએ નવચેતનાનાં પૂર રેલાવ્યા હતાં.

અનેક પ્રસંગોએ મેં જોયું છે, તેઓ જે માનતા તે નિર્ભય રીતે લખતા. તેઓ ખુશ થતા ત્યારે બારે મેઘ વરસતા અને નાખુશ થતા ત્યારે ઝંઝાવાત જાગી ઊઠતા; પરંતુ એમની સચ્ચાઇમાં કદી યે ઊણપ આવતી નહિ. એમને નજીકથી જોનાર જાણતાં કે, એમણે કોઈનું બૂરું કરવાનો વિચાર સુદ્ધાં કદી કર્યો નથી. એમની કલમ આરંભથી અંત સુધી પવિત્ર રહી છે, રાગદ્વેષથી કદી જ ખરડાઇ નથી. એમના માટે ગેરસમજો થતી, કોના માટે નથી થતી? પરંતુ જ્યારે નજીક આવવાનું બનતું ત્યારે એ ગેરસમજોનાં ઝાળાંઓ એક ક્ષણમાં દૂર થઈ જતાં. એમની સચ્ચાઈ અને નમ્રતા એમને હજારોના મિત્ર બનાવતી હતી.

પણ આ બધું સંભાર્યા કરવાનો શો અર્થ છે? કોને શંકા છે એમની સચ્ચાઇ વિષે, નમ્રતા વિષે, માનવતા વિષે? ગુજરાત આજે રડે છે તેનું રહસ્ય પણ એ સિવાય બીજું કયું છે? એમની સર્વતોમુખી પ્રતિભાનું અજવાળું હવે બંધ થશે તેનું દુઃખ ઓછું નથી, પરંતુ હજારો હૈયાં આજે આંસુ સારે છે તે તો જીવનનાં માધુર્ય જેવી એમની મૈત્રી લૂંટાઇ ગઇ એટલે જ. આ દુનિયામાં અમર તો કોણ રહ્યું છે? પ્રતિભાવંતો પણ સલામ કરીને ચાલ્યા ગયા છે. પ્રકાશ દૂર થતાં અંધકારના અનુભવે માનવજાતે દુઃખ પણ પોકાર્યું છે, પરંતુ અંતરનો ઊંડો જખમ તો સ્વજનના ચિરવિયોગે જ પેદા થાય છે. મેઘાણીભાઈ મેંકડો અને હજારના સ્વજન હતા. એમની સાહિત્યોપાસના અને સ્નેહસંબંધો

પરસ્પર પરોવાઈ ગયા હતા. કેટલાય કુટુંબો આજે આંસુ સારે છે તેનું આ જ રહસ્ય છે. ગુજરાતના કવિઓમાં એમણે જ કુમારિકાના કોડ, યુવતીઓના ઉલ્લાસ અને માતાનું વાત્સલ્ય ગાયું છે. એમણે કુટુંબોના શુષ્ક જીવનમાં રસ સીંચનાર કાવ્યસાહિત્ય સર્જ્યું છે. એમણે જ્યાંથી જે લીધું, ત્યાં જ આપ્યું, પણ તે પોતાની પ્રતિભાથી સંસ્કારીને.

મેઘાણીભાઈ ગુજરાતના એક શ્રેષ્ઠ સાહિત્યકાર હતા, અનેક નવલેખકોનું પ્રેરણાસ્થાન હતા, ધૂળમાં રગદોળાતા લોકસાહિત્યનાં રત્નોને પ્રકાશમાં લાવનાર હતા, માનવજીવનનાં ઊંડાણોને પારખનાર હતા, કુશળ પત્રકાર હતા, ઘણું હતા; પરંતુ આ તમામ સિદ્ધિ કરતાં વધુ મહાન સિદ્ધિ તો એમની માનવતામાં ઝળહળતી જોઈ છે. તેઓને પ્રસિદ્ધિ મળી છે સાહિત્યકાર તરીકે. સાહિત્યકાર તરીકે તેઓ મહાન એમાં શંકા નથી. સાહિત્યનું કોઈ ક્ષેત્ર એમની પ્રતિભાથી અણસ્પર્શ્યું રહ્યું નથી. લોકસાહિત્યમાં પ્રવેશ કર્યો અને સાચી યશપ્રાપ્તિ કરી લીધી. અંતરના રસે રસેલું સંશોધન ગુજરાત-સૌરાષ્ટ્રવાસીઓએ જોયું ને માણ્યું. કવિ અને ગાયક તરીકેની એમની કીર્તિ ૧૯૩૦માં જ પરાકાષ્ટાએ પહોંચી હતી. તે પછીના સોળ વર્ષ સુધી કવિતાદેવીની પૂજા એમણે ચાલુ જ રાખી, મળેલી મહત્તાને ટકાવી રાખી હતી. નવલકથા, નવલિકા, વિવેચન, નાટક, જીવનચરિત્ર, પ્રવાસવર્ણન એમણે શું નથી આપ્યું? અને જે ક્ષેત્રમાં પગ મૂક્યો ત્યાં એ લોકપ્રિય બન્યા, ઝળકી ઊઠ્યા.

કોઈ વાડામાં એ કદી પુરાયા નથી તેમ જાતે વાડો ઊભો કર્યો નથી, કોઈની શેહમાં દબાયા નથી તેમ પોતાની શેહમાં કોઈને દબાવવાનો પ્રયાસ એમણે કર્યો નથી. એમનાં ગીતો સાંભળવા, પ્રવચનો સાંભળવા એ તો લહાવો હતો જ, પરંતુ એથી યે મોટો લહાવો તો એમની વાતો સાંભળવામાં હતો. એ લહાવો તો સેંકડો મિત્રોએ હવે ગુમાવ્યો જ. એમનામાં લાગણીની સચ્ચાઈ હતી. એમની ખ્યાતિ અને શક્તિથી તેઓ અજાણ નહોતા. છતાં ગમે તેવા નાના માણસ પાસેથી પણ એ શીખવાનું શીખી લેતા. પ્રસિદ્ધિનો મોહ,-માનપ્રતિષ્ઠાનો લોભ એમને કદી સ્પર્શ્યો જણાયો નથી. માનપાનના સ્થાનોથી સામાન્ય રીતે તેઓ દૂર રહેવાનું જ પસંદ કરતા હતા, છતાં તેઓ અતડા કે એકલવિહારી નહોતા. પ્રેમ આપતા ને ઝીલતા, એમનું મિત્રમંડળ અનેકવિધ ક્ષેત્રોમાં પ્રસરેલું છે. જ્યાં તેઓ ગયા છે ત્યાં પોતાની સુવાસ મૂકી આવ્યા છે. મેઘાણીભાઈનાં જવાથી સાચે જ ગુજરાત દરિદ્ર બન્યું છે.

આટલું લખ્યા પછી પણ જીવને નિરાંત ઊપજતી નથી. દુઃખ તો રહી રહીને ઊભરાયા જ કરે છે. એમ થાય છે કે આજે અમે, એમના મિત્રો ને સ્વજનો આંસુ સારીએ છીએ અમારા સ્વાર્થને કારણે, અમારું સ્વજન ઝૂંટવાઈ ગયાને કારણે, ગુજરાતના હજારો નરનાર રડે છે એમને સાહિત્યનો પરમ રસનું પાન કરાવનારના વિયોગને કારણે; પણ આજે સોરઠની ધરતીનો કણેકણ રડતો હશે તેનું શું? અને છેલ્લે છેલ્લે એમને આમંત્રી રહેલી ગુજરાતની ભૂમિના કોડ અધૂરા જ રહ્યા તેના દુઃખનું શું? મેઘાણીભાઈ ગુજરાતની ધરતીના પડ હવે ઉખેળવાના હતા. ગુજરાતનાં રત્નો ઉપરથી ધૂળ ખંખેરવાના હતા. ગુજરાતની નદીઓને લડાવવાના હતા. મહી નદીની કોતરોના ઇતિહાસ ઉકેલવાના હતા. ચરોતરની કુંજોના ગીતો ગજાવવાના હતા. નર્મદાના તીરે તીરે ગુર્જર સંસ્કૃતિના મૂળ શોધી ઉપાસવાના હતા એ બધું રહી ગયું. ...અધૂરું નહિ, અણસ્પર્શ્યું રહી ગયું.

મેઘાણીભાઈના જતાં આજે ગીરનાં જંગલો રોતાં હશે, એને એમણે સજીવન કર્યાં હતાં. ઊંચો ગઢ ગિરનાર આંસુ સારતો હશે, એમણે ગિરનારને જીવતા-જાગતા પુરુષનું રૂપ આપ્યું હતું. બરડાના ડુંગરો ધ્રુસકે ધ્રુસકે રડ્યા હશે, એમણે એની ગોદમાં ખેલાયેલાં ખિંગાળાની કથાઓ સાંભળીને ગાઈ હતી. પાદરના પાળિયાઓ ખળભળી ઊઠ્યા હશે, એમણે એ પથ્થરમાં વાચા મૂકી હતી. સોરઠના ખંડેરો આજે 'ભૂત રૂવે ભેંકાર'નું સ્મરણ કરતા હશે, એમણે એમાં ધબકેલા પ્રાણને બિરદાવ્યા હતા. માનવતાનાં મંદિરો આજે સૂનાં બન્યાં હશે, એમણે ત્યાં પ્રેમ, મૈત્રી અને કરુણાની મૂર્તિઓનું પ્રતિષ્ઠાન કર્યું હતું.

('પ્રવાસી'માંથી ટૂંકાવેલું.)

ઊર્મિનો અણખૂટ મહેરામણ

દિલીપ કોઠારી

મૃત્યુને સૌથી વધારે દ્વેષ કોઈ ઉપર હોય તો તે સ્નેહ ઉપર લાગે છે. એમ ન હોત તો સેંકડો હૈયામાં સ્નેહનું આવું વિપુલ વાવેતર કરનાર મેઘાણી-ભાઈને આ રીતે ચૂપચાપ, ઉતરપિંડીથી કોઈને ખબર પડવા દીધા વિના એ ઉઠાવી ન જાત. એને ડર હશે કે મૃત્યુના આગમનની ગંધ સરખી આવી જતાં એમને ચાહનારાં અનેક સ્વજનો એનો માર્ગ રૂંધવા આડાં ઊભશે, સ્નેહબળે મથશે. એટલે જ, કોઈને ખબર પડવા દીધા વિના ચુપચુપ છાપો મારી મેઘા-ણીભાઈને એ ઉઠાવી ગયું.

મૃત્યુની ચાલબાજી સફળ નથી થઈ. મેઘાણીભાઈને એ ઉઠાવી ગયું છે પણ એમણે હૈયે હૈયે વાવેલી સ્નેહની કૂંજોના એ નાશ કરી શકે એમ નથી. મેઘા-ણીભાઈના સર્જન અને સુવાસને એ આંગળી પણ અડકાડી શકશે નહીં.

સાહિત્યક્ષેત્રે આટલું બધું, ધોધમાર વરસવા છતાં આટલાં બધાં માણસો ઉપર આટલો ઊંડો પ્રેમ કઈ રીતે એ વરસાવી શક્યા હશે? એમનું હૃદય, એમનું ઊર્મિધન કેટલું વિપુલ હશે! સ્નેહ કરવા માટે માણસે પૂર્ણ પ્રાણશક્તિ ખરચવી પડે છે, જાતને ઘસી નાખવી પડે છે. રવીન્દ્રનાથે "ચિત્રાંગદા" નાટકમાં ચિત્રોને મોંએ બોલાવ્યું છે તે પ્રમાણે it takes the labour of a life-time to make one's true self known and honoured–પોતાના સાચા સ્વરૂપને ઓળખાવવામાં અને પ્રેમ તથા આદર પામવા માટે તો માણસને આયુષ્યભર સાધના કરવી પડે છે. સરસ્વતીની આટઆટલી ઉપાસના કરવા છતાં સ્નેહની આટલી લીલી કુંજાર કુંજો એ જ્યાં ગયા ત્યાં પ્રગટાવી શક્યા એ એક અજબ વસ્તુ છે.

માધુર્ય, ગરવાપણું, સામા માણસને સમજવા, પહોંચવા, પામવા અને એના હૃદયના ઊંડા ઊંડા તંતુ-ઓને સ્પર્શવાની કોઈ અજબ, સ્વાભાવિક કળા મેઘા-ણીભાઈમાં હતી. જેટલું લેતા એથી અનેકગણું એ આપતા. કૃતજ્ઞતાના તો એ મહેરામણ હતા.

૧૯૩૭માં ઉત્તર હિંદના પ્રવાસે હું ગયો હતો ત્યારે શાન્તિનિકેતનથી રવીન્દ્રનાથ ઠાકુરનાં કાવ્યોનો "સંચયિતા" નામનો સંગ્રહ મેં એમને મોકલ્યો હતો અને એમાંથી એ (મેઘાણીભાઈ) આ કાવ્યોનો અનુ-વાદ કરે એવી ઇચ્છા પ્રદર્શિત કરી હતી. ત્રણ વર્ષ ઉપર એમણે જ્યારે આ કાવ્યોનો અનુવાદ શરૂ કર્યો ત્યારે એ વિષે એમણે મને લખ્યું એટલું જ નહિ, પણ "નવવર્ષા" જેવા નિતાન્ત સુંદર અનુવાદની હસ્ત-પ્રત મને તરત જ જોવા મોકલી. સુંદર મરોડદાર હસ્તાક્ષરવાળી એ હસ્તપ્રત હજુ મારી નજર સમક્ષ તરે છે. "રવીન્દ્રવીણા"ના આમુખમાં પણ મેં એમને "સંચયિતા" મોકલેલી અને એ અનુવાદ કરે એવી ઇચ્છા પ્રદર્શિત કરેલી એનો ઉલ્લેખ પ્રેમપૂર્વક એમણે કર્યો છે. નાનામાં નાની વસ્તુ, સૂચના કે સહાય કોઈએ પણ એમને આપી હોય તો તેનો ઉપકાર એ પ્રેમથી, મુક્તકંઠે ગાતા. એમનાં લખાણોમાં આ પ્રકારની આભારવશતા અને કોઈની પણ વસ્તુ જરા પણ રાખી ન લેવાની વૃત્તિનાં ઠેર ઠેર દર્શન થાય છે.

મનુષ્યનાં હૃદયને જીતી લેવાની એમની આ કળાને લીધે જ એ લોકસાહિત્યનું આવું વિરાટ કામ કરી શક્યા હતા. માણસોનાં હૃદયપાટો ઉઘાડી, એમના ભીડાયેલા કંઠ અને જબાનો પરનાં સંકોચનાં તાળાં ઉડાવી કથાઓ, ગીતો, વાતો વ૦ નો આટલો જબ્બર સંચય કરનાર માણસમાં માત્ર પરિશ્રમ સહન કરવાની શક્તિ, ધૂળે દટાયેલાં ગામડાંઓમાં એકલા રખડી શકવાની ખંતલતા, લોકસાહિત્ય માટેની તીવ્ર લગની અને સોનું તથા પિત્તળ પારખવાની સંશોધક દૃષ્ટિ જ હતી એમ ન્હોતું; મનુષ્યહૃદયને જીતવાની એમની અનોખી કળાનો પણ એ કાર્યની સફળતામાં ઓછો ફાળો ન હતો. વિવિધ પ્રકારના સ્વભાવ, વિચિત્રતાઓ, પૂર્વગ્રહો, ભ્રમો, વ. થી ભરપૂર ભરેલાં એવા માણસોનાં દિલ ખોલાવવાનું કામ કેવી ચતુરસુજાણ સહાનુભૂતિથી એમણે કર્યું હશે એ વિચારવા જેવું છે.

ઝવેરચંદભાઈનું કામણ માત્ર એમના અંગત પરિચયમાં આવેલા માણસો ઉપર જ હતું એમ નથી. લોકહૃદય ઉપરનું એમનું કામણ પણ એટલું જ ગાઢ હતું. યાદ આવે છે મુંબઇ યુનિવર્સિટીના કોન્વોકેશન હોલમાં થયેલી એમની વ્યાખ્યાનમાળા વખતે જામેલી પ્રચંડ લોકભીડની. કોઇ સાહિત્યકારને કોઈ સંસ્કાર-સ્વામીને સાંભળવા આટલી તાલાવેલી હિન્દમાં ક્યાંય પણ પ્રજાએ દર્શાવી હોય એવો ખ્યાલ નથી.

સાચી કવિતા માટેની જીવનરસથી ભરપૂર કલા-રસની લોકતૃષા એ બરાબર સમજતા, અને એ તૃષાને સંતોષવામાં એ પરમ તૃપ્તિ અનુભવતા. જનતા પાસે ગમે તેવી મોટી સભાઓમાં બોલવાની અને ગાવાની તથા જનતાને મંત્રમુગ્ધ કરવાની કળા છેક ૧૯૨૫-૨૬ થી ચાલુ રહેલા-એમના સતત અનુભવને લીધે એમની પાસે દાસી બનીને બેઠી હતી; છતાં પ્રજા પાસે જતાં પહેલાં એ હમેશા તૈયારી કરતા. યુનિવર્સિટી વ્યાખ્યાનોની અગાઉ ડૉ. ભાનુભાઈ (શુક્લ)ને ત્યાં આ માટેની તૈયારી કરતા, દુહાઓ ગીતોને વ. ને ગળામાં અને સ્મૃતિમાં ફરી પાછા ઘૂંટી જોતા મેં એમને જોયા છે.

પ્રિય પાત્રને-મળવા જતી વખતે માણસ કેવી તૈયારી કરે છે! જેને માટે સ્નેહ હોય છે તેને નિજનું સર્વોત્તમ આપવાની ઝંખના અને પ્રયત્ન દરેકને હોય છે. જનતા માટે મેઘાણીભાઇને એવો જ સ્નેહ હતો. ગમે તેમ તૈયારી વિના શ્રોતાવર્ગ સમક્ષ લાપરવાઈથી બે વાતો આમ ફેંકી ચાર વાતો આમ ફેંકીને ચાલ્યા –એ વાત એમને કદી કબૂલ નહોતી. "લોકો શું સમજે?" એવો જનતા વિષેનો હીન ખ્યાલ એમના મનમાં કદી ડોકાતો નહિ. જનતા માટે એમને આદર હતો, પ્રેમ હતો અને જનતાના હૃદયમા પણ એમને માટે ખૂબ પ્રેમ ભરેલો છે.

કલાકારો સામાન્ય રીતે પોતામાં જ મસ્ત રહેતા ગણાય છે. પોતાની ઇચ્છાઓ, પોતાની રુચિઓ, પોતાના શોખો પોષાય-પછી બીજા કોઈનું શું થાય છે એ પરવા એમને ન હોવી જોઇએ એવો ખ્યાલ કેટલાકના મનમાં હોય છે. કલાકાર કે કવિ વિષેના આવા કોઇ ઘમંડી કે તરંગી ખ્યાલને એમનું મન સંઘરી શકતું જ નહોતું. એ મસ્ત હતા, એમનામાં ખુમારી હતી પણ બીજાને ઉવેખવાની બેપરવાહી એમનામાં નહોતી.

એ ખૂબ Considerate હતા, સામા માણસને ન દુભવવાનો તથા એની ઝીણામાં ઝીણી રસરુચિઓનો ખ્યાલ રાખનાર હતા. એમના ઉપર કાતિલ ઘા કરનારાઓ, કૃતઘ્નો અને બેવફા મિત્રો ઉપર પણ એ કોઇ દિવસ હીન પ્રહાર કરતા નહિ, અને બેવફા-ઇઓના જખમો ભૂલી ફરીથી એમને ભેટવા તૈયાર રહેતા. એ વસ્તુનાં અધિક ઉદાહરણો હું જાણું છું. તીવ્ર સંવેદના અનુભવતું, નાનામાં નાના પ્રવાહથી પણ કંપાયમાન થતા અતિ સૂક્ષ્મ યંત્ર જેવું એમનું હૈયું હતું એટલે ઉપહાસો અને બેવફાઇઓ, નિંદાઓ અને છલનાઓથી એ ભારે વેદના અનુભવતા, પરંતુ એ વેદના એમના દિલના ઔદાર્યને, સરસતા અને સ્નેહાળતાને જરાયે શોષી શકતા નહીં.

પોતાના ઉપર ઘા કરનારાઓના ઘા ભૂલી જઇને એમને ભેટનાર મેઘાણીભાઈ પોતાનાં સ્વજનોની જે દરકાર રાખતા, જે રીતે એમને માથે સ્નેહ વર્ષાવતા એ રીત તો જીવનના કોઈ પરમ કલાકાર પામે જ હોય છે. બે એક વર્ષ ઉપર પોતાની ભત્રીજી નીમ-બેનનાં (શ્રી. લાલચંદ મેઘાણીના બેનનાં) લગ્ન કરવા એ મુંબઇ આવ્યા હતા ત્યારે એમના દશેક વર્ષના પુત્ર બંટુને પણ સાથે લાવેલા. અમે લોકો રાત્રે કાં તો મારે ઘેર અથવા તો લાલુભાઈને ઘેર મળતા, ખૂબ વાતો કરતા, ગાતા, જમતા, વાતો કરતાં મોડું થઈ જતું. આખા દિવસના થાકેલા બંટુને વહેલી ઊંઘ આવતી. એ સૂઇ જાય તે પહેલાં માતા કરતાં ય વધારે ચીવટથી બંટુને પેશાબપાણી જે કંઇ કરવું હોય તે કરાવી લેતા. એને સારી રીતે સુવાડી દેતા અને મારે ઘેરથી લાલુભાઇને ત્યાં કે લાલુભાઇને ત્યાંથી મારે ત્યાં પોતાને સુઈ રહેવા આવવું હોય તો ઊંઘેલા

બંકુને ઊંચકી એ સૂવાને સ્થળે લઈ જતા. સૂઈ ગયેલા બંકુને પણ પોતે જ્યાં સૂવાના હતા તેથી અન્ય સ્થળે—જ્યાં પોતે સ્વગૃહ માનતા હતા તેવા અન્ય સ્થળે—પણ મૂકતા ન હતા. "રાતમાં કદાચ જાગે તો તમને તકલીફ થાય, એને ફાળ પડે" એમ એ કહેતા.

બંકુને લઈ શ્રી રતિલાલ ઝાટકીઆની ગાડીમાં મેઘાણીભાઈ, માણેક (શ્રી. કરસનદાસ માણેક) અને હું કોલાબાના રેકલેમેશન ગ્રાઉન્ડ પરની સાગરપાળે ફરવા ગયેલા એ દૃશ્ય આબેહૂબ નજર સામે તરે છે. દરિયા વિષે દૂર દેખાતી મલબાર હિલ વિષે, આસપાસની સર્વ વસ્તુઓ વિષે બંકુને પ્રેમ અને ચીવટથી સમજણ આપતા, વચમાં વચમાં અમારી સાથે અનેક અવનવી વાતો કરતા એ જાણે હજુયે મને સંભળાય છે. કિનારા પર અમે ગયા ત્યારે કોઈ લાંબી દોરી અને અંકોડાથી મચ્છી પકડતું હતું. કઈ રીતે મચ્છી પકડાય છે એની વિગત બંકુને એમણે સમજાવી હતી અને પાછા ફરતાં અમે નાળિયેરનું પાણી પીધું હતું. છોકરાઓને એમની મેળે મોટા થવા દેતા, એમની સાથે જરા પણ મૈત્રી ન કેળવતા દુનિયાનું હિત અને દુનિયાના પ્રશ્નમાં ડૂબી ઘરનાંઓની અંતર ઉપેક્ષા કરતા Public man લોકનેતા કે સંસ્કારનેતા જેવા એ ન્હોતા, કથાકાર હતા, સંશોધક વિદ્વાન હતા, ગુજરાત—જીવનના એક અતિ લોકપ્રિય સંસ્કાર—સ્તંભ હતા છતાં કલા કે સાહિત્ય સંશોધન કે વિદ્યા, જાહેર જીવન કે લોકપ્રિયતા કોઈ ચીજે એમના પ્રેમને એમની માણસાઈના શતશત શિખાએ સદૈવ પ્રજ્વલિત રહેતા પ્રદીપને ક્ષણભર પણ ઝાંખો નહોતો કર્યો. અજબ પ્રેમી હતા એ તો!

એમની વાતો અને એમનાં સ્મરણોની પરંપરા તો ન ખૂટે એવી છે. મનમાં એ ચિત્ર અને શબ્દો ફરીફરીને ઊભા થાય છે અને શોક, સ્નેહ અને ભક્તિની ભઠ્ઠીમાં જલાવે છે. કલાકાર અને માનવી—બન્ને દૃષ્ટિએ આટલી સમૃદ્ધ વ્યક્તિ બહુરત્ન વસુંધરાએ પણ બહુ ઓછી પકવી હશે. ('પ્રવાસી'માંથી ટૂંકાવેલું)

સૌજન્યમૂર્તિ મેઘાણીભાઈ

પીતાંબર પટેલ

મેઘાણીભાઈ કવિ હતા, વાર્તાકાર હતા, વિવેચક હતા, શાયર હતા...પણ એથીયે મોટા તે માનવપ્રેમી હતા. તેમને માણસજાત માટે ઉત્કટ પ્રેમ હતો. માણસાઈ સાથે મહોબ્બત હતી. એમના સર્જનમાં જે જીવંતતા આવે છે, જે વાસ્તવિકતા આવે છે અને જે વેધકતા આવે છે તેનું મૂળ તેમના લોકપ્રેમમાં છૂપાયેલું છે. સામાન્ય લોકોમાં પણ તે હળતાભળતા. જ્યાં ને ત્યાં માણસાઈ શોધતા, લોકો માટેની તેમની સહાનુભૂતિ જ તેમની પાસે લોકસાહિત્ય લખવા પ્રેરતી. છેલ્લા બે દાયકામાં મેઘાણીભાઈ જેવો લોકપ્રેમી કવિ કોઈ થયો નથી. તેમના સર્જનમાં, તેમનાં ભાષણોમાં કે તેમનાં ગીતોમાં ક્યાંય લોકોનો અનાદર થયો નહિ દેખાય. તેમના હૈયામાં આમજનતા માટેનો પ્રેમ છલકાતો હતો. એ સ્વભાવે પણ નમ્ર, વિનમ્ર હતા. તેમની સુજનતા કદી તિરસ્કાર કરી શકતી નહિ. એ સૌની સાથે સૌજન્યભર્યો વર્તાવ કરતા, નાના, ઊગતા લેખકો માટે તો એ સૌજન્યમૂર્તિ બની ગયા હતા. એથી જ સૌ કોઈ વિના સંકોચે તેમની પાસે પહોંચી જતા.

તેમની ખ્યાતિ ઘણી હતી. ગુજરાતમાં તો સમર્થ લેખક તરીકે તેમણે આદર પ્રાપ્ત કર્યો હતો. છતાં તેમનામાં કદી એ વસ્તુનું ગુમાન આવ્યું ન હતું હું તો મોટો શાયર! હું લખું તે લેખ! હું આપું તે જ સાહિત્ય! હું કહું તે સચું વિવેચન! આવો ભાવ, આવું ભાન તેમને કદી થયું નહતું એટલું જ નહિ પરંતુ તે સમયે જાગૃત રહેતા, વિવેચકો શું કહે છે તે જાણવા આતુર રહેતા તેમ વાચકોનો અભિપ્રાય પણ ગંભીરતાથી વિચારતા. તેમના વિરુદ્ધ કંઈ લખ્યું હોય તોયે તે વિરોધ કરનારનો અનાદર કરતા નહિ. ઊલટું તેની દલીલો સમજવા સભાન પ્રયત્ન કરતા. એવો તેમનો ગુણગ્રાહી સ્વભાવ હતો. મેં એકાદ વર્ષ પહેલાં પ્રતિમામાં તેમની ખૂબ જ વખણાયેલી નવલકથા 'તુલસીક્યારો' વિરુદ્ધ લેખ લખેલો. મેં તેમાં દૃષ્ટાંતો ટાંકી સાબિત કરવા પ્રયત્ન કરેલો કે એનું પાત્રાલેખન નબળું છે. કેટલાક પ્રસંગો અપ્રતીતિકર છે. એ લેખ વાંચ્યા પછી મેઘાણીભાઈએ મને પત્ર લખેલો. તેનું એક જ વાક્ય તેમના સૌજન્યને અને તેમની પ્રતિભાને સમજવા માટે પૂરતું છે. તેમણે લખેલું: સામાન્ય વાચકની વિવેચનાયે મારા જેવા માણસને તો વિચારવા પાત્ર થઈ પડે છે.

તેમને વખાણ જ ગમતાં એમ નહિ, ટીકા ય ગમતી, અને ક્યારેક તો તે મુક્તમને તેની ચર્ચા ય કરતા. આ રીતે તે ટીકાકારોને વિશ્વાસમાં લેતા. જેને જે કહેવું હોય તે, જે સાચું લાગે તે કહ્યા કરતા. આથી જાગરુકતામાંથી જ તેમણે સર્જન સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. તેમની સાહિત્ય કૃતિઓ લોકોને ખૂબ ગમે છે તેનું કારણ પણ આ જ છે. તેમની પાસે લોકનાડ આવી ગઈ હતી. અનેક લોકોના સંપર્ક પાડી તેમને લોકરુચિનો ખ્યાલ આવી ગયો હતો. તે તેમના સર્જનમાં લોકહૃદયનો પડઘો પાડતા. તે અનેક લોકોનો, વાચકોનો પ્રેમ સંપાદન કરી શક્યા હતા તેનું કારણ તેમની સુજનતા છે. આટલા જ માટે તેમને સૌજન્યમૂર્તિ કહેવા વધુ યથાર્થ છે.

મેઘાણીભાઈએ તો અંગ્રેજી ફિલ્મચિત્રોની વાર્તાઓ પરથી ગુજરાતીમાં રૂપાંતર કરી 'પ્રતિમાઓ' અને 'પલકારા' નામના બે વાર્તાસંગ્રહો પણ કર્યા છે. તેમને સીનેવાર્તાનો ખ્યાલ હતો. ફિલ્મવાર્તાના કલેવરને, તેના આયોજનને તે બરાબર પિછાનતા હતા. તો તે ફિલ્મવાર્તા જ કાં ન લખે? આવા મુનશીઓ જો એકાદ વાર્તાના પાંચદસ્સ હજાર લઈ જાય તો મેઘાણીભાઈ જેવા કેમ ન કમાય? એક તો લોકોને સારી વાર્તા મળે અને લેખક એ પૈસાને લીધે દોડધામ મૂકી સર્જન પાછળ સારો સમય આપી શકે, મેઘાણી જેવા એ તો સીનેવાર્તા લખવી જ જોઈએ! અને મેં એક વાર ખૂદ મેઘાણીભાઈને જ એ પ્રશ્ન કર્યો. અમદાવાદ લેખકમિલન પ્રસંગે તે મળી ગયા. વાત કહેવાની તક મળતાં મારા મનમાં જે વાત રમ્યા કરતી હતી તે નીકળી ગઈ.

'મેઘાણીભાઈ! તમે ફિલ્મચિત્ર માટે વાર્તા કાં ન લખો?'

'મેં વાર્તાઓ લખી જ છે ને જેને તેની ફિલ્મ ઉતારવી હોય તે ઉતારી શકે છે. હું પણ માનું છું કે મારી કેટલીક કૃતિઓ પાદા પર સારી પેઠે ચાલી શકે તેમ છે.'

'તો પછી એનો કેમ વિચાર કરતા નથી?'

'એક બે જગ્યાએથી વાત થયેલી. હમણાં જ અપરાધીનું નક્કી થયું. પણ હું તો તમારા એ સીનેમાવાળાઓથી ડરું છું. એ લોકો કલાકૃતિના જે હાલ કરે છે તે મારાથી જોયા જતા નથી, મારાં પાત્રોને એ મચડી નાખે, ફેરવી નાખે કે બગાડી નાખે તો મને ન ગમે. અમૈજી ચિત્રોવાળા મહેનત કરી વાર્તાને અશેષ રીતે ભજે છે તેવું કંઈ કરી બતાવે તો હોસે હોસે વાર્તા આપું. બાકી મારાં પાત્રોની વિકૃતિ પડદા પર રજૂ થાય તે મારાથી કેમ જોઈ જાય?'

'આપ કહો છો તે ભયસ્થાન તો છે જ. અને દિગ્દર્શકો તેમની બીન આવડત ઢાંકવા માટે અગાઉથી જ કહે છે કે નવલકથા પડદા પર ન ચાલે. હું આપને કહું છું તે નવલકથા માટે નહિ ફિલ્મ માટે સ્વતંત્ર – વાર્તા કેમ ન લખો? મને લાગે છે, તમે એ કામ સુંદર રીતે કરી શકશો.'

'મને તો નવલકથા અને ફિલ્મવાર્તા એવા ભેદ પાડવા જ ગમતા નથી. નવલકથા કેમ ફિલ્મવાર્તા ન બની શકે? મને તો કોણ જાણે કેમ પણ એવો કોઈ અભરખો ય નથી.

'પણ લેભાગુ વાર્તાકારો એકાદ વાર્તાના પાંચ હજાર લઈ જાય છે તો તમારા જેવા કેમ ન કમાય? તો તમે સાહિત્યસર્જન પણ સ્વસ્થતાથી કરી શકો.'

'હું એવું માનતો નથી. અને મારે હજાર પાછળ જ ભમવું હોત તો આ રીતે લેખન વ્યવસાયમાં જ ન પડત. આ તો શોખનો વિષય છે. ફિલ્મવાળા ભલેને પાંચહજાર આપે, એ મૂલ્યો જ ખોટાં છે. હું તો ઊલટો કોઈ લેખકને બે પૈસા વધારે મળતા હોય તો હરખાઉં છું. લેખકને પાંચહજાર આપતા હોય તો યે હું કહું છું કે એ ઘણી ઓછી રકમ છે, નટનટીને જો લાખ જેટલા આપી શકાય તો લેખકને કેમ નહિ? હોલીવુડવાળાઓ લેખકની કિંમત સમજે છે તેવું આપણે ત્યાં નથી.'

'આપ કહો છો તે સાચું છે. પણ એમાં જો કદી ય સુધારો થવાનો હશે તો તે તમારા જેવા સારા વાર્તાકારોના આગમનથી. તમારા જેવા એ ક્ષેત્રમાં આવે તો બીજા લેખકોની પણ માગ વધે.

'તમે કહો છો તેવી ફિલ્મવાર્તા હું ન લખું તેવું યે નથી. પણ તેને માટે મારે ચિત્ર ઉતારનારને જોવો જોઈએ. એવો કોઈ પૂછતો આવશે તો હું જરૂર વિચાર કરીશ.'

મેઘાણીભાઇના જીવને કોઈ ગુજરાતી નિર્માતા તેમને મળ્યો હોય તો તેની ખબર નથી. હવે તો મેઘાણીભાઈ આપણી વચ્ચે નથી. પણ તેમની સર્જનકૃતિઓ તો મઘમઘી રહી છે. જો દિગ્દર્શકને કદીએ સારી વાર્તાઓની જરૂર પડે તો તેમણે મેઘાણીભાઇની કૃતિઓ જોવા જેવી છે. એમાથી ઘણી ફિલ્મો ઊતરી શકે તેવો મસાલો તેમાં ભર્યો છે.

મેઘાણીભાઈ સત્યના પૂજારી હતા. સાહિત્યની નિષ્ઠાવાળા હતા. એથી જ તેઓ નવીનોને હમેશાં સર્જન પ્રત્યે કાળજી રાખવાની સલાહ આપતા. 'ઊર્મિ' માં રસ લેવા માંડયા ત્યારથી તેઓ ઘણા ઊગતા, જૂના–નવા લેખકોના પ્રત્યક્ષ–પરોક્ષ સહવાસમા આવ્યા હતા. તેમની સાહિત્યનિષ્ઠ, તેમની શિષ્ટરુચિ કદી સામાન્ય કૃતિથી સંતોષાતી નહિ. ઘણી વાર તો તે એક પછી એક વાર્તા પરત કરતા. પણ તેની પાછળ તેમની રસવૃત્તિ જ કામ કરતી. તેમણે હમેશાં લેખનનો મહિમા ગાયો છે, લેખકનો નહિ. એવી જ વ્યક્તિ માટે તેમના હૃદયમાં હમેશાં પ્રેમની હૂંફ જ રહી છે.

એ મેઘાણીભાઇ તો ગયા! પણ તેમનું સૌજન્ય, તેમનું વ્યક્તિત્વ અને તેમની કલા પાછળ મૂકતા ગયા છે. કાળબળે બધું યે ભૂલાશે પણ આ ત્રણ વસ્તુઓ તો નહિ જ ભૂલાય.

મેઘાણીભાઈ લોકહૃદયમાં જીવતા જ છે.

અટૂલો પ્રવાસી

રવિશંકર મ. રાવળ

કોઈ ચોક્કસ સાલ યાદ રહી નથી પણ સૌરાષ્ટ્ર-કાર્યાલયની મુલાકાત માટે અમૃતલાલભાઇએ મને અનેક વાર કહેલું. મેઘાણીભાઈને નામે પણ આગ્રહ કરેલો. હું દમનો દરદી, એટલે કોઇને ઘેર રાત રહેવાનું અગવડરૂપ થતું. સ્વજન જેવું હોય ત્યા જ મુકામ ફાવે. રાતની મુસાફરી તો મારે માટે અશક્ય હતી એટલે ભાવનગરથી અમદાવાદ આવતાં એક વાર બપોરની મેઇલમાં રાણપુર ઊતરી ગયો. સાથે મારાં બેન 'નર્મદા'બેન હતાં. સૌરાષ્ટ્રકાર્યાલયને દરવાજે જઈ ખબર આપ્યા કે તુરત મેઘાણીભાઇ જ સામા આવ્યા. જૂના સંબંધી હઈએ એવા ઊમળકે મળ્યા અને બેન અને સામાન સાથે માણસને મોકલી સૂચના આપી કે આપણે ઘેર લઈ જાઓ.

હું કાર્યાલયમાં બેઠો. અહીં કકલભાઈ બિરાજે છે. પેલા ખંડમાં અમૃતલાલભાઈનું ટેબલ છે અને હું આ ટેબલ પર છું. વ્યવસ્થાપકોની પણ પિછાન કરાવી. બધે ઉમંગ, શાંતિ ઉત્સાહ અને સાદાઈનું વાતાવરણ જોયું. વેલો અને થોડાં ફૂલઝાડથી ઉભરાઈ આવતો નાનો બગીચો, લાંબા એક દાળિયામાં વિનય અને અદાથી કામ કરતાં માણસો એક મોટા કુટુંબવિસ્તારનો ખ્યાલ આપતા હતા. કારખાનાના જીવનમાં એકએક મધુર સ્વપ્નું લાગતું હતું આજે કદાચ એવું કયાંઈ નહિ જડે.

રાત્રે હું જમતાં પણ બીનો કે રખે દમને ઉત્તેજન મળે. પણ અમૃતલાલભાઈને ત્યાં મહેમાન માટે દૂધ પૂરીશાક થઈ ગયાં હતાં એટલે ભૂતના ઓછાયા નીચે થોડું પણ ખાવું પડ્યું. સૂવાનું મેઘાણીભાઇની પરસાળમાં રાખ્યું હતું. રાત જરા ખરાબ જવાનો અણુકાર હતો છતા ગમે તે કારણે મેઘાણીભાઈની સાથે વાત કરતાં આંખ મળી ગઈ, કે હવે વહેલું પડજો સવાર.

મેઘાણીભાઈએ તો રાત્રે પ્રેસમાં જઈને છેલ્લા ફોર્મનું કામ કરેલું અને પત્ર પૂરું કર્યું હતું. એટલે સવારમાં ઊઠતાં જ મારી ખબર લેવા ઊભા જ હતા. અને જણાવી દીધું કે તે દિવસે હું તેમનો જ સર્વાંગ મેમાન હતો. રાણપુરની હવાના આશીર્વાદે હું સરસ ઊંઘ લઈ સ્ફૂર્તિમાં આવી ગયો હતો, એટલે મેં જૂનો કિલ્લો જોવાની દરખાસ્ત મૂકી. મને ક્યારથી એ પુરાણાં સ્થાનો જોવાનો શોખ ઘણા વખતથી લાગ્યો હતો. કદાચ મેઘાણીભાઈની વાતોનો એ પાયો હોય. હું અને મેઘાણીભાઇ રાણપુરના એ ખંડેર-કિલ્લામાં સાથે ફર્યા, વાતો કરી. મારા ઉત્સાહી સૂચનો પર તે ઉત્તેજનવાણી વર્ષાવતા. મને લાગે છે કે તે દિવસથી અમે એકબીજાને સમજી ગયા હતા. એ સમયનો અમારો એક ફોટોગ્રાફ પણ છે. રાણપુરના એ જુના કિલ્લાની મેં છબીઓ લીધી તે પણ પહેલી જ વારની હતી. એકાદ કયાંક પ્રસિદ્ધ પણ થઈ છે.

જમવાટાણે ઘેર આવ્યા ત્યારે દમયંતીબેને ખૂબ ભાવથી મીઠું ભોજન તૈયાર કરી રાખ્યું હતું. નાનો મહેન્દ્ર હાથમાં રમાડવા જેવડો હતો. જાહેર પરિચિતો મટી અમે તે દિવસે સ્વજનો બન્યા. પછી તો એમની મુંબઇ કે અમદાવાદની ખેપીઓમાં એક રાત તો મારા શહેરમાંના બઉવાની પોળના મકાનના મેડા ઉપર તેમનો ડાયરો થતો જ. સ્ટેશનથી સીધા ગમે તે સમયે મોટી બગલથેલી ચડાવી આવતા મેઘાણીભાઈનું અમદાવાદનું મથક જ ત્યાં રહેતું. એ મેડો નસીબદાર હતો. કુમારનું ત્યાં મંડાણ થયું. અને ગુજરાતના કેંક મહાપુરુષો, વિદ્વાનો, કવિઓ, સાક્ષરો, પરદેશના પનોતા અતિથિઓ અને કળાકારોએ તેમની પદરજથી મારા ઘર અને કુટુંબ ઉપર આશીર્વાદ પાથર્યા છે—એમાં મેઘાણીભાઈ તો શિર મોડ રહ્યા હતા.

એમણે એની કથનકળા અને જાહેર ગીત વ્યાખ્યાન પહેલવહેલું સર ચીનીભાઈને ઘેર એક રાત્રે નજરાવ્યું. ત્યારથી તેમની પ્રતિભાનો હું દાસ બની ગયો. એમનો ગીતરણકાર જનતાને જગાડી નવી ભાવનાલહરીઓમાં તરબોળ કરવા લાગ્યો અને લોકો

તેમને પોતપોતાના આવાસમાં ખેંચી લાવવા પડાપડી કરતા, અને તે સરળપણે તેમને વશ થતા. ત્યારે હું તેમની કળાના ભક્ત તરીકે સાથમાં જતો અને અંતે ઘેર ખેંચી લાવતો. પણ ઘર આગળ તેમને કદી એક પણ ગીત ગાવાનું કહી શકયો નહિ. એમાં એમના સમાગમ પર મારી માગણીથી સ્વાર્થની છાયા ઢળશે એવું વિચારી ચૂપ જ રહેતો. અને મારા કુટુંબીજનોને સબૂરી રાખવા સમજાવતો છતાં એ દીલાવર આદમી સૌના મનોભાવ સમજી જતાં અને હું ન હોઉં ત્યારે બાળકોની કે ગૃહમંડળની માગણી સંતોષવા કંઈ ગાઈ નાખતા ત્યારે મારે રોકવા પડતા.

પ્રસંગેપ્રસંગ મુલાકાતો અને સહવાસ વધતા ગયા તેમ અમારાં સ્નેહબંધનો ગાઢ થતાં ગયાં. ખબર જ ન પડી કે કોણ કેટલું આગળ વધી ગયું છે.

એમની અંગત આપત્તિઓ અને વિપત્તિઓ થોડીઘણી કહી નાખતા પણ તે વધારે તો મારી માંદગી, મારી કાર્યાલયની ઉપાધિઓ અને ગુજરાતની બેકદરદાની પર વધુ વલોપાત કરતા. કુમાર કાર્યાલયમાં વધતો જતો કલાકારોનો અખાડો અને સાહિત્યની અવનવી રંગથાળીઓ ત્યાંથી બહાર પડતી જોઈ તે ખુશ થતા, બિરદાવતા અને ઉમળકા ધરતા. કલાકારોએ કાઠિયાવાડી પાત્રોને ચિત્રમાં વધુ પ્રમાણમાં ઉતારવા માંડ્યા તેમાં તેમની કથાઓ અને તેમના ગીતોનો પ્રધાન હિસ્સો હતો.

તેમનાં પુસ્તકનો પ્રેરણા ચિત્રશણગાર કરવાનું પણ મેં એ વખતે જ શરૂ કર્યું અને ખૂબ જ ચિત્રસામગ્રીથી પ્રકાશનો કરવાના તેમના કોડ હતા.

સૌરાષ્ટ્ર કાર્યાલયની વિવિધ ઊથલપાથલો ફેરફારો અને મુખ્ય સંચાલકોના સ્થળાંતરો અને નવા ચીલાઓએ તેમને બહુ ખિન્ન કરી નાખ્યા હતા. ઘણી વાર કહેતા કે પત્રકારત્વની આ દશા જોવાની તેમણે કદી આશા રાખી ન હતી.

એવામાં વીજળી પડે એમ એમના ગૃહજીવનમાં દમયંતીબ્હેનનું અગ્નિસમર્પણ–એમને જીરવવું મુશ્કેલ પડે એટલું દુઃખદ બન્યું. છતાં નાના બાળકોને પોતાના વૃદ્ધ માતાની સંભાળ નીચે રાખી તેમની ઉપાસનામાં મંડ્યા રહ્યા. એવામાં સત્યાગ્રહનો શંખ ફૂંકાયો અને તેમનાં કાવ્યોએ તેમાં સિંધૂડો સૂર પુરાવ્યો. સરકારને બીતિ લાગી કે એની વાણી પર જનતાનો સાગર ઊછળી પડશે. એટલે પહેલી ઝડપ એમના પર દીધી અને કંઈ પણ બચાવ કર્યા વગર તેમણે બે વર્ષનો કારાવાસ વહોરી લીધો. એ વખતે એમના જેવા વ્હાલસોયા પિતાને પોતાનાં નાનાં બાળકોને માટે શું શું હૃદયમાં ઉભરા ચડ્યા હશે તે અકથ્ય છે.

જેલમાંથી બહાર આવ્યા અને બાળકોને છાયામાં લઈ મુંબઈ રહેવા લાગ્યા. અને એ જ બાળકોના સુખ ખાતર ફરી વાર લગ્ન કર્યું તે પછી હું પારલામાં એક રાતે તેમને મળવા ગયો. તેમના નવાં પત્ની શ્રી. ચિત્રાબેનને મારી સ્વજન તરીકે ઓળખાણ કરાવી. એમના પહેલા બાળકને આશીર્વાદ આપી હું ત્યાંથી પાછો વળ્યો. તે પછી ઘણા વખતે પરિવાર સહિત એ બોટાદમાં સ્થિર થયા.- ફૂલછાબ હાથમાં લીધું એ બધી વાતોનો અંગત ઇતિહાસ છે.

પણ ૧૯૪૨ના ઓકટોબરમાં મારો દમનો વ્યાધિ અતીવ પ્રકોપ પામ્યો અને મને લગભગ મૃત્યુના મુખ સુધી ખેંચી ગયો. અનેક ઉપચારોથી થાકી અમદાવાદ છોડી કયાંક પણ જવાનો નિશ્ચય કર્યો અને રાણપુરની પહેલી મુલાકાત યાદ કરી બોટાદની હવા માફક આવશે ધારી ત્યાં મારા સુમિત્ર નથુશંકર વૈદ્યની સારવાર નીચે રહેવાનું નક્કી કરી મારા બેનને મકાનની સગવડ માટે મોકલ્યાં. મેઘાણીભાઈને વાત કરતાં જ તેણે પોતાના મકાનનો સારો ભાગ મારા માટે ખાલી કરી આપ્યો અને મેં મારી પથારી ત્યાં ફેરવી.

એ ત્રણ માસ જિંદગીમાં ન ભુલાય એવા બન્યા છે. ભાઈને રોજ સવારમાં વહેલા ટ્રેનમાં રાણપુર જવું, રાત્રે સૂવાના વખતે આવવું. વાળુ કરીને ઠીકરું થઈ ગયું હોય તો ય નિરાંતે શૌચ વિગેરેથી પરવારી

જમવું એ નિત્યક્રમ હતો. બાપુને વાટે જંપતાં છોકરાં જંપતાં સૂઈ ગયાં હોય, ચિત્રાબેન વાટ જોતાં બેઠાં હોય અગર મારા કુટુંબ સાથે બેસી વાતો કરી રહ્યાં હોય, ત્યાં સ્ટેશનને રસ્તે પગરવ થાય અને એ જ હળવેથી મારા ખબર પૂછે "રવિભાઈને કેમ છે? ઊંઘી ગયા હોય તો જગાડશો નહીં."

મને આરામ થવા લાગ્યો તેમ તેમને ખૂબ આનંદ થતો. લખવાનું કામ હોય તોય નિયમિત મારી પાસે આવીને સમાચારો આપે વિચારો જણાવે અને મને ઉત્સાહી અને આનંદી રાખવા પ્રયત્ન કરે. મારી માંદગીએ મારા મન ઉપર નિરાશા અને ઉદ્વેગનું પ્રચંડ મોજું ફેલાવ્યું હતું. 'કુમાર કાર્યાલય બંધ કરવાનો નિશ્ચય કરી બેઠો હતો અને તેમણે કહ્યું કે "તમારા મન પર એનો ભાર રહેતો હોય તો તે ગમે તેટલી મૂલ્યવાન સંસ્થા હોય તો પણ તેનો લોભ છોડી દેજો." મારા નવા નિશ્ચયોમાં તેમની સલાહ અને ટેકો મળતાં. એમની પીડા તો હું ધીરેધીરે સમજતો થયો પણ એમણે મારો સુખદુઃખનો ચોપડો જોઈ નાખ્યો હતો. એ વખતની એમની કૂલછાબની મજૂરી ગજબ હતી. સવારથી સાંજ સુધી રાણપુર રહેતા. સવારના અંધારામાં ટ્રેન પકડવા દોડતા. સાંજે અંધારામાં દશ વાગે ઘરની ડેલી ખખડાવતા–ફૂલછાબ બંધ હતું છતાં તેમાં માણસો નિભાવવા નાની પુસ્તિકાઓ કાઢતા તે માટે દરેક હપ્તાના સાહિત્યની તૈયારી કરવા નવા પુસ્તકોનાં અઢારસો કે ઓગણીસસો જેટલાં પાનાં વાંચી વિચારી તેનું દોહન કરી છાપખાના માટે કામ તૈયાર કરી નાખતા. અને એના વળતરની વાત હું જાણી શક્યો ત્યારે સ્તબ્ધ થઈ ગયો. સવાસો રૂપિયાના માસિક પગારથી એમણે સ્વેચ્છાએ સાહિત્યના એક કુલીનું કામ કરવા માંડ્યું હતું.

ઘણી વાર અમે મોડી રાત સુધી વાત કરતા પણ તે બહુ જુક્તિથી પોતાનાં હૃદયના કમાડ બીડ્યા કરતાં, પણ ક્યાં સુધી છાનું રહે? દુનિયાને ડહાપણ અને સલુકાઈની વાતો શીખવનાર અંતરે સદા કળકળતો હતો. એના આંતરિક મનોમન્થનમાં સાથ કે સહાય આપે એવો મિત્ર કે મુરબ્બી વિનાનો એ એકલો અટૂલો સંસાર–ધરતી પરનો પ્રવાસી હતો.

એની અને પરિવારની પાછળ સમાજની યથોચિત પૃષ્ઠરચના બની શકી નહોતી. બધી ચિંતાઓ તેનામાં જ જન્મ્યા કરતી તેનામાં જ સમાતી. નાના નાના આકસ્મિક બાળકો અને પત્નીના વિચારોએ તેના આંતરજીવનમાં વિષમતા પેદા કરી હતી. તેણે ખૂબ કામ કરીને આત્મસમર્પણનો યોગ શરૂ કરી દીધો હતો. કામમાં જ ખતમ થવું. કામમાં જ બધું ભૂલી જવું એ તેનો મંત્ર બન્યો હતો.

એને બીજો ઈલાજ જડતો ન હોતો. નવો માર્ગ લેવાની તૈયારી નહોતી. જખમો વેદનાઓ વલોપાતોનો ભાર લઈ તે જિંદગીને ઘસી રહ્યો હતો. ઘણી વાર તેને નવા નવા વાતાવરણમાં ખેંચી લાવવા મારા નમ્ર પ્રયાસો સફળ થતા મારા નિવાસ–ચિત્રકૂટમાં તે આરામથી સૂતા અને કહેતા અહીં મને ખૂબ રાહત–નીંદ મળે છે. સાથે સાથે ભાણુભાઈના દીવાની રોજ સાંભળેલી વાતો, રવીન્દ્રવીણાના નવાં કાવ્યો રચાતાં હતાં. છતાં આ તેમના નાના પ્રવાસો અને મુલાકાતોની પાછળ પણ થોડી વાર અજંપાને દાબી દેવાનો તેમનો પ્રયોગ ચાલતો હતો. સમજી ગયેલા મિત્રોએ અનેક માર્ગો સૂચવ્યા અનેક સાધનો અને યોજનાઓ બતાવી હતી પણ જગત આગળ પોતાની વાત રખે બહાર પડી જાય એવી કોઈ મન ઉપજાઉ મૂંઝવણે તેને નવો જીવનક્રમ શરૂ કરતાં રૂકાવટ કરી; અને તેનાથી ડંકેલા લોહીમાં ઘર કરી ગયેલા ગાઉટ, અર્શ, આંખની પીડા વગેરે વ્યાધિઓનું જોર અને અમલ વધી ગયા. એમનાં દર્દોએ કોઈ દાક્તર દવા કે કરામતોને સફળ બનાવ્યાં. ઊલટે દુનિયાને નિરાશ બનાવી આપણે એને ખોઈ બેઠા.

૨૧–૧૨–૪૨ના પત્રમાં એમણે જ લખ્યું હતું :

"હવે તો ઈશ્વરને જ ખોળે માથું મૂકું છું. દુઃખના દરિયા ક્યાં જઈ ઠાલવવા!"

—ઝવેરચંદના વં.

એ ભાઈના ઉમળકા ને આવકાર હૈયે જડાઈ રહ્યાં છે.

મેઘાણીભાઈ

ઉમાશંકર જોશી

'જાગો જગના ક્ષુધાર્ત! જાગો–' મેઘાણીના મુખથી સાંભળેલા આ પહેલા શબ્દો. લાહોરમાં પં. જવાહરલાલના પ્રમુખપદે સંપૂર્ણ સ્વતંત્રતાનો ઠરાવ થવાના દિવસો ગણાતા હતા. ડિસેમ્બર ૧૯૨૯ની આખરે અમદાવાદમાં મુંબઈ ઇલાકા યુવક પરિષદ ભરાઈ હતી. સભામંડપ વચ્ચે મંચ ઉપર એક યુવક આવીને ઊભો. ગરદન સુધીનાં વાંકડિયા કાળાં ઝૂલફાં અને મોટી સહેજ રતાશવાળી આંખો. ડાબી બાજુ ડોક સહેજ ઝુકાવી ને જમણો હાથ કર્યો ઊંચો. અને ગાવા માંડ્યું. અવાજમાં આરજૂ હતી અને હતી ખુમારી.

> જાગો જગના ક્ષુધાર્ત! જાગો દુર્બલ અશક્ત!
> ઇનસાફી તખ્ત પર કરાલ કાલ જાગે.

આ હુંકારના શબ્દોની સભાને ભારે ચોટ વાગી. કળ વળી ત્યાં દર્દ ભર્યા ઠપકાના મીઠા વિલંબીત સરોદ આવતા હતા: 'કવિ! તને કેમ ગમે?' સભા એક કાન બનીને એ સૂર પી રહી હતી. મારે માટે તો આ અનુભવ હતો.

પછીના માર્ચ ૧૨મીની આગલી સાંજે ગાંધીજી જોડે સાબરમતી આશ્રમમાં છેલ્લી પ્રાર્થના કરવા ટોળાં જામ્યા હતાં. નદીની રેતમાં પ્રાર્થના થઈ રહ્યાં પછી પગથિયાં ચઢતાં જોઉં તો મેઘાણીની સાથે હું ચઢી રહ્યો હતો. એ તો તરત જ મારી જોડે–અજાણ્યાની જોડે–વાતે વળ્યા. આસપાસ જામેલી મેદનીના ઉત્સાહ વિશે, એ ઐતિહાસિક ઘડીઓ વિશે એમના ઉદ્‌ગારો હતા, એવું આછું સ્મરણ છે.

અમારી ઓળખાણ તો ચારેક વરસ પછી અને અનોખી રીતે થઈ. ૧૯૩૪ના ઉનાળામાં હું મુંબઈ ગયો ત્યારે મારા એક સહાધ્યાયી આવીને કહે ચાલો મેઘાણીભાઈ પાસે, એમને તમારે મળવાનું છે. પૂછતાં વાત એમ નીકળી કે મહિનાઓ પહેલાં આ ભાઈ સવારે છજામાં ઊભા ઊભા એકાગ્રતાથી એક વાર વાંચતા હશે ને પાસેના મકાનના ઝરૂખામાંથી કોઈએ એમને હાંક મારી. જુએ તો મેઘાણી! તમે એ 'વિશ્વશાંતિ'ના લેખકને ઓળખો છો? મને મેળવી આપશો?—એવી વાત થયેલી એને આધારે મને એ મુલાકાત માટે લઈ જવા આવ્યા હતા. અમે મળ્યા. મને એ ચાર વરસ પહેલાંના યુવક ન લાગ્યા. આત્મ-સ્વાસ્થ્ય માટે મથતા ભાંગેલ માણસ લાગ્યા.

થોડા દિવસ પછી મને એમનો કાગળ મળ્યો. 'કુમાર'માં મારી એક ગ્રામજીવનની વાર્તા એ દરમ્યાન પ્રગટ થયેલી તેની એમાં વાત હતી. અને એ દિવસે મળ્યા ત્યારે સાહિત્ય અને જીવનના મારા વલણમાં પોતાને રસ પડ્યો છે એમ કહી આપણે વધુ મળીએ એવી આશા દર્શાવી હતી. પોતે 'જન્મભૂમિ'માં 'કલમકિતાબ'નું સાહિત્યપૃષ્ઠ શરૂ કરવાના છે એ સમાચાર પણ હતા. પછી તો હું એલ્ફિન્સ્ટન કોલેજની હોસ્ટેલમાં–કોટમાં–રહેવા ગયો એટલે અમે 'જન્મભૂમિ'ની ઓફિસમાં કલાકોના કલાકો મળતા. મારે જ્યુનિયર બી. એ. નું વર્ષ અને મેઘાણી જેવાની સંગત! એમને કામ કરતા, વિચાર કરતા, કંટાળતા, ઉત્સાહમાં આવતા, જે મિત્રો આવે તેને હસતે મુખે વધાવતા,–અનેક છટાઓમાં એ સમયમાં જોવાની તક મળી છે. ('જન્મભૂમિ'ના ટેબલપર, વિચારમુગ્ન દશાની છબી મુંબઈ તા. ૧૧–૧૧–૧૯૩૫ની એમના હસ્તાક્ષરની મારી પાસે છે.)

આ દિવસોમાં હું જોતો કે કલમકિતાબના પાનાને કારણે એમણે પોતાના રાગદ્વેષ ઘણા પાતળા કરી દીધા હતા. ન્યાય કરવા તે તલપાપડ રહેતા. પોતાના હાથમાં શસ્ત્ર છે તો વિઘાતક ન થવું, સામાવાળાનું દૃષ્ટિબિંદુ સમજવું એવી વૃત્તિ રાખતા. પોતાની કાવ્ય-રુચિ કરતાં જુદી જ જાતની રુચિઓની ઉદારતાથી એ માવજત કરતા. અન્ય પ્રાન્તીય ભાષાઓના અને પરદેશની સાહિત્યની વાનગીઓ છૂટે હાથે પીરસતા. દર અઠવાડિયે નવા નવા નુસખાઓ પણ લઈ આવતા. એકવાર આપણા લેખકોની ખાસિયતો 'ચાંદલો તો આનંદશંકરનો, દાઢી તો—' એમ લાકડિયો હારડો ગોઠવી દીધેલો. મને એક ડોક્ટરે કહ્યું હતું કે મેઘાણીના 'કલમકિતાબ'નાં અવલોકન ઉપરથી ચોપડી ખરીદવાનું હું નક્કી કરું છું.

મેઘાણી જન્મે વણિક, પણ એમનામાં વણિક-વૃત્તિ ક્યાંઇ મેં જોઇ નથી. હા, કોઇનો ઓશિયાળો રોટલો ખાવો ન પડે, ફંડો ઉપર જીવનારો ન આવે, છાશમાં માખણ જાય ને બાઇ ફૂવડ ગણાય એવું ન થાય એટલે પોતાની કૃતિઓના સર્વ અધિકારોની બાલાશ રાખતા. પણ લોલુપતા ક્યાંય જોઇ નથી. આટલા પૈસા મળે છે તો લાવ ઘસડી કાઢું એવું પણ જોયું નથી. એવી દાનત હોત તો આંગળાં ચાટીને પેટ ભરવાના આ બ્રાહ્મણિયા વ્યવસાયમાં એ પડત શા માટે? પોતાનાં ગીતો માટે કોઈ ગ્રામોફોન કંપની જોડે એમને મુશ્કેલી ઊભી થયેલી–અને એમાં એમની વાત માન્ય થઇ હતી. મુંબઇ યુનિવર્સિટી મેટ્રિકના ગદ્યપદ્ય સંગ્રહમાં લેવાતી કૃતિઓ માટે લેખકોને કંઈ જ આપવાની કૃપા કરતી નહિ. લેખકગણ પણ ત્યારે એવી પસંદગીને જ મોટો પુરસ્કાર માનતો હોત તો નવાઇ નહિ! મેઘાણીએ ના પાડી: તમે કમાણી કરો ને લેખકોના હક અવગણો એ કેમ ચાલે! મને યાદ છે ત્યાં સુધી યુનિવર્સિટી આ કૃતિઓના પુરસ્કાર આપતાં શીખી તેમાં મેઘાણીનો ઠીક ઠીક ફાળો છે. આવી વસ્તુઓ તરત તો પોતીકા લાભ માટે ઉપાડાઈ હોય એમ ભાસે છે, પણ એક સામુદાયિક ફરજ રૂપે પણ આરંભાઈ હોવાનો સંભવ વિચારવો ઘટે છે.

ઑલ ઇન્ડિયા રેડિયો ઉપર, હું ધારું છું, એ ભાગ્યે જ ગયા હોય. મને યાદ છે કે એમની વાત સાદી સીધી એટલી જ હતી કે સંગીત માટે ફૈયાઝખાન કે હીરાબાઈ, અમુકખાન કે તમુકરાવને તમે આવવાજવાનાં બીજા વર્ગનો ખર્ચ આપો અને પુરસ્કાર જુદો, તો શું કવિઓ જ વાટમાં પડયા છે!

મેઘાણી સ્વમાની પૂરા હતા. કદાચ લેખકની–બ્રાહ્મણની તો એ જ એક મોટી મૂડી હોય છે. અને વિનય અને ખુશામત વચ્ચે ફેર છે એવો સ્વમાન અને અભિમાન વચ્ચે છે તે પણ એ જાણતા. સસ્તા થતા નહિ એમને તો કંઠની બક્ષિસ હતી, જ્યાં ને ત્યાં નિમંત્રણો મળ્યાં કરે. ઘણે ઠેકાણે જતા, પણ દિલ દેખે તો જ જતા, તમાશા થવા દેતા નહિ. માણસોનો, મેદનીનો એમને કેફ ચઢતો, લોકલાગણીનો કટોરો અમૃતમય ગણી ગટગટાવી જતા, પણ એની પાછળ પાછળ ભમતા કદી દેખાયા નથી. એમનો એક તરફ અદ્ભુત જનતાપ્રેમ અને બીજી બાજુ જનતાની તેમના કંઠ માટેની માગ—એ બન્નેનો વિચાર કરીએ છીએ ત્યારે એમણે જાળવેલી સમતુલા માટે માન જ થાય છે.

મિત્રો પાસે ઊલટમાં આવી જઈને ગાવા મંડી પડતા. કોઈ પક્ષે કોઇ ઉપચારની જરૂર ન રહેતી. એક વાર કડી બીજાપુર તરફ કસબાઓની કોડભરી જનમેદનીઓ સમક્ષ નવા નવા તૈયાર થયેલા 'એકતારા'નાં ગીતો ગાઈ અમદાવાદ આવેલા ને ખરા મધ્યાહ્ને બુલંદ અવાજે મારે ત્યાં એ ગીતો એમણે (Possessed હોય એમ) ગાયેલાં. એમનો ઘાંટો પાછલા વર્ષોમાં સહેજ કથળ્યો હતો. પણ ભાવ બધા ઉતારી શકતા. શરદના એક મધ્યાહ્ને બુલંદ સ્વરે એમણે એકતારાનાં ગાયેલાં એ ગીતોનો અનુભવ મારે માટે જીવનનો એક પ્રસંગ જ બની રહ્યો છે. સ્નેહાળ એટલા કે એ 'પ્રથમ નકલ' મારી પાસે મૂકતા ગયા આ મેઘાણી. અને મુંબઈમાં મારા એલ્ફિન્સ્ટન કૉલેજના દિવસોમાં મેં શું સાંભળ્યું હતું? કૉલેજમાં બોલાવવામાં સફળતા મળી નહિ હોય એટલે નરસિંરાવભાઇ–જે થોડાક ટીખળી પણ હતા જ–એક કાનો ને અનુનાસિક ઉમેરીને કહે કે મેઘાણી તો મોંઘાણી છે! સાચે જ એ સસ્તાણી તો નહોતા જ.

સામાન્ય રીતે સૌના સંબંધમાં એ બહુ વિવેકથી વર્તતા. નાના અમથા માણસને માટે પણ આપ, પધારો, માફ કરજો, આપનો સમય બગડયો,–એવા ઉદ્‌ગારો કાઢતા. મેં જોયું છે કે એમના સ્વભાવનું વિપરતું આ ભીરુપણું પડ એ એમની સિદ્ધિ હતી. એમણે પચાસ વરસની ટૂંકી ઉંમરમાં પણ ઠીક ઠીક સહન કરેલું હોવું જોઇએ. બીજાના હૃદયને મુલાયમ રીતે સ્પર્શવાનું એ સહન કરવાની શાળામાંથી તેઓ શીખેલા. એમનો વિવેક ઠાલો ન હતો, લાગણીથી એ સાચો

અને સભર બનતો. જેઓ એ લાગણીને સામી એવી લાગણીથી મળવા માગતા ન હોય સત્તાથી દબાવવા કે શ્રીથી આંજવા માગતા હોય તેની સામે એ જ વિવેક આવા એકરંગી માણસોનું કવચ પણ નીવડે છે. કોઈને એ અકળાવે સુદ્ધાં. મને મુંબઈમાં કોઈ વિચક્ષણ માણસે કહેલું સાંભરે છે કે મેઘાણી તો riddle-સમસ્યા–કોયડારૂપ છે. મેં કહ્યું ભાઈ, મારે માટે તો એ open book–ખૂલ્લી કિતાબ છે. પોતાની પાસે ચાવી ન હોય તો શું એ તિજોરીનો વાંક ?।

મેઘાણીની નજર ઝીણી હતી. વાતચીતમાં એક-ધારી મધુરતા અને લેખનમાં ભાતીગળ શૈલી એટલે કદાચ પરખાય નહિ, પણ એમની ચકોર આંખ પોતાની આસપાસની રજેરજ વસ્તુ સહેજમાં જોઇ લેતી. માણસનું અને પરિસ્થિતિનું માપ લઈ લેવાનો એમની પાસે સૂક્ષ્મ કાંટો ન હોય! સ્નેહ આપવામાં જ એનો એ ઉપયોગ કરતા અને સ્નેહનો અભાવ જુએ ત્યાં અકળાતા નહિ, ખમી ખાતા. એક બાજુ લાવા જેવી લાગણી અને બીજી બાજુ આવી ખામોશી! હું એમના સંબંધમાં આવ્યો ત્યારથી જોતો આવતો હતો, પણ હમણાં હમણાં મને એમના વ્યક્તિત્વમાં સૌથી વધુ આસ્વાદ્ય વસ્તુ એમની સમજણ લાગી હતી. સંસારને સમજી ગયા હોય અને એની સાથે પોતાની સ્વેચ્છાએ–લાપરવાહીથી નહિ પણ સામે ચાલીને મેળ કરી લીધો હોય એવી આ છેલ્લા વર-સની એમની સમજણભરી પ્રસન્ન વર્ણુક હતી! દુભાયેલા, દુનિયાથી રિસાયેલા માણસો માટે એમને આકર્ષણ ન હતું, દુનિયાની વચ્ચે ઊનારો કર્યા વગર ઉન્નતમસ્તક ઊભા રહી શકનાર મરદને એમનું હૃદય લળતું. કલાપીના મિત્ર દરબાર વાજસૂરવાળાની કરુણ ભવ્ય મૂર્તિ એક વાર એમણે વાતચીતમાં આલેખેલી તે મારા હૃદયમાં કોતરાઈ ગઇ છે. મને થયું મેઘા-ણીભાઈ ઉઘાડી આંખે ફર્યા છે–અને દુનિયામાંથી—માણસોમાંથી એ શીખ્યા છે; બધી આળપંપાળ જતી કરી, શીખ્યા છે એક સહાનુભૂતિ—હમદર્દી. અમદા-વાદ લેખકમિલનના બીજા અધિવેશનમાં, રાજકોટમાં સાહિત્યવિભાગના પ્રમુખપદે અને વડોદરા મહીકા પારિ-તોષિક માટે જવામાં એમની પાઘડીમાં કોઇ નવાં પીંછાં ઉમેરાય એવું હરગિજ ન હતું, છતાં ચાહીને—જાણે ઉપકૃત થતા હોય એમ— જઈ ને ઊભા રહ્યા અને અમદાવાદ આવે ત્યારે પોટલી છોડે: 'અરે, ભાઈ, આ રમણલાલ દેસાઈ ને તો પહેલી જ વાર નિકટથી જોયા, કહે કે મહેમાનગીરીમાં ઊણપ રહે તો આપ્શી નહિ કોઈ કરનાર નથી! મારાથી કહેવાઇ ગયું, How sadly true it is! એમનું ઘર બંધાય છે એ બતાવવા લઈ ગયા...અને આ ચાવડા, એણે કામ કર્યું છે!...અને રમણ વકીલને તો પહેલી જ વાર ઓળખ્યા, ભારી પ્રેમાળ છે...' રાજકોટના એમના ભાષણ વિષે આપણા દુર્ભાગ્યે પ્રો૦ બલવન્તરાય ઠાકોરે પોતે પ્રસન્ન થયાનો પત્ર લખેલો, તેની વાત કરતાં એમનો જરીક નિર્વેદમિશ્રિત આનંદ જોઈ શકાતો. આપણા આવા ક્ષેત્રમાં શા માટે રાગદ્વેષ એવો નિર્વેદ, પણ જો જરીક કાંક સારું કરી બેસીએ —અને હૈયાને ધીરજ હોય—તો સૌ પ્રેમ વરસાવ-વાનું જ એ વિચારે આનંદ સમજુના જરીક અમથા પ્રેમને પણ ગાડાનાં ગાડાં એ ગણતા.

બીજાઓને માટે એ બહુ ચીવટ રાખતા. ભાઈ મહેન્દ્રે એમને ત્યાં કામ કરનાર વાળંદ ભાઈના જમાઈનો ખરખરાનો પત્ર–આવેલો બતાવ્યો. જોઈ ને મને આશ્ચર્ય થાય એમ ન હતું. અહીં અમદાવાદ એક વાર આવેલા ને મને સાથે લઈ ગાડી કરી સારંગ-પુરમાં મહામુશ્કેલીએ જમાઇનું ઘર શોધી કાઢી માએ દીકરીના સમાચાર મંગાવેલા તે લેવા પાછળ બે ત્રણ કલાક કાઢેલા એ મને યાદ હતું. મારી વાત કહું તો ૧૯૩૪માં મોટે મોભારે એલ્ફિન્સ્ટન કોલેજની હોસ્ટે-લમાં દાખલ થઇ ગયો હતો, પણ આસપાસનો કાંઇ વિચાર કરેલો નહિ મેઘાણીભાઈનો વણિકશેર જન્મ એમને જો કોઈ એક બાબતમાં હંમેશાં ખપ લાગ્યો હોય તો એમની વ્યવહારની—વાસ્તવની સમજમાં. ધીરે રહીને એમણે મને એક વાર પૂછ્યું કે ખર્ચનું

કેમનું છે. પોલ પકડાતાં, મને છોભીલા પડવા દીધા સિવાય ક્યાંયકથી મદદ સ્વીકારવા વિષે પૂછ્યું. લોન મળે તો લઉં એમ જાણ્યું તેની તજવીજ કરી.

એમને બીજાની સેવા લેવી પડે એ માથાવાઢ લાગતું એમ ચોખ્ખું જોઇ શકાતું. હું છૂટો હતો. અવારનવાર એમની કને જાઉં અને લાંબા સમય સુધી —કલાકો સુધી—ગપાટા ચાલે. જાઉં એવો એમના પગના 'ગાઉટ'ના સમાચાર, 'ચરણકમલ બલિહારી!' કરીને પૂછું ત્યારે હસતાં હસતા એની બલિહારી વર્ણવે. 'જમજો અગ્નની ચાળ તું એકસો!'—એ વચન ઓછું એમણે બીજાઓને માટે જ લખ્યું હતું?

મારા મનમાં એમને માટે એક વાતને લીધે બહુ જ આદર થયેલો. મુંબઇમાં એ સ્થિર આસને બેઠા હતા. દુનિયાની દૃષ્ટિએ વધુ વિકાસ પણ સાધી શકાય એવું હતું. શ્રી. ચિત્રાદેવીને પણ કદાચ મુંબઇ વધુ ફાવે. પોતે પણ મુંબઇમાં આસાએશથી રહી શકત. પણ 'ફૂલછાબ' માટે શ્રી. નાથાભાઈ શાહે એમને આગ્રહ કર્યો ત્યારે એમણે કહ્યું કે આ ભાઇ નેવું માણસોનો રોટલો સ્થિર કરવા આટલી જહેમત ઉઠાવે છે તો એમને અનુકૂલ થવા બનતું કરી છૂટવાની મારી ફરજ છે. અને વતનમાં બોટાદ જઇને એ રહ્યા.

રખડવાની—લોકસાહિત્યના સંશોધનાર્થે રખડવાની એમને ખૂબ જ હોંશ હતી. અમારા ઇડરપ્રદેશમાં એકબે વાર જવાનો વિચાર કર્યો ને ભાંગી પડ્યો. એમણે સાહિત્યના ઘણા પ્રકારો ખેડ્યા હતા અને બધામાં જ એમની કલમને જશ મળ્યો હતો. મને એમની કેટલીક વાર્તાઓ ને નવલકથાઓ તેમ જ ગીતો ગમતાં, તેમ છતાં લોકસાહિત્યનું તો જેટલું એમની પાસે હોય તે એમણે તરત જ ગ્રંથસ્થ કરી દેવું જોઇએ એમ હું કહ્યા કરતો. 'કયામતને દિવસે તમારી બૂમ પડશે ત્યારે ક્યાં ગયો પેલો લોકસાહિત્ય-વાળો!—એમ પડશે', એમ હું કહેતો અને હસતા હસતા એ કહેતા કે, 'એવી જ બૂમ પડે એમ મારી અંતરની આકાંક્ષા છે.' ટાંચણપોથીના બેએક સંગ્રહો એમણે આપ્યા. અને બધી નોંધપોથીઓનું દોહન બેત્રણ વરસમાં તો આપણા હાથમાં આવી જાત! હજી તો પશ્ચિમથી યંત્ર મંગાવી મૂળ રાગોમાં તે તે સ્થળે જઇ ગીતોને સ્વરમાં ઉતારી (રેકર્ડ કરી) લેવાની વાતો ચાલતી હતી!

રખડવાનો એમનો લહાવો છેલ્લાં વરસોમાં શ્રી. રવિશંકર મહારાજે પૂરો કર્યો. મને બરાબર યાદ છે કે રવિભાઇને ત્યાં પ્રજ્ઞાચક્ષુ મણિભાઇનાં ભજનો ચાલતાં હતાં ત્યાં પછીથી કેવા એકરસ થઇને હોસ્પિટલમાંથી મહારાજ પાસેથી બારૈયા બહારવટિયાઓની વાતો સાંભળી લાવેલા તે એ ઊલટથી કહેતા હતા. સાચું કહું તો મને મનમાં છૂપો ડર લાગ્યો હતો: સાધુ સમાન થશે, કવિ જયગાથામાં પડશે. પણ મેઘાણીભાઇએ સારી સમતુલા જાળવી. પોતે મહારાજમાં ભળી જાય અને મહારાજ એમની ધરતીનાં બાળકો પાછળ અલોપ થાય,—એ રીતે કેવળ ધરતીને આગળ ધરીને એમણે 'માણસાઇના દીવા' આપ્યું. મહારાજને માટે હમણાં વાતચીતમાં એમણે કાઢેલો ઉદ્ગાર બ્રાહ્મણની સાચી વ્યાખ્યા આપે છે, મેઘાણીની દર્શનની શક્તિ દાખવે છે, કહે કે 'મહારાજના હૃદયમાં, મેં કોઇને માટે તિરસ્કાર જોયો નથી!'

મહિના પહેલાં દિલ્હી સુધીની હવાઈ મુસાફરી કરી આવ્યા હતા અને પાંખો આવી હોય એમ જમીનથી અદ્ધર ઊડતા એ રીતે એની વાતો કરતા. જોઇને આપણને થાય—તેમના તંતુએ તંતુમાં ચેતન ઊભરાતું હતું. (He was living in every fibre) સ્ત્રીબાળકોને વાયુમાર્ગે લઈ જવા જોઇએ એવો એમનો ખાસ આગ્રહ હતો. જેની જોડે દિલ્હી ગયા હતા તે ભાઇને સકુટુમ્બ મુંબઇથી અમદાવાદ ઉડાડી બોલાવ્યા ત્યારે એમને જંપ વળ્યો. ભાઈ ઝટકિયા અને હું મરોડામાં સાથી હતા, એટલે એમને સૌને એ મારે ત્યાં લઈ આવ્યા અને સૌ મંડળી વચ્ચે આનંદથી બાળક જેમ બેઠેલા એ મૂર્તિ ભૂલી શકાય એમ નથી. વલ્લભવિદ્યાનગર અને શુક્લતીર્થ જઈ આવેલા તેની વાતો પણ ભારે ઊલટભેર કરતા. એમનો

પ્રેમ ગુજરાત તરફ વળ્યો હતો. છેલ્લા મળ્યા ત્યારે સુરતનાં લોકગીતો ભાઈ મધુભાઈ પટેલ પાસે મુંબઈમાં સાંભળ્યાનો આનંદ વર્ણવતા હતા.

છેલ્લા મહિનાઓમાં એમના જીવનમાં પરમ પ્રસન્નતા દેખાતી. 'ગુજરાતે–જનતાએ પોતાને ઘણું આપ્યું છે એમ એ, કવિશ્રી નાનાલાલની જેમ જ, કહેતા. પોતાનાં પુસ્તકોની સારી આવૃત્તિઓ જતી તેનો પણ ઉલ્લેખ કરેલો. કહે કે આથી વિશેષ શું જોઈએ? હવે તો કાંઈક સારું આપણે હાથે થઈ આવે એ જ! જીવનમા આથી વિશેષ એમને સ્પૃહા ન હતી. અને આટઆટલું વિવિધ રસભર્યું સાહિત્ય આપ્યા પછી પણ 'કંઈક સારું' આપવાની વિનમ્ર તમન્ના! ઉત્સાહ તો યુવકનો હતો. ગઈ શ્રાવણ વદ પાચમે અમારે ત્યાં વિદ્યાર્થીઓ સમક્ષ અઢી કલાક ભજનસાહિત્ય પીરસ્યું. સાંજે મારે ત્યાં જમવાનું હતું. આવ્યા પછી કહે કે આજે મને પચાસ થયાં. મેં કહ્યું, તો તો વિદ્યાર્થીઓની વચ્ચે ઠીક ઉજવણી થઈ. જમતાં જમતાં, મેં કહ્યું, 'હજી તો તમે જુવાન જ લાગો છો, You can very well begin life afresh—હજી તો નવેસરથી જીવન શરૂ કરી શકાય. પાછલું તો બધું નકામાં!' એમ કહી અમે યુરોપમાં તો પચાસે માણસને દાંત ફૂટ્યા ગણે છે, ત્યાં સુધી તો માણસ કાચામાં ખપે, વગેરે વાતે ચઢ્યા. અમારી નાની દીકરી એમને દાદા કહે એ ઉપરથી એમણે લખ્યું કે, 'નંદિની મને દાદો બનાવે છે પણ મન તો હજી યુવાન બનવા ચાહે છે.' અને તેમ છતાં શરીરે જ નહીં, મનથી પણ એ પકવતા પામતા આવતા ન હતા? એક વાર અમસ્તું મેં પૂછ્યું: 'કવિતા કાંઈ લખાતી નથી હમણાં?' એમનો ઉત્તર, અર્થપૂર્ણ હતો: હમણાં ભજનસાહિત્યનું સંશોધન કેટલા વખતથી ચાલે છે એટલે એ ભજનોની લહેમાં મારી કવિતા લખવાની વૃત્તિને તૃપ્તિ મળી રહે છે.

જીવન ભોગવવામાં–જીવનમાંથી સાચો આનંદ લૂંટવામાં એ માનતા. એમના મૃત્યુ ઉપર વિચાર કરતાં સમજાય છે કે જે પ્રેમ પામ્યા–બલકે વરસ્યા અને જે કાંઈ કામ કર્યું એ જ જીવનની કમાણી. મેઘાણીભાઈએ કામ તો છેલ્લા દિવસ સુધી કર્યું. આગલે દિવસે બોટાદમાં પ્રાથમિક શિક્ષકો સમક્ષ પ્રવચન કર્યું અને દુહાઓની પુસ્તિકા એ દિવસે ચાલતી હતી. આગલે દિવસે જ એમનો છેલ્લો લેખ 'સંસ્કૃતિ' માટે મારી ઉપર રવાના કર્યો હતો. ક્ષણભર એ નવરા બેસે એ અશક્ય હતું. અને પ્રેમ આપવામાં તો એ કદી પાછા પડ્યા ન હતા. અનેક ગુજરાતીઓ એની સાક્ષી પૂરશે. એક માણસ કેટલી બધી માયા જગાડી શકે છે એ જોઈ તાજુબ થવાય છે! પણ સૌથી મહત્ત્વની વાત તો એ છે કે એ પ્રેમ પામ્યા પણ છે. દુનિયા કોઈને પૈસા આપે છે, કોઈને માન આપે છે, ઘણા બધાને આવી કોઈ ને કોઈ સ્થૂલ વસ્તુઓ વિનાસંકોચે આપી દે છે. પણ દુનિયા પ્રેમ કોઈકને જ આપે છે. એ તેલ જુએ છે, તેલની ધાર જુએ છે, પછી જ પ્રેમ તો આપે છે. મેઘાણીને આટલો પ્રેમ મળ્યો કેમકે લોકો પાસે ક્યારેય એમણે હૃદયચોરી કરી ન હતી.

આવા સ્નેહીઓને—પુરુષાર્થીઓને મૃત્યુ નથી. મેઘાણીભાઈ નથી એ માનવાની જ મન ના પાડે છે. એવા એ આપણી સમક્ષ જીવતાજાગતા છે. આ લખતાં લખતાં પણ જાણે લાગે છે કે હમણાં એ આવી પહોંચશે અને એમનો મધુરઘેરો અવાજ સંભળાશે: 'કાં ભાઈ, આ શું માંડ્યું છે!'

['સંસ્કૃતિ'માંથી ટુંકાવેલું]

કાયા ઢળી, કીર્તિમંદિર બાકી રહ્યું

સામળદાસ ગાંધી

પીંજરમાં પવન ચાલી ગયો...અને પીંજરું ખાલી પડ્યું. પંચમહાભૂતો પાંચ તત્ત્વોમાં મેળવાઈ ગયાં. કવિતા ભાવનામાં લીન બની. ધરતી પરનો એક અજબ સૂર બ્રહ્માંડની અદ્ભુત અને અનંત સુરાવટમાં મેળવાઈ ગયો. તેજ તેજની પથારી પર પોઢી ગયું. અને જગતનો નેહ છોડીને, ગુજરાતી સાહિત્યનો એ ભવ્ય ને અનેરો પ્રાણ, સરસ્વતીના પોતાના સ્વરૂપમાં જ, અકાળે અને અણધાર્યો, નિમિષમાત્રમાં જ, વિલીન બનીને બેસી ગયો.

ઝવેરચંદ મેઘાણી એ-ક-જ હતા. સૂર્યમાળા ભલે ફરતી... સૂરજ તો એ-ક-જ હતો. ઝવેરચંદ મેઘાણી એટલે ગુજરાતી સાહિત્યનો એક છવનો યોગ. પચીસ વરસોમાં બીજો મેઘાણી પાક્યો નથી અને ક્યારે પાકશે તે, આજે તો, કલ્પનાને પણ સૂઝતું નથી.

મેઘાણીના અવસાનથી ગુજરાતી સાહિત્યનો એક એનો જનમજોગી ઊડી ગયો જેની કાયાની કણીએ કણીમાં સાહિત્ય હતું ને કવિતા હતી, ચિંતન હતું ને વિવેચન હતું, રોમાંચ અને ઇતિહાસ હતો અને જેટલો સ્વર એટલો જ અક્ષર પણ રમતો હતો.

મેઘાણીની કલમ બધાય રસોને ટપકાવી રહી—એકધારી અને એક જ સરખી મંત્રમુગ્ધ કરનારી એક વિલક્ષણ છટા સાથે. એનો એક શબ્દ મુર્દાઓમાં પ્રાણ સીંચી રહ્યો: એનો એક શબ્દ આશકના અંતરની દિલગીરીને આપોઆપ ઉજાળતી રહ્યો: એનો એક શબ્દ જિગરના મુગટી સતેલા કુંગશાઓને ઢંઢોળી રહ્યો: અને સહરામાં પથરી ગયેલાં નયણાંઓને પણ પળવારમાં જ સજીવન કરીને, એની એક પંક્તિ, આંસુની ગંગાજમના એમાંથી પ્રકટાવી રહી.

મેઘાણીની અજોડ વિપુલતામાંથી પરાધીન રાષ્ટ્રના કંઈક ક્ષુધાર્તોને વાચા મળી, ભારતવર્ષના વાવટાને લહરાવાનું આકાશ મળ્યું, ગુજરાતની નવવધૂને મહાલવાની ધરતી મળી, સોરઠના કો લવરમૂછિયા બરવારને હિડાનો પટ આપડી ગયો, ધરતીનાં વહેતા પાણીને જોનારી નવી જ આંખો લાધી રહી, કાઠિયાવાડના લોકસાહિત્યને સંજીવની મળી, કેસરનાં ફૂલને ઊડવાનું ઠેકાણું મળ્યું, ઉન્હાં આંસુને વહેવાનું સાધન મળ્યું અને પડછંદ દેશભક્તિને ઉછાળનારી કમાનો મળી.

મેઘાણીની કલાએ તો કોઈક કલ્પતરુ જેવી જ શોભાઓ રચી.

મેઘાણીનું મૂલ્ય આજે કોણ આંકી શકે? એ મૂલ્યાંકન થશે—એ જ દિવસે, જ્યારે મહાગુજરાતના ખોળામાંથી એક બીજા મેઘાણીનું પ્રાકટ્ય થશે.

પણ દુર્ભાગી મહાગુજરાત! એક બીજા આવતા મેઘાણીની તો, કોઈક નાનકડી ઝાંખી પણ, તારા ગિરનારને શિખરે અથવા તો તારા મહીસાગરનાં ભયાનક કોતરોના ઘોર અંધકારમાંથી ફરકતી પણ આજે તો દેખાતી જ નથી!

મેઘાણી નથી? અનેકવિધ ભરચક કલ્પનાઓથી તરબોળ બનેલા એ મસ્તક પરનાં એ વાંકડિયાં ઝુલફાંઓ, લોકસાહિત્ય લલકારતી ઝભ્ભને એક લાક્ષણિક શોભા આપવાને, ફરી વાર ઊડનાર નથી? એ પાતળા અને પરસ્પર ચંપાયલા હોઠમાંથી રેલાવાને મેઘાણીનું મીઠું હાસ્ય ફરી વાર જાગનાર નથી? અને આખા વાયુમંડળ પર અસવારી માંડીને ઘૂમનારો કલાધર પોતાની અનેરી કલા આપણી દુનિયાને, હવે, ફરી વાર, દેખાડનારો જ નથી?

પણ મોતના અધિકારની મજાલ કેટલી કે, મેઘાણીની અમરતાના એક નાનકડા ખૂણાને, તે, ઘડીકવાર પણ, જરાય ઘેરી શકે! મેઘાણીએ પાછળ મૂકેલું એવું સનાતન કમળ તો કોઈ દી' કરમાશે નહિ. મેઘાણીનું સાહિત્ય અમૃત હતું. અને મોતની પિછાન અમૃતને ક્યારે હતી કે હવે થશે!

સૌનો લાડકવાયો સૌને છોડીને એકાએક મહાયાત્રાએ ઊપડી ગયો. કાયા ઢળી અને કીર્તિમંદિર બાકી રહ્યું. મેઘ લીને ભાળ્યા સિવ.ય, મહાગુજરાત! તારે તો, આજે, એ કીર્તિમંદિરમાં જ વસવું રહ્યું!

મેઘાણી! પ્યારા ભાઈ! તારી આસપાસના લાખો નરનારીઓનું તું એક ગુલાબી સમર્પણ થયો! આવ્યો...વિલસ્યો અને સીડીય ગયો! તને વંદનાઓ માટે તું મરી ગયો, તારા વિયોગનાં આંસુ ને તારી કિનામનો પ્યારો અને અમર રમતો.

મેઘાણી! તારી અમર સ્મૃતિને અમારાં લાખ-કરોડ વંદન હજો!

('વંદેમાતરમ્'માંથી)

સદ્‌ગતને એક પત્ર

વિજયરાય ક. વૈદ્ય

પ્રિય ભાઈશ્રી,

નહિ તો યે આ દિવસોમાં મારે આખરે પત્ર લખવાનો હતો કે મેની અધવચમાં આપણે રાજપીપળે વિદ્યાર્થી-સમારંભમાં જવાનું છે માટે એ અરસાનો બીજો કશો કાર્યક્રમ રાખશો નહિ. પણ એ લખવાનો વખત આવે ત્યાર પહેલાં તો તમે અચાનક ગામ-તરું કરીને લીધી સુરગાપુરીની જ વાટ. ત્યાં તમને કેમ પહોંચવું ?...પણ એમે ખરું ને કે અહીં મનોમન સાક્ષી હોય છે તેમ ત્યાં આત્મનો-આત્મન સાક્ષી સમજીએ. તેથી જ આ પત્ર લખવાની (ધૃષ્ટતા જેવી) હિંમત કરું છું.

લખવા માંડતાં જ એક સામે પડેલ પરબીડિયું નજરે પડે છે. નોતરું છે એમાં કે મારે તમારા સ્મારક અંક માટે કાંઈક લખી મોકલવું. અમારે ભાગે તો એ જ હવે કરવાનું રહે ને, તમે કાળનું વહું નોતરું અકાળે સ્વીકારી લીધા પછી ? ... ...

પરબીડિયામાંનો પત્ર લખાઈને છેક અહીં-પોંડિ-ચરી-આવવાનો હતો એટલે સ્વાભાવિક રીતે જ એનું પહેલું વાક્ય છે આ : "મેઘાણીભાઈના અવસાનના ખબર મળ્યા હશે." પણ મારું તો એ ખબર સાંભળવાનું દુર્ભાગ્ય સુરત ખાતે જ નિર્માયેલું—તમે ચાલી નીકળ્યા પછીના અડતાળીસ જ કલાકમાં. એ દહાડે, (આપણી જૂની રસમ મને ગમે છે તેથી આમ જ કહું કે) તમારાં બહેન ને હું એક વૃદ્ધ વિદ્વાન મુરબ્બીને ત્યાં સાંજે મળવા ગયેલાં, તેમણે બીજી કાંઈક વાત થઈ ન થઈ ત્યાં જ કહ્યું : "મેઘાણી વિશે તમને કાંઈ ... ખબર પડી ?" હું : "ના, શું ?"—"He died!" હું (સેહ બહાર નીકળી આવેલ જીભ કચરતા) : "ખરે-ખર ? હોય નહિ !" તેમણે જવાબમાં એ વખને ફ્રામું ધરેલ છાપું. છતાં ત્યાર પછીના એ દિવસનાં છાપાંમાં પણ એ વાત જેટલી વાર વાંચતો તેટલી વાર મનને થતું કે છાપાં કેટલી યે વાર રાજકીય બાબતોમાં ખોટાબોલાં નીવડે છે તેવું આ ખબરનું પણ આખરે ઠરે તો કેવું સારું. વળી એમે થયેલું કે આ દિવસો સ્વપ્નામાં તો નહિ વીતતા હોય ને ! ખાતરી કરવા, હાથે ચૂંટીએ ખણી જોઈ. હતભાગ્યે, હાથ ને ચૂંટી, છાપાં ને એમાંની ગોઝારી ખબર-બધુંય સાચું હતું. એ બધાં એ દિવસોમાં તો આ માયાવી કહેવાતી દુનિયાનાં જાણે ખરા સત્યો—ને છતાં ક્રૂર, કડવાં, ખારાં ઝેર બની ગયાં હતાં.

૧ તત્ત્વજ્ઞાનના એ શબ્દો એકાદ તાત્ત્વિક સત્ર પણ સુઝાડે છે : તમે જીવતાં અમને અમારા સંસ્કારવારસા પ્રત્યે જાગ્રત કર્યા, તો મરતાં જીવનની ક્ષણભંગુરતા પ્રત્યે જાગ્રત કર્યા. બન્ને સ્થિતિમાં ઉદ્‌બોધન એ જ તમારું કર્તવ્ય કર્મ રહ્યું. શબ્દસ્વામીઓમાંના પણ થોડાને જ આવું વિરલ સદ્‌ભાગ્ય સાંપડે છે.

ક્ષણમાં ભાંગે તેવું, પણ એ તો શરીર જ—એ તો ઇન્દ્રિયાદિક દ્વારા જીવાતું પાર્થિવ જીવન જ. બાકી તો, એ જીવનને સંહારનારા 'સંહારના સ્વામી'ને તમે ગાયો છે તેમ એનું શિવસ્વરૂપ, પણ ક્યાં નથી ગાયું એ જ ગીતમાં ! એ ગવાતું-બુલંદ સ્વરે એને તમારા અદ્‌ભુત કંઠમાંથી નીતરતું—જ્યારે સવા પાંચ વર્ષ પર અમારા કોલેજહોલમાં પહેલી ને છેલ્લી વાર સાંભળ્યું ત્યારે મને કેટલો આનંદ થયો હતો, કેટલાં માન ને પ્રીતિભાવ તમારે માટે વધ્યાં હતાં—એમ જાણી ને કે તમે બાહ્યજીવનમાં અનુભવાતાં વીર, કરુણ આદિને માણી મણાવીને અટક્યા નથી પણ ભક્તિનો ઉચ્ચ આન્તરજીવનનો રસ પણ પી અને પાઈ જાણો છો.

શબ્દ સકારણ બેવડાવીને કહું કે એ રસમાં મારા જેવા થોડાને જે કાંઈ રસ હશે તેમને માટે તો આ સજીવ શ્રદ્ધામાં-આશ્વાસન છે કે તમારો આત્મા ને સ્નેહાળ જીવાત્મા દેહ છોડ્યા પછીના વિશેષ આત્મ-વિકાસમાં લીન છે અને રહેશે. પણ તમે ગયા પછીના દિવસોમાં અમે જે જોયું સાંભળ્યું જે કોઈ પણ દેશ-કાળના થોડા જ કવિઓના ભાગ્યમાં હોય છે—તે તો જુદું જ. પણે એક બાળક શોકભર્યે સાદે 'કોઈનો

લાડકવાયો' ગાતું હોય, તો અહીં કામમાં ગૂંથાયલી ગૃહિણી એ કરતાં કરતાં પણ ભીડાશથી "...બ્હેની નાની તારી ગૂંથવા વેણી" લલકારતી હોય. એમ અનેકોએ જેમ એવામાં હૈયાનો ભાર હળવો કર્યો હતો તેમ હવે પછી પણ વર્ષો લગી તમારાં ગીતો ને બીજું સાહિત્ય તમને અમારાં હૃદયમાં બલ્કે જીવનમાં જીવતા રાખશે.

ગીત ખરાં ને સાહિત્ય ખરું; પણ સૌથી વધુ તો, તમારી માનવતા. એની ખરી ઓળખ પામી શકે એવા બહુ થોડા અમારામાં છે, પણ તમે તો એ ઊર્મિયા વડે કેટલાય અજાણ્યા કે અલ્પ-જાણ્યાના સુદ્ધાં સ્વજન બની જતા. એના પ્રભાવે જ, પેઢીઓ લગી ટકશે એવી લાખેણી લહાણ અમને તમે દઈ ગયા. એ હજીયે વધુ લૂંટવાનો અમને તો લોભ હતો. એવા અધિક લાભને અયોગ્ય અમે તમને લાગ્યા? પ્રભુને તો લાગ્યા જ હશું, બાકી તો એને ઘેર શી ખોટ હતી કે તમ સરખાને ઊંચતા જ ઝડપે?

સ્નેહાધીન,
વિજયરાય.

❊

મંહાન માનવી

જેઠાલાલ જોષી

મેં મેઘાણીભાઈને સૌથી પહેલા મહિલા પાઠશાળામાં 'સુહિણી મેહાર' ગીત વાર્તા રજૂ કરતાં સાંભળ્યાં અને પ્રત્યક્ષ જોયા. મને એક સુજ્ઞ, ગંભીર રસભર, જીવનમાં અપૂર્વ ઉલ્લાસ ભરનાર નરવીર લાગ્યા. તેમની શૈલી અને મધુર મેઘગંભીર નાદથી હિલોળાતું હતું. મન કહેતું હતું કે ચરણ ચુમી લઉં. ઉપસ્થિત સભ્ય સાહિત્ય રસિક સમાજ વચ્ચે સામે જઈ આનંદ વ્યક્ત કરવાની હિંમત જ ન થઈ. પણ મનમાં આ પુરુષ પ્રત્યે બેહદ માન ઉત્પન્ન થયું.

તેઓશ્રીનું 'ચારણી દુહા' વિષયક વિદ્યાસભાના આશ્રયે યોજાયેલું વ્યખ્યાન સાભળવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. આ વ્યાખ્યાન સાંભળ્યા પછી મનમાં લાગ્યું કે રાષ્ટ્રભાષા પ્રચારકાર્યમાં આવા દેશવ્યાપી સાહિત્યના પારખુઓ જ અપૂર્વ મદદ આપી શકે છે. રાષ્ટ્રભાષાના પ્રચારકો અમુક યુગમાં ચારણો અને સંતો જ હતા. મહાકવિ શ્રી. ન્હાનાલાલભાઈએ એક વાર ઉચ્ચાર્યું હતું કે મધ્યયુગમાં ચંદબરદાઈ, તુલસીદાસ અને સૂરદાસ એ મહાન રાષ્ટ્રભાષાના પ્રચારકો હતા. આ વસ્તુ શ્રી. મેઘાણીના ચારણી દુહાસાહિત્યે ફરી સ્પષ્ટ કરી બતાવી.

હું ત્રણેક વર્ષો ઉપર તેઓશ્રીને સંકોચાતા સંકોચાતા મળ્યો. પણ મળ્યા પછી તો લાગ્યું કે સંકોચાવાનું જરાયે કારણ ન હતું. એઓ તો જાણે આપણા સ્વજન હોય એવા લાગ્યા પછી તો અનેકવાર મળ્યો. મારે કચ્છ-કાઠિયાવાડમાંથી ત્રણ માનદ સભ્યોની પસંદગી ગુજરાત પ્રાન્તીય રાષ્ટ્રભાષા સમિતિ માટે કરવાની હતી. મને શ્રી. મેઘાણીભાઈનું નામ સૌથી પ્રથમ સાંભર્યું. મારી વાત મેં રજૂ કરી. રાષ્ટ્રભાષા માટે બંને લિપિઓની અનિવાર્યતામાં તથા નાગરીની પ્રધાનતામાં માનનારા બે પક્ષો સમજાવ્યા. તેમને નાગરી લિપિની પ્રધાનતાવાળો પક્ષ સકારણ યોગ્ય લાગ્યો પણ મને એક પત્રકારની અદાથી સ્પષ્ટ કહ્યું કે, 'ભાઈ જોષી, હું તટસ્થ રહીને જ તમને વધારે મદદ કરી શકીશ,' મને આવી સ્પષ્ટ નીતિ માટે બેહદ માન થયું.

સમયની ગતિ બહુ ઝડપી હોય છે. બે વર્ષો વહી ગયા. મેઘાણીભાઈ ફૂલછાબમાંથી છૂટા થયા. હું ગયા ફેબ્રુઆરીમાં તેમને મળ્યો. મેં કહ્યું કે, 'આપ પત્રકારત્વમાંથી અળગા થયા છો. હું આપના વિચારોથી વાકેફ છું, એટલે આશા રાખું છું કે આપશ્રી

અમારી સમિતિમાં આવી શકો છો.' એઓશ્રીએ એક સાચા રાષ્ટ્રભાષાપ્રેમી ગુર્જર સાહિત્યકારની ગૌરવભરી ઢબે કહ્યું કે, 'જરૂર હું તમારી સમિતિમાં આવીશ.' મેં આ વસ્તુ અમારી સમિતિના અધ્યક્ષ શ્રી. કનૈયાલાલ મુન્શી અને શ્રીમતી શારદાબહેન સમક્ષ મૂકી અને તેઓશ્રી અમારી સમિતિના માનદ સભ્ય તરીકે લેવાયા.

આ વર્ષે અખિલ ભારતીય હિન્દી સાહિત્ય સમ્મેલનની સ્થાયી સમિતિમાં ગુજરાતના બે સભ્યોમાંના એક શ્રી. મેઘાણીભાઈ હતા. સંમેલનના કરાચી અધિવેશનમાં આવવા તેઓશ્રીએ વચન આપેલું પણ માંદગીએ તેમને વચન પાળવા અસમર્થ બનાવ્યા. મારી અભિલાષા હતી કે હિન્દી સાહિત્ય સંમેલનના મુંબઈ અધિવેશન પ્રસંગે આપણા રાષ્ટ્રીય કવિ અને ગુર્જરીના લાડકવાયાને પ્રત્યક્ષ નિહાળી સાંભળી હિન્દી જગત બેહદ ખુશ થશે. પણ આજે તો કાંઈ જુદું જ લખી રહ્યો છું.

મેઘાણીભાઈ એક સાચા રાષ્ટ્રીય પુરુષ હતા. મેં અમારી વર્ધા સમિતિ માટે વાર્તા માગી. તેમણે તરત જ અનુવાદની પરવાનગી આપી મેં તેમની એકાદ કૃતિને હિન્દીમાં અનુવાદ કરવાની પરવાનગી માંગી. તરત જ જવાબ મળ્યો કે 'તમે પસંદ કરી લઈ શકો છો.'

મેઘાણીભાઈની ગુણગ્રાહકતા તો અપૂર્વ હતી. એક વાર વનિતા વિશ્રામના શિક્ષકોએ તેમને નિમંત્રણ આપ્યું. તેઓ આવ્યા. તેમને યોગ્ય સન્માનમાં વિદ્યાલયની બાળાઓએ તેમનું ગીત 'ધરતી માગે છે ભોગ રે'નો કળાત્મક અભિનય સાથે ગરબો રજૂ કર્યો. આબોએ વખત મેઘાણીભાઈ મન્ત્રમુગ્ધ થઈ ઊભા થયાં. પોતાના વક્તવ્યમાં કહ્યું કે. 'આજે હું આ બાળાઓની રજૂઆતથી બેહદ ઋણિ થયો છું. ગુજરાત અને બૃહદ્ ગુજરાતમાં આ રીતે મારા ગીતો ભાગ્યેજ કોઈ રજૂ કરી શક્યું હશે. મને તો આ વસ્તુ અત્યંત અપૂર્વ લાગી.'

મેઘાણીભાઈ સદૈવ નવજવાન હતા. એક વાર વાતોમાં સ્વાસ્થ્ય અને ઉંમર વિષે ચર્ચા થઈ. તેમણે કહ્યું કે પચાસ વર્ષની વયે માણસ પોતાને ઘરડો કલ્પે અથવા ઘરડો દેખાય એ તો આપણા દેશનું દુર્ભાગ્ય છે. મને તો ઘડપણ જેવું મનમાં જરાએ લાગતું નથી. આ મૂછોના ધોળાવાળ ભલે મને પચાસ વર્ષનો ગણાવે.

એકવારની મુલાકાતમાં પ્રત્યક્ષ જોયું કે તેમના હૃદયને નોઆખલી અને બિહારના હત્યાકાંડો વલોવી રહ્યા છે. તેમના એકેએક શબ્દમાં દર્દ હતું. માર્ગ શોધતા હોય એમ લાગતું હતું. એમનો આત્મા કકળી ઊઠ્યો હતો કે આનો ઉકેલ શો ! આ ઋજુ લાગણી જ માનવતાની પરિમાપક વસ્તુ છે.

હું આ વર્ષમાં આઠ દસ વાર મેઘાણીભાઈને મળ્યો. પોતાનાઓને મળવામાં જે આનંદ અનુભવું છું તે જ આનંદ મને અહીં મળતો. તેમના જીવન વિષે અનેકના અનેક અનુભવો છે. મારા અનુભવો મારા પૂરતા છે. મને તો તેઓ સમાજના અને કાળના ખડકોની નીચે વહેતી લોકજીવનને પાલન કરનારી અને સાહિત્યજીવનને પોષનારી લોકસાહિત્યની ગંગાને ઉપર લાવનાર એક ભગીરથ લાગ્યા. તેમનામાં બીજા બધા ગુણોની ઉપર પહેલી નજરે સ્પષ્ટ વર્તી શકાય એવો કોઈ મહાગુણ હતો તો તે હતો 'મહાન માનવનો અપૂર્વ' વારસો. આવા નરવીરો દેશનું ગૌરવ છે. આજે આપણે અમુક અંશે આ વૈભવ વિહોણા થયા છીએ.

સામાન્યોના ભેરુ

બાપુભાઇ પ્રાણજીવન વૈદ્ય

મંગળવારનો દિવસ હતો. ટાઢો હળતો આવતો હતો. હું અને મેઘાણીભાઇ નીચું ઘાલીને લખ્યે જતા હતા. હું 'ફૂલછાબ'નો પહેલો ફરમો તૈયાર કરવામાં પડયો હતો અને મેઘાણીભાઇ તેમનું અનોખું સાહિત્ય સર્જી રહ્યા હતા. ઑફિસમાં સંપૂર્ણ શાંતિ હતી.

હું મારા કામમાં મશગૂલ હતો ત્યાં એક છોકરાએ આવીને મને કહ્યું: "બહાર રસ્તા પર એક ડોસો બેભાન પડયો છે."

હું શાંતિથી ઊભો થયો. મેઘાણીભાઇને કશી ખલેલ ન પડે એ રીતે ઑફિસની બહાર આવ્યો. રસ્તા પર આવીને જોયું તો એક વૃદ્ધ આદમી બેભાન અવસ્થામાં 'ફૂલછાબ' કાર્યાલયની સામે પડયો હતો. તેના શરીરનું ડોસાને કશું ભાન નહોતું રહ્યું. ઝાડા અને ઊલટીઓમાં તે હબહબતો પડયો હતો. તેના કપાળે હાથ ફેરવતાં તેને સખત તાવ હોય તેમ જણાયું.

પાડોશના બૈરાંઓએ ડોસાને ચક્કર ખાઇ પડતો દેખી તેના માથા પર ઠંડું પાણી રેડયું હતું. પાણી રેડવાથી ડોસાને કંઈ કળ વળતી હોય તેમ જણાતું હતું.

મને લાગ્યું કે મારે આ ડોસા પાસે થોડો વખત રહેવું પડશે. હું ઑફિસમાં પાછો આવ્યો. ઝવેરચંદભાઇને તેમના કામમાં વિક્ષેપ પાડીને મેં કહ્યું, "ભાઈ, બહાર કોઇ માણસ ગંભીર સ્થિતિમાં પડયો છે. હું થોડી વાર તેની પાસે જઉં?"

"શું છે?" ભાઇએ ચશ્મા ઉતારતાં પૂછ્યું.

"ઝાડા-ઊલટી ને તાવમાં એ બેભાન પડયો છે. જોઉં, તેને માટે કંઈ થઈ શકે તો!" મેં કહ્યું.

"ચાલોને, હું ય આવું." કહી ભાઇ પણ ઊભા થયા.

અમે બંને બહાર આવ્યા ત્યારે ડોસાને જરા શાતા વળી હતી. ચશ્મા પહેર્યા હોવા છતાં તે બરાબર જોઇ શકતો ન હતો. કાને પૂરું સાંભળી શકતો નહોતો, એની નાડીનો વેગ ઢંગધડા વગરનો હતો.

"બાપુભાઈ," મેઘાણીભાઇએ કહ્યું, "આને માટે કૉફી બનાવી હોય તો?"

"તો બહુ સારું." મેં કહ્યું.

મારી પત્ની કૉફી બનાવવા ગઈ.

મેઘાણીભાઈ પણ ડોસાની બાજુમાં બેઠા. ડોસા માટે ગોસંબી લાવવા તેમણે માણસ દોડાવ્યો. તેને માટે નવું ધોતિયું મંગાવ્યું. કૉફી આવી. મેઘાણીભાઇ પોતે એ કૉફી તેને પાવા લાગ્યા. કૉફી પાતાં પાતાં ભાઈ કહે: "આજે હું ગાડીમાંથી ઊતરીને આવતો હતો ત્યારે મેં આ ડોસાને જોયો હતો. તેની આંખે પૂરું સૂઝતું નથી, છતાં એ સીધે રસ્તે ચાલવાને બદલે કેડી તરફ જતો હતો. મને સમજાય છે, એને બાપડાને ઝાડા થયા હશે; એમ હાજત માટે એ કોઇ વાડ કે ખાડાનો આશરો શોધતો હશે. અને આખરે તેનું ખળભળી ઊઠેલ શરીર હાથમાં નહીં રહ્યું હોય ત્યારે જ અહીં ઊઠી પડયો હશે."

એક નાનું એવું ટોળું ત્યાં જમા થઇ ગયું હતું.

"ભાઇ," મેં કહ્યું, "હમણાં કાઠિયાવાડમાં કૉલેરાનો ઉપદ્રવ ચાલે છે, એટલે આ માણસને હૉસ્પિટલમાં મોકલી દઇએ તો સારું?"

"હા—એ વાત બરાબર છે. તેની સારવાર માટે આપણા એક માણસોને ત્યાં રાખજો, પણ આવી દશામાં તે ડૉક્ટરની સારવાર હેઠળ હોય તો સારું."

"એને હૉસ્પિટલ ભેગો કેમ કરીશું?" મેં પૂછ્યું.

"આપણી કાર્યાલયની રેંકડીમાં સુવાડીને તેને દવાખાને પહોંચાડીએ", મેઘાણીભાઇએ કહ્યું.

ડોસાને રેંકડીમાં સુવડાવી અમે ઊપડયા.

પહેલાં તો ડૉક્ટરને એક ચિઠ્ઠી આપવાની જરૂર પડી. પણ પાંચ-સાત મિનિટ સુધી ડૉક્ટર બહાર આવ્યા નહીં, ત્યારે હું સીધો તેમના ઘરમાં જ ગયો. કહ્યું: "ડૉક્ટર, એક ગંભીર કેસ લાવ્યો છું"

"હા, પૈસા ન મળે તેવા દરદીને લાવ્યા હશો."

"આ તો ગરીબ માણસ છે. રસ્તા પર બેભાન પડયો હતો. તેને બેક દિવસ દવાખાનામાં રાખો. જીવે તો સારું. મરે તો તેનાં નસીબ, પણ રાણપુરના રસ્તા પર એક માણસ તરફડીને મર્યો એમ તો નહીં કહેવાય. અમે તેને માટે કપડાં, ઓસંબીની વ્યવસ્થા કરી છે. અમારો એક જણ તેની પાસે જાગશે પણ ખરો. આપ એને દવાખાનાના વોર્ડમાં રાખો."

"તમારે તેને હોસ્પિટલની સારવાર અપાવવી હોય તો તેને વઢવાણ કાં અમદાવાદ મોકલો." ડૉક્ટરે કહ્યું.

"ડૉક્ટર એવી મશ્કરીની વાત રહેવા દો. આ માનવતાનો સવાલ છે. ગામની પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે. રાણપુરના રસ્તા પર કોઈ માણસ તરફડીને મરે તેમા આપણી શોભા નહી. આપ કૃપા કરીને તેને તપાસો તો ખરા!"

ડૉક્ટરે બહાર આવી દરદીને હાથ પણ અડકાડયા વિના કહ્યું; "આને કંઇ નથી. એને વોર્ડમાં દાખલ કરવાની જરૂર નથી."

ઘણી માથાકૂટ કરવા છતાં ડૉક્ટર એકના બે ન થયા.

ડોસાને ધર્મશાળાના ઓટલા પર મૂકી હું પાછો ઓફિસમાં ગયો.

"કેમ, ભાઇ!" મેઘાણીભાઇએ પૂછ્યું, "એને દવાખાનામાં મૂકી આવ્યા, ડૉક્ટરે શું કહ્યું? ડોસા બચશે તો ખરને?"

"ડૉક્ટરે તો એને દવાખાનામાં દાખલ ન કર્યો" ડૉક્ટરે બતાવેલ હલકી વૃત્તિથી મને થોડી ચીડ ચડી હતી.

"દાખલ ન કર્યો? શા માટે?" ભાઇએ પૂછ્યું.

"આ ડોસા પાસેથી કાંઈ પ્રાપ્તિ થવાની આશા નહીં ને!" મેં સહેજ કડવાશથી કહ્યું.

"પણ તેની સારવાર માટેના ખર્ચની જોગવાઈ તો આપણે કરવાના હતા ને! તમે ડૉક્ટરને એ વાત ન કહી?"

"એ વાત તો કહી. પણ તેમાં ડૉક્ટરના ખિસ્સામાં શું આવે?"

"શું કહો-છો? મેઘાણીભાઈએ તેમના લાક્ષણિક સ્વરે પૂછ્યું, "માણસના મોતમાંથી એને કમાણી કરવાનું સૂઝે છે?"

"રાણપુરનાં એટલાં કમનસીબ!"

"હું જઉં છું. ડૉક્ટરને સાફ સાફ સંભળાવી દઈશ." ભાઇએ ઊભા થતાં કહ્યું.

મને લાગ્યું કે મેઘાણીભાઈ જશે તો કદાચ વાત વધી જશે. છેવટે મેં સૂચના મૂકી: "ભાઈ આ ડૉક્ટર તો સુધરાઈનો નોકર છે. આપણે બને સુધરાઇને જ શા માટે અરજી ન કરીએ!"

મેઘાણીભાઇએ મારી વાત સ્વીકારી.

મેઘાણીભાઈના મનમાંથી પેલા જર્જરિત ડોસાની વાત ભૂંસાતી ન હતી. સાંજે અમે વાળુ કરવા ગયા ત્યારે મેઘાણીભાઈ મારી પત્નીને કહે: "દયાબેન, તમને જરા મોડું તો થશે, પણ પેલા ડોસાને જોઈ આવ્યા વિના મને ખાવાનું નહીં ભાવે. હું જરા ધર્મશાળા સુધી જઇ આવું."

"હું પણ આવું છું." મેં કહ્યું.

અમે ધર્મશાળામાં ગયા.

ડોસો ઓટલા પર પડયો હતો. તેને વળી ઝાડો થયો હતો. માખીઓ બણબણાટ કરતી હતી. ચોખલિયા માનવીને તો ડોસાથી દશ ફૂટ દૂર ઊભવું ય ગમે તેવું ન હતું. મેઘાણીભાઇએ ડોસાની બાજુમાં બેસી તેને પૂછ્યું: "હવે કેમ છે? કાંઈ ખાવું છે?"

"ના-ભાઈ! ખાવું કાંઈ નથી. હમણા એક ઝાડો થઈ ગયો છે. બાકી હવે સારું છે." ડોસાએ ધીમા કંપતા સાદે કહ્યું.

"બાબુભાઈ, આપણે આને પખાળી સાફ કરી દઈએ. તમે પાણી રેડો: હું તેને ધોઇ દઇશ." મેઘાણીભાઇએ બાંયો ચડાવતાં કહ્યું. 'સંત દેવીદાસ' નો સર્જક માનવતાનો સાદ સાંભળી એ ડોસાનાં મળમૂત્ર સાફ કરવા તૈયાર થઇ ગયો. એના મુખ

પર કોઈ સૂગ ન હતીઃ ત્યાં તો દેખાતો હતો-લખ્યું જીવવાની તક મળ્યાનો આનંદ.

પણ અમને જોઈને ધર્મશાળામાં માણસોનું નાનું એવું ટોળું જમા થઈ ગયું હતું. તેમાંથી એક મુસ્લિમ યુવાને આગળ આવી અમારી કોઈની વાટ જોયા વિના ડોસાને સાફ કરવાનું શરૂ કરી દીધું. મેઘાણીભાઈ અને હું એ યુવાનની સ્ફૂર્તિ જોઈ રહ્યા. ઘણી જ ઝડપથી ડોસાને ઓછામાં ઓછી તકલીફ પડે એ રીતે તે યુવાન મળ સાફ કરી રહ્યો હતો. ડોસાને સુવડાવી તેનાં બગડેલ કપડાં લઈને યુવાન ધોવા ચાલ્યો.

" ભાઈ, " મેઘાણીભાઈએ તેની પાસે જઈ કહ્યું, " સેવાનો આવડો મોટો લ્હાવો તમને એકલાને નહીં લેવા દઉં. લાવો, હું એ કપડાં ધોઈ આપું."

"અરે, બાપુ !" પેલો મુસ્લિમ કહે, "આમાં સેવા શી ને વાત શી ! હું તો ગાડીવાળો છું. ઘોડાનાં મળ-મૂત્ર ચૂંથું છું. તો આ તો આદમી છે ! અને આ ડોસાની જગ્યાએ મારો બાપ હોય તો ?"

"રંગ છે, યુવાન ! આ ડોસાની જગ્યાએ આપણા બાપ હોય તો ! દરેક વૃદ્ધમાં જેને બાપનાં દર્શન થાય એ યુવાનને ધન્ય છે. પણ તમને આ બાપાનાં લૂગડાં ધોવામાં મદદ કર્યા વિના મને ચેન નહીં પડે"

અમે બંને એ યુવાનની સાથે ડોસાનાં કપડાં ધોવા લાગી પડેલ.

ડોસાને સાફસૂફ કરી. કોરાં કપડાં પહેરાવી તેને અંદરની પરશાળમાં ખાટલા પર સુવડાવી મેઘાણીભાઈએ તેને પૂછ્યુઃ "તમારે કાંઈ જોઈએ છે ?"

" ના," ડોસાએ કહ્યું. ' મારી પાસે એક રૂપિયો ને ત્રણ આના છે, હું મારી દીકરીને ઘેર જતો'તો. તાવ તો ઘણા વખતથી આવે છે. તમે બધાએ મારી જે ચાકરી કરી એથી વધુ બીજું કોઈ શું કરવાનું છે ? બા-પા, ભગવાન તમારું ભલું કરે આજની રાત અહીં પડયા રે'વા દ્યો. કાલ હાલવાની તેવડ લાગશે તો જતો રહીશ."

"તમારે જવાની ઉતાવળ કરવાની જરૂર નથી. બે ત્રણ દિવસ અહીં રહો. તમને ખાવા-પીવા તથા દવાની સગવડ અમે કરી આપીશું." મેઘાણીભાઈએ કહ્યું.

"તમે તો સારા માણસ છો, એટલે મારા સારુ મે'નત કરો છો. પણ મારાથી કંઈ ગીકા ઝાડનાં મૂળ ખવાય ?"

ડોસાની આવી ઊંચી સાર-દષ્ટિએ મેઘાણીભાઈને ગદ્‌ગદિત બનાવી મૂકેલ.

તે દિવસે સ્ટેશને જતાં ભાઈ મને કહેતા હતાઃ "બાબુભાઈ, મને તો એ ડોસાની દષ્ટિ પ્રત્યે માન ઊપજ્યું છે. એની પાસે ઓગણીસ આના છે, એટલે એને બીજું કશું જોઈતું નથી. આપણે તેને માટે લગભગ કંઈ જ નથી કર્યું છતાં તેને તો જગત ભલાં માણસોથી ભર્યું લાગે છે. આનું નામ તે સાચો આશાવાદ."

અને ત્રીજે દિવસે એ ડોસાને ચાર રૂપિયા આપતાં મેઘાણીભાઈને જે આનંદ થયો હતો તે કહી ભૂલાય તેમ નથી.

× × ×

લેખકોના અધિકાર માટે ઝવેરચંદભાઈ હંમેશાં જાગ્રત રહેતા. એને અંગે તેમને અનેક લડતો ચલાવવાના પ્રસંગો આવ્યા છે. "લેખકોને અમે પ્રસિદ્ધિ આપીએ છીએ ને !" એવી પ્રકાશકવાદી તુંડમિજાજી સામે મેઘાણી સદૈવ ઝૂઝતા રહ્યા હતા. કાવ્યો, વાર્તાઓ કે રાસોના સંગ્રહો તૈયાર કરનાર કાગળ, શાહી, છપામણી બધાનું ખર્ચ કરે અને લેખકનું લખાણ મફત માગે એ વસ્તુ તેમને ખૂંચતી.

પણ મેઘાણીભાઈની આ લડતમાંથી તેમને વિશે કેટલાક લોકોમાં એક ખોટી અમર ઊભી થવા પામી હતી. "ઝવેરચંદભાઈ તો રોકડિયા છે પૈસા સિવાય બીજી કોઈ વાત તેમને સૂઝતી નથી. સોકરા ઈચ્છતા છે." એવી જાતની ટીકા પણ મેં સાંભળી છે.

મેઘાણીએ મોટાં દાનો નથી કર્યાં કે મોટા ફાળા ઉઘરાવવાની સરદારી નથી લીધી એ ખરું, પણ

સામાન્ય માનવનાં દુઃખની વાત સાંભળી તેમનું હૃદય કદી દ્રવ્યા વિના નથી રહ્યું.

એક વખત "પ્રજાબંધુ"માં વાત આવી કે જાણીતા હિંદી કવિ નિરાલાજી પોતાનું જીવન કંગાલિયતમાં વીતાવે છે. તેમને એવા દિવસો ય કાઢવા પડે છે કે જ્યારે જીવનની જરૂરિયાતો પૂરી પાડવાના ય વાંધા પડે.

આ ખબર વાંચી મેઘાણીનું કવિહૃદય દ્રવી ઊઠ્યું. કવિતાનો પંથ ખુવારીનો પંથ હોવાનું મેઘાણીભાઈ જાત અનુભવ પરથી જાણતા હતા. કવિને ત્યાં ધનની છોળો નથી ઊડતી. પણ કવિ તો ખુવારીનો રાહ પોતાની જ મરજીથી ગ્રહણ કરે છે. કાવ્ય-સર્જન એ તેની મોજ છે. સર્જનનો આનંદ એ જ કવિની સાચી તૃપ્તિ છે. અમદાવાદમાં મળેલ લેખક-મિલન પ્રસંગે મેઘાણીભાઈએ નહોતું કહ્યું કે, "જીવણલાલ કંપનીમાં રહ્યો હોત તો આજે કદાચ મહિને પાંચ-હજાર રૂપિયા કમાતો હોત. સાહિત્યસર્જનમાં મેં એવી જબરી કમાણી નથી કરી, પણ પાંચહજાર કમાત તો હું 'મેઘાણી' ન રહેત ને ! મને તો મેઘાણી રહ્યાનો સંતોષ છે," વગેરે !

પણ એ કવિ ભૂખ્યો બેઠો રહે તે કેવું ખરાબ ! નિરાલાજીની વાત વાંચી ઝવેરચંદભાઈએ એક રૂ. ૫૦નો ચેક દિલ્હીમાં રહેતા શ્રી. યશવંત પંડ્યા પર મોકલી, તેમાં લખ્યું કે, નિરાલાજીનાં સરનામાની મને ખબર નથી. તેઓ આર્થિક સંકડામણ ભોગવે છે તે જાણી મારા તરફથી આ નાની રકમ ફૂલ-પાંખડી-રૂપે મોકલું છું. કૃપા કરી તે નિરાલાજી પર મોકલાવી દેશો.

થોડા દિવસ પછી શ્રી. પંડયાનો પત્ર આવ્યો, તેમાં કંઈ એવી મતલબનું લખ્યું હતું કે: 'નિરાલાજી મુશ્કેલીમાં છે એ વાત સાચી છે, જીવનની જરૂરિયાત મેળવવાના ય ક્યારેક તેમને વાંધા હોય છે તે ખરું. પરંતુ તેનું કારણ જુદું છે, હિંદીના એ સમર્થ કવિની જનતાએ કદર નથી કરી એમ નહીં કહેવાય. પૈસા તો તેઓ ઠીક કમાયા છે, પરંતુ તેમની ટેવોને લીધે એ પૈસા તેમની પાસે ટકતા નથી, તેમની પાસે ગમે તેટલા પૈસા હોય તો પણ એ ઉડાવી દેવાના. તમારા પચાસ રૂપિયાનો તેમને મન કશો હિસાબ નહીં હોય અને હું જાણું છું કે તમે પરસેવો રેડીને રળેલ રૂપિયા પચાસ તમારે માટે કિંમતી છે. આ વાત ધ્યાનમાં લઈને તમારા રૂપિયા પચાસ પાછા મોકલું છું.

એ પચાસ રૂપિયા પાછા મળ્યા તેનો મેઘાણીભાઈને કોઈ હર્ષ ન હતો.

× × ×

કોઈ બેને દક્ષિણ હિંદનાં ગામમાં બેઠાં બેઠાં ઝવેરચંદભાઈનાં એક પુસ્તક વિશે અમુક પૂછાણ કરેલ. સાથે સાથે એ પુસ્તક કયે ઠેકાણે મળી શકશે તે પણ પુછાવ્યું હતું.

મેઘાણીભાઈએ તેમની ટેવ મુજબ એ પત્રનો વિગતવાર જવાબ આપેલ. અને એ પુસ્તકના પ્રકાશકનું સરનામું આપવાને બદલે રજિસ્ટર્ડ બુક-પોસ્ટથી એ પુસ્તક જ પોતાના તરફથી ભેટ તરીકે મોકલાવી દીધેલ.

"ભાઈ, આ રીતે મફત પુસ્તકો મોકલવાનું તમને કેમ પોસાય ?" મેં એ વખતે પૂછ્યું હતું.

"ત્યારે શું કરું ! દૂર દૂરથી એક ગુજરાતી બેન મારાં કોઈ પુસ્તકમાં જીવંત રસ લઈ મને પત્ર લખે, તેને પ્રકાશકનું સરનામું આપતાં હું ભૂંડો ન લાગું !"

પોણોસો પુસ્તકોના સર્જકમાં સામાન્ય વાચક પ્રત્યે આટલો વિવેક હોય તેવું ભાગ્યે જ જોવા મળે છે.

ગુજરાતને કોઈ બેકદર કહેતું તો મેઘાણીભાઈ નાખુશ થતા. તેઓ કહેતા: "જેને જનતામાં શ્રદ્ધા ન હોય એ માણસ પોતે જ બોદો ગણાવો જોઈએ. મને ગુજરાતે શું નથી આપ્યું ? હું દૂધ ચોખા ખાઉં છું તે ગુજરાતને જ પ્રતાપે ને !"

સામાન્ય વાચકને ઝવેરચંદભાઈએ હંમેશ આરાધ્ય-દેવ માન્યો હતો. એના પ્રત્યે તેમણે કદી ય બેદરકારી દાખવી નહોતી. મેઘાણીભાઈ જીવ્યા આ સામાન્ય વાચકના સાથમાં, અને હવે તેઓ અમર થશે આ જનતાના જ પ્રેમને કારણે.

મનનો મોરલો ઢળી પડચો

જિતુભાઇ પ્ર. મહેતા

આષાઢ મેઘગર્જના મોસમમાં ગતો ચોળ થઈ ફાટી પડે છે. આકાશનો કોઈ દૂધિયો તારો ગતેલી રાત ચળકીને ખરી જાય છે. અગન ચંદ્રનું ગીત ચોમાસામાં ખેતરો ઉપર ઢોળાઈ પડે છે. બગીચો કોઇ ખાસ દિવસે ચળકમળક થતો નજરે પડે છે.

પણ ઝવેરચંદ મેઘાણીની કલમ તો રોજ ખીલે. વરસોનાં વરસો લગી એમનું સાહિત્ય ફળ્યા કરે. જ્યારે એમની કલમવાડી ઉપર આંખ મૂકો ત્યારે રૂપ, રંગ, સુવાસ અને તાઝગી સામાં મળે.

*

પચ્ચીસ વરસ લગી આવો ઉમળકો રાખી કૃતિનું સર્જન કરવાનું અને એ કૃતિ ગુજરાતને આપવાનું ભાગ્ય એક ઝવેરચંદ મેઘાણીનું જ હતું.

ઝવેરચંદ જ્યારે ભાવનગરની સામળદાસ કૉલેજમાં અભ્યાસ કરતા હતા ત્યારે કૉલેજના વિદ્યાર્થીઓ એક સામયિક પ્રસિદ્ધ કરતા. એમાં ઝવેરચંદના પ્રથમ લેખો પ્રગટ થયા હતા. 'અધીરીના ઉમળકા' અને 'જગત બહાર ગમે ત્યાં.'

એ બે લેખોએ, તે દિવસે જ એક ગુલાબી કલમ તારવી આપી. એ કલમમાં મેઘાણીના હૈયાનું પાન મેંદીની જેમ ઘુંટાયું હતું.

એમનામાં એ દિવસથી એક કલાકાર સળવળ્યો હતો. એ કલાકાર એમના મૃત્યુ સુધી એમનો પડછાયા જેમ જ રહ્યો.

ગુજગતમાં સાહિત્ય હતું. થેડી કલમો હતી. પણ ઘણી કલમો સામે સફેદ કાગળ રહેતો અને એના પર એમ ને એમ, આખ વારે શબ્દો જઇ પડતા.

ઝવેરચંદ મેઘાણી આગળ સાળચદુ ગણું હતું. કંઠમાં શબ્દ ગોઠવાતો અને ધ્વનિનું રૂપ લઇ એ શબ્દ કાગળ પર જતો.

ત્યારે સાહિત્યકારો, મોટા ભાગે એવી શૈલી રચતા કે એમાં એક પ્રકારનો ભાર લદાયેલો લાગતો.

મન ઉપર ઊર્મિની મોરલી વરસી પડતી તે શૈલી એ થનગનાટ રજૂ કરતાં સંકોચ અનુભવતી.

મેઘાણીભાઇએ કલમ લીધી અને ઊર્મિને સાબદી કેડી મળી ગઈ. લાગણીવેડાનું, આળા હૈયાનું એ રૂપ ન હોતું કે, એમાથી કન્યાઓ જેનું પૂજન કરે છે એ ગોરમાના વાઘા તૈયાર થાય.

દિલ ચોર્યા વિના, એમની અંદરના કલાકારે જગત નિહાળ્યું, નિરીક્ષણ કર્યું અને રસાળ શૈલીમાં તરવા લાગ્યા.

*

ઝવેરચંદભાઈ ઉપર કલાપીની ખૂબ અસર હતી. એમના ગળામાંથી કલાપીનાં ગીતો આબાદ બહાર નીકળતાં, 'સયારી અશ્રુની ધારા' એ એમનું અતિ પ્રિય ગીત હતું.

કલાકારને પહેલેથી, આંસુ અને નિઃશ્વાસ સાથે વધુ બનતું છે. મેઘાણીભાઈએ કલાપીના એ મોતીઓને કંઠમા ખૂબ પરોવ્યાં છે.

સંભારણા તો એટલાં છે કે એ તારવવાનું કામ આજે મુશ્કેલ થઇ પડ્યું છે, મનનો આવો કોઈ મોરલો ઢળી પડે એની વિગતો ગૂંથવી વસમી થઈ પડે છે.

*

એઓ જીવણલાલ કંપનીમાં રહ્યા. કલકત્તામાં વસવાટ કરતા ગયા. વચ્ચે શ્રી. જીવણલાલ સાથે વિલાયત ગયા. ખાસ કરીને દૂધ ઉપર ત્યાં રહ્યા અને હિંદ પાછા આવ્યા.

એમની વાતોમાં એમની વિલાયતની યાત્રાનો ઉલ્લેખ ન જ થતો. એમાં એમને બહુ મોજ પડી ન હોતી.

પછી તો તેઓ પત્રકારત્વમાં આવ્યા. અને એ દિવસથી એમની કલમ ચાલી ચાલી તે કેઠ એમના મરણુથી જ અટકી.

*

સોરઠી સાહિત્ય રજૂ કરીને, એમણે ગુજરાતની ભાષામાં જોમ આણ્યું. એ લોકસાહિત્ય એમણે

ક્યાંથી મેળવ્યું ! કેવી રીતે હાથ કર્યું ! એ આખો રીતુસેતો પ્યાલો તો, 'પરકમ્મા'નાં પાનાં ઉપર રાખી દેવામાં આવ્યો છે.

ધરતીનું ધાવણ પીને, એમની કલમ તંદુરસ્ત બની. એમના પગ હેઠળ એમણે કાઠિયાવાડ આખો કાઢી નાખ્યો.

એક સંશોધક તરીકે એ બહાર પડ્યા. પણ એમની અંદરનો કલાકાર તો કલાના ધાગા ઉઠાવતો રહ્યો.

ચારણો, ભજનિકો, બારોટો, વાતુડિયાઓ, બહારવટિયાઓ, ઢેઢો, ડોશીઓ, ખવાસણો, સોરઠની બહેનો—એ બધાં પાસેથી એમણે લોકજીવનનો પરાગ લીધો અને એમના લખાણમાંથી કાઠિયાવાડી દેવાનું રંગીન મેઘધનુષ્ય બંધાયું.

એમની કલમને તરબોળ થવું હતું, લોકજીવનની ઊર્મિમાં. એટલે એમનું દિલ જઈ પડ્યું, સંસારમાં. એમના કાન પર અફળાયું એક ગીત.

ગાનારી બાઈની ગોદ ખાલી પડી હતી. કૂખ લીલી થઈ નો'તી. ઘરનાં આંગણાંને એ ગોરી ગારે લીંપતી હતી. પણ એમાં લિજ્જત ક્યાં હતી !

*

તાજી ગાર લીંપનારી, ઘરનો કોઈ પુરુષ ગાર ઉપર પગલાં પાડે તો ત્રાડુકતી. પણ એ જ સ્ત્રી ઝંખતી હતી, બાળકને. એ ગાતી'તી : 'પગલીનો પાડનાર દ્યો રે રન્નાદે.' લીલી ગાર ઉપર બાળક દોડી જાય અને એ બાળકને પકડી લાવવું પડે એ દી જોવાની એને હોંશ હતી.

એ ગૃહલક્ષ્મીએ ધોયોધફેલો સાડલો પહેર્યો હતો. એ સાડલો એને સાલતો હતો. કારણ કે સાડલાને ઘોડો મેલો કરનાર, એનો ખોળો ખૂંદનાર ક્યાં હતો !

*

આવું દર્દભર્યું સંસારી ગીત, સોરઠી સ્ત્રીઓના ગળામાં રમતું. મેઘાણીભાઈએ એ ગીતને ગળામાંથી બહાર આણ્યું. ગુજરાતની આંખ સામે મૂક્યું.

ઝવેરચંદભાઈ નર્યા શાસ્ત્રી બન્યા હોત અને એ રીતે જ સંશોધન કરી કરી એમણે કાઠિયાવાડને રજૂ કર્યો હોત તો એમાં આવી લાલી ન આવત. એમનાથી એ બને જ કેમ ?

ગીતો વીણવા જવું એ કાંઈ બગીચામાં જઈને ટપોટપ ફૂલ તોડવા જેવું સહેલું કામ નથી.

અને સાથે સાથે એમણે સોરઠની કથાઓ હાથ પર લીધી. 'સૌરાષ્ટ્રની રસધાર' ગુજરાતના હાથમાં ગઈ અને એ ગુજરાતને હૈયે ચોંટી.

*

એ પ્રવાહ ચાલતો જ રહ્યો. એમની લખેલી ઘણી વાતો રસભરેલી છે. એમાં ય 'ઓળીપો' નામની ટૂંકી વારતા, જગત સાહિત્યમાં બિરાજમાન થઈ શકે એવી કલામય છે.

આનું ઉર આ પુરુષ આટલી ગજબ રીતે કેમ કરીને ઉકલી શક્યો હશે !

કાઠિયાવાડના લોકજીવનમાં જે રિવાજો હતા એનો ગંઠો પણ એમણે ગૂંથી લીધો. પરિણામે ઉમદા દસ્તાવેજી સાહિત્ય સંઘરાયું.

લોકજીવનના સીધા સંપર્કને કારણે, ઝવેરચંદભાઈએ ગુજરાતી ભાષાને એવા એવા પ્રાણવાન શબ્દો આપ્યા કે એ શબ્દો પછી તો બીજાઓની કલમમાંથી પણ પડવા લાગ્યા.

*

એમનો એક પગ પત્રકારત્વમાં અને બીજો પગ સાહિત્યના ક્ષેત્રમાં. એમણે નક્કી કરી આપ્યું કે 'પત્રકાર સાહિત્યકારોમાં કુશળ એમ સર્જાયો નથી.'

એટલું જ નહિ, સાહિત્યકારો જ્યાં પહોંચી શકતા નહોતા, ત્યાં પત્રકાર પહોંચી જતો હતો. પત્રકારમાં જે સ્ફૂર્તિ રહેતી એ સાહિત્યના રસાયન માટે ખડૂ કામની હતી.

રાજકારણના લેખોમાં ય એમણે શબ્દોનું લાલિત્ય મેળવી આપ્યું. દેશના દિલ સાથે એમની કલમ તાલ મેળવવા લાગી.

એમનું બધું કામ પરવારી એ એક દિવસ બેઠા હતા. 'સૌરાષ્ટ્ર'નો અંક સાવ તૈયાર થઈ ગયો હતો. તાર આવ્યો, જતિનદાસના મૃત્યુનો.

એમની કલ્પના સળગી ઊઠી. 'સૌરાષ્ટ્ર'ને પહેલે પાને એક કવિતા જવી જોઈએ. હાથમાં કલમ લીધી. અને લખાયું:

'રણશીંગાં બજિયાં નહિ
નવ ગહેકી શરણાઈ
તલવારોની તાળીઓ
સમરે નવ સંભળાઈ'

આમ વીજઝડપે એમણે ગુજરાતને અને હિંદુસ્તાનને ઉમદામાં ઉમદા ગીતો આપ્યાં.

*

એમની કવિતાએ પણ અનેક કૂવાનાં પાણી પીધાં છે. મેઘાણીભાઈ પાસે કોઈ અંગ્રેજી ભાષાની કવિતા પહોંચી હોય અને એની સાથે એમનું મન લાગે તો મેઘાણીભાઈ ગુજરાતીમાં એ ભાવ ઉતારે. કવિતા આખી પૂરી થાય ત્યારે એ મૂળ કવિતાને કોરે મૂકી દે.

એ શક્તિ એમને વરી હતી. 'કોઈનો લાડકવાયો' એ મૂળ ગીતના કરતાં ક્યાંય અદ્ભુત બનવા પામ્યું છે.

*

એમણે પીડિતોનાં ગીતો રચ્યાં: 'જાગો જગના ક્ષુધાર્ત'. આઝાદ મેદાનની જંગી મેદની વચ્ચે, એમણે આ જાગેલા ગુલામોનું ગીત, 'ઈન્સાફી તખ્ત પર કરાલ કાલ જાગે' ગાયું ત્યારે વાતાવરણ કંપી ઊઠ્યું.

સૂણનાગણોની છાતીના કાંગરા પર પ્રમાણિક રોષની આગ ભડકી ઊઠી. અને 'ટાઇમ્સ ઓફ ઇન્ડિયા'ના તંત્રીલેખમાં આવાં ગાયનોથી, દેશ સળગી ઊઠશે એવી બીક બતાવતો લેખ ચમકી ગયો.

'છેલ્લો કટોરો' અને એવાં અનેક ગીતો રચીને એમણે રાષ્ટ્રીયશાયરનું બિરુદ મેળવી લીધું.

આ બધી દેશનો તાલ લેનારી કવિતાઓમાંથી પ, એમનાં કેટલાંક ઊર્મિકાવ્યો કાન આગળ પહેલાં દોડી આવે છે.

*

એક કવિતામાં કવિ મેઘાણીની આંખ આકાશની ઉદ્ભલી વાદળીને ગોતી કાઢે છે. તરત જ એ મોરલાને ઉંચકે છે. એનો આપદીનો કંઠ માગી લે છે. અને પછી ઉદ્ભલી વાદળીને એ મોરલો સાદ દે છે, શું ગીત છે!

ગીતો ગુજરાતે સાંભળ્યાં છે, સંઘર્યાં છે પણ આ એક ગીત જ્યાં લગી ગળું છે ત્યાં લગી નહિ ભુલાય. જ્યાં લગી કલ્પના છે ત્યાં લગી નહિ વિસરાય.

કવિ રવીન્દ્રનાથ ટાગોર ગુજરાતીમાં ગીતો લખે તો! તો 'રવીન્દ્રવાણી'નો ઝંકાર સંભળાય!

બંગાળી ગીતોને મેઘાણીભાઈએ ગુજરાતની ભોમ ઉપર ઉતાર્યાં. એના એ રસ સાથે, છતાં ગુજરાતી રૂપ સાથે.

* –

અરે! રંગૂન ગયા વિના એમણે એક નવલકથા આપી. એમાં આબેહૂબ બ્રહ્મીજીવનના તાણાવાણા!

અને 'માણસાઈના દીવા!' એનાથી તો ગુજરાતની ધરતી સોનેરી થઈ. માણસાઈનો ઝગમગાટ એણે ફેલાવી દીધો. જે માણસોને, સમાજે અંધારામાં ફેંકી દીધા હતા, એમને ગોતીને, એમનું ચિત્ર ચરિતાર્થ કરીને, મેઘાણીભાઈએ એમને દેવાસણાં આપ્યાં.

એ પુસ્તકે નક્કી કરી આપ્યું કે મેઘાણીભાઈ પાસે શૈલી હતી પણ સાથોસાથ અજબ સંયમ હતો.

['વંદેમાતરમ્'માંથી ટૂંકાવેલ]

સોરઠનો ભગીરથ

પી. રા. ભારદ્વાજ

કાળી કામજી ઓઢેલ એક સાંઢણી ઉજ્જડ વનવગડામાં ધ્રુસકે ધ્રુસકે રડી રહી છે. એના મરશિયાને સાંભળનારું કોઈ નથી. એના અંતરના વલોપાતને સમજનારું પણ કોઈ નથી.

દૂરદૂરથી એક યુવાન આવી પૂછે છે, 'આઈ, તમે કોણ છો! શીદને આટલો વલોપાત! શીદને આટલી આંતરડી વલોવો છો!'

જવાબ મળે છે, 'મારા વીરા, હું છું ગુર્જરી ગિરા. સગરના સાઠ હજારની જેમ મારાયે હજારો વીરો આજે અવગતિયાં થઈને પડ્યાં છે. એને ઉદ્ધારનારું કોઈ નથી. માટે બેઠી બેઠી રોઉં છું.

'મારા દેવરો અને આલણદે, શેણી ને વીજાણંદની દેવતાઈ વાતું કળજગિયાં લોકના મોઢે ચડી હોળીના ફાગ બની ગઈ છે. મારા દુહા આજે હલકા વરણના બસૂરાં ગાણાં બન્યાં છે. માથું પડે તોય જેનાં ધડ સાત સાત દી લડ્યાં હતાં એવા વીરોની ખાંભીઓ છાણના લીંપણથી દટાઈ ગઈ છે.

'વીરા! એને ઉદ્ધારનારું આજે કોઈ નથી. માટે બેઠી બેઠી રોઉં છું! રોઉં નહિ તો શું કરું?'

'આઈ તું છાની રે? કોઈ નથી તો હું આવ્યો છું ને! એને બધાયને હું ઉદ્ધારીશ.'

'વીરા મારા! દોહ્યલાં છે એ કામ! કાળના થર ચડ્યાં છે. ધરતીને ખોળે વેંતિયાં પાક્યાં છે. મારા એ વીરોની વાતોને, એમનાં અંતરની મોટપને આજના કળજગિયાં જીવ માનશેયે નહિ.'

'ભલે માડી, પણ તોયે હું તો એને ઉદ્ધારવા જવાનો આશીર્વાદ દે એટલે પથે પળું.'

'બેટા માર્ગ દોહ્યલો છે. ગંગા પ્રકટાવવી પડશે. એ તો ભગીરથ કામ છે...

'તારે પરકમ્માના ફેરા ફર્યે જ કરવા પડશે. પાછું વાળીને જોવાશે નહિ. પાછળ પાછળ ગંગાનાં નીર હાલ્યાં આવશે બાપ! પણ તારી નજર સામે તો લાય બળતી હશે. કાળીભઠ્ઠ થઈ ગયેલી ધરતી ધા નાખંતી હશે. બળબળતા વાયરા વાતા હશે. એવી વાટે તારે તારો પંથ કાપવો પડશે. અને જો પાછું વાળીને જોઈશ તો થઈ રહ્યું. ગંગા ત્યાં જ ધરતીમાં સમાઈ જશે...'

'એ બધી વાતું મેલને આઈ! હવે તો મીઠાં મોના મીઠડાં લઈ રજા દે, એટલે જાઉં. તારાં એ બધાંને ઉદ્ધારી તારે ચરણે પાડો આવીશ. નહિંતર જીવ્યા મુઆના જુહાર જાણજે.'

ગુર્જરીને આશા બંધાઈ. એણે આંસુ લોયાં. મીઠડાં લીધાં. ને વીર પળ્યો એની પરકમ્માને પંથે...

એ તો ધરતીના પેટાળ ખુંદે જાય છે. પાછું વાળીને જોતો નથી. એની પાછળ એની સંસારની વાડી લીલી છે કે કરમાઈ ગઈ છે, એ કાંઈ જોવા એ જરીકેય પાછું વળીને જોતો જ નથી. એનો ચાલ્યો જાય છે વેરાનના પટ વીંધતો, આગળ ને આગળ.

એને સંતો મળે છે, ભજનિકો મળે છે, બહારવટિયા મળે છે, પ્રેમીઓ અને વિજોગીઓયે મળે છે. એ સૌને ઉદ્ધારતો એ આગળ ને આગળ જાય છે.

પાછળ પાછળ લપાતે પગલે છૂપી સરવાણીની જેમ વહેતી ગંગા ચાલી આવે છે. એનું વહેન હવે તો જોશીલું બન્યું છે. એમાં પૂર ઉમટ્યાં છે.

એણે ખુદ્દામતિયા ચારણો જોયા, ટેકીલા નરપતિ જોયા, અકલ્લ ગીરા મૂકીને આવેલા મુલ્લાંઓ પણ જોયા. પણ વચ્ચે વચ્ચે એ તો દૂકે છે કાળનાં ખપ્પરમાં બળીને ભસ્મ થઈ ગયેલાં પેલાં શાપિત સંતાનો-ગૂર્જરી ગિરાનાં...

એક દી આઈ આવીને અચાનક એના મર્મમાં આડી ઊભી છે. એની આંખમાં આંસુ છે.

એ પૂછે છે, 'કેમ આઈ તમારી આંખમાં પાછાં આંસુ કેમ?'

'વીરા, તું તો બળીને ભસ્મ થયેલાંને સજીવન કરે છે. પણ મારું તો દુર્ભાગ્ય જ છે. એક કોરથી તું મારાં જૂનાં સંતાનોને સજીવન કરે છે તો બીજી કોરથી આમ તો જો, આ નવલોહિયા જુવાનો ટપોટપ પડવા માંડ્યાં છે. જોને, એને કોણ સંભારશે? એયે ધૂળમાં રગદોળાઈ હાલ્યાં, જો ને...'

વાત સાચી હતી. કોઈક જોગંદર અવધૂતે કારમું વગાડી, મંત્રેલા અડદના દાણા છાંટી મડાં જેવાં માનવીઓમાં ચેતન ઉભરાવ્યું હતું.

.અને કાળ સામો તાવડો લઈ બેઠો હતો. એના એ તવા ઉપર નવલોહિયા જુવાનો પડી પડીને ધાણીની જેમ ફૂટતાં હતાં...

એણે પૂછ્યું: "આઈ, આમાં કોણ કોણ છે? કોણ કયા બાપનો બેટડો, કઈ માનો લાલ, કઈ તરિયાનો કંથ, કઈ બેનીનો વીરો! એ બધાંને હું ઉદ્ધારીશ, અમર કરીશ."

જવાબ મળ્યો, "ભાઈ જ્યાં રણ રોળાણું ત્યાં કોણ કોને ઓળખાવે. સહુનાં કોઈક મા, બાપ, લાડી અને બેની હશે ને! પણ આમાં કોણ ઓળખાય? જ્યાં આભ ફાટ્યું ત્યાં થીગડું કેમ દેવાય?

પણ ત્યાં તો ભગીરથે એક અંજલિ છાંટીને એ સહુના અજાણ લાડીલાઓને ઉદ્ધારી દીધાં.

પાછો વળ્યો છે એ પરકમ્માને પથે. પાછું વાળીને તો એ જોતો જ નથી. પાછળ પાછળ ધીમાં ધીમાં ચુપચુપ ગંગાનાં વહેતાં પાણી હાલ્યાં આવે છે.

પાછાં આઈ મળ્યાં એટલે એટલે એણે કહ્યું, "મા, સિંહોનો સોરઠ તો ફરી વળ્યો. હવે તો નર્મદાના કાંઠાની પરકમ્મા ફરવી બાકી છે. પછી જોવો છે હરિયાળો ગુજરાત જ્યાં સસલાંયે શેર જેવાં પાકે છે."

હજુ તો એ નર્મદાને તીરે પહોંચ્યો ન પહોંચ્યો —રેવાના સ્વાગત સ્વીકાર્યાં ન સ્વીકાર્યાં ત્યાં તો કાળનું તેડું આવ્યું, એણે માને સંભારી.

આઈ આવી. એ જ કાળી કામળી. એજ ચારણ્ય. આંખમાં શ્રાવણ ભાદરવો વરસી રહ્યો છે.

"આઈ, હવે તો છેલ્લા જુહાર છે. મીઠા મોંનાં મીઠડાં લઈ વળાવો. હવે તો જન્માંતરના ગામતરે!"

આઈના આંસુ ખાળ્યાં ખળાતાં નથી.

અને એ ભગીરથ તો એની સર્જેલી સૃષ્ટિમાં ભળી ગયો જે વીરોને એણે ઉદ્ધાર્યા હતા એની સાથે કસુંબા લેવા એ તો ઊપડી ગયો!

છેલ્લું અઠવાડિયું

સનાઇલાલ ઇશ્વરલાલ પંડયા.

'ભાઈ હવે નથી.' એ વિચારજ આખા ચિત્તંત્રને વિકંપિત કરી મૂકે છે. વર્ષોમાં વિસ્તરેલા સંસ્મરણોની પરંપરાઓ કલ્પના ચક્ષુસામે પસાર થાય છે અને વર્ષો પહેલાં બનેલા બનાવો જાણે કાલેજ બન્યા હોય તેવા તાજા બને છે.

સદ્‌ગત શ્રી. ઝવેરચંદભાઇને—પાછળના સમયમાં એ આત્મીય માનેલા નામ પૂર્વે 'સદ્‌ગત' શબ્દ મૂકતા હૃદયને આંચકો લાગે છે—ભાઇ કહેવાનો અધિકાર છેલ્લા વર્ષોમા પ્રાપ્ત થયો હતો. સને ૧૯૩૦ પછીના અરસામાં તેમણે બોટાદને પેતાનું વતન બનાવ્યું ત્યારથી અઠવાડિયે પખવાડિયે મળવાનો અને સાહિત્ય ચર્ચાઓથી વિનોદ પામવાનો ક્રમ ચાલુ રાખ્યો હતો. એ સૌ કથા પ્રસગોના શુભ યોગથી મારૂં જીવન સમૃદ્ધ થયું મને લાગ્યુ છે. કારણકે સંસારના કટુવૃક્ષમાથી કવિએ ગણાવેલા બને અમૃત-ફળો, સુભાષિત રસાસ્વાદ અને સુજન સાથે સંગતિ, મને એમાંથા મળ્યા છે.

સ્મૃતિની પથરાએલી વનરાજિઓમા ભાવોના અંકુરંની કુસુમો ખીલેલાં છે. મનોમધુકર એમાં નિરાતે ભમીને રસ ખેંચીને નિજના રસાયન યોગથી સ્વાદુ મધુ સરજે ત્યારે ખરો! વિધિયોગે અનુકૂળતા મળશે ત્યારે એ બનશે. અત્યારે તો રસસમૃદ્ધ કળાસમી શ્રી. ઝવેરચંદભાઇના માધુર્યભર્યા જીવનનો આખરી અંશ મેં જોયો છે એવો રજૂ કરીશ. એમનાં નયનોમાં, સ્વરમાં અને ચાલમાં પહેલી નજરે જોનારને પણ દેખાઈ આવે એવી લોકોત્તરતા હતી. અને વધારે પરિચય થતા પ્રતીતિ દૃઢ થતી કે આ માનવી જગતના મહામાનવોના સંઘમા આદરભર્યા સ્થાનના અધિકારી છે. છતાં તેમની ખૂબી એ હતી કે સામન્ય મનુષ્યો સાથે નિર્વ્યાજ સરળતાથી એ ભળી જતા. સાંજના ફરીને પાછા આવતા હોઇએ. વાડીએથી પોતાની બેંસ ચરીને પાછાં ફરતા કોઈ ડોશીના મળે તો તેમના ખબર અંતર પૂછે..પાસેના છાત્રાલયમાંથી દિવસનું કાર્ય પતાવીને રાંધનારાં બાઇ બહાર કૂતરાંને રોટલો નીરવા આવ્યાં હોય તો એમને પણ કુશળ પૂછીને સાંત્વનનું એકાદ વાક્ય કહ્યા વગર ન રહે. માનવી માટે તેમનો માનવી તરીકે જ આદર. વાતચિતમાં સામાને પોતાનું શ્રેષ્ઠ બહાર લાવવા પ્રેરે, પછી તે પ્રતિષ્ઠા પામેલો અગ્રેસર હોય કે કચડાયેલો કંગાલ હોય.

ડૉ. વૃજલાલ મેધાણીના કરૂણ સંયોગોમાં થએલા મૃત્યુથી ચિત્તને થએલો આઘાત ભાઇ શમાવી શકયા નહોતા ત્યાં એક બીજું વ્યવહારિક નિમંત્રણ આવ્યું. બેનના પુત્રના મુંબઇમાં લગ્ન થતાં હતાં. સંસાર રુદન અને હાસ્યની ફૂલગુંથણીનો જ બનેલો છે ને! આ પ્રસંગ કંઈક મોડો આવ્યો હોત તો સારું એમ ભાઇને મનમાં થયું હશે. છતાં—બેન અને બનેવી ઉપર તેમને ઊંડી મમતા એટલે ગયા. બ્રહ્મદેશનું જીવન આલેખતું પોતાનું જાણીતું પુસ્તક "પ્રભુપધાર્યા" બનેવી શ્રી. ચુનીભાઈને અર્પણ કર્યું છે. મુંબઈ જવાને આગલે દિવસે હું સવારે એમને મળવા ગયો હતો. ફાધર એલ્વિનનું નવું પુસ્તક તે હમણાં વાંચતા હતા એ વિશે અમે થોડો વખત વાતો કરી ત્યાં દરજી આવ્યો. એને બાજુમાં જઇને માપ આપ્યું. પ્રવાસની તૈયારીઓ ચાલતી હતી.

રજા લેતાં પહેલાં મેં પૂછયું " આ વખતે ક્યારે પાછા ફરશો? તો જવાબઆપ્યો કે "દસેક દિવસ થશે. બનશે તો નવસારી જતો આવીશ." નવસારી કૉલેજના પ્રિન્સિપાલ શ્રી. અ. ક. ત્રિવેદી ભાઇના ગુણાનુરાગી છે. એમનુ નિમંત્રણ કેટનાક દિવસથી ઊભું હતું 'ફૂલછાબ'-માંથી છૂટા થયા પછી શ્રી. ઝવેરચંદભાઈએ ઠીક પ્રમાણમા પ્રવાસ કરવા માંડયા હતા. મહામૂલી ગુજરાતની સુંદરતા મંદ પ્રવાસે ઊંડના પહેલા નયનો ભરીભરી પી લેવી હશેને?

તેમના મુંબઇથી પાછા ફર્યા બાદ બે ચાર દિવસથી સાંજે ફરવા નીકળુ છું ત્યારે ભાઇનો મેળાપ થતો નથી. બાળકોને લઇને બીજી બાજુ ફરવા નીકળી ગયા હોય છે. આમ નિયમિત ફરતા રહે તો તેમની તબિયત સુધરી જાય તેમ વિચારી સંતોષ માનું છું. હું

મારો ફરવાનો રસ્તો બદલ્યો નથી. રજાને દહાડે નિરાંતે વહેલો જઈને મળી આવીશ એમ ધારું છું. ત્યાં તો એક સાંજે હું ફરવા જતો હોઉં છું ત્યાં પાછળથી ભાઈનો સાદ સંભળાય છે. આજે એકલા ફરવા નીકળ્યા દેખાય છે. બાળકો ઘેર રહ્યાં છે. અમારા નિયમ મુજબ અમે ઘર પાસેથી પસાર થતી રેલ્વેની સડક ઉપર ચાલીએ છીએ. શ્રી. ઝવેરચંદભાઈ દરરોજ કરતાં ધીમા ચાલતા હોય છે. પરંતુ મારું ધ્યાન એ બાજુ હજી ગયું નથી થોડુંક ચાલ્યા પછી તેઓ બોલ્યા: ' આજે મારાથી ધીમું ચલાશે, આપને વાંધો નથી ને?" "નાજી વાંધો શો હોય? અરધોક કલાક ચાલવું એવી ટેવ રાખીછે. આટલા માઈલની ગતિએ જવું એવો કંઈ નિયમ નથી. કેમ, આજે તબિયત બરાબર નથી?

"હમણાં થોડા દિવસથી મને હૃદયને આંચકો લાગે છે."

અમે થોડો વખત મૂંગા ધીરેથી આગળ જઈએ છીએ.

ધંધુકા બાજુ જનારી સડકનું એક નાળું બાંધેલું આવે છે. એ પૂલ ઉપર અમે બેઠા. આસપાસ વાડીઓ છે. સૂર્યાસ્ત સમયની પલટાતી સુંદરતા અમે કેટલીક સાંજે એ સ્થળે જોઈ છે. ત્યારે મને ઓછોજ ખ્યાલ હતો કે એ પૂલ ઉપર અમે ફરી સાથે બેસવાના નથી!

દરરોજની માફક અમે વાતે વળગીએ છીએ.

સઃ—ભાઈ, 'સંસ્કૃતિ' સારું નીકળ્યું છે.

ઝઃ—ભાઈ ઉમાશંકરનો ઉત્સાહ છે. સારું ચાલે તો સારું.

સઃ—ઉમાશંકરે યુધિષ્ઠિરનો પ્રસંગ પણ સરસ લખ્યો છે. પણ એ છંદ બીજે કરસ' (મહાછંદ) તરીકે કામ સાધી શકે કે કેમ તે જોવાનું રહે છે.

ઝઃ—મેં એમને પૂછ્યું કે આ કયો છંદ ત્યારે કહે કે આપણો મનહર. એવો એક પ્રસંગ ટાગોરમાં છે. મારી 'કુરબાનીની કથાઓ'માં મેં મૂક્યો છે. એમાંથી કદાચ એમણે એ લીધો હોય!

સઃ—પેલો પુરોહિત નરકમાં હોય છે અને વિમાનમાં પસાર થતા રાજાને તેનો અવાજ સંભળાય છે તે કે?

ઝઃ—હાજી.

એ અરસામાં સ્ટેશનના યાર્ડમાં ટ્રેનની સીટી સંભળાઈ અને અમે બે હતા એ બાજુ ધીમી ગતિએ તે આવતી દેખાઈ.

સઃ—આપણે ઊઠવું પડશે.

ઝઃ—ચાલોને અહીંથી જ ઊતરી જઈએ.

વાડીઓવાળાને ગામમાં જવા માટે સડક ઉપરથી કેડી પસાર થાય છે. એ રસ્તે થઈને શ્રી. ઝવેરચંદભાઈના ઘર પાસે પહોંચાય છે. નીચે ઊતર્યા પછી અમારી મહાભારતની ચર્ચા ચાલુ રહી.

સઃ—શાસ્ત્રની એક માન્યતા છે કે જેને ઓછું પાપ એને પહેલું નરક ભોગવવું પડે અને વધારે પાપ તેને પહેલું સ્વર્ગ ભોગવી લેવાનું હોય. યુધિષ્ઠિરને પણ એ નિયમ અનુસાર થોડા વખત માટે નરક જોઈ આવવું પડ્યું.

ઝઃ—એ બધી હકીકત મને કહો જોઈએ.

એટલે અમે એ પ્રસંગ અને પાંડવો નો સ્વર્ગારોહણમાંના શ્વાન વાળા પ્રસંગની ચર્ચા કરી.

સઃ—મહાભારતકારનાં પાત્રોમાં એટલું વૈવિધ્ય છે કે व्यासोच्छिष्टं जगत्सर्वम् (વ્યાસે જેનો સ્પર્શ ન કર્યો હોય એવું જગતમાં કંઈ નથી) એ કથન સાચું લાગે છે.

ઝઃ—મારે મહાભારત વાંચી જવું છે. કઈ આવૃત્તિ સારી આવે છે?

સઃ—મેં તો નીલકંઠની ટીકા સાથે એક બે પર્વ વાંચ્યા છે. હમણાં ભાંડારકર ઓરિએન્ટલ રિસર્ચ ઈન્સ્ટીટ્યૂટની આવૃત્તિ સારી આવે છે. ગુજરાતી જોવું હોય તો તો સસ્તા સાહિત્યનું છે જ.

ઝઃ—ના ગુજરાતી નહિ. મહાભારત ક્યારે રચાયું હશે? એનું સંસ્કૃત કેવું મઝાનું છે?

સઃ—કંઈ નહિ તો ઈ. સ. પૂર્વે પહેલી સદી પહેલાં તો ખરું જ. એમનો ભાસનું સંસ્કૃત ક્યાં મળાનું નથી. એ પણ ઘણો જૂનો કવિ છે.

મહાભારત વિષે વધારે વાતો કરતા અમે શ્રી. ઝવેરચંદભાઇના ઘર પાસે આવી પહોંચ્યા. છૂટાં પડતાં પહેલાં મેં તબિયત ના સમાચાર પૂછ્યા. અમાઉ જ્યારે સંધીવાનો હુમલો થયો હતો ત્યારે તેમાંથી મુક્ત થવા હોમિયોપેથિક ઇલાજ કર્યા હતા. વધારે પાવરની દવા લેતાં પહેલાં કોઇ નિષ્ણાતની સલાહ લેવી એવો સ્થાનિક ડોકટરનો મત પડ્યા હતો. એટલે અમાઉ મુંબઈ પણ કોઇની સલાહ લીધી હતી અને વડોદરા વાળા શ્રી.ની ભટ્ટાચાર્યની સલાહ અનુસાર પણ ઉપચાર કર્યા હતા.

સઃ—ભટ્ટાચાર્યને તો ફળ જ્યોતિષમાં પણ સારો રસ લાગે છે. યુવાનને ધંધાની પસંદગી કરવામાં સલાહ આપવા માટે એ વિદ્યાની પણ મદદ લઈ શકાય એ અર્થનો મેં એમનો એક લેખ વાંચ્યો.

ઝઃ—એ એમાં માને છે. દવા આપે છે ત્યારે પણ નક્ષત્ર વગેરે જોઇને આપે છે.

ભાઇને હજી વાળુ કરવાનું બાકી હતું હું રજા લઈ છૂટો પડ્યો.

શનિવાર તારીખ આઠમી માર્ચે શ્રી. ઝવેરચંદભાઈને મારા ઘર પાસેથી પસાર થતા જોયા હતા. ગુજરાતી શાળાના શિક્ષકો બીજાં સ્થળોના શિક્ષકોનું અનુકરણ કરીને પોતાનો સંઘ રચવા ભેગા થયા હતા. શિક્ષકના વર્ગ તરફ એમને મેં કાયમ સહાનુભૂતિ બતાવતા સાંભળ્યા છે. એટલે લથડતી તબિયતે પણ એ સભાને પોતાની હાજરીથી પ્રતિષ્ઠા આપવા ગયા. ત્યાં વ્યાખ્યાન પણ આપ્યું મેં પાછળથી સાંભળ્યું હતું કે ભાઈ દરરોજ જેટલા પ્રસન્ન દેખાતા નહોતા. હું ફરવા નીકળ્યો ત્યારે મેં એમને દૂરથી પસાર થતા જોયા. એ દહાડો એમને પરિશ્રમ પડ્યો હશે માટે ખલેલ ન કરવી એમ ધારી હું ફરવા ચાલ્યો ગયો.

હમી માર્ચ રવિવારનો દિવસ ઊગ્યો, પસાર થયો અને સાંજના છ વાગ્યા. ભાઇની આજનો ખબર કાઢવીજ એમ મનમાં ઊગી નીકળ્યું. અને હું એમને ઘેર ગયો. આ બાજુ ઊભા રહીને પૂછ્યું, "ભાઇ છે કે?"

શ્રી. ઝવેરચંદભાઇના મકાનની બન્ને બાજુ ડેલીઓ છે. અંદર સળંગ ચાર ઓરડાઓ છે. વચ્ચેના ભાગમાં રસોડું છે.

રસોડાની પેલી બાજુની ઓસરી ઉપરથી ચિ. બાબાનું મોં દેખાયું અને તેમણે મને ધીમે અવાજે 'આમ આવો' એમ કહ્યું.

છેલ્લા ઓરડામાં ખુરશી લઈ જવાતી મેં જોઇ. ફળિયામાં જોડા ઉતારતાં મારું મન અપ્રસન્ન થઇ ગયું. કારણ કે એ હતી ઘરમાં માંદગીની નિશાની. છેલ્લા થોડા સમયથી ભાઇની તબિયત સારી તો નહોતી જ છતાં કામ ખેંચ્યે રાખતા હતા. પલંગ પાસે મૂકેલી ખુરશીમાં બેસતાં મેં પૂછ્યું, 'ભાઈ, કેમ અચાનક તબિયત બગડી આવી?'

ઝઃ—હમણાં ગેસની પીડા રહે છે.

સઃ—મે કાલે સાંભળ્યું હતું હતું કે આપના ચહેરા ઉપર કાયમી પ્રસન્નતા નહોતી.

ઝઃ—એ શિક્ષકોની સભામાં જ મને ગેસની પીડા જણાઈ હતી.

એ સભામાં હું હાજર નહોતો પણ મેં સાંભળ્યું છે કે સભામાં અસ્ખલિત વહેતાના સ્વભાવવાળી શ્રી. ઝવેરચંદભાઇની વાણી એ વખતે શ્રોતાઓને લથડતી જણાઇ હતી. પરંતુ એમનો જાત ઉપર એટલો કાબુ હતો કે તેઓ કેવા શારીરિક દુઃખ વચ્ચે બોલી રહ્યા છે એની આખી સભાને પ્રતીતિ થઇ નહોતી.

કાયમી સાધારણ માંદગી જેવું જ વાતાવરણ હતું શોકનું કે અતિવ્યથાનું એકે વાદળ ન હોતું કે ભાગ્યે વીજળી પડવાની કલ્પના પણ આવે. ભાઇએ કંઇ

નથી કહીને જમવાની ના પાડી. અમે ધીમે ધીમે વાતે વળગ્યા.

સઃ—ભાઈ, આજે આપ શું જમ્યા છો !

ઝઃ—જમ્યો નથી. સવારે ચા લીધી છે; હમણાં જ કોકો પીધો. બપોરે ડૉક્ટર સાહેબ જોઈ ગયા છે. દવા આપી ગયા છે, પણ છાતી ઉપર દબાણ બહુ લાગે છે.

સઃ—જેને ગેસની પીડા હોય તેમને હમણાં હૃદય બંધ થઇ જશે એવી ભ્રાંતિ થાય પરંતુ એવા દર્દીઓ દીર્ઘજીવી થયા જોવામાં આવ્યા છે. તેમજ કંઈ દર્દ વગર પણ હૃદય બંધ થવાના દાખલા સાંભળવામાં આવે છે. આપ કંઈક જમજોને !

ઝઃ—બિલકુલ રુચિ નથી.

સઃ—તો તો ન જમવું જ સારું. લાંબા વખતના વ્યાધિના ઉપચાર માટે ઊંચા પાવરની દવા વાપરવામાં આવે છે પણ એ વધારે વખત વપરાય તો નુકસાન કરે. આપ એ સંબંધી વડોદરા પૂછાવી જુવોને.

ઝઃ—એમણે બિચારાએ પૂરતી તપાસ કરીને જ નિર્ણય કર્યો છે.

પ—આપે શિક્ષકોની સભામાં સારું કહ્યું એમ સાંભળ્યું.

ઃ—મેં કહ્યું કે સંગઠન કરો તો તમારું કોઈક સાંભળશે. બાકી કોને શિક્ષકોની પડી છે? બંધ ન કરી શકાય માટે ખાતું ચલાવે છે.

ઃ—આગળ વધેલા દેશોમાં પણ શિક્ષકોની આર્થિક સ્થિતિ તો બીજા ધંધાદારીઓની સરખામણીમાં સારી નથી હોતી. પણ મેં ટ્રેનિંગ કોલેજમાં એક પ્રોફેસરને કહેતાં સાંભળ્યા હતા કે લડાઇ પહેલાં જર્મનીમાં શિક્ષકો કે પ્રોફેસરોને ટ્રામમાંથી ઉતરીને રસ્તો ઓળંગવાનો હોય ત્યારે પોલિસને માથે એમને સલામત લઇ જવાની ફરજ નાખવામાં આવી હતી. પ્રોફેસરોનું ભૂલકણાપણું એક કહેવત રૂપ થઈ પડ્યું છે ને?

ઝઃ—(હસીપડીને) દેખાવ ઉપરથી જ ઓળખાય તેવું કંઈક હશે.

એ એમનું છેલ્લું જ હાસ્ય. સાંજના ઓળા લંબાતા જતા હતા.

સઃ—ત્યારે આપ હમણાં સંપૂર્ણ આરામ લેજો.

ઝઃ—પધારજો

ભાઇનો સાંભળેલો એ છેલ્લો શબ્દ.

પરોઢિયાના પાંચ વાગે કોઈક મારું બારણું ખખડાવે છે. ફાનસ લઇ હું દ્વાર ઉઘાડું છું. વિદ્યાર્થીઓ આવી મને સમાચાર આપે છે. પાસેના છાત્રાલયના વિદ્યાર્થીઓ ખબર કહેવા નીકળ્યા છે. તે દારુણ શબ્દો બોલે છેઃ

"મેઘાણીભાઈનું અવસાન થયું."

પળ બે પળ હું એક શબ્દ બોલી શકતો નથી. પછી વિશેષ પૂછતાં કહે છેઃ

"હમણાં લઇ જવાની તૈયારી થાય છે."

ઘરનાં માણસોને દુઃખદ સમાચારથી વાકેફ કરી શ્રી. ઝવેરચંદભાઇને ત્યાં જાઉં છું. ગાઢ સબંધ ધરાવનારા પ્રતિષ્ઠિત નાગરિકો આવી બેઠા છે.

અને આખરે હજારોને વિવિધ લાગણીઓથી આંદોલિત કરનાર પુરૂષપ્રવરનું શરીર ચિતા પર મૂકાયું.

ચિતા પ્રજ્વળી રહી હતી. સવારની જે ગાડીમાં દરરોજ વહેલી સવારે તૈયાર થઈને વર્ષો સુધી ભાઇ રાણપુર જતા હતા તે ફાસ્ટ ટ્રેન પસાર થઇ રહી હતી.

❋

બે પ્રસંગો

લખુભાઇ ન. શાહ

એક દિવસ હું એમની ડેલીમાં પગ મૂકું છું અને મલ્લ લોકોનું એક ટોળું જોઉં છું. હું વિચારી રહ્યો છું. આ લોકો 'અહિં કેમ—?' એક મલ્લ કંઇ રાહ જોઇ ઉભો છે. મેઘાણીભાઇને મેં દેખ્યા નહિ, ત્યાંતો, હસતે મ્હોંરે આવકારતા, 'અરે ભાઇ થોડા મોડા થયા.' કહી મલ્લ લોકોની કળાની મુક્ત કંઠે વ્યાખ્યા કરવા બેસીગયા. ચિત્તમાં પ્રસન્નતા હતી. હાથમાં બે નોટો પકડી રહ્યા હતા. મલ્લને એમણે એ દસ રૂપિયા આપ્યા અને કહ્યું: 'આતો ભઈ મેં તમને ખેલ કરવા બોલાવ્યા પણ હું તમને કાંઈ આપી શકતો નથી. તમે કાલે આવજો મારે તમને પ્રશંસાપત્ર લખી આપવું છે. તે લઈ જજો.'

હું વિચારી જ રહ્યો. મેં કહ્યું, 'ભાઈ, આજે મને સમજાય છે કે સાચું દાન કહીએ તો દાન, અને ધર્મ કહીએ તો ધર્મ આ છે' તુરત જ તેમનો અવાજ ફરી ગયો. ગળાના દર્દ સાથે એ કહે—'ભાઈ, આપણા સમાજમાંથી બધુંજ જવા બેઠું છે. નષ્ટ થવા લાગ્યું છે. જેટલું પકડાય તેટલું પકડીએ, પોષીએ અને જીવન્ત રાખવા પ્રયાસ કરીએ. આવા લોકો ટુકડા માગીને પણ આપણો પુરાણ વારસો રહ્યા છે તેને આપણે ગુમાવવા ન જોઈએ.'

કલમ પર નિર્વાહ ચલાવનાર માનવીએ ઘરને ખાનગી ખૂણેથી આવા ગરીબોને નોટો પકડાવી દીધી તેમાં એને કોઇની હાજરીની જરૂર નહોતી. ધર્માદાના ફંડમાંથી પણ કીર્તિની તખ્તી ચોડવાની શરતે રૂપિયા આપવા નીકળનાર વ્યાપારીની યાદ થતાં હું ચૂપ બેસી રહ્યો. અને અંતરથી એમને અનેક વખત પગે લાગ્યો. રજા લીધી.

× × ×

એક દિવસ આવીને મેં પૂછ્યું: 'ભાઈ ક્યાં ગયા?' જવાબ મળ્યો કે, ફરીને ચાલ્યા આવે છે; હમણાં જ ખેડૂતના લત્તા તરફ ગયા. પૃચ્છા કરતો કરતો હું ગયો. અરે! આ શું! મેઘાણીભાઈએ હાથમાં એક દાતરડું પકડ્યું છે ને ઘેર-ઘેર પૂછી રહ્યા છેઃ 'બાપા, તમારું દાતરડું ખોવાયું છે?' મેં કહ્યું, 'આપ અહીં કેમ આવ્યા છો?' તો કહે: 'અરે ભાઇ, હું ફરવા ગયો હતો; આ બિચારા કોઇનું દાતરડું રસ્તામાંથી મને મળી આવ્યું; માલિક મળી જાયતો સારું. એનો રોજીનો દિવસ ન પડે!'

હું ખેતીકાર હતો. મારા દિલને એક ઝટકો લાગ્યો. ક્યાં કાળી મજૂરી લેનારો હું અને ક્યાં કોઇની દાતરડી ખોવાઇ છે તો ઘેર ઘેર સાદ પાડવા નીકળનાર દેવદૂત!

સંપાદક: ઈશ્વરલાલ ગી. દવે

૧૨૫૨

મે: ૧૯૪૭ — અંક: બીજો

આ અંકની સામગ્રી

શ્રમ: એનું ગૌરવ	ધૂમકેતુ
જીવનપંથ	ધૂમકેતુ
રંગો બાપુજી	વિજયશંકર મ. ભટ્ટ
પ્રસંગો-પુસ્તકો-પરિભ્રમણો	ધૂમકેતુ
મહીકાંઠાનું નાક	.....
ઈતબાર	નાથાલાલ દવે
ગુજરાતનો નાદ	ડૉ. કૃષ્ણલાલ શ્રીધરાણી
પથદીવડો	પન્નાલાલ પટેલ
માનવજાતને ચરણે	ડૉ. ન. મૂ. શાહ
વિજ્ઞાનદર્શન	બંસી ગાંધી, પ્રા. જ. દે. ઓઝા, ડૉ. ન. મૂ. શાહ
સત્સંગમ	ચંદ્રશંકર પ્રાણશંકર શુક્લ

દક્ષિણ હિંદમાં શિકાઈ ભુકી

હિંદના વિશાળ ઉપખંડમાં જુદા જુદા પ્રાન્તોએ શારીરિક સ્વચ્છતા માટે વિવિધ પ્રકારોનો ઉપયોગ કર્યો છે દા. ત. તામિલનાડ (દક્ષિણ હિંદ)ના લોકો શિકાઈ ભુકી વાપરતા એ છે, હવે આ પ્રથા ઝડપથી અદ્રશ્ય થતી જાય છે અને આજે હજારો ઘરોમાં શિકાઈ ભુકી અને બીજા સ્વચ્છતાનાં સાધનોનું સ્થાન સ્વસ્તિકનો કાન્તિ સાબુ લઈ રહ્યો છે

સ્વસ્તિક

નું

બીજી સર્વોત્તમ સ્વસ્તિક બનાવટો : સુગંધિત કેસ્ટર ઓઈલ, કોપ્રા રીફ, ધોવાના સાબુઓ, ગોવર્ધન છાપ વનસ્પતિ વગેરે, વગેરે.



સ્વસ્તિકનો કાન્તિ સાબુ

ઉત્તમ અને અજોડ

સ્વસ્તિક ઓઈલ મીલ્સ લીમીટેડ, વડાલા, મુંબાઈ.

[illegible]

ડીસ્ટ્રીબ્યુટર્સ : વેસ્ટર્ન ઇન્ડીયા પ્રોસ્પેક્ટિંગ સિન્ડીકેટ લિ. પો. બો. નં. ૨૮ અમદાવાદ

પ્રકાશક : ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ વતી તારાચંદ માણેકચંદ સ્વાણી, ૧૬ શ્રીમાળી સોસાયટી : અમદાવાદ
મુદ્રક : હરિલાલ મગનલાલ ભટ્ટ : ભારતી મુદ્રણાલય : ઢગનવાળી પોળ, ચાર રસ્તા: ખાડિયા; અમદાવાદ
વિજ્ઞાપન વ્યવસ્થાપક: સાયન્ટિફિક પબ્લિસિટી કાં. મોડલ ટોકીઝ સામે, અમદાવાદ, મહેતા બિલ્ડિંગ, મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ

*શ્રમ : એનું ગૌરવ

અને પછી એક ખેડૂતે કહ્યું : 'અમને શ્રમ વિષે કાંઈક કહો' અને એણે જવાબ દીધો : 'પૃથ્વીની પ્રગતિ સાથે પ્રગતિ કરવા માટે તમારે શ્રમ કરવો જોઇએ: પૃથ્વીના અંતરમાં એક વિરલ સતત ગાન ચાલી-રહ્યું છે; એની સાથે તાલબદ્ધ રહેવા માટે તમારે પરિશ્રમ કરવો જોઈએ'.

'કારણ કે આળસુ થવું, એનો અર્થ એ, કે, ઋતુ ઋતુના જીવનઆનંદથી વંચિત રહેવું. પૃથ્વીમાં એક પણ ઋતુ આળસ કરતી નથી ઋતુ ઋતુનો વૈભવશાળી અને ભવ્ય મહોત્સવ આવે છે. આળસ કરવું એટલે, એ મહાન ઉત્સવમાં પાછળ પડી જવું. એ મહોત્સવ જાણે કે કોઈ અનંતની ઉપાસના કરે છે. આળસ કરવું એટલે એ ઉપાસનામાંથી ભ્રષ્ટ થવું.'

'જ્યારે તમે શ્રમ કરો છો, ત્યારે એ શ્રમ દ્વારા માત્ર તમે હાડમાંસમેદને પોષવાનું કામ કરો છો, એટલો જ જો તમારે માટે શ્રમનો અર્થ હોય, તો એ શ્રમ પોતે ક્ષુલ્લક છે, અને તમને પણ ક્ષુલ્લક બનાવે છે.'

'શ્રમનો—હરેક પ્રકારના શ્રમનો—એના કરતાં કાંઈક વધારે અર્થ તમે સમજતા હો તો જ એ શ્રમને પોતાનું ગૌરવ છે એમ કહી શકાય તેમ જ એવા શ્રમ દ્વારા તમે પણ ગૌરવ મેળવો છો—એમ કહેવાય.'

'જ્યારે તમે શ્રમ કરો છો, ત્યારે વિશ્વકલ્યાણ માટેનું એક અનંત સંગીત પ્રગટાવવાનું છે, અને એ સંગીતમાં તમારું પણ સ્થાન છે, એમ વિશ્વાસ રાખો. જ્યારે તમામે તમામ, જડ, ચેતન, અર્ધચેતન, અને અચેતન, એ સંગીતના પ્રાગટ્ય તરફ શ્રમ કરી રહ્યાં છે, ત્યારે તદ્દન મુંગા ઊભા રહેવાનું હીનભાગ્ય તમારું શા માટે હોય ?'

"શ્રમ, પરિશ્રમ, કામ, મહેનત, મજૂરી એ સઘળાંનો સંબંધ, થાક સાથે, કંટાળા સાથે, કાંઈક અજુગતા એવા ગૌરવહીન કાર્ય સાથે, બાંધવાની તમને ટેવ છે કે તમારી પ્રણાલિકા છે અથવા તો તમારી સમજણ છે; શ્રમને, જીવનમાં એક પ્રકારનો શાપ ગણવામાં આવે છે; શ્રમને, ભાગ્યહીનની રેખા કહેવામાં આવે છે; આજે એ દૃષ્ટિએ આળસને —આરામને—આશ્રમને—ભાગ્યોદયની અવધિ માનવામાં આવે છે.'

"પણ હું તમને કહું છું કે યુગયુગ થયાં ઊભેલી આ પૃથ્વીને પણ પોતાનું સ્વપ્ન

* ખલિલ ગિબ્રાન ઉપરથી અર્થસ્ફુટતા માટે વિસ્તારીને કરેલો પ્રયોગ.

છે. અને તમે શ્રમ કરો છો ત્યારે એ પૃથ્વીના સ્વપ્નને, ક્રિયાદ્વારા પ્રગટાવવાનો યત્ન કરો છો. જીવનને જે શ્રમ વડે શણગારે છે એ ખરી રીતે જીવન પ્રત્યેનો પ્રેમ દર્શાવે છે.

'તમને જ્યારે કોઇ પણ શ્રમમાં, પણ વધારે અર્થ મળે છે—ત્યારે જ આ પ્રેમ પ્રગટ થાય છે.

'કારણ કે શ્રમ દ્વારા જે માણસ જીવનનો આનંદ માણે છે એ માણસ જીવનનું ઊંડામાં ઊંડું રહસ્ય પણ મેળવે છે; એવું રહસ્ય પ્રાપ્ત કરનાર હરેકને માટે શ્રમ—એ કેવળ હાડમાંસમેદને સાથે રાખવાની મજૂરી રૂપે રહેવો ન ઘટે; રોટીની પ્રાપ્તિ માટે એ હતો, જીવનનિર્વાહ માટે પણ હતો; પરંતુ એ ઉપરાંત શ્રમનો કાંઇક વધારે અર્થ એ સમજ્યો હતો. એટલા માટે એણે શ્રમ દ્વારા જીવનનું રહસ્ય પણ મેળવ્યું.

'જન્મની વેદનાને જો તમે દુઃખ ગણતા હો, અને જીવનનિર્વાહ માટે જરૂરી એવા શ્રમને શાપ માનતા હો, તો તમારા ભાગ્યમાંથી એ શાપને ટાળવા માટે, કેવળ પ્રસ્વેદનાં જલબિંદુઓ જ સમર્થ થશે. એટલે કે, તમારી એવી ખોટી સમજણ, ઘણા ઘણા ઘણા પરિશ્રમ અને પશ્ચાત્તાપને અંતે જ સાચી સમજણ થઈ શકશે.

'થાકેલા, કંટાળેલા, નિરાશ થયેલા, અજ્ઞાનતાને વરેલા કોઈકે જીવનને મિથ્યા અંધકાર સાથે સરખાવ્યુ છે, અને તમે તમારા થાકથી કંટાળીને એ સૂત્રને સોનેરી ગણ્યું છે

'પરંતુ હું તમને કહું છું કે, જીવન એ ખરેખર અંધકાર છે... જો એમાં કાંઇક પણ અંદરનું તત્ત્વ તમને દોરવણી આપતું ન હોય તો.

—અને આ દોરવણી છતાં જીવન અંધકારમય છે—જો, એ આંધળી જેવી દોરવણી વિષે, થોડોક પણ પ્રકાશ, જરાક તેજ, સહેજ જ્ઞાન, એનો આવિર્ભાવ દેખાતો ન હોય તો

—અને એ પ્રકાશ, એ જ્ઞાન, એ જરાક જેટલી ટગુમગુ તેજની વાટ પણ—મિથ્યાભિમાનનો અંશ પ્રગટાવવા માટે ત્યાં નહિ હોય એની શી ખાત્રી? માટે એટલું સહેજ જ્ઞાન પણ **ક્રિયાત્મક ભૂમિકાને આધારે** ઊભેલું હોવું જોઇએ.

—અને *નિરવધિ વિશ્વાસ વિના, પ્રેમ વિના,* આ *ક્રિયાત્મક ભૂમિકા તદ્દન શૂન્ય છે* અર્થહીન છે. આંતરિક પ્રેમ વિના કરેલી હરેક ક્રિયા માણસને અપંગ બનાવે છે

—અને જ્યારે કોઈ પણ ક્રિયા, માણસના નિરવધિ વિશ્વાસમાંથી, પ્રેમમાંથી, એની અચળ અને અતળ શ્રદ્ધામાંથી, જન્મે છે, ત્યારે એ પોતાની ક્રિયાદ્વારા પોતાની જાતને પોતાના અંદરના તત્ત્વ સાથે અને એ દ્વારા સૌની સાથે, તાલમાં મૂકે છે

આનું નામ પ્રેમપૂર્વકનો શ્રમ છે.

'જેને શ્રમ કરવો છે, અને પ્રેમપૂર્વક શ્રમ કરવો છે, એને માટે તો જાણે નિત્ય નિત્યના મહોત્સવ જેવો એ આનંદ છે. એવો આનંદ કે જેનો કાંઇક ખ્યાલ કેવળ આતુર આશક માશુકની ઉપમામાં શોધી શકાય

પ્રેમથી જે શ્રમ કરે છે, એ જાણે કે, પોતાની માશુક કાલે આવવાની છે એમ સમજીને પોતાના ઘરને ખુશખુશીથી વાળીચોળીને શણગારે છે.

એવો શ્રમ–એ તો જાણે કે, દરેકે દરેક પદાર્થને જીવનપરિમલ વડે સુગંધિત અને ચેતનમય કરવાની મહાકલા છે.

અને એવો શ્રમ કરતાં તો તમારે આટલી કલ્પનાની સમૃદ્ધિ· પણ સાથે રાખવી જોઈએ. તમે જે શ્રમ કરો છો એ શ્રમને નિહાળવા ત્યાં અસંખ્ય પૂર્વજો હાજર છે. મધ્યયુગમાં રણક્ષેત્રના શૌર્ય માટે, પૂર્વજોની હાજરીની ભાવનાને, ચારણ ભાટો બિરદાવતા; આજે પૃથ્વીનો મોટામાં મોટો પ્રશ્ન શ્રમનો છે; માટે શ્રમને એ રીતે સમજવો જોઈએ. શ્રમ કરવા માટે પ્રેમ હોવો જોઇએ. પ્રેમ વિનાનો શ્રમ–કેવળ અસંતોષ–ઉગ્ર અસંતોષ જન્માવે છે. શ્રમની સાથે પ્રેમનો મેળ મેળવવા માટે, શ્રમમાં જણાતાં તમામ અનર્થકારી તત્ત્વોને નાબુદ કરવાં ઘટે છે. પણ એ તમામ તત્ત્વોને નાબુદ કર્યા પછી–શ્રમ કરનાર વ્યક્તિ પોતે એ તત્ત્વોને કઈ સમજણથી અપનાવે છે, એના ઉપર તમામ આધાર છે.

માટે શ્રમ અને પ્રેમનો મેળ મેળવવો જોઈએ. એક પ્રકારના શ્રમ કરતાં બીજા પ્રકારના શ્રમને જુદા પાડવાનું કોઈ જ કારણ ત્યાં હોવું ન જોઈએ.

તમે ઘણીવખત વાત વાતમાં બોલો છો કે જેણે આરસમાંથી સજીવન પ્રતિમા ઊભી કરી તે કલાકાર હતો. તેણે જમીન ખેડનાર ખેડૂત કરતાં કે કામ કરનાર મજૂર કરતાં, કાંઇક અનોખી વસ્તુ કરી બતાવી.

અને વળી જેણે વસ્ત્રોને ભાતભાતની શોભાથી શણગાર્યાં એની કારીગરી પણ અદ્દભુત હતી. અને કેવળ પગનું રક્ષણ કરનાર કાંટારખાં બનાવનાર મોચી કરતાં, એની નકશીમાં વધારે અદ્દભુત વસ્તુ રહી હતી સારા ખીચડી પકવનાર કરતાં સારો ચિતારો વધારે માન મેળવે છે પણ તમે જે આમ બોલો છો તે કેવળ ભ્રમણાત્મક વાણી છે. સ્વપ્નમાં માણસ વિવેક વિના બોલે એવી એ વાણી છે. હું તમને કહું છું કે નિત્યવહેનો પવન, ભવ્ય અને મજબૂત વટવૃક્ષના કાનમાં જેવી મધુર વાણી બોલે છે, એના કરતાં લેશ પણ ઓછી મધુરવાણી, એ ઘાસના તણખલા પાસે બોલતો નથી. કુદરતના આ મહિમાવંત રહસ્યનો અર્થ સ્પષ્ટ છે. પવન જે જુદી જુદી જાતનું સંગીત લાવે છે એને, તો જે વસ્તુ પોતાના દ્વારા વધારે મધુર રીતે એ સંગીતને પ્રગટ કરે છે એ મહાન છે. વડલો પણ મહાન નથી, ને તણખલું પણ મહાન નથી

એનો અર્થ એટલો જ કે જે શ્રમ કરે છે—પ્રેમપૂર્ણ શ્રમ કરે છે—તે જ મહાન છે. કેવળ શ્રમ કરનારો મહાન નથી અને કેવળ આળસુ જીવન વીતાડનારો તો ક્ષુદ્ર છે. એ દષ્ટિએ જોતાં—જે શ્રમમાં પ્રેમ રાખી શકે છે તે મહાન છે. એટલા માટે તમારો પ્રયત્ન આ હોવો જોઈએ—દરેકે દરેક કામને કલાત્મક રીતે સમજનાર વ્યક્તિત્વના વિકાસનો.

સ્વતંત્રતા આવે છે—
સંયમ ક્યારે શીખશું ?

આવી રહેલા સ્વરાજને પચાવવા માટે આપણી સમગ્ર પ્રજાને જે એકે મોટો ગુણ કેળવવાની જરૂર છે તે આચાર્ય કૃપાલાનીએ એક ભાષણમાં જણાવ્યો છે-

'સંયમ વિના સાચી સ્વતંત્રતા હોઈ શકે નહિ. સ્વતંત્રતાનો અર્થ જો જેને જેમ ફાવે તેમ વર્તવાનો અધિકાર થતો હોય તો દુનિયાના બીજા કોઇ પણ ભાગ કરતાં આપણા દેશમાં વધુ સ્વતંત્રતા છે એમ કહી શકાય.

'આપણે ગમે ત્યાં થુંકી શકીએ છીએ, ગમે ત્યાં ગંદકી કરી શકીએ છીએ, આપણાં ઘરની સ્ત્રીઓ રોજનો કચરો અચૂકપણે રસ્તા ઉપર ફેંકતી હોય છે. આપણાં બાળકોને અભણ રાખવા આપણે મુખત્યાર છીએ; આપણા ઘરમાં જે કોઇ રોગચાળો થાય તેનો ચેપ પાડોશીઓને લગાડવાની પણ આપણને છૂટ છે.

'અંગ્રેજો થેમ્સ નદીને પૂજવાનો દાવો નથી કરતાં, અને આપણે ગંગાને પૂજીએ છીએ. છતાં આપણે ગંગાને જેટલી ગંદી કરીએ છીએ તેટલી ગંદી અંગ્રેજો થેમ્સને નથી કરતાં.

'સાચી સ્વતંત્રતા રચનાત્મક હોય છે, ખંડનાત્મક નથી હોતી. એવી સ્વતંત્રતા સંયમથી જ ખીલે છે. આપણા બધામાં ગાંધીજી સૌથી વધુ સ્વતંત્ર માનવી છે. છતાં એમને બીડી કે દારૂ પીવાની કે વારેવારે સિનેમામાં જવાની છૂટ નથી. એમની સ્વતંત્રતા તો તલવારની ધાર ઉપર કદમ માંડનારા નૃત્યકારની સ્વતંત્રતા જેવી છે.

'એ સૌથી વધુ સ્વતંત્ર છે, ને સાથે સાથે સૌથી વધુ સંયમી પણ છે. એમણે આપણને બળવો અને સંયમ બન્ને શીખવ્યાં. પણ એક સહેલો હતો તેથી આપણે એમાં પાવરધા બન્યા. જ્યારે બીજો શીખવાની દરકાર આપણે કરી નથી.'

પ્રજાની મોટી બહુમતીની
પ્રગતિ હવે રોકાય નહિ

આઝાદી નક્કી આવી રહી છે તે વિષે હવે ઝાઝો મતભેદ રહ્યો નથી. તેથી કેટલા ય નાના નાના પ્રશ્નોને વિસારે પાડીને એક માત્ર સ્વરાજનો ઓજો ઉઠાવવાની તૈયારીમાં અને એ આઝાદીના માર્ગમાંથી બને તેટલાં વિઘ્નો ઓછાં કરવામાં રાષ્ટ્રના આગેવાનો રોકાઈ ગયા છે. આજ સુધી જે વિષય ઉપર સહેજ પણ બાંધછોડ કરવા આપણે તૈયાર નહોતા તેની ઉપર, એકવાર તો, પૂરેપૂરું નમતું તોળી આપીને પણ આવી રહેલી આઝાદીને અપશુકન થતાં અટકાવવા તેઓ અવિરત પ્રયાસો કરી રહ્યા છે. જે કોંગ્રેસ દેશના ભાગલાની વિરુદ્ધ હતી, તેને જ ઊઠીને પ્રાંતોના ભાગલા કરવાની માગણી કરવી પડી છે. ચાલીશ વરસ પર બંગભંગ સામે પ્રચંડ જેહાદ ઊભી કરીને એની વિરુદ્ધ હજારોની સહીઓ લેનારા એ જ બંગાળાના આગેવાનો આજે પ્રાંતના ભાગલા ઝંખી રહ્યા છે. આમ, આઝાદી આવી રહી છે એટલે આપણે અનેક સિદ્ધાંતોને ભોગે પણ એની આગમનઘડી ૧૯૪૮ના જુનથી ય પહેલાં આવે તેવા પ્રયત્નો કરી રહ્યા છીએ. દેશના જે ભાગની પ્રજાને જુદા પડવું હોય તેને પરાણે આપણી સાથે રાખવાની કોઈ જરૂર નથી. ૧૦-૧૫ ટકા પ્રજાજનોને ખાતર બાકીની ૮૫-૯૦ ટકા હિંદી જનતાની પ્રગતિ હવે રોકી શકાય તેમ નથી. આપણે આપણી રીતે આપણા હાથ નીચેની ભૂમિનું ઘડતર કરશું. જે જુદા પડ્યા છે તે પાંચ જ વર્ષમાં આપણી સાથે બેસવા સામે ચાલીને આવતા રહેશે.

દોસ્ત વધશે અને
દુશ્મન પણ વધશે

આવા માનસિક વાતાવરણ વચ્ચે બંધારણસભાની ત્રીજી બેઠક શરૂ થઈ છે. મુસ્લિમ લીગ તો એમાં કદી આવવાની નથી એમ એણે કહી દીધું છે. દેશી રાજ્યોના નિમાયેલા અને ચુંટાયેલા સોળેક પ્રતિનિધિઓ એમાં આ બેઠક વખતે આવ્યા છે, બીજા કેટલાક વળી અનિશ્ચિત દશામાં બેઠા છે. એમની સાથે સમાધાન કરવા જતાં પણ આપણે આપણા બહુમૂલ્ય સિદ્ધાંતનો ભોગ આપવો પડ્યો છે. રાજ્યોના પ્રતિનિધિઓ પ્રજાએ ચૂંટેલા હોવા જોઇએ એવી અફર માન્યતા જરા-ઢીલી મૂકીને રાજવીઓના નીમેલા' પ્રતિનિધિ-

ઓને પણ આ પુનિત પ્રજાપ્રતિનિધિસભામાં આપણે સ્થાન આપવું પડ્યું છે. એટલું કર્યા છતાં જે રાજ્યો અત્યારે બંધારણસભામાં નથી જોડાયા તેમને, પંડિત નેહરુએ કહ્યું છે તેમ, દેશના દુશ્મનો જ ગણવામાં આવશે, અને હવે સ્વતંત્ર હિંદુસ્તાન પાસેથી એવા વર્તાવની જ આશા તેઓ રાખી શકે.

આઝાદી આવતી જાય છે તેમ તેમ રાષ્ટ્રવાદના દોસ્તો વધતા જાય છે અને સાથે સાથે દુશ્મનો પણ વધતા જાય છે. આજ સુધી જે દહીં-દૂધ, બન્નેમાં પગ રાખતા હતા તેઓ હવે ખસી ખસીને એક યા બીજા પક્ષે ભળવા માંડ્યા છે. અંગ્રેજો ચાલ્યા જતા હશે તે ઘડીએ આ દેશમાં રાષ્ટ્રવાદીઓ અને એમના દુશ્મનો સિવાય ત્રીજો કોઈ પક્ષ રહ્યો નહિ હોય. કેટલાય માણસો એક છાવણીમાંથી નીકળીને બીજી છાવણીમાં ચાલ્યા જશે. દોસ્ત મટીને દુશ્મન બનશે. અને નહિ ધાર્યા હોય ત્યાંથી સાથીઓ સાંપડશે.

હણ્યા પછી હાંસી કરતી શાંતિની સંયુક્ત અપીલ

હવે પછીના દિવસોમાં મગજનું સમતોલપણું આપણે જેટલું રાખીએ તેટલું ઓછું છે. પ્રેમથી જેટલા વિરોધીઓને જીતીએ તેટલા ઓછા છે. તલવારને જેટલી મ્યાનમાં રાખીએ તેટલી સારી છે.

આવી શુભ મનોકામના હોવા છતાં ગાંધીજી અને શ્રી ઝીણાએ શાંતિ માટે બહાર પાડેલી સંયુક્ત અપીલ આંખને કણાની માફક ખટક્યા કરે છે. એની નીચે સહી કરનારાઓમાંથી એકની અપાર સહૃદયતા બીજાના દંભને છુપાવી શકતી નથી, એકની નિર્દોષતાને આડે બીજાની હુશિયારી અછતી રહી શકતી નથી. આ અપીલની શી જરૂર હતી, આ અપીલથી આજની કોમી પરિસ્થિતિમાં કયો ફેર પડી જવાનો છે, કયાં રમખાણો અટકી જવાનાં છે, એ સમજવું મુશ્કેલ છે. પોતાના જીવનને શ્વાસે શ્વાસે એક માત્ર શાંતિનો મંત્ર જ ઉચ્ચારનાર સંત ગાંધીજી આ રીતે શ્રી ઝીણા સાથે મળીને એક વધુ અપીલ બહાર પાડે તેથી એમની અગાઉની અપીલોને વિશેષ સામર્થ્ય મળે તેવું તો નથી જ. બીજી બાજુ, પોતાનાં કાર્યોથી શ્રી ઝીણાએ જે સિદ્ધિ અને નામના મેળવી છે તે પણ કાંઈ આવી એકાદ અપીલથી ભૂંસી નાખી શકાય તેવી મામુલી નથી. શાંતિ માટે સાચે જ ઇચ્છા હતી તો વ્યક્તિગત રીતે સૌ પોતપોતાનું કાર્ય કરી શકે તેમ હતા—ગાંધીજી કરતા હતા તેમ શ્રી ઝીણા પણ કરી શકતા હતા. પણ આ અપીલ તો કોમવાદી ગુંડાગીરીના ભોગ બનેલાઓના જખમ ઉપર કયાંક મીઠું ભભરાવ્યું હશે, હણ્યા પછી હાંસી કરી હશે એવી દહેશત રહે છે. ઉપરાંત, 'નામદાર વાઈસરૉયે સામે ચાલીને કરેલી ખાસ વિનંતીને પરિણામે' આ અપીલ ઉપર બન્ને આગેવાનોએ સહી કરેલી છે તેવી જાહેરાત તો ભારે અપમાનકારક છે. હવે તો જગત કહેશે જ ને, કે એક પાંચ લીટીનું સંયુક્ત નિવેદન આ બે આગેવાનોએ બહાર પાડ્યું તે પણ અંગ્રેજ વાઈસરૉયને પ્રતાપે ! પંડિત જવાહરલાલે કહ્યું કે આપણા પ્રશ્નો આપણે વાઈસરૉયની મદદ વિના જ ઉકેલવાના છે તેની સાથે આવી અપીલ બંધબેસતી થાય છે !

રાષ્ટ્રસ્વમાનને ખૂંચતો બ્રિટિશ સૈનિકોનો ઉપયોગ

રમખાણો દરમિયાન જુદા જુદા પ્રાંતોમાં પ્રસંગોપાત હિંદી લશ્કરની સાથે સાથે સૈનિકોનો ઉપયોગ હજી પણ થતો હોય છે તે આપણા રાષ્ટ્રીય સ્વમાનને ખૂંચે તેવી બીના છે. અલબત્ત એવી દલીલ થઈ શકે કે આ બ્રિટિશ સૈનિકોને હિંદી ખજાનામાંથી ઘણા સારા પગારો મળતા હોવાથી જરૂર પડ્યે તેમની પાસેથી કામ લેવામાં કાંઈ ખોટું નથી. વળી, એ પણ જાણીતી વાત છે કે આ સૈનિકો આપણી ભૂમિ ઉપર છે તે આપણી ઇચ્છા વિરુદ્ધની બાબત છે, આપણી પરતંત્રતાની એક નિશાની છે. તેઓ અહીંથી જવામાં એક દિવસની કે એક ટંકની પ ઢીલ ન કરે એવી દેશ આખાની ઇચ્છા છે તે પણ દુનિયાથી અજાણી નથી. રમખાણો દરમિયાન લશ્કરી મદદની જરૂર પડે ત્યારે કોમ, પ્રાંત કે દેશી—વિદેશીના કોઈ પણ ભેદભાવ ગણકાર્યા વિના જે ટુકડી નજીકમાં નજીક હોય

તેને હાજર કરવાની વચગાળાની સરકારની નીતિ છે એવી જાહેરાત સરક્ષણ પ્રધાને કરી છે તેથી, અમુક પ્રસગે ગુરખાઓ શીદ વાપર્યા ને બીજી જગ્યાએ બલૂચોને કેમ બોલાવ્યા તેવી ફરિયાદોનું કાંઇ સ્થાન રહેતું નથી એ જ પ્રમાણે બ્રિટિશ સૈનિકોનું માની શકાય હિંદી સૈનિકોથી મ મલો કબૂર્યા ન ગયો તેથી ગોરાઓને બોલાવવા પડ્યા છે તેવુ તો કોઈ મૂરખ જ માને

તે ઉપરાંત રાષ્ટ્રીય સ્વમાન એ દલીલથી પર એવી વસ્તુ છે એને સતોષવા ખાતર કોમી કે રાજદ્વારી રમખાણોમાં બ્રિટિશ સૈનિકોનો ઉપયોગ ન કરવાનો હઠાગ્રહ આપણા પ્રધાનોએ રાખવો જોઇએ નહિતર પછી, સાચા કારણમા ઊડા ઉતરવાની જેને ખેવના કે ફુરસદ નથી હોતી તેવી પ્રજાના મન ઉપર એની ખરાબ અસર થતી રહેશે બ્રિટિશ સૈનિકો આપણો પગાર ખાય છે માટે નહેરો ખોદવામા, બધ, સડકો ને પૂલો બાધવામા, ઉદ્યોગો ચલાવવામા અને યાત્રિક ખેતી કરવામા એમનો ઉપયોગ આપણે લાભદાયી રીતે કરી શકીએ તેમ છીએ

નિકલના રૂપિયાને
મળતો આવકાર

હિંદના નાણાપ્રધાન તરીકેની પોતાની કારકિર્દી દરમિયાન નિકલનો રૂપિયો ચલણમા દાખલ કરીને શ્રી લિયાકતઅલીખાન ઇતિહાસમાં યાદગાર બની જશે ઘણા લાબા કાળથી આ દેશનો મુખ્ય સિક્કો ચાદી જેવી કિંમતી ધાતુનો રહેતો આવ્યો છે તેને કારણે આ ફેરફાર ક્રાતિકારી ગણાશે ભૂતકાળના સજોગો એવા હતા કે ચલણી સિક્કાનું મુલ્ય તેની આંતર્ગત (ઇન્ટ્રિન્ઝીક) કિમત જેટલું જ હોવુ જોઈએ એમ મનાતું. કાગળની નોટોના આ જમાનામા ચલણ એ તો રાજ્ય તરફથી મળેલી એક બાહેધરીની સજ્ઞા બની ગયેલ છે. તેથી સોના–ચાંદી જેવી ધાતુને પોતાના ચલણમા જ રોકાયેલી પડી રહેવા દેવી તે દેખીતો દુર્વ્યય ગણાય શુદ્ધ ચાદીના સિક્કા તો છેલ્લા દાયકા દરમિયાન હિંદમાથી સાવ અદૃશ્ય થઈ ગયા છે અત્યારના જે સિક્કાઓમાં ચાદી વપરાય છે તે પણ અધો–અરધ બીજી ધાતુ સાથે મેળવેલી હોય છે તે ઉપરાંત લોકોને રૂપિયાના વજનદાર સિક્કાને બદલે એક રૂપિયાવાળી નોટો વધુ ફાવી ગઇ છે તેથી હવે નિકલના રૂપિયા બનાવવાના પગલા સામે વિરોધ કરવાનું કોઇને કારણ રહેતું નથી

નિકલના સિક્કાના ફાયદાઓ ગણાવતાં નાણા-પ્રધાને કહ્યુ છે તેમ એ ધાતુ એટલી સખત છે કે એમાંથી બનાવટી સિક્કાઓ પાડવાનું કાર્ય લગભગ અશક્ય બની જશે ચાંદી લોહચુબકથી આકર્ષાતી નથી, પણ નિકલ આકર્ષાય છે તેથી બીજી ધાતુના બનાવટી સિક્કાઓ પકડી કાઢવાનું કાર્ય પણ ઘણું સહેલુ થઈ પડશે નિકલનું ચલણ સૌ પહેલુ ૧૮૮૧માં સ્વિટ્ઝરલેન્ડમા દાખલ થયેલુ તે પછી ૧૯૩૬ સુધીમ ઑસ્ટ્રીઆ ઇટલી, ફ્રાંસ વગેરે ૨૯ દેશોએ તેનું અનુકરણ કરેલુ હવે પછીના મહિનાઓ દરમિયાન એ હિંદમાં પણ દાખલ થશે.

દેશહિતના કાર્યમાં
સહુ કોમોનો સહકાર

સેકડો વર્ષોથી ચાંદીના રૂપિયાથી ટેવાયેલી આ દેશની પ્રજા રૂપાનાણાથી વિખૂટી પડશે ત્યારે એની લાગણી જરૂર દુભાશે બીજા સજોગો હોત અને કોઈ વિદેશી નાણામત્રીએ, ભલે આજના જેવા જ શુભ હેતુઓથી, આ પગલુ ભર્યું હોત તો એની સામે ઘણો ઉહાપોહ જાગ્યો હોત પરતુ આજે તો પ્રજાકીય સરકારે આ પગલુ ભર્યું છે, તેથી અમેરિકા પાસેથી આપણે ઉછીની લીધેલી ચાદી પાછી ચૂકવવા માટે આપણા કરોડો સિક્કામા નકામુ પડ્યું રહેલુ રૂપુ ઘણું જરૂરી છે એ વાત પ્રજા સમજી શકે છે પરદેશી સરકારે પગલુ ભર્યુ હોત તો પ્રજા એની પાછળના ઇરાદાઓ સમજવાની સાફ ના જ પાડત પોતે પોતાને જેના પ્રતિનિધિ ગણાવે છે તેવા મુસલમાનો ઉપરાંત શીખ ખ્રિસ્તી અને હિંદુ જનસમૂહ પણ શ્રી લિયાકતઅલીખાનના આ યોગ્ય પગલામા કેવો સહકાર આપે છે તે જોઈ ને એમના મનમાથી કોમવાદનું તત્ત્વ સહેજ પણ ઓછુ થયુ હોય તો કેવુ સારું!

મેયર-પરિષદે ઉવેખેલી મ્યુનિસિપાલિટીની ત્રુટિઓ

એપ્રિલમાં કરાંચીમાં મળેલી મેયર-પરિષદમાં મેયરને સરકારી સમારંભોમાં પહેલી ખુરશી મળવી જોઈએ એવા અને એમનાં અધિકારોની રક્ષા અંગેના બીજા ઠરાવો પસાર થયા તેને બદલે મેયરો અને મ્યુનિસિપાલિટીઓની ફરજો વિષે કાંઈક નિર્ણયો થયા હોત તો ઘણું સારું થાત. રાજકીય પક્ષાપક્ષી અને કીર્તિપ્રાપ્તિ માટેના તુચ્છ પ્રયાસોની દૃષ્ટિએ જોઈએ તો સ્થાનિક સ્વરાજની આપણી સંસ્થાઓ પ્રાંતીય ધારાસભાઓનો મુકાબલો કરી શકે તેવી કક્ષાએ પહોંચી (ઊતરી) ગઈ છે. શહેર કે ગામની સુખાકારીને લગતા અગત્યના પ્રશ્નો ચર્ચવા હોય ત્યારે કેટલીય મ્યુનિસિપાલિટીઓમાં પૂરું 'કોરમ' પણ નથી હોતું. વારવહેવારે કોઈકનું મરણ થાય તો તેના શોકમાં કે કોઈ મહેમાન આવ્યા હોય તો તેના સન્માનમાં પણ મ્યુનિસિપાલિટીઓ પોતાનું કાર્ય ઢીલમાં નાખતી હોય છે. કેટલીક વાર તો મ્યુનિસિપાલિટીના સભ્યોએ જેમનું નામ પણ ન સાંભળ્યું હોય તેવી વ્યક્તિઓના શોક કે સન્માનમાં સમયનો આવો અસહ્ય દુર્વ્યય થતો હોય છે. પ્રાંતીય પ્રધાનમંડળના સભ્યોની નકલ કરીને મ્યુનિસિપાલિટીના પ્રમુખો ને સભ્યો પણ આ સંસ્થાનું ઉદ્ઘાટન કરવા કે તે પ્રતિમાની અનાવરણવિધિ કરવા કે અહીં પ્રમુખસ્થાન શોભાવવા અને ત્યાં વક્તૃત્વ ચમકાવવા દોડયા જતા હોય છે; એક પછી એક બેઠકો મુલતવી રહેતી હોય છે અથવા તો કાંઈ જ કાર્ય કર્યા વિના બરખાસ્ત થતી હોય છે. કામના ગંજ ખડકાયે જતા હોય છે; અને આખર જતાં ઓછી બુદ્ધિ અને ટૂંકી દૃષ્ટિવાળા કાયમી નોકરો જ પ્રજાનાં કામનો ફાવે તેમ ફેંસલો કરી નાખતા હોય છે.

સમયની આ બરબાદી પ્રજાને ત્રાસ પમાડે છે

પ્રધાનો એક બાજુથી કહે છે કે પ્રજાજીવનના અનેકવિધ કોયડાઓ ઉકેલવા માટે એમને પૂરતો સમય મળતો નથી, અને બીજી બાજુથી આવા સમારંભો કે કોઈ ફિલ્મની પહેલી રાત્રિ પાછળ એમના કલાકો ખરચાતા હોય છે. એ જોઈને પ્રજાને જેમ વિસ્મય થાય છે, તેમ મ્યુનિસિપાલિટીના લઘુ-આગેવાનોને પણ એ એવી રીતે સમય વેડફતા જૂએ છે ત્યારે તો એને ત્રાસ થાય છે. સ્થાનિક-સ્વરાજની સંસ્થાઓ એકત્રિત થઈને આવા પ્રશ્નો ઉપર લક્ષ આપે, સર્વસામાન્ય કોયડાઓનો સામુહિક ઉકેલ લાવે, કોઈના અનુભવનો તો કોઈના ડહાપણનો સર્વને લાભ આપે તેમ જ નવી નવી ચુંટાતી જતી મ્યુનિસિપાલિટીઓમાં કઈ રીતે કામ લેવું તેનું જુવાન સભ્યોને દર્શન કરાવતું એકાદ સામયિક ચલાવે તો એમણે પ્રજાની સેવા બજાવી ગણાશે. બાકી માત્ર ખુરશીઓ શોભાવવા જ ત્યાં જવું હોય તો પછી નવી ચુંટણીઓમાં કોંગ્રેસની ટિકિટ પણ તેમને પ્રજાના મત નહિ અપાવી શકે એ બરાબર યાદ રહેવું જોઈએ.

માતૃભૂમિની સેવા માટેની પ્રશંસાત્મક ભાવના

મધ્યસ્થ ધારાસભામાં થોડા સમય પરની પ્રશ્નોત્તરી દરમિયાન પંડિત જવાહરલાલે જાહેર કરેલું કે સંયુક્ત રાષ્ટ્રસંસ્થાની કચેરીમાં કામ કરતા દેશદેશના સેંકડો માણસોમાં હિંદીઓ તો માત્ર ૫-૧૦ જ છે. હિંદ જેવા મહાન દેશ અને સંયુક્ત રાષ્ટ્રસંસ્થાના મોભાદાર સભ્યના વતનીઓને એ સંસ્થાની કચેરીમાં આટલું ઓછું સ્થાન મળે તે વાજબી નથી એવી ધારાસભ્યોની અને વર્તમાનપત્રોની યોગ્ય ફરિયાદ દૂર કરવા પરદેશપ્રધાને શક્ય પ્રયાસો કરવા માંડયા હશે જ, અને તેને પરિણામે કદાચ થોડા વખતમાં જ વધુ હિંદીઓ સંયુક્ત રાષ્ટ્રસંસ્થાની કચેરીમાં દાખલ થઈ શકશે. આપણા નવજુવાનોને એ રીતે એક વિશ્વ-સંસ્થામાં કાર્ય કરવાની અને દેશવિદેશના બુદ્ધિચાતુર્યના સંપર્કમાં આવવાની તક મળે તે બેશક ઘણા હર્ષની બાબત છે. પરંતુ બીજી બાજુ એવા જુવાનોની શક્તિની એમની જ માતૃભૂમિના નવઘડતરમાં ક્યાં

ઓછી જરૂર છે કે બીજાઓ માટે આપણે એમને બાતલ કરી શકીએ ? જો કે આવી ભાવના તો એવા કાર્ય માટે જેમની માગણી થાય તે જુવાનોના અંતરમાંથી જ ઊગવી જોઈએ.

ક્રિકેટ અને બીજી રમતો વિશેનાં જેમનાં સાક્ષણિક વર્ણનાત્મક રેડીઓ-પ્રવચનોએ હજારો રસિયાઓને મુગ્ધ કર્યા છે તે મુંબઈના શ્રી 'બૉબી' તાલયારખાને હમણાં જ આવી પ્રશંસાત્મક ભાવના દર્શાવીને બીજાઓને માટે દાખલો બેસાડયો છે અને એમના પ્રેમીસમૂહમાં પોતાને માટેનો આદર વધાર્યો છે. સંયુક્ત રાષ્ટ્રસંસ્થા તરફથી ચાલતા રેડીઓ-મથક ઉપર કામ કરવા માટે એમને વાર્ષિક રૂ. ૨૪,૦૦૦ (કરમુક્ત)ની એક ઑફર મળેલી તેને નકારતાં એમણે જણાવ્યું કહેવાય છે કે, રેડીઓ ઉપરથી બોલવાનો એમનો એક માત્ર ઉદ્દેશ હિંદમાં રમતગમતનું લોકશિક્ષણ આપવાનો છે અને તેથી આજની ઘડીએ એમનું કોઈ સ્થાન પરદેશી રાજકીય મંચ ઉપર નહિ પણ હિંદુસ્તાનમાં જ છે.

પુંજીપતિઓને સાંપડેલો નવો નફાકારક ઉદ્યોગ

છેલ્લાં સાતેક વર્ષો દરમિયાન લગભગ બધા છાપાંઓનું વેચાણ વધ્યું છે અને વધુ જાહેરખબરોને પ્રતાપે એમની આવકમાં પણ ઘણો વધારો થયો છે. પત્રકારત્વની દૃષ્ટિએ આ આવક વધારો પત્રકારોના પગારોમાં ઉમેરો કરતો હોય કે અખબારને વધુ સાધનસંપન્ન બનાવતો હોય તો ઘણો આવકારદાયી છે. પણ કમનસીબે બહુ ઓછા દાખલાઓમાં એવું બન્યું હશે. વસ્તુતઃ તો મોટા ભાગના અખબાર-માલિકોનાં ગજવામાં ૧૮ ટકા સુધીનાં 'ડિવિડન્ડ'ના રૂપમાં એ વધેલી આમદાની ઠલવાઈ ગઈ છે. આમ અખબાર ચલાવવું એ કોઈ મિલ-કારખાનું ચલાવવા જેટલો નફાકારક ધંધો થઈ પડયો હોઈને બિરલા, દાલમિયા અને સિંઘાણીઆ જેવા અનેક ઉદ્યોગપતિઓએ અખબારો ખરીદવા માંડયા છે.

આજ સુધી આપણી આમજનતા અને પરદેશીઓ વચ્ચે જંગ ચાલતો હતો, પણ કાલે આઝાદી આવીને ઊભી રહેશે પછી મજુર અને માલિક વચ્ચેનો જંગ આપણું ધ્યાન વધુ ખેંચવા લાગશે. તે વખતે અખબારો આવા પુંજીપતિઓના હાથમાં હોવાથી માલિકોને પક્ષે એ પ્રચાર કરશે અને ખુદ પ્રજાકીય સરકાર પણ એ પ્રચારના દબાણથી અલિપ્ત નહિ રહી શકે. વળી, જ્યાં અખબારો ઉપર એમની સીધી માલિકી નહિ હોય ત્યાં પણ આ પુંજીપતિઓ પોતાના ઉદ્યોગોની જાહેરખબરોને કારણે કેટલાંય નાનાં નાનાં અખબારો ઉપર આડકતરો અંકુશ ધરાવતા થઈ જશે.

નાગપુરના 'હિતવાદ'ના તંત્રી શ્રી મણિએ થોડા વખત પહેલાં એક વ્યાખ્યાનમાં હિંદી પત્રકારત્વ સામે ઊભેલાં આવાં ભયસ્થાનોનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, આપણા પત્રકારત્વનું ભાવિ જો ઊજળું બનાવવું હોય તો આપણી જનતાને વહેલી તકે સમજણી બનાવવી જોઈએ, એનામાં સારા-સારનો વિવેક કેળવવો જોઈએ, એમની રુચિ ઊંચી કક્ષાની ઘડવી જોઈએ, કોમી કે રાજકીય કારણોસર એકતરફી સમાચારો આપીને એની દૃષ્ટિ સંકુચિત ન બનાવવી જોઈએ.

દેશી ભાષાનાં છાપાંઓ સામે પડેલું નિઃસીમ ભાવિ

શ્રી મણિએ એમના પ્રવચનમાં એ પણ ઉલ્લેખ કર્યો હતો કે હિંદી પત્રકારત્વમાં સારા પત્રકારોની બહુ ઉણપ છે. આપણાં અંગ્રેજી છાપાંનું ધોરણ કાંઈક ઠીક હોય છે, પણ દેશી ભાષાનાં છાપાંઓએ તો ઘણી પ્રગતિ કરવાની બાકી છે. અંગ્રેજી છાપાંની આ દેશમાંની કારકિર્દી હવે અસ્તાચળને માર્ગે છે, પણ દેશી ભાષાનાં છાપાં સામે નિઃસીમ ભાવિ પડ્યું છે. પાંચ જ વર્ષમાં કરોડોની વાંચનભૂખનો આ છાપાંઓએ એકાએક સામનો કરવો પડશે. તે વખતે સમર્થ પત્રકારોની ખોટ આજે છે તેના કરતાં અનેકગણી વધુ સાલશે. જુદાં જુદાં છાપાંની નીતિ ભલે એકબીજાથી જુદી હોય, પણ સમર્થ પત્રકારોની જરૂર તો સહુને પડવાની જ છે. એટલે આ પ્રશ્ન

દેશી ભાષાનાં તમામ છાપાંઓએ સાથે બેસીને વિચારવા જેવો છે.

આ બાબતમાં એક સૂચન એવું પણ થયું છે કે, અમેરિકા જેવા દેશોમાં, જ્યાં અનેક વર્ષોથી પત્રકારત્વને પણ એક રીતસરના અભ્યાસના વિષય તરીકે ખીલવવામાં આવ્યો છે અને જ્યાંની પત્રકારત્વની વિદ્યાપીઠોએ એ દેશને અનેક શક્તિશાળી પત્રકારો આપ્યા છે ત્યાં, આપણા અમુક જુવાન પત્રકારોને વધુ તાલીમ માટે મોકલવા અને તેમના ખર્ચ પેટે અમુક શિષ્યવૃત્તિ કે લોન દેશી ભાષાનાં અખબારોના મંડળ જેવી સંસ્થાએ આપવી. બેશક, આવી મદદ આપીને પત્રકારત્વના અભ્યાસ માટે બહુ મોટી સંખ્યામાં જુવાનોને પરદેશ મોકલવા તે આપણા દેશને પોસાય નહિ. એટલે વખત જતાં તો આપણે ત્યાં જ, આપણી વિદ્યાપીઠોમાં જ પત્રકારત્વનો અભ્યાસક્રમ ગોઠવવો પડશે, પરંતુ એને માટે પણ અમુક માણસોએ તો પરદેશ જઈને અનુભવ મેળવી આવવો પડશે જ.

પત્રકારત્વની તાલીમ માટે શિષ્યવૃત્તિઓનો પ્રબંધ કરીએ

આપણા જીવનમાં અનેક ક્ષેત્રોમાં તાલીમ પામેલા માણસોની એટલી બધી તંગી છે કે એ તાલીમ મેળવવા પરદેશોમાં જવું આવશ્યક બન્યું છે. એ રીતે પરદેશ જઈ આવનારાઓમાંથી અમુક તાલીમબાજોનો ઉપયોગ સીધો એ પ્રત્યેક ધંધાની ખીલવણી માટે થાય છે અને અમુકને એ જાતની તાલીમ બીજાને આપવાના શિક્ષણ-કાર્યમાં રોકવામાં આવે છે; એક પ્રત્યક્ષ પરિણામ આપે છે, બીજી લાંબા ગાળાની યોજના છે. પણ આપણી આજની પરિસ્થિતિમાં બન્ને જરૂરી છે. મધ્યસ્થ સરકાર તરફથી આવી જાતની તાલીમ મેળવવા માટે ૧૯૪૭-૪૮ના વર્ષ દરમિયાન જુદા જુદા ૩૬ વિષયના કુલ ૨૦૭ વિદ્યાર્થીઓ સરકારને જ ખર્ચે પરદેશોમાં ઓછામાં ઓછા બે વર્ષના અભ્યાસ માટે મોકલવામાં આવનાર છે. આ ૩૬ વિષયોમાં ખેતી, પશુપાલન, રસાયણવિદ્યા, ઇજનેરી, શિક્ષણ, ભૂસ્તરશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, કાગળ-ઉદ્યોગ અને છાપકામ સુદ્ધાંનો સમાવેશ થાય છે; પણ પત્રકારત્વનું એમાં નામ નથી.

એ તો દેખીતું છે કે એકલી સરકાર બધા જ વિષયના બધા વિદ્યાર્થીઓને શિક્ષણ માટે પરદેશ મોકલવાનો ભાર વેઠી ન શકે. તેથી આ કાર્ય છાપાંના કોઈ મંડળે ઉપાડી લેવું જોઈએ. છાપાંના મંડળ પાસે ભંડોળ ન હોય તો સમજુ શ્રીમંતો પાસેથી એ માટે મદદ મેળવવી જોઈએ. પહેલી એશિયાઈ પરિષદ પોતાને આંગણે ભરીને હિંદે એશિયાની આગેવાની લીધી છે. તેથી એણે તો અન્ય એશિયાઇ દેશોના વિદ્યાર્થીઓને પોતાને આંગણે અભ્યાસ કરવા બોલાવવા જોઈશે અને એમને નાનાં ભાંડુ ગણી સારી પેઠે શિષ્યવૃત્તિઓ આપવી જોઈશે. પણ પોતાના જ દેશના જુવાનોને પરદેશ મોકલવા માટે જો હિંદી શ્રીમંતો કાંઈ નહિ કરતા હોય તો બીજાઓને તો એ પોતાને આંગણે કઈ રીતે બોલાવી શકવાના હતા?

સેવા કરતાં કરતાં દલિત-કોમોના વાડા ઊભા ન થાય!

માત્ર કોઇ એક જ કોમના સાંકડા વાડામાં પોતાની પ્રવૃત્તિને મર્યાદિત રાખનારી કોઈ પણ સંસ્થા પછી ભલે તે ગમે તેટલા શુભ હેતુથી ઊભી કરવામાં આવી હોય, સમગ્ર દેશ માટે તો નુકસાનકારક છે જ, પરંતુ ખુદ એ કોમની પણ શ્રેષ્ઠ સેવા તેના હાથે થઈ શકતી નથી એ વાત સમજવામાં હવે નવા હિંદુસ્તાનમાં ઢીલ થઇ શકે તેમ નથી. જુની ઘરેડના કોમવાદીઓએ આ વાત સમજવાની છે તેમ જે રાષ્ટ્રવાદી સમાજસેવકોએ પોતાનું સેવાક્ષેત્ર સાવ સંકુચિત રાખ્યું છે તેમણે પણ આજ સુધી આંખથી વેગળા રહેલા આ ભયથી સતેજ થવાની જરૂર છે. થોડા વખત પર મળેલી રાનીપરજ પરિષદ ઉપરના એક સંદેશામાં શ્રી કિશોરલાલ મશરૂવાળાએ એનો નિર્દેશ કર્યો છે.

'રાનીપરજ સેવા મંડળ, હળપતિ સેવા મંડળ, 'આદિવાસી સેવા સંઘ, હરિજન સેવક

સંઘ વગેરે ન્યાતજાત, વંશ, ધર્મ કે સામાજિક રૂઢિઓના કારણથી ઉત્પન્ન થયેલા વિભાગોની સેવા માટે જુદા જુદા સંઘો સ્થપાય એ મને બહુ ગમતું નથી. આજની પરિસ્થિતિમાં કાર્યકર્તાઓને ચોક્કસ ક્ષેત્રમાં, એકાગ્રપણે અને એકધારું કામ કરવાની દૃષ્ટિએ આવા સંઘની રચના અનિવાર્ય બને છે. પણ આપણો આદર્શ તો હિંદુ અને અહિંદુ, બધા ભેદોને ભૂંસી દેઈના સર્વ લોકોને કેવળ એક ભારતવાસીઓના સમાજમાં એકત્ર ગોઠવવાનો છે. આપણે એક એવો મજબુ સમાજ રચવો છે, જેથી બધા એકબીજા સાથે એવા એક થઈ જાય કે કોણ આદિ અને કોણ આર્ય, કોણ દ્રાવિડ અને કોણ દ્વિજ અને કોણ અંત્યજ એનો ફરક જ શોધી ન શકાય.

'પછી આપણા સંઘોના નામ આદિવાસી સેવક સંઘ, રાનીપરજ સેવા મંડળ, હરિજન સેવક સંઘ એવાં નહીં હોય પણ ગરીબ સેવા સંઘ, રોગી સેવા સંઘ, અજ્ઞાની સેવા સંઘ, વ્યસની સેવા સંઘ,–એવી જાતના સેવા સંઘો હશે. તે ગમે તે જાત, કોમ કે ધર્મના ગરીબોની રોગીઓની, અજ્ઞાન, વહેમ તથા વ્યસનોમાં ડૂબેલાઓની સેવા કરતા હશે અને દરિદ્રતા, રોગ, અજ્ઞાન, વહેમ, વ્યસન વગેરે મનુષ્યજાતના કાયમના શત્રુઓનો નાશ કરવા પ્રયત્ન કરતા હશે

'રાનીપરજ વગેરે જુદાં જુદાં મંડળો સ્થાપીને પણ અસલ કામ તો છેવટે ગરીબાઇ રોગ, અજ્ઞાન, વ્યસન, અન્યાય વગેરેના નાશનું કરવાનું છે. પણ કાયમ માટે રાનીપરજ, હરિજન, હળપતિ વગેરે સમૂહો બંધાઈ જાય અને તેટલા જ સમૂહનું મમત્વ અને અભિમાન પાકું થાય તો તે ઈષ્ટ નહીં થાય.'

શ્રી કિશોરલાલભાઈની આ સ્વચ્છ દૃષ્ટિનો ચેપ આ દલિત વર્ગોમાં કામ કરી રહેલા સહુ કાર્યકર્તાઓને વહેલો વહેલો લાગે–નહિતર સાચા દિલથી સેવા કરવા જતાં ક્યાંક કોમવાદનું ઊંટ પેસી જશે.

વિચારોમાં અક્કમ હતા—

આચાર-કસોટીમાં નિષ્ફળ ?

સ્વતંત્રતા માટેની લડત દરમિયાન જે ઉ આદર્શો આપણે નજર સામે રાખેલા હતા તે હવે સ આપણા જ કાર્યકરોના હાથમાં આવતાં તે ભૂલવા લાગ્યા હોય તેવું હમણાં હમણાંથી બન બનાવોમાંથી જણાય છે. આજ સુધી આપણા વિચારો હતા તેને આચારમાં મૂકવાની ઘડી આ છે ત્યારે આપણા ઘણાખરા આગેવાનો એ કસોટીમાં શુદ્ધ કાંચન સ્વરૂપે નથી નીકળી શકતા એવું લાગે 'એક કોંગ્રેસી કાર્યકરે' 'પ્રજાબંધુ'માં સમભાવપૂ લખેલા એક નિડર લેખમાં કહ્યું છે તેમ—

'આ સ્થિતિમાં આપણે ગુજરાતમાં છે પચ્ચીસી દરમિયાન જીવનની જે કેટલીક ઉ ભાવનાઓનું સંરક્ષણ અને સંવર્ધન કર્યું તેને કોઇ પણ ભોગે સાચવી રાખવી એ પ્ર વિચારશીલ વ્યક્તિનું પ્રતિ કર્તવ્ય થઇ પડે એ સાચવણીનો માર્ગ આપણે જાણ્યો છે વ્યક્તિની પ્રત્યે લેશ પણ અનાદર કર્યા સિવ આપણે ન્યાય ને નીતિનાં ધોરણો સચવાય પ્રકારે આપણું વર્તન ઘડવું.

'જો આ પ્રકારની જીવનવિશુદ્ધિ આપ કાર્યકરો આજે સચેત થઇને નહિ કેળવે પ્રજા આજ સુધી જે આદરની ભાવનાથી કા કરોને અનુસરી છે તેમ કરતાં અચકાશે-હ કતમાં આજે અચકાઈ રહેલી છે...જેઓ બે સિક્કા જેવા હોવા છતાં પણ હજુ ચલણી બ રહ્યા છે તેઓએ સમજી લેવું જોઇએ કે પ્રજા રહેલી એક સ્વાભાવિક ઉદારતાની વૃત્તિને લી જ તેઓ પોતપોતાના સ્થાને હજુ સ્થિર પોતાની કોઈ વિશિષ્ટ લાયકાતને લીધે નહિ એટલે પ્રજાની સહનશીલતાને, ઉદારતાને હદથ બહાર કસોટીએ ચડાવનારા વધારે પ્રસંગો બનશે તો પ્રજા એ સિક્કાઓનું ચલણ બંધ કરવામ જરાયે ઢીલ નહિ કરે એ સહુએ સમજી રાખ જોઈએ.'

'એક કોંગ્રેસી કાર્યકરે' જો પોતાનું નામ જાહેર કર્યું હોત તો એમની આ સ્પષ્ટવાણીની અસર એમના સાથીઓ ઉપર કેટલી વધારે થાત!

મ૦

૨૮–૪–'૪૭

જીવનપંથ

ધૂમકેતુ

અભણ પણ અણઘડ નહિ એવી ભાભીને ભણાવવા જતાં ભણતરનો સાચો શોખ જાગે છે.

દરેક ગામડાને પોતાનાં બે ચાર કાવ્યમય સ્થળો હોય છે. આ રમણીય સ્થાનોની પિછાન જેટલી રખડુઓને અને રબારીઓને હોય છે એટલી બીજા કોઇને હોતી નથી. અને ગામડાનું હૃદયતંત્ર જે આનંદ આ સ્થાનોમાંથી ખેંચે છે એવો આનંદ એને મોટીમોટી મેદની જમાવતી સભાઓમાંથી પણ મળતો નથી. આવા રમણીય સ્થાનોમાં કુદરતે છૂટે હાથે સૌન્દર્ય વેર્યું હોય કે કોઈ આરસની મેડી મોલાતો કે મનોહર ઉદ્યાનો ત્યાં ઊભાં હોય એવું પણ કાંઇ હોતું નથી, ઘણી વખત તો માત્ર વેકુર ભરેલો નદીનો વિશાળપટ પોતાની સાદી રમણીયતાથી ગામડાનું અનુપમ આકર્ષણસ્થળ થઇ ગયેલ હોય છે, કે ગામને ગોંદરે ઊભેલો ખોખડધજ* વડ કેવળ પોતાની ઘાટી છાયાથી મોહિનીનું ધામ બની રહેલ હોય છે!

વીરપુરનું એવું એક રમણીય સ્થાન તો માનકેશ્વરનું મંદિર. પણ તે ગામની બહુ પાસે. ગામથી દૂર અને તેથી કલ્પનામય રંગથી રંગાયેલું સ્થળ તો 'હેમદ્રો' હતું ઉનાળામાં પણ ત્યાં પાણી હિલોળા દેતું હોય. લોકોએ તો હેમદ્રાની વ્યુત્પત્તિ પણ શોધી હતી કોઈ સાધુની મુદ્રા ત્યાં પડી ગઈ, અને હઠયોગી સાધુએ તો આસન જમાવીને ત્યાં ને ત્યાં મુદ્રાનો જાપ માંડયો. 'હે મુદ્રા! હે મુદ્રા! હે મુદ્રા!' એમાંથી થઈ ગયું હેમદ્રો. આ તો આપણી લોકકથાની ભૂમિકા કેવી રીતે તૈયાર થાય છે એનું એક ઉદાહરણ છે. બાકી તો 'હેમદ્રો' એ સમુદ્ર ઉપરથી જ નિષ્પન્ન થાય તેવો શબ્દ છે. અને એ નાનકડા ગામનો તો જળભંડારી સમુદ્ર જ હતો!

આ હેમદ્રાની આસપાસ પણ 'બેલાડિયાની પાટ' અને બીજાં ઘણાં જળસ્થાનો હતાં. ત્યાં આગળ ડુંગરા, ટેકરા, ધાર, પથ્થરખાણો ને કુદરતી રીતે બારે માસ લીલીછમ રહેતી ધરતી હતી. રબારીઓનું એ પ્રિય સ્થળ હતું. રખડુઓનો એ કાશ્મીરી બગીચો હતો. ભાગેડુઓ માટે સંતાવાની જગ્યા ત્યાં હતી. નર્મદ ગણાવે છે તેવા 'લાલ લલના' માટે એ જ સ્થળમાં રસિકતા સભર ભરી હતી. અને મૂરખાઓ માટે ડૂબી મરવાનું સ્થાન પણ એ જ હતું!

આ બેલાડિયાની પાટે તો અમે વારંવાર લૂગડાં ધોવા જતા—માની સાથે. એકલા જવાની તો હિમ્મત ચાલે નહિ. હેમદ્રામાં મગર અચૂક રહેતી—પણ બેલાડિયાની પાટે એનો વાસ નહિ જેવો ગણાતો. એનાં શાંત, મીઠાં, પવનની લેરખીએ ચડેલાં, કાળાંનીલાં પાણી એવા તો મનોહર હતા ને કાંઠે આવેલાં પાન છૈયા એવા પડછાયી રંગે એમને શણગારી દેતાં કે ગમે તેવો કાળજાસાયતુ પણ એક વખત તો એને કાંઠે ડોલી જાય. મા કપડાં ધોઇ લ્યે, પછી પોતાને તરતાં બહુ સરસ આવડતું એટલે લાંબે શેલારે પાણીમાં પડે! હું કાંઠે ઊભો ઊભો આનંદથી ઠેકડા મારું, પણ પાણીમાં પડવાનું ગજું નહિ. પછી પોતે પાછાં ફરે, ને ખભે લગાડીને લાંબે સુધી પાણીમાં લઈ જાય!

આજ વર્ષો પછી જ્યારે એ પ્રસંગ હું સંભારું છું, ત્યારે એક ક્ષણભર તો વર્ષોનાં વર્ષો જાણે દૂર

* આ ખોખડધજ શબ્દ છેક સિદ્ધરાજ જયસિંહના જમાનાના 'કુક્કુટધ્વજ'નો વારસો જાળવી રહ્યો છે.

હડી!જાય છે—એ શાંત મીઠાં જળ, એ નીલાં ઘાસ, ડુંગરા, ટેકરા, ધાર ને પાણુખાણો સઘળાં જ જાણે મને પાછો રમવા બોલાવી જાય છે. ખરેખર, મા ધરતી. એનું અમી, જો કોઈની સાથે સરખાવાય તો એક જન્મદાત્રી મા સાથે જ. એક વખત મારા કાકાએ કહેલો એક દોહો યાદ આવે છે :

ગર મોરાં, સર દાદરાં, અમરત ફળ સુવો,
હેતુકવેણ, જનમભોમ, શેં વિસરે મુઓ.

આ બેલાડિયાની પાટે પાણી ધીમી શાંત લેરખીમાં આખો દિવસ લહેરાતું હોય—માને તરતાં આવડે એટલે જ્યારે બેલાડિયાની પાટે લૂગડાં ધોવા જાય ત્યારે પાણીમાં અચૂક પડવાનાં અને તરીને સામે કાંઠે નીકળી જવાનાં. એક વખત મારી કાકી પણ ધોવા માટે સાથે ગયાં. એમને તરતાં ન આવડે. પણ પાણીમાં હાથ પગ હલાવવાથી તરાય છે એટલું જાણે. માએ પાણીમાં હેલારો લીધો ને તરવા પડયાં કે કોણ જાણે શું થયું—પગ નીચેથી પથ્થર સર્યો કે પછી રહી શકયાં નહિ—પણ જમનાકાકી તરત પાછળ જ પાણીમાં ખાબક્યાં માએ ચોટલો ઝાલવાનો યત્ન કર્યો, પણ એટલામાં તો, જમનાકાકી અદૃશ્ય થઈ ગયાં હતાં.

વીરપુરમાં એ વખતે એક કોળી રહેતો. એને કાંઈ નામ જ મળે નહિ. એ જનમમૂગો હતો. અને 'મૂગો' એ નામે જ ઓળખાતો. પણ સાત વાંસ પાણીમાંથી મોતી ગોતવું હોય તો એ ગોતે. હેમદ્રામાં પડીને હેમદ્રામા એક દેરું છે, નીચે પાણીમા, એવી દંતકથાભરેલી શોધ એણે કરી હતી પાતળો નાનકડા બાંધાનો, વાચા વિનાનો પણ ગજબનો સેવાભાવી એ પુરુષ હતો. પાણી જોનાં એનું અતળ ઊંડાણ એ વાંચી કાઢતો. એનો ધંધો જ પાણીકાંઠે રખડવાનો.

જમનાકાકી અદૃશ્ય થતાં તો માએ મોટેથી રીડીયારીડ કરી મૂકી. રબારીઓ દોડી આવ્યા. કણબી ધોડયા. પાણુખાણુમાંથી પાણી પીવા આવેલા કોળી ભેગા થઈ ગયા. પણ પાણીમાં જવાની કોઈની હિમ્મત ચાલે નહિ.

એટલામાં કોણ જાણે ક્યાંથી મૂગો દેખાયો. એને તો નિશાની આપો એટલી જ વાર. એ ખાબક્યો પાણીમાં, ને જમનાકાકીને ચોટલે ઝાલીને ઉપાડી લાવ્યો.

આ વાત, બેલાડિયાની પાટની, અમારી કૌટુમ્બિક કથા લેખે આકર્ષક હતી, પણ અમને છોકરાંવને તો બેલાડિયાનું એક બીજું આકર્ષણ હતું. આ પાટે ઠાકોર સુરાજીએ અજબ ગણાવી શકાય એવો દીપડાનો શિકાર કર્યો હતો એમ કહેવાતું હતું.

ઠાકોર સુરાજીને માટે એ તદ્દન સાચું હોઈ શકે. એ જમાનામાં ઠાકોરને, મધ્યયુગના વીરત્વના છેલ્લા અવશેષ જેવા ગણી શકાય.- એ જ રજપૂતવટ અને એ જ ટેક. એ જ રંગ અને એ જ રાગ એમાં પાછા સુરસિંહજી તો પોતે જુવાનીમાં કૈંક રણખેલ રમી ચૂકેલા. ટેકનો વટનો અને વચનનો એક રંગી પુરુષ..-માથાના વાળ જેટલું દેવું થયું ત્યારે કોઈકે કીધું કે હવે તો આ કામદારને કાઢો—પણ, એનો જવાબ એક જ: 'જેને મેં હાથ આપ્યો એને હું નહિ કાઢું!'

એક વખત કોઈક ભરવાડે આવીને વાત કરી કે 'બાપુ! બેલાડિયાની પાટે દીપડો આવ્યો છે. ને બેક ચાળાને ચૂંથ્યાં છે!'

દરબાર તરત તૈયાર થયા. વીરપુરની ઘોડાર એ વખતે ભારતવિખ્યાત હતી એમ કહીએ તો પણ અતિશયોક્તિ ન ગણાય એવાં સરસ જાતવંત ઘોડાં વીરપુરમાં રહેતાં. દરબાર ઘોડેસવાર થઈને ચાલી નીકળ્યા અને એની પાછળ પણ બે ચાર જણા નીકળ્યા.

દીપડો એક ભાડામાં અંદર સૂતેલો. ધીમે ધીમે રબારી ડાંગ લઈને આગળ ચાલ્યો. ને છેક સુધી પહોંચ્યો. સગડ મળ્યો. મરચાંની ધુમાડી દીધી હોય તો અંદરથી મુંઝાયો થઈને ભાગે. સૌ થોડે છેટે ઊભા રહ્યા. ધૂમાડી કરીને સગડીયો ભાગી ગયો.

થોડીવાર થઈને અંદરથી વિફળ બનેલો દીપડો નીકળ્યો. નીકળ્યો તો ખરો પણ કોણ જાણે શું થયું તે નીકળ્યો એવો જ સીધો આવ્યો ઠાકોર સુરાજી ઉપર.

ઠાકોરને ઘોડો સાચવવાનો હતો બંદૂક સંભાળવાની હતી. ને દીપડાને એક જ ઘાએ પાડવાનો હતો. બીજા ઘાનો વખત ન હતો. બીજા કોઈ ઘા કરે એમાં તો સો ટકાનું જોખમ હતું. બોલવાનો સમય ન હતો. ઇશારાનો પણ વખત નં હતો. સ્થાન સાચવવાનો જ મોકો હતો.

ઠાકોર સુરાજીએ અજબ જેવી સ્ફૂર્તિથી એક હાથે ઘોડાને પોતાને વશવર્તી બનાવી દીધો ને બીજે હાથ ઘા કરવા માટે તત્પર પણ. વિવેકી એવી પળને સોંપી દીધો. એ પળમાં જીવનમરણ હતું. માથા ઉપર ખાજકે એવી તરાપે દીપડો અદ્ધર ઊડ્યો. ને એક ક્ષણ— આંખ મીંચી ને ઉઘાડો એટલી ક્ષણ, આકાશમાં એ લગભગ માથા ઉપર તોળાયો. પણ એ તોળાયો ન તોળાયો ને એક હાથે મજબૂત લગામ પકડી, ઘોડાને પણ જરાક અદ્ધર થઈ જાય એટલી વજ્જરતાથી વશ રાખી રહેલા ઠાકોર સુરાજીએ, શરીરને થોડોક પાછળનો ટટ્ટાર ઝોક આપી, એવી તો અજબ સ્ફૂર્તિથી બંદૂક ફોડી ને ઘોડાને પણ પાછળ હઠાવી લીધો, કે શું થયું કે શું થાય છે, એ આસપાસના કોઈ અનુભવે, તે પહેલાં તો દીપડો નીચે ફંગોળાઈ ગયો હતો ! આ ઠાકોર સુરાજી !

આ હેમદ્રો, ભેલાડિયાની પાટ, ને વીરપુર જેતપુર ગોંડલ રાજકોટને સાંધનારી મોટી પાખરકા ઉપરના ખિહામણીના પુલ સુધી, પાણીની છત રહેતી. એટલે એ બધાં સ્થાનમાં ગાયો, ભેંસો, બકરાં ચારવા માટે રબારી, ભરવાડ રખડ્યા જ કરતા. મેં પણ અમારી ગાય, ભેંસોને ત્યાં ચારવા માટે લઈ જવાની તૈયારી બતાવી.

નિશાળે ન જવા માટે તો એ વખતે ગમે તેવું કામ કરવાની મારામાં હિમ્મત હતી. શરત એટલી કે નિશાળમાંથી રજા મળવી જોઈએ. અમે છેક ઉઘાડે ગહેના, અને એક સાધારણ નહિ જેવી મૂડી છતાં, કોણ જાણે કેમ શાહુકારમાં ખપતા ! મારા પિતાની રહેણીકરણી અને કાંઈક કરડો, સ્વમાની, કોઈની દરકાર ન કરે તેવો, આગ્રહી અને જમાનાની ને 'ફેશન'ની હમેશાં સામે થનારો, એકદમ નિખાલસ, ઉગ્ર અને એમની ત્યાંની નાનકડી કાર્યમર્યાદામાં સરખામણી કરવામાં રહેલાં જોખમ અને અયોગ્યતા વિષે ભાન છતાં, સરખામણી કરવી જ હોય તો, સરદાર વલ્લભભાઈ પટેલ સાથે સરખામણી કરી શકાય તેવો, કાંઈક કડવો, તીખો, એક ઘાએ બે કટકા કરવાવાળો, એવો સ્વભાવ આમાં કારણરૂપ હોવો જોઈએ. એમની આંખમાં રતાશ રહેતી. મોં ઉપર ગંભીરતા સાથે કડકાઈ દેખાતી. સ્વભાવમાં ઉગ્રતા હતી. વાણીમાં સ્પષ્ટતા હતી. વર્તનમાં નિખાલસતા હતી. વ્યવહારમાં ભગવાન કૌટિલ્યની કુનેહશક્તિ હતી. સંકટ સમયે ધીરજ ને શૂરવીરતા હતી. અને અત્યંત આગ્રહી સ્વભાવને લીધે ધાર્યું પાર પાડવાની તેજસ્વિતા પણ હતી. એમનાં પ્રિય પુસ્તકો બે. પંચતંત્ર અને વૃદ્ધચાણક્ય. આ બન્ને પુસ્તકોમાં કોઈ જગ્યાએ પરાજયનો મહિમા ન હતો. એટલે હાર્યો દા લેતાં એમને મૃત્યુ જેટલું દુઃખ થતું.

પણ એમણે આ જે વગરમાગેલી અને નાહકની ઉપાધિ મેળવી હતી—શાહુકારીની—એણે અમને તો રાત ને દિવસ સચેત રાખ્યા કર્યા. ક્યાંક ચોરી થાય એટલે પોલો ફફડાટ અમારે ત્યાં, અમારા ફળિયામાં કૂતરાંની લંગાર તો રહેતી, પણ એ ઉપરાંત અમારા ઘરની ચારે તરફની વંડી, એ કોણ જાણે કેવી મહાન કિલ્લાની ભીંત બનવાની હોય તેમ, એ કોઈ દિવસ પૂરી જ થાતી નહિ ! જ્યારે જુઓ ત્યારે સરકારી સમારકામની જેમ એનું સમારકામ ચાલતું જ હોય !

અને આ સમારકામ પાછું કરવાનું ઘરનાં માણસોને પોતાને જ ! એટલે કડિયા, મજૂર, ચણવાવાળા, પાણા લાવવાવાળા, પાણી સારવાવાળા—એ સઘળા અમે પોતે જ. ઋતુએ ઋતુએ એ ભીંતો નવી નવી રીતે ચણાયા જ કરે !

હાલ તો કાઠિયાવાડમાંથી નાશ પામી ગઈ છે એ હાથલા થોરની મજબૂત વાડ પણ ઘરને વીંટળાઈને પડી હતી. એટલે પાંચ પંદર દિવસે એક બે ભયંકર ભોરિંગ પણ ઘરમાં દેખા દે ! એમની સાથે પણ ચોવીસ કલાકનું જુદ્ધ ને ચોવીસ કલાકની સંધિ

ચાલતાં જ હોય! પરંતુ ચોરથી, સાપથી, કે એવા કોઈ ભયથી ડરીને પણ ગામમાં રહેવા જવાની મારા પિતાએ ક્યારેય ઇચ્છા કરી ન હતી. હા, સર્પને પકડવાનો એક લાંબો દોરી બાંધેલો મજબૂત વાંસ હમેશાં ઘરમાં રહેતો. અને મોટા ભાલા આકારનો લોઢાનો સળિયો પણ રહેતો. એક બે ભાલા પણ હતા. અને બીજાં પણ અનેક સાધનો હતાં. ગામમાં તો એટલે સુધી વાતો ચાલતી કે અમારા ઘરમાં પ્રવેશ કર્યા પછી કોઈ માઇનો પૂત ઘરમાંથી સાજોતાજો બહાર નીકળે એ વાતમાં કાંઈ માલ નથી. કારણ કે ત્યાં એવી ભૂલ-ભૂલામણી છે અને ટોકરીઓની એવી પરંપરા ઘરમાં રચેલી છે કે પ્રવેશ કરતાની સાથે જ આખા ઘરમાં અવાજ અવાજ થઈ રહે છે! આ અતિશયોક્તિની વાતોએ અમને ચોરી, ચોરની રંજાડમાંથી બચાવી લીધાં એમ કહેવાય!

ખરી રીતે આ તમામ દંતકથા કેવળ બે પાંચ વખત દરબારી માણસો—ખાસ કરીને રાણીઓના કામદારો—પૈસા લેવા માટે આવતા જતા કોઈક જોયા તેમાંથી ઉદ્ભવેલી હતી.

પણ પછી એ દંતકથાને થોડીઘણી ભૂમિકા આપી ચાલુ રાખવા માટે અમે પણ બારણાને થોડી ટોકરીઓ વળગાડી રાખી હતી! એટલે બારણાને કોઈ અડે કે તરતજ ટનન ટનન એવા અવાજ થઇ રહેતા!

ઘરનાં તમામે તમામને મજુરીનો પદાર્થપાઠ તો પેલી ભીંત ચણાતી હોય એમાંથી પ્રત્યક્ષ મળી રહેતો. ચણવાવાળો કોઇ મજૂર હોય તો ભલે નહિતર મારા પિતા પોતે જ ચણતા! ગારો, ગદેડાં, બેલાં ને ગડગડિયા પાણા—એમનો તો અમારે ત્યાં ભંડાર ભર્યો જ હોય. એ વખતે, ખાસ કરીને બપોરને સમયે, નિશાળનો ઘંટ થવાની તૈયારી હોય ત્યારે, હું એવા ઉત્સાહથી એમાં ભાગ લેવા માંડું કે પથરાઓને બરાબર ગોઠવવા માટે નાનકડી પાતળી પથ્થરની કરચો જોઇએ, એ ગમે ત્યાંથી શોધી શોધીને પણ હાજર કરી દઉં! આ કામના ઇનામ લેખે ઘણી વખત બપોરે ઘેર રહેવાની રજા મળી જાતી. આવી રજા મળે ત્યારે એ રજા વારંવાર પાછી મળ્યા જ કરે એવું કરવા માટે, પરચુરણ ઘરકામની દાંડી જવાય એટલી મજૂરી ચીવટથી આપવી પડતી. પણ ગારો સારવો, ગદેડાં ઉપાડવાં, ગડગડિયા લાવવા, મીનલવાવમાંથી પાણી લાવવું, કાથી સાંગવી, ખાટલા ભરવા, નળિયાં ચળાતાં હોય તો ખોરડા ઉપર નળિયાં લઇ જવાં—એ તમામે તમામ કામ મારા મનથી સહેલાં હતાં. અઘરું તો પેલું ગણિત હતું.

પણ આટલું કામ આપ્યા છતાં નિશાળની હાજરી ગેરહાજરીનો સવાલ તો તલવારની પેઠે માથે લટકતો જ રહેતો. છોકરો તેડવા આવે તો તો ઠીક, પણ કોઈક વખત માસ્તર પોતે આવી ચડે ત્યારે તો પરાણે જવું જ પડે. સવારે આંક લેખાં થયાં હોય તો બપોરે ગણિત હોય—ને સવારે ગણિત થયું હોય તો બપોરે આંક લેખાં હોય. ઊલમાંથી નીકળો તો ચૂલમાં પડો એવું આ વિષચક્ર ત્યાં હાજર જ હોય! અને માસ્તરની કાળી આંકણી—એ પણ ત્યાં હાજર હોય! એ વખતે મોન્ટેસોરી હતી નહિ ને સોટી લાગે ચમચમ એ સૂત્ર સર્વમાન્ય હતું.

પણ ભગવાન ભાગ્યાનો ભેરુ કહેવાય છે. કેટલાક ભાગ્યાનો ભેરુ કહે છે એ બરાબર નથી. ભાગે એનાથી તો ભગવાન પણ ભાગે. પણ જે ભાંગે એનું ગાં એમ કરીને ભગવાન ગાડું ચાલે. હું પણ મને લાગે ભાંગતો જતો હતો. આંખમાંથી આંસુ તો કોઇ ઘો મોઢે ચાલ્યાં જતાં હોય, હીબકાનો તો પાર ન હોય રોઇ રોઇને આંખો સૂજી ગઇ હોય, પણ નિશાળ—નિશાળ, કોઇ દિવસ મને છોડે, એ વસ્તુ હજી ક્યાંયે ક્ષિતિજમાં દેખાતી ન હતી! એવામાં એક બનાવ બન્યો

મોટાભાઈ પરણ્યા હતા બહુ નાના હતા ત્યારે. એટલે ભાભી આવ્યાં ને પિયરથી ×ઘામેણી પાડી લાવ્યાં. આ પાડી બહુ જાતવંત હતી. ગામમાં તો નવી સવી એટલે શીમની અજાણી રબારી ચારવા છોડી જાય, પણ સાંજે પાછી ઘેર ફરે કે નહિ એની ખાત્રી કોણ આપે? અમારી ભેંશ હતી, એક વાછડી

×ઘામેણીનો અર્થ દાયજામાં આપેલી એવો છે.

પણ હતી, એમાં આ એક પાડી આવી એટલે ત્રણું ચાર ઢોર થયાં. પાડોશમાંથી છોકરા ને છોકરીઓ ભેંશો ચારવા જાતાં—એમાં હું પણ ભળી ગયો.

સવારમાં કાં સાથવો લઈને, કાં *ઘશીયો લઇને, કાં દશમી લઇને અને નહિતર પછી ઘઊંનો રોટલો લઇને, પણ પાણીને બદલે એ દૂધમાં કર્યો છે એવો ઢોંગ કરીને, નીકળી પડું. અને પાડોશી ખાંટ, રજપૂત, સુમરા એમના છોકરા છોકરીઓ સાથે છેક બેલાડિયાની પાટ અને હેમદ્રા સુધી એમનાં ઢોર સાથે મારાં ઢોરને લઇ જાઉં. આ ક્રમ ઘણા દિવસ ચાલ્યો અને એ પ્રમાણે નિશાળની મુક્તિનો આનંદ હું માણી રહ્યો.

સવારે જાવું અને છેક સાંજે આવવું. સવારમાં દહીં રોટલો ખાધો હોય કાં જારનું ધાન ને છાશ ખાધી હોય, ને બપોરે ઝાડને છાંયે બેસીને બપોરાં કરવાં ને કટકબટક વધે તો વળી રોંઢો પણ થાય; કોઇ વખત કોઈ હરિનો લાલ રબારી મળી જાય તો આપણને બકરીની બે શેડ પાડવા દે તો રોટલાનું બટકું ને દૂધની શેડ એમ નાસ્તો પણ થઇ જાય; અને એ ને હિલોળા દેતાં પાણી જોયાં કરવાં કે કોઇ નીલીછમ ધાર ઉપર ઊભા રહીને છેટે છેટે ચરતી તમારી ગાય ભેંશોને નિહાળ્યા કરવી—જીવનનું આ પ્રભાતી આકર્ષણ આજ પણ એટલું સતેજ રહ્યું છે કે, જો મને કાયાકલ્પથી કે જંતરમંતરથી વીસપચીસ વર્ષ પાછાં મળી જાય તો તરત પાછો 'નીલાછમ ટેકરાઓ ઉપર કાંઇ પણ હેતુ વિના રખડવા માટે તો હું એકલો જ જીવું છું !' એ મનોદશાનો પડઘો ફરીને અંગઅંગમાંથી જાગી ઊઠે ! 'નીલગીરીના ઉતાકામાંડ પાસેના વિસ્તીર્ણ' નીલાછમ ટેકરાઓ અને એમાં ઠેર ઠેર આવેલી કુંજનિકુંજોવાળી હરિયાળી ભોં જોઈને મને મારી શિશુવયની આ ગૌચરભૂમિ સાંભરી આવી હતી. હિમાલયની ગગનચૂંબી પર્વતમાળા જોયા પછી આ નીલગીરીનાં ડુંગરાઓ કેટલાકને અનાકર્ષક લાગે છે. પણ એમનામાં જે વિશિષ્ટ વ્યક્તિત્વ રહ્યું છે—એ અદ્‌ભુત છે. એવા વિસ્તીર્ણ લીલા મેદાનો માણસને કલ્પનાનો નિઃસીમ પ્રદેશ દેખાડે છે. એટલે જ મને તો હિમાલય અને નીલગિરિ બન્નેની સરખી મોહિની લાગેલી.

આ હેમદ્રાના જળભંડારી રમ્ય સ્થાનોમાંથી પાછા ક્યારે નિયમિત નિશાળ તંત્રમાં આવીને જકડાયા એની ચોક્કસ કાલમર્યાદા જણાવવી મુશ્કેલ છે. પણ કાંઇક એવું સંસ્મરણ છે કે આ ભાભી જે આવ્યાં હતાં—મોંઘી ભાભી—એમનામાં ગજબનું વાત્સલ્ય હતું. અને લગભગ રાજવંશી કહેવાય એવું રૂપ હતું. એ જે સ્થાનેથી આવ્યાં હતાં—ચારણની પીપળી—ત્યાં એના બાપ કામદાર હતા. ચારણની ભાષામાં જે લાડભરેલી મીઠાશ હોય છે એ લાડભરેલી મીઠાશનો વારસો ભાભીને મળ્યો હતો. એનામાં હૈયા ઉકલત એવી હતી કે થોડા જ સમયમાં એણે ઘરનાં સઘળાંને પોતાનાં બનાવી દીધાં, અને પોતે ઘરનાં બની ગયાં. એની કાયા મજબૂત, કસાયલી, અને શ્રમને સહન કરનારી હતી. મોટી, નિર્મળ, પ્રેમભરી આંખો, સીધું ઘાટીલું અણિશુદ્ધ નાક, ચંપકવર્ણી—ખરેખરા અર્થમાં ચંપકવર્ણી એવી દેહ, અને સપ્રમાણ ઊંચાઈ—ભાભીની સાથે મીનલવાવે પાણી ભરવા જવાનો એક નવો આનંદ મને મળી ગયો.

ભાભી આવવાથી ઘરમાં મારા પિતાને પણ ધરપત થઈ હતી. અત્યાર સુધી એ બહારગામ જાય પણ જીવ ઘરમાં રહેતો. રાતે કોઇએ ખાતર તો નથી દીધું કે ! *એની ચિંતા હમેશાં રહેતી. મોંઘીભાભી આવ્યાં, એની* આવડત એમણે જોઇ; એની હિમ્મત દીઠી, એની વ્યવહાર કુશળતા અનુભવી, અને એમને હૃદયે જાણે ભાર નિરાંત થઈ ગઇ. પોતે નહિ હોય તો પણ આ વહુ કોઈનાથી ગાંજી જાય તેવી નથી.

પણ જ્યારે મોંઘીભાભી આવા સમર્થ હતાં ત્યારે મોટાભાઈ રામજીભાઇ એવા જ નિર્બળ હતા !

એ હજી નાના હતા. આ નારીનો પરિમલ જાણવાની એમનામાં શક્તિ ન હતી. આ મધ્યયુગી કંડારેલી આરસસમી સ્ત્રીમાં કેટલી અજબ જેવી શ્રદ્ધા છે એનું કોઈને જ્ઞાન ન હતું.

' ભાભીની ઇચ્છાશક્તિનો એક પ્રસંગ મેં અનુભવ્યો.

* ઘશીયો એટલે લોટને દૂધમાં શેકી જરાક ગળપણ માટે ગોળ નાખે તે

હતો: વર્ષો પછી ભાભી ઘરમાં જતાં આવતાં થયાં ત્યારે એક વખત અમે ભાડવા ગયેલા. કોટડાસાંગાણી પાસેનું આ નાનકડું ગામડું હમણાં તો મોટાં નાનાં રાજ્યોના ભેળંભેળા વખતે એના દરબાર ચંદ્રસિંહજીને લીધે થોડીક પ્રસિદ્ધિ પામ્યું છે, પણ તે વખતે તો ભાડવાનો કોઈ હિસાબ ન હતો. રાજ ઉપર મેનેજમેન્ટ હતું. સ્કૂલ ઉપર એજન્સીની દેખરેખ રહેતી. રામજીભાઈ ત્યાં માસ્તર હતા.

ભાડવાથી સવારે નીકળેલા અમે વીરપુર આવી રહ્યા હતા. ગોંડલ છોડ્યા પછી ધીમ તડકો તપવા માંડ્યો. વૈશાખ મહિનો હતો. શીમમા આગ ઝરતી હતી. નપાણિયો એક લાંબો ગાળો ગોંડલ વીરપુર વચ્ચે આવે છે.

એ વખતે એ નપાણિયા લાંબા ગાળામાં કોઈ કોઈ મુસાફર પાણી વિના તરફડીને મર્યાના કિસ્સા પણ બનતા હતા. હજી ત્યાં પરબ બેસારવાનું કોઈને સૂઝ્યું ન હતું. આસપાસ ક્યાંય વાવકુવાનું ઠેકાણું ન હતું. આ ગાળો ઉનાળામાં ભયંકર ગણાતો. આ ગાળામાં અમે ભાભી ને દિયર ચાલી રહ્યાં હતાં.

શીમમાં નજર કરો તો શીમ આખી ઉજ્જડ ન સમી પડી હતી. કોઈ ક્યાંય દેખાતું ન હતું. ઠેકાણે એક ઝાડનું પણ નામનિશાન નજરે આવતું ન હતું. એકલી આગ અજવલી રહી હતી.

એ વખતે એ ગાળામાં અધવચાળે, અતિશય તૃષાને લીધે મારું ગળું સુકાવા માંડ્યું. પાણીની ઝંખના થઈ આવી. મોં આખું પડી ગયું. હોઠ ઉપરથી અગ્ગી ઊડી ગયું. 'પાણી! પાણી! પાણી!' એમ મન મોટેથી મનમાં પોકારવા માંડ્યું.

ભાભી એ કળી ગયાં. ભણ્યાં તો એક અક્ષર પણ ન હતાં, પણ ગણ્યાં તો એટલું બધું હતાં, કે એક વાક્ય અત્યારે બોલવું એ શક્તિ ગુમાવવા જેવું છે એ સમજી ગયાં. એટલે મનમાં ગાંઠ વાળીને, પોતાની ચાલનો શાંત રીતે વેગ વધારી દીધો, ને મને ઝડપી ચાલે રસ્તો કાપી નાખવાની આશા આપી ને [illegible]!

અમે સપાટાભેર લગભગ દોડવા માંડ્યાં. પણ જેમ જેમ વેગ વધારતાં ગયાં તેમ તેમ 'પાણી! પાણી! અને પાણી!'નો આર્તનાદ પણ મારા મનમાંથી વધારે ને વધારે મોટો અવાજ કરતો ઊડવા માંડ્યો. પાણી નહિ મળે—એ ભયથી પગ બળહીન થતા જણાયા.

ઘડી બેઘડીમાં તો ટાંટિયામાંથી ચાલવાનું સામર્થ્ય જાશે કે શું એવું લાગવા માંડ્યું.

છેટે એક કૂવો દેખાતો હતો. ભાભીએ લગભગ દોટ મૂકી—એ કૂવા તરફ, અને ત્યાં પહોંચી પણ ગયાં. હું તો પાછળ ઢસડાતો હતો. મારે માટે જીવનમરણ જેવો પાણીનો પ્રશ્ન હતો.

હું કૂવા પાસે આવ્યો. ભાભી થાળા ઉપર બેઠાં હતાં. પણ એની આંખમાંથી તો બોર બોર જેવડાં આંસુ પડી રહ્યાં હતાં. હું પહોંચ્યો—ન પહોંચ્યો ને એણે મને વાત્સલ્યથી તેડી લીધો: 'મણીભાઈ! ચાલો, ભાયલા, હમણાં પાણી આવ્યું દેખાડું!'

હું તો એની આ અચાનક ચાલથી અકળાઈ ઊઠ્યો. પગ પછાડવા માંડ્યો. જાત ઉપર ગયો—'અરે! પીશ! હમણાં—હમણાં—આ આવ્યું—જુઓ, ત્યાં કૂવો દેખાય!'

ભાભીએ તો કૂવા પાસે પણ મને જવા ન દીધો. મને તેડીને આગળ જ વધવા માંડ્યાં. જેણે ત્રણ ત્રણ મણ, ઘાસની ભારી માથે ઉપાડી હતી એને આ મારો ભાર શું હિસાબમાં હતો? પણ ભાભી પોતે થાક્યાં હતાં. ઓછામાં ઓછી સત્તર અઢાર માઈલની આ ભરતડકાની મુસાફરી થઈ ચૂકી હતી. એના પોતાના હોઠ પણ સૂકાતા હતા; છતાં એ તો મને તેડી લઈને આગળ વધવા માંડ્યાં!

પણ ભાભીએ આ કૂવાનું પાણી જાણીજોઈને છોડી દીધું—સાડલો પહોંચતો કરીને, કે પછી સાડલો મારું પોતિયું, પહેરણ, સઘળાંને બાંધીને, પાણીમાં ભીંજાવીને પણ પાણી મેળવી લેવાત એ પાણી જાવા દીધું! પાણી! પાણી! મારા મનમાં એ વખતે પાણી એટલે શું એની જાણે ખબર જ ન હોય તેમ એ બાઈ

તો ગાંડાની માફક સીધી સડક દોડવા જ માંડી! મારું મન ખિન્ન થઈ ગયું. પાણી જાણી જોઈને ખોયું. હવે નહિ મળે એ ખાત્રી થઈ ગઈ. બળ રહ્યું ન હતું. હું તો હતાશ થઈ ગયો. એટલામાં થોડે આઘે બીજો કૂવો દેખાયો. અને ત્યાં કોઈક માણસ પણ ફરતું લાગ્યું—પાણી ભરતું હોય તેવું ભાભીમાં હિમ્મત આવી ગઈ.

તેણે ઉતાવળે ઉતાવળે રસ્તો કાપવા માંડયો. 'મણીભાઈ! જુઓ, ત્યાં પાણી રહ્યું—એ કૂવો દેખાય!'

એ કૂવા પાસે પહોંચ્યાં ત્યાં તો એક માણસ પાણી ખેંચી રહ્યો હતો. અધીરાઈની હદ ન હતી. આનંદનો પાર ન હતો. મેં ધરાઈને પાણી પીધું—શાંતિ થઈ ગઈ. ભાભીને પણ તરસ તો બહુ હતી. પણ એણે દૃઢ મનોબળથી માથું ધૂણાવ્યું:

'મારે નથી પીવું!'

'કેમ?'

કંઈ બોલ્યાં નહિ. પણ પેલા માણસની આભડછેટ જાણે એમને મુંઝવી રહી હોય એમ લાગ્યું. મેં તો જાતભાત પૂછ્યા વિના જ પાણી પીધું હતું. ભાભીએ ના પાડી, એટલે મને તક મળી ગઈ.

'તો પછી ભાભલી! ત્યાં પીવાત નહિ? ઓલ્યે કૂવે—સાકર્યો પાધરી પહોંચી જાત નહિ!' પેલા કૂવાનું પાણી જાણી જોઈને આણે ખોયું એ ગુસ્સાઈ ઉપરની તીખાશ મેં ઠાલવી.

'ભાઈ! હાલો હવે, પહોંચી જાશું.' ભાભી બોલ્યાં: 'મારી ફકર નહિ, મને પાણીય ન પુગે!'

'ત્યારે ઓલે કુવે તેં પી લીધું હોત તો—? એટલી બધી ચોખલી...' ભાભીએ પેલો કૂવો છોડી દીધો એનો રોષ હજી પણ શમતો ન હતો—પાણી પીધા છતાં પાણીની વ્યથાનો અનુભવ મને પીડી રહ્યો હતો.

ભાભીએ શાંતિથી કહ્યું: 'ભાઈ! મણીભાઈ! એ વખતે તમને કહ્યું હોત તો તમે ચક્કર ખાઈને નીચે પડી ગયા હોત. એ કૂવામાં ત્યાં કાંકરા ઊડતા'તા!'

'હેં!' આશ્ચર્યમાં એક ક્ષણ તો સ્થિર થઈ ગયો. આ સમાચાર ભાભીએ પેલે કૂવે આપ્યા હોત તો જે માથે વીતત એના ભાને સ્તબ્ધ જ થઈ ગયો!

'પણ ત્યારે હવે કેમે આંહી પાણી પી લ્યો, ભાભી! આપણે પછી ચાલીએ—' મેં કહ્યું.

ભાભીના હોઠ હજી સુકાતા હતા. ચહેરો ફિક્કો પડતો જતો હતો. પણ એણે પોતાનું રૂપાળું સ્મિત કર્યું: 'મારે તો ભાઈ! માનકેશ્વર મંદિરે નાળિયેર વધાર્યા પછી પાણી પીવાનું છે; હાલો, હવે આપણે, લ્યો.'

આવી આ અદ્ભુત નારીની છાયાની મને જે મોહિની લાગી એને લીધે ધીમે ધીમે પાછો નિશાળ તરફનો પંથ લીધો હોય એમ જણાય છે.

આજે એની કડીબંધ રચના આપવી એ તો અશક્ય છે. પણ થોડાંઘણાં સાધનો મારી પાસે પડ્યાં છે, તેમાંથી કેટલોક ઇતિહાસ મળી શકે તેમ છે.

આ ભાભીમાં આટલી બધી મીઠાશ અને વાત્સલ્ય વસી રહ્યાં હતાં એટલે જેમ ઘરનાં સૌને એણે પોતાનાં બનાવી દીધાં તેમ મને પણ એણે પોતાનો દોસ્ત કરી લીધો.

ભણ્યાં તો એ કાંઈ ન હતાં. એક આંકડો પણ નહિ. જે પહેલી ચોપડી મેં એમને ભણાવવાની શરૂ કરી એ પહેલી ચોપડી આજ પણ મારી પાસે પડી છે. તેમાં 'લાસબાઈ' 'ગીગાભાઈ' 'વાલબાઈ' 'પુનાબાઈ' એવાં નામ એમના હાથથી લખેલાં છે. ગીગાભાઈ એ પીપળીના ચારણ દરબાર. લાસબાઈ એનાં સ્ત્રી. વાલબાઈ ઘણું કરીને દીકરી.

ભાભીના કુટુંબનો રોટલો આ ચારણ દરબાર સાથે હતો. એ કુટુંબની મીઠી માયાભરેલી ચારણી જબાન, એના ઉચ્ચાર અને ભારણમાં નહિ, પણ અર્થમાં, તો ભાભીને વરી હતી. એ વાતાવરણમાંથી ભાભીએ પ્રેમનો પ્યાલો પીધો હતો. એ કુટુંબની નારીઓએ ભાભીને પણ 'કૌટુમ્બિક ભાર તો સ્ત્રીઓ માથે જ હોય' એવી આત્મશ્રદ્ધા આપી દીધી હતી.

ઉપાડયા રેવાશ કરે તો ગદ્યિાણો દોઢ ગદ્યિાણો સોનું લીધુ હતું ચડી બેઠા ગાડીએ અત્યારે જ્યારે મારા પિતાને ખબર પડી ત્યારે તો એ રાજકોટ હોય ને સવારમા તો વહેલાં વડોદરા જવા નીકળી જાય ! હુ મેટ્રિકની અમદાવાદમા પરીક્ષા દેવા આવ્યો, ઈસ્વી ૧૯૧૪ની સાલમા, તે વખતે પણુ અમદાવાદ પરદેશ જેવુ લાગતું, ત્યારે આ સમયે તો વડોદરા સાગરપાર જેવુ મનાય અને એમાં રામજીભાઈ તો ભાગ્યા હતા એટલે મારા પિતાએ તો રાતોરાત રાજકોટનો પથ કાપી નાખવાનો નિર્ણય કરી લીધો ! એ સિવાય બીજો કોઈ માર્ગ જ ન હતો,

પણ એ નિર્ણયે તો ઘરમા સૌ ખળભળી ગયા આખી રાત–એકલા સીમમાં ચાલ્યા જવુ ! એ વિચારથી ધ્રૂજી ઊઠયાં

પણુ ઘરનાં હરકત કરે ન કરે તે પહેલાં મારા પિતાએ તો પાણી પીને વહેતા મૂક્યા !

સૌ એમને જતા જોઈ જ રહ્યા ખડકી બધ થઈ જોડાનો અવાજ શમી ગયો ફળીમા સન સનાટી ફેલાઈ ગઈ. રાત્રિની નિસ્તબ્ધતા વધારે ભયકર થઇ રહી

સવારમા સાત વાગ્યે રામજીભાઈ ટિકિટબારી વડોદરાની ટિકિટ કઢાવવા ઊભા હતા

બે ચાર મિનિટ ચાલી જાય તો રામજીભાઈ વડોદરા ઊપડી જાય !

ટિકિટના પૈસા પણુ હાથમા હતા બારી ઊઘડે એટલી જ વાર બારી ઊઘડી ને રામજીભાઇએ પૈસા પણુ કાઢયા.

બરાબર એ જ વખતે એમના ખભા ઉપર પાછળથી કોઈનો હાથ પડયો !

'રામજી !' તરત કાનમા પિતાનો પરિચિત અવાજ પણુ આવ્યો રામજીભાઈના તો ઘરણુ જ મરી ગયા

પહેલાં તો આ મનાય તેવુ ન હતું સવારના પહોરમા વહેને કોઈ આહી આવી પહોચે એ એમણે અશકય માન્યુ હતું !

પણુ રામજીભાઇને ખબર નહિ કે પિતાએ તો રાત આખી રસ્તો જ કાપ્યો છે ! ખાસ્સા છત્રીસ માઈલ !

પણુ આ વસ્તુને મારા પિતાએ ત્યાર પછી જે રીતે વળાક આપ્યો એ રીતનો ખ્યાલ કરતા તો આજ પણુ એમની બુદ્ધિમત્તાને માટે માન ઊપજે છે એ વખતે તો છોકરાને વશ કરવા માટે સૌ મારતા વધારે મારે એ વધારે ડાહ્યો ગણાતો મારતરોની તેજસ્વિતા પણુ આંકણીથી મપાતી એવા એ જમાનામાં મારા પિતાએ થોડા દિવસ પછી જ, રામજીભાઇને વડોદરા જવાની ટિકિટ પોતે જ લેવરાવી દીધી !

પણુ આ વાતની–રામજીભાઇ ભાગ્યાની જ્યારે ભાભીને વાતવાતમા વહેલે મોડે ખબર પડી ત્યારે એમના મનમાં શુ થયુ એ વાતની તો કાઈ જાણુ મળે તેમ નથી પણુ એક દિવસ એમણે મને આગ્રહ કરીને જ કહ્યુ. ' મણિભાઈ ! તમે મને ભણાવો ! મારે તમારી પેઠે વાંચતા શીખવુ છે !'

ઝાંખા દીવામા ભાભીનું રૂપાળુ મોં શોભી રહ્યુ હતું એમની આખમા આંસુ હતા જરાક જ શ્યામ *કાજલ કાળી આખની રેખા એનાથી વધારે શોભી રહી હતી

મે તરત જ સકલ્પ કરી લીધો ભાભીને ભણા

* આજે આપણે આખમા હવે અજનનો રિવાજ રહ્યો નથી પણુ મારી મા જે રીતે એ મેશ તૈયાર કરતા તે રીત નીચે પ્રમાણે છે આ મેશને લીધે જ અમને આખમા ફાયદો જણાયો છે જેતપુરથી મા કાયો–એ નામનો પીળચટો ધૂળ જેવો પદાર્થ, લાવતા એને લોઢાની કડછીમા નાખી દેવતા માથે તપાવી પછી ઘી નાખતા ઘી નાખતા જાય ને જેમ ઘી બળતુ જાય તેમ તેમ કાયો તૈયાર થતો જાય જ્યારે પાકીને તૈયાર થાય ત્યારે નીચે ઉતારી લોઢાની કોશથી જ એને કડછીમા ઘૂટે બીજે દિવસે એ જ ક્રિયા ફરી કરે ઘીની, બાળવાની, ને ઘૂટવાની ત્રીજે દિવસે પણુ એ કરે ત્યારે કાયો તૈયાર થાય આનું અજન ઘણુ જ ગુણકારી છે પણુ કાયો બાળતા આવડવો જોઇએ

વવાનું મારે માથે. એ ભણાવનારો ગુરુ હું બન્યો. એટલે આપી ડાહી મોટી શિષ્યાના ગુરુ લેખે પણ મને વિદ્યાનો રંગ લાગવા માંડયો. નિશાળે ન જવામાં શરમ દેખાવા માંડી. ભાભીને ભણાવતાં–ને તેની પાસે વાતો વાંચતાં હું પણ બેસી બેસી ભણવાના તાલમાં પાછો જવા લાગ્યો.

સારું થયું કે ભાભીએ મને આ કહ્યું. નિશાળે ન જનારો એવો હું કામધંધા વિનાનો થતો જતો હતો. સીમમાં ઢોર ચારવાનું ખરું, પણ ભાભી આવ્યા પછી તો હવે ઘેર રહેવાનું પણ મને એટલું જ ગમતું. પણ ઘેર રહીએ તો નિશાળે જવું પડે માટે આ સીમ ઠીક હતી.

પણ સીમને વળી પોતાનું જુદું જ લક્ષણ હતું. સીમમાં અમે છોકરાવ મોટા મોટા પથરા ઊંચકીને નીચેથી વીંછી કાઢતા, અને એમાં કોઇ વખત સાપ પણ નીકળી પડતા. વીંછીનો તો જાણે અમે મારવાનો ઇજારો જ રાખ્યો હતો. એમાં વળી કૂતરાંના લંગર સાથે હોય ને કોઈ નથી દેખતું એવું લાગે તો સસલાંની ને હરણની પાછળ પણ થતા. એમાં કોઈ વખત સસલાંનો શિકારી આનંદ મળી જતો.

આ વખતે મને એક નવો તુક્કો પણ સૂઝ્યો હતો. અમારા ઘરમાં એક, નાનકડી કોથળી હતી. ઉહાઁમાં છેલ્લી સાલના તાંબાના પૈસા એ થેલીમાં ભેગા થતા. બીજા તો તમામે તમામ પૈસાનો હિસાબ રહેતો ને હમેશનો હમેશ રોજમેળ મેળવાતો. એટલે એક પૈસો પણ ખૂટે તો રાતે આઠ નવે તો મારા પિતાને એનો પત્તો લાગી જ જાય!

પણ આ નવા પૈસાની થેલીમા પૈસા ગણ્યા વિના નખાતા. મેં એ થેલી નજરમાં લીધી. અને ગામમાં રાધવા કદોઇને નજરમાં રાખ્યો.

પછી તો એ થેલીમાંથી પૈસા લઉં. રાધવાને ત્યાંથી પાશેર પેંડા જોખાવું. બેલાડિયાની પાટે નાસ્તો કરું. વીંછીનો શિકાર કરું. ને કૂતરાં ભેગાં આવ્યાં હોય તો સસલાંને તગડવાનું કામ કરું. ભેંશ તો બેલાડિયામાં પડી હોય. ને સૌ ઢોર ભેગાં ગાયવાછડી ચરતાં હોય.

પણ આ પૈસાની એક વખત મારા મોટાભાઇ અંબાશંકરને ખબર પડી ગઈ. એણે મા પાસે ફરિયાદ કરી. એ વખતે તો ભાભી મદદે આવ્યાં. ગપ લગાવી; પૈસા તો મેં આપ્યા છે!

એ વખતે તો આ ચાલ્યું. પણ પૈસા ધીમે ધીમે ઓછા થતા જતા હતા. નવા પૈસા જેટલા આવે એટલા મારા પિતા એ કોથળીમાં નાખતા. એટલે મારા મનને ધરપત હતી કે આ ચક્ર તો ચાલ્યા જ કરશે, ને રાધવા કંદોઇના પેંડા પણ મળ્યા કરશે! પણ એક વખત અંબાશંકરભાઇએ એ ભેદ બરાબર પકડી પાડ્યો!

તે વખતે વળી માએ મદદ કરી. છતાં એનું રહસ્ય હવે પ્રગટ થઇ જવા આવ્યું!

અંબાશંકરભાઇને રહસ્ય શોધી કાઢ્યાનો આનંદ હતો. માને, આ અનિયમિતતા જે વાતાવરણ ફેલાવશે એની ચિંતા હતી. ભાભીને, વખતે મણિભાઇને માર પડશે, એ બીક હતી. પણ એક વખત ફરીથી આ પ્રસંગે મારા પિતાએ અપૂર્વ ધીરજ બતાવી.

તેમણે મને બોલાવ્યો. સૌ ઘરવાળાં ધ્રૂજતાં હતાં. મને ખેંચી લેવા માટે ભાભી ત્યાં લાજ કાઢીને ઓશરીમાં જ ઊભા હતાં–ભીંતની ઓથે. માને ખોટું બોલવા સિવાય બીજો કોઈ રસ્તો મળ્યો ન હતો. પણ સૌને આશ્ચર્ય થયું.

મારા પિતાએ તો શાંતિથી બે આના મારા હાથમાં આપ્યા. એ વખતે બે આને પેંડા હતા. અને એમણે બે આની ન આપી પણ વજન લાગે એવા આઠ પૈસા મારા હાથમાં આપ્યા. પછી પોતે મારી સાથે ગામમાં ચાલ્યા: 'જો તને કંદોઈ છેતરે, આટલા પૈસાના કેટલા પેંડા આવે એ હું દેખાડું!'

એમણે મને એકીસાથે ચાર પેંડા અપાવ્યા. ઘેર આવીને અંબાશંકરભાઇને ચોરી પકડવાનો એક પેંડો મારે આપવો પડ્યો. પણ ભાભીને તો હું

પોતે આપવા દોડ્યો! મને સાભરે છે કે મે ત્યાર પછી ઘરમા કોઈ દિવસ એક પૈસો ચોર્યો નથી હવે મને બે શિષ્યો એક્સાથે મળ્યા ભાભીએ મારી પાસે પહેલી ચોપડી વાચવી શરૂ કરી, અને માએ પણ પહેલી ચોપડી વાચવી શરૂ કરી આવા એ બન્ને શિષ્યોનો હુ ગુરુ થઈને–પોતે જ ભણવા ન જાઉ તો તો આબરૂ જ જાય ના! એટલે એની મનમાં શરમ આવી હશે. અને ધીમે ધીમે પાછો નિશાળનો પથ પકડ્યો હોય એવુ જણાય છે

ખળાવાડમા જતી વખતે, લણણી વખતે બેના ડિયાની પાટે મા ભાભી ધોવા જાય ત્યારે, અને કોઈ મેમાન આવે એ વખતે, રજા લેનાની છૂટ એમ સમાધાન થયુ

એ વખતે પણ મારામા વાચનમળ ઠીકઠીક હતુ મારા પિતાએ જામનગરથી ત્રણ ચોપડીઓ મગાવી હતી મણિશકર ગોવિદજી–આતકનિગ્રહ ઔષધાલય વાળા–એમનું એક પુસ્તક ' રામ અને રાવણ ', બીજુ ' પાડવ અને કૌરવ ' ત્રીજુ એક વિશ્વનાથ ગોવિંદજીનું ' વ્યવહાર દર્પણ '.

બપોરે જમ્યા પછી આ વ્યવહારદર્પણ' વાંચવાનું મારે માથે આવ્યુ

હુ વાચુ, પિતા સાભળે, મા સાભળે, ભાભી બેઠા સાભળે–એ પરિસ્થિતિમા રહેના ગૌરવે મને વધારે ને વધારે વાચવા માટે પ્રેર્યો ભાવવાહી વાચન કરવાની ઉત્તેજના મળી

'વ્યવહારદર્પણ'મા કપિના ગાયનો એક પ્રસગ આવે છે જેમાં કપિના સિહના ઝપાટામા આવે છે ને ઘેર સૌની રજા લઈ પછી હુ પાછી આવુ એમ વચન આપી ઘેર આવે છે ઘેરથી વાછરુની રજા લઈ –પાછી ફરે છે–એ પ્રસગ વાચતાં તો હુ આસુ ખાળી શકુ નહિ કઠ ગદ્ગદ્ થઇ જાય બોલી શકાય નહિ વાચન એની મેળે બધ થઈ જાય

સાજે ભાભી પાસે 'રામ અને રાવણ' ચાલે ધીમે ધીમે એ રસ જામતો ગયો ભાભીને ભણાવવાનું ને સૌને વાચી સભળાવવાનુ મારે માથે આવ્યુ મને એ ગમતું ગયુ ભાભી જેવડી મોટી શિષ્યા પાસે મશ્કરી ન થાય એટના માટે પણ મન કઠણ કરીને નિશાળ ચાલતી કરી હોય ગમે તેમ હોય પણ ત્યાર પછી તો એકીસાથે અનેક આકર્ષણો જાગી પડયા આ કથા વાર્તાનું વાચન ચાલ્યુ સીમમા જવાનુ બધ થયુ, એટલે સાજે લગડા રજપૂતને ત્યાં અમારી પડોશી છોકરાંવની સભા મળતી તેમા પ્રવેશ કર્યો. ત્યાં સુમ ! ડોશી બેઠી હોય એમ મીરાણી આવતી પિજારો આવ્યો હોય પિંજારાની વહુ પણ આવે ચોથી ખાટ આવે ગાનવો કોળી હોય કોક વખત બકાલ નરસી લુવાણો આવી ચડયો હોય લગડાની પાસે ભૂતની, પ્રેતની ખવીસની, મામાની ડાકણની–કોઇ પાર વિનાની વાતો હતી લગડો નાત ઉપાડે ત્યારે અમે સાભળીએ. ઘેર પછી પાછા ફરતા જાવુ હોય તો માત્ર પચીસ ડગનાં પણ બે થી શરીર ધ્રૂજતું હોય! પણ રસ તો એવો આવે કે પાછા બીજે દિવસે ત્યાં હાજર!

મારા પિતાને પોતાને પણ વાચવાનો ઘણો શોખ હતો 'વૃદ્ધચાણક્ય' 'પચતત્ર' 'ભર્તૃહરીના શતક' 'વ્યવહારદર્પણ' એમના વાચન ચાલતાં જ હોય. ઘરમા ' મેનાપોપટની વાત ' કાષ્ટના ઘોડાની વાત ' 'શુનમકાવની' 'સુંદરકામદારની વાત' 'કાવ્યદોહન' ' સરસ્વતીચદ્ર ' કરણઘેલો ' અનેક પુસ્તકોનો ભડાર હતો મે એ તમામેતમામ પુસ્તકોની એક લાયબ્રેરી ' બનાવી એનું ' લીસ્ટ તૈયાર કર્યું

એમાથી કોઇ કવિ મોતી કૃત ' ગોપીચદ રાજાનો ખેલ એ નામની પુસ્તિકા આજ મારી મારી પાસે પડી છે તેમાથી જણાય છે કે આ પુસ્તિકા લાયબ્રેરીના લીસ્ટમા વર્ગ પહેલામા મૂકેલી છે નબર ૧૨મો છે ઉપર તા ૩૦–૧૦–૦૪ છે મોતીકૃત ગોપીચદ રાજાના ખેલની આ આવૃત્તિ બીજી ' મુબઇ મધે ફૂલચંદજી બબાલ એઓએ " છાપી છે સવત ૧૯૨૩ના સને ૧૮૬૭ ઈસવી. ઠેકાણું વીઠનવાડી આમા ગોપીચદ રાજાની વાત છે એનો નાઇક નમૂનો આ પ્રમાણે છે

મમાઇમે મમાદેવી કાલકતેમે કાલી ॥
જાધાણામે ચામુડા, વો લાલ ચુદડી વાલી

બાલવ્યાસ ઊસતાદ હમારા લીજો મુજરા માન
—આ ત્રીજી લીટી ધ્રુવપદ છે અને 'હલકારાના દુહા' એ નામના પદમા વારવાર આવે છે

'બગાલાસે આયા હલકારા સમકે મનમે ભાયા ॥
આવેગા ગોપીચદ રાજા, બાજે નોબત બાજા—બાલ

સિહસિહણ જગલમા ફેર વર્તાવ્યો છે ને ગોપીચદ રાજા શિકાર કરવા આવે છે રાજા સિહણને ભાગી જવાનુ કહે છે. સિહને જગાડીને લડાઈમા મોકલવાનુ કહેવરાવે છે સિહણ જવાબ વાળે છે

'દૂર ભાગ કે કાહા મે જાવુ, લડુ સેરકે સગ
મનમુખ આય મોરચા માડ્યા કરા ફોજમે જગ
તીરીયા લડે ખાવદ કે આગે, જીવે જીતનો પ્યાર
લગી ચોટ શીર સેર મરમકી, તું ઓર કરેગી યાર
ઓર યારકુ આગ લગાવુ, જો જુજે ભરથાર
સતી હોય કે સગ ચલુંગી, જલું ઉનુકે લાર.

ગોપીચદને જોગી બનાવનાર મા મેનાવતી પોતે જ છે. ગોપીચંદ માને રોવાનુ કારણ પૂછે છે.

'મેંણાવત માતા નીર ભર્યો થારા નેણુમે ॥
બાદલ બરસે કચન મેહેલમે, ગોપીચદ લડકા ॥
કયું માતા તું ઉનમનીશ રે, નીતકી રહેત ઉદાસ
જો કોઈ કેહેવે જીભ કટાવુ કરૂં દુસમનકો નાશ
મેણાવત માતા નીર ભર્યો થારા નેણુમે. ॥

જોગી જાય ધરને મોતીએ આબુવાસી બનાવેલ છે

નીગમ મારાજ આબુકી જગ્ગા
જહા રેહેવે જોગેસર નગ્ગા ॥
પુસ્કર હે હીદુકા ધામ
બાલવ્યાસકુ મેરી સલામ ॥

આ પુસ્તકાલયની સભાળ લેવા માડી, તેની સાથે સાથે જ કાઈક ને કાઈક આકડા માંડવાની પણ શરૂઆત થઈ ગઈ જણાય છે એક વખત અમારે એક કાગળ લખવાનો હતો નિયમ એવો હતો કે મારા પિતા બોલતા જાય ને હુ લખતો જાઉ નાનકડા પોસ્ટકાર્ડમાં એક વસ્તુ લખવાની હતી કૌટુમ્બિક સબધ અગે લખવાનું હતુ કે તમને વાત પસદ ન પડે તો તમે ફરી શકો છો મનહર છદમાં એ વસ્તુ મે લખી કાઢી. એનું છલ્લુ પદ કાઈક આવુ હતું

.. 'પસદ ન પડે તો તો ફેરબદલીનો હક્ક છે"

સૌ એ મનહર છદ સાભળી રહ્યા હતા. પછી એવા મનહર છંદ બનાવવા માટે પિતા ઉત્તેજન આપી રહ્યા હતા કારણ કે એમણે અનેક સુવાક્યો ભેગા કર્યા હતાં નવરા બેઠા હોય ત્યારે પોતાના વિચારો લખ્યા જ કરતા એમાના કેટલાક સૂત્રો તો આજે પણ તારુ ને સમર્થ લાગે છે એમણે એક એવી નોધપોથી રાખેલી કે જેમા જેઠ, આષાઢ, શ્રાવણ, ભાદરવો વગેરે ચોમાસાના ચારેચાર માસના, પવન, તાપ, વાદળા, ને ઋતુરગની માહિતી ટપકાવી હતી લગભગ દસેક વર્ષના ચોમાસાની એમની એ નોધપોથી આજે ક્યાક આડી અવળી થઈ ગઈ છે વર્ષાઋતુનું સપૂર્ણ જ્ઞાન મેળવવાની એમની મહત્ત્વાકાક્ષા હતી એમણે મને લખવાનું ઉત્તેજન આપ્યુ પહેલો એક પ્રસગ મને સાભરે છે કે જ્યારે અમારી ગાયને વાછડુ આવ્યુ ત્યારે મે એક Design વાળી મનોહર હસ્તપત્રિકા—હાથીછાપના ઝીણા ચીનાઈ કાગળના પતાકડામા પ્રગટ કરી એમા લખ્યુ હતુ.

'આ વાછડાને સૌએ 'મેઘનાદ' એ નામે ઓળખવાનો છે '

આ મેઘનાદ શબ્દ તો 'રામ રાવણ'માથી ઇદ્રજીતના બીજા નામ તરીકે વાપરવામા આવ્યો છે એ જ છે પણ ગમે તેમ, હવે પછી ઘરની માહિતી આપનારી એક નાનકડી પતાકાપોથીનો હુ મણિરાય સપાદક થયો હતો.

પુસ્તકાલય રાખ્યુ પતાકડાપોથી કાઢી. વાચવાનુ શરૂ કર્યું ભાભીને ભણાવવા માડ્યાં લગ્નની વાતોમાં રસ લેવા માંડ્યો અને પડખે પડોશમા એક કવિ રહેતા હતા 'ગૌરીશકર' એમને ત્યાં બેસવા જવા માંડ્યો.

એ કવિએ ઠાકોર સુરાજી વિશે લખેલી એ પક્તિ આજ પણ યાદ છે

રુએ નહિ રમકડા રમત રણરગની,
બહાદુર બકડો બાલપણથી,
અટકી આગ્રો સત્ય આયદ ઉરે,
વિભુખને વશ કર વહાલપણથી,

કવિ ગૌરીશકર વ્રજભાષાના સારા અભ્યાસી હતા. ચાની હમે પણ કાવ્યો ગાઈ શકતા મે અવારનવાર ત્યા જવાનુ રાખ્યુ. [ચાલુ]

'સત્તાવન'ની ક્રાંતિના એક મરજીવાની અણજાણ ઐતિહાસિક કથા

રંગો બાપુજી

વિજયશંકર મંછારામ ભટ્ટ

"અંગ્રેજો ભારે ઉત્સાહથી કહ્યા કરે છે કે, મહારાણીના રાજ્યમાં કદી સૂર્ય આથમતો નથી. પૂર્વ બાજુ દૃષ્ટિ નાખી પોતાના મહાન સામ્રાજ્યની વાતો કરવી રહેલ છે; પણ અંગ્રેજો એટલે આખી દુનિયા નથી. બીજી પ્રજાઓમાં પણ સંસ્કારી વ્યક્તિઓ વસે છે અને ઉપર જણાવ્યા તેવા અભિમાની બોલના જવાબરૂપે પડકારે છે કે, અંગ્રેજોએ પોતાના સામ્રાજ્યનો મોટો ભાગ સતારા તરફ દર્શાવેલી કૂટનીતિ-થી જ પ્રાપ્ત કર્યો છે. આવી કૂટનીતિની રીતસરની તપાસ નહિ થાય તો સંસ્કારી વ્યક્તિઓ આ સવાલનો જવાબ કેવી રીતે આપવો તે વિચારશે.[1]

૧૮૫૨ની સાલમાં લખાયલો આ નિખાલસ પત્ર ગાંધીજીના ૧૯૩૦માં વાઇસિરોયને લખાયલા પત્રની યાદી તાજી કરે છે. આ રંગો બાપુજી કોણ હતો તે ટૂંકમાં વિચારીએ.

તેના જીવનની હકીકત કે વિગત શરૂઆતથી મળતી નથી પણ જે કંઈ મળે છે તે ઉપરથી સ્પષ્ટ જણાય છે કે, તે આગ્રહી, દૃઢ નિશ્ચયી, અને દીર્ઘ-દૃષ્ટિવાળો હિન્દનો સપુત હતો. ૧૮૩૯માં સતારાના રાજવી પ્રતાપસિંહને પદભ્રષ્ટ કરી તેના ભાઈને ગાદી સોંપવામા આવી ત્યારે પ્રતાપસિંહે રંગો બાપુજીને પોતાના વકીલ તરીકે અંગ્રેજ પ્રજા અને પાર્લામેન્ટ સમક્ષ તેનો કેસ લડવા મોકલ્યો. ત્યારથી ૧૮૫૩માં તે હિન્દ પાછો ફર્યો ત્યાં સુધી સતત મહેનત કરી પોતાના માલિકને ન્યાય અપાવવા તે મથ્યો. જ્યોર્જ થોમસન, જોસેફ હ્યુમ, જોન સલીવાન જેવા નિષ્પક્ષ અંગ્રેજોએ એને ખૂબ મદદ કરી. એકધારો સતત પ્રયાસ કરવામાં સક્રિય સાથ આપી આ બધાયે ગૃહસ્થોએ ખૂબ ઉહાપોહ કર્યો પણ પ્રતાપસિંહને ન્યાય મળ્યો નહિ. ૧૮૪૭ની સાલમાં પ્રતાપસિંહ કાશીમાં મૃત્યુ પામ્યો. આમ છતાં રંગો બાપુજીએ પ્રતાપસિંહે લીધેલા દત્તકપુત્રને તેનું રાજ્ય ફરી અપાવવા ખૂબ શ્રમ ઉઠાવ્યો અને પોતાના કુટુંબથી વિખૂટા રહી બીજાં ૭ વરસ પરદેશમાં ગાળ્યાં. લગભગ સો વરસની વયના પિતાએ પણ મૃત્યુશય્યા-એથી તેણે લીધેલા કામમાં મંડ્યા રહેવાનો આદેશ આપ્યો. રંગો બાપુજીએ પોતાના પંદરના લાખ રૂપિયા ઉપરાંત ખર્ચ કર્યા હતા અને અનેક અપમાન તિરસ્કાર અને હડધૂતથી રીઢા બની અંગ્રેજોની ન્યાય દૃષ્ટિ અને ખ્રિસ્તી ભાવના ઉપર મદાર બાંધી તેણે વિલાયતમાં વસવાટ ચાલુ રાખ્યો હતો. ત્યાં ગયા બાદ તે અંગ્રેજી શીખ્યો અને તે ભાષામાં ભાષણો કરવા લાગ્યો. આમ છતાં વિધિએ તેને યારી આપી નહિ અને ૧૮૫૩ની સાલમાં જ્યારે તે હિન્દ પાછો ફરવા ઉત્સુક બન્યો ત્યારે તેની પાસે ફૂટી બદામ પણ ન હતી.

અંગ્રેજ ઇતિહાસકાર સર જોન, લખે છે કે આ કપટી મરાઠાએ એના શત્રુઓ ઉપર પણ એવો પ્રભાવ પાડ્યો હતો કે, હિન્દી કચેરીએ તેનું બધું દેવું ચૂકવી, હિન્દ સુધીનું ભાડું આપી તેને વિદાય કર્યો.[2]

૧૮૫૩ની સાલમાં જ્યારે તે હિન્દ આવવા રવાના થયો ત્યારે તેના અંગ્રેજ પ્રસંશકોએ તેને એક ચાંદીની પ્લેટ ભેટ આપી. આ પ્રકારની ભેટ આપવામાં બાવીસ અંગ્રેજોએ ભાગ લીધો અને તેમનાં નામ પ્લેટ ઉપર ટંકાવવામાં આવ્યા. એમાં જોન બ્રાઈટ અને જોસેફ હ્યુમ જેવા પાર્લામેન્ટના સભાસદો છે, જોન સલીવાન; જોન બ્રિગ્સ ને જ્યોર્જ થોમસન જેવા ન્યાયપ્રિય સજ્જનો પણ છે.

---

૧ રંગોબાપુજીના પત્રમાંથી ઉતારો આ પત્ર તા, ૨૬ મી જુલાઈ ૧૮૫૨ ના' રોજ જે. સી હેરીસ, કંપનીની બોર્ડ ઓફ કન્ટ્રોલના પ્રમુખને લખેલો છે. જુઓ The Story of Satara by Major Basu.

૨ આ બધીયે રકમ સતારાની તિજોરીમાથી મજરે લેવામાં આવી હતી, રંગોબાપુજીના સતત પ્રચારથી કંપનીના સંચાલકો ત્રાસી ગયા હતા, રંગોબાપુજીની સંપૂર્ણ વિગતો માટે જુઓ. The Story of Satara by Major Basu.

૧૮૫૪ની સાલમાં રંગોબાપુજીએ હિન્દ આવ્યા બાદ ત્રણ વરસ શું કર્યું તેની કાંઈ માહિતી મળતી નથી. ૧૮૫૭ના બળવામાં તે સતારા તથા મહાબળેશ્વરમાં વસતાં અંગ્રેજ સ્ત્રી–પુરુષોનાં ખૂન કરવાની પેરવીમાં હતો એમ એની વિરુદ્ધ કહેવામાં આવ્યું છે. આમ ગમે તે ભલે કહેવાય પણ રંગોબાપુજીના હાથ લોહીથી ખરડાયા નથી. લાંબો સમય પરદેશ રહી પોતાના માલિક માટે તનતોડ પ્રયાસ કરનાર વ્યક્તિ હિન્દમાં આવ્યા બાદ ત્રણ વરસ કામ વિના શાન્ત રહી શકે નહિ.

અંગ્રેજની ન્યાયપ્રિયતામાં એને વિશ્વાસ હોવાથી તે લાંબો સમય ઇંગલન્ડમાં રહ્યો. ત્યાં એને નાના સાહેબ પેશ્વાના વકીલ આઝીમુલ્લાખાનનો ભેટો થયેલો. આ મુલાકાત વખતે બન્નેએ શી વાતો કરી અથવા શી રચના ગોઠવી તે કોઈ ઇતિહાસકાર કહી શકે નહિ; કારણ કે બન્ને પોતાની લાગણીઓ દાબી રાખવામાં નિષ્ણાત હતા.[3]

હિન્દમાં આવ્યા બાદ આઝીમુલ્લાખાન ઉત્તર હિન્દમાં અને રંગોબાપુજી દક્ષિણ હિન્દમાં બળવાનાં બી વાવી રહ્યા હતા. પ્રતાપસિંહની રાણીઓ, દત્તક પુત્ર તથા તેમના આશ્રિતો સાથે ૧૮૫૪માં સતારા આવ્યા બાદ લોકલાગણી તેમની તરફ વળી હતી એમ સતારા ગેઝેટીઅરમાં જણાવવામાં આવ્યું છે. સતારા પાસેના પારલી ગામમાં એક લૂંટ થયેલી તેમાં રંગોબાપુજીનો હાથ હતો એમ સતારા ગેઝેટીઅરમાં જણાવ્યું છે. વળી સતારા તથા તેની આજુબાજુના પ્રદેશમાં શસ્ત્રો અને ગોળીઓનો સંગ્રહ સંઘરવાનું જણાવવામાં આવે છે. આમ વિલાયત રહી રંગોબાપુજીએ જે આગ્રહ અને ધીરજથી બંધારણીય ચળવળ ચાલુ રાખી હતી તે જ આગ્રહ અને ધીરજથી એણે દક્ષિણહિન્દમાં સંગઠન સાધી અંગ્રેજોને હાંકી કાઢવાનો પ્રયાસ કર્યો હોય તો તેમાં કાંઈ નવાઈ પામવા જેવું નથી. શિવાજીના સતારાને મધ્યબિન્દુ બનાવી દક્ષિણ હિન્દ પણ ૧૮૫૭ની સાલમાં સવેળા જાગી ઊઠ્યું હોત તો બ્રિટિશ સિંહના કપરા હાલ થાત, પણ તેમ બન્યું નહિ. રંગોબાપુજીને પરદેશમાંથી નિરાશ બની પાછા ફરવું પડ્યું તેમ અહીં પણ એને બળવાની શરૂઆતમાં જ ભૂગર્ભવાસ સેવવો પડ્યો. એ ક્યાં નાસી ગયો તેનો પત્તો મળ્યો નહિ. એટલે સરકારે એને પકડી લાવનારને રૂ. ૫૦૦) નું ઇનામ આપવાનું જાહેર કર્યું આમ છતાં એની કાંઈ ભાળ મળી નહિ.

પણ એ ના જડ્યો તો એનો દીકરો તો હતો! પારલીમાં થયેલી લૂંટ અંગેની વિગતોમાં પડેલા પુરાવા ઉપરથી કેટલાકને પકડવામાં આવ્યા તેમાં રંગોબાપુજીનો દીકરો તથા એક બીજો સગો હતા. કેસ ચાલતાં તેમને ફાંસીની સજા મળી અને આ બન્નેને તા. ૮મી સપ્ટેંબર ૧૮૫૭ના રોજ ફાંસીને માંચડે લટકાવ્યા.

ત્યારે રંગોબાપુજીનું શું થયું? કદાચ એમ પણ બને કે, હિન્દમાં ત્રણ વરસની મહેનત અને અનુભવ બાદ એને એમ જણાયું હોય કે, દક્ષિણ હિન્દને જાગ્રત કરી શકાય તેમ નથી. જો તેમ જ હોય–અને તેમ માનવાને ઇતિહાસમાં સબળ સૂચનો જડી આવે છે–તો રંગોબાપુજીએ સ્વેચ્છાએ સ્વીકારેલો ભૂગર્ભવાસ સ્થિતપ્રજ્ઞ કર્મયોગીનો ગણાય, કાયરનો નહિ.

3 Kay & malleson Vol. I. P. 79.

❊

વનસ્પતિ

હિંદમાં આજે 'વનસ્પતિ ઘી'નાં ૨૩ કારખાનાં વરસે ૧,૯૦,૦૦૦ ટન માલ પેદા કરે છે. ટૂંક સમયમાં ૬૯ કારખાનાં ૪,૯૦,૦૦૦ ટન જેટલું 'વનસ્પતિ' પેદા કરતાં થઈ જશે એવું માનવામાં આવે છે.

પ્રસંગો-પુસ્તકો-પરિભ્રમણ

ધૂમકેતુ

એક વખત જ્ઞાનગોષ્ટિ ચાલી: 'ઈશ્વરનો સાચો ભક્ત કોણ?' કોઈએ જવાબ દીધો: 'જે આપત્તિ માત્રને ઇશ્વરી પ્રસાદ ગણી સ્વીકારી લે તે.'

બીજા કોઈએ માથું ધૂણાવ્યું: 'ના; એટલું પૂરતું નથી. જેને આપત્તિનું, આપત્તિરૂપે, લવલેશ પણ ભાન નથી તે.'

'એમ પણ નહિ' ત્રીજાએ કહ્યું: 'ઈશ્વરનો ખરો ભક્ત એ છે જે દુઃખ માત્રને પ્રસાદરૂપે નહિ પણ જ્ઞાનના માર્ગદર્શનરૂપે આનંદથી વધાવી લે છે તે.'

ગોષ્ટિમંડળમાં એક સ્ત્રી પણ હતી. અત્યાર સુધી એ શાંત બેઠી હતી. તેણે ધીમેથી કહ્યું: 'શિશુ, સુખ આપે છે કે દુઃખ એની લવલેશ સમજણ કોઈ દિવસ માતાઓને પડતી નથી, કારણ કે એવા કોઈ પદાર્થનું અસ્તિત્વ જ એમને મન નથી. એમને મન તો એક જ પદાર્થ અસ્તિત્વ ધરાવે છે–પ્રેમ. ખરા ભક્તજનની પણ એ જ દશા હોય. જે આવ્યું છે તે શું છે–સુખ છે કે દુઃખ. એનું એને જ્ઞાન જ હોતું નથી. એટલે એને મન એ પ્રસાદ નથી, ઇશ્વરી સંકેત પણ નથી, જ્ઞાનનું માર્ગદર્શન પણ નથી એ પણ એક છોળ છે. અને પ્રેમમય પદાર્થમાં રમનારો–પ્રેમની જ સમજણ, જ્ઞાન, ભાન, હેતુ કે પ્રસાદ, એવા કોઈ પણ તણખલાનો આધાર શોધે ખરો?'

※

સદના કસાઈની એક વાત છે. જાતનો કસાઈ. ધંધો માંસ વેચવાનો. આજીવિકા રૂપે એ ધંધો કરી લ્યે, પછી ભલે તે પોતે ને પોતાનો શાલિગ્રામ. એની ધૂનમાં રાતદિવસનું ભાન પણ ન રહે.

પણ માંસ વેચતાં ધડાની જરૂર પડે તો એ જ શાલિગ્રામનો ઉપયોગ કરી લ્યે. ધોઈ નાખીને પાછો એની પૂજા પણ કરે! આવો એ સદનો કસાઈ!

એક વખત એક ભક્તજન ત્યાં આવી ચડ્યા. સદનાની ભક્તિ વિષેની નામના સાંભળેલી, એટલે જરા ભક્તિગોષ્ટી માટે આવેલ. એ બિચારા તો આ જોઈને મૂંઝાઈ જ ગયા. 'આ ભક્ત? અને આવી ભક્તિ? શાલિગ્રામને ત્રાજવામાં ધડારૂપે વાપરે આવો ભક્ત! અરે! ભગવાન! આ તે તારી કેવી વિડંબના આ દુષ્ટ માણસ કરી રહ્યો છે?'

એમણે તો ભગવાનનો ઉદ્ધાર કરવાનો સંકલ્પ કરી લીધો.

સદના પાસે શાલિગ્રામની માગણી કરી. સદનાએ કહ્યું: 'લઈ જાઓ–આવતા હોય તો.' શાલિગ્રામને લઈને ભક્તજન પોતાને પંથે પડ્યા. સદનાને મળવા ગયાનો મનમાં ખેદ હતો. ભગવાનનો ઉદ્ધાર કર્યાનો આનંદ હતો. આવાને ભગત ગણનાર લોકમાનસ વિષે આશ્ચર્ય હતું.

ઘેર પહોંચ્યા. ભગવાનને હજાર પાણીએ નવરાવ્યા, ગંગાજળથી ધોયા, ચંદન અર્ચ્યાં, અત્તરધૂપ કર્યાં, કસાઈને ત્યાંથી ઉદ્ધાર કરવા માટે ફરીફરીને પોતે ભગવાનને એ વાત કહી. મનમાં એક મહાન કાર્ય કર્યાનો ઊંડો સંતોષ અનુભવ્યો.

પણ રાતે શાલિગ્રામ આ ભક્તજનને સ્વપ્નમાં દેખાયાં.

'અલ્યા! તું મને આંહીં ક્યાં લાવ્યો? મને પાછો હતો ત્યાં મૂકી દે–સદનાને ત્યાં!'

'અરે પણ મારા પ્રભુ! ત્યાં તારી કેવી દશા હતી? મારાથી એ જોયું ગયું નહિ!'

'એ બધું ઠીક છે ભક્તજન! મને પાછો હતો ત્યાં-મૂકી આવ, મારે ત્યાં મઝો છે. આંહીં હું મૂંઝાઈ જાઉં છું!'

'આંહીં મૂંઝાઇ જાઓ છો મારા ભગવાન? આંહીં ધૂપ છે, દીપ છે, માળા છે, સુગંધી છે, શણગાર છે, પૂજા છે, જપ છે, આંહીં શું નથી?'

'આંહીં એક વસ્તુ નથી.'

'કઇ વસ્તુ? મારા પ્રભુ! કઈ વસ્તુ? મારા વ્હાલાને નામે એક હજાર ને એક વસ્તુ હમણાં ને હમણાં હાજર થઇ જાય, પછી શું? દુનિયાને છેડે પડી હોય તોય લાવી દઉં મારા નાથ! મારા ભગવાનને ખપે એવી કઈ વસ્તુ આંહીં નથી?'

'આંહીં એક વસ્તુ નથી શેઠ! આહીં કોઈ પાશેર સામે પાશેર જોખતું નથી. ભક્તજન! હું આંહી પૂજામાં રહું, એના કરતાં ત્યાં ઘડામાં રહું, એ મને વધારે ગમે. મને પાછો ત્યાં પહોંચાડી દ્યો-એના તાજવાના ઘડામાં. આંહીં તો મને લાગે છે કે હું કેદખાનામાં પડયો છું!'

❊

પથ્થરને આકાર આપનારો કારીગર એ પણ એક રીતે તો લેખક જ છે ને? એ પણ પ્રજાને માટે કાંઈક મૂકી જાય છે આપણને શી ખબર પડે-પણ જેવી મજા, ગવૈયાને પોતાનું ગળું પ્રગટાવવામાં આવે છે, અને જેમ જેમ સ્વરની મીઠાશ જામતી જાય, તેમ તેમ એનું અંતર ડોલે છે, તેમ આ કારીગરો પણ પથ્થરમાંથી જેમ જેમ રંગ નીકળતા જાય તેમ તેમ ડોલી ઊઠે છે

એવા એક કારીગર પાસે આજે જઈ ચડ્યો. બારીમાંથી આછું તેજ તેની ઘડેલી આકૃતિ ઉપર આવી રહ્યું હતું. પોતાનું ઓજાર હાથમાં જ રાખીને એ આકૃતિને નિહાળતો ઊભો હતો

'તમે આ શાને આધારે ઘડો છો ભાઈ?' મેં આ સોમપરા કારીગરને પ્રશ્ન કર્યો.

તેણે બોલ્યા વિના જ સામે એક આકૃતિ પડી હતી તે બતાવી.

આ સોમપરા કારીગરો હજી ઘણું ઘણું સાચવી રહ્યા છે, જો કે કાળબળે પોતાનું કહેવાય એવું ઘણું ગુમાવી બેઠા છે. પોતાની મનમોજથી આકૃતિ કરવાનું એમને ફાવે એના કરતાં આ પ્રતિકૃતિઓ ઘડવાનું વધારે ફાવે. અંગ્રેજી કાવ્ય ઉપરથી પ્રેરણા મેળવનાર જેવું જ આ થયું. આ પણ કાળનો મહિમા છે! છતાં આ વસ્તુ એમણે બહુ સુંદર રીતે સાચવી છે. એમની પાસે તમે ચિત્રમાં વિચાર મૂકો — કે કોઈ કૃતિ મૂકો તો પ્રતિકૃતિ એવી કરી દીએ કે બે ઘડી તમે મોંમાં આંગળાં નાખી જાઓ. એમાં મદદ એક એના 'પોઈન્ટર'ની અને બીજી બહુ તો પાશેર દોઢપાશેર લોઢાનાં નાનકડાં ઓજારોની! એટલા સાધનવડે તો એ પથ્થરને બોલતો કરી મૂકે. આ ઓજારો એનાં નામ તો આપણને ક્યાંથી આવડે? પણ પૂછીએ તો ખબર પડે કે આ જરાક પહોળા પાનાનું ભાગ્યે જ એક વેંત લાંબું 'બેપડુ'' છે. બન્ને બાજુ સરખી કોતરણી કરવી હોય ત્યારે એનો વપરાશ થાય છે

મેં એની પાસે પડેલું એક બીજું ઓજાર ઉપાડ્યું: 'આ શું છે ભાઇ?' તો મારા અજ્ઞાન ઉપર હસતાં હસતાં એણે જવાબ વાળ્યો:

'એ 'ચેરણી' મારા—'

'ચેરણી? અને આ?' એની પડખે પડેલું એવું જ બીજું ઓજાર ઉપાડીને પૂછ્યું.

રહી છે એ સાંભળીને તો ઘડીભર તમામે તમામ પથ્થરની સૃષ્ટિ—આજ દિવસ સુધી જોયેલી-નજર સમક્ષ ખડી થઈ ગઈ!

જૂનાગઢની, ભિક્ષખાની, વીરપુર પાસેના કાગવડ ચોગાળાની, પોરબંદરની, રામપરડાની, અરવલ્લીડુંગરાની, ગોવળકાંડા પાસેના અને પેલો મારો દોસ્ત વસ્તો ભાભો વાતો કરતો એની પાણખાણો નજરે આવી ગઈ. વસ્તો ભાભો ખાટલો ભરતાં ભરતાં એની પાણખાણોની કેવી કેવી વાત કરતો! આપણને પણ ત્યાં એ ઘડી જવાનું મન થઈ આવે!

આ પાણખાણો વિષે આપણને કાંઈ જ ખબર નથી, પણ ત્યાં કામ કરનારા—ઘણાખરા કોળી—પોતાની આ સૃષ્ટિને એવા તો પ્રેમથી સરજે છે કે ગમે તેવો માણસ જાય, એક વખત તો એનું દિલ ત્યાં ઠરી જાય! મુંબઈની વિખ્યાત ગુફાઓ જેમ ત્યાં જનારાને જકડી રાખે છે, એની પ્રખ્યાત શિલ્પાકૃતિઓને બાદ કરીએ તો પણ કેવળ એની રચનાના મોહક સંયોજનથી, તેવું જ આકર્ષણ આ પાણખાણોમાં સરજાય છે!

એવી કોઇ પાણખાણમાં તમે પ્રવેશ કરો તો પહેલાં તો એક નાનકડા ખાડા જેવો ખાડો જ તમને જણાય. પણ જેવી નાનકડી ઘડેલી પગથી દ્વારા અંદર ઊતરો તો છક્ક થઈ જાઓ. કોઈ કોઈ ઠેકાણે ખાણીઆઓએ થાંભલાના–થાંભલા ચોરસ જેવા રાખી દઈને–મહાન ખંડો જાણે કે ઊભા કરી દીધા હોય તેવું લાગે. એની વિશાળતા મોટા મોટા દીવાનખાનાને પણ લજવે! એમાં બેઠકો કોતરી હોય, ભીંતાસનો રચ્યાં હોય, પાણીનાં ઝરણની રૂપાળી કૂંડી પણ બનાવી હોય, એક ખાણમાંથી બીજી ખાણમાં ને બીજીમાંથી ત્રીજીમાં ચાલ્યા જવાના ભૂગર્ભમાર્ગો પણ હોય—અને માણસના જીવનને રસમય બનાવી દેનારી તમામે તમામ વસ્તુઓ એણે ત્યાં સરજી હોય! ખાણીઆ પાણખાણમાં કામે ચડે પછી તો એને પથરા કાપવા સિવાય બીજું કામ શું? એટલે એ જ્યારે નવરો પડે–ત્યારે પોતાની મનમોજી કોઈ ને કોઈ ચીજ આંકી કરતો હોય! એવી કોઈ મનમોજી ચીજ, કોઈ રેઢી બંધ પડેલી પાણખાણમાં તમે જુઓ તો તમારું મન, એમાં એણે પ્રગટ કરેલી માનવતા નિહાળીને, રાજી રાજી થઈ જાય! આજ મોહેન જો ડેરોની એકાદ કુરડીમાંથી આપણને જે માનવતાની પગકેડી મળે છે એવી જ પગકેડી આ પથ્થરની ખાણોમાં પડેલી હોય છે. એમની મોંઘામાં મોંઘી મોજ એક ચૂંગીની. ચૂંગી પી ને અરધી બળેલી તમાકુ ઠાલવી એ પાછો પોતાને કામે વળગે. આ ખાણિયાઓને કેળવણીનો જરાક જ સ્પર્શ મળ્યો હોત-તો એ પોતાના શ્રમને કેવી કેવી વસ્તુઓ વડે શણગારી દેત! કદાચ પાયાની કેળવણી—જે ઉદ્યોગોને પોતાનામાં ભેળવી લેવા માગે છે—તેને કામ કરતાં આવડશે તો તેમાંથી ફરીને પ્રજાની સર્જનશક્તિને એક જબરજસ્ત વેગ મળી રહેશે.

❊

વિદ્યાપ્રીતિનું એક સુંદર ઉદાહરણ એક વખત એક પુસ્તકવિક્રેતાની અડબાઉ વાતોમાંથી મળી આવ્યું.

'તમારી સાંભળેલી વાત છે કે અનુભવેલી?' બીડી પીતાં પીતાં જરાક ઉલ્લાસમાં આવી, પોતાનાં જૂનાં સંસ્મરણો કહેવા માટે તૈયાર થયેલા પુસ્તકવિક્રેતાને મેં કહ્યું. તેણે બીડીની એક મોટી ઘૂંટ ખેંચી, ધીમેથી એના રસાસ્વાદ લેતો હોય તેમ આછા આછા ધૂમાડા પાછા કાઢ્યા જરાક ખોંખારો ખાધો, સાદ સુધાર્યો.

નજર મારા ઉપર અને એક બીજા ભાઈ બેઠા હતા તેના ઉપર ફેરવી, પોતાના જૂવાન દિવસો જાણે ફરીને જોતા હોય એમ એ બોલ્યો: 'ભાઈ! તમે માનો કે ન માનો પણ આ ધંધો 'બૂકસેલરનો' એ પણ છેક કાઢી નાખવા જેવો નથી હો. કોઈક વખત તમે સાચવેલી ચીજનો ગ્રાહક મળી જાય—ત્યારે પૈસા તો ઠીક હવે—પણ એ વસ્તુનો જાણકાર મળી આવ્યો એનો આનંદ અમને આવી જાય છે! એ વખતે મુંબઈના પ્રખ્યાત બૂકસેલર જયેષ્ટારામના દિવસો. એને ત્યાં સંસ્કૃતનાં પુસ્તકો મળે જે ક્યાંય ન મળે તે એને ત્યાંથી નીકળે. આપણે ત્યાં તો વિદ્યાની ક્યાં એવી કદરદાની છે. બાકી 'સેકન્ડહેન્ડ'–Rare books–ભાગ્યે જ મળી શકે એવાં પુસ્તકો – એમને શોધનારા તો એમની પાછળ ઘેલા હોય છે!

અને તમારા સમ પેટછૂટી વાત કરું છું. અમને ભલે તાજી તાજી નવલકથાઓના વેચાણમાંથી પૈસાની પ્રાપ્તિ થાય, પણ અમારે પોતાને મન પણ પ્રતિષ્ઠા ને માન તો કોઈ વિરલ પુસ્તકના સંગ્રહમાં જ રહ્યાં હોય છે. એવાં પુસ્તક શોધનારની અમારે મન પણ કિંમત છે!

એક વખત એવું બન્યું કે એની દુકાને એક પુસ્તક–નામ તો હું ભૂલી ગયો છું–પણ ભાગ્યે જ બજારમાં દેખા દે એવું પુસ્તક નીકળી આવ્યું. દુકાન ઉપર એક ગુજરાતી વિદ્વાન પણ તરત આવી ચડ્યા એની નજરે એ પડ્યું. કિંમત પૂછી જવાબ મળ્યો: 'સો રૂપિયા' સો રૂપિયાનું મૂલ્યાંકન એને આકરું લાગ્યું. પણ પુસ્તક ખરેખર વિરલ હતું! વિદ્વાન ખરા, પણ છેવટે તો ગુજરાતના વિદ્વાન, એટલે ભાવતાલની ભાંજગડમાં પડ્યા. કાંઈ પત્તો ખાધો નહિ. મનમાં વિચાર્યું હશે કે થોડીવાર પછી આવીશું તો કાંઈક ફેર પડશે 'ઠીક ત્યારે–હું પછી આવીશ' કહીને ગયા

'પણ સાહેબ! આ ચીજ રહેશે નહિ હો!' બૂકસેલરે કહ્યું

'અરે ભાઈ! એનો ખરીદનારો તમને બારવરસે કોક મળે તો સારું!' વિદ્વાને જવાબ વાળ્યો, અને એ ગયા.

થોડીવાર થઈને એક જર્મન સ્કોલર આવી ચડ્યો એની નજરે આ પુસ્તક પડ્યું: બાજના જેવી તીક્ષ્ણ દૃષ્ટિથી એણે એ ઉપાડ્યું: 'આની કિંમત?'

'સો રૂપિયા!'

'અચ્છા—' પેલાએ તરત ખીસામાંથી કાઢીને રૂપિયા ટેબલ ઉપર ધરી જ દીધા. અને જેવું પુસ્તક મળ્યું કે તરત તે લઈને રવાના જ થઈ ગયો. એને મનમાં ડર હતો કે આ દેશનું આવું કિંમતી જવાહીર કોઈ બીજો આગંતુક દેખશે તો હજાર રૂપિયા ખરચીને પણ એ પાછું વાળશે! પણ એને ખબર નહિ કે આ દેશમાં એવું કોઈ દેખતું જ નથી!

જર્મન સ્કોલર તો ઊપડી ગયો કલાક બે કલાક પછી, જાણે પેલા પુસ્તકની સેંજ ખબર કાઢતા હોય તેમ, પેલા વિદ્વાન આવી ચડ્યા:

'ત્યારે એમ કરો– ' એમણે બહારથી જ કહ્યું: 'આપણે નેવું રૂપિયા રાખીએ!'

'સાહેબ! પુસ્તક તો ઊપડી ગયું!'

'ઊપડી ગયું? હેં! શું કહો છો? કોણે લીધું?'

'કોઈ જર્મન પંડિત હતા!'

'પણ નામ?'

'નામ તો કોણ જાણે—પણ પુસ્તક ગયું!'

'અને આજ પણ તમારી શી દશા છે?' પુસ્તકવિક્રેતાએ કહ્યું: 'કાપડ ખરીદતાં કોઈ કમિશનની વાત કરતું નથી, પણ સારામાં સારો માણસ પણ પુસ્તક ખરીદતાં કમિશનની વાત કરે છે! પુસ્તકપ્રીતિ હજી તો ગુજરાતમાં આવી નથી ફેર પડ્યો છે. ફેર પડશે. પણ— આંહીં આવડા મોટા ગુજરાતી સંસ્કૃતિના કેન્દ્ર જેવા અમદાવાદમાં ઘેલા વિદ્વાનો કેટલા? વિદ્યાપ્રીતિ કેટલી? અને વિરલ પુસ્તકોની માગ કેટલી? અને એનો ઉપયોગ કરનારા પણ કોણ?'

'ચાલો ત્યારે....' એણે ખીડીની એક વધુ ઘૂંટ લીધી અને કામ હોવાથી તે ચાલ્યો ગયો. પણ એની વાતે ઘણા ઘણા વિચાર આવ્યા: 'આપણે ત્યાં ખરેખર–Rare Books–એનો શોખ સ્વ. હાજી મહમ્મદને હતો. પુરુષોત્તમ વિશ્રામ માવજીને ત્યાં પણ કેટલાંક સુંદર પુસ્તકો હતાં. અમદાવાદ મુંબઈમાં હજી એવા કોઈ સંગ્રહ હોય તો એમનો લાભ ગુજરાતને આપવાની કમ્મર આ આતવારે ને છાશવારે નવો 'કૉલમ' ઉઘાડતા, દૈનિકો, અઠવાડિકો, માસિકો, ન કરે? એમાંથી તો બહુમૂલ્ય રત્નો નીકળી આવે. સિમલામાં મેં એક 'સેકન્ડહેન્ડ બૂકસેલર'ને ત્યાંથી ૧૮૫૭ના ગ્રંથનાં એક બે વિરલ પુસ્તકો મેળવ્યાં હતાં.

※

કોઈ એક બૂહદથી એમર્તુ પુસ્તક વાંચવા મોકલ્યું હતું. તેમાંથી કેટલાંક સુંદર વાક્યો મળ્યાં તે સંગ્રહી લીધાં હતાં એની કાંઈક જાણવાજોગ વાનગી Amicus માંથી નીચે આપી છે.

'આપણામાંનો દરેક પોતાના જાતખર્ચમાં જો થોડોક જ વિવેક કરે, તો દુનિયાની અરધી ગરીબી અદૃશ્ય થઈ જાય–અને એટલી જ ગમગીની ખુશાલીમાં ફેરવાઈ જાય!'

'દરેક માણસ જો, પોતાના યોગ્ય સ્વરને જ સ્પર્શે અને એને જ અડગ વિશ્વાસથી ખીલવે તો એક દિવસ એને જરૂર લાગે કે જીવન સંગીતમય છે. પછી ભલે એમાં વિષાદના, કારુણ્યના અને શોકના સ્વરો ભર્યા હોય!'

'હેતુ વાળો નહિ–ધ્યેયવાળો, જીવનના જંગમાં છેવટે જીતે છે!'

'મુશ્કેલીઓને, આપણે આપણી કલ્પનાથી, છે એના કરતાં મોટી બનાવીએ છીએ. જ્યાં સુધી એ આપણી નજરની સામે છે ત્યાં સુધી એ હિમાલય જેવડી જબ્બર દેખાય છે. એક વખત એના ઉપર તમે વિજય મેળવો' એટલે એ ઉધઈના રાફડા જેવડી નાનકડી દેખાય છે. આપણને ત્યારે નવાઈ લાગે છે કે આટલી આ નાની સરખી મુશ્કેલીએ આપણને થકવી દીધા હતા!'

'આપણને ટેવ પડી છે: ઇશ્વર પાસે પુષ્પો માગવાની. પણ ઈશ્વર કોઈને પુષ્પો આપી શકતો નથી. એ તો પુષ્પછોડનાં બીજ છૂટે હાથે આપી શકે છે. એ બીજને વાવે, સિંચે, ઉછેરે, મોટાં કરે, તો માનવને પુષ્પો મળે ઈશ્વર કહે છે: પુષ્પોની ભેટ ન હોય–ભેટ બીજની હોય.'

※

એક પિતાએ પોતાના પુત્રની આરામગાહ ઉપર નીચેનો લેખ કોતરાવ્યો હતો:

'હું કોઈ દિવસ તને એમ નહિ કહું કે આ રસ્તે તું જા

'કારણ કે તારા રસ્તાની ખરી જાણ તને હોય; મને નહિ. તારો આત્મા તને જે રસ્તો બતાવે એ તારો ખરો રસ્તો હોય.

'તારા આત્માએ કાપેલો પંથ, એ મેં કદાચ જોયો પણ ન હોય, એટલા માટે અંધકાર હોય કે જોખમ હોય કે ભય હોય કે સાહસ હોય, પણ તારો પંથ, એ તારો પોતાનો ઐચ્છિક પંથ હો. હું એનું પરિણામ કલ્પી પણ ન શકું, અનુમાની પણ ન શકું, માત્ર શુભાશિષ આપીને તારા પંથને નિરખી શકું.

'હું વધુ માત્ર આટલું જ કહીશ:

'દરેકને પોતપોતાનો નિરાળો પંથ છે; દરેકને પોતપોતાની નિરનિરાળી ઐચ્છિક પસંદગી છે; દરેકને પોતપોતાનું નિરાળું સત્ય છે; ભલે ઘડીભર આમતેમ ઊંધે માર્ગે ચડેલા દેખાય, પણ છેવટે એ રીતે જ દરેકને દરેકનો પંથ મળશે.

'એટલા માટે તું તારે પંથે જા—

'એમાં મારે ભય રાખવો ન જોઈએ પ્રીતિની નબળાઈ દેખાડવી ન જોઈએ. કુશંકા સેવવી ન જોઈએ.

'તને મળેલો રસ્તો એ તારો પોતાનો છે. એ તારો પ્રકાશ છે. એ રસ્તાનું કોઈ બીજું નામ હોય તેથી એને અંધકાર ન કહેવાય. કારણ કે સત્યનો રાહ એક જ છે, એને પહોંચવાનો દરેકનો માર્ગ ભલે જુદો હોય.

'પ્રકાશ તારામાંથી મળે કે સૂર્યમાંથી મળે પણ મેળવનારને માટે તો એ પ્રકાશ જ રહે છે.'

❋

સ્વ. મેઘાણીને
અંજલિ

હરીન્દ્ર દવે

(સ્રગ્ધરા)

આકાશે દીપ્તિવંતો શશિયર ઝળકે દીપ્તિનો રેલ રેલે,
એની દીપ્તિ ઝીલીને વનતરુ કુસુમો મંદ ડોલી રહે છે.
ને પેલા શ્રૃંગ કેરા કઠિન ઉરમહીં તેજ એનાં ભરેલાં,
કેવી આ વારીધીને હૃદય રમી રહી ચંદ્રની સ્નિગ્ધ છાયા.
કિન્તુ આ વાદળીશું, પથ ચુકી ગઈ'તી, ચંદ્રની પાસ આવી,
'ઢાંકયો ઢાંકયો શશિશું ?' હૃદયમહીં ગઈ પ્રશ્ન એવો જગાવી.
ને પેલી તારિકાના નયન દ્રવી ગયા દીપ્તિ એની વિલાતી,
ઢંકાયો ચંદ્ર આજે, હૃદયમહીં હવે મ્લાનગ્લાનિ છવાતી.
ઝાંખી સ્વર્ગંગ, ઝાંખા ધ્રુવ પણ બનતો જેમ જાતા શશિઆ,
એવું આ ગુર્જરીનું હૃદય વિલપતું હીર એનું લુંટાતાં.

મધ્યયુગના છેલ્લા અવશેષો અદૃશ્ય થઈ રહ્યા હતા. વર્ષાઋતુમાં જેમ કોઈ મહાપૂર આવે, અને નદીના બેટ એક પછી એક, જળબંબાકાર થતા જાય, તેમ રડ્યાખડ્યા જે કોઈ જોદ્ધા, આવતા યુગના પૂરની સામે ઝઝૂમી રહ્યા હતા, એ પણ એક પછી એક, કાં સ્વર્ગપંથે, કાં સમાધાનપંથે કાં પોતપોતાના ઘરપંથે વળી રહ્યા હતા. સર્વત્ર શાંતિ ફેલાતી હતી. આબાદ શાંતિ–સરકાર અંગરેજનો મહિમા, એક ચક્રવર્તી બનીને, દેશ આખામાં વ્યાપી ગયો હતો. અઢારસો સત્તાવન પછી અંગ્રેજ સિવાય કોઈ નર રહ્યો ન હતો. ગોરા સિવાય ક્યાંય ગર્વ ન હતો.

એવે વખતે એક અંગ્રેજ પોલિટિકલ એજંટને દેશમાં રહીસહી મર્દાનગીનો તાગ લેવાનું મન થઈ આવ્યું.

એણે મર્દાનગીના જીવનમરણ ખેલી મહીકાંઠાના મેદાનમાં પોતાની રાવટી ખોડી ડેરા તંબૂ ઠોક્યા. અંગરેજી ધ્વજ ફરકાવ્યો. એક મહિનાનો મુકામ કર્યો. ચારે તરફ વાત વહેતી મૂકી: 'સાહેબને, અસલી રૂપનો, અડીખમ, રણરંગી બહાદુર નર જોવો છે, એટલા માટે સાહેબે ડેરા તંબૂ નાખ્યા છે એમાં એક તંબૂમાં, એક બંદૂક રાખી છે. ઉપાડી જનારનો ગુનો માફ. માનઅકરામ અપાશે એ જુદાં. કોઈ બહાદુર આ હાકલનો જવાબ વાળે. એક મહિનાની મુદત.'

મહીસાગરનાં જળ આ ઘોષણા સાંભળીને ખળભળી ઊઠ્યાં. વાંધેરૂંધાં સજીવ થઈ ગયાં. ગામડામાં ઘેરે ઘેર એ જ વાત ચાલી. 'ગોરે, મારે દીકરે, આપણી ઇજ્જત ઉપર હામ નાખ્યો છે. ફરતી ચારે તરફ હથિયારબંધ ચોકી ગોઠવી છે. એમાંથી બંદૂક ઉપાડી લાવવી એ કાંઈ રાંડીરાંડના ખેલ નથી!'

આખા મહીકાંઠામાં એક પ્રકારની સનસનાટી ફેલાઈ ગઈ. ભાદરવા ગામને પાદર જ્યાં મુકામ પડ્યો છે ત્યાં તો કોઈને અન્નમાં સ્વાદ રહ્યો નથી. ગામનું નાક કપાઈ જાય, જો ગોરો એમ ને એમ ચાલ્યો જાય તો. પણ ખડી ચોકીમાંથી બંદૂક જેવી બંદૂક ઉપાડી લાવવી અને પાછું પકડાવું નહિ એ શરત ઉપર, કૈંક બહાદુરના માથાં, વિચારભારે નીચાં નમી જાય છે. કોઈને કાંઈ ગમ પડતી નથી.

એક, બે, ચાર, છ, દસ, તેર, અઢાર–દિવસ ઉપર દિવસ કપાવા માંડ્યા, ને નરબંકડાનાં કાળજાં કપાવા માંડ્યાં. મહીકાંઠાના મલકમાં હવે કોઈ મરદ રહ્યો નથી એવો અહંકાર કરીને આ અંગરેજ બચ્ચો ચાલ્યો જાય તો તો થઈ રહ્યું ના! ઠાકરડા, રજપૂત, બારૈયા, ભીલ, કોળી કૈંક જુવાનડા, કાંઠિયા કોમ ઉપર આવેલા આ આબરૂ–વિનાશી સંકટને, મૂંગે મોંએ નિહાળી રહ્યા હતા. જાણે કે મહીકાંઠાનું પાણી આજ મપાઈ રહ્યું હતું.

અંતે એક જુવાન નીકળી આવ્યો. એણે પહેલો તો છાનો છાનો સાહેબનો મુકામ જોવા માંડ્યો. મુકામને ફરતી ચારે તરફ ખડી બંદૂકની ચોકી જોઈ. રાવટીઓની હારમાળા વચ્ચે સાહેબનો પોતાનો તંબૂ દીઠો. સાહેબ પોતે એમાં સૂએ છે એ ખબર મળ્યા. એમાં બંદૂક રહે છે એ જાણ્યું. એ બંદૂકને ઉપાડી લાવવાની હતી.

પછી તો જુવાનની ઊંઘ ઊડી ગઈ. રાત ને દિવસ ગોરાને ભૂ પાઈ દેવાના વિચાર એને મૂંઝવવા માંડ્યા. બંદૂક ઉપાડી લાવવાનાં સ્વપ્નાં એને આવવા માંડ્યાં. પણ એમ કરતા કરતા તો મુદત પૂરી થવાને માત્ર બે જ દિવસ રહ્યા. એ સચેત થઈ ગયો.

[૨]

રાત્રિ નિઃસ્તબ્ધ હતી અને અંધારાએ એને વધારે નિસ્તબ્ધ બનાવી હતી. ક્યાંય પાંદડું પણ ફરકતું ન હતું. છેટે છેટે સીમમાં રોતાં શિયાળિયાંના અવાજ સિવાય કોઈ અવાજ આવતો ન હતો. ગામ ઊંઘતું હતું. સાહેબના ચોકીદારો માત્ર જાગતા હતા.

એવે વખતે ગામ વીંધીને એક ગધેડું નીકળ્યું. ગધેડા ઉપર બુકાની બાંધેલ એક માણસ બેઠો હતો. એના પગ જમીન ઢળતા લટકી રહ્યા હતા. ભારથી ટચુ ટચુ થાતું ગધેડું ગામ વટાવીને ધીમે ધીમે પાદરને પંથે પડ્યું. ગામને સીમાડે રાયણાનું ઝૂંડ હતું. ત્યાં આવીને ગધેડું અટક્યું. ગધેડા ઉપરથી પેલા માણસે પરબારો જ ઝાડના થડનો ટેકો લઈ લીધો ને ધીમેથી નીચેની ડાળ પકડી તે ઝાડ ઉપર ચડી એક ક્ષણમાં

અદૃશ્ય થઇ ગયો પાળેલું હોય તેમ ગધેડું ત્યાં ખાખા ખોળામાં પડી ગયું

રાયણનું આ ઝૂંડ-એન્ડ પછી એક હારબંધ ઝાડવામાં છેક ગોરા સાહેબના તંબૂ ડેરા સુધી લંબાતું જતું હતું પેલો જુવાન અત્યંત સાવધાનીથી ધીમે ધીમે ડાળ પછી ડાળ વટાવતો એક ઝાડ ઉપરથી બીજે ઝાડે જતો રાવટીના ચોકીદારો સુધી પહોંચી ગયો

ત્યાં દેવતા જાગતો હતો હોકા ગગડતા હતા વાતો ચાલતી હતી ગોરાના પડકાર ઝીલવાવાળા મહીકાંઠામાંથી મરી પરવાર્યાનો આનંદ પ્રગટી રહ્યો હતો

આવતી કાલનો દિવસ જાય એટલે ગગના વાની ચિંતામુક્ત હવા માણવાની અધીરાઇ ત્યાં હતી પેલા જુવાને હવે, અત્યંત સાવધાનીથી ઝાડની ડાળી ઉપર ને ઉપર થઇને સાહેબના પોતાના તંબૂ સુધી આગળ વધવાનો પ્રયાસ કર્યો

તે આગળ વધ્યો જાણે રેતી ઉપર સરી રહ્યો હોય તેમ એક ઝાડની ડાળને સાહેબ ખુદના તંબૂ ઉપર લંબાતી એણે જોઇ રાખી હતી એને આધારે આધારે બરાબર તંબૂની ઉપર જ આવીને એ ડાળી ઉપર વાદરાના પેઠે એક ક્ષણ તો થાત બેઠો

પણ મૃત્યુનો સ્પર્શ થયો હોય તેવો ટાઢો હીમ સ્પર્શ એને પગે થયો એણે ઝાડની ડાળ ઉપર શરીર લંબાવીને બે પગની આંટી મારી આંખ એ થીને તંબૂ ઉપર જોવા માંડયું

ઓહ, વાઝીની આ શું? તંબૂ ઉપર પાણી ભરેલું માટલું હતું! હવે? હવે શું થાય?

હતો ત્યાંથી જરાક પણ આઘો પાછો ખસે એટલી જ વાર ધમ દઇને માટલું નીચે પડે ને એના ધમાક અવાજે ચોકી આખી જાગી ઊઠે તંબૂના બારણા પાસે ઊભેલા સિપાઇની તગતગતી આંખો જાણે એણે દીઠી

એ વાતને પામી ગયો કોઇક ઘરફૂટવાએ સાહેબને આ જુક્તિ સુઝાડી હતી

પાણીનું માટલું તંબૂ ઉપર મૂક્યું હતું-એટલે ઉપરથી તંબૂને ચીરીને પણ કોઇ માઇનો પૂત અંદર આવે એવું રહેવા દીધું ન હતું અંદર સાહેબ નિરાંતે ઘોરતા હતા એના નસકોરા પણ સંભળાતા હતા જુવાન નિરાશ થઇ ગયો અંગો તેનો તેના કરતા એક હજારગણી વધુ સાવધાનીથી તેણે પીછેહઠ શરૂ કરી હવે તે બધું પરાક્રમ આ પીછેહઠમાં રહ્યું હતું હજી કાલનો દિવસ બાકી હતો કાલે આવીને કોઇ નવી જ રીતે એને તંબૂ પ્રવેશ કરવાનો હતો નાક જાવાની અને નાક રહેવાની વચ્ચે હવે એક દિવસ હતો એક દિવસમાં તો આકાશી તારા નીચે ઉતારાય!

[૩]

બીજે દિવસે પાછું એ જ ગધેડું એ જ જુવાન, એવી જ કાજળ ઘેરી અંધારી રાત્રિ અને એ જ સમય જુવાન કાલની પેઠે જ આજે છેક તંબૂ ઉપર આવી ગયો ત્યાં ચોડીનાર શાંતિથી બેઠો પછી એણે પોતાની કેડેથી કાંઇક છોડયું ધીમેથી એરંડાની એક લીલી નળી કાઢી એક ઉપર બીજી ને બીજી ઉપર ત્રીજી એમ ચડાવી લાંબા થઇને ડાળી ઉપર સૂતે સૂતે માટલામાંથી પાણી ખેંચવા માંડયું પાણી ખેંચતો ને ધીમે ધીમે ચારે તરફ વેરતો જાય તંબૂના કપડામાં એ છાંટનો ભાઈ પતો લાગે નહિ વળી વચ્ચે વચ્ચે પેટમાં પાણી સમાવતો જાય એમ ને એણે આખું માટલું ખાલી કરી દીધું

તમામ નળીને પાછી કેડે બાંધી દીધી જરા જેટલી નિશાની પણ પાછળ રહેવા દેવામાં સો ટકા જોખમ હતું

એક વખત માટલું પાણી વિનાનું થયું-એટલે પછી એ રાજા હતો એણે ધીમેથી માટલું ઉપાડી એને ઝાડ ઉપર જ બરાબર ગોઠવી દીધું

જરા જેટલો પણ અવાજ ન થાય એવી રીતે એણે સફાઇથી તંબૂમાં ચદરવો પકડ્યો ને પો આસ્તેથી થાંભલાને આધારે નીચે ઊતરી ગયો

બહુ જ કુશળતાથી થાંભલાને ટેકે મૂકેલી બંદૂક એણે ઉપાડી લીધી અને બગલમાં એને દબાવતો

બીજીને સાચવતો, શ્વાસ લેવા જરાક થોભી જતો, જેમ આવ્યો હતો તેમ એ ઉપર ચડી ગયો.

ચંદરવો હતો તેમ પાછો ઢાંકી દીધો. અને ઝાડની ડાળીએ ડાળીએ પાછો ફરી ગયો.

ગધેડા ઉપર બેસીને ગામ ભણી ફર્યો.

એનું કામ થઇ ગયું હતું. કોઇને કાંઇ ખબર પડી ન હતી. પોતાના માન અકરામનાં એને સ્વપ્નાં આવતાં હતાં.

[૪]

એનું મન પણ હવે તો ઉછાળા મારી રહ્યું હતું. આખા ગામમાં-આખા ગામમાં શું આખા મહીકાંઠામાં એની નામના થવાની હતી–આવતી કાલે જ.

કાલે સવારે એ વીરપુરુષની નામના મેળવશે, એને જોવા માટે આખો મલક ઊલટશે ગોરો એની 'હુમ્ ખરા' કહીને પીઠ થાબડશે. દરબાર એને ઇનામ દેશે. કાલે સવારે એના કુટુંબીજનોનો તો પોરસ માતો નહિ હોય. કાલે સવારે-અત્યારે બે ત્રણ તો વાગ્યા હતા–દિગંતવ્યાપી કીર્તિની અને એની આડે બહુ બહુ તો બે ચાર ઘડી હતી.

એનું ગધેડું ધીમે ધીમે ગામમાં થઇને ચાલી રહ્યું હતું. એવડા નાનકડા ગામમાં તો અત્યારે કોણ ચોકી પહેરો રાહ જોઇને બેઠો હોય ! ચોકી પહેરાવાળા તો સૌ તંબૂ રાવટીએ ચોકી કરી રહ્યા હતા.

પણ દરબારગઢની પછવાડેથી એ નીકળ્યો અને કોણ જાણે શું થયું તે એના મનમાં એક નવો વિચાર આવી ગયો. એ વિચાર આવતાં તો જેમ વીજળીનો આંચકો વાગે ને માણસ આખો ખળભળી ઊઠે, એમ એ ખળભળી ગયો.

એના પગની જરાક જેટલી અધીરી ઈશારતી ભાષા જાણે પેલું ગધેડું જાણી ગયું હોય તેમ એ પણ ત્યાં ઊભું રહી ગયું.

'ઓત્ તારીની ! આ પણ જાણે છે !' પેલો જુવાન મનમાં જ બોલી ઊઠયોઃ 'આને પણ માલમ છે. ફટ રે ગોઝારા વરહાજી ! એક આ ગોરો જરાક ખભો થાબડે, કે બે ચાંપલા વેણ બોલે, કે પાંચ પંદર તોલા સોનું રૂપું તને જોખે, એમાં તું તારા મલકની આબરૂની હરરાજી બોલાવીશ ? હેં વરહાજી ! આ તારું મૂલ ?'

એ ત્યાં ઊભો હતો પણ એના મનમાં તો સાત સાગરનાં નીર જાણે ખળભળી ઊઠયાં હતાં.

એના દિલમાં દરિયાના મોટા મોજા જેવો ભારે વિચાર આવી રહ્યો હતોઃ 'પોતે પ્રગટ થશે, પોતાને નામના મળશે, પણ ગોરો જાણશે કે ત્રીસ ત્રીસ દિવસે માંડમાંડ આ એક જુવાનડો નીકળ્યો ! આ મહીકાંઠાનું પાણી ! ગોરો આમ સમજશે એનું શું ? એનું પોતાનું નામ તો દુનિયાની જીભે ચડશે, પણ આ પરદેશી જાણી જાશે કે આંહીં ધરતીમાં હવે માણસ રહ્યાં નથી, એનું શું ! મહીકાંઠો આખો ઉજજડ પડયો છે એની ભાળ ગોરાને મળી જાશે એનું શું ?'

એ એકલો માન અકરામ લેવા પ્રગટ થાય, તો આ પરિણામ આવે. પણ જો એ પ્રગટ જ ન થાય–કોણ બંદૂક ઉપાડી ગયું તે, કોણ જાણે કોણ–એમ જો થાય તો !

તો તો આખા ગામમાં ને આખા મલકમાં કૈંક જુવાનડા પડયા હશે, એમ.થી કોક બહાદર નીકળી આવ્યો, કે પાંચપચીશે ભેગા થઇને આ કામો કર્યો એમ વાત, વા વરોળે ફંગોળાશે, ને હજી આંહીની ધરતીનાં પાણી માપ્યાં જાય એમ નથી, એવી કહેવત રહી જશે 'અરે ! વરહાજી ! તને હવે કોઈ જાણે તો'ય શું ને ન જાણે તોય શું ? નાક તો રહી ગયું છે.'

થોડી વાર પછી તો બંદૂક ત્યાં ને ત્યાં દરબારગઢને ચોકીપહેરાને દરવાજે બહાર જ મુકાઇ ગઇ. ગધેડાને એક જરાક ડોક ઉપર ધીમી થાપટ પડી ને આખી દુનિયામાં કમઅક્કલ ગણાતું ગૌરવહીન એ પ્રાણી-પોતે શું સિદ્ધ કર્યું છે એ જાણ્યા વિના જ ઉકરડાના ખાંખાખોળાં કરવા ચાલ્યું ગયું.

વરહોજી એને જતું જોઈ રહ્યો. અને પછી પોતે. 'આ પણ જાણે છે, આ ગધેડું પણ, એણે ય પાણી તો મહીસાગરનું પીધું છે એટલે...'

એમ મનમાં ને મનમાં વાત ધોળતો ચાલ્યો ગયો.

ઈતબાર

અનુવાદક : નાથાલાલ દવે.

એક દિવસ એક સાધુ વૃદ્ધ લિંગ તાનના બારણે આવીને ઊભા રહ્યા અને કહ્યું, " તમારા ત્રીજા પુત્રના હું ખબર લાવ્યો છું. તે મઝામાં છે. લો આ તેના માથાનો વાળ છે. નાની છરી વડે તેણે પોતાને હાથે કાપીને તે મારી સાથે મોકલ્યો છે."

વૃદ્ધ લિંગ તાન અને તેની સ્ત્રીએ એ વાળ હાથમાં લીધો. માતા તો રડવા લાગી અને બોલી, " હા, એ મારા પુત્રનો જ વાળ છે. એવા વાંકડિયા વાળ બીજા કોના હોય?"

" એનાં કપડાં સાજાં હતાં કે ફાટેલાં?" વૃદ્ધે પૂછ્યું.

" એનાં કપડાં સાજાં હતાં, અને તે ખાધેપીધે સુખી લાગતો હતો. પણ દુશ્મનો નજીક આવતા જતા હતા. તેથી બીજા સાથે એ પણ કૂચ કરવાની તૈયારીમાં હતો."

જાપાને કબજે કરેલા મુલકમાં આ કુટુંબ રહેતું હતું. યુદ્ધમાં ગયેલ ત્રીજા પુત્ર શેંગની તેઓ વાતો કરવા બેઠા. વૃદ્ધે કહ્યું, " ઈંગ (ઇંગ્લંડ)ના લોકો બહુ બળવાન છે, કોઈએ તેમનું નામ લીધું હોય તો તોપો અને હથિયારો લઈ તેમના લશ્કરો ધસી આવે, દરિયામાં તેમની મનવારો ઊભી જ હોય, આવા લોકો આપણા સાથી થયા છે. એટલે દુશ્મનને જ તેઓ જરૂર દરિયા સુધી હાંકી કાઢશે આવતા શિયાળે તો જરૂર સ્વતંત્ર થઈશું."

" તેમાંય જ્યારે મે (અમેરિકા)ના લોકો આપણી સાથે ભળશે ત્યારે તો દુશ્મનોનું તો આવી બન્યું જ સમજજો."

પણ ખબર આવ્યા કે ઇંગના લોકો તો હારતા જાય છે અને પાછા હઠે છે, તેમનું કશું જોર ચાલતું નથી. અને દુશ્મનોએ મેના લોકો પર તેમને ઘેર જઈને છાપો માર્યો, તેમનાં વિમાનો તોડી નાખ્યાં અને મનવારો ડુબાડી દીધી. ગોરાઓના મોં પર જાપાનીઓ થૂંકે છે, તો પણ ગોરાઓ કાંઈ કરી શકતા નથી. આ વાત સાંભળી ત્યારે લીંગ તાનને દિવસો સુધી ખાવાનું ન ભાવ્યું. " જો એમ જ હોય તો મુક્તિની તો આશા ક્યાં રહી?"

" તમે એમ કરશો તો અમને પછી કોણ ધીરજ આપશે?" તેની સ્ત્રીએ કહ્યું, " તમારા વગર હું કેમ જીવીશ?"

ત્યારે લીંગ તાને ચા પીધી અને પરાણે ખાવા બેઠા.

એક બીજી ચિંતા પણ હતી.

મે લી નામની એક યુવતી હતી. તેના પત્રો આવતા. લડાઈમા ગયેલા શેંગને તે ચહાતી હતી.

" આ ભણેલી છોકરીની રીતભાત મને પસંદ નથી." વૃદ્ધ કહેતા " તે પત્રો લખે છે. ભાવ બતાવે છે. તો પછી મારા પુત્રને પરણતી કેમ નથી? બોલ જોઉં, કેમ એ પરણતી નથી?"

" હું શું જાણું તમારા પુત્રને એ કેમ નહિ હોય," સ્ત્રી હસી પણ વૃદ્ધને હસવું ન આવ્યું.

" પરદેશમાં ભણેલી એ છોકરી કોણ જાણે કેવી હશે," સ્ત્રીએ કહ્યું. " પરદેશની હવા અને પરદેશનાં પાણી, એમાં કાંઇ ભલીવાર ન હોય" લીંગતાને કહ્યુ

" હશે, આવા વિચારો ન કરો."

આમ અહીં આ વૃદ્ધો વાત કરતા હતા ત્યાં હજારો ગાઉ દૂર શેંગ મે લી સામે ઊભો હતો.

મે લી પૂછતી હતી, "તને કેટલા અક્ષર આવડયા?"

" બધા," શેંગે જવાબ આપ્યો.

" તો પછી કાગળ કેમ ન લખ્યો?"

" એક બે માસમાં હું અહીં આવવાનો હતો, પછી કાગળ શું લખું?" મે લીએ તેની સામે ચા મૂકી

" બોલ, હવે તું મારી સાથે લગન ક્યારે કરીશ?" શેંગે પૂછ્યું.

" તારી હિંમત વધતી જાય છે." મે બોલી.

" સૈનિકને તો ટૂંકો માર્ગ જ લેવો પડે, આ વખતે હું યુદ્ધમાં જાઉં તે પહેલાં તું મને પરણીશ કે નહિ?"

"તું પાછો આવીશ ત્યાં સુધી હું રાહ જોઉં તો કાંઈ વાંધો છે?"

શેંગ ગુસ્સે થયો. કાયમ મે લી તેના સવાલને ઉડાવતી હતી.

અમેરિકામાં ભણેલી આ છોકરી. તેના માતાપિતાને અમેરિકામાં મૂકીને એકલી તે ચીન આવી છે. તેના દિલમાં શું ચાલતું હશે તે શેંગને સમજાતું નથી.

મે લી તેને જતો જોઈ રહી. ઊંચી કાયા દૃઢ ચાલ; તેને વિચાર આવ્યો. "શેંગ જડભરત જેવો સૈનિક માત્ર છે કે જિંદગીમાં આગળ વધવાની તેનામાં બુદ્ધિ છે?"

(૨)

સેનાપતિએ શેંગને બોલાવ્યો હતો. "શેંગ! તારા માણસોને તૈયાર કર. આપણે લાંબી કૂચ કરવાની છે. ઉપરથી હુકમ આવ્યો છે. બર્માંમાંથી જે માર્ગ જાય છે તે રસ્તે આપણે મજલ કરવાની છે. દુશ્મનો ત્યાં આગળ વધે છે અને અમેરિકનો તથા અંગ્રેજો પાછા હઠે છે. એ રસ્તો બંધ થાય તો ચીનને ક્યાંયથી મદદ ન પહોંચે."

"ક્યારે ઊપડીશું આપણે?"

"ચાર દિવસનો સમય છે તારી ટુકડીને ખબર આપ. ને બધી તૈયારી કરી લે. પરદેશી ભૂમિ પર જઈને આપણે લડવાનું છે. અજાણ્યા લોકો, અજાણી બોલી. ડગલે ને પગલે પાછા ફરતા અંગ્રેજો. એમના હુકમ પ્રમાણે આપણે લડવાનું. આવી લડાઈ કદી જોઈ નથી." સેનાપતિનું મન માનતું ન હતું.

શેંગ મે લીની રજા લેવા આવ્યો, ત્યારે પણ કાયમ પ્રમાણે તકરાર જ આદરી. મે લી એક કૂતરાને ખોળામાં લઈને બેઠી. શેંગને લાગ્યું કે તે સાવ પરદેશી સ્ત્રી જેવી બની ગઈ છે. કૂતરાને ઊંચકીને શેંગે પાણીમાં બોળ્યું. મે લી નારાજ થઈ ગઈ. રૂમાલ લઈ તે કૂતરાને સાફ કરવા બેઠી. "કેવો ખરાબ છે તું! આ ગરીબ કૂતરાએ તારું શું બગાડ્યું છે?"

ત્યાં આકાશમાંથી અવાજ આવવા લાગ્યો. દુશ્મનોનાં વિમાનો બોમ્બ નાખવા આવતા હતા.

"ચાલ, ગામની બહાર નાસી જઈએ." શેંગે કહ્યું. અને મે લીનો હાથ પકડી તેને ખેંચતો બજારમાં દોડવા લાગ્યો. ચારેબાજુ લોકો નાસભાગ કરતાં હતાં. ગામને છેડે તેઓ પહોંચ્યાં ત્યાં દરવાજા બંધ થઈ ગયા હતા. મોટી દીવાલની ઓથે સહુ ભરાયાં. વિમાનો ઉપર આવ્યાં ચારે બાજુ બોમ્બ વરસવા લાગ્યા.

એ ધડાકા વચ્ચે શેંગ જોઈ રહ્યો, ' આકાશમાંથી આ મોત વરસે છે. એનો ઇલાજ શો? ચીન પાસે વિમાન નથી. તેમાં નિરાંતે જાપાનીઓ બોમ્બ નાખી ચાલ્યા જાય છે. અમેરિકાથી વિમાનો કેમ નથી આવતાં?"

જાપાનીઓ ગયા અને શેંગ તથા મે લી દીવાલ પાસેથી બહાર નીકળ્યા.' મકાનો તૂટ્યાં હતાં. ક્યાંક ક્યાંક આગ લાગી હતી.

ઈંટ-પથ્થરના એક ઢગલા આગળ એક આદમી ફાંફાં મારતો હતો, "મારાં ઘરનાં બધાંય આમાં દટાઈ ગયાં છે."

શેંગ પથ્થરો ખસેડવા લાગ્યો. "પેલી લાલ બંડી દેખાય છે તે મારા દીકરાની," પેલા આદમીએ કહ્યું.

શેંગે આઠ વરસના બાળકને પથ્થર નીચેથી ખેંચી કાઢ્યો. તે મૃત્યુ પામ્યો હતો. પોતાની બંદૂક એ આદમીને હાથમાં આપીને શેંગે કહ્યું, "લે આ બંદૂક ને ચાલ મારી સાથે આનું વેર લેજે."

શેંગ અને તે ચાલ્યા. મે લીએ રીક્ષા ભાડે કરી અને મૃતબાળકને તે ગામ બહાર ખેતરમાં દાટી આવી

તે રાત્રે મે લીને નિદ્રા ન આવી. તેને થયું "મારી જિંદગીનો મારે કંઈ ઉપયોગ કરવો જોઈએ."

બીજે દિવસે એ સેનાપતિને મળી. સેનાપતિએ વિમાન મોકલ્યું. અને તેમાં બેસીને મે લી ચીનના સરદાર પાસે ગઈ.

ચાંગ-કાઈ-શેક દૂર નાના મકાનમાં રહેતા હતા. મેડમ ચાંગ-કાઈ-શેકે મે લીની વાત સાંભળી. "નર્સોની ટુકડી બર્માને મોરચે જાય છે. હું તને તેની સરદારની મુકું છું," મેડમે કહ્યું.

ડૉ. ચુંગ મે લીનો સાથી હતો. તેમણે દવાઓ સાધનો, ખૂટ, કપડાંની પેટીઓ ભરી, અને ખટારામાં તેઓ બ્રહ્મદેશને રસ્તે રવાના થયા. સાથે ભાતભાતના સ્વભાવવાળી સ્ત્રીઓ હતી. તેમાંથી ખુશમિજાજી અને હેતાળ પાન્સિઓ મે લીને ગમી ગઈ. ભોળી પાન્સિઓ. એક દિવસ તેણે મે લીને વાત કરી, "હું ચાલીંને ચાહું છું."

રસ્તામાં મોટા ખાડા અને પથ્થર આવતા હતા. ધડધડ ટ કરતો ખટારા ચાલતો હતો. મે લીએ કહ્યું, "જરા ધીમે હાંકો તો?" ડ્રાઈવરે એક ગાળ કાઢી અને કહ્યું, "ધીમે? અરે આ ખટારાને તમે ઓળખતા નથી. સાલો, પક્કો બદમાસ છે. જરા ધીમો પાડો એટલે એ તો ઊભો જ રહે. ગોરાઓની બનાવટ ને! બપોર પછી તો ચાલે જ નહિ. બપોર પછી ગોરાઓને કદી કામ કરતા જોયા છે?"

બીજો ડ્રાઇવર હતો ચાલીં, મૂંગો, સ્વસ્થ અને શાંત–પાન્સિઓને તે ગમી ગયો હતો.

રાત્રે એક ધર્મશાળામા રહ્યાં. બીજે દિવસે મે લીએ પોતાના લાંબા વાળ કાતરી નાખ્યા. "નકામો ભાર. હું જાઉં છું ત્યાં એનું શું કામ છે?" હવે તેને રૂપની, શોભાની જરૂર ન હતી.

રસ્તામાં એક ગામ આવ્યું. ત્યા કાતરો સારી મળતી. સહુ સ્ત્રીઓએ કાતરો ખરીદી. કારીગર હતો વૃદ્ધ લુહાર. તે કહે, "પહેલાં તો આવુ લોખંડ મળતું નહિ. પણ હવે તો અમેરિકન લોખંડ મળે છે. પહાડ ઉપર વળાંક છે. ત્યાથી ખટારા નીચે પડી જાય છે. અમે તેમાંથી લોખંડ કાઢી કાતરો બનાવીએ છીએ."

પછી ખટારા પહાડ પર ચઢવા લાગ્યા. મે લી વિચારમાં પડી, "પોતાનો ખટારો પડે તો!" આકાઅવળા વળાંક લેતી સોરીઓ છેક શિખરે પહોંચી. સ્ત્રીઓને ફેર ચડ્યા. કોઈને ઊલટી થવા લાગી. સાંકડો પૂલ આવ્યો. ત્યા ઉપરથી જાપાની વિમાનો આવ્યાં. બોમ્બ પડવા લાગ્યા. પહાડો ધમધમી ઊઠ્યા. ડ્રાઇવરે આંખો મીંચીને ખટારો હંકારી મૂક્યો. મે લીની નજર સામે ગિરિશિખરો સમુદ્રના લોઢની પેઠે ઊંચાનીચા થવા લાગ્યા. આકાશમાં રૂપેરી વાદળો નીચે ભૂરી ખીણમાં નાનાં ગામો ચારે બાજુ પહાડોનાં શિખરો ત્યાં અમેરિકન વિમાનો આવ્યા. મશીનગનનો તડતડાટ શરૂ થયો. એક પછી એક જાપાની વિમાનો તૂટીને ખીણમાં પડવા લાગ્યાં. બીજા જાપાની વિમાનો પાછાં જતાં રહ્યાં. એક અમેરિકન વિમાની મે લીના ખટારા પર ચક્કર લગાવી નજીક આવ્યો અને હસીને તેણે હાથ હલાવ્યો. સહુ ચીની સ્ત્રીઓએ સામે ચીનનો જયનાદ પોકાર્યો.

અને ભય જતો રહ્યો એટલે બર્મા રોડની ભવ્ય કુદરત મે લી જોવા લાગી. ગિરિમાળાઓ, વનો અને નદીઓ વટાવીને જતો એ માર્ગ. ચીનની પ્રજાએ તે પોતાને હાથે બાંધ્યો છે. હજારો ગાઉથી લોખંડના ગર્ડર તેઓ ઘસડીને લાવ્યા છે અને પૂલો ઊભા કર્યા છે.

જાપાન આગળ વધતું ગયું ત્યારે ચીનને માટે એક પછી એક બંદરો બંધ થયા. આ એક જ બ્રહ્મદેશનો માર્ગ ખુલ્લો છે, દુનિયામાંથી કોઈ દેશ મદદ મોકલે તો આ એક જ રસ્તે તે આવે તેમ છે.

અને ચીનને મદદની કેટલી જરૂર છે? ગોરાં સૈન્યો જેમની પાસે ટપોટપ શરણે થતાં આવે છે એવાં જાપાની દળો સામે ચીને ચાર–ચાર વર્ષથી ટક્કર-ઝીલી છે. ચીનની પાસે ખોરાક નથી, કપડાં નથી, દવા નથી; પણ એના વગર તો ચીન ચલાવે, પણ ચીન પાસે હથિયાર નથી. તોપ નથી, સૈનિકોના હાથમાં બંદૂક નથી; ટેંક નથી, વિમાનો નથી. આકાશમાંથી જાપાની વિમાનો બોમ્બ વરસાવે છે ત્યારે ચીનની પ્રજા હોઠ પીસીને જોઈ રહે છે.

અને તેના લશ્કરોને માટે ખટારા નથી. "જ્યારે પીછેહઠ કરતાં અમેરિકન સૈન્યો," ભારે કડવાશથી ચાલીં વાત કરે છે, "હા, અમેરિકન સૈન્યો અને અંગ્રેજો ટેંકો, તોપો અને ખટારાનો નાશ કરે છે, ગેસોલીન રેડીને, ગેસોલીન જે રૂપા કરતાં પણ મોંઘું છે."

એક સ્ત્રી બાળકને તેડીને બેઠી છે. "તમે કોણ છો?" મે લીએ પૂછ્યું.

"અમે આ મારગ બાંધનારા." સ્ત્રી જવાબ આપે છે, "અમારા હાથે અમે આ મારગ બાંધ્યો છે. ભલેને દુશ્મન બૉમ્બ નાખી ખાડા પાડે. સાંજે તો પાછા અમે ખાડા સમા કરી દઈશું."

મે લી જોઈ રહે છે. આ બર્મારોડના બાંધનાર તેમના હાથમાં કોદાળી ન હતી, ત્રિકમ ન હતા, પોતાને હાથે પથ્થર વાટી વાટીને, કરાડો ખોદી ખોદીને ચીની પ્રજાએ માર્ગ તૈયાર કર્યો છે. બાળકોને ઝાડની ઓથે મૂકી સ્ત્રીઓ પથ્થર ખાંડે છે. એ પથ્થરથી રસ્તા પરનાં ગાબડાં પૂરે છે. કારણ, કે ચાંગકાઈશેકનો આદેશ છે, "બ્રહ્મદેશનો માર્ગ ખુલ્લો રહેવો જ જોઈએ."

શેંગ પણ પોતાની ટુકડી સાથે કૂચ કરતો બ્રહ્મદેશની સરહદ પર પહોંચ્યો. તેને ખબર ન હતી કે મે લી છાવણીમાં સાથે જ છે.

ત્યાં તેમની તકલીફ શરૂ થઈ. અંગ્રેજો પાછા હઠતા હતા. રંગૂન ભયમાં હતું. અમેરિકન સેનાપતિનો હુકમ ચાલતો હતો. ચીની સૈનિકોને થોભી રહેવું પડ્યું, અજાણી ધરતી, અજાણી ભાષા. "અંગ્રેજોને મદદ કરવા આવ્યા છો? તો તો તમારો જાન લઈશું." એમ બર્મી લોકો ધમકી આપતા.

"પણ શું કામ?" શેંગ પૂછતો.

"અંગ્રેજો અમને ગુલામ રાખવા માગે છે. તેને મદદ કરવા આવે તે સહુ અમારા દુશ્મન છે."

તે રીતે કૅમ્પફાયરમા મે લીએ અંગ્રેજી ગીત ગાયું. "તારી આંખો માંડીને મારી સામે જોઈ રહે, દિલબર! મારે બીજા કોઈ શરાબની જરૂર નથી." શેંગ ચમક્યો. મે લીનો અવાજ. પણ, અંધારામાં તેણે ટૂંકા વાળવાળી મે લીને ઓળખી નહિ. પોતે બહુ દૂર બેઠો હતો. "એ અહીં ક્યાંથી હોય!" કહીને એ બેઠો હતો ત્યાં જ સૂઈ ગયો.

બીજે દિવસે એકાએક હુકમ મળ્યો. નદી પાસે ગોરી સેના ઘેરાઈ ગઈ હતી. જાપાનીઓ જો પૂલ તોડી નાખે તો બધા ગોરાઓ કપાઈ જાય. ચીની ફોજ તેમને મદદ કરવા ઊપડી.

અંગ્રેજો વેરવિખેર નાસતા હતા. મોટા તોતિંગ યંત્રોનો ભાર તેમની સાથે હતો. જાપાનીઓ ડગલે ને પગલે તેમની કતલ કરતા હતા. મે લી તેની ટુકડી લઈને આવી અને ઘાયલ થયેલાની સારવાર કરવા લાગી. કોઈને પગ નથી, કોઈને હાથ નથી, કોઈની છાતી ચીરાઈ ગઈ છે. "પાણી! પાણી!" સહુ પોકાર કરે છે. મે લી આમતેમ દોડવા લાગી.

ડૉક્ટર ચુંગ કહે, "એમ બધાની સારવાર ન કરાય. જે જીવે તેમ હોય તેની દવા કરો. બાકીનાને મરવા દો. દવા વધારે નથી. બધાયને નહિ પહોંચાય." ત્યારે મે લીને ખબર પડી કે યુદ્ધ કેવી ભયાનક વસ્તુ છે. હાથપગ તૂટેલા, અર્ધ માથાં ઊડી ગયેલાં, કાળો પોકાર પાડતા ઘાયલ સૈનિકો—મે લી એમને કેમ પહોંચી વળે? હજી એ પ્રથમ અનુભવ હતો. મે લીનું હૃદય રીઢું નહોતું થઈ ગયું. તેની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. અને તે સર્વેને તે મદદ કરવા લાગી. તે અંગ્રેજીમાં બોલતી. એ સાંભળી ઘાયલ પરદેશીઓની આંખ ચમકતી. મે લીને પારાવાર થાક લાગ્યો.

એક વીસેક વર્ષનો યુવાન છેલ્લાં ડચકાં લેતો હતો, મે લીએ તેને પાણી પાયું. તેની અંગ્રેજી બોલી સાંભળી એ સૈનિક રાજી રાજી થઈ ગયો. "અરે, કેટલા વરસે સ્ત્રીના મુખમાંથી હું મારી ભાષા સાંભળું છું; એક ગીત સંભળાવ તો, બહેન!"

અને મે લીએ તે રાત વાળું ગીત ગાયું, "તારી આંખો માંડીને મારી સામે જોઈ રહે, દિલબર! મારે બીજા કોઈ શરાબની જરૂર નથી." સૈનિકની આંખમાંથી આંસુની ધારા ચાલી. "અહો! અંગ્રેજી ગીત ક્યાંથી તું એ..." અને તેના પ્રાણ જતા રહ્યા.

એકાએક શેંગ તેની પાસે આવ્યો. તેને બે બાહુમાં જકડી લીધી. "ત્યારે રાતે ગીત ગાનારી એ તું જ હતી!" તેણે કહ્યું. મે લીએ જોયું તો શેંગનો ડાબો હાથ સૂજી ગયો હતો. "શું થયું છે?" તેણે પૂછ્યું.

"બર્મીએ તીરથી વીંધી મારી. આખી જ સૂજી ગઈ હતી." તેને મે લીએ પાટો બાંધ્યો. "... ખબર છે, પાન્સિઓ સાથે છે. હજી કાલે જ વાત કરી કે તે તમારી બહેન થાય."

સોમચંદભાઇ

તેજ ભરેલી જ્યોત બુઝાઈ,
તાર વીણાના તૂટ્યા,

ટહુકે ગાતા મોરલીઆના
કંઠ વસંતે ખૂટ્યા!

આ જે કવિઓનાં કેવાં
રસમય ખેતર ભેળાણાં!

યુગગાયકને

નરેન્દ્રપ્રસાદ

સૌરાષ્ટ્રીના ઉપવન થકી, મોરલો એક આવ્યો,
કુંજે ગુંજે ગુર્જર તણી, ચેતના–ગીત ગાતો;
મંજુવાણી વીરરસ ભરી, મુક્તિની પ્રેરણાર્થે,
ઉચ્ચારંતાં નગર નગરે, ઘૂમતો ગામ ગામે.

એણે ગાયાં સુયશગીતડાં, રાષ્ટ્ર સૌરાષ્ટ્ર કેરાં,
છેડી વીણા જનહૃદયની, રાષ્ટ્રના ઘુમ્મટેથી;
પ્રાચી-ચિત્રો રસભરી કરી, ગુર્જરીમાં ઉતાર્યાં,
માતૃભૂની યુગયુગ તણી, સંસ્કૃતિ ઓળખાવી.

સમર્પી આત્મથી, યુગ-ઉણપને પૂર્ણ કરવા
પ્રતિષ્ઠા જેની છે, અમર યુગ-સાહિત્ય ભવને;
રહો સેવ્ય સ્થાને મનુજ ગણનો સેવક મહા,
શુભાશીર્વાદોથી અમજીવનને ધન્ય કરવા.

ક્રન્દના

'શશિન્' ઓઝા

સોરઠી સંસ્કૃતિ કેરે હૈયેથી ક્રન્દના વહી,
પહાડના બાળની વાંસે ધરિત્રીએ રડી રહી!

અંબાશંકર ના. પંડ્યા

અતિ ગંભીર ગર્જન કાવ્યતણું
રસમર્મ સમેત સદૈવ કર્યું

ઉંડા હૈયામાંથી રસ મિષ્ટ દઈ
રસપાત્ર અપૂર્ણ–અપૂર્ણ ભર્યું

હતી અંતરઆશ વિશેષ હજી
શુભ સેવ થવા ગીરાગુર્જરીની

પણ નો'તી અરે ખબર્યું અમને
અણચિંતવી એ કાળ–ખંજરીની!

અજી તો ય ગઈ, વિધિને ગમ્યું શું?
-કવિ રત્નનું શું એને કામ પડયું?

સમજાય નહિ વિધિ ભેદ કશા પણ,
સ્વર્ગને સોનું–સુગંધ જડયું!

અહીં ખોટમાં ખોટ આ ખોટા સમે,
અમને અતિ–આતશ રૂપ થઈ!

રસ સાગરથી રસ ઉડી જતાં,
ક્ષારની ભુરી પોપડી માત્ર રહી!

હતું શ્રેષ્ઠ 'ઝવેર' કદી પરખ્યું—
વણપારખ્યું તો ય પ્રકાશ ભર્યો

જગતું કુડું જોઈ કુટિલપણું—
સુરધામ શું જૈ વસવાટ કર્યો?

ચેતગર્જન શાં તુજ ગાન તણાં,
રસધારનાં ગૂંજન છે અધૂરાં,

પડ જોઈ ધરા પરનાં અહીંનાં,
કરવાં'તાં હજી કથનો મધુરાં,

પણ સાને વિસરી જઇને,
કવિરાજ ગયા જગ આજ ત્યજી!

સૂની સૃષ્ટિ પડી તુજ ચાહકની,
પણ સત્વર તેં ચીરશાંતિ સજી!

મેઘાણીભાઈ—નટ અને નાટકકાર

કપિલ ઠક્કર

૧૯૨૮ની સાલની આ સ્મૃતિ છે. ૧૯૧૬માં ભાઈ અને હું સાથે બી. એ. પાસ થયા. અને એ અરસામાં ભાઈ થીયોસૉફિના સંસર્ગમાં આવ્યા હતા.

ડૉ. એની બેસન્ટની યોજના મુજબ ૧૯૧૮ની સાલમાં સમગ્ર હિન્દમાં એપ્રિલ ૬થી ૧૩ સુધીનું અઠવાડિયું 'રાષ્ટ્રીય કેળવણી સપ્તાહ' તરીકે ઉજવાયું હતું. એ સપ્તાહમાં ભાવનગરના એમેચ્યોરોએ એક નાટ્યપ્રયોગોનો કાર્યક્રમ યોજેલો. એનું નામ હતું 'ચિત્રવિચિત્ર' જુદી જુદી નાટિકાઓનો એ પ્રયોગ હતો. હજુ અમે એ કામ સુધી એક સળંગ નાટક ભજવવાનો પ્રયોગ ભાવનગરમાં શરૂ કર્યો નહોતો.

એ 'ચિત્રવિચિત્ર'માં એમણે બે ભૂમિકાઓ ભજવેલી, કવિ ન્હાનાલાલના 'જયાજયન્ત'માંથી 'જયન્ત'ના આશ્રયવાળા દેખાવથી માંડીને, પછીના પ્રવેશના 'કોણ જનમનો જોગી જયન્ત?' ત્યાં સુધીના પ્રવેશો ભજવવાના હતા. સરિતામાં તણાતી જયાને 'આશ્રમવાસીઓ યોગગુફામાં મૃગચર્મ' ઓઢાડી સુવાડે છે અને જયન્ત એ શબવત શરીર પાસે ઊભો રહી

'એક જ્વાલ જલે તુજ નૈનનમાં
રસ જ્યોત નિહાળી નમું હું નમું'

એ કવિનું અજોડ ગીત ગાય છે, એ આ પ્રવેશની પરાકાષ્ઠા છે: Shellyના Prometheus Unboundમાંનું' Life of life! Thy lips enkindle with their breath, the air between them" એ Shellyનું એક અનુપમ Lyric મનાય છે, એવું 'કવિ ન્હાનાલાલનું 'એક જ્વાલ જલે' એ ગીત જયાજયન્તમાં છે. પણ એ ગીતની ભવ્યતાને અનુકૂળ અને તેના ગૌરવને ગજાવનારો રાગ, મને લાગે છે કે મેઘાણીભાઈએ આપ્યો. કવિ પોતે એ રાગમાં એ ગીત નહોતા ગાતા. લલિતજી મંજીરા સાથે એ ગીત ગાતા. પણ તોટકછંદને અમુક લયમાં બેસારીને. મેઘાણીભાઈ એ કઈ રીતે ગાતા એ તો આ લેખમાં બતાવી ન શકાય. પણ જયાના શબવત શરીરના પગ પાસે ઘૂંટણીએ પડી એ ગીત ત્યારે એમણે ગાયું ત્યારે, અને એ આખા પ્રયોગ દરમ્યાન, વિજયરંગ થિયેટરમાં ખીચોખીચ ભરાયેલા તમાશબીનોમાંથી જેમને 'જયા–જયન્ત'નો પરિચય હતો, એમને એક વાત હકીકતરૂપે સમજાઈ કે કવિ ન્હાનાલાલનો કલ્પેલો જયન્ત મૂર્તસ્વરૂપમાં કોઈ વ્યક્તિમાં દેખી શકાય, અને ન્હાનાલાલની ભાવનાને જીવી બતાવે એવી કોઈ વ્યક્તિ સંભવે, તો એ આ મેઘાણી જ હોઈ શકે. મેઘાણીભાઈ પણ એ કાળે આજીવન બ્રહ્મચારી રહેવાની ભાવના સેવતા હતા.

એ 'ચિત્રવિચિત્ર'માં એમણે બીજી પણ એક ભૂમિકા ભજવી હતી. જયન્તથી તદ્દન જુદા અને વિરુદ્ધ પ્રકારની. અમૃત કેશવ નાયકની પ્રખ્યાત નવલકથા "એમ. એ. બનાકે ક્યોં મેરી મિટ્ટી ખરાબ કી?" માં 'મહાત્મા' તુલારામ પટવારીનું એક પાત્ર આવે છે. ધાર્મિકતાનો દંભ રાખનાર, ગુર્જરીઓનો અખાડો જમાવનાર, વિજયા ઘૂંટીઘૂંટીને પીનાર અને પાનાર તુલારામ પટવારીના અખાડામાં મહેમાન બની માણેકચંદ એમ. એ. આવી આશરો લે છે અને નાતની મહાજનમંડળી સામે પોતાનો બચાવ કરવા માટે એને વિનવે છે, એ પ્રસંગો અમે નાટકરૂપે ભજવવા તૈયાર કરેલા. એ ભૂમિકા પણ મેઘાણીભાઈએ અજબ આકર્ષક રીતે ભજવી હતી, અને રિહર્સલોમાં જે નહિ કરી બતાવેલું એ નાટક ભજવતી વખતે ભજવી બતાવેલું. ગાંજાની ચલમો ચેલાઓના હાથમાંથી લઈ ફૂંકતા, અને ભાંગની પ્યાલીઓ ગટગટાવતા. તુલારામ પટવારીની સિદ્ધ કવિતાઓ અર્ધમીંચેલી, નશો કરેલી આંખો સાથે લલકારતા, "આવો માણેકચંદ! કહો શરીરે તો સુખી!" અને

"અરે શું વિચારી તું હિન્દુ થયો છે!

ભણ્યો અંગરેજી જ ફાટી ગયો છે." અને

'ધન યૌવન ગયું' એ કવિતા જેવી કહી બેટા

માણેકા!" અને

"જખ મારે છે બધા, યાર, તું આવ્યો મને,
પારસ છે પારસણું, મજા કર, બેઠું ખાને"

એ બધુ પાત્રની ભૂમિકા બરાબર સમજી, ભજવતા મેઘાણીભાઈ આજે પણ નજર આગળ તરે છે.

એ ચિતવિચિત્રમાં મારે હેમ્લેટનો પાર્ટ ભજવવાનો હતો કુમાર હેમ્લેટ એના પિતાના ભૂતને મળવા પોતાના બે મિત્રો સાથે જાય છે, અને મધરાતે રાજા હેમ્લેટનું ભૂત કિલ્લાની બહાર પ્લેટ-ફોર્મ પર તેને દેખાય છે એ પ્રસગ હતો રાજા હેમ્લેટના Ghostનો ભાગ અમારા સ્વ મિત્ર અને કુશળ કલાકાર ભાઈ સત્યવ્રતરાય મહેતાએ ભજવેલો. પણ શેક્સપીયરના મૂળ નાટકમા ભૂત દૂરથી ચાલતુ આવતુ દેખાય છે તેમાં મેઘાણી ભાઈએ એક સુધારો સૂચવેલો. સ્ટેજ પર એક સફેદ આરસની દેખાય એવી કબર ઊભી કરાવી એની ઉપર પુષ્પો, અગરબત્તી અને લોબાનનો ધૂપ મુકાવ્યા, અને એ કબરમાંથી ભૂત ઊઠતુ હોય એવુ દશ્ય તૈયાર કરાવ્યુ. એમના લેખોમાં લીલુ કપડુ ઓઢાડેલી પીરની કબરનું વર્ણન વારંવાર આવે છે પ્રેક્ષકો પર આ દેખાવે ઊંડી અને નવા પ્રકારની અસર પેદા કરી હતી.

એ પછીના એમના વરસો કલકત્તાના નિવાસના હતા જે દરમ્યાન ત્રણ ચાર માસનો એક ઇંગ્લંડનો પ્રવાસ થયેલો ઇંગ્લંડમા તેમણે લંડન અને કેમ્બ્રીજ સિવાય બીજા કોઇ સ્થળોની મુલાકાત લીધી નહોતી. કલકત્તાના એમના જીવનલાલ કંપનીની નોકરીના દિવસો દરમ્યાન બંગાળી ભાષાનો અભ્યાસ એમણે દુકાનો પરના પાટિયા વાચવા માડીને શરૂ કર્યો બંગાળી સ્ટેજ જોયું હિન્દુસ્તાનની રંગભૂમિમા બંગાલ શી રીતે પ્રથમ દરજ્જો ભોગવે છે એ અંગત પરિચયમાથી સમજ્યા અને દ્વિજેન્દ્રનાથ રોયના નાટકો બંગાલના તખ્તા પર ભજવાતા જોયા.

કાઠિયાવાડમા આવી, રાણપુરમા સ્થિર બની બંગાળી ભાષાના જે અનુવાદો એમણે ગુજરાતને આપ્યા એમા રોયના બે પ્રખ્યાત નાટકો છે,—રાણા પ્રતાપ, અને શાહજહાન.

બંગાળની રંગભૂમિ અને આપણી વચ્ચે શુ તફાવત છે. અને બંગાલનો તખ્તો હિન્દભરમા સર્વોત્તમ કેમ મનાય છે એ વિગતોનો એમણે બારીક નિરીક્ષણ કરી એ વસ્તુઓ આપણને સમજાવી હતી. આ બારીકીઓની રસભર ચર્ચા તેઓ બહુ ઉમંગથી કરતા. ભાવનગરમાં અમને એમની પાસેથી આ વાતો સાંભળવાનો લાભ ઘણી વખત મળતો.

ભાવનગર સાહિત્યસભા તરફથી શ્રી નટવરલાલ સુરતી સાહેબને પ્રમુખપદે મેઘાણીભાઈના અવસાન નિમિત્તે મળેલી શોકસભામાં એમને અંજલિ આપતા સામળદાસ કોલેજના પ્રિન્સિપલ પૂ શાહાણી સાહેબે કહેલું કે "મેઘાણી મારા શિષ્ય હતા એમ એક રીતે મારા ગુરુ પણ હતા એમનો 'રાણાપ્રતાપ' એમણે મને બહુ રસથી સમજાવ્યો ગુજરાતી ભાષાનું મારું જ્ઞાન એવુ નથી કે એમાથી હુ સીધો સિંધી ભાષામા તરજુમો કરી શકું. એટલે શ્રી રામુભાઈ ઠક્કરને હું હમેશાં રાત્રે એકાદ કલાક મારી પાસે બેસારતો. એમને ગુજરાતીનું અંગ્રેજી કરી સમજાવતા એ અંગ્રેજીનું મે સિન્ધી કર્યું. આજે 'રાણાપ્રતાપ' સિન્ધમા ભજવાય છે અને શાળાઓમાં પાઠ્યપુસ્તક તરીકે ચાલે છે."

૧૯૨૬ કે '૨૭ના અરસામા ભાવનગરમાં એક થીયોસૉફિકલ ઉત્સવ હતો. એ પ્રસગે ડૉ. એની બેસન્ટનું એક નાનકડું જીવનચરિત્ર તૈયાર કરી પ્રકટ કરવાનુ હતું અને એક નાટિકા તૈયાર કરવાની હતી અને એક નાટિકા તૈયાર કરીને ભજવવાની હતી. આ બે કામ અમો બે જણાને માથે હતાં

મે એમને કહ્યુ "જીવનચરિત્ર તમે ઉતારો નાટક હુ લખીશ નાટક એ આખરે સ્થાનિક વસ્તુ છે જીવનકથા એ હમેશને માટેનું ઉપયોગી સાહિત્ય છે." પરિણામે એમણે ડૉ બેસન્ટનુ એક નાનકડુ સુંદર જીવન તૈયાર કર્યું, અને મે 'આનંદમઠ' નામની નાટિકા તૈયાર કરી. આનંદમઠ નેબંકિમચંદ્રની કથા સાથે કશો સંબધ નહોતો. એની સંકલના સર્વાંગે થીયોસોફિકલ હતી એમા એમણે એક પાર્ટ ભજવવાનું સ્વીકાર્યું હતું અને એમનુ પાત્ર હતું દ્વિજેન્દ્રનું પાત્ર ઇંગ્લંડના પ્રખ્યાત લોકનેતા, ડૉ બેસન્ટના

ભૂતપૂર્વ અંગતમિત્ર અને પ્રખર નાસ્તિકવાદી ચાર્લ્સ બ્રાડલો પરથી ઉતારવામાં આવ્યું હતું. એ ભૂમિકા એમની એ સમયની આધ્યાત્મિક સ્થિતિને બરાબર અનુકૂળ હતી, અને એ ભાગ એમણે સુંદર રીતે ભજવ્યો હતો.

આખું નાટક તૈયાર કરી મેં એમને વંચાવ્યું હતું અને ફેરફારો માટે સૂચનાઓ માગી હતી.

"આ સીનમાં સંવાદ બહુ સરસ છે. પણ Actionની ખામી છે. Action વગર આ સીન અસરકારક નહિ નિવડે. અને એની ખૂબીઓ મારી જશે. એમાં બને એટલું Action મૂકો."

Action શું કહેવાય અને એની ખામી કેમ દૂર થાય એનો મને સ્પષ્ટ ખ્યાલ એ વખતે નહોતો. આજે છે એમ પણ નથી કહેતો. પણ મને એ માટે યોગ્ય સૂચનાઓ આપી નાટકને બરાબર દીપાવ્યું.

બીજે એક સ્થળે એમણે જણાવ્યું. "આ પાત્ર નાટકનો *Anti-hero* છે. એ ખામી છે, Sinner છે. પણ નાટકની આખરી દશામાં આપણે એને એમ ને એમ ન છોડી દઇ શકાયે. એ થીયોસોફિનો સિદ્ધાંત ન કહેવાય. એના એ આત્માના ઉદ્ધારની ઘડી આવે, એટલે એ પ્રકારનો સુધારો અને ઉમેરો આ સ્થળે કરો." આ એક બહુ મૌલિક સૂચના હતી. આથી આખા નાટકનો અંત અસરકારક રીતે ફરી ગયો. આખું નાટક બહુ સફળતાપૂર્વક ભજવાયું હતું. 'ફૂલછાબ'ના શરૂઆતના વરસોમાં એ આખું નાટક એમાં પ્રકટ થયેલું.

એ અરસામાં એમણે ભાવનગર મહિલાવિદ્યાલયના એક નાટ્યપ્રયોગ માટે 'બલિદાન' નામની એક નાટિકા લખી આપેલી, અને એ નાટિકા દાર્બરફલતા હોલમાં એ સંસ્થા તરફથી સફળતાપૂર્વક ભજવાયેલી. એ એક વાસ્તવવાદી નાટિકા પ્રયોગ હતો. સ્વતંત્ર નાટક લખવાનો એમનો એ પ્રથમ પ્રયોગ હતો. એ પછી એમને એ માટે અવકાશ મળ્યો નહોતો. એ નાટિકા એ પછી પ્રકટ થયેલી છે.

૧૯૨૭ના અરસામાં ભાવનગરમાં 'લલિત કળા સમાજ'ની સ્થાપના થઈ. એ સમયે તેઓ રાણપુર–ભાવનગર વચ્ચે રહેતા હતા. લલિતકળાસમાજના આદર્શો ઊંચા હતા, અને ઉચ્ચ પ્રકારના નાટકો સંપૂર્ણ કળામય રીતે એમેચ્યુઅરો તરીકે ભજવી બતાવવાની અમારી ભાવના હતી. પ્રથમ—અને પછી તો એકતા-પ્રયોગ તરીકે "શાહજહાન" ભજવવાનું અમે ઠરાવ્યું.

'શાહજહાન' બંગાલી સ્ટેજ પર ભજવાતું એમણે જોયેલું અને બેએક વરસ પૂર્વે એનો અનુવાદ ગુજરાતીમાં એમણે ઉતારેલો. એટલે સંપૂર્ણ રીતે એમની રાહબરી નીચે જ આ નાટક ભજવવાનું હતું.

મોગલ પાદશાહનો જમાનો તખ્તા પર બતાવીએ એટલે મોગલ ઝમાનાને બંધબેસતી જ બધી વસ્તુઓ નાટકમાં બતાવવી જોઇએ, અને એ જમાનામાં ન સંભવી શકે એવી એક પણ વસ્તુ ન જોઈએ. માથાના તાજ કે પાઘડી, જામા, સુરવાળ અને મોજડી સુદ્ધાંત મોગલકાળની જોઈયે. ભૂલેચૂકે પણ કોઈ એક્ટરના પગમાં બૂટની જોડી ન આવી જાય કે હાથ પર કાંડા ઘડિયાળ ન રહી જાય એની અમારે પૂરેપૂરી તકેદારી રાખવાની હતી. તરવાર આવે તો વાંકી અને ચામડાના કે રેશમી મિયાનવાળી. ભાવનગરના લાન્સર્સમાંથી માગી લાવેલી સીધી અને લોઢાના મિયાનવાળી નહિ. ઢાલ લાવીયે તો ગેંડાની, લોખંડની નહિ. મોગલશાહજાદાઓની પાઘડીઓ જૂના ચિત્રો જોઈને એ પરથી તૈયાર કરાવવાની. આ બધું તદ્દન સહેલું નહોતું. પણ લલિતકળાસમાજની ભાવના આ આદર્શને અનુકૂળ હતી. અને એનો અમલ કરવા માટે જે જહેમત કે ખર્ચ ઉઠાવવાના હોય એ બધા માટે અમારી તૈયારી હતી, અને ઘણી વસ્તુઓ અમે માગી મેળવી હતી. આખરે દારા, શુજા, ઔરંગઝેબ અને મુરાદને શોભે એવા જામા અને પાઘડીઓ. નાટકની આગલી રાત્રે, ઠીક પ્રમાણમાં પૈસા ખર્ચી આખી રાત દરજીઓને બેસાડી અમે વખતસર તૈયાર કરાવી લીધા.

શાહજહાનનો પાટ મારે ભજવવાનો હતો.

મેઘાણીભાઈએ દારાનો પાર્ટ ભજવવાનું સ્વીકાર્યું હતું. નટોનો મોટો ભાગ શિક્ષકો અને કૉલેજના વિદ્યાર્થીઓનો હતો. કોને કોને કયો પાર્ટ આપવામાં આવ્યો છે એ બધુંએ બરાબર તપાસી ગયા.

એક પાત્ર જોધપુરના કિલ્લાના કિલ્લેદારનું હતું. આખા નાટકમાં એને એક જ પ્રવેશમાં આવવાનું હતું. અને ફક્ત એક લીટી બોલવાની હતી—"માતાજી! મહારાણાજી પધાર્યાં છે." એક નાનકડા વિદ્યાર્થીને એકાદ નાનો પાર્ટ ભજવવાની હોંશ હતી. અમે એ પાર્ટ એને આપ્યો હતો. મેઘાણીભાઈએ, કયા કયા પાત્રોને કયા કયા પાર્ટ આપવામાં આવ્યા છે એની એક વખત તપાસ કરી. કિલ્લેદારનું નામ આવતાં આ વિદ્યાર્થીને બતાવવામાં આવ્યો.

"આને તમે કિલ્લેદાર બનાવ્યો છે?" એમણે પૂછ્યું.

"હા. એક જ લીટી બોલવાની છે. એ કામ સરસ કરશે" અમે જણાવ્યું.

એમણે કહ્યું, "પણ તમે સમજો છો? આ જોધપુરના કિલ્લાનો કિલ્લેદાર છે. જોધપુરના મહારાણા જ્યારે યુદ્ધે સીધાવે ત્યારે આના હાથમાં કિલ્લાની કુંચી સોંપાય. મહારાણાનું અંતઃપુર, રિયાસત. એ બધાનો વફાદાર અને સશક્ત ચોકીદાર છે. એ પાર્ટ ભજવવા માટે કોઈ પહાડી શરીરનો, કદાવર, ભવ્ય આદમી શોભે, એવો કોઈ શોધી કાઢો." પરિણામે પહેલવાન જેવા શરીરના પડછંદ કાય, ભાઈ ધનવન્તરાય સામળદાસ દેસાઈને એ કામ સોંપાયું.

નાટકને દિવસે પડદો ઊપડવા પહેલાં અરધા કલાકે સૌ પાત્રોએ પોતાના પોશાકોમાં સજ્જ થવાનું હતું. હું નાટકશાળાએ પહોંચ્યો ત્યારે સૌ પાત્રો તૈયાર હતા. એક ભાઈએ કહ્યું "મેઘાણીભાઈ રિસાયા છે, અને તૈયાર થવાની ના કહે છે."

મેં ભાઈને પૂછ્યું "કેમ ભાઈ! શું વિલંબ છે? તૈયાર થશું ને? આપણે તો પડદો ઊઘડતાં જ દેખાવાનું છે."

એમણે કહ્યું, "આ જુવો મારે માટે રાખવામાં આવેલું સુરવાલ; શાહજહાનનો શાહજાદો દારા આ સુરવાળ પહેરવાનો છે?"

તમારા કરતાં એમને ગમે તેવી એક પણ સુરવાળ કાજલ નહોતી.

"અને મારે યોગ્ય સુરવાળ નહિ મળે ત્યાં સુધી હું તૈયાર નહિ થાઉં. ભલે નાટક મોડું શરૂ થાય કે ન પણ થાય."

પાલીતાણા ભક્તિપ્રદર્શક નાટકમંડળીએ રૉયલ વિજયરંગ થીએટરમાં એ નાટક ભજવવાનું હતું. એ કંપનીના માલિક છોટુભાઈએ કંપનીના રેશમી કપડાંની પેટી અમને ઉઘાડી આપી, અને એમણે મનગમતી સુરવાળ પસંદ કરી. પછી નાટક શરૂ થયો.

નાદિરાનો પાર્ટ રામુભાઈએ ભજવેલો. નાદિરાના મૃત્યુનો પ્રસંગ એ આ નાટકનો એક કરુણ દેખાવ છે. એ પ્રસંગે દારા એકાદ ગીત ગાય, અને એ ગીત 'કલાપી'માંથી હોય તો મેઘાણીભાઈને મોંયે 'કલાપી' સાંભળવાની ઇચ્છા ઘણે વખતે સંતોષાય એવી મારી યોજના હતી. એમની રજાથી એ પ્રસંગે કલાપીનું

"સૈયારી અશ્રુની ધારા."

વાળું કાવ્ય જેમા

"સાથી ના છોડીને જાશે,
સાથી સાથે શે શે ગાશે,
દિલની ખાક દિસે ચોળાશે.
લાવો સૈયા સૈયારી.

અને

સૈયારી સપનામાં આવ્યા,
બગરી કન્યા સાથે લાવ્યા,
પહેરાવી ને કાં ના પહેરી?
લાવો નૌકા સૈયારી"

એ લીટીઓ આવે છે, એ ગીત એમણે એમના આર્દ્રતા નીતરતા કંઠે ગાયું. નાદિરાના શબ પાસેથી પાછે પગલે નેપથ્ય તરફ જઈને, ફરી પાછા આવી, ઘૂંટણ પર પડી નાદિરાના પગ પર માથું ઝુકાવી નમન કર્યું એ અદ્ભુત action હતું.

નાટકશાળા શ્રોતાઓથી છલી વળી હતી. સર પ્રભાશંકર અને લેડી પટ્ટણીથી માંડીને ભાવનગરનો ઉપલા થરનો અને શિક્ષિતવર્ગ ત્યાં હાજર હતો. ચાર દસકાનો એ પ્રયોગ હતો. ભાવનગરમાં એમેચ્યુઅર નાટકો એ પહેલાં અને એ પછી ઘણા ભજવાયા, અને ભજવાય છે, પણ લલિતકળાસમાજે ભજવેલું શાહજહાન એ એક Landmark હતું, અને ઐતિહાસિક બની ગયું. એની પાછળ નાટકકાર અને નટ તરીકે મેઘાણીભાઈની ભાવના, પ્રેરણા અને દોરવણી હતી, એ આજે ય સૌ જાણે છે.

ટૂંકો, મધુરો પરિચય

રમણલાલ એન્જિનીયર

મશરૂવાળાભાઈ સાથેનો મારો પરિચય બહુ જ ટૂંકો હતો, પણ એ પરિચય જીવનભર યાદ રહે એવી સુખદ સ્મૃતિ મૂકી ગયો છે.

એમના અવસાન અગાઉ ત્રણ–ચાર મહિના પહેલાં અમદાવાદમાં ભારતી સાહિત્ય સંઘને ઘેર મારે એમની સાથે પંદરેક દિવસ રહેવાનું થયું હતું. આ બે અઠવાડિયાં દરમ્યાન લેખક, તંત્રી, વિચારક, વિવેચક અતિથિ અને પિતા તરીકેનાં એમનાં જીવનમાં જુદાં જુદાં પાસાંઓનો મને જાતઅનુભવ થયો.

લેખક તરીકે એમના જેટલા મહેનતુ લેખકો બહુ જ ઓછા હશે. પ્રતિભાશાળી માણસને પરિશ્રમ કરવાની જરૂર નથી, એવા કેટલાક નવા લેખકોના ભ્રમને એમનું લેખકજીવન સચોટ જવાબરૂપે હતું. "નવ્વાણું ટકા પરિશ્રમ અને એક ટકો પ્રેરણા" એ પ્રો૦ ગજ્જરનું સૂત્ર એમણે જીવનમાં વણી લીધું હોય એમ લાગતું હતું.

તંત્રી તરીકે નવા લેખકોને ઉત્સાહ અને ઉત્તેજન આપવાની એમની ટેવ સુપ્રસિદ્ધ છે એમનું વિવેચન રચનાત્મક હતું. લેખકના દોષ કરતાં ગુણ ઉપર એ વિશેષ ધ્યાન આપતા હતા.

અમારે સાથે રહેવાનું થયું, એટલે મેં સહેજ સંકોચ સાથે કહ્યું કે: "ભાઈ, આપને ફુરસદ હોય તો મારી પાસે એક લખાણ પડ્યું છે, તે આપને જોઈ જવા માટે આપું."

એમણે હા પાડી, એટલે મેં એ લખાણ એમના હાથમાં મૂક્યું. લખાણ ગાંધીવાદ અને સમાજવાદ વિષે હતું. ઉપર ઉપરથી નજર નાખી જોઈને એમણે મને પૂછ્યું: "તમને ખરાબ ન લાગે તો હું એક Blunt (બુઠ્ઠો) પ્રશ્ન પૂછું?"

મેં કહ્યું; "જરૂરથી પૂછો."

"તમે તમારા ક્ષેત્ર બહાર શા માટે માથું મારો છો? નિસર્ગોપચારના ક્ષેત્રમાં જ પૂરતું કાર્ય નથી?"

મેં કહ્યું: "આ પણ મારું જ કામ છે. આ લખાણ છાપવાનો મને મોહ નથી. આપ સુધારા–વધારા સૂચવશો તો આભારી થઈશ."

એ લખાણ વાંચી ગયા, અને એમણે પોતાનો અભિપ્રાય ફેરવ્યો. એમણે કહ્યું: "હવે હું એ જોઈ શક્યો છું કે તમે સ્વભાવે વિચારક છો, અને નિસર્ગોપચાર એ તો તમારી જીવન તરફની દૃષ્ટિનું જ એક અંગ છે. તમારી શૈલી પ્રૌઢ અને પરિપક્વ છે. તમારી સૂત્રશૈલી મને ખાસ ગમે છે. આમાંથી હું પસંદ કરેલા ફકરા "ઊર્મિ"માં છાપીશ, અને તમે જેમ ગાંધીજી વિષે લખ્યું છે, તેમ જી. બી. એસ. અને બીજા મહાપુરુષો વિષે પણ લખો. તમે જરૂરથી લખજો."

આમ કહ્યાં પછી એમણે મારા લખાણના દોષો બતાવ્યા. કેટલાક મુદ્દાઓ ઉપર અમારે નિખાલસ ચર્ચા પણ થઈ. પછી મેં કહ્યું કે: "ઠીક ત્યારે, આપના સૂચવ્યા મુજબ હું સુધારાવધારા કરીશ."

મારી એ ઇચ્છાનો એમણે તત્કાળ વિરોધ કર્યો. એમણે કહ્યું: "નહિ, એમ નહિ, તમે મારી પેઠે બીજાના પણ અભિપ્રાય લો, એની ઉપર વિચાર કરો અને એનું તમારા મનમાં બરાબર રસાયન થયા પછી, તમારી દૃષ્ટિએ તમને ઠીક લાગે એટલા જ ફેરફારો કરો."

નવા લેખકોને પોતાના પ્રભાવમાં આંજીને પોતાના પંથમાં ભેળવવાની વૃત્તિથી એ તદ્દન અલિપ્ત હતા. દરેક વ્યક્તિનો સ્વતંત્ર વિકાસ થાય એ પ્રકારનાં જ એમનાં વિચારવર્તન હતાં. એમનો પોતાનો કોઈ વાડો નહોતો, અને કોઈના વાડામાં બંધાવું એમને પસંદ નહોતું.

મારું લખાણ વાંચ્યા પછી, એમણે અનેક વિષયો વિષે મારી સાથે મન ખોલીને વાતો કરવા માંડી. અમારો વાર્તાલાપ કલાકો સુધી ચાલતો, એમાં જાતજાતના વિષયો ચર્ચાતા. એમનો સમય ન બગડે એટલા માટે હું ઘણી વાર બાજુની રૂમમાં બેસતો, પણ એ નવરા પડે કે તુરત જ મને વાતો કરવા ચાહીને બોલાવતા. જ્યારે એમણે જાણ્યું કે જુદા જુદા વિષયો પરત્વેનું મારું શિક્ષણ મોટે ભાગે સ્વયંશિક્ષણ છે. ત્યારે એમને કંઇક નવાઈ પણ લાગી.

પરિચય વધ્યા પછી મેં એક દિવસ કહ્યું: "ભાઈ! આપના લખાણોમાં મને કેટલાક હકીકતદોષો જણાયા છે."

એમણે ઉત્સાહથી કહ્યું : " જરૂર, તમે મારું ધ્યાન ખેંચો."

મેં કહ્યું : " આપે "અકબરની યાદ"માં લખ્યું છે, એમાં સિંધના રાજા દાહીરની બે પુત્રીઓનો જે પ્રસંગ છે એ ઐતિહાસિક રીતે યથાર્થ નથી. " ખગા તત્ત્વ" માસિકમાં અધ્યાપક અબુઝફર નદવીએ એક લેખ લખ્યો હતો. એમાં એમણે આ કથા માત્ર દંતકથા હોવાનું જણાવ્યું છે. મે બીજે પણ આને મળતો અભિપ્રાય વાંચ્યાનું ઝાંખું સ્મરણ છે. આપના પુસ્તકનો ઉદ્દેશ તો હિન્દુ–મુસ્લિમ એકતા છે, એટલે એમાં તો કોઈ પણ જાતની મુસ્લિમો વિરુદ્ધની ખોટી હકીકત ના આવે એની સંભાળ રહેવી જોઇએ. આપ આ બાબતમાં ઝટતી તપાસ કરશો."

મારા વિચાર સાથે એ સંમત થયા. એમણે કહ્યું: " મેં તો વિન્સેટ સ્મીથ વગેરે લેખકો ઉપરથી એ બધું લખ્યું છે. અધ્યાપક નદવી તો સારા અભ્યાસી છે. હું તપાસ કરીશ, અને જો વાત ખોટી માલૂમ પડશે તો હું નવી આવૃત્તિમાં જરૂરી ફેરફારો કરીશ."

એમના જેવા લબ્ધપ્રતિષ્ઠ લેખકને આટલી સરળતાથી પોતાની ભૂલ સુધારવાની ઇચ્છા વ્યક્ત કરતા જોઇને. મને તો ખરેખર આશ્ચર્ય થયું.

એમનું કામ પતી ગયા પછી એ બોટાદ ચાલ્યા ગયા, અને હું સોજિત્રા ગયો.

ત્યાર પછી થોડેક વખતે શ્રી. ઇશ્વરભાઇ બોટાદ ગયા, અને એમને કહ્યું કે, "તારાચંદ થોડાક વખત ઉપર વલ્લભવિદ્યાનગર જઇ આવ્યા, અને ત્યાંનું કામકાજ જોવા જેવું છે." આ ઉપરાંત ત્યાને વિષે એમણે કેટલીક વિગતો પૂરી પાડી.

આ બધુ સાંભળીને એમને આનંદ થયો. એમણે ઇશ્વરભાઇને કહ્યું કે, "તમારી આ બધી વાતો સાંભળીને મને એમ થાય છે કે સાં જો આવુ સુંદર કામ થઈ રહ્યું હોય તો આપણે પણ એ પ્રવૃત્તિમાં આપણો ફાળો શા માટે ન આપવો? હું તો ત્યાં રહેવાનો જ વિચાર કરું છું. આજે જ રમણભાઈને તાર કરી દો કે એમની સાથે જ મારો પણ એક પ્લોટ રાખે. થોડી વાર પછી ઇશ્વરભાઈએ કહ્યું: 'પણ ભાઈ! આપ એક વખત જાતે બધું જુઓ તો ખરા. આ તો મેં મારો અભિપ્રાય કહ્યો કદાચ આપનો મત જુદો પણ પડે

પછી બન્ને જણે સાથે વલ્લભવિદ્યાનગર આવવું એમ ઠર્યું. એ પહેલાં થોડુંક કામ પતાવવા એ અમદાવાદ આવ્યા આ વખતે પણ મને એમની સાથે રહેવાનો લાભ મળ્યો.

આ વખતે પણ મેં એ જોયું કે મેઘાણીભાઇ એક આદર્શ અતિથિ હતા. એ જ્યાં ઊતરે ત્યાંના માણસોને ઓછામાં ઓછી તકલીફ પડે એવું એમનું હરહંમેશ વર્તન રહેતું હતું. એમને માટે ખાસ ખાવાપીવાની તકલીફ એ કોઇને ઉઠાવવા દેતા નહોતા. એમની એક કાયમની ફરિયાદ એ હતી કે, "બહેનોને આ રોટલીના ત્રાસમાંથી કેમ કોઈ છોડાવતું નથી?" નહાવા માટે ઠંડા–ગરમ પાણીની બાબતમાં૫ એ બેફિકર રહેતાં, અને એ જ રીતે નાનાથી માંડીને મોટામાં મોટી સુખસગવડો માટે બીજા કોઇને અગવડમાં ન મૂકવાની ટેવ એમને તદ્દન સાહજિક થઈ ગઈ હતી. બુદ્ધિજીવી પુરુષોનું ગૃહજીવન ઘણી વાર શુષ્ક હોય છે, પણ મેઘાણીભાઈની બાબતમાં એમ નહોતું. એ જ અરસામાં કડીથી મસ્તાન–નાનક આવ્યા હતા, અને એ અમારી સાથે ચાર–પાંચ દિવસ રહ્યા. પોતાના આ બે પુત્રોના જીવનની નાનામાં નાની વિગતોમાં મેઘાણીભાઈ અસાધારણ રસ ધરાવતા હતા, એમ એ વખતે મારા જોવામાં આવ્યું. એ અરસામાં એક દિવસ બપોરે એક ફુગ્ગાવાળો આવ્યો, એની પાસેથી રંગબેરંગી ફુગ્ગા લઇ ટપાલથી પોતાના બાળકો માટે એમણે બોટાદ મોકલાવ્યા!

આ વખતે ફરી પાછા અમે સાથે રહ્યા, એટલે વલ્લભવિદ્યાનગરની યોજના વિષે મારી પાસે વિગત-

વાર માહિતી માગી. મેં મારી પાસે જે કાંઈ માહિતી હતી તે બધી એમને આપી. ઉપરાંત શ્રી. ભાઈલાલભાઈના કેટલાક જીવનપ્રસંગો કહ્યા. એમાં ઇ. સ. ૧૯૨૧માં સિંધુમાં જબરજસ્ત પૂર આવેલું, તે વખતે એ પૂરથી સિંધને બચાવવાની જવાબદારી શ્રી ભાઈલાલભાઈને માથે હતી. તે વખતે એમણે નદીના વધારાના પાણીને એક મહાપ્રવાહમાં વાળી લઈને એક સરોવર સુધી અનેક મુશ્કેલીઓનો સામનો કરીને શી રીતે પહોંચાડ્યું એ પ્રસંગ પણ કહ્યો.

આ પ્રસંગ સાંભળીને એમનામાં રહેલી કવિની કલ્પના સળગી ઊઠી. એ કહે: "ઓહો! આ બનાવની આજુબાજુ તો એક વાર્તા કે નવલકથા ગૂંથી શકાય એમ છે. સિંધુ જેવી નદી; એનું પ્રલય જેવું પૂર: એક માણસની પાછળ પાછળ જેમ પાળેલો અજગર ચાલ્યો આવે તેમ એક ઇજનેરની પાછળ પાણીનો મહાપ્રવાહ ચાલ્યો આવતો હોય. રસ્તામાં વિફરેલા લોકો હથિયારબંધ સામનો કરે, અને છેવટે એ પાણી નિશ્ચિત ધ્યેયે પહોંચે! આ બધું ખરેખર ખૂબ પ્રેરક છે.

"આપણા સાહિત્યકારો કહે છે કે ગુજરાતના જીવનમાં નાવીન્ય નથી, અમને પ્રસંગો જડતા નથી. પણ એક ઇજનેરના પુરુષાર્થ કે પરાક્રમો ને ગૂંથતી એકે વાર્તા-નવલકથા આપણે ત્યાં હજી સુધી લખાઈ છે?"

ત્યાર બાદ મેઘાણીભાઈ, ઈશ્વરભાઈ અને હું એમ અમે ત્રણે જણ વલ્લભવિદ્યાનગર જવા નીકળ્યા. શ્રી. ઈશ્વરભાઈ મહેમદાવાદના સ્ટેશને ઊતર્યા, અને "પ્રજાબંધુ" લઈ આવ્યા ત્યાર પછી એ ફળ લેવા ગયા, એટલે મને મેઘાણીભાઈએ કહ્યું. 'લેખકની પ્રતિભાને કેમ પોષણ આપવું એ ઈશ્વરભાઈ સારી રીતે જાણે છે. એ જાણે છે કે મને "પ્રજાબંધુ" પ્રિય છે એટલે જ્યારે જ્યારે અમે સાથે હોઈએ છીએ ત્યારે ત્યારે એ મને વગર માગે એ પત્ર અચૂક પૂરું પાડે છે. કેવળ મારી સાથે જ નહિ પણ બીજા લેખકો સાથે પણ એમનું વર્તન આ જ પ્રકારનું હોય છે." પોતાના તરફના કોઈ પણ વ્યક્તિના સામાન્ય સદ્ભાવની પણ એ પૂરતી કદર કરતા.

પછી વિદ્યાનગર વિષે વાતો ચાલી. એમણે મને પૂછ્યું, "ભાઈલાલભાઈની ઉંમર કેટલી?" મેં કહ્યું, "૫૮ વર્ષ". એમણે જવાબ આપ્યો: "ઓહો! એ તો હજી જુવાન ગણાય; એમની આગળ ઉજ્જવળ ભવિષ્ય પડ્યું છે." આ ટકોર પાછળ મેઘાણીભાઈનું જ જુવાન માનસ જ જણાતું હતું. 'પચાસ વર્ષ વટાવ્યા પછી એમની ઝિંદાદિલી એવી ને એવી હતી.

અમે સૌ રાત્રે વિદ્યાનગર પહોંચ્યા. ત્યાં એમણે શ્રી. ભાઈલાલભાઈ, શ્રી. ભીખાભાઈ, શ્રી. સુટાની વગેરેનો પરિચય સાધ્યો. સંસ્થામાં મેઘાણી આવ્યા છે એમ જાણતાં ત્યાંના મોટરડ્રાઇવરોને પણ ઘણો જ આનંદ થયો. સમાજના સૌ થરમાં એ એકસરખા લોકપ્રિય હતા.

ત્યાં એ એક દિવસ રહ્યા, અને તુરત જ અમદાવાદ જવા પાછા વળ્યા. ત્યાં એમને શ્રી. ભાઈલાલભાઈ તરફથી એ પ્રદેશના લોકજીવનની કેટલીક વાતો મળી. એમાંની એક વાર્તા "પહેલું વેળાવું" 'ઊર્મિ'માં આવી ગઈ છે.

વિદ્યાનગરના કાર્યકર્તાઓ તરફથી એક Visiting Professorsની-મુલાકાતી પ્રાધ્યાપકોની યોજના કરવામાં આવી અને એમાં પહેલા પ્રાધ્યાપક તરીકે મેઘાણીભાઈને મારા તરફથી નિમંત્રણ મોકલાયું. મેઘાણીભાઈએ એ નિમંત્રણ સહર્ષ સ્વીકાર્યું. સંસ્થા તરફથી એવી વ્યવસ્થા હતી કે મેઘાણીભાઈ એક વર્ષમાં પોતાની અનુકૂળતા મુજબ વ્યાખ્યાનો આપે, તેમ જ ચરોતર અને ગુજરાતના લોકજીવન અને લોકસાહિત્યનું સંશોધન કરવા માટે એમને સંસ્થા તરફથી બધી અનુકૂળતાઓ આપવાનું નક્કી થયું.

મેઘાણીભાઈને આ યોજના ગમી ગઈ. એમણે મને લખ્યું હતું કે, 'માણસાઈના દીવા'થી એમનો ગુજરાતના લોકજીવનમાં પ્રવેશ થયો હતો, અને એ આ પ્રદેશમાં વધુ ને વધુ આગળ વધવા માગતા હતા.

એમનો આ નિર્ણય જાણીને અમને બધાને ખૂબ આનંદ થયો. હવે મેઘાણીભાઈ સોરઠી જીવનના સાહિત્યકારમાંથી મહાગુજરાતના જીવનમીમાંસક થવાના

[અનુસંધાન પાન ૬૪ ઉપર]

હૃદયની વાતો વાંચનાર

ડો વીરભાઈ

ગુરવી ગુજરાતમાં એ ગુંજાએલા બુલંદ અવાજ કોના કાને અથડાયા વગર રહેનો હશે? હજુ તેના પડઘા સભળાય છે નાના બાળકો તેના મીઠા ગીતો ગાય છે ડોશીમાઓ તેની વાતો કહે છે નાની કન્યાઓ વેણીના ફૂલોમાથી ફૂલ ગુથતી, તેના ગાયનો લલકારે છે નવજુવાનો તેમના રાષ્ટ્રગીતોના રણકાર કરે છે અને એ ગાનાર કયા ચાલ્યો ગયો તેની શોધમા પડયા છે બહારવટિયો તેની બહાદુરીની વાતો અધૂરી મ્હેલવાની રહી ગઈ હોય, તેવી મીટ માડીને જુએ છે કે એ હાલ ક્યાં સતાઈ ગયા? આ બધાનો વચમા રહેલા માણસ કોને ના ઓળખે?

અમારો પરિચય થોડો અને ઘણા ઓછા વખતનો હતો અમારે ઘણી વાતો કરવાની હતી તે પણ અધૂરી રહી ગઈ છે છેલ્લા થોડા વર્ષોમા શ્રીમાળી સોસાયટીમા ભારતી સાહિત્ય સઘના મકાને ઊતરતા

ઘણીવાર હુ બપોરે એમની પાસે જતો તેમના 'ગાઉટ'ના દરદની વાતો કરતા જે દુખ થતુ હતુ તે સારી રીતે સમજાવતા હતા દવા કરીને એમને સાજા કર્યા હતા—પણ તે દરદ એવુ વિચિત્ર છે કે કોઈ દિવસ મૂળથી જતુ નથી આ રોગ અહીયાનો નથી માસાહારીને વધુ પ્રમાણમા થાય છે પણ તે તો સાદો ખોરાક ખાતા હતા છતા તે રોગથી પીડાતા હતા—

એક વખતે અમારે સાહિત્યવિષે વાત નીકળી બગાળના જેવુ સાહિત્ય આપણે ત્યા કેમ લખાતુ નથી એ વાત નીકળી ત્યારે તેમણે ત્રણ વસ્તુ જણાવી અહીયા બગાળના સમાજની ઘણી વાતો છે અહીયાં કુટુબના વિભાગ પડયા પછી—વધારે ને વધારે દૂર જાય છે અને તેમનુ પોતાનુ નાનું કુટુબ બનવામા ગુથાઈ જાય છે ત્યારે ત્યા વિભાગ પડતા હશે પણ તેઓમા ભાવના અને આદેશો જુદા છે તેઓ ભાવના અને આદેશમા જીવન અર્પણ કરવામા મગરૂર રહે છે અને તેથી તેમની વાતો રસિક બને છે વળી બીજુ ત્યાના લેખકોને એક જ પ્રકારનુ લખાણ લખવું પડે છે, તેમને કવિતા અને બીજા વિષયોમા માથુ મારવાનુ હોતુ નથી જ્યારે અહીયા બધી વસ્તુઓ વિષે લખવાનુ હોય છે તે કવિ—લેખક અને સાહિત્યકાર બને તો જ આગળ આવે. વળી અહીયાં જુદો વિચારવાનો વખત ન જ હોય સવારથી સાંજ સુધી ઓફિસનુ કામ હોય તે કરવાનુ અને તેમા જે ઉતારા કરવાના હોય તે જ હોય એટલે બીજુ વિચાર કરીને લખવાનુ ન જ હોય

આમ અમારે ઘણી વાતો થતી હતી પોતાનુ દરદ ઓછુ થતુ જતુ હતુ પણ તેમની ઘરની જવાબદારી એટલી બધી હતી કે તેમાથી તેમને છૂટા પડાય તેમ ન હતુ તેઓ ડોકટરોને બહુ સ્વમાનની દૃષ્ટીએ જોતા.

એક વાર એમણે પૂછયુ "તમે ડોકટરો આવી વસ્તુમાં આજ ખાવુ અને આ ન ખાવુ અને સાર વારમાં આટલી દરકાર લેવી એ બધું કેમ જાણો છો!" મે કહ્યુ, 'તમે માણસના હૃદયની વાતો કેમ-કરીને જાણી શકો છો? એમ!"

મારે અહીયા એક રમૂજી ટૂચકો લખવો છે એટલે લખુ છુ એક વખતે એક ડોશી આવા નવા હૃદયની વાતોનો ડોકટર પાસે ગઈ અને તેને પોતાના દરદની બધી વાત કહી સાહિત્યિક રસને ખાતર બધી વાત સાભળી પછી તે બાઈને જવાબ આપ્યો કે હુ માણસના રોગનો ડોકટર નથી—પણ હુ બીજા પ્રકારનો ડોકટર છુ બાઈએ નિસાસો મૂકયો અને કહે કે હે ઇશ્વર તુ આવા ક્યા પ્રકારના દરદો મોકલે છે કે આવા જુદી જુદી જાતના ડોક્ટરો બનાવવા પડે છે"

અહીયાં જ્યારે આવે ત્યારે સાહિત્યકારોનો મેળો ભરાતો

આવી વ્યકિત આમ બધાના મન જીતીને ચાલી જાય એ કુદરતની કઇ જુદીજ ઇચ્છા હોય એમ લાગે છે

બગસરાવાસીનાં સંભારણાં

લાલચંદ જેચંદ વોરા

સોરઠી સંસ્કૃતિને સાચવી લેવા, બિરદાવવા જેણે અપાર શ્રમ લીધો, એવા સ્વ. શ્રી મેઘાણીની સ્મૃતિ અમર છે. છેલ્લા વર્ષોમાં તેઓ જ્યાં જ્યાં સાણા જુદો જોતા ત્યાં ત્યાંથી બધુ સંભળી ટાંચણ કરતા અને લાગતાવળગતા સાહિત્યકાર તો શું, પણ મારા જેવાને પણ ભલામણ કરતા અને કહેતા કે આ વહેવું પતાવી લેવું, 'ફલાણા બાપાની બધી વાતો સાંભળીને આવડે એવી ભાષામાં લખી નાખજે હં.'

કાવ્યો લખવાનો તેમનો શોખ તો પોતે અમરેલી હાઈસ્કૂલમાં ગયા ત્યારે જાગ્યો. ત્યાં કલાપીના કરુણ કાવ્યો લાંબી હલકે રડતા રડતા ગાયા અને એમનો સ્વભાવ પ્રગટ થયો. મેઘાણીએ કાવ્યો નીચે પોતાનું તખલ્લુસ 'વિલાપી' લખ્યું.

ઝવેરભાઈ અમરેલી હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા, મારાથી ત્રણ વર્ષ અભ્યાસમાં આગળ. મંડળ દ્વારા 'સોશિયલ ગેધરિંગ' ઉજવવામાં મેઘાણી મોખરે. શાળામાં દરેક વર્ષે પહેલો નંબર રાખે એટલે એમનું મિત્રમંડળ વધી ગયેલું. એમનો વિલાપી અને માતાના આર્દ્વ સમો કંઠ સૌને આકર્ષક થતો. ઉનાળાની રજાઓમાં ગેધરિંગની તૈયારી માસ-દોઢમાસ ચાલે, કિટસન લાઈટ અને ઉજાગરા એ માટે ચા તે નારતા, સંવાદો શોધવા અને રચવા માટે પુસ્તકોના પહાડ ફેંદવા વગેરે કામ ચાલે, અને એમા અમારા ઉત્સાહનો પાર નહિ. વેકેશનનો બધો સમય કાઢવા અને ગેધરિંગના પ્રણેતાઓનો પરિચય સાધવો એ અમારે મન લ્હાવો હતો. આ દિવસોમાં ઝવેરભાઈ પોતાનું ધાર્યું ન થાય ત્યારે રિસાઈ પડતા. ખાય પીએ નહિ, બોલે નહિ, લાલઘૂમ આંખો થાય, મનમાં રોષવાષ અને છેવટ તેમના મિત્રો વ્હારે આવે, ઝવેરભાઈનું ધાર્યું થાય, એમની મરજી મુજબના ડ્રેસ, એકટિંગ, સંવાદોની પસંદગી થાય અને ગાડું પાટે ચડે.

આ ગેધરિંગમાં ગામ પ્રજા સૌ રસ લેતા અને ઘણી વેળા બીજા ગેધરિંગ થતા સુધી એ સ્મરણો તાજા રહેતા, ઝવેરભાઈ તેમાં મુખ્ય પાત્ર લેખાતા અને દિગ્દર્શક પણ એ જ ગણાતા.

આ દિવસો પછી તો કલકત્તામાં થોડું મળતાં. તેમના જીવન પર સાદાઈ અને વૈરાગ્યની અસર થવામાં હોમ રૂલ લીગ અને પોતાના ૧૧ વર્ષના નાના ભાઈના અવસાન થતાં તેમને ખૂબ અસર થયેલી ૧૯૨૦–૨૧ના આ દિવસોમાં તેઓ જાડી ખાદી પહેરતા રેંટિયો કાંતતા.

*

૧૦૨૨માં હું બગસરામાં ખાદી ભંડાર ચલાવતો. હું અને મારા મિત્રો પૂ. બાપુજી અને નવજીવન, ખાદી અને રેંટિયાના ઉપાસક હતા. ઝવેરભાઈ બગસરાના પ્રથમ ગ્રેજ્યુએટ વક્તા અને ગાયક એટલે અમે બધા ખૂબ ખેંચાતા. મેં ભંડાર સાથે વણવાનું ગોઠવેલું, એટલે નિત્ય ભંડારમાં આવે પોતાની ખેતી વિષયક યોજનાઓ લાવે, પોતે ખેતી કરવાના છે તેમના મંડળમાં દરબારશ્રી વાજસુરવાળા સાહેબ, શ્રી ગિરધરલાલ દેસાઈ, શ્રી ગુલાબચંદ વપારીઆ આ બધા જ એકબીજા બંધાયા હતા. નજીકના ગામમાં ગોકળ ગામમાં ખેતી કરવાના હતા ત્યાર પછી હડાળા અને કેરાળામાં ખેતી કરવાની યોજના તૈયાર કરેલી. એમની પોતાની યોજના બારસો રૂપિયાની મૂડીમાં કરવાની હતી, આ ખોટનો ધંધો કેમ શરૂ કરાય? તો તમારી ખાદી શુ ખોટી? મારા ભંડારના આંકડાઓ પણ જુએ, તપાસે અને બધે ખોટ જ દેખાય. આ દિવસો દરમ્યાન એમના વેવિશાળ કરવા સૌ સમજાવે. ઘણા માગાઓ હતા, પણ પોતાને ગામડાંમાં વસી ખેતી કરવી છે, એ ખ્યાલે ના પાડ્યા કરે. છેવટે મરણપથારીએ પડેલ બહેનની ઇચ્છાને આધીન થઇ હા પાડી. શ્રી. ગિરધરલાલ કન્યા જોઈ આવ્યા અને લગ્ન થયા. લગ્નમાં પોતાના કપડાં ખાદીના હતા, પરંતુ વચ્ચે હડાળા દરબાર સાહેબે ટોપીને સ્થાને ઝરીનો ફેંટો પહેરાવ્યો અને ઝવેરભાઈએ તે પહેર્યો. તે માટે અમે થોડા દિવસ હાંસી કરેલી. આ સમ, સમાજના પીરણે મોટી ઉંમરે અને કંઈક સુધારક દષ્ટિએ થતા હોઈને નવા વર-વધુને જોવા સૌ ઊમટતા.

આ જ વર્ષોમા ઝવેરભાઇના વ્યાખ્યાનોની શ્રેણી, અગસરામા ગોઠવી આ ભાષણનો સાર લેખરૂપે, પોતે 'સૌરાષ્ટ્ર'માં મોકલાવેલ પ્રથમ લેખ અને બીજો લેખ 'મોતીની ઢગલીઓ' નામે ગયા પછી અમૃત લાલ શેઠે બોલાવ્યા એ સ્પષ્ટ યાદ છે ચોગનો પોકાર તો ત્યાર પછીના દિવસોમા પોતે તોરી ગામના ચોરાનું મથાળું કરીને લખેલો

આ દિવસોમા તેમની વિચાર–સરણી બહુ સ્પષ્ટ હતી અને ગામડાની વાતો–વાર્તાઓ સાંભળવાનો, સાંભળીને ટાચણ કરવાની તેમને આદત હતી આ દિવસોમાં શ્રી ગુલાબચંદ વખારીઆ તેમને રાજકોટ સરકારી નોકરી ભણી ખેંચવા પ્રયત્ન કરતા હતા, પણ ઈશ્વરી યોજના જુદી હતી

*

આ પછીના વર્ષોમાં હું 'સૌરાષ્ટ્ર'ના અથવા ઝવેરભાઇના ખબરપત્રી જેવો હતો અને પત્ર દ્વારા વિચારોની આપલે કરતા ઉપરાંત એકબીજાને પોતા ભણી, ક્ષેત્રપસંદગી કરવા લલચાવતા ૧૯૨૫ના સમય પછી હુ કલકત્તા તરફ ધકેલાઈ ગયો, જ્યારે તેઓનું કાર્યક્ષેત્ર બહોળું બન્યું રસધારના બે ભાગોની વાર્તાઓ હડાળાથી એટલે દરબારસાહેબ અને ચારણ કવિ ગગુભાઈ પાસેથી મળી શૂરવીરતાની અને એવી વાતો સામે અમે દેશ નાયકોની વાતો મૂકતા અને તેમ તેમ તેમનો સાહિત્યરસ ઊંડે ગયો એમને લોકોની નિર્બળ મનોદશા પર દયા છૂટતી એકદમ પ્રજા પાસે અહિંસાની વાતો મૂકવા અને એની ચર્ચા કરવા એ તૈયાર ન થતા હુ ઘણી વેળા રાણપુર જતો અને એમના વલણને તપાસતો નવા યુગના પ્રવાહમા ઝવેરભાઈ કેમ નથી તણાતા એનું કોઇ કોઈ વાર મને આશ્ચર્ય થતુ પણ તેઓ તો સ્પષ્ટ કહેતા, 'સ્વરાજનુ દિલ્હી બહુ દૂર છે ધરતી ભોગ માગે છે ઇતિહાસ એ કહે છે'

*

ફરી ૧૯૩૦મા હું કલકત્તાથી આવ્યો ગાંધી–ઇર્વીન કરાર પછી મે ૨–૩ વાર તેમના પાસે માર્ગદર્શન માગ્યુ તેમણે લખ્યુ 'તમે ખાદી વગેરેનું કામ કરો છો એ યથાર્થ છે યુદ્ધ ખેડનારાઓ તમારુ ક્ષેત્ર નહિ ખેડી શકે,' અને ફરી એક વાર લખેલું 'આપણામા આવુ પ્રતિકૂળ ક્ષેત્ર પસંદ કરવુ એ જ એક સમાધાન સર્વ સાનુકૂળતા કયાય ન હોઇ શકે

જ્યારે બગસરા આવે ત્યારે અમે કઈક સભા કે ગીતના જલસા જેવુ ગોઠવીએ પણ એ કહે મને કઈક જોવા દો. એક વાર ચોકમા ભવાયા રમે મારી મેડીએ રાત સુધી જુએ અને અમે વારે ઘડીએ ઊંઘી જઇએ, પણ પછીથી કેટલાક પાત્રો તેના અભિનય, તેમના દુહા વગેરે ઝીલી લે એક વાર કાળીના ભજનો સાભળવા ગયેલા, એ ઉઘાડા શરીરે તન્દુરસ્ત ગાયકના થનગનાટ, તાલ આપતી તેમની સ્ત્રીઓ, શરીરના અભિનય વગેરે જોઇને કહે, 'લોકહૃદયમાં પેસવાનો આ મહામાર્ગ છે'

*

મે એક વાર કહ્યુ, 'તમે ઊંઘની ફરિયાદ કરો છો પણ વખતસર સૂઈ જવાનો આગ્રહ તમારે રાખવો જોઈએ ને!' એ કહે, ધધો એવો છે ભાઈ! ઊંઘ વેચવાનો જ ધધો લીધો છે સાહિત્યમાં જાગરણ ને પગારણ* બેઉ સમાય છે

*

કોઈ કોઈ વાર હું, એમની સલાહ લેવા દોડી જતો શો જવાબ મળશે એની મને ખબર હોય છતા કંઇક નવું મળશે એમ ધારીને જ પૂછુ જવાબ મળે 'તમે જે ઘોડા ઘડયા હોય તે બરાબર હોય! સાચુ માર્ગદર્શન તો દરેકને પોતાનું કામ જ પોતે આપી રહે છે' મે પૂછ્યુ, 'વિચાર્યું ખૂબ હોય પણ વાણી કે કલમમા ન બેસે તેનું શુ?' જવાબ મળે 'કામ કામને શીખવે છે તમે કાવ્ય ન બનાવો કે ન ગાઓ એ સમજી શકાય પણ જે માણસો લાખોના વેપાર ખેડી શકે છે, હજારો ગ્રાહકોને રીઝવી શકે એ સારું ન લખી શકે એ હું ન માનુ.'

*

દિવાળીના દિવસો દરમ્યાન અમે ફટાકડાનો

* પગારણ—પ્રવાસ

નિષેધ કરવા મથતા હતા. એ કહે, 'છોકરાઓને ફટાકડાથી માત્ર નહિ, પણ પીસ્તોલ સાથે ખેલવા દો.'

*

કોઈ વાર હું રાજકીય એટલે માત્ર ડંખાળા સમાચારભર્યો પત્ર લખું તો મને ચેતવે અને જણાવે 'સર્વ ક્ષેત્રે પહોંચવું જોઈએ, સામાજિક, આર્થિક પ્રવાહોને ભૂલી ન જવાય. પત્રકારનો ધંધો પ્રમાણિક હકીકત પહોંચાડવાનો હોય છે તેમ સઘળા પ્રવાહોને વજન મળવું જોઈએ.'

*

ખાદી વિષે અમે ઠીક ઠીક ચર્ચાઓ કરતા. એક વાર મેં કહ્યું, 'ઝવેરચંદભાઈ તમે આ સભા, ખાદી-ફેરી કે પ્રભાતફેરીમાં કેમ નથી રસ લેતા ? તેમણે કહ્યું, 'મને એ વાતો નથી ગમતી. ભાષણો આપીને ભાગી જવું, એ ઠીક નથી. તમે એવું ગોઠવો કે આપણે હંમેશ એક ઘેર જઈએ, અને પ્રત્યેક ઘેર રેંટિયાનું મહત્ત્વ સમજાવીએ. હું તૈયાર છું.' મેં કહ્યું, 'એ કામ ક્યારે પતે ?' એ કહે, 'આપણો અંત સાથે તો પતે ને ! થોડું પણ નક્કર કામ કરવું જોઈએ, તમે શરૂઆત કરીને મને કહેજો.' જોકે ખાદીવેચાણમાં આડકતરી રીતે ઘણી મદદ કરતા અને પોટકું ગણપુર પણ લઈ જતા.

૧૯૩૪માં હું મુંબઈ ગયેલો. મેઘાણીભાઈએ ફરી લગ્ન કર્યું. સ્વ. ડૉ. મેઘાણી એક અભિનંદન મેળાવડો ગોઠવવા તૈયારીમાં હતા. મેઘાણીભાઈએ કહ્યું, 'આ બંધ કરાવો. મેં કાંઈ સુધારાને ખાતર આ પગલું ભર્યું જ નથી. આમાં તો અમારી સગવડતાનો પ્રશ્ન હતો.' આખરે આ મેળાવડો બંધ રખાયો.

ઝવેરભાઈ કોઈ વાડામાં ન રહ્યા. ખાદી ક્ષેત્રમાં મારી સંસ્થાને બીજી મોટી સંસ્થા સાથેના જોડાણનો પ્રશ્ન આવ્યો. મને કહે, 'જો જો ક્યાંય ન જોડાતા. તમે સ્વતંત્રપણે કર્યા કરો એ જ મારી સલાહ છે. મોટા તંત્રો તમારી કામની ઊંડાઈ કે સચ્ચાઈ નહિ માપી શકે. તેઓના હિસાબનીશ કે તપાસનીશ આવે. કાગળ પરના આંકડા તપાસી, નિર્ણય બાંધે, એ ઠીક નહિ થાય. તમે સલાહ મેળવો નિર્ણય તમારો જ હોય.

૧૯૩૪માં બાળમંદિર ફંડ માટે મુંબઈ ગયેલો અગસરાવાસી મિત્રોના મ્હેણાં આવ્યા. 'ઝવેરચંદ-ભાઈને કેમ નથી કહેતા ? એ અગસરાના નથી ? એક જલસો આપે અને તમારો મુંબઈથી છૂટકારો' મેં તુરત ટેલિફોન કર્યો અને હકીકત કહી. તેઓએ ફોનમાં જ કહ્યું, 'જુઓ, મારું ગણ પણ હજુ સ્વ. દમયંતી અંગે શોક-મગ્ન છે, તમે ૨૫-૨૫, ૫૦-૫૦ ની ટિકિટ કાઢો 'અને સાંભળનારને એમ થાય કે તેમના નાણાં છૂટી પડ્યા એટલે માફ કરો—પણ તમે સાંજના મારા ઘર પર ચોપાટી આવો. આપણે વાતો કરીશું.'

હું વખતસર પહોંચ્યો. થોડી વાતો પછી એમણે કહ્યું, 'મારા પાસે હજારેકની ખર્ચવા માટેની રકમ હતી, તેમાંથી મેં સો રૂપિયા, એક ભાઈને વાપરવા આપ્યા છે, હવે તમારે જોઈએ તે લો. મેં મારા સાથી તૈયબઅલી શેઠ સામે જોઈને કહ્યું, 'પાંચસો માગું છું.' તેઓની સંમતિ મળે તે પહેલાં તો ઝવેરભાઈ બોલ્યા 'લાવો તમારો કાગળ'. ૫૦૧) લખી સહી કરી, અને ફરી કહ્યું, 'હજુ ચારસો જોઈએ તો તમારા છે. મેં 'બસ કહ્યું' અમે જલસા વિશે કશું બોલી જ ન શક્યા.

આવડી રોકડ રકમ અહીંથી મેળવવાની અમને જરા પણ કલ્પના નહોતી.

*

એ સમયની હીરાબાગની અમારી સભામાં મેઘાણીભાઈએ પોણો કલાક સુધી પ્રવચન કરેલું, એ વેળાના તેમના શબ્દો 'મુંબઈ સમાચાર'ના અહેવાલ પરથી ટાંકું છું.

"અગસરાની પરિસ્થિતિની ઝાંખી કરતા, શ્રી. ઝવેરચંદ મેઘાણીએ કેળવણીના નૂતન, દષ્ટિબિંદુ પર પ્રકાશ પાડ્યો હતો અને સંસ્થાના કાર્યવાહકોની ઓળખાણ આપી જણાવ્યું હતું કે, 'અગસરામાં મને રહેવાને બંગલો, ફરવાને મોટર અને બીજી આર્થિક સગવડો આપવામાં આવે તોય હું એ કામ કરવા ત્યાં ન જાઉં'...'

વધારામાં તેઓએ જણાવ્યું કે, 'બગસરાને આટલી રકમ આપવી (પાંચ છ હજારની) તે વધારે પડતી નથી. હિંદના ગામડાંઓ ભાંગી પડેલા છે, ત્યાંના પૈસા શોષાઇને અહીં આવે છે અને અત્યારે ત્યાં પાછા જાય એ વાસ્તવિક જ છે. અને બગસરા પ્રત્યે કર્યું છે તે દેશ પ્રત્યે કર્યું છે એમ માનજો. અહીં જે નામો હું જોઉં છું તેમાં ગર્ભ-શ્રીમંતના નામો ઓછાં છે. જેઓ ભાંગતા ગામડામાંથી નાસેલા છે અને જેમણે અહીં, માથા પછાડીને લોહી કાઢેલા છે, તેવાઓએ દ્રવ્ય આપેલું છે. આ શુભ પ્રયત્નને હું વધાવું છું.'

(તા. ૨૬-૬-૧૯૩૪નો અહેવાલ સાથે છે)

છેલ્લે હમણાં જ તા. ૧૯-૨૦ જાન્યુઆરીમાં અહીં બગસરા, નૂતન બાલશિક્ષણ સંમેલનનું બીજું અધિવેશન હતું, ત્યારે હાજરી આપવા સ્વીકારેલું હતું. એ પત્રમાં જ એમણે લખેલું· 'જેને પંતુજીઓ કહી આપણે પડતા મૂક્યા છે તેને ન વિસારશો. તાલુકાના શિક્ષકગણને નોતરજો. હું આવીશ, મારે તો એક પંથ ને દો કાજ થશે.'*

સંસ્કૃતિનો સાચો રખવાળ આમ ઓચિંતે ચાલ્યો જશે એ ધારવામાં નહોતું એમનો વેગ જેમ ઝડપી હતો તેમ અકળ પણ નીવડ્યો.

* ડૉ. મેઘાણીના મુંબઈ અકાળ અવસાનના કારણે તેઓને મુંબઇ જવું પડ્યું હોવાથી આ સંમેલનમાં હાજરી ન આપી શક્યા.

※

[અનુસંધાન પાન ૫૯ થી ચાલુ]

હતા, અને ગુજરાતની સંસ્કૃતિની વિસ્મૃત સમૃદ્ધિને ઊગતી પ્રજાસમક્ષ રજૂ કરવાના હતા.

છેવટની વાતચીત માટે એમણે મને આણંદ સ્ટેશને મળવા બોલાવ્યો હતો. એ અમદાવાદથી વડોદરા "મહિડા પારિતોષક" સ્વીકારવા માટે જતા હતા. સાથે ચંદ્રવદન મહેતા હતા. અમારે દસેક મિનિટ વાતચીત થઈ વિઠ્ઠલભાઈ પટેલ વિજ્ઞાન મહાવિદ્યાલય જૂન '૪૫મા શરૂ થશે કે કેમ, એ સંબંધી એમને કંઈક શંકા હતી. મેં એમને ખાતરી આપી કે એમા કાંઈ જ ફેર નહિ પડે, અને એમનો નિર્ણય જાણવા માગ્યો. એમણે સંસ્થામાં જોડાવાનું નક્કી કરી દીધું છે એમ મને કહ્યું, અને ફરી વિદ્યાનગર એકાદ દિવસ આવી જવાનું વચન આપ્યું.

વિદ્યાનગર આવ્યા હતા ત્યારે પણ ત્યાંના સ્ટાફને એમણે એ જ વચન આપ્યું હતું.

તે વખતે કોને ખબર હતી કે એ આ વાયદો કદી પાળવાના નથી?

※

માનવજાતને ચરણે

ડૉ. ન. મુ. શાહ

પોતાના ભક્તો ગરીબ હોય કે પૈસાદાર, સુખી હોય કે દુઃખી, સાજા હોય કે માંદા હોય: એની વિજ્ઞાનને શી પડી છે? એ બધા તો ગૂઢ રહસ્યો શોધવા અને તેની પાછળ શ્રમ કરવા સર્જાયેલા છે. તેઓની શક્તિ ચાલશે ત્યાં સુધી સંશોધનનું કામ કર્યા કરશે; શક્તિ ખૂટશે એટલે હેઠા બેસશે. પોતાના કાર્યની વિરુદ્ધ જવાનું વૈજ્ઞાનિકની શક્તિ બહાર છે. કંટાળામાં પણ સાચો વૈજ્ઞાનિક પોતાની પ્રયોગશાળા અને ત્યાં આવેલાં સાધનો તરફ જોવાનો.

ક્યુરી દંપતીના દુઃખી દિવસોમાં પણ તેઓએ સફળતાપૂર્વક કરેલા સંશોધન તરફ નજર કરીએ તો આશ્ચર્ય થયા વિના રહેતું નથી: રેડિયો-એક્ટીવીટીને જન્મ આપ્યો, બાળકને વિકસાવ્યું એના વિકાસમાં દંપતીએ પોતાની જાતને ખપાવી દીધી. ૧૮૯૯–૧૯૦૪ સુધીમાં આ વિષયના બત્રીસ સંશોધન લેખો તેમણે પ્રકટ કર્યા.

ફ્રાન્સમાં જન્મેલી રેડિયો-એક્ટીવીટી પરદેશોમાં વિજયપૂર્વક પ્રસરવા લાગી, દુનિયાના મહા વૈજ્ઞાનિકોના પત્રોનો ઢગલો થવા માંડ્યો. ક્યુરી દંપતીનો પત્રવ્યવહાર સતત વધવા લાગ્યો.

૧૯૦૩માં સર વિલિયમ રામ્સે અને સોડી નામના બે અંગ્રેજ રાસાયનિકોએ બતાવી આપ્યું કે રેડિયમમાંથી હેલિયમ નામનો વાયુ થોડા પ્રમાણમા છૂટે છે. અણુની રચનાના ફેરફારનો પહેલો દાખલો. કીમિયાગરોનું સ્વપ્ન સિદ્ધ થયું! અંધારામાં રેડિયમ પ્રકાશે છે, કાચને રંગીન દેખાડે છે, ફોટોગ્રાફની પ્લેટને બાંધી રાખી હોય છતાં અસર કરે છે, વાતાવરણને વીજળીવાહક કરે છે એ પ્રમાણે જોઈ ગયા, પણ આટલેથી જ રેડિયમના ચમત્કાર અટકતા નથી. પાસેની વસ્તુને પ્રકાશિત કરે છે એટલું જ નહિ પણ પાસેની વસ્તુને પોતાનો ગુણ પણ આપે છે—પ્રયોગશાળામાં બધી વસ્તુઓ રેડિયો-એક્ટિવ બની જાય છે. દ્રવ્ય-રચનાના જૂના વિચારો ડગમગવા લાગ્યા. માનવજાતના સુખ માટે પણ રેડિયમ કંઈ કરી શકે છે એ મોટો ચમત્કાર હતો. ભયંકર દર્દ ચાંદા-કેન્સર મટાડવામાં તે ઉપયોગી થાય છે, એમ શોધાયું.

પીરે મહાશયે પોતાનો હાથ રેડિયમની અસર જોવા માટે તેનાં કિરણો પર રાખ્યો. ચામડી રાતી થઈ અને બળી ગઈ હોય એવો દેખાવ થયો. જરાય દુઃખ ન થયું. કેટલાય વખત પછી રતાશ વધવા લાગી. વીસમે દિવસે પોચી નવી ચામડી આવવા લાગી. અને છેવટે થોડા ભાગમાં ઊંડી અસર થઈ હોય તેવો જખમ થઈ રહ્યો. મેરીને પણ આવા જ જખમ હાથ પર થયા હતા. પ્રોફેસર બેકરેલે રેડિયમની એક ટ્યુબ (નાની શીશી) ખિસ્સામાં રાખી હતી. એટલા ભાગમાં તે પણ દાઝ્યા.

'હું આ રેડિયમને ચાહું છું, પણ તેની સામે મારી ફરિયાદ છે.' એમ તેઓ ક્યુરી દંપતીને તેમના આ 'ભયંકર બાળક' માટે કહેતા.

રેડિયમની શોધ માનવજાતને ઉપયોગી નીવડી હતી—ખૂબ ઉપયોગી. હવે મોટા પાયા પર એ તત્ત્વ બનાવવા પ્રયત્નો થવા લાગ્યા. ૧૯૦૨માં ફ્રાન્સની વિજ્ઞાન એકેડેમીએ ક્યુરી દંપતીને ૨૦૦૦૦ ફ્રાંક આપ્યા. ઉદ્યોગપતિઓ એની બનાવટ માટે કારખાના કાઢવા વિચાર કરવા લાગ્યા. રેડિયમના વ્યવહારુ ઉપયોગ ખૂબ હતા. જોતજોતામાં એ એક વેપારની ચીજ બની ગઈ.

એક દિવસ એવો આવીને ઊભો રહ્યો કે, જે દ્રવ્યના અભાવે પોતાને ખૂબ ખૂબ સહન કરવું પડ્યું હતું, તે દ્રવ્ય બારણે આવીને ખડું થયું: પણ ગૌરવશીલ ગરીબાઈમાં માનનાર આ દંપતીએ એને માટે દ્વાર ન ખોલ્યાં.

બેલ્જિયમ અને અમેરિકામાં પીચ-બ્લેન્ડ ખનીજમાંથી આ તત્ત્વ કાઢવા કારખાનાં ઊભાં થયાં, પણ જ્યાં સુધી ઇજનેરો બધી ક્રિયાનું રહસ્ય ન જાણે ત્યાં સુધી કામ ક્યાંથી આગળ ચાલે? આ બધી ક્રિયાઓ અને રીતો માત્ર મેરીએ શોધી હતી અને તે એકલી જ જાણતી હતી.